Mahabharat Na Patro (Gujarati Edition)

Bhatt., Nanabhai

VISIT...

LANZAROTE
Caliente.com

મહાભારતનાં પાત્રો





જગતના મહાન ગ્રંથ દ્વારા ભારતીય
સંસ્કારોનું અમૃત સિંચન



નાનાભાઈ ભટ્ટ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

શ્રી મનુભાઈ પંચોળી ‘દર્શક’ તરફથી અપીલ

નાનાભાઈ ગુજરાતના મોટા કેળવણીકાર હતા તે સર્વસ્વીકૃત છે. એમણે દક્ષિણામૂર્તિ, ગ્રામદક્ષિણામૂર્તિ તથા લોકભારતી દ્વારા નવી કેળવણીમાં અજોડ કામ કર્યું હતું. પણ તેઓ સમગ્ર ગુજરાતના સંસ્કાર-ઘડવૈયા હતા, એટલે તેમણે પાકી ઉમ્મરે લોકો પાસે ભાગવતકથા કરવાનું શરૂ કર્યું હતું.

રામાયણ-મહાભારત અને ભાગવત ત્રણે મહાગ્રંથોને તેઓ ભારતીય સંસ્કારોનું રસાયણ સમજતા.

આવું રસાયણ કિશોરવયે મળે તો અમૃત જેવું કામ કરે. તેવી હોંશથી તેમણે રામાયણ તથા મહાભારતનાં પાત્રોની કથામાળા લખી.

આ કથામાળાએ એ કાળે ગુજરાતના કિશોરો-કિશોરીઓ પર જાદુ કર્યું હતું. એમને ઘેલું લગાડ્યું હતું.

આ પાત્રો માત્ર સાદી કથા નથી; પણ પોતપોતાની પરિસ્થિતિ-માંથી ઊભાં થતાં તે તે પાત્રોનાં સચોટ મનોમંથનો છે. પછી તે સીતા હોય, ગાંધારી હોય, દ્રોણ કે સૂતપુત્ર કર્ણ કે પાંચાલી હોય. તેમના વાર્તાલાપો પણ આ મનોમંથનો જ બહાર લાવે છે અને તેથી વાચંનાર તેમની જોડે નિકટતા અનુભવે છે.

સાહિત્યની મૂળ શક્તિ વાંચનાર સાહિત્ય દ્વારા સમસંવેદનની શક્તિ વધારે તે છે.

નાનાભાઈનાં પાત્રો આ ગુણને કારણે સો ટચનું સોનું સિદ્ધ થયાં છે. આ પાત્રો દ્વારા નાનાભાઈએ ખરી રીતે મહાભારતનું તેમાંની જ સામગ્રી દ્વારા નવું અર્થઘટન કર્યું છે, તે તેમની શૈક્ષણિક સિદ્ધિ છે.

આર્યગ્રંથોને જમાને જમાને નવા પરિવેશમાં, જમાનાની વાણીમાં ઉતારી રજૂ કરવા પડે છે. તેથી તે સુવાચ્ય અને આવકાર્ય બને છે. તેમાં વાંચનાર પોતાનું અને પોતાના પ્રશ્નોનું દર્શન કરી શકે છે.

બધાં સંસ્કારવાંચ્છુ ઘરોમાં આ પુસ્તકો વસાવાશે તેવી મને શ્રદ્ધા છે.

મહાભારતનાં પાત્રો

નાનાભાઈ ભટ્ટ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩

Web: www.rrsheth.com
E-mail: sales@rrsheth.com

MAHABHARATNA PATRO

The introduction of the characters of Indian Culture's Epic 'Mahabharat' Written by Nanabhai Bhatt

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai ☐ Ahmedabad

2015

EISBN: 978-93-81315-50-7

મુદ્રણો

સપ્ટેમ્બર, ૨૦૧૧	:	પુનર્મુદ્રણ
જુલાઈ, ૨૦૧૩	:	પુનર્મુદ્રણ
માર્ચ, ૨૦૧૫	:	પુનર્મુદ્રણ

પ્રકાશક

આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ ☐ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Visit us at: www.rrsheth.com

E-mail: sales@rrsheth.com

સહિયારા આનંદની વેળાએ .....

નવી કેળવણીમાં અજોડ કાર્ય કરનાર ગુજરાતના સંસ્કાર-ઘડવૈયા સ્વ. નાનાભાઈ ભટ્ટની જન્મ-શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં તેમને શ્રદ્ધાંજલિરૂપે તેમના પ્રકાશક તરીકે કંઈક નક્કર યોજના રજૂ કરવાની અમારી ભાવના પ્રત્યે આદરણીય મુ. શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' તરફથી કિંમતી માર્ગદર્શન તથા સ્વ. નાનાભાઈનાં કુટુંબીજનો તરફથી અમને ખૂબ જ હૂંફાળો સહકાર મળ્યો, જેના ફળ સ્વરૂપે રામાયણ-મહાભારતનાં પાત્રોની આગોતરા ગ્રાહકની આ યોજના સાકાર થઈ, તેની નોંધ લેતાં આનંદ થાય છે. એમના બન્નેના અમે ખૂબ ખૂબ આભારી છીએ.

ભારતના આધ્યાત્મિક, સાંસ્કૃતિક વારસાના પ્રતિનિધિરૂપ મહાન ગ્રંથો રામાયણ અને મહાભારતનું તેમાંની જ સામગ્રી દ્વારા નવું અર્થઘટન તારવી બન્ને ગ્રંથોના અમૃતમંથન સમાન રામાયણ અને મહાભારતનાં પાત્રોની કથામાળા દ્વારા સ્વ. નાનાભાઈ ભટ્ટે આગવી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ગુજરાતનાં કિશોર-કિશોરીઓને ઘેલું લગાડનાર આ કથામાળા દ્વારા ગુજરાતી પ્રજા ઉપર ન ચૂકવી શકાય એવા સ્વ. નાનાભાઈ ભટ્ટના ઋણસ્વીકારના પ્રતીકરૂપ, ગુજરાતી ભાષા અને સાહિત્ય-સંસ્કાર પ્રત્યે ઊંડો આદર ધરાવતા સહુ સહૃદયોના પ્રેમ અને સહકારની ઉષ્માથી સાકાર થયેલ 'રામાયણ-મહાભારતનાં પાત્રો'ની આગોતરા ગ્રાહકોની આ યોજના આપણી સહુની સહિયારી ઇચ્છાની યોજના છે.

શિક્ષણક્ષેત્રના મહાનુભાવો, ગુજરાતી સાહિત્યના કદરદાન વાચકો અને વ્યાવસાયિક મિત્રોએ આ યોજનાને અભૂતપૂર્વ ઉમળકાભેર આવકારી-બિરદાવી અમને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા છે; તેમ જ પત્રકાર મિત્રોએ યોજનાના પ્રચારમાં અમૂલ્ય સહકાર આપ્યો છે તે સહુનો વ્યક્તિગત આભાર માનવો શક્ય ન હોવાથી આ સ્થળેથી સહુ સહૃદયોનો અંતઃકરણપૂર્વકનો આભાર માની અમે કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

૩૧, જાન્યુઆરી '૮૪

— ભગતભાઈ શેઠ

આગોતરા ગ્રાહકની યોજના નિમિત્તે
અપીલ
શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' તરફથી

નાનાભાઈ ગુજરાતના મોટા કેળવણીકાર હતા તે સર્વસ્વીકૃત છે. એમણે દક્ષિણામૂર્તિ, ગ્રામદક્ષિણામૂર્તિ તથા લોકભારતી દ્વારા નવી કેળવણીમાં અજોડ કામ કર્યું હતું. પણ તેઓ સમગ્ર ગુજરાતના સંસ્કાર-ઘડવૈયા હતા, એટલે તેમણે પાકી ઉમ્મરે લોકો પાસે ભાગવતકથા કરવાનું શરૂ કર્યું હતું.

રામાયણ-મહાભારત અને ભાગવત ત્રણે મહાગ્રંથોને તેઓ ભારતીય સંસ્કારોનું રસાયણ સમજતા.

આવું રસાયણ કિશોરવયે મળે તો અમૃત જેવું કામ કરે. તેવી હોંશથી તેમણે રામાયણ તથા મહાભારતનાં પાત્રોની કથામાળા લખી.

આ કથામાળાએ એ કાળે ગુજરાતના કિશોરો-કિશોરીઓ પર જાદુ કર્યું હતું. એમને ઘેલું લગાડ્યું હતું.

આ પાત્રો માત્ર સાદી કથા નથી; પણ પોતપોતાની પરિસ્થિતિ-માંથી ઊભાં થતાં તે તે પાત્રોનાં સચોટ મનોમંથનો છે. પછી તે સીતા હોય, ગાંધારી હોય, દ્રોણ કે સૂતપુત્ર કર્ણ કે પાંચાલી હોય.

તેમના વાર્તાલાપો પણ આ મનોમંથનો જ બહાર લાવે છે અને તેથી વાંચનાર તેમની જોડે નિકટતા અનુભવે છે.

સાહિત્યની મૂળ શક્તિ વાંચનાર સાહિત્ય દ્વારા સમસંવેદનની શક્તિ વધારે તે છે.

નાનાભાઈનાં પાત્રો આ ગુણને કારણે સો ટચનું સોનું સિદ્ધ થયાં છે. આ પાત્રો દ્વારા નાનાભાઈએ ખરી રીતે મહાભારતનું તેમાંની જ સામગ્રી દ્વારા નવું અર્થઘટન કર્યું છે, તે તેમની શૈક્ષણિક સિદ્ધિ છે.

આર્યગ્રંથોને જમાને જમાને નવા પરિવેશમાં, જમાનાની વાણીમાં ઉતારી રજૂ કરવા પડે છે. તેથી તે સુવાચ્ય અને આવકાર્ય બને છે. તેમાં વાંચનાર પોતાનું અને પોતાના પ્રશ્નોનું દર્શન કરી શકે છે.

આર. આર. શેઠની પ્રકાશનપ્રવૃત્તિ સંસ્કાર સિંચન માટે નવાં નવાં ક્ષેત્રો ખોલવાની રહ્યાં કરી છે. નાનાભાઈ જન્મશતાબ્દીના આ વર્ષમાં તેઓ રામાયણ-મહાભારતનાં પાત્રો કથાસાર સાથે, નહિ નફો, નહિ નુકસાનના ધોરણે પ્રસિદ્ધ કરવાનું કરે છે તેને સહુ આવકારશે.

અને બધાં સંસ્કારવાંચ્છુ ઘરોમાં એ પુસ્તકો વસાવાશે તેવી મને શ્રદ્ધા છે.

જાન્યુઆરી '૮૪

લોકભારતી-સણોસરા

અનુક્રમણિકા

પાંચાલી

અર્જુન

શ્રીકૃષ્ણ

ભીમસેન

સૂતપુત્ર કર્ણ

કુંતી

ગાંધારી

દુર્યોધન

મહાભારત કથા

શરશય્યા પરથી

પાંચાલી

‘વેર! વેર! ’

‘કોણ એ ફરે છે, ત્યાં બગીચામાં?’ આશ્રમની પરસાળમાંથી મુનિએ હાક મારી.

‘બાપુ! એ તો હું છું, દ્રુપદ. આજે હજી હવામાં ગરમી જણાય છે એટલે ઊંઘ નથી આવતી.’

‘બેટા! અહીં આવ. પોષ માસની કડકડતી ટાઢમાં પણ તને ગરમી લાગે છે? એ ગરમી તો છે તારા મગજમાં. પણ રાજન્! તું વેરના ને વેરના જ વિચારો ક્યાં સુધી કર્યા કરવાનો છે?’

‘બાપુ! શું કરું? મારો કંઈ ઉપાય ચાલતો નથી. ગઈ કાલે હું તળાવમાંથી આપના માટે પાણી લેવા ગયો ત્યારે તળાવના કાંઠા પર સિંહ અને હરણોને મેં સાથે રમતાં જોયાં ત્યારે આપનાં કહેલાં વચનો મને યાદ આવ્યાં. અહિંસાની આપ જે બધી વાતો કરો છો તે ત્યાં મારી નજરે ખડી થઈ ગઈ...’

‘ત્યારે તો તને એ વાત હવે ગળે ઊતરી ગઈ, કેમ?’

‘ના રે, બાપુ! એ બધું નજરોનજર જોયા છતાં મારા મનમાંથી વેરના વિચારો શમતા જ નથી. આપ દ્રોણ ઉપર પ્રેમ લાવવાની વાત કરો છો ત્યારે મારા હૃદયમાં શૂળા ભોંકાતા હોય એમ જ મને લાગે છે. પરંતુ આપના પ્રભાવ આગળ દબાઈ જાઉં છું એટલે કશું બોલી શકતો નથી.’

‘દ્રુપદ, દ્રુપદ! તો હવે તારા માટે બીજો કોઈ ઉપાય જ નથી. તું અહીંથી જા, અને કોઈ બીજો ગુરુ શોધી લે.’

‘બાપુ! એમ ન કહો. આપનું સાર્મચ્ય અગાધ છે એટલે તો હું આવ્યો છું. આજે બીજો ગુરુ ક્યાંથી શોધું? આપને હું રીઝવી નહિ શકું તો અહીં આશ્રમમાં જ પ્રાણ છોડીશ, પણ શાંતિના અને પ્રેમના વિચારો લઈને દ્રુપદ પાછો પાંચાળના તખ્ત પર જઈ શકે નહિ એ ખાતરીથી સમજજો.’

‘બેટા દ્રુપદ! તું મૂર્ખ છે.’

‘મૂર્ખ ન હોઉં તો પાંચાળના રાજ્યને છોડીને આપનાં ચરણમાં જ શા માટે આવું? હું નીકળ્યો ત્યારે મારી રાણી પણ મને મૂર્ખ જ કહેવા માગતી હતી. પણ મારા મનમાં એક જ વિચાર છે, અને તે દ્રોણનું વેર લેવાનો.’

‘તારા પિતા પૃષત્ અને દ્રોણના પિતા ભરદ્વાજ બન્ને તો ગાઢ મિત્રો. વળી દ્રોણ તો તારા ગુરુનો પુત્ર! તમે બે એક જ મુનિના આશ્રમમાં ભણેલા. દ્રોણના પિતાએ તને વિદ્યા આપી. એ દ્રોણ ઉપર તારે વેર?’

‘હા, એના ઉપર વેર! અને તે એવું કે એને મારું નહિ ત્યાં સુધી મારા જીવને જંપ ન

વળે!'

'તો માર એટલે છૂટકો થાય!'

'એ જ છે ના? એ બ્રાહ્મણ આજે કૌરવોનો ગુરુ થઈ પડ્યો છે. બાપુ! એ વાત સંભારું છું ત્યારે મારા જ્ઞાનતંતુઓ ઉશ્કેરાઈ જાય છે અને હું બેબાકળો બની જાઉં છું. એક ભામટો પાંચાળના રાજા પાસે મૈત્રી માગવા આવે, અને પાંચાળનો ધણી ઇન્કાર કરે એટલે પોતાની પ્રતિષ્ઠા ખાતર પાંચાળ ઉપર વેર લે, એ તો માત્ર નામર્દથી સહન થાય. પાંડવકૌરવોના હાથથી થયેલા મારા એ પરાજયને હું ગળી જઈ શકતો નથી. બાપુ! મને શાંત કરવાને બદલે મને વધારે ટટ્ટાર કરો. આપનું સાર્મથ્ય મારી મદદમાં મૂકો એટલે આવા સો દ્રોણોને હું સમજાવી દઉં કે પાંચાળનો ધણી શું કરી શકે છે. પ્રભો! આપ મને સહાય કરો.'

'હું ઘણીયે સહાય કરવા માગું છું પણ તારે મારી સહાય જોઈતી નથી.'

'બાપુ! જોઈએ છે. તે દિવસે ગ્રીષ્મના સખત તડકામાં રખડતો રખડતો હું અહીં આવ્યો ત્યારે આપે જ મને આશરો આપ્યો; આપના આવા શાંત અહિંસક વાતાવરણમાં હું વેરની જ વાતો કર્યા કરું છું છતાં આપે મને સંઘર્યો છે; નહિતર આપના આશ્રમમાં લતા પરથી કોઈ ફૂલ ચૂંટતું નથી એ શું હું નથી જાણતો? બાપુ! આપની મારા પર આટલી બધી કૃપા છે તેથી હું આશા રાખીને અહીં પડ્યો છું. પ્રભુ! મને માર્ગ બતાવો એટલું જ માગું છું.'

'રાજન્! તારી સેવા જોતાં તું જે માગે તે મારે આપવું જોઈએ. તું આવ્યા પછી કેટલાયે દિવસો સુધી તો મેં તને ઓળખ્યો જ નહિ. પાંચાળનો ધણી મારાં મૂતરવિષ્ટા ઉપાડે, મારા પગ ચાંપે, માંદગીમાં ઉજાગરા કરે, આશ્રમનાં ઢોર ચારવા જાય, આશ્રમના જે તે માણસના હડસેલા ખાય અને છતાંય પિત્તો ન ગુમાવે, તે કાંઈ ઓછું ન કહેવાય. એ ખાતર તો દ્રુપદ! તને શાબાશી જ આપવી જોઈએ.'

'બાપુ! એવી ખોટી શાબાશી શા કામની? આપ મારા પર ખરેખર પ્રસન્ન થયા હો તો…'

'બોલ તો ખરો; અચકાય છે શા માટે?'

'તો દ્રોણનું લીલું માથું ઉતારે એવો એક પુત્ર મને આપો!'

'ઉપયાજ પોતાની ઝોળીમાં છોકરા જ રાખતો હશે, કે જે શિષ્ય માગે તેને એક-બે ફેંકતો જાય, કેમ?'

'મહાત્મન્! એમ મશ્કરી ન કરો. હું જાણું છું માટે કહું છું. આપ મારી પાસે એવો યજ્ઞ કરાવો કે જે યજ્ઞના બળે મારે એવો પુત્ર થાય. હું પોતે દ્રોણને મારી શકું એવી સ્થિતિમાં નથી રહ્યો; અને છતાંયે એને મારવાનો વિચાર પણ છોડી શકતો નથી; એટલે આ માગું છું.'

'બેટા! માગનાર ચાહે તે માગે, પણ મારાથી એવું બધું ઓછું જ અપાય છે? દુનિયાનાં વેરઝેરથી થાકીને હું જંગલમાં આવ્યો, અને જંગલમાં પણ એ વેરઝેર વધાર્યા કરવાના જ ધંધા કરું તો પછી મારો આ વેશ લાજે. બેટા! એવો યજ્ઞ હું જાણું છું ખરો; એવો યજ્ઞ કરાવવાની મારામાં તાકાત પણ છે એ ચોક્કસ છે, પણ આજે વર્ષો થયાં મેં મારા જીવનની આખી રુવાંટી ફેરવી નાખી છે, એટલે આજે હું એ કરાવીશ નહીં.'

'બાપુ!'

'બાપુ ફાપુ નહિ; સાંભળ. તું તો કાલ સવારે આ આશ્રમમાં આવ્યો છે; પૂર્વાશ્રમમાં હું કેવો હતો તે તું જાણતો નથી. પણ કોઈ વાર મન થાય તો પેલા ગોખલામાં થોડાંક પાનાં

પડ્યાં છે તે વાંચી જોજે. એટલે ખબર પડશે.'

'પણ...'

'સબૂર કર! પણ એ જીવન મને મૃત્યુ લાગ્યું ત્યારથી તેમાંથી પાછો ફર્યો છું. એક દિવસ હું જ હિંસામાં માનતો અને હિંસા કરતો, પણ આજે વર્ષો થયાં મેં એનો ત્યાગ કર્યો છે; અને દુનિયા આખી તેનો ત્યાગ કરશે ત્યારે સુખ-શાંતિ પામશે એવી મારી શ્રદ્ધા છે.'

'પણ બાપુ! મારો કોઈ માર્ગ?'

'તારા માટે પણ એ જ માર્ગ. તું પાંચાળનો રાજા શા માટે? માણસ માત્ર સાડા ત્રણ હાથ લાંબી ભૂમિનો ધણી. એથી વધારે તારી પાસે હતી તે ભલે દ્રોણ લઈ ગયો. તેની પાસે એથી વધારે હશે તો બીજો કોઈ લઈ જશે. તારી સાડા ત્રણ હાથ જમીન તને વાપરવાની કોઈ મનાઈ કરે તે દિવસે આવજે મારી પાસે; હું આ જ આશ્રમમાંથી તને એટલી જમીન કાઢી આપીશ.'

'મહારાજ! આપ કહો છો તે બુદ્ધિમાં તો બેસે છે, પણ એવું વધારે સાંભળું તો દ્રોણ ઉપર વેર ન લેવાય; માટે જાણી જોઈને કાન બંધ કરું છું. હવે આપને છેવટે પૂછી લઉં; આપ મને તેવો યજ્ઞ કરાવશો?'

'હરગિજ નહિ.'

'બીજો કોઈ માર્ગ બતાવશો?'

'બીજા ગુરુને શોધી લે.'

'એવો બીજો કોઈ ગુરુ છે?'

'એવા ગુરુઓ તો ગાડાંઓ ભરાય તેટલા પડ્યા છે. મારો જ મોટો ભાઈ છે, યાજ. સાર્મચ્યમાં તો હું તેની આગળ કશી વિસાતમાં નહિ. અમે સાથે ભણતા હતા ત્યારે અમારા બધામાં ગુરુએ તો એનો પહેલો નંબર મૂકેલો!'

'એ મને યજ્ઞ કરાવશે?'

'હા હા, જરૂર કરાવશે. એ પોતે તો હિંસામાં જ શ્રદ્ધા રાખે છે. હિંસાપ્રધાન યજ્ઞોથી જ દેવ વગેરેની સાર્થકતા એ સિદ્ધ કરે છે, અને મારા જેવાની અહિંસાને તો પાગલનું એક ટાયલું માને છે.'

'તો હું એમની પાસે જાઉં? આપના તરફથી તેમને મારા વિષે કંઈ સંદેશો મોકલવા કૃપા કરશો.'

'એવો સંદેશો તો તારા જ હાથમાં છે. પૈસા ખૂબ આપજે. મારી સેવા કરી છે તેવી સેવાબેવાથી એ કાંઈ રીઝે એવો નથી; એને તો નગદ નાણું જોઈએ. ગૉળ નાખીશ એટલું ગળ્યું થશે.'

'તો તો વાંધો જ નથી બાપુ! હવે હું રજા લઉં છું. આશીર્વાદ આપો એટલે મારા મનના મનોરથ સિદ્ધ થાય અને પછી મારો અંતકાળ અહીં ગાળું.'

'આવા કાર્યમાં આશીર્વાદ તો સૌને પોતાના અંતરાત્મા તરફથી મળે છે. તું સુખેથી જા. તેં કરેલી સેવાનો કશો સ્થૂળ બદલો હું તને આપી શકતો નથી. આપણે પાછા નહિ મળીએ. વેર લેનારાઓનો અંતકાળ મારા જેવાના આશ્રમમાં થયાનું હજુ સાંભળ્યું નથી. જા, જા. સુખેથી દ્રોણનું વેર લે. તારો પુત્ર દ્રોણને મારે, દ્રોણનો પુત્ર તારા પુત્રને મારે, એનો પુત્ર વળી તેને મારે, અને એ રીતે મારવાની પરંપરા ઊભી કરીને તમારે જે કરવાનું હોય તે કરો. આમાં તારો દોષ નથી. આજે જગતમાં વેરઝેરનાં મોજાં ઊછળી રહ્યાં છે એ હું દેખું છું. દ્રુપદ! યાદ રાખજે: આવતાં પાંચપચીશ વર્ષમાં આ તમારા વેરઝેરનો જ્વાળામુખી ફાટી નીકળશે અને તે વખતે એ તમારા કોઈનો દાબ્યો નહીં દબાય. પણ કાળને જ એ ગમે

છે એટલે કોઈનો ઉપાય નથી.'

'બાપુ! રજા લઉં છું. આપના આશ્રમમાં રહીને મેં જે જે અપરાધો કર્યા હોય તેની માફી આપો!'

'મારો ભાઈ કરાવે તે યજ્ઞ કરજે; દ્રોણનું માથું ઉતારનાર પુત્ર મેળવજે; દ્રોણનું માથું ઉતારે ત્યારે શાંતિ પામજે; અને પછી તે શાંતિ કેવી મીઠી લાગે છે તે આખી દુનિયાને જાહેર કરજે. જા, દ્રુપદ! જા; પાંચાળના ધણી! જા. કાળ ભગવાને જગતમાં જે બળોને ગતિમાં મૂક્યાં છે તેમાં તું એક શી વિસાતમાં છે? પ્રભુ તને સન્મતિ આપો!'

'પ્રભો! રજા લઉં છું, આશીર્વાદ માગું છું.'

'આશીર્વાદ ઈશ્વરના.'

દ્રુપદ રાજા આશ્રમના દરવાજા તરફ ચાલ્યો અને ઉપયાજ મુનિ પોતાના ધ્યાનના ઓરડામાં ગયા.

પૂર્વ દિશામાં લાલ રંગો ધીમે ધીમે પુરાતા જતા હતા.

પાંચાલી

દ્રુપદ રાજા યાજ મુનિના આશ્રમમાં ગયા. યાજ મુનિ જમીન ઉપર પડીને ફસકાઈ ગયેલી એક કેરી ચૂસતા હતા ત્યાં તેમની નજર દ્રુપદ પર પડી.

'કોનું કામ છે, ભાઈ?' કેરીનું છોડિયું ચૂસતાં યાજે પૂછ્યું.

'હું આશ્રમના મુનિ યાજને શોધું છું.'

'શું કામ છે? હું પોતે જ યાજ.'

ઉપયાજના આશ્રમમાંથી તાજો જ નીકળેલો દ્રુપદ એ વાત માની ન શક્યો.

'આપ જ પોતે મુનિ?' દ્રુપદે ખાતરી કરવા પૂછ્યું.

'તારે કામ શું છે તે બોલી દે ને! યાજ-ઉપયાજની ભાંજગડ શા માટે કરે છે? કાંઈ યજ્ઞબજ્ઞ કરાવવો છે?' યાજે સીધો સવાલ કર્યો.

'જી હા.'

યાજે કેરીનો ગોટલો ને છોડિયું ફેંકી દીધાં, હથેળી વડે મોઢું લૂછી નાખ્યું અને પછી પૂછવા લાગ્યા: 'કેવો યજ્ઞ કરવો છે?'

'મારા દુશ્મનનું માથું ઉતારે એવો પુત્ર મને અપાવે તેવો યજ્ઞ.'

'ઓહો! એમાં તે શી મોટી વાત છે? વેદમાં એવા ઘણાયે યજ્ઞો છે.'

'તો આપ મને એવો યજ્ઞ કરાવશો?'

'પણ તું જાતે કોણ છે, કોનું માથું કાપનાર પુત્ર જોઈએ. વગેરેની મને ખબર પડવી જોઈએ ના? કામના મહત્ત્વ પ્રમાણે દક્ષિણા મળે તેમ છે કે કેમ, તે પણ મારે તો જોવાનું રહ્યું.'

'હું છું પાંચાળ દેશનો રાજા અને પૃષત્નો પુત્ર દ્રુપદ. દ્રોણે પોતાના શિષ્યો પાસે મારો પરાજય કરાવીને ગંગા-યમુનાની ઉત્તર તરફનો પાંચાળનો ભાગ મારી પાસેથી પડાવી લીધો છે; અને દક્ષિણ ભાગ એક જ મારી પાસે રહ્યો છે.'

'દ્રોણ તો ભરદ્વાજનો કે?'

'જી હા. દ્રોણનું વેર લેવા માટે મારે એક સમર્થ પુત્રની વાસના છે.'

'એ તો હું સમજ્યો. વાત સાવ નાનીસૂની નથી. દ્રોણ સમર્થ માણસ; તેનું માથું

ઉતારનાર પકવવો એ અઘરું તો છે જ; પણ કાંઈ નહિ.'

'મહારાજ! હું આપને કહી દઉં. આપને હું એક અર્બુદ ગાયો જેટલું ધન આપીશ.'

'બસ છે, રાજન્! બસ છે. અમને બ્રાહ્મણોને ધનની કાંઈ પડી નથી. આ તો વ્યવહાર ક્લિષ્ટ છે એટલે દક્ષિણાનો વિચાર સરખોય કરવો પડે.'

'તો યજ્ઞ ક્યારે શરૂ કરશો?'

'હું તમારી સાથે આજે જ આવું છું. જઈને બીજે જ દિવસે યજ્ઞ શરૂ કરીએ. કરવું હોય પછી વાર શી?'

* * *

દ્રુપદના પાટનગરમાં શ્રૌતવિધિ પ્રમાણે યજ્ઞની તૈયારીઓ થઈ રહી. સાત સમુદ્રોનાં પાણી આવ્યાં; તલ, અડદ, જવ, ચોખા, નાળિયેર વગેરે હોમનાં દ્રવ્યોનાં દ્રવ્યોનો તો પાર જ ન હતો. આ પ્રસંગને માટે એક ખાસ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. મંડપની વચ્ચોવચ્ચ મોટો યજ્ઞકુંડ કર્યો હતો.

યાજ મુનિએ યજ્ઞની શરૂઆત કરી. રોજ સવારમાં યજમાન અને યજમાનપત્ની આવીને યજ્ઞકુંડની પૂજા કરે, પોતાના જમણા હાથની તર્જનીને છેદીને તેના લોહીથી યાજ ભગવાનને ચાંદલો કરે, અને પ્રાર્થના કરીને માગે: 'દ્રોણનું માથું ઉતારે એવો પુત્ર અમને આપો.' યાજ મુનિ આંખો મીંચી બન્ને હાથ તેમના માથા પર ધરી રાખે અને તેમનો મનોરથ ફળે એવી ભાવના કરે.

આ પ્રમાણે યજ્ઞ તો ધમધોકાર ચાલવા લાગ્યો. બ્રાહ્મણોનો વેદધ્વનિ આખા પાટનગરમાં ઘૂમવા લાગ્યો; યજ્ઞનો ધુમાડો ગોટેગોટા વળીને આખા નગર પર પથરાવા લાગ્યો; દરરોજ રાતના પાટનગરની હવામાં ઉકળાટ વધવા લાગ્યો; અને પાંચાળના બ્રાહ્મણોનાં મન કોણ જાણે શાથી પણ થોડાં ઘણાં અસ્વસ્થ જણાવા લાગ્યાં, પણ પાંચાળ રાજાના મહેલમાં આનંદ હતો. પાંચાળના યોદ્ધાઓ એક નવા સરદારની આશાથી હર્ષમાં આવી ગયા હતા; તેમની તલવાર મ્યાનમાંથી બહાર નીકળવા ડોકિયાં કરતી હતી.

એવામાં યજ્ઞની પૂર્ણાહુતિનો દિવસ આવ્યો. યજ્ઞમાં હોમવાનું નાળિયેર બ્રાહ્મણોએ તૈયાર રાખ્યું હતું. વરદી પ્રમાણે મહારાજ દ્રુપદ સવારના પહોરમાં હાજર હતા. રાજાના અધિકારીઓ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. હોમના સરવા ઉપર લાલ ટપકતું નાળિયેર લઈને યાજ છેલ્લી આહુતિ આપવા ઊભા થયા, એટલે તેની પાછળ બધા બ્રાહ્મણો પણ ઊભા થયા. રાજા તથા અમાત્યવર્ગ પણ ઊભો થયો.

'રાજન્! યજમાનપત્ની ક્યાં છે? બોલાવો જલદી.' યાજે ઉતાવળ કરી.

'પ્રધાનજી! જાઓ, રાણીજીને જલદી બોલાવી લાવો.' દ્રુપદે કહ્યું.

'ખરેખર જલદી, હોં! વખત ભરાઈ ગયો છે.' યાજે ઉમેર્યું.

પ્રધાન ઉતાવળથી ગયા અને તરત જ પાછા આવ્યા.

'કેમ રાણી ક્યાં? તમને તેડવા મોકલ્યા હતા ને?' યાજે ઘાંટો કાઢીને પૂછ્યું.

'મહારાજ! રાણીજી કહે છે કે મેં હજી સ્નાન કર્યું નથી અને શરીરે અંગરાગ જેવો ને તેવો જ છે.'

'સ્નાન નથી કર્યું તેથી શું? કાંઈ વાંધો નથી. જાઓ; જલદી તેડી લાવો.'

પ્રધાન ફરી વાર રાણીને તેડવા ગયા, અને વળી ઘડી પછી પાછા આવ્યા.

'કેમ, રાણીજી શું કરે છે? જીવતર આખાની મહેનત ઘડીમાં ધૂળ મેળવવી છે?' દ્રુપદને ધીરજ ન રહી.

'મહારાજ! રાણીજી કહે છે કે મેં હજી તો મારું મોં પણ સાફ કર્યું નથી. આવી અશુદ્ધ હું શી રીતે આવું?' પ્રધાને વિનયથી જણાવ્યું.

'અરે છિટ્ છિટ્! એવું એવું તમને કોણે શીખવ્યું છે? તેમાંય આવા યજ્ઞોમાં આવે વખતે અશુદ્ધિ ખાસ ઉપકારક હોય છે. માટે રાણીજીને જેવી સ્થિતિમાં હોય તેવી સ્થિતિમાં બોલાવો. કહો કે આહુતિનો વખત થઈ ગયો છે; કાળ ભગવાન માટે આ એક જ મુહૂર્ત બરાબર છે માટે વિલંબ ન કરો.'

પ્રધાન ફરીથી ગયા અને તરત જ પાંચાળની રાણીને લઈને હાજર થયા. રાણી પણ દ્રુપદની પાસે હાથ જોડી ઊભાં.

યાજે શુદ્ધ મંત્રોચ્ચારથી પૂર્ણાહુતિનું નાળિયેર હોમ્યું અને તરત જ યજ્ઞની વેદીમાંથી ઘોડા પર બેઠેલો એક પુરુષ બહાર આવ્યો. એના કાનમાં કુંડળ હતાં, તેના શરીરે બખતર હતું, હાથમાં શસ્ત્રો હતાં.

'દ્રુપદ! લે આ તારો પુત્ર.' યાજ બોલ્યા.

ઘોડા પર બેઠેલા પેલા પુરુષે તો યજ્ઞશાળાની બહાર ઘોડાને ખૂબ ફેરવ્યો અને ખોંખારા મારતો પાછો ત્યાં આવ્યો. યજ્ઞની આવી તાત્કાલિક સિદ્ધિથી દ્રુપદ તો ચકિત થઈ ગયો. અને યાજનાં વખાણ કરવા લાગ્યો.

'મહારાજ દ્રુપદ! આ તારો તેજસ્વી પુત્ર. તેનું નામ ધૃષ્ટદ્યુમ્ન. આ ધૃષ્ટદ્યુમ્ન દ્રોણનું માથું ઉતારશે એમાં જરાય શંકા ન રાખ.'

દ્રુપદે યાજ મુનિને નમસ્કાર કર્યા, અને ઘોડા પરથી ઊતરીને પોતાની પાસે ઊભા રહેલા ધૃષ્ટદ્યુમ્નને શરીરે હાથ ફેરવી કહ્યું: 'બેટા! મને ભાગ્યશાળી કર્યો.'

'પણ દ્રુપદ! આ વેદીમાં એક પુત્રી પણ તારા માટે તૈયાર છે.' યાજે કહ્યું.

'આપનું કહેવું હું બરાબર સમજતો નથી.'

'તને દ્રોણનો વધ કરનાર પુત્ર તો મળ્યો; પણ એવા વધની તૈયારી કરનાર કોઈ જોઈશે ના?'

'જી.'

'આ હમણાં એક પુત્રી તને આપું છું.'

એટલું કહેતાં જ યજ્ઞવેદીમાં બીજું નાળિયેર હોમ્યું, ને સુંદર ઘાટીલા અવયવોવાળી એક કન્યા બહાર આવી અને રાણી પાસે જઈને ઊભી રહી.

'દ્રુપદ! આનું નામ કૃષ્ણા રાખજે. એના શરીરનો રંગ કાળો છે.'

'મુનિ મહારાજ! આપે મારા પર ખાસ કૃપા કરી આ દીકરી મને આપી.' રાણી બોલી.

'એ દીકરી તો આ કાળમાં અવતરવી જ જોઈએ. તમે અને હું — બધાં તો આ બન્નેના અવતારમાં માત્ર નિમિત્ત છીએ. રાજન્! એક વાત જણાવું?'

'ખુશીથી મહારાજ! હું આપનો કેટલો ઋણી છું તે શબ્દથી વર્ણવી શકતો નથી.' દ્રુપદે કહ્યું.

'જો દિલની વાત કહી દઉં. આ ધૃષ્ટદ્યુમ્ન અને આ કૃષ્ણા તારું નામ અમર કરશે. થોડાં જ વર્ષોમાં આ જગતમાં મોટું દારુણ યુદ્ધ મંડાશે એવાં પગરણ મને દેખાય છે. નહિતર આવો યજ્ઞ કરવાનું મને ન સૂઝે, અને ગુરુના દીકરા પર આવું ઉગ્ર વેર લેવાનું તનેય ન સૂઝે. પણ રાજન્! કોણ જાણે કેમ. હું, તું અને આ તમામ લોકો કોઈ પરમ સત્તાના હાથમાં યંત્રની જેમ, જીવીએ છીએ, અને કોણ જાણે કયા અંતને માટે ધમપછાડ કરીએ છીએ. રાજન્! આ મારો અગ્નિ લાખો મનુષ્યોના રક્તનો ભૂખ્યો હોય એમ જ મને દેખાય છે.' યાજ અચાનક અટકી ગયો.

'મહારાજ! આપ કહો છો તેમ બને પણ ખરું. પણ એ તો જગતનો ક્રમ છે. તેથી અમને ક્ષત્રિયોને તેનું જરાયે દુ:ખ ન લાગે.' દ્રુપદે ધીરજથી જવાબ આપ્યો.

'મુનિ મહારાજ! મારે એક વસ્તુ માગવી છે.'

'માગો રાણીજી!'

'આ બન્ને છોકરાં મને જ પોતાની મા સમજે એવું કરવા કૃપા કરો. આ દીકરીને તો હું કોઈ દિવસ મારાથી અળગી કરીશ નહીં.' રાણી બોલી.

'તથાસ્તુ, રાણીજી! પણ આ દીકરીના કપાળ પરથી તો જણાય છે કે એ કોઈ સમ્રાટની રાણી થશે.'

'તો તો અમારાં અહોભાગ્ય!' દ્રુપદે ગર્વથી કહ્યું.

'દ્રુપદ! હવે આ યજ્ઞ પૂરો થયો છે એટલે હું રજા લઉં છું. તારું અને તારાં બાળકોનું કલ્યાણ થાઓ.'

એટલું કહી યાજે રજા લીધી અને ધૃષ્ટદ્યુમ્ન તથા કૃષ્ણાને લઈને રાજારાણી પોતાના મહેલમાં ગયાં. તેમની પાછળ પાંચાલ યોદ્ધાઓએ મોટો વિજયઘોષ કર્યો.

પાંચે ભાઈની પત્ની

'માડી! બધા રાજામહારાજાઓ મારા પિતાને ધમકાવે છે તેથી હું જરાયે ડરતી નથી; આ બધા ક્ષત્રિયો મને પરાક્રમથી વરનાર આ મહાપુરુષને ત્રાસ આપે છે તેથી મારું રૂંવાડું સરખું થડકતું નથી. પણ મા! તારી આંખોમાંથી આ ધારા ચાલી રહી છે તે મારાથી જોવાતી નથી.' દ્રૌપદી પોતાની માની આંખો લૂછતી લૂછતી બોલી.

'બેટા કૃષ્ણા! તું ગમે તેવી સમજુ હો છતાં મારી પાસે તો બાળક છે. દીકરી નાની હોય ત્યાં સુધી તેને રમાડવી અને પરણાવવાની અલકમલકની વાતો કરવી સહેલી છે; પણ તે પુખ્ત ઉંમરની થાય ત્યારે લાયક વરની ચિંતામાં ને ચિંતામાં માના હૈયામાં કેવી હોળી પ્રગટે છે તેની તને ક્યાં ખબર હોય?' રાણીએ આંસુ લૂછતાં જવાબ વાળ્યો.

'પણ બા!' પાંચાલીએ ચલાવ્યું, 'બાપુ અને ભાઈની પ્રતિજ્ઞા પ્રમાણે જ હું નથી વરી?'

'તારા બાપુની તો શી વાત કરું? એની તો મનની મનમાં રહી ગઈ. એણે તો તારા માટે પાંડુપુત્ર અર્જુનનો વિચાર કરેલો, પણ એટલામાં તો પાંડવોને દુર્યોધને કપટથી બાળી દીધા એવી વાત આવી.' રાણીએ ચલાવ્યું.

'પણ બા! જે થયું છે તેમાં ખોટું તો શું થયું છે તે હું સમજી શકતી નથી.'

'ખોટું તો કશુંયે નથી થયું; પણ રાજમહેલમાં વસનારી અને પોતાનું દૂધ પાઈને સિંહને પકવવા સરજાયેલી મારી કૃષ્ણા બ્રાહ્મણના ઘરમાં જઈને વેદપાઠી બ્રાહ્મણોને જન્મ આપે એ વિચારથી મારું મગજ ભમી જાય છે! ભાઈ અને તું યજ્ઞની વેદીમાંથી બહાર આવ્યાં ત્યારે તમારા માટે અમે બન્નેએ કેવા વિચારો કર્યા હશે? પણ આજે હવે એ વિચારો શા કામના? દૈવે માંડ્યું હતું તે થયું!'

'બા! તારો કલ્પાંત ફોગટ છે. જે ધનુષ્ય મોટા મોટા ક્ષત્રિયો નમાવી પણ ન શક્યા, જેને નમાવતાં શિશુપાલનું તાળવું તૂટી ગયું અને જરાસંધના ગોઠણ ભાંગી ગયા, તેને બાણ ચડાવનાર આદમી કોઈ ભીખ માગતી બ્રાહ્મણીના પેટમાં નવ માસ રહી શક્યો હોય એમ મને લાગતું નથી. કેમ ભાઈ! તમે શું ધારો છો?'

'તું કહે છે તે માનવાનું મન તો થઈ જાય છે, છતાં એ દેખાય છે તો બ્રાહ્મણ.'

‘સ્વયંવર અંતે જ્યારે અમે બહાર નીકળ્યાં, ત્યારે બધા ક્ષત્રિય રાજાઓ યુદ્ધ કરવા તૈયાર થયા તે તમે જાણો છો, બા?’

‘હા, તારો ભાઈ મને વાત કરતો હતો.’

‘એ વખતે એ પાંચ ભાઈઓમાં એકે તો મોટું ઝાડ ઉખેડીને બધાને નસાડ્યા હતા! કોઈ ભિખારી બ્રાહ્મણના ઢંગ એવા હોય ખરા કે?’

‘ત્યારે શું એ બ્રાહ્મણો નથી?’ ધૃષ્ટદ્યુમ્ન બોલી ઊઠ્યો.

‘અને ભાઈ! એ પાંચે ભાઈઓની માને તમે કોઈએ જોઈ છે?’

‘કેવીક છે?’ રાણી અધીરી થઈ.

‘સાચી ક્ષત્રિયાણી! તેની આંખોમાં લોહીના ટશિયા દેખાય છે; તેની વાણીમાં સિંહણનું આત્મગૌરવ છે; તેની દૃઢતા પાસે ગમે તેવો વીર પણ પાણી ભરે.’

‘ત્યારે તું એમ ધારે છે કે આ બ્રાહ્મણો નથી પણ ક્ષત્રિયો છે?’

‘મારા મનમાં તો એ વાત ચોક્કસ છે. કોઈ પણ કારણથી તેઓ બ્રાહ્મણના વેશમાં ફરે છે, અને જાહેર થવામાં વિલંબ લગાડે છે.’

‘જો એમ જ હશે તો તો ઘડી-બે ઘડીમાં પત્તો લાગવાનો. બાપુએ આ બધી તપાસ કરવા માટે ખાનગી માણસોને મોકલી દીધા છે.’ ધૃષ્ટદ્યુમ્ને કહ્યું.

‘બેટા ધૃષ્ટદ્યુમ્ન! કાલે રાતે તને તપાસ કરવા મોકલ્યો હતો ને?’

‘હા, મને પણ બહેન કહે છે તે સાચું હોય એમ લાગે છે. મને અંતરમાં તેઓ પાંચે પાંડવો જ હોય એમ થઈ આવે છે.’

‘તેં શી તપાસ કરી?’

‘મેં તો સંતાઈને જોયું તો સૌથી નાના ભાઈઓ ભિક્ષા લઈને ગામમાંથી આવ્યા અને પોતાની મા પાસે ભિક્ષા મૂકી. માએ આપણી બહેનને કહ્યું: આ ભિક્ષામાંથી પહેલાં દેવનો ભાગ કાઢ; પછી રહે તેના બે ભાગ કરી એક ભાગ આ વચેટને આપ, અને બાકીના અરધામાંથી આપણા સૌના ભાગ કર.’

‘વચેટને વધારે શા માટે?’

‘એ વચેટનો આહાર અને તેનું જોર એટલાં છે માટે.’ દ્રૌપદી બોલી.

‘પછી આપણી કૃષ્ણાને ક્યાં સુવાડી હતી?’

‘કુંભારની કોઢમાં સૌથી નાના ભાઈએ સાદડી પર સૌની પથારીઓ કરી; તેમની મા તેમના ઓશીકા પાસે સૂતી અને બહેન પગ પાસે સૂતી.’ ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો.

‘આવ મારા બેટા! તને ભોંય પર ઊંઘ શી રીતે આવી હશે? તારા બાપ આ જાણે તો તો તમને બધાંને મહેલમાં લાવે.’

‘તે આજે બધાં જમવા માટે તેમ જ રહેવા માટે અહીં જ આવવાનાં છે, એવા મને ખબર મળ્યા છે. આ બાપુનો માણસ આવે, ચાલો એને પૂછીએ.’

‘કેમ, શા સમાચાર લાવ્યો?’

‘રાણીજી! આપને માટે એક સમાચાર લાવ્યો છું, પણ કહેવાની જીભ ઊપડતી નથી.’

‘એવા તે શા સમાચાર છે?’

‘આપણી કૃષ્ણા એ પાંચે ભાઈઓને પરણે એવો એમનો વિચાર છે.’

‘તારી જીભ કપાઈ પડો, લુચ્ચા! મારી દીકરીને પાંચ ધણી?’

‘હા; મેં એવું સાંભળ્યું છે.’

‘મેં દીકરીને કાંઈ એમ વેચી નથી. એ બ્રાહ્મણો નહિ હોય પણ જંગલના કોઈ કોળી-વાઘરી હશે, નહિતર આમ ન બોલે. એક ધણીને ઘણી સ્ત્રીઓ સાંભળી છે, પણ એક

સ્ત્રીને ઘણા ધણી કદી નથી સાંભળ્યા. બળ્યો આ તમારો સ્વયંવર, અને મૂઆ આ બધા બ્રાહ્મણો! દુનિયામાં ધર્મ જ ગયો ત્યાં પછી શું?'

'બા! ઉતાવળી ન થા.'

'ઉતાવળાં શું થવું'તું? તું એક ને ધણી પાંચ! મારી દીકરી જીવશે ત્યાં સુધી મારે ઘેર રહેશે; પેટમાં સમાઈ તે હાંડલે સમાશે.'

'બા! ઉતાવળી ન થા.'

'લે, ઉતાવળી નથી થતી! શું કહેવું છે? પાંચ ધણી તો વેશ્યાને હોય. શાસ્ત્રમાં આવું લખ્યું છે?'

'પણ એક પુરુષ ને એક સ્ત્રીનાં લગ્ન એ તો પ્રેમની ઈર્ષ્યામાંથી ઉદ્‌ભવેલો નિયમ કાં ન હોય? એક સ્ત્રીને ઘણા ધણી કે એક ધણીને ઘણી સ્ત્રીઓ એ તો દેશકાળના રંગથી રંગાતા વ્યવહારો છે. એ વ્યવહારોમાં જ્યાં સુધી સંયમ પ્રધાન સ્થાન ભોગવે ત્યાં સુધી એ વ્યવહાર ધર્મ્ય છે, અને પશુતા પ્રધાન સ્થાન ભોગવે ત્યારે તે અધર્મ્ય છે. આ નિયમને ધ્યાનમાં રાખી જુદા જુદા લોકો જુદા જુદા વ્યવહારો રચે એ યોગ્ય નથી?' દ્રૌપદી બોલી.

'ત્યારે કહે ને કે તને જ પાંચ ધણીને પરણવું ગમે છે! તારી જ એવી મરજી હોય તો મારે તો એંઠી છાશ ઉકરડે નાખવી, એટલું જ છે!' રાણીએ ચિડાઈને મોં મરડ્યું.

'આ લગ્નનું લફરું જે રૂપમાં આજે છે તે રૂપમાં તો આપણા લોકોમાં પણ હમણાં જ પેઠું છે. કેટલાએક લોકમાં તો એવો રિવાજ છે કે સ્ત્રી એક સંતાન થાય ત્યાં સુધી એક પુરુષને પરણે, અને સંતાન થયા પછી બન્ને છૂટાં પડે.' દ્રૌપદી બોલી.

'જે સ્ત્રીને વંઠી જવું હોય તેઓ એમ કરે!'

'બા! એવું જ હોય એમ માનવાનું નથી. ગુરુ તો કહેતા હતા કે एकोऽहम् बहु स्यां प्रजायेयम् । એ આદિ પુરુષનો મૂળ સંકલ્પ દુનિયાના લગ્નમાત્રના મૂળમાં છે. એ સંકલ્પનો ધક્કો પુરુષના અંતરમાં લાગે ત્યારે તે બહાર વેગ કરે છે અને સ્ત્રીને શોધે છે.' દ્રૌપદી કહેવા લાગી.

'હું આવું તેવું કશું સમજતી નથી. મને મારા બાપે શાસ્ત્ર શીખવ્યું નથી. હું તો એટલું જાણું કે આવો બધો વ્યવહાર હલકા વર્ણમાં હોય, અને આપણે તો રાજવર્ણ કહેવાઈએ.'

'બા! એમ મારા પર ચિડાય છે શા માટે? મારાં સાસુ કહેતાં હતાં કે અમારા કુળનો આવો રિવાજ છે. આવા કુળધર્મો તો જુદા જુદા લોકોમાં જુદા જુદા હોય છે, તેનું આપણે શું કરીએ?'

'આવા વેશ્યાના જેવા કુળધર્મો! એ લોકોને કોઈ કહેનાર છે કે નહિ? હવે તો તું જાણ અને તારો બાપ જાણે! આ બધું એમણે કર્યું છે. અર્જુનને દઈ દીધી હોત તો મહા નિરાંત થાત!'

આમ વાતચીત ચાલે છે ત્યાં તો મહારાજ દ્રુપદ પોતે જ ત્યાં આવ્યા.

'કેમ, શી વાત ચાલે છે?'

'આમ એની એ જ વાત! તમારે કાંઈ ફિકર કે દીકરી કોને વરી, ક્યાં સૂતી કે ક્યાં ખાધું-પીધું? તમે પુરુષો તો કેડે તલવારો ટાંગીને ફર્યા કરો; ચિંતા બધી મારે કરવી?' રાણીએ ક્રોધમાં આવીને કહેવા માંડ્યું.

'રાણી! એમ ન બોલો. હું પણ એ જ ચિંતામાં રોકાયો છું.' દ્રુપદે શાંતિથી જવાબ વાળ્યો.

'તો પછી મારી દીકરીને તમે આ બ્રાહ્મણોને જ આપવાનું નક્કી કર્યું? અને તમારી

દીકરીને પાંચ ધણી થાય એમાં તમારે કાંઈ વાંધો નથી ના? તમેય તમારા કુળને શોભે એમ કરો.'

'બા! તું બહુ ઉતાવળી થાય છે; હો! જાણે કે અમને બધાને અક્કલ જ નથી, અને ધર્માધર્મનું ભાન નથી! જરા બાપુને શાંતિથી બેસીને બોલવા તો દે?' ધૃષ્ટદ્યુમ્ન તપી ગયો.

'જો સાંભળ, હું તારી ચિંતાનો નિકાલ લાવ્યો છું.'

'શો નિકાલ લાવ્યા? બોલો જોઈએ?'

'જે વીરપુરુષે ભરસભામાં ધનુષ્ય ખેંચીને નિશાનને પાડ્યું તે બ્રાહ્મણ નથી પણ ક્ષત્રિય છે.'

'હેં! શું બોલો છો? સાચે જ એ ક્ષત્રિય છે?'

'હા. એ ક્ષત્રિય છે એટલું જ નહિ, પણ એ પોતે જ અર્જુન છે; અને પાંચે ભાઈઓ પાંચ પાંડવો અને તેમની માતે કુંતી પોતે છે!'

'હાશ, બેટા કૃષ્ણા! છેવટે તારી વાત જ ખરી પડી. હવે મારો જીવ હેઠો બેઠો. દીકરી, બેટા! છેવટ તું ગઈ તો ક્ષત્રિયના હાથમાં જ હો!' રાણી કૃતકૃત્ય થઈ હોય એમ બોલવા લાગી.

'લે, હવે તારી ચિંતા દૂર થઈ? બોલ, હવે શી ચિંતા છે?' દ્રુપદે પૂછ્યું.

'હવે બીજી ચિંતા છે જ નહિ. પણ આ છોકરો કહે છે કે એ પાંચે ભાઈઓ બહેનને પરણવાના છે. શું એ વાત સાચી છે?' રાણીએ પૂછ્યું.

'હા, એ વાત પણ સાચી જ છે. મેં એ સાંભળ્યું ત્યારે પહેલાં મારું હૃદય પણ વલોવાવા લાગ્યું; પરંતુ એ લોકોનો એ કુળધર્મ છે એમ ભગવાન વ્યાસે પોતે મને જણાવ્યું ત્યારે મેં સ્વીકાર્યું છે. મહારાજ યુધિષ્ઠિર પોતે સત્યનિષ્ઠ છે, એટલે એ જે કરે તે અધર્મ ન જ હોય એવી મારી શ્રદ્ધા છે.' દ્રુપદે કહ્યું.

'પણ એક પતિને બદલે પાંચ પતિ?'

'હા, પાંચ પતિ. એ પ્રમાણેનો એ લોકોનો કુળવ્યવહાર છે, એટલે હું તેની આડે આવવા માંગતો નથી.' દ્રુપદે કહ્યું.

'તો તો મારી દીકરીની લોકોમાં નિંદા થાય.'

'માડી! આ તો મારે સંભાળવાનું છે ના? એક પતિવાળી સ્ત્રીઓ ખરી રીતે કેટલી સંયમવાળી છે તે જઈને જોઈ આવો. હું પાંચ પતિઓને પરણીશ તોયે સંયમ જાળવવો એ તો મારો અને તેમનો પ્રશ્ન છે. પૃષત્ રાજાના કુળમાં હું જન્મી છું, દ્રુપદ જેવા પરાક્રમી મારા પિતા છે. ધૃષ્ટદ્યુમ્ન જેવા વીરાની હું બહેન છું, અને પાંડવોની પત્ની થઈશ; તોયે મારા પતિવ્રતપણામાં તને કેમ આટલી બધી શંકા આવે છે?'

'શંકા નથી આવતી; પણ લોકોમાં કેવું કહેવાય?'

'એવી લોકનિંદા કોને માટે જોવી? વ્યાસનો વિચાર કરવો કે કુંતીનો વિચાર કરવો કે જે પાંડુના પુત્રો માટે તું રાતદિવસ જંપતી ન હતી તેમનો વિચાર કરવો? વિચાર કોનો કરવો? એ વિચારને જવા દે, અને આનંદથી આ પ્રસંગને વધાવી લે.' દ્રુપદે શંતિ આપી.

ઇંદ્રપ્રસ્થની પટરાણી

'મામા! ધિક્કાર છે તમારી બુદ્ધિને! તમે આટલી આટલી યુક્તિઓ કરી પણ પાંડવો તો ઊલટા વધારે ને વધારે તેજસ્વી થતા જાય છે!' દુર્યોધને હાથ પછાડ્યા.

'કેમ, ઇંદ્રપ્રસ્થમાં કાંઈ ખાસ અનુભવ થયો જણાય છે!' શકુનિએ ઠંડે પેટે કહ્યું.

'મામા! તમે તો ત્યાં આવ્યા ન હતા એટલે શું જાણો? ત્યાં તો એ મારા દીકરાઓએ ઇંદ્રની ઇંદ્રપુરી ખડી કરી દીધી છે! રાજસૂય યજ્ઞમાં હજારો રાજામહારાજાઓના મુગટનાં તેજ યુધિષ્ઠિરનાં ચરણમાં આળોટતાં હતાં; લાખો બ્રાહ્મણો વેદપાઠ કરતા હતા; હીરામાણેકનો તો પાર જ ન હતો; પેલા કાળિયાએ શિશુપાળનું માથું ઉડાવી દીધું ને બધા રાજાઓ જોઈ રહ્યા! મય દાનવે યુધિષ્ઠિરની સભા બનાવી છે તેવી તો વરુણને તેમ જ કુબેરને પણ સભા નથી. મામા! તમે જોયું નથી એટલે શું કહું?' દુર્યોધન બોલ્યો.

'કેટલાક લોકો ખુદ પોતાની નજરે જુએ ત્યારે જ તેમને જોયું લાગે છે. મેધાવી લોકો દૂર રહ્યા સાંભળે તો પણ નજરે જોયા કરતાં વધારે ખ્યાલ બાંધી શકે છે.' શકુનિ બોલ્યો.

'અને મામા! એક વાત કહેવી ભૂલી ગયો. પેલી દ્રુપદની છોકરી તો પાંડવોની પટરાણી થઈ પડી હતી! કાલ સવારની એ. ધૌમ્ય વગેરે મુનિઓએ તેને અવભૃથ સ્નાન કરાવ્યું, અને છૂટો ચોટલો મૂકીને તેણે આચાર્યોની પૂજા કરી!' દુર્યોધન બોલ્યો.

'અને મામા! એ દુષ્ટાએ મોટાભાઈની મશ્કરી પણ કરી!' દુ:શાસન બોલી ઊઠ્યો.

'શી મશ્કરી કરી?'

'મય દાનવે મહેલમાં જળસ્થળની ભુલભુલામણી ગોઠવી હતી; એટલે પાણી હતું ત્યાં ભાઈને પાણી ન દેખાયું; આથી ચાલતાં ચાલતાં ભાઈનાં કપડાં ભીંજાયા.' દુ:શાસન બોલ્યો.

'એ તો સૌના ભીંજાય.'

'ના ના; દ્રૌપદી અને ભીમસેન જરા દૂર બેઠાં હતાં તેમણે જોયું એટલે હસ્યાં; ને દ્રૌપદી તો બોલી: આંધળાના તો આંધળા જ હોય!' દુ:શાસન બોલ્યો.

'એટલું જ બોલી? હજી તો એથીયે વધારે બોલશે. તમે સાંભળનાર છો ત્યાં સુધી શા માટે એમ ન બોલે?' શકુનિએ ટકોર કરી.

'મામા! હવે અમારાથી સહન નથી થતું. મને તો એમ થઈ ગયું હતું કે એ રાંડનો ચોટલો ઝાલીને એને ત્યાં જ પછાડું!' દુ:શાસને કહ્યું.

'પછાડી તો જુઓ, વાર લાગે વાર!' શકુનિ દાવ નાખવા લાગ્યો.

'પછાડીશ ત્યાર ઘડીનીયે વાર નહિ લાગે.'

'દુ:શાસન! તું હવે બંધ રાખ. મામા! બોલો; હવે તો પાંડવોનો ઘાટ ઘડવો જ છે, માટે કોઈ માર્ગ બતાવો.' દુર્યોધન બોલ્યો.

'માર્ગનો તો દુનિયામાં તોટો જ નથી. માણસ જેવો માણસ ઈશ્વરે બનાવ્યો અને તેની નાનીશી ખોપરીમાં એવું કંઈક મૂક્યું કે માર્ગો તો જડ્યા જ કરે. માત્ર એ માર્ગે જનારા કોઈ નથી મળતા.' શકુનિ બોલ્યો.

'મામા! એમ ન કહો. તમે બતાવેલ માર્ગે હું ક્યારે નથી ગયો? તમે કહ્યું એટલે તો ભીમસેનને ઝેર ખવડાવ્યું અને ગંગામાં ધકેલી પાડ્યો. તમે કહ્યું તે પ્રમાણે પાંડવોને લાખના મહેલમાં સુવાડ્યા અને સળગાવી દીધા. પણ કોણ જાણે કેમ, આખરે એ બચી જ જાય છે!' દુર્યોધન બોલ્યો.

'એ જ વાત છે ને!'

'જોગ તો એવો હતો કે આ દ્રુપદની છોકરી પણ આપણા કર્ણને જ મળે. પણ છેક છેલ્લી ઘડી ઘડીએ છોકરીએ જ સત્યાનાશ વાળ્યું!' દુર્યોધન બોલ્યો.

'મામા! હવે તો એવી યુક્તિ શોધી કાઢો કે એ પાંડવો અને એ છોકરી હેરાન હેરાન થઈ જાય; અને દ્રૌપદીને પણ ખબર પડે કે પાંડવોને પરણ્યાં'તાં!' કર્ણ બોલ્યો.

'યુક્તિ તો તૈયાર છે. અમલ કરનારો જોઈએ.'
'અમલ કરનારો આ રહ્યો!' દુર્યોધને છાતી કાઢી.
'તારાથી અમલ નહિ થાય.'
'થશે!'
'ધૃતરાષ્ટ્ર પાસે તારું ક્યાં ઊપજે છે! ત્યાં તો પાંડવોએ પોતાનો કાયમી વકીલ રોક્યો છે એટલે તમે ફોકટ ફાંફાં મારો એટલું જ.' શકુનિ બોલ્યો.
'વિદુરને ત્યાંથી દૂર કરાવીએ.'
'રાજન્! મને તો લાગે છે કે આ યુક્તિપ્રયુક્તિઓ જવા દઈને હવે પાંડવો સાથે સીધા જ લડી લઈએ. એક જ દિવસે તમામ નિકાલ!' કર્ણ બોલ્યો.
'લડવું હોય તો હું ભીમને ગૂંદી નાખીશ.' દુ:શાસને કહ્યું.
'ભાઈ! એમ ઉતાવળા ન થાઓ. લડ્યે આપણે ફાવીએ એમ નથી. મામાને બોલવા તો દ્યો?' દુર્યોધન બોલ્યો.
'સાંભળો ત્યારે. યુધિષ્ઠિરને જુગારનો બહુ શૉખ છે, ખરું?' શકુનિએ આદર્યું.
'ભારે શૉખ. સત્યથી બીજે નંબરે એને જુગાર!' દુર્યોધન બોલ્યો.
'તો આપણે તેને જુગાર રમાડીએ.' શકુનિ બોલ્યો.
'પણ એ ના પાડશે. જુગાર ખરાબ છે એમ એ બરાબર જાણે છે.' કર્ણ બોલ્યો.
'જાણે જે છતાં શૉખ એ બૂરી ચીજ છે એટલે ના નહિ પાડે. આપણે ધૃતરાષ્ટ્ર પાસે જરા કહેવડાવવું પડે, એટલું જ.' શકુનિ બોલ્યો.
'એ તો પિતા પાસે કહેવડાવીએ; અને પિતાની આજ્ઞા યુધિષ્ઠિર ઉલ્લંઘશે નહિ એની મને ખાતરી છે.' દુર્યોધન કહ્યું.
'પણ આ જુગારથી શું વળશે?' કર્ણ બોલ્યો.
'મામાને પૂરું કહેવા તો દ્યો? મામા! બોલો.' દુર્યોધન બોલ્યો.
'યુધિષ્ઠિર રમવાની હા પાડે એટલે પછી મારે અને યુધિષ્ઠિરે રમતમાં ઊતરવું.' શકુનિ બોલ્યો.
'મામા! બહુ સરસ.' દુર્યોધન રાજી થઈ ગયો.
'મામાને ભારે સૂઝી જાય! એમના મગજમાં તો કોણ જાણે શુંયે ભર્યું છે.' દુ:શાસન બોલ્યો.
'પછી રમતમાં હું યુધિષ્ઠિરને હરાવીને રાજપાટ, ધન, દોલત, હીરામાણેક, ભાઈઓ વગેરે બધું જીતી લઈશ.' શકુનિએ પૂરું કર્યું.
'એ તો ખૂબ સરસ!'
'પણ આ બધાનો આધાર ધૃતરાષ્ટ્ર ઉપર છે. ધૃતરાષ્ટ્ર તેમને રમવા બોલાવે એમ કરો.' શકુનિ બોલ્યો.
'પણ પેલો વિદુર ત્યાં છે એ પાટો ચડવા નહીં દે.' કર્ણે કહ્યું.
'ધૃતરાષ્ટ્ર એ વિદુરને જ તેડવા મોકલે એમ કરો, એટલે પત્યું.' શકુનિએ કહ્યું.
'હા; એ જ બરાબર છે. મારા પિતા આ બાબતમાં ના પાડે એમ શા માટે માનો છો? મારી ચડતી થાય એ એમને ન ગમે? બધુંયે ગમે. પણ લોકલાજ રાખવી પડે એટલે કોઈને એમ લાગે.' દુર્યોધને કહ્યું.
'પણ ધારો કે તમે અટકળ કરો છો તેમ પાંડવો બધું હારી ગયા. પછી?' કર્ણે પૂછ્યું.
'પછીનો વિચાર પછી પોતે જ કરી લે છે. આવી આવી બાબતોમાં દૈવ શા ખેલ ખેલે છે તે અગાઉથી નક્કી કરી શકાતું નથી. મારી નજર પહોંચે છે ત્યાં સુધી તો આ યુક્તિથી

પાંડવો હેરાન હેરાન થવાના, અને દ્રૌપદી પણ રઝળવાની.' શકુનિ બોલ્યો.

'મને આ કબૂલ છે.' દુર્યોધન બોલ્યો.

'મને પણ કબૂલ.' દુ:શાસને ઉમેર્યું.

'મને પહેલી કબૂલ લડાઈ, અને પછી કબૂલ આ જુગાર.' કર્ણ બોલ્યો.

'મામા! ચાલો ને, હવે સૌને કબૂલ છે.'

'તો તમે ગમે તેમ કરી યુધિષ્ઠિરને રમવા બોલાવો. પછીનો બધો ભાર મામા શકુનિને માથે.' શકુનિએ કહ્યું.

'ત્યારે મામા! આ વખતનો ખેલ બરાબર છે કે?' દુ:શાસને પૂછ્યું.

'લાગે છે તો બરાબર. પછી જો કાંઇ અણચિંતવ્યું આવી પડે અને ખેલ બગડી જાય તો દૈવ જાણે. મારી ગણતરી તો એવી છે કે પાંડવો પોતાનું સર્વસ્વ હારી જશે, અને દુર્યોધન સમુદ્ર પર્યન્ત પૃથ્વીનો રાજા થશે.' શકુનિ બોલ્યો.

'હું રાજા થાઉં કે ન થાઉં, પણ પાંડવોનું નિકંદન નીકળે એટલે બસ! કાલ સવારની પેલી દ્રૌપદી સુધ્ધાં મારી અને વૃદ્ધ પિતાની મશ્કરી કરે એ હવે નથી સાંખી શકાતું. મામા! તમારી યુક્તિમાં એ દ્રૌપદીને બરાબર ધ્યાનમાં રાખજો, હોં!' દુર્યોધન બોલ્યો.

'રમતી વખતે હું પાસે રહીશ ને મામા ભૂલી જશે તો યાદ આપીશ.' દુ:શાસન બોલ્યો.

મામો ભૂલે? મામો ભૂલશે તે દિવસે તો જગતમાં અંધારું થશે. કેમ મામા?' દુર્યોધન સમાપ્ત કર્યું.

વસ્ત્રાહરણ

'ભારતવર્ષના ઓ ક્ષત્રિયો! તમારો હવે કાળ આવ્યો છે!'

હસ્તિનાપુરના રાજમહેલમાં માણસોની ઠઠ જામી હતી. એક બાજુ ભીષ્મ, દ્રોણ, કૃપ, વિદુર વગેરે ચિત્રમાં ચીતરેલા હોય તેમ સિંહાસનો પર જડ થઈને બેઠા હતા; એક બાજુ મંત્રમૂર્છિત સર્પોની માફક ધૂંધવાતા પાંચે પાંડવો માથાં નીચાં ઘાલીને બેઠા હતા; એક બાજુ દુર્યોધન, કર્ણ, શકુનિ વગેરે વિશ્વવિજય કરીને પરવાર્યા હોય એમ સહુ મૂછ પર તાવ દેતા હતા; આલેશાન ઓરડાના મધ્ય ભાગમાં ભરતકુળનો ઇતિહાસ લખી થાકી ગયા હોય તેમ હાથીદાંતના પાસાઓ દ્યૂતપટ પાસે મૂંગા મૂંગા પડ્યા હતા. બધું શાંત હતું, બધું મૂંગું હતું. બધું નિશ્ચેષ્ટ હતું. આખાય ઓરડાની આંખો એક દરવાજા તરફ એકઠી થઈ હતી.

એવામાં વાઘણની ત્રાડ સંભળાઈ: 'તમારો હવે કાળ આવ્યો છે!'

ભીષ્મ-દ્રોણના કાન ચમક્યા, દુર્યોધનના કાન પણ ચમક્યા; ભીમ-અર્જુનના કાન ઊંચા થયા; આખી સભા બેઠી બેઠી ઊંચી થઈ ગઈ.

ગોળીથી ઘાયલ થયેલી વિકરાળ વાઘણ નાસે તેવા વેગથી પાંચાલી સભામાં દાખલ થઈ. તેનો લાંબો ચોટલો સમુદ્રનાં મોજાંની માફક પીઠ પર ઊછળતો હતો; તેનો હાથ કેડના વસ્ત્રને સરી પડતું રોકી રાખતો હતો. તેના મોંમાં શ્વાસ સમાતો ન હતો; તેની આંખમાં ક્રોધ અને ગભરાટ હતાં.

દુ:શાસન પાંચાલીની પાછળ બહુ દૃઢતાથી પગલાં ભર્યે આવતો હતો.

'ભારતવર્ષના ઓ ક્ષત્રિયો! તમારો કાળ આવ્યો છે! આ સભામાં ભીષ્મ અને દ્રોણ બેઠા છે. આ સભામાં પ્રતાપી પાંડવો મોજૂદ છે, છતાં આ પાપી દુ:શાસન નિર્લજ્જ થઈને મારો ચોટલો ખેંચીને મને પાટુઓ મારી શકે છે, એટલે કહું છું કે ઓ ક્ષત્રિયો! તમારો હવે

કાળ આવ્યો છે! હું દ્રુપદ રાજાની પુત્રી; હું ધૃષ્ટાદ્યુમ્નની બહેન; હું પાંડવોની ધર્મપત્ની; હું ભીષ્મ અને ધૃતરાષ્ટ્રની કુલવધૂ; અર્જુન જેવો પરાક્રમી મારી વેણીમાં ફૂલ ગૂંથે; સમસ્ત જગતના બ્રાહ્મણોએ આ વેણી પર અવભૃથનાં જળ સીંચ્યાં. એ જ મારા કેશપાશને પાપી દુ:શાસન હાથ અડાડે અને તમે બધા ક્ષત્રિયો એ જોઈ રહો, એટલે જ મને લાગે છે કે જગતમાંથી ક્ષત્રિયવટ હવે પરવારી ચાલી! હજી તો...’

‘લે હવે ચાલ ચાલ, ક્ષત્રિયવટવાળી નહિ જોઈ હોય! આજથી તું અમારી દાસી થઈ છે. જા, અંત:પુરમાં જઈને ઝાડુ કાઢી નાખ; અહીં નકામો કકળાટ ન કર!’ દુ:શાસને હુકમ કર્યો.

‘પાંચાલની પુત્રી તમારી દાસી? પાંડુની કુલવધૂ તમારી દાસી? દુ:શાસન! બોલતાં વિચાર કરો. તમારી જીભના કટકેકટકા થઈ જશે.’

‘જોઈ એ તો પાંડુની કુલવધૂ! ધણી ત્યારે પાંચ અને પાછાં પોતે કુલવધૂ! વેશ્યાઓને નિયત પતિ હોતો જ નથી.’ કર્ણે જવાબ દીધો, ‘દ્યૂતમાં યુધિષ્ઠિર તને હારી ગયા છે એટલે તું દુર્યોધનની દાસી થઈ છે. ‘હું સૂતપુત્રને વરવાની નથી!’ એ બધું આજે હવે નહિ ચાલે.’

‘દુર્યોધનનું એંઠુ ખાઈને ઊછરેલ ઓ કાગડા! બસ કર. પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રૌણ, પૂજ્ય વિદુર! હું તમને અને આખી સભાને એક પ્રશ્ન પૂછું છું. તમે એનો ધર્માનુસાર જવાબ આપો. મહારાજ યુધિષ્ઠિરે મને હોડમાં મૂકી હતી તે પોતે હાર્યા તે પહેલાં કે પાછળથી?’

સભા આખી સ્તબ્ધ થઈ ગઈ. કુરુકુળના બધા ધર્મશાસ્ત્રીઓ વિચારમાં પડી ગયા. કૌરવોની અંદર અંદર ખળભળાટ થયો. થોડી વારે વૃદ્ધ પિતામહે ઊભા થઈને જવાબ દીધો: ‘બેટા દ્રૌપદી! તારો પ્રશ્ન તદ્દન વાજબી છે. ધર્મની ગતિ અતિ સૂક્ષ્મ છે. યુધિષ્ઠિર મહારાજ સત્યવાદી છે. એણે તને હોડમાં મૂકી છે તે વાત બરાબર સાચી છે. એમ કરવાનો એનો અધિકાર હતો કે કેમ તે કોણ નક્કી કરે?’

આટલું બોલી ભીષ્મ આસન પર બેઠા. દૂરથી કર્ણ અને શકુનિ ભીષ્મની સામું જોઈને મંદમંદ હસતા હતા.

આ તરફ દુ:શાસનની ધીરજ ખૂટી. સભામાં શાસ્ત્રની ચર્ચા ચાલી એટલે તેના હાથને કાંઈ કામ ન રહ્યું, તે તો ઊભો ઊભો અકળાવા લાગ્યો. એટલે દુર્યોધને તેને ઇશારો કર્યો અને બોલ્યો: ‘તમે પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી મારાં દાસ છો. એટલે તમારાં કપડાં ઉતારો.’

મહારાજ યુધિષ્ઠિર એકદમ ઊભા થયા અને પોતાનાં ઉત્તરીય વસ્ત્રો ઉતારી દીધા. તરત જ ભીમ, અર્જુન, નકુળ અને સહદેવે પણ વારાફરતી ઊભા થઈને પોતાનાં ઉત્તરીયો પણ ઉતારી દીધાં.

‘કેમ, તું તારાં કપડાં ઉતારે છે કે નહિ?’ દુ:શાસને બૂમ મારી.

‘હું રજસ્વલા છું; મેં એક જ વસ્ત્ર પહેર્યું છે.’

હજુ તો દ્રૌપદી ભાગ્યે પુરું બોલી રહે છે ત્યાં તો ‘ચાલ, ચાલ, પાપણી!’ એમ કહીને દુ:શાસન દ્રૌપદીનું ચીર ખેંચવા લાગ્યો.

સભા આખી મૂંગી હતી; ધર્મશાસ્ત્રીઓની જીભો તો ક્યારની સિવાઈ ગઈ હતી. પાંડવો ધારે તો એકલો ભીમ બધાને પૂરો પડે તેમ હતો; પણ તેઓ તો આજે વેચાઈ ચૂક્યા હતા. પાંચ પાંડવોની પાંચાલી આજે અનાથ જેવી સ્થિતિમાં હતી! હજાર હાથીના બળવાળો દુ:શાસન ચીરને ખેંચતો હતો. અને કમળ જેવા કોમળ હાથ વડે દ્રૌપદી વસ્ત્રને ઝાલી રાખવા મથતી હતી.

'હે પ્રભુ, હે પરમાત્મા! જગત આખાની સ્ત્રીઓની લાજ આજે તારે હાથ છે! તું અનાથનો નાથ છે! મારું બળ તારી કૃપાને આધીન છે!'

દ્રૌપદીનો આર્તનાદ ચૌદલોકને વીંધીને ઠેઠ સુધી પહોંચ્યો.

ક્યાં દ્રૌપદીનો નાનો શો કોમળ હાથ અને ક્યાં હજાર હાથીના બળવાળા દુ:શાસનનું જોર! પણ પરમેશ્વર પાસે બળાબળનાં આપણાં ત્રાજવાં ખોટાં પડે છે. દ્રૌપદીનું ચીર ખેંચતો દુ:શાસન ખૂબ બળ કરીને સાવ ઢીલો થઈ ગયો. તેનાં કાંડાંનું જોર નરમ પડ્યું, તેની આંખે અંધારાં આવવા લાગ્યાં, અને દ્રૌપદીનું વસ્ત્ર હતું ત્યાં જ રહ્યું!

નાના જેવા જણાતા આંતરબળની પાસે હજાર હાથીના બળવાળો દુ:શાસન સાવ ઢીલો થઈ ગયો; તેના કાંડાનું જોર નરમ પડ્યું અને તેની આંખે અંધારાં આવવાથી આખરે તે બેસી ગયો.

'કેમ દુ:શાસન! બેસી કેમ ગયો?' દુર્યોધને હાક મારી.

'ભાઈ! ઘણીયે મહેનત કરું છું. પણ કોણ જાણે કેમ મારું કશું ચાલતું નથી. એના વસ્ત્રને ખેંચું છું, ખેંચું છું, છતાંયે જાણે ખેંચાતું જ નથી.'

'બરાબર એના સામું જોઈને ખેંચ તો ખરો!'

'સામી નજર માંડવા જાઉં છું ને ત્યાં જ અંજાઈ જાઉં છું.' દુ:શાસન ઢીલો પડી બોલ્યો.

શકુનિ બોલી ઊઠ્યો: 'એ રાંડે જાદુ કર્યું હશે. બરાબર ખેંચ એટલે વસ્ત્ર એની મેળે ચાલ્યું આવશે.'

'મારા હાથમાં બળ જ નથી ને!'

'બળ નથી શું? તું જ ગભરાઈ ગયો લાગે છે.' દુર્યોધન બોલ્યો.

આમ રકઝક ચાલતી હતી એવમાં દુર્યોધનનો નાનો ભાઈ વિકર્ણ સભામાં ઊભો થયો અને બોલ્યો: 'અહીં એકઠા મળેલા ક્ષત્રિયો! સાંભળો. આ દુ:શાસન હજાર હાથીના બળવાળો ગણાય છે, પણ એક નાનકડું વસ્ત્ર ખેંચી શકતો નથી તે તો તમે જુઓ છો ને? આ ચંડાળચોકડી તેને ગમે તેટલો ઉશ્કેરે છે છતાં તેના અંતરનું બળ પરવાર્યું છે, એટલે એ બાપડો ગાય જેવો રાંક બની ગયો છે! આનું કારણ તમે જાણતા નથી; હું જાણું છું. દ્રૌપદીના પક્ષમાં સત્ય છે. એની એને હૂંફ છે. એ સત્યના બળે આપણી આટલી મેદની સન્મુખ એ ઊભી છે અને કોઈની તાકાત નથી કે એના સામું પણ જોઈ શકે! દુર્યોધન અને દુ:શાસન મારા મોટા ભાઈઓ છે, ને શકુનિ મારા મામા છે. છતાંયે હું કહું છું કે અમે પાંડવોને કપટથી જીત્યા છે. આવી કપટની જીત અમને કોઈ કાળે પચવાની નથી એમ હું ચોક્કસ જાણું છું. હજી કૌરવોને બચવું હોય તો દ્રૌપદીની માફી માગે, પાંડવોને પ્રસન્ન કરે, અને તેમની પાસેથી જે જે જીતી લીધું છે તે બધું તેમને પાછું આપી દે.'

આટલું બોલી વિકર્ણ બેઠો એટલે કર્ણથી ન રહેવાયું: 'આ જો ને સત્યની પૂંછડી! દ્રૌપદીના પક્ષમાં જ સત્ય હોય તો પછી યુધિષ્ઠિર હારે જ કેમ? દુર્યોધન! મને આ તમારો વિકર્ણ સાવ નાદાન લાગે છે.'

'નાદાન છે જ! એનું બોલ્યું કોણ ગણે છે?' દુર્યોધન કહ્યું.

'નાદાન હોઉં તો નાદાન; પણ તમારી આખીયે કૌરવજનતા દ્રૌપદીનો વાળ વાંકો કરી શકતી નથી એ જ મારી વાતને સિદ્ધ કરે છે. તમે સૌ આંધળા છો; હું દ્રૌપદીની પાછળ પરમાત્માનો હાથ દેખું છું. દ્રૌપદી ધારે તો અત્યારે જ તમને અને ચૌદ લોકને બાળીને ભસ્મ કરી નાખે; પણ એનું આત્મબળ જગતના કલ્યાણ માટે છે. એટલે એ તમને સૌને તક આપે છે. એ તક લેશો તો સૌનું કલ્યાણ થશે; નહિ લ્યો તો વિનાશ તો ઊભો જ છે!

હજુ કાંઈ સમજાય છે?' વિકર્ણ બોલતો બંધ થયો.

વિકર્ણની જાણે વિડંબના કરતો હોય એમ દુર્યોધન પોતાનો સાથળ ઉઘાડો કરીને બોલ્યો: 'દ્રૌપદી! તું આવ અને અહીં બેસ!'

સભાજનો સૌ નીચું જોઈ ગયા. પાંડવોના અંતરનાં નીર વલોવાયાં, પણ શું કરે? ભીમથી ન રહેવાયું એટલે એણે પ્રતિજ્ઞા કરી: 'આ દુ:શાસને દ્રૌપદીનો ચોટલો ખેંચ્યો છે એટલે યુદ્ધમાં તેનો વધ કરીને તેના લોહીથી એ ચોટલો પૂરું તો જ હું સાચો પાંડુનો પુત્ર! વળી આ દુર્યોધને નિર્લજ્જ થઈ સાથળ બતાવ્યો છે, તે જ સાથળના મારી ગદાથી ચૂરા કરું તો જ હું ભીમ!'

દરમિયાન અંધ રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સભામાં આવ્યાં. દ્યૂતની અને પાંડવોના હાર્યાની તમામ વાત ધૃતરાષ્ટ્રને કાને પહોંચી ગઈ હતી. અને એનું અંતર રાજી પણ થયું હતું; પરંતુ જ્યારે દ્રૌપદીનું વસ્ત્ર ખેંચતાં દુ:શાસન થાકી ગયો અને દ્રૌપદી અડગ ઊભી રહી એ વાત તેને કાને પડી, ત્યારે તે ગભરાઈ ગયા.

ગાંધારીને આ વાતની ખબર પડી એટલે તે બોલી: 'મેં તો તમને ક્યારનું જણાવ્યું છે કે આ તમારો દુર્યોધન કુલાંગાર છે! તમે જ નિર્બળ છો એટલે તેનું કહ્યું કર્યા કરો છો. ખરી વાત તો એમ છે કે દુર્યોધનની દુષ્ટતા તમને ગમે છે. હજીયે કુળનું રક્ષણ કરવું હોય તો દ્રૌપદીને રાજી કરો; નંહિતર એ કોપશે ત્યારે તમારા સોમાંથી એક પણ જીવતો નથી રહેવાનો!'

ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સભામાં આવ્યાં. તેમને જોયાં એટલે તરત જ શકુનિ પલાયન થઈ ગયો અને કર્ણ ખૂણામાં જઈને બેઠો.

ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'ક્યાં છો બેટા દ્રૌપદી! આવ, મારા ખોળામાં બેસ.' દ્રૌપદીને ખોળામાં બેસાડીને ધૃતરાષ્ટ્રે તેનો ચોટલો સમો કરવા માંડ્યો અને પછી તેને વાંસે હાથ ફેરવવા લાગ્યા. 'બેટા દ્રૌપદી! શાંત થા. આ મૂર્ખ છોકરાઓએ તને બહુ દુ:ખ દીધું છે તે બદલમાં હું તને એક વર આપું છું. બેટા! તું ફાવે તે માગ પણ તારો ક્રોધ જતો કર.'

દ્રૌપદી બોલી: 'પૂજ્ય કાકા! હું તો એક જ વાત માગું. મહારાજ યુધિષ્ઠિર આપના પુત્રોના દાસ થયા છે તેમને દાસપણા-માંથી મુક્ત કરો. મહારાજ યુધિષ્ઠિર પહેલા હતા તેવા જ સ્વતંત્ર થાય એ જ મારી માગણી.'

'તથાસ્તુ!' ધૃતરાષ્ટ્રે કહ્યું: 'બેટા! તારી આવી સુંદર માગણીથી હું વધારે પ્રસન્ન થયો છું, માટે બીજો એક વર પણ આપું છું, માગ,' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'તો પછી યુધિષ્ઠિર મહારાજની સાથે સાથે અર્જુન, ભીમ, નકુળ ને સહદેવ પણ દાસપણામાંથી મુક્ત થાય અને જુગારમાં યુધિષ્ઠિર જે જે હારી ગયા છે તે તેમને પાછું મળે.'

'તથાસ્તુ!' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'બેટા! બસ? જા, હવે રાજી થા.' એમ કહી ધૃતરાષ્ટ્રે દ્રૌપદીનું માથું સૂંઘ્યું અને તમામ પાંડવોને દ્રૌપદીની સાથે વિદાય આપી.

* * *

પણ દુર્યોધનથી આ શે સહ્યું જાય? એ તો હાથ ઘસવા લાગ્યો અને મનમાં ને મનમાં ધૃતરાષ્ટ્રને ભાંડવા લાગ્યો.

'મેં તો કહ્યું જ હતું કે અંધ રાજાને તમારે હાથમાં રાખવા.' શકુનિ બોલ્યો.

'કોણ જાણે કોણ કહી આવ્યું. એ જ આપણો બધો ખેલ બગાડી નાખે છે!' દુર્યોધન બોલ્યો.

'પણ હજીય એક રસ્તો છે. મહારાજ ધૃતરાષ્ટ્ર કેહતા હતા કે તમારે ફરીથી એક વાર જુગાર ખેલવો હોય તો ખુશીથી ખેલજો, પણ હોડ સુધી વાત પહોંચે તેમ ન કરતા.' દુ:શાસને જણાવ્યું.

'એવી રજા આપી છે? તો તો બહુ સરસ! આપણે પાંડવોને ફરીથી રમવા બોલાવીએ અને હારજીતમાં બીજું કશું નહિ.' શકુનિ બોલ્યો.

'ત્યારે રમતની મજા શામાં?'

'જે હારે તે પક્ષ બાર વર્ષ વનવાસ ભોગવે અને તેરમું વર્ષ કોઈ ઓળખે નહીં એવી રીતે પસાર કરે. તેરમાં વર્ષમાં ઓળખાઈ જાય તો બીજાં બાર વર્ષ વનવાસનાં! આ આપણી રમતની શરત.' શકુનિ બોલ્યો.

'વનવાસમાં શું? એ તો સાવ સહેલું.' દુ:શાસને શંકા કાઢી.

'એમ નથી. બાર વર્ષ પાંડવો વનમાં જાય ત્યાં સુધીમાં તો આપણે રાજ્યમાં એવા જામી પડવું કે તેમનો પગપેસારો જ ન થઈ શકે! અને બાર વર્ષ વનમાં રઝળ્યા પછી એ જીવતા પાછા આવે, તો વાત છે ના? ત્યાં સુધીમાં તો એમનો ઘાટ નહિ ઘડાવી કાઢીએ?'

'મામાની ગણતરી તો બરાબર છે. ઠીક, ચાલો ત્યારે બોલાવો યુધિષ્ઠિરને. આપણે સૌ સભામાં પાછા જઈએ. ત્યાં પાંડવો પણ આવશે.' દુર્યોધન બોલ્યો.

'મામા! જો જો હો, સો કૌરવોને જંગલમાં જવું ન પડે!' દુ:શાસને ટકોર કરી.

'તો પછી શકુનિ મામો શાનો? હું તો એ પાંચે જણને વનમાં મોકલીશ અને પેલી તારી આંખને આંજતી હતી તે પાંચ ધણીની ધણિયાણીને પણ વલ્કલ પહેરાવીશ. એ બહુ પાંચાલની પુત્રી થઈ ગઈ છે તે જોઉં છું, કેવી વલ્કલ નથી પહેરતી!' શકુનિએ પુરું કર્યું.

'મામા! ચાલો, ઉતાવળ કરો. બધો આધાર તમારા પર છે, માટે ધ્યાન રાખીને રમજો.' દુર્યોધન બોલ્યો.

શઠં પ્રતિ —?

'દેવી પાંચાલી! શું કરો છો?' પર્ણકુટીના દરવાજામાં પેસતાં જ યુધિષ્ઠિરે પૂછ્યું.

'આ ભીલડી થોડાએક કોદરા અને બંટી આપી ગઈ છે તે સાફ કરું છું.' દ્રૌપદીએ જવાબ વાળ્યો.

'પણ તમારું મોં મને આજે સૂજી ગયું લાગે છે. કાલે ઊંઘ નહોતી આવી શું?' યુધિષ્ઠિર પર્ણકુટિની વધારે નજીક આવ્યા.

'ઊંઘ શા માટે ન આવે? વલ્કલોનો આ રાજવી પોશાક, ખુદ પૃથ્વીમાતાના ખોળામાં શય્યા, શિયાળોનું રાત આખી મીઠું સંગીત અને બાર બાર વર્ષો થયાં અનાયાસે મળેલાં આ સુખઐશ્ચર્યને લીધે મનની અસાધારણ શાંતિ, આવી ઊંઘ તો હું કુંવારી હતી તે દિવસે પાંચાલના છત્ર-પલંગમાંય ન આવતી!' દ્રૌપદીએ કોદરા ઝાટકતાં ઝાટકતાં ચલાવ્યું.

યુધિષ્ઠિર પર્ણકુટીને ઓટલે બેઠા અને ઊંડા વિચારમાં પડી ગયા હોય એમ બોલતા બંધ થયા.

'કેમ બોલતા નથી?' દ્રૌપદીએ સામું જોઈને પ્રશ્ન કર્યો. 'તમે જ્યાં જોઈ રહ્યા છો તે કૂતરાની વિષ્ટા છે. આ પર્ણકુટીનો દરવાજો કાલે થોડાં રોઝ આવ્યાં હતાં તેમણે તોડી નાખ્યો છે. નકુળ-સહદેવે આપના માટે જે ચોતરો બનાવ્યો છે ત્યાં તો હવે નોળિયા આળોટવા લાગ્યા છે. યુધિષ્ઠિર મહારાજ! કેમ બોલતા નથી?' દ્રૌપદીએ ચલાવ્યું, 'શરીર

તો ઠીક છે ને?'

'હા.'

'તડકામાંથી આવો છો એટલે માથું તો નથી દુખતું? લ્યો, જરા આ પાણી છાંટો.' દ્રૌપદીએ ઠંડા પાણીથી ભરેલું એક માટીનું વાસણ આપ્યું, પણ યુધિષ્ઠિર તેને બરાબર પકડી ન શક્યા એટલે વાસણ પડીને ભાંગી ગયું.

'હશે. આટલા દિવસ ટક્યું તેથી મને આશ્ચર્ય તો થતું જ હતું! મેં ભીલડીને કહ્યું હતું કે અમને આપીશ તોયે નહિ રહે; પણ એણે ન માન્યું. જરા ખમો; હું હમણાં જ નદીમાંથી વલ્કલને ભીનું કરીને લાવું છું અને આપના માથા પર મૂકું છું.'

'પાંચાલી! કશી જરૂર નથી.' યુધિષ્ઠિર બોલ્યા.

'ત્યારે તમે બોલતા કેમ નથી?' દ્રૌપદીએ પૂછ્યું.

'શું બોલું? તમારા જેવી સુકોમળ રાજકુમારીને મારા લીધે આટઆટલું કષ્ટ વેઠવું પડે છે એનો વિચાર કરૂં છું ત્યારે અમૂંઝણ થાય છે અને આંખે અંધારાં આવે છે.' યુધિષ્ઠિર બોલતા થયા.

'યુધિષ્ઠિર, યુધિષ્ઠિર! આ સાચું બોલો છો? મારી વાતો તો જવા દ્યો; હું તો તમને વરી તેને પહેલે જ દિવસે કુંભારની કોઢમાં તમારા સૌના પગ પાસે સૂતી હતી એટલાં મારા માટે તો તે દિવસે જ મંગલાચરણ થયું છે. વચ્ચે બે દિવસ નળિયાના છાપરા હેઠળ સૂવાનું મળ્યું એ કોણ જાણે કોના પુણ્યે મળ્યું હશે! મારી તો વાત જ નથી; પણ આ ભીમ-અર્જુનનો વિચાર કરો છો? આ માદ્રી માતાના પુત્રોનો વિચાર થાય છે?' દ્રૌપદી જરા જોસમાં આવી.

'તમને કેમ લાગે છે?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'મને તો લાગે છે કે વિચાર નહિ થતો હોય. આ ભીમસેન અને અર્જુન જેવા ભાઈઓ તો ઇંદ્રને પણ મળવા દુર્લભ! એ બે ભાઈઓના પરાક્રમને લીધે તો તમે રાજસૂય યજ્ઞ કર્યો અને દેશદેશાવરના રાજાઓએ તમારાં ચરણમાં માથાં મૂક્યાં. આવા બે વીરોને આજે તમારા લીધે વલ્કલો પહેરવાં પડે, ધનુષ્યનો ટંકાર કરી અક્ષૌહિણી સેનાનો સંહાર કરે તેવા અર્જુનને આજે શેર અનાજ માટે જંગલનાં પશુઓનો શિકાર કરવા જવું પડે, મોટા વડલાઓને બાથમાં લઈને જડમૂળ સાથે ઉખેડી નાખનાર આ ભીમતે તમારી શય્યા કરવા માટે જમીન પરથી ખડ ચૂંટી નાખવું પડે, એનો વિચાર સરખો તમને આવતો હોય તો તો આપણી આ દશા હોય જ નહિ.' દ્રૌપદીની આંખમાં ઝનૂન આવવા લાગ્યું.

'દેવી દેવી! તમને ખબર નથી.'

'મને ખબર છે. પાંચાલીની પુત્રી અને ધૃષ્ટદ્યુમ્નની બહેન સાવ મૂરખ નથી. આ નકુળ-સહદેવની જોડી જગતમાં મળવી કઠણ. એમના કપાળમાં તો સિંહાસનો લખ્યાં છે, પણ કોણ જાણે કેમ, આજે એ ભાઈઓ ખડ પર આળોટે છે અને આખો દિવસ જંગલમાં રખડે છે.'

'પાંચાલી! તો તમને એમ લાગે છે કે હું આ બધું જોતો જ નથી?' યુધિષ્ઠિર ઘવાયા હોય તેમ બોલ્યા.

'તમારી ચામડાની આંખો એ દેખે છે, પરંતુ તમારા હૈયાની આંખ એ જોઈ શકતી નથી. માઠું ન લગાડશો; મને તમે બોલવા પ્રેરી છે માટે હું બોલું છું. આજે હવે મારું હૈયું હાથ રહેતું નથી માટે હું બોલું છું. તમે આ બધું સાચે જ દેખતા હો તો હજીયે ભીમની પાસે અને અર્જુનની પાસે શાંતિની અને ક્ષમાની વાતો શા માટે કરો છો, કહો જોઈએ?' દ્રૌપદી બોલી.

'શાંતિ અને ક્ષમા એ જ સાચી વસ્તુઓ છે એવી મારી દૃઢ માન્યતા છે, માટે તે વાત કરું છું.'

'હજી શાંતિ અને ક્ષમા? હજીયે ક્ષમા? કપટથી હરાવી આપણા આ હાલ કર્યા તેમને ક્ષમા? અહીં જંગલમાં પણ આપણને સુખે રહેવા દેતો નથી એવા દુર્યોધનને ક્ષમા? યુધિષ્ઠિર મહારાજ! આ કોણ બોલે છે?'

'યુધિષ્ઠિર જ બોલે છે. પાંચાલી કોપે ત્યારે પણ ક્ષમાની વાત યુધિષ્ઠિર વિના બીજો કોણ કરે?'

'એવો નિષ્ઠુર બીજો કોણ હોય? પોતાની સ્ત્રીને છડેચોક વેચી નાખે એવો વીર પતિ બીજો કોણ હોય? યુધિષ્ઠિર, યુધિષ્ઠિર! કૌરવોએ આપણને આ વલ્કલ તો પહેરાવ્યાં; છતાં આવા જંગલમાંયે આપણને તેઓ શા માટે કનડતા હશે વારુ?' દ્રૌપદીએ ઉદ્‌ગાર કાઢ્યા.

'સાપવીંછી કરડે નહીં તો બીજું શું કરી શકે? એ એમનો સ્વભાવ જ છે.'

'તો એ સાપવીંછીને શા માટે મારી નાખતા નથી? તેમને મારતાં તમારાં હાથ-હૈયું ધ્રૂજતાં હોય તો આઘા ખસી જાઓ; પણ આ ભીમ-અર્જુનને શા માટે રોકો છો?' દ્રૌપદી ગોઠણભર થઈ.

'એ પ્રમાણે તેમને મારવાથી આપણને સુખ મળવાનું નથી એમ લાગે છે, માટે રોકું છું.' યુધિષ્ઠિરે શાંતિથી જવાબ આપ્યો.

'તો શાથી સુખ મેળવવા માગો છો?'

'તેમને સમજાવીને.'

'તે સમજશે એમ તમને લાગે છે?'

'આપણે ખરા હૃદયથી સમજાવશું તો સમજશે. નહિ જ સમજે તો કાળે જ ધાર્યું હશે તે થશે.'

'તમારી આ વાત મારે ગળે તો કદી ઊતરી જ નથી. આટલું આટલું વેઠ્યા છતાં તમે એને કેમ પકડી રહ્યા છો તે સમજાતું પણ નથી. આ જ જંગલમાં દુર્વાસા મુનિ અને તેમના હજારો શિષ્યોને મોકલીને દુર્યોધન આપણને શાપથી મારી નાખવા યત્ન કર્યો એ પ્રસંગ યાદ આવે છે? એ વખતે પ્રભુએ આપણી લાજ રાખી ન હોત તો? આ જ જંગલમાં દુર્યોધનનો બનેવી અને સિંધનો રાજા જયદ્રથ મારા ઉપર કુદૃષ્ટિ કરીને મને ઉપાડી ચાલતો થયો એ યાદ આવે છે? કોણ જાણે શું છે, મારા પર તો આ કૌરવો અવાયા પડે છે! યુધિષ્ઠિર, યુધિષ્ઠિર! આ ચોટલો જોયો? ભરસભામાં આ ચોટલાનું દુ:શાસને અપમાન કર્યું અને મારા ધણીઓ એ જોઈ રહ્યા, એ સાંભરે છે? એ દિવસથી તો હજુ મેં અંબોડોય વાળ્યો નથી. મારો ભીમ એ દુષ્ટના લોહીથી અંબોડો વાળશે તે દિવસ આવવાની રાહ જોઈ બેઠી છું. આ બધું યાદ છે?'

'બધું યાદ છે, અને તેથીયે વધારે યાદ છે.'

'તો પછી તમારું લોહી કેમ ઊકળતું નથી? તમારી આંખમાં કેમ ખૂન આવતું નથી?'

'એ બધું યાદ છે. એ બધું સંભારવાથી ચિત્તમાં દુ:ખ પણ થાય કે મારે લીધે તમારે સૌને દુ:ખી થવું પડે છે. પણ સાથે સાથે એમ પણ લાગે છે કે બધાનો ઉપાય - સાચો ઉપાય યુદ્ધ નથી.'

'ત્યારે ક્ષમા છે?'

'મને લાગે છે કે એ જ છે.'

'એવી ક્ષમા કાયરની હોય; એવી ક્ષમા બાયલાની હોય; એવી ક્ષમા ભામટાની હોય!

શૂરા ક્ષત્રિયોને એવી ક્ષમા હોતી નથી, અને હોય તો એ સાચો ક્ષત્રિય નથી!' દ્રૌપદીની આંખે લોહી ચડ્યું.

'તમને એમ લાગતું હશે.'

'એક વાત હું પૂછવા માગું છું. તમને જો આવી ક્ષમા એ જ શ્રેષ્ઠ અને સાચો ઉપાય જણાતો હોય તો તમે શસ્ત્રોનો ત્યાગ કેમ કરતા નથી? એવી ક્ષમા જ તમારે સેવવી હોય તો આ ક્ષત્રિયપણાના ચિહ્ન જેવાં શસ્ત્રોનો ત્યાગ કરો. ક્ષમાના અવતારરૂપ ઋષિમુનિઓનું જીવન શરૂ કરો અને ક્ષમાની ઉપાસનાથી સુખશાંતિને શોધો. હું આવી ક્ષમામાં શ્રદ્ધા રાખતી નથી; ભીમ-અર્જુન તેમાં માનતા નથી; નકુળ-સહદેવને પણ તેમાં વિશ્વાસ નથી. એટલે તમે એકલા અહીં જંગલમાં બેઠા બેઠા ક્ષમાની ઉપાસના કરો અને અમને અમારે માર્ગે જવા દ્યો. કૌરવોને તમામને યમલોકમાં પહોંચાડ્યા પછી અમે પણ તમારી સાથે ઉપાસના કરવા અહીં આવીને રહેશું, ને ત્યારે માતા કુંતીને પણ સાથે લેતાં આવીશું.'

એટલામાં ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ મૃગયા કરી પર્ણકુટીએ આવ્યા. દ્રૌપદીનું મોઢું અને આંખો લાલચોળ જોઈને ભીમે પૂછ્યું: 'પાંચાલી! કેમ ક્રોધમાં આવી ગયાં જણાઓ છો?'

'મહારાજ યુધિષ્ઠિરને વચનબાણ મારીને દુ:ખી તો નથી કર્યા કે?' અર્જુન બોલ્યો.

'વહાલા અર્જુન! આજે તો હું એ દોષમાં આવી ગઈ છું. તે માટે મને માફ કરો.' દ્રૌપદી નરમ થઈ.

'આપણો સૌનો સંકેત જ એવો છો કે મોટાભાઈને આપણે નાહક દુ:ખી ન કરવા.' અર્જુને ધીરતાથી કહેવા માંડ્યું.

'એમાં મને જરાયે દુ:ખ નથી. દ્રૌપદીને અને તમને સૌને મેં મારી મૂર્ખાઈથી આ દુ:ખમાં ઉતાર્યાં છે એમાં શક નથી. એ દુ:ખના માર્યાં તમે જે કહો તે મારે સાંભળવું જ જોઈએ.' યુધિષ્ઠિર બોલ્યા.

'હવે આપણા દુ:ખનો અંત નજીક દેખાય છે. આ બાર વર્ષ વીત્યાં, એમ જ તેરમું પણ વીતી જશે ને આપણા દુ:ખનો અંત આવશે.' અર્જુન બોલ્યો.

'કેમ સહદેવ! તને શું દેખાય છે?'

'ચિહ્ન તો એવાં દેખાય છે ખરાં, પણ આજે સુખ છે કે તેર વર્ષને અંતે સુખ છે એ તો એ બન્ને સુખ ભોગવી રહીએ પછી ખબર પડે.' સહદેવે જવાબ દીધો.

'મારી તો એક જ વાત છે. આ બાર વર્ષ વિતાડ્યાં એમ જ તેરમું વિતાડો; મહારાજ યુધિષ્ઠિરની જે પ્રતિજ્ઞા તે આપણીયે પ્રતિજ્ઞા. પણ ત્યાર પછી શું?'

'ત્યાર પછી મારી આ ગદા અને અર્જુનનું આ ગાંડીવ! ત્યાર પછીનો પ્રશ્ન જ રહેતો નથી.' ભીમે ઝુકાવ્યું.

'હું એ જ કહું છું કે ત્યાર પછી યુદ્ધ, યુદ્ધ અને યુદ્ધ.' દ્રૌપદી બોલી.

'હું કહું છું, ત્યાર પછી બને ત્યાં સુધી સમજાવટ, બને ત્યાં સુધી ધીરજ. અને કાંઈ ન ચાલે તો છેવટે યુદ્ધ.' યુધિષ્ઠિર બોલ્યા.

'તેર વર્ષ પછીયે સમજાવટ? કોને સમજાવવા? શા માટે સમજાવવા? કોણે સમજાવવા?' ભીમથી ન રહેવાયું.

'હજી તો એક વર્ષની વાર છે. એ વર્ષમાં તો આપણે અજ્ઞાતવાસ કરવો છે એ નક્કી છે. એ વર્ષને અંતે શું કરવું તેની વિચારણા આજે ન કરીએ. તેરમું વર્ષ પુરું થાય પછી તો આપણે જે કરવું હશે તે કરવા માટે સ્વતંત્ર છીએ. સમજાવટ કરવી હશે તો સમજાવટ

કરશું અને પરબાર્યું યુદ્ધ કરવું હશે તો તે કરશું.' અર્જુન બોલ્યો.

'ત્યાર પછી તો પાંચાલીનો આ ચોટલો સમજાવટ માગશે! પછી તો મારી આ ગદા દુ:શાસનની છાતી સાથે અને દુર્યોધનના સાથળ સાથે સમજાવટ માગશે!' ભીમ ઊકળી ઊઠ્યો.

'ભાઈ ભીમસેન, દ્રૌપદી! અત્યારે આપણે એ વાતને પડતી મૂકીએ. મધ્યાહ્ન થઈ ગયા છે એટલે સૌ જમવા બેસીએ.' અર્જુને સંકેલ્યું.

સૌ પર્ણકુટીની અંદર ગયાં.

સૈરન્ધ્રી

પાંડવોએ અજ્ઞાતવાસનું એક વર્ષ વિરાટનગરમાં ગાળવાનું નક્કી કર્યું એટલે ગામની બહારના સ્મશાનમાં પોતાનાં શસ્ત્રાસ્ત્રો એક ખીજડા પર ટાંગીને તેમણે નગરમાં પ્રવેશ કર્યો.

ભીમ રસોયાના વેશે ગામમાં દાખલ થયો અને રાજાના રસોડામાં રસોયો રહ્યો. અહીં તેણે બલ્લવ નામ રાખ્યું. અર્જુને સ્ત્રીનો વેશ ધારણ કર્યો અને રાણીના મહેલમાં કુંવારીઓને સંગીત અને નૃત્ય શીખવવા રહ્યો. તેનું નવું નામ બૃહન્નલા હતું. દ્રૌપદી રાણીના મહેલમાં દાસી થઈને રહી ને સૈરન્ધ્રી નામ ધારણ કર્યું.

વિરાટની રાણીને એક કીચક નામનો ભાઈ હતો. તે ભાઈ અતિશય લંપટ અને દુરાચારી હતો. દ્રૌપદી દાસી થઈને રહે છતાંયે એનું રૂપ તો ઓછું જ છાનું રહે છે? આ કીચક દ્રૌપદીના રૂપથી અંજાયો હતો અને ગમે તે રીતે તેને પોતાની કરવા મથતો હતો. વિરાટનગરમાં કીચકનું એટલું બધું જોર હતું કે ખુદ રાજા પણ તેને કશું કહી શકતો નહીં.

એક વાર બપોરના ભીમ રસોડામાં પડ્યો પડ્યો ઘોરતો હતો, ત્યાં દ્રૌપદી આવી. 'ભીમસેન, ભીમસેન! તમને શા સુખે ઊંઘ આવે છે?' દ્રૌપદીએ ટકોર કરી.

ભીમસેન બેબાકળો ઊભો થયો ને હાથમાં તવેથો લેતો બોલ્યો: 'દ્રૌપદી! અત્યારે ખરે બપોરે તું ક્યાંથી?'

'મારા પાંચ નાથો અનાથ જેવા થયા હોય ત્યારે મારે ખરે બપોરે જ આવવું પડે ના?' દ્રૌપદીએ કહ્યું.

'પણ વાત તો કર, છે શું? કોઈ તારું નામ લે તો જીભ કાપી નાખું; કોઈ તને હાથ અડાડે તો હાથ કાપી નાખું. તું વાત તો કર!' ભીમે દ્રૌપદીને નીચે બેસારી પ્રશ્ન કર્યો.

'વાત તો શી હોય? આ પેલો કીચક છે તેને તો તમે ઓળખો છો.' દ્રૌપદીએ કહ્યું.

'એ નામર્દને હું જાણું છું.'

'એ કીચક હમણાં મારી પાછળ પડ્યો છે.'

'કીચક? એનામાં દમ જ ક્યાં છે? કીચક એટલે એક પાટુનો ઘરાક. દ્રૌપદીને કીચક શું કરી શકવાનો હતો?' ભીમ બોલ્યો.

'એ બધું તો હું જાણું છું. એમ તો દ્રુપદની પુત્રી અને પાંડવોની સ્ત્રી છું. ભરસભામાં દુ:શાસનની તાકાત ન હતી કે મને નિર્વસ્ત્રા કરી શકે!'

'હું જાણું છું કે દ્રૌપદીને આત્મરક્ષણ માટે કે શિયળરક્ષણ માટે કોઈની જરૂર નથી.' ભીમે કહ્યું.

'એ જ બરાબર છે. અમ સ્ત્રીઓનું રક્ષણ પુરુષો શું કરવાના હતા? પવિત્રતા તો જાતે

પોતાનું રક્ષણ કરવા સમર્થ છે; અથવા તો એ પવિત્રતા જ નથી.’ દ્રૌપદી બોલી.

‘તો પછી તમે કેમ મૂંઝાઓ છો?’

‘મારી મૂંઝવણ તો એ છે હું કીચકને કાંઈ કરું અને આપણે છતા થઈ જઈએ તો?’ દ્રૌપદી બોલી.

‘એ તો બે માસ વહેલાં કે બે માસ મોડાં; છતા તો થવું જ છે ના? છતા થઈને પણ હવે આ ભીમ બીજાં બાર વરસ વનમાં ગાળે એમ નથી.’ ભીમ બોલ્યો.

‘મહારાજ યુધિષ્ઠિરની પ્રતિજ્ઞા છે તે?’

‘એ પ્રતિજ્ઞા પછી એમને એકલાને પાળવાની.’

‘એ બધું ઠીક. હાલ તો આપણે વિરાટનગરમાં એક વર્ષ ઓળખાયા વિના ગાળવું એનો નિર્ણય કર્યો જ છે. એટલા જ માટે કીચકનું શું કરવું તે તમને પૂછવા આવી છું.’ દ્રૌપદી બોલી.

‘મહારાજ યુધિષ્ઠિર શું કહે છે?’ ભીમે પૂછ્યું.

‘અરે રામ! આટલાં વર્ષોથીયે એમનો અનુભવ નથી? એક વાર દુષ્ટ કીચક મને મારતો મારતો રાજસભામાં લઈ ગયો ત્યારે તો મહારાજ ત્યાં હાજર હતા.’

‘પછી તેમણે કીચકનું ગળું પકડીને તેને મારી નાખ્યો? શું કર્યું?’ ભીમ ઉતાવળો થઈ ગયો.

‘મારી તો શું નાખે? એમનું હથિયાર તો ક્ષમા અને ધીરજ! મને બીજા ન સમજે એવી વાણીમાં જવાબ આપ્યો: સૈરન્ધ્રી! તમે ધીરજ રાખો. તમારું રક્ષણ કરનાર પાંચ ગંધર્વો આ બાબતમાં યોગ્ય કરશે જ.’ દ્રૌપદીએ જણાવ્યું.

‘એમ? કીચકે તમને ભરસભામાં પાટુ મારી?’ ભીમ બોલ્યો.

‘એ તો મારે જ ના? કીચકથી રાજા કેટલા બધા બીએ છે? રાણી પણ કીચકની આવી લંપટતાને અનુમોદન આપે છે!’ દ્રૌપદી બોલી.

‘ત્યારે તો આખું વાજું સડેલું લાગે છે!’

‘એટલા માટે તો રાણી મને ખાસ કીચક પાસે કંઈ કંઈ બહાનાથી મોકલે છે. પરમ દિવસે મને આસવ લેવા માટે મોકલી હતી, ત્યાં કીચકની આંખમાં કામ વ્યાપ્યો અને મને અધમૂઈ કરી.’ દ્રૌપદીએ જણાવ્યું.

‘ઠીક છે; ત્યારે દ્રૌપદી! તમે આ પ્રમાણે કરો. તમને કીચક ઉપર રાગ થયો છે એવો ઢોંગ કરીને તેની સાથે એકાંતમાં મળવાનું નક્કી કરો. પછી તે જગ્યાએ તમારે બદલે હું જઈશ અને કીચકને ત્યાં જ પૂરો કરી દઈશ.’ ભીમે સમજણ આપી.

‘તો તો કાલનો વખત બરાબર છે. કાલે રાત્રે કીચક નવી નૃત્યશાળામાં આવે એમ કહું. ત્યાં કન્યાઓ દિવસે નૃત્ય શીખવા આવે છે, પણ રાતના કોઈ હોતું નથી. કીચક ત્યાં આવે એમ તેને જણાવું અને પછી તમારે પણ ત્યાં જવું.’ દ્રૌપદીએ કહ્યું.

‘હા, બરાબર છે. હું કીચકની પહેલાં જઈને પલંગ પર સૂઈ જઈશ. સૈરન્ધ્રીને ભેટવા આવશે અને મૃત્યુની ભેટ પણ સાથે જ લેશે!’ ભીમે નિશ્ચય જાહેર કર્યો.

દ્રૌપદી જતાં જતાં બોલી: ‘પણ જોજો હો, કાલે રાતના ઊંઘી ન રહેતા. તમે નહિ આવો તો એ લંપટ છેવટે રાણીના મહેલમાં આવી મને પકડી જશે.’

‘એવું તે ભૂલું? હજીયે રસોઈમાં મસાલો નાખવો ભૂલી જાઉં છું એમાં રાજા ઠપકો આપે છે ખરો; પણ આવી વાત ભીમસેન ભૂલે તો તો થઈ રહ્યું ના!’

* * *

'રાણીજી! ભાઈ તો ગયા.'

'કોણ, ભાઈ? એ મારા ભાઈને કયો રાક્ષસ ભરખી ગયો? હું ભાઈને કહેતી હતી કે રાંડના ચાળે ન ચડ; પણ એણે માન્યું નહિ. એ રાંડે જ એને મરાવ્યો હશે.' રાણી રોતાં રોતાં બોલવા લાગ્યાં.

'એમ જ છે. કોણે માર્યા, શાથી માર્યા, કેવી રીતે માર્યા એ કશી કોઈને ખબર નથી. અમે નૃત્યશાળામાં જઈને જોયું તો માંસનો એક પિંડો દીઠો! નથી ઓળખાતું મોઢું, નથી ઓળખાતા હાથપગ, નથી ઓળખાતું માથું; એક ગોળ માંસનો દડો જ દેખાય છે!' કીચકનો ભાઈ બોલ્યો.

'એ રાંડ શંખણી ક્યાં ગઈ?'

'એ સૈરન્ધ્રી ત્યાં જ એક થાંભલા પાસે લપાઈને ઊભી છે.'

'ચાલો, હું આવું છું.'

રાણી નૃત્યશાળામાં આવી પહોંચ્યાં ને મોટેથી રડવા લાગ્યાં. ઘડી પછી તેમની નજર દ્રૌપદી તરફ ગઈ એટલે ક્રોધ કરીને બોલ્યાં: 'આ રહી રાંડ પાપણી! મને આવી ખબર હોત તો તને આણત શા માટે? છેવટે મારા ભાઈના પ્રાણ લીધા ના? હવે તો રાંડ તને જ મારા ભાઈની સાથે સળગાવી દઉં એટલે મારા ભાઈની સદ્‌ગતિ તો થાય! બાંધો એ પાપણીને ભાઈની ઠાઠડી સાથે.' રાણીએ રડારડ કરી મૂકી.

લોકોએ દ્રૌપદીને કીચકની ઠાઠડી સાથે બાંધી અને સૌ સ્મશાન તરફ ચાલ્યા.

દરમિયાન ભીમને ખબર પડી એટલે રસોયાનો વેશ બદલી તેણે ગંધર્વનો વિચિત્ર વેશ ધારણ કર્યો. કીચકના એકસો ને પાંચ ભાઈઓ હતા તે બધાને મારી નાખ્યા અને દ્રૌપદીને છોડાવીને પાછી લાવ્યો.

ગુરુપુત્રનો વધ

'પણ ભીમસેન! આજે તમે આટલા બધા વહેલા ક્યાંથી?' દ્રૌપદીએ પૂછ્યું.

'આજે અમે આપણા તંબૂમાં સૂતા ન હતા, મોડી રાત થઈ એટલે નજીકના તંબૂમાં સૂવા આવ્યા હતા.' ભીમે કહ્યું.

'મને હમણાં જ એક સ્વપ્ન આવતું હતું કે જાણે આપણે સૌ મોટા મહાસાગરને કાંઠે ઊભાં છીએ અને મહાસાગરનાં મોજાં કાંઠા પર અથડાઈ અથડાઈને તૂટી જાય છે.' દ્રૌપદી બોલી.

'દેવી! કાલે તો દુર્યોધન પણ પકડાયો એટલે આપણો પૂરેપૂરો વિજય થયો ગણાય.' ભીમ બોલ્યો.

એવામાં દરવાજે પોકાર પડ્યો: 'દેવી! ગજબ થયો, ગજબ થયો!'

'કોણ છે એ?'

'દેવી! કુમાર ધૃષ્ટદ્યુમ્ન...'

'કુમારે કોઈને મારી નાખ્યો લાગે છે.'

'કુમાર ધૃષ્ટદ્યુમ્ન પરલોકમાં સિધાવ્યા!'

'તું આ શું બોલે છે?'

'અને તમામ પાંચાલોનો સંહાર થયો!'

'હેં? પાંચાલોનો?'

'અને....'

'હજી કાંઈ બાકી રહ્યું છે? બોલી નાખ જલદી. અને... અને શું?'

'અને દેવી પાંચાલીના પાંચે પુત્રોનાં માથાં ધડ પરથી જુદાં થયાં છે!'

'આ હું શું સાંભળું છું?' દ્રૌપદી વિહ્વળ બની ગઈ.

'હું સાચું કહું છું.'

'વીર ધૃષ્ટદ્યુમ્ન, મારા વહાલા પુત્રો, મારા શૂરા પાંચાલો! તમે ક્યાં ગયા? મને કેમ છોડી ગયા?' દ્રૌપદી આંસુને બદલે આંખમાંથી અગ્નિ વર્ષાવતી બોલી. 'હા...! પણ એ સૌને મારી નાખનાર પાપી કોણ છે એ તો કહે, એટલે મારા ભીમ એને પણ યમ પાસે મોકલે?'

'અશ્વત્થામાએ એમને સૌને મારી નાખ્યા.'

'અશ્વત્થામા? અશ્વત્થામા, અશ્વત્થામા! તારે જો પાંચાલોનું નામનિશાન કાઢી નાખવું હતું તો મને પાંચાલીને શા માટે છોડી? અહીં આવ્યો હોત તો દ્રુપદની પુત્રી તારી શી વલે કરે છે તેની તને ખબર તો પડત!'

'દેવી! શાંત થાઓ! શાંત થાઓ!' ભીમ બોલ્યો.

'ભીમ; વહાલા ભીમ! શાંત થવાનું ન કહો. હું જરાયે ડરતી નથી. હું ધૃષ્ટદ્યુમ્નની સાથે અગ્નિમાંથી જન્મી છું. મારે તો અશ્વત્થામાનો કેડો લેવો છે. એ પણ જાણે કે વાઘણને છંછેડવી કેવી આકરી છે! અશ્વત્થામા કઈ તરફ ગયો?' દ્રૌપદીએ પૂછ્યું.

'આ બાજુ; ઉત્તર દિશાએ.'

'ચાલો, હું એ તરફ જાઉં છું.'

'દેવી! તમે ધીરજ રાખો. એ પાપીને હમણાં જ લાવીને તમારી પાસે ખડો કરું છું.' ભીમ બોલ્યો.

'તમે ખડો શું કરતા'તા! તમે ધાર્યું હોત તો એના ભાર હતા કે મારા સગાંઓને એ મારે?' દ્રૌપદી બોલી ઊઠી.

એટલામાં અર્જુન, યુધિષ્ઠિર તથા શ્રીકૃષ્ણ એ સ્થળે આવી ચડ્યા.

'દેવી પાંચાલી! શાંત થાઓ.'

'શાંત શી રીતે થાઉં? જેમને મોઢે મારું દૂધ ચોંટ્યું છે એ મારા પુત્રોને ભરખી જાય અને હું શાંત થાઉં? સિંહણ પાસેથી તેનાં બચ્ચાંઓને લઈ તો જુઓ! આ તો મારાં કરમ ફૂટ્યાં એટલે હું અહીં રહી અને એ પાપી તેમને ઠાર કરી ગયો!' દ્રૌપદી ઉશ્કેરાઈને બોલતી હતી.

'ભીમસેન, અર્જુન! તમે જલદી જઈને અશ્વત્થામાને શોધી કાઢો. જોજો હો, એ ગમે તેવો પણ ગુરુપુત્ર છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'જોજો હો ભીમસેન, અર્જુન! મારા પુત્રનાં માથાં ઉડાવનાર એ ગુરુપુત્રનો સ્પર્શ સરખોયે ન કરશો. એ ગુરુપુત્ર છે!' દ્રૌપદીએ દાંત કચકચાવ્યા. 'હજી મારો કોઈ પુત્ર રહી ગયો હોય તો એ ગુરુપુત્રને સોંપો, અને કહો કે આ રહી ગયો છે એટલે તમારા પિતાના શ્રદ્ધાળુ શિષ્યે એને મોકલ્યો છે, માટે મારી નાખો. નહિ જોયા હોય એ ગુરુપુત્ર!' છેલ્લું વાક્ય દ્રૌપદીએ યુધિષ્ઠિરને સંભળાવ્યું.

'દેવી! મહારાજનું કહેવું બીજું છે.' અર્જુન બોલ્યો.

'મહારાજનું કહેવું બીજું શું હોય? મારા વીરા ધૃષ્ટદ્યુમ્નને મારે મારા પાંચે પુત્રોનો સંહાર કરે. મારા વીર પાંચાલોનું જડમૂળ ઉખેડી નાખે તોયે એ ગુરુપુત્ર! એવા ગુરુપુત્રને શું પૂજવો છે?' દ્રૌપદી બોલી.

'દેવી! શાંત થાઓ. હું એને આ ઘડીએ અહીં હાજર કરું છું.' ભીમ બોલ્યો.

'વહાલા ભીમ! પ્રભુ તમને લાંબું આયુષ્ય આપો. આવે વખતે મારા હૃદયની સાચી વ્યથા જાણનાર એક તમે જ છો. આજે હું ગુરુપુત્રના માથાની ભૂખી થઈ ગઈ છું.' દ્રૌપદી બોલી.

'ભીમસેન, અર્જુન! ચાલો આપણે અશ્વત્થામાની પાછળ જઈએ અને તેને લઈ આવીએ.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'જનાર્દન! એ પાપીને બાંધીને મારી પાસે નહિ લાવો ત્યાં સુધી હું જંપીને બેસવાની જ નથી. તમે એને નહિ લાવો તો હું આ રણમેદાન પર ખાધાપીધા વિના બેસી રહીશ અને પ્રાણ કાઢીશ.' દ્રૌપદી બોલી.

દ્રૌપદી કલ્પાંત કરતી ત્યાં બેઠી અને ભીમ, અર્જુન તથા શ્રીકૃષ્મ રથમાં બેસીને અશ્વત્થામાની પાછળ ગયા.

એક ઘાટા જંગલમાં અશ્વત્થામા ભરાઈ રહ્યો હતો. ત્યાંથી ભીમે તેને શોધી કાઢ્યો અને તુમુલ યુદ્ધ થયા પછી તેને રથમાં નાખી સૌ દ્રૌપદીની પાસે લાવ્યા.

'પાંચાલી! લ્યો આ અશ્વત્થામા.' ભીમ બોલ્યો.

'પાપી અશ્વત્થામા!' દ્રૌપદીએ ત્રાડ મારી.

'શત્રુને મારવો એ પાપ હોય તો હું જરૂર પાપી છું. અને આ પાંડવો સહિત તમામ લોકો પણ પાપી છે!' અશ્વત્થામાએ સંભળાવ્યું.

'નીચ બ્રાહ્મણ! ચૂપ રહે. ઊંઘમાં મારા વીરાનું માથું કાપી લેતાં શરમ ન આવી?' દ્રૌપદી બોલી.

'શરમ શાની આવે? તમારા વીરાએ મારા ધ્યાનસ્થ પિતાનું માથું ઉતાર્યું એટલે મેં તમારા વીરાંનું ઊંઘમાં ઉતાર્યું. શરમ આવે તો અમને બન્નેને સરખી આવે!'

'નીચ બ્રાહ્મણ! મારા પુત્રોએ તારું શું બગાડ્યું હતું? તેં મારા તમામ પાંચાલોનો સંહાર કર્યો! મારા મનના મનોરથને તેં ધૂળમાં મેળવ્યા; આખા વિજયને તેં ખારો ઝેર કરી નાખ્યો!' દ્રૌપદી બોલવા લાગી.

'પાંચાલી! દ્રુપદ રાજાનાં પુત્રી! પાંડવોનાં પટરાણી! મારા સ્વામી દુર્યોધનના મનની શાંતિ ખાતર જ મેં આ જ કાર્ય કર્યું છે. બાકી તો જેવા આ તમારા પુત્રો હતા તેવા જ કૌરવોના અનેક પુત્રો રણમાં રગદોળાયા છે તેનો વિચાર કદી કર્યો છે? આજે અઢાર દિવસ થયા લાખો સ્ત્રીઓ ટીટોડીનું કલ્પાંત કરે છે તેનું પાપ આ પાંડવોને નહિ લાગે, અને તમારા પાંચ પુત્રોનું પાપ મને લાગશે એવો ન્યાય ઈશ્વરને ઘેર હશે ખરો? દ્રૌપદી, પાંચાલી! મને ઝેર આવ્યું ને મેં તમારા પુત્રોને મારી નાખ્યા એ વાત સાચી છે.' અશ્વત્થામા બોલ્યો.

'તો દેવી! હવે તમે કહો તે સજા અશ્વત્થામાને કરીએ.' શ્રી કૃષ્ણ બોલ્યા.

'ખૂનનો બદલો ખૂન! એનું માથું ઉડાવી દો. એટલેથીયે મારા દિલને શાંતિ નથી જ થવાની.' પાંચાલી બોલી.

'બહેન! જરા શાંત થાઓ.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! મારે રૂંવાડે રૂંવાડે દુ:ખ અને ક્રોધ વ્યાપી ગયાં છે. અત્યારે જો હું રાક્ષસી થઈ શકું તો અશ્વત્થામાને આખો ને આખો ખાઈ જાઉં એમ મનમાં થઈ જાય છે!' દ્રૌપદી બોલી.

'પણ દ્રૌપદી રાક્ષસી નથી. એ તો દ્રુપદની પુત્રી છે, પાંડવોની ધર્મપત્ની છે, ભીષ્માદિની કુલવધૂ છે. તેના શરીરમાં માનવીનું લોહી છે, તેના હૃદયમાં માનવનો આત્મા છે; એટલે જ હું કહી શકું છું, પાંચાલી! તમે શાંત થાઓ.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'અર્જુન! આ પાપીનો વધ કરો.'

‘લ્યો, હું એનો વધ કરું છું!’ અર્જુન બોલ્યો.

‘અર્જુન! હાથ થડકે છે શા માટે? આ અક્ષૌહિણી સેનાઓનો સંહાર કરતાં હાથ ન ધ્રૂજ્યો અને એકને મારતાં શા માટે ધ્રૂજે છે?’ દ્રૌપદી બોલી.

‘એ બ્રાહ્મણ છે, ને ગુરુપુત્ર છે.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘અર્જુને તો ગુરુદક્ષિણામાં મારા બાપને બાંધીને દ્રોણાચાર્યને આપ્યા હતા; એટલે એ દેવું તો ક્યારનુંયે વળી ચૂક્યું છે!’ દ્રૌપદીથી ન રહેવાયું.

‘પણ ગુરુપુત્રનો વધ શી રીતે થાય? દેવી! અર્જુનનો હાથ થડકે છે, કારણ, ગમે તેવો તોયે એ બ્રાહ્મણ છે. તેણે જે કાંઈ કર્યું છે તે દુર્યોધન તરફની ભક્તિને લીધે. બાકી તો દ્રૌપદી! આ યુદ્ધમાં તો આવાં કેટલાંય કામો થયાં છે. તેનો હિસાબ કરીએ તો જીવવું જ ભારે થઈ પડે. એ તો તમે બધા પાંડવો આ યુદ્ધનું સરવૈયું કાઢશો ત્યારે જ સાચી ખબર પડેશે!’ શ્રીકૃષ્ણે દ્રૌપદીને વીનવી.

‘શ્રીકૃષ્ણ પણ આમ બોલશે? તો ભલે. એ ગુરુપુત્રને જવા દો અને મને મરવા દો. હવે મારો ખપ નથી રહ્યો!’ દ્રૌપદીએ કટાક્ષ કર્યો.

‘એમ શું બોલો છો? દેવી! હવે જ તમારું કામ છે.’ અર્જુન બોલ્યો.

‘તો મારી તો પ્રતિજ્ઞા છે કે અશ્વત્થામાનો વધ કરવો. નહીં તો મારે અનશનવ્રત કરીને દેહ પાડવો.’

‘પણ અશ્વત્થામાનું ડોકું ધડથી જુદું પડે તો જ કંઈ એનો વધ થયો ગણાય?’ શ્રીકૃષ્ણે પૂછ્યું.

‘એમ જ.’ દ્રૌપદી બોલી.

‘આ તો માત્ર સ્થૂળ વધ છે; એવો વધ તો સૌ કોઈ ખમી લે.’ શ્રીકૃષ્ણે ચલાવ્યું.

‘ત્યારે આનો બીજો કેવો વધ થઈ શકે!’

‘થઈ શકે. માથાનો વધ એ તો સ્થૂળ વધ છે. એવો વધ તો શૂદ્રોનો કરવો યોગ્ય છો. અશ્વત્થામાનો તો બ્રાહ્મણ વધ થવો જોઈએ.’ શ્રીકૃષ્ણે કહ્યું.

‘બ્રાહ્મણવધ કેવી રીતે થાય?’ દ્રૌપદીએ પૂછ્યું.

‘દેવી! ક્ષત્રિયનો વધ કરવો હોય તો ક્ષત્રિયનાં શસ્ત્રાસ્ત્ર ઝૂંટવી લેવાં એટલું જ બસ છે; શસ્ત્રાસ્ત્ર વિનાનો ક્ષત્રિય મૂએલો જ છે. વૈશ્યનો વધ કરવો હોય તો તેનો વેપાર છીનવી લ્યો એટલે બસ. શૂદ્રનો વધ કરવો હોય તો તેનું અંગ કાપી લેવું એ જ બરાબર છે. પણ બ્રાહ્મણનો વધ કરવો હોય તો તેનું બ્રહ્મતેજ છીનવી લેવું જોઈએ.’ શ્રીકૃષ્ણે જવાબ આપ્યો.

‘પણ એ બ્રહ્મતેજ લઈ લ્યો તોપણ એ જીવે તો ખરો ના?’ દ્રૌપદી બોલી.

‘હા, જીવે જ; અને જિવાડવો એ જ વધ કર્યાનું ખાસ ચિહ્ન છે. બ્રહ્મતેજથી રહિત થયા છતાં એ જીવે એ જ એનો સાચો વધ. ઘણી વાર આવા લોકોને મોત આપવું એ તો એમના ઉપર ઉપકાર કરવા જેવું થાય છે.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘શ્રીકૃષ્ણ! તમે મારા સાચા સલાહકાર છો, તમે જેમ કહો તેમ કરવા હું રાજી છું.’ દ્રૌપદી બોલી.

‘તો જુઓ, આ અશ્વત્થામાના માથામાં મણિ છે એમાં એનું શુદ્ધ બ્રાહ્મણપણું છે. બ્રાહ્મણના માથામાંથી આ મણિ લઈ લ્યો એટલે બ્રાહ્મણ અને પશુ સરખા. જ્યારે જ્યારે બ્રાહ્મણોનો વધ કરવો હોય ત્યારે તેમનો માથાનો મણિ લઈ લેવો. પછી છો ને એ જગતમાં રખડ્યા કરે!’ શ્રીકૃષ્ણે સમજાવ્યું.

‘મને પણ આ વાત ઠીક લાગે છે.’ અર્જુને કહ્યું.

‘તો ભાઈ! મને એ કબૂલ છે. પાપી અશ્વત્થામા! જા; મણિ રહિત થઈને જગતમાં રખડ. ઈશ્વર તને ચિરંજીવ રાખે એટલે માથામાં જીવડાં પડ્યા જેવો થઈને તું પૃથ્વીમાં ફર અને રિબાયા કર!’ દ્રૌપદી બોલી.

મણિ વિનાનો અશ્વત્થામા જંગલમાં ચાલ્યો ગયો અને આજે પણ હજી મહાભારતની કથા ચાલતી હોય ત્યાં છાનોમાનો અશ્વત્થામા એ સાંભળવા આવે છે એમ લોકો કહે છે.

કાળનાં રમકડાં

મહાભારતનું યુદ્ધ પૂરું થયું અને પાંડવોને વિજય મળ્યો. એ વિજયના સ્મરણમાં પાંડવોએ એક અશ્વમેધ યજ્ઞ કર્યો ને મહારાજ યુધિષ્ઠિર સાર્વભૌમ રાજા થયા.

પણ લોહીથી ખરડાયેલો આ વિજય પાંડવોને તેમ જ દ્રૌપદીને, કોઈને શાંતિ આપી શક્યો નહિ. યુદ્ધના મેદાન પર લાખો યોદ્ધાઓ મરણ પામ્યા અને કરોડો સ્ત્રીઓને તથા બાળકોને રોતાં કકળતાં મૂકી ગયા. આ બાજુ જીવનની તમામ દોરીઓ કપાઈ જવાથી ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વનમાં સિધાવ્યાં અને કુંતી પણ તેમની પાછળ ગયાં. દ્વારકામાં યાદવો અંદર અંદર લડી મૂઆ અને ભગવાન શ્રીકૃષ્ણે પોતાનો દેહ છોડ્યો. એટલે પાંડવોને સામ્રાજ્યનું સ્થૂળ ખોખું હાથમાં આવ્યું પણ તેનો રસ જતો રહ્યો. આખી પૃથ્વી શૂન્ય વેરાન જેવી ભાસવા લાગી અને જીવન વધારે ને વધારે ખારું થતું જતું લાગ્યું. એટલે પાંડવો તથા દ્રૌપદી પરીક્ષિત રાજાને ગાદી પર બેસાડી હિમાલય તરફ ચાલતાં થયાં.

રસ્તામાં ચાલતાં એક સરોવર પાસે એક મહાપુરુષે અર્જુનને રોક્યો: ‘પૃથાના પુત્ર અર્જુન! તેં આ રસ્તાથી લોભાઈને તારું ગાંડીવ ધનુષ્ય હજી તારી પાસે સાચવી રાખ્યું છે તે ફેંકી દે. તમારા સૌનું અવતારકૃત્ય પૂરું થયું છે. આ ગાંડીત્વનું કૃત્ય પણ પુરું થયું છે. ફરીથી જ્યારે જગતમાં એની જરૂર ઊભી થશે ત્યારે એની મેળે જ એ બહાર આવશે.’

આ મહાપુરુષની વાણી સાંભળીને અર્જુને ગાંડીવનો ત્યાગ કર્યો અને બધાં આગળ ચાલ્યાં.

‘દ્રૌપદી! તમને થાક તો નથી લાગ્યો ના?’ ભીમે સવાલ કર્યો.

‘આજે કશી ખબર પડતી નથી.’ દ્રૌપદી બોલી.

‘હજી પાછાં હસ્તિનાપુરમાં જવું હોય તો સુખેથી જઈ શકો છો.’ યુધિષ્ઠિર બોલ્યા.

‘મહારાજ યુધિષ્ઠિર! આજથી થોડાં વર્ષ ઉપર હસ્તિનાપુરમાં પ્રવેશ કરવાનો જે મોહ હતો તે આજે નથી. સામ્રાજ્ઞીનો મુગટ માથે પહેર્યો ન હતો ત્યાં સુધી તેનો ખૂબ લોભ હતો; પણ એના ભાર નીચે ભલભલા કેવા ચગદાઈ મરે છે તેનો મને ખ્યાલ આવ્યો એટલે તો હું પણ તમારી સાથે નાસી છૂટી.’ દ્રૌપદી બોલી.

‘તમને તો આ યુદ્ધનો ખૂબ જ રસ હતો ને?’ સહદેવ બોલ્યો.

‘હા; વનવાસનાં દુ:ખો કરતાં યુદ્ધ મને વધારે સારું લાગતું. આજે તો યુદ્ધ પણ જોઈ લીધું અને સામ્રાજ્ય પણ જોઈ લીધું. આજે હવે એ બધાં વલખાં હતાં એ સમજાય છે. તે દિવસે તો હું પણ યુદ્ધ માટે કૂદતી હતી અને યુધિષ્ઠિરને નમાલા કહેતી હતી. મને કે તમને કોઈને ક્યાં ખબર હતી કે કાળનાં મોજાં પાસે આપણે સૌ નમાલાં છીએ? જુઓ ને, એ જ અર્જુન શ્રીકૃષ્ણની સ્ત્રીઓને હસ્તિનાપુર લાવી શક્યા? જુઓ ને, એ જ ગાંડીવ આજે અર્જુનને છોડવું પડ્યું ના? એમાં અર્જુનની શી મોટાઈ? ગાંડીવની પણ શી મોટાઈ? શ્રીકૃષ્ણની પણ શી મોટાઈ? આપણે સૌ કાળનાં રમકડાં! પરમેશ્વરના કોઈ ગૂઢ સંકેત

પ્રમાણે આપણે બધાં હર્યાં, ફર્યાં, પરણ્યાં, લડ્યાં અને આજે આ હિમાળા તરફ ચાલ્યાં છીએ. પૃથ્વીના પડ ઉપરથી મારા પિતા અદૃશ્ય થયા, વીરો ધૃષ્ટદ્યુમ્ન અદૃશ્ય થયો. મારા વહાલા પુત્રો અદૃશ્ય થયા, હજારો પાંચાલો અદૃશ્ય થયા અને અઢાર અક્ષૌહિણી સેનાયે અદૃશ્ય થઈ! હજી કાલે જ ગાંધારી અને કુંતી ગયાં છે અને આપણે છ પણ જવા બેઠાં છીએ. આ બધાં દૃશ્યો અને અદૃશ્યોની પાછળ જ રહેલ છે તે કાળભગવા ને મારા હજારો નમસ્કાર છે!' બોલતાં બોલતાં દ્રૌપદી જમીન પર પડી ગઈ.

'કેમ, શું થયું?' અર્જુન દોડતો પાસે આવ્યો.

'દેવી પાંચાલી પડી ગયાં.' સહદેવે બૂમ પાડી.

'મહારાજ યુધિષ્ઠિર! મારો અંતકાળ નજીક છે. મને માફી આપો. આજે જે વસ્તુ સમજાય છે તે થોડાં વર્ષો પહેલાં સમજાઈ હોત તો હું તમને સૌને લડાઈની ના જ પાડત. આજે હવે એ ડહાપણ નકામું છે. ભીમસેન! મારા માટે તમે ભીષણ પ્રતિજ્ઞાઓ પૂરી કરી તે માટે મને ક્ષમા. અર્જુન! મારા ખાતર તમે અનેકનો સંહાર કર્યો તે ખાતર મને ક્ષમા. નકુળ, સહદેવ! તમે પણ ક્ષમા...

'પણ તમારી ક્ષમા શા કામની? ક્ષમા તો દુ:શાસન આપે તો મળે; ક્ષમા તો દુર્યોધન આપે તો મળે; ક્ષમા તો કર્ણ અને શકુનિ આપે ત્યારે મળે; ક્ષમા તો અઢાર અક્ષૌહિણી સેના આપે ત્યારે મળે!....

'વહાલી માતા! તું અત્યારે હોત તો કેવું સારું? પિતા! તમે પેલો યજ્ઞ જ ન કર્યો હોત તો? અરે, પણ તમારોયે શો વાંક? તમે પણ મારી માફક કાળના હાથમાં રમકડું જ હશો ના? વીરા ધૃષ્ટદ્યુમ્ન મારી સામે તું કેમ હસે છે? લે હું આ... આવી!'

પાંચે પાંડવો દ્રૌપદીને કપાળે હાથ ફેરવતા તેને શાંત કરવા લાગ્યા, અને દ્રૌપદીનો પ્રાણ તેનું ક્લેવર છોડીને ચાલી નીકળ્યો.

પાંચાલની પુત્રી, દ્રુપદની વહાલી દીકરી, પાંડવોની સ્ત્રી, ધૃષ્ટદ્યુમ્નની બહેન પૃથ્વી પરથી અદૃશ્ય થઈ ગઈ!

અર્જુન

એક જ લક્ષ

દ્રુપદના દરબારમાંથી અપમાન પામીને દ્રોણ ફરતા ફરતા હસ્તિનાપુરમાં આવી ચડ્યા. હસ્તિનાપુરના એક કૂવા પાસે રાજકુમારો રમતા હતા. દ્રોણે પોતાની અસ્ત્રવિદ્યાના પ્રભાવથી કૂવામાં પડેલો દડો બહાર કાઢી આપ્યો; કુમારોએ આ વાત ભીષ્મ પિતામહને તથા મહારાજ ધૃતરાષ્ટ્રને જણાવી એટલે તે બન્નેએ વિચાર કરીને દ્રોણને રાજકુમારોના ગુરુ તરીકે સ્થાપ્યા.

આ જમાનામાં ગુરુની સેવા એ વિદ્યાર્થીજીવનનું એક આવશ્યક અંગ મનાતું. વિદ્યાર્થીઓ ગુરુકુળમાં રહે તે દરમિયાન આખાયે ગુરુકુળનાં નાનાં મોટાં તમામ કામો પોતે જ ઉપાડી લેતા અને એ રીતે જીવનમાં સ્વાશ્રયની અણમૂલ તાલીમ પામતા. આશ્રમમાં નવો દાખલ થનાર વિદ્યાર્થી આશ્રમની ગાયો ચારવા માટે જંગલમાં લઈ જતો, આશ્રમનાં વૃક્ષોને પાણી પાતો, ગુરુના હવિ માટે સમિધ કાપી લાવતો અને જીવનમાં આવાં આવાં કાર્યોમાં પલોટાયા પછી જ રીતસરની વિદ્યા ભણવી શરૂ કરતો. આખાયે ગુરુકુળમાં ગરીબ-તવંગર સૌ વિદ્યાર્થીઓનું સ્થાન એકસરખું જ હતું, અને મોટા મોટા રાજકુમારો પણ ગુરુકુળને માટે લાકડાં કાપવામાં અથવા ગુરુ માટે વાસીદું કાઢવામાં હીણપત માનતા ન હતા. દ્રોણગુરુને પોતાનો આશ્રમ તો ન હતો, તેમ જ રાજકુમાર સિવાય બીજાને માટે દ્રોણની શાળાનાં દ્વાર બંધ હતાં; છતાંયે પાંડવોને તેમ જ કૌરવોને દ્રોણની સેવાની તાલીમ તો મળી જ હતી.

* * *

દરરોજ સવારે રાજકુમારો સ્નાન કરવા માટે તથા પાણી ભરવા માટે સરોવરે જાય. પાણી ભરવા માટે દરેકને એક એક હાંડો આપવામાં આવ્યો હતો.

એક વાર ભીમ તથા અર્જુન સરોવર ચાલ્યા જતા હતા, ત્યાં અર્જુને પગ જરા ઉતાવળો ઉપાડ્યો એટલે ભીમસેન બોલ્યો: 'ભાઈ અર્જુન! મારેય પાણી તો ભરવું છે, હો! તું એકલો પાણી ભરવા આવ્યો છે ને અમે ખાલી હાંડે પાછા જવાના છીએ એમ ન માનતો.'

'ભીમસેન! તું તારે ધીમે ધીમે આવ ને, મારે જરા ઉતાવળ છે.' અર્જુને કહ્યું.

'ઉતાવળ શી છે? તેમાંયે વળી આજે તો અનધ્યાય છે એટલે વધારે મજા!' ભીમ બોલ્યો.

'ઓહો! અનધ્યાય છે તે તો સાંભરતું ન હતું.' અર્જુન ઊભો રહ્યો.

'તને શાનું સાંભરે? તું તો રોજ વહેલો વહેલો નાહી લઈ પાણી ભરીને ચાલ્યો જાય છે. નથી બોલતો, નથી રમતો. નથી ડૂબકી ઑ મારતો, નથી પાણી ઉડાડતો. ભલો તું અને

ભલો તારો અભ્યાસ! એમ તે કંઈ ચાલે? આવી આવી મસ્તીયે જોઈએ. આજે જોજે, હું દુ:શાસનનું ગળું પકડી તેને પાણીમાં ખોસી દઈશ, અને પછી તેની પીઠ પર ઘોડો પલાણીશ.'

'ભાઈ ભીમસેન! સાચું કહું? ઘણા દિવસથી મનમાં થયા કરતું હતું કે લાવ ને ભીમને વાત કરું? પણ લાગ મળતો ન હતો.' અર્જુન બોલ્યો.

'એવું તે શું છે? કહે તો ખરો?' ભીમે કહ્યું.

'જો, આ આપણા ગુરુ દ્રોણ આપણને પાણી ભરવા મોકલે છે ત્યારે પાછળથી પોતાના દીકરા અશ્વત્થામાને ખાનગી વિદ્યા શીખવી દે છે.' અર્જુન બોલ્યો.

'પણ અશ્વત્થામાયે આપણી સાથે પાણી ભરવા તો આવે છે!' ભીમને ગળે વાત ન ઊતરી.

'આવે છે તો સાથે, પણ વહેલો પાછો જાય છે. ગુરુએ આપણને સૌને સાંકડા મોંવાળા હાંડા આપ્યા છે અને અશ્વત્થામાને પહોળા મોંવાળો હાંડો આપ્યો છે, કે તેનો હાંડો વહેલો ભરાય અને તે આપણા કરતાં વહેલો પહોંચી જાય.' અર્જુને ભીમને બરાબર સમજાવ્યું.

'એમ? અશ્વત્થામા વહેલો પાછો જાય છે એ તો બરાબર.' ભીમ વિચારતો વિચારતો બોલ્યો.

અર્જુને કહ્યું: 'અને તે આટલા જ માટે. હું એ ચોક્કસ જાણું છું તેથી કહું છું.'

'તો અર્જુનભાઈ!' ભીમસેન ભભડી ઊઠ્યો, 'એવા પક્ષપાતી ગુરુ પાસે આપણે નથી ભણવું. ચાલો આપણે પિતામહને વાત કરીએ. અશ્વત્થામાને આપણાથી છાના ભણાવી દે એ તો ચોરી થઈ!'

'ભીમભાઈ!' ભીમના ખભા પર હાથ મૂકીને અર્જુન બોલ્યો, 'જરા ધીમેથી બોલ, નહિતર આ દુર્યોધન વગેરે ચાલ્યા જાય છે તે સાંભળી જશે. અશ્વત્થામાની આ વાતની ખબર પડી ત્યારથી હુંયે ઉતાવળો ઉતાવળો પાણી ભરીને પહોંચી જાઉં છું, એટલે ગુરુએ મને પણ વધારે શીખવવા માંડ્યું છે.'

'હં... હવે સમજ્યો. માટે જ ગુરુ અવારનવાર કહે છે: "અર્જુન સૌથી વધારે હોશિયાર છે." હવે વાત સમજાઈ — અશ્વત્થામાયે વિદ્યામાં ભલે પારંગત થાય અને તુંયે ભલે પારંગત થા. આપણે તો આ...ને નિરાંતે નાહી કારવીને તેમ જ તોફાન-મસ્તી કરીને જ આવવાના; અને પછી જે કાંઈ શીખવે તે ઠંડે કલેજે શીખવાના. દ્રોણ નહિ શીખવે તો દુનિયામાં ગુરુનો ક્યાં દુકાળ પડ્યો છે!' ભીમ બોલ્યો.

'ભીમસેન! મારા માટે તો દ્રોણના જેવા બીજા ગુરુ નથી, એટલે ગમે તેમ કરીને હું તો તેમની પાસેથી તમામ વિદ્યા મેળવી લેવાનો છુ. અસ્ત્રવિદ્યામાં દ્રોણ જેવા ગુરુ આજે આખી દુનિયામાં નથી. તેથી જ આડુંઅવળું જોયા વિના હું તો તેમની પાસેથી એ વિદ્યાનું હાર્દ હાથ કરી લેવા માગું છું.' અર્જુન બોલ્યો.

'અર્જુન! તારો વિચાર તું કર. મારે તો આવા પક્ષપાતી ગુરુની વિદ્યા ઓછી મળશે તોયે શું નુકસાન છે? વળી મને તો પિતામહ કહેતા હતા કે જતે દિવસે તને અને દુર્યોધનને ગદાયુદ્ધની ખાસ તાલીમ લેવા માટે બલરામ પાસે મોકલવા છે. અર્જુન! તું તારે જે મેળવવું હોય તે દ્રોણ પાસેથી મેળવી લે.' ભીમે વાતની ઘડ વાળી.

'ભીમસેન! બીજી એક વાતની તને ખબર છે?' અર્જુને પૂછ્યું.

'કઈ વાત?'

'ભીલકુમારની.' અર્જુન બોલ્યો.

'ના, ના.' ભીમે કહ્યું.
'કાલે ભીલોના રાજાનો કુંવર એકલવ્ય દ્રોણગુરુનો અંતેવાસી થઈ અસ્ત્રવિદ્યા શીખવા માટે આવ્યો હતો.' અર્જુને જણાવ્યું.
'પછી શું થયું?'
'પછી ગુરુએ પિતામહ વગેરેની સલાહ લઈને એકલવ્યને સ્વીકારવાની ના પાડી.' અર્જુન બોલ્યો.
'ઠીક કર્યું.' ભીમસેન બોલ્યો. 'એવાં ભીલડાંને આપણી સાથે રાખે એ તો કેમ પાલવે? આપણે તો હસ્તિનાપુરના રાજકુમારો છીએ.'
'ભીમસેન, ભીમસેન!' અર્જુનથી ન રહેવાયું, 'તું બોલે છે તે બરાબર નથી. આપણે રાજકુમારો સાચા પણ તેં એ ભીલકુમારને જોયો હોત તો તારી આંખ ઠરી જાત. રંગે કાળો, પણ શું મોહક એનું શરીર! એના હાથ જોયા હોય! દેવોનાં ધનુષ્યો પણ એવા હાથમાં પડવા માટે મોટાં મોટાં તપ આદરે! એની આંખો ખૂબ જ વેધક; અંધારામાંયે નિશાન પાડે. એના મોઢા પર અડગ નિશ્ચયની છાપ દેખાતી હતી. એનું હૈયું અસ્ત્રવિદ્યા માટે કેટલાયે યુગોનું ભૂખ્યું હોય એમ એના તરવરાટ પરથી જણાયું હતું. મેં તો એને જોયો કો તરત જ મારી વિદ્યા જાણે ગળી જતી હોય એમ લાગ્યું. અને એકાદ ક્ષણ તો ગુરુની પાછળ ભરાઈ ગયો; પછી જરા સ્વસ્થ થયો. ભીમ! હજી સુધી એ કુમારની એ ધીર ચાલને હું ભૂલી શકતો નથી.'
'અર્જુન!' ભીમ ખડખડાટ હસીને બોલ્યો, 'એવાં તો કેટલાંયે જનાવરો હસ્તિનાપુરમાં રોજ આવે ને રોજ જાય! તું ગાંડો છે તે એવાને સંભારી રાખે છે. આપણે શિકારે જઈએ છીએ ત્યાં આવા તો કેટલાયે ભીલડા તને દેખાડું. લે, ચાલ હવે. આ પેલા બધા પાણીમાં ધુબાકા દે છે તે સાંભળીને મારું હૈયું ઊછળી રહ્યું છે. તું બરાબર જોજે હો, હમણાં જ દુ:શાસનની ગળચી ઝાલીને તેને પાણીમાં ડુબાડવાનો છું!'
વાતો કરતા કરતા બન્ને ભાઈઓ સરોવરની પાળ પર પહોંચી ગયા.

* * *

કુમારોની પરીક્ષાનો વખત નજીક આવતો હતો. કુમારોએ દ્રોણાચાર્ય પાસેથી કેવી કેવી વિદ્યાઓ મેળવી છે તે હસ્તિનાપુરની સમગ્ર પ્રજા જુએ એવો ભીષ્મનો મનોરથ હતો. અને તેટલા માટે એક આલીશાન મંડપ ઊભો કરી આખીયે જનતાની સમક્ષ કુમારોની પરીક્ષા કરવાનો વિચાર ચાલી રહ્યો હતો.
દરમિયાન દ્રોણાચાર્યે પોતાના સંતોષની ખાતર શિષ્યોની તપાસ કરવાનો નિશ્ચય કર્યો. એક વખત બધાં અસ્ત્રશાળામાં હાજર થયા એટલે આચાર્યે જાહેર કર્યું:
'આજે હું તમારી પરીક્ષા કરવાનો છું.'
રાજકુમારો તૈયાર થયા, અને પોતપોતાનાં સાધનો લઈને બહાર મેદાનમાં આવ્યા. મેદાનમાં દૂર એક ઝાડ પર ધોળા રંગનું એક બનાવટી પક્ષી ગોઠવ્યું હતું, અને લાલ રંગના બે રત્નોની તેની આંખો બનાવી હતી.
આચાર્યે કુમારોને જણાવ્યું: 'પેલા દૂરના ઝાડ પર જે પક્ષી ગોઠવ્યું છે તેની આંખો તમારે વીંધવાની છે.'
કુમારો તૈયાર થયા; તેમના હાથ તૈયાર થયા; તેમની આંખો તૈયાર થઈ; તેમનાં ધનુષ્યો તૈયાર થયા; તેમનાં તીરો તૈયાર થયાં.
આચાર્ય બોલ્યા: 'કુમાર યુધિષ્ઠિર! પહેલો તમારો વારો. જુઓ, અહીં હું ઊભો છું,

સામે ભૂરું આકાશ પડ્યું છે; પેલું રહ્યું ઝાડ અને તેના પર પક્ષી છે. તમે આ સર્વને જુઓ છો?'

યુધિષ્ઠિર ઊભા થયા, ધનુષ્યબાણ હાથમાં લીધાં ને પક્ષીની સામે નજર કરતાં બોલ્યા: 'ગુરુમહારાજ! હું તમનેય જોઉં છું. ભૂરા આકાશનેય જોઉં છું, દૂર પેલા ઝાડનેય દેખું છું અને ભાસ પક્ષી પણ દેખું છું.'

યુધિષ્ઠિરના આ જવાબથી દ્રોણ ખિન્ન થયા અને બોલ્યા: 'તમે બેસી જાઓ.'

પછી વારો આવ્યો દુર્યોધનનો. 'દુર્યોધન કુમાર! જુઓ; અહીં હું ઊભો છું; સામે ભૂરું આકાશ છે; પેલું ઝાડ અને તેના પર પક્ષી છે. તમે આ સર્વ જુઓ છો?'

દુર્યોધને હાથમાં ધનુષ્યબાણ લેતાં જવાબ વાળ્યો: 'ગુરુદેવ! હું આ બધા ભાઈઓને દેખું છું, તમને દેખું છું, ભૂરા આકાશને દેખું છું, ઝાડને દેખું છું અને તેના પર રહેલા પક્ષીના ધોળા શરીરનેય દેખું છું.'

દ્રોણે હાથ પછાડતાં કહ્યું: 'બેસી જાઓ.'

પછી ભીમસેન ઊભો થયો અને આચાર્યના પ્રશ્નના જવાબમાં બોલ્યો: 'ગુરુજી! હું તમને સૌને દેખું છું, આકાશને પણ દેખું છું, આકાશમાં મોટાં મોટાં વાદળાં તરે છે તેમનેય દેખું છું, ઝાડનેય દેખું છું, ઝાડના કોતરમાં પેલો બિલાડો ફરે છે તેનેય દેખું છું અને ઝાડ પર તમે ધોળું ધોળું કંઈક ગોઠવ્યું છે તેય દેખું છું.'

દ્રોણ નિરુત્તર થયા અને ભીમને બેસાડી દીધો. ગુરુ ઘણા કુમારોને કહી વળ્યા પણ કોઈના ઉત્તરથી તેમને સંતોષ ન થયો, એટલે છેવટે અર્જુન તરફ વળ્યા. 'બેટા અર્જુન! હવે તારો વારો છે, તારા પર મારી સર્વ આશા છે. આ સૌને મારે પરાણે વિદ્યા શીખવવી પડે છે. ત્યારે તું તો વિદ્યાનો ભૂખ્યો થઈને રોજ મને શોધતો આવે છે. ઊઠ, તૈયાર થા. જો, અહીં હું ઊભો છું; સામે ભૂરું આકાશ પડ્યું છે; દૂર પેલું ઝાડ છે અને તેના પર પક્ષી છે. તું આ સર્વને જુએ છે?'

દ્રોણ હજી તો વાક્ય પુરું કરે ત્યાં અર્જુન બોલી ઊઠ્યો: 'ગુરુદેવ! હું તમને દેખતો નથી; આકાશનેય દેખતો નથી, ઝાડનેય દેખતો નથી; માત્ર એક પક્ષીને દેખું છું. બાણ છોડવાની આજ્ઞા આપો.'

'બેટા અર્જુન!' દ્રોણ બોલ્યા, 'અમને કોઈને દેઅતો નથી? એકલા પક્ષીને જ દેખે છે?'

'મહારાજ! હવે તો આખા પક્ષીનેય દેખતો નથી; માત્ર તેનું માથું જ દેખું છું.' તરત અર્જુને જવાબ વાળ્યો. અને દ્રોણ કાંઈ બોલવા જાય ત્યાં તે ફરી બોલી ઊઠ્યો: 'મહારાજ! હવે તો પક્ષીનું માથુંયે નથી દેઅતો; માત્ર બે તારા ઝગઝગે છે તેને જ દેખું છુ.'

'બેટા! એને જ વીંધ.'

દ્રોણના શબ્દો હોઠ બહાર પડ્યા ન પડ્યા ત્યાં તો અર્જુનનું બાણ સન્ન્ કરતું છૂટ્યું, અને ભાસ પક્ષીની આંખમાં ચોટ્યું.

'શાબાશ બેટા, શાબાશ! તું મારો સાચો શિષ્ય છે. તારા પર હું આજે પ્રસન્ન થયો છું. બેટા! અસ્ત્રવિદ્યામાં મારો કોઈ શિષ્ય તારાથી ચડિયાતો નહિ થાય એવું મારું વરદાન છે!'

દ્રોણાચાર્યે અર્જુનને બાથમાં લીધો ને તેનું માથું સૂંઘ્યું. ચારે ભાઈઓ અર્જુન ફરતા વીંટળાઈ વળ્યા ને કૌરવો બધા ખૂણામાં એકઠા મળી ગુસપુસ કરવા લાગ્યા.

* * *

રાજમહેલના એક સુંદર બગીચામાં દ્રોણાચાર્ય અને દુર્યોધન આંટા મારતા હતા;

દુ:શાસન અને કર્ણ થોડે દૂર તેમની પાછળ ચાલતા હતા.

'કુમાર દુર્યોધન!' દ્રોણ બોલ્યા, 'વિદ્યા શીખવવામાં મેં તમારી અને અર્જુન વચ્ચે કશો ભેદ રાખ્યો છે એમ તમને લાગતું હોય તો તે ભ્રમ છે.'

'અમને સૌને એવું જ લાગ્યા કર્યું છે.' દુર્યોધને જણાવ્યું.

'એમ લાગવાનું ખાસ કાંઈ કારણ?' દ્રોણે પૂછ્યું.

'કારણ એક-બે નથી, પણ કેટલાંયે છે. જુઓ, તમે અમને સૌને દિવસના વખતમાં બાણ સાંધતાં શીખવતા ત્યારે અર્જુનને અંધારી રાતે પણ બાણ કેમ સંધાય તે શીખવ્યું છે. સાચી વાત?' દુર્યોધને પૂછ્યું.

'કેવળ સાચી નહિ, પણ અડધી સાચી. એક વાર અર્જુન અંધારે જમવા બેઠો ત્યારે અંધારામાંય તેનો કોળિયો આડોઅવળો ન જતાં મોંમાં જ ગયો, એટલે એને લાગ્યું કે રોજ ટેવ-અભ્યાસની એ જ જીવનમાં મોટી વસ્તુ છે. તે દિવસથી રાતના અંધારામાં તે બાણ મારવાની ટેવ પાડવા માંડ્યો. આ વાતની તો મનેય ઘણા દિવસે ખબર પડેલી. અર્જુનની માફક તમે પણ અભ્યાસ કરવા ધાર્યો હોત તો તમે પણ તેમ કરી શકત.' દ્રોણે જવાબ વાળ્યો.

'બીજી વાત.' દુર્યોધન દ્રોણ સામે જોઈને બોલ્યો, 'તમે અર્જુનને ઘડો ભરીને વહેલો આવે ત્યારે થોડીએક રહસ્યવિદ્યા આપતા. બોલો, સાચી વાત?'

'તદ્દન સાચી.' દ્રોણે બેધડક જવાબ વાળ્યો.

'એ જ તમારો પક્ષપાત; એ જ અર્જુનની અને અમારી વચ્ચે તમે રાખેલો ભેદભાવ!' દુર્યોધને તેના સાથીઓ સામે આંખ મિચકાવીને કહ્યું.

'કુમાર! અર્જુનને તમારા કરતાં વિદ્યાની ભૂખ વધારે. એ બીજાં કામોમાંથી જલદી પરવારીને વિદ્યા માટે તલપાપડ થઈ રહે એટલે તમારા કરતાં વધારે પામે એ સ્વાભાવિક નથી? અર્જુનનો જઠરાગ્નિ તમારા કરતાં વધારે પ્રબળ એ દોષ તે મારો દ્રોણનો, કે તમારી પોતાની હોજરીનો?' દ્રોણ બોલ્યા.

'ગુરૂદેવ! વિદ્યાની ધગશ તો અમને અર્જુનના જેટલી જ હતી; પણ તમે અમારી ધગશને પોષણ જ ક્યાં આપ્યું છે? અર્જુનને જોઈ તમે તો ગાંડા જ બની જતા!' દુર્યોધન બોલ્યો.

'કુમાર દુર્યોધન! પોતાની વિદ્યાનો ખરો અધિકારી શિષ્ય મળે ત્યારે ગુરુનું હૈયું કેટલું હરખાય છે તેનો ખ્યાલ તમને મારે શી રીતે આપવો? મનુષ્ય માત્ર સંતતિ માટે ઝંખે છે, અને સંતતિ માટે પ્રાણ પાથરે છે. અધિકારી શિષ્યો તે અમારી સંતતિ. સત્પુત્ર ઉપર પોતાની અધિક પ્રીતિ હોવી એ દોષ હોય, તો એવો દોષ દ્રોણે પણ જરૂર કર્યો છે.' દ્રોણ બોલ્યા.

'ગુરુદેવ! એટલું જ નથી. આ અર્જુનની ખાતર તમે ભીલકુમાર એકલવ્યનો અંગૂઠો કાપી લેવા જાતે ગયા. અર્જુનને પરીક્ષાના મંડપમાં આ કર્ણ રખે હરાવી જશે એવી બીકથી તમે કર્ણને ઊતરવા ન દીધો. તમારા દુશ્મન દ્રુપદને પકડવા માટે અમે સૌ સાથે હતા; પરંતુ દ્રુપદને પકડવાનો યશ એકલા અર્જુનને મળ્યો, અને એ આખી ગુરુદક્ષિણા એકલા અર્જુને જ તમને આપી હોય તેમ તમે તેને બ્રહ્માસ્ત્ર આપ્યું. આ અને આવી નાની મોટી અનેક વાતોને એકીસાથે ગોઠવીને જુઓ, અને પછી કહો કે તમારો પક્ષપાત ખરો કે નહિ?' દુર્યોધને દ્રોણની સામે નજર માંડી.

'કુમાર! કહી દઉં?' દ્રોણ નીડર થઈને બોલ્યા. 'અર્જુન તરફ મારો પક્ષપાત હતો, છે અને રહેશે. જે વિદ્યાની ઉપાસના હું જીવનભર કરી રહ્યો છું તેનો સાચો અધિકારી તમારા

સર્વમાં એક અર્જુન છે. અરે અર્જુનનો અધિકાર તો જતે દિવસે મારો ગુરુ થવા જેવો મને દેખાય છે! મારા જેવા બ્રાહ્મણોને વિદ્યાના ખરા ગ્રાહક શિષ્યો નથી મળતા તો જીવનભર હૃદયમાં સંતાપ રહ્યા કરે છે, અને જીવનને અંતે બ્રહ્મરાક્ષસનો અવતાર લેવો પડે છે, તેની તમને ખબર છે? કુમાર! મને તો આ વાતમાં તમારા અર્જુન તરફના દ્વેષ વિના બીજું કશુંયે જણાતું નથી. કુમાર! યાદ રાખજો, આવા દ્વેષથી તમે અર્જુનથી ચડિયાતા નથી થવાના.' દ્રોણનું માથું ફર્યું.

'આચાર્ય! તમે કોની સાથે બોલો છો તે ધ્યાનમાં છે? હું દુર્યોધન — હસ્તિનાપુરનો પાટવી કુમાર છું. તમે મારા ગુરુ છો; પણ હવે મને જે તે કહેવાનો તમને અધિકાર નથી જ.' દુર્યોધન રોફથી બોલ્યો.

'દુર્યોધન દ્રોણાચાર્યને ફાવે તે કહી શકે, જ્યારે દ્રોણ દુર્યોધનને કશું કહી ન શકે, એમ? કુમાર! તમે હજી બાળક છો. પિતામહને અને ધૃતરાષ્ટ્રને પૂછીને મારી સાથે વાત કરવા આવજો.' દ્રોણે સંભળાવી દીધું.

'દુ:શાસન! ચાલ. કર્ણ! ચાલો. ગુરુજી! તમને ગમે તેટલો પક્ષપાત અર્જુન તરફ કરજો. અમે સૌ હવે વિદ્યા શીખી રહ્યા છીએ. હું જોઉં છું, એ અર્જુન તમને કેવોક નભાવે છે!'

આટલું બોલી દુર્યોધન મોઢું ફેરવી ચાલતો થયો. કર્ણ અને દુ:શાસન આચાર્યના ચાળા પાડતા દુર્યોધનની પાછળ ઊપડ્યા.

દ્રૌપદીસ્વયંવર

પાંડવો લાક્ષાગૃહમાંથી નાસી છૂટ્યા પછી તેઓ ગંગાને કાંઠે જંગલોમાં ચાલી નીકળ્યા. અમુક કાળ સુધી પોતાને કોઈ ઓળખે નહીં એ રીતે ફરવું એવો યુધિષ્ઠિરનો નિશ્ચય હતો. જંગલોમાં રખડતાં ભીમસેને હિડિંબ રાક્ષસનો વધ કર્યો અને હિડિંબા સાથે લગ્ન પણ કર્યું. આગળ ચાલતાં તેઓ બધાં એકચક્રા નગરીમાં આવી ચડ્યાં. અહીં ભીમસેને બકાસુરને મારીને આખી એકચક્રાને રાક્ષસોના ત્રાસમાંથી છોડાવી. પરંતુ ભીમસેનનાં આવાં અદ્‌ભુત પરાક્રમોથી છતા થઈ જવાનો ભય યુધિષ્ઠિરને રહ્યા કરતો હતો, તેથી બક રાક્ષસને મારીને તરત જ તેઓ એકચક્રામાંથી પણ ચાલી નીકળ્યાં. માર્ગમાં તેમને દ્રુપદ રાજાની કુંવરીના સ્વયંવરના સમાચાર મળ્યા, એટલે માતા કુંતી તથા પાંચે ભાઈઓએ રાજધાની તરફ પગલાં માંડ્યાં. અહીં તેમણે એક કુંભારને ત્યાં ઉતારો કર્યો અને બ્રાહ્મણના વેશમાં દિવસો પસાર કરવા લાગ્યાં. દિવસે ભાઈઓ ગામમાંથી ભિક્ષા માગી લાવે, અને રાતે મા-દીકરા સૌ સાંકડે મોકળે કુંભારની કોઢમાં પડ્યા રહે.

એક દિવસ ચારે પાંડવો ભિક્ષા લેવા ગયા હતા અને એકલો અર્જુન કુંતી પાસે પાછળ રોકાયો હતો.

કુંતી બોલ્યાં: 'બેટા, અર્જુન! હમણાં બેચાર દિવસથી તું સાવ આળસુની માફક પડ્યો કેમ રહે છે? ભિક્ષા લેવા માટે પણ જતો નથી.'

'માડી! એકચક્રામાં હતાં ત્યારે ભીમને રોજ તું ઘેર રાખતી, તો અહીં ભીમ જાય છે અને હું રહું છું, એમ કેમ નથી માનતી?' અર્જુન બોલ્યો.

એકચક્રાની વાત જુદી હતી. ત્યાં તો મને એકલાં ગમતું નહિ, અને ભીમને છૂટો મૂક્યો હોય તો તે કંઈ કંઈ કરી બેસે એવું પણ હતું; અહીં એવું કશું નથી. તું આખો દિવસ લાંબા

પગ કરીને પડ્યો રહે અને તારા ભાઈઓ લાવે તે ખાય, એ મને જરાય ગમતું નથી. તારા ભાઈઓની એટલીયે દાઝ તું નથી જાણતો બેટા?' કુંતી બોલ્યાં.

'માડી કુંતી! તમે અને મોટાભાઈ મારી દાઝ ક્યાં જાણો છો?' અર્જુન લાંબો પડ્યો હતો તે બેઠો થયો.

'તારી શી દાઝ ન જાણી?' કુંતીએ જરા કડકાઈથી પૂછ્યું.

'કશી નથી જાણી! આજે કેટલાયે મહિનાઓથી આ બ્રાહ્મણના વેશમાં સંતાતાં ફરીએ છીએ, અને રખે ને કોઈ ઓળખી જશે એ બીકથી આવાં કુંભારનાં ઘરો ઢૂંઢીએ છીએ, તેથી મારું હૃદય કેવું વીંધાઈ જાય છે તેની તમને ખબર છે?' અર્જુનની આંખ ફરી, 'બા! કહે જોઈએ, કેમ જવાબ દેતી નથી?'

'મને અને મોટાભાઈને હાલ એ જરૂરનું લાગે છે.' કુંતી બોલ્યાં.

'મા! આવો ઉડાઉ જવાબ કેમ આપે છે? એના કરતાં જો મને અને ભીમસેનને હિમાલય પર જ મૂકીને તું હસ્તિનાપુરમાં આવી હોત તો વધારે સારું હતું.' અર્જુન તેજ થઈ બોલવા લાગ્યો, 'માડી! નાનપણમાં ઋષિમુનિઓના આશ્રમમાં તેં અમને તારી ક્ષત્રિયાણીની છાતીએ ધવરાવ્યાં; અમે પારણામાં પોઢતા હતા ત્યાં મહારાજ પાંડુના પુત્રો તરીકેના ઉચ્ચ અભિલાષો અમારા મનમાં રેડ્યાં; હસ્તિનાપુરના રાજમહેલોમાં રાજકુમારો તરીકે અમે મોટા થયા; ભીષ્મપિતામહ, કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, વિદુર વગેરેના વાતાવરણમાં અમને જુવાની ફૂટી; દ્રુપદ જેવા રાજાને બાંધીને દ્રોણાચાર્યના પગ પાસે ધરી દીધા; આવા તારા પુત્રોને દુર્યોધનની ઈર્ષ્યાના માર્યાં જીવતરને માટે આમતેમ સંતાવું પડે ત્યારે હૃદયમાં કેવો સસડાટ થતો હશે તેની કલ્પના આવે છે?'

'હા, આવે છે.' કુંતી બોલ્યાં.

'ના, નથી જ આવતી.' અર્જુન સહેજ તપીને બોલવા લાગ્યો, 'આવતી હોય તો તે દિવસે ભીમસેને કહ્યું ત્યારે અમને વારણાવતથી હસ્તિનાપુર પાછા જવા દીધા હોત, અને દુર્યોધન પણ જાણત કે પુરોચન પાંડવોને બાળે તે પહેલાં તો દુર્યોધનના શરીરને સ્મશાનશય્યા પર સૂવું પડે છે. માડી! દ્રોણને ગુરુદક્ષિણા આપવા માટે અમે અહીં આવ્યા ત્યારે પેલા વડલા પાસે અમે પાંચે ભાઈઓ ઊભા રહ્યા હતા, ને દુર્યોધન વગેરે હાથ ખંખેરીને પાછા ફર્યા ત્યારે અમે દ્રુપદ પર હલ્લો કર્યો અને તેને બાંધીને ગુરુને ચરણે મૂક્યો હતો. માડી! એ દિવસ યાદ આવે છે ત્યારે હૈયામાં કંઈ કંઈ થઈ જાય છે. એ જ દુર્યોધન વગેરે આવતી કાલે રાજકુમારો તરીકે સ્વયંવરમાં આવશે અને સોનેરી સિંહાસનોમાં બેસશે, ત્યારે દ્રુપદનો પરાજય કરવાવાળા આ તારા પુત્રો ગરીબ બ્રાહ્મણના વેશમાં આમતેમ આથડતા હશે, અને આસન મેળવવા માટે જેની તેની દયા માગતા હશે.

માડી! આ કેવળ અસહ્ય છે! આ વિચારથી મારું દિલ આજે દિવસો થયાં ચિરાયા કરે છે. હું કોઈ પણ કામમાં જોડાવાનો વિચાર કરું છું ત્યાં મન જ પાંગળું થઈ જાય છે, અને આખા શરીરને પાંગળું કરી મૂકે છે.'

'બેટા અર્જુન!' કુંતી અર્જુનની પાસે આવ્યાં અને તેને દિલાસો આપતાં બોલ્યાં, 'તારું હૈયું હું જાણું છું. ત્યાં કેવાં કેવાં મંથનો થઈ રહ્યાં છે તેનીય મને ખબર છે. ચોમાસામાં મેઘો આકાશમાં ગર્જના કરે તે સાંભળીને કેસરી સિંહનું બચ્ચું પર્વતો સાથે માથું અફળાવી અફળાવીને કેમ મરી જાય છે, તે મેં હિમાલયના જંગલમાં ક્યાં નથી જોયું?'

'માડી! હું એકલો જ આવા વિચારો કરું છું એમ તું ન સમજતી. ભીમ તો મારાથીયે આગળ જાય તેવો છે. એ તો કહેતો હતો કે આપણે હવે કોઈને પણ હાથ બતાવીને જાહેર થવું જ છે.'

કુંતી બોલ્યાં: ‘યુધિષ્ઠિર પણ કહેતો હતો કે હવે આપણે આ પ્રશ્નનો નિવેડો લાવવો છે.’

‘મોટાભાઈને નિવેડો લાવવો હોય તો લાવે, ન લાવવો હોય તો ન લાવે. હું તો પ્રસંગની રાહ જોઉં છું. અને તેમ કરતાં છતા થઈ જવાય તોયે હું તો બીતો નથી. દુર્યોધનથી ડરીને નિરંતર અંધારામાં ભમ્યા કરવું એ કેમ બને? દુનિયા જાણે કે પાંડુના પુત્રો બળી મૂઆ. દુર્યોધન વગેરે આપણે મરી ગયાં છીએ એમ માનીને મૂછો પર તાવ દેતા દેતા મહાલે, અને આપણે આ શરીરોને સાચવતાં સાચવતાં ખૂણે ભરાયા કરીએ; હવે અર્જુનથી એ નથી બનવાનું. માડી! તું મોટાભાઈને આ વાત કહી દેજે.’ અર્જુને જણાવી દીધું.

‘હજી કાલે તો તમે સ્વયંવરમાં જવાના છો; પછી નિરાંતે વાત કરીશું.’ કુંતી બોલ્યાં.

‘મેં તો અત્યારથી નક્કી કર્યું સમજ. મારે તો કાલે સ્વયંવરમાંયે નથી જવું.’ અર્જુન બોલ્યો.

‘સ્વયંવર જોવા માટે તો ખાસ આવ્યાં અને હવે ન જવું એ ચાલે?’

‘એમાં શું જોવું છે? એ જોવામાં શો રસ છે?’ અર્જુને કુંતી પાસેથી મોં ફેરવી લીધું.

‘બેટા!’ અર્જુનના માથાના વાળ સમા કરતાં કુંતી બોલ્યાં, ‘રસ તો નથી એ હુંયે જાણું છું. દેશપરદેશના રાજા-મહારાજઓની પંક્તિમાં બેસનાર મારા કુંવરો દક્ષિણાભૂખ્યા બ્રાહ્મણોની સાથે બેસે અને ક્ષત્રિયકુમારો ધનુષ્યબાણ ચડાવવા હાથ તૈયાર કરે ત્યારે મારા પુત્રો ચળવળતા હાથને રોકી રાખે, એ દુ:ખ હું કલ્પી શકું છું. પણ તોય, બેટા! કાલે તો સ્વયંવરમાં જા. ન જવું હોય તો તારી મા કહે છે માટે જા. ફરી કોઈ વાર આવી રીતે હું તને નહિ મોકલું. કેમ બોલતો નથી?’

‘શું બોલું?’

‘મને કહે કે હું જઈશ, એટલે બસ. મારા વીરા! તારાં આજનાં વેણથી હું વીંધાઈ ગઈ છું. બેટા! કાલને માટે તો વચન આપ!’ કુંતી બોલ્યાં.

‘ઠીક, માડી! કાલે હું સ્વયંવરમાં જઈશ. પરંતુ તે તારી ખાતર, હો!’

‘હા, હા; મારી ખાતર, મારી ખાતર!’ કુંતીએ જવાબ વાળ્યો.

અર્જુન ઊઠીને કુંભાર ગધેડાને શણગારતો હતો ત્યાં ગયો અને કુંતી બીજા કામે વળગ્યાં.

* * *

સ્વયંવરના મંડપમાં અસાધારણ શાંતિ રેલી રહી હતી. કોઈ મહાસાગરનાં પાણી પ્રચંડ તોફાને ચડ્યાં હોય અને જળદેવતાના શબ્દમાત્રથી શાંત થઈ જાય, તેમ પહેલાં જ્યાં હાહાકાર જેવું હતું ત્યાં એકદમ આ શાંતિ ક્યાંથી? સિંહાસન છોડીને લક્ષ્ય વીંધવા જતા જરાસંધની ચાલથી ધરતી ધણધણતી હતી તે જરાસંધ પગના અંગૂઠાથી રેશમી ગાલીચાને કેમ ખોતરે છે? જે શિશુપાળનું માથું તેની મનોહર ડોક ઉપર નિરંતર ટટ્ટાર રહેતું, તે માથું આજે સિંહાસન પર કેમ પડી ગયું છે? દ્રૌપદી મંડપમાં દાખલ થઈ તે પહેલાં જે દુર્યોધન પ્રવેશદ્વાર તરફ એકીટસે જોઈ રહ્યો હતો તે હવે પોતાના હાથના નખોને જ શા માટે જોયા કરે છે? આ વૈતાલિકોના સૂરો કેમ બંધ થઈ ગયા? આ બ્રાહ્મણોનાં આશીર્વચનો ક્યાં સુકાઈ ગયાં? આ ધૃષ્ટદ્યુમ્નની સિંહગર્જના કેમ શમી ગઈ? દ્રુપદના મોઢા પરથી લોહી ક્યાં ઊડી ગયું? દ્રૌપદીની મદમાતી સખીઓના નૂપુરઝંકાર કેમ બંધ થઈ ગયા? દૂર બળરામની સાથે બેઠેલા શ્રીકૃષ્ણ કોઈ હૃદયના વિયોગી સખાને શોધતા હોય તેમ દૃષ્ટિ આમતેમ કેમ ફેરવે છે?

હિમાલયની કોઈ ગુફામાં કેટલાયે કાળથી શાંતિનો વાસ હોય અને કેસરી સિંહ એક ત્રાડથી તેમાં ચીરો પાડે, તેમ સભાની આ શાંતિને ચીરતો દ્રુપદનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો: 'ભારતવર્ષના ઓ રાજન્યો! તમે સૌ જાણો છો કે આ મારી બહેન દ્રૌપદી યજ્ઞમાંથી ઉત્પન્ન થઈ છે. તમે જાણતા જ હશો કે ઈશ્વરના કોઈ ગૂઢ સંકેતને અનુસરીને જ મારી બહેનનો જન્મ છે. આપણા દેશના વીર ક્ષત્રિયોના જીવનને મારી બહેન ઉજાળે એ હેતુથી મારા પિતાએ આ સ્વયંવરની યોજના કરી છે. તમે સૌ દૂરદૂરના દેશોથી આ સ્વયંવરમાં પધાર્યા છો તે માટે હું ફરીથી આપનો આભાર માનું છું. પરંતુ તમારો અહીં આવવાનો હેતુ સિદ્ધ થયો નથી, તેથી મારું હૃદય દુ:ખી થાય છે. જરાસંધ અને શિશુપાળ જેવા શૂરાઓ પણ આ ધનુષ્યને નમાવી શક્યા નથી એ જોઈને કોને દુ:ખ ન થાય? તમારી સર્વની નિષ્ફળતાથી તમને સૌને કેટલો ખેદ થાય છે તે તમારાં મોં પરથી જ દેખાય છે. હવે તો મને ભય રહે છે કે કદાચ આખા મંડપમાં મારી બહેનના હાથનો અધિકારી કોઈ ક્ષત્રિયપુત્ર હશે જ નહિ! પરંતુ મને મારી બહેનનું દુ:ખ નથી; એ તો લાયક પતિના અભાવે આજીવન બ્રહ્મચારિણી રહેવા તૈયાર છે. પણ. પણ આવડી મોટી મેદનીમાંથી આ ધનુષ્યને લઈને નિશાનને વીંધે એવો એક પણ ક્ષત્રિયવીર ન નીકળે એથી મારું હૈયું બળીને ખાખ થઈ જાય છે. આપણે બધા ક્ષત્રિયકુમારો છીએ; વીરતા એ તો આપણો ઈશ્વરે આપેલો હક્ક છે. એ વીરતાનું આપણે સૌએ દેવાળું કાઢ્યું તેનું મને દુ:ખ છે. રાજા-મહારાજાઓ! સાંભળો. હજીયે આપણામાં કોઈ વીરબચ્ચો ખૂણેખાંચરે પડ્યો હોય તો બહાર આવે અને યજ્ઞાની વેદીમાંથી ઉત્પન્ન થયેલી મારી બેહનનો હાથ મેળવવાની લાયકાત બતાવી આપે.'

કુમાર ધૃષ્ટદ્યુમ્નના મોંમાંથી છેલ્લા શબ્દો હજી તો બહાર પડ્યા ન પડ્યા ત્યાં દૂર દૂર બેઠેલા બ્રાહ્મણમંડપમાંથી સડાક કરતો એક પુરુષ ઊભો થયો. એ ઊભો થયો ન થયો ત્યાં તો એ ખૂણામાંથી કોલાહલ સંભળાવા લાગ્યો.

એક કહે: 'અરે ભાઈ! આપણે તો બ્રાહ્મણ કહેવાઈએ. આપણું આ કામ નહિ.'

બીજો કહે: 'બ્રાહ્મણ થયા એટલે શું થઈ ગયું?' સૂતપુત્ર તો નથી ના? શું, પરશુરામ બ્રાહ્મણ ન હતા? હસ્તિનાપુરના દ્રોણ બ્રાહ્મણ નથી? તું તારે ખુશીથી જા. તમે એનો ચહેરો તો જુઓ!'

ત્રીજો બોલ્યો: 'અલ્યા એ ભાઈ! બેસી જા, બેસી જા. શલ્ય જેવાને ભોંય ભારે થઈ પડી ત્યાં તારું ગજું છે? ઊલટી હાંસી થશે ને દક્ષિણાયે જશે.'

મહાસાગરના પ્રચંડ મોજાં નિરંતર અથડાયાં કરે તોયે અચળ ઊભો રહે તેવા પર્વત સરખો આ પુરુષ સમગ્ર કોલાહલને ઝીલતો ઊભો તે ઊભો જ! થોડી વાર પહેલાં રાજામહારાજાઓની જે આંખો જમીન સાથે ચોંટી ગઈ હોય એવી નિશ્ચેષ્ટ થઈ ગઈ હતી, તે એકદમ આ ખૂણા તરફ વળી.

આ પુરુષને તમે ઓળખ્યો? તેના ચહેરા પર શુદ્ધ ક્ષત્રિયત્વની છાપ હતી; તેની આંખોમાં અનેક દિવસોના ગુપ્તવાસનો રોષ હતો. આખલાની ખૂંધ જેવા તેના ખભા, વિશાળ એની છાતી અને લોખંડની ભોગળો જેવા તેના હાથ હતા. તેની ચાલ સિંહના જેવી હતી. આ પુરુષને તમે ઓળખ્યો! - લાક્ષાગૃહમાંથી ભીમના હાથ પર બેસીને બચી ગયેલ, જંગલોનાં અનેક દુ:ખોમાં ભીમસેનનો, ભાગીદાર, ગુપ્તવાસથી કંટાળેલો, કુંભારની કોઢમાં બ્રાહ્મણને વેશે રહેલો કુંતીનો વચેટ પુત્ર અર્જુન!

કુમાર ધૃષ્ટદ્યુમ્નની વાણી તેના કાનમાં સડસડાટ ઊતરી ગઈ, અને એ શબ્દોથી તેની વીરતા ઘાયલ થઈ હોય એમ જાગૃત થઈ ગઈ.

આખો મંડપ હજી પોતાની મૂર્છામાંથી જાગૃત થાય અને અર્જુનની સામે જુએ તે

પહેલાં તો તે ધનુષ્ય પાસે ઊભો, અને તેને હાથમાં લઈ ટંકાર કર્યો. આ ધનુષ્યટંકાર હજી તો સભાજનોના કાન પર અથડાય ત્યાં તો અર્જુને નિશાન વીંધ્યું. બ્રાહ્મણો અને ધૃષ્ટદ્યુમ્ને જયજયકાર કરી મૂક્યો, ને આંખ ઉઘાડીને જુએ તેટલી વારમાં તો દ્રૌપદીની વરમાળા અર્જુનના ગળામાં આવીને પડી!

રાજામહારાજાઓના આશ્ચર્યનો પાર ના રહ્યો: આ તો ઈંદ્રજાળનો ખેલ છે? આપણે સૌ સ્વપ્નમાં છીએ કે જાગ્રત? સૌ એકબીજા સામે જોવા લાગ્યા અને પોતે તો બદલાઈ નથી ગયા તેની ખાતરી કરવા માટે શરીર પર તેમ જ વસ્ત્રાભૂષણો પર હાથ ફેરવવા લાગ્યા.

દરમિયાન, ભીમ ફાળ ભરતો અર્જુનની પાસે આવી પહોંચ્યો; યુધિષ્ઠિર તેમ જ નકુળ-સહદેવ પાસે આવી ઊભા રહ્યા. દ્રુપદ રાજાની આંખમાં આંસુ આવ્યાં ને પોતાની વહાલી પુત્રીને બાથમાં લઈ અર્જુન પાસે ઊભા. કુમાર ધૃષ્ટદ્યુમ્ન આ સર્વને લઈને દરવાજા તરફ ચાલવા લાગ્યો.

એવામાં ઘાયલ થયેલો વાઘ ત્રાડ પાડે તેમ જરાસંધે ત્રાડ મારી: ‘સબૂર, ધૃષ્ટદ્યુમ્ન! સબૂર. અહીં એકઠા થયેલાઓ રાજા-મહારાજાઓ! સાંભળો. આ સ્વયંવરમાં આપણને આમંત્રણ આપીને આપણી જ સન્મુખ પોતાની પુત્રી એક ભામટાને આપીને દ્રુપદે આપણું સૌનું ભારે અપમાન કર્યું છે. આપણે સૌએ આ અપમાનનું બરાબર વેર લેવું જોઈએ. કાં તો દ્રુપદરાજા પોતાની મેળે જ આ પુત્રી આપણામાંથી કોઈને આપે, અથવા તો આપણે સૌ એકઠા મળી તેની સાથે યુદ્ધ કરીએ, અને આ કુંવરીને ક્ષત્રિયકુળની બહાર જતી અટકાવીએ.’

જરાસંધ બોલ્યો કે તુરત જ ચેદીના રાજા શિશુપાળે તેનો બોલ ઉપાડી લીધો: ‘જરાસંધ કહે છે તે બરાબર છે. ભારતવર્ષના આટઆટલા રાજામહારાજાઓમાં દ્રુપદને કોઈ જ પસંદ ન આવ્યો. તે છેવટે એક બ્રાહ્મણને પોતાની પુત્રી આપી? અલ્યા બ્રાહ્મણ! આ દ્રૌપદીનો હાથ છોડી દે. ધૃષ્ટદ્યુમ્ન તને આ નગરમાં કોઈ સારી બ્રાહ્મણી પરણાવશે. આ દ્રૌપદી તો કોઈ મહાન મહારાજાના મહેલમાં હીંચવા માટે જન્મી છે, તારે ઘેર ભીખી લાવેલા લોટના રોટલા ઘડવા જન્મી નથી!’

કર્ણને પણ ઠીક લાગ મળી ગયો. તેણે ઉપાડ્યું: ‘બરાબર છે. દ્રુપદની પુત્રીને કોણ વરે એ નક્કી કરવાનું આપણું કામ છે. દ્રુપદ ન માને તો હું તેની સાથે એકલો યુદ્ધ કરવા તૈયાર છું. આવું હડહડતું અપમાન લઈને કયો વીર ઘેર જશે?’

જરાસંધ વગેરેનાં આવાં તીખાં તમતમતાં વચનો સાંભળીને રાજાઓમાં શૂરાતન આવી ગયું. કોઈ તલવાર પર હાથ લગાડતાં થઈ ગયા; કોઈ પોતાના રથો બહાર તૈયાર છે કે કેમ તે જોવા લાગ્યા, કોઈ અર્જુન સામે દાંત કચકચાવવા લાગ્યા, તો કોઈ મનમાં દ્રૌપદીને જ ભાંડવા લાગ્યા.

બીજી બાજુ બ્રાહ્મણો આનંદથી નાચવા લાગ્યા; અને તેમાંયે જુવાનો હતા તે તો લડાઈ કરવા પણ તૈયાર થયા!

દરમિયાન, ભસતાં કૂતરાંઓની લેશ પણ દરકાર કર્યા વિના મદમસ્ત હાથી સૂઢ ઉછાળતો ચાલ્યો જાય તેમ કુંતીનો વીરપુત્ર અર્જુન તો દ્રૌપદી સાથે દરવાજા તરફ જ ચાલ્યો જતો હતો.

બિચારો દ્રુપદ આ બધો દેખાવ જોઈને આભો જ બની ગયો: ‘ધૃષ્ટદ્યુમ્ન! મારી દીકરી ક્યાં ગઈ? મારી વહાલી દીકરીએ વરમાળા આરોપી તેનું નામ પણ હું તો નથી જાણતો. ભાઈ! તું રાજાઓને શાંત કર. આ લોકો એકઠા મળીને આપણી સાથે યુદ્ધ કરશે તો હું શું

કરીશ? બેટા દ્રૌપદી! જરા ઊભી તો રહે?'

દ્રુપદ બોલતો બોલતો અર્જુનની પાછળ પહોંચ્યો અને દ્રૌપદીને કહેવા લાગ્યો: 'બેટા દ્રૌપદી! તને તો તારો પતિ મળ્યો, પણ તારા બાપના દુ:ખનો પાર ન રહ્યો. આ બધા રાજા મહારાજાઓ મને ને તારા ભાઈને કેવા ધમકાવે છે તે તું સાંભળે છે?' બોલતાં બોલતાં દ્રુપદની આંખો ભીની થઈ ગઈ.

અર્જુને દ્રુપદને શાંતિ આપતાં જણાવ્યું: 'મહારાજ! તમારે જરાયે ગભરાવાની જરૂર નથી. હું એકલો આ તમામ રાજા-મહારાજાઓની સામે યુદ્ધ કરવા તૈયાર છું. તમે સૌ ખસી જાઓ.'

અર્જુન બોલતો હતો ત્યાં ભીમસેન આગળ આવ્યો: 'મહારાજ દ્રુપદ! હવે તમો જોયા કરો. આ બધા રાજાઓને દ્રૌપદીનો હાથ નથી મળ્યો તો મારો હાથ ચાખવા દ્યો! તમે જરાયે ચિંતા ન કરો.'

હજી તો આ પ્રમાણે વાત ચાલે છે ત્યાં ક્રોધાયમાન થયેલા શિશુપાળ વગેરે રાજાઓ ત્યાં આવી પહોંચ્યા, અને એકમેકને યુદ્ધનું આહ્વાન કરતા હોય તેમ સૌ દરવાજા બહાર નીકળ્યા.

નકુળ-સહદેવને લઈને યુધિષ્ઠિર ઉતારે ગયા અને અર્જુન તથા ભીમસેન રાજાઓ સાથે લડવામાં રોકાયા. અર્જુને સ્વયંવરનું ધનુષ્ય હાથમાં લઈને કર્ણની સામે મોરચો માંડ્યો અને તેને વીંધી રણમાંથી નસાડી મૂક્યો. ભીમસેન તો પાસેના જ એક ઝાડને ઉખેડીને સૌની સામે ઝૂઝ્યો અને જરાસંધ, શિશુપાળ, શલ્ય વગેરેને હાંકી કાઢ્યા. અર્જુન-ભીમસેનનું આ યુદ્ધ ઠીકઠીક ચાલ્યું પણ તેમની સામે કોઈ રાજા ટક્કર લઈ શક્યો નહિ, ને બધા એક પછી એક પોતાને ઉતારે ચાલતા થયા.

આખરે બધા રાજામહારાજાઓની આબરૂ સાચવવા કહેતો હોય તેમ કોઈ એક રાજાએ જણાવ્યું: 'જે પુરુષ આટઆટલા રાજાઓની સામે એકલો ઝઝૂમી શકે છે અને કર્ણ જેવાને હંફાવી શકે છે, તે પુરુષ અવશ્ય ક્ષત્રિયવીર જ હોવો જોઈએ. દ્રૌપદી એક ખરા ક્ષત્રિયને પરણે એટલું જ અમારે જોઈતું હતું; એ પ્રમાણે થયું છે તેથી હવે આ યુદ્ધ લંબાવવાની જરૂર નથી.'

રણસંગ્રામમાંથી શત્રુઓ આપોઆપ અદૃશ્ય થયા એટલે અર્જુન તથા ભીમસેન દ્રુપદની રજા લઈ પોતાના ઉતારા તરફ ચાલ્યા; પાંચાલરાજની પુત્રી તેમની પાછળ પાછળ ચાલવા લાગી.

પોતાની વહાલી બહેનને વળાવતો ધૃષ્ટદ્યુમ્ન મનમાં ગણ-ગણ્યો: 'આ લોકો કોણ હશે? ક્યાં જતા હશે? વીર ધૃષ્ટદ્યુમ્નની બહેન કોને પનારે પડી? મારા નગરમાં આવો બ્રાહ્મણ કોઈએ જાણ્યો નથી.'

અર્જુન વનવાસ

દ્રૌપદી સાથે પાંચે પાંડવોનાં લગ્ન થયાં અને શ્રીકૃષ્ણ મોસાળું કરીને દ્વારકા ગયા, તે પછી ધૃતરાષ્ટ્રના બોલાવવાથી પાંડવો પાછા હસ્તિનાપુર ગયા ને ત્યાંથી થોડો દૂર ઈંદ્રપ્રસ્થમાં ગાદી સ્થાપી રહેવા લાગ્યા. માતા કુંતી તથા દ્રૌપદી તેમની સાથે જ હતાં.

એક વાર ભગવાન નારદ ઈંદ્રપ્રસ્થમાં આવી ચડ્યા. મહારાજ યુધિષ્ઠિરે અર્ઘ્યાદિથી તેમનું પૂજન કર્યું અને પછી પાંચે ભાઈઓ તથા દ્રૌપદી તેમનાં ચરણ પાસે બેઠાં.

'મહારાજ યુધિષ્ઠિર! કુશળ તો છો કે?' નારદે શરૂ કર્યું.

'મુનિરાજ! આજે મારા પર મોટી કૃપા થઈ.'

'પાંચાલપુત્રી! ઈંદ્રાપ્રસ્થનું જીવન અનુકૂળ પડે છે કે?' દ્રૌપદી સામે જોઈને નારદે ફરી પૂછ્યું.

'મહારાજ! આપ એવો પ્રશ્ન કેમ પૂછો છો?' દ્રૌપદીએ સહેજ શરમાઈને પૂછ્યું.

'બેટા દ્રૌપદી! પ્રશ્ન તો એટલા માટે કે લગ્ન થયા પહેલાં લગ્નજીવન જેટલું મનોહર લાગે છે તેટલું મનોહર લગ્નજીવનની પહેલી રાત વીત્યા પછી તે નથી રહેતું, એવો માનવીનો અનુભવ છે.' નારદે ઉત્તર વાળ્યો. 'યુધિષ્ઠિર! બરાબર છે?'

'મુનિરાજ! આપની વાત તો બરાબર છે; પણ પ્રભુકૃપાથી અમ ભાઈઓમાં એવો સંપ છે, અને પાંચાલપુત્રી એટલી શીલસંપન્ન છે કે અમારા વ્યવહારમાં જરાયે કડવાશ ઊપજતી નથી.' યુધિષ્ઠિર બોલ્યા.

'એ તમારાં સૌનાં સદ્ભાગ્ય. છતાં યુધિષ્ઠિર! એક સલાહ આપવાનું મન થાય છે.' નારદ બોલ્યા.

'સલાહ શા માટે, આપ તો આજ્ઞા કરવા અધિકારી છો. કહો, શી આજ્ઞા છે, મહારાજ?' યુધિષ્ઠિરે હાથ જોડીને પૂછ્યું.

'તમે બધા આજ સુધી કુંતીની શીળી છાયા તળે ઊછર્યા છો અને એકસાથે સૂતાબેઠા છો એટલે તમારી વચ્ચે ભેદ પડે એવો ભય તો નથી.' નારદે શરૂ કર્યું.

'તો પછી મહારાજ!' યુધિષ્ઠિરે વચ્ચે જ પૂછ્યું.

'તોપણ,' નારદે ચલાવ્યું, 'કામવાસના એ બહુ બૂરી ચીજ છે.'

'તેથી અમારી વચ્ચે ભેદ શી રીતે પડે?' ભીમસેન બોલ્યો.

'ભીમસેન! તું કહે છે તે ઠીક છે; પરંતુ કામ ભેદ પાડવાની શરૂઆત કરે છે ત્યારે તો એ માણસની આંખમાં ઝેર આંજીને જ ખસી જાય છે. બાકીનું બધું તો આ ઝેરવાળી દૃષ્ટિ પોતે જ સાધી લે છે.' નારદે ખુલાસો આપ્યો.

'પણ આપણે એવું કારણ આપીએ તો ના?' ભીમસેન બોલ્યો.

'કામદેવ આંખમાં એક વાર ઝેર આંજ્યું એટલે ખલાસ! તણખલાને તોલે પણ ન મૂકી શકાય એવાં ક્ષુદ્ર કારણો પછી તો વેદો કરતાંયે વધારે વજનદાર લાગવા માંડે છે, અને દરરોજ સાથે સૂતાબેસતા તથા સાથે જ જમતાભમતા એક હૈયાવાળા પણ બે ખોળિયાંવાળા સગાભાઈઓની વચ્ચે ફાટ પડાવે છે. અને ફાટ કેવી? એકબીજાનો જીવ લેવા તૈયાર થઈ જાય તેવી!' નારદે વિસ્તારથી કહ્યું.

'તો આપની શી આજ્ઞા છે?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'માટે,' નારદે ગંભીર વાણીથી કહ્યું, 'મારી એવી સલાહ છે કે તમારી આંખમાં દ્રૌપદીને અંગે આવો ફેરફાર થાય તે પહેલાં તમારે દ્રૌપદી સાથેના તમારા સંબંધોને વ્યવસ્થિત કરી નાખવા જોઈએ.'

'કેવી રીતે વ્યવસ્થિત કર્યા હોય તો અમારો સંપ ટકી રહે એમ આપને લાગે છે?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'તમારે પાંચે ભાઈઓએ એક પ્રકારની પ્રતિજ્ઞાથી તમારે માથે બંધન મૂકવું.' નારદે કહ્યું.

'કેવું બંધન?' યુધિષ્ઠિરે ફરીથી પૂછ્યું.

'દ્રૌપદીની સાથે એકાંતમાં તમારામાંથી કોઈ બેઠો હોય ત્યારે બીજાએ ત્યાં જવું નહિ, એવો સખત નિયમ તમારે કરવો જોઈએ.' નારદે સલાહ આપી.

'મહારાજ!' મને આપની આજ્ઞા કબૂલ છે.' યુધિષ્ઠિરે જણાવ્યું.

'એમ ન જવું એ તો મને પણ કબૂલ છે; પણ ધારો કે છતાં કોઈ ગયો, તો?' ભીમ બોલ્યો.

'તો પછી તેણે પ્રતિજ્ઞાભંગનું પ્રાયશ્ચિત્ત કરવું.' નારદે કહ્યું.

'જો પ્રતિજ્ઞાને ધર્મબુદ્ધિથી પાળવી હોય તો તેના ભંગનો વિચાર જ ન ઘટે; છતાંય આપણી નબળાઈથી તેનો ભંગ થઈ જાય તો શુદ્ધિને અર્થે પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ; કેમ અર્જુન?' યુધિષ્ઠિર બોલ્યા.

'જરૂર. પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા. એને શિર સાટે પાળવી એ આપણો નિશ્ચય. ન પાળવી હોય તો લેવી જ નહિ; અને લેવી તો છોડવી જ નહિ.' અર્જુન બોલ્યો.

'તો આપણે પ્રતિજ્ઞા લઈએ નહિ, પણ સૌ મનમાં નક્કી રાખીએ કે એ પ્રમાણે ચાલવું છે, તો શી હરકત છે?' સહદેવ બોલ્યો.

ધર્મરાજ યુધિષ્ઠિર બોલ્યા: 'ભાઈ સહદેવ! તું જે કહે છે તે બરાબર નથી. માણસ ગમે તેટલો દૃઢ હોય તોયે આખરે તે હાડમાંસનો બનેલો છે. તેણે નિર્ણયો ગમે તેવા દૃઢ કર્યા હોય તોપણ તેમાં ક્યાંઈક ઊંડાણમાં પોલાણ રહી જાય છે; એટલે અણીને પ્રસંગે પોતે કલ્પી પણ ન શકે એવી રીતે નિર્ણય તૂટી પડે છે, ને માણસ ક્યાંનો ક્યાં જઈને પડે છે. મનુષ્યના હૃદયમાં આવું ઊંડે ઊંડે પણ પોલામ રહેવા ન દેવું હોય તો પ્રતિજ્ઞા લેવી એ જ માર્ગ છે.'

'તો ભલે, હું પ્રતિજ્ઞા લેવા તૈયાર છું.' સહદેવ બોલ્યો.

'ભગવાન નારદ જેવા જ્યાં હાજર હોય ત્યાં હુંયે પ્રતિજ્ઞા લેવા તૈયાર છું.' ભીમ બોલ્યો.

'મહારાજ યુધિષ્ઠિર! સૌથી પહેલી પ્રતિજ્ઞા તમે લ્યો, અને પછી આ ચારે ભાઈઓ લે.' નારદ બોલ્યા.

ધર્મરાજ યુધિષ્ઠિર નારદને નમન કરી ઊભા થયા અને હાથમાં પાણી રાખી બોલ્યા: 'અમારા પાંચ ભાઈઓમાંથી કોઈ એકની સાથે એકાંતમાં દ્રૌપદી બેઠી હોય ત્યાં મારે જવું નહિ; અને જાઉં તો મારે બાર વર્ષ વનવાસ ભોગવવો. ભગવાન નારદને સાક્ષી રાખીને હું આ પ્રતિજ્ઞા કરું છું.'

એટલું બોલી યુધિષ્ઠિરે પ્રતિજ્ઞા પાળવાનો નિશ્ચય બતાવવા હાથમાંથી પાણી નીચે મૂક્યું અને બેઠા.

ત્યાર બાદ અનુક્રમે ભીમસેને, અર્જુને, સહદેવે ને નકુળે એ જ પ્રતિજ્ઞા લીધી. પાંડવોનો પ્રતિજ્ઞા લેવાનો વિધિ પૂરો થયો એટલે નારદે સૌને આશીર્વાદ આપી વિદાય લીધી.

* * *

'ભાઈ અર્જુન! આવા નજીવા કારણસર અમને છોડીને તું જાય છે તે મારાથી નથી જોવાતું.' યુધિષ્ઠિર બોલ્યા.

'મોટા ભાઈ! નજીવું કારણ? હજી તો આપણે કાલે જ પ્રતિજ્ઞા લીધી, અને તે પણ નારદ જેવા મુનિની હાજરીમાં. અને આજે એ પ્રતિજ્ઞાનો ભંગ કરું તો કેમ ચાલે?' અર્જુન બોલ્યો.

'પણ ભાઈ અર્જુન! તેં પ્રતિજ્ઞાનો ભંગ કર્યો જ નથી.' યુધિષ્ઠિર બોલ્યા.

'મોટા ભાઈ, મોટા ભાઈ! ભલભલા માણસો પણ ભૂલ ખાઈ જાય એવા સંકટના પ્રસંગોમાંયે તમારી ધર્મબુદ્ધિ જાગૃત રહે છે અને આજે મારો સ્નેહ તમને કાં ભૂલથાપ

ખવરાવે છે?' અર્જુન બોલ્યો.

'અર્જુન! ચોરો બ્રાહ્મણોની ગાયો લઈ ગયા તે પાછી લાવવા માટે અસ્ત્રો લેવા સારુ ને દ્રૌપદી બેઠાં હતાં ત્યાં તારે આવ્યા સિવાય છૂટકો જ ન હતો. વળી અમે હતાં એ જ ઓરડામાં આપણાં બધાં અસ્ત્રો હતાં. બ્રાહ્મણને રક્ષણ આપવા માટે તું અસ્ત્રો લેવા ઓરડામાં દોડી આવ્યો તેથી તો આપણા ક્ષત્રિયધર્મનું રક્ષણ થયું. આવા કારણસર તારે આવવું પડ્યું એથી આપણા રાજધર્મનું પણ પાલન થયું એટલે આપણી પ્રતિજ્ઞાના અક્ષરાર્થનો ભંગ થયો હોય તોયે એનું હાર્દ તો જળવાયું જ છે.' ભીમસેન બોલ્યો.

'ભીમસેન! આપણી પ્રતિજ્ઞાનો અક્ષરાર્થ અને તેનું હાર્દ એ બન્ને તારા લક્ષમાં છે તેમ મારા લક્ષમાં પણ છે. હું તો એક વાત જાણું: આપણે સૌએ પ્રતિજ્ઞા લીધી ત્યારે આવા પ્રસંગોનો અપવાદ આપણે તેમાં દાખલ કર્યો ન હતો.' અર્જુન બોલ્યો.

'એ તો તે વખતે ન સૂઝ્યું હોય.' ભીમ બોલ્યો.

'પ્રતિજ્ઞા એ જીવનની એક ખરેખરી ગંભીર વસ્તુ હોય, અને જીવનની ઉન્નતિને માટે તેનો ચોક્કસ ઉપયોગ કરવો જ હોય. તો પછી માણસે પ્રતિજ્ઞા લેતા પહેલાં જ તેની આસપાસ જેટલી વાડ ગોઠવવી હોય તેટલી ગોઠવી લેવી જોઈએ.' અર્જુને કહ્યું.

'પણ ન સૂઝે તો?' યુધિષ્ઠિર બોલ્યા.

'અને ન સૂઝે તો પ્રતિજ્ઞા તોડવાનાં બહાનાં શોધવાને બદલે પ્રતિજ્ઞાભંગના પ્રાયશ્ચિત્તને આનંદથી વધાવી લેવું જોઈએ. મોટા ભાઈ! ધર્મનું આ હાર્દ તમે જ અમને શીખવ્યું છે, છતાં આજે સ્નેહને વશ થઈને આમ શા માટે બોલો છો?' અર્જુન બોલ્યો.

'અર્જુન! તેં મને હરાવ્યો. ભલે, તું સુખેથી જા. ભાઈ! દેવતાઓ તારું રક્ષણ કરો.' એમ કહી યુધિષ્ઠિરે અર્જુનનું માથું સૂંઘ્યું અને આશીર્વાદ આપ્યા.

'દેવી! હું રજા લઉં છું.' અર્જુને દ્રૌપદી તરફ જોઈને બોલ્યો.

'શબ્દોમાં ઉતારી ન શકાય એવા કોઈ તાંતણેથી તમે મને બાંધી છે. આજે એ તંતુની ખેંચતાણથી મને આઘાત થાય છે. તમારા વનવાસમાં હું નિમિત્ત થઈ એ વિચાર કરું છું ત્યારે આપણું ભવિષ્ય મારી નજર આગળ ખડું થાય છે, ને હું તમને સૌને કેવાં કેવાં દુ:ખોમાં તપાવવાની હોઈશ એ વિચારથી મૂંઝાઈ જવાય છે.' દ્રૌપદી બોલતાં બોલતાં ગળગળી થઈ ગઈ.

'દેવી! ઓછું ન આણો. જીવનના કડવા ઘૂંટડાઓમાં પણ પ્રભુ કેવાં અમી છુપાવી રાખે છે તેની કોને ખબર છે?' અર્જુન બોલ્યો.

'અર્જુન! સિધાવો. જગદંબા તમારું રક્ષણ કરો.' દ્રૌપદીએ વિદાય દીધી.

'ભીમસેન! જાઉં છું.'

'અર્જુન! તું તો ચાલ્યો પણ મારી જોડી તૂટી.' ભીમ ભારે હૃદયે બોલ્યો.

'ભીમસેન! આપણે મહિનાઓ થયાં વિચાર તો કરતા જ હતા. ગુરુ દ્રોણે આપણને અસ્ત્રવિદ્યા શીખવી પણ એક રાજકુમારને શોભે એવો દેશપરિચય જરાયે ન આપ્યો.' અર્જુન બોલ્યો.

'બિચારા દ્રોણ પોતે જ દેશને ક્યાં જોયો છે?' ભીમ બોલ્યો.

'આજે એ દેશપરિચય મેળવી લેવાનો લહાવો મને પહેલો મળે છે. ભીમસેન! મહારાજ યુધિષ્ઠિરને ચક્રવર્તીપદે સ્થાપવાનાં સ્વપ્નાં હુંયે સેવું છું અને તમેયે સેવો છો. પણ આપણે ભારતના અનેક દેશોની પૃથ્વીને પગતળે કાઢી નથી; અનેક દેશોનાં ઝાડ, પાન, નદી, સમુદ્ર, પર્વતો વગેરેને જોયા નથી; ભારતનાં ભાતભાતનાં મનુષ્યોને દીઠાં નથી; એના એનેક સમાજોના રીતરિવાજો, ધર્મ, સ્થિતિ વગેરેને પિછાનતા નથી; અને હસ્તિનાપુરની

આ શાળાની બારીએથી જોઈ શકાય તેથી ઘણી વિશાળ દુનિયા જે બારીની બહાર પડી છે તેનું પ્રત્યક્ષ દર્શન કર્યું નથી. એવા આપણે ભારતવર્ષના હૃદય પર સામ્રાજ્ય શી રીતે સ્થાપવાના હતા?' અર્જુન બોલ્યો.

'અર્જુન! તારી વાત તો બરાબર છે. તો મનેય સાથે લેતો જા.'

'આજે નહિ. તમે પણ ન હો તો મોટાભાઈને અડચણ પડે. અમસ્તા તો આપણે સાથે જ નીકળવાનો વિચાર કરતા હતા, પણ મને આવો લાગ મળી ગયો છે એટલે બાર વરસમાં બનશે તેટલું ભ્રમણ કરી લેવાનો. હું ભ્રમણ કરીને પાછો આવું તે પછી તમારો વારો.' અર્જુને જવાબ વાળ્યો.

'ભલે ભાઈ! જા. લોકપાલો તારું રક્ષણ કરો.' ભીમે આશીર્વાદ આપ્યા.

'ભાઈ નકુલ, ભાઈ સહદેવ! મને રજા આપો.' અર્જુને રજા માગી.

'અર્જુનભાઈ! અમે તમને શું કહીએ? તમારા વિના બધું સૂનું જણાશે. વહેલા પાછા આવજો. દેશપરદેશના જે કાંઈ નવીન દેખાય તે લેતા આવજો.' બન્નેએ અર્જુનને નમન કર્યું.

એટલામાં કુંતી માતા આવી પહોંચ્યાં. અર્જુને કુંતી પાસે જઈને માથું નમાવ્યું. 'માતા! રજા આપો.

આંખોને લોહતાં લોહતાં કુંતી બોલ્યાં: 'બેટા અર્જુન! છેલ્લી ઘડીએ આંસુ પાડું તોયે શું? હજી ઠરીને ઠામ બેઠાં નથી ત્યાં પાછાં બાર વર્ષ તારે જંગલમાં કાઢવાનાં! તારું જીવન શું આવા જંગલો માટે જ સરજાયું હશે? ભાઈ! જા; હવે આ વલ્કલ મારાથી નથી જોવાતાં. દેવોનો રાજા ઇંદ્ર તારું રક્ષણ કરો.' થડકતે હૈયે અને ધ્રૂજતે હાથે કુંતીએ અર્જુનનું માથું પાસે આણીને સૂંઘ્યું નતેનાં દુખણાં લીધાં. જોતજોતામાં તેમને તમ્મર આવી ગયાં પણ તરત જ ટટ્ટાર થયાં; અને અર્જુન સૌની રજા લેતો, સૌને જોતો, સૌને ધીરજ આપતો, સૌના હૃદયમાં કંઈ કંઈ વિચારો જગાડતો, બાર વર્ષના વનવાસ માટે નીકળી પડ્યો.

'આ તમારો કુલધર્મ તે કેવો ?'

ઇંદ્રપ્રસ્થના મહેલમાં એક ઓરડામાં દ્રૌપદી તથા અર્જુન બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. અર્જુન બેઠો હતો તેની બરાબર સામે એક મોટો અરીસો દીવાલ ઉપર લટકતો હતો.

'દેવી પાંચાલી! આજે તો હવે મન આનંદમાં છે ને?'

'વહાલા અર્જુન! આજે બાર વર્ષે મારા અર્જુન સુરક્ષિત પાછા આવ્યા હોય ત્યારે કઈ અભાગણીને બત્રીશે કોઠે દીવા ન પ્રગટે? તેમાંયે વળી તમે તો દેશપરદેશથી નવી નવી ચીજો મારા જેવીને માટે સંભારીને લાવો ત્યારે આનંદનું પૂછવું જ શું?' દ્રૌપદીએ કહ્યું.

'દેવી! માફ કરો. વનવાસમાં નીકળ્યો ત્યારે તો સહદેવે મને ખાસ નવી ચીજો માટે કહેલું, પણ કેટલી ચીજો લાવવી? અને વળી લાવવાની પૂરી ઉપાધિ. દેવી! તમારા માટેય કશું લાવી નથી શક્યો તે માટે દિલગીર છું!' અર્જુન દીન થઈને બોલ્યો.

'ખોટું ન બોલશો, અર્જુન!' દ્રૌપદીએ જરા ક્રોધથી જણાવ્યું, 'આવી રૂપાળી ગોવાલણ લાવ્યા છો ને? કેવો મજાનો એનો પોશાક છે! લાલ કસૂંબલ એની ઓઢણી અને થેપાડાનો ચણિયો: કેમ જાણે આવાં કપડાં પહેરે અને શ્રીકૃષ્ણની બહેન લાગે એટલે મારી શોક્ય મટી જાય? અર્જુન! કાચમાં શું જુઓ છો, મારી સામે જુઓ ને?'

'સામે શું જોઉં? તમે સુભદ્રાને માટે કહો છો પણ એ તો તમારી દાસી થઈને રહેવા સારુ આવી છે.' અર્જુન બોલ્યો.

'એ તો ક્યારની મને પગે પણ લાગી ગઈ, અને કહી પણ ગઈ કે "હું તમારી દાસી છું." સુભદ્રા તો શ્રીકૃષ્ણની બહેન! મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે. પણ તમે તો લથડ્યા ના?' દ્રૌપદીએ કહ્યું.

'પાંચાલી! દ્વારકાથી હું તથા શ્રીકૃષ્ણ યાદવોનો મેળો જોવા માટે રૈવતક પર્વત પર ગયા ત્યાં મારી નજર એના પર પડી.' અર્જુન બોલ્યો.

'એના પર શા માટે નજર પડે?' દ્રૌપદીએ ભવાં ચડાવ્યાં.

'પડી એટલે પડી. અને દેવી! અમારી પુરૂષોની નજર આ પ્રમાણે પડે છે ત્યારે પાછી ખેંચી ખેંચાતી નથી, એ તમને ખબર છે?' અર્જુન બોલ્યો.

'મને એ ખબર ક્યાંથી હોય? હું કાંઈ પુરુષ છું? હું તો સ્ત્રી રહી, એટલે નજર એમ પડે જ નહિ એટલું જાણું. એ હક્ક તો તમે પુરુષોએ સુવાંગ રાખ્યો છે!' દ્રૌપદીએ કહ્યું.

'દેવી! એમ કહો તો એમ. નજર પડી તે હવે ન પડી થવાની નથી.' અર્જુન બોલ્યો.

'આવી કેટલી નજર પડી છે આ બાર વર્ષમાં?' દ્રૌપદીએ પૂછ્યું.

'જેટલી પડી હશે તેટલી તમારી પાસે આવશે.' અર્જુને ઉડાઉ જવાબ દીધો.

દ્રૌપદી તરત જ ટટ્ટાર થઈને બોલી: 'એમ નથી. મને સુભદ્રાએ બધી વાત કરી છે. મારી નાગણબહેન ક્યાં છે?'

અર્જુન સંભારતો હોય તેમ માથું ખજવાળતો ખજવાળતો બોલ્યો: 'કોણ ઉલૂપી?'

'નામ તો તમે જાણો, હું કાંઈ માંડવામાં હાજર હતી?' દ્રૌપદી બોલી.

'હા હા, ઉલૂપી જ. ત્યાં તો એક જ રાત રહ્યો હતો.' અર્જુને જણાવ્યું.

'ઉલૂપીને એના બાપને ઘેર રાખી?'

'હા; એ ત્યાં જ રહેશે.' અર્જુને ટૂંકમાં પતાવ્યું.

'હવે કોઈ બીજી વાત રહી જાય છે?' દ્રૌપદીએ ભાર દઈને પૂછ્યું.

'બસ, ઉલૂપી જ. વાત કરવી ભૂલી ગયો હતો.' જાણે મોંએ આવેલ કોઈક વાત પાછી ધકેલતો હોય એમ અર્જુન બોલ્યો.

'બીજી કોઈક છે ને?' દ્રૌપદી બોલી.

'બીજી? બીજી જ ઉલૂપી.' અર્જુન બોલ્યો.

'બીજી નહિ પણ ત્રીજી. મણિપુર નામનું કોઈક શહેર છે ને?' દ્રૌપદીએ પૂછ્યું.

'હા, હા, હા.'

'એ કોણ છે? છેક જ ભૂલી ગયા લાગો છો.' દ્રૌપદી મજાક કરતી બોલી.

'એ તો.... ચિત્રાંગદા; ચિત્રવાહન રાજાની કુંવરી. સાંભરતું ન હતું.' અર્જુન બોલ્યો.

'શાનું સાંભરે? મણિપુરમાં માત્ર એક હજાર રાત્રિઓ ગાળી અને એક જ પુત્ર થયો એટલે નામ ન જ સાંભરે!' દ્રૌપદી બોલી.

'ચિત્રાંગદા પણ ત્યાં જ રહેવાની છે. બભ્રુવાહન મોટો થાય ત્યારે કદાચ આવે.' અર્જુને જણાવ્યું.

દ્રૌપદીથી ન રહેવાયું. તે ટટ્ટાર થઈને અર્જુનની સામે બેઠી અને કહેવા લાગી: 'અર્જુન! કુંતીજાયા વીર અર્જુન! તમે વનવાસમાંથી સુરક્ષિત પાછા આવ્યા તેથી મારું હૈયું ઠરે એવું કોઈનું ન ઠરે, એટલું ખચીત માનજો. પણ બાર વર્ષમાં તમે ત્રણ નવી ગાંઠો બાંધી લાવ્યા તેથી મારા હૈયામાં શું શું થાય છે તેનો વિચાર કર્યો? સુભદ્રા શ્રીકૃષ્ણની બહેન એટલે મારી પણ બહેન. પણ તમે પુરુષો જેમ જેમ નવી ગાંઠો બાંધતા જાઓ તેમ તેમ જૂની ગાંઠો

ઢીલી થતી જાય એટલો ખ્યાલ જરૂર રાખજો.'
અર્જુન દ્રૌપદીને શાંત કરતો બોલ્યો: 'દેવી! ક્રોધ ન કરો. જે થઈ ગયું તે થઈ ગયું.'
'એ તો હુંય સમજું છું, અર્જુન! છાતી ચીરીને દેખાડું, ત્યાં અત્યારે કેવા ઉત્પાત થઈ રહ્યા છે તે?' દ્રૌપદી બોલી.
'હું કલ્પી શકું છું.' અર્જુને કહ્યું.
'તમે શી રીતે કલ્પી શકો?' દ્રૌપદી ઊછળી, 'ઈશ્વરે એવી કલ્પનાથી પુરુષોને વંચિત રાખ્યા છે. તમે પુરુષો અમને તો તમારી વાસનાનાં યંત્રો સમજો છો. અમારે નહિ મન, નહિ હૃદય, નહિ અક્કલ, નહિ માનાપમાન! અમે તો ચાવી આપો ત્યારે બોલીએ, ચાલીએ, કૂદીએ; અને ચાવી ઉતારી નાખો ત્યારે પડ્યાં રહીએ, કાં? કેમ બોલતા નથી?'
'દેવી! તમે તો અમારા કુળનો શણગાર છો.' અર્જુને કહ્યું.
'શણગાર સાચો, પણ તમને ગમે ત્યાં સુધી! એક દાગીનો જૂનો થાય એટલે તેને તમે પટારામાં મૂકો અને નવો ખરીદ કરો, એવો શણગાર ના?'
' દેવી! તમે જેટલું કહો તેટલું બધું સાંભળ્યા કરવા તૈયાર છું.' અર્જુન બોલ્યો.
'સાંભળો નહિ તો ક્યાં જાઓ? બાકી અર્જુન! સહન તો મારે કરવું પડે છે. એક સ્ત્રીના પાંચ પતિઓ આર્ય લોકોમાં સાંભળ્યા છે? હું દ્રુપદરાજની પુત્રી અને ધૃષ્ટદ્યુમ્નની બહેન! અમારી કુલપરંપરામાં હું જુદી પડી અને સગી જનેતાની વિરુદ્ધ થઈને તમને પાંચેને પરણી. અર્જુન! તમ ભાઈઓના સ્નેહની ભૂખી હું તમારા કુલધર્મને અનુસરી આજે તમારા પાંચે ભાઈઓની વચ્ચે વસીને અને તમારી વાસનાઓને તૃપ્ત કરતાં છતાં ભેદ પાડ્યા વિના ઘર ચલાવીને હું કેટલી કંતાઈ જાઉં છું, તેની તમને શી ખબર પડે? કુંતી માતાના પાંચ પુત્રોમાં સંપ જળવાઈ રહે તે માટે આ જાતને માથે કેટલો ભાર રહેતો હશે તેનો ખ્યાલ છે ખરો?' દ્રૌપદી બોલી.
'છે.' અર્જુને કહ્યું.
'ના નથી! તમે ભાઈઓ મારા એકથી ન સંતોષાયા એટલે જ આ બીજાં-ત્રીજાં લગ્નો કરવા દોડો છો એમ જ મારે તો માનવું રહ્યું!' દ્રૌપદીએ કહ્યું.
'દેવી! એમ નથી. અમારા કુળમાં પુરુષો એકથી વધારે સ્ત્રીઓ પરણે એવો રિવાજ છે, એટલે તમારે માઠું લગાડવાનું કારણ નથી.' અર્જુને ઊંચું જોયું.
'તમારા આ કુલધર્મથી તો હું હારી! એક સ્ત્રી પાંચ પુરુષો પરણે તે વખતે કહે: "એ અમારા કુળનો રિવાજ છે." એક પુરુષ ઘણી સ્ત્રીઓને પરણે તોયે એ "કુલધર્મ." આ તમારો કુલધર્મ તે કેવો? અર્જુન! આજે હવે તમે આર્ય લોકોમાં વસો છો. સ્ત્રીને પરણેલ પતિથી પુત્ર ન થાય તો બીજા પુરુષથી પુત્ર ઉત્પન્ન કરે; પતિ મરી ગયો હોય ત્યારે પારકા પતિ સાથે નિયોગ કરે; એક પુરૂષ અનેક સ્ત્રીઓને પરણે; એક સ્ત્રી અનેક પતિઓને પરણે - આવા આવા રિવાજો આર્ય લોકોમાંયે એક દિવસ હતા. પણ સંસ્કારી આર્યો એ રિવાજોમાંથી છૂટા થતા જાય છે એ તમારે સમજી જવું જોઈએ. જે વખતે હવે એક પતિવ્રત અને એક પત્નીવ્રતનો શુદ્ધ આદર્શ સંસ્કારી આર્યો સ્વીકારતા જાય છે, તે વખતે પાંચસો વર્ષ પહેલાંના કુલધર્મને નામે લગ્નના જંગલી રિવાજોને પકડી રાખશો તો તમે ને તમારું કુળ નીચે ઊતરી જશો, અને આર્યો તમને પામર ગણશે. અર્જુન! આજે જેટલું સમજું છું તેટલું તમને પરણી તે દિવસે સમજતી હોત તો ગમે તેમ કરીને પણ તમારામાંથી એકને જ પરણત. અને પાંડવોને હાથે જ પાંડવોના કહેવાતા આ કુલધર્મ પર પગ મુકાવત.' દ્રૌપદીએ કહ્યું.
'દેવી, દેવી! તમે આજે મારી આંખો ઉઘાડી.' અર્જુને કહ્યું.

'તમે પુરુષો આંખો મીંચીને ફાવે તેને પરણ્યા કરો, છતાં હું ન બોલું તો તમારી સ્ત્રી શાની? અર્જુન! બોલું છું તો માફ કરજો. એ તો સારું છે કે તમને દ્રૌપદી જેવી આર્ય સ્ત્રી મળી છે. દુનિયામાં આર્ય સ્ત્રી ન હોત તો તમારા જેવા પુરુષો લગ્નજીવનને પશુ જીવન જેવું કરતાં અચકાત નહિ!' દ્રૌપદીએ કહ્યું.

'દેવી! તમે કહો છો તે તમામ યથાર્થ છે. પણ આજે તો હું ભૂલ કરી ચૂક્યો તે મિથ્યા થાય તેમ નથી. હવે મારી ભૂલને તમે જેમ વધારે છણશો તેમ સુભદ્રા વધારે દુભાશે. ભૂલ કોઈની હોય તો મારી છે, અને તેનું ફળ મને જ મળવું જોઈએ.' અર્જુને દીન સ્વરે કહેવા માંડ્યું.

'અર્જુન! હું દ્રુપદની દીકરી છું, અને રાજમહેલમાં ઊછરી છું. સુભદ્રાને મારી બહેન કહી છે તેમાં માત્ર વિવેક ન સમજતા. એ બિચારી તો જેમ હું આવી છું તેમ જ આવી છે. મારો રોષ તો તમારા સૌના પર છે.' દ્રૌપદીએ કહ્યું.

'સૌના પર નહિ પણ મારા પર.' અર્જુન બોલ્યો.

'યુધિષ્ઠિર ઉપર પણ ખરો. કારણ તમે સુભદ્રાનું હરણ કરવાના હતા તે પહેલાં યુધિષ્ઠિરની સંમતિ મગાવી હતી તે હું જાણું છું.' દ્રૌપદીએ કહ્યું.

'મોટા ભાઈએ પણ તે દિવસ રજા આપી હતી.' અર્જુન બોલ્યો.

'હા. કોઈ પણ એક રિવાજ જ્યારે લાંબા વખતથી ચાલતો આવતો હોય છે, ત્યારે એ રિવાજની પાછળ ગમે તેવો અધર્મ છુપાયેલો હોય તોયે એ લાંબો કાળ રિવાજને ઘડપણનું ખોટું માન અપાવે છે, અને સાધારણ લોકો તો આવા ઘડપણને જ રિવાજની યોગ્યતા માટે બસ માને છે. યુધિષ્ઠિર મહારાજ પણ કહેવાતા કુલધર્મને બાજુએ મૂકી લગ્નનો વિચાર કરી ન શક્યા એટલે કુંભારની કોઢમાં મારા પિતાને તેમણે કહ્યું, "આ અમારો કુલધર્મ છે" ને સુભદ્રા માટે પણ તમને રજા આપી. પણ અર્જુન! હવે ભલા થઈને તમારી પ્રજાને આવા કુલધર્મમાં ન સંડોવતા. એ "કુલધર્મ" હવે અહીં જ અટકે અને પાંડવોનાં પુત્રપુત્રીઓ માટે નવો સંસ્કારી કુલધર્મ ઊભો થાય એટલું માંગુ છું.' દ્રૌપદીએ અર્જુનને હાથ જોડ્યા.

'દેવી, દેવી! મને શરમાવો નહિ. આજે તો મારે તમને વંદન કરવું જોઈએ.' અર્જુન બોલ્યો.

'અર્જુન! હું વંદન ન કરત; જો માત્ર તમારી ભૂલ દેખાડવાની ખાતર જ તમને આ બધું કહ્યું હોત તો જરૂર વંદન ન કરત, પણ આથીયે કદાચ વધારે આકરું કહેત. પણ વહાલા! મારા આ બોલવાની પાછળ મારા દિલનો ડંખ હતો, એટલે તમને વંદન કરું છું. તમે મારી શોક્યોને લાવ્યા તેની ઈર્ષ્યાએ હું બળી રહી હતી એટલે તમને વંદન કરું છું. તમારા ઉપર આટલો ક્રોધ કરીને મારું દિલ હવે હળવું થઈ ગયું છે; મારી આંખનું ઝેર નીકળી ગયું છે.' દ્રૌપદી શાંત થઈ.

'દેવી પાંચાલી! ત્યારે આપણે જઈશું? મહારાજ યુધિષ્ઠિર આપણી રાહ જોતા હશે.' અર્જુને કહ્યું.

અર્જુન અને દ્રૌપદી બન્ને યુધિષ્ઠિરની પાસે ગયાં.

ખાંડવવનદહન

અર્જુન સુભદ્રાને લઈને ઈંદ્રપ્રસ્થમાં આવ્યો ત્યાર પછી કેટલેક વખતે શ્રીકૃષ્ણ સુભદ્રાના લગ્નની પહેરામણી કરવા ઈંદ્રપ્રસ્થમાં આવ્યા.

એક વખત અર્જુન અને શ્રીકૃષ્ણ ઈંદ્રપ્રસ્થની આસપાસનો પ્રદેશ જોતા ફરતા હતા, તેવામાં માર્ગ ઉપર તેમણે એક બ્રાહ્મણને દીઠો. અર્જુન અને શ્રીકૃષ્ણ ચાલ્યા જતા હતા ત્યાં પેલો બ્રાહ્મણ તેમને કરગરીને કહેવા લાગ્યો: 'મહાશયો! હું બ્રાહ્મણ છું અને ઘણા દિવસનો ભૂખ્યો છું. તમે કૃપા કરી મારી ભૂખ ભાંગો.'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'જેના મોઢા પર આટલું બધું તેજ ઝળહળી રહ્યું છે તે ભૂખ્યો શી રીતે હોય?'

'મહારાજ!' બ્રાહ્મણ હાથ જોડી કહેવા લાગ્યો, 'પ્રાણીમાત્રની ભૂખ જુદી જુદી જાતની હોય છે. કોઈને અન્નની ભૂખ હોય તો કોઈને વિદ્યાની ભૂખ હોય; કોઈને ધનની ભૂખ હોય તો કોઈને કીર્તિની ભૂખ હોય; કોઈને સ્ત્રીની ભૂખ હોય તો કોઈને પુત્રની ભૂખ હોય; કોઈને ત્યાગની ભૂખ હોય તો કોઈને સત્તાની ભૂખ હોય.'

'તને પોતાને શાની ભૂખ છે?' અર્જુને પૂછ્યું.

'મને સત્તાની ભૂખ છે. આ ખાંડવવન ઉપર મારે આધિપત્ય સ્થાપવું છે.' બ્રાહ્મણ બોલ્યો.

'તારે તો ઈંદ્રપ્રસ્થ પર આધિપત્ય સ્થાપવું હોય! ખાંડવવન સાથે તારે શો સંબંધ છે?' અર્જુને પૂછ્યું.

'મહાશય! આપે મને ઓળખ્યો નથી; હું અગ્નિ છું. થોડાંએક વર્ષો ઉપર આ આખા પ્રદેશને મેં હાથ કર્યો હતો અને ખાંડવવનના નાગલોકોનો સંહાર કર્યો હતો.' અગ્નિદેવ બોલ્યા.

'તો પછી આજે આ વન કોના હાથમાં છે?' અર્જુને પૂછ્યું.

'મેં સંહાર કર્યા પછી થોડો વખત નાગલોકો દબાયેલા રહ્યા; પણ પછી જોતજોતામાં આખા પ્રદેશમાં અરાજકતા ફાટી નીકળી અને નાગલોકોના નાયક તક્ષકે મારી સત્તા ઉખેડી નાખી.' અગ્નિએ જણાવ્યું.

'તક્ષક બહુ બળવાન છે, એમ?' શ્રીકૃષ્ણે પ્રશ્ન કર્યો.

'બળવાન તો છે જ. પણ તક્ષકને દેવરાજ ઇંદ્રની મોટી મદદ છે, એ પણ કારણ છે. ઈંદ્ર ન હોય તો આ ઘડીએ તમામ લોકોને હું સળગાવી દઉં.' અગ્નિ બોલ્યા.

'તો હવે તમે શું કરવા ધારો છો?'

'મહાશય! શું કરવું એના વિચારમાં ને વિચારમાં હું વરુણદેવની પાસે ગયો હતો. વરુણ એ અમારા દેવ લોકોના પુરાણા ઋષિ છે. આજ સુધીમાં જગતમાં જ્યારે જ્યારે પ્રલયકાળના જેવા સંહારો થયા છે ત્યારે ત્યારે એ સંહાર કરનારાં મુખ્ય શસ્ત્રાસ્ત્રો વરુણનાં શસ્ત્રાગારમાં ઘડાયાં છે. જ્યારે જ્યારે સંહારનો ઈશ્વરી સંકેત ઘડાય છે ત્યારે ત્યારે વરુણ એ સંકેતને અનુસરીને ખૂબ ઝીણવટથી હથિયારો તૈયાર રાખે છે, અને અધિકારી પુરુષને વખતસર પહોંચાડે છે.' અગ્નિએ વાત જારી રાખી.

'તો તમે વરુણની પાસે જઈને શું કર્યું?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'હું તો મારી ભીડમાં એમની સલાહ લેવા ગયો હતો. વરુણ- દેવ આ મહાસંહારનાં શસ્ત્રાસ્ત્રોને તૈયાર કરી રહ્યા હતા. મેં મારી વાત તેમને કહી કે તુરત જ તેમણે મને જણાવ્યું: આ રથ જોયો? આ બે ભાથા? આ ભાથામાં બાણ ખૂટે જ નહિ એવી યોજના છે. આ ધોળા ઘોડા? હનુમાનની ધજાવાળા આ રથને આ ઘોડા જ ખેંચી શકે. અને આ ધનુષ્ય? એને રત્નો જડ્યાં છે તે તો જુઓ! આ ગાંડીવનો ટંકાર માત્ર દુશ્મનને માટે બસ છે. આ રહ્યાં ગદા અને ચક્ર! જગતમાં થોડા જ વખતમાં મહાસંહાર થવાનો છે તેને માટે આ દિવ્ય વસ્તુઓ મેં તૈયાર રાખી છે.' અગ્નિ બોલતાં બોલતાં જરા અટક્યા.

'પણ તમારી વાતનો શો જવાબ આપ્યો?' અર્જુને પ્રશ્ન કર્યો.

'મને તો વરુણે જણાવી દીધું કે આ સાધનનો ઉપયોગ કરનારા શ્રીકૃષ્ણ અને અર્જુન જન્મ્યા છે એટલે તું તેમને મળ ને મદદ માગ. જો તેઓ મદદ કરવાનું સ્વીકારશે તો મારાં આ સાધનો તેમને માટે તૈયાર છે.' અગ્નિએ પુરું કર્યું.

'આ જ વરુણદેવનો સંહાર કે!' શ્રીકૃષ્ણ બોલ્યા.

'અરે, ના રે ના! મહાસંહાર તો થોડા કાળ પછી થવાનો. મને પોતાને આ મહાસંહારની કશી ખબર નથી. પણ પુરાણઋષિ વરુણ તો કહેતા હતા કે જગતમાં મહાસંહારનાં બળો ગતિ કરી ચૂક્યાં છે.' અગ્નિએ પૂછ્યું.

'સખા અર્જુન! કેમ કરશું?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'લક્ષ્મી આવે ત્યારે મોઢું ધોવા કોણ જાય? વરુણનો આપેલો દિવ્ય રથ ને ઘોડા મળે, ગાંડીવ ધનુષ્ય મળે, અને બાણ ન ખૂટે એવા ભાથા મળે, ઉપરાંત ગદા અને ચક્ર મળે, તો પછી ચાલો ને અગ્નિદેવને મદદ કરી લઈએ? અગ્નિને મિત્ર બનાવશું તો એ કોઈ દિવસ કામ લાગશે.' અર્જુને જવાબ વાળ્યો.

'તો ભલે અગ્નિદેવ! તમે વરુણ પાસેથી બધાં સાધનો લઈ આવો અને પછી ખાંડવવનને બાળવું હોય તો શરૂ કરો. તમે આગ લગાડશો ત્યારે અમે કોઈને અંદરથી છટકવા નહિ દઈએ. કામ ક્યારે શરૂ કરવું છે?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'કામ કાલે જ શરૂ કરીએ. હમણાં તક્ષક કુરુક્ષેત્રમાં ગયો છે એ પણ ઠીક લાગે છે ને વરુણ પાસેથી બધાં સાધનો લાવવામાં વાર શી? મહાશયો! તમને અનેક નમસ્કાર!' એમ કહી અગ્નિએ વિદાય લીધી અને શ્રીકૃષ્ણ તથા અર્જુન ઈન્દ્રપ્રસ્થ તરફ વળ્યા.

* * *

અગ્નિએ ખાંડવવનને આગ મૂકી અને પ્રલયકાળ ફાટી નીકળ્યો હોય તેમ આગ ફાટી નીકળી. પૃથ્વીના સંહારકાળે આકાશમાં જેમ મેઘો ઊલટી આવે ને વીજળી કડાકાથી પૃથ્વીનાં પડો ચિરાઈ જાય, તેમ ખાંડવવનનાં ઝાડો કડાકાભડાકા કરતાં સળગતાં ચાલ્યાં; ધુમાડાના ગોટેગોટા અનંત આકાશમાં ચડવા લાગ્યા. ખાંડવવનમાં નાગલોકોની વસ્તી, નાગલોકોનો નાયક તક્ષક કુરુક્ષેત્રમાં ગયેલો; નાગલોકનાં અનેક સ્ત્રીપુરુષો, ઢોરઢાંખર, પશુપક્ષી, રાચરચીલું બધું અગ્નિની પ્રચંડ જ્વાળાઓમાં સળગવા લાગ્યું. પક્ષીઓ તાપ સહન ન થવાથી ઊડવા લાગ્યાં, પણ અધવચમાં જ પાંખોને ઝાળ લાગી એટલે અગ્નિમાં પડ્યાં. કેટલીયે નાગ સ્ત્રીઓ પોતાનાં ધાવણાં બાળકોને લઈને નાઠી પણ અગ્નિએ તેમને માર્ગમાં જ પકડી અને ધાવતાં બાળકોને છાતીએ ને છાતીએ સળગાવી મૂક્યાં. નાગલોકોનાં ઢોરો રક્ષણ માટે બરાડા પાડતાં આમતેમ નાસવા લાગ્યાં. પણ અગ્નિ તેમને છોડે તેમ ન હતો. આખાયે ખાંડવવનમાંથી ભયનો અને ત્રાસનો મોટો શોરબકોર ફાટી નીકળ્યો, પણ અગ્નિદેવ તો હૈયાને તાળું મારીને પોતાનું કામ કર્યે જતા હતા! તક્ષકના પરમ મિત્ર ઈંદ્રને નાગલોકોની આ આફતના સમાચાર મળ્યા, એટલે તે તેમની મદદે દોડ્યા, પણ શું કરે? અગ્નિદેવે આખાયે પ્રદેશને ઘેરી લીધો હતો, અને નાનો સરખો પણ જીવતો જીવ અંદરથી બહાર ન નીકળે તે માટે અર્જુન તથા શ્રીકૃષ્ણ સીમાડા પર ખડા હતા. દેવરાજ ઈંદ્રે સળગતા ખાંડવવનને ઓલવવા માટે ઘણાં ફાંફાં માર્યા અને છેવટે આખા પ્રદેશ પર પાણીની ધારાઓ વરસાવી; પણ આ પાણીની ધારાઓ આગને ઊલટી વધારવામાં કામ લાગી એટલે ઈંદ્ર હતાશ થઈ ગયા, અને સડસડાટ બળતા આખાયે ખાંડવવનને ઊભા ઊભા જોઈ રહ્યા.

અર્જુન તેમ જ શ્રીકૃષ્ણ આખાયે પ્રદેશમાં ફરીને અગ્નિના સપાટામાંથી કોઈ છટકી ન જાય તેની ખાસ કાળજી રાખતા હતા. ઈંદ્રના તમામ પ્રયાસોને નિષ્ફળ કરવામાં અર્જુનનો મોટો હાથ હતો. વરુણે આપેલાં નવાં સાધનોથી આ બન્ને મિત્રો બળીને ખાખ થઈ જતા વનના સીમાડાને સંભાળતા હતા, ત્યાં કોઈની બૂમ આવી: ‘હે શ્રીકૃષ્ણ, હે અર્જુન! મને બચાવો, બચાવો!’

બૂમ સાંભળીને અર્જુનના કાન ચમક્યા અને પાછું વાળીને જુએ છે તો એક પુરુષ જોસભેર દોડ્યો આવતો હતો; તેની પાછળ અગ્નિદેવની ઝાળ ધસી આવતી હતી.

‘હે શ્રીકૃષ્ણ, હે અર્જુન! મને બચાવો, નહિતર તમને ભારે પાપ લાગશે.’

અર્જુને અગ્નિની ઝડપને રોકી અને પેલા પુરુષને પૂછ્યું: ‘તું કોણ છે? શા માટે નાસે છે?’

ઝાળ રોકવાથી આવનાર પુરુષ જરા સ્વસ્થ થયો અને બોલ્યો: ‘મહાશય! હું એક દાનવ છું; મારું નામ મય છે. ઘણાં વર્ષો થયાં આ ખાંડવવનમાં વસું છું. હું મારા અભ્યાસગૃહમાં સ્થાપત્ય અને શિલ્પશાસ્ત્રોનો અભ્યાસ કરતો હતો ત્યાં આ ઝાળે મને ઝડપી લીધો, એટલે હું તમારી પાસે નાસી આવ્યો છું. મને બચાવો.’

‘આજે તો અગ્નિદેવ આખાયે વનને સળગાવી ચૂક્યા છે એટલે તેમાંથી કોઈ જીવતું જઈ શકે નહિ.’

‘શ્રીકૃષ્ણ! પાંડુના પુત્ર અર્જુન! તક્ષકને અને અગ્નિદેવને એકબીજાની સાથે વેર છે, તે માટે તક્ષકની આખી પ્રજાને બાળીને ભસ્મ કરી દેવી એ અગ્નિદેવનો ન્યાય છે? રાજાઓ રાજ્યલોભને કે સત્તાલોભને વશ થઈને આખાં ગામડાંનાં ગામડાં ઉજ્જડ કરી નાખે એને તમે સૌ ધર્મને નામે ચલાવી લ્યો છો?’ મય દાનવે બોલવા માંડ્યું.

અર્જુને જવાબ વાળ્યો: ‘અગ્નિદેવ અને તક્ષક એ બેમાંથી કોણ સાચો અને કોણ ખોટો, એ જોવાનું અમારું કામ નથી. અમે તો અગ્નિદેવને મદદ કરવાનું સ્વીકાર્યું છે એટલે અહીં ઊભા છીએ, અને કોઈને બહાર જવા દેતા નથી.’

મય દાનવે સહેજ હાસ્ય કરી કહ્યું: ‘એક સાધારણ ક્ષત્રિય આવો જવાબ આપત તો હું સમજી શકત; પણ અર્જુન! જો મારાં શાસ્ત્રો સાચાં હોય તો તમે તો એક અધિકારી પુરુષ છો. જે રથમાં તમે બેઠા છો તે રથ અને તમારાં ધનુષ્યભાથાં, એ બધાંના ઈશ્વરી સંકેતોને હું જાણનારો છું. તમારા જેવા પુરુષે મને આવો જવાબ નહિ અપાય.’

‘તો પછી તને જવા દઈએ, એમ જ તારે કહેવું છે ના?’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘મને રક્ષણ આપો. પરંતુ તે મારા જેવા પર દયા ખાઈને નહિ. તમને ક્ષત્રિયોને મારતાં આવડે છે તો મારા જેવા બ્રાહ્મણનેય મરતાં આવડે છે. પણ મને રક્ષણ આપવું એ તમને ધર્મ લાગતો હોય તો રક્ષણ આપો. શાસ્ત્રમાં બ્રાહ્મણ અવધ્ય કહ્યો છે તે તમે ક્યાં નથી જાણતા? બ્રાહ્મણ અવધ્ય કહ્યો છે તે એટલા માટે નહિ કે એનું શરીર શૂદ્રના શરીરથી જરાયે વધારે મોટું છે. પરંતુ બ્રાહ્મણ એ તો સમસ્ત પ્રજાની સંસ્કૃતિનો રક્ષક છે. રાજ્યલોભનાં ગમે તેવાં ઘોરયુદ્ધોમાં પણ બ્રાહ્મણોનું બલિદાન આપવું ન જોઈએ. આજે તમે ખાંડવવનને બાળીને અમારા જેવા બ્રાહ્મણોની સંસ્કૃતિનો નાશ કરવા ચડ્યા છો તેની સામે મારો પોકાર છે, અને એટલા જ માટે હું રક્ષણ માગું છું.’ મયે જણાવ્યું.

‘તું તો દાનવ છે.’

‘જન્મથી દાનવ છું, પણ સ્થાપત્ય અને શિલ્પનાં શાસ્ત્રોમાં બ્રાહ્મણ છું. અમે દાનવ લોકો તમને આર્યોને ગમે તેવા જંગલી અને અજડ દેખાતા હોઈએ, તોપણ આવી વિદ્યાઓમાં તમારે અમારી પાસેથી તો હજુ ઘણું શીખવાનું છે.’ મય બોલ્યો.

'મય! જા, તને અમારું અભયદાન છે. તું તારા કુટુંબકબીલાને લઈને સુખેથી નીકળી જા. બીજું કાંઈ માગવું છે?' અર્જુન બોલ્યો.

'ખાંડવવનને આગ મૂકી તે પહેલાં મને ખબર હોત તો ઘણુંયે માગત. અગ્નિદેવે આ પ્રદેશનાં સ્ત્રીબાળકોને સળગાવીને ભારે મોટો અનર્થ કર્યો છે. પણ હવે તેનો ઉપાય નથી. પરંતુ અર્જુન! તક્ષકની ગેરહાજરીમાં આજે તમે લોકોએ તમામ નાગલોકોને જેર કર્યા તેથી તક્ષક તમારો મિત્ર થયો કે શત્રુ?' મય બોલ્યો.

'વારુ, તું શું કહેવા માગે છે?' અર્જુન બોલ્યો.

'આથી તો ઊલટો તક્ષક તમારો શત્રુ થયો અને વખત આવ્યે તમને કે તમારી પ્રજાને જરૂર ડસવાનો. આ જ ખાંડવને એક વાર અગ્નિદેવે હાથ કર્યું અને ત્યાં જ પાછા નાગલોકો આવ્યા કે અગ્નિને પગ મૂકવો ભારે થઈ પડ્યો. આજે નાગલોકોને તમે રંજાડો, કાલે નાગો તમને રંજાડે; એમ એ આખોય કોયડો અણઊકલ્યો જ રહેવાનો. બેશક, મારે આ બધા સાથે કશું પ્રયોજન નથી; હું તો માત્ર હૈયે ચડેલી વાત બોલું છું.' મય બોલ્યો.

'આજે આ બધી વાતોનો વિચાર કરી શકાય તેમ નથી. તું તારે સત્વર નીકળી જા.' અર્જુને કહ્યું.

'ઉપકાર, મહાશય! તમે મારી વાત સાંભળીને મને રક્ષણ આપ્યું માટે એક વિનંતી કરી લઉં? મારી સ્થાપત્યવિદ્યાની ને શિલ્પવિદ્યાની તમારે જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે હું સેવામાં હાજર છું એમ સમજશો. મારા શબ્દો માત્ર વિવેક ન માનતા.' મયે કહ્યું.

'ઠીક; જા.'

'અર્જુન! ભવિષ્યમાં કદાચ રાજસૂય યજ્ઞ કરો તો આ દાનવ કામ લાગે તેવો છે, એટલે તે દિવસે ધ્યાનમાં રાખજો.'

'બરાબર છે.' અર્જુને પૂરું કર્યું.

મય દાનવ રજા લઈ ચાલતો થયો, અને શ્રીકૃષ્ણ તથા અર્જુન પોતાના કામમાં વળગ્યા.

સારથિ બૃહન્નલા

વનવાસના તેરમા વર્ષ દરમિયાન પાંડવોને ગુપ્ત રહેવાનું હતું. આ વર્ષમાં પાંચ પાંડવો તથા દ્રૌપદી વિરાટ રાજાના નગરમાં છૂપા વેશે રહ્યાં. અર્જુનને ઉર્વશીનો શાપ હતો તે પ્રમાણે તે એક વર્ષ નપુસંક બન્યો અને બૃહન્નલા નામથી રાજકુંવરી ઉત્તરાને સંગીત તથા નૃત્ય શીખવવા રહ્યો. દ્રૌપદી રાણી સુદેષ્ણાની દાસી બની ને એણે પોતાનું નામ સૈરન્ધ્રી રાખ્યું.

ગુપ્તવાસના વર્ષ દરમિયાન કૌરવો પાંડવોને શોધી કાઢી જાહેર કરવા માટે ખૂબ મથી રહ્યા હતા, અને એટલા માટે કેટલાયે ખાનગી જાસૂસો તેમણે દેશપરદેશમાં મોકલી દીધા હતા. જીમૂત નામનો અજોડ મલ્લ વિરાટનગરમાં હાર્યો અને મરી ગયો એ સમાચાર શકુનિના કાને પહોંચી ગયા ત્યારથી તેને વહેમ તો પડ્યો જ હતો. કીચક અને તેના સો ભાઈઓની વાત પણ ઊડતી ઊડતી કૌરવો સુધી પહોંચી એટલે દુર્યોધન એક મોટી સેના લઈને વિરાટનગર પર ચડી આવ્યો.

* * *

એક દિવસ રાણી સુદેષ્ણા મહેલમાં બેઠાં બેઠાં સૈરન્ધ્રી પાસે માથું ઓળાવતાં હતાં ત્યાં દરવાજે ધા પડી: ‘ઓ સુદેષ્ણા મા! બચાવો, બચાવો! અમને મારી નાખ્યા.’

ધા સાંભળતાવેંત સુદેષ્ણા ઊભાં થયાં અને પૂછ્યું: ‘કોણ બૂમ પાડે છે?’

‘એ તો માજી! અમે છીએ; તમારા ગોવાળિયા. આ પાદરમાં સેના આવી છે તે અમારાં ઢોર હાંકી જાય છે.’ એક ગોવાળ બોલ્યો.

‘કોની સેના છે?’

‘અમે પૂછ્યું ત્યારે કહે કૌરવસેના છે. માડી! જુઓ ને, આ અમારાં માથાં પર લાકડીઓ મારીને ધણ આખું વાળી ગયા. બાપ! અમારે એક તમારો આશરો છે; અમને બચાવો!’

‘હું એકલી શું કરું? મહારાજ દક્ષિણ તરફ સેના લઈને ગયા છે તે હજી આવ્યા નથી; સેનાપતિ પણ ત્યાં સાથે છે. અહીં તો હું અને મારો ઉત્તર બે જ છીએ.’ સુદેષ્ણા જરા દીન થતાં બોલ્યાં.

‘તો ઉત્તરભાઈ લડવા જશે.’ દ્રૌપદી બોલી. ‘કેમ ઉત્તરભાઈ?’

ઉત્તમકુમાર એક છલંગ મારતો ઊભો થયો અને બોલ્યો: ‘બંદા લડવા જશે, બંદા! ક્યાં છે કૌરવસેના? બધાને કાપી નાખીશ.’

‘વાહ વીર! કેવા શોભો છો! બાપુ નથી એટલે આજે તો તમારે જ લડવા જવું ને બધાને હરાવીને પાછા આવવું.’ દ્રૌપદીએ ઉત્સાહ આપ્યો.

‘સૈરન્ધ્રી! આ તલવારના ઘાથી દુર્યોધનનું ડોકું ઉડાવી દઈશ અને એક બાણ મારીશ તે તેના ભાઈઓ ક્યાંઈ જઈ પડશે. માડી! મારો રથ તૈયાર કરાવ.’

‘સૈરન્ધ્રી! એને શા માટે ચડાવે છે? ભાઈ! તારે એકલા લડવા જવાનું હોય? તું મોટો થા ત્યારે જજે.’

‘શું આજે હું નાનો છું? મા! જો તો ખરી, મારે જવું જ છે. નહિ જવા દે તો અહીં મરી જઈશ. હું વિરાટનો કુંવર. દુશ્મનો આપણી ગાયો વાળી જાય અને હું સાંભળી રહું?’ ઉત્તર આમતેમ ફરતો બોલ્યો.

‘તો, બા! કુમારને જવા દ્યો ને?’

‘તુંયે ઠીક છે! તેં દીકરો જણ્યો હોય તો ખબર પડે કે કેમ મોકલાય છે! એકલા કુંવરને તો એ કાળમુખા કૌરવો ભરખી જાય, ખબર છે?’ રાણી બોલ્યાં.

‘એકલા શા માટે જાય? ઉત્તરભાઈની સાથે આ બૃહન્નલાને મોકલીએ.’ દ્રૌપદી બોલી.

‘બૃહન્નલાને! એ શું ચોટલો છૂટો મૂકીને ત્યાં નાચશે?’ સુદેષ્ણા ગુસ્સે થતાં બોલ્યાં.

‘રાણીજી! આ બૃહન્નલાએ અર્જુનનો રથ હાંક્યો છે એમ મને ખબર છે.’ દ્રૌપદી બોલી.

‘અર્જુનનો રથ હાંક્યો છે? તો તો બૃહન્નલા! તું જ મારો રથ હાંક.’ ઉત્તરે અર્જુનનો હાથ પકડ્યો અને તેને ખેંચવા લાગ્યો.

‘બૃહન્નલા! તેં અર્જુનનો રથ હાંક્યો છે? વાત ગળે ઊતરતી નથી. અને હાંક્યો હોય તોયે ઉત્તરને મોકલવાની હામ તો નથી જ થતી.’ રાણી બોલ્યાં.

‘માડી! મારે જવું જ છે. હું તો જઈશ, જઈશ ને જઈશ.’

‘રાણીજી! કુમાર હઠ લે છે ત્યારે મોકલો ને?’

‘અને પછી મહારાજ આવીને પૂછે ત્યારે હું શું મોઢું દેખાડું?’ રાણી ક્રોધે ભરાઈને બોલ્યાં.

‘કુમારનો વાળ વાંકો નહિ થાય એની હું ખાતરી આપું છું. બૃહન્નલા રથ ઉપર બેસે

એટલે રથને આંચ ન આવે.' દ્રૌપદી બોલી.

'ભારે મોટી બૃહન્નલા! ત્યાં છોકરીઓને ગાતાંનાચતાં શીખવાનું નથી; ત્યાં તો શૂરવીરના ખેલ છે.'

'બા! મને તો લાગે છે કે કુંવરને જવા દ્યો.' દ્રૌપદી ફરી વખત બોલી.

'તું ક્યારની જવા દ્યો જવા દ્યો કહે છે, અને બૃહન્નલા પાસે ઊભી છે તોયે એ એક અક્ષર પણ બોલતી નથી. એનું શું છે?' રાણીએ કહ્યું.

'બા! હું શું કહું? સૈરન્ધ્રી આપને કહે છે; મારી જીભે એ બધું ન શોભે. તોયે કહું છું કે મને મોકલશો તો કુમારને આવા ને આવા ખોળામાં પાછા સોંપીશ એટલી ખાતરી રાખજો.' અર્જુને જણાવ્યું.

'બા! હવે જલદી કર. બૃહન્નલા! તું તૈયાર થા; ઘોડારમાંથી ઘોડા જોડીને જલદી રથ લઈ આવ. ગોવાળિયા વાટ જુએ છે.' ઉત્તર બોલ્યો.

'રાણીની રજા થાય પછી ને?'

'બૃહન્નલા! સૈરન્ધ્રી! તમારા વચન પર વિશ્વાસ રાખી હું મારો આ કાચોકુંવારો ઉત્તર તમને સોંપું છું. બૃહન્નલા! હજી ઉત્તરના દાંતમાં મારું દૂધ ચોંટ્યું છે; પણ તેં અર્જુનનો રથ હાંક્યો છે એટલી મને ધીરજ છે. જા, રથને તેયાર કર.'

રાણીએ કહ્યું એટલે અર્જુન રથને તૈયાર કરવા ગયો; સુદેષ્ણાએ ઉત્તરકુમારને તૈયાર કરવા માંડ્યો.

* * *

વિરાટના દરવાજામાંથી ઘૂઘરીઓનો ઘમકાર કરતો ઉત્તરકુમારનો રથ નીકળ્યો. રથને ચાર ધોળા ઘોડાઓ જોડ્યા હતા, અને મોખરે ઘોડાઓની લગામ હાથમાં લઈને બૃહન્નલા બેઠી હતી! અંદર વિરાટ રાજાનો લાડકો કુંવર પોતાના ઓરડામાં જેટલી સહેલાઈથી રમકડાંઓને સોટી મારે તેટલી જ સહેલાઈથી કૌરવોને હરાવીને પાછા ફરવાનાં સ્વપ્નો સેવતો, અને કૌરવોને જોવા માટે વારંવાર ડોક ઊંચી કરતો બેઠો હતો.

દરવાજો છોડ્યો એટલે બૃહન્નલાએ લગામને બરાબર લીધી અને ઘોડાઓને છોડી મૂક્યા. રથનાં પૈડાં ધૂળ ઉડાડવા લાગ્યાં અને ઘડીમાં તો ઘોડાના પગની ખરીઓ જમીનને અડે છે કે નહિ તે નક્કી કરવું મુશ્કેલ થઈ પડ્યું! ઉત્તરકુમાર તો ખૂબ આનંદમાં હતો.

'બૃહન્નલા! રથને આ તરફ ક્યાં હાંક્યો? આપણે તો કૌરવોના લશ્કરને મારવું છે, અને આ તો તું દરિયા તરફ ચાલી.' ઉત્તર બોલી ઊઠ્યો.

'કુમાર! કૌરવોની સેના તરફ જ રથ હાંકું છું.' અર્જુને શાંતિથી જવાબ વાળ્યો.

'અરે! આ સામે મહાસાગર પડ્યો છે તે તો જો! સાગરનાં મોજાં કેવા ઉછાળા મારી રહ્યાં છે? એનાં પાણી સૂર્યના તેજથી કેવા ઝગારા મારે છે! તું રથને બીજી દિશાએ વાળ.' ઉત્તર બોલ્યો.

'કુમાર! તમે દેખો છો તે સાગર નથી; એ જ કૌરવસેના છે. કૌરવસેનાનાં ભાલાં અને તલવારોના ઝળહળાટથી એ તમને સાગર લાગે છે.' અર્જુન બોલ્યો.

'શું કહે છે, બૃહન્નલા! આ જ કૌરવસેના! જેની સામે હું આંખ માંડી શકતો નથી તે કૌરવસેના છે? આ ઝળહળે છે તે એ સેનાનાં આયુધો છે?' ઉત્તરે પૂછ્યું અને પૂછતાં પૂછતાં જ તેને આખે શરીરે પરસેવો આવી ગયો. તેના હાથ ઢીલા પડી ગયા, તેનું મોં લેવાઈ ગયું, સ્નાયુઓ માત્ર શિથિલ થઈ ગયા. કોઈ અફીણીનું અફીણ ઊતરી જાય ને શરીર તૂટવા લાગે તેમ કુમારનો કેફ ઊતરી ગયો અને શરીર આખું કંપવા લાગ્યું.

અર્જુનનું ધ્યાન તો આ બધો વખત કૌરવસેના ઉપર જ હતું. સુદેષ્ણાના મહેલમાં ગોવાળિયાઓની વાત સાંભળી ત્યારથી જ તેના હાથ ચળવળવા લાગ્યા હતા. આજે તેર વર્ષથી જે પ્રતાપને મહામહેનતે તેણે દાબી રાખ્યો હતો તે આજે ઊછળું ઊછળું થઈ રહ્યો. વનવાસનાં સમગ્ર દુ:ખો તેની આંખ આગળ તરવા લાગ્યાં. પોતાની વહાલી દ્રૌપદીને પડેલાં કષ્ટો અર્જુનને જાણે કે ઠપકો આપવા લાગ્યાં. જે મહાકાર્યને માટે અર્જુને ખુદ શંકર પાસેથી પાશુપતાસ્ત્ર મેળવ્યું, જે મહાકાર્યને માટે યમરાજા વરુણ જેવા લોકપાલો પાસેથી દિવ્ય અસ્ત્રો મેળવ્યાં, જે મહાકાર્ય માટે ખુદ ઈંદ્રની પાસેથી વરદાન મેળવ્યું, તે મહાકાર્ય કેમ જાણે આજે તેને બોલાવી રહ્યું હોય એમ જણાયું. અર્જુન કૌરવસેના નિહાળી રહ્યો; તેમાં ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરે હશે તેની કલ્પના કરવા લાગ્યો; એ સૈન્યને આજે રણમાં રોળવાના મીઠા મનોરથો ઘડવા લાગ્યો. અને એ બધાં વિચારોની સાથે જ રથ તો આગળ ને આગળ ધપ્યે જતો હતો.

એટલામાં અર્જુને નજરને પાછી ફેરવી અને જુએ તો રથમાં ઉત્તર ન મળે!' 'અરે, કુમાર ક્યાં?' રથની બહાર ડોકું કાઢીને જોયું તો કુમાર તો જાય દોડ્યો! ઉત્તરે રથની પાછળથી હેઠા ઊતરીને વિરાટનગર તરફ દોટ દીધી હતી.

'હવે રથને પાછો હાંકું? શત્રુને પૂંઠ બતાવું?' અર્જુને રથ ત્યાં જ ઊભો રાખ્યો અને ચોટલો છૂટો મૂકી પાછલે પગે દોટ દઈને કુમારને પકડી લીધો. ઉત્તરે છટકવાના ઘણા કાલાવાલા કર્યા. પણ અર્જુન માને? અર્જુને કુમારને લાવીને રથમાં નાખ્યો ને કૌરવસેનાની સામે હાંકવાને બદલે વાળીને સ્મશાન તરફ લીધો; અને સ્મશાનમાં એક ખીજડો હતો ત્યાં જઈને ઊભો રાખ્યો.

'કુમાર!' અર્જુન બોલ્યો, 'જુઓ, હવે છટકી શકાશે નહિ. તમારે લડવું ન હોય તો રથ હાંકજો, અને લડવાનું મને સોંપજો.'

'તું એકલે હાથે શી રીતે લડીશ?'

'હમણાં કશું બોલો નહિ. રથમાંથી નીચે ઊતરો અને ઝાડ ઉપર જે મોટું પોટલું ટાંગેલું દેખાય છે તે ઉતારો.' અર્જુન બોલ્યો.

'બૃહન્નલા! ત્યાં તો કાંઈક મડદું ટાંગ્યું છે; એ તો ભૂત હશે.'

'ભૂતબૂત નથી. તમે તમારે લગામ ઝાલીને ઊભા રહો; હું રથ પર ચડીને ઉતારું છું.' એમ કહીને અર્જુને પોટકું ઉતારી, તે ખોલી તેમાંથી ગાંડીવ અને બે અક્ષય ભાથા કાઢી લીધા. બાકીનું પોટકું બાંધીને હતું તેમ ટાંગી દીધું અને મડદાને પણ પાછું ગોઠવી દીધું.

પોટકું જોયું ત્યારથી કુમાર તો આભો જ બની ગયો. 'બૃહન્નલા! એક વાત પૂછું? આ ધનુષ્ય અને આ ભાથા કોના છે? તું પોતે કોણ છે?'

'કુમાર! પ્રસંગ આવ્યો છે એટલે જણાવવું પડે છે. પરંતુ તમે વખત પહેલાં કોઈને કહેશો તો જીવથી જશો, એટલું યાદ રાખજો. હું અર્જુન પોતે જ છું.' અર્જુને ખુલાસો કર્યો.

'અર્જુન? પાંડવો માંહેના અર્જુન? તો તો આ ગાંડીવ જ હશે.' કુમારના આનંદનો પાર ન રહ્યો.

'કુમાર! રાજા પાસે કંક રહે છે તે યુધિષ્ઠિર છે; રસોડામાં જે બલ્લવ છે તે ભીમસેન છે, નકુળ અને સહદેવ અશ્વપાલ અને ગોપાલકો છે; ને સૈરન્ધ્રી તે દ્રૌપદી છે; સમજ્યા? હવે જરાયે મૂંઝાયા વિના રથ બેધડક હાંકો. અને જુઓ, અર્જુન કૌરવોને કેવો નસાડે છે તે! અમે વિરાટનગરમાં દાખલ થયાં ત્યારે અમારાં અસ્ત્રો બધાં આ ખીજડા ઉપર બાંધ્યાં હતાં, અને કોઈને શક ન આવે માટે તેની પાસે મડદું લટકાવ્યું હતું. પણ મારી રજા ન મળે

ત્યાં સુધી આ વાત તમારે કોઈને કહેવાની નથી હોં!'

'મહાશય અર્જુન! હું કોઈને નહિ કહું. મારા જીવને જોખમે સમજજો.' ઉત્તર બોલ્યો અને ઘોડાની લગામ એણે પોતાના હાથમાં લીધી.

ઘૂઘરીઓના ઘમકાર કરતો રથ કૌરવસેનાની સન્મુખ આવીને ઊભો એટલે અર્જુને ગાંડીવનો ટંકાર કર્યો. એ એક જ ટંકાર થતાં કૌરવોનાં હૃદયો ચિરાવા લાગ્યાં; 'એક જ રથ લઈને લડવા આવેલા આ બે કોણ હશે?' લાંબો ચોટલો છૂટો મૂકીને પાછે પગે દોડનાર આપણામાં કોણ છે?' 'પાંડવોને તેરમું વર્ષ પુરું થઈ ગયું છે કે નહિ? અને ન થયું હોય તો આ અર્જુન જેવો જ કોઈ છે, એટલે તેમને બીજાં બાર વર્ષ વનમાં જવાનું!' આવા આવા અનેક તર્કવિતર્કો કૌરવસેનામાં ચાલી રહ્યા હતા, એવામાં ફરી ગાંડીવનો ટંકાર થયો અને બે બાણો ભીષ્મના ચરણમાં વંદન કરતાં હોય તેમ પડ્યાં. ભીષ્મ સમજી ગયા એટલે તેમણે બે બાણો અર્જુનના માથા પર મૂકી આશીર્વાદ આપ્યા. દ્રોણને પણ અર્જુને એ જ રીતે વીરવંદન કર્યું, અને દ્રોણે સામેથી આશીર્વાદ આપ્યા.

ત્યાર પછી યુદ્ધ શરૂ થયું. ભીષ્મે ઘડી તો અર્જુન સામે ટક્કર લીધી પણ પછી તેમને ખસવું પડ્યું. દ્રોણ તો પહેલાંથી જ દૂર ઊભા હતા. કર્ણ મોટી બડાઈ મારતો અર્જુનની સામે આવ્યો પણ અર્જુનના ગાંડીવ સામે ટકી શક્યો નહિ. દુર્યોધને યુદ્ધમાં ખૂબ જહેમત ઉઠાવી અને અર્જુનને હંફાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેને પણ નાસવું પડ્યું અને છેલ્લે છેલ્લે તો અર્જુને સંમોહન નામનું અસ્ત્ર મૂકીને આખા કૌરવસૈન્યને સુવાડી દીધું.

'કુમાર!' અર્જુને હાકલ મારી.

'કેમ બૃહ... અર્જુન! શી આજ્ઞા છે?'

'યુદ્ધ જોયું કે?'

'જોયું, સગી આંખે જોયું! યુદ્ધ આવું હોય છે એવી ખબર હોત તો મહેલમાંથી નીકળત જ નહિ. મેં તો જાણ્યું કે તડફડ કરીને બેચારને મારી નાખીશ. પણ કૌરવોની સામે યુદ્ધ કરવું એટલે ખુદ કાળના મોંમાં માથું મૂકવું એની તો આજે જ ખબર પડી. અર્જુન! તમારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. તમે આજે મને મોતમાંથી ઉગાર્યો છે.' કુમાર આનંદમાં આવી ગયો.

'ઉત્તર! તો જાઓ, તમારી બહેને "ઢીંગલીનાં પોતિયાં લેતાં આવજો." એમ તમને ચાંલ્લો કરતાં કરતાં કહ્યું છે, માટે આ આખી સેના સૂતી છે. તેમાંથી ઠીક લાગે તે રંગબેરંગી કપડાં ઉતારી લ્યો. માત્ર ભીષ્મ અને દ્રોણનાં કપડાંને ન અડતાં.' અર્જુન બોલ્યો.

કુમારે રથ પરથી હેઠા ઉતરી કપડાં લઈ લીધાં અને રથમાં મૂક્યાં એટલે સંમોહન અસ્ત્રને વાળીને અર્જુન તથા ઉત્તર ગાયો લઈને વિરાટ તરફ પાછા ફર્યા.

અર્જુન ગયા પછી ઘણી વારે જ્યારે સૈન્યની મૂર્છા વળી ત્યારે સ્વપ્નમાંથી ઊઠતાં હોય તેમ સૌ એકબીજાની સામે જોતા, દૂરના આકાશમાં દૃષ્ટિ ફેંકતા, પોતાને અડખેપડખે કોણ સૂતું છે તે તપાસતા પોતાના શરીરમાં કઈ જગાએ વેદના થાય છે તે નક્કી કરવા મથતા, ઊઠતા, પડતાઆખડતા, કવચ-બખ્તરની ધૂળ ખંખેરતા અને ઊંડું ઊંડું શરમાતા કૌરવવીરો દુર્યોધનની સરદારી નીચે પાછા હસ્તિનાપુર તરફ જવાની તૈયારી કરવા લાગ્યા.

કુરુરાજ દુર્યોધને વિરાટના દરવાજા તરફ એક શૂન્ય દૃષ્ટિ ફેંકી લીધી.

યુદ્ધનાં નગારાં

પાંડવો છતા થયા પછી તો હસ્તિનાપુરના રાજ્યનો ભાગ લેવા માટે અનેક દૂતો એકબીજા પાસે ગયા અને સમાધાનની વાતો ચાલી. પણ આ બધી વાતોનું કશુંયે પરિણામ ન હતું. છેવટે પાંડવો તરફથી વિષ્ટિ લઈને શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જવા તૈયાર થયા.

પાંચ પાંડવો, દ્રૌપદી અને શ્રીકૃષ્ણ એકાંતમાં હતાં ત્યાં શ્રીકૃષ્ણ બોલ્યા: 'સખા અર્જુન! હવે તારો વારો. મહારાજ યુધિષ્ઠિરના અને ભીમસેનના વિચારો તો મેં સાંભળ્યા. પાંચાલી આ આખાયે પ્રશ્નને કેવી રીતે વિચારે છે તે પણ મેં જાણ્યું. હવે મારે તારા વિચારો જાણવા જોઈએ.' શ્રીકૃષ્ણ અર્જુન સામે જોઈને બોલ્યા.

'મહારાજ શ્રીકૃષ્ણ! મારા કે કોઈના પણ વિચારો જાણ્યા વિના પણ તમે જે કરશો તેમાં અમારું કલ્યાણ જ હશે; તેની મને શંકા નથી.' અર્જુન બોલ્યો.

'તોપણ તારા વિચારો તો કહે! તમારા તરફથી વિષ્ટિ કરું અને તમારાં મંતવ્યો સમજ્યા વિના જ ગમે તેમ બાફી મારું તો મારી વિષ્ટિ લાજે, અને તમે મારામાં મૂકેલી શ્રદ્ધા લાજે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! મહારાજ યુધિષ્ઠિર જે કહે છે તે અને જે રીતે કહે છે, તે મને તો જરાયે રુચતું નથી. જેમ કૌરવો ધૃતરાષ્ટ્રના પુત્રો છે તેમ અમે પણ મહારાજ પાંડુના પુત્રો છીએ; હસ્તિનાપુરની ગાદી ઉપર જેટલો તેમનો હક્ક છે તેટલો જ, બલ્કે તેથીયે વધારે અમારો હક્ક છે. આ હક્કને હક્ક તરીકે ગણીને ચાલવાને બદલે જીવનમાં આજ સુધી મહારાજ યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રને વિનંતિ જ કર્યા કરી, એટલે આજે હવે એવો હક્ક છે જ નહિ એવી ભ્રમણા સૌને ઊભી થઈ ગઈ, અને ધૃતરાષ્ટ્ર પોતે પણ એમ જ માનતા થઈ ગયા!'

'તો પછી મારે મૂળ મુદ્દાની શી વાત કરવી?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'સૌથી મોટો મુદ્દો તો એ જ કે અમારે જે કાંઈ લેવું છે તે ધૃતરાષ્ટ્રકાકાની દયાથી કે ઉદારતાથી નથી લેવું, પણ મહારાજ પાંડુના પુત્રો તરીકે હક્કથી લેવું છે, એવી ચોખવટ કરજો.' અર્જુને ભાર દઈને જણાવ્યું.

'પણ દુર્યોધન એ વાત સ્વીકારશે? આજે વર્ષો થયાં તેના હાથમાં સત્તા પડી છે, તે ભૂલી ન જવાય.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'તમારી વાત બરાબર છે. સત્તા એ બૂરી ચીજ છે. રાજા તરીકેની બધી જવાબદારીઓને પહોંચી વળવા માટે રાજાના હાથમાં સત્તા મૂકવામાં આવે છે એ રાજા ભૂલી જાય છે, અને સત્તા જાતે જ મહત્ત્વની વસ્તુ થઈ જાય છે. બધાં રાજતંત્રોમાં એમ જ બની જાય છે, અને તેથી જ વેન જેવા રાજાને પદભ્રષ્ટ થવું પડ્યું હશે. દુર્યોધનના હાથમાં સત્તા છે તે તેણે છોડવી પડશે - પછી સમજીને છોડે કે લડીને છોડે.' અર્જુન બોલ્યો.

'પણ લડવાનાં બધાં પરિણામોનો તેં બરાબર વિચાર કર્યો?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'લડાઈનાં પરિણામો મહારાજ યુધિષ્ઠિર કહે છે તેવાં જ અનિષ્ટ આવશે એની મને શંકા નથી. યુદ્ધ થશે એટલે કરોડો ક્ષત્રિયો રણક્ષેત્ર ઉપર ધૂળ ચાટતા થશે; યુદ્ધમાં કેટકેટલાંયે કુળનો સમૂળ ઉચ્છેદ થઈ જશે; કેટકેટલી સ્ત્રીઓ વૈધવ્ય પામશે અને કેટલાંયે ક્ષત્રિયબાળકો નિરાધાર થઈ જશે; સમસ્ત પ્રજામાં અવ્યવસ્થા ફેલાઈ જશે, ચોરલૂંટારાઓનો ત્રાસ જાગશે, લોકોના વેપારને અનહદ નુકસાન થશે; અને લોકોનું માનસ લડાઈના રંગથી એવું તો રંગાઈ જશે કે લડાઈ પૂરી થયા પછી પણ અમુક વખત સુધી એ જ રંગ સમાજને પણ લાગશે. આ બધાં પરિણામો હું જાણું છું; પણ તે અનિવાર્ય છે. લડાઈ જાગશે ત્યારે અમુક કાળ સુધી તો લોકમાનસનું ત્રાજવું એકદમ અસ્થિર થઈ જશે, અને એ ત્રાજવું સ્થિર થાય ત્યાં સુધીમાં સમાજ અનેક પલટા પણ અનુભવશે. પરંતુ

ઈશ્વરના આ જગતમાં આવા સ્થિરતા અસ્થિરતા ચાલ્યા જ આવ્યા છે એમ હું ભીષ્મ પાસેથી સમજ્યો છું. માટે મને તો અમારા પરંપરાગત હક્કને માટે લડવું પડે તોયે વાંધો નથી.' અર્જુને જવાબ વાળ્યો.

'તો પછી ભીમસેન કહે છે તેમ સીધી લડાઈની જ વાત મૂકું?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'ના.' અર્જુન બોલ્યો, 'ભીમસેન કહે છે તે બરાબર નથી. શ્રીકૃષ્ણ! ભીષ્મ પિતામહે મને જે કાંઈ શીખવ્યું છે, તે પરથી તો એમ લાગે છે કે હસ્તિનાપુરની પ્રજાનું ભાવિ નક્કી કરનાર દુર્યોધન કોણ? યુધિષ્ઠિર કોણ? કે શ્રીકૃષ્ણ કોણ? અમે આપખુદ લોકો અમારા અંગત સ્વાર્થમાં ખેંચાઈને આખી જનતાને લડાઈમાં ઉતારીએ, અને લડાઈમાં મરવું તેને સ્વર્ગનું દ્વાર કહીએ; તો અમારા જેવા બદમાસો બીજે ક્યાં છે? આ રાજાનો અને સામ્રાજ્યનો પ્રશ્ન એવો પોલો છે કે સમાજ જે દિવસે રૂંવાડાં ફફડાવીને જાગશે ને ઉકેલ માગશે ત્યારે મોટાં મોટાં સામ્રાજ્યો જમીનદોસ્ત થઈ જશે. એ દિવસ એક વખત જરૂર ઊગવાનો છે માટે તો મને થાય છે કે અમારી તકરાર નિર્દોષ પ્રજાનું લોહી રેડાયા વિના ઊકલી જાય તો વધારે સારું. ભીમસેન તો કોઈ પણ ઉપાયે લડાઈ માગે છે; હું સ્વમાન જળવાય તેવી રીતે અમારો હક્ક માગું છું, અને એ હક્ક મેળવવા જતાં લડવું પડે તોપણ તૈયાર છું.' અર્જુન બોલ્યો.

'તારી વાત તો સ્પષ્ટ જ છે, તારે ભીષ્મ પિતામહને કે દ્રોણાચાર્યને કાંઈ કહેવું છે?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'પહેલું તો કાકા ધૃતરાષ્ટ્રને, એમને મારા નામથી કહેજો કે તમે તો પાંડવકૌરવના હિતના રખેવાળ છો. પાંડુ મહારાજે અમને તમારે આધારે મૂક્યા છે; અર્થાત્ તમારે અંગત સ્વાર્થ હોવો ન ઘટે. જે માણસો કુટુંબમાં પણ અંગત સ્વાર્થ-સંબંધથી પર રહી શકે છે તેની જ મુરબ્બીવટ યશસ્વી નીવડે છે. તમે કૌરવોમાં અને અમારામાં ભેદ કર્યો છે એટલે તમારી મુરબ્બીવટનું દેવાળું નીકળ્યું છે. મોટાભાઈ યુધિષ્ઠિર જૂના વિચારને માન્ય કરીને તમને મુરબ્બી ગણે છે; પણ મારી સમજ પ્રમાણે તો તમારા જેવા સ્વાર્થી મુરબ્બી વધને લાયક છે. ભીષ્મને અને દ્રોણને મારા પ્રણામ કહેજો. એ બંનેને ચરણે બેસીને હું જે જે શીખ્યો છું તે સારુ સદા માટે તેમનો આભારી છુ; પણ શ્રીકૃષ્ણ! બંનેને જણાવજો કે જીવનના કટોકટીના પ્રસંગે જે માણસ માત્ર પોતાના વિચારો જણાવીને બેસી રહે, પરંતુ તેને આચારમાં ન ઉતારે તે માણસ હતવીર્ય છે, અને તેથી જ દયાપાત્ર છે! તમારો બંનેનો અમારા તરફનો પક્ષપાત હું જાણું છું. તમારાં હૈયાં અમારું ભલું જોઈને હરખાય તે હું બરાબર સમજું છું. પણ જ્યાં ઘોર અન્યાય અને હડહડતો અધર્મ ચાલતો હોય ત્યાં માણસોની ક્ષાત્રવૃત્તિ અનાયાસે ઊછળી ન આવે તો તે ક્ષત્રિય શાનો? દુર્યોધનનો અન્યાય દેખતા છતાં તમે તેની સાથે રહો છો એ જ દેખાય છે કે તમારા હૃદયના ઊંડાણમાં તમે તેની સાથે છો, અને આ જોર પર જ કૌરવસેના નાચે છે.' અર્જુને હૃદય ખાલી કર્યું.

'બીજા કોઈને કાંઈ કહું?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'એમ તો ઘણા હૈયે ચડે છે.દુર્યોધન છે, કર્ણ છે, દુશાસન છે, વિદુર કાકાયે છે, પણ કોઈને કશું કહેવું નથી. હું સમજું છું કે આજે આવા સંદેશાઓનો કશો અર્થ નથી. હવામાં યુદ્ધનાં મોજાં ઊછળી રહ્યાં છે, અને સૌ એક યા બીજી રીતે લડવા જ માગે છે. મને નથી ભાસતું કે ખુદ તમારાથી પણ સમાધાન થાય. છતાં એક છેલ્લો પ્રયત્ન કરી જુઓ. મને તો એમ પણ લાગે છે કે તમારા આવા પ્રયત્નોથી કૌરવોને એમ જ લાગવાનું કે પાંડવો લડવાની ખાલી વાતો કરીને જ જે કાંઈ મળે તે લેવા માગે છે. મારો અંગત અભિપ્રાય તો એવો પણ ખરો કે એક વાર હાથ બતાવ્યા સિવાય કૌરવોને સાન આવવાની નથી!' અર્જુન

બોલ્યો.

'મારી એ જ વાત છે ના! હાથ બતાવો એટલે કાકા કહીને સામા પૂછવા આવશે.' ભીમે દાંત પીસ્યા.

'પણ હવે મારે તો જવું જ એ નક્કી. સમાધાન નહિ થાય તો આપણે તો કશુંયે ગુમાવતા નથી; એક છેલ્લો શાંતિનો પ્રયત્ન કરી જોવો એટલે જીવને પણ સંતોષ થાય.

'જરૂર, અમને તૈયારી માટે એટલા વધારે દિવસો મળશે એ પણ લાભ. શ્રીકૃષ્ણ! મારે જે કહેવાનું હતું તે મેં તમને વિસ્તારથી કહ્યું છે; પણ એ બધાની પાછળ એક વાત તો ઊભી જ છે એમ ચોક્કસ સમજો. અમે સૌ ભાઈઓએ અમારાં જીવતર શ્રીકૃષ્ણના ખોળામાં સોંપ્યાં છે. એટલા માટે તો દુર્યોધને જ્યારે તમારી પાસેથી શસ્ત્રવાળી સેના લીધી ત્યારે મેં તો એકલા અશસ્ત્ર એવા આપને જ પહેલેથી માગ્યા હતા. અમારા વિચારો અમે જણાવ્યાં; હવે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જઈને જે કરી લાવે તે અમારે સર્વોને સર્વાંશે કબૂલ. એ અમારો છેલ્લો બોલ છે. કેમ મહારાજ યુધિષ્ઠિર?' અર્જુન બોલ્યો.

'એ તો છે જ. અમે સૌએ અમારી બુદ્ધિ પ્રમાણે કહ્યું છે; છતાંયે તમને આવી બાબતોમાં કેટલીક વાર અંતરની જે સ્ફૂરણા થઈ આવે છે તેની આગળ અમારી સૌની બુદ્ધિ વલખાં મારે. શ્રીકૃષ્ણ! જરાયે વિવેક નથી કરતો. આવી આવી જીવનની અનેક બાબતોમાં તમારા વિચારો જણાવો છો ત્યારે મનુષ્યના હૃદયના ઊંડાણમાં રહેલું કોઈ તત્ત્વ બહાર નીકળતું હોય એમ જ લાગ્યા કરે છે અને શાસ્ત્રના નિર્ણયો કરવામાં કુશળ એવી બુદ્ધિ પણ એ વિચારોને સમજવા અને અનુસરવા લલચાય છે. માટે અર્જુન કહે છે તે યથાર્થ છે. તમે જે નક્કી કરીને આવશો તે અમારે પાંચેને શિરોવંદ્ય છે. કેમ ભીમસેન? કેમ નકુળ-સહદેવ?'

'એ કહેવાની જરૂર જ નથી.' ભીમ બોલ્યો.

'કબૂલ, કબૂલ!' નકુળ-સહદેવ બોલ્યા.

બીજે દિવસે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જવા નીકળ્યા.

* * *

હિરણ્યવતી નદીના કાંઠા ઉપર પાંડવોએ પોતાનો પડાવ નાખ્યો. મોટા સપાટ મેદાન પર તેમણે પોતાની આખી છાવણીની સીમા આંકી લીધી, અને આખીયે છાવણીને માટે એક જંગી દરવાજો ખડો કર્યો. આ છાવણીમાં યુદ્ધનાં જુદાં જુદાં ખાતાંઓની ગોઠવણ કરવામાં આવી હતી. છાવણીની બરાબર મધ્યમાં શ્રીકૃષ્ણનો તંબૂ ઊભો કર્યો હતો, અને શ્રીકૃષ્ણના તંબૂની ફરતા પાંચે ભાઈઓના પાંચ તંબૂઓ તથા છઠ્ઠો દ્રૌપદીનો તંબૂ ઊભો કરવામાં આવ્યો હતો. છાવણીના એક ભાગમાં આખાયે યુદ્ધના સેનાપતિ ધૃષ્ટદ્યુમ્ન માટે ગોઠવણ રાખી હતી; એક બાજુ મહારથીઓ તથા અતિરથીઓ પોતપોતાનાં સૈન્યો સહિત પડાવ નાખે એવી ગોઠવણ હતી; એક તરફ દ્રુપદ રાજા તથા તેમના પાંચાલો પડ્યા હતા; એક તરફ વિરાટ અને તેમના મત્સ્યો પડ્યા હતા.

ભારતવર્ષના લગભગ તમામ રાજામહારાજાઓ આ યુદ્ધમાં સામેલ થયા હતા - કોઈ પાંડવોના પક્ષમાં તો કોઈ કૌરવોના પક્ષમાં. કોઈ રાજામહારાજ એકાદ પક્ષમાં સામેલ થવા માટે પોતાના લશ્કર સાથે આવે ત્યારે છાવણીના મુખ્ય દરવાજે તેના આવકાર માટે ભેરી-મૃદંગ વાગતાં અને છાવણીના મુખ્ય માણસો રાજામહારાજાનો સત્કાર કરવા સામા આવતા.

ભીષ્મક રાજાનો પુત્ર અને રુક્મિણીનો ભાઈ રુકમી કુંડિનપુરથી પોતાની સાગર

જેવડી સેના લઈને પાંડવોની છાવણી તરફ વળ્યો એટલે મુખ્ય દરવાજે તેના સત્કાર અર્થે ભેરી-મૃદંગનો નાદ થયો, અને મહારાજ યુધિષ્ઠિર તેનો સત્કાર કરવા બહાર આવ્યા.

'પધારો પધારો, રુકમી!' યુધિષ્ઠિરે આવકાર આપતાં કહ્યું.

'મહારાજ! તમે સૌ કુશળ છો કે? અર્જુન પણ કુશળ છે કે?' રુકમીએ બોલવા માંડ્યું.

'તમારી સૌ રાજામહારાજાઓની શુભેચ્છાથી અમે બધા કુશળ છીએ. તમે અહીં આવીને અમને બહુ આભારી કર્યા છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'એમાં મેં કશું બહુ કર્યું નથી. તમને આવો ઘોર અન્યાય થતો હોય તેવે વખતે તમારે પડખે ઊભો ન રહે એવો દુષ્ટ કોણ હોય? રુકમી બોલ્યો.

'તો તમે હવે સ્વસ્થ થાઓ. તમારા માટે શિબિર તૈયાર છે અને આ સેના માટે પણ ગોઠવણ છે જ. સહદેવ! સાથે જઈને બધી વ્યવસ્થા દેખાડ.' યુધિષ્ઠિર બોલ્યા.

'પધારો, મહારાજ! હું તૈયાર છું.' સહદેવે કહ્યું.

'મહારાજ યુધિષ્ઠિર! હું સ્વસ્થ જ છું; પણ મારા શિબિરમાં જાઉં તે પહેલાં મારે એક ચોખવટ કરી લેવી છે.' રુકમી બોલ્યો.

'જે ચોખવટ કરવી હોય તે સુખેથી કરો. અહીં તમારે તમારું કુંડિનપુર જ છે એમ સમજીને છૂટથી રહેવું.' યુધિષ્ઠિર બોલ્યા.

'જુઓ, આ મારું વિજય નામનું ધનુષ્ય. જગતમાં ત્રણ મુખ્ય ધનુષ્યો - એક વરુણનું ગાંડીવ, એક શ્રીકૃષ્ણનું શાર્ડ્ગ અને ત્રીજું આ વિજય. શ્રીકૃષ્ણ તો યુદ્ધમાં લડવાના જ નથી. મારું આ વિજય એકલું તમને વિજય અપાવવા સમર્થ છે.' રુકમી બોલ્યો.

'એ તો છે જ.' યુધિષ્ઠિર બોલ્યા.

'છે જ એમ નહિ; તમે અને તમારા રાજામહારાજાઓ સુખેથી તમારા તંબૂઓમાં બેસી રહો, અથવા તો સૌ પોતપોતાને ઘેર જાઓ. હું એકલો કૌરવસેનાને રણમાં રોળીશ! રુકમી બોલ્યો.

તમારું બળ ક્યાં કોઈથી અજાણ્યું છે?' યુધિષ્ઠિરે મોં મલકાવ્યું.

'પણ એક શરત છે. અર્જુન મારે પગે હાથ મૂકીને કહે: "હું ભયભીત થયો છું; માટે તમારે શરણે છું." અર્જુન આટલું કહે પછી રુકમી છે અને કૌરવસેના છે. ઘડીના છઠ્ઠા ભાગમાં યુધિષ્ઠિરને માથે હસ્તિનાપુરનો રાજમુગટ ચડે!' રુકમી છાતી કાઢતો બોલ્યો.

'આજે તમે ક્યાંથી આવ્યા છો?' ભીમથી ન રહેવાયું.

'ભીમસેન! જરા ધીરજ રાખ.' અર્જુને ભીમનો હાથ દાબ્યો.

'રુકમી! તમે સ્વસ્થ થાઓ પછી આપણે ભેગા થઈને વિચાર કરશું.'

'અમસ્તોય સ્વસ્થ જ છું; પણ આ વાત ચોક્કસ થાય પછી હું મારા શિબિરમાં જઈશ.' રુકમી બોલ્યો.

'તમારી સહાય તો અમારે જોઈએ જ છે.' યુધિષ્ઠિરે કહ્યું.

'ના, એમ નહિ. મેં કહ્યા તે શબ્દો અર્જુન મારે પગે હાથ મૂકીને બોલે.' રુકમીએ ભાર દઈને જણાવ્યું.

'રુકમી!' અર્જુનથી ન રહેવાયું. 'તમે મોટી સેના લઈને અહીં આવ્યા તે માટે તમારો ઉપકાર. બાકી અર્જુન તમારે ચરણે હાથ મુકે અને "હું ભયભીત થયો છું" એમ બોલે તે સ્વપ્નમાંયે આશા ન રાખશો. અર્જુને તો એક શ્રીકૃષ્ણને ચરણે હાથ મૂક્યો છે તે મૂક્યો છે; આ ત્રણ લોકમાં બીજા કોઈને ચરણે અર્જુન હાથ મૂકે તેમ નથી. "હું ભયભીત થયો છું" એમ અર્જુન કહે? વિરાટનગરમાં અર્જુન એકલે હાથે આખી કૌરવસેના સામે ઝૂઝ્યો હતો

તે ખબર નથી? અર્જુન તો પાંડુનો પુત્ર અને દ્રોણાચાર્યનો શિષ્ય! અર્જુનની પીઠ પાછળ કોનો હાથ છે તે ખબર નહિ હોય, રુકમી! તમે સ્વસ્થ થઈને રહો તો અમારા માથા પર છો: સ્વસ્થ થઈ ન શકો તો જ્યાં જવું હોય ત્યાં જવા મુખત્યાર છો.'

'અર્જુન, અર્જુન! તારો કાળ તને આ બોલાવે છે એમ સમજ. તમને મદદ કરવા માટે રાજામહારાજા આવશે પણ બીજો રુકમી નહિ આવે હો! વિજય ધનુષ્યનો ધારણ કરનાર રુકમી કૌરવપક્ષમાં જશે તો તમારું શું થશે તેનો વિચાર કર્યો?' રુકમી બોલ્યો.

'મને મદદ કરવા માટે બીજો રુકમી તો કદાચ આવશે, પણ આવેલા રુકમીને સાચાં વેણ કહેનાર બીજો અર્જુન તો કોઈ દિવસ નહિ મળે! યાદ રાખજો, તમને પોતાને જેટલું અભિમાન છે તેથી દોઢું અભિમાન માથામાં રાખીને દુર્યોધન ફરે છે; એટલે ત્યાંયે તમને તો આવો જ સત્કાર મળશે.' અર્જુને સંભળાવી દીધું.

'દુર્યોધન તારા જેવો નાદાન હશે તો જુદી વાત!' એમ બોલતાંવેંત રુકમી પોતાની સેના લઈને પાંડવોની છાવણી છોડીને ચાલ્યો ગયો.

ધર્મસંકટ

મહાભારતના યુદ્ધનો દિવસ ઊગ્યો અને ભગવાન સૂર્યનારાયણે અઢાર અક્ષૌહિણી સેના પર પોતાની લાલ આંખ ફેંકી.

બંને સૈન્યો સજ્જ થતાં હતાં. રથના ઘોડાઓ પોતાના રથપતિનું વહન કરવા માટે હણહણી રહ્યા હતા. મદોન્મત્ત હાથીઓ શત્રુને શોધતા હોય તેમ પોતાની સૂંઢો આમતેમ ફેરવતા હતા. સારથિઓ સુંદર પોશાક સજી હાથનો ચાબુક ચલાવતા ચલાવતા હાવન હાંકનારાઓનું માનસ બતાવતા હતા. માવતો હાથના અંકુશો ઝાલીને કેમ જાણે વિજયની ચાવીઓ પોતાની પાસે જ હોય તેમ છાતી ટટ્ટાર રાખી બેઠા હતા. અને અસંખ્ય ક્ષત્રિયવીરો કોઈ તલવાર ખખડાવતા તો કોઈ ગદા હલાવતા, કોઈ ધનુષ્યને નિહાળતા તો કોઈ બાણો સાથે સાંધવાનાં પીછાંને ગોઠવતા, કોઈ રણમેદાનમાં મરીને સ્વર્ગે જવાનો ઉત્સાહ ધરાવતા તો કોઈ ઘેર મૂકેલા એકાદ નાના બાળકને સંભારીને આંખ ભીની કરતા, કોઈ પાંડવો તરફની દાઝથી તો કોઈ કૌરવો તરફની દાઝથી, કોઈ પ્રતિષ્ઠાના લોભથી તો કોઈ ભવિષ્યના લાભના લોભથી, કોઈ ધર્માધર્મના વિવેકથી તો કોઈ ધર્માધર્મને સમજ્યા વિના યુદ્ધની હાકલ માત્રથી, કોઈ સગપણના દાવે તો કોઈ મૈત્રીના દાવે, કોઈ જીવનથી કંટાળીને તો કોઈ યૌવનના ઉછરંગમાં - એમ અસંખ્ય ક્ષત્રિયવીરો ભારતવર્ષના આ સનાતન રણમેદાન પર ઘૂમી રહ્યા હતા, અને માનવસાગર ઊછળ્યો હોય તેમ ઊછળીને ભારતવર્ષનું ભાવિ નક્કી કરવા તલપાપડ થઈ રહ્યા હતા. આખાયે ભારતવર્ષમાં યુદ્ધનું વાતાવરણ પ્રસરી ગયું કે સોનેરી સિંહાસનો ઉપરના બિરાજનારાઓ સિંહાસનોમાં રહી ન શક્યા, અને કુટુંબીજનો સાથે શાંતિથી જીવન ગાળનારાઓ કુટુંબજીવનની ગાંઠોને ઘડીભર ઢીલી કરીને ભારે હૈયે પણ ચાલી નીકળ્યા.

કૌરવસેના તરફથી ભીષ્મ પિતામહ આગળ આવ્યા. તેમના રથને ચાર ધોળા ઘોડા જોડ્યા હતા. તેમની વિશાળ છાતી પર બરફ જેવી ધોળી તેમની દાઢી ફરફરતી હતી. તેમના ધોળા માથા પર મુગટ શોભતો હતો. તેમના હાથમાં ધનુષ્ય હતું. તેમના રથની આસપાસ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, જયદ્રથ, દુ:શાસન, શલ્ય વગેરે મહારાથીઓ પોતપોતાના રથોમાં સજ્જ હતા. 'ભીષ્મ પિતામહ સેનાપતિ રહે ત્યાં સુધી

હું લડીશ નહિ!' એવી પ્રતિજ્ઞા કરીને કર્ણ રણક્ષેત્રમાંથી ગેરહાજર હતો.

પાંડવસેનાનો સેનાપતિ તો ધૃષ્ટદ્યુમ્ન હતો, પરંતુ પાંડવસેનાના વિજયનો આધાર તો અર્જુન જ હતો. ખાંડવવનના દાહ પ્રસંગે અગ્નિએ અર્જુનને વરુણનો જે રથ લાવી આપ્યો હતો તે રથમાં તે બેઠો હતો. તેના રથ પર હનુમાનના ચિહ્નવાળી ધજા ફરકતી હતી. રથને મોખરે યાદવવીર શ્રીકૃષ્ણ એક હાથમાં ઘોડાની લગામ અને એક હાથમાં ચાબુક ઝાલીને બેઠા હતા. શ્રીકૃષ્ણના શરીર પર કેસરિયા રંગનું રેશમી વસ્ત્ર શોભતું હતું અને ગળામાં સુંદર વનમાળા હતી. રથની અંદર અર્જુન હાથમાં ગાંડીવ ઝાલીને બેઠો હતો અને પડખે વરુણદેવના આપેલા બે અક્ષય ભાથાઓ લટકતા હતા. અર્જુનના રથની આસપાસ યજ્ઞકુંડમાંથી જન્મેલો દ્રૌપદીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન તથા ભીમસેન, શિખંડી, દ્રુપદ રાજા, વિરાટ રાજા, વગેરે ગોઠવાઈ ગયા હતા.

એવામાં ભીષ્મ પિતામહે લડાઈની શરૂઆત સૂચવતો પોતાનો શંખ ફૂંક્યો અને તેની પાછળ એક પછી એક એમ અનેક શંખો ફૂંકાવા લાગ્યા - એવા જોરથી કે એ શંખનાદથી આકાશ ફાટું ફાટું થઈ રહ્યું.

આ વખતે અર્જુને રથમાંથી શ્રીકૃષ્ણને કહ્યું: 'મહારાજ શ્રીકૃષ્ણ! મારે યુદ્ધમાં કોની સાથે લડવાનું છે તે હું જોઈ શકું માટે મારો રથ બંને સૈન્યોની વચ્ચે ઊભો રાખો.'

અર્જુનના સારથિ શ્રીકૃષ્ણે રથને બંને સૈન્યોની વચ્ચે ખડો કર્યો અને પૃથાના પુત્ર અર્જુને કૌરવસૈન્ય ઉપર એક લાંબી નજર ફેંકી.

અર્જુન બોલી ઊઠ્યો: 'મહારાજ શ્રીકૃષ્ણ! જેનો ખોળો મેં નાનપણમાં ખૂંદ્યો છે એવા મારા પિતાના પણ દાદા આ ભીષ્મ; જેમની પાસેથી હું શિષ્યભાવે અનેક સેવાઓ કરી વિદ્યા શીખ્યો તે આ ગુરુ દ્રોણાચાર્ય; જેમની સાથે ગંગાના કાંઠા પર અનેક વાર ઓળકોળમની અમે રમતો રમતા તે આ દુર્યોધન અને તેના ભાઈઓ; મારા ગુરુનો પ્રાણથીયે વહાલો આ અશ્વત્થામા, માદ્રીમાતાના ભાઈ મહારાજ શલ્ય; એકસો ને પાંચ ભાઈઓની બહેન દુ:શલાનો પતિ આ સિંધુરાજ જયદ્રથ; ને જેમને હજી મૂછનો દોરો સરખો નથી ફૂટ્યો એવા આ મારા ભત્રીજાઓ - આ બધાને હું મારી સન્મુખ દેખું છું એટલે મારાં ગાત્રો ભાંગી જાય છે. મારે શરીરે પરસેવો આવે છે; મારું મોઢું સુકાય છે અને ગાંડીવ મારા હાથમાંથી સરી પડે છે! જેમની સાથે રહીએ અને આ પૃથ્વીના ભોગો ભોગવવા ઇચ્છા રાખીએ તે બધા તો મારી સન્મુખ ઊભા છે. શ્રીકૃષ્ણ! આ બધાને મારીને તેમના લોહીથી ખરડાયેલા વૈભવને ભોગવવા કરતાં હું પોતે જ કૌરવોને હાથે રણમાં હણાઉં તેમાં મને વધારે કલ્યાણ દેખાય છે.' આમ બોલીને અર્જુને ગાંડીવને હેઠું મૂક્યું અને રથના પાછળના ભાગમાં બેસી ગયો.

શોકથી બેબાકળા બનેલા અર્જુનને શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા: અર્જુન! આ કટોકટીના પ્રસંગે તને આ મોહ ક્યાંથી થયો? હૃદયની પામર નિર્બળતાનો ત્યાગ કરી તું ઊભો થા.'

પણ અર્જુને જવાબ વાળ્યો: 'ભીષ્મને અને દ્રોણને હું શી રીતે મારું? એ લોકોને હણીને હું ભોગ ભોગવવા ઇચ્છતો નથી. શ્રીકૃષ્ણ! અમને વિજય મળે તે સારું છે કે કૌરવોને વિજય મળે તે સારું છે, તે પણ મને સૂઝતું નથી. મારી અક્કલ જ કેમ જાણે બહેર મારી ગઈ છે. યદુવીર! મારું ચિત્ત મૂઢ બની ગયું છે. મને સારાસારની ગમ નથી પડતી. વહાલા શ્રીકૃષ્ણ! મેં તમને કેવળ મારા રથના જ સારથિ નથી માન્યા; તમે તો મારા આખાયે જીવનના સારથિ છો એમ સમજશો. સખા! મને માર્ગ દેખાતો નથી તો મારા આ અંધારા માર્ગમાં તમે પ્રકાશ નાખો.' અર્જુન ગળગળો થઈ ગયો અને દીન વદને બોલ્યો.

અર્જુનના રથ પર બેઠેલા શ્રીકૃષ્ણ હસતા હોય તેમ બોલ્યા: 'સખા અર્જુન! તારા

મોઢામાં પંડિતની ભાષા છે પણ તારા હૈયામાં પંડિતની વિશુદ્ધિ નથી, માત્ર પમરતા અને નબળાઈ છે! તારી એ પામરતા અને નબળાઈ આવી મનોહર ભાષામાં વીંટાઈને બહાર આવે છે એટલે તને પોતાને પણ એ ઘડીભર સુંદર લાગે છે. પણ તું તારા હૃદયમાં જરા ઊંડો ઊતર અને જો, તો નબળાઈ કેટલી કઢંગી અને બેડોળ છે તે તને પોતાને જ જણાશે.

'અર્જુન! તારે ભીષ્મની સામે લડવાનું છે તે શું તને આજે જ ખબર પડી? રણમાં દ્રોણગુરુ તારી સામા ખડા થવાના છે તે શું આજે જ આવીને કોઈ કહી ગયું? તું આ બધું જાણતો હતો, અને તેં સામો તેમને યુદ્ધનો પડકાર પણ કર્યો છે. આ બધું એક પળમાં અત્યારે ક્યાં ગયું?'

અર્જુને જવાબ વાળ્યો: 'શ્રીકૃષ્ણ! એ પડકાર કર્યો ત્યારે યુદ્ધનું ક્ષેત્ર પ્રત્યક્ષ ન હતું; આજે તો આ બધું મારી આંખ સામે ખડું છે!'

શ્રીકૃષ્ણ વળી હસ્યા અને બોલ્યા: 'વાહ, ગાંડીવધારી અર્જુન! ધન્ય છે. વિરાટ રાજાનો કુંવર આ પ્રમાણે બોલે તે ચાલે, પણ કુંતીનો પુત્ર બોલે તે ન ચાલે. અર્જુનને કોઈ પણ યુદ્ધ પ્રત્યક્ષ ન થયું હોય એ સંભવે? તું તો સંગ્રામના ખોળામાં જ મોટો થયો છે.'

'તોપણ જે ઘડીએ માણસને પોતાનું પગલું અયોગ્ય લાગે તે ઘડીએ તેને પાછા હઠવાનો અધિકાર નથી?' અર્જુને પૂછ્યું.

'જરૂર છે. એવે પ્રસંગે આખી દુનિયાની સામે થઈને અને ગમે તેટલાં જોખમે પણ માણસ પાછો હઠે તેમાં જ એની વીરતા છે. પણ અર્જુન! તું તારા હૃદયને નથી ઓળખતો એટલું હું તારા હૃદયને ઓળખું છું. જીવનમાં ઘણી વાર માણસ પોતાના મનને નથી ઓળખતો એટલે ઉપરથી એક માગે છે, જ્યારે ઊંડા અંતરથી કંઈક બીજું જ માગતો હોય છે. અર્જુન! તને આ યુદ્ધ ગમતું નથી એમ નથી. તારા આખાયે જીવન પર એક નજર નાખી જો તો જણાશે કે આ યુદ્ધને માટે જ તેં તારા જીવતર આખામાં મોટી તૈયારી કરી છે, દ્રોણ પાસેથી તું અસ્ત્રવિદ્યા શીખ્યો અને શ્રેષ્ઠ શિષ્ય તરીકે વરદાન મેળવ્યું; ત્યાર પછી દ્રુપદને બાંધીને દ્રોણને ગુરુદક્ષિણા આપી; કોઈ ગૂઢ ઈશ્વરી સંકેતને અર્થે યજ્ઞકુંડમાંથી નીકળેલી દ્રૌપદીને સ્વયંવરમાં મેળવી; મારી સાથે રહીને ખાંડવવનને બાળ્યું ત્યારે અગ્નિદેવે તને આ રથ, આ અક્ષય ભાથો અને આ ગાંડીવ લાવી આપ્યાં તે યાદ છે? વરુણદેવ આવાં સાધનો તને આપે તેનો અર્થ શું તું નથી સમજ્યો? વનવાસ દરમિયાન તું કૈલાસ પર ગયો અને ભગવાન શંકરે તને પાશુપતાસ્ત્ર આપ્યું. અર્જુન, તેં જાણ્યું જ હશે કે તારા માટે તો તારા પિતા ઇંદ્રે કર્ણના કવચકુંડળ માગી લીધાં છે! આ બધાનો એક જ અર્થ છે, અને તે એ કે જગતના જે મહાસંહારની ઘડીઓ જાય છે તેનો તું નાયક છે, અને આજ સુધીનું તારું સમગ્ર જીવન આવા નાયકપદની તૈયારી માત્ર છે. આજે ક્ષણિક મોહથી તું લડવું છોડી દઈશ તો તને દિલમાં વસવસો રહી જશે, અને તારું જીવન આત્મતૃપ્તિ નહિ મેળવે.'

અર્જુન રથના છેડા પરથી નજીક આવ્યો અને બોલ્યો: 'શ્રીકૃષ્ણ! હું અસ્ત્રના પ્રયોગથી ભીષ્મને અને દ્રોણને મારું તેના કરતાં હું અસ્ત્રનો જ ત્યાગ કરું અને એ લોકો મને મારી નાખે તો કેવું સારું થાય!'

વળી શ્રીકૃષ્ણ બોલ્યા: 'સખા! તારી વાત તું કહે છે તે રીતે નહિ પણ બીજી રીતે સાચી છે અને વધારે સારી છે. માણસ બીજાને મારીને વિજય મેળવે તેના કરતાં પોતે મરીને વિજય મેળવે એ ઘણી ઉચ્ચ વસ્તુ છે. પણ અર્જુન! આજે હજી લોકો હિંસામાં એટલા બધા આગળ નથી ગયા કે હિંસાથી અને હિંસાયુદ્ધથી થાક્યા હોય. હિંસા વિનાનું

યુદ્ધ દુનિયામાં અશક્ય નથી; પણ તેને શક્ય કરવા માટે લોકમાનસનો અને સમાજલાગણીનો જે જાતનો બંધાર થવો જોઈએ, એ દિશાએ આજે લોકમાનસ ડોકિયાં કરતું નથી; તેમ એવા લોકમાનસને ઊભું કરનારા આર્ષદ્રષ્ટાઓ પણ પૃથ્વીપર જણાતા નથી. તું મરવાની વાત કરે છે ત્યારે પણ તારા મનમાં એમ તો નથી જ કે મારવામાં વીરતા છે તેના કરતાં મરવામાં વધારે મોટી વીરતા છે! તું લાગણીને વશ થઈને હૃદયના આ મૂંઝારાનો ઉકેલ લાવવા માટે મરવાની વાત કરે છે; એટલે તારી તો નબળાઈ જ છે એમાં શંકા નથી.'

'શ્રીકૃષ્ણ! હૃદયના આ મૂંઝારાનો ઉકેલ લાવ્યા વિના મારાથી ગાંડીવ ઝાલી નહિ શકાય.' અર્જુને કહ્યું.

'એ હું સમજું છું. તારે યુદ્ધને અંતે વિજયનાં બધાં પરિણામો જોઈએ છીએ, પણ તેની સાથે સાથે ભીષ્મ ને દ્રોણ જેવા વડીલોને મારી નાખ્યાના લોકાપવાદની શરમ નથી જોઈતી. અર્જુન! સાચો રસ્તો બતાવું? આ આખી કૌરવસેનાને અને તેના સ્વામી દુર્યોધન વગેરેને દુશ્મન માનીને તું લડવા આવ્યો છે; એ બધા તારા ભાઈઓ અને સગાઓ છે, એ વિચારથી આજે ધ્રૂજી ગયો હો તો તારા યુદ્ધનું આખું નિશાન તારે ફેરવી નાખવું ઘટે છે. તારું યુદ્ધ આ ભીષ્મ, દ્રોણ કે દુર્યોધનની સામે નથી. તારું યુદ્ધ તો દુર્યોધનના અન્યાયમાં સામેલ થયેલ ભીષ્મ અને દ્રોણના અન્યાયની સામે છે. દુર્યોધન તારો ભાઈ છે, ભીષ્મ તારા દાદા છે, દ્રોણ તારા ગુરુ છે; હું તો કહું છું કે માણસમાત્ર માણસનો ભાઈ છે એ વિચાર દૃઢ કર, અને તારે લડવું છે તે આ માણસો સામે નથી લડવું પણ તેમના અધર્મની સામે લડવું છે એટલું સમજી લે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'યદુવીર! હજુ ચલાવો.' અર્જુનની જિજ્ઞાસા વધી.

'અન્યાય અને અધર્મની સામે લડવું એ ક્ષત્રિયોનો પરમ ધર્મ નથી? એ અન્યાયનો પક્ષપાતી ભીમસેન હોય તો તેની સામે પણ લડવું. દુર્યોધન હોય તો તેની સામે પણ લડવું.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'પણ એમ કરતાં ભીષ્મ, દ્રોણ, દુર્યોધન વગેરેના દેહ પડે તોપણ?'

'હા, તોપણ. અન્યાય અથવા અધર્મ જે માણસો મારફત સમાજમાં પ્રચાર પામે છે તેમનો વધ આજે તારા માટે અનિવાર્ય છે. એવો પણ દિવસ ઊગશે કે જ્યારે મનુષ્ય અધર્મીનો વાળ વાંકો કર્યા વિના અધર્મનો વધ સાધી શકશે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! તમે બોલો છો તે બરાબર સમજાય છે. પણ દુર્યોધનના અધર્મ પર પ્રકોપ થાય અને દુર્યોધન પર પ્રકોપ ન થાય એ સ્થિતિ શી રીતે આવે?' અર્જુને પૂછ્યું.

'અર્જુન! વાત સાચી છે. માણસ જ્યાં સુધી રંગાયા વિના કાર્ય કરતાં નથી શીખ્યો ત્યાં સુધી એ મુશ્કેલી રહેવાની જ. માટે જ ધર્મશાસ્ત્રોમાં કર્મ કરવાં પણ તેનું ફળ ઈશ્વરને ચરણે મૂકવું એવી આજ્ઞા કરી છે. તું પણ આ યુદ્ધ કર, તારી નબળાઈને ખંખેરી નાખ, અને પરિણામે જય થાય કે પરાજય થાય, લાભ થાય કે નુકસાન થાય, તે બધું ઈશ્વરને ચરણે ધરી દે. તારા હૃદયની શાંતિનો આ જ સાચો માર્ગ છે. તું લડવું બંધ કરી નાસી જઈશ તેથી તો મારા અંતરની વેદના ઊલટી વધશે, ને કદાચ એ વેદનાનો માર્યો તું આપઘાત કરવા પણ લલચાઈ જઈશ!' શ્રીકૃષ્ણે જણાવ્યું.

'સખા શ્રીકૃષ્ણ! તમે યથાર્થ કહો છો. હું લડ્યા વિના રહી શકવાનો નથી એ સાવ સાચું છે. આપે રંગાયા વિના યુદ્ધ કરવાનો જે ઉપદેશ આપ્યો તે હું બુદ્ધિથી સમજ્યો છું, પણ આ યુદ્ધમાં તેનો અમલ કેવો થશે તે કહી શકતો નથી. છતાં, મારા જીવનના સારથિ શ્રીકૃષ્ણ! આ યુદ્ધ દરમિયાન હું તેમ કરવાનો પ્રયત્ન તો કરીશ જ. "માણસ કર્મમાત્રનો જ

અધિકારી છે, તેનાં પરિણામનો નહિ.” એ સૂત્ર સમજાય ત્યારે તો માનવી ન્યાલ થઈ જાય!’ અર્જુન બોલ્યો.

‘તો અર્જુન! ઊઠ; ગાંડીવને હાથમાં લે. જો, પણે પિતામહ ધનુષ્યનો ટંકાર કરતા તારા તરફ આવે છે. જોજે હો! યુદ્ધનો વિજય અર્જુનના હાથમાં જ છે.’ શ્રીકૃષ્ણ બોલ્યા, અને લગામ ખેંચીને રથને બરાબર ભીષ્મના રથની સામે ઝુકાવ્યો.

ગાંડીવધારી અર્જુન ટટાર થયો ને સંહારકાળના અગ્નિની જેમ ભીષ્મ સામે ધસ્યો.

કુરુક્ષેત્રમાં

કુરુક્ષેત્રના મેદાન પર નવ નવ સૂર્યાસ્તો થઈ ગયા; કુરુક્ષેત્રના મેદાન પર નવ નવ ભયંકર રાત્રિઓ વહી ગઈ; કુરુક્ષેત્રના મેદાન પર ભીષ્મ અને અર્જુન, દુર્યોધન અને ભીમસેન, સાત્યકિ અને અશ્વત્થામા, દ્રોણ અને દ્રુપદ, નવ નવ દિવસો સુધી એકબીજાઓ સામે ઝઝૂમ્યા અને છતાંયે યુદ્ધનો અંત તો ન આવ્યો.

આ નવ દિવસો દરમિયાન પિતામહ ભીષ્મે તો પાંડવસેનામાં કાળો કેર વર્તાવ્યો. શિયાળાને અંતે કોઈ જંગલમાં દાવાનળ ફાટી નીકળે અને સૂકાં ઘાસને સળગાવી મારે તેમ ભીષ્મે પાંડવોના આખાયે સૈન્યને સળગાવી માર્યું. એકલા ભીષ્મને હાથે જ દરરોજ દસ હજાર સૈનિકો સ્વર્ગે સિધાવતા જુવાન અર્જુન પાંડવોને મોખરે રહીને લડતો પરંતુ બુઢ્ઢિયા પિતામહના વેગને તે રોકી શકતો નહિ. ભીષ્મે તો જીવન ભર સંપાદન કરેલું બ્રહ્મવર્ચસ્ આ લડાઈમાં વાપરી દીધું અને શ્રીકૃષ્ણ જેવા મુત્સદીઓને પણ વિચાર કરતા કરી નાખ્યા. આ યુદ્ધમાં શ્રીકૃષ્ણે શસ્ત્ર ન લેવું એવો સંકલ્પ કર્યો હતો; પણ નવ દિવસોમાં બે વાર તો ભીષ્મે અર્જુન પર એવો સપાટો ચલાવ્યો કે શ્રીકૃષ્ણ જેવા ધીર ગંભીર પુરુષ પણ પ્રતિજ્ઞાને કોરે મૂકીને ભીષ્મની સામે ચક્ર લઈને દોડ્યા.

દસમા દિવસનું પ્રભાત થયું અને ગાંડીવધારી અર્જુન રથમાં બેસીને પાંડવસેનાની મોખરે આવ્યો.

‘સખા અર્જુન! હવે તો હદ થાય છે. આજે તો તારે ભીષ્મને ગમે તેમ કરીને પાડવા જ જોઈએ.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘શ્રીકૃષ્ણ! હું મહેનત કરવામાં કશું બાકી રાખતો નથી. પણ ભીષ્મપિતામહને યુદ્ધમાં સાક્ષાત્ શંકર પણ પહોંચી ન શકે, ત્યાં મારું શું ગજું?’ અર્જુને કહ્યું.

‘સખા અર્જુન! તારી ભૂલ છે. તું પોતે પણ પાંડુ રાજાનો પુત્ર છે; દ્રોણાચાર્યનો શિષ્ય છે, તને શંકર તથા ઈંદ્રે વરદાનો આપ્યાં છે; એટલે તારી શક્તિ ભીષ્મની શક્તિથી જરાયે ઊતરતી નથી; પણ તને તારી પોતાની શક્તિનું ભાન નથી એટલે ભીષ્મને રથમાં બેઠેલા જોઈને જ તારું હૈયું હામ હારી જાય છે, અને “આ ભીષ્મને મારાથી શી રીતે પહોંચાય?” એ વિચારથી તારું ગાંડીવ ઢીલું થઈ જાય છે. પણ અર્જુન! યુદ્ધમાં વિજય મેળવવો છે, અને ભીષ્મને પાડ્યા સિવાય વિજયની આશા રાખવી વ્યર્થ છે. માટે આજે તૈયાર થઈ જા.’ શ્રીકૃષ્ણે અર્જુનને ટટ્ટાર કર્યો.

‘પણ શ્રીકૃષ્ણ!’

‘એ પણ બણ કશું નહિ. ભીષ્મને પાડ તે એક જ વાત. ભીષ્મ ગમે તેવા હોય તોપણ આખરે વૃદ્ધ છે. તારી જુવાનીનું જોસ તેમના હાથમાં ક્યાંથી હોય? વળી આજે તારે શિખંડીને ભીષ્મની સામે રાખવો.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

'શિખંડીને?'

'હા, શિખંડીને. એ શિખંડી પહેલાં શિખંડિની નામની સ્ત્રી હતો અને પાછળથી પુરુષ થયો છે. દ્રુપદ રાજાના એ પુત્રને ભીષ્મ સારી રીતે ઓળખે છે. સ્ત્રીની સામે યુદ્ધ ન કરવાનું ભીષ્મને વ્રત છે, અને તેમણે પોતે જ કહ્યું છે. માટે તું શિખંડીને આગળ રાખીને ભીષ્મના પર મારો ચલાવ.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! એમાં અર્જુને શું કર્યું?' અર્જુન બોલ્યો.

'અર્જુન! જો વિજય મેળવવો હોય તો ભીષ્મને માર્યે જ છૂટકો છે. શિખંડીને આડે રાખ્યા વિના ભીષ્મ પડવા મુશ્કેલ છે. આવા કટોકટીના મામલામાં માણસે પોતાનો નિર્ણય જલદી કરવો જોઈએ. કયું પગલું લેવું કયું ન લેવું, એના વિચારમાં જે ઝૂલ્યા કરે તે લાખો માણસોના ભવિષ્યને હાથમાં રાખે તે સલાહકાર નથી.' શ્રીકૃષ્ણે જણાવ્યું.

'તો ભલે, શ્રીકૃષ્ણ! હું આજે ભીષ્મને પાડીશ.' અર્જુન બોલ્યો.

'એમ ઢીલું ઢીલું ન બોલ; અંતરથી નિશ્ચય કર.' શ્રીકૃષ્ણે અર્જુનને ટટ્ટાર કરવા માંડ્યો.

શ્રીકૃષ્ણ! ઢીલું નથી બોલતો. હું મારો નિશ્ચય જણાવું છું કે આજે ભીષ્મને જરૂર પાડીશ.' અર્જુને ભાર દઈ જણાવ્યું.

'તો શિખંડીના રથને આગળ રાખીને તું તારા ગાંડીવમાંથી બાણો છોડવા માંડ.'

એમ કહી શ્રીકૃષ્ણે અર્જુનનો રથ ભીષ્મના રથની સામે લાવી મૂક્યો, અને યુદ્ધ શરૂ થયું.

* * *

ભીષ્મ પિતામહ પડ્યા પછી દુર્યોધને દ્રોણાચાર્યનો સેનાપતિપદે અભિષેક કર્યો. દ્રોણાચાર્યે પાંચ દિવસ સુધી કૌરવસૈન્યની ધૂંસરીનું વહન કર્યું. એ પાંચ દિવસ દરમિયાન દુર્યોધનની એક યુક્તિ એવી હતી કે દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને જીવતા પકડી કૌરવોને સોંપી દે એટલે યુધિષ્ઠિર અને તેમના ભાઈઓ ફરી પાછા લાંબા વનવાસે જાય, અને દુર્યોધન યુદ્ધમાં માણસોને ગુમાવ્યા વિના હસ્તિનાપુરનો સમ્રાટ બની રહે. દ્રોણાચાર્યને દુર્યોધનની આ યુક્તિ સફળ થાય એમ લાગતું ન હતું. છતાં પણ તેને અજમાવી જોવા તે તૈયાર હતા, એટલે અર્જુનને કુરુક્ષેત્રના યુદ્ધથી થોડે દૂર ખસેડીકામ લેવાનો તેમણે નિશ્ચય કર્યો. કૌરવસેનામાં ત્રિગર્ત લોકો પોતાના રાજા સાથે સામેલ થયા હતા, એ ત્રિગર્ત કુરુક્ષેત્ર થી થોડે દૂર નાનું એવું અલાયદું યુદ્ધ શરૂ કરી ત્યાં અર્જુનને હાકલ કરીને લઈ ગયા, અને આ બાજુ અર્જુન વિનાનું પાંડવસૈન્ય દ્રોણની સામે ઝઝૂમી રહ્યું.

* * *

એક દિવસ સાંજના ત્રિગર્તોનો પરાજય કરીને અર્જુન તથા શ્રીકૃષ્ણ છાવણી તરફ ચાલ્યા આવતા હતા.

'શ્રીકૃષ્ણ!' રસ્તામાં અર્જુને પ્રશ્ન કર્યો. 'આજે આપણે ત્રિગર્તોનો પરાજય કર્યો તેને અંગે મને હર્ષ થવો જોઈએ, તેને બદલે મારું હૃદય ખૂબ ભારે જણાય છે.'

'ઘણી વાર એવું બની જાય છે. ઘણી વાર ભવિષ્યમાં બનવાના બનાવો પોતાના પડછાયા એવી રીતે પાડે છે કે માણસ ન સમજી શકે.' શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો.

'સાચું કહો છો. રથને જલદી હાંકો. આપણી છાવણીમાં સૌ સુરક્ષિત તો હશે ના?' અર્જુને પૂછ્યું.

'સખા અર્જુન! યુદ્ધનો મામલો છે એટલે કશું કહેવાય નહિ.' શ્રીકૃષ્ણે કહ્યું.

'આ છાવણી તો આવી. આજે કેમ બધું સૂમસામ જણાય છે? આપણે દરરોજ પાછા ફરીએ છીએ ત્યારે અભિમન્યુ આપણા સામો આવે છે. આજે તો એ પણ દેખાતો નથી. આખી છાવણી કેમ જાણે મૃત્યુની શાંતિમાં ડૂબી હોય નહિ, એમ લાગે છે.' અર્જુન ભારે હૈયે બોલવા લાગ્યો.

'સખા! જરૂર કાંઈ વિપરીત થયું હોવું જોઈએ.' શ્રીકૃષ્ણ બોલ્યા.

અને એટલામાં તો રથના ઘોડાઓ તંબૂના દ્વાર પાસે આવી પહોંચ્યા. અર્જુન રથ પરથી નીચે ઊતર્યો તેની પાછળ શ્રીકૃષ્ણ પણ ઊતર્યા, અને બંનેએ તંબૂમાં પ્રવેશ કર્યો.

તંબૂની અંદર યુધિષ્ઠિર વગેરે શાંત બેઠા હતા; તેમનાં મોઢાં ફિક્કાં હતાં; તેમનાં માથાં નીચે નમેલાં હતાં; તેમની આંખો જમીન સાથે એકતાર થઈ હતી; તેમના હાથપગ ઠરી ગયા જેવા હતા, તેમનાં ગાત્રો સાવ ઢીલાં હતાં. અર્જુન ને શ્રીકૃષ્ણ આવીને બેઠા પણ કોઈ કશું બોલે નહિ. અર્જુને ચારે તરફ એક આંખ ફેરવી અને તંબૂની શાંતિને ચીરતો બોલ્યો: 'મહારાજ યુધિષ્ઠિર! આજે તમે બધા શા માટે ભારે શોકમાં છો? શું આચાર્યે આપણા કોઈ મહારથીને હણ્યો છે? ભીમસેન! તું પણ તારો અદમ્ય ઉત્સાહ આજે કાં ગુમાવી બેઠો છે? નકુળ, સહદેવ! આપણો અભિમન્યુ આજે કેમ નજરે ચડતો નથી? મહારાજ! જવાબ તો આપો. કેમ બોલતા નથી?'

'ભાઈ અર્જુન! હું કયે મોઢે બોલું? કૌરવોએ આજે એક જ મહારથી નથી હણ્યો, પણ અમને સૌને હણ્યા છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'શું થયું છે તે ચોખ્ખું મને જણાવો તો ખરા.' અર્જુન અધીરો થયો.

'અમે કુમાર અભિમન્યુને ગુમાવ્યો છે.' ભીમસેન બોલ્યો.

'હેં! સાચું બોલો છો? મારો અભિમન્યુ? આ શ્રીકૃષ્ણનો ભાણેજ અને સુભદ્રાનો પુત્ર અભિમન્યુ!' અર્જુન ગોઠણભર થઈ ગયો. 'શ્રીકૃષ્ણ! આપણને અપશુકન થતાં જ હતાં. યુધિષ્ઠિર! મારી સહજ ગેરહાજરીમાં એક અભિમન્યુને પણ તમે સાચવી ન શક્યા? ભીમસેન, ભીમસેન! તમે બધા જીવતા હતા છતાં પણ અભિમન્યુને આગળ કરતાં તમને શરમ ન આવી? એ મારા વહાલા પુત્રને કોણે માર્યો?' કહેતાં અર્જુન વિહ્‌વળ થઈ ગયો.

'મહારાજ યુધિષ્ઠિર! અભિમન્યુ હણાય એવું શું થયું?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'મહારાજ શ્રીકૃષ્ણ! તમે અને અર્જુન ત્રિગર્તોની સામે ગયા પછી આચાર્યે ચક્રવ્યૂહ ગોઠવ્યો. અમને કોઈને ચક્રવ્યૂહ તોડતાં આવડે નહિ; આવડે એક અર્જુનને અને બીજા અભિમન્યુને.' યુધિષ્ઠિર બોલ્યા.

'મારા વહાલા અભિમન્યુને મેં એ વિદ્યા શીખવી હતી.' અર્જુન વચ્ચે બોલ્યો.

'પછી?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'એટલે અમે ચક્રવ્યૂહ તોડવા માટે અભિમન્યુને આગળ કર્યો.' યુધિષ્ઠિર બોલ્યા.

'અભિમન્યુને છ કોઠા જ તોડતાં આવડે છે અને સાતમો તોડતાં નથી આવડતું, એ તમને ખબર નહિ?' અર્જુને પૂછ્યું.

'ખબર હતી, પણ એક વાર અભિમન્યુ માર્ગ કરે એટલે હું તેની પાછળ પેસી જાઉં ને બધાને રોળી નાંખુ એવી મારી ધારણા હતી.' ભીમ બોલ્યો.

'તો પછી તમે અભિમન્યુની પાછળ ગયા ખરા કે?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'ગયા તો ખરા.' ભીમસેન બોલ્યો.

'તો પછી?' અર્જુન ઉતાવળો થયો.

'પણ સિંધુરાજ જયદ્રથે અમને રોકી રાખ્યા.' ભીમસેન બોલ્યો.

'જયદ્રથે? દ્વૈતવનમાં જેને જીવતો જવા દીધો હતો તે જયદ્રથ?' અર્જુન બોલ્યો.

‘હા, તે જ જયદ્રથ. અમે સૌએ ઘણી મહેનત કરી પણ જયદ્રથને અમે દૂર કરી ન શક્યા.’ ભીમસેન શરમાતો શરમાતો બોલ્યો.

‘વહાલા અભિમન્યુ! પણ અભિમન્યુ પાછોય ન ફર્યો?’ અર્જુન બોલ્યો.

‘શી રીતે ફરે? વ્યૂહમાં તો અભિમન્યુએ કાળો કેર વરતાવ્યો; પણ એક અભિમન્યુની સામે છ મહારથી એકઠા મળ્યા ત્યાં બાળકનું શું ગજું? આખરે સિંહનો બચ્ચો હજારોને મારીને પૃથ્વી પર લેટ્યો અને મારા હૃદયમાં કટાર ભોંકતો ગયો!’ યુધિષ્ઠિર બોલ્યા.

‘ભાઈઓ! સાંભળો. જે જયદ્રથે મારા વહાલા અભિમન્યુની પાછળ જતા ભીમસેન વગેરેને રોક્યા છે, અને એ રીતે એ વીરપુત્રનું મૃત્યુ કર્યું છે, તે જયદ્રથને હું આવતી કાલના સૂર્યાસ્ત પહેલાં મારી નાખીશ; અને એ પ્રમાણે ન મારું તો હું પોતે ચિતા ખડકીને બળી મરીશ!’ અર્જુને પ્રતિજ્ઞા કરી.

‘સબૂર, સબૂર, અર્જુન! જરા શાંતિ રાખ.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘વહાલા શ્રીકૃષ્ણ! શાંતિ શી રીતે રાખું? જગત આખું ખારું ઝેર થઈ ગયું! ને શાંતિ તે કેમ રહે! હજુ તો સુભદ્રા મને શુંય કહેશે, અને બેટા ઉત્તરાને હું શો જવાબ આપીશ?’ અર્જુન બોલ્યો.

‘આ તો યુદ્ધ છે.’ શ્રીકૃષ્ણ બોલ્યા, ‘અને એમાં શાંતિ રાખવી ઘટે છે. સુભદ્રાનો તો એક અભિમન્યુ ગયો, પણ એવી કેટલીયે શુભદ્રાઓએ આ યુદ્ધમાં કેટકેટલા અભિમન્યુઓ ગુમાવ્યા હશે તેનો વિચાર કરવો ઘટે છે.’ શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યો, ‘ચાલો, હવે આપણે સુભદ્રા પાસે જઈએ.’ એમ કહી શ્રીકૃષ્ણ તથા અર્જુન બન્ને સુભદ્રા પાસે જવા નીકળ્યા.

* * *

‘અર્જુન!’ સવારના પહોરમાં રથને યુદ્ધક્ષેત્રને મોખરે લાવતા શ્રીકૃષ્ણ બોલ્યા, ‘અર્જુન! આટલા જ માટે હું કહેતો હતો કે ગંભીર પ્રતિજ્ઞાઓ કરતાં પહેલાં ખૂબ વિચાર કરવો જોઈએ. ખાનગી જાસૂસોની બાતમી સાંભળી કે?’

‘હા, પણ તેથી શું થઈ ગયું?’ અર્જુન બોલ્યો.

‘થઈ તો બધું ગયું! જયદ્રથ તો રાતોરાત સિંધ જવા તૈયાર થયો હતો, પણ દ્રોણાચાર્યે તેને અભય વચન આપીને રોક્યો છે; એટલે આજે હવે તમામ કૌરવો એકલા જયદ્રથને બચાવવામાં જ રોકાશે. અરે, એને સૌની પાછળ જ રાખશે!’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘છો ને પાછળ રાખે!’ અર્જુન બોલ્યો.

‘અર્જુન! બોલાય છે, હો! શું તું એમ માને છે કે દ્રોણ સેનાપતિ છે તેવે વખતે તું એક આજના દિવસમાં આખી કૌરવસેનાનો સંહાર કરીને જયદ્રથ સુધી પહોંચી જઈશ?’ શ્રીકૃષ્ણ સહેજ ક્રોધ કરીને બોલ્યા. ‘શત્રુના બળની કેવળ ઉપેક્ષા કરવી એમાં વીરતા નથી.’

‘શ્રીકૃષ્ણ! તો સૂર્યાસ્ત પછી ચિતા પર ચડીશ.’ અર્જુન બોલ્યો, ‘અભિમન્યુ ગયો એટલે હવે જીવનમાં શો સ્વાદ છે?’

શ્રીકૃષ્ણ જરા ગુસ્સે થતા બોલ્યા: ‘જીવનમાં શો સ્વાદ છે? અર્જુન, અર્જુન! જીવનાંમાં હજી બધોય સ્વાદ બાકી છે. આજે અભિમન્યુનું મૃત્યુ તાજું છે એટલે નિર્વેદ ભલે લાગે; પણ હૈયાના ઊંડાણમાં હજી તો અનેક આશાઓ ભરી છે, અને તે પૂરી કર્યા વિના જંપ વળવાનો નથી. અર્જુન! બીજી વાતો જવા દે. આજે જયદ્રથને મારવાની પ્રતિજ્ઞા તેં કરી છે, ને દ્રોણાચાર્ય હરકોઈ ઉપાયે તેને બચાવવાના છે. એ પ્રસંગે મેં એક ઘાટ

ઘડી રાખ્યો છે.’

‘શો?’

‘મને ખાતરી છે કે તું ગમે તેટલી મહેનત કરીશ તોપણ આજે સૂર્યાસ્ત પહેલાં તું જયદ્રથ સુધી પહોંચી નહિ શકે.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘મને લાગે છે કે હું જરૂર પહોંચીશ.’ અર્જુને જવાબ દીધો.

‘પણ ધાર કે તું ન પહોંચ્યો, તો?’

‘તો પછી મારે મરવું જ રહ્યું.’ અર્જુને પતાવ્યું.

‘ના, તું ન જ પહોંચી શકે તો પછી સૂર્યાસ્તને સહેજ વાર હશે ત્યારે મારા સુદર્શન ચક્રથી હું સૂર્યને ઢાંકી દઈશ, એટલે સૌને સૂર્યાસ્ત થયો એમ જ લાગશે.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘તેથી શું?’ અર્જુન બોલ્યો.

‘સૂર્યાસ્ત થયો જણાશે એટલે આપણો ચિતાની તૈયારીમાં પડશું અને જયદ્રથ વગેરે સૌ હર્ષમાં આવીને મૃત્યુના મોંમાંથી બચ્યા હોય તેમ ફરવા લાગશે.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘જરૂર! એને તો નવો જન્મ મળ્યો એમ લાગશે.’ અર્જુન બોલ્યો.

‘બરાબર તે જ વખતે જરાયે ગફલત કર્યા વિના તારે જયદ્રથ તરફ બાણ તાકવું, અને વૃક્ષ પરથી પાકેલું ફળ નીચે પડે તેમ ધડથી તેનું માથું નીચે પાડવું!’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘આવી રીતે જયદ્રથને મારવો?’ અર્જુન ખચકાતો બોલ્યો.

‘વિજય મેળવવો હોય અને પ્રતિજ્ઞા પાળવી હોય તો આ જ માર્ગ છે. અભિમન્યુ પાછળ યમદ્વારે જ જવું હોય પછી સૂર્યાસ્તની રાહ પણ જોવાની શી જરૂર છે?’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘તો ભલે, તમે કહો છો તેમ કરીશ.’ અર્જુને ઢીલું મૂક્યું.

‘એક બીજી વાત.’ શ્રીકૃષ્ણે ચલાવ્યું.

‘શી?’ અર્જુને પૂછ્યું.

‘જયદ્રથનો પિતા અહીં નજીકમાં જ તપશ્ચર્યા કરે છે. તારે બાણ એવી રીતે સાંધવું કે તે બાણ જયદ્રથનું માથું લઈને તેના પિતાના ખોળામાં મૂકી દે. નહિતર જયદ્રથનું માથું પૃથ્વી પર રોળનારના પોતાના માથાના સો કટકા થઈ જાય એવું તેને શંકરનું વરદાન છે!’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘ભલે; તેમ કરીશ.’ અર્જુને સ્વીકાર કર્યો.

‘તો હવે રથને આગળ લઉં છું. જો, આ તારી સન્મુખ કૌરવસેના ખડી છે. જોઈ લે. એમાં ક્યાંઈ જયદ્રથ દેખાય છે? ઓ પેલો સેનાની બરાબર વચ્ચે, છેડાના ભાગ પર ઊભો! પણ સીધા સામા તો દ્રોણગુરુ ઊભા છે. સખા! હવે ઝપાટો દે. આજની જયદ્રથની રાત શય્યામાં નથી જવાની એટલી ખાતરી રાખજે.’ શ્રીકૃષ્ણ બોલ્યા અને રથને દ્રોણાચાર્ય સામે મારી મૂક્યો.

* * *

દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યના દેહ પરથી લીલું માથું ઉતારી લીધું એ સમાચાર અશ્વત્થામાને કાને પડ્યા એટલે તેના ક્રોધનો અને શોકનો પાર ન રહ્યો, અને આ શોકમાં તેમ જ ક્રોધમાં તેણે આખી પાંડવસેનાનો સંહાર કરી નાખવાના ઇરાદાથી નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો.

નારાયણાસ્ત્ર છૂટ્યું તેવો જ ચોમેર અંધકાર ફેલાઈ ગયો. એ અસ્ત્રમાંથી એક સાથે બીજાં હજારો બાણો, ગદાઓ, તલવારો, ભાલાઓ, વગેરે છૂટવા લાગ્યાં અને પાંડવસેના

હજી દ્રોણના વધનો આનંદ ભોગવી તૃપ્ત થઈ ન થઈ ત્યાં સૌ કાળના મુખમાં ધસી જતા હોય એમ લાગ્યું.

'અર્જુન!' યુધિષ્ઠિર બોલ્યા, 'ઘડી પહેલાં તો કૌરવસેના નાસભાગ કરતી હતી તેને આ હાકલ મારીને કોણે ઊભી રાખી છે? આ આપણા સૈન્ય ફરતાં અનેક અસ્ત્રો ઊડી રહ્યાં છે તે કોનો પ્રતાપ છે?'

અર્જુને ખિજાઈને જવાબ વાળ્યો: 'ધર્મરાજ યુધિષ્ઠિર! તમે અસત્ય બોલીને દ્રોણાચાર્યને હણાવ્યા તેના ક્રોધથી ગુરુપુત્ર અશ્વત્થામાએ નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો છે. મોટાભાઈ! તમે બૂરી કરી. દ્રોણ ગમે તેવા તોપણ આપણા ગુરુ હતા. તમને તે નિરંતર અજાતશત્રુ કહેતા; અને તેથી જ કોઈના વચન પર વિશ્વાસ ન રાખતાં તેમણે તમને પ્રશ્ન કર્યો. તમે સત્યના અંચળામાં અસત્ય બોલ્યા, એટલે દ્રોણે તે વિશ્વાસથી શસ્ત્ર ત્યજ્યાં; પણ મોટાભાઈ! આ પાપનું આપણે તો હવે પ્રાયશ્ચિત્ત કરવું જ રહ્યું. ગુરુપુત્રે નારાયણાસ્ત્ર મૂક્યું છે તે આપણા સર્વનો વિનાશ કરશે.'

અર્જુન આ પ્રમાણે બોલે છે ત્યાં તો નારાયણાસ્ત્રનો પ્રતાપ વધતો ગયો અને આખું પાંડવસૈન્ય કેમ જાણે કાલાગ્નિમાં ઝંપલાવતું હોય તેમ થઈ રહ્યું. ચારે તરફ મોટો હાહાકાર પ્રવર્તી રહ્યો, અને પાંડવયોદ્ધાઓ નારાયણાસ્ત્રથી બચવા માટે ફાંફા મારવા લાગ્યા.

અર્જુનના ઠપકાથી યુધિષ્ઠિર દીન થયા અને ક્રોધ કરીને બોલ્યા: 'દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન! તમે તમારી સેનાને લઈને એકદમ ચાલ્યા જાઓ. હે સાત્યકિ! તમે પણ યાદવવીરોનું રક્ષણ કરવા માટે જ્યાં જવું હોય ત્યાં જાઓ. વાસુદેવ પોતે પોતાનો માર્ગ કરી લેશે. સૌ યોદ્ધાઓ પોતપોતાને ફાવે ત્યાં નાસી જાય અને રક્ષણ શોધી લે. ભીષ્મ અને દ્રોણ રૂપી બે મહાસાગરોને હું તરી ગયો પણ આજે આ અશ્વત્થામા રૂપી ખાબોચિયામાં હું હવે ડૂબી જવાનો છું. મારા ભાઈ અર્જુનને જ જ્યાં મારો અપરાધ લાગે ત્યાં બીજા કોને કહેવું? હું હવે આજે જ અગ્નિમાં પ્રવેશ કરું છું; ભલે દુર્યોધન સુખેથી પૃથ્વીનું રાજ્ય કરે!'

યુધિષ્ઠિરનાં આવાં વચનો સાંભળીને પાસે ઊભેલો ભીમસેન બોલ્યો: 'અર્જુન! આજ સુધી યુધિષ્ઠિરે ધર્મની વાતો કરી આપણને હેરાન કર્યા; અને આજે યુધિષ્ઠિર ધર્મની વાત કરવી ભૂલ્યા ત્યાં ધર્મ તારી જીભ ઉપર ચડ્યો, કેમ! દ્રોણને આપણે અધર્મથી માર્યા પણ દ્રોણગુરુના અધર્મનો તોલ કોઈ દિવસ કરી જોયો છે? અર્જુન, અર્જુન! જે લોકો બીજાના દોષ ન જોતાં કેવળ પોતાના જ દોષો જુએ છે તેઓ મોક્ષમાં આગળ પડતા હશે, પણ વ્યવહારમાં તો શૂન્ય જ રહે છે! મહારાજ યુધિષ્ઠિરે જે કર્યું તે યોગ્ય જ હતું; માટે તારે તેમને ઠપકો આપવો યોગ્ય નથી.'

ભીમ બોલતો હતો ત્યાં શ્રીકૃષ્ણ અર્જુનના રથ પર ઊભા થયા અને પાંડવસેનાને મોટેથી કહેવા લાગ્યા: 'પાંડવસેનાના સેનાનીઓ! અશ્વત્થામાએ નારાયણાસ્ત્ર છોડ્યું છે માટે તમે જે જે રથમાં બેઠા હો તે રથમાંથી હેઠા ઊતરો, હાથી પર હો તે હાથી પરથી હેઠા ઊતરો, ઘોડા પર હો તે ઘોડા પરથી હેઠા ઊતરો અને તમારાં શસ્ત્રો છોડીને શાંતિથી ઊભા રહો. નારાયણાસ્ત્રને શાંત કરી દેવાનો આ જ એક ઉપાય છે.'

શ્રીકૃષ્ણ બોલ્યા કે તરત જ અર્જુન રથ પરથી હેઠો ઊતર્યો અને તે જોઈને બધા યોદ્ધાઓ પણ ઊતરી પડ્યા.

પણ ભીમસેન કેમ માને?

'અર્જુન! તું મહારાજને ઠપકો આપે છે તો હવે હું એકલો જ નારાયણાસ્ત્રની સામે જાઉં છું, અને જોઉં છું એ દ્રોણનો દીકરો શું કરી શકે છે!' એમ બોલતો ભીમસેન બરાબર મધ્યમાં પેઠો અને નારાયણાસ્ત્રનો અગ્નિ તેની ચારે તરફ ફરી વળ્યો.

'શ્રીકૃષ્ણ!' અર્જુન બોલ્યો, 'ભીમસેન તો અંદર ગયો છે! આપણે નહિ જઈએ તો એ કંઈનું કંઈ કરી બેસશે.' અને તરત જ શ્રીકૃષ્ણ તથા અર્જુન પગપાળા ભીમની પાછળ ગયા.

ભીમ તો ઠેઠ અંદર પહોંચી ગયો હતો. બંને વીરો ત્યાં ગયા અને અર્જુને મહામહેનતે હાથ પકડી ભીમસેનને બહાર ખેંચી લીધો.

'ભીમસેન! તું તો ભારે ભાઈ! ખુદ શ્રીકૃષ્ણ આખી સેનાને કહે છે કે "વાહનો પરથી હેઠા ઊતરો અને હથિયારો છોડી શાંત ઊભા રહો" તોયે તારે માનવું નહિ ના?' અર્જુને કહ્યું.

'દ્રોણને માર્યા તેનો યશ મોટાભાઈને આપવાને બદલે તું ભરસૈન્યમાં તેમની આબરૂના કાંકરા કરે તેવે વખતે ભીમસેન બીજું શું કરે?' ભીમે કરડી નજરે કહ્યું.

'ભાઈ ભીમસેન! તું પણ ઠીક કહે છે; અર્જુન પણ ઠીક કહે છે. આજે તો તમે બધા યુદ્ધભૂખ્યા એક વાર પેટ ભરીને લડી લ્યો પછી યુદ્ધને અંતે વિચાર કરવા બેસશું ત્યારે કયો ધર્મ અને કયો અધર્મ તેનો નિર્ણય કરશું. અથવા તો પછી ઈશ્વરે દરેક મનુષ્યના હૃદયમાં ધર્માધર્મનો જે સૂક્ષ્મ કાંટો ગોઠવ્યો છે તે જ દરેકને પોતાનો નિર્ણય આપશે, અને એના નિર્ણય પ્રમાણે જ દરેકને આ વિજયનો સ્વાદ આવશે. આજે તો, ભીમસેન! તારે રથ પરથી હેઠા ઊતરવું અને અર્જુનની માફક જ હથિયાર છોડીને ઊભા રહેવું.'

ભીમસેને શ્રીકૃષ્ણનો નિર્ણય સ્વીકાર્યો અને પ્રતિસ્પર્ધીને અભાવે અશ્વત્થામાનું નારાયણાસ્ત્ર શાંત થઈ ગયું.

અશસ્ત્રવધ

યુધિષ્ઠિર મહારાજ પોતાના તંબૂમાં એક સોનેરી પલંગ પર લાંબા થઈને સૂતા હતા. તેમનું શરીર ઠેકઠેકાણે ઘાયલ થયું હતું અને ત્યાં ત્યાં તેમને મલમપટ્ટાઓ લગાડ્યા હતા. કેટલાંયે દાસદાસીઓ તેમની સારવાર કરવામાં રોકાઈ ગયાં હતા. તેમના મોં પર દુ:ખ અને ગ્લાનિ સ્પષ્ટ દેખાતાં હતાં.

'કેમ, શ્રીકૃષ્ણ?' ઓરડામાં શ્રીકૃષ્ણને તથા અર્જુનને પ્રવેશ કરતા જોઈને યુધિષ્ઠિર બોલ્યા. 'આવે કવખતે તમે કેમ આવ્યા છો?'

'તમે પહેલાં કર્ણની સાથે યુદ્ધ કરતા હતા ત્યાંથી એકાએક અદૃશ્ય થઈ ગયા એટલે મને ચિંતા થઈ આવી.' અર્જુને જવાબ વાળ્યો. 'તપાસ કરતાં સમાચાર મળ્યા કે તમે છાવણીમાં પહોંચી ગયા છો એટલે અમે તમારી તપાસ કરતા અહીં આવ્યાં.'

'બહું સારું કર્યું ભાઈ, બહુ સારું!' યુધિષ્ઠિર લાંબા થઈને સૂતા હતા ત્યાંથી બેઠા થતાં બોલ્યા. 'તું મારી તપાસ કરવા આવ્યો એટલે મારું ભાગ્ય તો ઊઘડી ગયું. અર્જુન! કર્ણને મારીને આવ્યો કે?'

'મહારાજ! હજી રાધાપુત્ર જીવે છે; ને પ્રલયકાળના સૂર્યની પેઠે આપણી સેનાનો સંહાર કરે છે.' અર્જુન બોલ્યો.

'તું હો ત્યાં બીજું શું થાય? અર્જુન, અર્જુન! તારા પર મેં આશાના મોટા મોટા મહેલો બાંધ્યા હતા, તે બધા આજે તૂટી પડે છે! ભીમસેન મારો સાચો ભાઈ છે. તેણે અમને સૌને અનેક સંકટોમાંથી ઉગાર્યા છે અને હજી આજે પણ હજારો હાથીઓનો અને અનેક મહારથીઓનો કચ્ચરઘાણ વાળ્યા વિના છાવણીમાં તે પાછો ફરતો નથી. તું આચાર્યનો

મુખ્ય શિષ્ય ગણાયો; તારી પાસે ગાંડીવ, રથ, ભાથા વગેરે સાધનો; શંકર જેવાએ તને પાશુપત આપ્યું અને શ્રીકૃષ્ણ જેવા તારા સારથિ થયા; છતાંયે તારા હાથથી કર્ણ હજી મરતો નથી? અર્જુન! તેં તો કર્ણને મારવાની પ્રતિજ્ઞા કરી છે છતાંયે "કર્ણ તો હજી જીવે છે" એમ બોલતાં શરમ નથી આવતી? આ મને ઘા લાગ્યા છે તે જો. મને પહેલેથી જ તારી નિર્વીર્યતાનો ખ્યાલ હોત તો યુદ્ધ આદરતાં પહેલાં અમે ચારે જણા વિચાર કરત, અને તારા પર જરાયે આધાર ન રાખત. યુદ્ધને શરૂ થયાં આજે ચૌદ દિવસ થયા, તેમાં તેં તો રથમાં બેસીને આમતેમ દોડાદોડ માત્ર કરી છે. ભીષ્મને શિખંડીએ માર્યા, જયદ્રથને મારવા જતાં તને ભોંય ભારે થઈ પડી, અને શ્રીકૃષ્ણ ન હોત તો તો તારે જ ચિતા પર ચડવું પડત; દ્રોણનો વધ તો કર્યો ધૃષ્ટદ્યુમ્ને, અને પછી મારો અધર્મ ગણાવવા તું ઘોડે ચડીને મારી પાસે આવ્યો; અને સૂતપુત્ર કહેવાતો આ કર્ણ ઘેટાને સિંહ મારી નાખે તેમ આપણી સેનાનો સંહાર કરે છે, છતાં તારી આંખ ઊઘડતી નથી. અર્જુન! તારું ગાંડીવ કોઈ બીજાને આપ અને શ્રીકૃષ્ણના રથમાં બીજા કોઈને બેસાર તો તેમની મહેનત પણ લેખે લાગે. અર્જુન! મને શું જોઈને મોઢું દેખાડે છે?' બોલતાં બોલતાં યુધિષ્ઠિર મહારાજનું શરીર ધ્રૂજતું હતું, તેમનો અવાજ થડકતો હતો, તેમની આંખોમાં ક્રોધ હતો. તેમના જખમો પાટાની અંદરથી જાણે ઊઘડતા હતા.

અર્જુન યુધિષ્ઠિરના પલંગ પાસે બેઠો બેઠો આ બધું સાંભળતો હતો. તેનો જીવ તો ક્યાંય ઊંડે ઊતરી ગયો હતો. તેના હોઠ પર ધ્રુજારો આવ્યો; તેની આંખોમાં ખૂન ઊભરાયું; તેનો હાથ એકાએક કેડ પર પડ્યો અને કેડ પરથી કાળી નાગણ જેવી તલવાર સહેજ ડોકિયું કરતી બહાર નીકળી.

તરત જ શ્રીકૃષ્ણ સફાળા ઊભા થયા ને અર્જુનનો હાથ પકડતાં બોલ્યા: 'અર્જુન, સખા! આ શું?'

'શ્રીકૃષ્ણ! હઠી જાઓ. આજે યુધિષ્ઠિરનું માથું સલામત નથી.'

'અર્જુન, અર્જુન!આ તું શું બોલે છે, કોની પાસે બોલે છે, તેનું જ્ઞાન છે?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! મને છૂટો મૂકો.' અર્જુન ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો. 'મને કાંઈ સૂઝતું નથી, મારું ગાંડીવ બીજાને આપવાની વાત કરે તેને મારી નાખવાની મારી પ્રતિજ્ઞા છે.'

'હા, તારી એવી પ્રતિજ્ઞા છે તેની મને ખબર છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'તો આજે હવે યુધિષ્ઠિરનું માથું ધડ પરથીજુદું પડવું જોઈએ.' અર્જુને કહ્યું.

'અર્જુન! કોના માથાની વાત કરે છે તેનું ભાન છે?' શ્રીકૃષ્ણે ફરી કહ્યું.

'શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ!' અર્જુન હાથનું બળ કરતો બોલ્યો, 'તમે ખસી જાઓ. અમે ઘણાં વર્ષો સુધી સહન કર્યું; પણ હવે સહન નથી થતું. આ અધર્મીના પાપમાં તો અમે વનમાં રખડ્યા, મા જેવી માનો વિયોગ વેઠ્યો. દ્રૌપદી જેવી સતીને ભરસભામાં લૂંટાવી, અને આજે લાખો ક્ષત્રિયોનો સંહાર કરાવી રહ્યા છીએ! છતાંયે બે નાના છરકા થયા ત્યાં કેમ જાણે કોઈ લડતું જ નથી એમ બોલે છે, તે આજે સહન નથી થતું. શ્રીકૃષ્ણ! હું સાચું કહું છું, આપણા માટે આ લાખો કુંવારા કોડીલા ક્ષત્રિયો રણમાં પોઢીને જીવતરને ધન્ય કરે છે, તેવે વખતે જેને હસ્તિનાપુરના રાજાધિરાજનો મુગટ પહેરાવો છે તે માણસ બે ઘા પડે ત્યાં સોનેરી પલંગમાં પોઢી જાય, અને ઉપર જતાં મારા જેવાને નકામો ઠપકો આપે તેનો તો વધ જ થવો જોઈએ. એ જીવતા હશે ત્યાં સુધી અમારો રથ ચીલે ચડવા નહિ દે!'

'વીર અર્જુન! કુંતીના પુત્ર અર્જુન! દ્રોણના શિષ્ય અર્જુન! આવા આવા વાણીના વિલાસો તો ઘેર બેઠાં બેઠાં વેદનું અધ્યયન કરનારા કોઈ બ્રાહ્મણીના પુત્રને શોભે!' શ્રીકૃષ્ણ

બોલ્યા, 'કુંતીનો પુત્ર અર્જુન તો વધારે પડતું બોલતો જ નથી, અને બોલે છે ત્યારે ચામડાની જીભથી નથી બોલતો પણ ગાંડીવથી વીંધી નાખે તેવી જીભથી બોલે છે.'

'શ્રીકૃષ્ણ! મારા રથનું ધોંસરું મેં તમને સોંપ્યું છે, પણ આ વખતે કૃપા કરી ખાસી જાઓ. એક જ ઘા કરવાની છૂટ આપો.' અર્જુન બોલ્યો, પરંતુ બોલતાં બોલતાં તેનો હાથ તો ઢીલો થતો જતો હતો.

'તો એક ઘા મારી ગરદન પર કરી લે. મિત્રના હાથથી મૃત્યુ ક્યાંથી?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'સખા શ્રીકૃષ્ણ! તમે યુધિષ્ઠિરને બચાવીને અર્જુનને ગુમાવવા તૈયાર છો, તો ભલે તેમ થાય!' અર્જુને કહ્યું અને કહેતાં વેંત જ તલવાર આખી મ્યાનમાં પાછી ચાલી ગઈ.

'અર્જુનને ગુમાવવા હું તો તૈયાર નથી જ; પણ આજે તો આખું ત્રિભુવન તૈયાર નથી! અઢાર અક્ષૌહિણીની આ બાજી માંડી છે તે અર્જુને માંડી છે, ખબર છે?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'ના ના, મેં નહિ; આ પલંગમાં પડ્યા છે તેમણે માંડી છે!' અર્જુને યુધિષ્ઠિર સામે આંગળી બતાવી.

'અર્જુન!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'શાંત થા, કુરુક્ષેત્ર આપણને સાદ કરે છે.'

'તો ત્યારે શ્રીકૃષ્ણ! તમે જાઓ. હું મારી પ્રતિજ્ઞા પ્રમાણે યુધિષ્ઠિરને નથી મારતો, એટલે આ તલવાર મારા ગળા પર જ ચલાવીશ. તમે રથને લઈને રણમાં જાઓ.' અર્જુન બોલ્યો.

'મહારાજ યુધિષ્ઠિર! સાંભળો છો કે?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'ક્યારનો સાંભળું છું. ઘણોય આપઘાત કરવાનો વિચાર કરું છું પણ આપઘાતીને અસુર લોકમાં જવું પડે છે એટલે પાછો હઠી જાઉં છું.' યુધિષ્ઠિરે કહ્યું.

'અર્જુન! આપણે તારી પ્રતિજ્ઞાનો રસ્તો કાઢીએ. યુધિષ્ઠિર તારા વડીલ છે. વડીલને તુંકારાથી બોલાવવા અને તેમનું અપમાન કરવું, એ તેમનો વધ કર્યા બરોબર છે; માટે તું યુધિષ્ઠિરને તુંકારાથી બોલાવ અને તેમનું અપમાન કર એટલે તારી પ્રતિજ્ઞા પણ સચવાય અને મારું વેણ પણ રહે.' શ્રીકૃષ્ણે માર્ગ કાઢ્યો.

આ માર્ગને અનિચ્છાએ સ્વીકારતો હોય તે રીતે અર્જુન બોલ્યો: 'ધર્મની પૂંછડી યુધિષ્ઠિર! પાંડવોનું બૂરું કરનારો એક તું જ છો. આજ સુધીમાં તેં મોટાભાઈ તરીકે અમારી સૌની સેવા જ લીધી છે, અને તારી મનસ્વી ભૂલોનાં પરિણામો અમને ભોગવાવ્યાં છે. જ્યારે ત્યારે ધર્મને નામે તું તારા મનસ્વી વિચારોનો આચાર અમારી પાસેથી માગે છે, અને અમારા ક્ષત્રિયજીવનને ધૂળધાણી કરી નાખે છે. જુગાર તું રમ્યો અને વનવાસ અમે વેઠ્યો; પ્રતિજ્ઞાઓ તેં કરી અને નપુંસક તરીકે અમારે રહેવું પડ્યું; મુગટ તું પહેરીશ અને લડાઈનાં જોખમો અમે વેઠશું. યુધિષ્ઠિર, યુધિષ્ઠિર! હું તે તારાં કેટલાં પાપો ગણાવું!'

'અર્જુન બસ થયું!' શ્રીકૃષ્ણે હાથ સહેજ ઊંચો કર્યો એટલે અર્જુન અટકી ગયો. 'અર્જુન! યુધિષ્ઠિરનો, ઘટે તેથી ઘણો વધારે વધ થઈ ચૂક્યો. હવે ચાલો આપણે જઈએ.' એમ કહી શ્રીકૃષ્ણ ઊભા થયા.

પણ અર્જુન ન ઊઠ્યો.

'અર્જુન! ચાલ; બધા આપણી રાહ જોતા હશે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

પણ કોણ સાંભળે? અર્જુનના કાન તો એના અંતરમાં ઊંડા ઊતરી ગયા હતા. શ્રીકૃષ્ણે અર્જુનના ખભા પર હાથ અડકાડ્યો પણ અર્જુને તેમની સામેય ન જોયું. તેની આંખમાંથી ચોધાર આંસુ પડવા લાગ્યાં; ધીમે ધીમે તે ડૂસકાં ભરવા લાગ્યો અને થોડી વારમાં તો એનાં ડૂસકાંનો વેગ ખૂબ વધી ગયો.

'અર્જુન, અર્જુન! આ શું કરે છે?' શ્રીકૃષ્ણે કહ્યું.

'સખા શ્રીકૃષ્ણ! મારે મરી જવું છે. ધર્મરાજ યુધિષ્ઠિરને આવાં વેણ સંભળાવ્યાં તેનો મને પશ્ચાત્તાપ થાય છે. શું કરું? ક્યાં જાઉં? મોત એ જ એક શરણ દેખાય છે. અર્જુન ડૂસકાં ભરતો બોલ્યો.

'અર્જુન! આવી આવી ગાંડી વાતો શી કરે છે? મારું કે મરું એ વિના બીજું જીભ ઉપર ચડતું નથી શું?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! હવે તમે ન બોલો. તમારું વચન મેં એક વાર રાખ્યું છે.' અર્જુન બોલ્યો.

'શ્રીકૃષ્ણ! અમારું શું થવા બેઠું છે તે મને સૂઝતું નથી.' યુધિષ્ઠિર બોલ્યા.

'યુધિષ્ઠિર! જરાયે ગભરાશો નહિ.' શ્રીકૃષ્ણે કહ્યું, 'અર્જુન! તારે પશ્ચાત્તાપ કરવાની જરૂર નથી. તારા હૃદયના ઊંડાણમાં જ થોડીએક વસ્તુઓ તેં દાબી રાખી હશે તે આજે નીકળી આવી, એમાં પ્રાયશ્ચિત્ત શાનું? ભીમસેન મનમાં આવે ત્યારે ભટભડાટ કરીને દિલ ખાલી કરી નાખે, અને તું વધારે ડાહ્યો એટલે મોટાભાઈને માઠું ન લગાડે.'

'તોપણ મારે પ્રાયશ્ચિત્ત તો કરવું જ છે. મારે જાતે જ વધ કરવો છે.' અર્જુન બોલ્યો.

'સખા! જેવો પહેલા રસ્તો કાઢ્યો તેવો આનો પણ રસ્તો નીકળે તેમ છે. જેમ તે તારા મુખથી યુધિષ્ઠિરનું અપમાન કર્યું ને યુધિષ્ઠિરનો વધ થયો. તેમ તું તારા પોતાના મુખથી તારા ગુણગાન કર એટલે તારો વધ થાય.' શ્રીકૃષ્ણ બોલ્યા. એટલે અર્જુન એકદમ હર્ષના આવેશમાં આવીને પોતાનાં ગુણગાન ગાવા લાગ્યો, અને આજ સુધીમાં પોતે જે જે પરાક્રમો કર્યાં હતાં તે બધાનું હદની બહાર જઈને વર્ણન કરવા લાગ્યો. આ આખાયે વર્ણન દરમિયાન તેનાં રોમાંચ ખડાં હતાં, તેના મોં પર હર્ષ હતો, તેની આંખમાં ગર્વ હતો, તેના આખા અંગમાં એક જાતનું જોસ હતું.

'અર્જુન! હવે ચાલો, સૌ આપણી રાહ જોતા હશે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

અર્જુન તરત જ ઊભો થયો અને પલંગ પાસે જઈને યુધિષ્ઠિરના ખોળામાં માથું મૂકી બોલ્યો: 'મહારાજ યુધિષ્ઠિર! મને ક્ષમા આપો.'

'ભાઈ અર્જુન! ક્ષમા તો કોણ કોને આપે? આવાં મહાયુદ્ધોમાં - આવા દેખાતા સંહારોમાં જેમ જગતની શુદ્ધિ સમાયેલી છે, તેમ આવા પ્રસંગોમાં આપણી આત્મશુદ્ધિ પણ કેમ ન હોય?' યુધિષ્ઠિર બોલ્યા.

'મોટાભાઈ! આજે અવશ્ય હું કર્ણનો ઘાત કરીશ. મારી આ પ્રતિજ્ઞા સત્ય સમજજો. ધર્મરાજ! આપ મને આશીર્વાદ આપો.'

'અર્જુન, માડીજાયા અર્જુન! સુખેથી જા, તને મારા અનેક આશીર્વાદ છે. કર્ણને મારીને વહેલો વહેલો આવ.' યુધિષ્ઠિરે અર્જુનનું માથું સૂંઘ્યું.

અર્જુન અને શ્રીકૃષ્ણ રથમાં બેસી ત્યાંથી સીધા મેદાનમાં પહોંચ્યાં.

બાજીનાં સહુ સોગઠાં

યુદ્ધના સત્તરમા દિવસે સૂર્યાસ્ત થતાં પહેલાં કર્ણનું પૈડું પૃથ્વી ગળવા લાગી અને પરશુરામના શાપને લીધે તેની અસ્ત્રવિદ્યા તેને છોડી ગઈ. એકલે હાથે રથનું પૈડું પૃથ્વીમાંથી બહાર કાઢતો અને ગાંડીવધારી અર્જુનની સામે ટક્કર લેતો મહારથી કર્ણ છેવટે પડ્યો, અર્જુને તથા શ્રીકૃષ્ણે કર્ણના પડ્યાના સમાચાર યુધિષ્ઠિરને આપ્યા.

અઢારમે દિવસે શલ્ય સેનાપતિ થયા અને દિવસ પૂરો થયો ત્યાં તો મહારાજ યુધિષ્ઠિરના હાથથી રણમાં પડ્યા. ત્યાર બાદ મહારાજ દુર્યોધન ધરામાં સંતાયો અને ત્યાં

ભીમસેનના હાથથી ગદાયુદ્ધમાં તે પણ પડ્યો.

આ પ્રમાણે અઢાર દિવસનું ભારતયુદ્ધ પુરું થયું અને યુદ્ધને અંતે પાંડવો વિજય પામ્યા. દુર્યોધનને પડ્યા પછી પાંડવો નિસ્તેજ થયેલી અને અનાથ જેવી કૌરવછાવણીમાં દાખલ થયા.

છાવણીને દરવાજે આવીને શ્રીકૃષ્ણે અર્જુનનો રથ ઊભો રાખ્યો અને કહ્યું: ‘અર્જુન! તું રથપતિ છે અને હું તારો સારથિ છું, એટલે શિષ્ટાચાર પ્રમાણે રોજ હું હેઠો ઊતરું છું અને પછી તું ઊતરે છે. પણ આજે રથ ઉપરથી તું પહેલો ઊતર; તારું ગાંડીવ અને ભાથા પણ ઉતારી લે. હું પાછળથી ઊતરીશ. આ સંબંધમાં તારે મને કશો પ્રશ્ન કરવાનો નથી.’

શ્રીકૃષ્ણે કહ્યું કે તરત જ ગાંડીવ અને ભાથા લઈને અર્જુન નીચે ઊતર્યો અને પાછળથી શ્રીકૃષ્ણ ઊતર્યા. શ્રીકૃષ્ણ ઊતર્યા એટલે રથ આપોઆપ સળગી ઊઠ્યો.

અર્જુન અને તેના ભાઈઓ રથને સળગતો જોઈને વિસ્મય પામ્યા એટલે શ્રીકૃષ્ણ બોલ્યા: ‘અર્જુન! ભીષ્મ અને દ્રોણના દિવ્યાસ્ત્રોથી આ રથ સળગી રહ્યો જ હતો, પણ મેં મારી માયાથી તેને અટકાવી રાખ્યો હતો.’

‘શ્રીકૃષ્ણ! પણ આ રથ તો વરુણનો હતો ને?’ અર્જુને પૂછ્યું.

‘વરુણનો હતો અને વરુણ પાસે જશે. મહારાજ યુધિષ્ઠિર! તમને ખબર હશે કે ઈશ્વરી સંકેતની સિદ્ધિ માટે જ અર્જુનને વરુણનો રથ મળ્યો હતો. આજે તમને વિજય મળ્યો એટલે ઈશ્વરી સંકેત સિદ્ધ થયો છે, અર્જુનનું અવતારકૃત્ય પણ સમાપ્ત થયું છે.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘શ્રીકૃષ્ણ! આ તો મોટું આશ્ચર્ય કહેવાય!’ યુધિષ્ઠિર બોલ્યા.

‘યુધિષ્ઠિર! તમે તો ધર્મના તત્ત્વને જાણનારા છો એટલે જાણતા જ હશો કે જગતમાં આ પહેલાં પણ આવાં અનેક મહાભારત યુદ્ધો લડાયાં છે, અને અર્જુન જેવા અનેક અવતારી પુરુષોએ વિજય મેળવ્યા છે. જ્યાં સુધી જગત ચાલશે ત્યાં સુધી એક યા બીજે રૂપે દુર્યોધનો ઉત્પન્ન થવાના જ છે, અને એવા દુર્યોધનોના સાથળો ચીરીને તેમનાં માથાંને લાત મારવાની જરૂર રહેવાની જ છે. આજે એ કાર્ય અર્જુન અને ભીમસેને કર્યું છે; ભૂતકાળમાં બીજા ભીમ અને અર્જુનો હતા; ભવિષ્યમાં નવા ભીમ અને અર્જુનો જન્મશે. આ બધાયે અર્જુનોને પોતાના કાર્ય માટે દિવ્ય શસ્ત્રોની જરૂર રહે છે, અને સનાતન ઋષિ તરુણ આવા અધિકારીઓને તો શસ્ત્રો પૂરાં પાડે છે. અર્જુનનો આ રથ આજે બળી ગયો એટલે અર્જુનનું અવતારકૃત્ય પુરું થયું સમજો.’

‘મહારાજ! ત્યારે આજ સુધી રથ ન સળગ્યો, એ શું?’ યુધિષ્ઠિરે પ્રશ્ન કર્યો.

‘યુધિષ્ઠિર! યુદ્ધ શરૂ થયું ત્યારે તમે મને કહ્યું હતું કે અર્જુનનો હાથ હું તમને સોંપુ છું, એટલે મારા પ્રભાવથી મેં આજ સુધી અર્જુનને બચાવ્યો છે. પાંડવો! આજે આપણે કૌરવરાજ્યની નિરાધાર છાવણીમાં પ્રવેશ કરીએ છીએ. તમે કૌરવોને જીત્યા છે તે કેવળ ધર્મયુદ્ધથી જ જીત્યા છે એવું અભિમાન ન કરતા. મેં પોતે જ્યાં જ્યાં તમને અધર્મમાં મદદ કહી હશે ત્યાં ત્યાં આ દેહ તેનાં ફળો અનુભવવાનો છે એમ ચોક્કસ માનજો. પણ ઈશ્વરી દુનિયામાં કેટલીએક વાર ઝેરથી ઝેરનો નાશ થતો દેખાય છે, તેમ આ યુદ્ધમાંયે અનેક વાર બન્યું છે. આજે તો તમને વિજય મળ્યો છે તેને યથેચ્છ ભોગવો. થોડો કાળ જશે અને વિજયનાં પાણી આછરશે એટલે તેની અંદર કેટલું ચોખ્ખું નીર છે અને કેટલો કચરો છે, તે આપોઆપ તરી આવશે.’ શ્રીકૃષ્ણે ઊંચે સાદે જણાવ્યું.

‘મહારાજ શ્રીકૃષ્ણ! અમે આ યુદ્ધમાં વિજય મેળવ્યો હોય તો તે કેવળ તમારી સહાયથી જ છે. હું તો અર્જુનનો પણ વિજય માટેનો અધિકાર માનતો જ નથી. તમે ન

હોત તો ભીષ્મે બે વાર અર્જુનને મૂંઝવી માર્યો ત્યારે કોણ સહાય કરત? તમે ન હોત તો શિખંડીને આડો રાખીને ભીષ્મનો વધ કરવાની પ્રેરણા અર્જુનને કોણ આપત? તમે ન હોત તો દ્રોણનું શસ્ત્ર હેઠું મૂકાવવાની યુક્તિ કોણ સંભારી આપત? તમે ન હોત તો અમને બેને આપઘાત કરતા કોણ અટકાવત? તમે ન હોત તો કર્ણે સાધેલા સર્પથી અર્જુનનું રક્ષણ કોણ કરત? તમે ન હોત તો દુર્યોધનને સાથળમાં ગદા મારવાનું કોને સૂઝત? તમે ન હોત તો આ રથ ઉપરથી અર્જુનને કોણ નીચે ઉતારત? આ તો માત્ર અઢાર દિવસના મોટા મોટા પ્રસંગો જ કહું છું; બાકી તો અમારા આખાયે જીવતરમાં નાનામોટા તમામ પ્રસંગોએ, શ્રીકૃષ્ણ! તમે ન હોત તો અમે તો જીવી શકત નહિ. માટે હે કેશવ! હું તો તમને જ આ વિજયનો તમામ યશ આપું છું.' યુધિષ્ઠિર ખૂબ આદરથી બોલવા લાગ્યા. અને શ્રીકૃષ્ણના પગમાં પડ્યા.

'મહારાજ યુધિષ્ઠિર! પગમાં પડવાનો તો મારો અધિકાર છે. તમે અર્જુનના મોટાભાઈ એટલે મારા પણ મોટાભાઈ છો. બોલો, હવે મારું બીજું કાંઈ કામ છે?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'શ્રીકૃષ્ણ! તમે કરો એવું એક કામ બાકી છે. આ યુદ્ધના તમામ સમાચાર હસ્તિનાપુર પહોંચી ગયા છે. આ યુદ્ધમાં અમે ધર્મથી કે અધર્મથી ગમે તેમ વર્ત્યા હોઈશું તેની આજે ખબર નથી પડતી; પણ મહાસતી ગાંધારી યુદ્ધના સમાચાર સાંભળી અત્યંત દુ:ખી થશે, ને સ્વાભાવિક રીતે પુત્રનાશથી ક્રોધ પણ કરશે. ગાંધારીનો કોપ એટલે સાક્ષાત્ મૃત્યુ. તમે હસ્તિનાપુર જઈને કોઈ રીતે ગાંધારીને શાંત પાડો. નહિતર તે સતી ભીમને કે અર્જુનને શાપ આપી દેશે તો અમારા વિજયમાં ઝેર પડશે. મહારાજ! આ કાર્ય તમારા વિના કોઈથી થાય તેમ નથી; માટે તમે હસ્તિનાપુર જાઓ અને માતા ગાંધારીને શાંત કરો.' યુધિષ્ઠિરે કહ્યું એટલે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જવા તૈયાર થયા અને પાંડવો જગતના કલ્યાણમાં વિજયનો હવે શો અને કેવી રીતે ઉપયોગ કરવો તેના વિચારમાં બેઠા.

* * *

પાંચ પાંડવો અને સતી દ્રૌપદી હિમાળા તરફ ચાલ્યાં. એક કૂતરો તેમની પાછળ ઠેઠ હસ્તિનાપુરથી ચાલ્યો આવતો હતો.

રસ્તે ચાલતાં એક મોટું જળાશય આવ્યું. જાણે કે મોટો સાગર. આ જળાશયના કાંઠા પર એક પુરુષ ઊભો હતો. જેવા પાંડવો જળાશય પાસેથી પસાર થયા કે પેલો પુરુષ બોલ્યો: 'અર્જુન! મને ન ઓળખ્યો?'

'તમે કોણ છો?' અર્જુને પૂછ્યું.

'હું અગ્નિ છું.'

'અત્યારે અહીં કેમ ઊભા છો? હમણાં ખાંડવવનમાં નથી રહેતા?' અર્જુને પૂછ્યું.

'ખાંડવવનમાં તો તમે વનને બાળી ગયા પછી એ નાગલોકોએ મને નિરાંતે રાજ્ય કરવા જ ન દીધું. એ નાગલોકોની અંદર તક્ષક વગેરે જે અરાજક યુવાનો છે તે કોઈને જંપવા દે તેમ નથી. મેં તમને મદદ માટે બોલાવ્યા, ત્યારે મને થયું તો હતું જ કે આ લોકોને બાળી મારવા એ તેમના પર રાજ્ય કરવાનો સાચો માર્ગ નથી. પણ એ વાત બરાબર ઊકલી ન હતી, એટલે ખાંડવવનને બાળ્યુંયે ખરું અને વેરાન પણ કરી નાંખ્યું. પણ આજે એ લોકોએ મને ખાંડવવનમાંથી હાંકી કાઢ્યો છે અને જતે દિવસે એ બધા લોકો તમારા કુળ ઉપર પણ વેર લે તો ના નહિ.' અગ્નિ બોલ્યા.

'અગ્નિદેવ! તમે ખાંડવવનને બાળીને ખાંડવનો ત્યાગ કર્યો. હસ્તિનાપુરને મેળવીને આજે અમે પણ તેનો ત્યાગ કરીએ છીએ.' એમ કહી અર્જુને આગળ ચાલવા માંડ્યું.

‘અર્જુન!’ અગ્નિદેવે બૂમ પાડી. ‘જાય છે ક્યાં? ગાંડીવ ધનુષ્ય અને બે ભાથા વરુણને પાછાં સોંપ્યા વિના ક્યાં જાય છે? ગાંડીવ પરનાં રત્નોનો લોભ લાગ્યો શું?’

‘લોભ તો કશો નથી. મને એમ કે એ બે સાથે રાખીશ તોયે શો વાંધો છે?’ અર્જુને જવાબ વાળ્યો અને પછી ગાંડીવ તથા ભાથા આગળ ધર્યા.

‘વાંધો તો બધો જ. તારા જન્મનું કૃત્ય પૂરું થયું એટલે એ બધાં તારી પાસે હોય તોયે સરખું છે, ને ન હોય તોયે સરખું છે. આ જ ગાંડીવ આજે તારા હાથમાં ગાંડીવનું કામ નહિ આપે. તેં નથી જોયું કે ભીષ્મ અને દ્રોણ જેવા મહારથીઓને તોબા પોકરાવનાર આ ગાંડીવ ધનુષ્ય શ્રીકૃષ્ણની સ્ત્રીઓને લૂંટી જનાર કાબાઓની સામે સાદા કામઠા જેવું થઈગયું હતું? અર્જુન! માણસનાયે દિવસો હોય છે. એક વાર તારો દિવસ હતો, આજે એ નથી. એક દિવસ તેં હજારો શત્રુઓને એક સપાટે જમીન પર સુવડાવ્યા હતા; એક દિવસ એ જ તું એક બભ્રુવાહનના હાથથી રથમાં ગબડી ગયો હતો. અર્જુન! સમય સમયના રંગ છે, જરાય શોક ન કરતો. “હું બળવાન છું” એમ માનવાનું માણસ છોડી દે અને કાળભગવાનની પ્રેરણાથી જે કાંઈ કરે તેમાં અભિમાન ન લે, તો બસ છે. પાંડવો! જાઓ સિધાવો. કાળભગવાન તમને કલ્યાણને માર્ગે દોરો.’

એમ કહી અગ્નિદેવે તેમને સૌને આશીર્વાદ આપ્યા અને ગાંડીવ તથા ભાથા લઈને સરોવરમાં ફેંકી દીધાં. તુરત સરોવરની અંદરથી એક હાથ ઉપર આવ્યો અને ગાંડીવ તથા ભાથા લઈને પાછો અંદર સમાઈ ગયો.

અર્જુન ગણગણ્યો: ‘આ હાથ કાળભગવાનનો તો ન હોય?’

* * *

પાંચ પાંડવો અને દ્રૌપદી આગળ ચાલતાં રસ્તામાં નકુળ પડ્યો, સહદેવ પડ્યો, દેવી પાંચાલી પડી અને પછી અર્જુન પડ્યો.

‘ભીમસેન! મારું માથું ફરે છે. મને ચક્કર આવે છે.’ અર્જુને કહ્યું અને બેસી ગયો.

‘ભાઈ અર્જુન! શું થાય છે?’ ભીમે પૂછ્યું.

‘શું થાય છે તેની ખબર પડતી નથી, પણ જીવ ખૂબ મૂંઝાય છે અને આંખે અંધારા આવે છે.’ અર્જુન બોલ્યો.

‘યુધિષ્ઠિર! અત્યારે આપણે અહીં જ વિસામો કરીએ તો?’ ભીમે કહ્યું.

‘ભીમસેન! જરાયે નહિ. આ તો મારે વિસામો કરવાનું સ્થળ છે. વીરા ભીમસેન! દેવી પાંચાલી ગઈ ત્યાં હું પણ હવે ચાલ્યો સમજ.’ અર્જુન બોલ્યો.

‘અર્જુન! તું જઈશ જ? આ બધું શું થવા બેઠું છે!’ ભીમે કહ્યું.

‘શ્રીકૃષ્ણે મને કહ્યું હતું ને અગ્નિએ પણ પહેલાં મને સૂચવ્યું હતું કે તારું અવતારકૃત્ય પૂરું થયું છે, પણ હું બરાબર સમજ્યો નહોતો. મહારાજ યુધિષ્ઠિર! આ ઘડીએ તે સમજાય છે. અવતારકૃત્ય પૂરું થયા પછી માણસ મમતાનો માર્યો સંસારમાં હવાતિયાં મારે છે, અને કાળભગવાન તેના શબને કાંઠે ફગાવી ન દે ત્યાં સુધી મરતો મરતો પણ તરવાનો પ્રયત્ન કરે છે. એનો એક દાખલો હું પોતે. ભીમસેન! જેના પ્રતાપથી આપણે રણસંગ્રામને પાર ઊતર્યા તે શ્રીકૃષ્ણ સાક્ષાત્ પ્રભુ હતા. પોતાનું અવતારકૃત્ય પુરું થયું એટલે સર્પ પોતાની કાંચળીને ત્યજે તેમ તેમણે દેહને ત્યજ્યો. તેમને ન આડે આવી દ્વારકા, ન આડે આવી સોળ હજાર સ્ત્રીઓ, ન આડે આવ્યા પુત્રો, ન આડે આવ્યાં ચક્રગજા કે ન આડે આવ્યા આપણે કોઈ! મને શ્રીકૃષ્ણ ‘સખા સખા કહેતા’ તેમાં તેમની તો મોટાઈ હતી, પણ હું પામર સમજ્યો નહિ, એટલે મારું અભિમાન વધ્યું - એટલું વધ્યું જેનો સુમાર નહિ!

શ્રીકૃષ્ણ ગયા અને કાબાઓએ મને લૂંટ્યો ત્યારે મારી આંખ પહેલી વાર ઊઘડી; અને ત્યાર પછી તો ઊઘડે ને મીંચાય તેમ થયા જ કર્યું છે. ભીમસેન! આ અભિમાને મારો નાશ કર્યો છે એમ સમજજે. મહારાજ યુધિષ્ઠિર! અર્જુનના છેવટના નમસ્કાર સ્વીકારજો. ભાઈ ભીમસેન! આ અભિમાનનો પલટો આજે મારા હૈયા પર કેટલો ભારે લાગતો હશે તેનો ખ્યાલ આવે છે? તને આવી ન શકે. મૃત્યુશય્યા પર માણસના હૈયા પર આવો જ ભાર આવતો હશે? શ્રીકૃષ્ણ! જીવનમાં એક વાર ફરીથી સારથિ થશો? હવે તમને ઓળઘી ગયો એટલે નફ્ટ નહિ થાઉં. આજ સુધી તો 'વિજય તમે અપાવ્યો છે' એમ વિવેકની ભાષા જ વાપરતો. આજે મનુષ્યમાત્ર કેવો નિર્બળ છે તેનું સાચું ભાન થાય છે; એટલે જીવીશ હું, અને વિજય તમારો જ છે એમ માનીને જીવીશ.'

'પણ આ વલખાં શા માટે? ભીમસેન! હું ચાલ્યો. એક વાર અભિમાનોનો હિસાબ ચૂકવી લેવા દે. ભીષ્મ પિતામહ ચોપડો લઈને ઊભા છે; જયદ્રથ ચોપડો લઈને ઊભો છે; દ્રોણાચાર્ય તો અશ્વત્થામાનું ખાતું પણ પોતાના ચોપડામાં લખે છે; અને કર્ણ - સૂતપુત્ર?... ના, ના, કુંતીપુત્ર કર્ણ - મારો મોટો ભાઈ કર્ણ, ચોપડો બાંધીને હસતો હસતો ઊભો છે. આ બધાના ચોપડાઓમાં મારુંય ખાતું છે અને શ્રીકૃષ્ણનુંય ખાતું છે. આ ઊભા બધા. તેઓ મને ઈશારા કરે છે અને જણાવે છે કે શ્રીકૃષ્ણનું ખાતું તો સૌને માંડી વાળવું પડ્યું છે ને મારું ખાતું ઊભું છે. હું તો રહ્યો શાહુકાર એટલે મારું ખાતું શા માટે માંડી વાળે? ઊભા રહો, પિતામહ! ઊભા રહો, કર્ણ-જયદ્રથ! ઊભા રહો. દ્રોણગુરુ! તમે સૌ મને દેવામાંથી મુક્ત કરશો પછી જ મને શાંતિ વળશે.'

'ભાઈ અર્જુન! જરા શાંત થા તો? શ્રીકૃષ્ણને સંભાર એટલે શાંતિ થશે.' યુધિષ્ઠિર બોલ્યા.

'ઘણીયે મહેનત કરું છું પણ એ તો દૂર ને દૂર સંતાતા ફરે છે; અને આ મારા લેણદારો મને સુખ આવવા દે તેમ નથી. મહારાજ યુધિષ્ઠિર! નમસ્કાર. કયા વિજયને માટે આપણે સૌ જીવ્યા તેનું સરવૈયું કાઢું છું. ત્યારે કેવળ દેવાળું જ દેખાય છે. મોટાભાઈ! આ ડહાપણ આજે હવે ઘણું મોડું આવ્યું! અત્યારે તો વિજયના લોહીથી ખરડાયેલા આ હાથો હજી ગંધાય છે; સ્વર્ગગંગામાં ધોવાથી તેની ગંધ જાય તો ઠીક, નહિતર એ ગંધ લઈને જ આવતો અવતાર લેવાનો રહેશે. ભાઈ ભીમ! મોટાભાઈ યુધિષ્ઠિર! મને રજા આપો. પિતામહ! તમારો દીકરો પણ આ આવ્યો. કર્ણ! હવે તારો રથ પૃથ્વી ગળશે તો પૈડાંને હું બહાર કાઢીશ.'

પાંડુરાજાનો પુત્ર, કુંતીનો વીરજાયો, ઈંદ્રનો બેટો, દ્રોણાચાર્યનો પ્રિય શિષ્ય, પાંચાલીનો પ્રાણ, શ્રીકૃષ્ણનો સખા, કર્ણનો કટ્ટો દુશ્મન, અભિમન્યુનો પિતા. સુભદ્રાનો પતિ, ગાંડીવને ધારણ કરનાર, આખી પાંડવસેનાને રણસંગ્રામમાંથી ઉગારનાર અને યુધિષ્ઠિરના ગળામાં વિજયમાળા પહેરાવનાર અર્જુને આમ બોલતાં બોલતાં પોતાના પ્રાણ છોડ્યા!

શ્રીકૃષ્ણ

પાંડવોના સલાહકાર

પાંડવો દ્રૌપદીને પરણ્યા ત્યાર પછી કાકા ધૃતરાષ્ટ્રે તેમને હસ્તિનાપુરમાં પાછા બોલાવ્યા અને રાજ્યનો અર્ધભાગ કાઢી આપ્યો. પાંડવોએ ઇંદ્રપ્રસ્થમાં પોતાની ગાદી સ્થાપી.

પાંડવો વીરપુત્રો હતા; હિમાલયનાં અરણ્યોમાં તેમનો જન્મ થયો હતો; તપોવનની આબોહવામાંથી તેમને જીવનના આદિસંસ્કારો મળ્યા હતા; કુંતી જેવી ક્ષત્રિયાણીનું ધાવણ ધાવીને તેઓ મોટા થયા હતા; કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય જેવા સમર્થ ગુરુઓએ તેમને વિદ્યા આપી હતી.

છતાં આજ સુધી તેઓ રાજપાટ વિનાના રખડ્યા હતા. દુર્યોધન અને તેની ઈર્ષા પાંડવોની પાછળ પડ્યાં હતાં. હસ્તિનાપુરની ગાદીને શોભાવે એવા પાંડવો છૂપે વેશે જ્યાં ત્યાં ભટકતા હતા અને જેમતેમ જીવન ગુજારતા હતા. પોતાના ક્ષાત્રતેજને તખ્ત પરથી ઝળકાવવાનો અવકાશ જ મળ્યો ન હતો.

આજે જ પહેલવહેલો એ અવકાશ સાંપડ્યો. ઇંદ્રપ્રસ્થના તખ્ત પરથી મહારાજ યુધિષ્ઠિર રાજ્યની લગામ કેવી રીતે પકડે છે તે તરફ સમગ્ર પ્રજાની જ નહિ, પરંતુ આખા ભારતવર્ષના રાજા-મહારાજાઓની આંખ હતી. પાંડવો રાજ્યકર્તાઓ તરીકે નિષ્ફળ થાય અને પ્રજાહૃદય પોતાના તરફ જ વળ્યું રહે એવો દુર્યોધનનો અભિલાષ હતો; મહારાજ યુધિષ્ઠિરની ધર્મ-આણ પ્રજાહૃદયના તળિયા સુધી પહોંચે અને લોહીના મદથી તેમ જ રાજ્યમદથી છકેલા દુર્યોધનનો ગર્વ ગળી જાય એ જોવાના પાંડવોના કોડ હતા.

આવી પરિસ્થિતિમાં ઇંદ્રપ્રસ્થનો દરબાર સૌનું ધ્યાન ખેંચી રહે એ સહજ છે. આ દરબારનું બાંધકામ મય નામના એક દાનવે કર્યું હતું. ઇંદ્રનો દરબાર, વરુણનો દરબાર, કુબેરનો દરબાર, આ બધાય દરબારોથી ચડે એવો યુધિષ્ઠિરનો દરબાર હતો. સ્થાપત્ય અને કલાની જેટલી હોંશિયારી દાનવોમાં હતી તે સઘળી મય દાનવે આ દરબારને ઊભો કરવામાં વાપરી હતી. દેશપરદેશના અનેક માણસો ઇંદ્રપ્રસ્થનો આ દરબાર જોવા માટે આવતા અને ચકિત થઈને પાછા જતા.

પણ યુધિષ્ઠિરનો દરબાર એટલે ફક્ત ઈંટચૂનાનું ચણતર કામ નહિ. એ દરબાર તો દેશદેશના મહાપુરુષોનું સંગમ સ્થાન, યુધિષ્ઠિરના દરબારમાં વ્યાસ અને જૈમિનિ જેવા દ્રષ્ટા આવે અને પોતાની આર્ષદૃષ્ટિનાં અજવાળાં પાથરે; યુધિષ્ઠિરના દરબારમાં નારદમુનિ જેવા વિશ્વપરિવ્રાજકો આવે અને વિશ્વના મહાપ્રશ્નો રજૂ કરે; યુધિષ્ઠિરના દરબારમાં દ્રુપદ અને વિરાટ જેવા રાજાઓ પણ આવે અને ભારતવર્ષનાં નરેન્દ્રમંડળનાં મંતવ્યો લાવે; યુધિષ્ઠિરના દરબારમાં શ્રીકૃષ્ણ જેવા યુગપુરુષો પણ આવે અને માનવજીવનના અનેક

કૂટપ્રશ્નો પર યુગદૃષ્ટિનો પ્રકાશ નાખે.

ઉપરાંત ભીમ, અર્જુન વગેરે અવારનવાર દિગ્વિજય કરવા નીકળે ત્યારે ચારે દિશાઓમાંથી નવા પરિચયો, નવા વિચારો, નવી દૃષ્ટિ, નવી રીતભાત, એવું એવું ઘણુંય લાવે અને દરબારનાં પાણીને બંધિયાર થવા ન દેતાં નિર્મળ રાખે. ઇંદ્રપ્રસ્થની દીવાલો પર નિત્યનિરંતર નવા નવા વિચારો અથડાયા જ કરે અને જૂની ધૂળને ધોઈને પાછા ફરે. પાંડવોની બુદ્ધિ નિત્યનવા પરિચયોથી સંસ્કારી અને સતેજ રહે. પોતાની સમાન કક્ષાના તેમ જ પોતાથી ચડિયાતા એવા માણસોના નિત્ય પરિચયથી મહારાજ યુધિષ્ઠિરને રાજમદ ચડવા જ ન પામે, અને કદાચ ચડે તો તરત જ પાછો ધોવાઈ જાય.

* * *

એક વાર નારદજી ફરતાં ફરતાં ઇંદ્રપ્રસ્થમાં આવી ચડ્યા. તેમના હાથમાં સમગ્ર વિશ્વની શાંતિ સાધે તેવો તંબૂરો હતો, તેમના મુખમાં સમગ્ર વિશ્વની શાંતિનો મંત્રોચ્ચાર હતો. નારદજી પધાર્યાના સમાચાર સાંભળી યુધિષ્ઠિર સફાળા ઊભા થયા અને અર્ઘ્ય લઈ સામા ગયા. મહારાજે નારદમુનિનું પૂજન કર્યું, તેમના ચરણમાં માથું નમાવ્યું અને પછી તેમને એક મોટા આસન પર બેસાડી પોતે હાથ જોડીને સામા ઊભા.

'પાંડવપુત્ર યુધિષ્ઠિર! કુશળ છો?' નારદજીએ પૂછ્યું.

યુધિષ્ઠિરે જવાબ વાળ્યો: 'મુનિમહારાજ! આપની કૃપા હોય ત્યાં બધું કુશળ જ હોય. મારાં અહોભાગ્ય કે આજે આપ પધાર્યા. મને શી આજ્ઞા છે?'

'રાજન્!' નારદ બોલ્યા. 'આજ્ઞા તો કશી જ નથી. અથવા તો તારા જેવા રાજાને આજ્ઞા ન કરવી તો કરવી પણ કોને?'

યુધિષ્ઠિરે જણાવ્યું: 'મહારાજ! ફરમાવો. આપની આજ્ઞા તો મારા જેવાઓને માટે જીવનનો એક લહાવો છે.'

'રાજન્!' નારદ બોલ્યાં, 'આજે આખા ભારતવર્ષમાં કોઈ પણ એક વાત આખા સમાજને પીડી રહી હોય તો તે રાજામહારાજાઓને મદ છે. તારા જ કાકાનો દુર્યોધન જો. તારા ભીમને ઝેર ખવરાવતાં એનું હૈયું ન થડક્યું, તમને જીવતા બાળી દેવાનો વિચાર કરતાં એને શરમ ન આવી. એ તો એમ જ માને છે કે ધૃતરાષ્ટ્રનું લોહી એ જ લોહી છે, અને પાંડુનું લોહી એ તો ધોળું-પીળું પાણી છે. આજે તને રાજ્યનો અર્ધ ભાગ આપ્યો તેની મલકાઈ ન જતો. હજી તો હસ્તિનાપુરમાં બેઠાં બેઠાં ઠેઠ ઇંદ્રપ્રસ્થના તારા પોતાના ઓરડામાં ગાબડું પાડે એવી સુરંગો એ ખોદતો-ખોદાવતો હશે, છતાંય દુર્યોધન તો સારો. એનામાં ઈર્ષા છે; મદ ઓછો છે. એનાથી વધારે મદમસ્ત બીજા ઘણા રાજાઓ પડ્યા છે અને પૃથ્વીને પીડી રહ્યા છે.'

યુધિષ્ઠિરે નમ્રભાવે પૂછ્યું: 'તો મહારાજ! આ બાબતમાં હું કાંઈ કરી શકું?'

નારદજીએ તરત જવાબ વાળ્યો: 'જરૂર. તું આ તમામ રાજાઓના મદને ઉતારી શકે. તું ધર્મપુત્ર છે. આખા દેશના ઋષિમુનિઓ તમારી પાસેથી ધર્મરાજ્યની સ્થાપનાની આશા રાખી રહ્યા છે. આ બધા મદમસ્ત રાજાઓ સત્તાના કેફમાં આંધળા બન્યા છે અને પ્રજાને પીડવામાં બાકી રાખતા નથી. લોકો પાસેથી મોટા મોટા કરો લઈને ફાવે તેમ ઉડાવે છે, નાના નાના રાજાઓને પોતાની સેનાના બળથી ડરાવે છે, અને તેમની ઇચ્છા હોય કે ન હોય, પણ તેમના સ્વામી થઈને બેસે છે. આ તમામ રાજાઓને તું તારું પાણી બતાવ. એક રાજસૂય યજ્ઞ કરીને તું સાર્વભૌમ થા અને ધર્મરાજ્ય કેવું હોઈ શકે તેનો આદર્શ ભારતવર્ષમાં ફરીને ઊભો કર. યુધિષ્ઠિર! પાંડુ મહારાજ સ્વર્ગમાં રહ્યા રહ્યા તારા આ

કાર્યમાં તને આશીર્વાદ આપશે.'

યુધિષ્ઠિર બોલ્યા: 'આપ તો મહાત્મા છો. હજી હું કાલ સવારે ગાદીએ આવ્યો એટલામાં રાજસૂય યજ્ઞ કરવાનો મારો અધિકાર થઈ ગયો હોય એમ મને લાગતું નથી. મહારાજ! હું તો આપની પાસે એ જ માગું છું કે આ તખ્ત મને આંધળો ન બનાવે; આ તખ્ત ઉપર બેઠા છતાં હું ઉડાઉ ન બની જાઉં; આ તખ્ત ઉપર બેઠા છતાં હું પ્રજાનો તિરસ્કાર કરતાં ન શીખું; આ તખ્ત ઉપર બેઠા છતાં મારી સ્તુતિ મને ખૂંચે; આ તખ્ત ઉપર બેઠા છતાં હું નિંદા સાંભળી શકું અને તેમાંથી સાર કાઢી શકું; આ તખ્ત ઉપર બેઠા છતાં હું કોઈના પર જુલમ ન કરું; આ તખ્ત ઉપર બેઠા છતાં ગરીબોની ધા સાંભળવા માટે મારા હૈયાના દરવાજા સદાય ખુલ્લા રહે, આ તખ્ત ઉપર બેઠા છતાં મારો ખજાનો પ્રજાના હિતને માટે સદાય ખુલ્લો રહે; આ તખ્ત ઉપર બેઠા છતાં પ્રજાને સુખે સુખી અને દુ:ખે દુ:ખી હું રહું; અને આ તખ્ત ઉપર બેઠા છતાં હું મારી જાતને પ્રજાનો એક વાલી-રક્ષક જ માનું. આટલું આપના આશીર્વાદથી હું કરી શકું તો મેં રાજસૂય યજ્ઞ કર્યો છે એમ જ હું માનું.'

નારદજી વિચાર કરતા કરતા બોલવા લાગ્યા: 'યુધિષ્ઠિર! તારી વાત તો બરાબર છે. તું આવી રીતે રાજ્ય કરે તો જ તેં ધર્મરાજ્યની સ્થાપના કરી કહેવાય. પણ તું એટલું જ કરીને બેસી રહે તે બરાબર નથી. આટલું તો તું કરે અને કર્યા કર; પણ તારી આસપાસ બધા મદોન્મત્ત રાજાઓ મહાલતા હશે તો તારું ધર્મરાજ્ય પણ જોખમમાં છે એમ સમજજે. માટે તું રાજસૂય યજ્ઞ કરીને સાર્વભૌમપદ મેળવ. તું ધર્મરાજ્યના સુંદર સ્વપ્નો સેવે છે એ જ આવા યજ્ઞ માટેનો તારો અધિકાર બતાવે છે. તારી શક્તિ ફક્ત ઇંદ્રપ્રસ્થના ચાર ખૂણામાં જ સંતાઈ રહે એ બરાબર નથી. તારા જેવા અધિકારી પુરુષોએ તો બીજા અનેક રાજાઓને પોતાની સાથે લઈ આખા યુગને પલટાવી નાખવો જોઈએ. બોલ, કેમ લાગે છે?'

યુધિષ્ઠિર બોલ્યા: 'આપનો આગ્રહ છે તો હું નિરાંતે વિચાર કરીશ, મારા ભાઈઓની સલાહ લઈશ ને અમારા કુશળ સલાહકાર શ્રીકૃષ્ણને પૂછીને જે યોગ્ય જણાશે તે જરૂર કરીશ.'

નારદજીએ ઊઠતાં ઊઠતાં સંકેલ્યું: 'એ તને મરજી પડે તેમ કર. હું તો તને રાજસૂય યજ્ઞનો અધિકારી સમજું છું. અમને ઋષિમુનિઓને ઘણા વખતથી એવાં ચિહ્નો દેખાયાં છે કે તમારા હાથે જ આ બધા મદોન્મત્ત રાજાઓ ધૂળ ચાટતા થવાના છે. હું તો વિશ્વના કલ્યાણ ખાતર તારી પાસે આ વાત મૂકું છું. આપણા યુગની નાડીને બરાબર ઓળખનાર શ્રીકૃષ્ણ પણ તારા મતને જ ટેકો આપશે એવી મારી ખાતરી છે. તારા જેવા પાંડુના એક દીકરાને ગાદી મળી કે ન મળી તેની અમારે મન બહુ કિંમત નથી; અમારે તો મદોન્મત્ત રાજાઓના ભારથી પીડાયેલી પૃથ્વીને તું બચાવ, અને જ્યાં આજે લોકજીવન વેરાન થયું છે ત્યાં લીલીછમ વાડીઓ ઊભી કરી નાખ, એ જ તારી અને ઇન્દ્રપ્રસ્થની ગાદીની કિંમત છે. બાકી તો કરોડો રાજાઓ થઈ ગયા અને કરોડોનાં ક્લેવરો પૃથ્વી માતાએ પોતાના ગર્ભમાં સમાવી દીધાં; કાળના દફતર પર તેમનાં નામનિશાન પણ નથી. રાજન્! હવે હું રજા લઈશ.'

'મહારાજ!' યુધિષ્ઠિરે કહ્યું, 'બસ, આટલી જ વારમાં જશો? થોડી વિશ્રાંતિ પણ નહિ લ્યો?'

નારદે હસતાં હસતાં કહ્યું: 'મને જ નહિ પણ આખા દેશને વિશ્રાંતિ આપવાનો તારો અધિકાર છે માટે તો આવ્યો, અને તને કહ્યું. વિશ્રાંતિ તો આ તંબૂર આપે છે. છતાંયે જરૂર

પડતાં માનવીઓની નિર્દોષ મશ્કરી કરીને હસી લઉં છું એટલે થાક ઊતરી જાય છે.'

એટલું બોલી નારદજી ચાલતા થયા.

* * *

'મહારાજ શ્રીકૃષ્ણ!' યુધિષ્ઠિર બોલ્યા, 'આપની સંમતિ વિના એક ડગલું પણ ન ભરવું એવો મારો અને મારા ભાઈઓનો નિરધાર છે. નારદજીનો આગ્રહ મેં આપને જણાવ્યો. મારા ભાઈઓ, મારી પ્રજા અને આ દ્રૌપદી સુધ્ધાંત મને આગ્રહ કરી રહ્યાં છે.'

'દ્રૌપદી પણ સંમત છે?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

સહદેવ બોલ્યા: 'દ્રૌપદી તો અવભૃથસ્નાન માટે એક પગે થઈ રહ્યાં છે.'

યુધિષ્ઠિરે ચલાવ્યું: 'આ બધાં મને આગ્રહ કરી રહ્યાં છે તે વાત સાચી. પણ શ્રીકૃષ્ણ! ત્રાજવાના એક પલ્લામાં આ બધાના આગ્રહને મૂકું અને બીજા પલ્લામાં આપનો એક સામાન્ય જેવો શબ્દ મૂકું; તોપણ મારે મન આપનો શબ્દ વધારે વજનદાર છે. દ્રુપદના દરબારમાં અમને કોઈ જાણતું ન હતું ત્યારે આપે અમને અપનાવ્યા, અને ભલભલા રાજાઓની આંખો અંજાઈ જાય એવું મોસાળું કર્યું. હજી તો કાલ સવારની વાત છે; ખાંડવવનમાં નાગલોકોનો સમૂળગો સંહાર કર્યો ત્યારે અર્જુનની પાછળ આપનું જ બળ હતું ના? શ્રીકૃષ્ણ! સાચું કહું છું. આપ માત્ર અમારા મામાના દીકરા જ નથી; આપે તો અમારા જીવનમાં ખસેડી ન શકાય તેવું સ્થાન લીધું છે. હું અને મારા ભાઈઓ હજીયે વધારે ઊંચા ચડવાના હોઈશું તો તે આપને લઈને જ ચડીશું. માટે શ્રીકૃષ્ણ! આ રાજસૂય યજ્ઞની બાબતમાં હું તો આપની સ્પષ્ટ સલાહ પ્રમાણે જ ચાલવાનો છું.'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'તમારી સૌની જો ઇચ્છા હોય, નારદનો આગ્રહ હોય અને મહારાજ યુધિષ્ઠિરને પોતાને ખાસ વાંધો ન હોય તો રાજસૂય યજ્ઞ કરવો.'

યુધિષ્ઠિર આગળ આવ્યા ને બોલ્યા: 'મહારાજ! એમ નહિ, અમારી ઇચ્છા હોય તો તે મનમાં ને મનમાં રહી શકે છે; નારદનો આગ્રહ હોય તો તેને એક બાજુ મૂકી શકાય છે; આજના સંયોગોમાં રાજસૂય યજ્ઞ કરવો સલાહકારક હોય તો હા કહો,"હા-ના" નો નિર્ણય આપના પર જ અવલંબે છે એમ સમજો.'

શ્રીકૃષ્ણે શાંતિથી જણાવ્યું: 'ત્યારે મને તો તમારા આ યજ્ઞમાં મોટી અડચણ દેખાય છે.'

ભીમ ઉતાવળો થયો: 'શી અડચણ છે?'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'તમે જરાસંધને ઓળખો છો?'

ભીમે તોછડાઈથી પૂછ્યું: 'કોણ પેલો ગિરિવ્રજનો જરાસંધ?'

સહદેવ બોલ્યા: 'પાંચાલીના સ્વયંવરમાં ગોઠણભર પડ્યો હતો તે?'

શ્રીકૃષ્ણે કહ્યું: 'હા, એ જ. પરંતુ ભીમસેન! તમે અને સહદેવ હસી કાઢો એવો એ નથી. છે તો એ આજે એંસી વર્ષનો ડોસો; પણ મારા તમારા જેવાની ખબર લે તેવો છે તે ધ્યાનમાં રાખજો.'

યુધિષ્ઠિર ચિંતાતુર ચહેરે બોલ્યા: 'આ જરાસંધ વિષે આપ શું કહેવા માગો છો?'

'એ જરાસંધ છે ત્યાં સુધી તમારો રાજસૂય યજ્ઞ શાંતિથી થઈ શકશે નહિ.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'એવો હરામી છે જરાસંધ?' નકુળ બોલ્યો.

'એવો હરામી તો છે જ, પણ બળવાન પણ એવો જ છે.' શ્રીકૃષ્ણે કહ્યું 'મને પોતાને એના ઘા રુઝાયા નથી. અમને યાદવોને મથુરા છોડાવનાર એ જરાસંધ. આજે તો એ

બાજુના રાજાઓમાં જરાસંધ સાર્વભૌમપદ ભોગવે છે. તમે રાજસૂય યજ્ઞ કરો એટલે એના અચળ મુગટમાં ખીલી વાગે. એ જીવે છે ત્યાં સુધી તમારાથી રાજસૂય યજ્ઞ નહિ થઈ શકે.'

અર્જુન બોલ્યો: 'આપણા રાજાઓએ એવું સાર્વભૌમપણું સ્વીકાર્યું છે?'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'સખા અર્જુન! તું કેમ ભૂલે છે? સાર્વભૌમપદ એમ બધા સ્વીકારે પછી જ માણસ ધારણ કરે છે? સાર્વભૌમ થનાર એ બધાનાં અંતર ઉઘાડીને જોવા બેસે છે? એ તો મારે તેની તલવાર! એક ઘા ને બે કટકા! રાજાઓ મનમાં ભલે બબડ્યા જ કરે; એવા બબડતા રાજાઓની ગરદન પર ઝૂકાવવું એ જ સાર્વભૌમપદ! પછી કોઈ રાજા જરા જરા ગરદન લાંબીટૂંકી કે આડીઅવળી કરે તો હડિયા પર જરા નખ દબાવ્યો કે બસ.'

'તો તો ભારે જુલમ કહેવાય.' યુધિષ્ઠિર બોલ્યા.

'એ તો ચોખ્ખું જ છે.' શ્રીકૃષ્ણે કહ્યું, 'આવું સાર્વભૌમપદ જુલમ પર જ ચણાયું હોય છે; પણ એ ચણતર ઉપર લોકલ્યાણ, વિશ્વબંધુત્વ, પ્રજાનું સુખ, એવા એવા કેટલાય ઢોળ ચડાવવામાં આવે છે, એટલે એ નગ્ન જુલમ દેખાતો નથી અને બધું ઊજળું ઊજળું જ દેખાય છે. બાકી જુલમ ન હોય તો એ છ્યાંસી છ્યાંસી રાજાઓને કેદમાં પૂરે અને કોઈ ચૂં કે ચાં ન કરે?'

'છ્યાંસી રાજાઓને કેદમાં પૂર્યા છે?' અર્જુને પૂછ્યું.

'હા. જરાસંધ તો એક પુરુષમેઘ યજ્ઞ કરવાનો વિચાર કરે છે. આ યજ્ઞની આહુતઓ તરીકે તે રાજાઓને હોમવાનો છે. છ્યાંસી રાજાઓ તો એકઠા થયા છે; બીજા ચૌદ કેદ કરે એટલે એ યજ્ઞ શરૂ કરશે.' શ્રીકૃષ્ણ જણાવ્યું.

'મહારાજ! શું બોલો છો?' અર્જુન બોલી ઊઠ્યો.

શ્રીકૃષ્ણે શાંતિથી કહ્યું: 'હું સાચું કહું છું.'

અર્જુને જણાવ્યું, 'આ યુગમાં પુરુષમેધ યજ્ઞ? માનવી આટલી આટલી સંસ્કૃતિએ ચડ્યો તોયે ખુદ માનવીને હોમતાં અચકાતો નથી?'

શ્રીકૃષ્ણ હસીને બોલ્યા: 'ભાઈ અર્જુન! તેં હજી દુનિયાને બરાબર દીઠી નથી. માણસ હજી આજેય પશુ નથી મટ્યો. તેમાંય આવા સાર્વભૌમ રાજાઓ તો મોટા પશુઓ. પશુબળ પર જ તેમનું સાર્વભૌમપદ નિર્ભર છે. તેમની આલેશાન રાજધાનીઓ, ધરતીને ધ્રુજાવે એવી તેમની સેનાઓ, ભલભલા માણસો અંજાઈ જાય. એવા તેમના ઠાઠમાઠો, નિરપરાધ પણ દેખીને દબાઈ જાય એવા દમામભર્યાં ન્યાયાસનો; હૈયામાં પેસીને વાતનો પત્તો લાવે એવા તેમના ગુપ્તચરો; આ બધા તેમના પશુબળના પાયા. જેવાતેવા રાજાઓ તો આ દમામ જોઈને જ જરાસંધના પગમાં આળોટવા લાગે છે.'

'અને છતાંયે,' અર્જુન વચ્ચે જ બોલી ઊઠ્યો, 'કોઈ ક્ષત્રિય બચ્ચાને ઝનૂન નથી ચડતું?'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'ઝનૂન ચડે કોઈ માઈના પૂતને. તમે સૌ માઈના પૂત છો. તમે ધારો તો ભારતવર્ષને આવા જરાસંધોના ત્રાસથી છોડાવી શકો તેવા બળવાન છો. આજે આપણી માતૃભૂમિ આવા આવા રાજાઓના જુલમથી ત્રાહી ત્રાહી પોકારી રહી છે. અર્જુન! તું ધારે તો આ જરાસંધને મારી શકે. જરાસંધ જીવે છે ત્યાં સુધી યુધિષ્ઠિરના ભાર નથી કે રાજસૂય યજ્ઞ કરી શકે.'

ભીમ તરત બોલી ઊઠ્યો: 'તો અર્જુન! ચાલ આપણે તેને પૂરો કરી આવીએ. હિડંબ અને બક જેવાને વધેરી નાખ્યા તો જરાસંધ શી વિસાતમાં?'

અર્જુન બોલ્યો: 'ભીમ! એમ ન સમજી લે. જે જરાસંધે યાદવોને મથુરા છોડાવ્યું, જે

જરાસંધને કાલયવન, શિશુપાળ તથા રુક્મી જેવાનો તો સાથ છે, જે જરાસંધે આટલા બધા રાજાઓને જકડી લીધા છે અને તેમના મોઢામાં ડૂચા માર્યા છે, તે જરાસંધને તું જેવોતેવો ન સમજ.'

'અર્જુન બરાબર કહે છે.' શ્રીકૃષ્ણે કહ્યું, 'જરાસંધના દેહમાં કોઈ અજબ ચેતન છે. એના તમે બે કટકા કરો તોયે તે પાછા તરત સંધાઈ જાય એવો એનો દેહ. આજ હવે એના પાપનો ઘડો ભરાઈ જવા આવ્યો છે એટલે એ મરશે એમ મને સૂઝે છે. આવા જુલમી રાજાઓ જ્યારે ભારે વિજય મેળવે છે, ત્યારે એ વિજયમાં જ એમનું મોત અંકાય છે. જરાસંધ આજે એની પ્રતિષ્ઠાની ટોચે ચડ્યો છે એટલે હવે તે મરવો જ જોઈએ. તમે એને મારશો તો ભારતવર્ષની પ્રજા હાશ પુકારશે.'

ભીમસેન છાતી કાઢીને બોલ્યો: 'હે અર્જુન! ચાલો આપણે નીકળીએ. ઇંદ્રપ્રસ્થમાં ગાદી સ્થાપી અને રાજસૂય યજ્ઞ ન થાય તો તો માતા કુંતી લાજે. બોલ શો વિચાર છે?'

અર્જુન ખોંખારો ખાતો બોલ્યો: 'ભીમસેન! તારા વિચારે વિચાર. શ્રીકૃષ્ણને પણ સાથે જ લેશું ના? એમણે પણ આવા કેટલાયને યમપુરીમાં રવાના કર્યા છે. એમનો મામો કંસ, દાનવ કેશી, પેલા મલ્લ ચાણૂર, બધી જરાસંધની જુદીજુદી આવૃત્તિઓ જ સમજવી. આવા આવા જુલમી લોકોના જુલમમાંથી ભારતવર્ષની પ્રજાને છોડાવવી એ શ્રીકૃષ્ણના જીવનનો મનોરથ છે. શ્રીકૃષ્ણ! આપ અમારી સાથે આવો. '

શ્રીકૃષ્ણ સ્મિત કરતાં બોલ્યા: 'મારી ત્યાં શી જરૂર છે? તમે બે પૂરતા છો. '

અર્જુને વીનવતાં જણાવ્યું: 'આપની ઓથ નીચે અમે જરાસંધ જેવા દસ જુલમીઓને પૂરા પડીશું; પણ આપની ઓથ જોઈએ. ત્યાં જરાસંધ સાથે આપને લડવાનું નહિ. '

'તો ભલે. જ્યારે જવું હોય ત્યારે મને અગાઉથી જણાવજો.' શ્રીકૃષ્ણે કહ્યું.

'જ્યારે શું?' ભીમ બોલ્યો, 'ચાલો ને, અત્યારે જ ઊપડીએ!'

શ્રીકૃષ્ણ હસતા હસતા બોલ્યા: 'જરાસંધને ચૌદ રાજાઓ ખૂટે છે તેને બદલે ભીમસેન જ મળે તો ચૌદ આહુતિઓ પૂરી થશે!'

'અથવા' અર્જુને કહ્યું, 'સો રાજાઓની સો આહુતિઓને બદલે જરાસંધની એકલાની જ એક આહુતિ બસ થશે!'

શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર સામું ફરીને બોલ્યા: 'મહારાજ યુધિષ્ઠિર!' અમે ત્રણ જણા જઈએ છીએ. તમે કશી ચિંતા ન કરતા. કેદ કરેલા છ્યાંસી રાજાઓની ઘા આખા દેશમાં ફરી વળી છે. આજે જરાસંધનો કાળ પોકારે છે. મહારાજ યુધિષ્ઠિર! ભીમ અને અર્જુન જેવા ભાઈઓ આપને છે એટલે આપ ભાગ્યશાળી છો. '

'પણ એથીયે વધારે ભાગ્યશાળી તો હું તમ જેવાથી છું, શ્રીકૃષ્ણ!' યુધિષ્ઠિર બોલ્યા, 'તમારા જેવા યુગપુરુષોનો જેમને સાથ છે તેમને ચિંતા શાની હોય? સિધાવો, શ્રીકૃષ્ણ! ત્રણેય વહેલા પાછા આવજો. '

અર્જુન, ભીમ અને શ્રીકૃષ્ણ રથમાં બેસીને ગિરિવ્રજ તરફ રવાના થયા.

જરાસંધવધ

'મહારાજ યુધિષ્ઠિર!' રથમાંથી નીચે ઊતરતાં ઊતરતાં શ્રીકૃષ્ણ બોલ્યા, 'આ તમારા ભીમસેનને આશીર્વાદ આપો. એણે જરાસંધનો વધ કર્યો છે.'

'અને મોટાભાઈ!' યુધિષ્ઠિરને પગે પડતાં પડતાં ભીમે કહ્યું, 'આપણા શ્રીકૃષ્ણ અમને

સુરક્ષિત પાછા લાવ્યા તે માટે આપ એમનો આભાર માનો.'

'પણ ધર્મરાજ યુધિષ્ઠિર!' અર્જુન હસતો હસતો બોલ્યો, 'ભીમસેન જરાસંધ સાથે યુદ્ધ કરતા હતા અને શ્રીકૃષ્ણ પાછળ રહ્યા રહ્યા તેમને પ્રેરણા આપતા હતા; તે બધુંય મેં શાંતિથી જોયું તે માટે મને આશીર્વાદ કે નહિ આભાર?'

રથમાંથી નીચે ઊતરી ત્રણે જણા યુધિષ્ઠિરની પાછળ પાછળ દરબારના મોટા ઓરડામાં ગયા અને વાતો કરવા લાગ્યા.

યુધિષ્ઠિરે ગંભીર સ્વરે જણાવ્યું: 'જરાસંધની સાથે સીધું યુદ્ધ ભલે ભીમસેને કર્યું હોય, પણ શ્રીકૃષ્ણ! તમે ન હોત તો આ બે ભાઈઓને અત્યારે મારી સામે પાછા આવેલા દેખું છું તેવા દીઠા ન હોત!'

'જરૂર, મોટાભાઈ!' અર્જુન બોલ્યો, 'ભીમસેન તો ભારે ગભરાઈ ગયા હતા.'

'ઓ મારા બાપ!' ભીમસેન આંખો ફાડીને બોલ્યો, 'એવડો મોટો જરાસંધ!' એંશી વર્ષનો બુઢિયો, પણ કાંઈ એનું શરીર! કેટલી બધી પહોળી છાતી! બાથમાં ઘણોય લઉં પણ આવે તો કે? હું તો લડીલડીને થાક્યો પણ એ કેમેય કરતાં પડે તો કે? અને છતાં, પડ્યો કે તરત જ જાણે ઊઠ્યો જ છે! '

યુધિષ્ઠિર બોલ્યા: 'ત્યારે તો ભીમસેનને ઠીક ઠીક વીતી લાગે છે!'

'અરે મોટાભાઈ!' ભીમસેન બોલ્યો, 'મને તો છેલ્લે છેલ્લે એમ થઈ ગયું કે આ જરાસંધ હવે તો નહિ જ મરે.'

શ્રીકૃષ્ણ હસતા હસતા બોલ્યા: 'આવા જરાસંધો જ્યારે મરે છે ત્યારે એવી જ રીતે મરે છે. મરવાની છેલ્લી ક્ષણ સુધી એમ જ લાગે કે આ મરશે જ નહિ; અને છતાં મરે ત્યારે એક જ પળમાં. દુનિયાના તમામ જુલમીઓનું આવું જ બને છે. તેમનાં જીવનનાં મૂળ તો ખવાઈ ગયેલાં જ હોય છે; પણ ઉપરથી જોનારા લોકોને એ ન દેખાય એટલે તેમને તો અચાનક પડ્યો એમ જ લાગે. વસ્તુત: તો એ ક્યારનાયે મરેલા જ હોય છે.'

'સાચી વાત છે.' અર્જુન બોલ્યો, 'જરાસંધ મરે એમ માનવાને કોઈ તૈયાર જ ન હતું.'

'ન જ હોય.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'એવડું મોટું સ્થૂળ એકાએક પડે એમ કોણ માને? અને લોકોને ક્યાં ખબર છે કે આવા મોટા સ્થૂળનું હૃદય તો એકાએક બંધ પડી જાય છે?'

'અરે મોટાભાઈ!' અર્જુન બોલ્યો, 'જરાસંધને મારીને કારાગારમાં પૂરેલા રાજાઓને છોડાવવા ગયા ત્યારે ઊલટા રાજાઓ બિચારાં કરગરવા લાગ્યા કે અમને શા માટે કનડો છો!' જરાસંધ કોઈ દિવસ મરે જ નહિ!'

'એમ? શું જરાસંધની એટલી બધી પ્રતિષ્ઠા?' યુધિષ્ઠિર બોલ્યા.

'જરાસંધની પ્રતિષ્ઠા નહી પણ રાજાઓની આટલી બધી બીક.' શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો, 'જરાસંધ રાજાઓ ઉપર ત્રાસ વર્ષાવી શકતો હતો, તેમાં તેના પોતાના બળ કરતાંયે રાજાઓની બીક એ વધારે મોટી વસ્તુ હતી.'

'પણ શ્રીકૃષ્ણ!' યુધિષ્ઠિર બોલ્યા, 'જે જરાસંધે યાદવોને મથુરા છોડાવી, જે જરાસંધે છયાંસી રાજાઓને કેદ કર્યા અને જેની મગધ દેશમાં ફૂંક ફાટતી, તેને તમે મારી શી રીતે શક્યા?' તમને મારી નાખવા એ જરાસંધને મન તો રમતવાત હતી. '

'મહારાજ યુધિષ્ઠિર!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'જરાસંધને અમે કેમ માર્યો, તેના નગરમાં કેમ પેઠા, ત્યાં કેવો વેશ લીધો અને તેની સામે શું શું બોલ્યા તે જો જાણવું હોય તો અર્જુન વિસ્તારથી કહે.'

'એ સાંભળવું કોને ન ગમે?' પણ એ વિસ્તારથી કહેતાં બહુ વખત લાગે માટે અત્યારે તો તમે ટૂંકમાં કહી દ્યો. ' યુધિષ્ઠિર ઉતાવળા થયા.

'તો હું કહી દઉં,' શ્રીકૃષ્ણ બોલ્યા, 'જરાસંધ આટલો બળવાન છતાં ગરીબોની ધાથી મરી રહ્યો હતો. મહારાજ યુધિષ્ઠિર!' તમને હજી હવે ખબર પડશે. જે સાર્વભૌમપદ તમામ રાજાઓની મૈત્રી અને સહકાર પર નહિ પણ તેમની ગરદન પર રચાયું હોય છે, તે સળગી જ રહ્યું હોય છે એમ સમજો. એ પદ પર બેઠેલો રાજા ક્યારે બળીને ખાખ થશે તેની કોઈને ખબર નથી હોતી. આવા બળવાન દેખાતા રાજાને એક જ કાંકરી હડસેલી પાડવા સમર્થ બને છે. ઈશ્વરની દુનિયામાં કઈ વસ્તુ બળવાન છે અને કઈ નિર્બળ છે તે નક્કી કરવું સહેલું નથી. નહિતર ભીમસેન જરાસંધને મારે? પણ ભીમના બળની પાછળ લાખો ત્રાસિત લોકોના સંકલ્પનું બળ હતું એટલે ભીમસેન જીત્યો છે. '

'અમને તો બળ આપનું હતું એમ લાગે છે.' યુધિષ્ઠિરે કહ્યું.

'તમને એમ લાગે.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'મહારાજ! યાદ રાખજો, આવા દુ:ખી લોકોના આર્તનાદમાં એક જાતનું ઈશ્વરી બળ છે, અને એવા આર્તનાદથી મોટાં મોટાં સામ્રાજ્યો જમીનદોસ્ત થયાં છે, તો આ જરાસંધ તે શી વિસાતમાં? જે સામ્રાજ્યો ગરીબોની આંતરડી કકળાવશે અને મદમસ્ત થઈને પોતાના બાહુબળમાં વિશ્વાસ રાખશે તે સામ્રાજ્યના ભૂકેભૂકા ઊડી જવાના છે. જરાસંધ આ વાત સમજ્યો હોત અને અમારી સાથે યુદ્ધ કરવાને બદલે કેદ કરેલા રાજાઓને છોડી દીધા હોત તો બચી જાત.'

'પણ એમ કરે તો એ જરાસંધ નહિ.' અર્જુન બોલ્યો, 'શ્રીકૃષ્ણ! જરાસંધ તો તમારા કંસમામાનો સસરો. બન્ને દીકરાઓ રોજ તેના કાન ભંભેર્યા કરે અને હજારો ખુશામતિયા રાજાઓ ''હા જી હા'' કર્યા કરે, ત્યાં જરાસંધ તો શું પણ આપણે પણ આંધળા જ બની જઈએ.'

'અસ્તુ!' યુધિષ્ઠિર બોલ્યા, 'ત્યારે હવે જરાસંધનો તો વિચાર કરવાનો ન રહ્યો. હવે રાજસૂય યજ્ઞ કરવો સલાહકારક છે?'

'જરૂર.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'જરાસંધ ગયો એટલે એક મોટું સાલ ગયું. હજી તેની ટોળીના બીજા પડ્યા છે, પણ જરાસંધ ગયો એટલે તેઓ પણ થોડાક ખોખરા તો થયા સમજો.'

'તો પછી,' યુધિષ્ઠિર બોલ્યા, 'અર્જુન! હવે સહુ યજ્ઞની તૈયારી કરો. શ્રીકૃષ્ણ! આ કામ પાર ઉતારી દેવાનો ભાર તમારે માથે છે.'

'જેને ભીમ અને અર્જુન જેવા ભાઈઓ છે તેનું કામ પાર ઉતારનાર હું કોણ માત્ર?' શ્રીકૃષ્ણ બોલ્યા, 'તમારો શુભ સંકલ્પ છે એટલે પાર તો જરૂર ઊતરશે. હવે તમે તૈયારી કરો. હું તમારી સેવામાં હાજર જ છું એમ સમજજો.'

'તો ભાઈ અર્જુન! યુધિષ્ઠિરે કહ્યું, 'તમે ચારે ભાઈઓ એકઠા મળીને યજ્ઞની પૂર્વતૈયારી કરો. હવે આ કાર્યમાં વિલંબ થવો ન જોઈએ. મહારાજ શ્રીકૃષ્ણ! તમે સૌ થાક્યાપાક્યા આરામ લ્યો, અને હું માતા કુંતીને તથા દ્રૌપદીને આ વાત કરું.'

આટલું કહી ચારે જણ છૂટા પડ્યા.

શિશુપાળવધ

મહારાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભગવાન વ્યાસ પોતે બ્રહ્મા થયા, સુસામા અંગિરસ ઉદ્ગાતા થયા, યાજ્ઞવલ્ક્ય મુખ્ય અધ્વર્યુ બન્યા અને ધૌમ્યમુનિ હોતા બન્યા.

સમગ્ર ભારતવર્ષના મહારાજાઓ, બ્રાહ્મણો તેમ જ પ્રતિષ્ઠિત વૈશ્યો અને શૂદ્રો આ

યજ્ઞમાં હાજર હતા. નકુળ પોતે જઈને હસ્તિનાપુરથી ભીષ્મ, ધૃતરાષ્ટ્ર વગેરે મુરબ્બીઓને તેડી લાવ્યો; દુર્યોધન, કર્ણ, શકુનિ, જયદ્રથ વગેરે પણ કેટલીય આંખો સજીને હાજર થયા હતા; દ્રૌણ, કૃપાચાર્ય વગેરે પોતાના જ શિષ્યોનાં પરાક્રમોનો આનંદ માણવા આવ્યા હતા. દ્રુપદ, બળરામ, સાંબ વગેરે પાંડવોના ઉત્કર્ષથી રાજી થઈને આવ્યા હતા. સિવાય આંધ્રકો, દ્રાવિડો, સિંહલો, બાહ્લિકો વગેરેથી આખુંય ઇંદ્રપ્રસ્થ ચિકાર બની ગયું હતું.

મહારાજા યુધિષ્ઠિરે યજ્ઞની દીક્ષા લીધા પછી આવેલા રાજામહારાજાઓને સમારંભના જુદા જુદા અધિકારો પર ગોઠવવા લાગ્યા. ભીષ્મ અને દ્રોણને આખા સમારંભની દેખરેખ પર મૂક્યા. બ્રાહ્મણોના સત્કારને માટે અશ્વત્થમાને મૂક્યા; રાજાઓના સત્કાર માટે સંજયને ગોઠવ્યો; રત્નોની પરીક્ષા માટે કૃપાચાર્યને નીમ્યા; ખાવાપીવાની તમામ વ્યવસ્થા દુ:શાસનને સોંપી; રાજાઓ તરફથી આવતી ભેટોને સ્વીકારવાનું કામ દુર્યોધનને મળ્યું, અને સમગ્ર ખર્ચખાતા પર વિદૂરને ગોઠવવામાં આવ્યા. શ્રીકૃષ્ણે પોતે યજ્ઞમાં આવેલા બ્રાહ્મણોના પગ ધોવાનું કામ માગી લીધું હતું.

યજ્ઞ શરૂ થયો. બ્રાહ્મણોના મંત્રોચારથી આખોય યજ્ઞમંડપ ગાજી રહ્યો; ઘીની અને અન્નની આહુતિઓથી તુપ્ત થતા અગ્નિની જ્વાળાઓ ભભૂકવા લાગી. મહારાજ યુધિષ્ઠિરનો ખાનગી મંત્રી સહદેવ અંતર્વેદીમાં ઊભો ઊભો આવેલા તમામ રાજામહારાજાઓ તરફ દૃષ્ટિ નાખતો હતો. નારદમુનિ એકઠા થયેલા સમગ્ર માનવગણને જોઈને ઊંડા વિચારમાં ઊતરી ગયા હતા.

એવામાં પિતામહ ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું: ‘બેટા યુધિષ્ઠિર! હવે તું આ રાજાઓની પૂજા કર. આ બધા રાજામહારાજાઓ આજે ઘણે વર્ષે આપણે આંગણે આવ્યા છે. ઉપરાંત, તને આ રાજસૂય યજ્ઞ કર્યાનું અભિમાન ન ચડે એટલા માટે જે રાજાઓએ તારું સાર્વભૌમપદ સ્વીકાર્યું છે તેમનું પૂજન ખાસ આવશ્યક છે; માટે તું દરેકેદરેક રાજાને એક એક અર્ઘ્ય આપ.’

યુધિષ્ઠિર બોલ્યા: ‘પિતામહ! આપ કહો છો તે યથાર્થ છે. આ રાજસૂય યજ્ઞ કરીને હું બહેકી જવા માંગતો નથી. સમગ્ર ભારતવર્ષના રાજામહારાજાઓના દિલ પર મારું સ્થાન નિર્ભય રહે એ જ મારો મનોરથ છે; પિતામહ! આપ કહો; એકઠા થયેલા આ આખાયે સમાજમાં હું સૌથી પ્રથમ અર્ઘ્ય કોને આપું?’

યુધિષ્ઠિરે પૂછ્યું કે તરત ભીષ્મે જવાબ વાળ્યો: ‘આ શ્રીકૃષ્ણને!’ અહીં એકઠા મળેલા સમાજમાં જ નહિ પરંતુ આખાયે માનવસમાજમાં આજે કોઈ પણ પુરુષ પ્રથમ અર્ઘ્યને પાત્ર હોય તો તે શ્રીકૃષ્ણ જ છે. માટે પ્રથમ અર્ઘ્ય તેમને આપ. ‘

મહારાજ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની પાસે જઈને તેમને વિધિપૂર્વક અર્ઘ્ય આપ્યો અને શ્રીકૃષ્ણે તે અર્ઘ્ય સ્વીકાર્યો.

પણ સભામાં ચેદિરાજ શિશુપાળ બેઠો હતો તે આ શી રીતે સહન કરી શકે? શ્રીકૃષ્ણને અર્ઘ્ય મળ્યો ન મળ્યો ત્યાં તો તેનું માથું ફાટ્યું: ‘રાજા યુધિષ્ઠિર! તમે રાજાઓની આ સભામાં કૃષ્ણની પહેલી પૂજા કરીને આખાયે સમાજનું નાક કાપ્યું છે! આવા રાજપૂજનને માટે કૃષ્ણ યોગ્ય જ નથી. ભીષ્મે કઈ દૃષ્ટિથી કૃષ્ણના પૂજનની સલાહ આપી તે હું સમજી શકતો નથી. કૃષ્ણને આ રાજાઓમાં તમે શ્રેષ્ઠ ગણો છો પણ એ પોતે રાજા જ ક્યાં છે? રાજા થવાનું સદ્ભાગ્ય એના નસીબમાં આવ્યું જ નથી, ને આવવાનું પણ નથી. હા, સમાજમાં તો વૃદ્ધો પૂજ્ય ગણાય છે ખરા; પરંતુ આ સભામાં તો કૃષ્ણના પિતા વસુદેવ બેઠા છે છતાં તમે કૃષ્ણને અર્ઘ્ય શી રીતે આપી શકો? હું સમજું છું કે આચાર્ય વયથી નાના હોય છતાં પૂજાને યોગ્ય છે; પણ આચાર્ય દ્રોણ તો આ બેઠા. મહારાજ

યુધિષ્ઠિર! તમારે પૂજા કરવી જ હતી તો તમને વ્યાસ ભગવાન ન ગમ્યા, આ ભીષ્મ પોતે ન ગમ્યા, અશ્વત્થામા કે દુર્યોધન નજરમાં ન આવ્યા, તમારા વડીલ દ્રુપદ ન ગમ્યા અને આ કૃષ્ણ જ ધ્યાનમાં બેઠો? મને લાગે છે કે કૃષ્ણની પૂજા કરીને તમે આ આખાયે માનવસમાજનું અપમાન કર્યું છે, અને તમને આ સલાહ આપનાર ભીષ્મે પોતાની બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે! તમે કૃષ્ણનું પૂજન કરીને તમારી પોતાની દીનતા દર્શાવી છે એમ જ મારે તો કહેવું જોઈએ. કૃષ્ણ! કુપાત્રની પૂજા કરનાર તો નિંદ્ય છે જ, પણ અધિકાર વિના એવી પૂજાનો સ્વીકાર કરનાર પણ એટલો જ નિંદ્ય છે. આ પવિત્ર યજ્ઞનું હવિષ્ય ખાઈ જનાર કૂતરો જેમ શિક્ષાને પાત્ર છે, તેમ જ આ પ્રથમ અર્ઘ્યને સ્વીકારનાર તું શિક્ષાને પાત્ર છે. કૃષ્ણ! યુધિષ્ઠિરે અમારું રાજામહારાજાઓનું અપમાન કર્યું છે તેથી વધારે તો તારું અપમાન કર્યું છે. નપુંસકને પરણાવવો એ જેમ તેનું મોટું અપમાન છે તેમ તારા જેવાને પ્રથમ અર્ઘ્ય આપવો એ તારું અપમાન છે. ભારતવર્ષના મહારાજાઓ! યુધિષ્ઠિર ધર્મરાજ્યનું સ્થાપન કરે એવી આશાથી આપણે સૌ અહીં આવ્યા છીએ. યુધિષ્ઠિર કેવા ધર્માત્મા છે તે આજે આપણે જોઈ લીધું. એમના જેવા દીન અને બીકણ રાજાઓથી આપણે સૌ દૂર સારા. ભીષ્મ વૃદ્ધ થયા છે એટલે તેમની બુદ્ધિ પણ તેમને છોડી ગઈ જણાય છે.' એમ બોલતો બોલતો શિશુપાળ પોતાના આસન પરથી ઊઠીને ચાલવા લાગ્યો એટલે તેની પાછળ પાછળ કેટલાક રાજાઓ પણ ઊભા થયા.

શિશુપાળને જતો જોઈને યુધિષ્ઠિર ગભરાયા અને બોલ્યા: 'શિશુપાળ! તમે બોલો છો તેવું બોલવા યોગ્ય નથી. ભીષ્મ પિતામહ ધર્મના રહસ્યને બરાબર જાણે છે અને શ્રીકૃષ્ણને પણ પૂરેપૂરા ઓળખે છે. શ્રીકૃષ્ણ જ પ્રથમ અર્ઘ્યને લાયક છે એમાં શક નથી. તમે નિરર્થક કઠોર વાણીથી આ સમારંભમાં શા માટે વિક્ષેપ કરો છો?'

યુધિષ્ઠિર આ પ્રમાણે શિશુપાળને સમજાવતા હતા એ જોઈ ભીષ્મે કહ્યું: 'યુધિષ્ઠિર! આ શિશુપાળને એવી દીનતાથી સમજાવવાની જરૂર નથી. હું એક વાર નહિ, બે વાર નહિ, પણ હજાર વાર ભાર દઈને કહેવા માગું છું કે આ આખાય સમાજમાં — અરે, સમગ્ર માનવસમાજમાં શ્રીકૃષ્ણ જ પ્રથમ આર્ચને લાયક છે! હા, શ્રીકૃષ્ણ પોતે અભિષેક થયેલો રાજા નથી; એમણે પોતાના માથા પર રાજમુગટ ધારણ કર્યો નથી; છતાં અનેક મુગટધારી રાજાઓના કરતાં એ મોટા છે. એમણે અનેક રાજાઓને માથે મુગટો મૂક્યા છે અને એમના પ્રતાપથી એ મુગટો તેમના માથા પર ટકી રહે છે. શિશુપાળ! મારા-તમારા જેવા સામાન્ય રાજાઓના મુગટો પ્રજાહૃદયમાં મૂળ નથી નાખતા ત્યારે શ્રીકૃષ્ણ તો વગર મુગટે પ્રજાના હૃદયમાં મૂળ નાખીને બેઠા છે, એ તમને ખબર છે? કોણ કહે છે કે શ્રીકૃષ્ણ વૃદ્ધ નથી? શિષ્ટસમાજમાં ઉંમર એ કદી વૃદ્ધત્વનું માપ ન હોય. જો એમ હોય તો તો કેટલાયે લીંબડાપીપળાને આપણે સૌથી વૃદ્ધ ગણવા જોઈએ. શ્રીકૃષ્ણ ઉંમરે નાના હોવા છતાં બુદ્ધિથી વૃદ્ધ છે. જીવનના અનેક વિકટ પ્રસંગોમાંય એમની બુદ્ધિ સમતોલતા જાળવી શકે છે, એ દુનિયાએ જોયું છે. તમને ગમે તે લાગતું હોય; મને તો લાગે છે કે શ્રીકૃષ્ણને પ્રથમ અર્ઘ્ય આપવામાં મેં આ તમામ રાજાઓને ઊલટું માન આપ્યું છે. ચેદિરાજ! શ્રીકૃષ્ણની પ્રથમ પૂજા કરવામાં યુધિષ્ઠિરે યોગ્ય જ કર્યું છે. છતાં તમને અને બીજા રાજામહારાજાઓને આ વાત પસંદ ન હોય તો તમે તમને ઠીક લાગે તેમ કરી શકો છો.'

ભીષ્મ આ પ્રમાણે બોલતા હતા તે દરમિયાન સહદેવ ઊંચોનીચો થઈ રહ્યો હતો. ભીષ્મે પૂરું કર્યું કે તરત જ સહદેવ તૈયાર થયો અને બોલ્યો: 'મહારાજ યુધિષ્ઠિર શ્રીકૃષ્ણનું જ પ્રથમ પૂજન કરે.'

દરમિયાન શિશુપાળે બીજાં રાજાઓની સાથે મળીને યજ્ઞમાં ભંગાણ પાડવાનો સંકેત

કર્યો; અને પરિણામે આખી સભામાં ખળભળાટ શરૂ થયો. સભામાં વધતો જતો ખળભળાટ જોઈને યુધિષ્ઠિર જરા વધારે ગભરાયા અને ભીષ્મને કહેવા લાગ્યા: 'પિતામહ! યજ્ઞમાં ભંગાણ ન પડે અને સમગ્ર પ્રજાનું હિત થાય એવું આપ જે કહો તે કરવા હું તૈયાર છું.'

યુધિષ્ઠિરને ગભરાયેલા જોઈને ભીષ્મે મોટે અવાજે કહ્યું: 'બેટા યુધિષ્ઠિર ગભરા નહિ. ગભરાવાનું કશું કારણ નથી. સિંહ સૂતો હોય છે ત્યાં સુધી બધા કૂતરાઓ ભસ્યા કરે છે. અત્યારે એ શિશુપાળ નથી બોલતો પણ એનો કાળ બોલે છે. શિશુપાળ અને આ રાજાઓની બુદ્ધિ બગડી ગઈ છે એમાં શક નથી. કાળ માણસને સજા કરે છે ત્યારે તેને લાકડી લઈને મારતો નથી પણ તેની બુદ્ધિને કુમાર્ગે વાળે છે. આ શિશુપાળનું પણ એમ જ સમજ.'

ભીષ્મ પિતામહનાં આવાં વેધક વચનો સાંભળી શિશુપાળને આંચકો લાગ્યો હોય એમ તે પાછો વળ્યો અને બોલ્યો: 'ઓ ભીષ્મ! ઓ કુરુવંશના કલંક! આવાં દુષ્ટ વચનો બોલતાં તમને શરમ નથી આવતી? જેમ આંધળો આંધળાને દોરે, તેમ તમે આ પાંડવોને આજે દોરો છો. જે કૃષ્ણની પૂજા તમે કરાવી તે કૃષ્ણનાં કાળાં કર્મો આખું જગત જાણે છે. આ કૃષ્ણે પોતાના જ મામાનો વધ કર્યો એ શું અમે નથી જાણતા? જેનું અન્ન ખાઈને મોટો થયો તેને જ મારનાર આ કૃષ્ણ પ્રથમ અર્ધ્યનો અધિકારી? આ કૃષ્ણની વ્રજની ગોપીઓ સાથેની લીલાઓ શું અમે નથી જાણતા? ભીષ્મ! તું મને મોંમાં આંગળી નાખી બોલાવે છે એટલે બોલું છું. એ ગોપીઓનાં ધણીઓને પૂછી આવ એટલે કૃષ્ણ કેવી પૂજાનો અધિકારી છે તે તને ખબર પડે. આ કૃષ્ણના પરાક્રમને દુનિયા આખી જાણે છે. આ પરાક્રમી કૃષ્ણ તો કાળયવન આવ્યો ત્યારે પૂંછડી પકડીને નાસી ગયો હતો તે અમને સૌને ખબર છે. એના ધંધા તો એવા છે કે એકને સંભારીએ ત્યાં એકને ભૂલીએ. પૂછ આ રુક્મીને. રુક્મિણીનું વેવિશાળ કોની સાથે કર્યું હતું? પણ આ લંપટ કૃષ્ણે જ તેને નસાડી અને તેના આખા કુટુંબમાં ઝેર વાવ્યું. હજી તો કાલ સવારની વાત છે; જરાસંધને આ ત્રણે લોકોએ કેવી રીતે માર્યો તે પૂછ. જરાસંધને લુચ્ચાઈથી મરાવનાર આ કૃષ્ણને પહેલો અર્ધ્ય આપનાર મૂર્ખ નહિ તો કેવો? ભીષ્મ! આમાં તારો વાંક નથી; તમારું આખું વાજું જ આવું છે. તું પોતે બ્રહ્મચર્યનો ડોળ કરે છે એટલું જ. તે અંબાનું હરણ કર્યું, અને પછી તેને રખડતી મૂકે એ હું ભૂલી નથી ગયો. નપુંસક લોકોના બ્રહ્મચર્યને સાધુપુરુષો માન આપતા નથી. તું પોતે જ પાપી છે એટલે કૃષ્ણ જેવા પાપીને જ પહેલો અર્ધ્ય આપે એમાં નવાઈ નથી. પણ યાદ રાખજે, તારું મોત નજીક છે. તારા જેવા મૂઢની સલાહને પાંડવો માન આપે છે એટલે તેમનો કાળ પણ નજીક છે એમ સમજ. '

શિશુપાળનાં આવાં કઠોર વચન સાંભળીને ભીમસેનનું લોહી ગરમ થઈ ગયું. તેણે દાંત કચકચાવતાં પોતાના આસન પરથી એક કૂદકો માર્યો, અને જેવો તે શિશુપાળને પકડવા જાય છે તેવો ભીષ્મે તેને પકડી લીધો. શિશુપાળ ભીમને આ પ્રમાણે ક્રોધથી લાલચોળ જોઈને બોલ્યો: 'ભીષ્મ! ભીમને આવવા દે. ભીમસેન પણ જાણશે કે ચેદિરાજની બાથ કેવી કોમળ છે! ચાલ્યો આવ, ભીમસેન! જરાસંધને તું લુચ્ચાઈથી મારી શક્યો, પણ હું તો શિશુપાળ!'

આ પ્રમાણે બોલતાં શિશુપાળને ઉદ્દેશીને વળી ભીષ્મ બોલ્યા: 'શિશુપાળ, ચેદિરાજ! હવે હદ થાય છે. આ શ્રીકૃષ્ણ માત્ર રાજા નથી પણ રાજાઓના પણ રાજા છે. આ શ્રીકૃષ્ણ વૃદ્ધ નથી પણ વૃદ્ધોના પણ વૃદ્ધ છે. આ શ્રીકૃષ્ણ માત્ર જ્ઞાની નથી પણ જ્ઞાનીઓના પણ જ્ઞાની છે. કારણ કે શ્રીકૃષ્ણ યોગપુરુષ છે. બેટા યુધિષ્ઠિર! મને આ

શિશુપાળની ને તેના મિત્રોની દયા આવે છે. આ શિશુપાળ શ્રીકૃષ્ણને ઓળખી શકતો નથી એટલો એ પામર છે. આ અહીં એકઠા થયેલા સર્વ રાજામહારાજાઓને મારે કહેવું જોઈએ કે યુગપુરુષને પારખવો અને પારખીને એની પૂજા કરવી — તેના ચરણમાં માથું નમાવવું, એ બહુ વિકટ કામ છે. આવો યુગપુરુષ હંમેશાં આપણી બધાની વચ્ચે બે હાથ અને બે પગ લઈને ફરતો હોય એટલે આપણને સામાન્ય માણસ જેવો લાગે છે: અને તેથી તેની પરખ વધારે મુશ્કેલ બને છે. શ્રીકૃષ્ણ આપણા યુગપુરુષ છે. તેમનું અંગત જીવન કેવળ વિશુદ્ધ છે. જેમના અંત:કરણો પાપથી ઘેરાઈ ગયાં હોય છે, તેમને આવા વિશુદ્ધ જીવનમાં પણ મલિનતા જ દેખાય છે. આ શિશુપાળને ખબર નથી કે ગોપીઓ તો આવા યુગપુરુષના પરિચયથી ધન્ય થઈ ગઈ; આ શિશુપાળને ખબર નથી કે કેશી, કાળયવન, જરાસંધ વગેરેનો નાશ કરવો એ શ્રીકૃષ્ણના જન્મનું ધ્યેય છે; શિશુપાળને ખબર નથી કે આજે આપણી પૃથ્વી પર રાજાઓને જે ભાર સમગ્ર પ્રજાને પીડી રહ્યો છે તે ભાર ઓછો કરવા માટે જ જાણે શ્રીકૃષ્ણ જન્મ્યા હોય એમ ઋષિઓને દેખાય છે. મહારાજ યુધિષ્ઠિર! તમારે ગભરાવાનું કારણ નથી. આપણા યુગની સર્વ મહેચ્છાઓ શ્રીકૃષ્ણના જીવનમાં વ્યક્ત થાય છે એમ સૌ જાણે છે. આજે ભારતને ત્રાસમુક્ત કરવામાં શ્રીકૃષ્ણનો મોટો ફાળો છે અને હજીયે આપણે સૌ તેમના તરફ જ નજર માંડી બેઠા છીએ. આવા શ્રીકૃષ્ણના જીવનમાં છિદ્રો શોધવાં, તેમના સદ્ગુણોને અવગુણો રૂપે જોવા, અને તેમના જીવનકાર્યને ન સમજતાં તેમને વિષે ખરાબ બોલ્યા કરવું — આનું નામ જ કાળ. કાળથી ઘેરાયેલા આ શિશુપાળને બચાવવા આજે કોઈ સમર્થ નથી. '

ભીષ્મ આ પ્રમાણે બોલતા હતા ત્યાં શિશુપાળ બોલી ઊઠ્યો: 'નહિ જોયો હોય તારો યુગપુરુષ! આવા કાળિયાને યુગપુરુષ કહેતાં તારી જીભ તૂટી કેમ પડતી નથી? યુગપુરુષ બીજાઓની સ્ત્રીઓ સાથે સ્વૈરવિહાર કરે? યુગપુરુષ બીજાના સાથે વેવિશાળ કર્યું હોય તે કન્યાને પરણી જાય? યુગપુરુષ જરાસંધને કપટથી મારે? જો એના જેવા માણસો યુગપુરુષો ગણાશે તો પૃથ્વીને રસાતળ જવું પડશે. ભીષ્મ! યુગપુરુષ તો જરાસંધ કે જેના કારાગારમાં ભલભલા રાજાઓ ચૂપચૂપ બેઠા હતા. યુગપુરુષ તો કંસ કે જેણે ગોકુળ-મથુરાની માતાઓને થથરાવી મૂકી. યુગપુરુષ તો કાળયવન કે જેણે ટેઠ દક્ષિણ સુધી આ યાદવોને હાંકી કાઢ્યા. જે લોકો આ કૃષ્ણને યુગપુરુષ કહી તેનાં ગુણગાન કરે છે તે લોકો જ ગમાર છે એમાં શક નથી.'

આટલી લાંબી ગરમાગરમ વાતચીત, મહારાજ યુધિષ્ઠિરનો ગભરાટ, સહદેવ અને ભીમસેનનો ક્રોધ, ભીષ્મની સિંહગર્જના અને શિશુપાળની સામી ગર્જના, શિશુપાળની પાછળ નીકળેલા રાજાઓનો ખળભળાટ: આ સર્વની વચ્ચે શ્રીકૃષ્ણ જરાય ક્ષોભ પામ્યા વિના ઊભા હતા. જેમ વચ્ચે ઊભેલા ખડક ઉપર અથડાઈને કોઈ મહાસાગરનાં મોજાંઓ તૂટી જાય, તેમ આ બધો કોલાહલ અને ખળભળાટ તેમના પર અથડાયો અને જાતે જ તૂટી પડ્યો. આખરે કેમ જાણે વિશ્વના ઊંડાણમાંથી બોલતા હોય તેમ શ્રીકૃષ્ણ બોલ્યા: 'જે કાંઈ આ બોલાય છે તે શિશુપાળ પોતે નથી બોલતો પણ તેનો કાળ બોલે છે. આ શિશુપાળ મારી ફોઈનો દીકરો છે. બનતા સુધી તેને ન મારવાનું મેં મારી ફોઈને વચન આપ્યું છે; પણ શિશુપાળ મારી પાસેથી પરાણે મોત માગી લે છે. અહીં એકઠા થયેલા રાજા-મહારાજાઓ! બરાબર કાન દઈને સાંભળો. આજે કેટલાંય વર્ષો થયાં આપણી ભારતભૂમિના ગર્ભમાં કોઈ મોટી ઊથલપાથલનાં બળો વહી રહ્યાં છે. આપને ક્ષત્રિયોને અને તેમાંયે ખાસ કરીને રાજાઓને સમગ્ર પ્રજાના રક્ષણનું કામ સોંપાયું છે, પણ આપણે રક્ષણ કરવાના બદલે પ્રજાની ગરદન પર સવાર થયા છીએ; એટલે આ સમસ્ત પ્રજા

બાપડી ત્રાહી ત્રાહી પોકારી રહી છે. યાદ રાખજો, રાજાઓ! સમસ્ત પ્રજાનો આ પોકાર વિશ્વનિયંતાના દરબારમાં પહોંચી ગયો છે અને આપણો મદ ઉતારનારાં બળો પૃથ્વીનાં પડમાં એકઠાં થવા લાગ્યાં છે. જે રાજાઓ આ બળોને ઓળખી ચેતી જશે તે જીતશે; બાકીના બધા એ બળો ફાટી નીકળશે ત્યારે એના ધગધગતા રસમાં ભસ્મ થવાના છે! આ શિશુપાળ આવો મદમસ્ત રાજા છે. એમની એક આખી ટોળી છે. જરાસંધ તેમનો મુખી હતો; શિશુપાળે એ પદ લીધું છે. શિશુપાળ! તને ખબર નથી કે આજ સુધીના તારા બધા અપરાધો તારી માતાને ખાતર મેં નભાવી લીધા છે. હું તો હજી અપરાધોને સહન કરી શકુ છું, પણ વિશ્વની નિયામકસત્તા મને બીજું કહે છે. હું ઇચ્છું કે ન ઇચ્છું પણ તારા ધડ ઉપરનું મદમસ્ત માથું ધડ ઉપરથી નીચે ઊતરવા તૈયાર થઈ રહ્યું છે. આજના આપણા ક્ષત્રિયોનો મદ ઉતારવો અને પીડિત-ત્રાસિત પ્રજાને રાજાઓના ત્રાસમાંથી ઉગારી લેવી એનો મને છંદ લાગ્યો છે એમ કહું તોપણ ખોટું નથી. મને ચોક્કસ લાગે છે કે ભારતવર્ષની પીડિત પ્રજાની મોટામાં મોટી કોઈ સેવા હોય તો તે આ છે. મેં પોતે મારી શક્તિ અનુસાર આ સેવા કરવાનું સ્વીકાર્યું છે, એટલે તમારા જેવા કેટલાયે જુલમગારોનાં માથાંને મારું સુદર્શન ધડથી જુદાં પાડશે. શિશુપાળ! તારા ઇષ્ટદેવને સંભારી લે.'

શ્રીકૃષ્ણ આટલું બોલ્યા ન બોલ્યા ત્યાં તો સુદર્શન ચક્રે શિશુપાળનું માથું ધડથી જુદું કર્યું.

યુધિષ્ઠિરની આજ્ઞાથી શિશુપાળનો અગ્નિસંસ્કાર થયો અને રાજસૂય યજ્ઞ માટે આવેલા રાજામહારાજાઓને પાંડવોએ વિદાય આપી.

દ્વૈતવનમાં

પાંડવોને તેર વર્ષનો વનવાસ મળ્યો ત્યારે શ્રીકૃષ્ણ દ્વારકામાં ન હતા. દ્રૌપદીના વસ્ત્રહરણની અને પાંડવોના વનવાસની તેમને પાછળથી ખબર પડી. એટલે પોતે પાંડવોને મળવા માટે વનમાં ગયા.

એક વાર વનમાં પર્ણકુટીની પરસાળમાં પાંડવો અને દ્રૌપદીની સાથે શ્રીકૃષ્ણ બેઠા હતા ત્યાં દ્રૌપદીએ પ્રશ્ન કર્યો: 'શ્રીકૃષ્ણ!' બીજું તો કાંઈ નહિ, તમે મને તમારી બહેન તરીકે સ્વીકારી; લોકો મને પાંચાલી નથી કહેતા પણ કૃષ્ણા કહે છે; છતાં મારા વીરા શ્રીકૃષ્ણના જીવતાં મારો ચોટલો રગદોળાય એ સંભારું છું, ત્યારે થાય છે કે તમે પણ મને છોડી! '

'બહેન! એમ ઓછું ન લાવો.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'આ બધું બન્યું ત્યારે હું દ્વારકામાં ન હતો. પણ એમાં શું થયું? તમે નથી જાણતાં, પરંતુ યુધિષ્ઠિર મહારાજ જાણે છે કે આવી રીતે રગદોળાયેલા ચોટલાઓ જતે દહાડે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પોતાના હિસાબ માગે છે, અને ઈશ્વરની અદાલતમાં આવા હિસાબની નાદારી ચાલી શકતી નથી.'

'પણ મહારાજ શ્રીકૃષ્ણ!' ભીમસેન બોલી ઊઠ્યો, 'ભરસભામાં દેવી પાંચાલીનાં વસ્ત્રોને ખેંચવામાં પણ એ આંધળાના દીકરાને જરાય શરમ ન આવી!'

'એ જ ઠીક થયું છે.' શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો, 'આજ સુધી એ લોકો છાનામાના તમને કનડતા હતા અને જાહેરમાં કેમ જાણે તમને બહુ જ ચાહતા હતા હોય એવો વર્તાવ કરતા હતા; પરંતુ દ્રૌપદીનાં ચીર ખેંચીને કૌરવોએ પોતાની નરી પશુતા ઉઘાડી કરી છે. દુનિયાએ કૌરવોની આ પશુતાને તેના નગ્ન સ્વરૂપમાં જોઈ એટલે જ લોકોને હવે કૌરવોમાં વિશ્વાસ નથી રહ્યો. આજે દુર્યોધન પ્રજાનો વિશ્વાસ મેળવવા માટે આકાશપાતાળ એક કરે

છે. તમારા સૌના દોષોને ઢોલ પીટીને જાહેર કરે છે, દુશ્મનોને પોતાના કરવા મથે છે તેમ જ તમારા મિત્રોમાં ફાટફૂટ પાડવાનો પ્રયત્ન કરે છે; પણ એને ખબર નથી કે તમને વનવાસ આપીને એણે પોતાના લોકોનો જ વિશ્વાસ ગુમાવ્યો છે.'

'એ બધું ગમે તે કહો.' દ્રૌપદી બોલી, 'આજે તો મારા ભીમ-અર્જુન વનમાં ભટકે છે, ત્યારે કૌરવો હસ્તિનાપુરના મહેલોમાં મહાલે છે.'

'દેવી! એમ જ છે.' શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો, 'નરી આંકો જોતાં આજે જો કે તમે દુ:ખમાં પડ્યાં છો અને કૌરવો સુખમાં ખેલે છે; પણ જે લોકોએ પરિસ્થિતિના ગર્ભમાં નજર નાખી શકે છે તેઓ સ્પષ્ટ જોઈ શકે છે કે હસ્તિનાપુરની એ મહેલાતો કૌરવોને સુંવાળા કરી નાખશે; જ્યારે તમારો સૌનો આ વનવાસ તમને વધારે તેજસ્વી બનાવશે. દ્રૌપદી! હું આજ સુધીના તમામ ઈતિહાસો અને પુરાણોને વાંચી વળ્યો છું. જગતમાં જે લોકોને હાથે મહાન ક્રાંતિઓ થવાની હોય છે, તેમને ક્રાંતિની તપશ્ચર્યા રૂપે આવાં દુ:ખો વેઠવાં જ પડે છે, અને આવા દુ:ખોની શાળામાં પસાર થયા સિવાય ક્રાંતિમાં કદી જોશ આવતું જ નથી.'

'મહારાજ! આ તો બધું તત્ત્વજ્ઞાન થયું.' યુધિષ્ઠિર બોલ્યા, 'હું આ બધાનું દુ:ખ જોઈ શકતો નથી. કોણ જાણે કઈ ઘડીએ મને દ્યૂત રમવાનું સૂઝ્યું ને મેં હા પાડી.'

'એ ઠીક છે.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'તમે તમારા માટે આ વિચાર કરો તે યોગ્ય છે. તમે દ્યૂત ન રમ્યા હોત તો સારું હતું; પણ જગતમાં કયે વખતે કયા બળો કામ કરે છે તે કોણ જાણી શક્યું છે? જાણવા છતાં તમને રમવાની ઇચ્છા થઈ એમાં વિશ્વનિયંતાનો જ કોઈ સંકેત કાં ન હોય? તમે આ ભાઈઓને દુ:ખી કરો છો; એમ માની કલેશ ન કરો. તમે બધાં દુ:ખ વેઠો છો તેથી તો કૌરવોનાં પુણ્ય ખવાય છે એમ હું જોઈ રહ્યો છું. કૌરવો બધા, અને પેલો આંધળો ધૃતરાષ્ટ્ર પણ; બધાય દુષ્ટો છે. પણ આજે તો તેમની પાછળ હજુ કુરુકુળનું તપ જમા છે. ગાંધારી જેવી સતી, વિદુર જેવો સત્યવક્તા, ભીષ્મ ને દ્રોણ જેવા ધર્માત્માઓ; એ બધા હજી કૌરવોના પક્ષમાં છે એટલે કૌરવો એમના બળે ઊભા છે. તમને જેમ જેમ વધારે દુ:ખ પડશે તેમ તેમ કૌરવોનાં જીવનનાં મૂળ કપાતાં જશે, અને ઊધઈથી ખવાઈ ગયેલું રમ્ય દેખાતું વૃક્ષ એકાએક જમીન પર સૂઈ જાય તેમ આખું કૌરવકુળ એક દિવસ સૂઈ જવાનું છે.'

'મહારાજ શ્રીકૃષ્ણ! ' સહદેવ બોલ્યા, 'આપ આ બધું કહો છો તે સાચું થશે એવી મને દૃઢ શ્રદ્ધા છે; પણ આપ જે જોઈ શકો છો તેમાંનું કાંઈ પણ દુર્યોધન જોઈ ન શકે એ આશ્ચર્ય જેવું નથી?'

'છે જ.' શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો, 'સહદેવ! તને ખબર નથી દ્યૂતસભાની અંદર મહારાજ યુધિષ્ઠિર અને શકુનિ પાસા ખખડાવતા હતા ત્યારે વિકર્ણે એ પાસાની વાચા સાંભળી હતી તે યાદ છે? વિકર્ણે એ વાચા સાંભળી અને આખી કૌરવસભાને સંભળાવી; પણ દુર્યોધને તો કાન બંધ કર્યા હતા અને હજીયે કર્યા છે. દુનિયાના તમામ મદોન્મત્ત રાજાઓનું એ લક્ષણ હોય છે કે તેઓ છતી આંખે દેખતા નથી અને છતે કાને સાંભળતા નથી. સહદેવ! આ મદોન્મત્ત રાજાઓની આસપાસ આવું મંડળ ગોઠવાઈ જાય છે કે તેમની આંખે સાચી વસ્તુ ચડે જ નહિ. તેમના કાન ઉપર તો રીતસર તેમને મનગમતી વાતો જ અથડાય. જતે દિવસે આવા રાજાઓ આંખકાન ગુમાવી બેસે છે અને ખૂબ જ વેગથી કાળના મોઢામાં પેસતાં જાય છે.'

'તો ત્યારે કાળ પોતે જ કૌરવોનો વિનાશ કરશે એમ સમજીને મારા પાંડવોએ બેસી રહેવું, અને આ વનવાસ ભોગવવો એમ જ ને?' દ્રૌપદીથી ન રહેવાયું.

'હરગિજ નહિ.' શ્રીકૃષ્ણ ચમકીને બોલ્યા, 'એ કાળ તો તમારો નોતર્યો આવવાનો છે. એ કાળ જ તમારા હાથપગ અને તમારી બુદ્ધિને વાપરશે, તમારી તપશ્ચર્યા કાળનું આમંત્રણ થશે. મને તો તમારા વનવાસમાંયે ઈશ્વરી સંકેત દેખાય છે. અર્જુન! તૈયાર થા. તું આ વનમાં પડ્યો પડ્યો દિવસો ગાળવાને અવતર્યો નથી. તારી પાસેથી — અને મારી પાસે પણ — જગતના ઋષિમુનિઓ અનેક આશાઓ રાખી રહ્યા છે. એ આશાઓને તૃપ્ત કરવાની તૈયારી કરી લેવાનો આ વખત છે. આજે આખા ભારતવર્ષમાં કોઈપણ એક પ્રકારની ક્રાંતિના ભણકારા વાગી રહ્યા છે. આ ક્રાંતિ માટે તારે તૈયાર થવું ઘટે છે. દૂર દૂર હિમાલયના પ્રદેશમાં જા અને ત્યાં પશુપતિ પાસેથી વિદ્યા મેળવ. એ વિદ્યાના બળે ભારતના મદમસ્ત રાજાઓને રોળવાનું સદ્‌ભાગ્ય તને મળશે એવાં ચિહ્નો હું જોઈ રહ્યો છું. દ્રૌપદી! તમારે કોઈને નિરાશ થવાની જરૂર નથી. આ વનવાસ તમને ભવિષ્યમાં આશીર્વાદરૂપ થવાનો છે, એમ ચોક્કસ માનજો. મહારાજ યુધિષ્ઠિર! હવે હું રજા લઉં?'

'શ્રીકૃષ્ણ!' યુધિષ્ઠિર ગદ્‌ગદ કંઠે બોલ્યા, 'શ્રીકૃષ્ણ! તમને રજા આપતાં જીભ ઊપડતી નથી. આ દ્રૌપદી તો દિવસો થયાં રોજ તમને સંભારતી અને કોઈ કોઈ વાર રોઈ લેતી. આજે તમને મળ્યાથી તેનો ભાર હલકો થશે. વધારે તો શું કહું? આ બધાંને વનમાં લાવ્યો છું એનું મને દુ:ખ છે તે તમે સમજી શકો છો. વનવાસને અંતે શું થાય છે તે તો ઈશ્વર જાણે.'

દ્રૌપદીથી ન રહેવાયું; તે બોલી: 'વનવાસને અંતે બીજો વનવાસ અને બીજા વનવાસને અંતે મૃત્યુ!'

'દ્રૌપદી!' શ્રીકૃષ્ણ ઉતાવળા થયા, 'એવું બોલીને મહારાજના દુભાતા હૈયાને વધારે ન દૂભવો. આ વનવાસને અંતે બધું મંગળ થઈ રહેશે.'

'વીર શ્રીકૃષ્ણ! ' દ્રૌપદી બોલી, 'તમારે જવું હોય તો સુખેથી જાઓ; પણ આ ચોટલાને તમે ભૂલ્યા તો દુનિયા આખીમાં મારે બીજો ભાઈ નથી.'

'બહેન!' શ્રીકૃષ્ણ ઊંચા થયા, 'તમે ભૂલો છો. તમે મારાં બહેન છો એ તો એક વાત; પરંતુ આર્યાવર્તમાં કોઈ પણ સ્ત્રીનો ચોટલો રગદોળાય અને હું બેસી રહું તો દેવકીને પેટ પથ્થર પાક્યો જાણજો. હું બેસી રહેવા ઇચ્છું તોપણ જગતની નિયામકસત્તા મને બેસવા દે તેમ નથી. આવા આવા મદમસ્ત રાજાઓ જ્યારે જ્યારે આવાં કૃત્યો કરે છે ત્યારે ત્યારે મારું હૈયું વલોવાઈ જાય છે, અને તેમનો નાશ ક્યારે કરું એમ જ થયા કરે છે. દેવી પાંચાલી!' આવા મદોન્મત્ત રાજાઓના ત્રાસો દિન પરદિન વધતા જાય છે એ ખરું; પણ તેની સાથે સાથે એવા રાજાઓનાં તખ્તોના પાયાને ઊધઈ ચડે છે એ વાત પણ એટલી જ સાચી છે. આવા રાજાઓનાં તખ્તોની નીચે હું આજે અનેક પ્રવાહો જતા આવતા જોઈ રહ્યો છું. જગન્નિયંતાને આ બધાં બળાબળોનાં કેવાં સરવાળા-બાદબાકી કરવાનાં હશે તે કોણ કહી શકે? પણ બહેન! તારા એક ચોટલાને રગદોળ્યો તેટલા ખાતર બીજા કેટલાયે ચોટલાઓ રગદોળાશે તેની મને ખાતરી છે. હવે મને રજા આપ. '

'વીરા! દ્રૌપદી બોલી, 'સુખેથી સિધાવો.'

'શ્રીકૃષ્ણ! ' યુધિષ્ઠિર બોલ્યા, 'વળી પાછા અમારી સંભાળ લેવા વહેલા આવજો.'

'સખા શ્રીકૃષ્ણ!' અર્જુન બોલ્યો, 'શું બોલું તે સૂઝતું નથી. અભિમન્યુની સંભાળ રાખજો.'

'મહારાજ શ્રીકૃષ્ણ!' ભીમસેન બોલ્યો, 'મોટાભાઈ કહે છે એટલે માનવું પડે છે. બાકી આપણે કાંઈ આવા વનવાસ બનવાસમાં માનતા નથી. મારે તો એક ઘા ને બે કટકા!'

'શ્રીકૃષ્ણ!' નકુળે કહ્યું, 'તમે આવી ગયા એટલે સૌને અને ખાસ કરીને દેવીને શાંતિ

થઈ.'

'અને,' સહદેવ બોલ્યા 'આપણે હતાશ થઈ ગયા હતા તે આપણામાં નવું બળ આવ્યું. શ્રીકૃષ્ણ તો કાળના બળાબળને પારખી શકે એટલે આપણા જેવાને ન સમજાય તે તેમને અંતરમાં સૂઝી આવે.'

'વારુ ત્યારે, તમને સૌને નમસ્કાર!' એટલું કહી શ્રીકૃષ્ણ રથમાં બેઠા અને દ્વારકા ગયા.

વિષ્ટિની વાતો

'મહારાજ યુધિષ્ઠિર!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'મને એમ તો લાગે છે કે મારે હસ્તિનાપુર જઈને સંધિ માટે એક છેલ્લો પ્રયત્ન કરી જોવો.'

ભીમસેન તરત બોલી ઊઠ્યો: 'હજી હસ્તિનાપુર જવાની વાત આપ કરી શકો છો?'

'હા.' શ્રીકૃષ્ણે કહ્યું.

ભીમથી ન રહેવાયું: 'આજે તો યુદ્ધનાં નગારાં વાગી રહ્યાં છે અને તલવારો મ્યાનમાંથી બહાર ડોકિયાં કરી રહી છે, એવે વખતે આપણી સંધિની વાત કોણ સાંભળવાનું છે?'

શ્રીકૃષ્ણે તરત જ પૂછ્યું: 'તું સાંભળવાનો છે?'

દ્રૌપદી બોલી: 'મારા તો સાંભળી સાંભળીને કાન ફૂટી ગયા!'

નકુળે જણાવ્યું: 'અમે સાંભળીએ તોપણ દુર્યોધન સાંભળે નહિ ત્યાં સુધી શું વળવાનું હતું? જુઓને, એ સંધિની ખોટી ખોટી વાતો કરે છે, અને દરમિયાન કુરુક્ષેત્રના મેદાન પર લશ્કર જમા કરતો જાય છે ને? એ તો સંધિની વાતો સાંભળે છે; ફક્ત થોડો વધારે વખત મળી જાય એટલા માટે.'

'અને,' સહદેવે ઉમેર્યું, 'આપણે ગમે તેવી સાફ દિલની વાતો કરીએ તોપણ દુર્યોધન તો તેનો દુરુપયોગ જ કરવાનો છે.'

'સ્નેહથી પાયેલું દૂધ પણ સાપના મોંમાં તો ઝેર જ થાય છે.' દ્રૌપદી બોલી.

'દેવી!' યુધિષ્ઠિર શાંતિથી બોલ્યા, 'છતાં પણ જો શ્રીકૃષ્ણ કહેતા હોય તો એક વધારે પ્રયત્ન કરવામાં નુકસાન તો નથી જ.'

ભીમ ગાજી ઊઠ્યો: 'નુકસાન જ છે. કૌરવો પોતાની તૈયારી કર્યે જાય છે, અને આપણે સંધિની આશામાં પડ્યા રહીએ છીએ.'

'ભીમસેન!' શ્રીકૃષ્ણે જણાવ્યું, 'કૌરવોને તો બીજાના બળ પર લડવું છે એટલે તેમને તૈયારી મોટી રીતે કરવાની રહે; એ ગમે તેવી મોટી તૈયારી કરે તોપણ અધૂરી જ રહેવાની.'

'અને આપણ પણે બીજાની મદદ તો લેવાના જ છીએ.' નકુળ બોલ્યો.

'આપણે તો મદદ લેવાના.' અર્જુને મદદ ઉપર ભાર મૂકતાં કહ્યું.

'કારણ,' શ્રીકૃષ્ણે પૂરું કર્યું, 'તમારે પારકાના બળ ઉપર આધાર નથી. આ અર્જુનને શી તૈયારી કરવાની છે? દુર્યોધન આ ઘડીએ કહે તો આ ઘડીએ અર્જુન ગાંડીવ ચડાવી શકે તેમ છે. માટે જ કહું છું કે સંધીનો સંદેશો ધારો કે નિષ્ફળ ગયો તોપણ તમારે તો કશું ગુમાવવાનું છે જ નહિ. ગુમાવવાનું જો કોઈને હોય તો તે કૌરવોને જ છે.'

'પણ છતાં,' ભીમસેન જરા કચવાતો બોલ્યો, 'આપણે વારંવાર સંધિની વાતો કર્યા કરીએ છીએ એટલે કૌરવો આપણને બાયલા ગણે છે.'

'અને પેલો શકુનિ તો આપણને હસ્યા જ કરે છે.' દ્રૌપદી બોલી.

''શકુનિ ભીમસેનને બાયલો ગણે એ જ બરાબર છે. 'શ્રીકૃષ્ણે કહ્યું, 'શકુનિ જેવા પરાક્રમીની નજરે ભીમને બાયલો જ ગણવો જોઈએ.'

'તો ત્યારે ભલે એક વાર શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જઈ આવે.' અર્જુને અભિપ્રાય આપ્યો.

'મને તો એ તદ્દન નકામું લાગે છે.' ભીમસેને કહ્યું, 'ત્યાં કોઈ શ્રીકૃષ્ણનું કહેવું સાંભળવાનું નથી. ઊલટા એ લોકો શ્રીકૃષ્ણની નિંદા કરશે.'

'છતાં એક વાર શ્રીકૃષ્ણને જવા તો દઈએ જ.' અર્જુન બોલ્યો, 'આપણી આખી હકીકત સમગ્ર કુરુકુળ પાસે ખરા સ્વરૂપમાં હજી રજૂ થઈ જ નથી. મહારાજ શ્રીકૃષ્ણ હસ્તિનાપુરના દરબારમાં જઈને તેનો ઘોષ કરશે અને કૌરવો સંધિ કે મોત બેમાંથી શું પસંદ કરે છે તે નક્કી કરશે.'

'એટલું જ નહિ,' શ્રીકૃષ્ણ બોલ્યા, 'હું તો આખી દુનિયાના દરબારમાં પાંડવોનો હક્ક જાહેર કરીશ અને કૌરવોને તેમના નગ્ન સ્વરૂપમાં દુનિયા પાસે ખડા કરીશ. ભીમસેન! હું હસ્તિનાપુર જવાની વાત કરું છું. તે એકલા તમે પાંચ ભાઈઓ માટે જ છે એમ ન સમજ. તમારા પાંડવકૌરવોના આ ઝઘડામાં હું સમગ્ર જનતાનો ઝઘડો દેખું છું. હસ્તિનાપુરમાં જઈને હું જો પાંડવોનું સમાધાન કરાવી શકું તો આખા જગતમાં જે અશાંતિ અને વેરઝેર ઊછળી રહ્યાં છે તેનો ઉકેલ આવે તેમ છે એટલા માટે હસ્તિનાપુર જવા હું આગ્રહ રાખું છું. તમારો પ્રશ્ન આજે એક રીતે વિશ્વપ્રશ્ન જેવો બની ગયો છે.'

'તો આપ જરૂર પધારો.' યુધિષ્ઠિર બોલ્યા.

'પણ જોજો હો, દુર્યોધનથી ભોળવાઈ ન જતા!' દ્રૌપદી બોલી.

'દુ:શાસનને સ્પષ્ટ જણાવી દેજો કે આ ભીમની ગદા તેના લોહીની તરસી છે.' ભીમસેન બોલ્યો.

'હું જાઉં છું એ તો જેઓ લોહીતરસ્યાં હોય તેમની તરસ લોહી વિના કેમ છીપે તે શોધવા માટે.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'દ્રૌપદી! કૌરવો મને ભોળવી જશે એવી શંકા શા માટે રાખો છો? પાંડવોનો હક્ક દીવા જેવો સ્પષ્ટ છે. હું સંધિ ઇચ્છું છું; સમાધાન કરવા માટે હું પૂરતો પ્રયત્ન કરીશ. પણ એ સમાધાન તમને શોભે એવું કરીશ એની ખાતરી રાખજો. પાંડવોના કપાળમાં કાયમનું ગુલામીખત લખાવી લાવીશ એમ ન માનતા. એવો વિકટ પ્રસંગ આવશે ત્યારે તો મારા પોતાના લોહીથી હું પાંડવોના હક્કનો અમર લેખ લખીશ — જે હક્કને પાંડવો પાસેથી ઈશ્વર સુધ્ધાં છીનવી શકે તેમ નથી. હવે થયું?'

'આપનામાં અમને સંપૂર્ણ શ્રદ્ધા છે.' અર્જુન બોલ્યો.

'આપના હાથમાં અમે સલામત જ છીએ.' નકુળ બોલ્યો.

'હું તો દાઝની મારી બોલું છું, પણ આપનામાં મને તલભાર ઓછો વિશ્વાસ નથી.' દ્રૌપદી બોલી.

'આપ અમારા સુકાની છો. આપ જે કાંઈ કરી લાવો તે અમારે મંજૂર છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'તો ત્યારે હું જાઉં છું. સખા અર્જુન! હું સમજું છું કે કૌરવો સમજવાના નથી. તેઓ પોતાના અભિમાનમાં ચકચૂર છે એ મારા બરાબર ખ્યાલમાં છે, ''લડાઈ થશે તો પાંડવોનો કચ્ચરઘાણ કાઢી નાખશું'' એવો તેમને ખ્યાલ છે. તમારા છુપાયેલા બળનું તેમને ભાન નથી. છતાં હું તેમને ચેતવીશ. અત્યંત વિનયથી પણ મક્કમતાથી હું તમારી માગણી રજૂ કરીશ, અને પાંડવો તથા કૌરવો સંપથી એકબીજા સાથે રહી શકે તેમ કરીશ. કરવાનો પ્રયત્ન કરીશ પણ... પરિણામ ઈશ્વરને હાથ છે. છતાં એક વાત તો સ્પષ્ટ છે. આજે કેટલાયે રાજાઓ માની રહ્યા છે કે પાંડવોના દુરાગ્રહને લીધે સમાધાન થતું નથી. તેમની

આંખ ઊઘડશે; અને આવા રાજાઓના દિલમાં કૌરવોનું સ્થાન રહ્યું હશે તે પણ ખાલી થશે. દ્રૌપદી! રજા લઉં છું. '

'ભલે, સિધાવો.'

સમાધાન કે યુદ્ધ?

'મહારાજ ધૃતરાષ્ટ્ર!' કૌરવસભાની અસાધારણ શાંતિને ચીરતા શ્રીકૃષ્ણ બોલ્યા, 'હું પાંડવો પાસેથી સમાધાન લઈને આવ્યો છું. તમે સમાધાનને સ્વીકારો અને કૌરવોનું તેમ જ પાંડવોનું કલ્યાણ સાધો, એવી મારી આગ્રહભરી વિનંતી છે. મહારાજ! તમે આજે આ કુરુકુળના વડીલ છો; પાંડુ મહારાજ ગયા પછી પાંડવોના હિતની જવાબદારી તમે પોતે લીધી છે. શાંતનુ મહારાજના આ તખ્ત પર પાંડવોનો હક્ક છે તેનો કોઈ ઈનકાર કરી શકે તેમ નથી એ આપ સમજો છો. હજી આપની પડખે આ પિતામહ અને દ્રોણ જેવા બેઠા છે ત્યાં સુધી શાંતનુ મહારાજનું પુણ્ય પરવાર્યું નથી એમ અમે સૌ માનીએ છીએ. આપ વિચાર કરીને પાંડવોના હક્કને સ્વીકારો એટલે એકલા કુરુકુળનું જ નહિ, પણ સમગ્ર માનવસમાજનું કલ્યાણ થાય!'

શ્રીકૃષ્ણ આસન પર બેઠા એટલા પિતામહ બોલવા ઊભા થયા. 'ધૃતરાષ્ટ્ર!' ભીષ્મ બોલ્યા, 'શ્રીકૃષ્ણ કહે છે તે યથાર્થ છે. પાંડવોની સાથે દુર્યોધન સમાધાન કરશે તો ભીમ ને અર્જુન દુર્યોધનની કીર્તિને આખાય જગતમાં ફેલાવશે, અને સમગ્ર જગત તમારે ચરણે આવશે. બેટા દુર્યોધન! તું સમજ. આજ સુધી સમાધાનની ઘણી ઘણી વાતો થઈ અને ભાંગી પડી. આજે તો ખુદ શ્રીકૃષ્ણ આવ્યા છે; શ્રીકૃષ્ણ આજે આપણી દુનિયાના અજોડ યુગપુરુષ છે. આપણે નરી આંખે જોઈ ન શકીએ એવાં કાળનાં નાનાં મોટા તમામ બળોને એ જોઈ શકે છે, અને એ બળોનાં પરિણામો તેમને અંતરમાં સૂઝી આવે છે. જે માણસ પોતાની નાનીશી અક્કલની ગણતરીને બાજુ પર મૂકી આ મહાપુરુષની ઇચ્છાને માન આપશે તેનું જીવ્યું ધન્ય થઈ જશે. બેટા! આ શ્રીકૃષ્ણ પોતાના હાથમાં જગત માટે શાંતિ લાવ્યા છે એમ સમજ, અને એ શાંતિને વધાવી લે, મારા જેવા બૂઢિયાના બોલવામાં સાર નથી એમ ન માનતો.'

ભીષ્મ બોલીને બેઠા એટલે ધૃતરાષ્ટ્રે પોતાનું મોં દુર્યોધન તરફ વાળ્યું અને કહ્યું: 'બાપ દુર્યોધન!' શ્રીકૃષ્ણને અને પિતામહને જવાબ આપ. એ બન્ને આપણા કલ્યાણની વાત કરે છે. મારે તો તમે અને પાંડવો બન્ને સરખા છો. ભાઈ પાંડુ ચાલ્યો ગયો અને આ ઉપાધિ મારા માટે મૂકતો ગયો.

ધૃતરાષ્ટ્રે પૂરું કર્યું ન કર્યું ત્યાં તો ફૂંફાડા મારતો દુર્યોધન ઊઠ્યો: 'મહારાજ ધૃતરાષ્ટ્ર! મેં તો ક્યારનોય વિચાર કરી લીધો છે, અને જવાબ પણ ક્યારનો આપી દીધો છે. મારા જેવા આદમીને ઘડી ઘડી વિચાર કરવાનું અને ઘડી ઘડી જવાબ આપવાનું હોતું નથી. એ પ્રમાણે કરવા બેસું તો મારું હસ્તિનાપુરનું રાજ્ય એક દિવસ પણ ન ચાલે. આ શ્રીકૃષ્ણ પાંડવોના સગા છે અને અર્જુનના મિત્ર છે માટે આવ્યા છે. એ યુગપુરુષ હોય અને એમને જગતની શાંતિની પડી હોય એમ કોઈએ માનવાની જરૂર નથી. ભીષ્મ જેવા ઘરડા લોકો એમ ભલે માન્યા કરે: એ જો એમ ન માને તો એમનું ઘડપણ એમને બહુ બોજારૂપ થાય. આ સભામાં બેઠેલા જુવાનિયાઓને પૂછો તો જણાશે કે ભીષ્મ, દ્રોણ, વિકર્ણ વગેરે પાગલ લોકો છે અને એમના કહેવા પ્રમાણે ચાલવામાં મોટું જોખમ છે. શ્રીકૃષ્ણ! તમે ધૃતરાષ્ટ્રને

ઠીક ફૂલ ચડાવ્યાં; પણ આ દુર્યોધને હજી પોતાની બુદ્ધિ વેચી મારી નથી. આ તખ્ત પર પાંડવોનો હક્ક સાબિત કરવા માટે કુરુક્ષેત્રના મેદાન પર લોહીથી લેખો લખવા પડશે. હા, હજીયે તમે આજ અમને વીનવો અને અમે કંઈક આપીએ એ જુદી વાત છે; પણ શ્રીકૃષ્ણ! તમે તો વિદુર કાકાને ત્યાં ઉતારો કરીને ગણેશ જ ઊંધા માંડ્યા. તમારી આ ડાહી વાતો મને ભોળવી નહિ શકે, સમજ્યા? તમારૂં સમાધાન અને તમારી શાંતિ જેમ લાવ્યા છો તેમ જ પાછાં લઈ જાઓ. યુધિષ્ઠિરને કહેજો કે વહેલા વહેલા રણમેદાનમાં પહોંચી જાય. હવે તો કુરુક્ષેત્ર જે નિર્ણય લાવે તે જ દુર્યોધનનો નિર્ણય સમજી લેવો.'

દુર્યોધનનાં આ વચનોને કર્ણ અને શકુનિએ હર્ષથી વધાવી લીધા. શ્રીકૃષ્ણે આખી સભા તરફ એક નજર નાખી અને ઊભા થઈને બોલ્યા: 'દુર્યોધન! તારા દિલની વાત તું આટલી બધી સ્પષ્ટતાથી મને કહી દે છે તેથી હું બહુ રાજી થાઉં છું; પણ બીજી રીતે મને ભારે ખેદ થાય છે. તમને સૌને હું કાળથી ઘેરાયેલા દેખું છું. આ ભીષ્મ કહે છે તેવો મોટો માણસ હું નથી; તમારા સૌના જેવો હું પણ મારી માતાના ઉદરમાં પાકેલો એક સામાન્ય માનવી છું. પણ મારા સમાધાનનો તિરસ્કાર કરીને તેમ જ પાંડવોને યુદ્ધનું આમંત્રણ આપીને તમે સૌ યમરાજની દાઢમાં હાથ નાખો છો એમ મને દેખાય છે. દુર્યોધન! સાચું કહું છું; આજે પાંડવોની સાથે સમાધાન કરીશ તો મીઠાં પાણી રહેશે, પાંડવો આજ સુધીનું તમામ દુ:ખ ભૂલી જશે અને પાંડવો તથા કૌરવો સાથે મળીને આખી ધરણીને ધ્રુજાવશે.'

'પાંડવોએ આજ સુધીમાં ઘણું વેઠ્યું છે. આજે પોતાના કાકા ધૃતરાષ્ટ્ર પાસે તેઓ નમ્રતાથી પોતાનો હક્ક માગે છે. તેં આજ સુધી એકલે હાથે રાજ્ય કર્યું છે એટલે તે છોડતાં તારું હૈયું નથી ચાલતું; તેનાં આ બધાં વલખાં છે. પણ દુર્યોધન! બીજાના વાજબી હક્કો છીનવી લેવાથી કોઈ સમૃદ્ધ થયું નથી અને થઈ શકશે નહિ. દુર્યોધન! પાંડવોએ આજ સુધી તારો અધર્મ સાંખ્યો તેથી તું તેમને નમાલા ગણતો હો તો તું ભીંત ભૂલે છે. પાંડવો જો અજાતશત્રુ યુધિષ્ઠિરની આજ્ઞા માનતા ન હોત તો તું ક્યારનો આ રાજ્ય ગુમાવી બેઠો હોત. તું સમગ્ર ભારતની સેનાને તારા પક્ષમાં એકઠી કરે તોપણ તેને ઘડીના છઠ્ઠા ભાગમાં ઉડાવી દેવા ભીમ અને અર્જુન સમર્થ છે એમ સમજી લેજે. પણ દુર્યોધન! ઘડીભર માન કે પાંડવો બાપડા નિર્બળ છે એટલે તને હરાવી ન શકે; ઘડીભર એમ માન કે કુરુક્ષેત્રના યુદ્ધમાં પાંડવો હાર્યા અને દુર્યોધનનો ડંકો વાગ્યો; પણ ધૃતરાષ્ટ્રના પુત્ર! એ ડંકો પોલો સમજજે. જગતની નિયામકસત્તા તારો આવો અધર્મ સાંખી નહિ શકે. પાંડવો પોતે નહિ, તો જગતના કોઈ પણ એકાદ ખૂણામાંથી અન્ય કોઈ અવશ્ય જાગશે અને તારા હાથમાંથી આ સામ્રાજ્ય ઝૂંટવી લેશે. જગતનો આ સનાતન નિયમ છે. મહારાજ ધૃતરાષ્ટ્ર! તમારો પુત્ર દુર્યોધન વેગથી આખા કુરુકુળને કાળ તરફ ઘસડી રહ્યો છે તેને વારો, અને ન માને તો તેને બંધનમાં રાખો. આજે એની બુદ્ધિ બગડી છે; એણે સારાસારનો વિવેક ગુમાવ્યો છે. સમગ્ર ભારતના બ્રાહ્મણો અને ઋષિમુનિઓ આજે એક જબરદસ્ત સંહારનાં ચિહ્નો જોઈ રહ્યા છે. આ સંહારને હજીયે અટકાવવો તમારા હાથમાં છે. પ્રભુ તમને આ સંહારને અટકાવાનો શુભ આગ્રહ આપો.'

શ્રીકૃષ્ણ આ પ્રમાણે બોલીને બેઠા એટલે આખી સભામાં એક પ્રકારનો ઝીણો ઝીણો અવાજ શરૂ થઈ ગયો. એક બાજુ દુર્યોધન અને તેની ચંડાળચોકડી અંદર અંદર ગુપસુપ વાતો કરવા લાગી; એક બાજુ હસ્તિનાપુરનું મહાજનમંડળ આ સમાધાન દુર્યોધન શી રીતે સ્વીકારે તેના વિચારમાં પડ્યું; એક બાજુ દુર્યોધનના ક્ષત્રિયમંત્રી મૂછો પર હાથ નાખતા શ્રીકૃષ્ણની મશ્કરી કરતા હોય તેમ તેમના ચાળા પાડવા લાગ્યા; એક તરફ ભીષ્મ, દ્રોણ અને વિકર્ણ દુર્યોધનને કેદ કરવો જોઈએ એવી વિચારણા ચલાવવા લાગ્યા; એક બાજુ

બ્રાહ્મણો અને ઋષિમુનિઓ શ્રીકૃષ્ણનું સમાધાન નિષ્ફળ જશે એવી ચિંતાથી દિલગીર થવા લાગ્યા.

એવામાં સાત્યકિ શ્રીકૃષ્ણના સિંહાસન પાસે આવ્યો અને તેમના કાનમાં કાંઈ કહેવા લાગ્યો. આખી સભાનું ધ્યાન સાત્યકિ અને શ્રીકૃષ્ણ તરફ ખેંચાયું. શ્રીકૃષ્ણ સુંદર હાસ્ય કરીને બોલ્યા: 'મહારાજ ધૃતરાષ્ટ્ર! આ સાત્યકિ મને શુભ સમાચાર આપે છે. તમારો પુત્ર અને તમારો સાળો શકુનિ મને કેદ કરવાના વિચારો ચલાવી રહ્યા છે તેથી બિચારો સાત્યકિ મૂંઝાય છે, અને ઉતાવળો થાય છે. સાત્યકિને ખબર નથી કે શ્રીકૃષ્ણને કેદ કરવો એ દુર્યોધન માને છે તેટલું સહેલું નથી. દુર્યોધન! તું કોને કેદ કરીશ? તું શ્રીકૃષ્ણને કેદ કરી શકે, તું ભીમને કેદ કરી શકે, તું અર્જુનને કેદ કરી શકે, તું કદાચ પાંડવોના લાખ-બે લાખ મિત્રોને કેદ કરી શકે; પણ તારી સામે આખી જનતામાં જે અસંતોષ ઊભો થયો છે તેને તું કેદ કરી શકવાનો નથી. તારે મને કેદ શા માટે કરવો છે? મને તો તું ધારે તો ઠાર કરી શકે છે. પાંડવોનો પણ તું વધ કરાવી શકે છે. પણ એથી એમ ન સમજતો કે હસ્તિનાપુરનું રાજ્ય આખું તારે ઘેર રહ્યું; કારણ કે તારા રાજ્યના પાયા અંદરથી ખવાઈ ગયા છે. તું એમ ધારે છે કે તારું રાજ્ય આ બેઠેલા ક્ષત્રિયોની તલવારની અણી પર નિર્ભર છે; પણ એમ માનનારોં માણસ મૂર્ખ છે; રાજ્ય તો લોકોના દિલ પર નિર્ભર છે. તારું આ મહાજન ઝીભથી ભલે બોલતું ન હોય, પણ એમનાં અંતર વાંચતાં મને લાગે છે કે એમના દિલમાંથી તારું શાસન ઊઠ્યું છે અને જે રાજાનું રાજ્ય લોકોના દિલમાંથી ઊઠ્યું તે રાજ્યને શસ્ત્રાસ્ત્રોનો ગમે તેટલો આધાર આપો તોપણ તે ટકી શકતું નથી. ઘણી વાર એવા રાજ્યને તોડી પાડવામાં એક નાનીશી કાંકરી પણ બસ થઈ પડે છે. દુર્યોધન! તમારી પાસે હું આવ્યો છું તે માત્ર વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ તરીકે નહિ, પણ તમારા મોટા અધર્મની સામે આખા ભારતવર્ષમાં આજે જે મૂંગું મૂંગું બંડ સળગી રહ્યું છે તે બંડને વ્યક્ત કરનાર એક વ્યક્તિ તરીકે. મને તમે કેદ કરશો તોપણ આ બંડના વિરાટ સ્વરૂપને તમે શું કરવાના હતા? મને દુર્યોધનની મુર્ખાઈ પર હસવું આવે છે. દુર્યોધન બિચારો સમજતો નથી કે પોતાનું રાજ્ય ટકાવવાના જે ઉપાયો એ લે છે તે તે ઉપાયો જ ઊલટા રાજ્યના પાયામાં જ ઘા મારે છે અને પાંડવો તરફ લોકોનો પક્ષપાત ઊભો કરે છે. મહારાજ ધૃતરાષ્ટ્ર! હજી ચેતો; ચેતવાનો હજી પણ અવસર છે. આ ભીષ્મને પૂછો. મેં તો પાંડવોને જણાવી પણ દીધું છે કે હું માત્ર પાંચ ગામો લાવી આપીશ તોપણ તમારે તેથી સંતોષ માનવો પડશે. '

એટલું બોલીને શ્રીકૃષ્ણ બેઠા. સભા આખી ઘડીભર તો વિચારમાં પડી ગઈ અને સૌ એકબીજાનાં મોં સામું જોવા લાગ્યા. એવામાં ભીષ્મ ઊઠ્યા: 'બેટા દુર્યોધન! આ શ્રીકૃષ્ણ ઠીક કહે છે. શ્રીકૃષ્ણને કેદ કરવાનો વિચાર તને ક્યાંથી આવ્યો? આ દુષ્ટ શકુનિને ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરમાંથી બહાર નહિ કાઢે ત્યાં સુધી આપણું કલ્યાણ થવાનું જ નથી. દુર્યોધન! સમજી જા. પાંચ ગામો આપવામાં તને શું ઓછું થઈ જવાનું છે? સમજ, અને બધાના આશીર્વાદ લે.'

ભીષ્મને જવાબ આપતો દુર્યોધન બોલ્યો: 'પિતામહ! હવે હું નાનો નથી. હું બધું સમજું છું. હું શકુનિ મામાના કહેવા પર ચાલું છું એમ આપ ન માનો. છેવટ પાંડવોને પાંચ જ ગામો આપવાનું શ્રીકૃષ્ણ કહે છે; પણ અર્ધું રાજ્ય કે પાંચ ગામો — કશું હું તેમને આપવાનો નથી. તમે તો પાંચ ગામની વાત કરો છો, પણ સોયની અણી ઊભી રહે તેટલી જગ્યા પણ દુર્યોધન તેમને આપવાનો નથી! હવે થયું? મને વારંવાર આવી ટકટક ગમતી નથી. પાંડવો પાંચ ગામ શા માટે, હસ્તિનાપુરનું આખું રાજ્ય અને સાથે સાથે ત્રૈલોક્યનું રાજ્ય લે — પણ તે કુરુક્ષેત્રના મેદાનમાં, હસ્તિનાપુરના સભાગૃહમાં નહિ. શ્રીકૃષ્ણ! તમે

જાઓ; તમારો જવાબ તમને મળી ગયો છે.'

આટલું બોલી મૂછને આમળતો દુર્યોધન પોતાના આસન ઉપર બેઠો એટલે શ્રીકૃષ્ણ બોલવા ઊભા થયા: 'મહારાજ ધૃતરાષ્ટ્ર! પિતામહ, આચાર્ય, કુરુકુળના પુત્રો અને સભાજનો! હું પાંડવો પાસેથી સમાધાન લઈને આવ્યો હતો અને તમારી પાસેથી યુદ્ધ લઈને જાઉં છું. તમારી આ લડતને કુંતીના પુત્રો વધાવી લેશે એમાં મને શંકા નથી. હું તમારી પાસે આવતો હતો ત્યારે પાંડવો મને કહેતા હતા કે નાહક પાણી શા માટે વલોવો છો? પણ આવાં પાણી વલોવવામાંય મારા જેવાને તો શાંતિ રહે છે. સમાધાનનો છેલ્લામાં છેલ્લો પ્રયત્ન મેં કરી લીધો એટલે મારું હૈયું હળવું થયું છે. હવે પછી શું થવાનું છે તે તો ઈશ્વરને હાથ છે. મને તો લાગે છે કે તમે બધા વેગભેર વિનાશ તરફ દોડી રહ્યા છો; તેથી જ મારી વાત તમારે ગળે ઊતરતી નથી. કાળની મરજી એવી છે એમ માની હું વિરમું છું. દુર્યોધન! આજે તો જાઉં છું; તને તો ખબર છે કે આ લડાઈમાં મારે તો હાથમાં શસ્ત્ર પણ લેવું નથી. પણ મારાં આ વચનો તને લડાઈ વખતે સાચાં લાગશે; અને આજે જે સમજાતું નથી. તે રણમેદાનમાં સમજાશે. પ્રભુ જગતનું કલ્યાણ કરો!'

એટલું બોલી શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રની વિદાય લઈને ચાલવા લાગ્યા. ધૃતરાષ્ટ્રે સિંહાસન પરથી ઊભા થતાં થતાં કહ્યું: 'શ્રીકૃષ્ણ! તમારી વાત તો સાવ સાચી છે; પણ દુર્યોધન મારું માનતો નથી એટલે શું કરું? તમારા આશીર્વાદથી બધાં સારાં વાનાં થશે.'

શ્રીકૃષ્ણ સભામાંથી બહાર નીકળી રથમાં બેઠા અને દારુકે રથને હાંકી મૂક્યો.

અર્જુનનો ઉકેલ

'પાંચાલી!' છાવણીના એક તંબૂ બહાર આંટા મારતો અર્જુન બોલ્યો, 'મને તો આજે નવું જીવતર મળ્યું છે. ગઈ કાલ રાતનો અર્જુન ને અત્યારે તમારી સાથે વાત કરી રહ્યો છે એ અર્જુન — બન્ને ઉપરથી એક જ દેખાતા છતાં જુદા જે એમ નક્કી માનજો.'

'વહાલા અર્જુન! ' દ્રૌપદી બોલી,'તમને એવું શું થઈ ગયું કે શરીરે પરસેવાના રેબઝેબ વળ્યા, આંખે અંધારાં આવ્યાં, ચામડી બળવા લાગી અને ગાંડીવ હાથમાંથી સરી જવા માંડ્યું? જે લોકોને યુદ્ધને મોખરે ઊભા રહીને આવું થઈ આવે તેમની વીર પુરુષોમાં ગણના થઈ શકે ખરી?'

'પાંચાલી!' અર્જુન હસતો હસતો બોલ્યો, 'એ રીતે તો હું સાવ નામર્દ! જરૂર. પણ ધૃષ્ટદ્યુમ્નનાં બહેન! યાદ રાખજો કે રણને મોખરે ઊભા રહેનારા બધા શૂરવીર જ હોતા નથી. કેટલાય શૂરવીર ગણાતા પુરુષોના ટાંગા તેમના પોષાકની અંદર થરથરતા હોય છે. એ તો શંખ, ભેરી વગેરેના નાદમાં ચકચૂર થઈને બિચારા લડે છે એટલે જગતનો અંધારપિછોડો તેમને બચાવી લે છે પણ દેવી! વીર ગણો કે નામર્દ ગણો, હું તો મૂઢ જ બની ગયો.

'શ્રીકૃષ્ણ ત્યાં ન હોત તો એક ઘડીમાં ભીષ્મ પિતામહ તમારું માથું ઉતારી લેત, ને આખા યુદ્ધનો અંત આવત! ' દ્રૌપદી બોલી.

'જરૂર.' અર્જુને કહ્યું, 'પણ ઈશ્વરની જ મરજી અન્યથા હશે. મને પોતાને ખબર નથી કે હું દ્વારકા ગયો ત્યારે શસ્ત્ર વિનાના એકલા શ્રીકૃષ્ણ અને તેમની આખી સેના એ બેમાંથી મેં શ્રીકૃષ્ણ શા માટે પસંદ કર્યા. મને પોતાને ખબર નથી કે ઈશ્વરના કશા સંકેતને અનુસરીને મેં શ્રીકૃષ્ણને મારા સારથિ બનાવ્યા. દેવી! મને લાગે છે આ બધાની પાછળ પરમેશ્વરનો

કોઈ દૈવી સંકેત છે. આવો સંકેત ન હોય તોપણ આજે મને નવો અવતાર મળ્યો છે એમાં શક નથી.'

'એમ તો તમારા કેટલાયે અવતારો થઈ ગયા. તમારા એક જ જીવનમાં પાપી દુર્યોધને તમને કેટલાંયે જીવન જિવાડ્યાં!'

'એમાં ફેર છે.' અર્જુને કહ્યું, 'એ તો માનવીના જીવનમાં તડકાછાયા સૌને આવે; પણ આજે તો મારી રુવાંટી આખી બદલી નાખે એવો પ્રસંગ પ્રાપ્ત થયો. હજી બાર કલાક વીતી ગયા પછી પણ જ્યારે એ સંભારું છું ત્યારે હિમાલયના ઊંચામાં ઊંચા શિખર પરથી પરમાત્માનો ભેદી અવાજ આવતો હોય એવા શબ્દો મારા અંતર પર અથડાયા કરે છે અને કુરુક્ષેત્રના મેદાન પર ઊભેલા મને ક્યાંનો ક્યાં લઈ જાય છે.'

'વહાલા અર્જુન!' દ્રૌપદીએ પૂછ્યું, 'મને એ નથી સમજાતું: શ્રીકૃષ્ણ બધી બાબતોમાં તો નિપુણ છે: પણ ધર્મમાંયે નિપુણ; એમણે ધર્મશાસ્ત્રનો ક્યાંય અભ્યાસ કર્યો હોય એમ જાણ્યું નથી.'

'એ જ ખૂબી છે.' અર્જુન બોલ્યો, 'ધર્મશાસ્ત્રનાં થોથાં વાંચે એ તો થોથાંના અક્ષરોમાં જ ગૂંચવાઈ જાય; આ શાસ્ત્રોનાં જંગલો એવાં ગીચ હોય છે કે એક વાર અંદર રસ્તો ભૂલ્યા પછી ઠેકાણે આવવું જ મુશ્કેલ! શ્રીકૃષ્ણ જેવા પુરુષો શાસ્ત્રોને વાંચતા નથી પણ ધર્મશાસ્ત્રો પોતે જ એવા પુરુષોના જીવનમાંથી ઉદ્‌ભવે છે.'

'ત્યારે શ્રીકૃષ્ણે આ યુદ્ધ કરવું જ જોઈએ એમ તમને સમજાવ્યા? ' દ્રૌપદીએ પૂછ્યું.

'એમ નહિ.' અર્જુન બોલ્યો, 'એમણે તો કહ્યું કે તું હજી યુદ્ધનો અધિકારી છે માટે યુદ્ધમાંથી નાસી જવાની અને માગીભીખીને રોટલો ખાવાની વાતો કરે છે તે બધી ખોટી છે. '

'એમ કહ્યું?' દ્રૌપદી રાજી થતી બોલી, 'ઠીક કહ્યું, મારા વીરા શ્રીકૃષ્ણ!' મહારાજને પણ આ વાત કરજો એટલે એ વારંવાર સંન્યાસની વાતો કરે છે તે કરતા બંધ થાય. '

'દ્રૌપદી! ' અર્જુન બોલ્યો, 'શ્રીકૃષ્ણે યુદ્ધ કરાવનું કહ્યું પણ તમે કહો છો તે રીતે નહિ. તમે તો કૌરવોનું વેર લેવા યુદ્ધનો આગ્રહ કરો છો; શ્રીકૃષ્ણે તો નિષ્કામ કર્મની દૃષ્ટિથી યુદ્ધ કરવાનું મને કહ્યું છે.'

'એ નિષ્કામ-બિષ્કામમાં હું ન સમજું.' દ્રૌપદી બોલી, 'હું તો કૌરવોને તમારે મારવા જોઈએ એટલું જ સમજું.'

'પણ એ જ મોટો તફાવત છે ના?' અર્જુન બોલ્યો, 'એકની એક ક્રિયા એક માણસ રાગથી કરે એમાં એને બંધન થાય; અને એ જ ક્રિયા બીજો આદમી રાગદ્વેષ વિના ધર્મ તરીકે કરે એટલે એ એના કલ્યાણમાં મદદરૂપ થાય.'

'ત્યારે શ્રીકૃષ્ણ તો મોટા ધર્માચાર્ય! કેમ?' દ્રૌપદી બોલી.

'દ્રૌપદી! ભૂલો છો.' અર્જુન બોલ્યો, 'આપણે શ્રીકૃષ્ણને ઓળખ્યા જ નથી એમ નહિ, દેવી? વ્રજની ગોપીઓને પૂછશો તો કહેશે કે અમારો એ બાલકૃષ્ણ બાળકોના જેવો નિર્દોષ અને પ્રેમની મૂર્તિ છે; હજી આજે પણ યમુનાના તીર પર એની મુરલીને ગોપીઓ સાંભળે છે અને ઘડીભર અંતરમાં ઊંડે ઊતરીને જીવનનો સ્વાદ લે છે. ચાણૂર જેવા મલ્લને પૂછશો તો તે કહેશે કે શ્રીકૃષ્ણ તો બડો મલ્લ છે. મારી જેવાને જો પૂછો તો કહું કે ખાંડવવનનો દાહ કરીને ત્યાં નવી વસાહત ઊભી કરવામાં શ્રીકૃષ્ણ મારા અજોડ સાથી હતા. આ દુર્યોધન-શકુનિને પૂછશો તો કહેશે કે શ્રીકૃષ્ણ જબરા રાજખટપટી છે અને કોઈના હાથમાં આવે તેવા નથી. વિદુરકાકાને પૂછશો તો કહેશે શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ પ્રભુનો અવતાર છે. વ્યાસ ભગવાન જેવાને પૂછશો તો કહેશે કે શ્રીકૃષ્ણ આપણા યુગપુરુષ છે.

પાંચાલી! શ્રીકૃષ્ણ આ બધું છે અને એથી ઘણુંય વધારે છે, એમ મેં આજે જોઈ લીધું.'

'તમને એ શી રીતે ખબર પડી?' દ્રૌપદીએ પૂછ્યું.

'દ્રૌપદી! શી વાત કરું? ' અર્જુન બોલ્યો, 'મારા જીવનની કોઈથી ન ઉકેલી શકાય એવી કેટલીયે ગૂંચો શ્રીકૃષ્ણે આજે સપાટાબંધ ઉકેલી નાખી. હિમાલયમાં તપ કરવા ગયો હતો, ત્યાં કેટલાયે ઋષિમુનિઓના આશ્રમોમાં હું રહ્યો છું અને યોગની, કર્મની, અકર્મની, જ્ઞાનની અને ભક્તિની અનેક વાતો સાંભળી છે. પણ આ બધી વાતો મને અરણ્ય જેવી હતી તે આજે સ્પષ્ટ થઈ ગઈ. શી એમની ખૂબી! કેમ જાણે પર્વત ઉપરથી ગંગાનો ધોધ પડતો હોય, એવો સ્પષ્ટ તેમનો ઉપદેશ! જેટલી સ્પષ્ટતાથી હું પાંચાલીને દેખું છું એટલી જ સ્પષ્ટતાથી શ્રીકૃષ્ણે મને ધર્મનું આજે દર્શન કરાવ્યું! આપણા દેશમાં જુદા જુદા ધર્મવાળાઓ પોતપોતાના વાડા બાંધીને જે દુરાગ્રહો ઊભા કરે છે તેનો નિકાલ તો શ્રીકૃષ્ણની પાસે જ છે.'

'શ્રીકૃષ્ણ પોતે સાંખ્યમાં માને છે કે યોગમાં? તેમના કહેવા પ્રમાણે જ્ઞાન સાચું કે ભક્તિ?' દ્રૌપદી બોલી.

'દ્રૌપદી!' અર્જુન બોલ્યો, તમારા પ્રશ્નથી મને હસવું આવે છે તો માફ કરજો. એ તો સાંખ્યમાંય નથી માનતા, યોગમાંયે નથી માનતા, જ્ઞાનમાંયે નથી માનતા અને ભક્તિમાંયે નથી માનતા. એ પોતે માને છે ફક્ત એક પરમાત્મામાં. પછી સાંખ્ય પરમાત્મા તરફ લઈ જતું હોય તો સાંખ્યને માને, અને ન લઈ જતું હોય તો ન માને; યોગ પરમાત્મા તરફ લઈ જતો હોય તો યોગને માને, અને ન લઈ જતો હોય તો ન માને. એવું જ્ઞાનનું અને ભક્તિનું. એમને આપણા સાંખ્યયોગના ઝઘડાઓ સાથે કશી લેવાદેવા નથી; એમને તો પરમાત્મા સાથે લેવાદેવા છે. હું પણ આ સાંખ્ય અને આ યોગ, આ કર્મ અને આ જ્ઞાન, એમ કૂટ્યા કરતો હતો, પણ શ્રીકૃષ્ણે મારો બધો ભ્રમ ભાંગી નાખ્યો છે. '

'શ્રીકૃષ્ણે તમને શું પોતાનો નવો ધર્મ શીખવ્યો?' દ્રૌપદી બોલી.

'એમને નવો ધર્મ છે જ નહિ. એ તો જે કરે છે તે બોલે છે; અને બોલે છે ત્યારે આત્માના ઊંડાણમાંથી બોલે છે. દ્રૌપદી! સાચું કહું? એમણે તો મને સાંખ્યયોગ વગેરેથી પર એક માનવધર્મની ઝાંખી કરાવી છે, ને મારી આંખનાં પડળ દૂર થયા છે; એટલા જ માટે હું તો શ્રીકૃષ્ણને યોગેશ્વર કહું છું.'

'એમના આ માનવધર્મની ખાસ ખૂબી કહેશો?'

'એની ખાસ ખૂબી એક જ.'

'શી?'

'ધર્મને વળગતાં પરમાત્માનું ખૂન થાય ત્યાં ધર્મનો પણ ત્યાગ કરવો. ' અર્જુને ખુલાસો આપ્યો, 'મને હજી સવારે જ શ્રીકૃષ્ણ કહેતા હતા કે 'અર્જુન! તું સર્વ ધર્મોનો ત્યાગ કરીને એક પરમાત્માને જ પકડ. આનું નામ માનવધર્મ. જે ધર્મ માણસ માણસને ભાઈ ગણતાં શીખવવાને બદલે માણસ માણસને દુશ્મન બનાવે, તે ધર્મ જ નથી, આપણા સાંખ્યયોગવાળા, આપણા કર્મજ્ઞાનવાળા, આપણા સેશ્વર નિરીશ્વરવાદીઓ આજે ભલે લડી લે; ધર્મને નામે લડનારનો એમ કદી વિજય નથી, દુનિયામાં અનેક ધર્મો પ્રવર્ત્યા ને હજી અનેક પ્રવર્તશે. આ જુદા જુદા ધર્મોની જંજાળમાંથી છૂટો થઈને જે પોતાના અંતરના અવાજને વફાદાર રહેશે તે પરમાત્માને માર્ગે છે, અને બીજા બધા કરોળિયાની માફક પોતે બાંધેલી જાળમાં જ ગૂંચવાઈ જવાના છે. દેવી! હું તો આજે ન્યાલ થઈ ગયો.'

'તો ત્યારે હવે તમે લડશો ખરા. હવે પાછું ગાંડીવ છોડીને નહિ બેસો ના?' દ્રૌપદી બોલી.

'મને લાગે છે કે ફરીથી હું એવો દીન નહિ બની જાઉં.' અર્જુન બોલ્યો, 'દેવી! માફ કરજો. આ દીનતાએ મને તો મોટો લાભ કર્યો છે, આવી દીનતા પછી જ આજે દિલમાં બત્રીશે કોઠે દીવા ઝળહળે છે. એવી દીનતા છુપાવી રાખી હોત તો શ્રીકૃષ્ણનાં અમર વચનો ક્યાં સાંભળત? દેવી! મને તો લાગે છે કે શ્રીકૃષ્ણે મારા એકલા પર જ આ ઉપકાર નથી કર્યો. પણ જેટલા જેટલા અર્જુનો દુનિયામાં છે. અને જેમણે જેમણે રણની લગામ પરમાત્માના હાથમાં સોંપી છે, એ બધાને જાણે પોતે કહેતા હોય તેમ શ્રીકૃષ્ણે મને એ બધું સંભળાવ્યું છે. પાંચાલી! જો શબ્દને દેહ હોય અને એ દેહો જો અમર રહી શકતા હોય, તો શ્રીકૃષ્ણનો આ ઉપદેશ આખા આર્યાવર્તમાં અમર રહો અને મારા જેવા અનેક મૂઢ લોકોને માર્ગદર્શક થાઓ. દેવી! હું કેવો ગમાર કે આવા શ્રીકૃષ્ણને આજ સુધી ઓળખી જ ન શક્યો! અને હજીયે ફરી ભૂલી નહિ જાઉં તેની કોને ખાતરી છે? શ્રીકૃષ્ણ! તમે એટલા બધા માણસ છો કે તમારું દેવપણું મનમાં ટકી જ શકતું નથી.'

'અર્જુન!' દ્રૌપદી બોલી, 'મારા અર્જુનનો હાથ ગાંડીવ ઝાલવામાં વધારે મજબૂત થયો એ જ મારે તો મોટો લહાવો. હવે શ્રીકૃષ્ણ આપણને આ યુદ્ધમાં વિજય અપાવે એટલે ઠરીને ઠામ બેસીએ. વહાલા અર્જુન! રાત ઘણી ગઈ છે; હવે આરામ લ્યો.'

'ઠીક છે. ' અર્જુન બોલ્યો, 'હજી આ સંબંધી ઘણી ઘણી વાતો મનમાં ઊભરાયા જ કરે છે અને એમ થાય છે કે એ બધું બોલ્યા જ કરું; પણ હવે આવતી કાલે; આજે તો તમે પણ આરામ લ્યો.'

અર્જુન પોતાના તંબૂની અંદર ગયો અને દ્રૌપદી છાવણીની બીજી બાજુ ચાલતી થઈ.

ભીષ્મની દૃષ્ટિએ

કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરું થયું અને યુધિષ્ઠિર હસ્તિનાપુરના મહારાજા થયા. હસ્તિનાપુરનો મુગટ માથે મૂક્યા પછી એક વાર યુધિષ્ઠિર ભીષ્મ પિતામહની પાસે ગયા. પિતામહ બાણશય્યા પર પડ્યા હતા ત્યાં જઈને યુધિષ્ઠિરે મસ્તક નમાવ્યું અને શય્યાને પડખે બેઠા.

'કેમ યુધિષ્ઠિર!' ભીષ્મે પૂછ્યું, 'હસ્તિનાપુરનો મુગટ આખરે મેળવ્યો કે?'

'પિતામહ!' યુધિષ્ઠિર ખિન્ન થઈને બોલ્યા, 'આટઆટલી લોહીની નદીઓ વહેવડાવ્યા પછી મળેલો આ મુગટ કેવો વહાલો લાગે છે એ તો મારું અંતર સમજે છે. આપ જેવાને આ મુગટની ખાતર બાણશય્યા પર પડેલા દેખું છું ત્યારે મારી જાત તરફ તિરસ્કાર પેદા થાય છે, અને અમારી પામરતાનું ભાન થાય છે.'

'બેટા યુધિષ્ઠિર!' યુધિષ્ઠિરને સાંત્વન સાંત્વન આપતા હોય તેમ ભીષ્મ બોલ્યા, 'આવો ખેદ કરવાની જરૂર નથી. મારા જેવા બૂઢિયાને આટલી ઉંમરે પણ કૌરવોની સાથે રહીને તમારી સામે લડવું હોય તો હું બાણશય્યાને માટે જ લાયક છું. બાકી તો યુધિષ્ઠિર! જીવનમાં કયો માણસ બાણશય્યા પર નથી સૂતો? મનુષ્ય માત્રના હૈયામાં પ્રભુએ આવા આવા ખીલાઓ ગોઠવ્યા છે. 'શું કરું ને શું ન કરું'ની ગડમથલમાં માણસને જે અંતરની વેદના થાય છે તે બાણશય્યા નથી તો બીજું શું છે? બાણશય્યા નથી એક ગમારને અને નથી એક જ્ઞાનીને. યુધિષ્ઠિર! હું સામે જ નવા સૂર્યને ઊગતો દેખું છું. જૂની વાતને મારી સાથે લઈને હું સૂતો છું. એ અંધકારમાંથી નવા સૂર્યનો પ્રસવ થાય ત્યારે તેની પ્રસૂતિપીડા તો મારે વેઠવી જ જોઈએ ના? પણ આવતી કાલની આશા આવી પીડાને શમાવી દે છે, અને અવનવા આનંદની કલ્પના કરાવે છે. બેટા! તું મારી પીડાનો વિચાર ન કર. શ્રીકૃષ્ણ

ગયા કે છે? '

'છે; કુંતી માતાએ તેમને થોડા દિવસ રોક્યા છે. ' યુધિષ્ઠિરે જણાવ્યું.

'તો તું તેમને તારી સાથે કેમ ન લાવ્યો? ' ભીષ્મે આંખ ફેરવતાં કહ્યું, 'એમનાં દર્શન કરીને હું જીવતરને વધારે ધન્ય કરત.'

'પિતામહ!' યુધિષ્ઠિર બોલ્યા, 'શ્રીકૃષ્ણ તરફનો આપનો સદ્ભાવ હું જાણું છું.'

ભીષ્મ તરત બોલી ઊઠ્યા: 'માત્ર સદ્ભાવ નહિ, પૂજ્યભાવ-ભક્તિભાવ કહે. તમે લોકો એમને ઓળખતા નથી; એ તો યુગપુરુષ છે. બીજા કોઈ જમાનામાં અવતર્યા હોત તો લોકો એમને ઈશ્વરના અવતાર તરીકે જ પૂજત. એમનાં દર્શન અને એમનો સત્સંગ જીવતરનો અમૂલ્ય લહાવો છે.'

'પિતામહ!' યુધિષ્ઠિરે જણાવ્યું, 'આપ તો વર્ષો થયાં એમને યુગપુરુષ તરીકે જ ઓળખો છો. મારા તો એ સારા સગા છે; એમને લઈને જ અમે આ લડાઈમાં વિજય મેળવ્યો છે. છતાં પણ લડાઈ દરમિયાન એમણે જે કાંઈ કર્યું તેની ભારે ટીકા થઈ રહી છે, અને મારો પૂજ્યભાવ છતાં આ ટીકાઓનો જવાબ તો મારી પાસે પણ નથી.'

'યુધિષ્ઠિર! ' ભીષ્મે આશ્ચર્યથી જણાવ્યું, 'લોકો ભૂલે છે. શ્રીકૃષ્ણ જેવા યુગપુરુષની ટીકા કરનાર લોકો પાસે એમને માપવાનું ધોરણ ક્યાં છે? શું મારા-તારા જેવા વામનજીઓ એમના વિરાટ સ્વરૂપને ઓળખી પણ શકે? આવા યુગપુરુષને ઓળખવા માટે તો તપશ્ચર્યા કરી જાતે પવિત્ર થવું જોઈએ; અને પછી એમનાં જીવનકાર્યો પર દૃષ્ટિ ચોંટાડવી જોઈએ. મારે કાને પણ એ વાત આવી છે. કેટલાય લોકો એમને ખટપટી કહે છે. મને પોતાને પૂછો તો મેં આ લડાઈ દરમિયાન એમનાં બધાં કાર્યોનો અભ્યાસ કર્યો છે, અને એ યુગપુરુષ છે એવી મારી માન્યતા વધારે દૃઢ બની છે. તુ ધર્માત્મા છે એટલે તને પણ આ વાત સમજાતી હશે બાકી બીજા લોકોને તો એમને સમજવા માટે હજી કેટલાયે અવતારો લેવા પડશે.'

'પિતામહ! આપ બરાબર કહો છો.' યુધિષ્ઠિરે જણાવ્યું, 'જુઓ ને, આપને અર્જુને પાડ્યા એમાં તો આખી કૌરવસેના શ્રીકૃષ્ણનું છળ દેખી રહી હતી!'

'બેટા!' ભીષ્મે શાંતિથી જણાવ્યું, 'મેં અર્જુન પર જબ્બર સપાટો ચલાવ્યો તે વખતે અર્જુન સુધ્ધાં ગભરાઈ ગયો; અને શ્રીકૃષ્ણે લડાઈમાં શસ્ત્ર હાથમાં ન લેવાની પ્રતિજ્ઞા કરી હતી છતાં અર્જુન રણમાં પડી ગયો ત્યારે એ પોતે રથનું પૈડું લઈને મારી સામે દોડ્યા.'

'હા, એ જ પ્રસંગ. લોકો એમ કહે છે કે શ્રીકૃષ્ણે પ્રતિજ્ઞા તોડી એટલે એ અધર્મી. ' યુધિષ્ઠિરે જણાવ્યું.

'ધર્મ-અધર્મના સૂક્ષ્મ ત્રાજવાને સ્પર્શ કરવાનો પણ આ લોકોનો અધિકાર નથી, યુધિષ્ઠિર! હજી આજે પણ શ્રીકૃષ્ણ રથનું પૈડું લઈને દોડ્યા એ દેખાવ હું યાદ લાવું છું ત્યારે હર્ષનાં રોમાંચ થાય છે અને જીવનનો થાક માત્ર ઉતરી જાય છે. બેટા! જે લોકોએ ઈશ્વરભાવ કેળવ્યો નથી, જે લોકોએ કદી બીજા લોકોને અંતરથી પોતાના ગણ્યા નથી, જે લોકોએ કોઈ એક ધ્યેયની પાછળ પોતાનું જીવન ખર્ચ્યું નથી અને જે લોકોને માનવહૃદયના મુલાયમ ભાવોની ખબર નથી, એવા લોકો ભલે ગમે તેમ કહે; પરંતુ જ્યારે મારા જેવો ભીષ્મ આખી પાંડવસેનાનો કચ્ચરઘાણ વાળી રહ્યો હોય, જ્યારે પાંડવોની એકની એક આશા અર્જુન બેભાન થઈ રથમાં પડ્યો હોય, જ્યારે ઘડી-બે ઘડીમાં આખી લડાઈનો મામલો ''દુર્યોધન મહારાજ કે યુધિષ્ઠિર મહારાજ'' એવી અણી પર આવીને ઊભો હોય તેવે વખતે પોતાના આપ્તજનો તરફ બેદરકાર રહીને પ્રતિજ્ઞાના અક્ષરોને જોખ્યા કરવા એ બરાબર છે, કે પ્રતિજ્ઞાના ભંગનું પ્રાયશ્ચિત્ત વેઠીને પણ આપ્તવર્ગની વહારે ધાવું એ બરાબર છે? શ્રીકૃષ્ણ મારી સામે ચક્ર લઈને દોડ્યા એમાં તો મને અર્જુન તરફની તેમની

નરી પ્રીતિ જ દેખાય છે. અને એમના જેવા મહાન પુરુષ પ્રેમને વશ થઈને દોડ્યા ત્યારે હું તો શસ્ત્ર છોડીને હાથ જોડીને જ ઊભો રહ્યો. યુધિષ્ઠિર! એવા યુગપુરુષોને આવા પ્રસંગોએ આપણે આપણી મતિથી માપીએ છીએ એ જ ભૂલ છે. પોતાના ભક્ત તરફની આવી વત્સલતા એ તો ઈશ્વરી ગુણ છે. મને તો શ્રીકૃષ્ણ ચક્ર લઈને દોડ્યા એમાં જ એમની મહત્તા લાગી હતી; અને તું જાણે છે કે તેમની પ્રતિજ્ઞા તો તૂટી પણ નહિ. તરત જ અર્જુને પાછળથી આવીને તેમને વાળી લીધા, અને અર્જુનના રથની લગામ તેમણે ફરીથી હાથમાં લીધી.'

'પિતામહ!' યુધિષ્ઠિર બોલ્યા, 'આપ કહો છો તે જ બરાબર છે. મારી પોતાની બાબતમાં તો આપે જાણ્યું હશું કે શ્રીકૃષ્ણે મને અસત્ય બોલવાનું કહ્યું જ નથી. દ્રોણાચાર્યને જ્યારે મારવા હતા ત્યારે શ્રીકૃષ્ણે મારી પાસે બે માર્ગ મૂક્યા: કાં તો મારે અસત્ય બોલીને દ્રોણના શસ્ત્રો છોડાવવાં અને એ રીતે વિજયનો માર્ગ ખુલ્લો કરવો ને મારા આપ્તજનોના પ્રાણ બચાવવા; અથવા તો મારા સત્યની ટેકને વળગી રહીને સત્ય બોલવું અને આ મુગટ, આપ્તજનો વગેરેને જતાં કરવા. મેં પોતે રાજીખુશીથી અસત્યને તથા આ મુગટને પસંદ કર્યાં — મારાથી એ જ પસંદ થઈ ગયાં. પરંતુ એમાં શ્રીકૃષ્ણનો જરાયે દોષ ન હતો. હા, હું પોતે અંદરથી નબળો હતો, મારી નબળાઈ છુપાઈ રહી હતી તે એ રીતે બહાર આવી તેથી મને રોષ થાય અને હું શ્રીકૃષ્ણનો દોષ કાઢું તો જુદી વાત છે. પણ પિતામહ! આપે સાંભળ્યું તો હશે જ, મારા અર્જુને કર્ણને માર્યો એ અઘટિત લાગે છે. શ્રીકૃષ્ણે એ અધર્મને કેમ અટકાવ્યો નહીં હોય તે હું સમજી શકતો નથી.'

'બેટા યુધિષ્ઠિર! ' પિતામહ બોલ્યા, 'ધર્મ-અધર્મનો નિર્ણય એમ ખાલી આકાશમાંથી થતો નથી. સમાજમાં તો ધર્મ-અધર્મ એ સાપેક્ષ વસ્તુ છે. કર્ણે જિંદગીભર તમને ત્રાસ આપ્યો, તમને વનવગડે પણ સુખ ન આવવા દીધું અને ઉઘાડા જંગલમાં તમને હેરાન હેરાન કર્યાં, એ જ કર્ણ માત્ર રણમેદાનમાં આવીને અર્જુનને ધર્મયુદ્ધ કરવાની હાકલ પાડે એ બરાબર છે? જેને આખું જીવન તમારી સાથે કાવાદાવા કરવામાં ગાળ્યું, તે કટોકટીને પ્રસંગે તમને ધર્મનો ઉપદેશ આપે એમાં તો ધર્મની નરી વિડંબના છે. એ જીભે તો ધર્મનો શબ્દ ચડે કે તૂટી પડવું ઘટે! એટલે કર્ણને તો ધર્મની વાત કરવાનો અધિકાર જ ન હતો. હા, અર્જુનને પોતાને માટે આ યોગ્ય હતું કે કેમ તે અલાયદો પ્રશ્ન છે. ભીમે દુર્યોધનને ગદા મારી ત્યાં પણ આ જ પ્રશ્ન છે. કર્ણ અને દુર્યોધન આજન્મ અધર્મથી તમને સતાવનારા લોકો; તેઓ પોતાના મૃત્યુ વખતે તમને ધર્મનું સ્મરણ કરાવે એ કેવું વિચિત્ર છે! તમે — ભીમે તથા અર્જુને તમને ફાવ્યું તે રીતે તેમને માર્યા. તેમના અનેક અધર્મો સામે તમે કદાચ એકાદ અધર્મ કર્યો, એમાં લોકો શા માટે ફફડી ઊઠે છે?'

'લોકો તો શ્રીકૃષ્ણને દોષ દે છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'બેટા યુધિષ્ઠિર!' ભીષ્મ બોલ્યા, 'શ્રીકૃષ્ણ જેવા પુરુષો સ્વયંજ્યોતિ હોય છે. તેમના ધર્મ-અધર્મ માટે શાસ્ત્રો પ્રમાણ નથી હોતાં; ઊલટું તેમના જેવા પુરુષનું વર્તન જ ધર્મશાસ્ત્ર બને છે. આપણા જેવાના ધર્મ-અધર્મના માપથી તેમને માપવા તેના કરતાં તેમના જીવન પરથી આપણા ધર્મ-અધર્મના વિચારોને ફરીથી તપાસવા, એ વધારે યોગ્ય છે. એમના જેવા સાધુચરિત પુરુષો કયા ઈશ્વરી સંકેતને અનુસરીને કયું કામ કરે છે તે આપણા માટે સમજવું પણ મુશ્કેલ છે. જો ને, ગાંધારી જેવી સતી શ્રીકૃષ્ણને શાપ આપી બેઠી! ગાંધારી જેવી સતી આર્યાવર્તે જાણી નથી; મારા-તારા જેવા લોકોને તો એમને પેટ અવતાર લેવાનું મન થાય, પણ દુર્યોધનના શબ પાસે પહોંચી તેના મૃત્યુની વાત સાંભળી, ત્યારે એનાથી પણ શ્રીકૃષ્ણને શાપ આપી જવાયો. અને છતાંયે શ્રીકૃષ્ણે તો આનંદથી એ શાપને વધાવી

લીધો! પોતાના મૃત્યુના શાપને હસતે ચહેરે ઝીલી લેવો અને છતાંય શાપ દેનારને ''તમે યોગ્ય કર્યું છે'' એમ કહેવું એ સામાન્ય માણસનું કામ છે? યુધિષ્ઠિર! એવે વખતે તો ભલભલા યોગીમુનિઓની કમાન પણ છટકી જાય અને કંઈનું કંઈ કરી બેસે. એ તો શ્રીકૃષ્ણ જેવા સ્થિતપ્રજ્ઞ લોકો જ પોતાનું સમતોલપણું ન ગુમાવે.'

'પિતામહ!' યુધિષ્ઠિરે જણાવ્યું, 'આપ કહો છો તે બધું મને તો માન્ય છે; પણ સામાન્ય મનુષ્યો તો પોતાની બુદ્ધિમાં ઊતરે એવો જવાબ માગે. આપ કહો છો તેવા જવાબો તો મારા જેવા શ્રદ્ધાળુ અંતઃકરણને જ સંતોષ આપી શકે.'

'વાત સાચી.' ભીષ્મ બોલ્યા, 'જેમનાં અંતઃકરણો વાંકાં થઈ ગયાં છે તેમને આવી વાતો સમજાવી મુશ્કેલ છે. એ લોકો તો આવા પ્રસંગોને શ્રીકૃષ્ણદૂષણ રૂપ જ ગણવાના.'

ભીષ્મે જરા વિચાર કરીને ફરીથી કહ્યું: 'પણ બેટા! એમ હોય તોપણ શું? ધારો કે શ્રીકૃષ્ણે એવી થોડીએક ભૂલો કરી; પણ તેથી શું? એથી તો યુગપુરુષ તરીકેનું એમનું સ્થાન ઊલટું વધારે દીપે છે. શ્રીકૃષ્ણ ગમે તેવા તોપણ મનુષ્ય છે; તેમનાં હાડમાંસમાં માણસનું લોહી વહે છે; આપણી માફક જ તેમણે પણ એક સ્ત્રીને પેટે અવતાર લીધો છે. તેઓ ગમે તેવા ઉચ્ચ હોવા છતાં જીવનમાં કોઈ વાર મનુષ્યને સાધારણ એવી ભૂલોયે ન કરે? એવી ભૂલો એ કરે છે કારણ કે આખરે એ તો મનુષ્ય છે. અને છતાં તે યુગપુરુષ તો છે જ. મારા જેવા ભક્તને તો એવીતેવી ભૂલો વધારે આકર્ષે; આવાં માનુષી સ્ખલનોથી તેમની દિવ્યતા વધારે શોભી ઊઠે છે, અને આપણને મનુષ્યોને વધારે આશા આપે છે.'

'પિતામહ! આપ બરાબર કહો છો.' યુધિષ્ઠિર બોલ્યા, 'અંધારામાં જેમ લોકો અનેક જાતની સાચીખોટી ભૂતોની કલ્પનાઓ કરે છે, તેમ જ જેના વિષે લોકો જાણતા નથી અથવા જાણી શકતા નથી, એમને માટે તેઓ અનેક કુતર્કો કરે છે. શ્રીકૃષ્ણ માટે આમ જ બન્યું છે. અમે તેમની આટલા નજીક છીએ તોયે અમને પણ તેઓ ઘણી વાર એક અદના આદમી લાગી જાય છે, તો પછી બીજાની તો વાત જ શી કરવી?'

'બેટા! ભીષ્મે કહ્યું, 'દુનિયાના તમામ યુગપુરુષો આ વસ્તુ તો કપાળમાં લખાવીને જ આવે છે. તેઓ જીવે છે ત્યાં સુધી જગત તેમને ઓળખી શકતું નથી, અને તેમના ગયા પછી હાથ ઘસે છે. શ્રીકૃષ્ણનું પણ એમ જ થવાનું છે. આવા પુરુષોથી થોડાઘણા દૂર હોઈએ તો કદાચ તેમને ઓળખવા ઠીક પડે. બાકી તેમની આસપાસ વીંટાયેલા લોકો તો મૂઆ જ સમજજે. ''જેવા આપણે હાથ તેવા તેને હાથ; જેવા પગ તેવા તેને પગ; આપણે ખાઈએ અને ફરીએ તેમ તે પણ ખાયપીએ અને ફરે, પછી તે યુગપુરુષ શાના!'' આવા વિચાર પર આપણા જેવા સામાન્ય મનુષ્યો ચડી જઈએ છીએ અને પરિણામે તેમને ઓળખી શકતા નથી. પણ આ તો બહુ લાંબી વાતો થઈ. '

'પિતામહ! બહુ ઠીક થયું. આપે આજે મારું થોડુંએક અજ્ઞાન દૂર કર્યું. આપને મેં ખૂબ શ્રમ આપ્યો છે તો માફ કરજો. હવે હું રજા લઈશ.'

'બેટા યુધિષ્ઠિર!' ભીષ્મે યુધિષ્ઠિરની સામે જોઈને કહ્યું, 'શ્રમ ઊલટો દૂર થયો.શ્રીકૃષ્ણ જેવા પુણ્યપુરુષનું સ્મરણ થાય ત્યારે તો જીવનભરનો થાક ઊતરી જાય. તેમાંયે આજે તો હું જીવનને કિનારે બેઠો છું ત્યારે તો એમના સ્મરણથી હું ધન્ય થઈ જાઉં. બેટા! હજી મારા દેહને પડતાં થોડો વખત લાગશે; દરમિયાન તું ફરીથી આવે તો શ્રીકૃષ્ણને સાથે લેતો આવજે. મારા તરફથી તેમને એટલી વિનતી કરજે.'

'જેવી આજ્ઞા. આપ હવે વધારે શ્રમ ન લેતા.'

એમ કહી યુધિષ્ઠિર રથમાં બેઠા અને હસ્તિનાપુર તરફ રવાના થયા.

અવતારકૃત્ય

'પિતામહ!' બાણશય્યા પાસે બેઠેલા શ્રીકૃષ્ણ બોલ્યા, 'યુધિષ્ઠિર મહારાજ હવે પોતાના ધર્મરાજ્યનું સ્થાપન કેવું કરે છે એ તો જોવાનું રહે છે.'

'મહારાજ!' ભીષ્મ બોલ્યા, 'આપને માટે માત્ર જોવાનું નહિ; કુરુક્ષેત્રના મેદાન પર અર્જુનના રથની લગામ હાથમાં ઝાલીને બેઠેલા આપને જગતે જોયા છે. પછીના નવા યુગનિર્માણમાં પણ આપ જ પાંડવોના સુકાની થશો એવી આશા જગતના બ્રાહ્મણો રાખે છે.'

'ભીષ્મ!' શ્રીકૃષ્ણે ચલાવ્યું, 'મોટા આલેશાન મહેલને તોડી પાંડવો સહેલ છે. પણ તેની જગ્યાએ નાનીશી ઝૂંપડી ઊભી કરવી સહેલી નથી; હિમાલયનાં ગીચ જંગલોને એક અંગારાથી સળગાવી મૂકવાં સહેલાં છે, પણ એક નાનાશા વૃક્ષને પાણી સીંચીને ઉછેરવું સહેલું નથી; દેશના મોટા મોટા પ્રદેશોને એક સપાટે ઊજડ કરી મૂકવા સહેલા છે; પણ એક નાનોશો ટીંબો નવો વસાવવો સહેલો નથી. પિતામહ! આખા માનવસમાજને ભરડો દઈને બેઠેલાં સામ્રાજ્યોને ઉખેડી નાખવાં સહેલાં છે; પણ તેમને સ્થાને નાનું એવું ધર્મરાજ્ય ઊભું કરવું સહેલું નથી.'

'પાંડવોને આ મુશ્કેલી હવે આજે દેખાતી હશે.' ભીષ્મે કહ્યું.

'જરૂર.' શ્રીકૃષ્ણ બોલ્યા: 'તે દિવસે મદોન્મત્ત રાજાઓના મદ ઉતારવા માટે ગાંડીવનો ટંકાર અને ભીમની ગદા બરાબર હતાં; આજે હજારો અનાથ ક્ષત્રિયોને ઉછેરીને મોટા કરવા માટે એ ગાંડીવ અને એ ગદા નકામા છે. કૌરવોને પોતાના અન્યાયનું ભાન કરાવવા માટે પાંડવોની લાલચોળ આંખોની જરૂર હતી; આજે હજારો અનાથ સ્ત્રીઓનાં આંસુ લૂછવા માટે એકાદ કોમળ હાથની જરૂર છે. પાંચાલીને પોતાના રોષની તૃપ્તિ મળે એટલા ખાતર તે દિવસે એના ચોટલાને દુ:શાસનના લોહીથી ભરવાની જરૂર હશે; પરંતુ આજે તો આખા આર્યાવર્તની સ્ત્રીઓના ચોટલાઓ દરરોજ ફૂલથી ગૂંથાય એવી સમાજવ્યવસ્થા ઊભી કરવી પડશે. તે દિવસે આર્યાવર્તના અનેક રાજામહારાજાઓએ પોતપોતાની ક્ષત્રિયજનતા પાંડવોને ચરણે ધરી હતી; આજે નવા રાષ્ટ્રના નિર્માણમાં અનેક રાજામહારાજાઓએ પોતાની બ્રાહ્મણજનતાનો સાથ આપવો પડશે. પિતામહ! ધર્મરાજ્યની સ્થાપનાના આ અનેક પ્રશ્નો મહારાજ યુધિષ્ઠિર પાસે દરરોજ ખડા થવા લાગ્યા છે, અને અજાતશત્રુ યુધિષ્ઠિર તેમનો કેવો નિકાલ લાવે છે તે જગત એકીટસે જોઈ રહ્યું છે. '

'તો તો યુધિષ્ઠિરને ભારે પરીક્ષામાંથી પસાર થવું પડશે!' ભીષ્મ યુધિષ્ઠિર તરફ વળીને બોલ્યા.

'અલબત્ત!' શ્રીકૃષ્ણે જણાવ્યું, 'કૌરવોની સામે ધર્મયુદ્ધનો ઝંડો ઉઠાવનાર યુધિષ્ઠિરે આખા લોકસમૂહને આપેલી આશાઓ પૂરવી જોઈશે; કૌરવોને દુષ્ટ કહેનાર પાંડવોએ પોતાની સાધુતા સિદ્ધ કરવી જોઈશે; દુર્યોધનનો મદોન્મત્ત કહેનાર યુધિષ્ઠિરે વિજયની ક્ષણે વધારે નમ્ર થવું પડશે; ધૃતરાષ્ટ્રને પ્રજાના વિશ્વસ્ત-હિતરક્ષક થવાનું કહેનાર પાંડવોએ પ્રજાહિતના સાચા રક્ષક થવું પડશે; પોતાના એક ચોટલાની ખાતર આખું મહાભારત જગાડનાર દ્રૌપદીએ સમગ્ર સ્ત્રીસમાજના ચોટલાઓ સુરક્ષિત રહે એવી રાજ્યવ્યવસ્થા ઉપજાવવી પડશે.'

'યુધિષ્ઠિરનો મુગટ એને બહુ ભારે થઈ જશે!' ભીષ્મ બોલ્યા.

'કોઈ પણ રાજાનો મુગટ ભારે તો છે જ, તેમાં યુધિષ્ઠિરનો તો વધારે ભારે, કારણ કે

આ બધી આશાઓનો ભાર તેમણે પોતે જ કેળવ્યો છે. પિતામહ! ફૂલ જેવા હળવા મુગટો પહેરવામાં મજા પણ શી છે? એવા હળવા મુગટો પવનની નાની લહરી આવતાં ઊડી જાય છે અને જમીન પર પછડાઈને તૂટી જાય છે. શ્રીકૃષ્ણે જણાવ્યું.

'મહારાજ શ્રીકૃષ્ણ!' ભીષ્મ ધીમેથી બોલ્યા, 'આપ કહો છો તે બરાબર છે. યુધિષ્ઠિર ધર્માત્મા છે એટલે પોતાના ભારનું વહન કરતાં જરાય આંચકો નહિ ખાય. પણ મહારાજ! આપે નવયુગના નિર્માણની વાત કાઢી ત્યારે મને કંઈક કહેવાનું મન થાય છે. કુરુક્ષેત્રના ઘોર સંગ્રામનાં પરિણામો તો આજે આર્યાવર્ત સહન કરી રહ્યો છે. અઢાર અક્ષૌહિણી સેના કુરુક્ષેત્રમાં લાંબી થઈને સૂતી તેની પાછળ કેટલી સ્ત્રીઓ વિધવા બની, કેટલાં બાળકો અનાથ બન્યાં, મહાજનોના વેપારને કેવો આંચકો લાગ્યો, એ બધું મહારાજ યુધિષ્ઠિર નજરે નિહાળશે ત્યારે નાના એવા મુગટને માટે કેટલી ભારે કિંમત આપવી પડી છે તેનો તેમને ખ્યાલ આવશે. પણ હું તો આ સર્વ ઉપરાંત એક વધારે ઊંડી વાત કરું છું: આ યુદ્ધે આખી યુદ્ધની જે હવા ઊભી કરી, વાતાવરણમાં ''મારો મારો'' અને ''કાપો કાપો''ના અવાજોને જે ગતિ આપી દીધી, ''વેર વેર''નો જે આંતર ધૂંધવાટ ફેલાવી મૂક્યો, તેનું શું? યુદ્ધ દરમિયાન ઊભું થયેલું યુદ્ધનું માનસ યુદ્ધ પૂરું થયું છે એટલે હવે નાશ પામશે? મહારાજ! આપ તો યુગપુરુષ છો એટલે આપને વધારે સૂઝે; બાકી મને તો લાગે છે કે બીજાં બધાં વિઘ્નો કરતાંયે આ યુદ્ધનું માનસ ધર્મરાજાને વધારે અડચણ કરશે, અને નવયુગના નિર્માણમાં અંતરાયરૂપ પણ થશે.'

શ્રીકૃષ્ણે ભીષ્મનું બોલવું સાંભળતાં આંખો મીંચી હતી તે ધીમેથી ઉઘાડી અને શરૂ કર્યું, 'પિતામહ! તમે જગતના રોગને બરાબર પારખી લીધો છે. ધર્મયુદ્ધના વાવટા હેઠળ લડનારા બધા ધર્મબુદ્ધિથી લડે છે એવું નથી બનતું. એ તો સમાજના જીવનમાં યુદ્ધ જેવા જબ્બર ઝંઝાવાતો ચાલે છે ત્યારે મોટો સંહાર થઈ જાય છે, અને સૃષ્ટિ વળી નવો ક્રમ શરૂ કરે છે. આ યુદ્ધનું પણ એમ જ સમજજો. નવો યુગ કેવો નિર્માય છે તે તો પ્રભુને આધીન! પણ જેને ઋષિમુનિઓ કલિયુગના નામથી ઓળખે છે એ યુગ બેસી ગયો સમજો. આજ નહિ તો કાલ, એ યુગ પોતાનો પ્રભાવ જણાવ્યા વિના નહિ રહે. તમે કહો છો તેવા યુદ્ધના માનસનો વિચાર કરતાં જણાય છે કે એ યુદ્ધનું માનસ આજે હજી હવામાં ઘૂમે છે. બાહ્ય યુદ્ધ આજે પૂરું થયું છે એટલે એ માનસ નવું ક્ષેત્ર શોધી રહ્યું છે. આજ સુધી શસ્ત્રાસ્ત્રની લડાઈમાં એ માનસ રોકાયેલું હતું; આજે હવે સમાજની અંદર અંદરના કલહો શમાવવામાં, લોકોની આર્થિક દશા સુધારવામાં, રાજ્યનાં વહીવટી કામોમાં વગેરે અનેક સ્થળોમાં એ યુદ્ધના માનસનો ઉપયોગ કરી લેવામાં આવે તો નવા યુગના નિર્માણમાં યુધિષ્ઠિરને ઘણી અનુકૂળતા મળી જાય. પણ મને ભય છે કે આ પ્રમાણે નહિ બને. દુનિયાનાં આજ સુધીની ઈતિહાસ-પુરાણો વાંચી જુઓ તો જણાશે કે જેઓએ દુશ્મનોને જેર કરી વિજય મેળવ્યો છે તેઓ પાછળથી અંદર અંદર લડે છે, અને કોઈ કોઈ વાર માથાં સુધ્ધાં ઉડાવી દે છે.'

'મહારાજ શ્રીકૃષ્ણ!' ભીષ્મ શાંતિથી બોલવા લાગ્યા, 'યુદ્ધ પૂરું થાય ત્યારે યુદ્ધનું માનસ ફગાવી દેવું અને વળી યુદ્ધ શરૂ થાય ત્યારે ધર્મબુદ્ધિથી યુદ્ધના માનસને ધારણ કરવું, એ તો આપના જેવા યુગપુરુષથી બને. સાધારણ લોકો તો ''ધર્મયુદ્ધ, ધર્મયુદ્ધ!'' એવી દાંડી પીટી એટલે નાચવા લાગ્યા અને દાંડી પિટાતી બંધ થઈ છતાં નાચવાનો વેગ ઓછો કરી ન શક્યા એવો ઈતિહાસનો અનુભવ છે. આને લીધે જ ઘણી વાર આવાં યુદ્ધોમાં લોહીની નદીઓ વહે છે તેના કરતાં મોટી નદીઓ તો યુદ્ધને અંતે વહેતી હોય છે. મહારાજ! આનો કાંઈ વિચાર કર્યો?'

'એ વિચાર તો મારે ક્યાં કરવાનો છે?' શ્રીકૃષ્ણ હસતા હસતા બોલ્યા.

'એમ તે હોય!' ભીષ્મે આંખો ચડાવતાં કહ્યું, 'આપને નહિ ત્યારે આ શય્યા પરથી શું મારે કરવાનો છે? આપને જ એ વિચાર કરવાનો છે. ધર્મરાજ્ય સ્થાપન કરવાનો મનોરથ અને ધર્મ યુધિષ્ઠિરનો છે; પણ જો એ ધર્મરાજ્ય સ્થાપન ન થાય તો તેનો બધો દોષ લોકો આપને માથે જ મૂકશે. હું આપના જીવનના રહસ્યને બરાબર જાણું છું. આપે જન્મથી માંડીને આજ સુધી અનેક જુલમીઓને મિટાવી દીધા છે. વધારે ઝીણી નજરે જોતાં તો એમ જ લાગે કે આપ જાણે એ માટે જ અવતર્યા હો. પણ આ જુલમીઓને હરાવીને તેની જગ્યા કોણ પૂરવાનું છે તે નક્કી થવાની જરૂર નથી? જુલમી હઠ્યા એ તો માત્ર અર્ધ કાર્ય થયું; બાકીનું અર્ધ ન થાય તો પહેલાં અર્ધનો શો અર્થ છે? દુર્યોધનના જુલમને બદલે બીજા કોઈનો જુલમ જ આવવાનો હોય તો દુર્યોધનનો જુલમ જ વધારે સારો હતો એમ નહિ? જુલમ પોતે નાબૂદ ન થાય ત્યાં સુધી જુલમીઓને ફેરબદલી થાય તેથી સમાજને કશો લાભ નથી. ઊલટું જૂના જુલમીથી લોકો ટેવાઈ ગયા હોય એટલે ઓછી અડચણ આવે.'

'પિતામહ! ' શ્રીકૃષ્ણ બોલ્યા, 'તમે તો મને બહુ ઊંડા પાણીમાં ખેંચી ગયા; પરંતુ આજે તો હું એટલું કહી શકું કે રાજમદથી છકી ગયેલા કૌરવો પડ્યા અને પાંડવો હસ્તિનાપુરના ધણી થયા. પાંડવો આ યુદ્ધમાં વિજય પામ્યા પહેલાં તેઓ જે તપશ્ચર્યામાંથી પસાર થયા છે તે પરથી હું કહી શકું છું કે તેમને રાજમદ નહિ ચડે. બાકી આજે તો મારા પોતાના જ કુળમાં યુદ્ધમાનસને હું જોઈ શકું છું. દ્વારકા છોડ્યાં મને તો વખત થયો, પણ યુદ્ધમાંથી પાછા ફરેલા સાત્યકિ, કૃતવર્મા વગેરે યુદ્ધનું માનસ પોતાના ખીસામાં સાથે લેતા ગયા છે. એ ઉપરાંત જે લોકોના અગ્રેસર બળરામ જેવા દારૂ પીતા હોય તે લોકોમાં આ યુદ્ધના માનસને ફાટી નીકળતાં શી વાર લાગે? આવાં હિંસાત્મક યુદ્ધોમાં આ દોષ અનિવાર્ય છે; અને પરમેશ્વર આપણને બીજા પ્રકારના યુદ્ધને માર્ગે ન મૂકે ત્યાં સુધી એ અનિવાર્યને પણ આવશ્યક તરીકે આપણે સ્વીકાર્યે જ છૂટકો છે.'

'મહારાજ શ્રીકૃષ્ણ!' ભીષ્મ બોલ્યા, 'સતી ગાંધારીનો શાપ આપે સહર્ષ સ્વીકાર્યો ત્યારે મને લાગ્યું કે આપે બધું જોઈ લીધું છે.'

'પિતામહ!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'એ મારા ધ્યાન બહાર નથી. જેમ આજે કુરુકુળનો વિનાશ આપણે સૌએ જોયો તેમ જ મારા યાદવકુળનો પણ સંહાર હું જોઈ રહ્યો છું. મારા જ સાત્યકિ, કૃતવર્મા વગેરે આ યુદ્ધમાંથી દ્વારકા ગયા છે તેઓ યુદ્ધનું માનસ લઈને ગયા છે. આવાં માનસ સળગી ઊઠવા માટે જે તૈયારી જોઈએ તે બધી આજે યાદવોમાં હયાત છે. યાદવોમાં અંદરઅંદર કુસંપ છે, યાદવ જુવાનો જગતમાં બ્રાહ્મણોનું અપમાન કરવામાં પોતાની જુવાનીને ધન્ય માને છે, યાદવોની અંદર દારૂના વ્યસને ઘર કર્યું છે; યાદવોએ પોતે પશ્ચિમના દરિયાકિનારા પર પરદેશી હુમલાઓને અટકાવવાનું મથક બાંધ્યું છે તેનું તેમને ભારે અભિમાન છે. આ બધી સામગ્રી તો તૈયાર જ છે; ફક્ત તેમાં સળગતી દીવાસળી પડે એટલી જ ભભૂકી ઊઠવાને વાર છે. અને પિતામહ! મને ભાસ થાય છે કે અમારો પણ વિનાશ જ છે.'

'મહારાજ શ્રીકૃષ્ણ!' ભીષ્મ ખિન્ન વદને બોલ્યા, 'જો ભાવિ એવું જ હોય તો પછી આ બધું શાને માટે? આપે જન્મથી માંડીને આજ સુધી અનેક જુલમીઓના મદ ઉતાર્યા; જરાસંધ અને શિશુપાળ જેવા મદાન્ધ રાજાઓનાં મસ્તક ધડ પરથી નીચે ઉતાર્યાં; ભીષ્મ અને દ્રોણ જેવા મહારથીઓ રણમાં રગદોળાયા, દુર્યોધન અને કર્ણ જેવા કુરુક્ષેત્રમાં સૂતા. આ બધું આપને લઈને. પૃથ્વીનો ભાર ઉતારવા આપે આ બધું કર્યું. છતાં, હજીયે જો આપને યાદવોનો વિનાશ જોવાનો જ હોય તો આ બધું શાને માટે?'

'ભીષ્મ!' શ્રીકૃષ્ણે શાંતિથી જણાવ્યું, 'તમે ભૂલો છો. જન્મીને મેં પોતે તો આવા મદમસ્ત લીકોના મદ ઉતારવામાં જ જીવન ગાળ્યું એ બરાબર છે. એનો મને જન્મથી જ છંદ લાગ્યો છે. દલિત લોકોને આવા જુલમીઓના ત્રાસથી છોડાવું છું ત્યારે મારા કોઠામાં દીવા પ્રગટે છે. હવે કાળની મરજી હોય અને મારા યાદવોને પણ આવો મદ ચડે, તો તેમનો મદ ઊતરે અને ઊતરવામાં તેમનો વિનાશ થાય, તોપણ હું શું કરી શકું? મને તો લાગે છે કે આપણા આર્યાવર્તની પ્રજાએ આવો મદ ઘણા વખત સુધી સાંખી લીધો. આજે હવે કાળ વિરાટ સ્વરૂપ લઈને ઊઠ્યો છે, અને તે કોઈ વ્યક્તિનો કે સમૂહનો આવો મદ ચાલવા દે તેમ નથી. મારા યાદવો જો આ વાત નહિ સમજે અને અંદર અંદર લડી મરશે તો હું શું કરવાનો હતો? યાદવોની અંદર અંદર આવો કલહ ઊભો થાય ત્યારે મારે તો કાળભગવાનનું સ્મરણ કરવાનું અને મારું જીવન સમેટીને ચાલતા થવાનું. ખુદ મારા જ યાદવો આ પ્રમાણે કરશે ત્યારે મારે જીવવાનું પ્રયોજન પણ નહિ રહે.'

'મહારાજ શ્રીકૃષ્ણ!' ભીષ્મ ધીમેથી બોલ્યા, 'હું તો અમસ્તો કહું છું.'

'તમે અમસ્તા કહેતા હો તોપણ હું તો બરાબર જ કહું છું.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'એ કાળનાં પગરણ હું જોઈ રહ્યો છું.'

'તો તો પછી મહારાજ!' ભીષ્મ બોલ્યા, 'આપે કૌરવોનો સંહાર કરાવ્યો અને ધર્મરાજાને ગાદી અપાવવાની આ બધી જહેમત ઉઠાવી, તે ફોગટ?'

'ફોગટ શા માટે?' શ્રીકૃષ્ણે કહ્યું, 'મેં જે જે કર્યું તે મારા માટે ફોગટ હોઈ જ ન શકે. ભારતવર્ષના દલિત લોકોની સેવા કરવાનો આ માર્ગ મેં લીધો તેથી મને સંતોષ છે. હજીયે જીવીશ ત્યાં સુધી તો મદોન્મત્તોના મદ ઉતારવાનો પ્રયત્ન કરવાનો જ છું. બાકી દુનિયામાંથી દમન અને મદ સાવ અદૃશ્ય થઈ જવાનાં છે એમ મેં ક્યાં માન્યું છે? આજે ક્ષત્રિયો મદોન્મત્ત થઈને લોકોને પીડા કરતા હતા તેમનો મદ ઉતારવાનું કામ મેં હાથ ધર્યું; કાલે સમાજનો બીજો કોઈ વર્ગ ફાટી જશે ત્યારે વળી કોઈ બીજો આદમી બહાર આવશે. હું મારું જીવન સારી રીતે જીવી લઉં એટલું મારા માટે બસ નથી? બાકી તો ઈશ્વરે ક્યારે દુનિયાને લીલી વાડી જેવી બનાવી દેવી અને ક્યારે ઊજડ અરણ્ય બનાવવી, ક્યારે ડુંગરાળ પ્રદેશ જેવી બનાવવી અને ક્યારે હિલોળા લેતા સાગર જેવી બનાવવી, એ વિચાર બિચારો માનવી શી રીતે કરી શકવાનો હતો?'

'મહારાજ!' ભિષ્મે હાથ જોડીને કહ્યું, 'મને કદાચ ગાંડો ગણશો તોયે વાંધો નથી; પરંતુ હું તો આપને ઈશ્વરના અવતાર જ માનું છું. ભારતવર્ષના ઋષિમુનિઓએ તો આપને ક્યારનાયે ઓળખી લીધા છે. આપે અને અર્જુને આ ભારતવર્ષના મદમસ્ત ક્ષત્રિયોને સાફ કરી નાખીને નવયુગને માટે જમીન તૈયાર કરી છે. હવે એ જમીનમાં શું ઊગે અને શું નહિ એ આપને જોવાનું નથી રહેતું? શ્રીકૃષ્ણ! જે યુગને આપે સાફ કરી નાખ્યો તેનો હું એક અદનો આદમી આપના ચરણમાં મસ્તક મૂકું છું. જીવનને ઓવારે બેઠેલો હું આજે આપને અંતિમ પ્રણામ કરું છું. આપ પધારો, અને આપનું અવતારકૃત્ય બાકી રહ્યું હોય તે પૂરું કરો: બાકી તો કાળ પોતાનું કામ કર્યે જ જવાનો છે. પ્રભો! આ ભીષ્મના આપને છેલ્લા પ્રણામ! '

'પિતામહ!' શ્રીકૃષ્ણ ઊભા થતાં બોલ્યા, 'મને બહુ મોટો કરી નાખ્યો. મેં તો સૂઝ્યું તે કર્યું. ઈશ્વરે એ કરવાની યોગ્યતા મારામાં વધારે મૂકી એટલો ઈશ્વરનો આભાર. નહિતર આ કૃષ્ણનો દેહ બીજા કયા કામમાં આવવાનો હતો? લોકસેવાની આ તક મને મળી એટલા માટે હું જરૂર મગરૂબ છું. પિતામહ! આપને આજે બહુ તસ્દી પડી. આપના દેહમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી કોઈ ને કોઈ આશાએ મારા જેવા આપને તસ્દી આપવાના જ છે.

આપની પાસેથી પુરાણયુગનાં જેટલાં કલ્યાણકારી તત્ત્વો મળી શકે તેમ છે, તેટલાં બીજા કોની પાસેથી મળે? એટલા જ માટે નવયુગના વિધાતા અર્જુને આપને બાણશય્યા પર સુવાડ્યા છે. ઉત્તરાયણના સૂર્ય ન ઊગે ત્યાં સુધી આપ બાણશય્યા પર પડ્યા રહો તો જ નવયુગનું કલ્યાણ છે. હવે હું રજા લઈશ.' એમ કહી શ્રીકૃષ્ણ રથમાં બેઠા.

'પ્રભો! ભીષ્મના અંતિમ પ્રણામ.'

ભીષ્મે બાણશય્યા પરથી સહેજ ઊંચા થઈને રથને જોયા કર્યો. રથ ધીમે ધીમે અદૃશ્ય થયો અને પૃથ્વી પર અંધકારની છાયા પ્રસરી.

પરીક્ષિતજન્મ

'ભાઈ વિદુર!' એક વિશાળ આસન પર બેઠેલા ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'આજે હવે તો મારા હાથ હેઠા પડ્યા છે એટલે તું જે કહે તે માનવા આ ધૃતરાષ્ટ્ર તૈયાર છે. પણ મારા હૈયાની વાત તારે સાંભળવી હોય તો કહું છું કે આ કૃષ્ણ જેવો કોઈ ઠગ નથી.'

'મોટાભાઈ! આપ ભૂલો છો.' વિદુર બોલ્યો.

'હું ધૃતરાષ્ટ્ર ભૂલું? દુર્યોધનનો પિતા ભૂલે? તમે લોકોએ કૃષ્ણને હજી ઓળખ્યો નથી. વિદુર! હું સાચું કહું છું. મારા પુત્રોને મરાવી નાખનાર અને તેથી રાજી થનાર જો કોઈ પણ એક વ્યક્તિ હોય તો તે કૃષ્ણ છે. તું વિચાર તો કર, કે નહિ તો સતી ગાંધારી શાપ આપે? જેણે જીવનભર અસત્યનું ઉચ્ચારણ કર્યું નથી એ ગાંધારી એને શાપ દે તે પરથી મેં સમજી લીધું છે કે એ મોટો ધુતારો છે. આજે એનો સિતારો ચડતો છે એટલે મારે કાંઈ બોલવું નથી.'

'મોટાભાઈ!' વિદુરે કહ્યું, 'શ્રીકૃષ્ણ જેવા પરમપુરુષને તમે અન્યાય કરો છો. એમનું નામ લેતા તો ભવોભવનાં પાપ જાય, એવું એમનું નિર્મળ જીવન!...'

'નિર્મળ જીવન!' ધૃતરાષ્ટ્ર વચ્ચે જ બોલી ઊઠ્યા, 'એવી નિર્મળતા એને જ મુબારક હો!'

'એમની ત્યાગવૃત્તિ,' વિદુરે ચલાવ્યું, 'એમની સત્યપ્રિયતા, એમની નીડરતા, આ બધું અસાધારણ છે. એટલે જ વ્યાસ ભગવાન જેવા જગતના બ્રાહ્મણો પણ તેમને યુગપુરુષ તરીકે માન આપે છે.'

'વિદુર!' ધૃતરાષ્ટ્રે હાથ લાંબો કરતાં કહ્યું, 'શું તારા જેવા ભગતડા યુગપુરુષ કહે એટલે એ યુગપુરુષ થઈ જાય? અમારી નજરોનજર અમે જેને અનેક પ્રપંચો કરતો જોઈએ, હજારો માણસોની વચ્ચે જેને અસત્ય અને અધર્મનું આચરણ કરતો જોઈએ, તેને યુગપુરુષ માનવો શી રીતે? એનાં કામ તો જો? મામાને મારનાર કોણ, તો કહે કૃષ્ણ; મથુરા છોડીને ભાગી જનાર કોણ, તો કૃષ્ણ; રુક્મિણીને ઉપાડીને ભાગી જનાર કોણ, તો કૃષ્ણ; ગોપલોકોનાં ઘર ભાંગનાર કોણ, કૃષ્ણ; યુધિષ્ઠિરની પાસે ખોટું બોલાવનાર કોણ, તો કૃષ્ણ; મારા પુત્રને અધર્મથી મરાવનાર કોણ, તો કૃષ્ણ. આ તારો કૃષ્ણ! આવો કૃષ્ણ જો યુગપુરુષ હોય તો પછી દુનિયામાં લુચ્ચા-લફંગાઓ કોને કહેવા એ જ પ્રશ્ન છે!'

'મોટાભાઈ!' વિદુરે નિસાસો નાખીને કહ્યું, 'તમારી આંખે શ્રીકૃષ્ણ એવા જ દેખાશે. તેમને જોવા માટે તમે અમુક ચશ્માં પહેરી લીધાં છે, એ ચશ્માં ન ઊતરે ત્યાં સુધી તમને એ એવા દેખાવાના.'

'એ તો હોય તેવા જ દેખાય ના?' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'હા, બુદ્ધિ બહુ સારી, એકને

આમ સમજાવે, બીજાને તેમ સમજાવે, કંઈક ગોટાળા ઊભા કરે, પણ પોતે ધાર્યું હોય તે પાર ઉતારે. માર્યો ત્યારે દુર્યોધન એની જાળમાં ન આવ્યો એટલે તેને મરાવ્યો ત્યારે જંપ્યો. તે ભારે દુષ્ટ! એક વાર કોઈ એની દાઢમાં આવ્યો કે પછી નીકળવું ભારે. અને જો આ બધું કોઈ માણસને યુગપુરુષ બનાવતું હોય તો એવા યુગપુરુષને સો ગાઉ છેટેથી નમસ્કાર છે! આવા લોકોએ જ દુનિયાને છેતરી છેતરીને પાયમાલ કરી નાખી; અને લોકો મૂર્ખા છે તે એવા ઢોંગીને જ પૂજે. વિદુર! હું તારું કાંઈ માનવાનો નથી.'

'એ આપની મરજી.' વિદુરે કહ્યું.

'હા, હું પણ માનતો કે કદાચ આ કૃષ્ણ કહે છે તે ધર્મ હશે. મને એની બીક પણ લાગતી. પણ લુચ્ચો મારી બીકનો લાભ લઈને મારા દુર્યોધનનેય ડરાવે અને કામ કાઢી જાય! તમે સૌએ કૃષ્ણના હાથમાં હથિયાર બનીને મારા કુળનું નિકંદન કાઢ્યું છે. એ બધાનો બદલો તમને ઈશ્વર આપ્યા વિના રહેવાનો નથી જ. મને અને આ ગાંધારીને આ દશામાં લાવી મૂકનાર કૃષ્ણ કેવોક સુખે મરે છે તે હું જોઈશ.'

'મોટાભાઈ! ' વિદુરે શાંતિથી કહ્યું, 'એ બધી જૂની વાતો આપણે જવા દઈએ. હજી આજની તાજી જ વાત લ્યો ને?'

'શી?' ધૃતરાષ્ટ્રે પૂછ્યું.

'ઉત્તરાના ગર્ભની.' વિદુર બોલ્યો, 'પાંડવો તો દિગ્વિજય માટે હિમાલય તરફ ગયા છે તે આપ જાણો છો. આજે ઉત્તરાને પ્રસવ થયો પણ મરેલો પુત્ર અવતર્યો.'

'એ તો મરેલો જ અવતરે ના?' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'અશ્વત્થામા તો બ્રાહ્મણપુત્ર! એણે ઉત્તરાના ગર્ભ પર બ્રહ્માસ્ત્ર છોડ્યું એટલે બીજું શું થાય? કહેજે ને તારા કૃષ્ણને કે આ પુત્રને જીવતો કરે? ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની સંતતિનો ઉચ્છેદ કર્યો તે હવે શું પાંડુ અને કુંતીની સંતતિ રહેવાની છે?'

'મોટાભાઈ!' વિદુર બોલ્યો, 'એ મરેલ પુત્રને શ્રીકૃષ્ણે જીવતો કર્યો.'

'હેં!' ધૃતરાષ્ટ્રથી બોલી જવાયું. 'એ જીવતો થાય નહિ. તને કોઈએ ખોટા સમાચાર આપ્યા હશે.'

'કોઈના સમાચાર નથી, મેં મારી પોતાની આંખે જોયેલી વાત છે.'

'શું સાચોસાચ જીવતો થયો? કદાચ બેએક ઘડી ખોટો શ્વાસ ચાલતો દેખાયો હશે.' ધૃતરાષ્ટ્રે શંકા કરી.

'મોટાભાઈ! એવું નથી. હું એને શ્વાસ લેતો અને રુદન કરતો જોઈને આવ્યો છું.' વિદુરે કહ્યું.

તો હશે કંઈક એ કૃષ્ણનું જ તરકટ! ' ધૃતરાષ્ટ્રે અભિપ્રાય આપ્યો.

'એ જ વાત છે.' વિદુરે કહ્યું, 'જેને આપ તરકટ કહો છો તેને જ હું એમની પરમેશ્વરી શક્તિ કહું છું.'

'ઠીક ઠીક, કહે જોઈએ, પછી શું થયું?' ધૃતરાષ્ટ્રે પૂછ્યું.

'પુત્ર મરેલો અવતર્યો એટલે સુભદ્રાએ ને દ્રૌપદીએ, કુંતીએ ને ઉત્તરાએ, સૌએ રડારોળ કરી મૂકી. આ બધું કલ્પાંત સાંભળીને શ્રીકૃષ્ણ ઓરડામાં ગયા ને મરેલા બાળકને પોતાના ખોળામાં સુવાડ્યો.'

'પછી?'

'પછી પાણીથી આચમન લઈ શ્રીકૃષ્ણ બોલ્યા...'

'શું બોલ્યા? ''બચ્ચા! જીવતો થઈ જા.'' એમ? ' ધૃતરાષ્ટ્રે ઉતાવળે કહ્યું.

'એ જે બોલ્યા છે, તે તો જગતના ઇતિહાસમાં સોનેરી અક્ષરે નોંધાશે. મહારાજ

ધૃતરાષ્ટ્ર! આપ ગમે તેમ માનવાને મુખત્યાર છો; પુત્રશોકથી આપ વિહ્વળ છો એટલે આવા યુગપુરુષને યથાર્થ ઓળખવા માગતા નથી; પણ તટસ્થ થઈને સાંભળો તો ખબર પડે.'

'પણ શું બોલ્યા એ તો કહે?' ધૃતરાષ્ટ્રે ધીરજ ખોઈને પૂછ્યું.

'પુત્રને ખોળામાં લઈને તેમણે કહ્યું: ''મેં આજ સુધીમાં મશ્કરીમાં સુધ્ધાં અસત્ય ભાષણ કર્યું નથી અને યુદ્ધમાંથી પાછો ફર્યો નથી; તે મારા પુણ્યથી આ બાળક જીવતો થાઓ. મારી સદૈવ ધર્મપ્રિયતા અને ધર્મના અધિષ્ઠાતા બ્રાહ્મણો પ્રત્યેના પૂજ્યભાવને લઈને અભિમન્યુનો પુત્ર જીવંત થાઓ. મેં વિજયમાં સુધ્ધાં બીજાનો વિરોધ કર્યો નથી તેને લઈને આ બાળકના પ્રાણ પાછા આવો. કંસ અને કેશીનો મેં ધર્મથી નાશ કર્યો હોય તો તે બાબતથી આ બાળક ફરીથી સચેતન થાઓ.'' શ્રીકૃષ્ણ આટલું પૂરું બોલી ન રહ્યા ત્યાં તો પુત્રના કલેવરમાં ચેતન આવ્યું અને તે રડવા લાગ્યો.'

'તો તો કૃષ્ણે ભારે જાદુ કર્યું કહેવાય!' ધૃતરાષ્ટ્રે ઉદ્‌ગાર કાઢ્યો.

'મોટાભાઈ! આને આપ જાદુ કહેશો? શ્રીકૃષ્ણે આ વચનોથી આખા જગતની અદાલતમાં પોતાની સાધુતા સિદ્ધ કરી છે, અને ઈશ્વરે પુત્રને જીવતો કરીને આ સાધુતા પર સજ્જડ છાપ મારી છે.' વિદુરે ચલાવ્યું, 'તેમણે મંતરજંતરથી પુત્રને જીવતો કરવાનો પ્રયત્ન કર્યો હોત તો હું વિચાર કરત ખરો. આમાં તો સત્યની, નિર્વૈરની, નીડરતાની અને ભૂતદયાની જીવનભર ઉપાસના કરનાર એક સમર્થ પ્રતિભાશાળી પુરુષની પ્રતિજ્ઞા છે; અને ઈશ્વરે એ પ્રતિજ્ઞાને સ્વીકારીને શ્રીકૃષ્ણને યુગપુરુષ તરીકે સ્વીકાર્યા છે.'

'વિદુર! સાચું કહું?' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'એ પુત્ર મરેલો અવતર્યો નહિ હોય પણ બ્રહ્મરંધ્રમાં તેના પ્રાણ રહી ગયા હશે, એટલે સૌને મરેલા જેવો લાગ્યો હશે. કૃષ્ણે તેને ખોળામાં સુવાડીને માથામાં કંઈક કર્યું હશે એટલે પુત્ર જીવતો થયો. એમાં આવી મોટી ડંફાશ ન કરી હોત તોપણ ચાલત. પણ ડંફાશ ન કરે તો તમારા જેવા તેના પગમાં આળોટે શી રીતે?'

'મોટાભાઈ!' વિદુર કંટાળીને બોલતો હોય એમ કહેવા લાગ્યો, 'હું આપનાથી હાર્યો! જે જે વાતોને હું શ્રીકૃષ્ણના જીવનના રહસ્ય જેવી ગણું છું તેને તમે એની ઠગાઈના ચિહ્નો તરીકે માનો છો.'

'અને છે પણ એમ જ.' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'તું જ્યારે ખાસ કરીને એની વાત કરવા આવ્યો ત્યારે મારી સમજણ મારે તને સ્પષ્ટ કહેવી જોઈએ. પણ આ વાત કોઈને કહીશ નહિ, હજી મારે યુધિષ્ઠિરની સાથે દિવસો વિતાડવાના છે. બાકી કૃષ્ણ જબ્બર, એમાં ના નહિ. એની રાતે કોઈનો જન્મ નથી!'

'મોટાભાઈ!' વિદુરે કહ્યું, 'હવે હું રજા લઉં.'

'જોજે હોં, માઠું ન લગાડતો.' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'એ જબ્બર માણસ છે એમ તો મનેય લાગે છે. ખરું બોલું તો એને સમજી જ શકતો નથી; એનું આખું જીવન એટલું અટપટું છે, પણ તારી વાત તો ગળે ઊતરતી જ નથી. યુગપુરુષ હોય તો આવા ધંધા હોય? ન મળે દયા, ન મળે સત્ય, ન મળે શાસ્ત્રો તરફ પૂજ્યભાવ, ન મળે કોઈની શરમ, ન મળે દિવ્ય શક્તિ. જ્યાં જુઓ ત્યાં કાળું કર્મ જ હોય! એવાને યુગપુરુષ કોણ કહે?'

'મોટાભાઈ! હું જાઉં છું. ' વિદુરે કહ્યું.

'ભલે, બાપુ! જા.' ધૃતરાષ્ટ્રે તેને વિદાય આપતાં જણાવ્યું, 'માઠું ન લગાડતો, હો! આ તો આપણા બેની ખાનગી વાત. હવે તો મારે એક તું જ વાત કરવાનો રહ્યો એટલે મનમાં લાગે તે કહું છું. તમને બધાને એણે ભોળવી લીધા છે એનું જ મને દુ:ખ છે.'

વિદુર મોટાભાઈની રજા લઈને ચાલતો થયો અને ધૃતરાષ્ટ્ર ફરીથી લાંબા થઈને પડ્યા.

યાદવાસ્થળી

મહારાજ યુધિષ્ઠિરનો અશ્વમેધ યજ્ઞ પૂરો થયો અને શ્રીકૃષ્ણ દ્વારકા પાછા ફર્યા. આજ સુધી જે રાજમદને ઉતારવા માટે શ્રીકૃષ્ણે પોતાનું જીવન ખર્ચ્યું હતું અને જે રાજમદને ભારતવર્ષમાંથી નાબૂદ કરવા માટે કુરુક્ષેત્રમાં મહાયુદ્ધ મંડાયું હતું, તે રાજમદ આજે ખુદ યાદવોની અંદર આવી ભરાયો. જુગાર અને દારૂ યાદવોમાં ફાટી નીકળ્યા. મહારાજ વસુદેવે દારૂનો નિષેધ કર્યો પણ એ નિષેધને યાદવો ઓળંગી ગયા. જુવાન યાદવો ધર્મ અને સમાજનાં અનેક બંધનોને તોડવા લાગ્યા; તપશ્ચર્યા કે સંયમ એ એમને મન વેદિયાનું ટાયલું બન્યું.

એક વાર કેટલાક યાદવકુમારો ગમ્મતે ચડ્યા. દ્વારકાને પાદર કોઈ એક તપસ્વી આવ્યા. કુમારો આ તપસ્વીની પાસે પહોંચ્યા અને તપસ્વીની અણછાજતી મશ્કરી કરવા લાગ્યા. તપસ્વીએ બધું સહી લીધું.

થોડી વાર પછી કુમારોએ શ્રીકૃષ્ણના પુત્ર સાંબને સ્ત્રીનો વેશ પહેરાવ્યો અને મોટું એવું પેટ બનાવીને તેને તપસ્વી પાસે લાવ્યા.

'મહારાજ!' એક જુવાન બોલ્યો, 'આ સ્ત્રી આપના આશીર્વાદ લેવા આવી છે.'

'મહારાજ!' બીજો જુવાન બોલ્યો, 'આ સગર્ભા સ્ત્રીને આશીર્વાદ આપો.'

ત્રીજાએ કહ્યું: 'તમે જો સાચા યોગી હો તો આ સ્ત્રીને શું અવતરશે તે કહો.'

સાંબ તો બરાબર વેશ સજીને ઊભો હતો. તપસ્વીએ સહેજ ઊંચું જોયું, સાંબને નખથી શિખા સુધી બરાબર નિહાળ્યો અને પછી નજરને ભોંય તરફ વાળી જમીન ખોતરવા લાગ્યા.

તરત એક જુવાન બોલ્યો: 'મહારાજ! કુંડળીમાં શું આવે છે?'

મહારાજ રહી ન શક્યા: 'કુંડળીમાં તમારું સૌનું મોત આવે છે!'

જુવાને ધૃષ્ટતાથી પૂછ્યું: 'મોત તો તમારું કે અમારું, એ પછી વાત; પણ આ સ્ત્રીને શું અવતરશે એ બોલો ને? કાંઈક જોતાં આવડે છે કે અમસ્તો જ કપડાંને ગેરુ ચોપડ્યો છે?'

તપસ્વી સહેજ ક્રોધથી બોલ્યા: 'સાચે જ જોશ જોવો છે?' તો સાંભળો: આ સ્ત્રીને જે અવતરશે તેનાથી તમારો સૌનો વિનાશ થશે. ગર્ભમાં પરિપાક તો ક્યારનોય થઈ ચૂક્યો છે. જાઓ, તમારા બધા વૃદ્ધોને જણાવજો કે તૈયાર રહે. '

ઋષિના શબ્દો સાંભળીને સાંબ તો હબકી જ ગયો. પેલા જુવાનો ખડખડ હસી પડ્યા અને કહેવા લાગ્યા: 'મહારાજ! આ સ્ત્રી નથી, આ તો સાંબ છે. આવા જ ગપ્પા હાંકો છો કે?'

તપસ્વીએ કશો જ જવાબ ન વાળ્યો; અને સાંબ વગેરે યાદવો ઘર તરફ વળ્યા.

* * *

એક વાર ગ્રહણ નિમિત્તે યાદવો સમુદ્રસ્નાન માટે પ્રભાસ ગયા. દ્વારકામાં તો રાજા વસુદેવે જાહેર રીતે દારૂની બંધી કરી હતી, પણ પ્રભાસમાં એ બંધી પર યાદવોએ પગ મૂક્યો.

'અલ્યા એ!' એક યાદવ બોલ્યો, 'દારૂ પીવાની બંધી કરી છે તે ભૂલી ગયો?'

'એ તો દ્વારકામાં બંધી; પ્રભાસમાં તો પિવાય.' બીજાએ જવાબ વાળ્યો.

'આવા ઉત્સવના દિવસે દારૂ ન પીવો તો પછી ક્યારે પીવો? ' ત્રીજો જણ બોલ્યો.

'સાચી વાત તો એ છે કે આવા સરસ પીણાની બંધી કરવાનો વસુદેવને અધિકાર નથી.' વળી એકે કહ્યું.

'ભાઈઓ' વચ્ચે એક જણ બોલ્યો, 'તમને આવી આડીઅવળી વાતો કેમ સૂઝે છે? ચડાવ્યે રાખો ને ભલા માણસ! આ ચર્ચાઓ તો નાના છોકરા કરે.'

'પણ ભાઈ! ' વળી એકે કહ્યું, 'આપણે આ શ્રીકૃષ્ણ અને બલરામના દેખતાં પીએ તે ઠીક નહિ. ચાલો દૂર જઈને પીએ.'

'હટ! તરત જ એક જણ બોલી ઊઠ્યો, 'એવો તેવો ઢોંગ અમને આવડતો નથી. પીવો પીવો ને વળી ચોરીથી પીવો? એવો ઢોંગ તમને સોંપ્યો. અંદર કાંઈક અને બહાર કાંઈક એવું બધું તમને આવડે; અમે તો સીધા લોકો.'

'પણ,' પેલાએ જવાબ વાળ્યો, 'બધું શોભતું થાય. ખાનગીમાં તો ચાલતા પીતાં હોઈશું, પણ આમ સૌના દેખતાં ગટગટાવતાં શરમ ન આવે? એમાં તે કયું પુણ્ય કામ કરીએ છીએ કે અંદર બીજા અને બહાર બીજા એવો ઢોંગ આવે છે? આટલીયે મર્યાદા છોડશો તો પછી હાથથી ગયા સમજજો. હજીયે માનો. '

'જા, જા!' પેલાએ જવાબ વાળ્યો, 'બંદા તો પીવાના, પીવાના, પીવાના! બળરામ શ્રીકૃષ્ણના દેખતાં પીવાના! તેમને ખબર પડશે તો મહારાજ વસુદેવને કહીને બંધી રદ કરાવશે. '

'પણ અલ્યા!' એક જણ ધીમેથી બોલ્યો, 'બળરામ પોતે જ શું કરે છે? આ થોડોક એમને જ ધરો એટલે પત્યું. બીજી લાંબી પંચાત જવા દો ને!'

'પછી થોડોક શ્રીકૃષ્ણને પણ.' બીજો બોલ્યો.

'એ કદી પીતા નથી.' એકે કહ્યું.

'પીતા નથી એ તો સૌ જાણે છે; પણ ધરવામાં શું ગયું? પીએ તો વા ભલા; ને ન પીએ તો આપણે ક્યાં નથી?' કોઈએ સમર્થન કર્યું.

* * *

સાત્યકિ અને કૃતવર્મા બન્ને યાદવો. કુરુક્ષેત્રના યુદ્ધપ્રસંગે સાત્યકિ પાંડવો તરફથી લડ્યો હતો અને કૃતવર્મા કૌરવો તરફથી લડ્યો હતો. અશ્વત્થામાએ કાળરાત્રિએ પાંચાલોને પથારીમાં ઠાર કર્યા ત્યારે કૃતવર્મા તેની સાથે સામેલ હતો.

પ્રભાસમાં યાદવવીરો કુરુક્ષેત્રનાં કડવાંમીઠાં સ્મરણો તાજાં કરતા હતા. સાંબ, ચારુદેષ્ણ, પ્રદ્યુમ્ન, વગેરે શ્રીકૃષ્ણના પુત્રો પણ હાજર હતા. સાત્યકિએ ઉપાડ્યું: 'કૃતવર્મા! બીજું બધું ઠીક, પણ તારા જેવા માણસે રાત્રે પાંચાલોની કતલમાં ભાગ લીધો એ મારાથી સહન નથી થતું.'

કૃતવર્મા તપી ઊઠ્યો: 'એમાં કયું આવડું મોટું પાપ કરી નાખ્યુ છે? કહીએ છીએ કે ભાઈ, થઈ ગયું તે થઈ ગયું!'

'તોપણ તારે તેનું પ્રાયશ્ચિત્ત તો લેવું જોઈએ.' સાત્યકિ બોલ્યો.

'પ્રાયશ્ચિત્ત તો તારે લેવું પડશે, ભૂરિશ્રવાને માર્યો એટલા માટે!' કૃતવર્મા બોલ્યો.

'કૃતવર્મા, કૃતવર્મા!' સાત્યકિ છંછેડાયો, 'તું તારી મર્યાદામાં રહેજે. તારા જેવું અઘોર કર્મ કોઈ યાદવે આજ લગી કર્યું નથી અને છતાં મને કહેવા આવે છે? તને મારી પ્રતિષ્ઠાની અદેખાઈ આવે છે?'

'અદેખાઈ આવવા જેવું છે શું?' કૃતવર્મા વળી બબડી ઊઠ્યો. 'તને અભિમાન આવી ગયું છે એટલે આવું ફાટ્યું ફાટ્યું બોલે છે. શ્રીકૃષ્ણે તને બહુ ચડાવ્યો લાગે છે.'

સાંબે શાંતિથી કહ્યું: 'બન્ને જરા હવે ધીરા પડો. વાતમાં કાંઈ માલ નથી ત્યાં તકરાર શા માટે કરો છો?'

'કૃતવર્મા!' સાત્યકિ વળી ઘૂરક્યો, 'મારું પરાક્રમ અને મારી પ્રતિષ્ઠા સહન ન થતાં હોય તો મેદાનમાં આવી જા ને!'

પ્રદ્યુમ્ને વચ્ચે પડીને કહ્યું: 'પણ તમે બન્ને જણા નાહક લડો છો.'

'આ સાત્યકિને લડવું છે એટલે આ કાંઈ ને કાંઈ બહાનું શોધ્યા કરે છે.' કૃતવર્મા બોલ્યો.

'બાપુ! મારે તો લડવું નથી.' સાત્યકિ બોલ્યો, 'પણ તું આખા યાદવકુળને કલંક લગાડી રહ્યો છે, માટે બોલું છું.'

ચારુદેષ્ણ હતો ત્યાંથી ઊઠીને સાત્યકિની પાસે આવ્યો અને બોલ્યો: 'હવે જવા દે ને આ વાત!'

'જવા કેમ દે? સાત્યકિને પોતાનું પરાક્રમ બતાવવું હોય તે!' કૃતવર્માએ મર્મ કર્યો, 'સાત્યકિ! આ કુરુક્ષેત્ર હોત તો તો અત્યારે જ દેખાડી દેત.'

સાત્યકિ એકદમ ઊભો થયો; તેનો હાથ તલવાર પર પડ્યો અને તે કૃતવર્માની સામે દોડ્યો. કૃતવર્મા તો સળગી જ રહ્યો હતો. જોતજોતામાં ચડભડાટ વધી પડ્યો અને સૂકા ઘાસના ઢગલામાં અંગારો પડે અને આગ ભભૂકી ઊઠે તેમ તમામ યાદવો ભભૂકી ઊઠ્યા. અંદરોઅંદર લડાઈ શરૂ થઈ ગઈ. યાદવો બધા એક યા બીજા પક્ષ તરફ સામેલ થયા. મારામારી અને કાપાકાપી ચાલી. શરૂઆતમાં યાદવો હાથમાં મુશળ લઈને લડવા લાગ્યા અને પાછળથી તો હાથમાં જે કાંઈ આવ્યું તે શસ્ત્ર બની ગયું. પ્રભાસને કાંઠે પડેલી પાનનો યાદવોએ શસ્ત્ર તરીકે છૂટથી ઉપયોગ કર્યો. યાદવોના આ કલહની શ્રીકૃષ્ણને ખબર પડી. કેટલાક યાદવો તો તેમને પણ મારવા દોડ્યા. તેમના પુત્રોએ તો રીતસર આ લડાઈમાં ભાગ જ લીધો અને મૃત્યુ પામ્યા.

આ મહાકાલને પરિણામે સર્વ યાદવો મૃત્યુ પામ્યા; માત્ર શ્રીકૃષ્ણ અને બળરામ બાકી રહ્યા. સાગરને કાંઠે ઊભા ઊભા શ્રીકૃષ્ણે આ યાદવાસ્થળી જોઈ લીધી — મહાસાગરમાં તરતા જહાજને કોઈ એકાએક ડૂબતું જોઈ રહે તેમ. પર્વતની ટોચ પર ઊભેલો આદમી નીચેના કોઈ જંગલમાં દાવાનળ લાગે અને જોઈ રહે તેમ. સાગરને કાંઠે સૂતેલા તમામ યાદવોનાં શબો ઉપર એક દૃષ્ટિ નાખી શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા અને પરબાર્યા વસુદેવના મહેલમાં ગયા. દેવકી માતા ત્યાં હાજર હતાં. બન્નેનાં ચરણોમાં શ્રીકૃષ્ણે પોતાનું માથું નમાવ્યું, બન્નેને મહાસંહારના સમાચાર કહ્યા અને જવાની રજા માગી.

યાદવોના સમાચાર સાંભળી વસુદેવને ભારે ખેદ થયો અને દેવકી માતા મૂઢ બની ગયાં.

'માતાજી!' શ્રીકૃષ્ણે કહ્યું, 'મને રજા આપો. હવે મારો સમય પણ આવી ચૂક્યો છે. બળરામને મારી રાહ જોવાનું કહીને આવ્યો છું.

દેવકીની આંખમાં આંસુ ચાલ્યાં. 'બેટા! અમને આમ જ છોડી જઈશ?'

'માતાજી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'જીવન જ એવું છે.'

'પણ કૃષ્ણ!' વસુદેવે જણાવ્યું, યાદવોને આ શું સૂઝ્યું? '

શ્રીકૃષ્ણે શાંતિથી જવાબ વાળ્યો: 'પિતાજી! એ કાળનું બળ છે; નહિતર સાત્યકિ અને કૃતવર્મા બન્ને જણ ડાહ્યા; બન્ને શક્તિવાળા; યાદવો જેમના માટે અભિમાન લે તેવા બન્ને. એ બન્ને જ લડી પડ્યા અને આખા કુળનો સંહાર થઈ ગયો.'

'અને તમે કે બળરામે તેમને વાર્યા પણ નહિ?' દેવકી બોલ્યાં.

'માતાજી!' શ્રીકૃષ્ણે કહ્યું, 'કાળ કોઈને તલવારથી મારતો નથી, પણ માણસની બુદ્ધિમાં ફેરફાર કરી નાખે છે. એવે વખતે તો સમજુ લોકોની સમજણ પણ સંતાઈ જાય છે. દુનિયામાં કયે વખતે કયાં બળો કામ કરી રહ્યાં હોય છે તે જાણવું બહુ કઠણ છે. પિતાજી! જીવનભર મદોન્મત્ત રાજામહારાજાઓનો વિનાશ કર્યો તોપણ એ મદ આજે યાદવોમાં દાખલ થયો એટલે હવે મારા હાથ હેઠા પડે છે. કૌરવોની લીલીછમ વાડી કુરુક્ષેત્રમાં છિન્નભિન્ન થઈ ગઈ, તેમ આજે આપની યાદવોની લીલી વાડી પણ વેરાન થઈ તેને જોઈને જ હું આવું છું. પિતાજી! હવે તો સમજણપૂર્વક પ્રભુને ખોળે માથું મૂકવું અને તેની જ ઈચ્છાને આધીન થઈ રહેવું એ જ એક માર્ગ છે. યાદવોના આ ઉજ્જડ વેરાનનો હું સાક્ષી થયો તેમાં પણ કોઈ ઈશ્વરી સંકેત હશે એમ મને દેખાય છે. આપ મને રજા આપો.'

'પણ,' દેવકી બોલ્યાં, 'આ બધી સ્ત્રીઓ અને આ બધાં છોકરાનું શું?'

'માતાજી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'હું દારુકને અર્જુન પાસે હસ્તિનાપુર મોકલું છું. અર્જુન આવીને આ સ્ત્રીઓ તથા બાળકોને લઈ જશે.'

'અને આ દ્વારકા?' વસુદેવે પૂછ્યું.

'દ્વારકા પર તો કાળ ફરી જ વળ્યો સમજો.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'દ્વારકા જેવાં તો કેટલાંયે પાટનગરો સાગરના ખોળામાં સમાઈ ગયાં છે. જગતના કોઈ ગૂઢ સંકેતને અનુસરીને કાળ મહાસાગરનાં મોજાં કોઈ કોઈ વાર આખા માનવસાગરને ગળી જાય છે. થોડાં વર્ષ પર એ મોજાં કુરુક્ષેત્રના મેદાન પર ફરી વળ્યાં હતાં, અને આજે એ મોજાં દ્વારકા પર ફરી વળ્યાં સમજો. પિતાજી! પિતાજી! કૃષ્ણના આપને અંતિમ પ્રણામ. હવે મારાથી વિલંબ ન કરાય.'

એટલું બોલી ફરીથી એક વાર માતાપિતાનાં ચરણોમાં માથું મૂક્યું, અને બંનેને રડતાં છોડી શ્રીકૃષ્ણ ચાલી નીકળ્યા. દ્વારકાથી થોડે દૂર એક ઝાડ નીચે પગ અઢેલીને ઊભા રહ્યા, અને જરા નામના કોઈ પારધીએ તેમને બાણ માર્યું એટલે મૃત્યુ પામ્યા.

હજી આજે પણ શ્રીકૃષ્ણની સમાધિવાળું આ વૃક્ષ 'મોક્ષ-પીપળા'ને નામે ઓળખાય છે.

* * *

શ્રીકૃષ્ણનો જન્મ કંસના કારાવાસમાં થયો; બાલ્યાવસ્થામાં પોતાની નિર્દોષ રમતોથી અને મધુર વાંસળીથી તેમણે ગોપીઓને ગાંડી કરી મૂકી. ભરજુવાનીમાં પૃથ્વીને પીડી રહેલા કંસ અને કેશી જેવા કેટલાયને મારી નાખ્યા; મથુરા છોડ્યું ત્યાર પછી દ્વારકા અને ખાંડવપ્રસ્થ જેવાં કેટલાંયે સ્થળોએ તેમણે નવી વસાહતો જમાવી; રુક્મી, જરાસંધ અને શિશુપાળ જેવા કેટલાય જુલમીઓના જુલમમાંથી રાજાપ્રજાને તેમણે છોડાવ્યા; સહેજ મોટી ઉંમરે ઘોર અંગિરસ નામના ગુરુ પાસે રહીને શ્રીકૃષ્ણે યોગ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો, જતે દિવસે અર્જુનના રથની લગામ હાથમાં લઈ પાંડવોને સંકટની પાર ઉતાર્યા; છેલ્લે સુદામા જેવા બાલમિત્રની દરિદ્રતાને પણ ફેડી; અને અંતે કોઈ ન સમજી શકે તેવા સંકેતને અનુસરીને, કુશળ બાજીગર પોતાની બાજી સંકેલી લે તેમ પ્રસારેલી બાજીને સંકેલીને આ દુનિયા છોડી ચાલતા થયા.

આજે પાંચ હજાર વર્ષોને વીંધીને પણ શ્રીકૃષ્ણનું જીવન આપણને પ્રેરણા આપે છે, અને આપણી સન્મુખ ઈશ્વરાવતારની કલ્પનાઓ ખડી કરે છે.

ભીષ્મ

ગંગાપુત્ર

'દેવી! સબૂર.'

ગંગામૈયાનાં ઘેરાં નીર મંદમંદ વહ્યાં જતાં હતાં. ચારે તરફ અંધકાર જામી ગયો હતો. કાંઠા પર વૃક્ષો મંદમંદ ડોલતાં હતાં; દૂરથી અવારનવાર નિશાચરોનો અવાજ ચાલ્યો આવતો હતો. પ્રવાહની મર્યાદા બહાર રેતીનો પટ લાંબો પથરાઈને પડ્યો હતો.

કાંઠા પરના પાટનગરની સડસડાટ કરતી એક સ્ત્રી ચાલી આવી. તેનું શરીર ગૌર હતું; તેના વાળ છૂટા થઈને છાતી પર પથરાયા હતા; તેના પગમાં ઉતાવળ હતી; તેના હાથમાં તરતનું જન્મેલું એક બાળક હતું.

સ્ત્રી કાંઠે પહોંચી, બાળકને એક રૂમાલમાં વીંટી નીચે મૂક્યું, પોતાના વાળ ઠીક કર્યા, વસ્ત્રનો કછોટો માર્યો અને બાળકને ઊંચકવા જાય છે ત્યાં પાછળથી કોઈનો અવાજ આવ્યો: 'દેવી! સબૂર.'

વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ તે સ્ત્રી ચોંકી ગઈ અને તરત જ પાછળ જોઈનો બોલી: 'મહારાજ શાન્તનુ! આપ અહીં ક્યાંથી?'

'દેવી! આ બાળકને તમે નહિ મારો શકો.' શાન્તનુએ હસ્તિનાપુરના માલેકના અવાજથી કહ્યું.

'મહારાજ!' દેવી ગંગાએ જવાબ વાળ્યો, 'આ રહ્યો આપનો પુત્ર. આપણું સહજીવન આ ક્ષણથી પૂરું થાય છે. કેમ બોલતા નથી?'

મહારાજ શાન્તનુ બોલ્યા: 'ગંગા, ગંગા! આ બાળક તો આપણું આઠમું સંતાન. આપણા સાત સાત પુત્રોને તમે જલસમાધિ કરાવી એ હું મૂંગે મોઢે સહી રહ્યો છું. દેવી! હસ્તિનાપુરના મહેલમાં મહાલવાને સરજાયેલા પુત્રોને જતા કરતાં મને શું થયું હશે તેનો વિચાર આવે છે? આજે આ આઠમા પુત્રને પણ નદીમાં પધરાવવા તમે નીકળ્યાં ત્યારે મારી ધીરજ ન રહી. અને જીવનના સારરૂપ પોતાના ફરજંદને માટે પિતાને આટલું સરખું લાગે તો શું એ અપરાધ છે?'

ગંગાએ શાંતિથી જવાબ વાળ્યો: 'મહારાજ! એ દૃષ્ટિથી બોલું તો તો આજ સુધી તો આપ કશુંયે ન બોલ્યા એ જ અપરાધ છે. આજે તો આપનો ધર્મ બજાવ્યો છે.'

'તો પછી આપણું સહજીવન આજથી બંધ થાય છે એમ કહી તમે મને નાહક શા માટે દુ:ખી કરો છો?' શાન્તનુએ પૂછ્યું.

ગંગાદેવી બોલ્યાં: 'મહારાજ! મારો ભાવ આપ સમજ્યા નહિ. આપણે પરણ્યાં તે પહેલાં જ આપણે સંકેત કર્યો હતો કે હું જે જે કાંઈ કરું તેમાં આપે આડા આવવું નહિ, તેમ જ મને તે વિષે કશું પૂછવું પણ નહિ. બોલો સાચી વાત?'

મહારાજ શાન્તનુ બોલ્યા: 'હા, આપણો સંકેત એવો હતો; પણ તમારાં જેવી ધર્મપત્ની પુત્રોને જ મારી નાખશે ને મારી જીભે તાળાં મારવાં પડશે, એવો તો મને સ્વપ્નેય ખ્યાલ નહિ. એવો ખ્યાલ હોત તો સંકેત કરતાં પહેલાં જ વિચાર કરત.'

ગંગાદેવી બોલ્યાં: 'મહારાજ! એ બધું તો આજે બોલાય. તે દિવસે આપનું મન મારા પરના મોહમાં હતું એટલે સંકેતનાં પરિણામો આપના મગજમાં ડોકિયું પણ કરી ન શકે. કામી પુરુષ શાંતિથી પૂર્વાપરનો વિચાર કરી શકતા હોત તો માનવસમાજ ક્યારનો ફરી ગયો હોત. પણ મહારાજ! આપણે સંકેત કર્યો એટલે આજે હવે તે પાળવો જોઈએ. હવે પહેલાંથી વિચાર કરીને સંકેત કરજો. '

શાન્તનુથી ન રહેવાયું: 'આજ સુધી ન બોલ્યો અને આજે એક વાર બોલ્યો ત્યાં સહજીવન બંધ? બસ, ખલાસ? તમારા તરફનો મારો સ્નેહ આંધળો છે તેથી બીક તો નથી બતાવતાં ને?'

ગંગાએ કહ્યું: 'જરૂર નહિ, મહારાજ! હું ગમે તેવી કઠણ પણ સ્ત્રી છું. અમારી છાતીમાં કેવું કોમળ હૈયું ધબકે છે તેની કઠણ કાળજાવાળા પુરુષોને ખબર પડીયે નથી અને પડવાનીયે નથી. મહારાજ! તમે તો આઠમા પુત્ર માટે ધીરજ છોડી, પણ આ હાથે સાત સાત પુત્રોને જળમાં સુવાડતાં મને — તેમની જનેતાને શું થયું હશે તેનો ખ્યાલ કરો છો? શાન્તનુ મહારાજ! હું દેવપુત્રી છું; અમ દેવલોકમાં બાળકો કેવાં મોંઘામૂલાં છે તેની તમને ખબર નથી. તમારે આર્યોને આ બાળકોનું માહાત્મ્ય હજી તો શીખવાનું છે. પણ મહારાજ! મારા વચન પર વિશ્વાસ રાખો. કોઈ ગૂઢ ઈશ્વરી સંકેતને અનુસરીને મેં આપણા સાત પુત્રોને જળસમાધિ કરાવી છે; એ જ ગૂઢ સંકેતને અનુસરીને હું આપને વરી હતી; અને એ જ ગૂઢ સંકેતને અનુસરીને આજે હવે હું આપનાથી છૂટી પડું છું.'

'દેવી, દેવી!' શાન્તનુ ગળગળા થઈ ગયા, 'તમે આ શું બોલો છો? તમારા વિના શાન્તનુ શી રીતે જીવી શકશે? તમે કહો તો હું મારું બોલ્યું પાછું ખેંચી લઉં અને આ પુત્રનું પણ તમારે જે કરવું હોય તે ખુશીથી કરો; પણ દેવી! મને આમ ન છોડો.'

ગંગાએ ગંભીર અવાજે જવાબ આપ્યો: 'મહારાજ! આપ શા માટે મૂંઝાઓ છો? હું તો ગંગા. પેલાં સામે બરફનાં શિખરો દેખાય છે ત્યાં મારો જન્મ. મહારાજ! માનવીનું આ ઠેકાણે નામનિશાન ન હતું તે કાળથી હું આ પ્રદેશમાં વિચરું છું. આજે જ્યાં તમે ઊભા છો અને જ્યાં તમારું હસ્તિનાપુર ઊભું છે, ત્યાં એક દિવસ સાગર ઘૂઘવતો હતો. એક દિવસ પરમેશ્વરનો હુકમ છૂટ્યો અને સાગર ત્યાંથી હઠ્યો એટલે ત્યાં મોટો ખાડો થયો. પિતાના ખોળામાંથી સરતી સરતી હું આ મોટા ખાડામાં પડી, તે વર્ષો સુધી નીકળી ન શકી. અધધધ, કેવો મોટો ખાડો! બાપને ઘેરથી લાવી લાવીને મેં વર્ષો સુધી માટી પૂરી ત્યારે હું ખાડામાંથી બહાર નીકળવા પામી. આ તો યુગયુગાંતરની વાત. ત્યાર પછી તો આ પ્રદેશમાં માનવી આવ્યાં; કેટલાંયે આવ્યાં અને કેટલાંયે ગયાં. તેની આવજાના લેખો મારા પેટમાં સંઘર્યા છે તે કોઈ ઉકેલનાર જન્મશે તો વાંચશે. મહારાજ! આંખો કેમ બંધ કરી દીધી?'

'દેવી! તમે બોલો છો તે સમજવાને માટે હું આંખો મીંચી ઊંડો ઊતરું છું. તમે ચલાવો. મેં તો તમને મારા જેવા હાડચામની પૂતળી જ માન્યાં હતા.' શાન્તનુ બોલ્યાં.

'એમાં તમારો શો દોષ?' ગંગાએ કહ્યું, 'હાડચામની પૂતળી તો ખરી જ ના; નહિતર તમારી ચામડાની આંખોને શા માટે ખેંચાવું પડે? પણ મહારાજ! એ વાત જવા દો.'

'તમે કહેતાં હતાં તે ચલાવો.' શાન્તનુ બોલ્યા.

ગંગાએ ચલાવ્યું: 'મહારાજ! અમે બધી બહેનો એ જ ધોળાં શિખરો પરથી ઊતરીએ છીએ. આ આખાયે પ્રદેશ પર તમે સિદ્ધો, ઋષિઓ, જ્ઞાનીઓ અને પંડિતો વગેરેને જુઓ

છો તે અમારાં પાણીનો પ્રતાપ છે. આખા આર્યાવર્તની હું માતા જેવી છું, છતાંયે નિત્ય કુમારી છું. કરોડો માનવીઓ મારા આરે જીવ્યાં છે અને મૂઆં છે; હજારો રાજા-મહારાજાઓના રથો આ પ્રદેશમાં ફર્યા છે અને ચૂરેચૂરા થયા છે; લાખો સૈનિકો આ પ્રદેશ ઉપર ઘૂમ્યા છે અને ધૂળ ચાટતા થયા છે. પણ આ બધાયને કાળ ખાઈ ગયો છે. માત્ર હું નિત્ય કુમારી ટકી છું અને ટકવાની છું. મારા ઉદરમાં મેં કેટલીયે સંસ્કૃતિઓને પચાવી છે. અને આ બધાનું ઓજસ્ તમને આર્યોને આપી દેવું એવો મને ઈશ્વરી આદેશ છે. મહારાજ! આપનો આ પુત્ર મારું ઓજસ્ આ પ્રદેશમાં ફેલાવશે. લ્યો આ પુત્રને. બેટા! જા, ચિરંજીવ!' ગંગાએ બાળકને લઈને હાથ લાંબો કર્યો.

'દેવી!' શાન્તનુ બોલ્યા, 'મેં તમારો આ મહિમા પિછાન્યો નહિ અને માત્ર વાસનાદૃષ્ટિથી જ તમને જોયાં તે ખાતર મને માફ કરો દેવી! તમે આખા આર્યાવર્તનાં માતા છો તો આ પુત્રને તમે જ ઉછેરીને મોટો કરો. તમારા અમૃતપાનથી સંસ્કાર પામેલો આ મારો પુત્ર દેશને ઉજાળશે.'

'ભલે, એમ કરું; મહારાજ!' ગંગા બોલ્યાં, 'આપણે આનું નામ દેવવ્રત રાખીએ. અને ઉછેરીને હું આપને સોંપીશ; હવે આપ સિધાવો.'

'પણ ગંગા!' શાન્તનુ બોલ્યા, 'તમારા વિના સૂના મહેલમાં હું શી રીતે પગ મૂકીશ? મારી એક ભૂલને તમે જતી ન કરો?'

ગંગા બોલ્યાં: 'મહારાજ શાન્તનુ! એમાં ભૂલનો સવાલ જ નથી. આપણો ઋણાનુબંધ પૂરો થયો. આપણે આટલો વખત ગૃહસ્થાશ્રમ ભોગવ્યો તોય જો કામવાસના એની એ જ રહી હોય તો હવે તેને જીતવા માટે બીજો માર્ગ શોધવાનો રહે છે. મહારાજ! ખિન્ન ન થાઓ; પ્રસન્ન થઈને સિધાવો. '

શાન્તનુ બોલ્યાં: 'તો જેવા મારાં નસીબ, દેવી! શાન્તનુના તમને આ છેલ્લા નમસ્કાર. દેવી! આપણા આટલા લાંબા સહવાસને અંતે તમે કંઈક હુકમ કરો, એટલે તમને ઓળખી ન શક્યો તેનું પ્રાયશ્ચિત્ત થઈ જાય. '

ગંગા બોલ્યાં: 'મહારાજ! હું તો આપની દાસી. આપના પગની રજ માથે ચડાવું તો હું જીવતર જીતી જાઉં. પણ એક વાત કહેવાનું મન થઈ જાય છે.'

'કહો, જરૂર કહો.' શાન્તનુ બોલ્યા.

ગંગાએ ચલાવ્યું, 'મહારાજ! માણસ પરણે ત્યારે તે ગમે તેવી આડીઅવળી વાતો કરતા હોય પણ એ પરણે છે મોટે ભાગે વાસનાતૃપ્તિ માટે. આપણે પણ એમ જ પરણેલાં. આ લગ્નમાંથી એકાદ જણ અદૃશ્ય થાય ત્યારે પાછળ રહ્યું હોય તે રખડી પડે છે, અને તેની વાસના શમી ન હોય એટલે તેને આમતેમ ફાંફાં મારવાં પડે છે. મહારાજ! તમારી પણ આવી દશા ન થાય એટલું હું ઈશ્વર પાસે માગું છું.'

શાન્તનુ બોલી ઊઠ્યા; 'અરે દૈવ!'

'અરે બરે કશું નહિ. આ ક્ષણે તમારો મનોભાવ કેવો છે તે હું સમજું છું. પણ કાળ આવા બધા મનોભાવોને ખાઈ જાય છે એ પણ હું બરાબર જાણું છું. મહારાજ! જતે દિવસે તમારા મનમાં આવી વાસના જન્મે ત્યારે જાગતા રહેજો; અને મારા પ્રતીક તરીકે આ પુત્ર તો તમારી પાસે જ છે મહારાજ! આટલાં વર્ષ આપની પાસે રહી અને આટલું ન માગું તો મારા અંતરને જંપ ન વળે માટે માગી લઉં છું.'

શાન્તનુ બોલ્યા: 'એમાં તમે માગ્યું શું? એ તો જે મારે કરવું જ છે તે તમે આગળથી કહી બતાવ્યું એટલું જ. શાન્તનુ હવે જીવનભર બીજે નજર નાખવાનો નથી.'

'મહારાજ! હવે હું રજા લઉં છું.'

ગંગા એટલું બોલ્યાં ત્યાં તો પ્રવાહની વચ્ચે એક પર્વત જેવડું મોજું ઊંચું થયું અને આવીને ગંગાને તથા દેવવ્રતને લઈને પાછું સરી ગયું.

શાન્તનુ મહારાજ કાંઠે ઊભા ઊભા જોઈ રહ્યા.

પિતાની ચિકિત્સા

'કેમ મંત્રીજી! આવી પહોંચ્યા કે!' મહેલના એક ઓરડામાં પેસતાં કુમાર દેવવ્રતે પૂછ્યું.

'જી, હા!' મંત્રીએ આસન પરથી ઊભા થતાં થતાં જવાબ વાળ્યો, 'આપે માણસ ન મોકલ્યો હોત તોયે આજે તો હું આવવાનો હતો.'

બન્ને જણા આસન પર બેઠા એટલે દેવવ્રતે ચલાવ્યું: 'પિતાજીની માંદગી વિષે આપણે વાત તો થઈ ચૂકી છે. ત્યાર પછી તમે એ બાબત શું કર્યું તેની મને ખબર નથી. પણ મારી ચિંતા દિનપ્રતિદિન વધતી જાય છે.

'કુમાર!' મંત્રી બોલ્યા, 'આપની સાથે વાત થયા પછી મેં એ સંબંધમાં પૂરતો પ્રયત્ન કરી લીધો છે.'

'પણ એ પ્રયાસનું કોઈ પરિણામ પિતાના મોં પર આજ સવાર સુધી મને દેખાયું નથી.' કુમારે જણાવ્યું, 'તેમનું શરીર દિવસે દિવસે ક્ષીણ થતું જાય છે; મોં પરથી લોહી ઊતરતું જાય છે; આંખો વધારે ઊંડી જતી જાય છે. હું તેમને જ્યારે જ્યારે મળું છું ત્યારે કેમ જાણે મારી સામું ન જોતાં જમીન પર જ આંખોને ઠેરવે છે; અને હું પૂછું ત્યારે મહા મહેનતે આંખો ઊંચી કરીને મારા સામું મૂઢની માફક માત્ર નિહાળી રહે છે. મેં તમને ઘણા વખતથી કહ્યું છે કે આપણા કહેવાતા રાજવૈદોની અક્કલ આ રોગમાં કામ લાગવાની નથી. આ રોગનાં મૂળ ઘણાં ઊંડાં હોવાં જોઈએ. મહારાજના અંતરનાં ઊંડાણમાં ઊતરીને તાગ લાવે એવો કોઈ વૈદ શું હસ્તિનાપુરમાં નથી?'

'કુમાર! આપ કહો છો તે રસ્તે જ મેં પ્રયત્ન કરી જોયો છે.' મંત્રીએ જવાબ આપ્યો.

'તો પછી કહો કે રોગનો પત્તો લાગ્યો છે. રોગ કળાય પછી ઉપાય અઘરો નથી.'

મંત્રી ગંભીર સ્વરે બોલ્યા: 'કુમાર! પત્તો લાગ્યો છે તો ખરો, પણ હું જણાવીશ ત્યારે ઘડીભર તો આપ માથું ધુણાવવાના અને માનવાના નહિ.'

'મંત્રીજી, વૈદે શાસ્ત્રીય દૃષ્ટિથી પાકી તપાસ કરીને જે વાત નક્કી કરી હોય તેમાં મારાથીયે ના શી રીતે પડાય?' દેવવ્રતે કહ્યું.

મંત્રી બોલ્યા: 'કુમાર! સમાજના રૂઢ સંબંધો એવા ઘડાઈ જાય છે કે અમુક સંબંધી વિષે અમુક પ્રકારનો તો વિચાર કરવાની જ આપણું મન ના પાડે છે. વૈદ પોતે મને એમ કહેતા હતા. કુમાર ' ત્યારે સાંભળો; મહારાજનું મન એક મચ્છીમારની પુત્રીમાં લાગ્યું છે. '

કુમારે માથું ધુણાવ્યું. 'મહારાજ શાન્તનુ વિષે આ ન સંભવે.'

મંત્રી તરત બોલ્યા: 'જુઓ કુમાર! હું નહોતો કહેતો! પણ ગંગાપુત્ર! માનવીના હૃદયમાં કયા કયા વિકારો સૂતા છે અને તેમાંથી કયા કયા ક્યારે ક્યારે જાગીને તેના પર સવાર થશે એ કોણ જાણી શકે!'

કુમારે શાંત થઈને પૂછ્યું: 'તો પછી વૈદે આ કેવી રીતે જાણ્યું?'

મંત્રીએ ચલાવ્યું: 'સાંભળો. વૈદે સતત દસ દિવસ સુધી મહારાજનાં સ્વપ્નોનાં વચનો, ચેષ્ટાઓ વગેરે નિહાળ્યા; દિવસના વખતમાં મહારાજની સાથે અલકમલકની અનેક વાતો

કરી જોઈ; મહારાજના અંગસેવકો સાથે કેટલાયે સવાલજવાબો કરી લીધા. અને આ બધી નોંધો પરથી તારવી કાઢેલો પોતાનો નિર્ણય મને જણાવ્યો.'

'તો પછી મહારાજ પોતે કેમ આપણને કહેતા નથી?' કુમારે પૂછ્યું.

'શી રીતે કહે!' મંત્રી બોલ્યા, 'લોકલાજ એ વસ્તુ જ એવી છે કે માનવીના હૃદયના સ્વાભાવિક વહનને રોકી રાખે. બાકી, કુમાર! વૈદના કહેવા પછી મેં ખાનગી તપાસ કરાવી છે તો બાતમી મળી છે કે મહારાજે એ કન્યા માટે માગું સુધ્ધાં કરેલું!'

'એમ? પછી શું થયું?' કુમારે પ્રશ્ન કર્યો.

'પણ કન્યાના બાપે વાંધો ઉઠાવ્યો.'

'પોતાની દીકરી રાણી થાય તેમાં મચ્છીમાર વાંધો ઉઠાવે?' કુમારને આશ્ચર્ય થયું.

'ઉઠાવે.' મંત્રી બોલ્યા, 'કુમાર, એ તો જેવી જેની ગરજ! મચ્છીમારે મહારાજને ચોખ્ખું સંભળાવી દીધું કે મારી દીકરીનો જે પુત્ર થાય તે હસ્તિનાપુરની ગાદીએ બેસે એવી બાંહેધરી આપો તો જ હું મારી કન્યા આપું.'

દેવવ્રત બોલ્યા: 'પાણીની જીવાત પર નભનારા લોકોમાંયે આવી ખુમારી આવે છે? ઠીક, પછી મહારાજે શું કહ્યું?'

મંત્રી બોલ્યા: 'મહારાજ શું કહે! મહારાજે તો માથું ખંજવાળ્યું. આપ રહ્યા દેવીકુમાર: આપને એની ક્યાંથી ખબર હોય! પણ ગંગાદેવી હતાં ત્યારે તો આ મહારાજા બીજા કોઈને દેખાતા નહિ. એ વખતે તો દેવીની ફૂંકે ફાટતા. મહારાજના ભાર છે કે ગમે ત્યાં નજર નાખી શકે! આ તો ગંગાદેવી અલોપ થઈ ગયાં એટલે મહારાજ પર કોઈનો અંકુશ નથી; ગાદીના વારસ તો આપ છો એટલે મહારાજ મચ્છીમારને વચન પણ શી રીતે આપે? અને છતાં એ કન્યાનો મોહ છૂટતો નથી એટલે પીડાય છે. આખા હસ્તિનાપુરમાં આ ને આ જ વાત થાય છે; અને મહારાજને ઘરડે ઘડપણ આ શું સૂઝ્યું એમ લોકો છડેચોક બોલે છે.'

કુમાર દેવવ્રતે ઊંડા વિચારમાંથી જાગીને જવાબ આપતા હોય તેમ કહ્યું: 'મંત્રીજી! એક બાજુ ગાદીનો વારસ હું અને બીજી બાજુ મહારાજનું ચિત્ત ચોરનારી કન્યા, બેની વચ્ચે મહારાજ આજે ખેંચાય છે. અને આ ખેંચતાણ જ એમના રોગનું કારણ છે. મહારાજનો આ રોગ ધર્મ્ય તો નથી જ; પણ કામદેવ સમાજનાં આવાં ધર્માધર્મનાં બંધનો ક્યાં સ્વીકારે છે? મંત્રીજી! મહારાજને આ રોગમાંથી મુક્ત કરવાનો ઉપાય તમે કાંઈ વિચાર્યો છે?'

'હા, મેં વિચારી લીધો છે. મહારાજને આજે સાચું કોઈ કહેનાર નથી; નહિતર તેમને કહેવું જોઈએ કે એ કન્યામાંથી રાગ છોડી દો.'

'તો મહારાજ સાજા થઈ જશે?' કુમારે પ્રશ્ન કર્યો. 'લોકો કામના ફાંસલામાંથી એમ એકદમ છૂટી શકે છે એવો તમારો અનુભવ છે?'

'તો પછી શું થાય! ન માને તો રિબાયા કરે!' મંત્રીએ કહી નાખ્યું.

'સાચું; એમણે તો આ ખેંચતાણમાં રિબાવું જ રહ્યું. ન મોહને છોડી શકે, ન મને કાંઈ કહી શકે. પણ મંત્રીજી! મને લાગે છે કે આ દર્દમાંથી મહારાજને હું મુક્ત કરી શકું; અને મારે કરવા જોઈએ.'

'શી રીતે?' મંત્રીએ પૂછ્યું.

'હું પોતે હસ્તિનાપુરની ગાદીનો હક્ક જતો કરું.'

'કુમાર, કુમાર!' મંત્રી બોલી ઊઠ્યા, 'એ શું બોલ્યા? આ તો મહારાજની ખાલી ઘેલછા છે. મોટા માણસ, એટલે કોઈ બોલે નહિ એટલું. સાધારણ માણસ આવાં ગાંડા

કાઢે તો લોકો તેને ડામ દે. એમાં તમારે ગાદી શા માટે છોડવી? મહારાજને કાલ સવારે સાન આવશે.'

'મંત્રીજી!' કુમારે ચલાવ્યું, 'એમ વિચારવું યોગ્ય નથી. પિતાજીનું જીવતર વધારે કે હસ્તિનાપુરની ગાદી વધારે એ મારા માટે પ્રશ્ન છે. હું જો પિતાજીને બચાવી શકતો હોઉં તો હસ્તિનાપુરની ગાદીને જતી કરવી એ મારો ધર્મ છે.'

મંત્રીએ જરા ગંભીર થઈ કહ્યું: 'કુમાર! જો તમે પાટવી કુમાર ન હોત પણ એક સાધારણ માણસ જ હોત તો તમારી આ વૃત્તિનો હું માનભર્યો સ્વીકાર કરત; પણ તમારો આ પ્રશ્ન માત્ર વ્યક્તિનો પ્રશ્ન નથી. આપ ગાદી જતી કરો એમાં હસ્તિનાપુરની આખી પ્રજાનો પ્રશ્ન છે. કેવળ પિતાની ઘેલછાને તૃપ્ત કરવા ખાતર આપ હસ્તિનાપુરની ગાદીને બીજાના હાથમાં સોંપો એ લોકકલ્યાણની દૃષ્ટિથી મને તો અધર્મ લાગે છે.'

કુમારે જવાબ દીધો: 'મંત્રીજી! તમારી ભૂલ થાય છે. જેને પ્રજાની સેવા કરવી જ હશે તે તખ્ત પર નહિ હોય તોપણ પ્રજાના અંત:કરણમાં તેનું નવું તખ્ત રચાશે. મંત્રીજી! માત્ર ગાદી પર બેસનાર તો ભાગ્યે જ લોકકલ્યાણ કરી શકે છે. હું ગાદીનો હક્ક જતો કરું તેથી લોકસેવાનો હક્ક જતો નથી કરતો. ઊલટું, ગાદીથી થોડેક દૂર રહીને હસ્તિનાપુરની પ્રજાની મનમાનીતી સેવા વધારે કરી શકીશ. અથવા તો કોને ખબર છે કે મારા નસીબમાં આવી લોકસેવા લખી છે કે નહિ! આજે તો પિતાને દર્દમુક્ત કરવા એ જ મને મારો ધર્મ લાગે છે. અને તે ગાદીનો હક્ક જતો કરીને પણ.'

મંત્રી નિસાસો મૂકીને બોલ્યા: 'કુમાર! મને તો આપનો વિચાર રુચતો નથી. આપનો હક્ક છીનવી લઈને પણ મહારાજ એ કન્યાને પરણે એમાં તેમની શી શોભા રહેશે? આપ પિતૃભક્તિથી પ્રેરાઈને આમ કરો છો તે ઠીક છે; પણ એથી મહારાજની આંખ ક્યારે ઊઘડશે તેનો વિચાર કર્યો?'

કુમારે ધીરેથી કહ્યું: 'મહારાજની અને જગતની આંખ ઊઘડવી હશે તો આ રીતે જ ઊઘડશે. પણ એ ઊઘડે કે ન ઊઘડે; મને મારા માટે જે ધર્મ લાગે તે મારે આચરવો રહ્યો. મને તો થાય છે કે હવે આ બાબતમાં હું પોતે જ મચ્છીમારની પાસે જઈને પિતાને માટે કન્યાની માગણી કરું, અને મારો નિર્ણય પણ તેને જ જણાવું એટલે એને શંકાનું કારણ ન રહે.'

'પણ આપ પહેલાં મહારાજને કાને વાત તો પહોંચાડો! મહારાજ પોતે જ એ કબૂલ નહિ કરે.' મંત્રીએ પોતાનો મત બતાવ્યો.

કુમારે જવાબ વાળ્યો: 'ગાદીનો હક્ક છોડવાની મારે જો વાત જ કરવી હોય અને ખરી રીતે ગાદી છોડવી ન હોય તો મહારાજને કાને વાત પહોંચાડવી એ બરાબર છે; પણ મારે તો મહારાજને સાજા કરવા છે એટલે હું પરબારો મચ્છીમાર પાસે જ જઈશ, અને કન્યાનું માગું કરીશ. તમારે સાથે આવવાનું છે.'

'જેવો કુમારનો હુકમ.' મંત્રી બોલ્યા.

કુમારે આગળ ચલાવ્યું: 'હું હમણાં જ તૈયાર થઈને આવું છું. તમે જરા અહીં જ બેસો, આપણે હમણાં જ જઈએ.'

બહાર જતા કુમાર તરફ મંત્રી વિચારમગ્ન બની જોઈ રહ્યા.

ભીષ્મપ્રતિજ્ઞા

'કુમાર! ફરમાવો. શો હુકમ છે?' મચ્છીમારે હાથ જોડીને પૂછ્યું.

કુમાર દેવવ્રત બોલ્યા: 'ભલા ભાઈ! હુકમ તો લેવા આવ્યો છું, આપવા નથી આવ્યો. મારા આવવાનું કારણ તો તમે કળી ગયા હશો. મારા પિતાને માટે તમારી પુત્રીનું માગું કરવા આવ્યો છું.'

મચ્છીમાર જરા ટટ્ટાર થઈને બોલ્યો: 'કુમાર! અમારી દીકરીઓને તે વળી રાજમહેલ કેવા! અમારે તો ભલાં આ ઘાસનાં ઝૂંપડાં, ભલાં ફાટેલ તૂટેલ કપડાં અને ભલી આ હોડી. ઘણી ખમ્મા ગંગામૈયાને કે રાતદિવસ અમારું જતન કરે છે. અમારાં છોકરાંઓએ નદીની ખુલ્લી હવા લીધેલી એટલે રાજમહેલોમાં તો એ ગૂંગળાઈ જાય.'

'ભલા માણસ!' મંત્રીથી ન રહેવાયું, 'તું તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે ત્યારે મોં ધોવા જાય છે! હસ્તિનાપુરનો પાટવી કુમાર માગું કરવા આવ્યો છે તેનું ભાન રાખ, અને વિચાર કરીને જવાબ આપ. તારી દીકરી હસ્તિનાપુરની રાણી થશે એ સમજાય છે?'

મચ્છીમારે શાંતિથી જવાબ આપ્યો: 'મંત્રીજી! મને માફ કરો. અમારા આ મહેનતુ જીવનમાં જે આનંદ છે તે રાજવી જીવનમાં શોધ્યોય જડવાનો નથી તેની મને ખાતરી છે. આજે તો હું, મારી બૈરી અને આ દીકરી ત્રણે વારાફરતી નાવડી હાંકીએ; કમાઈએ ને ખાઈએ. પાસેની દીવાદાંડીમાં દીવો પ્રગટાવવાનું રાખ્યું છે તે હુંયે પ્રગટું અને આ દીકરીયે પ્રગટે. કોઈ વાર ગંગામૈયા ક્રોધે ભરાય અને વિકરાળ રૂપ ધારણ કરે ત્યારે અમારી નાવડી આકાશપાતાળ દેખે અને અમે કાંઠે ઊભાં ઊભાં ઝૂરીએ; તેમાંય ન કરે નારાયણ અને અમને કોઈને ગંગામાં સમાવી દે તો સમસમીને બેસી રહીએ, પણ આ સુખદુ:ખમાં અમે બધાં સાથે. બધાં સાથે કામ કરીએ, સાથે રહીએ, સાથે રોટલો ખાઈએ અને સાથે દુ:ખી થઈએ. પરસેવાનો રોટલો ખાનારાંઓને આવો આનંદ જ્યાં મળે એવો કોઈ રાજમહેલ છે? કુમાર! મને માફ કરજો. અમને કાંઠા પર વસતા લોકોને સરખું બોલતાં ન આવડે; પણ મારી આ દીકરી રાજાને પરણશે એટલે તેના હાથેપગે મેંદી મુકાશે. અમારી નાવડીને હલેસાં મારવાથી જે રતાશ આજે મારી દીકરીના હાથમાં છે તે શું મેંદીથી આવવાની છે? હું સમજું છું કે મારી દીકરી રાજમહેલમાં હિંડોળા પર હીંચકા ખાશે. પણ મંત્રીજી! આ ગંગામૈયાનાં પાણી હિલોળે ચડે અને અમારી આ બદામડીને પોતાની પર નચાવે તે મજા ક્યાંયે આવવાની છે? મંત્રીજી! આ ઘાસના ઝૂંપડામાં બેસીને અમે ત્રણે આજે જે આનંદથી લૂખોસૂકો રોટલો ખાઈએ છીએ, તે આનંદ રાજમહેલનાં ભાતભાતનાં ભોજનમાંયે તેને નથી જ મળવાનો. માટે તો મંત્રીજી! મારી દીકરીને હું એ દુ:ખમાં ન નાખું એમ મને થયા કરે છે. હાડકાં હરામ કરવામાં જેઓ મોટાઈ માનતા હોય એવા કોઈ કુટુંબની કન્યા મહારાજને માટે શોધી કાઢો; મારી આ દીકરી રાજમહેલમાં કરમાઈ જશે.'

'કુમાર! આ તો વળી ''ઇદં તૃતીયં'' નીકળ્યું! આપે જેમતેમ કરી ગળે ઘૂંટડો ઉતાર્યો ત્યારે આ મચ્છીમાર દોઢડાહ્યો થવા લાગ્યો છે!' મંત્રીએ જણાવ્યું અને પછી મચ્છીમાર તરફ ફરી તેને કહેવા લાગ્યા: 'ભાઈ! નહિ જોયું હોય તારું જીવન! રાતદિવસ હલેસાં મારીમારીને જીવ નીકળી જાય છે તે નથી કહેતો, અને મજા અને આનંદની વાતો કરે છે? દીકરી નહોતી જ દેવી તો ''મારો ભાણેજ ગાદીએ બેસે તો આપું'' એમ શા માટે કહ્યું હતું? આજે વળી ડાહ્યલો થઈને બહુ મોટી મોટી વાતો કરે છે!'

મચ્છીમાર બોલ્યો: 'મારું ચાલે તો તો હું કોઈ પણ શરતે મહારાજને કન્યા ન આપું. જગતમાં જ્યાં જ્યાં ગરીબ લોકોએ શ્રીમંત જમાઈઓ શોધ્યા છે ત્યાં ત્યાં તેમના હાથ દાઝ્યા છે. પણ મંત્રીજી! શું કરું? મારી દીકરીને પણ મહારાજને પરણાવવાનો મોહ છે. મેં તેને ઘણી ઘણી સમજાવી પણ તેને ગળે ઊતરતું નથી, એટલે હું લાચાર છું.'

'તો પછી કુમારની માગણી સ્વીકાર અને કન્યાને મહારાજ સાથે પરણાવ.' મંત્રીએ કહ્યું.

'પણ' મચ્છીમારે જણાવ્યું, 'મંત્રીજી! મેંય થોડીક દુનિયા જોઈ છે, જીવન નિચોવીને ઉછેરેલી પુત્રીઓને રાજમહેલમાં ધકેલી દીધા પછી તેમની શી વલે થાય છે તે મેં સાંભળ્યું છે. રાજાની આંખોને ગમે ત્યાં સુધી એ રાણી, અને પછી મહેલમાં એક ખૂણે પડી સડી જતી એક કંગાળ અબળા! માટે જ મારો આગ્રહ છે કે મહારાજને દીકરી પરણાવું તો એક શરતે અને તે એ કે મારો ભાણેજ થાય તે ગાદી પર બેસે.'

'એથી શો લાભ? તારો ભાણેજ ગાદીએ નહિ બેસે તો છેવટે હોડી હાંકશે અને વધારે સુખી થશે, એમ નહિ?' મંત્રીએ કહ્યું.

'મારા માનવા પ્રમાણે એમ જ; પણ મારી દીકરીના માનવા પ્રમાણે નહિ. દીકરો પાટવી કુંવર હોય તો રાણીનો કોઈ દિવસ પણ ભાવ પુછાય એવો સંભવ. લગ્નજીવનમાં જે ઊણપ રહી ગઈ હોય તે પાછળથી રાજમાતા તરીકે થોડી ઘણી ભોગવી લે એટલે એને સંતોષ થાય. મારી દીકરી આજ ''મહારાજ, મહારાજ!'' કરે છે તે તો મોટે ભાગે આંખોનું આકર્ષણ માત્ર. મારે એના બાપ તરીકે ભવિષ્યનો પણ વિચાર કરવો રહ્યો.'

મંત્રીએ પૂછ્યું: 'તો આ કુમાર દેવવ્રતને બદલે તારો ભાણેજ ગાદીનો વારસ ગણાય એ તારી માગણી છે ના? એમ કરવાથી તું આ કુમારને અન્યાય કરે છે એમ નથી લાગતું?'

'એ તો દેખીતું જ છે.' મચ્છીમાર બોલ્યો, 'ને મારું ચાલે તો હું એ અન્યાય થતો જોવા માગતો જ નથી. તમે બધા મહારાજના સલાહકાર છો એટલે આ અન્યાયને અટકાવો. મને તો લાગે છે કે મહારાજનીયે બુદ્ધિ ફરી છે અને મારી દીકરીનીયે ફરી છે.'

દેવવ્રતે વચ્ચે અટકાવીને કહ્યું: 'મંત્રીજી! આડીઅવળી વાત જવા દો. મહારાજ આ મચ્છીમારની કન્યાને પરણે એવો મારો આગ્રહ છે ભાઈ! જે શરત તું કહે છે તે તારી દૃષ્ટિથી તદ્દન વાજબી છે. મહારાજ આજે પીડાય છે તેમાંથી તેમને મુક્ત કરવાનો મને માત્ર એક જ ઉપાય દેખાય છે, અને તે એ કે મારે હસ્તિનાપુરની ગાદી પરથી હાથ ઉઠાવી લેવો. કાં, એમ જ ના?'

મચ્છીમાર બોલી ઊઠ્યો: 'કુમાર! એમ હું નથી કહેતો. આપ સુખેથી ગાદી ભોગવો.'

દેવવ્રતથી ન રહેવાયું: 'ભાઈ! એ તું નથી કહેતો પણ હું કહું છું. મંત્રીજી! સાંભળો. આર્યાવર્તની આ પતિતપાવની ગંગામૈયાને કાંઠે ઊભો રહીને હું દેવવ્રત પ્રતિજ્ઞા કરું છું કે હું પોતે હસ્તિનાપુરની ગાદી પરથી મારો હક્ક ઉઠાવી લઉં છું. બસ ભાઈ? હવે તારી પુત્રી મહારાજને પરણાવ અને મને ચિંતામુક્ત કર.'

મચ્છીમારે હસતાં હસતાં કહ્યું: 'કુમાર! તમારી પ્રતિજ્ઞા તો બરાબર છે, પણ એ પ્રતિજ્ઞાથી મને સંતોષ નથી થયો.'

'તું તો કાંઈ ગમાર જણાય છે!' મંત્રી ક્રોધયુક્ત અવાજે બોલ્યા.

મચ્છીમાર વળી હસ્યો અને બોલ્યો: 'રાજપુરુષને તો મારા જેવા લોકો ગમાર જ લાગે. ગમાર લોકો ધોળી દીવાલો અને ધોળાં કપડાંની પાછળ છુપાઈ રહે છે કે આવાં વાંસનાં ઝૂંપડાં અને લંગોટીઓ પાછળ છુપાઈ રહે છે તે જગતથી અજાણ્યું નથી.'

'મંત્રીજી! એમ ન બોલો.' દેવવ્રત વચ્ચે પડ્યો. 'ભાઈ! તને હજી અસંતોષ રહ્યો છે?'

'જી હા.' મચ્છીમારે જવાબ વાળ્યો. 'આપ તો આપની પ્રતિજ્ઞા બરાબર પાળશો અને ગાદીની સામે નજર પણ નહિ નાખો એમાં મને શંકા નથી. પરંતુ આપના પુત્રોનું શું? એમણે ઓછી જ પ્રતિજ્ઞા લીધી છે? એ લોકો તો ગાદીને માટે લડે પણ ખરા! અને તે દિવસે મારો ભાણેજ ઓથ વિનાનો થઈ પડે. એ ગમે તેવો તોય મચ્છીમારનો ભાણેજ. આખીયે ક્ષત્રિય

કોમ તમારા પુત્રોને પડખે ઊભી રહેશે, અને તમે પ્રતિજ્ઞા પાળશો તોયે મારી દીકરી ને ભાણેજ બન્ને દુ:ખી થશે.'

મંત્રી ચકિત થઈ ગયા: 'અરે! આ તો કોઈ ભારે મુત્સદ્દી લાગે છે! તને તો મહારાજે પરદેશખાતાનો મંત્રી નીમવો જોઈએ. કુમાર! આ મચ્છીમાર હવે હદ છોડીને બોલે છે.'

દરમિયાન કુમાર આંખો મીંચી ઊંડો ઊતરી ગયો. જીવનના અનેક નાનામોટા પ્રશ્નો તેની પાસે ખડા થયા ને રજા લઈ ચાલતા થયા. હસ્તિનાપુરની ગાદી, ભવિષ્યનો ગૃહસ્થાશ્રમ, સંતતિ, કામતૃપ્તિ બધાય એક પછી એક મનમાં ઊભરાયાં અને પલાયન થયાં, પિતાને બચાવવાના એક જ મહાવિચારે આ બધાય વિચારોને હઠાવી દીધા, અને કુમાર એ બધાય વિચારોમાં ડૂબકી મારીને બહાર નીકળતો હોય તેમ માથું હલાવતો બોલ્યો: 'ભલા મચ્છીમાર! મેં વિચાર કરી લીધો છે. ગાદી પરનો મારો હક્ક મેં ક્યારનો જતો કર્યો છે, પણ તને મારા પુત્રોની બીક રહે છે. મંત્રીજી, માતા ગંગા, આર્યાવર્તના દેવો; કુરુકુળના પૂર્વજો! સાંભળો: ''હું દેવવ્રત પ્રતિજ્ઞા કરું છું, કે હું પોતે પ્રજા ઉત્પન્ન કરીશ જ નહિ અને તેટલા માટે લગ્નજીવનમાં પણ પડીશ નહિ.'' બોલ ભાઈ! હવે બસ? હવે તારી બીક રહેશે? '

મંત્રી અને મચ્છીમાર બન્ને કુમારનું વચન સાંભળી ચકિત થઈ ગયા. મચ્છીમારની કન્યા પણ હેરત પામી ગઈ. વાતાવરણ આખું ગંભીર થઈ ગયું, અને દૂર દૂર ગંગામૈયાનાં મોજાં ઊછળતાં હતાં તેમાંથી કેમ જાણે અવાજ આવ્યો: 'આવી પ્રતિજ્ઞા તો ભીષ્મ! આવી પ્રતિજ્ઞા લેનાર પણ ભીષ્મ!'

આજથી દેવવ્રત ભીષ્મ કહેવાયા.

વંશને કેમ ટકાવવો ?

મહારાજ શાન્તનુ મચ્છીમારની કન્યાને પરણ્યા. એ કન્યાનું નામ મત્સ્યગન્ધા હતું તે ફેરવીને સત્યવતી પાડ્યું. સત્યવતીને મહારાજ શાન્તનુથી બે પુત્રો થયા. કાળ જતાં મહારાજ શાન્તનુ દેવ થયા અને સત્યવતીનો પુત્ર હસ્તિનાપુરની ગાદી પર આવ્યો. મોટાભાઈ ભીષ્મ આ ભાઈને માટે રાજકન્યાઓનું હરણ કરી લાવ્યા અને તેમને પરણાવ્યા.

પણ સત્યવતીના બન્ને પુત્રો નાની અવસ્થામાં જ મૃત્યુ પામ્યા અને પાછળ જુવાન વિધવાઓને મૂકતા ગયા. રાણી સત્યવતીના શોકનો પાર ન રહ્યો. બન્ને પુત્રોને કશુંયે સંતાન ન હતું એટલે હસ્તિનાપુરની ગાદીનો જૂનો પ્રશ્ન સત્યવતી પાસે ફરીથી ખડો થયો ને તેને મૂંઝવવા લાગ્યો.

પુત્રોની ઉત્તરક્રિયાથી પરવારીને સત્યવતી એક વાર બેઠાં હતાં, ત્યાં ભીષ્મ આવ્યા અને બોલ્યા: 'કેમ માતાજી?'

સત્યવતી જરા ઠીક થતાં બોલ્યાં: 'ઓહો ભીષ્મ! તમે આવ્યા? હું તમને ક્યારની સંભારું છું.'

'કહો, શું કામ છે?' ભીષ્મે પૂછ્યું.

સત્યવતીએ જવાબ દીધો: 'પછી મેં કહ્યું તે પર તમે વિચાર કરી જોયો? મારી વાત ગળે ઊતરે છે?'

ભીષ્મ બેસતાં બેસતાં બોલ્યા: 'એમાં વિચારને અવકાશ જ નથી. ગળે ઉતારવા જેવું કશું છે જ નહિ. ગંગામૈયાને કાંઠે ઊભા રહીને મેં જે પ્રતિજ્ઞા લીધી હતી તેમાંથી હું એક

તસુ પણ ખસવા માગતો નથી.'

સત્યવતીએ જરા નજીક આવી કહ્યું: 'પણ ભીષ્મ! આખા કુળનો સમૂળગો ઉચ્છેદ થતો હોય ત્યારે પણ માણસ પોતાની હઠ ન છોડે એ વાજબી છે?'

'માતા!' ભીષ્મે કહ્યું, 'એમ ન બોલો. આ હઠ છે જ નહિ. પોતાના વચનને શુદ્ધ બુદ્ધિથી વળગી રહેવાના વિચારને જો તમે હઠ કહેવા માગતાં હો તો મારે કશું જ બોલવું નથી.'

'પણ ગંગાના પુત્ર ભીષ્મ! તે દિવસના સંયોગો જ જુદા હતા. હું ત્યારે નાની હતી; ગંગાના પુત્રમાં કેટલી ઉદાર વૃત્તિ અને કેટલો મહાનુભાવ હશે તે કશુંયે હું જાણતી ન હતી, અને મહારાજ કેવળ મૂઢ બનીને બેસી ગયા હતા. આ બધા સંયોગોમાં મારા બાપે તમારી પાસે પ્રતિજ્ઞા લેવડાવી.' સત્યવતી બોલી.

ભીષ્મ તરત જ બોલ્યા: 'અને એ લીધી માટે તો બરાબર પાળવાની. માતા! મને નકામો આગ્રહ ન કરો. ઊલટું, હું આજે જો મારી પ્રતિજ્ઞા તોડવાની લાલચે ચડી જાઉં તો તમારે મને વારવો જોઈએ. પ્રતિજ્ઞાભંગથી થતો કુળનાશ છૂપો પણ વધારે ભયંકર છે. માટે માતા! તમે કોઈ બીજો માર્ગ વિચારો.'

સત્યવતીએ જણાવ્યું: 'તો પછી એક જ માર્ગ રહે છે; અને તે નિયોગનો.'

'તે તમને ઠીક લાગે તેમ કરો.' ભીષ્મે કહ્યું.

સત્યવતી તરત બોલી ઊઠી: 'ભીષ્મ! હવે આવો ઉડાઉ જવાબ બરાબર નથી. મને ઠીક લાગવાનો સવાલ નથી. આપણને ઠીક લાગવાનો સવાલ છે! હવે તો સત્યવતી ભીષ્મની સલાહથી ચાલવાની છે. ભીષ્મ, ભીષ્મ! આટલાં વર્ષમાં મેં તમને પારખી લીધા છે, અને ખાતરીથી માનજો કે મને તમારામાં સંપૂર્ણ વિશ્વાસ છે. આ રાજ્યની લગામ હવે તમારા હાથમાં છે. બોલો, ગાદી માટે શું કરવું? ગાદીએ બેસાડવા માટે પુત્ર તો જોઈશે જ.'

ભીષ્મ વિચાર કરતા કરતા બોલવા લાગ્યા: 'નિયોગ એટલે તો કોઈ પરપુરુષ આ વધૂઓમાં પ્રજાને ઉત્પન્ન કરે. તમારી મુશ્કેલી હું સમજું છું, પણ તમારી નિયોગની વાત મારે ગળે ઊતરતી નથી.'

સત્યવતી બોલી: 'એમાં શો વાંધો છે? આપણા લોકોમાં નિયોગના તો કેટલાયે દાખલા દેખાડું.'

ભીષ્મે જણાવ્યું: 'માતા સત્યવતી! આપણા લોકોમાં એ રિવાજ પ્રચલિત છે એ હું જાણું છું, પણ એ રિવાજ આચરવા જેવો નથી. આજે તો આપણા લોકોમાંના પણ કેટલાક સારા માણસો આવા જંગલી રિવાજને હવે પસંદ કરતા નથી.'

'પણ ભાઈ ભીષ્મ! નિયોગની તો શાસ્ત્રમાંયે છૂટ છે. એ સિવાય વંશને ટકાવી રાખવાનો આજે બીજો રસ્તો જ દેખાતો નથી.'

ભીષ્મે ચલાવ્યું: 'એ હું સમજ્યો; પણ આજ સુધી આપણને એ વસ્તુની સૂગ ન હતી તેટલી આજે છે. એમ તો એક દિવસ એવો હતો કે આપણા આર્યલોકોમાં લગ્નનો આવો રિવાજ ન હતો, પણ સ્ત્રી તેમજ પુરુષ નિરંકુશ ફરતાં. એક વાર એક ઋષિના આશ્રમમાં ઋષિ પોતે, ઋષિપત્ની અને તેમનો પુત્ર ત્રણે જણાં બેઠાં હતાં ત્યાં એકાએક કોઈ બીજા ઋષિ આવ્યા અને ઋષિપત્નીનું કાંડું ઝાલી ચાલતા થયા!'

'શું બોલો છો?'

'સાચું બોલું છું.' ભીષ્મે કહ્યું, 'પછી પેલા ઋષિ કાંઈ બોલ્યા નહિ, પણ એ ઋષિપુત્રની આંખમાં આ વાત ખૂંચી અને તે ગરમ થઈ ગયો.'

'પછી?'

'પછી,' ભીષ્મે ચલાવ્યું, 'ઋષિએ એને જરા ટાઢો પાડ્યો અને આર્ય લોકોના રિવાજની વાત કહી, એટલે પુત્ર બોલ્યો: 'પિતાજી! આપણા આર્યોમાં આજ સુધી આવો રિવાજ ચાલતો આવ્યો હોય તો ભલે; પણ હવેથી આવો રિવાજ બંધ થવો જોઈએ, અને આર્ય સ્ત્રી-પુરુષોએ લગ્નવ્યવહારમાં જોડાઈને પોતાને માથે અંકુશ મૂકવો જોઈએ.'' ત્યારથી આર્યોમાં લગ્ન શરૂ થયાં.'

સત્યવતી બોલ્યાં: 'પહેલાં આવું હતું? એ શી રીતે મનાય?'

ભીષ્મ બોલ્યા: 'એવું હતું જ; અને છતાં તે કાળે કોઈના મનને એ ડંખતું ન હતું. વખત જતાં એ જ વાત ડંખવા લાગી અને ઋષિપુત્રે એ ડંખને સ્પષ્ટ રીતે જાહેર કર્યો. આ નિયોગના રિવાજનું પણ એમ જ છે. ચાલુ ચાલતો રિવાજ છે એટલે એ કેટલો ખરાબ છે તે આપણને જણાતું નથી. પણ સ્ત્રીપુરુષના સંબંધને પવિત્રતાની વધારે ઊંચી કક્ષાએ લઈ જવા મથતા લોકો આ રિવાજને નિંદે છે; અને મને તો લાગે છે કે થોડાં જ વર્ષોમાં આ ચાલ નાબૂદ થશે.'

સત્યવતીને જોર આવ્યું: 'એ નાબૂદ થશે ત્યારની વાત ત્યારે; પણ આજ તો મહારાજ શાન્તનુનો વેલો હું જીવતો રાખવા માગું છું. ભીષ્મ! તમારા અંગત વિચારો ગમે તેવા હોય; પરંતુ આ બાબતમાં હું તમારી સહાય માગું છું.'

'તો કહો,' ભીષ્મ બોલ્યા, 'તમે શું કરવા માગો છો?'

'ભીષ્મ!' સત્યવતીએ અચકાતાં અચકાતાં કહ્યું, 'સાચું કહું? તમને મારા પેટના દીકરા જેવા ગણીને બોલું છું હો! કહું?'

'જરૂર કહો.' ભીષ્મ બોલ્યા.

'મારા માટે જરાયે અવળો વિચાર નહિ કરો ને?' સત્યવતીને શંકા આવી.

'આટલાં વર્ષોના અનુભવે પણ વિશ્વાસ ન આવતો હોય તો હું શું કહી શકું?'ભીષ્મે કહ્યું.

સત્યવતીએ ચલાવ્યું: 'ભીષ્મ! વર્ષો પહેલાં એક વાર હું ગંગામૈયાનાં પાણી પર નાવડી ચલાવતી હતી ત્યારે મને પરાશર ઋષિનો સમાગમ થયો, અને તેમનાથી મને એક પુત્ર થયો.'

'આજે એ પુત્ર ક્યાં છે?' ભીષ્મે પૂછ્યું.

'એ પુત્ર આજે વેદવ્યાસના નામથી પ્રસિદ્ધ છે.' સત્યવતીએ ખુલાસો કર્યો.

ભીષ્મ બોલી ઊઠ્યા: 'શું, ભગવાન વેદવ્યાસ? એ તમારા પુત્ર છે? અહોભાગ્ય તમારાં કે એવા પુત્રને તમે જન્મ આપ્યો!'

સત્યવતીએ કહેવા માંડ્યું: 'એ પુત્રને હું નિયોગ માટે બોલાવવાનો વિચાર કરું છું.'

'ભગવાન વ્યાસને?' ભીષ્મે ચકિત થઈને પ્રશ્ન કર્યો, 'તમે શી વાત કરો છો, માતા?'

'એમાં શંકાનું કારણ નથી, ભીષ્મ! એ પુત્ર જતી વખતે મને કહી ગયો છે એટલે જરૂર આવવાનો.'

ભીષ્મ માથું ધુણાવતા બોલ્યા: 'મને લાગતું નથી કે એ આવે, અને તમારી વાત સ્વીકારે. આજના દુનિયાભરના નવીન વિચારકોમાં તો એ અગ્રેસર છે. પછી તો તમારો, માતાનો જહાંગીરી હુકમ થાય અને તેમને એ સ્વીકારવો પડે તો જુદી વાત.'

'એમ જ. બાકી તો તમે બધા લોકો એકસરખા હઠીલા છે. એક વાર કાંઈ પકડ્યું એટલે તે છોડો જ નહિ. પણ માતા તરીકે હું તેની પાસેથી આટલું માગવાની છું. તમને તો પ્રતિજ્ઞા લેવરાવવામાંયે હું જ કારણભૂત હતી એટલે આજ્ઞા કરતાં સંકોચ થાય છે; પણ વ્યાસને તો આટલું આગ્રહથી કહી શકીશ; અને મારું મન સાક્ષી પૂરે છે કે ગમે તેટલો

વિરોધ કરીને પણ એ છેવટે મારું મન રાખશે.'

ભીષ્મ બોલ્યા: 'તો તો તેમને જરૂર બોલાવો, આપણે ગાદીને માટે પુત્ર જોઈએ છે એ જો ચોક્કસ છે, તો આ બધા માર્ગો સ્વીકારવા એ પણ એટલું જ ચોક્કસ છે.'

સત્યવતી બોલ્યાં: 'જરૂર, એમ જ. એક વસ્તુ જો કરવી હોય તો પછી તે ઢચુપચુ મનથી શા માટે કરવી? હું હમણાં જ વ્યાસને બોલાવવા તજવીજ કરું છું અને અંબા-અંબિકાને કાને પણ આ વાત નાખું છું. મારે તો તમારો મતભેદ વિચારવાનો, વળી એ પુત્રવધૂઓ શું કહે છે તે પણ વિચારવાનું, અને છતાંયે મહારાજ શાન્તનુનો વંશ જાળવવાનો તો ખરો જ.'

'લ્યો માતા! હું રજા લઉં.' ભીષ્મ ઊભા થયા.

'ભલે જાઓ. વ્યાસ આવ્યા પછી જરૂર પડશે તો તમને બોલાવીશ.'

સત્યવતી ઊઠીને પુત્રવધૂઓના ઓરડા તરફ ચાલ્યાં અને ભીષ્મ પોતાના મહેલ તરફ ગયા.

વિકર્ણની નજરે

વિકર્ણ દુર્યોધનનો નાનો ભાઈ. દ્યૂતસભામાં જ્યારે કૌરવોનો અધર્મ સહુ મૂંગે મોઢે સહન કરીને બેસી રહ્યા હતા ત્યારે વિકર્ણએ તેની સામે પોકાર ઉઠાવ્યો હતો; અને પોતાના પુણ્યપ્રકોપને વ્યક્ત કરવા તે સભા છોડીને ચાલ્યો ગયો હતો.

દ્યૂતસભાને વળતે દિવસે વિકર્ણ ભીષ્મ પિતામહના મહેલે ગયો. પિતામહ પરવારીને પોતાના બગીચામાં ટહેલતા હતા, ત્યાં વિકર્ણ પર તેમની નજર પડી. 'કેમ વિકર્ણ! અત્યારે ક્યાંથી આવી ચડ્યો?'

'પિતામહ!' વિકર્ણ બોલ્યો, 'ઘેર ચેન પડતું ન હતું તેથી મનમાં થયું કે ચાલ ને પિતામહ પાસે જાઉં!'

'આજે ગામમાં ઉકળાટ કેવોક છે?' ભીષ્મે પૂછ્યું.

વિકર્ણ તરત જ બોલ્યો: 'ઉકળાટ તો એવો છે કે આપણું આખું કુળ રંધાઈ જાય. પણ પિતામહ! આ ઉકળાટ પણ કાળે કરી શમી જશે — સમાજ સ્વભાવે એવો ટાઢો છે અને મોટાભાઈ એવા હોશિયાર છે. પણ મને આશ્ચર્ય તો એ થાય છે કે આપ અને દ્રોણાચાર્ય જેવા બેઠા હતા છતાં પાંચાલીના ચીર ખેંચાયાં!'

ભીષ્મે એક ઓટા પર બેસતાં બેસતાં કહ્યું: 'એમાં આશ્ચર્ય જેવું કશુંયે નથી. કુરુકુળનો વિનાશ નજીક આવ્યો છે તેનાં બધાં આ ચિહ્નો છે. તારો મોટો ભાઈ આપણા કુળનું નિકંદન કાઢવા જન્મ્યો છે.'

વિકર્ણે જવાબ વાળ્યો: 'પિતામહ! એ તો હુંયે માનું છું. વિનાશ નજીક હોય ત્યારે જ આવા કામા સૂઝે. પણ આપ એ બધું મૂંગે મોઢે કેમ જોયા કરો છો?'

'મેં તો ત્યારે જ વાંધો ઉઠાવ્યો હતો.' ભીષ્મે ખુલાસો કર્યો.

'પિતામહ!' વિકર્ણ નીચે બેસતો બોલ્યો, 'એવા એવા શબ્દો એ વાંધો કહેવાતો હશે! એ તો કહેવાય આપનો વિચારભેદ. આપનું પૂર્વજીવન, અમારા આખાયે કુળમાં આપનું ગૌરવભર્યું સ્થાન, આપનું જ્ઞાન, આપની પ્રતિષ્ઠા, અને કશુંયે ન હોય તોયે આપના ધોળા વાળ — આ બધાં આપની પાસેથી ઘણી વધારે આશાઓ રાખવા અમને પ્રેરે છે.'

'હું જ્યારે જ્યારે મને લાગે છે ત્યારે ત્યારે તારા બાપાને અને ભાઈને ચેતવું છું. પણ

તેમનો કાળ આવ્યો છે એટલે તેમના કાન સાંભળતા નથી.'

'પિતામહ!' વિકર્ણ બોલ્યો, 'આપ માત્ર ચેતવો એટલું બસ ન ગણાય.'

'તો શું કરું?'

વિકર્ણે વધારે નજીક આવીને જવાબ દીધો: 'પિતામહ! આપને કહેવાનો મારો શો અધિકાર! કુરુવંશના આધાર! એક વાર આપને આપની પ્રતિજ્ઞામાંથી ચળાવવા માટે માતા સત્યવતીએ ઘણી ઘણી મહેનત કરેલી પણ આપ તો હિમાલયની માફક અચળ રહ્યા; એક વાર અંબાલિકાને પાછી સ્વીકારીને મહારાજ વિચિત્રવીર્યને પરણાવવા માટે આપના ગુરુ પરશુરામે ખૂબ આગ્રહ કર્યો ત્યારે પણ આપે આપના નિશ્ચયને ન છોડતાં ખુદ ગુરુ સામે શસ્ત્રો ખખડાવ્યાં અને અંતે ધાર્યું સિદ્ધ કર્યું. આ બન્ને વાતો સાચી?'

'હા, બન્ને વાતો સાચી.' ભીષ્મ બોલ્યા.

તરત જ વિકર્ણએ ઉપાડી લીધું: 'તો પછી આખાયે કુરુવંશમાં કદી નહિ બનેલા એવા કુલવધૂનાં ચીર ખેંચવાના પ્રસંગે આપ માત્ર યોગ્ય કે અયોગ્યનો શાસ્ત્રાર્થ કરવા બેઠા તે બરાબર ન હતું. આપે ધાર્યું હોત તો મહારાજ ધૃતરાષ્ટ્રને ખૂબ ખખડાવી શકત; આપે ધાર્યું હોત તો શકુનિ મામાને મારીને બહાર કાઢી મૂકી શકત, અને મોટાભાઈને કાન પકડીને નીચે બેસાડી શકત; આપે ધાર્યું હોત તો દુ:શાસનના ભાર હતા કે દ્રૌપદીને આંગળી પણ અડકાડી શકે!'

'ત્યારે તો હું બરાબર ધારતો નથી એટલે આવું બન્યા કરે છે, એમ જ ને?' ભીષ્મે પૂછ્યું.

'થોડે ઘણે અંશે એમ ખરું.' વિકર્ણ બોલ્યો, 'આ બનાવોથી આપના ચિત્તમાં જે અરેરાટી થવી ઘટે તે નહિ થઈ હોય. આપ આવે પ્રસંગે મોટાભાઈને વારો છો તે હું જાણું છું; પણ મોટાભાઈ બહુ પક્કા છે. એ સમજે છે કે પિતામહ બોલીને વરાળ કાઢશે એટલું જ; આપના શબ્દોની પાછળ મોટાભાઈને કશુંય બળ દેખાતું નથી.'

ભીષ્મ કાંઈક દીનતાથી બોલ્યા: 'બળ દેખાવું ન દેખાવું એ તો દુર્યોધનના હાથમાં રહ્યું.'

વિકર્ણે ચલાવ્યું: 'કેવળ એમ નથી. આપ ગમે તેટલું કહો છતાં મોટાભાઈ ન માને એ હું સમજું છું; પણ આજે તો મોટાભાઈના મનમાં ખાતરી છે કે પિતામહ ગમે તે બોલે તોપણ આખરે તે મારા જ છે. આપના આવા મૂંગા સહકાર ઉપર તો મોટાભાઈ અને તેમની મંડળી નાચે છે. અને સમાજ પણ આપના આવા સહકારથી ભારે ભ્રમમાં પડે છે.'

ભીષ્મથી ન રહેવાયું: 'વિકર્ણ! તું સભામાંથી ઊઠીને ચાલ્યો ગયો એમ મારાથી ચાલ્યા જવાય?'

વિકર્ણે તરત ઉપાડી લીધું: 'જરૂર ચાલ્યા જવાય, મારા જેવો મામૂલી માણસ ચાલ્યો જાય એ તો બેવકૂફીમાં ઉડાવી દેવાય; પણ આપ તો આખા કુરુકુળના છત્રરૂપ છો. આપ ચાલી નીકળ્યા હોત તો આખી સભાને તેમ જ મોટાભાઈને વિચાર કરવો પડત, અને કદાચ મોટાભાઈ પોતે આપને પગે પડવા આવત, પણ આપ બેસી રહ્યા અને આપની સાક્ષીએ ચંડાળ ચોકડીએ આખોયે ખેલ ભજવ્યો!'

ભીષ્મ ધીરે સ્વરે બોલ્યા: 'બેટા! તું કહે છે તે મારી સમજણમાં ઊતરે છે.'

વિકર્ણે બોલવું જારી રાખ્યું: 'પિતામહ! મહારાજ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે પ્રથમ પૂજા કોની કરવી તે પ્રશ્ન ઊભો થયો હતો. ''શ્રીકૃષ્ણ જ આપણા મહાન યુગપુરુષ છે એટલે પહેલી પૂજા તેમની જ કરવી જોઈએ'' એવો વિચાર આપે દર્શાવ્યો ત્યારે કેવો ભારે ખળભળાટ થયો હતો? શિશુપાળ, જરાસંઘ વગેરે તે વખતે કેટલા ઊછળવા લાગ્યા

હતા? પણ આપનું તો રૂંવાડું સરખુંયે ન થડક્યું, અને શિશુપાળનું માથું ધડ પરથી નીચે ઊતર્યું ત્યારે પણ આપ તો જરાયે ક્ષોભ પામ્યા ન હતા. જેણે આવા પિતામહને જોયા હોય તેને ગઈ કાલે સભામાં પિતામહ ચિત્રની માફક પાંચાલીનાં ચીર ખેંચાતાં જોઈ રહ્યા એમ કોઈ કહે, તો કેમ માને?'

ભીષ્મ ધીરે સ્વરે બોલવા લાગ્યા: 'બેટા વિકર્ણ! તારાં વાક્યો તો હૃદયના ઊંડાણ સુધી સોંસરાં જાય છે. તું કહે છે તેમ કરવાનું તો ઘણું મન થઈ જાય છે; પણ વળી એમ થાય છે કે હું બેઠો છું એટલે પાપી દુર્યોધન કંઈક મર્યાદામાં રહેશે.'

વિકર્ણ નમ્રતાભર્યા અવાજે બોલ્યો: 'પિતામહ! એ તો આપનો જીવ જખ મારે છે. આપની હૂંફેહૂંફે મોટાભાઈ આ બધું કરી શકે છે, આપ એક વાર એમનો ત્યાગ કરો જોઈએ! પણ આપ એમને છોડી શકવાના નથી એ મોટાભાઈ બરાબર જાણે છે, માટે જ કૂદે છે!'

ભીષ્મે જવાબ વાળ્યો: 'ત્યાગ કરીએ તોપણ ત્યાગ કરતાં દિલ નથી ચાલતું. આપણું કુળ કોઈ રીતે ટકી જશે તો આ અંદર અંદરનો કલેશ તો એની મેળે પતી જશે એમ લાગે છે; એટલે ખેંચી રહ્યો છું.'

વિકર્ણ બોલ્યો: 'પિતામહ! આપનો આ રોગ મોટાભાઈએ બરાબર પારખી લીધો છે. એક વાર એમને છૂટા તો મૂકી જુઓ! પછી ભલે આથી હજારગણા વધુ અત્યાચાર કરે!'

ભીષ્મ બોલ્યા: 'ભાઈ વિકર્ણ! તને મારા જેટલાં ચોમાસાં જાય પછી બોલજે. દુર્યોધન મારા જેવા ઘરડાની કેટલી કાળજી રાખે છે તે ખબર છે? દુર્યોધનના કારભારમાં મને જરાયે અડચણ નથી આવતી. એ બધું ભૂલીને મારે તેનો ત્યાગ કરવો એ બરાબર નથી.'

વિકર્ણ બોલ્યો: 'પિતામહ! મારા મોટાભાઈની રાતે કોઈનો જન્મ નથી. આપને અને પ્રજાને સારી રીતે રાખવામાં મોટાભાઈનો આશય છે. આપને અને પ્રજાને પોતાની હોશિયારીથી રાજી કરીને દુર્યોધન સમસ્ત આર્યાવર્તનો લોકમત પોતાની તરફ ખેંચવા માગે છે, એ તમે જાણો છો? એ રીતે તો મોટાભાઈ તરફથી આ બધી સુખસગવડો મળે છે તેમાં ફસાઈને આપ પાંડવોને અન્યાય કરો છો.'

'વિકર્ણ!' ભીષ્મ બોલ્યા, 'તું એક જુવાનને શોભે એવી ઉતાવળ કરવાનું મને કહે છે તે બરાબર નથી. આજે તો પાંડવો વનમાં ગયા છે, પણ તે વર્ષો તો કાલે વહ્યાં જશે; પછી પાંડવો ઘેર પાછા આવશે ત્યારે એકસંપ થઈ રહેશે.'

વિકર્ણે કહ્યું: 'આપને એવી આશા હોય તો ભલે, મને નથી. તેર તેર વર્ષો સુધી કાળજીપૂર્વક સેવેલું વેર તે દિવસે જોસમાં ફાટી નીકળશે, અને આપણા આખા કુળનો નાશ કરશે. આપ અને દ્રોણાચાર્ય અમારા પક્ષમાંથી ખસી જાઓ તો મોટાભાઈની આંખ આજે ઊઘડી જાય!'

ભીષ્મ ઊંડા વિચારમાંથી જાગીને બોલ્યા: 'તારી વાત મારે ગળે ઊતરતી નથી. તેમ દુર્યોધનનું અમારા તરફનું સૌજન્ય જોતાં પણ એમ કરવું ઉચિત નથી.'

'પિતામહ! ગમે તેવી મુશ્કેલીઓમાંથી પસાર થાય તોપણ પોતાની સુવાસ ન છોડે એવું સૌજન્ય મોટાભાઈનું ન સમજતા; આ તો આપને અને દ્રોણને પોતાના પક્ષમાં સાચવી રાખવાની કિંમત છે!' વિકર્ણએ જાહેર કર્યું.

ભીષ્મ ડોકું ધુણાવતા બોલ્યા: 'ના, ના. દુર્યોધન ગમે તેવો તોયે એટલો બધો દુષ્ટ નથી. આપણા કુળમાં આટલી ઊંડી દુષ્ટતા જન્મે નહિ. પણ વિકર્ણ! કાલના બનાવથી તો હું ચોંકી ગયો છું, અને દુર્યોધનને સંભળાવી દેવાનો છું કે ફરીથી આવું કશું થશે તે વખતે ભીષ્મ તારી સાથે નથી એમ સમજી લેજે.'

વિકર્ણ બોલ્યો: ‘એ બધું ભલે આપ કહો. મને તો લાગે છે કે આજે આપને ઘડપણ આવ્યું છે. નહિતર હસ્તિનાપુરની ગાદીને તેમ જ લગ્નજીવનનાં સુખોને લાત મારનાર માણસ સ્થૂલ દેહની મામૂલી સગવડોને લાત ન મારે? પણ મોટાભાઈની હોશિયારીએ આપને બાંધી લીધા છે, એટલે આપ વિચારમાં અને વાણીમાં ગમે તેટલું જોસ બતાવો તોપણ હવે મોટાભાઈને છોડી શકવાના નથી. આપનું નિશ્ચયબળ એટલું ક્ષીણ થયું છે. આપ મોટાભાઈને પડખે ઊભા રહીને આપણા કુળને બચાવવાનો મનોરથ રાખો છો એ મને તો ચોખ્ખી આપની નબળાઈ લાગે છે. અમે જુવાન લોકો તો એમ વિચારીએ છીએ કે દુ:શાસને દ્રૌપદીનાં ચીર ખેંચ્યાં અને આપ તે નિહાળી રહ્યા એટલે આપે પણ ચીર ખેંચવામાં ભાગ જ લીધો. આ જ રીતે મોટાભાઈ જે જે અધર્મ કરે છે તે દરેકમાં આપ પણ ભાગીદાર છો. અને આ ભાગીદારીમાંથી આપે નીકળી જવું જોઈએ એમ મને લાગે છે. પણ અત્યારે મને સમજાય છે કે આપ તેમાંથી નીકળી નહિ શકો.’

‘એમ નીકળી છૂટવામાં મને કુળનું કલ્યાણ નથી દેખાતું.’ ભીષ્મ બોલ્યા.

‘મને તો એમાં જ કલ્યાણ દેખાય છે.’ વિકર્ણ બોલ્યો, ‘છતાં આપ વિચારી જુઓ. આપને મારા કરતાં વધારે ચોમાસાં ગયાં છે. એટલે મારા વિચારો મારી પાસે રાખું છું. હજી વધારે અનુભવથી એમાં જો ભૂલ જણાશે તો ફેરવી નાખીશ. આજે તો મને લાગ્યું તે આપને કહી નાખ્યું છે. અવિનય થયો હોય તો ક્ષમા કરશો.’

‘ના રે ના!’ ભીષ્મ બોલ્યા, ‘અવિનય કેવો! તારા જેવા સાચાબોલા માણસો તો આથીયે વધારે આકરું બોલે ત્યારે જ ઘરડા થઈ ગયેલા કાનમાં તે સહેજ પણ ઊતરે. હું તારા આજના બોલવાથી ખૂબ રાજી થયો છું. તને જ્યારે જ્યારે વિચાર આવે ત્યારે છૂટથી મને કહેવું; જરાયે સંકોચ ન રાખવો.’

‘પિતામહ!’ વિકર્ણ ઊભો થતો બોલ્યો, ‘આજે તો રજા લઉં છું. વળી કોઈ વાર આવીશ.’

વિકર્ણ ભીષ્મને વિચાર કરતા મૂકીને ચાલતો થયો.

દુર્યોધનને શિખામણ

હસ્તિનાપુરનો સભામંડપ ચિકાર ભરાઈ ગયો ને મહાસાગરનાં તોફાની મોજાંઓ પર તેલ પડે તેમ શ્રીકૃષ્ણની સમાધાનીએ કૌરવસભાને ઘડીભર તો શાંત કરી નાખી. શ્રીકૃષ્ણના શબ્દોનું હાર્દ પામી ગયેલા ભીષ્મ તરત જ ઊભા થયા અને બોલ્યા:

‘બેટા દુર્યોધન! આજે શ્રીકૃષ્ણ જેવા મહાત્મા પુરુષ આપણે આંગણે આવીને સમાધાનની સલાહ આપે છે એ આપણા કુરુકુળનાં હું અહોભાગ્ય સમજું છું. અહીં એકઠા થયેલા ક્ષત્રિયવીરો! વર્ષો પહેલાં રાજસૂય યજ્ઞ વખતે શિશુપાળને સંભળાવ્યું હતું તે આજે તમને પણ સંભળાવું છું. આ શ્રીકૃષ્ણને પણ બે હાથ અને બે પગ જ છે માટે એને આપણા જેવા સાધારણ મનુષ્ય ન સમજતા. શ્રીકૃષ્ણ આપણા આ કાળના યુગપુરુષ છે. જ્યારે જ્યારે જગતમાં અંધકાર વ્યાપી જાય છે અને લોકસમૂહ દીન અને પામર બની ધર્મના માર્ગથી પડી જાય છે, ત્યારે ત્યારે આવા યુગપુરુષો આપણી વચ્ચે ઉત્પન્ન થાય છે, અને અંધકારને હઠાવી સમાજને ફરીથી ધર્મના માર્ગ પર સ્થાપે છે. આ શ્રીકૃષ્ણનો જન્મ ખાસ આટલા માટે જ હોય એમ મને તો ચોખ્ખું જણાય છે. શ્રીકૃષ્ણ વસુદેવ અને દેવકીના પુત્ર છે, કંસના ભાણેજ છે, અર્જુનના મિત્ર છે, સુભદ્રાના ભાઈ છે, આપણા કુરુકુળના

સગા છે; પરંતુ એમની સાચી ઓળખાણ તો એ આજના આપણા યુગપુરુષ છે, એ જ છે.'

'આજે શ્રીકૃષ્ણ પાંડવો તરફથી સિંધનો સંદેશો લઈને આવ્યા છે. શ્રીકૃષ્ણને નિમિત્તે કેટલાય દુશ્મનોના જીવ ગયા તે હું જાણું છું; તેમનો જ મામો કંસ માર્યો ગયો તે વાત સુપ્રસિદ્ધ છે; ખુદ યમરાજને પણ ન ગાંઠે એવો શિશુપાળ ઘડીમાં હતો ન હતો થઈ ગયો એ એમનો પ્રતાપ, દુનિયાભરના રાજાઓને બંદીવાન બનાવનાર જરાસંધને નમાવનાર આ શ્રીકૃષ્ણ. આ બધાં કાર્યોમાં તેમનો ઉદ્દેશ જગતમાં શાંતિ સ્થાપવાનો હતો, અને આજે પણ એ જ ઉદ્દેશથી તે આપણી વચ્ચે આવીને ઊભા છે. પ્રસંગ આવે ત્યારે વજ્રથી પણ કઠણ હૈયાવાળા આ શ્રીકૃષ્ણનું હૈયું ફૂલથી પણ વધારે કોમળ છે. એટલા જ માટે કોઈ પણ ઉપાયે શ્રીકૃષ્ણ શાંતિ માગે છે.'

'શ્રીકૃષ્ણે પોતાની વાત આપણી પાસે મૂકી ત્યારે તમારાં સૌનાં મોં પરથી મને એમ લાગ્યું કે સમાધાન જરૂર થશે, અને શ્રીકૃષ્ણનો આંટો અફળ નહિ જાય. આ વિચારે મને તો અંતરમાં ટાઢક વળી. પણ ત્યાર પછી આ કર્ણ-શકુનિ દુર્યોધનના કાનમાં ગુસપુસ કર્યા કરે છે તે પરથી, અને દુર્યોધનના મોં પર અનેક જાતના ભાવો ડોકિયાં કર્યા કરે છે તે પરથી મને સમજાય છે કે કુરુઓનું કલ્યાણ હજી દૂર છે.'

'દુર્યોધન! તને મારે શું કહેવું! આજ સુધી હું તારા બધાય અધર્મોને ઉઘાડી આંખે નિહાળી રહ્યો છું; અને છતાં તારું પડખું છોડ્યું નથી. ''દુર્યોધન કાલે સુધરી જશે.'' ''હવે તેને તેની ભૂલ જરૂર સમજાશે'' એવી એવી મને આશાઓ હતી; અને એ આશાએ ને આશાએ હું તને વળગી રહ્યો છું. પણ આજે મને તારી દુષ્ટતાનો ખરો ખ્યાલ આવે છે. બીજાઓ મને કહેતા ત્યારે હું એ ન માનતો; પણ ખુદ શ્રીકૃષ્ણ આપણા સૌના કલ્યાણની વાત કરે છે તેમાંયે જ્યારે તારું ડોકું ધૂણે છે અને આંખો રાતીપીળી થાય છે ત્યારે તારી દુષ્ટતા કેટલી ઊંડી છે તે દેખાઈ આવે છે.

'દુર્યોધન! શ્રીકૃષ્ણ તારી દુષ્ટતા નથી જાણતા એમ ન માન; શ્રીકૃષ્ણ તારા બાપનો લોભ નથી જાણતા એમ ન માન; શ્રીકૃષ્ણ પાંડવોનાં પરાક્રમ નથી જાણતા એમ ન માન. આજે જગતમાં ચારે બાજુ ઉછાળા મારી રહેલાં કાળનાં મોજાંને શ્રીકૃષ્ણે પારખ્યાં છે. તોપણ કુરુકુળનો ઉચ્છેદ અટકાવવા ખાતર, ક્ષત્રિયજનતાનો સંહાર અટકાવવા ખાતર, હસ્તિનાપુરની ગાદી પર લોહીના છાંટા ન ઊડે એટલા ખાતર, આપણા સૌના કલ્યાણની ખાતર, આર્યાવર્તના કલ્યાણ ખાતર, આખાયે જગતમાં કલ્યાણ અને શાંતિ પથરાય તે ખાતર શ્રીકૃષ્ણ આવ્યા છે. દુર્યોધન! આજે શ્રીકૃષ્ણને તારા માનવ હૃદયમાં શ્રદ્ધા આવી છે. આજે શ્રીકૃષ્ણને ગાંધારીના સત્યમાં શ્રદ્ધા આવી છે; આજે શ્રીકૃષ્ણને કુરુકુળના તપમાં શ્રદ્ધા આવી છે. આપણે સૌ શ્રીકૃષ્ણની શ્રદ્ધાને જો લાયક બનશું તો જગતમાં અવશ્ય શાંતિ પથરાશે.'

'દુર્યોધન! તારા પિતા જેટલા વિચિત્રવીર્યના પુત્ર તેટલો પાંડુ પણ વિચિત્રવીર્યનો પુત્ર; તું જેટલો ગાદીનો હકદાર તેટલા જ — બલકે તેથી વધારે યુધિષ્ઠિર હકદાર. છતાંયે આજ સુધી અનેક છળકપટ રચીને તેં પાંડવોને ગાદીથી દૂર જ રાખ્યા છે એ શું કોઈ નથી જાણતું? તેં પાંડવોને મારી નાખવાના કેટલાય પ્રયત્નો કર્યા પણ તે ન મર્યા; તેં તેમને હેરાન કરવામાં બાકી ન રાખી છતાં નીડરતાથી બધી હેરાનગતિ તેમણે સહન કરી; અને આજે જો તું તેમની યોગ્ય વાત પણ નહિ સ્વીકારે તો દુનિયાભરની અદાલત પાસે તારો કેવો ન્યાય થશે તેનો ખ્યાલ છે?

'તને તારા શકુનિમાં અને કર્ણમાં ભારે વિશ્વાસ છે. શકુનિએ આજ સુધીમાં તને જે જે

માર્ગ દેખાડ્યો તે માર્ગે જ તું ચાલ્યો છે. પણ શકુનિ કેવો નીચ અને પાપી છે તે તું જાણે છે? આ તારો કર્ણ જ્યારે ને ત્યારે બકબક કર્યા કરે છે, પણ એના જેવા કાગડાનો બકબકાટ તને કશો કામ લાગવાનો નથી. દુર્યોધન! રાજકુંવરોની પાસે નાનપણથી જ આવા દુષ્ટો એકઠા થાય છે એટલે તે બિચારાઓને સાચી વાતની ખબર જ પડતી નથી, અને છેવટે તેઓ સીધા વિનાશના ખાડામાં પડે છે. દુર્યોધન! તારું પણ આમ જ થયું છે.

'દુર્યોધન! તારા મનમાં એમ છે કે ભીષ્મ અને દ્રોણ આપણી પડખે ઊભા છે એટલે પછી કોના ભાર છે? પણ એ તારી ભૂલ છે. વિકર્ણ કહેતો હતો તે હવે મને વધારે સમજાય છે. હું મૂંગો રહ્યો રહ્યો આજે તો તારા બધા અધર્મોને સાથ આપી રહ્યો છું એટલે હવે તો હું તારા માટે લડવાનો જ નથી. તું અને તારી ચાંડાળચોકડી લડો; કેમ લડાય છે તેની ખબર પડે! તારો મામો ખૂણે બેઠો બેઠો ઉંદરવેડા કરે છે એને રણના ઉઘાડા મેદાન પર લાવ એટલે એનેય ખબર પડે! રણમેદાન ઉપર ખાલી ખખડાવીને પાસા નાખવાના નથી; ત્યાં તો સિંહના બચ્ચાના ખેલ છે.

'પણ દુર્યોધન! ઘડીભર માન કે હું અને દ્રોણ લડ્યા; તોપણ શું થવાનું? તને વિજય મળે એમ? બેટા! આશાયે ન રાખતો. અમે તો હવે જૂનાં ખોખાં થયા છીએ; અમારી વિદ્યા ગમે તેવી બળવાન હોય તોય જૂની છે; અમારાં શસ્ત્રાસ્ત્રો ગમે તેવાં તોય જૂના જમાનાનાં છે, અને અમે ગમે તેવા તોય વૃદ્ધ થયા છીએ. તારે તો ભરજુવાન અર્જુન સામે લડવાનું છે; તેનો રથ વરુણદેવની અસ્ત્રશાળામાં અર્વાચીન રીતે તૈયાર થયો છે. આજના યુગના મહાન ધનુર્ધારીઓએ તેને મંત્રવિદ્યા આપી છે, તેના ધનુષ્ય અને ભાથાની જગતમાં બીજી જોડ નથી. અને સૌથી વધારે તો એ કે અર્જુનના રથ પર શ્રીકૃષ્ણ બેસવાના. દુર્યોધન! હું આ બોલું છું ત્યારે તારા મિત્રો હસે છે. પણ યાદ રાખજે, બેટા! જેના સારથિ શ્રીકૃષ્ણ હોય તેને જીતવા માટે જગતમાં કોઈ જ સમર્થ નથી.'

'માટે દુર્યોધન! હું કહું છું કે પાંડવોની સાથે સમાધાન કર અને શ્રીકૃષ્ણના આશીર્વાદ લે. તેમ કરીશ એટલે પાંડવો તારા મિત્રો થશે; પાંડવોની મૈત્રીથી તારો રાષ્ટ્રધ્વજ વધારે શોભશે; અંતે પાંડવ-કૌરવ એક થયા એટલે આખું જગત તેમને ચરણે આવશે. શકુનિ, કર્ણ! તમે માનો અને દુર્યોધનને મનાવો. વિનાકારણ અમારા આખા કુળનો ઉચ્છેદ શા માટે કરાવો છો?'

'મહારાજ ધૃતરાષ્ટ્ર! તમે આ બાબત પર વિચાર કરો. આ તમારો પુત્ર દુર્યોધન આજે આખાયે કુરુકુળનો સંહાર કરાવવા ઊભો થયો છે તેને તમે રોકો. આજે તમે કુરુકુળના મુખી છો, તમારે મન તો કૌરવો અને પાંડવો બન્ને સરખા હોય. પાંડુ વનમાં મરી ગયો ત્યારથી તમે જ પાંડવોના પિતા થયા હતા છતાં આજ સુધી તમે પાંડવોને અન્યાય કરવામાં તમારો સાથ આપ્યો છે, તેની ના તમારાથી નહિ કહી શકાય. પણ મહારાજ! પાંડવો બધું ગળી જાય તેવા છે. આજે તમારી મુરબ્બીવટ સિદ્ધ કરો અને પાંડવોને ન્યાય આપો. ધૃતરાષ્ટ્ર! હજી સંધિ કરવાનો વખત છે. આજે ખરી વાત નહિ માનો અને લડાઈ થશે, તો તમે આજ સુધીમાં જે જે કાળાં કર્મોને ઉત્તેજન આપ્યું છે તે તમામનાં ફળ તમારે ચાખવાં પડશે ત્યારે બહુ વસમું લાગશે. અને તે વખતે આ બૂઢિયાનાં વચનો યાદ આવશે. ધૃતરાષ્ટ્ર! દુર્યોધનને આજે આ વાત સાફ સાફ કહી દ્યો; અને તે ન માને તો તો આજે જ ત્યાગ કરો. જન્મ વખતથી જ તેનો ત્યાગ કર્યો હોત તો આ દિવસ ન આવત; પણ હજી ત્યાગ કરી શકો છો. ધૃતરાષ્ટ્ર, ધૃતરાષ્ટ્ર! મહારાજ શાન્તનુ અને માતા સત્યવતીને આપણો કુળતંતુ જળવાઈ રહે તેની કેટલી મમતા હતી! આજે તમે જ કુરુકુળના વિનાશને માર્ગે ચાલવા માંડ્યું છે એ સમજો છો?'

'દુર્યોધન! લડાઈ કરીને પાંડવોને જીતવાની તને આશા છે; પણ યાદ રાખ, લડાઈમાં તારું કશું વળવાનું નથી. આ અર્જુનને લડાઈમાં હરાવે એવો માનવી કોઈ માતાએ હજી જણ્યો નથી. માટે સમજી લે, છોકરવાદી છોડી દે, પાંડવોને તેમની માગણી પ્રમાણે આપી દે અને લડાઈની ખૂનખરાબીમાંથી આપણા કુળને જ નહિ પણ આખા માનવસમાજને ઉગારી લે. દુર્યોધન! ગાંધારીના દીકરા! પાંડવો સાથે સમાધાન કર, અને તમે એક સો ને પાંચ જણા મળીને આખા જગતને શાંતિનો પાઠ આપો.'

સેનાપતિપદે

'મહારાજ!' દુર્યોધને નિરાશ થતાં થતાં કહ્યું, 'આપે મારી તમામ આશાઓને ધૂળમાં મેળવી છે. આપના અને દ્રોણાચાર્યના બળ ઉપર મેં આ યુદ્ધ માંડ્યું છે.'

ભીષ્મે ક્રોધથી કહ્યું: 'તું શા માટે ન માંડે? મેં તો તને શ્રીકૃષ્ણ આવ્યા તે સભામાં જ ચોખ્ખું સંભળાવી દીધું હતું. તું અનેક કાળાંધોળાં કરીને લડાઈઓ જગવતો ફરે અને પછી મારે તેમાં લડવું એ ક્યાંનો ન્યાય છે? આવા અધર્મમાં હું ભાગ લેવાનો નથી.'

દુર્યોધને નિસાસો નાખી કહ્યું: 'પિતામહ! આજે હવે મને સમજાય છે. શકુનિ અને કર્ણ મને વર્ષો થયાં કહેતા આવ્યા છે કે આ પિતામહ ઉપર ઉપરથી તારા દેખાય છે પણ અંદરથી તે પાંડવોના છે, અને ખરે વખતે તને દગો દેવાના છે. આજ સુધી હું આ વાતને માનતો ન હતો; પણ આજે મારી આંખ ઊઘડી છે. આજે મને સમજાય છે કે આપને મેં આજ સુધી પોષ્યા તે પાંડવોનું હિત કરવા માટે જ.'

'દુર્યોધન, દુર્યોધન!' ભીષ્મ બોલ્યા, 'તું એમ ન બોલ. પાંડવોનું હિત આજ સુધી તો મેં કદી જોયું જ નથી. જ્યારે ત્યારે હું તારા માટે લડ્યો છું, અને અનેક પ્રસંગોએ તેં પાંડવોને હેરાન કર્યા ત્યારે પણ મેં તારું પડખું છોડ્યું નથી.'

દુર્યોધને જણાવ્યું: 'એ આપની મારા પર કૃપા; પણ આજે અણીને વખતે આપ પાંડવોના પક્ષમાં જાઓ એટલે થઈ રહ્યું!'

'હું તેમની તરફ પણ જવાનો નથી. હું તો જીવનને કાંઠે ઊભો ઊભો તમારું યુદ્ધ જોઈશ, અને પ્રભુ મોત મોકલશે ત્યારે તેને વધાવીશ. મનમાં તો થાય છે કે કુળનો વિનાશ જોવા જીવું તે કરતાં આપઘાત કરું તો ઠીક; પણ એ પાપ કરવાનું દિલ નથી ચાલતું. આજ સુધી મેં આખા કુટુંબ પર રાગ કેળવ્યો એટલે ઈશ્વર મને એ કુટુંબનો વિનાશ ન દેખાડે! તું તારે જા, હું પાંડવો તરફ નથી જવાનો.'

'નહિ નહિ,' દુર્યોધન બોલ્યો, 'એના કરતાં તો પાંડવો તરફથી લડો એટલે દુર્યોધન પણ જુએ.'

ભીષ્મે જરા આવેશથી કહ્યું: 'દુર્યોધન! પાંડવો તરફથી લડીશ તો તો તારો એક પણ યોદ્ધો જીવતો નહિ જાય!'

દુર્યોધને ભીષ્મનું વચન ઝીલી લીધું અને બોલ્યો: 'યોદ્ધાની વાત જવા દો, પણ એકે કૌરવ જીવતો ન જાય એ હું સમજું છું. પણ પિતામહ! આપને હાથે મોત ક્યાંથી! આપને હાથે મેદાન પર સૂઈએ તો તો જીવન સફળ થઈ જાય! એવાં સદ્‌ભાગ્ય ક્યાંથી! પણ પિતામહ! હવે તો લડાઈ સુધી પહોંચવાનીયે કશી જરૂર નથી. આ રહી મારી સમશેર. આપના જ પવિત્ર હાથથી આ તલવારને મારી ગરદન પર ચલાવો એટલે બસ; પછી આપ પાંડવોની સાથે સુખેથી સમાધાન કરો. સમાધાનમાં આડખીલી હું છું તેને દૂર કરો, એટલે

આપણું કુળ પણ બચશે અને ક્ષત્રિયોનો સંહાર થતો પણ અટકશે. પિતામહ! લ્યો આ સમશેર. મને મારીને મારા જ લોહીથી આપ મહારાજ યુધિષ્ઠિરને ચાંલ્લો કરી શકો છો, અને તેના માથે મુગટ મૂકી શકો છો.'

'બેટા! તારું આવું અકાળ મૃત્યુ મારે હાથે કરું?' ભીષ્મ આંસુભીની આંખો કરીને બોલ્યા.

દુર્યોધને જવાબ વાળ્યો: 'એમાં મૃત્યુ અકાળ ક્યાં થયું? મારો કાળ તો પોકારી રહ્યો છે એમ આપ જ સભામાં કહેતા હતા. મારા ગયા પછી મારા ભાઈઓને પાંડવો જીવતા મારી નાખે અથવા તો વનમાં હાંકી કાઢે એમ કહેશો, અને પાંચાલીનું કેશગ્રહણ આપે જોયું છે તેના પ્રાયશ્ચિત્ત રૂપે યુધિષ્ઠિર ભાનુમતીનો ચોટલો ખેંચે એમ ખાસ ભલામણ કરશો, તો મારા જીવને શાંતિ થશે.'

ભીષ્મ અકળાવા લાગ્યા અને બોલ્યા: 'બેટા દુર્યોધન! આવું આવું બોલીને તું મને નાહક શા માટે દુ:ખી કરે છે?'

'માટે જ આપને દુ:ખી કરનાર દુર્યોધન જગતમાંથી જવાની પરવાનગી માગે છે, અને આપને સુખી કરનાર યુધિષ્ઠિર માટે જગા ખાલી કરે છે.' દુર્યોધને કહ્યું.

ભીષ્મ દુ:ખી હૈયે બોલ્યા: 'દુર્યોધન! 'આવું આવું બોલીને મારી વૃદ્ધ છાતીમાં શા માટે ઘા કરે છે? જરા વિચાર તો કર!'

દુર્યોધન આંસુ લૂછતો લૂછતો બોલ્યો: 'પિતામહ! વિચાર શો કરું? સાચું કહું? આપને આ યુદ્ધમાં લડ્યા વિના કોઈ રીતે ચાલે તેમ નથી. સો વાતની એક વાત. આપને ગમે તોયે લડવાનું, ને ન ગમે તોયે લડવાનું. આપના વિશ્વાસ પર તો અગિયાર અક્ષૌહિણી સેના મૃત્યુને ભેટવા સજ્જ થઈ છે. એ સેના શું મને જોઈને આવી છે? એ લોકો તો કુરુવૃદ્ધ પિતામહના ધોળા વાળને જોઈને આવ્યા છે; એ લોકો ધનુર્ધારી દ્રોણને ઓળખે છે. આપને લડવું જ પડશે.'

ભીષ્મ બોલ્યા: 'મારી ઇચ્છા વિરુદ્ધ મારાથી શી રીતે લડાશે? મને તારો ચોખ્ખો અધર્મ લાગે છે.'

દુર્યોધન જરા હસીને બોલ્યો: 'એ ધર્મ-અધર્મનો નિર્ણય તો લડાઈ પૂરી થયા પછી આપણે બન્ને કરી લેશું. આજે તો હાથમાં ધનુષ્ય લઈને ટંકાર કરો એટલે શત્રુઓનાં કાળજાં ચિરાઈ જાય.'

ભીષ્મ પિતામહ વળી બોલ્યા: 'દુર્યોધન! મેં તને પહેલેથી જ ના પાડી હતી કે આ યુદ્ધ રહેવા દે; પણ તેં ન માન્યું.'

દુર્યોધન જરા જોસમાં આવ્યો અને બોલ્યો: 'પિતામહ! હું સમજું છું કે સભામાં મેં આપનું કહેવું ન માન્યું તેની આપને રીસ ચડી છે, અને એ રીસના માર્યા આપ યુદ્ધથી વેગળા રહેવા માંગો છો. પણ પિતામહ! હું ગમે તેવો તોયે આપનો બાળક. તોફાન કરું, આપની મૂછ ખેંચું, મનમાં આવે તે બોલી નાખું, આપને ન ગાંઠું, તો આપ મને તમાચો મારીને હેઠો બેસાડો; પણ આપનાથી મારો ત્યાગ ન થાય. હું તો નાનો છું તે છોરુકછોરુ થઈનેય છૂટીશ પણ આપનાથી નહિ છુટાય. લોકો પણ કહેશે કે દુર્યોધનને તો અક્કલ ન હતી, એ બુઢ્ઢાને શરમ ન આવી? માટે આપ તૈયાર થાઓ અને સમગ્ર કૌરવસેનાનું મુખીપણું હાથમાં લ્યો.'

ભીષ્મે જવાબ વાળ્યો: 'દુર્યોધન! હું ઘરડો આવડી મોટી સેનાને શી રીતે પહોંચી વળીશ?'

દુર્યોધને જવાબ વાળ્યો: 'પિતામહ! એ વિચાર કરવાનું મને સોંપો. આટલાં વર્ષથી

ગાદી પર બેઠો છું, એટલે યુદ્ધમાં કોને ઘરડા ગણવા અને કોને જુવાન ગણવા એટલું તો શીખ્યો છું. ફક્ત મને હા પાડો.'

ભીષ્મે ધીરે સ્વરે જણાવ્યું: 'દુર્યોધન! મનમાં તો હજીયે થાય છે કે હું આ યુદ્ધમાં ભાગ ન લઉં!'

દુર્યોધને કહ્યું: 'આપનું મન આજે જરાક એવું થઈ ગયું છે; હું રજા લઉં છું. આપને આજે સાંજના ઊપડવાનું છે; ગુરુ દ્રોણાચાર્યની પાસે જઈને તેમને પણ આપના નામથી તૈયાર કરું છું.'

ભીષ્મે જણાવ્યું: 'એમાં મારા નામથી શું? રાજા તો તું છે. દુર્યોધન! હું છેવટે તારાથી હાર્યો.'

દુર્યોધન હસતો હસતો બોલ્યો: 'એ તો દાદા દીકરાથી હારે એમાં જ દાદાની શોભા નથી?'

આટલું કહી દુર્યોધન ઉતાવળે પગલે અદૃશ્ય થયો. એકલા પડેલા ભીષ્મ પિતામહના મનમાં કુરુક્ષેત્રની વ્યૂહરચના ડોકિયું કરવા લાગી.

યુધિષ્ઠિરને આશીર્વાદ

કુરુક્ષેત્રના મેદાન પર લશ્કરોની જમાવટ થઈ ગઈ હતી. પાંડવોના તેમ જ કૌરવોના પડાવ હતા ત્યાં માણસો, હાથીઓ, ઘોડાઓ, રથો, ગાડીઓ વગેરેની ધમાલ જામી હતી. ભારતવર્ષના રાજામહારાજાઓ આવતી કાલે કેમ જાણે જીવન સાર્થક થવાનું હોય તેમ સૂર્યોદયની રાહ જોતા હતા.

એવામાં સાંજ પડી. ભગવાન સૂર્યનારાયણ બન્ને છાવણીઓના મેદાન પર એક લાંબી નજર નાખી બીજી દુનિયા તરફ સિધાવી ગયા. આખીયે કૌરવસેના યુદ્ધ માટે હણહણી રહી હતી. કૌરવસેનાની બરાબર મધ્યમાં ભીષ્મ પિતામહનો મોટો આલીશાન તંબૂ ઊભો કર્યો હતો. તંબૂના મધ્ય ઓરડામાં આઠ-નવને સુમારે પિતામહ જરા લાંબા થઈને પડ્યા હતા ત્યાં એક નોકર આવ્યો: 'પિતામહ! યુધિષ્ઠિર મહારાજ બહાર આવ્યા છે અને આપને મળવાની રજા માગે છે.'

ભીષ્મ જરા ઊભા થઈ ગયા અને બોલ્યા: 'યુધિષ્ઠિર! એને વળી રજા માગવાની હોય?'

'મોડી રાતે એવું શું હશે વારુ? પિતામહ વિચારે ચડ્યા, ત્યાં તો યુધિષ્ઠિરે આવીને તેમના ચરણમાં મસ્તક નમાવ્યું.

'યુધિષ્ઠિર, યુધિષ્ઠિર! આ શું કરે છે?' ભીષ્મે પૂછ્યું.

'પિતામહનાં ચરણમાં બાળક યુધિષ્ઠિર માથું મૂકે છે.' યુધિષ્ઠિર બોલ્યા.

ભીષ્મે યુધિષ્ઠિરનું મસ્તક સૂંઘ્યું ને બોલ્યા: 'ઊઠ, બેટા યુધિષ્ઠિર! ચિરંજીવ. આટલી મોડી રાતે અહીં કેમ આવ્યો?'

યુધિષ્ઠિરે એક બાજુ બેસતાં બેસતાં જવાબ વાળ્યો: 'પિતામહ! કાલથી યુદ્ધ શરૂ થવાનું છે એટલે આજે આપને વંદન કરવા અને આપના આશીર્વાદ લેવા આવ્યો છું.'

ભીષ્મ જરા શરીરને સ્વસ્થ કરીને બોલ્યા: 'મારા આશીર્વાદ?' ભીષ્મના આશીર્વાદ આજે વીર્યહીન થઈ ગયા છે. આશીર્વાદ તો તને ઈશ્વરના છે જ. તું આવ્યો તે ઠીક કર્યું. સાચું કહું? જો તું ન આવ્યો હોત તો મને માઠું લાગત. '

યુધિષ્ઠિરે જવાબ વાળ્યો: ‘મારા મનમાં થયું કે કાલની કોને ખબર છે?જીવલેણ યુદ્ધમાં હું ખપી જાઉં તે પહેલાં જ પિતામહને વંદન કરી લઉં. ગુરુ દ્રોણાચાર્ય પાસે પણ અહીંથી જવાનો છું. કાલ સવારથી તો આપ સંહાર કરવા લાગશો ત્યાં કોણ ટકી શકવાનું છે?’

‘યુધિષ્ઠિર! એમ ન બોલ.’ ભીષ્મે કહ્યું.

‘એમ ન બોલું તો શું બોલું? આટઆટલાં વર્ષો વનમાં ભટકીને પસાર કર્યાં; આવતી કાલે હવે પાંચે ભાઈઓ કુરુક્ષેત્રમાં સોડ તાણીને સૂશું, એટલે થયું!’ યુધિષ્ઠિરે જણાવ્યું.

‘બેટા! એમ દીન શા માટે થાય છે?’ ભીષ્મ બોલ્યા.

‘ભીષ્મની પાસે તો આખા જગતનું ક્ષાત્રતેજ દીન થાય, ત્યાં હું શી વિસાતમાં? અમે પાંચે ભાઈઓ તો આપને માથાં સોંપી મેદાનમાં સૂવા આવ્યા છીએ.’

ભીષ્મ બોલી ઊઠ્યા: ‘તારી ભૂલ થાય છે, યુધિષ્ઠિર! જે કાળા માથાનો માનવી એમ માનતો હોય કે યુદ્ધને અંતે દુર્યોધનનો વિજય છે, તે ભૂલ ખાય છે. યુદ્ધને અંતે વિજય તારો જ છે યુધિષ્ઠિર!’

‘પિતામહ! મને બાળક લેખીને ફોસલાવતા તો નથી કે?’

ભીષ્મ વધારે ભાર દઈને બોલ્યા: ‘યુધિષ્ઠિર! આજે હું તને ફોસલાવતો હોઉં પણ જગતની નિયામક સત્તાને તો કોઈ ફોસલાવી શકવાનું નથી. આજે મારા અને દ્રોણના બળ ઉપર દુર્યોધન ગમે તેટલા કૂદકા મારતો હોય પણ તેને ખબર નથી કે અર્જુનના ઝપાટા પાસે અમારો હિસાબ નથી.’

યુધિષ્ઠિર હાથ જોડતા બોલ્યા: ‘પિતામહ! આપ એમ બોલો તે કેમ મનાય?’

ભીષ્મ જરા ગુસ્સે થઈને બોલતા હોય તેમ બોલ્યા: ‘ન મનાય? શું હું જૂઠું બોલું છું? અર્જુનના રથ પર કોણ બેસવાનું છે તેનો ખ્યાલ છે? આ તો અર્જુનનો રથ છે, પણ અદના આદમીનો રથ હોય તોપણ જેના ઘોડાની લગામ શ્રીકૃષ્ણના હાથમાં હોય તેનો પરાજય કરનાર આ દુનિયામાં હું કોઈને દેખતો નથી. હું ગમે તેટલો બળવાન હોઉં, દ્રોણ ગમે તેટલા બળવાન હોય, પણ એ બધું બળ એક ક્ષણમાં ઓગળી જવાનું છે, અને અર્જુનનું બળ આખા યુદ્ધમાં ટકી રહેવાનું છે. યુધિષ્ઠિર! તને શું કહું! હું તો યુદ્ધમાં આવવાનો જ ન હતો, પણ દુર્યોધને બહુ કહ્યું એટલે આવ્યો છું.’

યુધિષ્ઠિર બોલ્યા: ‘એટલે જ મને ભય છે. આપે ધાર્યું હોય તો અર્ધા દિવસમાં અમારો કચ્ચરઘાણ વાળવા એકલા સમર્થ છો.’

ભીષ્મે જણાવ્યું: ‘એક દિવસ એવું હશે; આજે નથી. આજે તો ધનુષ્ય હાથમાં ઝાલીશ ત્યારે પણ હું અધર્મના પક્ષમાં છું એવો ખ્યાલ મને છોડવાનો નથી; એટલે ગમે તેટલું બળ કરીશ તો પણ ધનુષ્યની દોરી જ ઢીલી પડવાની. યુધિષ્ઠિર! જરાયે ચિંતા ન કર; વિજય તમારો છે.’

યુધિષ્ઠિર બોલ્યા: ‘પિતામહ! અર્જુન તો આજ સવારથી જ ઢીલો થઈ ગયો છે. આપ અને દ્રોણગુરુની સામે પોતાથી શી રીતે લડાશે એ વિચારે જ તેને મૂઢ જેવો બનાવી દીધો છે.’

ભીષ્મે જવાબ વાળતાં કહ્યું: ‘યુધિષ્ઠિર! તારા અર્જુનને કહેજે, મારા પણ બાણ ફેંકતાં જરાયે સંકોચ ન રાખે. યુધિષ્ઠિર! તું સમજું છે એટલે તને કહું છું. હું અને દ્રોણ આજે ખોખરા થઈ ગયા છીએ, કાળના વાયરા જોતાં મને લાગે છે કે અમારે હવે દુનિયામાંથી વિદાય લેવાનો વખત પાકી ચૂક્યો છે. અર્જુન નવીન તેજનો વાહક છે એટલે તેને હાથે મારું મૃત્યુ થાય તો હું મારું અહોભાગ્ય સમજું.’

યુધિષ્ઠિર બોલ્યા: ‘આપ શું બોલો છો? આપનું એક જ બાણ અમને સૌને વીંધી

નાખવા સમર્થ છે.'

'યુધિષ્ઠિર! એમ ન માનતો. અમારો દિવસ આથમતો છે. હું ક્યારનોય પારખી ગયો છું, આ યુદ્ધમાં અમારું મોત છે. તું જરાયે ચિંતા ન કર. શ્રીકૃષ્ણ અને અર્જુન જગતમાં નવો પ્રકાશ ઉતારવાના છે; તેની પાસે અમે કોઈ ટકવાના નથી, એટલું ખાતરીથી જાણજે. હવે જા, તારે કાલની ગોઠવણ કરવી હશે. અને યુધિષ્ઠિર! એક જ વાતનું ધ્યાન રાખજે; શ્રીકૃષ્ણ અને અર્જુનને બધું સોંપી દેજે. એમના હાથે અમારો સૌનો પરાજય છે; અને એમને હાથે જ નવીન યુગનો અવતાર છે. જા બચ્ચા! જા. પ્રભુના તમારા પર આશીર્વાદ હો!'

ભીષ્મ એટલું બોલ્યા એટલે યુધિષ્ઠિર ફરીથી તેમના પગમાં પડ્યા અને વિદાય લીધી.

કુરુક્ષેત્રને દસમે દિવસે

કુરુક્ષેત્રના મેદાન પર આજે પાંડવકૌરવોનાં વેરઝેર ફાટી નીકળ્યાં. કહે છે કે પૃથ્વી પર કોઈ જ્વાળામુખી ફાટી નીકળે છે તે પહેલાં કેટલાંયે વર્ષોથી પૃથ્વીના પેટમાં ઊના ઊકળતા રસો એકઠા થયા કરે છે; અને છેવટે આ ઉકળાટ પૃથ્વીના પડને ચીરીને પોતાનો માર્ગ શોધે છે. પૃથ્વીના પેટને પારખનાર લોકો આવા જ્વાળામુખી ફાટે તે અગાઉથી તેના ચિહ્નો જાણી શકે છે અને આસપાસના લોકોને ચેતવણી પણ આપે છે. આર્યાવર્તમાં આજે વર્ષો થયાં આવો જ્વાળામુખી ફાટવાની તૈયારીઓ થઈ રહી હતી, અને માનવસમાજના પેટને પારખનાર વ્યાસ જેવા ક્રાંતદર્શિઓએ ઊના, ઊકળતા રસોને ક્યારના જોઈ લીધા હતા.

યુદ્ધ મંડાયાં આજે દસમો દિવસ થયો. છેલ્લા નવ દિવસમાં તો કેટલાયે વીરો બાળકોને નબાપા મૂકી ચાલતા થયા, છેલ્લી નવ રાત્રિઓમાં તો કેટલીયે અબળાઓએ પોતાનાં આંસુ માત્રથી પૃથ્વીને ભીની કરી નાખી; છેલ્લા નવ દિવસ દરમિયાન માનવીના આર્તનાદથી પૃથ્વી અને આકાશમાં કેટલાયે મોટા ચીરા પડ્યા; છેલ્લા નવ દિવસ દરમિયાન આર્યાવર્તની અર્ધી ક્ષત્રિય આલમ તો લગભગ નાબૂદ થઈ ગઈ.

અને છતાં, નવ નવ દિવસ સુધી ઘોર યુદ્ધ ચાલ્યું પણ પરાજયનું ત્રાજવું એકેય બાજુ નમતું નથી. 'દુર્યોધન કે યુધિષ્ઠિર' એ નિર્ણય હજી તો તોળાઈ રહ્યો છે; બન્ને બાજુ એવી રસાકસી ચાલે છે કે પરિણામ થંભીને ઊભું છે.

એટલામાં દસમો દિવસ ઊગ્યો, દસમા દિવસનું પ્રભાત શું બોલે છે?

દુર્યોધન ગભરાયો. ભીષ્મ પિતામહ સંકલ્પ કરે તો અર્ધા દિવસમાં આખી પાંડવસેનાનો સંહાર કરે એવી તેની ગણતરી રહી; એ જ ભીષ્મ શરૂઆતથી જ મન મૂકીને લડતા નથી એવો તેને વહેમ હતો. ભીષ્મે પાંડવસેનામાં કાળો કેર વર્તાવ્યો અને શ્રીકૃષ્ણ જેવાને પ્રતિજ્ઞા વિરુદ્ધ ચક્ર લેવડાવ્યું, છતાંયે દુર્યોધનનો વહેમ ન જ ટળ્યો. 'પિતામહ મારા પક્ષમાં રહ્યા રહ્યા પાંડવોનું હિત સંભાળે છે.' એવાં એવાં મર્મવચનોથી તેણે ભીષ્મના કલેજામાં ઘા કર્યા; અને આજે એવા ઘાના માર્યા ભીષ્મ ફરીથી કૌરવસેનાને મોખરે આવી ઊભા.

ભીષ્મ તો ગંગામૈયાના પુત્ર; ગંગામૈયાના ખોળામાં રમતાં રમતાં તેમણે ધનુર્વિદ્યા મેળવેલી. પરશુરામ જેવા ગુરુની પાસેથી તેમણે દીક્ષા લીધેલી. ઘરસંસારની ઉપાધિથી મુક્ત રહેલા એટલે નાની નાની બાબતોમાં તેમણે શક્તિને વેડફી નહિ નાખેલી. કુરુકુળનો તંતુ જળવાય એવી મનોવાસનાથી આજે ઘરડે ઘડપણે પણ હાથમાં શસ્ત્રો લીધાં. આખી પાંડવસેનામાંથી એક અર્જુનને બાદ કરીએ તો ભીષ્મની સામે ઊભો રહે તેવો એક પણ

યોદ્ધો જડવો મુશ્કેલ. આ ભીષ્મે સેનાને મોખરે આવીને પડકાર કર્યો: 'ચાલ્યો આવ, બેટા અર્જુન! ચાલ્યો આવ.'

ભીષ્મનો પડકાર સાંભળ્યો અને કુંતીનો પુત્ર અર્જુન ઊછળ્યો. વરસાદના દિવસોમાં મેઘગર્જના સાંભળતાં વેંત જેમ કેસરી સિંહનો બચ્ચો ગજગજ ઉછાળા મારે તેમ અર્જુન અંદરથી ઉછાળા મારવા લાગ્યો. તેના હાથ એકદમ ગાંડીવ પર પડ્યા; તેનું આખું શરીર તૈયાર થઈ ગયું; તેની આંખો એક ભીષ્મને જ જોઈ રહી અને તે બોલી ઉઠ્યો: 'સખા શ્રીકૃષ્ણ! ભીષ્મ ક્યાં છે? મારો રથ ત્યાં હાંકો.'

શ્રીકૃષ્ણ રથના ઘોડાની લગામ વાળતા બોલ્યા: 'જો અર્જુન! જોયા પેલા પિતામહ? આજના ભીષ્મ જુદા જણાય છે. દરરોજ તો પહેલાં આગળ આવે, પછી તારાં બાણો ચરણમાં પડે એટલે માથા પર બાણો મૂકીને તને આશીર્વાદ આપે, અને પછી યુદ્ધ શરૂ થાય. આજે આ બધી વિધિઓનો ત્યાગ કરીને સીધો એમણે પડકાર જ કર્યો છે એટલે આજનો રંગ જુદો દેખાય છે.'

હજી તો શ્રીકૃષ્ણ રથને આગળ કરતા આ પ્રમાણે બોલે છે ત્યાં પાંડવસેનાના યોદ્ધાઓ, રથ, હાથીઓ, ઘોડાઓ, સારથિઓ બધા ટપોટપ પડવા લાગ્યા. ગ્રીષ્મના પ્રખર તાપમાં કોઈ અરણ્યમાં મોટો દાવાનળ લાગે અને મોટાં મોટાં વૃક્ષો પણ કડાકાભડાકા કરતાં સળગીને નાશ પામે એમ પાંડવ યોદ્ધાઓ નાશ પામવા લાગ્યા. એટલે યુધિષ્ઠિરને પણ થયું કે જો આ પ્રમાણે ચાલશે તો સાંજ સુધીમાં પાંડવો હતા ન હતા થઈ જશે.

એવામાં ભીષ્મે ફરી પડકાર કર્યો: 'બેટા અર્જુન! આ બાજુ, આ બાજુ. મારા પર ચોમેરથી બાણોનો વરસાદ વરસે છે પણ તારાં બાણો વડે વીંધાવાની લિજ્જત હજી મને નથી આવતી.'

ત્યાં તો શ્રીકૃષ્ણે અર્જુનનો રથ બરાબર ભીષ્મની સામે મારી મૂક્યો, અને અર્જુને ગાંડીવનો ટંકાર કરી બાણો છોડવા માંડ્યા. પ્રલયકાળના સૂર્યસમા ભીષ્મે અર્જુન પર એવો સપાટો ચલાવ્યો કે આ તે ભીષ્મ છે કે સાક્ષાત્ કાળ છે તેનો અર્જુનને વિચાર થઈ પડ્યો. અર્જુને ગાંડીવ પરથી એવાં તીક્ષ્ણ બાણો છોડવા માંડ્યાં કે ભીષ્મનું શરીર વીંધાવા લાગ્યું.

પરંતુ અર્જુનનો હાથ ઢીલો પડતો જોઈ શ્રીકૃષ્ણથી રહેવાયું નહિ: 'અર્જુન! આવા ઢીલા પોચા હાથમાં હસ્તિનાપુરનું રાજ્ય શી રીતે ચાલવાનું છે? તારા આ વૃદ્ધ પિતામહે બે બે વાર તો મારી પ્રતિજ્ઞા તોડાવી ને મને ચક્ર લેવડાવ્યું છે. આજે સાવધ થા, નહિતર આ આખું સૈન્ય માર્યું જશે.'

અર્જુન બોલ્યો: 'સખા! ઘણીયે મહેનત કરું છું પણ કોણ જાણે કેમ ભીષ્મને જોતાં જ હાથ ઢીલો પડી જાય છે.'

શ્રીકૃષ્ણ ખોંખારો કરીને બોલ્યા: 'અર્જુન! એ બધું નહિ ચાલે. આ રહ્યો શિખંડી. શિખંડી! તું આ બાજુ રથને લાવીને ભીષ્મ પર મારો ચલાવ. અર્જુન! તું પણ ચલાવ. જુઓ, ભીષ્મને આજે તો બરાબર દેખાડી આપો કે પાંડવો પણ લડી જાણે છે.'

અર્જુન અને શિખંડીએ ભીષ્મ ઉપર એકીસાથે મારો ચલાવ્યો એટલે ભીષ્મ ગભરાયા અને બોલ્યા: 'અર્જુન! કયાં બાણ શિખંડીના ધનુષ્ય પર ચડીને આવે છે અને કયાં બાણ અર્જુનના ગાંડીવમાંથી નીકળીને આવે છે તે હું ઓળખી શકું છું, હો અર્જુન! બિચારો આ શિખંડી શું જોઈને મને મારતો હશે! ગાડાની નીચે ચાલતું કૂતરું એમ જ માને છે કે ગાડું હું જ ખેંચુ છું; પણ એ તો શિખંડી! આજે એ પુરુષ છે પણ એક દિવસ તે સ્ત્રી હતો; તેની સામે ઘા ન કરવો એવો મારો સંકલ્પ છે — ગાંડોઘેલો તોયે સંકલ્પ છે. પરંતુ બેટા! આ શિખંડીની પાછળથી તારાં જે બાણો છૂટે છે તે મને વીંધે છે ત્યારે એની મીઠાશ અનુભવું

છું. માર, માર, સંકોચ ન રાખ. આજે આ મારો છેલ્લો દિવસ છે. મારો આત્મા હવે આ ખોળિયાને છોડવા તલસી રહ્યો છે. લગાવ!'

ભીષ્મ બોલતા બોલતા શસ્ત્રો છોડીને બેઠા અને અર્જુનનાં બાણોને ઝીલવા લાગ્યા. અર્જુને બાણો માર્યે રાખ્યાં. સૂર્યાસ્ત થયો ત્યાં તો શાહુડીને આખે શરીરે પીંછાં હોય તેમ ભીષ્મનો આખો દેહ બાણોથી વીંધાઈ ગયો અને ભીષ્મ રથમાંથી હેઠા પડ્યા.

ભીષ્મ પડ્યા એ સમાચાર વીજળીને વેગે બન્ને સૈન્યોમાં ફેલાઈ ગયા એટલે યુદ્ધ આપોઆપ બંધ થઈ ગયું અને અર્જુન, શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિર, દ્રોણ, દુર્યોધન, ભીમ, કૃપાચાર્ય વગેરે તેમની આસપાસ વીંટાઈ વળ્યા. અર્જુન ખિન્ન થઈને એક બાજુ ઊભો હતો ત્યાં ભીષ્મે ડોક ઊંચી કરીને તેની સામે જોયું અને બોલ્યા: 'બેટા! ખિન્ન ન થા. નવજુવાનોના હાથથી મૃત્યુ મેળવવાનું સદ્‌ભાગ્ય થોડાક જ વૃદ્ધોને મળે છે. મારું જીવન તો આજે અસ્ત થયું!'

અર્જુન દીન સ્વરે બોલ્યો: 'પિતામહ! જેમના ખોળામાં હું મોટો થયો તેમને જ મેં મારા હાથથી માર્યા!'

ભીષ્મે શાંતિથી જવાબ વાળ્યો: 'બેટા અર્જુન! તારી ભૂલ થાય છે. અમે ઘરડા લોકો ખોળે ખૂંદ્યાને બહાને નિરંતર જુવાનોની આડે જ આવીએ તો અમને હડસેલી પાડવાનો તમને જુવાનોને હક્ક છે. આજે તારા જેવા જુવાને મારી દયા ખાવાને બદલે મને મારીને સમાજક્ષેત્રમાં મારું ખાતર કરી નાખવું જોઈએ. કાલે તું વૃદ્ધ થશે ત્યારે નવી પ્રજા નવસંસ્કૃતિના પાકમાં તારોયે ખાતર તરીકે ઉપયોગ કરશે. માનવસમાજને માટે આ જ કલ્યાણનો માર્ગ છે. મારા જેવા વૃદ્ધો છેલ્લી પળ સુધી દૂર ન ખસે તો પછી તેમને દૂર કર્યે જ છૂટકો.'

અર્જુન આંસુ ખાળતો ખાળતો બોલ્યો: 'પિતામહ! આપ તો અમારા કુળના સ્તંભ.'

'માટે જ સ્તંભ સડી જાય ત્યારે તેને બદલીને ત્યાં નવો સ્તંભ ગોઠવવો.' ભીષ્મે કહ્યું, 'અર્જુન! આજે તો તારા જેવા જુવાનના ઘા હસતે ચહેરે ઝીલીને પડ્યો છું એટલે મારા જેવો કોઈ ભાગ્યશાળી નહિ. અર્જુન! મારી પીડા વધે છે. જરા બાજુ જા. દુર્યોધન ક્યાં છે?'

'પિતામહ! આ રહ્યો.' દુર્યોધન આગળ આવ્યો, 'પિતામહ! આપને છાવણીમાં લઈ જઈને બધાં બાણો કઢાવવાની તજવીજ કરીએ.'

ભીષ્મ બોલ્યા: 'દુર્યોધન! બધાં ફાંફાં છે. હવે ભીષ્મની આશા છોડી દે. હું આજે જ મરવાનો નથી, પણ સૂર્યની દિશા ન બદલાય ત્યાં સુધી હું આ બાણશય્યા પર જ રહેવાનો છું.'

'બાણશય્યા પર?' દુર્યોધનને આશ્ચર્ય થયું.

'હા, બાણશય્યા પર.' ભીષ્મે જણાવ્યું, 'કુરુક્ષેત્રના એક ખૂણામાં પડ્યો પડ્યો હું આખાય કુળનો સંહાર જોઈશ તો જ મારા મોહનું પ્રાયશ્ચિત્ત થશે.'

'પણ આ બાણોની પીડા કેટલી અસહ્ય થશે?' દુર્યોધને કહ્યું.

ભીષ્મે આંખ ઊંચી કરી દુર્યોધન સામે નજર માંડીને કહ્યું: 'માનવી તો જન્મે છે ત્યારથી જ બાણશય્યા પર સૂતો આવ્યો છે. આજ સુધીના જીવનમાં ભોગવેલી બાણશય્યા કરતાં આ બાણશય્યા વધારે પીડા કરે છે, એમ? તારી ભૂલ છે. હૃદયમાં દરરોજ ભોંકાતાં બાણોનો માણસ સરવાળો કાઢે તો આ બાણશય્યા તો હિસાબમાં નથી. પણ બિચારો મનુષ્ય ભુલકણો છે એટલે પાછો આશા બાંધીને જીવવા લાગે છે. દુર્યોધન! યુધિષ્ઠિર ક્યાં છે?'

‘આ રહ્યો, પિતામહ!’ યુધિષ્ઠિરે કહ્યું.

ભીષ્મ બોલ્યા: ‘તમે લડી રહો પછી મારી પાસે આવજો. મારામાં ગંગામૈયાએ આર્ય સંસ્કૃતિનું જે કાંઈ મૂક્યું છે તે તમને આપ્યા વિના મારો દેહ પડી શકે તેમ નથી. હવે તમે સહુ જાઓ, અને લડી લ્યો. પછી જે પાછળ રહો તે મારી પાસે આવજો.’

એમ કહી ભીષ્મ બોલતા બંધ થયા એટલે સૌ પોતપોતાના કામ પર લાગી ગયા.

પિતામહ બાણશય્યા પર

મહાભારતનું યુદ્ધ પૂરું થયું. ભરસભામાં પાંચાલીના ચીર ખેંચનાર દુ:શાસન વીરશય્યામાં પોઢ્યો; સૂતપુત્ર કર્ણ પૃથ્વીમાંથી રથનું પૈડું કાઢતાં કાઢતાં પડ્યો; આર્યાવર્તની કેટલીય સંસ્કૃતિઓ પચાવી જનાર પિતામહ બાણશય્યા પર સૂતા; અશ્વત્થામાના સમર્થ પિતા દ્રોણે શસ્ત્ર છોડ્યાં અને દુશ્મનની તલવાર પાસે માથું ઝુકાવ્યું. સિંધુરાજ જયદ્રથનું માથું તેના પિતાના ખોળામાં જઈને પડ્યું; વીર અભિમન્યુ આખી કૌરવસેનાને તોબા પોકરાવીને પણ છ મહારથીઓ સામે મૃત્યુ પામ્યો; શલ્ય, શકુનિ, વિકર્ણ વગેરેએ પોતપોતાની રીતે મૃત્યુનો પંથ પકડ્યો; આવતી કાલના અનેક મનોરથો ઘડીને સૂતેલા ધૃષ્ટદ્યુમ્નની આવતી કાલ ઊગી જ નહિ; અને આખાયે યુદ્ધનો રચનાર દુર્યોધન સમંતપંચકમાં છેલ્લા શ્વાસો લઈ ઈશ્વરના દરબારમાં પહોંચ્યો. પાછળ રહ્યા પાંચ પાંડવ અને શ્રીકૃષ્ણ; પાછળ રહ્યા અશ્વત્થામા અને કૃપાચાર્ય, પાછળ રહ્યાં કુંતી અને ગાંધારી; પાછળ રહ્યો આ આખાયે ખેલનો છૂપો સૂત્રધાર પેલો અંધ ધૃતરાષ્ટ્ર.

અઢાર અક્ષૌહિણી સેનાનાં મડદાં પર પોતાનો રથ હાંકીને યુધિષ્ઠિર મહારાજ હસ્તિનાપુરના ધણી થયા. હસ્તિનાપુરમાં આવીને યુધિષ્ઠિરે ગાંધારીનાં આંસુ લોહ્યા; કૌરવસ્ત્રીઓનાં આંસુ લોહ્યા; અનેક વીરાંગનાઓનાં આંસુ લોહ્યાં અને છેવટે પોતાનાં પણ આંસુ લોહ્યાં.

એક દિવસ યુધિષ્ઠિર ચારે ભાઈઓ અને દ્રૌપદી સાથે પિતામહની પાસે ગયા. પિતામહ તો બાણશય્યામાં પડ્યા હતા. સૌએ તેમને વંદન કર્યું ને નજીકમાં બેઠાં.

પિતામહે યુધિષ્ઠિરની સામે જોઈને કહ્યું: ‘બેટા યુધિષ્ઠિર! સૌ કુશળ છો કે? હસ્તિનાપુરની ગાદીમાં આવા સૂળા તો નહિ જ હોય!’

યુધિષ્ઠિરે જવાબ વાળ્યો: ‘મહારાજ! આપને શું કહું! રાજાઓની ગાદીઓ ઉપરથી તો એવી સુંવાળી લાગે છે કે સૌ કોઈને સહેજ થઈ જાય કે ‘‘અહા, કેવી સુંવાળી! ’’ પણ એ ગાદી ઉપર બેસનાર જ જાણે છે કે એ મખમલ અને મશરૂની અંદર કેવા સૂળા ગોઠવાયેલા છે.’

‘હજુ એટલા જ દિવસમાં અનુભવ થઈ ગયો?’ ભીષ્મે પૂછ્યું.

‘પહેલે જ દિવસે.’ યુધિષ્ઠિરે કહ્યું, ‘પિતામહ! માફ કરજો, મને તો હવે એમ થઈ ગયું છે કે આ રાજપાટ છોડીને નાસી જાઉં!’

ભીષ્મ શરીરને જરા ટટ્ટાર કરીને બોલ્યા: ‘યુધિષ્ઠિર! ખબરદાર! નાસી ક્યાં જાય? આ અઢાર અક્ષૌહિણીનું સત્યાનાશ કાઢ્યું તે આખરે નાસી જવા માટે? હવે તારાથી નાસવાની વાત કેમ થાય? જે ભોગવવાની લાલસાથી આ મહાસંહાર કર્યો છે તેને હવે તો બરાબર ભોગવ; હસ્તિનાપુરની પ્રજા પર તું રાજ્ય કર.’

યુધિષ્ઠિરે કહ્યું: ‘મહારાજ! આજે આખા સમાજના હૃદય ઉપર કોઈ મોટો ભાર આવી

પડ્યો હોય એમ દેખાય છે.'

'તું કહે છે તે બરાબર છે.' ભીષ્મે જણાવ્યું, 'આખાયે યુદ્ધ દરમિયાન પ્રજામાં એક પ્રકારનો ઉન્માદ પ્રગટ્યો હતો, તેને પરિણામે આજ મૂઢતા આવવાની જ. તમે સૌએ જનતાને ધર્મયુદ્ધનો દારૂ પાઈને ઉન્માદ પ્રગટાવ્યો હતો એટલે આજે આ મૂઢતા પણ તમે જ વેઠો.'

'પણ પિતામહ! યુધિષ્ઠિર દીન વદને કહેવા લાગ્યા, 'મને તો સમાજમાં પૂર્વે કદી નહિ જોયેલ એટલાં દીનતા, વ્યગ્રતા, અજ્ઞાન વગેરે જ દેખાય છે; અને લાંબી નજર નાખું છું ત્યારે એક ઉજ્જડ વેરાન સિવાય બીજું કશું ભાસતું નથી.'

તરત જ ભીષ્મ બોલી ઊઠ્યા: 'સાંભળ, યુધિષ્ઠિર! તમે પાંડવોએ આજ સુધીમાં જુદે જુદે વખતે દુર્યોધનની નિંદા કરવામાં બાકી નથી રાખી.'

'મહારાજ! મેં?' યુધિષ્ઠિર બોલ્યા.

'તેં નહિ તો તારા ભાઈઓએ.' ભીષ્મે જણાવ્યું, 'આજે હવે હસ્તિનાપુરનું રાજ્ય તમારા હાથમાં આવ્યું છે, એટલે બેટા! તું દુર્યોધનના જે જે દોષો કાઢતો હતો તે તમારામાં નથી એટલું સિદ્ધ કરી આપ.'

'પિતામહ! એ તો બહુ આકરી કસોટી મૂકી!'

ભીષ્મે જવાબ વાળ્યો: 'આકરી ન મૂકું? 'એ જ માણસની સાચી કસોટી છે. જે બીજાના દોષોને મોટા મોટા વર્ણવીને વગોવે છે તે પોતે તે સ્થિતિમાં આવે છે ત્યારે વધારે નપાવટ નીવડે છે, એવો મારો અનુભવ છે. માટે યુધિષ્ઠિર! એ કસોટી ગમે તેવી આકરી હોય તોપણ તારે તેમાંથી પસાર થવું જ જોઈએ. એમ નહિ થાય તો પ્રજાને તારામાં શ્રદ્ધા નહિ આવે. દુર્યોધનના અધર્મરાજ્યનો અને તમારા ધર્મરાજ્યનો તફાવત લોકોને રીતસર નહિ દેખાય ત્યાં સુધી બધું નકામું છે.'

'પિતામહ!' યુધિષ્ઠિર બોલ્યો, 'એ વાત તો આપની બરાબર છે. મારે ગમે તેમ કરીને પણ આટલી પ્રતીતિ તો સમાજને કરાવી દેવી જ ઘટે છે. પણ પિતામહ! હું આજે સમાજ પર નજર ફેંકું છું ત્યારે આખાયે આર્યસમાજમાં મોટું વેરાન લાગે છે, અને મને મારી દિશા સૂઝતી નથી.'

ભીષ્મે ઘડીભર શાંત રહી કહ્યું: 'વેરાન લાગે છે એટલું જ નથી પણ વેરાન છે જ. તું એમ ન સમજતો કે કુરુક્ષેત્રના મેદાન પર એકલો જ ભીષ્મ બાણશય્યા પર પડ્યો છે; તું એમ ન સમજતો કે કુરુક્ષેત્રના મેદાન ઉપર માત્ર અઢાર અક્ષૌહિણીનાં શરીરો જ પડ્યાં છે. સમાજની આખી સંસ્કૃતિ આજે તો બાણશય્યા પર પડી છે. આ અઢાર અક્ષૌહિણી સેનાની સાથે આર્યસંસ્કૃતિ પણ લાંબી થઈને સૂતી છે. અને હવે તારે હાથે સમાજમાં નવા ભારતનો જન્મ થવાનો છે. તમે પાંડવોએ હજી તમારું અર્ધું કામ કર્યું છે. તમે મને પાડ્યો; તમે દ્રોણને પાડ્યા; આ તમારું વિનાશનું કાર્ય થયું. પણ જ્યાં સુધી તમે જગતમાં નવું સર્જન ન કરો ત્યાં સુધી તમે વિનાશ કરી સમાજના દ્રોહી બન્યા છો; એટલે નવા ભારતનું સર્જન પણ તમારે હાથે જ કરવાનું છે.'

'એ મહાન કાર્ય હું શી રીતે કરી શકીશ?'

ભીષ્મે શાંતિથી પણ દૃઢતાથી જવાબ દીધો: 'એ તું જ કરવાનો છે; હું તો ચાલ્યો સમજ. મારી તમામ વિદ્યા અત્યારે જ હું તને આપું છું. તારી પાસે જો, આ તારો ભાઈ અર્જુન છે એ અર્જુન નવા યુગનો પ્રજાપતિ છે એમ સમજ. એના પર શ્રીકૃષ્ણનો હાથ છે; અને એ યુગપુરુષ નવીન ભારતનું સર્જન કરવા જ અવતર્યા છે એટલે તું જરાયે ગભરાઈશ નહિ. જ્યાં આજે તને સૂકું વેરાન દેખાય છે, ત્યાં આવતી કાલે લીલા અંકુરો

દેખાશે, અને પરમ દિવસે લીલાલહેર જામી જશે. જરાયે મૂંઝાઈશ નહિ. આજે જ્યાં જ્યાં અંધાધૂંધી અને અવ્યવસ્થા દેખાય છે ત્યાં નવો પ્રકાશ પડશે એટલે આપોઆપ વ્યવસ્થા ઊભી થશે. તારું કામ આ નવો પ્રકાશ આપવાનું છે યુધિષ્ઠિર! જૂના સમાજને હચમચાવી નાખનારને માથે નવા સમાજને રચવાનો ધર્મ અનિવાર્ય છે એ ભૂલતો નહિ.'

યુધિષ્ઠિર બોલ્યા: 'પિતામહ! આપનું કહેવું હું બરાબર સમજું છું, પણ એકલે હાથે આ બધું હું શી રીતે કરવાનો હતો?'

તરત જ ભીષ્મ બોલી ઊઠ્યા: 'એકલે હાથે શાનો? તારા ભાઈઓ તો છે જ, અને આ પાંચાલી પણ છે. દેવી પાંચાલી!'

'મહારાજ!' પાંચાલીએ જવાબ આપ્યો.

ભીષ્મ તેના સામું જોઈને બોલ્યા: 'આ પાંડવોએ એક મહાભારત તો પૂરું કર્યું, પરંતુ એથીય અઘરું મહાભારત તો સમાજમાં નવી પ્રાણપ્રતિષ્ઠા કરવાનું છે, અને તેમાં મહારાજ યુધિષ્ઠિરને તમારી જરૂર પડશે.'

દ્રૌપદી બોલી: 'પિતામહ! અમે અબળાઓ શું કરી શકીએ?'

'અબળા?' ભીષ્મ જરા મોટે અવાજે બોલ્યા: 'દ્રૌપદી અબળા? પાંચાલી! તને લાગે છે કે આ યુદ્ધ પાંડવો એકલા જીત્યા છે?'

'જરૂર, મહારાજ!' દ્રૌપદી બોલી.

'તારી મોટી ભૂલ થાય છે.' ભીષ્મે જવાબ વાળ્યો. 'પાંચાલી! અર્જુનનાં બાણોને અને ભીમની ગદાને તીક્ષ્ણ બનાવનારી તો તું હતી, એ કેમ ભૂલી જાય છે?' દ્રુપદપુત્રી! પાછળ રહીને પાંડવોના અગ્નિમાં ઘી હોમનારી તું ન હોત તો અગ્નિ ક્યારનોય હોલવાઈ ગયો હોત. તને અબળા કોણ કહે?'

'આખો સમાજ કહે છે.' દ્રૌપદીએ પૂર્તિ કરી.

'એ સમાજને ભાન જ ક્યાં છે!' ભીષ્મ બોલ્યા: પાંચાલી! નવા યુગને તમારી શક્તિનું દર્શન થવાનું છે એ જરૂર માન. જે નવા યુગનાં મંડાણ ક્યારનાં થઈ ચૂક્યાં છે તેમાં તમે સ્ત્રીઓ મોટો ફાળો આપવાની છો. નવીન ભારતનાં સ્ત્રીપુરુષોના આજના વ્યવહારોમાં મોટી ઊથલપાથલ થશે અને માનવીના આખા જીવનની નવી રચના થવાની. એટલા માટે મહારાજ યુધિષ્ઠિરને તું એ નવી રચનામાં મદદ કરજે, અને સ્ત્રીજીવન એ ઈશ્વરની સૃષ્ટિમાં પુરુષજીવન જેટલું જ — બલ્કે તેથીયે કદાચ વધારે આદરપાત્ર છે, એવી ભાવના ઊભી કરજે.

દ્રૌપદી બોલી: 'જેવી આપની આજ્ઞા. હવે આપને શ્વાસ ચડે છે એટલે બોલવું બંધ કરો.'

'હજી એક વાત રહી જાય છે.' ભીષ્મ શ્વાસ લેતા બોલ્યા: 'અર્જુન!'

'મહારાજ! શી આજ્ઞા છે?'

'આજ્ઞા શી હોય — જીવનને છેલ્લે પગથિયેથી?' ભીષ્મ શ્વાસ ખાતા બોલ્યા: 'બેટા અર્જુન! આવતી કાલે હવે નવા સૂર્ય થાય છે. એ નવા સૂર્યના તેજને ઝીલનારો તો તું છે, એટલે હું સિધાવું છું. નવો પ્રકાશ આવે ત્યારે હું પડ્યો રહું એ કેમ બની શકે? બેટા! મોટાભાઈને મદદ કરજે. અને હું આજે નવો પ્રકાશ નિહાળીને ચાલતો થાઉં છું તેથી તમે પણ બધા નવા પ્રકાશના કિરણો દેખાવા લાગે ત્યારે માર્ગે પડજો.'

'મહારાજ!' યુધિષ્ઠિર બોલ્યા, 'આપ જશો જ?' શું આપણો સંબંધ હવે પૂરો થયો?

ભીષ્મ શાંતિથી બોલ્યા: 'યુધિષ્ઠિર! એવું શું બોલે છે? માનવીના સંબંધો માત્ર એવા જ નથી! આ અઢાર અક્ષૌહિણી ગઈ તો હું એક શી વિસાતમાં? જાઓ, સુખેથી રાજ્ય

કરો અને ધર્મના દીપને નિરંતર સળગતો રાખો.'

બોલતાં બોલતાં ભીષ્મે આંખો મીંચી.

ગંગાદેવીના પુત્ર, આર્યસંસ્કૃતિના પ્રતિનિધિ, કુરુકુળનો આધાર, પિતાની ખાતર સુખવૈભવને લાત મારનાર અજોડ ધનુર્ધારી દેવવ્રત, ઉગ્ર પ્રતિજ્ઞાધારી ભીષ્મ, બાણશય્યા પર પોઢી ગયા. અને થોડી જ વારે પૂર્વ દિશામાં નવા દિવસનો સંચાર દેખાયો.

ધૃતરાષ્ટ્ર

જીવનનો સરવાળો

હિમાલયની તળેટીમાં શતયૂપ ઋષિનો આશ્રમ. થોડે દૂર ઊંચી ભેખડોની વચ્ચે થઈને ગંગા વહી જાય. એક તરફ ઘણે દૂર સુધી હારબંધ પથરાયેલાં સાગ અને દેવદારનાં વૃક્ષો: જાણે કોઈ ચક્રવર્તી રાજાએ યજ્ઞ માટે સેંકડો થાંભલાનો માંડવો બાંધ્યો ન હોય! પર્ણકુટીની નજીકમાં રોજ સાંજે હરણ બેઠાં બેઠાં વાગોળે અને ઝાડો ઉપર પંખીઓ કલ્લોલ કરે. દૂર દૂર, ઘણે દૂર બરફનાં શિખરો; અને એ શિખરો પર આછો આછો દેખાતો યોગીરાજ શંકરનો કૈલાસ.

ઋષિના આશ્રમમાં ધૃતરાષ્ટ્રે વાસ કર્યો. સંજય, ગાંધારી અને કુંતી તેમની સાથે હતાં.

એક વાર મધરાતે મહારાજ ધૃતરાષ્ટ્ર સફાળા પથારીમાં બેઠા થયા અને બોલ્યા: ‘સંજય, સંજય! દેવીને બોલાવ તો!’

‘મહારાજ!’ સંજય બોલ્યો, ‘આપ દરરોજ આ રીતે કરશો તો શી રીતે રહેવાશે? આપ સૂઈ જાઓ. હજી તો ઘણી રાત બાકી છે.’

ધૃતરાષ્ટ્ર બોલ્યા: ‘સંજય! તને વ્યાસ ભગવાને ઘણી વાર દિવ્યદૃષ્ટિ આપી, છતાંયે દર્દીના અંતરમાં પેસી તેનાં દર્દોના તાગ લેવાનું બળ તારામાં ન જ આવ્યું. જા, દેવીને બોલાવ.

ધૃતરાષ્ટ્ર બોલે છે ત્યાં તો ગાંધારી અને કુંતી પાસેના ખંડમાંથી આવી પહોંચ્યાં. તેમનો પગરવ સાંભળીને વળી તેઓ બોલ્યા: ‘દેવી, કુંતી! તમે આવ્યાં? બેસો.’

સંજય બોલ્યો: ‘ગાંધારી! આટઆટલી ચાકરી કરતાં છતાંયે મહારાજ નિરાંતે ઊંઘતા નથી. શરીરમાં તો આ એક, બે, ત્રણ એમ ગણી શકાય તેવાં હાડકાનું માળખું અને ચામડું રહ્યાં છે. આ આશ્રમમાં પગ દીધો ત્યારથી એક રાત પણ બરાબર ઊંઘ આવી હોય એમ મને તો સાંભરતું નથી.’

ધૃતરાષ્ટ્ર બોલ્યા: ‘દેવી! બિચારો સંજય શું સમજે! ઊંઘ એમ કેમ આવે? ઊંઘ તો મારાથી નાસતી ફરે છે; ઘણી વાર મારી સામે આવીને ઊભી રહે છે, પણ પછી તરત જ હાથમાં તાળી દઈને છટકી જાય છે અને દૂર ઊભી ઊભી મને હસે છે. સંજય! ઊંઘ તો લઈ ગયો મારો દુર્યોધન; ઊંઘ તો લઈ ગયો મારો દુ:શાસન; ઊંઘ તો લઈ ગયા ભીમસેન અને શ્રીકૃષ્ણ. ઊંઘને તો હસ્તિનાપુરના મહેલોમાં મૂકીને આવ્યો છું. તેર તેર વર્ષો સુધી પાંડવોની ઊંઘ છીનવી લીધી; તેર તેર વર્ષો સુધી આ કુંતીની આંખે મટકું સરખુંયે ન માર્યું; તેર તેર વર્ષો ઊંચે આભ, નીચે ધરતી અને ફરતાં શિયાળ, એમ દ્રૌપદીએ ગાળ્યાં; અને છતાંયે એ તેર વર્ષો હું તો છત્રીપલંગમાં પોઢ્યો અને બંદીજનોનાં સ્તવનથી જાગ્યો. કુંતી, કુંતી! મને માફ કરજો. આ ઊંઘ આજે મારી વેરણ ન થાય તો પછી ક્યારે થાય?’

કુંતીએ શાંતિથી જવાબ વાળ્યો: 'મહારાજ! તમે એ બધું હવે ભૂલી જાઓ, અને જીવનના બાકીના દિવસો શાંતિથી તપશ્ચર્યામાં ગાળો.'

'મહારાજ! હવે તો દેહ પણ પડું પડું થઈ રહ્યો છે.' સંજય બોલ્યો.

ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'સંજય તારી ભૂલ થાય છે. આ દેહ શું એમ પડવાનો હતો? મોત તો માનવજીવનની મોંઘેરી વસ્તુ છે. જગતમાં મોત ન હોય તો માનવી કેવો દુ:ખી થાય છે તે જોવું હોય તો મારી પાસે આવો. મને મોત આવે તો તો હું ભાગ્યશાળી થઈ જાઉં! ઘણ નહિ, આખા ભારતવર્ષનું ખેદાનમેદાન કરનારો હું મરી જાઉં, તો પછી આ સમગ્ર વિનાશને જોનાર કોણ રહે? મારાં કરેલાં હું જોઉં એવો દૈવનો ન્યાય છે. મોત તો શું, પણ ઊંઘ પણ દૈવ ક્યાં આપે છે! ઊંઘ પણ નાનું શું મોત જ છે ના? ગાંધારી! હવે તો મેં મોતનીયે આશા છોડી છે.'

ગાંધારી બોલ્યાં: 'મહારાજ! કુંતી કહે છે તે બરાબર છે. તમે હવે એ બધું ભૂલી જાઓ.'

ધૃતરાષ્ટ્ર ગાંધારીના અવાજ તરફ ફરીને બોલ્યાં: 'ગાંધારી! હું તો ઘણોયે ભૂલું; પણ એ બધાં ભુલાઈ જવાની ના પાડે છે. હજી તમને ભૂલી શકું, હજીયે ભીષ્મ-દ્રોણને ભૂલી શકું, હજી દુર્યોધનને ભૂલી શકું; પણ ગાંધારી! મારાં એ કૃત્યો, મારા એ વિચારો, ભૂલ્યાં ભુલાતાં નથી. દેવી! સાચું કહું? આજ સુધી તો મેં એ બધાં પર જાણે કે એક મોટી શિલા મૂકી દીધી હતી. પણ હવે તો એ બધાં વીંછીનાં બચ્ચાંની જેમ એ શિલાની નીચેથી મને ચટકા ભરે છે અને ઘડી પણ જંપવા દેતાં નથી. '

'તો પછી આપ એ શિલાને ઉઠાવી લ્યો તો?' સંજય બોલ્યો.

તરત જ ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'સંજય! તું એ ઠીક કહે છે.'

ગાંધારી બોલ્યાં: 'શિલા ઊપડી જાય તો તો હૈયા પરથી ભાર ઓછો થાય.'

ધૃતરાષ્ટ્ર ઘડીભર ચૂપ રહ્યા. બહુ ઊંડા વિચારમાં ઊતરી ગયા હોય તેમ બેઠા અને ઘડી પછી જાગીને બોલતા હોય તેમ બોલવા લાગ્યા: 'દેવી ગાંધારી! કુંતી ક્યાં છે?'

'આ અહીં મારી પડખે જ બેઠાં છે.' ગાંધારીએ જણાવ્યું.

'મહારાજ!' કુંતીએ જવાબ દીધો, 'અહીં જ બેઠી છું. જે આજ્ઞા હોય તે ખુશીથી ફરમાવો.'

ધૃતરાષ્ટ્ર કુંતી તરફ ફર્યા અને બોલ્યા: 'કુંતી, કુંતી! ને તરત જ પાછા ઘૂંટણભેર થઈ નમસ્કાર કરતા હોય તેમ બોલવા લાગ્યા: 'કુંતી! આ દુષ્ટ ધૃતરાષ્ટ્ર તમને પ્રણામ કરે છે; અને તમારા પર તેમ જ તમારા પુત્રો પર ગુજારેલા અત્યાચારો માટે માફી માગે છે.'

કુંતી બોલી ઊઠ્યાં: 'મહારાજ! આ શું કરવા બેઠા છો? મારો વનવાસ લજવો છો? હું તમારું છોકરું છું. માફી આપનારી હું કોણ? માફી તો મને, તમને અને આખા જગતને આપનાર એક પરમાત્મા છે. તમે તેની દયા માગો અને હું પણ તેની દયા માગું.'

ધૃતરાષ્ટ્ર સ્વસ્થ બેઠા અને બોલ્યા: 'બેટા કુંતી! તેં સાચું કહ્યું. દયા તો પરમાત્માની હોય છે. અને એ તો આઠે પહોર દયા વરસાવ્યે જ જાય છે. પણ હું પામર એને ઝીલી શકતો નથી. કુંતી! તમારો મેં ભારે અપરાધ કર્યો છે. એ હું કબૂલ કરું તો પરમાત્માની દયાનો પ્રવાહ મારા હૃદય તરફ હું અનુભવી શકું માટે તમારી માફી માગું છું.'

કુંતી વળી બોલ્યાં: 'તમે તો અમારા સૌના છત્ર હતા એટલે તમને લાગ્યું તે તમે કર્યું.'

ધૃતરાષ્ટ્રે ચલાવ્યું: 'સંજય! આપણે એક વાર ગંગાસ્નાન કરીને પાછા ફરતા હતા, ત્યાં એક ખેતરના ભાડિયા કૂવાની તેં મને વાત કરી હતી. ઉપર ઉપરથી જોતાં તો ખેતર જેવું ખેતર અને મજાનું ઘાસ ઊગ્યું છે એમ લાગે, પણ જઈને જુઓ તો ઊંડો અંધારો કૂવો.

કેટલાય અજાણ્યા લોકો ભાડિયામાં પડીને પ્રાણ ગુમાવે છે. કુંતી! આ ધૃતરાષ્ટ્ર આવો જ મોટો ભાડિયો કૂવો છે. હું વિચિત્રવીર્યનો પુત્ર, હું પાંડુનો ભાઈ; હું યુધિષ્ઠિરનો કાકો અને મુરબ્બી; હું તમારો જેઠ; હું તમારું ટાઢતડકાથી રક્ષણ કરનારું છત્ર. પણ આ બધું તો પેલું ઉપર ઉપરથી લીલુંછમ દેખાતું અને પવનમાં ઝૂલતું ઘાસ. બાકી તો હું માત્ર એક દુર્યોધનનો સગો અને પાંડવોનો કટ્ટો દુશ્મન! ઉપરથી કાકા થવાનો ડૉળ કરીને મેં તમારા પુત્રોને હેરાન કરવામાં કશી બાકી રાખી નથી, એ વાત આજે મને ફોલી ખાય છે.'

કુંતી બોલ્યાં: 'મહારાજ! આપણે બધાં એમ તો માણસ જ છીએ. પરમાત્મા તમને શાંતિ આપે.'

તરત જ ધૃતરાષ્ટ્રે ઉપાડી લીધું: 'હવે તો મને શિલા પૂરેપૂરી ઉપાડી લેવા દ્યો. એ દૂર કર્યા વિના મને જંપ નહિ જ વળે. કુંતી! બહારથી સારા સારા શબ્દો બોલીને ભલા થવું ને અંદરથી દુષ્ટતાને પૂરેપૂરી બહાલી આપવી એ જ મેં જીવનભર કર્યું. કુંતી! તમારા પુત્રોનું કાસળ કાઢવાના પ્રયાસોને મેં એકજીભે બહાલી આપી અને એ જ ક્ષણે બીજી જીભે પુત્રોને મીઠાં શબ્દોમાં, શાસ્ત્રીય ભાષામાં આશીર્વાદ પણ આપ્યા. ''બેવડી જીભ, બેવડી આંખ અને બેવડું જીવન.'' આ ધૃતરાષ્ટ્રના જીવતરનો સાર.'

કુંતી વળી બોલ્યાં: 'મહારાજ! એ રીતે તો આપણે સૌ પ્રભુના ગુનેગાર છીએ.'

તરત જ ધૃતરાષ્ટ્ર બોલ્યાં: 'પણ ગાંધારી નહિ. એના આખા જીવતરમાં આવું કાંઈ શોધ્યુંયે જડે નહિ. અને કોઈ વાર એવો કંઈ ભાસ થયો હોય તો તે મારા સંગથી. માણસ માત્ર થોડે ઘણે અંશે એવું બેવડું જીવન જ જીવે છે એ હું કબૂલ કરું છું: પણ બિચારો માનવી! એને આ બેવડા જીવનનું ભાન પણ નથી. પોતે જે બોલે છે તેને પોતાનાં કાર્યો સાથે મેળ છે કે નહિ, પોતે કરે છે તેને પોતાના હૃદયની સાથે મેળ છે કે નહિ; આ બધું જોવાનું સાધારણ માણસના ગજા ઉપરવટનું મને તો લાગે છે, અને તેથી જ માણસ દુ:ખી થાય છે. પણ કુંતી! મારી વાત જરા જુદી છે. હું તો હસ્તિનાપુરનો મહારાજા. સાધારણ માણસ ન કરવાનું કરે તો તેનાં પરિણામો સમાજમાં બહુ મોટા ન આવે; પરંતુ હું સમાજની ટોચે બેઠેલો એટલે મારાં કૃત્યોનાં પરિણામો સમાજમાં મોટા ફેરફારો કરે, અને ઘણાંને એ વેઠવાં પડે. ઉપરાંત, માણસ પોતાના અજ્ઞાનમાં આવું જીવન ગાળે તે ક્ષંતવ્ય ગણાય; પણ મેં આંધળાએ તો ઉઘાડી આંખે આ ધંધો આદર્યો અને એવા જીવનનું નવું શાસ્ત્ર પણ નિપજાવી કાઢ્યું! કુંતી, કુંતી! અમને રાજપુરુષોને આવા બેવડા જીવનની રીતસરની તાલીમ આપવામાં આવે છે. દુનિયામાં રાજપુરુષ એટલે જ બેવડું જીવન; ગરીબોને ચૂસવા, તે સાથે ચૂસતાં ચૂસતાં તેમના દેહ પર મીઠા શબ્દોનાં જળ છાંટવાં; પારકું હોય તે બધું લૂંટી લેવું, અને એવી લૂંટ કરતાં કરતાં મનુષ્યજાતિના કલ્યાણના આદર્શો રજૂ કરવા; રોજના જીવનમાં ભોગવિલાસને ઉચ્ચ અને સંસ્કારી જીવનને નામે સ્થાન આપવું, અને પછી એ જીવન નિભાવી રાખવા માટે કેમ જાણે નિરુપાયે બીજા ગરીબોની મિત્રદાવે મદદ માગવી; અંતરમાં વાઢી નાખવાનો ઇરાદો હોય તેવે વખતે પણ મોઢામાં સ્વાગતનાં ભાષણો રાખવાં — આ સર્વ રાજપુરુષની તાલીમ ગણાય છે. અને આવી આવી બાબતોમાં જે વધારે હોશિયાર હોય તેનું સિંહાસન રાજસભામાં પહેલું પડે છે. કુંતી! દેવી ગાંધારી! હું આવો રાજપુરુષ થયો એટલે જ આજે આ પથારીમાં પડ્યો પડ્યો પાંસળાં ઘસું છું. આજે તો સમાજથી દૂર, ઘણે દૂર, આ આશ્રમમાં આપણે છીએ. અહીંથી મારો અવાજ પહોંચતો હોય તો તો, સંજય! આખી દુનિયાના રાજપુરુષોને હું સંભળાવી દઉં કે રાજપુરુષ થવું એટલે માણસાઈ માત્ર ગુમાવવી; રાજપુરુષ થવું એટલે ધોળા દિવસના લૂંટારા થવું; રાજપુરુષ થવું એટલે હૃદયમાંથી પ્રભુને હાંકી કાઢવો અને ત્યાં એક જબ્બર

તાળું ઠોકવું. રખે ને તે પાછો પેસી જાય! રાજપુરુષ થવું એટલે મૂઠી જેવડા હૈયાને ભોગે આખી પૃથ્વીના ઐશ્વર્યથી સમૃદ્ધ થવું; રાજપુરુષ થવું એટલે હૃદયના ધબકારા પણ પહોંચી ન શકે એવડો મોટો શરીરનો વિસ્તાર વધારવો અને છેવટે હૃદયરોગથી અચાનક મરી જવું. કુંતી! આ ધૃતરાષ્ટ્રે આખી જિંદગી આવા ધંધામાં ગાળી છે એ આજે તમારી પાસે ખુલ્લેખુલ્લું કહી દઉં છું. અને હું એમ કહું છું ત્યારે હૃદયનો ભાર થોડો હલકો થતો હોય એમ અનુભવું છું.'

કુંતી બોલ્યા: 'મહારાજ! આપના હૃદયનો ભાર ઓછો થાય એ જ હું તો માગું છું.'

ગાંધારી બોલ્યા: 'મહારાજ! આજ આ ઠીક સૂઝયું. આજે આપે કોઈ દિવસ નહિ ધારણ કરેલી એવી નિખાલસતા ધારણ કરી છે. મહારાજ! હૈયાને ધરાઈ ધરાઈને ખાલી કરો.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'દેવી! સંજય! વાત તો હજી ઘણીયે કરવી છે, પણ થતી નથી; કેમ જાણે કોઈ મને પકડી રાખતું હોય નહિ! કુંતી! મારું માનશો? તમારા પુત્રો કુરુક્ષેત્રમાંથી પાછા આવ્યા અને યુધિષ્ઠિર મારે પગે પડ્યા ત્યારે મને કેવું વસમું લાગ્યું હશે તે તમે સમજી નહિ શકો. ત્યાર પછીના બધા દિવસો મેં એ મહેલમાં કેમ કાઢ્યા છે તે મારું મન જાણે છે. હસ્તિનાપુરનો ઉકળાટ મારાથી સહન ન થયો, એટલે મને થયું કે લાવને જંગલની ખુલ્લી હવામાં જાઉં? એટલે અહીં આવ્યો.'

કુંતી વચ્ચે બોલ્યાં: 'આવાં તપોવનો પોતાના પવિત્ર વાતાવરણથી જ મનુષ્યના આત્માને શાંતિ આપે છે.'

ધૃતરાષ્ટ્ર બોલી ઊઠ્યા: 'કુંતી! તમે ભૂલો છો. અહીં આવીને તો હું વધારે દુ:ખી થયો. આ આશ્રમની શાંતિમાં તો મારાં પાછલાં બધાં કર્મો મારા પર એકદમ ધસી આવ્યાં અને મારું દર્દ વધી પડ્યું. આ આશ્રમની શાંતિ તમને સૌને ગમે તેવી જણાતી હોય પણ મને તો તેનાથી ત્રાસ જ થયો છે. અહીં આવ્યા પછી બીજે જ દિવસે થયું કે આ કરતાં હસ્તિનાપુર સારું. અહીં આવ્યા પછી તો મારું મન નવરું પડ્યું એટલે મને જ ખા ખા કરે છે. આવી શાંતિમાં ઋષિમુનિઓ કોણ જાણે કેમ રહી શકતા હશે. ગાંધારી! સાચું કહું છું, આખી જિંદગીમાં જે જે કૃત્યો મેં કર્યાં હોય તે તો સાંભરે; મેં જે જે વિચારો આગ્રહથી સેવ્યા હોય તે તો બધા અહીં તાજા થાય; પણ જે કૃત્યો મેં કર્યાં હોય એમ મને જરાયે યાદ નથી, જે વિચારો સેવ્યા હોય એવું મને જરાયે સ્મરણમાં નથી, એવાં એવાં હજારો નાનાં મોટાં તૂતો મારી આંખ આગળ ખડાં થાય છે અને મને પોતાના પિતા તરીકે ઓળખાવે છે ત્યારે તો મને ત્રાસ છૂટે છે. દેવી! કોઈ કોઈ વાર તો એવું થાય છે કે ક્યાંક નાસી જાઉં અથવા તો ગંગામાં પડું, તો જ આ બધામાંથી છૂટું! પણ વળી મન અંદરથી ના પાડે છે.

'કુંતી! આવો હું દીન ધૃતરાષ્ટ્ર તમારી પાસે હૈયું ખાલી કરું તો કદાચ આ દર્દ શાંત પડે એવી આશાએ તમને બે વાત કહેવા ઇચ્છું છું. કુંતી! મને તમે પાપી કહેશો ના; કુંતી! મને તમે ધુતારો ગણી અવગણશો ના; મને પામર અને સ્વાર્થી કહી નિંદશો ના. હું એવો એવો છું, તોપણ આજે તમારી દયાનો ભૂખ્યો છું. મને તરછોડશો નહિ. કુંતી! હસ્તિનાપુરની પ્રજાનો ધણી આજે તમારે ખોળે માથું મૂકીને રડવા ઇચ્છું છું.

'બેટા, બેટા! મારા જીવનના અનેક બનાવો મારી આગળ ગોઠવાઈ જાય છે, અને એક પછી એક પોતાના ચિત્રો રજૂ કરતાં હોય તેમ બહાર આવવા માગે છે.

'સંજય! સાંભળ. ભાઈ પાંડુ તે વખતે અરણ્યમાં રહેતો હતો. એક દિવસે સવારના પહોરમાં અરણ્યના થોડાએક માણસો હસ્તિનાપુરમાં આવ્યા; આ કુંતી અને પાંડવો તેમની

સાથે હતાં. તાપસોએ આવીને ભીષ્મ પિતામહને પાંડુના મૃત્યુની વાત કરી. કેસરી સિંહના પાંચે બચ્ચાઓને ભીષ્મના ખોળામાં મૂક્યા અને વિદાય લીધી. કુંતી! તે દિવસે હું કેવા મોટા સ્વરે રડ્યો હતો તે સાંભરે છે? તમે તો દુ:ખમાં ડૂબ્યાં હો એટલે એ ન પણ સાંભરે. મેં તો મોટે સાદે રુદન આદર્યું: કેમ જાણે મારા માથા ઉપર આભ તૂટી પડ્યું હોય! પણ કુંતી! સાચું કહું? મારી આંખમાં આંસુ હશે પણ મારા કોઠામાં તો દીવા પ્રગટ્યા હતા. પાંડુ ગયો એટલે હું હસ્તિનાપુરનો ધણી થયો અને હસ્તિનાપુરની ગાદી ઉપર દુર્યોધનને માટે રસ્તો થયો. ગાંધારી! આ મારો ભાઈ પાંડુ મારી સામે ઊભો ઊભો મને હસે છે. દેવી! પાંડુ ગયો, પ્રતિષ્ઠા આપનારા એ લોકો પણ ગયા, જે રાજ્યને માટે રડ્યો તે રાજ્ય પણ ગયું, જે પુત્રની લાલસાથી રડ્યો તે પુત્ર પણ ગયો, જે આંસુ પડ્યાં હતાં તે આંસુ પણ સુકાઈ ગયાં; પણ આ બધાંની પાછળનો મારો ઢોંગ જે મારે ચોપડે લખાયો તે ભૂંસ્યો ભૂંસાયો નથી. આટઆટલાં દિવસથી ગંગામાં સ્નાન કરું છું, આટઆટલા દિવસથી ઘણા તપ તપું છુ, પણ મારા નાના એવા હૈયાને ગંગાસ્નાન ધોઈ શક્યું નથી, તેમ તપ તેને નિર્મળ પણ કરી શક્યું નથી. ખોટા રુદનથી લોકોને છેતરવાનો પ્રયત્ન કર્યો તે દિવસે ધૃતરાષ્ટ્રને ખબર ન હતી કે, બીજાઓને છેતરવાનો ફાંકો રાખનાર લોકો બીજાઓને તો છેતરતા છેતરશે, પણ પોતાની જાતને તો પહેલા જ છેતરે છે. કુંતી! ધૃતરાષ્ટ્રના જીવનના ગણેશ તે દિવસે મંડાયા.

'કુંતી! તમે અને પાંડવો હસ્તિનાપુરમાં રહ્યાં. પાંડુના પુત્રો અને મારા પુત્રો પિતામહની છાયા તળે મોટા થવા લાગ્યા. પિતામહે પહેલાં કૃપાચાર્યને રાખીને અને પાછળથી દ્રોણાચાર્યને રોકી તેમને રાજકુંવરોની તાલીમ આપવાની ગોઠવણ કરી. પાંડવો અને કૌરવો બધા મને પોતાના મુરબ્બી માનવા લાગ્યા. પરંતુ મારા મનમાં તો પાંડુના પાંડવો અને મારા કૌરવો એવો ઊંડો ભેદ ક્યારનોય પડી ચૂક્યો હતો. આહારવિહારમાં મારો દુર્યોધન હંમેશાં આગળ રહે એવી મારી તજવીજ રહેતી; દ્રોણાચાર્ય દુર્યોધન ઉપર વધારે ધ્યાન આપે એવી હું પેરવી કર્યા જ કરતો; બધા કુમારો નદીકાંઠે રમવા જાય, ત્યાં દુર્યોધન બીજાને હંફાવે એવું સાંભળવા હું હંમેશાં કાનને તૈયાર રાખતો; આ બધું અત્યારે તો દીવા જેવું સ્પષ્ટ દેખું છું: તે દિવસે આટલું સ્પષ્ટ દેખાતું નહિ હોય, પણ હું આમ જ કરતો તેમાં મને શંકા નથી. ગાંધારી! તમને યાદ હશે, દુર્યોધનની દુષ્ટતા જોઈને તેનો ત્યાગ કરવાનું તમે અનેક વાર મને કહેલું, પણ હું તેનો ત્યાગ કેમ કરું? દુષ્ટ તો સાચો હું હતો. દુર્યોધનની દુષ્ટતા તો મારી દુષ્ટતાનું પ્રતિબિંબ માત્ર હતું. મેં ઘણી ચતુરાઈથી મારા દોષો ઢાંક્યા હતા; પણ એવી ચતુરાઈ વાપરનારાં માબાપો જખ મારે છે! માબાપોને ખબર નથી કે તેમના દોષો તેમનાં રૂંવાડાંમાંથી બહાર ડોકિયાં કરે છે, અને ચેપી રોગોનાં જંતુઓની માફક ઊડીને તેમનાં બાળકોને વળગે છે. દુર્યોધન! તું ગમે તેવો દુષ્ટ તોપણ ગાંધારીના ખોળામાં આળોટ્યો એટલે તું ઉઘાડો દુષ્ટ. તારી દુષ્ટતામાં તો એક જાતની ઉચ્ચતા હતી; તારી દુષ્ટતામાં તો ગાંધારીની નીડરતા હતી; પણ હું તો છૂપો દુષ્ટ દુષ્ટતા વહાલી; પણ દુષ્ટતા કરવાની હિંમત નહિ. ગાંધારી! મારી દુષ્ટતાને ''રખે ને કોઈ જોશે'' એવી બીકથી મેં તેને વારંવાર હૈયાના ઊંડાણમાં ધકેલ્યા કરી, એટલે આજે પણ બહાર આવતાં કેમ જાણે એ બીએ છે.'

'મહારાજ! અમને સૌને તો એમ જણાતું હતું કે તમે પુત્રસ્નેહને વશ થઈને દુર્યોધનને કશું કહી શકતા નહોતા.' સંજય બોલ્યો.

ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'ફક્ત એટલું જ નહિ; આ ભીમસેનને જ્યારે મારા દુર્યોધને લાડુમાં ઝેર ખવડાવ્યું ત્યારે મને વસમું લાગ્યું હતું. મને એ વાતની ખબર પડતાં મેં ખાનગીમાં મારા

પુત્રને ખૂબ ધમકાવ્યો હતો, પણ મારી ધમકી કેટલી પોલી છે તે હું પોતે જાણતો હતો તેના કરતાં મારા પુત્રો વધારે સારી રીતે પારખી ગયા હતા. મને એ વખતે સારાં કામો સારાં લાગતાં અને ખરાબ કામો ખરાબ લાગતાં ખરાં; પણ સારાં કામો સારાં જ છે એવી શ્રદ્ધા નહિ હોય, એટલે મેં તે માટે આગ્રહ ન રાખ્યો. પરિણામે હું ધીમે ધીમે દુષ્ટતામાં વધારે ને વધારે ઘસડાતો ગયો. કુંતી, કુંતી! બીજી વાત શા માટે કરું! હજી તો ગઈ કાલે દુર્યોધનને યુદ્ધમાંથી વારવાની મને સૌ સલાહ આપતા હતા, ત્યારે મેં તેને રોકવા ધાર્યો હોત તો રોકી શકત. પણ પછી તો હું કોઈ પણ વસ્તુમાં શ્રદ્ધા જ ગુમાવી બેઠો, અને એક સટોડિયાની માફક મારું આખું જીવન મેં દૈવને સોંપી દીધું. જીવનનો આ સટ્ટો માણસને કેવો પાયમાલ કરી નાખે છે, તે દુનિયામાં કોઈને જોવું હોય તો ધૃતરાષ્ટ્ર પાસે આવે અને તેનું અંતર ખોલીને જુએ.

‘પણ કુંતી! હું આડી વાતે ચડી ગયો. પુરોચન! ઊભો રહે; બહાર આવવા માટે કેમ ઉતાવળો થાય છે? હું તારી વાત કુંતીને કહેવાનો છું. પણ દુષ્ટ! પછી મારો કેડો છોડજે. કુંતી! તમને વારણાવતના મહેલમાં મોકલ્યાં તેની વાત છે. પાંડવો દ્રોણાચાર્યની વિદ્યામાં મારા પુત્રોથી વધારે તેજસ્વી નીકળ્યા તે મારાથી સહન ન થયું. મારા પુત્રોએ પાંડવોને કોઈ પણ રીતે મારી નાખવાનો ઘાટ ઘડ્યો અને વારણાવતમાં વિહાર કરવા માટે પાંડવોને મોકલવા એવી મારી પાસે માગણી કરી. મારી છાતી ઉપર હાથ મૂકીને કહું છું કે, આ માગણીની પાચળ જે જે છુપાયું હતું તેની મને ખબર હતી. પણ એવી એવી ગોઠવણો તો એમ રાજપુરુષોની પીઠ પાછળ સદા થયા જ કરે; અને એવી કશી વાતની અમને ખબર જ નથી, એમ જો અમારે ન્યાયની સભામાં જાહેર કરવું હોય તો સોગંદપૂર્વક જાહેર કરી શકાય. પાંડવો તૈયાર થયા, તમે સૌ મારી રજા લેવા આવ્યાં, મેં તમારા વિયોગને દુ:ખે આંખમાં ઝળઝળિયાં આણ્યાં અને તમે ગયાં. વિદુર, વિદુર! મારા ડૂબતા આત્માને બચાવવા માટે તેં કેટલો પ્રયત્ન કર્યો છે એ સંભારું છું ત્યારે તો એમ જ થાય છે કે કોઈ જન્મે તારા સંબંધમાં આવીને આખું જીવન તારી સેવામાં જ ગાળું. વિદુર! આપણે ત્રણે ભાઈઓ. તેમાં પાંડુ સ્વર્ગે ગયો. તેં મારા વૈભવમાં જરાય ભાગ તો ન પડાવ્યો; પણ મારા ડૂબતા વહાણને કાયમ દીવો બતાવ્યો હતો. તમને મોકલતો હતો ત્યારે વિદુરે મને વાર્યો હતો. મારા પુત્રોની દાનત વિદુર કળી ગયો હતો પણ મેં તો તમને રવાના કર્યાં જ. થોડા દિવસ ગયા એટલે સમાચાર આવ્યા કે વારણાવતનો નવો મહેલ સળગી ગયો અને તમે છયે જણાં બળી મૂઆં. હું રોયો, મારા પુત્રો રડ્યા, શકુનિ રડ્યો, ગાંધારી રડી. હસ્તિનાપુરની આખી પ્રજા સુધ્ધાં રડી, પણ હું તો લોકલજ્જાથી રડ્યો. મારે મન તો આ છેલ્લું જ ખોટું રડી લેવાનું હતું. હસ્તિનાપુરના લોકોની અમારા પર શંકા તો આવી, પણ દૂર દૂર વારણાવતમાં બધું બન્યું એટલે લોકોની શંકાને ઉત્તેજન ન મળ્યું અને બધું ઘસાઈ ભૂંસાઈ ગયું. પાંડવોથી પરવાર્યા એટલે મારા પુત્રો હવે સાવ સ્વતંત્ર થયા. મને પણ થયું હશે કે હવે સાચાં ખોટાં કરવાં નહિ પડે એટલે જીવન સુખશાંતિથી ગાળશું. કુંતી! થોડા દિવસો તો બહુ શાંતિ અને આનંદમાં પણ ગયા; જાણે કે હૃદય પરથી ભાર ઓછો થઈ ગયો હોય એમ લાગ્યું.

‘પણ ત્યાં તો સમાચાર આવ્યા કે દ્રુપદ રાજાની સભામાં અર્જુને દ્રૌપદીને મેળવી અને ત્યાં એકઠા થયેલા તમામ રાજાઓનો મદ ઉતાર્યો.’

‘આ સમાચારથી મને તો જબ્બર આંચકો લાગ્યો. મારા પુત્રો માટેનાં બધાં સ્વપ્નો એકદમ તૂટી પડ્યાં. આ સમાચાર ખોટા હોય એમ હું ઇચ્છવા લાગ્યો. ઘડીભર તો મારા હૈયામાં ઘોર અંધકાર ફેલાતો હોય એવું થવા લાગ્યું, અને હું કેમ જાણે મૂઢ બની ગયો.

પરંતુ કુંતી! હું તરત જ ચેત્યો ને આ સમાચારથી મને અપૂર્વ હર્ષ થયો છે તેવાં તમામ બાહ્ય ચિહ્નો દેખાડવામાં મેં કચાશ ન રાખી. આ સમાચાર મળ્યા કે તરત જ મેં આખા હસ્તિનાપુરમાં સાકર વહેંચાવી, રાજમહેલમાં ચોઘડિયાં વગડાવ્યાં, બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યાં, કુંવારી કન્યાઓને શણગાર કરાવ્યા અને એ દિવસે રાતે આખા શહેરમાં રોશની કરાવી. અને તેમ છતાંયે કુંતી! સાચું કહું છું, માફ કરજો, મારા હૃદયમાં કેવળ અંધકાર જ હતો. હવે પાંડવો જીવતા હશે તો મારા પુત્રોને જીવવા નહિ દે એ વિચારથી હું તો કેમ જાણે ઊંડો ખૂંચી ગયો હતો.

‘કુંતી! હાર્યો ખટપટી બીજું શું કરે! મારા પુત્રો તો આ ગાંધારીના ભાઈની સલાહ લેવા માંડ્યા. સંજય! યાદ છે? આપણે એક દિવસ ગંગાસ્નાન કરીને પાછા ફરતા હતા, ત્યાં હું અને તું આડે રસ્તે ચડી ગયા અને એક કળણમાં પડ્યા. આપણે તો કળણમાં પગ મૂક્યો કે તરત જ ઊંડા ઊતરવા લાગ્યા. હું તો ઘણું બહાર નીકળવાનું બળ કરું પણ જેમ જેમ બળ કરું તેમ તેમ પગ વધારે ઊંડો ઊતરતો જાય. છેવટે જ્યારે તેં મને તારી જેમ સપાટ સુવાડી દીધો ત્યારે આપણે બન્ને બચ્યા, અને તાપસોએ બહાર કાઢ્યા ત્યારે ઘેર આવ્યા! હું હજીયે એ દિવસ ભૂલ્યો નથી. મારું અને મારા પુત્રોનું આ પાપ પણ એવું જ સમજો. કુંતી! હૈયું ખોલીને વાત કરું છું, હો! મને તો દર વખતે એમ જ થયા કરતું કે એક વાર છેલ્લો ઘાટ ઘડી લઈએ, એટલે હવે પછી કશું વધારે કરવું નહિ પડે. પણ એ ધારેલું છેલ્લું પાપ તો આખરે બીજાં અનેક પાપોનું માત્ર પહેલું પગથિયું જ બનતું.

‘કુંતી! દ્રૌપદીને લઈને તમે સૌ હસ્તિનાપુરમાં આવ્યાં તે દિવસથી મારી અસ્વસ્થતા વધી. હા, કોઈ કોઈ વાર મારો વિદુર મારી પાસે આવે અને ધર્મશાસ્ત્રની વાતો કરે ત્યારે ઘડીભર હું બદલાઈ જાઉં; ઘડીભર મને તમારા સૌના પર મમત્વ આવી જાય, અને હું કરું છું તે બરાબર નથી એમ પણ અંદરથી કોઈ અવારનવાર કહ્યા જ કરે. પણ એ તો વિદુર હોય ત્યાં સુધી. વિદુર ન હોય અને મારો દુર્યોધન આવ્યો કે હું બીજો જ ધૃતરાષ્ટ્ર જોઈ લ્યો. ગાંધારી! તમારી આટલી જબ્બર પવિત્રતા; તમારીથી તો આ પતિતપાવન ગંગા પોતે પવિત્ર થાય છે એમ હું સમજું છું. તમારી આવી પવિત્રતા મારે પડખે હતી છતાં હું ધૃતરાષ્ટ્ર. દુર્યોધનને જ દેખું, ને તે કહે તેમ જ કરું એવું શા માટે હશે? ગાંધારી! આજે તો એ બિચારો સ્વર્ગમાં છે ને હું આ પૃથ્વી પર પડ્યો છું. પરંતુ દેવી! તમને તમારી પવિત્રતામાં દૃઢ શ્રદ્ધા છે; તેથી વધારે દૃઢ શ્રદ્ધા મારા દુર્યોધનને પોતાના પાપમાં હતી; એટલે જ એ મને જીતી ગયો હશે. મને તો તમે મૂળથી જ ઓળખો છો. હું તો આજ સુધી મારી જાતને ધર્મિષ્ઠ જ માનતો હતો; મને તો આજ સુધી એમ જ લાગતું હતું કે રોજ ધર્મની શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવી અને બાકીના વખતમાં વ્યવહાર તથા સમાજને ભારે આંચકો ન લાગે તેવી રીતે પોતાનો સ્વાર્થ સાધવો, એ જ સારા મનુષ્યનું લક્ષણ છે. આજે આ તપોવનની શાંતિમાં આવીને જોઉં છું ત્યારે સમજાય છે કે હું તો ભીંત ભૂલ્યો. દેવી! એ ધર્મક્રિયાઓ પોતપોતાને ઠેકાણે રહી; એ સ્વાર્થના માર્યા આવેલાં તે પણ પોતપોતાને સ્થાને પડ્યાં રહ્યાં. પણ એ બધાથી ડોળાયેલું આ મારું નાનકડું મન મને છોડતું નથી અને છોડવાનુંયે નથી. ગાંધારી! આખી દુનિયાના સામ્રાજ્યની પાછળ દોડનાર મારા જેવા કેટલાયે બિચારા મૃગોને ક્યાં ખબર છે કે એ બધાં ખોટાં ફાંફાં છે?

‘કુંતી! સાંભળો છો કે? વચ્ચે વચ્ચે હું આડે ઊતરી જાઉં છું. સંજય! તું મને રોકતો પણ નથી? દ્રૌપદીને લઈને તમે સૌ હસ્તિનાપુર આવ્યાં એટલે હું રાજી થયો અને પાંડવોને ઇંદ્રપ્રસ્થ પાટનગર તથા અર્ધભાગ કાઢી આપ્યાં. તમે સૌ ઇંદ્રપ્રસ્થ ગયાં. પણ કુંતી! સાચું કહું છું, મારા જીવને તો ચેન જ પડતું ન હતું. દરરોજ દિવસ ન આથમે ત્યાં તો તમારા

પુત્રોએ એકાદ રાજાને હરાવ્યાના અને એકાદ નવો દેશ જીતી લીધાના સમાચાર આવે જ આવે, અને મારા હૃદયની બળતરા વધે. કુંતી! આજે સમજાય છે તેવું તે દિવસે સમજાયું ન હતું. પાંડવો પોતાનું રાજ્ય અને સત્તા વધારે તેમાં મારે કશું ગુમાવવાનું ન હતું. દુર્યોધનનું એક ગામડું પણ તેથી ઓછું થતું ન હતું. તમારા પુત્રો મારા દુર્યોધનના પ્રતાપની જરાયે આડા આવતા ન હતા. પણ હું તો એમ જ વિચારતો કે પાંડવોનું તેજ વધ્યું એટલે જ દુર્યોધનનું તેજ ઘટ્યું. મારો દુર્યોધન હોય તેથી પાંડવો એક તસુ નીચા રહેવા જ જોઈએ એવા મારા અભિલાષો હતા. અને આવા અભિલાષો રાખવામાં હું માત્ર મારા પુત્રો તરફનું મારું કર્તવ્ય જ કરું છું એમ મને લાગતું. આજે ચોખ્ખું જણાય છે કે આ પ્રમાણે વિચારવામાં પાંડવોના તેજોદ્વેષ વિના બીજું કશું જ ન હતું. પાંડવો પોતપોતાને માર્ગે આગળ વધે તેમાં દુર્યોધનને કશી હીણપત ન હતી; પણ આપણે દુનિયાનાં માણસો આપણી મોટપ નાનપનો વિચાર પારકાના ગજથી કરીએ છીએ એ જ ભૂલ છે. મારું તો બધું જીવન આવી ભૂલમાં જ ખપ્યું. પાંડવોની કીર્તિને વધતી સાંભળીને હું અધીરો બન્યો. મારા પુત્રો તો પાંડવો કેમ ખુવાર થાય તેનો જ વિચાર કર્યા કરતા હતા.

'એવામાં યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ આવ્યો. શ્રીકૃષ્ણે, અર્જુને અને ભીમે મળીને જરાસંધનો વધ કર્યો અને બંદીવાન રાજાઓને છોડાવ્યા, એ સમાચાર મને મળ્યા ત્યારે હું તો આભો જ બની ગયો. જરાસંધ અને તેના સામ્રાજ્યને કોઈ રગદોળી શકે એમ મેં માન્યું જ ન હતું. ભીમે આ જરાસંધનો વધ કર્યો ત્યારે મારી તો આંખ ઊઘડી ગઈ, અને ઘડીભર મને પણ થઈ ગયું કે આ પાંડવોની સામા થવું એ મારા પુત્રો માટે સિંહના મોંમાં હાથ નાખવા જેવું છે.

'પણ એવા એવા વિચારો તો આવે અને પાછા તરત જ સંતાઈ જાય. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભીષ્મ ગયા, દ્રોણ ગયા, મારો દુર્યોધન ગયો અને બીજા ઘણાયે ગયા. વિદુર પણ ગયો હતો. મારે તો આંખો જ નહિ એટલે શું જાઉં?

'પણ મારો દુર્યોધન ઇંદ્રપ્રસ્થથી પાછો આવ્યો ને એણે મને પાંડવોના ઐશ્વર્યનું વર્ણન કર્યું ત્યારે તો મારી ઊંઘ ઊડી ગઈ. દ્વારકાધિપતિ શ્રીકૃષ્ણનું મનુજશ્રેષ્ઠ તરીકે પૂજન થયું, અને એવા પૂજન સામે વાંધો ઉઠાવનાર શિશુપાળનું માથું ધડથી જુદું પડ્યું. આવા મહાનુભાવ શ્રીકૃષ્ણે રાજાઓના પગ ધોવાનું માથે લીધું. ભારતવર્ષના દૂર દૂરનાં રાજા-મહારાજાઓએ યુધિષ્ઠિરના ચરણમાં મસ્તક મૂક્યાં અને અનેક કિંમતી ભેટોથી તેમનું સાર્વભૌમપદ સ્વીકાર્યું. આ બધું મેં સવિસ્તર સાંભળ્યું ત્યારે મારા મનમાં શું શું થયું હશે તેની કલ્પના પણ તમને કોઈને નહિ આવે. પોતાના પુત્રો નિરંતર પાંડવોથી ચડિયાતા રહે એવું ઇચ્છનાર ધૃતરાષ્ટ્રને આ બધું કેવુંક ગમ્યું હશે? એ બધાં વર્ણનો સાંભળીને મારા તો કાન સડસડી જતા હતા, પણ મેં ધીરજ રાખી અને દુર્યોધનને પણ ધીરજ આપી. કુંતી! સાચું કહું? હું આંધળો છું એ તો સૌ કોઈ જાણે છે; મને કોઈ આંધળો કહે તો તે માત્ર એક સાચી હકીકત રજૂ કરે છે એ પણ હું સમજું છું. છતાં જ્યારે દ્રૌપદીએ મારા દુર્યોધનને મહેણું માર્યું કે ''આંધળાના તો આંધળા જ હોય ને!'' ત્યારે મને ખૂબ લાગી આવ્યું, અને દ્રૌપદીનો તેમ જ તમારા સૌનો મુરબ્બી હોવા છતાં એનો ચોટલો વીંખી નાખું એવી મને દાઝ આવી.

'પછીની વાત તો તમે સૌ જાણો છો. આ દ્રૌપદી આવે. દ્રૌપદી! હવે તો તારા ચોટલાનો અંબોડો વાળ! દ્રૌપદી, જગદંબા! તારા ચોટલાએ મારા દુઃશાસનને તો ભરખી લીધો, હવે તો ક્ષમા કર! આવ, આવ; તારે મારા ખોળામાં બેસવું છે? ના ના, હું બળી જાઉં. એવી પવિત્ર સ્ત્રીઓનો સ્પર્શ થાય તો ખોળો તૂટી પડે.'

સંજય બોલ્યો: 'મહારાજ! આપણે તો શતયૂપના આશ્રમમાં છીએ.'

ધૃતરાષ્ટ્રે ચલાવ્યું: 'હું ભૂલ્યો, કુંતી! પછી તો મારા જીવનનું કાળામાં કાળું કામ મેં કર્યું. જુગાર કેવી ખરાબ વસ્તુ છે એ હું જાણતો હતો; દુર્યોધને જ્યારે પોતાનો વિચાર મારી પાસે મૂક્યો ત્યારે મેં તેને ઘણો વાર્યો, પણ દુર્યોધન એકનો બે ન થયો. છેવટે મેં થાકીને વિદુરને હુકમ કર્યો કે પાંડવોને જુગાર રમવા બોલાવી લાવ. વિદુર, વિદુર! તને કેટલોક સંભારું! તારું એક એક વચન લાખના મૂલનું હતું; પણ હું આંધળો હતો એટલે મારો વિનાશ શી રીતે દેખું? કુંતી! તમને પણ ન સૂઝયું કે લાવ યુધિષ્ઠિરને વારુ? પણ ન સૂઝે. દૈવને એ જ ગમતું હશે. પછી તો તમે સૌ આવ્યાં અને અમે સૌએ તમારો મોટા આડંબરથી સત્કાર કર્યો. ગાંધારી! તમારો શકુનિ તે દિવસે ઊપડ્યો ઊપડતો ન હતો.

'પછી-પછી-પછી બીજો દિવસ ઊગ્યો; પછી જુગાર. પછી મારો પુત્ર દુર્યોધન જુગારમાં જીત્યો. હેં? ના ના, હાર્યો. કુંતી! તમારા પુત્રો જુગારમાં હાર્યા? ના, એ તો જીત્યા. જગતમાં કેટલીક જીત હાર કરતાંયે વધારે બૂરી હોય છે, અને કેટલીક હાર જીત કરતાંયે વધારે તેજસ્વી હોય છે. મારો પુત્ર દુર્યોધન યુધિષ્ઠિરની લક્ષ્મી જીત્યો, તેનું રાજ્ય જીત્યો, તેના દાસદાસીઓને જીત્યો, તેના ભાઈઓને જીત્યો, સતી દ્રૌપદીને જીત્યો; પણ આ બધાંને મેળવવામાં ખુદ માણસાઈને જ પરવારી બેઠો. ગાંધારી! તારા શકુનિએ મારા દીકરાને ખાડામાં ઉતાર્યો. અથવા તારો શકુનિ બિચારો શું કરે? એ દોષ તો મારો જ હતો. સંજય, સંજય! દ્યૂતસભામાં પાસા કેવી રીતે પડતા હતા તે મેં તને કેવી આતુરતાથી પૂછ્યું હતું તે યાદ છે? મને એ બરાબર યાદ છે. ધોળા પાથરણા પર પડતા એ હાથીદાંતના પાસાનું તું વર્ણન કરતો હતો ત્યારે મારો આનંદ સમાતો ન હતો. એક પણ શસ્ત્રના ખખડાટ વિના મારા પુત્રે પાંડવો અને દ્રૌપદીને સુધ્ધાં ગુલામ બનાવ્યાં, ત્યારે તો મને શકુનિના બુદ્ધિવૈભવ પર સોનાનો કળશ ચડ્યો હોય એમ લાગ્યું. પણ એ સોનાનો કળશ આવો પરપોટો માત્ર હશે તે તો આજે સમજાય છે. કુંતી, કુંતી! હું આખા કુરુકુળનો મુખી; આખાયે કુરુકુળની લાજઆબરૂનો હું પ્રતિનિધિ; આખા કુરુકુળની સ્ત્રીઓના પવિત્ર્યનો હું સંરક્ષક. મેં મારી દીકરી જેવી દ્રૌપદીની લાજ ભરસભામાં લૂંટાવા દીધી એ આજે સંભારું છું ત્યારે મને જાત પર તિરસ્કાર છૂટે છે, અને મહાપાપમાંથી હું કયે ભવ છૂટીશ એનો વિચાર કરતાં મગજ થાકી જાય છે.

'સંજય! દુર્યોધને આ જુગાર માંડ્યો ન હોત તો આજે કૌરવો બધા જીવતા હોત અને હસ્તિનાપુરમાં મહાલતા હોત; જુગાર માંડ્યો છતાંયે હોડ ન મૂકી હોત તો યુધિષ્ઠિરને પડખે એ સો ભાઈઓ વધારે દીપી નીકળત; હોડ તો મૂકી પણ દ્રૌપદીને ન મૂકી હોત તો આજે પાંડવો ને કૌરવો એકઠા મળીને આખા ભારતવર્ષને ધ્રુજાવતા હોત. અરે દ્રૌપદીને મૂકી તો મૂકી, પણ મારા દુ:શાસને તેનાં ચીર ન ખેંચ્યાં હોત તો આજે મારી પુત્રવધૂઓનાં જીવતર વેરાન જેવાં બની ગયાં છે તે ન બન્યાં હોત; અને ઉજ્જડ અરણ્યમાં ડાળપાન વિનાના ઠૂંઠાં જેવો ઝૂરીઝૂરીને મરીશ તેને બદલે મારા એક સો ને પાંચ પુત્રોની વચ્ચે સૂતેલો સુખપૂર્વક સિધાવત. પણ સંજય! હું જ ખોટો ત્યાં શું કરું? અને બીજા કોનો દોષ કાઢું? મારાં કરેલાં હું ન ભોગવું તો બીજું કોણ ભોગવે? કુંતી! સાંભળો છો? મારા પુત્રોએ દ્રૌપદીની આ દશા કરી ત્યારે તમારું હૃદય તો ચૂરેચૂરા થઈ ગયું હશે, પણ હું તો એ બધું સાંભળી રહ્યો. હા, સાંભળી જ રહ્યો, મનમાં રાજી પણ થયો! મને આંધળો કહ્યો તેનું ઠીક વેર વળ્યું એમ પણ લાગ્યું. મને તે દિવસે ન સમજાયું કે પવિત્ર આર્યાઓને જુગારમાં જીતનારા લોકો જીવન માત્રનું દેવાળું કાઢવાના છે; મને તે દિવસે ન સમજાયું કે પવિત્ર આર્યાઓના ચોટલાનો ફૂંફાડો સેંકડો વર્ષનાં મૂળિયાં નાખેલાં ઝાડોને ઘડીના છઠ્ઠા ભાગમાં

ભસ્મ કરી નાખે છે; મને તે દિવસે ન સમજાયું કે જે લોકો ભરસભામાં ઉઘાડી આંખે અને પોતાને જ હાથે પવિત્ર આર્યાઓનું અપમાન કરી શકે છે, તેમ જ તેમ કરવામાં અભિમાન લે છે. તેઓ કાળના જડબામાં પડી જ ચૂકેલા છે.

'કુંતી! ગાંધારી! આ બનાવ તો હજી આજે પણ સંભારું છું. ત્યારે મારી આસપાસ મોટી ભૂતાવળ જાણે કે ઊભી થાય છે અને જવાબ માગે છે. બીજો જવાબ તો મારી પાસે છે નહિ; માત્ર એક જ છે કે હું આંધળો હતો, લોભી હતો. લોભને વળી આંખો હોય છે જ ક્યાં! દુર્યોધન પર સ્નેહ હતો તેથી તેની બધી બાજીને હું બહાલી આપતો. મને મનમાં હતું કે આવી રીતે જ મારા લોભને સંતોષ મળશે. પણ આજે હવે ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે તેવું થઈ રહ્યું છે.'

'કુંતી! એક વાત વળી રહી ગઈ. પછી તો સભામાં જ્યારે ભારે હાહાકાર થઈ ગયો અને દુ:શાસન જેવો ભડવીર પણ દ્રૌપદીનાં ચીર ખેંચતાં થાક્યો ત્યારે મને થયું કે રખે ને દ્રૌપદી મારા પુત્રોને શાપ દઈને ભસ્મ કરી નાખે? એટલે હું સભામાં દોડ્યો. આ રહ્યો સંજય. સભામાં જઈને મેં દ્રૌપદીને મારા ખોળામાં બેસાડી અને તેને રાજી કરવા માટે તેને તેમ જ પાંડવોને દાસત્વમાંથી છૂટાં કર્યાં. કુંતી! સાચું કહી દઉં? સભામાં તો લોકો મારી ખૂબ સ્તુતિ કરવા લાગ્યા; કેમ જાણે મને મારા પુત્રોનાં કામ ન ગમ્યાં હોય અને હું દ્રૌપદીને તેમ જ પાંડવોને ન્યાય કરવા આવ્યો હોઉં! પણ તેવુંયે હતું નહિ. મારો તો આ દેખાતી ઉદારતામાં સ્વાર્થ હતો. ગાંધારી! અમે રાજપુરુષો રિબાવી રિબાવીને દુશ્મનને મારવામાં કુશળતા માનીએ છીએ. સાથે સાથે અમારો માર લાગતો હોય ત્યારે પણ એ મારની જગ્યાએ ઠંડું પાણી છંટાતું જાય તેવી તજવીજ રાખીએ છીએ. એમ કરવાથી મારેલા મારનો વિચાર કરવો છોડી દઈને લોકલાગણી અમારા છાંટેલા પાણી તરફ વળે છે. લોકોનો મોટો ભાગ તે દુ:ખને ભૂલી જ જાય છે અને અમને વળી બીજે કોઈ વખતે માર મારવાનો લાગ રહે છે. મેં વળી એવો પણ વિચાર કર્યો કે રખેને દ્રૌપદી જોગમાયાનો અવતાર છે તે મારા પુત્રોને શાપ દેશે! એટલે બીકમાં ને બીકમાં મેં વરદાન આપ્યાં, અને તે પ્રસન્ન થઈ ત્યારે જ મારો શ્વાસ હેઠો બેઠો.

'અને છતાંયે પાંડવો એમ છટકી જાય તે મારા પુત્રોને કેમ પાલવે! અને પુત્રો નચાવે તેમ નાચનારા મનેય કેમ પાલવે! એટલે પાંડવોને ફરીથી જુગાર રમાડ્યા અને બાર વર્ષનો વનવાસ આપ્યો. ગાંધારી! આ બધું દુર્યોધને કર્યું પણ મનેય ઊંડે ઊંડે આ બધું ગમતું હતું એમાં શક નથી. ન ગમતું હોત તો તો તે દિવસે જ મેં તેમને જરાયે સંમતિ ન આપી હોત. પણ ઊલટો વિરોધ કર્યો હોત, વિદુર! ગાંધારી! તમે મને કેટલીયે વાર ચેતવ્યો, પણ હું આંધળો ચેત્યો જ નહિ. આજે મારી બધી દુષ્ટતા અને પામરતાના પડદા એક પછી એક ઊપડે છે ત્યારે મને બધું સમજાય છે, પણ આજે આ સમજણ શા કામની? મારાં પાપો! આવો; તમે એક પછી એક શા માટે આવો છો? બદાં સાથે આવો અને મારા હૃદયને ચટકા ભરો છો તેથી અનેક ગણા વધારે ચટકા ભરો. દુનિયાભરનાં સર્પો અને વીંછીઓ પોતાનાં તમામ ઝેર તમારા આંકડામાં મૂકો; દુનિયાભરના તમામ અગ્નિઓ પોતાની જ્વાળાઓ તમને સોંપો; અને હે પાપો! તમે મને કરડો, મને બાળો. આ ધૃતરાષ્ટ્ર એ બધાંને લાયક છે. સંજય! મને હિમાલય પર લઈ જઈશ? કુંતી! હું હિમાલયની ટોચ ઉપર બેઠો બેઠો આખાયે ભારતવર્ષને કંઈક કહેવા માગું છું.

'પણ આ જયદ્રથ કેમ આવ્યો? બેટા! મારે તો તુંયે દીકરો. મારા પાપના છાંટા તનેય ઊડ્યા, નહિતર સિંધુરાજ જયદ્રથ મારી દુ:શલાને છોડીને દ્રૌપદી પર નજર શા માટે નાખે? જયદ્રથ! તું શંકરનો ભક્ત. તારું તપ એવું કે તું માગ તો શંકર તને મોક્ષ આપે. પણ તેં

નાની એવી શક્તિ માગી અને અર્જુનને હાથે મોત મેળવ્યું. જયદ્રથ! મારી સામે શું જુએ છે?'

'કુંતી! માફ કરજો. હું વળી આડે માર્ગે ચડી ગયો. તમારા પુત્રોને વનમાં મોકલીને મેં નિરાંત ન માની. વનમાં પણ પાંડવો કેમ દુ:ખી થાય અને બાર વર્ષનો અંત આવે છતાંયે તેમના વનવાસનો અંત કેમ ન આવે, એવી ગણતરીમાં મારા પુત્રો રહેતા, અને હું તો પડદા પાછળ ઊભો જ હતો! બાર વર્ષો તો જોતજોતામાં વહી ગયાં અને તેરમું પણ પૂરું થવા આવ્યું. પાંડવો ક્યાં છે તેનો કશોય પત્તો ન હતો. ત્યાં ભોંયમાંથી ભાલું નીકળી આવે એમ એકાએક પાંડવો વિરાટમાં ઝળક્યા અને અમે સૌ ચોંકી ગયા. તેર વર્ષને અંતે પાંડવો સહીસલામત રહેશે એવી મને તો કલ્પના સરખી ન હતી. વળી અર્જુને વિરાટના પાદરમાં કૌરવસેનાને રગદોળીને કેટલાયનાં કપડાં ઉતાર્યાં એમ મેં સાંભળ્યું, ત્યારે તો મેં મારા પુત્રોને કાળના મોંમાં પેસતાં જ જોયા. કુંતી! સાચું કહું તો તે દિવસથી મેં ઊંઘ ગુમાવી છે, અને હું હવે તે ક્યારે પાછી મેળવી શકીશ તે કહી શકતો નથી.'

'ગાંધારી! ત્યાર પછીના દિવસો ઝપાટાભેર જવા લાગ્યા. આખા હસ્તિનાપુરના વાતાવરણમાં ચંચળતા અને ગરમી આવી. રોજ રોજ પાંડવો સાથે યુદ્ધ કરવાની વાતો ચર્ચાવા લાગી; રોજ રોજ દૂતો અને પ્રતિદૂતો આવજા કરવા લાગ્યા; રોજ રોજ ઝેરી બાણોથી પણ વધારે વસમા સંદેશાઓ વિરાટ અને હસ્તિનાપુર વચ્ચે ઊડવા લાગ્યા; રોજ રોજ જૂનાં દાબી રાખેલાં વેરઝેર નવી ભભકથી બહાર આવવા લાગ્યાં; આ બધાનો સાક્ષી હું ધૃતરાષ્ટ્ર લોભ અને વિનાશભયની વચ્ચે ગોથાં ખાવા લાગ્યો. ગાંધારી! પિતામહે અને દ્રોણે જ્યારે મારા પુત્રો અને પાંડવો વચ્ચેના યુદ્ધનો ચિતાર મારી પાસે રજૂ કર્યો અને પાંડવોને સંતોષ આપવા આગ્રહ કર્યો ત્યારે હું પીગળી ગયો. મારા પુત્રોનો વિનાશ મેં સન્મુખ જોયો અને સંધિ કરવા તૈયાર થયો. પણ હું ધૃતરાષ્ટ્ર! મારી પ્રથા તો જન્મથી જ એવી કે ઘડીભર ટટ્ટાર બની જાઉં, પણ દુર્યોધન આવીને મને ધમકાવે એટલે હું ઢીલો પડી જાઉં. અને તે કહે તેના પર આંખો મીંચીને મંજૂરી આપું. દુર્યોધન, મારા વહાલા દુર્યોધન! હું તને વારી ન શક્યો. તને માઠું લગાડવાની તાકાત મારામાં ન હતી. અરે, તારી યોજના મને ઊંડેથી ગમતી હશે, અને હું તારો છૂપો ભાગીદાર જ હોઈશ; ફક્ત મારામાં ઉઘાડા પડવાની હિંમત નહિ એટલું જ.

'સંજય! જો શ્રીકૃષ્ણના રથની ઘૂઘરમાળ સંભળાય. એ દિવસ તો મારાથી કદીયે નહિ ભુલાય — શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા આવ્યા તે દિવસ. તે દિવસે તો આખું હસ્તિનાપુર ખળભળી ઊઠ્યું. મારા પુત્રોના અજંપાનો તો ત્યારે પાર જ ન હતો. ભીષ્મ — દ્રોણ સંધિની આશા રાખતા બેઠા હતા. શ્રીકૃષ્ણ આવીને શું કરશે અને આપણી શી દશા થશે એ વિચારમાં જ હું ડૂબી ગયો હતો. શકુનિ અને દુર્યોધન લગભગ આખો દિવસ પોતાની ખાનગી મસલત જ ચલાવતા અને દુર્યોધન તો અવારનવાર મારી પાસે આવીને મને એક જ વાત કહેતો, ''બાપુ! તમે આ કાળિયાની બાજીમાં સપડાતા નહિ.'' ગાંધારી! તમને યાદ હશે; તમે જાતે આવીને મને તે દિવસે ઠપકો આપ્યો અને દુર્યોધનનો ત્યાગ કરવાનો આગ્રહ કર્યો, પણ મારાથી એ ન બન્યું. મને પોતાને ઊંડે ઊંડે એમ હતું કે ગમે તેમ થાય પણ હજીયે કદાચ દુર્યોધન ફાવી જશે, અને પાંડવોનું નિકંદન નીકળી જશે.

'સંજય! શ્રીકૃષ્ણ કચેરીમાં આવ્યા અને પાંડવોની સ્થિતિની વાત મૂકી ત્યારે ઘડીભર મને થઈ ગયું કે આ પાંડવોની સામે લડવામાં માલ નથી; પણ દુર્યોધનને તેના નિશ્ચયમાંથી ફેરવવાની તાકાત હું ક્યાંથી લાવું? મેં દુર્યોધનને ઘણો સમજાવ્યો; પાંડવોના બળની વાત કરી; યુદ્ધનાં અનિષ્ટો તેની પાસે રજૂ કર્યાં; પણ એ તો દુર્યોધન! મોતનો તેને ડર જ ન

હતો. હસ્તિનાપુરની ગાદીનો તેનો આગ્રહ શૂરવીરનો આગ્રહ બન્યો હતો. દુશ્મનની સાથે સંધિ કરી નાક કપાવવું તેના કરતાં સામે પગલે મરવું એમાં જ એને વીરતા લાગી અને હું તો તેના શબ્દ આગળ રાંક! દુર્યોધનની દુષ્ટતામાંયે વીરતાનો પ્રતાપ, ત્યારે મારી દુષ્ટતા તો સાવ માંદા જેવી. ગાંધારી! તમારી પવિત્રતામાં જે ઓજસ્ છે તેના જેવું જ કોઈ ઓજસ્ દુર્યોધનની દુષ્ટતામાં હતું એમ મને સમજાય છે. જ્યારે હું તો વીર્યહીન દુષ્ટતાનો ગુલામ હતો. દુર્યોધનના જેવી સવીર્ય દુષ્ટતા હોત તો તો આજે ક્યારનોય મારા પાપનો અંત આવ્યો હોત અને હું ઈશ્વરની સૃષ્ટિમાં ક્યાંનો ક્યાં નીકળી ગયો હોત; પણ આજે તો અહીં પડ્યો પડ્યો લવરી કરું છું, અને મારાં પોતાનાં કર્મો એક પછી એક મારી સામે ખડાં થાય છે તેમને કુંતી પાસે રજૂ કરીને સુખ મેળવવા ફાંફાં મારું છું!

‘કુંતી! શ્રીકૃષ્ણ આવ્યા અને ગયા. તેમના એક હાથમાં સંધિ અને બીજા હાથમાં યુદ્ધ હતું. તેમણે તો સંધિવાળો હાથ મારી સામે ધર્યો, પરંતુ હું આંધળો એ હાથને પકડી ન શક્યો. શ્રીકૃષ્ણની મોટાઈ તેમ જ તેમનું ડહાપણ મારા જેવા પાપી હૃદય પર પછડાઈને પાછાં ફર્યાં. અને મારા પુત્રોના મૃત્યુલેખ લખાઈ ચૂક્યાં. શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ! તમારાં વેણ સાચાં પડ્યાં. આંધળો ધૃતરાષ્ટ્ર કુરુકુળનો આવતો નાશ જોઈ ન શક્યો. આજે તમે સૌ પોતપોતાને પંથે પડ્યા છો ત્યારે હું એકલો મેં પોતે ઊભી કરેલી આ વેરાન સૃષ્ટિનો દ્રષ્ટા થઈને જીવી રહ્યો છું. શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ! હું તમનેય ઓળખી ન શક્યો. તમે આ યુગના મહાન યુગપુરુષ છો એ મને ન સમજાયું! મેં તો તમને પાંડવોના સગા અને અર્જુનના મિત્ર જ માન્યા. તમે કહ્યું તેમાં પાંડવોનું, મારા પુત્રોનું, સમગ્ર ક્ષત્રિયજનતાનું અને આખાયે ભારતવર્ષનું કલ્યાણ છે એ મને તે વખતે ન સૂઝયું. મને ત્યારે એમ જ લાગતું હતું કે મારા પુત્રોનો સ્વાર્થ એટલે પાંડવોનું અહિત. અને પાંડવોનો સ્વાર્થ એટલે મારા પુત્રોનું અહિત. ગાંધારી! હજી તો ગઈ કાલ સુધી મારી આ જ સમજણ હતી ને? તમારા પ્રતાપે આજે હવે બીજું સમજાય છે. આજે મને દેખાય છે કે વ્યક્તિનું હિત, સમાજનું હિત અને સમગ્ર માનવજાતિનું હિત એ બધાં એકબીજાનાં વિરોધી નથી; અને વિરોધ જણાય ત્યાં કાં તો દૃષ્ટિમાં દોષ છે, અથવા તો હિતાહિતના વિચારમાં દોષ છે. શ્રીકૃષ્ણે તો કૌરવસભામાંથી સિંહનાદ કરીને પોકાર કર્યો, પણ હું કાન બંધ કરીને બેઠેલો તે શી રીતે સાંભળું? શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ! આજે તમે બહુ યાદ આવો છો.

‘કુંતી! તમનેય શ્રીકૃષ્ણ મળ્યા હતા એમ મને જાસૂસોએ જણાવ્યું. તમારા હૈયામાં તો તે વખતે હોળી સળગી હશે; ખરું ના? તેર તેર વર્ષને અંતે સિંહ જેવા પુત્રો વનવાસમાંથી બહાર આવે અને મારા જેવો કાકો મુરબ્બી થઈને રાજ્યનો ભાગ આપવાની જ ના પાડે, ત્યારે ક્ષત્રિયાણીના દિલમાં શું થઈ જાય તેની કલ્પના હું કરી શકું છું. કુંતી! હું હજીયે સમજી શકતો નથી કે મને એવો તે કયો લોભ લાગ્યો કે અમે પાંડવોને પાંચ ગામ પણ આપવાની ના પાડી! એક જ મારો દુર્યોધન આખા હસ્તિનાપુરના રાજ્યને છોડી એક ધરાના કાંઠા પર સૂતો! પણ સભામાં શ્રીકૃષ્ણે પૂછ્યું ત્યારે કહે: ‘‘સોયની અણી ઊભી રહે તેટલી જગ્યા પણ પાંડવોને નહિ આપું!’’ હું આજે વખાનો માર્યો આ શતયૂપના આશ્રમમાં આવ્યો છું અને મોતને તેડાં પર તેડાં મોકલું છું; પણ તે દિવસે મને પણ પાંડવોને રાજ્યનો ભાગ આપવાનું ન સૂઝયું. કુંતી! લોભ તે શી વસ્તુ હશે? મારા પુત્રો રાજ્ય ભોગવે કે પાંડવો ભોગવે તેમાં મને શા માટે ફેર લાગતો? ગાંધારી! આ કોયડો હજીયે ઉકેલી શકાતો નથી. કૌરવો જીતે તો હું રાજી થાઉં, ને પાંડવો જીતે તો હું દુ:ખી થાઉં. એક મારા ને બીજા પારકા! આ બધું કોણે સમજાવ્યું?

‘પણ નહિ; નહિ. સત્તા જાતે જ બૂરી ચીજ છે. એક વાર સત્તા મળી કે તેનો કેફ

ચડવાનો જ. માણસને શક્તિ આવે તેની સાથે જ તે શક્તિને પચાવવાની હોજરી નથી મળતી એ જ દુર્ભાગ્ય છે. દ્રવ્યની શક્તિવાળાનો કેફ, વિદ્યાની શક્તિવાળાનો કેફ, શરીરની શક્તિ-વાળાનો કેફ, — આ બધા કેફ ચડ્યા કે ભલભલા પણ ગાંડા બની જાય છે. મને રાજ્ય મળ્યું એટલે મારા પુત્રોનું મગજ ફાટ્યું. રાજ્ય મેળવવામાં જે તાકાતની જરૂર છે તે કરતાં પણ જરૂર પડ્યે રાજીખુશીથી રાજ્ય ગુમાવવામાં વધારે તાકાતની જરૂર છે. જે આવી રીતે રાજ્ય મેળવી શકે છે અને ધારે ત્યારે ગુમાવી શકે છે તે જ રાજ્યના ધણી થવાને લાયક છે; બીજા તો રાજ્યના ગુલામ છે. આ રીતે હું અને મારા પુત્રો હસ્તિનાપુરના ધણી નહીં પણ ગુલામ જ રહ્યા; પાંડવોએ રાજ્યને ગુમાવી જાણ્યું અને મેળવી જાણ્યું. એટલે જ એ હસ્તિનાપુરના રાજ્યનો હું તો માત્ર વારસ. એ રાજ્ય મેળવવામાં જરાયે પરસેવો ઊતરેલો નહિ; મારે ભાગે તો એ રાજ્યના ભોગો આવ્યા, તેનાં કષ્ટ ન આવ્યાં. મારા પુત્રોને પણ એમ જ. એ તો જન્મ્યા ત્યારથી જ રાજકુમારો થયા અને રાજકુમારોના ભોગો ભોગવતા થયા ને આવા સંયોગોમાં મોટા અધિકારીઓના વારસોમાં જે નબળાઈ, લોભ, ઈર્ષ્યા, સુંવાળપ, અભિમાન, દંભ, વગેરે આવે છે તે મારા પુત્રોમાં આવ્યાં અને તેનાં પરિણામો પણ તેમણે ભોગવ્યાં. મારા પુત્રોએ પાંડવોને જે કષ્ટો આપ્યાં અને વનવાસમાં કાઢ્યા તે કષ્ટો અને વનવાસ પાંડવોને તેજસ્વિતાની શાળા જેવાં થઈ પડ્યાં અને ત્યાં જ પાંડવોને ક્ષત્રિયવટની શુદ્ધ દીક્ષા મળી, એટલે ખરી રીતે તો મારા પુત્રોએ જ પાંડવોને તેજસ્વી થવામાં મદદ કરી. પણ આ તો આજે સમજાય છે. તે દિવસે તો પાંડવોનું વેર લેવામાં મને પણ ગુપ્ત આનંદ આવતો, અને એમ વેર લેવાથી જ આપણે કૃતાર્થ થઈશું એવી સો ટકા ખાતરી રહેતી. વેર લેવાની ઇચ્છા રાખનારને આખરે હાથ ઘસવા પડે છે, એવો અનુભવ તો આજે જિંદગીને છેડે આવ્યો છું ત્યારે જ થાય છે. તે દિવસે તો હસ્તિનાપુરના સિંહાસન પર બેઠો હતો એટલે કોઈએ કહ્યું હોત તોયે માનત જ નહિ.

'પણ જવા દ્યો. કુંતી! શ્રીકૃષ્ણ તો પાછા ગયા અને યુદ્ધના શંખનાદ થયા.

'પછીની વાત તો તમે ક્યાં નથી જાણતાં! યુદ્ધ તો અઢાર દિવસ ચાલ્યું, અને અઢારે દિવસનો ઈતિહાસ આ સંજયે મને સંભળાવ્યો; યુદ્ધ દરમિયાન મને કોઈ કોઈ વાર મનમાં થઈ આવતું કે કદાચ ભીષ્મ બધા પાંડવોને મારી નાખે અને મારા પુત્રોને વિજય મળે! કદાચ દ્રોણ કે કર્ણ અર્જુનને મારી નાખે અને પછી બીજા પાંડવો રણ છોડીને નાસી જાય! પણ મારા મનમાંથી તો કોઈ નિરંતર કહ્યા જ કરતું કે જ્યાં શ્રીકૃષ્ણ અને અર્જુન છે ત્યાં જ વિજય છે. આ રહી ગાંધારી. કુંતી! તમને ખબર છે? મારો દુર્યોધન સંગ્રામમાં જતા પહેલાં તેના આશીર્વાદ લેવા ગયેલો. પણ ગાંધારી એમ આશીર્વાદ આપે? એ તો વટનો કટકો. હું એનો પતિ ખરો પણ એની પવિત્રતાથી બીઉં: રખેને હું એનાથી દાઝું! ગાંધારીએ મારા દુર્યોધનને આશીર્વાદ ન આપ્યો પણ એટલું જ કહ્યું: ''જે પક્ષમાં ધર્મ હશે તે પક્ષનો વિજય થશે.'' ત્યારે જ મેં દુર્યોધનના વિજયની આશા છોડી હતી. આ ગાંધારીના વચનમાં એટલું સત છે.

'અને થયું પણ એમ જ. સંજય! અઢાર દિવસમાં મને વચ્ચે વચ્ચે આશાનાં સ્વપ્નો આવી જતાં. ભીષ્મ પિતામહે જ્યારે પાંડવોનો સંહાર કરવાની દુર્યોધનને કબૂલાત આપી એમ મેં સાંભળ્યું, ત્યારે મને ઘડીભર થઈ ગયું કે મારો દુર્યોધન વિજયી થશે; ભગવાન દ્રોણાચાર્યે જ્યારે ચક્રવ્યૂહમાં સુભદ્રાના પુત્ર અભિમન્યુને પૃથ્વી પર સુવાડ્યો અને અર્જુને જયદ્રથને મારવાની યા તો જાતે મરવાની પ્રતિજ્ઞા મૂકી ત્યારે મને થયું કે હવે અર્જુન જરૂર બળી મરશે અને મારા પુત્રોનો વિજય થશે. કુંતી! જ્યારે કર્ણએ યુધિષ્ઠિર મહારાજને ઘાયલ કર્યા અને પાંડવોની છાવણીમાં યુધિષ્ઠિરનો વધ કરવા અર્જુન ઊભો થયાનું મેં

સાંભળ્યું, ત્યારે મારા અંતરમાં ઉમળકો આવ્યો અને મને મારા પુત્રોને માટે નવી આશા બંધાઈ. સંજય! ગુરુપુત્ર અશ્વત્થામાએ પાંડવોની છાવણીમાં રાત્રે પ્રવેશીને મહાસંહાર કર્યો ત્યારે મને થયું કે બધા પાંડવો હતાશ થઈને પ્રાણ ત્યાગશે અને કદાચ... કદાચ દુર્યોધન મૃત્યુશય્યા પર પણ દુશ્મનના વિનાશનો સંતોષ લઈને જશે.

'પણ આ બધી આશાઓ ધુમાડાના બાચકા જેવી નીવડી. મેં તો આશા રાખેલી કે દુર્યોધન કુરુક્ષેત્રમાંથી પાછો આવીને મારે પગે પડશે, અને આ ગાંધારીના ખોળામાં માથું મૂકશે. પણ એણે તો પૃથ્વી માતાને ખોળે માથું મૂક્યું. તે યુદ્ધને અંતે શ્રીકૃષ્ણ મારી પાસે આવ્યા.

'ગાંધારી! શ્રીકૃષ્ણે આવીને મારા હૃદયને ભાંગી નાખ્યું. ખોટી પણ આશા પર જીવતો એવો ધૃતરાષ્ટ્ર આશાહીન થઈ ગયો અને હૃદય વજ્ર જેવું બની ગયું. કુંતી! તમે માનશો નહિ, પણ તે દિવસે દુર્યોધન જેવા પુત્રને ગુમાવીને પણ હું રોઈ શક્યો નહિ. મારી આંખોમાં નાનુંશું પણ આંસુ તે દિવસે આવ્યું નહિ. હું મૂઢ જેવો બની ગયો. આ સંજય વૈદને બોલાવી લાવ્યો અને હું રોઉં એવા કેટલાય ઉપચારો વૈદે અજમાવ્યા; પણ રોવાય શી રીતે? પથ્થરના હૃદયમાંથી પાણીનું એક ટીપું નીકળે તો કે!

'અને છતાંયે, કુંતી! એક સો પનોતા પુત્રોને રણમાં સુવાડ્યા છતાંયે મારાં પાપોનો મને તિરસ્કાર ન છૂટ્યો. આ ગાંધારીને પણ શ્રીકૃષ્ણના કહેલા સમાચાર સાંભળીને દુ:ખ તો થયું; પણ એ તો જોગમાયા છે. એનું તો આખું જીવન સો ટચના સોના જેવું. ન મળે કશી ભેળસેળ, ન મળે કશો કચરો. એટલે તો દુર્યોધનની હકીકત સાંભળી છતાં પણ તેનું ધૈર્ય ગયું નહિ. એણે તો એ જ પરિણામ ધાર્યું હતું.

'પણ કુંતી! લોભી ધૃતરાષ્ટ્રને તમે ઓળખ્યો નથી. મારાં સ્વપ્નો બધાં તૂટી પડ્યાં, મારી આશાઓ ધૂળમાં મળી. મારા મનોરથો મનમાં જ રહ્યા, છતાંયે જ્યારે પાંડવો હસ્તિનાપુરમાં આવ્યા અને યુધિષ્ઠિર મને પગે પડવા આવ્યો ત્યારે મેં તેને અને બધા ભાઈઓને શાપ જ આપ્યો. તેમનું સત્યાનાશ નીકળી જાય એમ ઇચ્છ્યું. પણ એ તો ધૃતરાષ્ટ્રનો શાપ! મારા શાપમાં શક્તિ ક્યાંથી હોય! મારા શાપ શું ગાંધારીના શાપ જેવો છે કે ખુદ શ્રીકૃષ્ણને પણ તેની પાસે માથું નમાવવું પડે? મારો શાપ તો ઊલટો મારા પર આવીને અથડાય. કુંતી! વાંદરો ઘરડો થાય તોપણ ગુલાંટ ન ભૂલે એમ કહેવાય છે. મારા પુત્રો પોઢ્યા એટલે મારો સંસાર આખો ખારો થઈ ગયો; જીવનમાં રસ જ ન રહ્યો. નસીબમાં જે થોડા દિવસ બાકી રહ્યા હતા તેટલા કાઢવાના હતા. પણ હું તો ધૃતરાષ્ટ્ર! દુર્યોધન ગયો પણ મારી દુષ્ટતા કંઈ લેતો ન ગયો. મારા પુત્રો ગયા અને હવે તેમાંથી એક પણ પુત્ર હસ્તિનાપુરનું રાજ્ય ભોગવવા જીવતો થવાનો નથી એમ હું જાણતો હતો. છતાંયે જ્યારે મેં ભીમને ઉપરના સ્નેહથી બાથમાં લીધો ત્યારે હું તો તેને કચડીને મારી નાખવાનો જ હતો; પણ હું પાછો પડ્યો. મારા હાથમાં ભીમને બદલે ભીમનું લોઢાનું પૂતળું આવ્યું, અને હું મૂર્ખો માણસની ચામડીના સ્પર્શનો ને લોઢાના સ્પર્શનો ભેદ પારખી ન શક્યો. આ મારો છેલ્લો દાવ.

'પછી તો કુંતી! તમે જાણો છો. જિંદગી આખી કરેલાં બધાં કર્મો — જિંદગી આખી પુત્રના જેવી વત્સલતાથી પોષેલા આ વિચારો — મારી સન્મુખ આવવા લાગ્યા અને મને કનડવા લાગ્યા. તે દિવસે મને કોરીને ખાધો. હસ્તિનાપુરની મહેલાતો બધી આ ભૂતાવળોથી ભરાઈ ગઈ અને મારી પાસેથી કાંઈ કાંઈ જવાબ માગવા લાગી. એના એ મહેલો, એના એ ઓરડાઓ, એનાં એ આસનો અને પલંગો, એનાં એ સિંહાસનો, એનો એ સરંજામ: કેમ જાણે કરડતાં હોય એવી મારી દશા થઈ અને જે મહેલોમાં આટલું

જીવન ગુજાર્યું હતું તે મહેલોમાં એક રાત એક યુગ જેવડી લાંબી થવા લાગી. કુંતી! પાંડવોએ મારી સેવા કરવામાં મણા જ ન રાખી; દુર્યોધને મને સુખ આપ્યું તેના કરતાં મને વધારે સુખ મળે તેવી યુધિષ્ઠિરની કાળજી હું સ્પષ્ટ જોઈ શક્યો; મારાં સુખનાં સાધનો ઊલટાં વધ્યાં. પણ મને આ બધું વધારે ને વધારે ખૂંચવા લાગ્યું એટલે હું વનવાસમાં નીકળ્યો.

'કુંતી! નીકળ્યો ત્યારે મનમાં હતું કે હસ્તિનાપુર છોડીશ એટલે આ બધું ભૂલી જઈશ અને તપશ્ચર્યામાં મન પરોવીશ; પણ એ મારી ભૂલ હતી. જીવનભર પાળીપોષીને મોટાં કરેલાં આ મારાં બચ્ચાંઓ મને એમ કેમ છટકવા દે! મારાં કૃત્યો મારા મગજમાં ઘૂમ્યા કરે છે અને કોઈ અજબ રીતે મને મૂંઝવે છે.

'કુંતી! હા...શ! હવે દિલ કંઈક હળવું થયું. હવે આ ધૃતરાષ્ટ્ર હતો તેવો તમારી પાસે ખડો થયો. તમને આ બધું કહ્યા વિના મરી ગયો હોત તો મને બાળત ત્યારે શરીર આખું ભસ્મ થાત, પણ આ મૂઠી જેવડું હૈયું કેમે કરીને બળત નહિ. આજે હવે હું મરીશ તોયે મને થશે કે છેવટે કુંતીની પાસે તો ધૃતરાષ્ટ્રે હૈયું ખોલીને વાત કરી છે!'

'તમે હવે ઘણી વાર થયાં બોલ્યા કરો છો એટલે થાક ચડ્યો છે. હવે ઘડીભર પથારીમાં સૂઈ જાઓ. વળી વધારે કહેવું હોય તો કાલે સવારે કહેજો.' કુંતી ધીરજથી બોલ્યાં.

'ના, ના. કહેવાનો તો એમ પાર આવે એમ નથી. હજી તો અંદરથી એવાં એવાં ઊગે છે કે હું પોતે તેમને ઓળખતોય નથી. તમને શું કહું? બસ, થયું: હવે તમે ત્રણે જણાં સુખેથી સૂઈ જાઓ.'

સંજય બોલ્યો: 'મહારાજ! આપ સૂઈ જાઓ; પછી અમે આનંદથી જઈને સૂઈ જઈશું.'

સંજયે કહ્યું એટલે ધૃતરાષ્ટ્રે પથારીમાં લંબાવ્યું.

એકાએક આશ્રમમાં બૂમ સંભળાઈ: 'નાસો રે નાસો! જંગલમાં દાવાનળ લાગ્યો છે; નાસો રે નાસો!'

બૂમ સાંભળતાં જ સંજય ચમક્યો: 'દેવી! દાવાનળ લાગ્યાની બૂમ સંભળાય છે. આપણે કેમ કરશું?'

ગાંધારી જવાબ દે તે પહેલાં ધૃતરાષ્ટ્ર પાસું ફેરવતાં બોલ્યા: 'એમાં દેવીને શું પૂછે છે? પૂછ આ ધૃતરાષ્ટ્રને. ગાંડા સંજય! આ દાવાનળ તો ઈશ્વરે મોકલ્યો હોય એમ લાગે છે. કુંતી! મારા હર્ષનો પાર નથી. પરમાત્માએ મારા પર દયા કરી અગ્નિદેવ! આવ, દોડતો આવ, પ્રભુ તારી પાંખોમાં પવન ભરો. ગાંધારી! તમે ને કુંતી સંજયને લઈને ચાલ્યાં જાઓ, હું તો પ્રભુની આ મોટી કૃપાને વધાવીને કૃતાર્થ થાઉં છું. સંજય! ઉતાવળ રાખ.'

'મહારાજ!' ગાંધારી બોલ્યાં, 'તમે આટલી ઉંમરેય ગાંધારપુત્રીને ન ઓળખી? મારે તો જ્યાં મહારાજ ત્યાં હું. જીવનમાં તમારી સાથે જ બંધાઈ છું, અને મૃત્યુમાંય તમારી સાથે જ સમજો. ગાંધારની દીકરીઓને જીવતાં આવડે છે તેમ મરતાં પણ આવડે છે.'

'મહારાજ!' કુંતી બોલ્યાં: 'મારે સંજયની સાથે પાછા જવું હોત કે બીજું સ્થાન શોધવું હોત તો હું મારા પુત્રોને છોડીને તમારી સાથે આવત જ નહિ! હું તો વૃષ્ણિકુળની દીકરી; મારો શ્રીકૃષ્ણ જગત આખાનો સંહાર કરાવીને ઝાડને છાંયે એક પારધીના બાણથી મૂઓ; હું પાંડુની વધૂ મારા યુધિષ્ઠિરને ગાદી પર મૂકીને આવી છું એટલે મને કશી અબળખા રહી નથી. આજે મોત સામે પગલે મળવા આવે છે અને મહારાજ તથા ગાંધારી કંકુનો ચાંદલો લઈને ઊભાં છે, ત્યારે હું કુંતી ક્યાં પાછી હઠું તેવી છું! જગતના બધા

છાયાંતડકા મેં જોઈ લીધા છે; હવે કશી ભૂખ રહી નથી. તમારી સાથે જેમ હસ્તિનાપુર છોડ્યું છે તેમ તમારી સાથે જ આ દુનિયા છોડું તો મારા જેવી કોઈ નસીબદાર નહિ. સંજય! તમે સુખેથી જાઓ.'

આમ વાત કરે છે, ત્યાં તો ગરમ પવન જોરથી ફૂંકાવા લાગ્યો અને દાવાનળના કડાકાભડાકા સંભળાવા લાગ્યા.

ધૃતરાષ્ટ્ર: 'સંજય! ઉતાવળ કર. તું ચાલ્યો જા. હસ્તિનાપુરમાં જઈને મહારાજ યુધિષ્ઠિરને કહે: ''પાપી ધૃતરાષ્ટ્ર પર છેલ્લે છેલ્લે પણ પ્રભુએ દયા કરી છે!'' જા, વિલંબ ન કર.'

'મહારાજ! આ અગ્નિ તો આવ્યો!'

'અગ્નિદેવ! પધારો, પધારો. આજે મારાં અહોભાગ્ય છે. કુંતી, ગાંધારી! અગ્નિદેવને તમે પ્રાર્થના કરો કે મને અડતાં તે ઠરી જાય નહિ. અગ્નિદેવ! મારા જેવા પાપીને બળતાં તમે અચકાશો નહિ. ગંગા અને તમે તો જગતમાત્રને પાવન કરનારાં. ગંગાથી હૃદય ન ધોવાયું; હવે તમે પણ જો મને છોડશો તો હું ક્યાં જઈશ? ગાંધારી! કુંતી!'

'મહારાજ! મને ઝાળ લાગી છે. તમને આ ગાંધારીના છેલ્લા પ્રણામ! કુંતી...'

'કુંતી! કુંતી!'

'મહારાજ! મનેય આ ઝપટ લાગી. મહારાજ! આપને કુંતીના છેલ્લા પ્રણામ!'

'બન્ને ગયાં! ગાંધારીથી તો, અગ્નિદેવ! તમે પોતે પવિત્ર થયા હશો, પણ આ ધૃતરાષ્ટ્રને તમે પકડો તો તમે સાચા. આવ્યા, આવ્યા! ધીમે ધીમે શા માટે આવો છો! મને બાળવામાં તો, દેવ! તમારીય પૂરી કસોટી થવાની હશે. આવ્યા, આવ્યા! ભલે આવ્યા. બેટા દુર્યોધન! ઊભો છે કે? હું આવ્યો. આ... આવ્યો...!'

ગાંધારી, કુંતી અને ધૃતરાષ્ટ્રના દેહો દાવાનળમાં બળીને ખાખ થઈ ગયા.

દ્રોણ

દ્રોણનો ગૃહસ્થાશ્રમ

દ્રોણ ભરદ્વાજ મુનિના પુત્ર. તેમની પત્નીનું નામ કૃપી. કૃપી શરદ્વાન મુનિની પુત્રી અને કૃપાચાર્યની બહેન. દ્રોણ અને કૃપીનો પુત્ર અશ્વત્થામા.

દ્રોણનો ગૃહસ્થાશ્રમ અત્યંત ગરીબ હતો. જીવનની લૂખી જરૂરિયાતોના પણ તેમના ઘરમાં સાંસા હતા. એક વાર સાંજે દ્રોણ બહારથી ઘેર આવ્યા. કૃપી ઓરડામાં બેઠી હતી, તેના વાળ વીખરાયેલા હતા; તેનું મોં ઊતરી ગયું હતું, તેની આંખો રોઈને સૂજી ગયેલી હતી; પાસે ફાટી-તૂટી ગાદલીમાં અશ્વત્થામા ઊંઘી ગયો હતો.

‘કૃપી! દ્રોણ બારણામાં પેસતાં બોલ્યા, ‘આજે અશ્વત્થામાને કાંઈ થયું છે? અત્યારમાં કેમ સૂઈ ગયો?’

‘ન સૂએ તો ક્યાં જાય?’ કૃપીએ આડું જોઈને જ જવાબ વાળ્યો, ‘મારે પેટ પડ્યો એટલે સૂવું હોય તોયે સૂએ અને ન સૂવું હોય તોય સૂએ.’

‘કૃપી!’ દ્રોણ સહેજ દુ:ખી થતા અવાજે બોલ્યા, ‘શું થયું છે તે તો કહે! કોઈ છોકરા સાથે તકરાર બકરાર થઈ છે?’

‘તકરાર કરવા જેવડો થશે ત્યારે છે ના? કૃપી હાથ પછાડતી બોલી, ‘એ પહેલાં તો મારે હાથે પૂરો નહિ થયો હોય?’

‘પણ શું થયું છે તે તો કહે!’ દ્રોણે કહ્યું, ‘કોઈએ એને માર્યો છે?’

‘કોઈ કોણ મારે? મારનારી તો એક હું.’ કૃપી આંસુવાળી આંખો દ્રોણની સામે ધરીને બોલી, ‘તમારે તો ભલી તમારી અસ્ત્રવિદ્યા અને ભલા તમે. છોકરા મને સોંપીને ચાલતા થાવ પછી કાંઈ પૂછવું છે કે એણે શું ખાધું, શું પીધું? અને ઈશ્વર તમને પ્રજા શા માટે આપે છે? બિચારાં કેટલાંયે વાંઝિયાં પ્રજા માટે તરફડિયાં મારે છે!’

‘એ તો બધું ઠીક.’ દ્રોણ બોલ્યા, ‘શું થયું તેની વાત તો કર!’

‘જુઓ.’ કૃપી હાથના ઇશારા કરતી બોલવા લાગી, ‘શેરીના બધા છોકરા દૂધ પી પીને રમવા આવ્યા હશે તે અશ્વત્થામાને ખીજવવા માંડ્યા, એટલે એ પણ દૂધ દૂધ કરતો મારી પાસે આવ્યો.’

‘હં, ઠીક. પછી?’

‘પછી શું? આપણે ઘેર તો દૂધનાં ગોરસાં છલકાઈ જાય એટલી ઘૂઘરિયાળી ગાયો તમે બાંધી છે તે અશ્વત્થામા એક મોટું છાલિયું ગટગટાવી ગયો!’ કૃપી દ્રોણની સાથે આંખો મેળવીને બોલી.

દ્રોણ સાંભળી રહ્યા પણ કશુંયે બોલ્યા નહિ એટલે કૃપીએ ચલાવ્યું: ‘અને વળી ઘડીક થઈ ત્યાં રોતો રોતો પાછો આવ્યો. ‘‘મને બધા છોકરા કહે છે કે તારે ઘેર દૂધ કેવું! જો,

તારા મોઢા પર તો લોટ ચોંટ્યો છે. તારી માએ તને લોટ ડોઈને પાયો છે.'' એમ બોલતો મને મારવા લાગ્યો પણ હું દૂધ ક્યાંથી આપું? એ ખૂબ રોવા અને કનડવા માંડ્યો એટલે મને કાળ ચડ્યો તે ખૂબ જ માર્યો. છેવટે ગંગાએ છોડાવ્યો. ત્યારનો સૂઈ ગયો છે.'

'કૃપી!' દ્રોણ આંખમાં આંસુ લાવીને બોલ્યા, 'કૃપી! બહુ ખોટું કર્યું. તેં એને માર્યો શા માટે? એને શાંતિથી સમજાવવો હતો.'

'કયે મોઢે બોલતા હશો?' કૃપી ગર્જી ઊઠી, 'તમારે તો મોઢેથી બોલવું જ છે ના? તમે પરણ્યા છો અને ઘરમાં બીજા બે મોટાં બેઠાં છે એટલોયે કોઈ દિવસ વિચાર કરો છો?'

'કૃપી, કૃપી!' દ્રોણ બોલ્યા, 'ભરદ્વાજનો પુત્ર એટલો મૂર્ખ હશે એમ તને લાગે છે?'

'જરૂર લાગે છે.' કૃપી જુસ્સાથી બોલી ઊઠી, 'તમારે લોકોએ પરણવું જ ન જોઈએ. જેને સાચેસાચ શુદ્ધ બ્રાહ્મણજીવન ગાળવું છે અને જગતની સેવા કરીને કલ્યાણ મેળવવું છે, તેમણે સંસારની જંજાળમાં પડવું જ નહિ. આ તો તમો જંજાળમાં પડો, સ્ત્રીઓને સાથે જંજાળમાં નાખો, અને પછી પ્રજા થાય ત્યારે બ્રાહ્મણજીવનની વાતો કરતા કરતા જંજાળમાંથી છૂટા હોવાનો દાવો કરીને નાસતા ફરો!'

'કૃપી!' દ્રોણ દીન સ્વરે બોલ્યા, 'બ્રાહ્મણજીવન પર આવા પ્રહાર સાંભળું છું ત્યારે અંતર ધગી ઊઠે છે.'

'પતિદેવ!' કૃપી બોલી, 'પ્રહાર તો તમારા જેવા પર કરું છું. બ્રાહ્મણજીવન આવું ઉભયભ્રષ્ટ ન હોય!'

'કૃપી!' દ્રોણે ચલાવ્યું, 'અગ્નિવેશના આશ્રમમાંથી નીકળ્યો ત્યારે તો જીવનનાં કેવાં સ્વપ્નો રચેલાં! જીવનભર બ્રહ્મચારી જ રહેવું, અને લોકકલ્યાણની ખાતર લગ્ન કરવાં પડે તો ઉચ્ચ આધ્યાત્મિક લગ્ન જ કરવાં અને જીવતર આખું જગતના કલ્યાણમાં જ ગાળવું, એવા એવા મારા મનોરથ હતા. પણ કૃપી! એ મનોરથો મનોરથો જ રહ્યા, અને આજે આ ઘરમાં દ્રોણ આ વ્યવહારને પ્રત્યક્ષ કરી રહ્યો છે!'

'હું પણ એ જ કહું છું.' કૃપી શાંત થઈને બોલી, 'વિદ્યાભ્યાસ વખતે સેવેલાં મનોહર સ્વપ્નોને હાડમાંસના માનવીઓની દુનિયામાં ઉતારવાં હોય છે ત્યારે જ માણસની ખરી કસોટી થાય છે. તમે સ્વપ્નો સેવ્યાં હશે, પણ સંસારની અટપટી ઘટનામાં ગડથોલું ખાઈ ગયા એટલી તમારા મનની નબળાઈ. હું તો ટૂંકી વાત જાણું. ગૃહસ્થાશ્રમ માંડ્યો અને પેટ પ્રજા પડી એટલે પ્રજાને જોઈતાં જીવતરનાં સાધનો પૂરાં પાડવાં જ જોઈએ. ગૃહસ્થાશ્રમ માંડતી વખતે જો વૈરાગ્ય ન આવે પણ પછી પ્રજાના પોષણનો વિચાર કરતી વખતે વૈરાગ્ય આવે તો એનું જ નામ ઢોંગ ને અધર્મ. હા, પ્રજોત્પત્તિને તાળાં મારો. પણ એ ન કરો તો પ્રજાનું પાલણપોષણ કરવા પૂરતું તો જરૂર કમાઓ. મારી બુદ્ધિ પ્રમાણે તો જે માણસ આટલોય વ્યવહાર ન કરે તે પાપ કરે છે.'

'ત્યારે હું પાપ કરું છું?' દ્રોણે પૂછ્યું.

'જરૂર!' કૃપી બોલી, 'તમારું પાપ વેશબદલો કરીને આવે છે એટલે તમને પાપ દેખાતું ન હોય તો તમે જાણો.'

'કૃપી, કૃપી!' દ્રોણાચાર્ય બોલ્યા, 'તારાં વેણ હૃદયની આરપાર ઊતરી જાય છે. ઘડીભર તો થઈ જાય છે કે પત્નીનાં આવાં વચન સાંભળવા કરતાં ચાલ ને જઈને મારી વિદ્યાના પ્રતાપથી એકાદ દેશનું રાજ્ય લઈ લઉં, એટલે પછી કૃપી કહેતી મટે! પણ ના, ભરદ્વાજ મુનિનું જીવન આંખ આગળ તરે છે ત્યારે હૃદયમાં કોઈ અજબ શાંતિ અનુભવું છું, અને જીવનભર આશ્રમમાં વિદ્યાર્થીઓને ભણાવ્યા જ કરું એમ થાય છે.'

'બીજી વાત.' કૃપી ફરી બોલી, 'તમે આપણો આ પાડોશ શોધ્યો છે તે પણ મને

ભૂલભરેલો લાગે છે. આપણે બ્રાહ્મણ રહેવું હોય અને છોકરાંને બ્રાહ્મણ રાખવાં હોય તો આ પાડોશ ન ચાલે. અહીં તો પૈસાદાર લોકો રહે છે એટલે આખી હવામાં પૈસાદારના જીવનનાં મોજાંઓ ઊછળે છે. કોઈને અંગમહેનત કરવી નહિ; બીજાના પરસેવાથી થતા પૈસા ગળી જવા; રોજ ભાતભાતના માલમેવા ઉડાવવા; કાળ અને ધર્મને નામે ઇંદ્રિયોના ભોગોને છૂટથી ભોગવવા; હાથપગ જોડીને બેસી રહેવું અને બુદ્ધિવિલાસને નામે નકામી ચર્ચાઓ કરવી — આ આપણી હવા. હવામાં બ્રાહ્મણ બાળકોનાં ફેફસાં ગૂંગળાઈ ન જાય? પૈસાદારનાં છોકરાંને રોજ નવાં રમકડાં લેવાં એટલે આપણાં છોકરાં પણ મન કરે. છોકરાં ઓછું જ સમજે છે? મૂળ તો આ લોકો સારાનરસા જીવતરનાં એવાં ખોટાં ધોરણો ઊભાં કરી દે છે કે આપણને ભારે આપદા પડે. પાડોશી રહ્યાં એટલે ન સાવ છૂટાં પડાય તેમ ન ભળી શકાય. આપણો અશ્વત્થામા પણ બગડવાનો છે, યાદ રાખજો.'

'એ તો બધું નિરાંતે વિચારીને શું કરવું, કેમ કરવું તે નક્કી કરશું. જગતમાં એમ કાંઈ આપણે એક જ સારાં અને બીજાં બધાં નઠારાં એમ ગણીને જંગલમાં વસાય છે? છતાં તું કહે તે પણ વિચારવા જેવું તો છે જ. પણ તરતમાં આપણે શું કરવું છે?' દ્રોણ બોલ્યા.

'જુઓ,' કૃપીએ જવાબ વાળ્યો, 'મેં તો છોકરાને મારીને રડી લીધું અને રડવાને અંતે મનમાં નક્કી કર્યું કે જ્યાં સુધી એક ગાય ઘર-આંગણે બંધાય નહિ ત્યાં લગી જંપવું નહિ. મારો આ કૃતનિશ્ચય છે. માટે તમે ગાયનો વિચાર કરી લ્યો.'

'અશ્વત્થામા માટે ગાય એ કાંઈ મોટી વાત નથી. પણ તરતમાં કોની પાસેથી લાવવી એ જ સવાલ છે. કૃપી! આ વાત સાંભળ્યા પછી એક વસ્તુ તો મારા મનમાં વસી ગઈ છે. મારો અશ્વત્થામા બીજાં છોકરાંઓની સાથે રમતાં હીણો પડે અને હિજરાય, એ તો નહિ જ બને. એ છોકરાની ખાતર તો હું મારી તમામ વિદ્યાને પણ બજારમાં વેચી નાખવી પડે તો વેચી નાખું એમ થઈ જાય છે.' દ્રોણ બોલ્યા.

'જાઓ,' કૃપી બોલી, 'તમે ઘણીયે વાર મને પાંચાલ દેશના રાજા દ્રુપદની વાત કરો છો; તો એ રાજા તમને એક ગાય નહિ આપે?'

'કૃપી, કૃપી!' દ્રોણ ઉત્સાહમાં આવીને બોલ્યા, 'દ્રુપદ તો મારા મનમાં ક્યારના ઊગ્યા છે. કૃપી! એ દ્રુપદની તે શી વાત કરું! અમે અગ્નિવેશના આશ્રમમાં ભણતા ત્યારે જીવનનો જે આનંદ લૂંટ્યો છે તે સંભારું છું ત્યારે આજે પણ રૂંવાડાં ઊભાં થાય છે. કૃપી! દ્રુપદ તો દ્રુપદ. અમારાં ખોળિયાં બે પણ જીવ એક જ. દ્રુપદ, દ્રુપદ! આશ્રમના ઝાડ નીચે બેસીને આપણે કલાકોના કલાકો વાતો કરતા અને રાતો વહી જતી! નદીના કાંઠા પર ચાંદનીમાં આંટા મારતાં મારતાં જીવનના કેટલાયે પ્રશ્નો પર આપણે ઘોડા દોડાવતા! ગુરુ અગ્નિવેશની સેવા કરવામાં કેવી આપણી હરીફાઈ! કૃપી! અમે આશ્રમમાંથી છૂટા પડ્યા ત્યારે તો એકબીજા રડી પડ્યા. દ્રુપદે મને દૃઢ આલિંગન કર્યું. અમારો માર્ગ છૂટો પડ્યો ત્યારે દ્રુપદ દેખાતા બંધ થયા ત્યાં સુધી મેં જોયા જ કર્યું. અને કૃપી! દ્રુપદે મને ફરી ફરીને કહ્યું: દ્રોણ! હું રાજા થઈશ ત્યારે તારે દુ:ખ નહિ રહે.'

'માટે જ કહું છું.' કૃપી બોલી, 'તમે દ્રુપદ રાજા પાસે જાઓ, ને એક ગાયની માગણી કરો.'

દ્રોણ જરા વિચારમાં પડી ગયા અને ઘડીક પછી બોલ્યા: 'ઠીક ત્યારે, હું જઈશ. પણ કૃપી! તું પણ સાથે આવે તો!'

'હું?' કૃપી બોલી, 'હું ત્યાં શું કરીશ? તમારો મિત્ર છે એટલે તમે જઈ આવો.'

'કૃપી!' દ્રોણાચાર્ય બોલ્યા, 'તને ખબર નથી. મારી અને દ્રુપદની મૈત્રી શી ચીજ છે તેનો તને ખ્યાલ નથી. હું જઈશ, અને એકલો આવ્યો છું એમ દ્રુપદ જાણશે ત્યારે તે મને કેટલો

ઠપકો આપશે તને તેનો ખ્યાલ છે? અમે આજે કેટલાંયે વર્ષો પછી મળશું એટલે દ્રુપદ તો મારે ગળે જ વળગી પડશે. અને જો એકલો હશે તો નાનપણની મસ્તી યાદ કરીને મને એક-બે ઠોંસ પણ મારી લેશે. કૃપી! તું અત્યારે મારી સાથે નહિ આવે તો ત્યાં જઈને મારે તને તેડવા માટે પાછા આવવું પડશે, અથવા કોઈને મોકલવો પડશે. એ કરતાં તું મારી સાથે જ ચાલ.'

'હું અને આ નાનો અશ્વત્થામા ત્યાં પોસાશું?' કૃપી બોલી.

'એમાં વળી પોસાવાનું શું?' દ્રોણ બોલ્યા, 'દ્રુપદને રોટલાની થોડી જ ખોટ છે? અરે કૃપી! તને ખબર નથી. દ્રુપદ તો તને પોતાની રાણીઓ પાસે લઈ જશે. અશ્વત્થામા દ્રુપદના છોકરાઓ સાથે રમશે, અને દ્રોણને એક મોટા રાજા સાથે કેવી મૈત્રી છે તેનો તને ખ્યાલ આવશે. તું મારી સાથે જ ચાલ.'

'મારું મન માનતું નથી.' કૃપી બોલી, 'તમે જાઓ અને ગાય લઈ આવો. ત્યાં પહોંચ્યા પછી દ્રુપદ બહુ જ આગ્રહ કરે અને મારા વિના ન ચાલે તો મને તેડાવજો.'

'પછી શું તેડાવે?' દ્રોણ બોલ્યા, 'પોતાને ઘેર જવું અને દ્રુપદને ઘેર જવું એ બન્ને સરખું જ છે. એમાં તો દ્રુપદના આગ્રહની પણ જરૂર ન હોય. હું આગ્રહની રાહ જોઉં એ પણ અમારી મૈત્રીને અંગે ઠીક ન ગણાય. તું સાથે જ ચાલ.'

કૃપીએ કહ્યું: 'ના ના, મને નાહક આગ્રહ ન કરો; મારું મન વધતું નથી. દ્રુપદ તો રાજા માણસ કહેવાય; જુવાનીમાં બાંધેલી મૈત્રી હવામાં ઊડી પણ જાય. ત્યાં તો બધો રાજવી ઠાઠમાઠ. એ રાણીઓ, એ મહેલો, એ ભોગવિલાસો, એ રાજકુમારો ને એ નોકરચાકરો! તમે તો ઠીક કે દ્રુપદના મિત્ર એટલે તમને અડવું ન લાગે, પણ રાણીઓ મને ક્યા હેતે બોલાવે? વળી આપણે ગરીબ માણસ એટલે રાણીઓની રીતભાત આવડે નહિ અને તેમને મોં મરડવાં પડે. એ કરતાં મારે મારું ઘર ભલું. આ અશ્વત્થામા ત્યાં અટકચાળા કર્યા કરે, માટે હું તો કાંઈ નથી આવતી.'

'ના ના.' દ્રોણે પોતાનો નિશ્ચય જણાવ્યો. 'તારે આવવું જ પડશે. મારે ઘેર તો જીવન માણવાનું તને ન મળ્યું, પણ મિત્રને ઘેર તો માણી જો! બે જ દિવસ. તારા ભાઈ કૃપાચાર્ય હસ્તિનાપુરમાં રહે છે એટલે રાજરીતની તને ખબર તો છે જ. માટે કાલે સવારે આપણે ચોક્કસ જવું. ચાલ, હવે અશ્વત્થામાને જગાડ એટલે આપણે વાળુ કરી લઈએ.'

અશ્વત્થામાને જગાડી ત્રણે વાળુ કરવા બેઠાં.

મૈત્રી... વેર

'મહારાજ દ્રુપદનો વિજય થાઓ, વિજય થાઓ!' દ્રોણે દ્રુપદના મહેલમાં પેસતાં જ આશીર્વાદ ઉચ્ચાર્યા ને મહેલમાં દાખલ થયા.

'મહારાજ! આપ કેમ પધાર્યા છો?' દ્રુપદના એક અંગરક્ષકે વિનયથી પૂછ્યું.

'મહારાજ દ્રુપદ રાજાની તબિયત બરાબર નથી એટલે તેઓ આપને મળી શકશે નહિ. આપને જે કામ હોય તે મને કહો.' અંગરક્ષક બોલ્યો.

'પાંચાલરાજની તબિયત ઠીક નથી? તો તો મારે એમને ખાસ મળવું જોઈએ.' દ્રોણ બોલ્યા.

'પણ આપ મળી નહિ શકો.' અંગરક્ષક બોલ્યો.

'તમે મને ઓળખો છો? હું ભરદ્વાજ મુનિનો પુત્ર દ્રોણ. હું અને પાંચાલરાજ તો

અગ્નિવેશના આશ્રમમાં સાથે ભણતા.' દ્રોણ બોલ્યા.

'હા, તમારા આવ્યાનો સંદેશો આપ્યો ત્યારે જ મહારાજે મને બધી વાત કરી છે.' અંગરક્ષકે કહ્યું.

'ત્યારે મારા સમાચાર તો દ્રુપદરાજને પહોંચ્યા લાગે છે!' દ્રોણ બોલ્યા.

'હા. એમના કહેવાથી જ કહું છું કે આપ મળી નહિ શકો.' અંગરક્ષક બોલ્યો.

'ભલા ભાઈ! તમે શું બોલો છો?' આશ્ચર્યથી દ્રોણ બોલ્યા, 'પાંચાલરાજે મારી મશ્કરી તો નથી આદરી? હું દ્રુપદને મળી ન શકું? ક્ષત્રિયકુમાર! હું તો દ્રુપદનો ગુરુભાઈ. દ્રુપદ રાજા માંદા હોય ત્યારે તેમની મરજી ન હોય તો વૈદરાજ હજીયે મળી ન શકે, પણ દ્રોણ દ્રુપદને ન મળી શકે એ કદી બને નહિ. અગ્નિવેશના આશ્રમમાં એક વાર દ્રુપદનો જમણો અંગૂઠો પાક્યો હતો ત્યારે તેમને ભારે બળતરા થતી હતી, ને બળતરાને શાંત કરવા માટે આ દ્રોણે આખી રાત અંગૂઠાને ટાઢી ફૂંકો માર્યા કરી હતી. એવી તો કેલીય રાતો અમે કાઢી નાખેલી. ભાઈ! અમારા સ્નેહની તમને શી ખબર હોય? પણ દ્રુપદરાજ આ બધું જાણે છે. રાજ્યના મોભાને ખાતર માંદગીમાં રાજાને કોઈ મળી શકે નહિ એવી યોજના કરવીયે પડે. પણ હું તો દ્રોણ! મહારાજ દ્રુપદને જાહેર કરો.'

'મહારાજ!' મને માફ કરો. ' અંગરક્ષક બોલ્યો, 'હું કહું છું તે મહારાજનો જ હુકમ છે. મહારાજ તમને મળવા માગતા નથી. તમે અમારી રાજદરબારની ભાષામાં સમજ્યા નહિ એટલે મારે તમને ચોખ્ખું કહેવું પડે છે.'

'મહારાજ પોતે મને મળવા માગતા નથી?' દ્રોણને સહેજ આઘાત થયો, 'તેમણે મને બરાબર ઓળખ્યો નહિ હોય! હું તો મહારાજનો મિત્ર.'

'મહારાજ!' અંગરક્ષકે શાંતિથી કહ્યું, 'તમને ઓળખ્યા છે. ને તમારી વરદી આવી ત્યાં જ મહારાજ કહેતા હતા કે રાજા-મહારાજાઓને ગરીબ ભિક્ષુકો સાથે મૈત્રી કેવી! હવે તમારે શું કહેવું છે?'

અંગરક્ષકના મોંમાંથી આ શબ્દો પડ્યા ત્યાં તો દ્રોણ સડક થઈ ગયા! તેમના મોં પરથી લોહી ઊતરી ગયું. તેમના હાથપગ ક્રોધ અને આઘાતથી ધ્રૂજવા લાગ્યા; મનના મહેલો બધા એકસામટા તૂટી પડ્યા. તે બોલ્યા: 'ભાઈ! દ્રુપદ ક્યાં છે?'

'આરામમાં છે.' અંગરક્ષક બોલ્યો.

'આ પાસેના ઓરડામાં બેઠા છે એ જ મને તો દ્રુપદ લાગે છે. મારે ત્યાં જવુ છે.' દ્રોણના પગ ઊપડ્યા.

'મહારાજનો હુકમ નથી.' અંગરક્ષક બોલ્યો.

રક્ષક દ્રોણને રોકવા ગયો; પણ દ્રોણ તો અગ્નિનું રૂપ ધારણ કરી સીધા ઓરડામાં જ પેઠા. મહારાજ. દ્રુપદ એક મોટા સિંહાસન ઉપર બેઠા બેઠા પાસેના ઓરડાની વાતચીત સાંભળતા હતા. દ્રોણે ઓરડામાં દાખલ થઈ ફરીથી પોકાર કર્યો: 'મહારાજ દ્રુપદનો વિજય થાઓ, વિજય થાઓ!'

દ્રોણ સિંહાસનની નજીક પોહંચ્યા અને બોલ્યા: 'મહારાજ દ્રુપદ! મને ઓળખ્યો કે?'

'તમને જોયા તો લાગે છે.' દ્રુપદ બોલ્યા.

'હું દ્રોણ, ભારદ્વાજનો પુત્ર. અગ્નિવેશના આશ્રમમાં આપણે સાથે ભણતા.' દ્રોણે કહ્યું.

'હા, તમે કહો છો ત્યારે યાદ આવે છે ખરું, એટલા બધા શિષ્યો ભણતા હોય ત્યાં યાદ પણ કેમ આવે?' દ્રુપદે કહ્યું.

દ્રોણ સિંહાસનની વધારે નજીક આવી બોલ્યા: 'શિષ્યો તો એટલા બધા, પણ દ્રોણ અને દ્રુપદ દિલોજાન મિત્રો. એટલો ફેર.'

'મહારાજ!' દ્રુપદે રોફથી જણાવ્યું, 'દૂર ઊભા રહો. રાજા-મહારાજાઓને ગરીબ ભિક્ષુક સાથે મૈત્રી હોતી નથી.'

મણિધર સર્પને કોઈ મંત્રથી રોકી દે અને સર્પ જેમ ફૂંફાડા મારે તેમ દ્રોણ સ્તબ્ધ થઈ ગયા અને ફૂંફાડા મારવા લાગ્યા. તેમની આંખો લાલચોળ બની ગઈ, તેમનાં ભવાં ચડી ગયાં, તેમનો દેહ આખો ધ્રૂજવા લાગ્યો છતાં ખામોશી પકડીને દ્રોણ બોલ્યા: 'આ દ્રુપદ બોલે છે? આ પૃષત્ રાજાનો પુત્ર બોલે છે? આ અગ્નિદેવનો શિષ્ય દ્રુપદ બોલે છે? કે હું સ્વપ્નસૃષ્ટિ વચ્ચે ઊભો છું?'

'દ્રોણ!' દ્રુપદે પડકાર કર્યો, 'પૃષત્ રાજાનો પુત્ર દ્રુપદ આ બોલે છે. પાંચાલ દેશનો ધણી દ્રુપદ આ બોલે છે. દ્રોણ! દ્રુપદરાજા દ્રોણનો મિત્ર હોઈ શકે નહિ. મૈત્રી તો સમાન માણસોની વચ્ચે જ સંભવે.'

'પાંચાલના ધણી દ્રુપદ!' દ્રોણ જરા સ્વસ્થ થતાં બોલ્યા, 'અગ્નિવેશના આશ્રમમાં આપણે સાથે વિદ્યાભ્યાસ કરતા તે વખતે જીવનનાં જે જે સ્વપ્નો આપણે ઘડ્યાં હતાં તે બધાં યાદ છે?'

'તે દિવસે રચ્યાં હશે!' રાજા દ્રુપદે બેદરકારીથી જવાબ વાળ્યો, 'જુવાનીમાં તો માણસ એવાં કેટલાંયે રંગબેરંગી સ્વપ્નો રચે છે.'

'દ્રુપદ, દ્રુપદ!' દ્રોણ દિલગીર થતા બોલ્યા, 'આશ્રમના વાતાવરણમાં રચેલાં સ્વપ્નોની પણ રાજહૃદયમાં આટલી કિંમત થતી હશે તે આજે જાણ્યું.'

'દ્રોણ!' દ્રુપદ બોલ્યા, 'તમારા જેવા ભામટાઓ અમારા જેવા રાજવીઓની સાથે સંબંધ બાંધવામાં સ્વાર્થની દૃષ્ટિ રાખતા હશે તેની પણ મને આજે ખબર પડી. ગરબ અને તવંગર વચ્ચે મૈત્રી સાંભળી છે? વિદ્વાન અને મૂર્ખ વચ્ચે મૈત્રી સાંભળી છે? શૂરવીર અને બીકણ વચ્ચે મૈત્રી સાંભળી છે? દ્રુપદ તથા દ્રોણની વચ્ચે મૈત્રી ન હોય, દ્રોણ! તમે ભૂલ્યા.'

'દ્રુપદ!' દ્રોણનો ક્રોધ ફરી વાર વધતો ચાલ્યો, 'રાજાના લોહીની આટલી બધી ખુમારી? સિંહાસનનું આટલું બધું અભિમાન? તમે જગતના કોઈ અકસ્માતથી પૃષત્ રાજાને ઘેર અવતર્યા એટલે જ મોટા થઈ ગયા, અને હું ભરદ્વાજની ઝૂંપડીમાં જન્મ્યો માટે જ નાનો થઈ ગયો? રાજાઓનું લોહી રાતું હોય છે અને બ્રાહ્મણોનું લોહી શું કાળું હોય છે? દ્રુપદ, દ્રુપદ! જરા વિચાર કરી જુઓ.'

'જે કહું છું તે વિચાર કરીને જ કહું છું.' દ્રુપદ બોલ્યા, 'તમારે ધન વગેરે જે કાંઈ માગવું હોય તે ખુશીથી માગો, પણ તમારો મૈત્રીનો દાવો હું કબૂલ રાખી શકતો નથી. બાકી તો કોઈ પણ બ્રાહ્મણપુત્ર મારે વંદ્ય છે.'

'દ્રોણ દ્રુપદ પાસે ભીખ માગવા નથી આવ્યો.' દ્રોણાચાર્યે બેધડક જવાબ આપ્યો, 'ગરીબ તોપણ હું ભારદ્વાજનો પુત્ર અને ગુરુ અગ્નિવેશનો શિષ્ય છું. જો દ્રોણને દ્રુપદની સાથે મૈત્રી ન સંભવે તો દ્રુપદની પાસે દ્રોણ કશી યાચના પણ ન કરે. દ્રુપદ, દ્રુપદ! બ્રાહ્મણજીવનની ગરીબાઈ હદ ઉપરાંત સાલશે તો બ્રાહ્મણજીવનનો ત્યાગ કરીશ પણ દ્રુપદ જેવા રાજા પાસે હલકાઈથી હાથ લાંબો નહિ કરું!'

'એ તમારી મરજીની વાત છે.' દ્રુપદે ઠંડે કલેજે જણાવ્યું.

'દ્રુપદ, દ્રુપદ!' દ્રોણે ચલાવ્યું, 'જ્યારે આપણે આશ્રમમાંથી છૂટા પડ્યા ત્યારે તમે મને વચન સુધ્ધાંત આપેલું તે યાદ છે?'

'કહ્યું હશે કંઈક, 'દ્રુપદ બોલ્યા, 'અત્યારે તે સાંભરતું નથી.'

'ન સાંભરે, રાજન્! ન સાંભરે. એ નથી સાંભરતું એ પણ આ ગાદીના પ્રતાપ. મારા પિતા કહેતા કે જો માણસને બ્રાહ્મણ રહેવું હોય તો આવી ગાદીઓથી સો ગાઉ દૂર રહેવું.

પદ, પદ! બીજું તો કંઈ નહિ, પણ તમારા જેવા રાજાઓ મારા જેવાનું આવું હડહડતું અપમાન કરે અને તે સ્વીકારીને ચાલતા થવું, એમાં મને મારી વિદ્યા લાજતી હોય એમ લાગે છે. એક વાર તો તમારા જેવા રાજાઓને ઠેકાણે લાવવા માટે અમારે બ્રાહ્મણજીવનને ઘડીભર ખીંટીએ ટાંગીને શસ્ત્રો લેવાં જોઈએ, અને બતાવવું જોઈએ કે અમે શસ્ત્રો નથી લેતા તે અમારી સ્વેચ્છાથી, નહિ કે નામર્દાઈથી. તમે રાજાઓ રાજાઓની સાથે જ મૈત્રી કરતા હો, તો એક વાર આ બ્રાહ્મણ દ્રોણ પણ રાજા થઈને તમારી મૈત્રીનો દાવો સિદ્ધ કરે એમ મનમાં થઈ જાય છે. દ્રુપદ, દ્રુપદ! હજી વિચાર કરો.'

'હવે વિચાર તમારે કરવાનો છે.' દ્રુપદે કહ્યું.

'એમ? દ્રોણાચાર્યે ઊંડેથી વિચાર કરતા હોય તેવી રીતે બોલ્યા, 'તમે વિચાર કરી લીધો હોય તો દ્રોણે પણ વિચાર કરી લીધો. દ્રુપદ! તમે પૃષત્ રાજાના પુત્ર તો હું ભારદ્વાજનો પુત્ર; તમે અગ્નિવેશના શિષ્ય તો હું પણ અગ્નિવેશનો શિષ્ય; તમે મહારાજ તો હું અસ્ત્રવિદ્યાનો આચાર્ય. દ્રુપદ! આ તમારા રાજદરબારમાં જ બ્રાહ્મણજીવનનો ત્યાગ કરું છું. પિતા ભરદ્વાજ! ગુરુ અગ્નિવેશ! મને ક્ષમા આપશો. બ્રાહ્મણજીવનનાં સ્વપ્નોને સિદ્ધ કરવા બીજો અવતાર લેવો પડશે તો લઈશ, પણ એક વાર તો આ દ્રુપદને ઠેકાણે લાવવા માટે મારી તમામ શસ્ત્રવિદ્યાનો ઉપયોગ કરી લઈશ. દ્રુપદ! તમારા દરબારમાં મૈત્રીનાં સંસ્મરણો તાજાં કરવાની આશાએ આવ્યો હતો, પણ અહીંથી તમારી સાથે દુશ્મનાવટ કેળવવાનો નિરધાર કરીને જાઉં છું. રાજાઓની મૈત્રી કેવી દગાખોર હોય છે તેનું મને તમે આટલું મોડું મોડું પણ ભાન કરાવ્યું એ પણ એક ઉપકાર. રાજન્! વિદાય લઉં છું.' દ્રોણ ચાલવા લાગ્યા.

'મહારાજ દ્રોણ! દ્રુપદે દ્રોણને જતાં જતાં કહ્યું, 'રાજાઓ ગાદી પર બેસે એટલે તેમને તે ગાદીનો કેફ ચડે, પણ બ્રાહ્મણોને ગાદી વિના પણ કેફ શાથી ચડતો હશે? વિદ્યાનો મદ એ શું રાજમદ કે ધનમદ કરતાં વધારે સારી વસ્તુ હશે?'

દ્રુપદના શબ્દો કાને પડ્યા ન પડ્યા અને દ્રોણ તો મહેલમાંથી બહાર નીકળ્યા.

ગુરુદક્ષિણા

આગળ મહારાજ દ્રુપદ અને પાછળ પાંડુપુત્ર અર્જુન. દ્રુપદના જમણા હાથે સોનેરી દોરડું બાંધેલું અને અર્જુનના હાથમાં રત્નજડિત તલવાર. કાંપિલ્યનગરના દરવાજા બહાર જ્યાં દ્રોણાચાર કૌરવોથી વીંટળાઈને બેઠા હતા ત્યાં અર્જુન આવ્યો ને બોલ્યો: 'મહારાજ! આ આપની ગુરુદક્ષિણા.'

દ્રોણના હર્ષનો પાર ન હતો. મહિનાઓની પ્રતિજ્ઞા આજે સિદ્ધ થઈ એટલે દ્રોણાચાર્ય તો ફલાંગ મારીને ઊભા થયા અને બોલી ઊઠ્યા: 'શાબાશ, બેટા અર્જુન!' બોલતાં બોલતાં જ અર્જુનને બાથમાં લઈ ખૂબ દાબ્યો.

'પાંચાલરાજ દ્રુપદ!' દ્રોણ દ્રુપદની પાસે જઈને બોલ્યા, 'મને ઓળખ્યો કે?'

દ્રુપદે છાતી પહોળી કરી, આંખમાં ઉગ્રતા ધારણ કરીને નીડર અવાજે જવાબ વાળ્યો: 'દ્રોણ! મેં તો તમને ક્યારનાયે ઓળખ્યા છે. આજે મારી ખાતરી થઈ કે મેં તમને તે દિવસે સાચા જ ઓળખ્યા હતા.'

'દ્રુપદ રાજન્!' દ્રોણ બોલ્યા, 'આ અર્જુને આજે તમને બંદીવાન કર્યા છે અને મને સોંપ્યા છે. હવે દ્રુપદ અને દ્રોણ વચ્ચે મૈત્રી સંભવે ખરી? હવે દ્રુપદ અને દ્રોણ સમાન કોટિ

પર આવ્યા કહેવાય?'

દ્રુપદે ખડખડાટ હાસ્ય કર્યું; જવાબ ન વાળ્યો.

'પાંચાલરાજ!' હવે દ્રોણ અધીરા થયા, 'બોલો; જવાબ કેમ નથી આપતાં?'

'દ્રોણ! દ્રુપદે શરૂ કર્યું, 'જવાબ શો આપું? ભરદ્વાજના પુત્ર અને અગ્નિવેશના શિષ્ય દ્રોણ દ્રુપદ જેવા ત્રણ તસુ જમીનના ઠાકરડાની સમાન થવા માટે બ્રાહ્મણજીવનનો ત્યાગ કરે ને હસ્તિનાપુરના દરબારમાં પોતાની વહાલી વિદ્યાને વેચે એ શરમની વાત છે. દ્રોણ, દ્રોણ! તમે મારા સમાન તો થયા જ. પણ એ સમાનતા ખરીદ કરવામાં તમે બહુ મોંઘું મૂલ આપ્યું.'

દ્રુપદનો આવો અણધાર્યો જવાબ સાંભળીને દ્રોણ જરા ઝંખવાણા પડી ગયા, પણ બોલ્યા: 'દ્રુપદ! એક વાર તો મેં સ્વમાનની ખાતર જે પ્રતિજ્ઞા કરી હતી તે પૂરી કરીને તેમને ઠેકાણે આણ્યા. પાંચાલના દરબારમાં તમે મારો તિરસ્કાર કર્યો હતો તેના બદલામાં આજે મારા શિષ્યોએ તમારો પરાજય કર્યો એટલો મને સંતોષ છે.'

મહારાજ દ્રુપદ છાતી ફુલાવતા બોલ્યા: 'મને કુંતીપુત્ર અર્જુન આ દોરડાથી બાંધ્યો છે તેથી તમારો વિજય થતો હોય તો ભલે થાય; પણ દ્રોણ! હું તો આજે પણ દ્રુપદનો જ વિજય જોઈ રહ્યો છું. મને માફ કરજો; તમે કાંપિલ્ય છોડીને કૃપી તથા અશ્વત્થામાને લઈ હસ્તિનાપુર તરફ પગ માંડ્યા ત્યારથી આજ સુધીની તમારી તમામ હિલચાલથી હું વાકેફ છું એમ ચોક્કસ સમજજો. માટે જ કહું છું કે દ્રોણ! વિજય કોઈનો થયો હોય તો દ્રુપદનો થયો છે. અને દ્રોણ તો વિજયને બદલે પરાજયને માર્ગે નીકળી ચૂક્યા છે!'

પાંચાલરાજનાં આવાં ધૃષ્ટ વાક્યો સાંભળીને દ્રોણાચાર્ય તો ચકિત જ થઈ ગયા. તેમણે આશા રાખી હતી કે દ્રુપદ પોતાને ચરણે આવીને દીનતા દાખવશે, ગળગળો થઈ જશે; તેના મનમાં શરમ આવશે અને પગે પડીને પોતાની ભૂલ કબૂલ કરશે. પણ દ્રુપદ તો ઊલટો બમણા જોસથી પોતાનો વિજય થયો હોય એમ મહાલવા લાગ્યો એટલે દ્રોણનું મન સહેજ ખિન્ન થયું. છતાં તે બોલ્યા: 'દ્રુપદ! મારા આ દેખીતા વિજયનો ઇન્કાર કરીને તમે તમારો વિજય ગાઓ છો, તો મને સમજાવશો કે તમારો વિજય કેમ થયો?'

દ્રુપદે તરત જ જવાબ વાળ્યો: 'હજી દ્રોણ પોતાની વિરુદ્ધ કોઈ બોલે તોપણ સાંભળી શકે છે તેથી હું રાજી થાઉં છું. આચાર્ય! સાંભળો. તમે પોતે ભરદ્વાજના પુત્ર અને અગ્નિવેશના શિષ્ય. ભરદ્વાજની પાછળ અગ્નિવેશે આશ્રમ સંભાળ્યો તેમ અગ્નિવેશની પાછળ તમે આશ્રમ સંભાળી શકત, અને ભારતવર્ષના કેટલાયે ક્ષત્રિયકુમારોને અસ્ત્રવિદ્યાનો ઉપદેશ આપી શકત. તેમ કરવાને બદલે તમે હસ્તિનાપુરના રાજકુટુંબમાં તમારી વિદ્યા વેચી; તમે આખા દેશના આચાર્ય મટીને ગણ્યાગાંઠ્યા શિષ્યોના આચાર્ય થયા. આ તમારો પહેલો પરાજય.'

'દ્રુપદ!' દ્રોણ બોલી ઊઠ્યા, 'એ તો તમે મારું અપમાન કર્યું એટલે મારે માટે બીજો રસ્તો જ ન હતો.'

દ્રુપદ બોલ્યો: 'હું વળી અપમાન કરનારો કોણ? તમારા બ્રહ્મત્વમાં વીર્ય હોય તો દુનિયાના તમામ દ્રુપદો એકઠા થઈને અપમાન કરે તોયે શું તે ઝાંખુ પડે? મારા જેવા કૂતરા તો કેટલાયે ભસ્યા કરે, તેથી શું થઈ ગયું? અને મારી મૈત્રી શી? દ્રોણ જેવો બ્રાહ્મણ મારી મૈત્રી માગવા આવે? આચાર્યદેવ! હજારો દ્રુપદો તમારા જેવા બ્રાહ્મણના પગ તળાંસે તોયે તેમને મૈત્રી ન મળે એવા તમે બ્રાહ્મણ! પણ મારા વચનના માર્યા મારી જ સમાનતા શોધવા નીકળ્યા એટલે તો મને તમારા જેટલો ઉચ્ચ બનાવવાને બદલે તમે મારી કક્ષાએ નીચા ઊતર્યા! તમે રાજગુરુ થયા; તમારી ઝૂંપડીને બદલે તમને રહેવાને મહેલ મળ્યો; તમારાં

અને કૃપીનાં ચીંથરાંને સ્થાને આજે અંબરો આવ્યાં; તમારા અશ્વત્થામાને લોટપાણીને બદલે દૂધનાં ગોરસાં સાંપડ્યાં, અને આજે મને કેદ કર્યો છે એટલે તમે પાંચાલરાજ પણ થશો. દ્રોણ! આ બધું મળ્યું, પણ એ મેળવવા માટે તમે તમારું બ્રાહ્મણજીવન ખર્ચી નાખ્યું તેનો કશો વિચાર કર્યો છે? અને દ્રોણ! મારા જેવા પામરની વાણી સાચી માનો તો હું કહું છું કે શુદ્ધ બ્રાહ્મણની સાથે તો આખાયે જગતનું સામ્રાજ્ય પણ ત્રાજવામાં ટકે તેમ નથી. આ તમારો બીજો પરાજય.'

'દ્રુપદ!' દ્રોણ બોલ્યા, 'તમારા શબ્દો ચિત્તમાં પડે છે તે સાથે જ દાહ ઊભો કરે છે. હવે કાંઈ કહેવું છે?'

દ્રુપદ બોલ્યો: 'સાંભળવું હોય તો કહેવાનું તો હજીયે છે. ભીલ રાજકુમાર એકલવ્ય તમારી પાસે વિદ્યા શીખવા આવ્યો હતો, ખરું?'

'હા, આવ્યો હતો; પણ મેં તેને ન સ્વીકાર્યો.' દ્રોણે જવાબ વાળ્યો.

'હું એ જ કહેવાનો છું.' દ્રુપદ બોલ્યા, 'મારા મહેલમાં તમે જ પૂછતા હતા કે ક્ષત્રિયનું લોહી રાતું હોય છે અને બ્રાહ્મણનું કાળું હોય છે? દ્રોણ! તમને જ હવે હું પૂછું: પાંડવકૌરવનું લોહી રાતું હતું અને ભીલ કુમારનું લોહી શું કાળું હતું? અમે તો સંસારના માણસો; ક્ષુદ્ર સ્વાર્થ ખાતર લોહીલોહીના ભેદો પાડીએ, ગરીબતવંગરના ભેદો પાડીએ, દેશપરદેશના ભેદો પાડીએ, સંસ્કારી-અસંસ્કારીના ભેદો પાડીએ, અને એવી અનેક દીવાલો ઊભી કરીએ; પણ તમે તો આચાર્ય! તમે તો અધિકારીને દીક્ષા આપો. બ્રાહ્મણે જ્ઞાનનું પરબ માંડ્યું હોય ત્યાં જે કોઈને તરસ હોય તે છૂટથી તે છિપાવે. દ્રોણાચાર્ય! તમે ઊઠીને એકલવ્યનો અસ્વીકાર કર્યો એ તમારો ત્રીજો પરાજય.'

'તમે કહો છો તે ઠીક છે.' દ્રોણ બોલ્યા, 'પણ પિતામહનો વિચાર જ એવો હતો કે રાજકુમારોને બીજા જેવાતેવા શિષ્યો સાથે ભેળવવાથી કુસંસ્કારો પડે માટે બીજા કોઈને મારે તેમની સથે ભણાવવા નહિ.'

'પિતામહ તો એમ જ કહે.' દ્રુપદ બોલ્યા, 'પણ તમે તો સાચી વાત જોઈ શકો ને? રાજકુમારોના સંસ્કારો કેવા હોય છે તેની તો મનેય ખબર છે. એ વાત જવા દ્યો; પણ તમે તો ભીષ્મથીયે આગળ ચાલ્યા.'

'એ કઈ રીતે?' દ્રોણે પૂછ્યું.

'જે એકલવ્યને તમે હસ્તિનાપુરમાં ન સ્વીકાર્યો તેની જ પાસે પાછો અંગૂઠો લેવા તમે જ દોડ્યા!' દ્રુપદ હસ્યો, 'કેમ ખરું કે? એ જો તમારો શિષ્ય ન હતો તો તેની પાસેથી ગુરુદક્ષિણા માગવાનો તમને શો અધિકાર હતો? પણ દ્રોણ! તમે તેના ગુરુ પણ થયા, દક્ષિણા પણ માગી, ને દક્ષિણામાંયે તેનો અંગૂઠો? તમારો આ અર્જુન સર્વશ્રેષ્ઠ બાણાવળી થાય એટલા મોહની ખાતર એકલવ્યનો અંગૂઠો કાપી લેતાં દ્રોણને શરમ ન આવી? દ્રોણ! તમે રાજકુમારોના આચાર્ય થયા, રાજમહેલમાં રહેવા લાગ્યા અને મારા જેવા રાજાઓને દંડ આપવા નીકળ્યા, એટલે ધીમે ધીમે તમારા બ્રાહ્મણજીવનના પાયા ખવાવા લાગ્યા છે. અને જો વખતસર નહિ ચેતો તો પરિણામ બૂરું આવશે.'

'દ્રુપદ!' દ્રોણ બોલ્યા, 'તમારા વચનથી પ્રેરાઈને મેં તો તમારો પરાજય કરવાની પ્રતિજ્ઞા કરી હતી તે આજે પૂરી કરી. હવે પછી શું કરવું તેનો વિચાર હું કરી લઈશ.'

'આચાર્ય! ભૂલો છો.' દ્રુપદે જણાવ્યું. 'તમે રણસંગ્રામમાં આજે મારો પરાજય કર્યો એ વાત તદ્દન સાચી છે; પણ મારા જેવાના પરાજયનું પરિણામ તમે કલ્પી શકતા નથી. તમને શું એમ લાગે છે કે દ્રુપદનો પરાજય થયો એટલે બધું પતી ગયું? મેં રાજમહેલમાં તમારો પરાજય કર્યો એટલે તમને મારો પરાજય કરવાનો હઠ ચડ્યો. આજે તમે મારો

પરાજય કર્યો છે તે પરાજય પણ વાંઝિયો નહિ રહે. આ પરાજયનાં કચ્ચાં-બચ્ચાંઓ અવતરશે ત્યારે તેમને પહોંચી વળવું કોઈને પણ ભારે થઈ પડશે. દ્રોણ! તમે બ્રાહ્મણ હતા તોપણ તમને મારાં વચન સાંભળીને ઝાંઝ ચડી અને તમે વેર વાળ્યું. ત્યારે હું તો ક્ષત્રિય છું; મારી નસોમાં પૃષત્ રાજાનું લોહી વહે છે; માનાપમાનોનું મારું ધોરણ રાજમહેલોમાં ઘડાયું છે. એટલે તમે એમ તો નહિ જ માની લેતા કે દ્રુપદ આ પરાજય શાંતિથી જીરવી લેશે. હા, મને એમ દેખાય છે કે તમે મારું અપમાન જીરવી ગયા હોત તો મને વિચાર થઈ પડત, અને જિંદગીની કોઈ ધન્ય ક્ષણે દ્રોણના ચરણમાં દ્રુપદ માથું ઝુકાવત. પણ દ્રોણ! આજે હવે એ આશા ન રાખો. આચાર્ય! હું સમજી શકતો નથી કે કયા કાળબળથી પ્રેરાઈને મેં તે દિવસે તમારો ઇનકાર કર્યો. પણ આજ તો હવે બાણ ધનુષ્ય પરથી છૂટી ચૂક્યું છે. આચાર્ય દ્રોણ! કહો, શા વિચારમાં પડી ગયા?'

'દ્રુપદ!' દ્રોણ સ્વપ્નમાંથી જાગ્યા હોય તેમ સાવધ થઈને બોલ્યા, 'આજે જાણે કેટલાંયે વર્ષોને વીંધીને અગ્નિવેશના આશ્રમનાં ચરણો ધોતી નદીને કાંઠે ચાંદનીમાં બન્ને બેઠા છીએ, અને દ્રુપદકુમાર જીવનની અનેરી વાર્તાએ ચડ્યા છે એમ મને થઈ ગયું. દ્રુપદ! એ ગુરુકુલવાસ ક્યાં અને દ્રુપદનું આ બંધન ક્યાં! અર્જુન! દ્રુપદ રાજાને બંધનથી મુક્ત કરો. મહારાજ દ્રુપદ! મારું ચિત્ત અસ્વસ્થ થયું છે એટલે હું જલદી હસ્તિનાપુર પાછો જવા માંગુ છું. તમને તમારી પાંચાલની ગાદી પર પુન:સ્થાપું છું. પણ આ વિજયના મારા હિસ્સા તરીકે અર્ધ પાંચાલ પર આજથી દ્રોણની આણ વર્તશે.'

'જેવી આચાર્યની મરજી.' દ્રુપદ બોલ્યા.

'મહારાજ દ્રુપદ! તમે રાજી થયા?' દ્રોણે પૂછ્યું.

'રાજી તો તમારે થવાનું છે.' દ્રુપદે કહ્યું, 'બ્રાહ્મણોની પ્રસન્નતા પર તો જગતના કલ્યાણનો આધાર છે, પણ દ્રોણાચાર્ય! બ્રાહ્મણો બ્રાહ્મણજીવનનો ત્યાગ કરી સંસારના કીડા થવા લાગે ત્યારે તેમનો વધ કરનારાં બળો દુનિયામાં જન્મવાનાં જ છે એ નક્કી સમજજો. આજ તો તમે સિધાવો. કુમારો! તમેય જવાના હશો. કુંતીપુત્ર અર્જુન! તમારા શૌર્યથી હું આજે ચકિત થયો છું.'

દ્રુપદ મહારાજ સૌને વળાવીને નગરમાં પાછા ફર્યા, દ્રોણાચાર્ય અને રાજકુમારોએ હસ્તિનાપુર તરફ પોતાના રથો મારી મૂક્યા.

યુદ્ધસભામાં

દુર્યોધને પાંડવોનો યુદ્ધનો પડકાર સ્વીકાર્યો અને કુરુક્ષેત્રના મેદાન પર અગિયાર અક્ષોહિણી સેના જમા થવા લાગી. આખીય કૌરવસેનાને મોખરે ભીષ્મપિતામહ અને દ્રોણચાર્યને રાખવાનો દુર્યોધનનો સંકલ્પ હતો. કર્ણ યુદ્ધમાં ભાગ લેશે તો પિતામહ મન મૂકીને સેનાપતિનું કામ નહિ કરે એવી બીકથી કર્ણને શરૂઆતમાં યુદ્ધથી છૂટો રાખ્યો હતો. કુરુક્ષેત્રના મેદાન પર છાવણીનો પડાવ નાખી શકાય એટલી પૂર્ણ તૈયારી થઈ રહી એટલે હસ્તિનાપુરના સૈન્યને ઊપડવાનો હુકમ મળ્યો. સેનાના અગ્રભાગે ભીષ્મ અને દ્રોણ જવાના હતા. સૈન્યની કૂચના આગલે દિવસે રાત્રિએ યુદ્ધ સંબંધી છેવટના વિચાર કરવા માટે અને આખાયે યુદ્ધની યોજનાનો કાચોપાકો આલેખ કરવા માટે દુર્યોધનના મહેલમાં કૌરવોની યુદ્ધસભા એકઠી મળી. સમગ્ર યુદ્ધરચનાના વિચક્ષણ દૃષ્ટા તરીકે ભીષ્મપિતામહ આ સભામાં સભાપતિ તરીકે એક મોટા સિંહાસન પર બિરાજ્યા હતા; દ્રોણ કૃપાચાર્ય,

અશ્વત્થામા, કૃતવર્મા, દુ:શાસન, શકુનિ, દુર્યોધન, વગેરે તમામ હાજર હતા. રાધાપુત્ર કર્ણ એક બાજુ ખૂણામાં બેઠો બેઠો બધું સાંભળતો હતો.

પિતામહે સભાનું કામકાજ શરૂ કરવાનું કહ્યું કે તરત જ દ્રોણાચાર્ય આસન પરથી ઊભા થયા અને આખી સભા સાંભળે તેમ ધીર ગંભીર અવાજે બોલ્યા: 'આ ભારતીય યુદ્ધનો આલેખ આપણે આ સભામાં વિચારીએ તે પહેલાં જ મારે આ સભાની પાસે થોડીએક વાતો મૂકવી છે. આજે જે કાંઈ હું કહું છું તે આજ સુધીમાં અનેક પ્રસંગોએ જુદીજુદી રીતે મેં કહ્યું તો છે જ; પણ આજ એ બધા પ્રસંગોને એકસાથે ગોઠવીને રજૂ કરું એટલે મારા કહેવાનો આશય વધારે સ્પષ્ટતાથી સૌના ખ્યાલમાં આવશે. અલબત્ત, યુદ્ધનો સમય એટલો બધો નજીક આવી ચૂક્યો છે અને લશ્કરને કૂચ કરવાના હુકમો એટલા તાકીદના છે કે મારું કહેવું આજે આખર ઘડીએ કડવું લાગશે; પણ સત્ય હોય તે કોઈ પણ સ્થળે અને કોઈ પણ કાળે કહેવું જ જોઈએ એમ સમજીને આવે કવખતે પણ હું બોલું છું.

'પાંડવકૌરવોનું આ મહાયુદ્ધ કોઈ રીતે અટકે અને દુર્યોધન તથા યુધિષ્ઠિર આપસઆપસમાં સમાધાન કરી લે તેવું કરવાની ખાસ જરૂર છે. આ ભારતકુમારોનો આચાર્ય એવો હું જાતનો બ્રાહ્મણ છું. જગતમાં આવા આવા જ્વાળામુખીઓ ફાટી નીકળે છે તે પહેલાં ધરતીના પડમાં કેટલાંયે વર્ષોથી ઊના ઊના ધગધગતા રસો જોરથી વહેતા હોય છે, તેની પૃથ્વીના તળ પર રહેનારા લોકોને ખબર પણ નથી હોતી; છતાં પૃથ્વીનાં પડોને ઓળખનારા બ્રાહ્મણો તે કળી લે છે. ભારતવર્ષના ક્ષત્રિયસમાજમાં આજે વર્ષો થયાં આવાં ઊનાં વહનો હું નીરખતો આવ્યો છું, એટલે આ યુદ્ધ તો માત્ર આવાં વહનોનું છેલ્લું પરિણામ જ છે એમાં શક નથી. છતાંયે પિતામહ! આ પરિણામને અટકાવી શકાય તેવું હું માગું છું. માટે કહું છું કે દુર્યોધન યુધિષ્ઠિરની સાથે સમાધાન કરી લે.

'ભીષ્મ! તમે કુરુકુળના પિતામહ છો. આખાયે કુરુકુળના કલ્યાણના રક્ષક છો. તો આજે કુરુકુળના અમંગલરૂપ એવા આ યુદ્ધના સાક્ષી શા માટે બનો છો? આ દુર્યોધને પાંડવોને હેરાન કરવામાં બાકી નથી રાખી. મને તો લાગ્યું છે કે પાંડવોને હેરાન કરવાનો એક જ વ્યવસાય દુર્યોધનના આખા જીવતરમાં ચાલે છે. આ દુર્યોધને ભીમને ઝેર ખવરાવ્યું; આ દુર્યોધને પાંડવોને બાળી મૂકવાની યોજના કરી; આ દુર્યોધને પાંડવોને જુગારમાં કપટથી જીત્યા; આ દુર્યોધને મારા-તમારા દેખતાં પાંચાલીની લાજ લીધી, આ દુર્યોધને પાંડવોને મૃગચર્મ અને વલ્કલ પહેરાવીને વનમાં કાઢ્યા; અને આજે આ દુર્યોધન પાંડુરાજાના પુત્રોને એક તસુ જેટલી જમીન પણ ન આપવાની હઠ લઈને બેઠો છે.

'રાજન્યો! દૂધના જેવી અમૃત વસ્તુ પણ સર્પના પેટમાં ઝેર થાય છે તે આપણે જાણીએ છીએ. મહારાજ યુધિષ્ઠિર ધર્માત્મા છે. તેમને કોઈની સાથે દુશ્મનાવટ નથી. એટલે તો તે અજાતશત્રુ કહેવાય છે. પાંડવોએ ધૃતરાષ્ટ્રની આજ્ઞાનું કદી ઉલ્લંઘન કર્યું નથી. દુર્યોધનને ગંધર્વોએ પકડ્યો ત્યારે પાંડવોએ તેને છોડાવ્યો; જયદ્રથે દ્રૌપદી ઉપર કુદૃષ્ટિ કરી તોપણ દુ:શલાના પતિ જયદ્રથને યુધિષ્ઠિરે માફી આપી. પણ આ અને આવા અનેક ઉપકારોને દુર્યોધન ગળી ગયો છે, અને તેના બદલામાં તેણે વેરઝેર જ કાઢ્યાં છે.

'પિતામહ! એક વાત તમારે અને મારે વિચારવાની રહે છે. આ દુર્યોધન મારા અને તમારા પર આ યુદ્ધ માંડી બેઠો છે. અને માંડે જ; કારણ આપણે જોકે આજ સુધી દુર્યોધનના એક પણ અધર્મને નિંદ્યા વિના રહ્યા નથી, છતાં પણ આપણે તેનો સાથ છોડ્યો નથી. દ્યૂતસભામાં આપણા દેખતાં કૌરવોએ પાંચાલીની લાજ લૂંટી અને સમગ્ર આર્યસંસ્કૃતિના પ્રતિનિધિ ભીષ્મ તથા સમગ્ર શસ્ત્રવિદ્યાના આચાર્ય દ્રોણ મૂઢની માફક

જોઈ રહ્યા! તે દિવસે બહાદુર વિકર્ણને પુણ્યપ્રકોપ થઈ આવ્યો પણ આપણને ન થયો. પિતામહ! અધર્મીને અધર્મોના કાર્યમાં મૂંગો સાથ આપવો એ પણ અધર્મ જ છે, તે હું બરાબર સમજું છું. છતાં મારી નિર્બળતાને લીધે હું દુર્યોધનને છોડી શકતો નથી. પિતામહ! ભરદ્વાજના પુત્ર અને અગ્નિવેશ મુનિના શિષ્ય દ્રોણનું એટલું બ્રહ્મવર્ચસ્ હસ્તિનાપુરના રાજમહેલમાં ખવાઈ ગયું એમ મારે શરમ સાથે કબૂલ કરવું જોઈએ. પણ ભીષ્મ! જીવનભર બ્રહ્મચર્યની ભીષણ પ્રતિજ્ઞા લેનાર અને પોતાની ટેક ખાતર પરશુરામ જેવા ગુરુની સામે પણ લડાઈમાં ઊતરનાર ભીષ્મને પુણ્યપ્રકોપ કેમ થતો નથી?

'ભાઈ દુર્યોધન! એક બીજી વાત તારે ધ્યાનમાં લેવા જેવી મને લાગે છે. તું પિતામહ ઉપર અને મારા ઉપર યુદ્ધનો આધાર રાખીને બેઠો છે. અમે બન્ને ધારીએ તો આખી પૃથ્વીને એક દિવસમાં ઘેર લાવીએ તેમાં શંકા નથી. અમે બન્ને સાક્ષાત્ ઇંદ્રને પણ હંફાવવો હોય તો જરૂર હંફાવીએ; પણ ભાઈ દુર્યોધન! અહીં તો પાંડવો સાથે કામ લેવાનું છે; અને તેમાંય પાંડુપુત્ર અર્જુનની સાથે, દુર્યોધન! તું અર્જુનને બરાબર ઓળખતો નથી. તને એમ જ લાગ્યા કરે છે કે ભીષ્મને અને દ્રોણને પાંડવો તરફ પક્ષપાત છે એટલે એ લોકો એવું જ બોલ્યા કરે છે. અલબત્ત મને અર્જુન પર પક્ષપાત છે એમાં શક નથી; અર્જુન જેવા શિષ્ય તરફ જે ગુરુને પક્ષપાત ન હોય તે ગુરુ વિદ્યાનો સાચો ઉપાસક નથી. પણ દુર્યોધન! આ માત્ર પક્ષપાતનો સવાલ નથી; ભીષ્મ તેમ જ હું બને વૃદ્ધ છીએ એટલે જુવાન અર્જુનને ઝડપમાં તેમ જ દૃઢતામાં પહોંચી શકવાના નથી. વિરાટના રણક્ષેત્ર ઉપર જ્યારે એકલો અર્જુન આપણને બધાને હાથમાં તાળી દઈને ચાલ્યો ગયો ત્યારે તેં આ અનુભવ્યું છે, તેમ આ વૃદ્ધાવસ્થા કે જુવાની માત્ર ઉંમરની જ નથી; આજે આખી શસ્ત્રવિદ્યામાં હું અને પિતામહ વૃદ્ધ છીએ, ત્યારે અર્જુન જુવાન છે. આજથી વીશ વર્ષ પહેલાં અમે ખરેખર જુવાન હતા. એ જમાનાનાં નવાંનવાં શસ્ત્રાસ્ત્રો તથા તેની કળા અમારાથી અજાણ્યાં ન હતાં. આજે પૃથ્વી પરનાં છેલ્લાંમાં છેલ્લાં શસ્ત્રાસ્ત્રોનો અમને ઓછો પરિચય છે. અમારી શસ્ત્રવિદ્યા સમર્થ તો છે જ; પણ જેટલી તે સમર્થ છે તેટલી તે અદ્યતન નથી. અર્જુન તો શસ્ત્રાસ્ત્ર વિદ્યાના અદ્યતન આચાર્ય પશુપતિ પાસેથી નવી વિદ્યા શીખીને આવ્યો છે, એટલે અર્જુનની જુવાની અને શસ્ત્રાસ્ત્ર વિદ્યાની છેલ્લામાં છેલ્લી શોધનો તેનો પરિચય મને અને ભીષ્મને ટકવા દે તેમ નથી એ ચોક્કસ છે. જે વિદ્યા જૂની થઈ અને જે વિદ્યાને નિત્યનિરંતર નવીનતાનો ઓપ ન ચડ્યો, તે ગમે તેવી સમર્થ હોય તોપણ નવા યુગની સામે ટકી શકતી નથી એમ જગતના બ્રાહ્મણો કહેતા આવ્યા છે.

'પિતામહ! વળી દુર્યોધન એક વાત ભૂલી જાય છે. અર્જુનના રથ પર શ્રીકૃષ્ણ હાથમાં ચાબુક લઈને બેસવાના છે તે દુર્યોધનના મનમાંથી સરી ગયું લાગે છે. પિતામહ! આ શ્રીકૃષ્ણને તમે તો સારી રીતે ઓળખ્યા છે. રાજસૂય યજ્ઞ વખતે આ શ્રીકૃષ્ણને તમે જ પ્રથમ અર્ઘ્યના અધિકારી ગણ્યા હતા, અને તમારો વિરોધ કરનાર શિશુપાળનું માથું ધડ પરથી નીચે પડ્યું હતું. આ વિદુર વગેરે તો શ્રીકૃષ્ણને સાક્ષાત્ ઈશ્વરના અવતાર માને છે. હું સાદી વાત સીધી રીતે મૂકું છું. શ્રીકૃષ્ણ આપણા આજના યુગપુરુષ છે. આપણા આજના યુગના આંતરબાહ્ય પ્રવાહો, આજના યુગનું સમગ્ર જીવન શ્રીકૃષ્ણના જીવનમાં મૂર્તિમંત થતું દેખાય છે. અને આજે જો કોઈ પણ એક પુરુષ આખા ભારતના જીવતરને ઘડી રહ્યા હોય તો તે આ શ્રીકૃષ્ણ છે. એવા યુગપુરુષ હાથમાં ચાબુક લઈને જે રથને ગતિ આપે તે રથને રોકવાની કોની તાકાત છે? ભીષ્મ! તમારું અને મારું બળ ગમે તેટલું હોય તોપણ આપણે અર્જુનના રથની સામે ટકવાના નથી. અર્જુન જુવાન છે. એની વિદ્યા તદ્દન તાજી છે, એના પક્ષમાં ધર્મ છે; અને ભારતવર્ષના આખા સમાજની નાડ કેવી ધબકે છે તે જો

આપણે તપાસીએ તો જણાશે કે સમાજના આખા હૃદયનો આંતરપ્રવાહ પાંડવોની તરફ વળે છે.

'પિતામહ! આપણે એ પણ ન ભૂલીએ કે પાંડવો યુદ્ધમાં ઊતરે છે તે તો પોતાની ખાતર! એ યુદ્ધની પાછળ તો તેમની અંતરની દાઝ છે, તેમનાં પોતાનાં દુ:ખોનું સ્મરણ છે, તેમના પોતાના રાજભાગનો કાંટો છે. હું અને તમે યુદ્ધમાં ઊતરશું તેની પાછળ આવાં પ્રબળ બળો છે? દુર્યોધન અને કૌરવભાઈઓને કાંટો ખરો, પણ આપણને તેટલો નહિ. તેટલે અંશે કૌરવસેના નબળી રહેવાની. અર્જુનને આપણા પર બાણો છોડતી વખતે જે ક્ષિન્નો આવશે તે આપણને નહિ આવે. આપણને તો અર્જુનનો પક્ષપાત થશે એટલે કદાચ હાથ ઢીલા પડશે; અને ઢીલા નહિ પડે તોયે આપણે ફરજની લૂખી ગણતરીથી લડવાના, અંતરના ઉકળાટથી નહિ.

'દુર્યોધન! અર્જુનનાં બધાં સાધનો જગતની શ્રેષ્ઠ શાસ્ત્રાસ્ત્રશાળામાં બનેલાં છે. તેનો રથ, રથ પરનો ધ્વજ, તેનું ગાંડીવ, તેના ભાથા, તેનાં શસ્ત્રો, એ બધાં વરુણદેવની ખાસ પ્રયોગશાળામાં બનાવેલાં છે; અને તેમની બનાવટમાં જરાયે ખોડખાંપણ નથી. આ સાધનોની બરાબરી કરે એવાં સાધનો ભીષ્મની પાસે કે મારી પાસે છે જ નહિ.

'પિતામહ! હું ઘણું બોલ્યો. યુદ્ધનો આલેખ વિચારીએ તે પહેલાં આ બાબતનો વિચાર થાય, અને હજીયે કાળની ઇચ્છા હોય અને યુદ્ધ બંધ રહે તો બહુ સારું એમ મને લાગે છે.'

દ્રોણ પોતાના આસન પર બેઠા એટલે તરત જ કુમાર દુર્યોધન ખોંખારો ખાતો ઊભો થયો અને કૌરવોની તાળીઓના ગડગડાટ વચ્ચે એણે શરૂ કર્યું:

'પિતામહ! દ્રોણાચાર્યે જે બધું કહ્યું હતું તે મેં સાંભળ્યું છે. જે લોકો વૃદ્ધ થાય છે તેઓ કોઈ પણ કાર્યમાં ઝુકાવવાને બદલે તેના પર નકામાં ચૂંથણાં ચૂંથવામાં જ વખત ગાળે છે. એ રીતે દ્રોણ ખરેખર વૃદ્ધ થઈ ગયા છે. હું તો ટૂંકામાં જ પતાવીશ. દુર્યોધને જે યુદ્ધ માંડ્યું છે તે બંધ કરવાનું નથી. તમે અને આચાર્ય નહિ આવો અથવા બીજા રાજાઓ પણ મારું પડખું છોડશે તોપણ હું, શકુનિ, દુઃશાસન અને કર્ણ એ ચાર જણા લડશું. પિતામહ! લાંબી વાતનાં ગાડાં ભરાય. તમે અને આચાર્ય નક્કી કરી લ્યો, એટલે યુદ્ધનો વિચાર આગળ ચલાવી શકાય. આચાર્યના જેવા બ્રાહ્મણો વિદ્યાનો ઉપદેશ આપવા માટે સારા હોય છે. પણ જીવનમાં એ વિદ્યાનો અમલ કરવાનું ક્ષત્રિયબળ એ બિચારા ક્યાંથી લાવે?'

'કુમાર!' આચાર્ય અકળાઈને બોલ્યા, 'લડવું જ હશે તો દ્રોણ તમારી સાથે જ છે; પણ મારા વિચારો તો મારે મૂકવા જ જોઈએ.'

'જરૂર.' દુર્યોધને જવાબ વાળ્યો, 'મારી સાથે રહેવું ન રહેવું એ તમારી મુનસફીની વાત છે. છેવટની મંત્રણા વખતે દ્રોણ પાસેથી મેં જુદી આશા રાખી હતી; પણ થયું! તમને ઓળખવામાં મેં ભૂલ કરી હોય તો તેનું ફળ પણ મારે જ ચાખવું જોઈએ. પિતામહ! અમારા બધાના તરફથી હું કહું છું કે અમે તો યુદ્ધના પાસા નાખ્યા તે નાખ્યા. તમે અમારી સાથે જ છો એમ હું સમજ્યો છું. ભીષ્મના બળ ઉપર હસ્તિનાપુરના તખ્તનો એટલો તો હક્ક છે જ. આચાર્ય પોતાનો નિર્ણય જાહેર કરે અને આપણે આગળ ચલાવો.'

'દ્રોણાચાર્ય!' પિતામહે જણાવ્યું, 'તમે જે કહો છો તે બધું યથાર્થ છે. દુર્યોધન સમજે તો હજીયે ક્ષત્રિયોનો નાશ થતો અટકે તેમ છે. પણ કાળને બીજું ગમે છે. દુર્યોધન સમજે તેમ નથી; માટે આપણે આપણાથી બને તેટલું કરી છૂટવું. આપણે યુદ્ધમાં સામેલ હશું તો લડાઈ શરૂ થયા પછી પણ લાગ જોઈને સમાધાન કરાવી શકીશું; માટે તમે પણ તમારો સૂર સૌની સાથે મેળવો અને યુદ્ધના કાચાપાકા આલેખમાં તમારા જ્ઞાન અને અનુભવના રંગો

પૂરો.'

ભીષ્મનાં વચન સાંભળીને કૌરવો બધા હર્ષમાં આવી ગયા એટલે દ્રોણ ધીમેથી ઊભા થઈને બોલ્યા: 'પિતામહ! જેવી કાળની ઇચ્છા. દુર્યોધન! ભીષ્મ પિતામહની સાથે તારે પડખે ઊભા રહેવા માટે મને કોણ ધકેલે છે તે મને સમજાતું નથી; પણ ગમે તે હોય, વિનાશના ઊંડામાં ઊંડા ખાડામાં ઊભા રહેવામાં પણ ભીષ્મ જેવા પિતામહની સાથે રહેવાનું હોય તો તે પણ જીવનનું એક સદ્‌ભાગ્ય!'

'આચાર્ય! તમને ધન્યવાદ ઘટે છે.' ભીષ્ણે પુરું કર્યું અને આખી સભા યુદ્ધનો કાચો આલેખ કરવામાં પરોવાઈ.

દુર્યોધનના વાક્પ્રહાર

દ્રોણાચાર્યને સેનાપતિ થયા આજે ચાર દિવસ થઈ ગયા. યુદ્ધનો ચૌદમો દિવસ એટલે કૌરવોને માટે એક કાળદિવસ. આ ચૌદમા દિવસની સાંજે અર્જુને સિંધુરાજ જયદ્રથને મારીને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી. દુ:શલાનો પતિ જયદ્રથ એટલે દુર્યોધનને સગા ભાઈ જેવો. હજી તો આગલે દિવસે અભિમન્યુએ કૌરવોનો ચક્રાવો તોડ્યો ત્યારે જયદ્રથએ એકલાએ અભિમન્યુની પાછળ ધસી આવતી આખી પાંડવસેનાને રોકી રાખી હતી. અને ભીમ, ધૃષ્ટદ્યુમ્ને વગેરેએ ઘણા પ્રયત્નો કર્યા તોપણ જયદ્રથને ચસકાવી શક્યા ન હતા. એ જયદ્રથને અર્જુને પાડ્યો ત્યારે કૌરવસૈન્યમાં ભંગાણ પડ્યું. પણ તરત જ ક્રોધના વેગમાં કૌરવસેના પાછી ઊમટી. સાધારણ રીતે ભારતનું યુદ્ધ આખો દિવસ ચાલતું અને સૂર્યાસ્ત પછી બન્ને સૈન્ય પોતપોતાની છાવણીમાં જતાં. એ યુગના યુદ્ધના શિષ્ટાચાર પ્રમાણે રાત્રિએ બન્ને સૈન્યો પોતાની દુશ્મનાવટને એક બાજુએ મૂકીને ભાઈભાઈના દાવાથી મળી પણ શકતાં. પણ આજ તો સૂર્યાસ્ત પછી પણ યુદ્ધ ચાલુ રહ્યું, અને મોડી રાત સુધી લડ્યા પછી થાકી ગયેલા યોદ્ધાઓએ મોટે ભાગે શયન પણ ત્યાં જ કરી લીધું! આજના રાત્રિયુદ્ધમાં ભીમસેનનો પુત્ર ઘટોત્કચ કૌરવોની અંદર ખૂબ ઘૂમાઘૂમ કરી છેવટે કર્ણને હાથે પડ્યો.

યુદ્ધ વિરમ્યા પછી મહારાજ દુર્યોધન રથમાં બેસીને આચાર્યના તંબૂમાં આવ્યા. આજે તેમના મનને આરામ ન હતો.

'કેમ મહારાજ?' આચાર્યે પૂછ્યું, 'આજે આરામનો જે થોડો વખત મળ્યો છે તે તો લઈ લ્યો? હમણાં સવાર પડશે.'

'આચાર્ય!' દુર્યોધન નિરાશ થઈને બોલતો હોય તેમ બોલ્યો, 'આ કાળરાત્રિમાંથી દુર્યોધનને માટે એક પણ કિરણ ફૂટે એમ મને લાગતું નથી. દ્રોણગુરુ! હું હવે તો જીવતરથી કંટાળ્યો છું. વિજયની કેટકેટલી આશાઓ રાખીએ મેં તમને સેનાપતિ બનાવ્યા! અને ગુરુદેવ! યાદ છે, તમે સેનાપતિ થયા ત્યારે મેં માગ્યું હતું તે? યુધિષ્ઠિરને જીવતા પકડીને મને સોંપો એવી મારી માગણી હતી.'

'હા, તમે માગણી કરી હતી અને મેં જવાબ પણ દીધો હતો.' આચાર્ય બોલ્યા.

'તમારી શરત પ્રમાણે મેં અર્જુનને સંગ્રામમાંથી દૂર રાખ્યો છે; અર્જુન સંગ્રામમાં હોય તો યુધિષ્ઠિર ન પકડાય. મેં તેને માટે વિગર્તોનું અલાયદું યુદ્ધ ગોઠવ્યું છે એટલે રોજ અર્જુન તો ત્યાં જાય છે. છતાં તમે યુધિષ્ઠિરને પકડ્યા નથી. આચાર્ય! સાંભળો છો કે?' દુર્યોધને પૂછ્યું.

'સાંભળું છું, રાજન્! સાંભળું છું. અને સાથે અંતરમાં ખૂબ વ્યથા અનુભવું છું.' આચાર્ય બોલ્યા, 'દુર્યોધન! આદમી પોતાનું માથું કાપીને તારે ઓશીકે મૂકે તોપણ "આ તો ખૂંચે છે" એમ જ તું કહેવાનો! તું મારા જેવાને જવાબદારીવાળાં કામો સોંપી શકે છે. પણ એ કામો સોંપવાની સાથે સાથે જે વિશ્વાસ મૂકવો જોઈએ તે મૂકી શકતો નથી, પણ ઊલટો શંકાની નજરે જ જોયા કરે છે, એટલે તારું સોંપ્યું પણ ધૂળ મળે છે અને અમારું ઉઠાવ્યું પણ ધૂળ મળે છે! તારા આવા શંકાશીલ સ્વભાવથી ભીષ્મ પણ કંટાળી ગયા અને છેવટે પડ્યા એટલે છૂટ્યા. હું યુધિષ્ઠિરને પકડી નથી શક્યો તે બરાબર છે; પણ યુધિષ્ઠિરને પકડવા એ કેટલું આકરું કામ છે તેનો તને ખ્યાલ છે?'

'ખ્યાલ તો છે.' દુર્યોધન બોલ્યો, 'પણ તમે પાંડવો તરફના તમારા પક્ષપાતને વશ થઈને કરી શકાય એવું ઘણુંય નથી કર્યું. જુઓ, અભિમન્યુ તમારા ચક્રવ્યૂહને તોડી અંદર દાખલ થવા આવ્યો ત્યારે તમે તેને અટકાવી શક્યા હોત; પણ અભિમન્યુ તો અર્જુનનો પુત્ર એટલે તમને મૂડીના વ્યાજ જેવો વહાલો! તેને તમે કેમ અટકાવો?'

'અરે મૂર્ખ!' આચાર્ય ગુસ્સે થઈને બોલ્યા, 'કૌરવસેનાનું સેનાપતિપદ એટલે આ? દુર્યોધન! તારો વિજય જ અશક્ય છે!'

'આચાર્ય!' દુર્યોધન બોલ્યો, 'ગુસ્સે શા માટે થાઓ છો? મારા મનનું સમાધાન કરો એટલે પત્યું. મને લાગે છે તે હું કહું છું. તમને કહું તે જ ગમતું ન હોય તો મનમાં ઊંડું ઊંડું દાટી રાખીશ અને બહાર આવવા જ નહિ દઉં.'

'દુર્યોધન!' આચાર્ય બોલ્યા, 'અભિમન્યુ તો સિંહનો બચ્ચો; એ તો શ્રીકૃષ્ણનો ભાણેજ ને અર્જુનનો પુત્ર. એને તો ગર્ભમાંથી જ આ વિદ્યા મળેલી. એ તો તારાં નસીબ કે વ્યૂહમાંથી પાછા ફરતાં તે શીખેલો નહિ, નહિતર આપણને બધાને ખબર પડત. અને જો ને, તેણે એકલાએ આપણને કેટલાયને રમાડ્યા!'

'આચાર્ય! સિંધુરાજ જયદ્રથે બધાને અટકાવ્યા, એટલે જ આપણે ફાવ્યા.' દુર્યોધન બોલ્યો.

'એમ જ.' આચાર્ય બોલ્યા, 'અને છતાંયે દુર્યોધન! એક વાત તો મને હજીયે ડંખ્યા કરે છે. અભિમન્યુને મારવામાં આપણે યુદ્ધવિદ્યાની શિષ્ટતા ને ધર્મનો ત્યાગ કર્યો છે. એક અભિમન્યુને મારવા માટે આપણે છ મહારથીઓ એકઠા થયા. અભિમન્યુને ન રથ મળે, ન મળે ઘોડા, ન મળે સારથિ; ન મળે ધનુષ્ય, ન મળે બાણ, ન મળે તલવાર કે ઢાલ. આવા અભિમન્યુને મારીને શું આપણે ધર્મવિજય મેળવ્યો છે? છતાં રાજન્! તારા ખાતર મેં એ પણ કર્યું છે.'

'આચાર્ય!' દુર્યોધન બોલ્યો, 'આપે જયદ્રથને બચાવવાની વાત કરીને તેને સિંધ જતો રોક્યો, અને છતાં છેવટ બચાવી તો ન શક્યા ને?'

'દુર્યોધન!' આચાર્યે જવાબ વાળ્યો, 'જેને કાળ પકડે તેને બચાવવાની તાકાત દ્રોણમાંયે નથી અને બીજા કોઈમાંયે નથી. અર્જુને અને શ્રીકૃષ્ણે જેને દાઢમાં નાખ્યો તેને બચાવવા માટે હું કોઈને સમર્થ દેખાતો નથી. દુર્યોધન! જયદ્રથે તો દ્રૌપદી પર કુદૃષ્ટિ કરી તે દિવસનો તે મરેલો જ હતો એમ સમજ.'

'દ્રોણગુરુ!' દુર્યોધન બોલ્યો, 'અર્જુનની ગેરહાજરીમાં યુધિષ્ઠિરને પકડવા સહેલા હતા; માત્ર એક સાત્યકિ તેમનું રક્ષણ કરતો હતો, તેને પણ તમે રોક્યો નહિ. એટલે યુધિષ્ઠિરને પકડવાની વાત તો હવે મારી જ ગઈ. એમને પકડવા પર મેં મારી બધી બાજી ગોઠવી હતી તે પણ ચૂંથાઈ ગઈ.'

'દુર્યોધન, દુર્યોધન!' આચાર્ય જરા તપી ઊઠ્યા, 'માણસે શું શું ન કર્યું તે ગણાવી દોષો

જ જોવા તે બહુ સહેલું છે. પણ રાજન્! જે મહાપુરુષોના હાથમાં સમાજનાં મોટાં મોટાં તંત્રો હોય છે તેમણે તો માણસોએ શું શું કર્યું તેનો તોલ કાઢી કદર કરવી ઘટે છે. તારી આ દોષો જોવાની બુદ્ધિ તારા હાથમાં આવેલું રાજ્ય ગુમાવશે અને તારા પોતાના માણસો તને અંતરનો સાથ કદી નહિ આપે. અર્જુનનો પુત્ર અભિમન્યુ પડ્યો, મહારાજ દ્રુપદ પડ્યા, મહારાજ વિરાટ પડ્યા, અને પેલો આખા સૈન્યને હચમચાવી મૂકનારો ઘટોત્કચ પણ પડ્યો; છતાં તારી ગણતરીમાં એ કશું નથી આવતું.'

'આચાર્ય!' દુર્યોધન બોલ્યો, 'નજીવી ભલે સો વાતો મળે છતાં મૂળ મુદ્દાની એક જ વાત ન મળે ત્યાં સુધી મારા જેવાને શી રીતે સંતોષ થાય?'

'દુર્યોધન!' આચાર્ય બોલ્યા, 'હવે બસ કર. જા, તને વચન આપું છું. કાલે દ્રોણ પાંચાલોને માર્યે રહેશે. દુર્યોધન! મનમાં તો એમ થાય છે કે તારા જેવા બેકદર આદમીની સેવા કરું તેના કરતાં આ બધાં શસ્ત્રોને તજીને કોઈ નિર્જન અરણ્યમાં ચાલ્યો જાઉં અને ત્યાં બીજું કાંઈ ન આવડે તો છેવટે હરણાંને ઘાસ ખવરાવતો ખવરાવતો મૃત્યુનું પરિશીલન કરું. પણ રાજન્ દુર્યોધન! દ્રોણના નસીબમાં એ નથી લખ્યું. એક અશ્વત્થામાની ખાતર મારી ગરીબ ઝૂંપડીને છોડીને હું નીકળ્યો છું ત્યારનો એ ઝૂંપડી માટે રોજ ઝંખતો રહ્યો છું, પણ એ ઝૂંપડી તો નિરંતર દૂર ને દૂર જતી ગઈ છે. દુર્યોધન! આ હું નથી બોલતો પણ મારો કાળ બોલે છે. જા, કાલે સવારે દ્રોણને જોઈ લેજે. દુર્યોધન! હવે આ સેનાપતિનો મુગટ ખૂંચવા લાગ્યો છે; હવે આ કવચ મને ભારરૂપ જણાય છે; હવે આ બધાં શસ્ત્રાસ્ત્રોને હાથ પકડતા નથી. આજે તારાં વચનોથી વીંધાઈને હું અગ્નિવેશના આશ્રમના દિવસો યાદ કરી રહ્યો છું. જા, દુર્યોધન! જા. કાલે દ્રોણ તારે કહેવાપણું નહિ રાખે એટલું ચોક્કસ સમજ. બાકીનું મારી નજરે સ્પષ્ટ દેખાતું નથી એટલે કહી શકતો નથી.'

આટલું કહી દ્રોણ શાંત થયા અને દુર્યોધન પ્રસન્ન વદને તંબૂમાંથી વિદાય થયો.

દ્રોણવધ

કુરુક્ષેત્રના મેદાન પર પંદરમી સવાર પડી ને દ્રોણ કૌરવસેનાને મોખરે ચાલ્યા. આજ ચૌદ ચૌદ દિવસ થયાં યુદ્ધ ચાલતું હતું અને અક્ષૌહિણીઓ ખાલી થયે જતી હતી, છતાંયે યુદ્ધનો અંત દેખાતો ન હતો. દુર્યોધનના મનમાં અત્યંત ઉદ્વેગ રહેતો હતો એટલે આજે તો આચાર્ય 'પોતે પડવું કે પાંચાલોને પાડવા' એવો નિશ્ચિય કરીને નીકળ્યા હતા.

યુદ્ધ શરૂ થયું અને દ્રોણનો ઘોર સંહાર પણ શરૂ થયો. પાંડવયોદ્ધાઓ એક પછી એક ધૂળ ચાટતા થવા લાગ્યા. આખાયે રણક્ષેત્ર પર રથનાં ઈસઊપળાં, પૈડાંઓ, હાથીઘોડાનાં માથાં તેમ જ શરીરો, યોદ્ધાઓના કપાઈ ગયેલા હાથ, પગ, ધડ તથા માથાં; આ બધાં વધારે વધારે પથરાવા લાગ્યાં. શિશિર ઋતુના અંતમાં વિંધ્યાચળના કોઈ જંગલમાં દાવાનળ ફાટી નીકળે અને ઘાસ, વૃક્ષો, પશુઓ અને પંખીઓને પોતાના સપાટામાં ઝડપી લે તેમ આજે દ્રોણાચાર્ય પાંડવયોદ્ધાઓને ઝડપી લેતા હતા. તેમનો દેખાવ પણ પ્રલયકાળના અગ્નિ જેવો હતો. રથમાં બેસીને આખાયે રણમાં ઘૂમતા આ દ્રોણ બાણને ભાથામાંથી ક્યારે કાઢે છે. ક્યારે ધનુષ્ય પર ચડાવે છે, ક્યારે ધનુષ્યને તાણે છે અને બાણ દુશ્મનને ક્યારે ધૂળચાટતો કરે છે તે સમજી શકાય તેવું ન હતું.

દ્રોણને હાથે થતો આ સંહાર જોઈને પાંડવો વિસ્મય પામ્યા. એવામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું: 'અર્જુન! તારા આચાર્યને જોઈ લે. આજે સાક્ષાત્ ધનુર્વેદ મનુષ્યનું રૂપ

લઈને રણમાં ઊતર્યા હોય એવા એ શોભે છે. આ દ્રોણ તે દ્રોણ નથી પણ સાક્ષાત્ કાળ જ છે.'

'શ્રીકૃષ્ણ!' અર્જુન બોલ્યો, 'આજના દ્રોણ એમના ખરા સ્વરૂપમાં ઝળકી ઊઠ્યા છે. આવા આચાર્યની સામે સેનાથી શી રીતે ટકાય?'

તરત શ્રીકૃષ્ણ બોલ્યા: 'ટકવાની વાત ક્યાં કરે છે? દ્રોણાચાર્ય અરધો દિવસ આ પ્રમાણે લડે તો યુધિષ્ઠિરને માથે મુગટ મૂકવાની આશા તમારે સૌએ છોડી દેવી. અર્જુન! વિચારવાનો વખત નથી. દ્રોણ કોઈ પણ રીતે શસ્ત્રો તજે તેમ તાકીદે થવું જોઈએ. અશ્વત્થામા મરાયો છે એટલું એમને કાને પડે તો એ જરૂર શસ્ત્રોનો ત્યાગ કરશે. અર્જુન! બીજો કોઈ માર્ગ નથી.'

શ્રીકૃષ્ણ બોલ્યા તો ખરા પણ અર્જુનને એ માર્ગ રુચ્યો નહિ. જેની પાસેથી જીવનની મહામોંઘી વિદ્યા મેળવી, જેની કૃપાથી પોતે શ્રેષ્ઠ ધનર્ધારી થયો, અને જેનાં ચરણોમાં પ્રણામ કરીને રોજ યુદ્ધ શરૂ કરે, તેવા આચાર્યને આવા કપટથી મારવા એ અર્જુનને ગળે ન ઊતર્યું.

પણ શ્રીકૃષ્ણનાં વચન ભીમસેને સાંભળ્યાં અને તરત જ ઉપાડી લીધાં. પાંડવસૈન્યમાં અશ્વત્થામા નામનો એક હાથી હતો. ભીમે તેને મારી નાખ્યો અને ત્યાર પછી દ્રોણાચાર્યના રથની નજીક આવીને મોટેથી બૂમ પાડી: 'અશ્વત્થામા મરાયો, અશ્વત્થામા મરાયો!'

'અશ્વત્થામા મરાયો' એ શબ્દો દ્રોણના કાન પર અથડાયા એટલે પળવાર તો આચાર્ય સ્તબ્ધ થઈ પણ ગયા; પછી તરત જ સ્વસ્થ થયા. તેમણે એક પળમાં વિચારી લીધું: 'અશ્વસ્થામા એમ મરાય શી રીતે? ભીમસેન બોલે તેના પર શો વિશ્વાસ?' તેમનું મન પળવાર ક્ષોભ પામ્યું હતું તે પાછું સ્થિર થઈ ગયું, અને પહેલાંના કરતાં વધારે ઉગ્રતાથી તેમણે સંહાર શરૂ કર્યો. આજે પાંચાલોનો સંહાર કરવાનો તેમનો મનસૂબો હતો એટલે તેમણે પોતાનો બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો અને તરત જ આખા પાંડવસૈન્ય પર એકીસાથે કેટલાંય શસ્ત્રાસ્ત્રો તૂટી પડ્યાં.

પરંતુ બ્રહ્માસ્ત્ર છૂટ્યું એવામાં દ્રોણની દૃષ્ટિ સન્મુખ ઋષિમુનીઓ ખડા થઈ ગયા, અને જાણે દ્રોણને કહેવા લાગ્યા: 'દ્રોણાચાર્ય! ભરદ્વાજના પુત્ર! તમે આ શું કર્યું! બ્રહ્માસ્ત્રનો ઉપયોગ ક્યારે થાય તે પણ તમારા આવેગમાં તમે ભૂલી ગયા? જે શત્રુઓ સામે બ્રહ્માસ્ત્ર વાપરવું હોય તે શત્રુના અધિકારનો તો તમે વિચાર જ ન કર્યો. દ્રોણાચાર્ય! અગ્નિવેશના શિષ્ય દ્રોણ! વિદ્યા માત્ર જગતના કલ્યાણ માટે છે; સંહાર માટે નથી, એ પણ તમને અમારે કહેવું પડે? બ્રાહ્મણજીવનનાં સ્વપ્નો સેવનાર તમે આજે આર્ય ક્ષત્રિયો પણ ન કરે એવો અસ્ત્રવિદ્યાનો દુરુપયોગ કરી રહ્યા છો. દ્રોણ, દ્રોણ! વિચાર કરો; અંતરમાં જરા પાછા વળો. દ્રોણ તો ઋષિઓના સંઘમાં શોભે; એકબીજાને ફાડી ખાવા દોડતા જંગલી પશુઓ જેવા આ યોદ્ધાઓની વચ્ચે ન શોભે. આચાર્ય! લોકસંહારનું આ ઘોર કાર્ય તમને નથી છાજતું. આ બ્રહ્માસ્ત્રને પાછું ખેંચો અને યુદ્ધના આ દારુણ કર્મથી નિવૃત્ત થાઓ.'

ઋષિમુનિઓના આ શબ્દો જાણે હવામાંથી ઊડીને દ્રોણના અંગ ઉપર આવતા હોય તેમ દ્રોણે તેમને સાંભળ્યા અને એક ઊંડો નિસાસો મૂક્યો. તેમની આંખ આગળ પિતા ભરદ્વાજનું તેમ જ ગુરુ અગ્નિવેશનું બ્રાહ્મણજીવન ખડું થયું. જે દિવસે પોતે દ્રુપદની પાસે જવા નીકળ્યા તે દિવસ યાદ આવ્યો, અને ત્યાર પછીથી પોતે બ્રાહ્મણજીવનથી કેમ દૂર અને દૂર થતા ગયા તેનાં અનેક ચિત્રો સ્મરણપટ પર ખડાં થવા લાગ્યાં. એટલે તેમને શરીરે પરસેવો છૂટ્યો અને હાથ ઢીલા પડી ગયા.

દરમિયાન ભીમસેન દ્રોણાચાર્યના રથ પાસે આવીને બોલવા લાગ્યો: 'રે દ્રોણાચાર્ય!

તમને ધિક્કાર છે, ધિક્કાર છે! તમારો વહાલામાં વહાલો અશ્વત્થામા મરી ગયો છતાં હજી તમે શસ્ત્રો છોડતા નથી? ગુરુદેવ! તમે બ્રાહ્મણ થઈને હજી શું શસ્ત્રાસ્ત્રોને વળગી રહ્યા છો? અશ્વત્થામા તો ગયો. જો સાચે જ અશ્વત્થામા તમને વહાલો હતો તો હવે આ લડવું છોડો અને એ વહાલા પુત્રનું સ્મરણ કરીને કૃતાર્થ થાઓ.'

ઋષિમુનિઓનાં વચનોથી ઢીલા થયેલા દ્રોણ ભીમસેનનાં વચનો સાંભળી વધારે ઢીલા થયાં. 'શું મારો અશ્વત્થામા સાચે જ ગયો? ભીમસેન સાચું બોલે છે? પણ ભીમસેન અસત્ય શા માટે બોલે? મારો અશ્વત્થામા ગયો જ? બેટા! આ તારા વૃદ્ધ પિતાનીયે તને યદા ન આવી? પણ ના ના; અશ્વત્થામા એમ મારા પહેલાં મરે નહિ. છતાં આ ભીમસેન કહે છે કે અશ્વત્થામા મરાયો. લાવ યુધિષ્ઠિરને પૂછું. યુધિષ્ઠિર અજાતશત્રુ છે; આખાયે જગતનું સામ્રાજ્ય મળતું હોય તોયે યુધિષ્ઠિર અસત્ય ન બોલે. મહારાજ યુધિષ્ઠિર! આ ભીમસેન કહે છે કે અશ્વત્થામા મરાયો. શું ખરેખર અશ્વત્થામા મરાયો? તું મારો શિષ્ય છે, જગત તને અજાતશત્રુ જાણે છે; માટે તને પૂછું છું. જવાબ આપ.'

આચાર્યનો પ્રશ્ન સાંભળી યુધિષ્ઠિર મૂંઝવણમાં પડ્યા. તેમને માથે તો મોટું ધર્મસંકટ આવી પડ્યું. એક બાજુ દાવાનળ સૂકા ઘાસને બાળી નાખે તેમ આખી પાંડવસેનાને દ્રોણ બાળી રહ્યા હતા, અને દ્રોણનો આ પ્રતાપ અર્ધો દિવસ ચાલે તો કદાચ પાંડવસેના ખલાસ થઇ જાય એવી સ્થિતિ હતી. દ્રોણ આ સંહાર કરતાં શી રીતે અટકે? યુધિષ્ઠિર મહારાજને માટે પ્રાણ ત્યજવા આવેલા આ યોદ્ધાઓને યુધિષ્ઠિર ન બચાવે તો બીજું કોણ બચાવે? બીજી બાજુ યુધિષ્ઠિરનું વહાલું સત્ય. શરીરથી તો વહાલું, પણ પ્રાણથીયે વહાલું, ભાઈઓથીયે વહાલું, હસ્તિનાપુરના રાજ્યથીય વહાલું, ઇંદ્રનાં ઇંદ્રાસનથીય વહાલું અને જગત આખાના સામ્રાજ્યથીયે વહાલું એમનું સત્ય! એ સત્યને છોડી દેવું? યુધિષ્ઠિર મહારાજના હૃદયમાં મોટો ગજગ્રાહ શરૂ થયો.

એટલામાં શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું: 'મહારાજ યુધિષ્ઠિર! તમને ખબર હશે કે હમણાં ભીમસેને અશ્વત્થામા નામના હાથીને મારી નાખ્યો છે, એટલે અશ્વત્થામા મરાયો છે એમ તમે કહી શકો છો ખરા. જો દ્રોણ આજ લડે છે તે રીતે થોડો જ વખત વધારે લડશે તો તમારે હસ્તિનાપુરના રાજ્યની આશા સમૂળગી છોડી દેવી. દ્રોણનો પુત્ર અશ્વત્થામા મરાયો નથી એટલે તમને આવું અસત્ય બોલતાં સંશય થાય છે એ હું સમજું છું; પણ મહારાજ! જો તમારે આ યુદ્ધમાં વિજય મેળવી હસ્તિનાપુરના સિંહાસન પર બેસવું હોય, એ સિવાય પણ તમારા માટે પ્રાણ પાથરવા તૈયાર થયેલા આ યોદ્ધાઓનાં જીવતર માટે તમને લેશ પણ લાગણી હોય, તો અશ્વત્થામા મરાયો છે એમ તમારે બોલ્યે જ છૂટકો છે. પછી તમારા ધ્યાનમાં આવે તેમ કરો.'

યુધિષ્ઠિર મહારાજ તો ક્યારનાયે આમતેમ ખેંચાયે જતા હતા. સત્ય અને દુન્યવી લાભોની વચ્ચે તેમનું અંતર ક્યારનું ઝોકે ચડ્યું હતું. શ્રીકૃષ્ણની વાણી સાંભળી તેમનું હૃદય વધારે બહાર આવ્યું અને તેમનાથી બોલાઈ જવાયું: 'અશ્વત્થામા મરાયો.'

કોઈ જીવતા માણસ પર વીજળી પડે અને આંખના પલકારામાં બદલાઈ જાય તેમ દ્રોણના કાન પર યુધિષ્ઠિરના શબ્દો પડ્યા અને તેમના હાથમાંથી શસ્ત્રો હેઠાં પડ્યાં; તેમની તમામ ઇંદ્રિયો જાણે બહેર મારી ગઈ. તેમનો જીવ જાણે ઊંડો ઊતરી ગયો અને મૂઢની જેમ તે રથમાં બેસી ગયા. તરત ભરદ્વાજના પુત્ર, અગ્નિવેશના શિષ્ય, કૃપીના વહાલા પતિ, દ્રુપદના પહેલાંના મિત્ર અને પછીથી કટ્ટર શત્રુ. પાંડવકૌરવોના આચાર્ય, શસ્ત્રાસ્ત્રવિદ્યાના અવતાર અને અશ્વત્થામાને ખાતર જીવન ધારણ કરી રાખનાર દ્રોણના રથ પર એકદમ ધૃષ્ટદ્યુમ્ન આવી ચડ્યો. દ્રોણનો વધ કરવા ખાતર યજ્ઞના કુંડમાંથી જન્મેલો એ દ્રુપદનો પુત્ર

અને પાંચાલીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન! ધૃષ્ટદ્યુમ્ન રથ પર કૂદ્યો; દ્રોણના સારથિને તેણે મારી નાખ્યો અને એક ક્ષણમાં જ માથાના વાળ પકડી દ્રોણાચાર્યના ધડ પરથી માથું ઉતારી લીધું અને મોટેથી જયઘોષ કર્યો.

યુદ્ધને દસમે દિવસે પિતામહ પડ્યા; પંદરમે દિવસે દ્રોણાચાર્ય પડ્યા. અને તેમની સાથે જ દુર્યોધનની વિજયની આશા પણ તૂટી પડી.

અશ્વત્થામા

સંહારની પ્રતિજ્ઞા

દ્રોણાચાર્ય પડ્યા અને આખી કૌરવસેનામાં હાહાકાર થઈ ગયો. દ્રોણ એટલે દુશ્મનના કાળ; દ્રોણ એટલે સાક્ષાત્ ધનુર્વેદની મૂર્તિ; દ્રોણ એટલે ક્ષાત્રતેજનો અવતાર. દ્રોણ ધારે તો ઘડીના છઠ્ઠા ભાગમાં પાંડવસેનાને ઠેકાણે પાડી દે; દ્રોણ ધારે તો આંખ મીંચીને ઉઘાડીએ તેટલા વખતમાં દુશ્મનને જેર કરીને દુર્યોધનને માથે મુગટ મૂકે. આવા દ્રોણાચાર્યનું માથું પાંચાલકુમાર ધૃષ્ટદ્યુમ્ને કાપી લીધું એટલે કૌરવોના હાંજા ગગડી ગયા અને સૌ પોતપોતાનો જાન બચાવવા નાસવા લાગ્યા. કર્ણ પોતાનું સૈન્ય લઈને રણભૂમિ છાંડી ગયો; શકુનિએ પોતાનો રથ છાવણી તરફ હાંકી મૂક્યો; દુ:શાસન બેબાકળો થઈને મોટાભાઈને શોધવા લાગ્યો; કેટલાક સૈનિકો રથ પરથી કૂદીને નાઠા તો કેટલાએક હાથી-ઘોડા પરથી ઊતરીને નાઠા, કેટલાક ભયભીત થઈને કૂદીને નાઠા તો કેટલાએક હાથી-ઘોડા પરથી ઊતરીને નાઠા, કેટલાક ભયભીત થઈને નાઠ તો કેટલાક બીજાઓને નાસતા જોઈને નાઠા. અમાસની ભરતી આવ્યા પછી સાગરનાં પાણી એકાએક ઓસરવા લાગે તેમ ઘડી પહેલાં શૌર્યથી ઊભરાતી કૌરવસેના મેદાન છોડી છાવણી તરફ વેગથી ધસવા લાગી.

કૌરવસેનાની આ નાસભાગ અશ્વત્થામાની નજરે પડી. અશ્વત્થામા કૌરવસેનાના એક ખૂણામાં રહીને દુશ્મનોનો કચ્ચરઘાણ વાળતો હતો. દ્રોણ પડ્યા તેની અશ્વત્થામાને ખબર ન હતી. આસપાસ ચાલી રહેલી નાસભાગને જોઈને તે અધીરો થયો અને પોતાની તરફ આવતા દુર્યોધનને કહેવા લાગ્યો: ‘રાજન્! આ કૌરવસેના શા માટે નાસે છે? પિતા દ્રોણના હાથમાં શસ્ત્રાસ્ત્ર છે ત્યાં સુધી આ સૈન્ય નાસવાનો વિચાર સરખો કેમ કરી શકે છે? રાજન્! સૈન્યની આ નાસભાગ મારાથી જોઈ જતી નથી.’

‘અશ્વત્થામા!’ દુર્યોધન બોલ્યો, ‘મારા હૈયામાં અત્યારે કેટલા ઊંડા ચીરા પડ્યા છે તે તમને કઈ રીતે દેખાડું? ગુરુપુત્ર! મારા જેવા અગિયાર અક્ષૌહિણીની ધણીના કરતાં એક સામાન્ય સૈનિક કેટલો વધારે સુખી છે! કૃપાચાર્ય! મારું હૈયું ભરાઈ આવ્યું છે, તમે જ અશ્વત્થામાને જવાબ આપો.’

‘મહારાજ દુર્યોધન!’ કૃપાચાર્ય ધીરેથી બોલ્યા, ‘તમારા હૃદય પર આજે કેટલો ભાર છે તે હું બરાબર સમજું છું. અશ્વત્થામા, મારા ભાણેજ અશ્વત્થામા! તને જે સમાચાર આપતાં મહારાજની જીભ ઊપડતી નથી તે સમાચાર કઠણ હૈયું કરીને હું આપું છું.’

‘શા સમાચાર, મામા?’ અશ્વત્થામાએ પૂછ્યું.

‘તારા પિતા દ્રોણ પડ્યા તે.’ કૃપાચાર્યે જેમતેમ કહી નાખ્યું.

‘શું કહો છો મામા? મારા પિતા દ્રોણ પડ્યા?’ અશ્વત્થામાએ પૂછ્યું.

‘હા પડ્યા તો પડ્યા, પણ આખી કૌરવસેનાના દિલમાં ખંજર ભોંકાયું હોય તેવી રીતે

પડ્યા?' કૃપાચાર્ય બોલ્યા.
'એમ કેમ?'
'પાંચાલપુત્ર ધૃષ્ટદ્યુમ્ને તેમનું માથું કાપી લીધું.'
'મામા! તમારી વાત મારે ગળે ઊતરતી નથી.' દ્રોણના હાથમાં શસ્ત્રાસ્ત્ર હોય ત્યાં સુધી ખુદ કાળની પણ તાકાત નથી કે દ્રોણાચાર્યની સામે જોઈ શકે.' અશ્વત્થામા બોલ્યો.
'તું સાચું કહે છે.' કૃપાચાર્ય બોલ્યા, 'દ્રોણાચાર્ય તો આજે સવારથી જ કોઈ મહા-અરણ્યમાં અગ્નિ જેમ ઘાસને સળગાવી મૂકે તેમ આખી પાંડવસેનાને બાળી રહ્યા હતા. ખુદ શ્રીકૃષ્ણને પણ એમ થયું કે દ્રોણ આ રીતે વધારે વખત લડશે તો પાંડવસેના દિવસ-બે દિવસમાં ખતમ થઈ જશે.'
'તો પછી?'
'પછી?' કૃપાચાર્ય બોલ્યા, 'પછી પાંડવોનો વિજય થાય એવી ઇચ્છા રાખતા શ્રીકૃષ્ણે કહ્યું: 'અર્જુન, આ આચાર્યની સામું તો જો! સળગતા અગ્નિમાં જેમ ફૂદડાં પડે તેમ આપણા સૈનિકો આચાર્યના તેજમાં અંજાઈને મૃત્યુવશ થાય છે. દ્રોણ અર્ધો દિવસ આ પ્રમાણે લડે એટલે તમારે પાંડવોએ વિજયની આશા ન રાખવી.'
'શ્રીકૃષ્ણે બરાબર કહ્યું. લોકો ગમે તેમ કહે, શ્રીકૃષ્ણ આપણા યુગના મહાપુરુષ છે.' અશ્વત્થામા બોલ્યો, 'પછી?'
'અને સાથે સાથે શ્રીકૃષ્ણે જણાવ્યું કે દ્રોણના હાથમાં હથિયાર છે ત્યાં સુધી કોઈના ભાર નથી કે તેમની સામે જોઈ શકે. દ્રોણનાં હથિયાર છોડાવવાં હોય તો અશ્વત્થામા મરાયો છે એટલા શબ્દો તેમને કાને પડવા જોઈએ.' કૃપાચાર્ય બોલ્યા.
'અશ્વત્થામા તો અમર છે.'
'અશ્વત્થામા મરી ગયો છે એવું દ્રોણ સાંભળશે તો જ તે શસ્ત્રો છોડશે એવો શ્રીકૃષ્ણનો મત થયો.'
'અરે વાહ રે વાહ!' અશ્વત્થામા હસ્યો.
'પરંતુ,' કૃપાચાર્યે આગળ ચલાવ્યું, 'શ્રીકૃષ્ણની આ વાત સાંભળી ત્યારે પાંડુપુત્ર અર્જુને મોં મરડ્યું.'
'સવ્યસાચી અર્જુનને એ જ શોભે.' અશ્વત્થામાએ કહ્યું.
'પરંતુ ભીમસેન પાસે જ હતો. તેણે આ વાત સાંભળી, એટલે લાગલો જઈને અશ્વત્થામા નામના એક હાથીને તેણે મારી નાખ્યો, અને "અશ્વત્થામા મરાયો, અશ્વત્થામા મરાયો!" એવું બુમરાણ કરી મૂક્યું.'
'મામા! ભીમસેનના જેવા પોલા લોકો આવાં ધતિંગો જગાવે ત્યારે બહુ વસમું પડે છે.' અશ્વાત્થામા બોલ્યો.
'વસમું પડે એટલું જ શા માટે, વસમું પડ્યું એમ કહે ને!' કૃપાચાર્ય બોલ્યા, 'ભીમસેનનું બુમરાણ આચાર્યને કાને પડ્યું ત્યારે તેમને ક્ષોભ થયો. છતાંયે તેમનો મારો તો ચાલુ જ રહ્યો.'
'પણ એવા બુમરાણથી પિતાજી કેમ ગભરાયા?' અશ્વત્થામા બોલ્યો.
'ભાણેજ!' કૃપાચાર્ય બોલ્યા, 'આચાર્યનો કાળ પોકારતો હતો. ભીમસેને આચાર્યની પાસે આવી મોટેથી "અશ્વત્થામા મરાયો" એવો ઘોષ કર્યો અને પુત્ર મૂઆ છતાં લડતા આચાર્યને ફિટકાર દીધો.'
'જીવતે પુત્રે આચાર્યને ફિટકાર આપનાર ભીમ કોણ?' અશ્વત્થામાએ દાંત પીસ્યા.
'અશ્વત્થામા! જરા સાંભળ.' કૃપાચાર્ય બોલ્યા, 'ભીમસેનનો ફિટકાર સાંભળી દ્રોણ

ગભરાયા અને ભીમસેન કહે છે તે સત્ય છે કે કેમ તેની ખાતરી કરવા યુધિષ્ઠિર તરફ વળ્યા.'

'સત્યવાદી યુધિષ્ઠિર તરફ?' અશ્વત્થામાએ પૂછ્યું.

'હા.' કૃપાચાર્ય બોલ્યા.

'પછી?' અશ્વત્થામાએ પૂછ્યું.

'આચાર્યે યુધિષ્ઠિરને પૂછ્યું,' કૃપાચાર્ય બોલ્યા, 'તે વખતે શ્રીકૃષ્ણ પાસે જ હતા. યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ તરફ મોં કર્યું અને કોઈ દિવસ સ્વપ્નમાં પણ અસત્ય ન બોલે એવાં કુંતીપુત્ર યુધિષ્ઠિરે જણાવ્યું: "હા, અશ્વત્થામા મરાયો! મરાયો!" '

'યુધિષ્ઠિર અસત્ય બોલ્યા? મામા! ગજબ થયો. આ કુરુક્ષેત્રના યુદ્ધનું પરિણામ ગમે તે આવો; સામ્રાજ્યનો મુગટ દુર્યોધનને માથે મુકાઓ કે યુધિષ્ઠિરને માથે, પણ મહારાજ યુધિષ્ઠિર અસત્ય બોલ્યા એટલે આજે જ તેમનો પરાજય તો થઈ ચૂક્યો. ગરીબ બિચારા યુધિષ્ઠિર! મારા જેવા અને ભીમસેનના જેવાના જીવનમાં તો સીધું સત્ય શોધ્યુંયે જડવું કઠણ; પરંતુ યુધિષ્ઠિર તો આજે ઠેઠ છેલ્લે પગથિયેથી લપસ્યા. વારુ, મામા! પછી પિતાનું શું થયું?'

'દ્રોણાચાર્યે તો યુધિષ્ઠિરનું વચન સાંભળ્યું કે તરત જ શસ્ત્રો છોડી દીધાં અને આંખો મીંચીને રથ પર બેસી ગયા!' કૃપાચાર્ય બોલ્યા.

'શસ્ત્રો છોડી દીધાં?'

'હા જ તો.'

'પિતાજી! આપે શસ્ત્રો શા માટે છોડ્યાં? તમારો વહાલો પુત્ર અશ્વત્થામા તો અહીં જીવતો બેઠો છે!'

'અશ્વત્થામા! દ્રોણે શસ્ત્રો છોડ્યાં એટલે તરત જ ધૃષ્ટદ્યુમ્ન રથ પર ચડી આવ્યો અને આચાર્યના કેશ પકડીને તેમનું માથું ધડ પરથી ઉતારી લીધું!'

'પિતાનું માથું ધૃષ્ટદ્યુમ્ને ઉતાર્યું?' અશ્વત્થામાનો ક્રોધ વધ્યો, 'પાંચાલકુમારે? આહ, ધૃષ્ટદ્યુમ્ન! પાંચાલકુમાર! તેં આજે ગુરુવધ તો કર્યો, પણ આ અશ્વત્થામા જીવે છે તે તને ન સાંભર્યું? પાપી ધૃષ્ટદ્યુમ્ન! પિતાનો આવો અધર્મવધ તેં કર્યો છતાં અર્જુન એ જોઈ રહ્યો? પાંડવો પણ જોઈ રહ્યા? શ્રીકૃષ્ણે પણ ન વાર્યા?'

કૃપાચાર્યે જવાબ વાળ્યો: 'અર્જુને તો પાંચાલકુમારને ભાર દઈને કહ્યું હતું કે ગુરુનો વધ કરવાનો નથી; એમને જીવતા પકડી લાવવાના છે.'

'અને છતાંયે એ નીચ પાંચાલકુમારે વધ કર્યો? ધૃષ્ટદ્યુમ્ન! દ્રોણના માથાની સામે ત્રાજવામાં કેટલાં પાંચાલમાથાંઓ જોખાવવાં પડશે તેનો ખ્યાલ સરખોય તને ન આવ્યો? ધૃષ્ટદ્યુમ્ન, દ્રુપદના દીકરા! યાદ રાખજે, દ્રોણાચાર્યને પણ એક દીકરો છે અને તેનેય પિતાનું વેર લેતાં આવડે છે.' અશ્વત્થામા ક્રોધથી ફૂંફાડા મારવા લાગ્યો અને આંખો આમતેમ ફેરવવા લાગ્યો.

'અશ્વત્થામા!' કૃપાચાર્ય બોલ્યા, 'ભાઈ! શાંત થા, શાંત થા!'

'મામા!' અશ્વત્થામા બોલ્યો, 'પિતાના મૃત્યુના સમાચારે મને વિહ્વળ કરી મૂક્યો છે; હું ભાન ભૂલી ગયો છું; મારી આંખો પાંચાલકુમારને શોધી રહી છે. આજે રણમાં એને દેખું તો હું શું કરી નાખું તે કહી શકતો નથી.'

'ભાઈ અશ્વત્થામા!' કૃપાચાર્યે કહ્યું, 'તું એમ ઉતાવળો ન થા. આ તારાં રૂંવાડાંથી આગ ઝરે છે તેને સમાવ. દ્રોણ તો સ્વર્ગે ગયા; તું શાંતિ રાખ.'

'મામા, મામા!' અશ્વત્થામા એકદમ રડી પડ્યો, 'પિતા મને છોડી ગયા એ વિચારથી

જ હું ગળી પડું છું. પિતાજી! મારા જન્મથી આરંભીને તમે મારા માટે જીવ્યા, મારા માટે હસ્તિનાપુર શોધ્યું, મારા માટે દુર્યોધનનો સાથ જાળવ્યો અને અંતકાળે પણ મારા માટે જ પ્રાણ છોડ્યા! પિતાજી, પિતાજી! તમારું ઋણ કઈ રીતે વાળું?'

'ધૃષ્ટદ્યુમ્નને મારીને.' કૃપાચાર્ય બોલ્યા.

'એટલું જ બસ નથી.' અશ્વત્થામા બોલ્યો. દ્રોણકુળનું અને પાંચાલકુળનું સનાતન વેર ચાલ્યું આવ્યું છે. આજે ધૃષ્ટદ્યુમ્ને પિતાને મારીને એ ઓલવાતા અગ્નિને ફૂંક્યો છે. અશ્વત્થામા એકલા ધૃષ્ટદ્યુમ્નનું જ નહિ પણ આખા પાંચાલકુળનાં માથાં ઉતારે ત્યારે જ તેનો આત્મા તૃપ્ત થાય; અને ત્યારે જ અશ્વત્થામાનું પિતૃતર્પણ પૂરું થાય. અશ્વત્થામા એમ ન કરે તો, મામા! સમજજો કે તમારી બહેનને પેટે પથરો પાક્યો, અશ્વત્થામા નહિ!'

'ગુરુપુત્ર!' દુર્યોધન બોલ્યો, 'એ પ્રતિજ્ઞા બહુ આકરી છે; વિચાર કરો.'

'રાજન્!' અશ્વત્થામા બોલ્યો, 'પિતાએ મારા ખાતર દેહ સુધ્ધાં છોડ્યો અને હું પાંચાલોનો વધ કરતાં વિચાર કરું? રાજન્! પિતાનું માથું આવી રીતે ઉતારનાર એ દુષ્ટ હજી સુધી પોતાની ડોક પર માથું ધારણ કરે છે એ જ આશ્ચર્ય છે. મામા, મામા! તમે મને ગાંડો ગાંડો કહ્યા કરો છો, ખરું?'

'હું તો અત્યારે પણ એમ જ કહું છું.' કૃપાચાર્ય બોલ્યા, 'પાંચાલોના વધનો વિચાર જેવોતેવો નથી.'

'પણ મામા!' અશ્વત્થામા બોલ્યો, 'ધૃષ્ટદ્યુમ્ને કેશ પકડીને પિતાજીનું માથું કાપી લીધું છે એ બનાવ જેવો તેવો છે? યાદ રાખજો, મામા! આ તમારો ભાણેજ પાંચાલોમાં એવો કેર વર્તાવશે કે પાંચાલોનાં માથાં તો ધડથી જુદાં પડશે જ, પણ અશ્વત્થામાના નામમાત્રથી પાંચાલસ્ત્રીઓના ગર્ભપાત થશે અને એકાદ રડ્યુંખડ્યું પાંચાલબીજ રહી જશે તો લપાતું છુપાતું જગતને એક ખૂણે શ્વાસ લેશે.'

'ગુરુપુત્ર! તો તો ભારે થાય.' દુર્યોધન બોલ્યો, 'તો તો યુધિષ્ઠિરને પણ ખબર પડે કે સત્યનો ત્યાગ કરવા છતાંયે પૃથ્વીનું સામ્રાજ્ય તો વેગળું જ રહે છે!'

'રાજન્! એમ જ.' અશ્વત્થામા બોલ્યો, 'હું તો મનથી પ્રતિજ્ઞા કરી ચૂક્યો છું.'

વેરનો હુતાશન

કુરુક્ષેત્રથી થોડે દૂર એક મોટા વડલા નીચે રાત જામી હતી.

'ત્યાં એ કોણ ફરે છે?' અવાજ આવ્યો.

'મામા! એ તો હું અશ્વત્થામા.'

'ભાઈ! હજી સૂતો નથી?' કૃપાચાર્યે બેઠા થતાં પૂછ્યું. એટલામાં પડખે કૃતવર્મા સૂતો હતો તે બોલ્યો: 'અશ્વત્થામા! ત્યાં રથ પાસે જઈને શું કરે છે? સવાર પડી ગઈ?'

'સવારને તો હજી ઘણી વાર છે.' અશ્વત્થામાએ જણાવ્યું.

'તો પછી તું રથ શા માટે જોડે છે? અહીં આવ; મારી પાસે સૂઈ જા.' કૃપાચાર્ય બોલ્યા.

'મામા!' અશ્વત્થામાએ જવાબ દીધો, 'તમારી પાસે જ સૂતો હતો ના? ઘણીયે વાર પડખાં ઘસ્યાં પણ ઊંઘ આવતી જ નથી.'

'હૈયામાં હોળી સળગતી હોય ને ઊંઘ શે આવે?' કૃતવર્મા બોલ્યા.

'હોળી તો આપણનેય સળગે.' કૃપાચાર્યથી ન રહેવાયું.

‘મામા!’ અશ્વત્થામા મોઢું ફેરવીને બોલ્યો, ‘હોળી હોળીમાં તફાવત હોય છે.’

કૃપાચાર્ય સાંખી ન શકતા હોય તેમ બોલ્યા: ‘અશ્વત્થામા! શું તું એમ માને છે કે અમને પાંડવો પર અને પાંચાલો પર ઓછી દાઝ છે? તું એમ માને છે કે મહારાજ દુર્યોધનની આખરની ઇચ્છાઓને તૃપ્ત કરવાની અમને ઓછી ધગશ છે?’

અશ્વત્થામા જરા કટાક્ષ કરીને બોલ્યો: ‘મામા! એમાં માનવાપણું કશું જ નથી. મહારાજ દુર્યોધનને છોડીને આ વડલા નીચે આવ્યા ત્યારે સવારે પાંચાલોની છાવણી પર તૂટી પડવું એમ નક્કી કરી તમે બન્ને ઊંઘી શક્યા પણ હું અજંપાનો માર્યો પાસાં ઘસીઘસીને છેવટે રથ જોડવા આવ્યો. હું અત્યારે જ પાંચાલોની છાવણી પર જાઉં છું.’

‘અત્યારે, રાત્રે?’ કૃપાચાર્ય બોલ્યા.

‘મામા! અશ્વત્થામાને માટે હવે રાતદિવસ બન્ને સરખાં જ છે.’

‘ભાણેજ! તારું મગજ ચસકી ગયું જણાય છે.’

‘મામા! તમે સાવ સાચું કહો છો.’ અશ્વત્થામાએ જવાબ દીધો; ‘અજાતશત્રુ યુધિષ્ઠિર ગુરુને મારવા અસત્ય બોલે, પિતા દ્રોણ એ વચન ઉપર વિશ્વાસ રાખી શસ્ત્રો છોડે; પાંચાલકુમાર ધૃષ્ટદ્યુમ્ન શસ્ત્ર વિનાના ગુરુનું માથું ઉતારી લે; બળરામના અને શ્રીકૃષ્ણના દેખતાં જ ભીમસેન મહારાજ દુર્યોધનના સાથળમાં ગદાનો ઘા કરે, અને જે માથા પર હસ્તિનાપુરનો મુગટ શોભતો હોય તે માથાને પાટુ મારે; આવા આવા બનાવોથી એકલા અશ્વત્થામાનું જ નહિ પણ આખા માનવસમાજનું માથું ચસકી ગયું છે. પાંડવો અને પાંચાલો હજી સલામત છે એ તો કોણ જાણે કોના નસીબે!’

પડખેથી કૃતવર્મા બોલ્યો: ‘ભાઈ! સવારના પહોરમાં હું અને મામા તારી સાથે આવીશું. આપણે પાંચાલોને જેર કરવાનું મહારાજ દુર્યોધનને વચન આપ્યું છે તે હું ભૂલી નથી ગયો.’

અશ્વત્થામા બોલ્યો: ‘કૃતવર્મા! મને માફ કરો. અશ્વત્થામા સવાર સુધી રાહ જોઈ શકે તેમ નથી. આ રાત મને બોલાવી રહી છે; આ અંધકાર મને પોતાનો સહકાર આપવા હાથ લંબાવી રહ્યો છે; આ વડલા પરનું ઘુવડ સૂતેલા તમામ કાગડાઓને મારીને મને ક્યારનું ગુરુમંત્ર આપી રહ્યું છે. અને ત્યાં સમંતપંચકની ભૂમિ પર જીવનના છેલ્લા શ્વાસ લેતા મહારાજ દુર્યોધન મને પડકાર કરી રહ્યા છે. મામા! તમે જાણો છો ને કે આજે તો એ મહારાજના એક એક શ્વાસની પણ કિંમત છે? માટે રાત હું વેડફી નાખવા નથી માગતો.’

કૃપાચાર્ય ખિન્ન થતા બોલ્યા: ‘અશ્વતથામા! તું કહે છે તે બધું સાચું, પણ રાતને વખતે દુશ્મનો પર છાપો મારવો એ યોગ્ય નથી. આપણાં આર્યયુદ્ધોમાં અને રાક્ષસો વગેરેનાં યુદ્ધોમાં એ એક મોટો તફાવત છે. આપણે આર્યો યુદ્ધો કરીએ છીએ; પરંતુ આપણું મનુષ્યત્વ ખોઈને પશુ ન થઈ જઈએ તેટલા માટે યુદ્ધને અંતે આપણે સૌ રમત રમનારાઓની માફક હળીમળીને વર્તીએ છીએ. રાત એ આપણો યુદ્ધવિરામ છે. યુદ્ધ દરમિયાન ઊભું કરેલું પશુપણું ભૂંસી નાખવાનો અને માનવહૃદયના ઉચ્ચ અંકુરોને ખીલવવાનો વખત આપણાં યુદ્ધશાસ્ત્રોએ પવિત્ર માન્યો છે. માટે એ વખતે યુદ્ધ કરીને આપણે તેને અપવિત્ર ન બનાવીએ.’

‘મામા!’ અશ્વત્થામા હસ્યો, ‘તમે કેવી વાત કરો છો! આ આખું યુદ્ધ જ અપવિત્રતાની મૂર્તિ છે!’

‘અશ્વત્થામા!’ કૃપાચાર્ય બોલ્યા, ‘જ્યાં કાકો ભત્રીજાનું ગળું કાપે, મામો ભાણેજને ઠાર કરે, ભાઈ ભાઈના પ્રાણ લે; ત્યાં માનવહૃદયની પવિત્રતા તો નથી જ. જરૂર, આપણા ક્લેશોની પતાવટ માટે આપણને જ્યાં સુધી બીજું હથિયાર નથી જડ્યું ત્યાં સુધી આવું

યુદ્ધ અનિવાર્ય છે; પરંતુ એમાંયે માણસે માનવતાનાં કેટલાંક તત્ત્વોને સ્થાન આપવાનો પ્રયત્ન કર્યો છે, તેમાંથી જ યુદ્ધનો શિષ્ટાચાર ઊભો થયો છે. યુદ્ધમાં દુશ્મનને મારવો તો ખરો, પણ તેમાંય વીરતાનું અમુક ધોરણ જાળવીને, જો ને, ગદાયુદ્ધ કરવું ખરું પણ તેમાં કોઈ નાભિની નીચે ઘા ન કરે એ ગદાયુદ્ધનો શિષ્ટાચાર. આવા શિષ્ટાચારો યુદ્ધની ભીષણતામાં માનવહૃદયના સદંશો દાખલ કરેછે. અને માણસ ગમે તેવો પશુ હોય છતાં આખરે માણસ છે એમ સિદ્ધ કરે છે.'

'મામા!' અશ્વત્થામા માથું ખજવાળતો બોલ્યો, 'મને તો માણસની નરી પશુતા ઢાંકવાનાં આ બધાં શાસ્ત્રકારોનાં ફાંફાં લાગે છે. માણસ પશુ જ છે અને પશુ જ રહેવાનો છે; તેના પશુપણાને આવા આવા શિષ્ટાચારોથી ઢાંકીને ધર્માધર્મના ઢોંગ શા માટે ઊભા કરો છો? પશુ એટલે પશુ; એકબીજાનો શિકાર કરે અને મોત આવે ત્યારે મરી પરવારે! આ તમારા યુદ્ધવિરામ,રાત, ધર્મયુદ્ધ, શિષ્ટાચાર એ બધાંને ફગાવી દઈને માણસ એક વાર પૂરો પશુ બની જાય તો ઠીક. માણસ સાચેસાચ માણસ જ હશે અને પશુ નહિ હોય તો છેવટ થાકી જશે; અને પોતાના પશુપણાને તેમ જ આવાં યુદ્ધોને ફગાવી પણ દેશે. પણ તમે શાસ્ત્રકારો એક વાર મનુષ્યને ધરાઈને પશુ થઈ લેવા દ્યો ને?'

કૃપાચાર્યથી ન રહેવાયું. 'અશ્વત્થામા! શી ગાંડી ગાંડી વાતો કરે છે! તારે મન તો ધનુર્વેદની આ બધી મર્યાદાઓ મૂર્ખાઈ જ હશે, કેમ? પાંડવો અને પાંચાલો વિશ્વાસથી સૂતા હોય તેમના પર છાપો મારવો એ ચોખ્ખો અધર્મ છે.'

'એ હું ક્યાં ના પાડું છું?' અશ્વત્થામા બોલ્યો, 'હું તો કબૂલ કરું છું કે આ યુદ્ધ, આ મારામારી, આ કાપાકાપી, એ જ અધર્મ છે; પણ જ્યારે આપણે એ માટો અધર્મને સ્વીકાર્યો, અધર્મ ગણ્યો, ત્યારે આવા નાના નાના અધર્મો તો એનાં બચ્ચાં છે! શત્રુને મારવો જ હોય તો પછી દિવસે મારો કે રાતે મારો, એ બન્ને સરખું છે. રાતે મારો તો બિચારો ઊંઘતો ઊંઘતો પ્રાણ છોડે એટલે પીડા તો ન થાય!'

કૃપાચાર્ય બોલી ઊઠ્યા: 'અશ્વત્થામા! દ્રોણાચાર્યની બધી વિદ્યા તારામાં અવળી ઊગી. શાસ્ત્રકારોએ તો સૂતેલા સિંહનો શિકાર પણ વર્જ્ય ગણ્યો છે.'

વળી અશ્વત્થામા હસ્યો અને બોલ્યો: 'ઓહો! એ તો એટલા માટે કે સૂતેલા સિંહને મારવામાં વીરતા ઓછી છે. એટલે જેને વીરતા દેખાવડી હોય તે સૂતેલા સિંહને મારવાને બદલે જગાડીને મારે; પણ જેને વીરતાનો સવાલ જ નથી પરંતુ સિંહનો જાન લેવાનો જ સવાલ છે, તે સૂતેલાને મારે કે જાગતાને મારે એ બન્ને સરખું છે. અશ્વત્થામાને પોતાની વીરતા દેખાડવી હોય તો તેણે સૂતેલા શત્રુઓને ન મારવા. પણ આજે મારા માટે વીરતાનો પ્રશ્ન જ નથી. અશ્વત્થામા વીર છે અને વીરપુત્ર છે એ તો જગતે આજ સુધીમાં જોઈ લીધું છે. મારે તો પાંચાલોને ઠાર કરવા છે. એ કામમાં દિવસ કરતાં રાત મને વધારે અનુકૂળ છે. મામા! તમારે વીરતા દાખવવી હોય તો તમે બન્ને ભલે સવારે આવજો. અશ્વત્થામાની વીરતા ભલે એટલી ઓછી ગણાય.'

'અશ્વત્થામા!' કૃતવર્મા બોલ્યો. 'અમારેય વીરતાનો ઢંઢેરો તો ઓછો જ પિટાવવો છે? પણ દુશ્મનને મારીએ ત્યારે હાકલ કરીને મારીએ એ જ આપણને શોભે. સૂતેલા પર ઘા કરવો એ તો નામર્દનું કામ છે.'

'તમારી વાત સાવ સાચી છે.' અશ્વત્થામાએ જવાબ આપ્યો, 'પણ અશ્વત્થામા આજે એવી સ્થિતિએ પહોંચ્યા છે કે નામર્દ ઠરીને પણ એ આજ રાતે જ ઘા કરશે. પાંચાલોનું હું નામ સંભારું છું ત્યાં મારાં રૂંવાડાં ઊભાં થાય છે અને તેમાંથી આગ ઝરે છે. મામા, મામા! તમને શું કહું? હું ન સમજી શકું એવો કોઈ વેગ મને આજે ધકેલે છે, એટલે

હું પરવશ બની ગયો છું. તમે મને અત્યારે જતો રોકશો તો મારે આપઘાત કર્યા વિના બીજો રસ્તો નહિ રહે!'

'અશ્વત્થામા!' કૃપાચાર્ય બોલ્યા, 'ભાઈ! તું ગાંડો થઈ જઈશ.'

'મામા! એ જ માગું છું.' અશ્વત્થામા બોલ્યો, 'આજે આ શસ્ત્રાસ્ત્રો, આ જ્ઞાન, આ જનોઈ બધાં ભાર જેવા લાગે છે; આ માથું પણ કેમ જાણે ઊતરી જાય તો ભાર ઓછો થાય એમ જ થયા કરે છે. મામા! અત્યારે તમારા રાતદિવસની કે ધર્માધર્મની પંચાતમાં હું પડવા ઇચ્છતો નથી. મારે તો આજે એક જ વાત, એક જ કામ, એક જ ધ્યેય કે પાંચાલોનું ડીંટ ઉખેડી નાખું. પછી એ ધર્મ હોય તો ધર્મ, અને અધર્મ હોય તો અધર્મ; રાત હોય તો રાત અને દિવસ હોય તો દિવસ! પાંચાલોને ઠાર કર્યા વિના હૈયાની અગન ઓલવાશે નહિ.'

'ભાણેજ!' કૃપાચાર્ય બોલ્યા,' માણસના હૈયામાં તો આવી કેટલીયે અગનો સળગતી જ હોય છે; ફક્ત આપણને ખબર નથી હોતી. આજે એકને ઓલવવાની પાછળ પડીએ ત્યાં કાલે બીજી સળગતી લાગે. અશ્વત્થામા! મેં તારાથી બે ચોમાસાં વધારે જોયાં છે. હૈયાની અગનો એમ ઓલવાય છે એવું ન માનતો. ઘણી વાર તો એકને ઓલવવા જતાં માણસ બીજી દસ નવી અગનો જગાવે છે, અને છેવટે ચારે દિશાએ ભભૂકતી અગનોમાં પોતે જ બળીને ખાખ થાય છે!'

'મામા!' અશ્વત્થામા અકળાયો, 'મને ન રોકો. તમારા શબ્દો આજે મારા કાન પર અથડાય છે છતાં મારું મન તે સાંભળતું નથી. આજે તો તમારો ભાણેજ જવાનો જ. મને આશીર્વાદ આપો.'

'પણ અમે આવીએ છીએ ને!' કૃતવર્મા બોલ્યો.

'તમે પાછળ આવજો; મને આગળ જવા દ્યો. પાંચાલોનો કાળ મને બોલાવતો હોય એમ લાગે છે.'

એટલું બોલી અશ્વત્થામાએ પૂરજોસથી પોતાનો રથ પાંચાલોની છાવણી તરફ મારી મૂક્યો.

અંધારી રાત્રે

કુરુક્ષેત્ર ભારતવર્ષનું હૃદય. આજે અઢાર દિવસ થયાં ભારતના ધર્માધર્મના લેખ ત્યાં લખાય છે; આજે અઢાર દિવસ થયાં હસ્તિનાપુરનો રાજમુગટ એ જ મેદાન પર પોતાને યોગ્ય મસ્તકને શોધે છે. એવા આ મેદાન પર જગતના અંધકારને વીંઝતો અશ્વત્થામાનો રથ ધૃષ્ટદ્યુમ્નની છાવણી તરફ ચાલ્યો જાય છે.

અશ્વત્થામા જન્મે બ્રાહ્મણ. બ્રાહ્મણ પોતાની વિદ્યાથી જગતની સેવા કરે એટલા માટે ઈશ્વરે તેના માથામાં મણિ મૂક્યો. પણ અશ્વત્થામાનું ભાગ્ય જુદું જ હતું. દ્રોણને અશ્વત્થામા પ્રાણથીયે વધુ વહાલો; અશ્વત્થામાના દૂધ માટે દ્રોણ ઠેઠ દ્રુપદ સુધી ગયા અને દ્રુપદને જેર કર્યો ત્યારે જંપ્યા; અશ્વત્થામા ઉપરના રાગથી દ્રોણે તેને છાનીમાની વિદ્યા પણ શીખવી; અશ્વત્થામાની મમતાને કારણે દ્રોણે હસ્તિનાપુરનો વાસ સ્વીકાર્યો અને અંતે મમતાના માર્યા શસ્ત્રો છોડીને સ્વર્ગે સિધાવ્યા.

દ્રોણનો આવો લાડીલો અશ્વત્થામા જન્મથી બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મણ રહ્યો ન હતો. તેનું આખુંયે જીવન હસ્તિનાપુરની ખટપટ અને શસ્ત્રાસ્ત્રોના ખડખડાટમાં જ ગયું

હતું. દ્રોણની પ્રતિભા અને ગૌરવે અશ્વત્થામાને થોડોક ગર્વિષ્ઠ પણ કરી નાખ્યો હતો. આજે એ અશ્વત્થામા ગાંડો થયો છે. પિતાના વધથી ઉશ્કેરાયેલું તેનું મગજ આજે તો સડું સડું થઈ રહ્યું છે; તેનું આખું શરીર ધ્રૂજે છે; તેની પહોળી આંખો દેખતા છતાં જાણે દેખતી નથી; ઘોડાની લગામ, ઘોડાનો ચાબુક, પોતાનો રથ અને આખોય રસ્તો — એ બધાં પર એ આંખો આંધળી ફરે છે. જુએ છે ફક્ત દૂર દૂરની છાવણીના પલંગમાં લાંબા થઈને પોઢેલા એક ધૃષ્ટદ્યુમ્નને.

અશ્વત્થામાનો રથ પાંચાલોની છાવણી પાસે આવ્યો એટલે અશ્વત્થામા રથ પરથી હેઠે ઊતર્યો. રથના ઘોડાને છૂટા મૂક્યા અને પોતે છાવણી ફરતો એક આંટો મારવા નીકળ્યો. બધું શાંત હતું; દીવાઓ ઝાંખા ઝાંખા બળતા હતા; તમામ તંબુઓ પર રાત્રિએ પોતાનો પિછોડો ઓઢાડી દીધો હતો; માત્ર દૂર એકાદ ચીબરી બોલતી હતી; વચ્ચે વચ્ચે ચોકીદારનો પગરવ સંભળાતો હતો; અને દૂરથી - ઘણે દૂરથી ધરા પાસે પડેલ મહારાજ દુર્યોધનની આંખો અંધકારને વીંધીને અશ્વત્થામાના આખા દેહના ઉકળાટને ટકાવી રાખતી હતી.

અશ્વત્થામાએ છાવણી ફરતો એક આંટો માર્યો, છાવણી માંહેના જુદા જુદા તંબુઓને ગણતરીમાં લીધા, છાવણીના ચોકીદારને ધારી ધારીને નિહાળ્યો અને તરત જ ભાથામાંથી એક બાણ કાઢીને ચોકીદાર પર છોડ્યું, સનનન કરતું એ બાણ રાતની શાંતિને વીંધીને ચાલ્યું. પરંતુ ચોકીદારની ચોકી તો હતી તેવી જ ચાલુ રહી. અશ્વત્થામા જરા થોભ્યો અને તરત બીજું બાણ છોડ્યું. સનનન! ચોકીદારનાં પગલાં તો એ જ ઢબે પડ્યે જતાં હતાં. આ શું? અશ્વત્થામા ચિડાયો. બાણો એક પછી એક છૂટવા માંડ્યાં - બે, ચાર, દસ, વીશ, પચ્ચીશ, પચાસ. ચોકીદાર તો કેમ જાણે આ બધાંને ગળી ન જતો હોય!

‘જરૂર,’ અશ્વત્થામાએ પલકમાં વિચારી લીધું; ‘જરૂર, આ ચોકીદાર કોઈ સામાન્ય માણસ નથી. મારા એક બાણને આજે અર્જુન પણ ઝીલી શકે નહિ, ત્યાં આટલાં બધાં બાણો પણ જાણે ખાલી હવામાં જ ગયાં હોય એમ આ ચોકીદાર ફર્યા કરે છે!’

અશ્વત્થામાએ ફરીથી બાણો ચડાવ્યાં અને ખલાસ કર્યાં. પણ લાચાર!

‘શું આ એકલો ચોકીદાર જ બધો વખત ખાઈ જશે? અને પો ફાટતાં પહેલાં ધૃષ્ટદ્યુમ્નને ઠાર કરવાનો સંકલ્પ શું સંકલ્પમાત્ર રહેશે? પિતા દ્રોણ! તમારો પુત્ર આજે જરૂર તમારું વેર લેશે. મહારાજ દુર્યોધન! જીવનને છેલ્લે કિનારે બેઠેલા આપને દગો નહિ જ દઉં. પણ અરે! આ કોનો અવાજ આવે છે? ચોકીદારે કોઈને જગાડ્યા? ના ના; એ તો મારો ભ્રમ છે.’

અશ્વત્થામા વિચાર કરતો કરતો છાવણીની નજીક ગયો અને ચોકીદારને ઇશારો કર્યો: ‘ભાઈ! મારાં તમામ બાણને પણ ન ગણકારનાર તમે કોણ છો તે હું જાણતો નથી. આજે મારે માટે એક પળની કિંમત છે; નહિતર તો તમને પૂછત પણ નહિ. તમે જે હો તે હો. હું આચાર્યપુત્ર અશ્વત્થામા છું અને પાંચાલોનો વધ કરવાની મેં પ્રતિજ્ઞા કરી છે; માટે હવે અંદર પ્રવેશ કરું છું.’

‘ખબરદાર!’ ચોકીદારે શાંત પણ દૃઢ અવાજે કહ્યું. અને અશ્વત્થામાના પગ અનિચ્છાએ પણ પાછા પડ્યા. ‘અશ્વત્થામા! તેં મને ઓળખ્યો નહિ હોય. હું કૈલાસવાસી શંકર.’

‘મહાદેવ!’ અશ્વત્થામા અત્યંત નમ્રતાથી બોલ્યો, ‘આપની પાસે દીનતાથી યાચું છું કે મને અંદર પ્રવેશ કરવા દ્યો.’

‘મૂર્ખ બ્રાહ્મણ!’ શંકર ખડખડાટ હસીને બોલ્યા, ‘શંકરની ચોકી તું એવી સમજ્યો?

તને ખબર નથી. આ તો શ્રીકૃષ્ણ સાથેના સખ્યસંબંધને લઈને આજની રાત ચોકી કરવા આવ્યો છું. નહિતર, હું તો અસ્ત્રવિદ્યાનો જગદ્‌ગુરુ. આવાં કેટલાંય યુદ્ધો મેં જોયાં અને જોઈશ. તારા બાપને અને ખુદ અર્જુનને પાશુપત જેવાં અસ્ત્રો મેળવવા હિમાલય સેવવો પડ્યો હતો તે ખબર છે ને?'

'દેવાધિદેવ! અશ્વત્થામા વળી કરગરવા લાગ્યો, 'આપના પ્રભાવને હું સારી રીતે જાણું છું. આજે અંતરની દાઝનો માર્યો હું પાંચાલોનો સંહાર કરવા આવ્યો છું. અજવાળું થતાં પહેલાં મારે મારું કામ પુરું કરવું જોઈએ. આપ રજા આપો તો જ હું અંદર આવી શકું. મારા હૃદયમાં આજે જે આગ લાગી છે તે શમે તેવી નથી; આપ મને અંદર પેસવા નહિ દ્યો તો હું આ સ્થળે જ બળી મરીશ. પ્રભો! મારું મન બીજો રસ્તો દેખતું નથી.'

તરત જ અશ્વત્થામાએ અગ્નિ પ્રગટાવ્યો અને બળી મરવા તૈયાર થયો. શંકર બોલ્યા: 'અશ્વત્થામા! તારા જેવો માણસ આવો આપઘાત કરે એ યોગ્ય છે?'

'મહારાજ!' અશ્વત્થામા બોલ્યો, 'હજીયે હું આપને વીનવું છું કે આપ મને અંદર પ્રવેશ કરવા દ્યો. આપની સામે મારી શસ્ત્રાસ્ત્રવિદ્યા બુઠ્ઠી છે, એટલે મારા માટે છેલ્લો આ એક જ ઉપાય છે. અત્યારે આપની પાસે હતવીર્ય થયેલો હું બળી ન મરું તો જીવીને શું કરું?'

'અશ્વત્થામા!' શંકર બોલ્યા, 'બ્રાહ્મણના દીકરા! જો, મારી ચોકી તો પૂરી થવા આવી છે એટલે હું તો આ ચાલ્યો; પણ તારો આ માર્ગ અધર્મનો છે.'

'મહારાજ!' અશ્વત્થામા બોલ્યો; 'અત્યારે મારે મન ધર્મઅધર્મ જેવી કોઈ ચીજ છે નહિ. આપે મારા પર કૃપા કરી; આપ સિધાવો. હું અંદર પ્રવેશ કરું છું.'

'અશ્વત્થામા!' શંકર બહાર નીકળતાં નીકળતાં બોલ્યા, 'અશ્વત્થામા જોજે હો, કોઈનું મોત નિપજાવવા જતાં તારું જ મોત ન નીપજે! પણ તુંય બાપડો શું કરે! તમે તો બધા દીવામાં પતંગિયાં પડે તેમ કોઈ અકળ ગતિના માર્યા કાળના મોંમા પડો છો. તમે બધા શું કરવા માગો છો અને ક્યાં જઈ રહ્યા છો તેનું ખુદ તમને જ ક્યાં ભાન છે? જો, બ્રાહ્મણબચ્ચા! જા. આજે કાન નથી દેતો તો એક દિવસ યાદ કરજે.

આમ કહીને શંકર વિદાય થયા અને અશ્વત્થામા ભૂખ્યા વરુની જેમ પાંચાલો પર તૂટી પડ્યો.

* * *

પાંડવોના શિબિરમાં એક મોટા પલંગ પર ધૃષ્ટદ્યુમ્ન સૂતો હતો. આજે તે ભરઊંઘમાં હતો; આજે તેની નિદ્રામાં કોઈ ભંગ કરનાર ન હતું; આજે રાતના સંગ્રામ સમિતિ મળવાની ન હતી; આજે રાતના સૈન્યનિરીક્ષણ માટે નીકળવાનું ન હતું; આજે રાતના કોઈ મહારથી સાથે ખાસ મંત્રણા કરવાની ન હતી; આજે રાતના બાતમીદારો આવવાના ન હતા. અઢાર અઢાર દિવસની મારામારી અને કાપાકાપીને અંતે ધૃષ્ટદ્યુમ્ન ભરઊંઘમાં હતો. આવતી કાલે યુધિષ્ઠિર મહારાજની વિજયસવારીમાં આગળ ચાલીને હસ્તિનાપુરનાં વધામણાં લેવાના તેના કોડ હતા.

ચાંદની જેવો સફેદ ઓછાડ ને તેના પર શ્યામવર્ણો ધૃષ્ટદ્યુમ્ન; પડખે દ્રૌપદીના પાંચ કોડીલા પુત્રો અને એક તરફ પાંચાલવીરો; ઉપર જગતમાત્રનાં અંધારે થતાં કાળાં કર્મોના સનાતન સાક્ષીઓ જેવા તારા, ને આસપાસ શાંતિ, અસાધારણ શાંતિ, મૃત્યુસમી શાંતિ! માત્ર દૂરથી કોઈ કોઈ વાર ઘુવડની કારમી ચીસ એ શાંતિને ચીરીને આવતી હતી.

અશ્વત્થામા શિબિરમાં પેઠો. તેના હાથમાં નાગી તલવાર હતી; તેના વાળ વીખરાયેલા

હતા; તેના કપાળમાં સિંદૂરની આડ હતી; તેના ચહેરા પર વિહ્વળતા હતી; તેની આંખમાં ખૂન હતું; તેનાં પગલાંમાં કોઈ મહાખૂનીનાં ભય અને મક્કમતા હતાં.

અશ્વત્થમા સીધો ધૃષ્ટદ્યુમ્નના પલંગ પાસે પહોંચ્યો. ધૃષ્ટદ્યુમ્નને જોઈને તેનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં; તેના હાથનું ખડ્ગ ઊંચું થઈ ગયું; તેના મુખ પર આનંદની નાની લહરી આવી. હોઠ દાબતો તે મનમાં ગણગણ્યો: 'પાંચાલબચ્ચા! પ્રભુનું સ્મરણ કરી લે.'

અશ્વત્થામા વિચાર કરે ને એટલામાં તો આકાશમાંથી એક તારો ખર્યો અને પોતાના ખરતા તેજથી ધૃષ્ટદ્યુમ્નના મોં પર પ્રકાશ નાખતો ગયો. અશ્વત્થામાએ ધૃષ્ટદ્યુમ્નનું મોં જોયું અને વર્ષો પહેલાં ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્ય પાસે શિષ્યભાવે આવ્યો હતો. તે વખતનું દૃશ્ય તેની પાસે ખડું થયું. તેના મનમાં એ વખતનો બાલભાવ ડોકિયાં કરવા લાગ્યો એટલે ખડ્ગ મારવા ઉગામેલો હાથ સહેજ ઢીલો પડ્યો અને આંખે કેમ જાણે અંધારાં આવ્યાં.

આ બધું એક જ ક્ષણમાં બની ગયું; પણ બીજી જ ક્ષણે કેસરી સિંહની માફક અશ્વત્થામા પોતાની નબળાઈને ખંખેરીને જાગૃત થયો. તેણે દુર્યોધન પાસે લીધેલી પ્રતિજ્ઞાને ફરીથી મનમાં તાજી કરી; ધૃષ્ટદ્યુમ્ન પરના વેરને પાછું જાગૃત કર્યું, પિતાનું વેર લેવાનું પોતાનું કર્તવ્ય ફરીથી દૃઢ કર્યું અને આંખો મીંચીને ધૃષ્ટદ્યુમ્ન પર ખડ્ગનો ઘા કર્યો.

એક ઘા ને બે કટકા પાંચાલપુત્રના; એક એક ઘા અને બબ્બે કટકા પાંચાલીના પુત્રોના; એક એક ઘા અને બબ્બે કટકા પાંચાલવીરોના! જ્યાં ઘડી પહેલાં અસાધારણ શાંતિ હતી ત્યાં મોટું ઘમસાણ મચી રહ્યું; ઘડી પહેલાં જ્યાં સફેદ ચાંદની જેવા ઓછાડો શોભી રહ્યા હતા ત્યાં લોહીથી ખરડાયેલી ચાદરો ટપકવા લાગી; ઘડી પહેલાં જે પાંડવોને શિબિર હતો તે અત્યારે પાંચાલોનું વધસ્થાન બની ગયું.

અને અશ્વત્થામા?

પાંચાલોને ઠાર કર્યા કે બીજી જ ક્ષણે તેનો કેફ ઊતરી ગયો. ઘડી પહેલાં વાઘ જેવો લાગતો અશ્વત્થામા બિચારો બકરી બની ગયો! દૂર દૂર હવામાં તેણે ગાંડીવના ભણકારા સાંભળ્યા અને દ્રૌપદીની ચીસો સાંભળી; પોતાના જ અંતરમાં તેણે હૃદયના થડકારા સાંભળ્યા એટલે તે ભયભીત થયો, અને એ ભયભીત દશામાં જ સવારનો પો ફાટતાં નાઠો.

ધૂંધવાતો અગ્નિ

'ભાઈ! તમે ઘડીક સૂઈ જાઓ.' વ્યાસ ભગવાનના શિષ્ય ગૌતમે અશ્વત્થામાને કહ્યું, 'ગંગાને તીરે ઋષિમુનિઓનું મોટું સંમેલન ભરાયું છે એટલે બાપુજી ત્યાં ગયા છે.'

'ઋષિમુનિઓનું સંમેલન?' અશ્વત્થામાએ પૂછ્યું.

'હા.' ગૌતમ બોલ્યો, 'એ સ્થળે હસ્તિનાપુરના મુગટ માટે પાંડવો આજે કેટલાયે દિવસથી લડે છે તે સાંભળ્યું છે કે?'

'એમાં ઋષિમુનિઓને શું? જગત તો આજ સુધી લડ્યા કર્યું છે ને હજીયે લડ્યા કરશે.' અશ્વત્થામા બોલ્યો, 'ઋષિમુનિઓ હિમાલયની છાયામાં બેઠા બેઠા સમાધિ કર્યા કરે; એમને ને લડાઈને શું લાગે વળગે?'

ગૌતમ ઊછળી પડ્યો: 'એમ કેમ કહેવાય? પોતાના આશ્રમમાં બેઠાં બેઠાં ઝાડ હેઠળ આંખ મીંચીને બેસી રહે એવા મારા બાપુજીને ન જાણો. સમગ્ર જનસમાજનું કલ્યાણ એ તો એમનું જીવનવ્રત છે. દુનિયા વેરઝેરથી સળગી ઊઠે ત્યારે વેરઝેરને નાબૂદ કરવાના

ઉપાયો યોજવા એ ઋષિમુનિઓનું કર્તવ્ય નથી શું? એ તો બાપુ આવીને સંમેલનની હકીકત કહેશે ત્યારે તમને ખબર પડશે કે આ ઋષિમુનિઓમાં અને કહેવાતા ઋષિમુનિઓમાં કેવો તફાવત છે. વારુ, હમણાં તમે સૂઈ જાઓ. બાપુ આવશે ત્યારે હું તમને જગાડીશ.'

'મારે સૂવું નથી.' અશ્વત્થામા બોલ્યો.

'તમારી આંખમાં હું ઊંઘ ભરેલી દેખું છું.' ગૌતમે કહ્યું, 'અમારી કોઈની આંખો તમારા જેવી થાય તો બાપુ અમને કોઈ પણ પ્રયત્ને સુવાડી દે.'

અશ્વત્થામાથી ન રહેવાયું: 'ગૌતમ! મેં તો આજે કેટલાયે દિવસથી ઊંઘ ગુમાવી છે.'

'ઊંઘ ગુમાવી?' ગૌતમે અશ્વત્થામાની આંખો સાથે આંખો મેળવીને કહ્યું, 'બાપુજી તો કહે છે કે ઊંઘ ગુમાવે એક ચક્રવર્તી રાજા અને બીજો ગુમાવે ખૂની. તમે કોઈ મોટા ચક્રવર્તી રાજા તો નથી ને?'

'ના રે ના!' અશ્વત્થામા નિસાસો નાખતો બોલ્યો.

'ત્યારે સૂઈ જાઓ ને!' ગૌતમ હાથમાં કાંકરા ઉડાડતો બોલ્યો, 'ભાઈ! તમે તો મોટા લોકો એટલે ઊંઘ તમારાથી ભડકીને ભાગતી ફરે. અમારે તો આ ઝાડનો છાંયો, આખા દિવસની મહેનતનો થાક, ઊંચે આકાશનું છત્ર અને નીચે ભલાં પૃથ્વી માતા; એટલે અમે ઊંઘને છોડવા માગીએ તોય ઊંઘ અમને ન છોડે.'

'ગૌતમ!' અશ્વત્થામા બોલ્યા, 'હું તારા જેવડો હતો તે દિવસે પણ મારા નસીબમાં આવું કશું ન હતું.'

'તમે શું મારી જેમ આશ્રમમાં રહેતા?' ગૌતમે કુતૂહલથી પૂછ્યું, 'શું તમારેય બાપુજી હતા? તમેય આવાં હરણો સાથે ગેલ કરતા? તમેય આવી કુંજોમાં અધ્યયન કરતા? ત્યારે તો પંખીઓનો આ મધુર કિલકિલાટ તમે બહુ સાંભળ્યો હશે. જુઓ ને, આ મીઠો પવન આવે છે. જરા લાંબા થાઓ, ભાઈ! તમારા માટે મેં મારો ઓછાડ બિછાવ્યો છે. મેં તે આજે જ ધોયો છે. તેમાં એક રાતો ગંધાતો ડાઘ હતો તે કેમેય કરતાં ન જાય, એટલે મેં તો ખૂબ ધોકા માર્યા. જુઓ, તોય એનું જરાક નિશાન રહી ગયું છે. તમારે મોટા માણસોને તો ચાકરો ઓછાડ ધોતા હશે, કાં? તમારા ઓછાડમાં તો ડાઘ રહે જ શાના?'

'ગૌતમ, ગૌતમ!' અશ્વત્થામા અકળાયો, 'તું હવે ન બોલ તો?'

'તમને ઊંઘ આવવા માંડી?'

'ઊંઘ તો નથી આવતી, પણ તું બોલે છે ત્યારે મનમાં કંઈ કંઈ થઈ જાય છે.' અશ્વત્થામા બોલ્યો, 'તારા આવા શબ્દો સાંભળું છું ત્યાં મારાં અનેક દર્દો જાગે છે.'

'તમને દર્દ છે? દર્દી છો માટે ઊંઘ નથી આવતી એમ કહો ને! હવે સમજ્યો.' ગૌતમે ઘડ વાળી, 'બાપુજી એકલા ઋષિ જ નથી પણ અસાધ્ય જેવા રોગના વૈદ પણ છે. તમને ટીક સૂઝયું કે તમે અહીં આવ્યા. અહીંની હવા જ એવી છે કે માણસ જો હવાને બરાબર ફેફસામાં ભરે તો રોગમાત્ર અનાયસે મટી જાય. લ્યો હવે તમને નહિ કનડું. જરા લાંબા થાઓ અને હું ઝાંપો તૂટી ગયો છે ત્યાં બોરડીનાં બે ઝરડાં નાખી આવું.'

એમ કહેતો ગૌતમ ત્યાંથી એકદમ ચાલ્યો ગયો. અશ્વત્થામા ભોંય ખોતરતો ત્યાં જ બેસી રહ્યો.

* * *

આશ્રમની આમ્રકુંજમાં વ્યાસ ભગવાન પોતાના શિષ્યમંડળ સાથે બેઠા હતા અને જગતભરનાં વેરઝેર નાબૂદ કરવા માટે આશ્રમવાસીઓએ શું કરવું ઘટે તેની ચર્ચા ચાલતી

હતી. અશ્વત્થામા ચીરવલ્કલ ધારણ કરીને વ્યાસમુનિના પડખામાં લપાઈ ગયો હતો.

એવામાં રસ્તા પરથી રથનો ખડખડાટ સંભળાયો. રથનો ખડખડાટ આખાયે મંડળના કાન પર અથડાઈને પાછો ફર્યો પણ અશ્વત્થામાના કાન ઊંચા થયા, તેનો દેહ સહજ ઊંચો થયો, તેની આંખો જમીન પર હતી ત્યાંથી રસ્તા પર ગઈ. એક પળમાં તો તે પોતે આમ્રકુંજમાંથી સરી ગયો, અને રસ્તાને માથે ખેતરમાં દર્ભ ઊગ્યો હતો તે ખૂંદવા મંડી પડ્યો.

આશ્રમ પાસેના રસ્તા ઉપર બે રથ દોડ્યા આવે; પહેલા રથમાં ભીમસેન ઘોડાઓને પુરપાટ હાંક્યે આવે; તેની પાછળના રથની લગામ શ્રીકૃષ્ણના હાથમાં હતી.

'આ રહ્યો તે દુષ્ટ!' ભીમે રથમાંથી ત્રાડ મારી, અને તરત જ રથ પરથી નીચે કૂદ્યો. શ્રીકૃષ્ણે પણ પોતાનો રથ ઊભો રાખ્યો, અને અર્જુન તથા યુધિષ્ઠિરને લઈને નીચે ઊતર્યા.

'અર્જુન! જોઈ લે આ હરામીને. બિચારો વલ્કલ પહેરીને બેઠો છે!'

અશ્વત્થામા ગભરાયો. ભીમ માર્યા વિના નહિ જ છોડે એવી તેની ખાતરી હતી. દ્રોણનો પુત્ર એમ ને એમ મોત સાંખી લે તેવો ન હતો. તેના મનમાં એક મુહૂર્તમાં કેટલીય તરકીબો ઝબકી અને વિલાઈ ગઈ. દરમિયાન ભીમસેન અને અર્જુનની વીરહાકો તેને પજવતી હતી. અશ્વત્થામા પાસે કશુંયે સાધન ન હતું; રથ જોડવા જેટલી ધીરજ ન હતી; વસ્ત્રો બદલવા જેટલું ભાન ન હતું; એ તો ખૂબ મૂંઝાયો. મામા કૃપાચાર્યને ઘડીભર સંભારવા લાગ્યો અને પછી તો દર્ભની એક સળીને મંત્રીને સંકલ્પ કર્યો: 'આ દુશ્મનો પર હું આજે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરું છું. આ બ્રહ્માસ્ત્ર પાંડવકુળનું નિકંદન કાઢો.'

દર્ભની સળી ફેંકી એટલી જ વાર. દિશાઓ ચોમેર કાળી થવા લાગી; એક સળીમાંથી અનેક સળગતાં શસ્ત્રાસ્ત્રો છૂટવા લાગ્યાં, પ્રલયકાળના પવનો વાવા લાગ્યા. પૂર્વે નહિ સાંભળેલો ગડગડાટ થવા લાગ્યો; આશ્રમનાં પશુપક્ષીઓ ત્રાસથી આમતેમ દોડી રક્ષણ શોધવા લાગ્યાં.

'અર્જુન!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'આ દુષ્ટે તો હવે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો છે. તને પણ આ પ્રયોગ તો સિદ્ધ છે, માટે જલદી કર.'

'મહારાજ શ્રીકૃષ્ણ!' અર્જુન બોલ્યો, 'આવા પ્રસંગોમાં બ્રહ્માસ્ત્રનો પ્રયોગ ન થાય - એવો દ્રોણ ગુરુનો આદેશ છે.'

'નહિ જોયા હોય ગુરુના આદેશ! દ્રોણ પડ્યા તેની સાથે તેનો આદેશ પણ પડ્યો. શ્રીકૃષ્ણ! એ એનાથી નહિ થાય. અશ્વત્થામાને હું પૂરો પાડીશ.' ભીમસેન ખિજાઈને બોલ્યો.

'અર્જુન!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'તારી ભૂલ થાય છે. બ્રહ્માસ્ત્ર જેવાં અસ્ત્રોના પ્રયોગો નિષિદ્ધ એટલા માટે છે કે લોકો તેનો ઉપયોગ બીજાના સંહાર માટે કરે છે. આવાં અસ્ત્રોની શોધ કરીને માનવસમાજને પોતાને જ પશ્ચાત્તાપ કરવો પડ્યો છે. લોકોનાં અંત:કરણ વધારે નિર્મળ થયા પહેલાં આવી શોધોનો પ્રયોગ સમાજના કલ્યાણ માટે થવાના બદલે અકલ્યાણ માટે જ થશે એમ માની દ્રોણે તેને આદેશ આપ્યો હશે. પણ સખા! તું આજે લોકકલ્યાણનો સંકલ્પ કરીને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર; અશ્વત્થામાને મારવાનો સંકલ્પ ન કરતો.'

'શ્રીકૃષ્ણ! અર્જુન સાથે આવે વખતે માથાકૂટ કરવી તમને કેમ ગમે છે? મને એના જેટલી વિદ્યા આવડતી હોત તો આજે દુનિયાને દેખાડી દેત!' ભીમે કહ્યું.

'અર્જુન!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'જલદી કર. આ અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર વધારે ફેલાવ પામશે તો આપણને ભારે પડશે.'

'ભલે.' અર્જુન બોલ્યો અને તરત જ બ્રહ્માસ્ત્રનું સ્મરણ કરી સંકલ્પ કર્યો: 'અશ્વત્થામાના કલ્યાણ માટે, અમારા પોતાના કલ્યાણ માટે ને સમગ્ર માનવસમાજના કલ્યાણ માટે હું બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરું છું.'

અર્જુનનું બ્રહ્માસ્ત્ર પણ તરત જ છૂટ્યું.

વ્યાસના આશ્રમ પર બે બ્રહ્માસ્ત્રો સામસામાં અફળાયાં એટલે અંધકાર વધી ગયો અને પૃથ્વી કંપવા લાગી. વ્યાસના આશ્રમની હવામાં જાણે મહા ઝેર વ્યાપી ગયું!

વ્યાસ ભગવાન કુંજમાં બેઠા હતા ત્યાંથી ઊભા થયા, હાથમાં પલાશનો દંડ ને દર્ભ લીધાં અને પોતાની યોગદૃષ્ટિથી આકાશ તરફ જોઈને ત્યાં આવી પહોંચ્યા.

'પ્રભો, પુરાણઋષિ! આપને અનેક નમસ્કાર હો.' કહી યુધિષ્ઠિર વ્યાસનાં ચરણમાં પડ્યા.

'અલ્યા અશ્વત્થામા!' વ્યાસે ભ્રૂકુટી ચડાવીને અશ્વત્થામા તરફ ફરીને કહ્યું, 'તને મેં મારા આશ્રમમાં ભરાવા દીધો તે આટલા માટે? તેં આ ચીરવલ્કલ ધારણ કર્યાં તે આટલા માટે? તેં કુંજમાં બેસીને ઋષિમુનિઓના સંમેલનની વાત સાંભળી તેનું આ પરિણામ?'

'મહારાજ!' અશ્વત્થામા ગભરાતો ગભરાતો બોલ્યો, 'આ લોકો મારો પ્રાણ લેવા આવ્યા છે.'

'તેં એમના પુત્રોને માર્યા તે વખતે વિચાર કર્યો ન હતો?' વ્યાસે આંખ કાઢી.

'મહારાજ!' અશ્વત્થામા ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો, 'શત્રુના અસ્ત્રથી મરતાં હવે નહિ અચકાઉં, પણ આપની આ લાલ આંખ જોઈ શકતો નથી. મને માફ કરો!'

'અશ્વત્થામા!' વ્યાસે જણાવ્યું, 'તું મારા બ્રાહ્મણપણાથી આટલો બધો ઊતરી ગયો છે તેથી મને દુ:ખ થાય છે. બ્રાહ્મણોને પોતાને જ બ્રાહ્મણજીવનમાં શ્રદ્ધા ન રહે તે દિવસે જગતના અકલ્યાણના ગણેશ મંડાયા સમજવા. તારા પિતાએ વેરના માર્યા બ્રાહ્મણજીવન ખીંટીએ લટકાવ્યું અને તેં તો છેક ગુમાવ્યું.'

'મહારાજ! અશ્વત્થામા બોલ્યો, 'હું આજે બ્રાહ્મણ નથી રહ્યો એ સાચું. હવે મને આ લોકોથી બચાવો એટલે આપની સેવામાં જ રહેવા માગું છું.'

'તો પછી આ બ્રહ્માસ્ત્ર શા માટે મૂક્યું?'

'બચવા ખાતર.'

'પણ બ્રહ્માસ્ત્રનો આવો ઉપયોગ કોઈથી ન થાય એ તને ખબર નથી?' વ્યાસે પૂછ્યું.

'મેં મારા સામું મોત દીઠું, એટલે મુકાય ન મુકાય તેનો વિવેક ન કર્યો.' અશ્વત્થામા બોલ્યો.

'અને અર્જુન!' અર્જુન તરફ ફરીને વળી વ્યાસ બોલ્યા, 'તેં પણ ભારે ભૂલ કરી છે. બ્રહ્માસ્ત્રપ્રયોગના વિધિનિષેધની તને ખબર છે; છતાં આ મારો આશ્રમ છે તેનું પણ તેં ભાન ન રાખ્યું?'

અર્જુને બે હાથ જોડીને કહ્યું: 'મહારાજ! મેં કોઈના પર દ્વેષબુદ્ધિથી આ પ્રયોગ કર્યો નથી પરંતુ જગતમાત્રના અને અશ્વત્થામાના પણ કલ્યાણના સંકલ્પથી પ્રયોગ કર્યો છે. બાકી તો અમારે તેના બ્રહ્માસ્ત્રથી બચવું હતું એ તો દેખીતું જ છે.'

વ્યાસ ભગવાન શાંતિથી બોલ્યા: 'બેટા! આ અઢાર દિવસના યુદ્ધ પછી પણ તને એક વાત નથી સમજાઈ? મનુષ્ય માત્ર શસ્ત્રાસ્ત્રો વાપરે છે, ત્યારે પોતાના બચાવ માટે વાપરીએ છીએ એમ જ કહે છે, અને જગતના કલ્યાણની જ વાતો કરે છે. પણ બીજાને મારવાથી માણસ પોતાનો બચાવ પણ નથી કરતો, અને જગતનું કલ્યાણ તો જરૂર નથી કરતો! આ તમારાં શસ્ત્રાસ્ત્રો શું કરે છે અને શું કરી શકે છે તેનું તમે આવડું મોટું પ્રદર્શન કર્યા પછી

પણ હજી એનો ભ્રમ તમને રહે છે? અર્જુન! જેના રથની લગામ શ્રીકૃષ્ણના હાથમાં હોય તેને તો આ ક્યારનુંયે સમજાઈ ગયું હોય.'

'મુનિમહારાજ!' શ્રીકૃષ્ણ હસતા હસતા બોલ્યા, 'રથની લગામ તો મારી પાસે છે, પણ હાંકું છું એ પોતે જ્યાં કહે ત્યાં!'

વ્યાસમુનિ પોતાનો જમણો હાથ ઊંચો કરીને બોલ્યા: 'અર્જુન! તું તારા બ્રહ્માસ્ત્રને પાછું વાળી લે.'

'જેવી આપની આજ્ઞા.' કહેતાંની સાથે જ અર્જુને બ્રહ્માસ્ત્રને પાછું ખેંચી લીધું.

'અશ્વત્થામા!' વ્યાસે અશ્વત્થામા તરફ ફરીને કહ્યું, 'હવે તું ખેંચી લે.'

'મહારાજ!' અશ્વત્થામા ગળગળો થઈ ગયો, 'મને પાછું ખેંચતાં આવડતું નથી.'

'હેં!' વ્યાસ ચકિત થઈને બોલ્યા, 'ત્યારે ઓ મૂર્ખ! તેનો પ્રયોગ શા સારુ કર્યો?'

'મહારાજ!' અશ્વત્થામા બોલ્યો, 'પાછું ખેંચતાં તો નથી આવડતું પણ પ્રયોગનો સંકલ્પ એવો કર્યો છે કે પાંડવકુળનું નિકંદન થાય.'

'હે દુષ્ટ!' વ્યાસ ખિન્ન થઈને બોલ્યા, 'તમે લોકોએ અમને ઋષિમુનિઓને ભારે વિચારમાં નાખી દીધા છે. દ્રોણે પુત્રરાગથી પ્રેરાઈને તને આ અસ્ત્ર આપ્યું એ જ મોટી ભૂલ કરી. તેં એ ભૂલને ઠીક ઠીક પોષણ આપ્યું. બ્રાહ્મણ પડે પછી તે ક્યાં જઈને અટકશે તે કોણ કહી શકે છે? બોલ, હવે બ્રહ્માસ્ત્રનો છેવટનો પાત ક્યાં થાય?'

'ઉત્તરાના ગર્ભમાં,' અશ્વત્થામા બોલ્યો.

'સડી ગયેલું ફળ ગંધાયા વિના શી રીતે રહે?' વ્યાસ ખિન્ન થઈને બોલ્યા.

'મહારાજ!' ભીમસેનથી હવે ન રહેવાયું, 'હું આ અશ્વત્થામાનો વધ કરવા આવ્યો છું. આનો વધ ન થાય તો દ્રૌપદી અનશન કરીને દેહ પાડવાની છે. અર્જુને બ્રહ્માસ્ત્ર તો આપની આજ્ઞાથી પાછું ખેંચી લીધું, પણ હવે હું અશ્વત્થામાને છોડનાર નથી.'

'ભીમસેન! અશ્વત્થામાને મારીને શું કરીશ!' વ્યાસ ખિન્ન થઈને બોલ્યા.

'મારું અને દ્રૌપદીનું મન ઠારીશ!'

'એ કેવળ વલખાં છે.' વ્યાસ બોલ્યા, 'એમ મન ઠરતાં હોત તો તો અગિયાર અક્ષૌહિણીને મારી ત્યારે ઠર્યાં હોત. મન તો ત્યારે ખરાં ઠરશે જ્યારે આ શસ્ત્રાસ્ત્રનો જગત ત્યાગ કરશે. પ્રભો શ્રીકૃષ્ણ! આપ કેમ કશું બોલતા નથી?'

'પુરાણમુનિ!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'આપના જેવા ઋષિઓ જ્યાં જગતના કલ્યાણનો રાતદિવસ વિચાર કર્યા કરે છે ત્યાં મારે શું બોલવાનું હોય?'

'ભીમસેન!' વ્યાસ ફરીથી બોલ્યા, 'આ અશ્વત્થામા તમારા સૌના ગુરુ દ્રોણાચાર્યનો પુત્ર છે, તેનું માથું તમે ઉતારો એવી ભૂલ તેણે કરી છે, પણ ભૂલનો બદલો મોતથી ન હોય. યુધિષ્ઠિર! તમને કેમ લાગે છે?'

'મહારાજ!' યુધિષ્ઠિર બોલ્યા, 'તમે યોગ્ય જ કહો છો. હું પણ છાવણીમાંથી નીકળ્યો ત્યારે તો અશ્વત્થામાના પ્રાણ લેવા એવો વિચાર કરીને નીકળ્યો હતો; પણ અત્યારે મારું મન પાછું હઠે છે. ગુરુપુત્રને મારીને હું રાજી થવા માગતો નથી.'

'તો શું દ્રૌપદીને ગુમાવીને આપણે રાજી થઈશું?'

'ભીમસેન!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'એમ ઉતાવળો ન થા. આ અશ્વત્થામા બ્રાહ્મણ છે; એના માથામાં મણિ છે. તેના માથાનો મણિ લઈ લેવો એ એનો વધ કર્યા બરાબર છે. આપણે અશ્વત્થામાને દ્રૌપદી પાસે લઈ જઈએ. દ્રૌપદી પાંચાલની પુત્રી છે; તેના દિલમાં પણ ક્ષત્રિયની ઉદારતા છે. ગુરુપુત્રને માફી આપીને મોટાઈ સિદ્ધ કરવી તે એને પણ ગમશે. કેમ યુધિષ્ઠિર?'

'તમારી વાત બરાબર છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'તો અશ્વત્થામા!' વ્યાસ બોલ્યા, 'રથ ઉપર ચડી જા. દ્રૌપદી માગે તો આનાકાની વિના તારા માથાનો મણિ આપી દેજે; કદાચ દ્રૌપદી તારો દેહ માગે તોપણ આપતાં અચકાતો નહિ. તું આપતાં આંચકો નહિ ખા, તો તે લેતાં આંચકો ખાશે, અને તું આપતાં આંચકો ખાઈશ તો તે લેવા માટે વધારે આગ્રહ રાખશે. જગતનો આવો સનાતન નિયમ છે.'

'પ્રભો!' અશ્વત્થામા બોલ્યો, 'આપના પર શ્રદ્ધા રાખીને રથમાં ચડું છું. ત્યાંથી આવીને આપની પાસે જ બેસવાનો છું.'

'દ્રોણપુત્ર!' વ્યાસે જવાબ દીધો, 'પછીની વાત પછી. માથાનો મણિ ગુમાવ્યા પછી તો તને થોડા રોજ પૃથ્વી ઉપર રખડવું જ ગમશે; તારું ચિત્ત કોઈ એક ઠેકાણે સ્થિર રહી જ નહિ શકે. જિંદગી આખી ડહોળી નાખી હશે એ આછરતાં પણ વાર લાગશે. જ્યારે આવ ત્યારે આ આશ્રમના દરવાજા ખુલ્લા છે. પણ અશ્વત્થામા! આવાં સ્થાનોમાં વસવાનો ઊભરો તો ઘણાને આવે છે; એ ઊભરો ન રહે અને નિશ્ચય થાય તે માટે તો ઈશ્વરની કૃપા જોઈએ છે. આજે તો જા. પરમાત્મા તારું કલ્યાણ કરો; સૌનું કલ્યાણ કરો. પ્રભો શ્રીકૃષ્ણ! જગતનું કલ્યાણ થાઓ.'

અશ્વત્થામાને લઈને ભીમસેન વગેરે વિદાય થયા અને વ્યાસ ભગવાન આશ્રમ તરફ પાછા ફર્યા.

યુધિષ્ઠિર

રાજસૂય યજ્ઞ પછી

યુધિષ્ઠિર મહારાજનો રાજસૂય યજ્ઞ પૂરો થયો એટલે દેશદેશાવરના રાજામહારાજાઓ પોતપોતાને સ્થાને પાછા ગયા. વ્યાસ ભગવાન અને તેમના શિષ્યો પોતાના આશ્રમમાં ગયા, શ્રીકૃષ્ણ દ્વારકા ગયા અને દુર્યોધન પોતાના ભાઈઓને લઈને હસ્તિનાપુર ગયો.

યજ્ઞને અંતે યુધિષ્ઠિર એક વાર પોતાના ઓરડામાં બેઠા હતા ત્યાં કુંતી આવ્યાં.

'બેટા યુધિષ્ઠિર!' કુંતી બોલ્યાં, 'કેમ આજે ગમગીન બેઠો છે?'

યુધિષ્ઠિર જરા ઠીક બેસીને બોલ્યા: 'માડી! એ તો અમસ્તુ. આજે કોણ જાણે શાથી, કાંઈ ગમતું નથી.'

'આવડો મોટો માનવસાગર ઉછળ

યો હતો તે એકદમ ઓછો થઈ જાય ત્યારે બે દિવસ જરા ઉદાસ જેવું લાગે.' કુંતી બોલ્યાં.

'માતા!' યુધિષ્ઠિરે કહ્યું, 'વસ્તુ ન મળી હોય ત્યાં સુધી તેને મેળવવા પાછળ માણસ અથાગ પરિશ્રમ કરે છે અને એ પરિશ્રમનો જ આનંદ મેળવે છે; પણ વસ્તુ મળ્યા પછી બીજી જ ક્ષણે આનંદ હૃદયમાંથી ગળી પડે છે. વળી પાછો કઈ વસ્તુ આનંદ આપશે તેની શોધમાં અને આશામાં માણસ નવો પરિશ્રમ શરૂ કરે છે.'

'બેટા!' કુંતી બોલ્યાં, 'તું તો સિંહાસન પર બેઠો તોયે આવો ને આવો જ રહ્યો! હું તારું બધું આવું તેવું સમજતી નથી. મને તો આટલું સમજાય છે કે આપણે લાખના મહેલમાંથી કાળી રાતે નીકળ્યાં હતાં તે આજ દિવસ સુધી રખડ્યાં; આજે હવે જંપીને બેસવાનો વખત આવ્યો છે એટલે હૈયામાં ટાઢક વળે છે.'

'માતા કુંતી!' યુધિષ્ઠિર માથું ધુણાવતા બોલ્યા, 'માણસ એ તો એક ભારે વિચિત્ર પ્રાણી છે! એકની એક વસ્તુ ગમે તેટલી મીઠી હોય તોપણ તે તેને લાંબો વખત આનંદ આપી શકતી નથી. માણસને વિવિધતા રુચે છે. સુખ પણ એકલું હોય તો તે ફિક્કું લાગે છે! એટલે જ પરમ કૃપાળુ ઈશ્વરે સુખની આગળ તેમ જ પાછળ દુ:ખ ગોઠવ્યું છે. માડી! મને તો એમ લાગે છે કે મનુષ્યજીવનના મોટો ભાગ દુ:ખથી જ ભરેલો છે.'

'એમ હોય નહિ.' કુંતી બોલ્યાં.

'એમ જ છે. મનુષ્યજીવનનો સરવાળો કાઢો તો મોટે ભાગે તે દુ:ખ જ હશે.' યુધિષ્ઠિર બોલ્યા.

'એવું હોય તો માણસને જીવતરનો રસ કેમ જળવાતો હશે?' કુંતી બોલ્યાં.

'કુંતી મા! ઈશ્વરે જેમ માણસના જીવનમાં દુ:ખ ભર્યું, તેમ અનેક દુ:ખોને ભૂલી જવાની અજબ શક્તિ પણ તેને આપી; તેને લીધે જ માણસ જીવી શકે છે. આપણી જ

વાત કરીએ. પહેલવહેલાં જંગલમાં નીકળ્યાં ત્યારે વનવાસનો અંત ક્યારે આવશે એમ જ લાગ્યા કરતું, અને રોજનાં નવાં નવાં દુ:ખો આપણા હૃદયને વીંધી નાખતા. સાંભરે છે માતા, તમે તે દિવસે તરસ્યાં થયાં ત્યારે આકળાં થઈ ગયાં હતાં, અને ભીમસેનને તાબડતોબ મોકલ્યો હતો? આજે એ પ્રસંગનું દુ:ખ તો ક્યાંય ચાલ્યું ગયું છે; અને જાણે આવાં આવાં નાનાં દુ:ખો તો હતાં જ નહિ, એમ થઈ ગયું?

'એ દુ:ખ તો હવે ગયું, એટલે શા માટે એને સંભારવું?'

'એમ જ, વનમાં રખડતાં હતાં ત્યારે એમ થતું કે આ વનમાંથી પાછા રાજમહેલોમાં ક્યારે જશું? આજે માથા પર નાનો શો મુગટ આવ્યો છે, તોયે તેનો ભાર મૂંઝવે છે, અને મનમાં એમ થઈ જાય છે કે રાજસૂયની ધમાલમાંથી છૂટ્યો છું તે બે દિવસ એ જ જંગલોમાં ભટકી આવું!' યુધિષ્ઠિરે કહ્યું.

'એવું ન બોલ!' કુંતી બોલી ઊઠ્યાં, 'જંગલોને તો ધોળે દહાડે જોયાં છે. હવે તો સ્થિરતા રાખીને રાજ્ય કર એટલે મારી આંખ ઠરે, અને આ તારા ભાઈઓ નિરાંતે ઊંઘે.'

'માડી! સાચે જ પૂછું છું. મારા પિતા પાંડુને કોઈ દિવસ નિરાંતે ઊંઘ આવતી હતી? નિરાંતની ઊંઘ જંગલમાં પૂરા આકાશના છત્ર નીચે એકદમ પથરા પર પડ્યા રહેતા ભરવાડના નસીબમાં લખી હશે. મારા જેવા અનેક નાના મોટા રાજાઓ તો એક એક મણની મશરૂની તળાઈમાંયે પડખાં ઘસીઘસીને મરી જવાના. મા કુંતી! તમારા જીવનને આ રાજસૂય યજ્ઞથી તૃપ્તિ થઈ એ જ આવડી મોટી ધમાલનું એક મોટું ફળ મને મળ્યું એમ સમજું છું.' યુધિષ્ઠિર બોલ્યા.

'હા, મને તો આનંદ થયો જ છે. દીકરાના પગમાં મોટા મોટા ચક્રવર્તી જેવા રાજાઓ માથાં નમાવે, મારી વહુને માથે બ્રાહ્મણો સાત સમુદ્રનાં પાણી એકઠાં કરીને અભિષેક કરે, મારે આંગણે રોજ લાખ લાખ માણસોનું એઠું વેરાય, અને શ્રીકૃષ્ણ જેવા જગમાન્ય પુરુષ મારે ઘેર જમી રહેલા મહેમાનોનાં પાતળ ઉપાડવામાં ગૌરવ લે; આ બધું જોઈને જગતની કઈ મા હરખઘેલી ન થાય? દીકરા! મને દુ:ખ થયું હોય તો તે એક જ વાતથી થયું છે.' કુંતી બોલ્યાં.

'કઈ વાતથી?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'મારે આંગણે જન્મારા આખામાં અવસર જેવો અવસર આવ્યો, ને તેવે વખતે તમે શિશુપાળને મારી નાખ્યો, એ મને જરાયે ગમ્યું નથી!' કુંતી અણગમો દર્શાવતાં બોલ્યાં.

'પણ માતા! બીજો માર્ગ ન હતો. પિતામહ જેવા વૃદ્ધ પુરુષ ઊઠીને જાહેર કરે કે શ્રીકૃષ્ણ જ સર્વથી શ્રેષ્ઠ પુરુષ છે માટે તેમનું પૂજન સૌથી પહેલું થવું જોઈએ. તોયે શિશુપાળ તો માને જ નહિ!' યુધિષ્ઠિર બોલ્યા.

'પિતામહને અને તમને શ્રીકૃષ્ણ સૌથી શ્રેષ્ઠ લાગ્યા હોય અને શિશુપાળને નયે લાગ્યા હોય; એમાં શું?'

'માડી! એ શિશુપાળ તો કોઈ પણ રીતે યજ્ઞમાં વિઘ્ન નાખવા જ માગતો હતો, પૂજનનું તો તેને એક બહાનું હાથ આવ્યું.' યુધિષ્ઠિરે ખુલાસો આપ્યો.

'દીકરા! ઘણી વાર દુનિયામાં એવું નથી બનતું કે ઈશ્વરનો સાક્ષાત્ અવતાર હોય તેને પણ લોકો તેના જીવતર દરમિયાન નથી ઓળખી શકતા, અને એ ન ઓળખનાર પોતે તો જે બોલે છે તે શુદ્ધ ભાવથી જ બોલે છે?' કુંતીએ પૂછ્યું.

'માતા! તમે કહો છો તે વાત તો સાચી છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'આ તો તમે ભરસભામાં રાજાઓના અભિપ્રાયો માગો, અને પછી માણસ પોતાનો ખરેખરો અભિપ્રાય આપે અને તમને તે માફક ન આવે એટલે તેના મોંમાં તમે ડૂચો દેવા

નીકળો, એવું થાય! જે સમાજમાં માણસને પોતાના ગમે તેવા વિચારો દર્શાવવાની છૂટ ન હોય, પણ ઊલટું જ્યાં માણસને પોતાના વિચારો દર્શાવવા બદલ ગુનેગાર ગણવામાં આવે તે સમાજ માનવોનો સમાજ નથી પણ ગુલામોનો સમાજ છે એવું ભીષ્મ પણ ઘણી વાર કહે છે.' કુંતી બોલ્યાં.

'આ શિશુપાળે માત્ર અભિપ્રાય જ જણાવ્યો ન હતો, પણ રીતસર યજ્ઞમાં ભંગાણ પાડવા માટે તેની આખી યોજના હતી. એટલે શ્રીકૃષ્ણે તેને પૂરતી તક આપ્યા પછી તેનું માથું ઉડાડી દીધું.' યુધિષ્ઠિર બોલ્યા.

'એ હશે. પણ અમને સ્ત્રીઓને તો આવી આવી બાબતોમાં બહુ વહેમ આવે. રાજસૂય યજ્ઞ જેવા યજ્ઞમાં શ્રીકૃષ્ણની ફોઈ અને દૂરની પણ મારી બહેનના દીકરાનું માથું ઊતરે એને હું તો અપશુકન ગણું.' કુંતી બોલ્યાં.

'એમાં શું?' યુધિષ્ઠિર વાળી લેતા હોય તેમ બોલ્યા, 'એ તો મોટા મેળાઓમાં, લગ્નોમાં, સત્રોમાં ને યજ્ઞોમાં આવાં આવાં છમકલાં તો થયાં જ કરે. એમાં અપશુકન શા? એવા પ્રસંગોમાં તો માણસે થોડા રીઢા થવું જોઈએ.'

'યુધિષ્ઠિર! રીઢી ન થઈ હોત તો આટલું જીવી શકત જ નહિ; પણ તને ખબર છે? દુનિયામાં ઘણી વાર નાની જણાતી બાબતો પણ વખત જતાં એવું રૂપ લે છે કે સૌને ભારે પડે. જો, બીજી એક વાતની તને ખબર છે?' કુંતીએ પૂછયું.

'કઈ વાત!'

'દુર્યોધન આવ્યો હતો તે પણ ખૂબ ચિડાઈને ગયો છે.' કુંતી બોલ્યાં.

'શા માટે? એ પોતે તો કાંઈ બોલ્યો નહિ!' યુધિષ્ઠિરે કહ્યું.

'એમ તો એ ધૃતરાષ્ટ્રનો દીકરો છે ને શકુનિની બહેનનો એણે કોઠો સેવ્યો છે. આ ભીમસેને તેની કાંઈક મશ્કરી કરી હશે એટલે તેનું તેને અવળું પડ્યું છે.' કુંતીએ જણાવ્યું.

'હા હા; એ તો ભૂલથી પાણીમાં કપડાં બોળાયાં તેની મને ખબર છે. પણ એમાં શું? 'યુધિષ્ઠિર બોલ્યા.

'એમાં ઘણુંયે. હસ્તિનાપુર જતી વખતે મારી પાસે મોટો તોબરો ચડાવીને આવ્યો હતો અને કેટલુંયે બોલતો હતો. ભીમને હું ઘણીયે વારું છું પણ દુર્યોધનને દેખે છે ત્યાં એની આંખ ફાટે છે. હવે દુર્યોધન ઘેર જઈને કેટલુંયે વાંકું બોલશે.' કુંતી બોલ્યાં.

'એ તો એને સ્વભાવ થયો, પણ આપણે ધીરજ રાખવી.' યુધિષ્ઠિર કહ્યું.

'પણ એનો સ્વભાવ તે આપણનેય નડે ના? એ તો તારા કાકાના જેવો જ મનનો બહુ મેલો છે. કોઈ વાર જરાક મેણું મરાઈ ગયું હોય તો સો વર્ષ સુધી સંભારી રાખે અને લાગ આવે ત્યારે બીજું ઉમેરીને પાછું આપે. એની રાતે તો કોઈનોય જન્મ નથી!' કુંતી બોલ્યાં.

'તોય એ ધૃતરાષ્ટ્રનો કુમાર અને અમારો ભાઈ, સારો કે ખરાબ, પણ એને થોડોઘણો વેઠ્યે જ છૂટકો છે. માડી! આ, આ સહદેવ કેમ દોડતો આવ્યો?'

'કેમ સહદેવ! બહુ ઉતાવળો?' કુંતીએ પૂછ્યું.

'બા! વિદુરકાકા આવે છે.' સહદેવ બોલ્યો.

'વિદુર? સાચું બોલે છો?' કુંતીએ પૂછ્યું.

'હા હા, જોને પેલો તેમનો રથ દેખાય!' સહદેવે બતાવ્યું.

'ત્યારે તો સોનાનો સૂરજ ઊગ્યો. હું તેમને કહેતી હતી કે આ ધમાલમાં હું તમારી સાથે બે ઘડી નિરાંતે બેઠીયે નથી એટલે બે દિવસ રોકાઓ; પણ એમણે ન જ માન્યું. હવે પાછા આવ્યા તે ઠીક થયું. યુધિષ્ઠિર! હવે એમને બે દિવસ રોકજે.' કુંતી બોલ્યાં.

'માડી! આપણે ક્યા ઘાટ ઘડીએ છીએ ત્યારે વિદુરકાકા ક્યા ઘાટ ઘડતા આવ્યા હશે,

કોને ખબર છે? એમને મળ્યા પછી જ બધી વાત છે ના?' યુધિષ્ઠિરે જવાબ આપ્યો.
અને ત્રણે જણાં વિદુરને લેવા સામાં ગયાં.

* * *

'કાકા! તમે હજી તો હમણાં ચાલ્યા જાઓ છો, ત્યાં તરત જ પાછા આવવાનું ખાસ પ્રયોજન તમે જણાવ્યું નહિ.' યુધિષ્ઠિરે પૂછ્યું.

'ખાસ પ્રયોજન તો એ છે કે મહારાજ ધૃતરાષ્ટ્રે હસ્તિનાપુરમાં એક મોટી સભા તૈયાર કરાવી છે.' વિદુર બોલ્યા.

'મય દાનવે આ અમારી સભા બનાવી છે તેવી?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'અરે, ના રે ના! સાવ નાની શી. એ સભા જોવા માટે ને ત્યાં કૌરવોની સાથે જુગાર રમવા માટે તમને બોલાવ્યા છે.'

'જુગાર ખેલવા માટે?' યુધિષ્ઠિરે ખાસ પૂછ્યું.

'હા, જુગાર ખેલવા માટે.' વિદુરે જવાબ વાળ્યો.

'કાકા! એટલા માટે તમને મોકલ્યા?' યુધિષ્ઠિરે ફરીથી પૂછ્યું.

'હા. મહારાજે પોતે જ મને ખાસ હુકમ કર્યો.' વિદુરે જણાવ્યું.

'તમે ના તો કહી જ હશે.' યુધિષ્ઠિરે કહ્યું.

'મેં તો મારામાં બળ હતું તેટલા બધા બળથી વિરોધ કર્યો.' વિદુર બોલ્યા.

'પછી?'

'તોય મને કહે કે તું જા, ને પાંડવોને તેડી લાવ.' વિદુરે કહ્યું.

'મને એનો શોખ તો છે. હમણાં વર્ષો થયાં છોડી દીધેલ છે, પણ એ તો હાથ લાંબો કર્યો એટલી વાર. પણ વિદુરકાકા! આ રમતનું જો હરામચસકું માણસને લાગે તો તે મૂઓ પડ્યો!!' યુધિષ્ઠિરે કહ્યું.

'જરૂર. મેં તો ત્યાં મહારાજને પણ જણાવ્યું છે અને તને પણ જણાવું છું કે જે જે ક્ષત્રિયો આ ચાળે ચડ્યા છે તેમનો બધાનો વિનાશ જ થયો છે. રમત પાસાની હો કે ઘોડાની હો, પથ્થરના કટકાની હો કે કાગળની ચબરખીની હો; હારજીતનો પ્રશ્ન ઊભો થયો ને હોડ બકવાનું દાખલ થયું એટલે ખલાસ!' વિદુર બોલ્યા.

'કાકા! રમત જો રમત તરીકે રમાય તો તેનો લાભ ઘણા છે. આવી પાસાની રમતોમાં સાવધાનતા, હોશિયારી, આંગળાંના સ્નાયુઓ ઉપર કાબૂ, હારીએ તોયે ફરીથી રમવાની તાકાત, એવું ઘણુંયે કેળવી શકાય.' યુધિષ્ઠિર બોલ્યા.

'મને તો એ બધા નવરાના ધંધા લાગે છે! આજે સમગ્ર ભારતવર્ષના રાજાઓ આ ચાળે ચડ્યા છે તેમાં હું તો ખુવારી સિવાય બીજું કશું દેખતો નથી. તમારી પ્રજામાંથી કોઈ બજારને ઓટલે બેસીને જુગાર રમે તે ગુનેગાર ગણાય, અને તમે બધા રાજસભાઓ ચણાવી જુગાર રમો તે પરાક્રમ લેખાય, એ તે ક્યાંનો ન્યાય?' વિદુરથી ન રહેવાયું. 'રાજા એવો તે કેવો દેવનો દીકરો છે કે જુગાર રમે ત્યારે જુગાર આબરૂદાર ગણાય. ને હજારો ધનાઢ્યો એવી આબરૂની પાછળ પૈસાનું પાણી કરે?'

'કાકા! તમે તો ભારે સપાટો લગાવો છો, હો!' યુધિષ્ઠિરે કહ્યું.

'ન લગાવું?'

'તમે કહો છો તે બધાં દોષો એમાં છે ખરાં; પણ એ રમતને માત્ર રમત તરીકે રમ્યા હોઈએ તો તેમાંયે અમુક જાતનો સ્વાદ છે.' યુધિષ્ઠિરે કહ્યું.

'જેને જીવનના બીજા સ્વાદો બંધ થઈ ગયા હોય તેને સ્વાદ આવતો હોય તો ભલે.

અને યુધિષ્ઠિર! સાચું કહું? પાસાની રમત માત્ર રમત તરીકે રમવાની વાતો કલ્પનામાં જ છે. એ પ્રમાણે માત્ર રમત તરીકે કોઈ રમતું નથી; ખાલી ચર્ચા કરવી હોય ત્યારે સૌ એ રીતે બોલે છે.'

'એ સાચું. તો કાકા! મારે તમારી સાથે આવવું કે નહિ?' યુધિષ્ઠિરે સીધો પ્રશ્નકર્યો.

'હું આવ્યો છું તો સૌને તેડવા. આવવું ન આવવું એ તમારી મુખત્યારીની વાત છે.' વિદુરે સંભળાવી દીધું.

'તમારા જેવા આટલે સુધી અમને તેડવા માટે ખાસ આવે અને જો અમે ન આવીએ તો તમને કેવું લાગે?' યુધિષ્ઠિર બોલ્યા.

'ના, મને જરાયે નહિ લાગે. તમે ન આવો તેમાં જ હું તો રાજી છું.' વિદુરે જણાવ્યું.

'તમને ન લાગે તોપણ ધૃતરાષ્ટ્ર કાકાને તો લાગે જ.' યુધિષ્ઠિરે જણાવ્યું.

'એને લાગે તો ભલે લાગે. જુગાર રમવું એ તને અધમ જ લાગતું હોય તો તું જરૂર ન આવ, મહારાજ ધૃતરાષ્ટ્રને હું એ પ્રમાણે જણાવીશ.' વિદુર બોલ્યા.

'ના ના. આવું તો ખરો એમ થાય છે. રમવું ન રમવું એ જુદો સવાલ છે; પણ તેડાવ્યા છે એટલે આવવું તો જોઈએ જ.'

'યુધિષ્ઠિર! આવ્યા પછી રમ્યા વિના નહિ રહેવાય હો!' વિદુરે ચેતવણી આપી.

'ન શું રહેવાય! ભાર છે કોઈના કે મને પરાણે રમાડી શકે?' યુધિષ્ઠિરે ખોંખારો માર્યો.

'બાપુ!' વિદુર બોલ્યા, 'સામે જુગારીઓ ઢીંચણ દાબીને ટટ્ટાર બેઠા હોય અને ચંદ્રના પ્રકાશ જેવા ઊજળા પાસાનો કત્તા શબ્દ કાને અથડાતો હોય, ત્યાં શોખીનને દોરડાથી ખૂણામાં બાંધી રાખો તોય દોરડું એની મેળે તૂટી જવાનું ને શોખીન પટ પાસે ઘુમરડી ખાઈને આવી પડવાનો!'

'કાકા! વ્યસનનું ખેંચાણ એવું અજબ છે એમ કહેતા હો તો મને એ કબૂલ છે. પણ જે લોકો વ્યસનમાં પડતાં છતાં વ્યસનના ગુલામ નથી બન્યા પણ તેના સ્વામી રહ્યા છે, તેમને તમારું કહેવું લાગું પડતું નથી.' યુધિષ્ઠિર બોલ્યા.

'બેટા, યુધિષ્ઠિર! તું હજી ગમે તેવો તોયે બાળક છે. તારા કાકા વિદુરે બે ચોમાસાં વધારે ગાળ્યાં છે. વિષયના પાડોશમાં જ વાસ કરવો અને છતાંયે વિષયથી અણુ જેટલા પણ ન લેપાવું એ કલ્પના મનોહર તો છે, કલ્પનામાં એ શક્ય છે, પણ હાડચામના બનેલા માણસથી એ કલ્પના જીરવી શકાય તેવી નથી. છતાં તને મનમાં અભિમાન હોય કે સભામાં આવીશ પણ રમીશ નહિ. અને રમીશ પણ હોડ બકીશ નહિ, તો તું ચાલ મારી સાથે.' વિદુર ખિન્ન થઈને બોલ્યા.

'કાકા! એમાં આમ ખેદ્‌ શા માટે પામો છો?' યુધિષ્ઠિરે પૂછયું.

'ખેદ તો થાય નહિ? તું પાંડવોમાં સૌથી મોટો; હજી તો ગઈ કાલે જ રાજસૂય યજ્ઞમાંથી પવિત્ર થઈને ઊઠ્યો છે. તને પણ આવી દીવા જેવી વાત સ્પષ્ટ સમજાતી નથી અને જુગારનું આમંત્રણ એક અથવા બીજી રીતે સ્વીકારવા તું તૈયાર છે ત્યારે મને ખેદ જ થાય. પણ હશે; મારીયે ભૂલ થતી હોય!' વિદુરે કપાળે હાથ દીધો.

'કાકા! એમ ન બોલો. તમે જોશો ત્યારે ખાતરી થશે.' યુધિષ્ઠિર બોલ્યા.

'મારું અંતર તો ક્યારનું ખાતરી કરીને જ બેઠું છે; મને તો આની પાછળ અણધાર્યું ભાવિ લાગે છે; પણ જેવી દૈવની મરજી! ચાલો ત્યારે, કાલે સવારે આપણે નીકળવાની તૈયારી કરો.' વિદુરે જણાવ્યું.

'ભલે. ભાઈ સહદેવ! આપણે સૌએ આવતી કાલે સવારે કાકા ધૃતરાષ્ટ્ર પાસે હસ્તિનાપુર જવાનું છે માટે બધી તૈયારી કરો. કુંતી માતા અને દ્રૌપદીને પણ આવવાનું છે.

યજ્ઞ કર્યા પછી આપણે કાકાને પગે લાગવા પણ જવું જોઈએ ના?' એમ કહી યુધિષ્ઠિર વિદુરને લઈને ભોજનગૃહમાં ગયા.

દ્યૂતસભા વખતે

'મહારાજ યુધિષ્ઠિર! પધારો.' દ્યૂતના ઓરડાની વચ્ચે બેઠેલો શકુનિ બોલ્યો, 'આ સભાની અંદર ધોળું કપડું પાથરી રાખ્યું છે, અને તેની પાસે જ દૂધસાગરના ફીણ જેવા ધોળા હાથીદાંતના પાસા પડ્યા છે, તે તમારી રાહ જુએ છે.'

'ગાંધારરાજ! મારી રાહ એ ન જુએ. તમે રમત શરૂ કરો; હું જોઉં છું.' યુધિષ્ઠિરે જવાબ દીધો.

'રમવા માટે તમને ખાસ બોલાવ્યા છે!' શકુનિએ ભાર દઈ જણાવ્યું.

'એ સાચું.' યુધિષ્ઠિર બોલ્યા, 'પણ હું આવ્યો છું મહારાજ ધૃતરાષ્ટ્રને વંદન કરવા, અને સાથે સાથે રમત જોવા. રમતમાં બીજાઓ રમે તે જોવું એ પણ અમુક અંશે રમ્યા બરાબર જ છે.'

'એ હું ન જાણું; એ બધું તમે અને દુર્યોધન જાણો. દુર્યોધન! તારું કામ હમેશાં આવું ગોટાળિયું જ રહેવાનું?' શકુનિ બોલ્યો.

દુર્યોધન જરા આગળ આવીને કહેવા લાગ્યો: 'યુધિષ્ઠિર! આપણા બધા ભાઈઓમાં પાસાની રમત એક તમને આવડે; એનો શોખ પણ તમને જ. તમે રાજસૂય યજ્ઞ કરીને શાંતિથી પરવાર્યા એની ખુશાલીમાં મહારાજની સંમતિથી આ મેળાવડો ગોઠવ્યો. તમે યજ્ઞ કરીને આપણા કૌરવકુળનું નામ ઉજાળ્યું, તેના યત્કિંચિત સ્મરણમાં તમને અહીં બોલાવીને બે દિવસ આનંદ કરવો એવો વિચાર કર્યો. આવા પ્રસંગે ખુદ તમે જ જો રમવાની ના પાડો તો ઉત્સવ આખો ફિક્કો થઈ જાય અને કરેલી તમામ મહેનત નકામી થાય!'

'ભાઈ દુર્યોધન!' દુર્યોધનનાં ખભા પર હાથ મૂકતાં યુધિષ્ઠિર બોલ્યા, 'પાસાની રમત કેવી બૂરી છે તે તું ક્યાં નથી જાણતો?'

'રમત બૂરી ચીજ?' યુધિષ્ઠિરનો હાથ તરછોડતો છંછેડાઈને દુર્યોધન બોલી ઊઠ્યો, 'રમત બૂરી ચીજ હોઈ ન શકે. વિદુરકાકા પણ મહારાજ ધૃતરાષ્ટ્રને ઊંધુંચત્તું સમજાવતા હતા ત્યારે મેં કહ્યું હતું કે જો આવી રમતો ક્ષત્રિયો પણ નહિ રમે તો પછી કોણ રમશે?'

શકુનિ સામે આંગળી બતાવતા યુધિષ્ઠિર બોલ્યા: 'આ બધા બેઠા રમનારાઓ. ગાંધારરાજ તો તેમાં મહાકુશળ છે.'

'હું તો અમસ્તો ગાડા હેઠળના કૂતરા જેવો છું. રમતનો આખો મદાર તમારા પર છે.' શકુનિ બોલ્યો.

'મારા ઉપર? શકુનિ! તમેય ઠીક છો, હો!' યુધિષ્ઠિર હસ્યા.

'હું તો જેવું છે તેવું કહું છું.' શકુનિએ ખભા સહેજ ઊંચા કરી કહ્યું.

'મહારાજ યુધિષ્ઠિર!' દુર્યોધન બોલ્યો, 'તમને રમતનો શોખ તો છે જ. આપણે મિત્રભાવે રમવું છે અને આનંદ લૂંટવો છે.'

'તો ઠીક ત્યારે, હું રમીશ. પણ રમત રમીશ હો, જુગાર નહિ.' યુધિષ્ઠિર બોલ્યા.

'એટલે?' શકુનિએ જરા આંખો ચડાવતાં કહ્યું. 'રમત રમીશ અને જુગાર નહિ, એટલે શું? તમે શું કહેવા માગો છો?'

'પાસાની રમત રમવી પણ હોડ બકવાની નહિ; અને હારજીત જેવું કશુંય નહિ.'

યુધિષ્ઠિરે જણાવ્યું.

દુર્યોધને ભવાં ચડાવીને કહ્યું: 'મામા! આ કપડું સંકેલી લ્યો અને પાસાને દૂર દૂર નજરેય ન ચડે તેમ ફગાવી દ્યો! ઈંદ્રપ્રસ્થમાં બોલાવાને ભીમ પાસે અપમાન કરાવ્યું; અને આપણે ઘેર આવીને પોતે મારું અપમાન કર્યું. ધર્મરાજ! પધારો, આપણે નથી રમવું. ધર્મરાજને ધર્મી રહીને બીજાનું નાક કાપતાં આવું સરસ આવડતું હશે તે આજે જાણ્યું.

'પણ ભાઈ દુર્યોધન! ઉતાવળો શા માટે થાય છે? રમીશ તો જરૂર, પણ હોડ બકવાની નહિ, એટલું જ.' યુધિષ્ઠિર બોલ્યા.

'હોડ નહિ તો રમતમાં રસ શાનો જામે? રમતમાં સ્વાદ જ હોડનો!' દુર્યોધન બોલ્યો, 'હોડ હોય ત્યારે તો પાસા ફેંકવામાં રસ આવે, અને મનનાં કમાડ માત્ર ખૂલી જાય.'

'રમત ખાતર રમત રમવી એ જ બરાબર છે; હોડ બકી રમવું એ તો છાકટાપણું છે. જુગારમાં એક વાર પડ્યા પછી ઠેકાણું જ નથી રહેતું.' યુધિષ્ઠિર બોલ્યા.

'યુધિષ્ઠિર! એમાં ક્યાં ઈંદ્રપ્રસ્થનો દરબાર લૂંટાઈ જવાનો છે? તમે તમારે મને લૂંટી લેજો ને!' દુર્યોધન બોલ્યો, 'પણ હોડ તો ખરી જ.'

'તો ભલે, તેમ રમીએ.' યુધિષ્ઠિર થોડા લથડ્યા.

'મામા! ઊઠો.' દુર્યોધન બોલી ઊઠ્યો. 'મારા વતી મારા મામા શકુનિ રમશે અને હોડ હું ભરીશ.'

'જુઓ શકુનિ!' યુધિષ્ઠિરે ગંભીરતાથી જણાવ્યું. 'આપણે રમવું પણ ધર્મથી રમવું. તમે પાસા નાખવામાં બહુ કુશળ છો. મેં કેટલાયે વખતથી પાસાને હાથ સરખો અડકાડ્યો નથી, એટલે તમારે ગૂઈ કરવી નહીં.'

'મહારાજ! યજ્ઞમાંથી ઊઠીને તમારું મન એટલું બધું શંકાશીલ કેમ થઈ ગયું છે? રમતનો શોખીન આદમી ભરઉલ્લાસથી રમતાં ઝુકાવે તેને બદલે તમે આમ જુઓ છો ને તેમ જુઓ છે. ને રખે ને આ બાજુથી વાઘ નીકળશે કે પેલી બાજુથી દીપડો નીકળશે એવો ભય રાખ્યા કરો છો. ઘડીકમાં "નથી રમવું" તો ઘડીકમાં "હોડ નહિ" તો વળી ઘડીકમાં "કાંઈ જ નહિ!" આ શું? યુધિષ્ઠિર! અમે પણ રમી જાણનારા માણસો છીએ. રમવું હોય તો આવો મેદાનમાં!' શકુનિ જરા ગરમ થઈને બોલવા લાગ્યો.

'શકુનિ, શકુનિ! તું તો ભારે ભાઈ! હું કહું છું કે આપણે કપટથી નથી રમવું.' યુધિષ્ઠિર બોલ્યા.

'મહારાજ યુધિષ્ઠિર! વિદ્વાન માણસ અવિદ્વાનની સાથે વાદમાં ઊતરે અને તેને હંફાવે એ કપટ છે? બળવાન માણસ નબળાને હરાવે તેમાં કપટ છે? હોશિયાર માણસ મૂર્ખને જીતે તેમાં કપટ છે? જો આ બધું કપટ હોય તો તેટલા કપટ વિના દુનિયા ચાલી જાણી છે? હા, આવી રમતોને પણ પોતાના ધર્માધર્મની મર્યાદાઓ હોય છે તે મને કબૂલ છે. કપટ હોય તોપણ કાંઈ રીતનું હોય, રમતને શોભે તેવું અને રમતને પોષણ આપે તેવું હોય, તો તેને કપટ ન કહેતાં ચાલાકી કહેવી ઘટે. આવી ચાલાકીયે ન વાપરવી હોય તો એ રમતમાં જ પૂળો મૂકો ને!' શકુનિ બોલ્યો અને બોલતાં બોલતાં તેણે પાસા ખખડાવ્યા.

'ઠીક ત્યારે ચાલો.' યુધિષ્ઠિર બોલ્યા. પાસાનો શબ્દ કાન પર અથડાયો એટલે તેમના આખાયે શરીરમાં જાણે વીજળીનો સંચાર થયો.

* * *

સભા ચિકાર ભરાઈ. ભીષ્મપિતામહ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા વગેરે પોતપોતાનાં સિંહાસનોમાં ગોઠવાઈ ગયા. કર્ણ, દુ:શાસન, વિકર્ણ તેમ જ બીજા કૌરવોએ

પોતપોતાનાં સ્થાનો લીધાં. સભાના મધ્ય ભાગમાં ધોળા રંગના પટ પાસે શકુનિ અને દુર્યોધન બેઠા હતા. પાસે જ એક બાજુ મહારાજ યુધિષ્ઠિર પાસાઓ પરનાં ચિત્રો જોતા પગને ઊંધા નાંખીને બેઠા હતા. થોડે દૂર ભીમ, અર્જુન, નકુળ ને સહદેવ બધો મામલો જોતા હતા.

રમત શરૂ થઈ. શકુનિ એક ગોઠણભેર બેઠો બેઠો હાથમાં પાસા ખખડાવવા લાગ્યો, અને એક પછી એક દાવ જીતવા લાગ્યો. એ આલેશાન સભામંડપ, સમાજમાં તેમ જ રાજકુલમાં પ્રતિષ્ઠા ભોગવતા ભીષ્મ અને દ્રોણ જેવા પ્રેક્ષકો, ચારે તરફ ફેલાતી ધૂપ તથા અત્તરની ભભક, ચંદ્રનાં કિરણોના વાણાતાણા નાખ્યા હોય એવું પટ પરનું ધોળું વસ્ત્ર, ઐરાવતના દંતશૂળમાંથી બનાવ્યા હોય તેવા પાસા, 'સાબાશ, સાબાશ!' 'મહારાજ! બરાબર મક્કમ રહેજો.' 'શકુનિ, પોબાર!' વગેરે શબ્દો: આ સઘળાંએ એકઠાં મળીને જુગાર જેવી પામર વસ્તુને ખોટો ઓપ આપ્યો, અને યુધિષ્ઠિર જેવા મહાપુરુષની આંખને પણ આંજી દીધી! યુધિષ્ઠિર — ધર્મનો સૂક્ષ્મ વિવેક કરી જાણનાર યુધિષ્ઠિર ક્યારના મનનું સમતોલપણું ગુમાવી બેઠા હતા. રમત ચાલી તેમ તેમ તે વધારે ધૃષ્ટ અને પામર થતા ગયા. ક્ષયરોગી જેમ જેમ મૃત્યુની પાસે પહોંચતો જાય છે તેમ તેમ પોતે વધારે સાજો થતો જાય છે એમ માનવા લાગે છે; યુધિષ્ઠિર જેમ જેમ હારતા ગયા તેમ તેમ આ ઘડીએ હારી ગયેલું તમામ એક જ દાવમાં પાછું મેળવી લઉં છું. એમ માનવા લાગ્યા; અને કળણમાં ખૂંચી ગયેલો આદમી બહાર નીકળવાનું જોર કરે અને વધારે ખૂંચતો જાય તેની માફક વધારે ને વધારે ખૂંચવા લાગ્યા.

યુધિષ્ઠિર હીરામાણેક હાર્યા, ધનધાન્ય હાર્યા, દાસદાસીઓને હાર્યા, રાજ્યને હાર્યા અને માડીજાયા ભાઈઓને પણ હાર્યા; અરે, છેવટે પોતાની જાતને પણ હાર્યા અને કૌરવોના દાસ થયા!

'મહારાજ યુધિષ્ઠિર! હવે રમવું છે?' શકુનિએ પડકાર કર્યો.

'હો હો! આ દાવમાં હવે તમે હારવાના છો.' યુધિષ્ઠિર બોલ્યા.

'પણ તમે હોડમાં શું મૂકશો?' શકુનિ બોલ્યો.

યુધિષ્ઠિરના મગજમાં કમાડ ઊઘડી ગયાં! 'હોડમાં તો શું મૂકું? મારી જાત સુધ્ધાંત હારી ગયો છું; હવે મારી પાસે કશુંય નથી.' ધર્મરાજ દીન બની ગયા.

'મહારાજ!' શકુનિ બોલ્યો, 'પણ હજુ દ્રૌપદી બાકી છે. તેને હોડમાં મૂકીને તમે ઘણું પાછું મેળવી શકો તેમ છો.'

યુધિષ્ઠિર એક ક્ષણ થંભી ગયા; વળી પાછી તેમને ઘૂમરી આવી અને બોલ્યા: 'દ્રૌપદી બાકી છે?' વળી પાછા થંભી ગયા, અને સામેની બારીમાંથી દૂર આકાશમાં એક ખાલી નજર નાખી.

'મહારાજ! ત્યારે દ્રૌપદીને હોડમાં મૂકો છો ને?' શકુનિએ પૂછ્યું.

યુધિષ્ઠિરે પોતાનું ભાંગ્યુંતૂટ્યું બધુંય બળ એકઠું કરીને કહ્યું: 'પાંચાલ રાજાની પુત્રી, કુંતીની પુત્રવધૂ, શ્રીકૃષ્ણની બહેન, અમારા કુટુંબની લક્ષ્મી, જેના કેશમાંથી અવભૃથસ્નાનનાં પાણી હજી પૂરાં સુકાયાંય નથી એવી દ્રૌપદીને હું હોડમાં મૂકું છું.'

યુધિષ્ઠિરે પુરું કર્યું કે તરત જ શકુનિએ દાવ નાખ્યો અને જણાવ્યું: 'મહારાજ! હું જીત્યો છું.'

અફીણીનું અફીણ ઊતરી જાય અને નસો તૂટવા લાગે તેમ યુધિષ્ઠિરનો બધોય જુસ્સો ઉતરી ગયો અને શરીરના બંધો ઢીલા થઈ ગયા. તેમની આંખોમાંનો કેફ ઊતરી ગયો; તેમને આખે શરીરે પરસેવો થઈ આવ્યો, માથું ભમવા લાગ્યું, અને મન ખૂબ ખૂબ ઊંડું ઉતરી

ગયું હોય તેમ શરીર આખું નિશ્ચેષ્ટ થવા લાગ્યું. યુધિષ્ઠિરનો પરવેશ દેહ ભીમ અને અર્જુનની પાસે એક બાજુ ગોઠવાઈ ગયો.

* * *

દુષ્ટ દુ:શાસન દ્રૌપદીને સભામાં ખેંચી લાવ્યો. તે રજસ્વલા હતી, ને એક જ વસ્ત્ર પહેર્યું હતું. દ્રૌપદીએ પોતાના વસ્ત્રને જાળવતાં જાળવતાં સભા સન્મુખ ઉચ્ચાર કર્યો:

'કૌરવકુળના મુરબ્બીઓ અને રાજન્યો! મહારાજ યુધિષ્ઠિર પહેલાં પોતાની જાતને હાર્યા છે ને પછી મને હોડમાં મૂકી છે કે પહેલી મને હાર્યા છે, તેનો નિર્ણય હું તમારી પાસે માંગું છું. તમે બધા ક્ષત્રિયો છો. કોઈ પણ આર્ય સ્ત્રીનું અપમાન થાય ત્યારે તમારી કેડે લટકતી તલવાર બહાર કૂદી પડવી જોઈએ. હું મહારાજ પાંડુની કુલવધૂ છું, દ્રુપદની પુત્રી છું, ને શૂરા પાંડવોની ભાર્યા છું. આ દુ:શાસન મને ચોટલો ઝાલીને ખેંચે છેતે તમે જુઓ છો.'

સભા તો સ્તબ્ધ થઈ ગઈ! કોણ બોલે? દુર્યોધનનો અધર્મ જાહેર કરવાની છાતી કોની ચાલે? છેવટે ભીષ્મ ઊભા થયા. 'બેટા દ્રૌપદી! તમારો પ્રશ્ન વિકટ છે. યુધિષ્ઠિર પહેલાં પોતાની જાતના હાર્યા અને દાસ થયા. દાસને સ્વતંત્ર મિલકત હોય નહિ એટલે પાછળથી તમને હોડમાં મૂકી ન શકે એ એક વાત; પરંતુ યુધિષ્ઠિર પોતે જ ધર્મને જાણનાર છે. યુધિષ્ઠિર પોતે દાસ થયા એટલે તેમની તમામ મિલકત સ્વામીની જ ગણાય, તેથી તમે વગરહોડે પણ જિતાયેલાં જ ગણાઓ. આ બહુ જ સૂક્ષ્મ બાબત છે. ધર્મની ગતિને કોણ જાણી શકે?'

ભીષ્મનો જવાબ સ્પષ્ટ ન હતો. ચંડાળચોકડીનો નિર્ણય સ્પષ્ટ જ હતો કે દ્રૌપદી તો દાસી જ ગણાય. છતાં દ્રૌપદીના પ્રશ્નથી સભામાં ખળભળાટ થયો એટલે દુર્યોધન ઊંચે સાદે બોલ્યો: 'દ્રૌપદીનો પ્રશ્ન ખરી રીતે તો ઊભો થતો જ નથી. છતાં પણ એ પ્રશ્નનો નિર્ણય યુધિષ્ઠિર જે આપે તે મને કબૂલ છે. યુધિષ્ઠિર પોતે કહે કે "દ્રૌપદી જિતાયેલી ન ગણાય." તો દ્રૌપદી અત્યારે જ સ્વતંત્ર છે!'

સાંભળનારા તમામ લોકોને દુર્યોધનના આ શબ્દો ગમી ગયા. એ શબ્દોમાં સૌને દુર્યોધનની તટસ્થતા અને ધર્મબુદ્ધિ લાગ્યાં, એટલે બધી આંખો યુધિષ્ઠિર તરફ વળી. પણ યુધિષ્ઠિરની આંખો તો ક્યારની ભોંયમાં જડાઈ ગઈ હતી!

આખરે દુર્યોધનનો નાનો ભાઈ વિકર્ણ ઊભો થયો. 'રાજન્યો! જે સભામાં ભીષ્મ જેવા અને કૃપાચાર્ય જેવા ધર્મના નિર્ણયો કરનારાઓ મોજૂદ છે, ત્યાં મારા જેવાએ ઊઠવું એ ધૃષ્ટતા ગણાય. પણ એવા જવાબદાર પુરુષો આવે અણીને પ્રસંગે પોતાની જીભો સીવી લે ત્યારે રાજ્યનું અકલ્યાણ થાય ને સમાજનોય અધ:પાત થાય. આવા ધર્મસંકટના પ્રસંગે તો દરેક માણસે પોતાનો વિચાર છૂટથી માંડવો એ ધર્મ છે, અને દરેક ધર્મનું પાલન કરે તેમાં સમાજનું કલ્યાણ છે.

'દ્રૌપદીનો પ્રશ્ન બરાબર છે; પણ હું તો એથીયે આગળ જાઉં છું. દ્રૌપદીને હોડમાં પહેલી મૂકી હોય કે પાછળથી, પણ તેને હોડમાં મૂકવાનો યુધિષ્ઠિરનો અધિકાર જ ક્યાં હતો? દ્રૌપદી પાંડવોની અર્ધાંગના છે. તેમના જીવતરની ભાગીદાર છે, તેમનાં સુખદુ:ખોમાં સ્વતંત્ર હિસ્સાદાર છે. પણ દ્રૌપદી શું યુધિષ્ઠિરની મિલકત છે? મારા માનવા પ્રમાણે તો પોતાની સ્ત્રીને આ પ્રમાણે મિલકત ગણનારા મહારાજ યુધિષ્ઠિર જ સમાજની અદાલત પાસે મોટા ગુનેગાર ઠરે. રાજન્યો! જેમ યુધિષ્ઠિર સ્વતંત્ર વ્યક્તિ છે, જેમ ભીમ અને અર્જુન વગેરે પણ સ્વતંત્ર વ્યક્તિઓ છે, તેમ જ આ દ્રૌપદી પણ એક સ્વતંત્ર વ્યક્તિ છે.

ભીમને, અર્જુનને કે દ્રૌપદીને, કોઈને હોડમાં મૂકવાનો યુધિષ્ઠિરને અધિકાર નથી; અને મૂક્યાં હોય તો યુધિષ્ઠિર તે માટે સમાજના ગુનેગાર છે. આ એક વાત.

'મહારાજ યુધિષ્ઠિરે પહેલાં પોતાની જાતને હોડમાં મૂકી અને દાસ થઈ ગયા, એટલે પાછળથી તેમને દ્રૌપદીને હોડમાં મૂકવાની સત્તા હોય જ નહિ. અરે, તેમને તો દ્રૌપદી સાંભરતી જ ન હતી; દુષ્ટ શકુનિએ તેમને એ યાદ આપ્યું. અને યુધિષ્ઠિરનું મન વિહ્વળ થઈ ગયેલું એટલે કશો વિચાર કર્યા વિના તેમણે દ્રૌપદીને હોડમાં મૂકી. યુધિષ્ઠિર જેવા સટોડિયા લોકો જુગારના સટ્ટામાં આવું કરી બેસે તેને ધર્મની છાપ મારીને વળગી રહેવું એ ધર્મનું ખૂન કર્યા બરાબર છે.'

'મોટાભાઈ દુર્યોધન આ પ્રશ્નનો નિર્ણય યુધિષ્ઠિર પર છોડે છે તે પણ બરાબર નથી. આ બાબતમાં દુર્યોધનનો વિચાર કપટભરેલો છે. યુધિષ્ઠિર પોતે સૌજન્યના ભંડાર છે; એમના જેવા સજ્જનતાભર્યા પુરુષ પાસે આવા નિર્ણયો આવે ત્યારે તેઓ પોતાના પર અને પોતાના લોકો પર થોડુંએક કષ્ટ ઓઢી લઈને પણ શત્રુને સંતોષ આપવા પ્રયત્ન કરે છે; અને તેમ કરવામાં જ તેમનું સૌજન્ય વધારે દીપી ઊઠે છે. તમે સહુ યુધિષ્ઠિરના આ સૌજન્યને વટાવી ખાવા માગો છો.

'પણ મોટાભાઈ! યાદ રાખજો, તમે મહારાજ યુધિષ્ઠિરને વટાવીને લાભ ઉઠાવી શકશો, પણ જગતની નિયામકસત્તાને કોઈ વટાવી શકવાનું નથી.

'મામા શકુનિએ યુધિષ્ઠિરને કપટથી જીત્યા છે એમાં શક નથી. આ પિતામહ વગેરે સૌ અધર્મને દેખી રહ્યા છે છતાં ખુલ્લે હૈયે બોલતા કેમ નથી એ જ મને તો આશ્ચર્ય થાય છે! જે માણસ આવે પ્રસંગે પણ પોતના વિચારો નીડરતાથી નથી દર્શાવતો, તેને માણસ ગણવો કે કેમ એ જ ધર્મશાસ્ત્રનો મોટો પ્રશ્ન છે.

'મોટાભાઈ, મોટાભાઈ! આ બધા ખુશામતિયા લોકો તમને ચડાવે છે. જે રાજકુમારની આસપાસ આવા માખણિયા લોકોને જ નાનપણથી ગોઠવવામાં આવે તે કુમારો જતે દિવસે બીજા લોકોનાં કડવાં પણ સાચાં વેણ શી રીતે સાંભળી શકે? મોટાભાઈ દુર્યોધન! હું આજે કડવો લાગીશ; પણ આ જુગારને પરિણામે કોઈ વાર વેરઝેરનો જુગાર ફાટી નીકળશે ત્યારે મને સંભારવો પડશે. રાજકુમારો! મેં તો મને લાગ્યું તે આવડી એવી ભાષમાં કહી નાખ્યું. તમે પણ આ બાબતમાં તમારો સ્વતંત્ર વિચાર આપશો તો હજી મને કંઈક આશા છે; પણ મોટભાઈ જે જે કરે છે તે યોગ્ય જ છે એમ માની તમે બેસી રહેશો તો હું તો આપણા સર્વનો વિનાશ જોઈ રહ્યો છું!'

વિકર્ણનો શબ્દેશબ્દ યુધિષ્ઠિરના જખમો પર અમૃત છાંટતો હતો. પણ એ બોલ્યો ન બોલ્યો, ત્યાં તો 'નાદાન છોકરા! ધર્મની પૂંછડી! પાંડવોના ગોલા!' એવા એવા શબ્દો સભામાં બોલાવા લાગ્યા. અને સભામાં જે ચાલી રહ્યું હતું તેની સામે પોતાનો પુણ્યપ્રકોપ પ્રકટ કરવા ખાતર વિકર્ણ સભા છોડીને ચાલતો થયો.

યુધિષ્ઠિરનું દૃષ્ટિબિંદુ

'મોટાભાઈ!' દ્વૈતવનના એક વૃક્ષની છાયા તળે બેઠાં બેઠાં અર્જુન બોલ્યો, 'થોડાએક દિવસોથી તમને એક પ્રશ્ન પૂછવાનું મન થયા કરે છે.'

'પૂછ ને ભાઈ!' પાસે જ ઊભેલા વનના હરણને માથા પર ખંજવાળતા યુધિષ્ઠિર બોલ્યા.

'આપણે પહેલી વાર દ્યૂતમાં હાર્યા અને સર્વસ્વ ગુમાવીને દાસ બન્યા એ તો જાણે સમજાય છે.' અર્જુન બોલવા લાગ્યો.

'આપણે શા માટે કહે છે? હું જ હાર્યો. હું જ જુગારના શોકમાં તણાઈ ગયો અને તમને સૌને હારી બેઠો!' યુધિષ્ઠિર બોલ્યા.

'એટલું તો સમજાય છે.' અર્જુને કહ્યું.

'અરે ભાઈ! હું તો ભાન ભૂલ્યો હતો, ભાન!' યુધિષ્ઠિર બોલ્યા.

'તમે પહેલી વાર ભાન ભૂલ્યા એ તો હું સમજ્યો; પણ પહેલી વાર હાર્યા અને દાસ થયા, તે બધામાંથી છૂટ્યા પછી પાછા તમે બીજી વાર જુગાર શા માટે રમ્યા?' અર્જુને કહ્યું.

'અર્જુન!' યુધિષ્ઠિર અર્જુનની સામે આસન પર બેસીને બોલવા લાગ્યા, 'એમ નથી. પહેલી વારની રમત મારી મૂર્ખાઈનું પરિણામ હતું; પણ બીજી વારની રમત તો મારે માટે ધર્મ હતો.'

'જુગાર રમવાનો ધર્મ?' અર્જુન ચમક્યો.

'હા, ધર્મ.' યુધિષ્ઠિર બોલ્યા, 'સાંભળ. પહેલી વાર આપણે સૌ હાર્યા અને દાસ થયા ત્યારે દ્રૌપદીના શબ્દથી બીઈ જઈને ધૃતરાષ્ટ્રે બે વરદાન આપ્યાં.'

'હા' અર્જુને કહ્યું.

'પણ એ જ સારું ન થયું.' યુધિષ્ઠિર બોલ્યા.

'મોટાભાઈ! તમે આ શું બોલો છો?' અર્જુને ચમકીને જણાવ્યું.

'સાચું કહું છું. હું રમ્યો દુર્યોધન સાથે અને આપણે સૌ તેના દાસ પણ થયા. બીજી તરફ ધૃતરાષ્ટ્ર કૌરવોની મરજી ઉપરવટ થઈને દ્રૌપદીને વરદાન આપે ને આપણે દાસ મટી સ્વતંત્ર થઈએ, એ સ્વતંત્રતા ધર્મ્ય ન હતી. એની પાછળ આપણો પુરુષાર્થ ન હતો પરંતુ ધૃતરાષ્ટ્રની સ્વાર્થી દયા હતી; અને આપણો પૂરેપૂરો માનભંગ હતો!' યુધિષ્ઠિર અર્જુનને સમજાવવા માંડ્યા.

'એમ હોય તો પછી એવો માનભંગ સ્વીકારવો જ જોઈતો ન હતો.' અર્જુન બોલ્યો.

'તું બરાબર કહે છે. પણ હું તે ક્ષણે મૂઢ થઈ ગયો હતો એટલે મને એ વાત સૂઝી નહિ.' યુધિષ્ઠિર બોલ્યા, 'પણ પાછળથી આપણે ઈન્દ્રપ્રસ્થ જવા નીકળ્યાં ત્યારે મને આ વાત સમજાઈ ગઈ અને મનમાં થયું કે 'લાવ, દુર્યોધન પાસે પહોંચી જાઉં અને દ્યૂતના પરાજયનું ફળ માગી લઉં.' પણ એટલામાં દુર્યોધનનો જ માણસ દોડતો આવ્યો ને મેં બીજી વાર રમવાનું આમંત્રણ સ્વીકાર્યું.' યુધિષ્ઠિર બોલ્યા.

એ માણસ ન આવ્યો હોત તો તમે પોતે જાત ખરા?' અર્જુને પૂછ્યું. 'મને લાગે છે કે જરૂર જાત. બીજી વાર રમવા જવામાં જુગારનો શોખ ન હતો, પણ પહેલાંના પાપનું પાર્યશ્ચિત લેવાની વૃત્તિ હતી. બીજી વાર હું હાર્યો ત્યારે મારા હર્ષનો પાર જ ન રહ્યો!' યુધિષ્ઠિરે કહ્યું.

'મોટાભાઈ! તમે આજે કહો છો ત્યારે તમારી દૃષ્ટિને હું સમજી શકું છું; પણ દુ:ખ પોતાની મેળે દૂર થતું હોય ત્યારે પણ તેને સામા બોલાવવા જવું, એ મને તો ના ગમે; તેમ સૂઝે પણ નહિ.'

'વીરા અર્જુન!' યુધિષ્ઠિરે અર્જુનનો ખભો ઠોકીને કહ્યું, 'દુ:ખને આમંત્રણ આપીને પણ સ્વમાન તો સાચવવું જ ઘટે. સ્વમાનને ભોગે ત્રૌલોક્યનું રાજ્ય મળે તોપણ અર્જુન તેને લાત મારે એમ હું સમજું છું.' યુધિષ્ઠિર બોલ્યા.

'મોટાભાઈ! તમે હમણાં હરણને ઘાસ ખવરાવો ત્યાં હું ભીમસેનને અને દેવીને

બોલાવી લાવું. મને આ વાત સમજાવી તેમ તેમને પણ સમજાવો.' એટલું કહી અર્જુન પર્ણકુટી તરફ ગયો.

* * *

'ભાઈ ભીમસેન!' યુધિષ્ઠિર બોલ્યા, 'એમાં તારી સમજફેર છે.'

'સમજફેર નથી.' ભીમે તરત જ જવાબ વાળ્યો, 'તમે બાર સંવત્સર સુધી વનવાસ સેવવાની પ્રતિજ્ઞા કરી છે. સંવત્સરનો અર્થ વર્ષ પણ થાય છે અને દિવસ પણ થાય છે. આપંણે આપણને અનુકૂળ અર્થ શા માટે ન કરીએ? આપણને વનમાં આવ્યાં બાર દિવસ થઈ ગયા એટલે આપણો વનવાસ પૂરો થયો. હવે તો હું સીધો હસ્તિનાપુર જાઉં અને દુર્યોધનને મારી નાખી તમને ગાદી પર બેસાડું.'

'એ જ તારી સમજફેર હું કહું છું.' યુધિષ્ઠિર શાંતિથી બોલ્યા, 'બાર સંવત્સરની પ્રતિજ્ઞા મૂકતી વખતે મારા મનમાં બાર વર્ષનો જ વિચાર હતો. પાછળથી શબ્દના કોશમાં આપેલા અર્થ ઉપર રમત કરી બાર દિવસમાં વનવાસ પૂરો કરવો એ ફક્ત દુર્યોધનને જ છેતર્યા બરાબર નથી, પણ ખુદ મારા આત્માને છેતર્યા બરાબર છે. ને ભીમસેન! માણસ પોતાના હૈયામાં રહેલા નાનાશા આત્માને છેતરીને ચૌદ બ્રહ્માંડનું રાજ્ય મેળવે તોયે શું?'

'મોટાભાઈ! તમારી વાત તો બરાબર છે, પણ તે તમારી રીતે. હું મારી રીતે શું કરવું તેનો વિચાર કરું છું. ધર્મ-અધર્મનાં તમારાં ત્રાજવાંની દાંડી એટલી બધી નાજુક છે કે તે મારા જાડા હાથમાંથી સરી જાય છે. મારાં તો ત્રાજવાંયે મોટાં ને દાંડીયે જાડી. તમારાં તોલાં માથાનો વાળ તોળે તેવાં, ત્યારે મારે તો પાંચદસ શેરનો ફરક કાંઈ જણાય જ નહિ!' ભીમસેન માથું ખંજવાળતો ખંજવાળતો બોલ્યો, અને મનમાં કંઈ કંઈ ગણગણતો રવાના થયો.

* * *

'યુધિષ્ઠિર મહારાજ! તમે ભીમસેનને અને અર્જુનને સમજાવ્યા; છતાં મારા મનનું સમાધાન તો થતું જ નથી.' દ્રૌપદી બોલી.

'તો તમને મારે સમજાવવાં રહ્યાં.'

'દુર્યોધન ખાસ આપણને હેરાન કરવાના ઈરાદાથી તો દ્વૈતવનમાં આવ્યો હતો; તમે એ જાણતા હતા. છતાં પણ તમે અર્જુનને મોકલીને તેને શા માટે ગંધર્વો પાસેથી છોડાવ્યો?' દ્રૌપદી ક્રોધ કરતી બોલી.

'ન છોડાવું તો શું કરું?' યુધિષ્ઠિર બોલ્યા.

'એ ગંધર્વો જ એને પૂરો કરી દેત!' દ્રૌપદીએ દાંત કચકચાવ્યા.

'પાંડુ મહારાજના પુત્રો અરણ્યમાં બેઠા હોય અને ધૃતરાષ્ટ્રના દીકરાને ગંધર્વો મારી નાખે એમાં આપણી શોભા છે?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'હા, શોભા છે!' દ્રૌપદીએ રોફથી જવાબ દીધો. 'ત્યારે શું કુરુવંશના ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર જેવા વૃદ્ધો બેઠા હોય અને આપણાં લૂગડાં ઉતરાવી વલ્કલ પહેરાવી ખરે બપોરે આપણને વનમાં કાઢે, એમાં શોભા છે?'

'દેવી! ક્રોધ ન કરશો.' યુધિષ્ઠિર બોલ્યા, 'એક ખરાબ કામ બીજાને શોભે માટે આપણને પણ શોભવું જ જોઈએ? દેવી! આ પાસેના ઉપવનમાં ચાલતાં ચાલતાં કોઈ વાર એકાદ પુષ્પ આપણા પગ નીચે કચડાઈ જાય છે ત્યારે તે આપણને કરડવા દોડે છે, કે ત્યાં જ પડ્યું પડ્યું મીઠી સુવાસ ફેલાવી આપણને આશીર્વાદ આપે છે?'

'એમ ફૂલ થતાં ફરીએ તો તો બધા જ પગ તળે કચરે! વેલ પરથીયે ફૂલને ન ઉતારવું એવા તમારા જેવા તો કોઈક જ.' દ્રૌપદી બોલી.

'છતાંય ફૂલોને લોકો ઈશ્વરને માથે ચડાવે છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'દુર્યોધનને છોડાવ્યો ને એને રાતોમાતો કરીને ઘેર મોકલ્યો તે એક વાત. પણ પેલા કાળમુખા જયદ્રથને શા માટે છોડાવ્યો?'

'એનું પણ એ જ કારણ.'

'દુર્યોધન તો કાકાનો દીકરો, અને હસ્તિનાપુરનો પાટવી; પણ જયદ્રથ સાથે આપણે શું?' દ્રૌપદી બોલી.

'જયદ્રથ આપણી બહેનનો વર.' યુધિષ્ઠિર બોલ્યા.

'બહેન કોણ? કઈ રાંડ વળી બહેન મૂઈ છે?' દ્રૌપદી ચોંકી ઊઠી.

'કેમ? બહેન દુ:શલા.' યુધિષ્ઠિરે જણાવ્યું.

'નહિ જોયાં હોય બહેન મોટાં! એને તો મારી જ નાખવો જોઈતો હતો.' દ્રૌપદી બોલી.

'એમ મારી નાખવાથી કશો લાભ નથી થતો.' યુધિષ્ઠિર બોલ્યા.

'તો હવે જોજો, એને જીવતો જવા દીધો છે તે મનમાં વેર રાખીને ફરશે, ને લાગ મળશે ત્યારે તમને કોઈને છોડશે નહિ!' દ્રૌપદી બોલી.

'દેવી! તે દિવસે વળી જોયું હશે. મને લાગે છે કે આજે આપેલી ક્ષમા એક દિવસ તેના હૈયામાં જરૂર વસશે.' યુધિષ્ઠિરે ભાર દઈને જણાવ્યું.

'વસી રહી!' દ્રૌપદી બન્ને હાથને એકઠા કરતી બોલી, 'એવા કાળમુખા લોકોને તો દૂધ પાઓ તેનુંયે ઝેર થાય. એમને એક વાર મારી નાખ્યા હોય તો દુનિયામાં બીજાને તો કનડતા મટે! ઠીક છે, તમારી આ ક્ષમા ક્યાં સુધી ટકે છે તે જોઉં છું.'

'પાંચાલી! એ ક્ષમા ટકે અથવા ન ટકે; તમે ત્રણે જણાં જોર કરશો તો એ ન પણ ટકે; પણ જરૂર માનજો કે એ ક્ષમાને બળે જ આજે તો દુર્યોધનના સિંહાસનના પાયાને હું ખવાઈ જતા દેખું છું. તમને સૌને તમારાં ગાંડીવ ને ગદામાં શ્રદ્ધા છે તેથી ઘણી વધારે શ્રદ્ધા મને આ ક્ષમામાં છે.' યુધિષ્ઠિરે ગંભીરતાથી કહેવા માંડ્યું.

'એ ક્ષમાથી કૌરવોનાં હૈયામાં અસર થાય, એમ? મહારાજ યુધિષ્ઠિર! સ્વપ્નેય એવો ખ્યાલ ન રાખતા.' દ્રૌપદી બોલી.

'આ ક્ષમા,' યુધિષ્ઠિર બોલ્યા, 'મારી પોતાની ઊણપને લઈ કૌરવોનાં મનને પણ પિગળાવે; પરંતુ દ્રુપદપુત્રી! આટલું તમે ચોક્કસ માનજો કે આ ક્ષમા જગતમાં એક એવું બળ ઉત્પન્ન કરે છે, જે બળને પરિણામે તમારાં શસ્ત્રાસ્ત્રો ન કરી શકે એવો કૌરવોનો નાશ થશે. તમને એના બળની ખબર નથી. મારી ક્ષમા આજે તો ઊધઈની માફક આ કૌરવવંશને ફોલી રહી છે. વખત આવ્યે તમારે તો એક ટકોરો જ મારવાનો રહેશે — તે ટકોરો ગાંડીવથી મારો કે ભમની ગદાથી મારો.' યુધિષ્ઠિરે હૈયું ઠાલવતાં હોય તેમ કહ્યું.

'પણ મહારાજ!...'

'દ્રોપદી આગળ બોલવા જતાં હતાં ત્યાં યુધિષ્ઠિર બોલ્યા: 'પણબણ નહિ. મને આશા છે કે હજી દુર્યોધનને ભાન આવશે. મને કુરુકુળના પૂર્વજોના તપમાં શ્રદ્ધા છે. હજી એ તપ પૂરું પરવાર્યું નથી એમ હું માનું છું. માટે આખા કુળનું સમાધાન થાય અને સૌ સુખે રહી શકીએ એ જ મારો માર્ગ છે.'

'યુધિષ્ઠિર!' દ્રૌપદી બોલી, 'તમે તો એક જ વાત કહી છે. અને તમારા જીવનમાંથી એ જ નીકળે; પણ મહારાજ! તમારો માર્ગ લાંબો વખત ચાલે તેમ દેખાતું નથી. મેં અને મારા

અર્જુને તો નિશ્ચય કર્યો છે કે વનવાસ પૂરો થયે આપણે લડી લેવું; અને તે વખતે તમે ક્ષમાની વાતને વળગી રહેવા માગો તો તમને એક બાજુ મૂકી દેવા.'

'ભલે! યુધિષ્ઠિર મહારાજ હસતા હસતા બોલ્યા, 'એટલાં વર્ષો સુધી મેં તમને કનડ્યાં ને તમે સહન કર્યું, તો થોડા દિવસ તમેય કનડી લ્યો! હું મૂંગે મોંએ સહન કરીશ.'

અને યુધિષ્ઠિર તથા દ્રૌપદી વાતો કરતાં કરતાં પર્ણકુટીમાં આવ્યાં.

યુધિષ્ઠિર: શ્રીકૃષ્ણ દૃષ્ટિએ

તેરમા વર્ષને અંતે પાંડવો વિરાટનગરમાં છતા થયા. વિરાટરાજાને પાંડવો જેવા વેવાઈ મળ્યા એટલે તેણે પોતાની ઉત્તરા અભિમન્યુને આપી. વિરાટનગરમાં ઉત્તરા-અભિમન્યુનાં લગ્ન ખૂબ ધામધૂમથી ઊજવાયાં. આ લગ્નપ્રસંગે પાંચાલરાજા, દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, શ્રીકૃષ્ણ વગેરે હાજર હતા. લાંબા વિયોગને અંતે સૌ એકબીજાને મળ્યાં એટલે સર્વત્ર આનંદ રેલી રહ્યો.

પાંડવોને સૌથી મોટો પ્રશ્ન 'હવે પછી શું?' એ હતો. દુર્યોધન પાસેથી પોતાનો હિસ્સો કેવી રીતે લેવો તેનો વિચાર કરવા માટે એમણે સાથે મળીને મંત્રણા કરવાનું નક્કી કર્યું. રીતસરની મંત્રણા શરૂ કર્યા અગાઉ શ્રીકૃષ્ણ પાંડવોની નાડ જુદી જુદી તપાસતા હતા.

'શ્રીકૃષ્ણ!' દરવાજા બહારના મેદાનમાં આંટા મારતો અર્જુન બોલ્યો, 'મને તો મોટાભાઈ માને તેમ લાગતું નથી.'

'એટલે?' શ્રીકૃષ્ણે પૂછ્યુ.

'મોટાભાઈએ આ બાર વર્ષ સુધી ક્ષમાની અને શાંતિની જ વાતો કરી છે. આખાયે વનવાસ દરમિયાન તેમનું મુખ્ય કામ તો હરણાંને ઘાસ ખવરાવવાનું, ઋષિમુનિઓ આવે તેમની સાથે દયાની અને ધર્મની વાતો કરવાનું અને મારા જેવા કોઈ જયદ્રથને પકડી લાવે ત્યારે તેને છોડાવવાનું રહ્યું છે. ભીમને તો ઘણી વાર એમ જ થઈ જતું કે રખે મોટાભાઈને આ રોગ ઘર કરી જાય!' અર્જુન બોલ્યો.

'શું, મહારાજ હજીયે દયાની વાતો કરે છે?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'હમણાં એક વર્ષ થયાં તો અમે મળ્યાં જ નથી; અને પછીથી તો આ ધમાલમાં પડ્યા, એટલે વાત જ કોણે કરી છે? પણ આજે રાત્રે આપણે મળશું ત્યારે મહારાજ પોતાની એની એ જ વાત મૂકશે એમાં મને શંકા નથી.' અર્જુને જવાબ વાળ્યો.

'એની એ જ વાત મૂકશે એટલે શું?' શ્રીકૃષ્ણે ખુલાસો માગ્યો.

'એ તો કહેવાના કે દુર્યોધન પોતાની મેળે રાજ્ય આપે તો ઠીક છે; ન આપે તો આપણે સૌએ વનમાં જવું અને ત્યાગીઓનું જીવન ગાળવું!' અર્જુનના બોલવામાં નિરાશા હતી.

'સખા અર્જુન!' શ્રીકૃષ્ણે કહ્યું, 'ત્યાં તારી ભૂલ થાય છે; ભીમસેન અને દ્રૌપદી પણ આમ માનતાં હોય તો તેમની પણ ભૂલ થાય છે. તમે બધાં યુધિષ્ઠિરના અંતરને ઓળખો છો તેના કરતાં હું વધારે ઓળખું છું. આજ સુધીમાં કેટલીયે વાર એમના અંતરમાં ડૂબકી મારીને મેં જોઈ લીધું છે.'

પણ અર્જુનથી ન રહેવાયું 'ત્યારે શું તમે એમ કહેવા માગો છો કે દયા, ક્ષમા અને શાંતિની વાતો મહારાજ છોડી દેશે? તમને એમ લાગે છે કે હવે એ ધર્મનું નામ ન લેતાં સીધી લડાઈની જ વાત કરશે?'

'અર્જુન! આટલો ઉતાવળો ન થા.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'ધર્મ એ તો એમના હાડમાં છે.

એ પોતે ધર્મના જ પુત્ર છે. પણ એનો અર્થ એવો નથી કે તેમને રાજ્ય નથી જોઈતું.'

'ત્યારે જાઓ, તમે મહારાજ યુધિષ્ઠિરને ઓળખતા જ નથી!' કહી અર્જુને મોઢું ફેરવ્યું.

'ઓળખું છું, ભાઈ! ઓળખું છું. તારા કરતાં વધારે ઓળખું છું. અર્જુન! એક વાત તો તને કહી જ દઉં. યુધિષ્ઠિર વનમાં વસે કે મહેલમાં વિહાર કરે; જ્યાં હશે ત્યાં દરેક પ્રસંગનો વિચાર તે ધર્મની દૃષ્ટિથી જ કરવાના છે. એમના મનનો આખો બંધાર એ જાતનો છે, અને એવો બંધાર અનેક જન્મના ઉચ્ચ સંસ્કારોનું પરિણામ છે એમાંય શક નથી. પણ તેટલા પરથી યુધિષ્ઠિરને રાજ્ય નથી ગમતું એમ માની લેવાની કશી જરૂર નથી.' શ્રીકૃષ્ણે જણાવ્યું.

'શ્રીકૃષ્ણ! તમે તો સાવ ઊંધું જ કહો છો. જ્યારે જ્યારે કૌરવોની વાત નીકળતી અને હું તથા ભીમસેન લડાઈને માટે આગ્રહ કરતા ત્યારે મહારાજ તો ક્ષમા અને શાંતિની જ વાત કરતા. આજે તમે કહો છો કે તેમને પણ રાજ્ય કરવું છે, એ શી રીતે મનાય!' અર્જુન બોલ્યો.

'અર્જુન!' શ્રીકૃષ્ણે જણાવ્યું, 'અત્યારે નહિ માન તો બે દિવસ પછી તારી સગી આંખે જો ત્યારે માનજે. રાજ્ય તો યુધિષ્ઠિરને પણ જોઈએ છે; તેમને ચક્રવર્તી રાજા થવું છે, ને માથે મુગટ પણ ધારણ કરવો છે પણ આ ધ્યેયને પહોંચતાં ખૂનરેજી થાય અને લોહીની નદીઓ વહે એ તેમનાથી જોયું જતું નથી, એટલે આ બધાં દયાનાં અને ક્ષમાનાં ફાંફાં મરાય છે. અર્જુન! ધીરજથી સાંભળ. યુધિષ્ઠિર ધર્મના પુત્ર છે; લોકો તમને અજાતશત્રુ કહે છે તે બરાબર છે; પણ તેમનો ધર્મ કોમળ ધર્મ છે. જગત માત્રના ધર્મને બે બાજુ હોય છે; એક કોમળ અને એક ઉગ્ર. એટલા જ માટે જગતની શક્તિ જગદંબાનું રૂપ પણ ધારણ કરે છે અને કાળિકાનું રૂપ પણ ધારણ કરે છે. ખરો ધર્મનિષ્ઠ પુરુષ પુષ્પ જેવું કોમળ હૃદય ધારણ કરે છે, પણ વખત આવ્યે એ જ હૃદયને ઉગ્રતા ધારણ કરતાં સંકોચ નથી થતો. મહારાજ યુધિષ્ઠિર સ્વભાવે કોમળ છે, એટલે ક્ષત્રિયના બચ્ચા હોવા છતાં લોહીની નદીઓ ચાલે ત્યાં તેમના તંતુઓ ઢીલા થાય છે અને મન ગભરાય છે. એટલા જ માટે જ્યાં સુધી ક્ષમા અને શાંતિથી રાજ્ય મળે ત્યાં સુધી લડાઈનું સાહસ ખેડવાનું તેમને રુચતું ન હોય.'

'પણ સખા શ્રીકૃષ્ણ! એમ કોઈને રાજ્ય મળ્યાં સાંભળ્યાં છે? રાજ્ય શિરને સાટે મળે તેવી વસ્તુ છે.' અર્જુન બોલ્યો.

'જરૂર!' શ્રીકૃષ્ણે કહ્યું, 'ઈશ્વરની દુનિયામાં એવા માર્ગો પણ પડ્યા છે કે જેથી માણસ શત્રુને માર્યા વિના શત્રુના હાથે મરીને વિજય મેળવે.'

'શ્રીકૃષ્ણ!' અર્જુન ચમકી ઊઠ્યો, 'શું બોલો છો? મારી મશ્કરી તો નથી કરતા?'

'અર્જુન!' શ્રીકૃષ્ણે ગંભીર ચહેરે જણાવ્યું, 'આ જગતમાં કાર્ય કરવામાં ઈશ્વરના માર્ગો મર્યાદિત છે એમ માનવું એ ઈશ્વરની શક્તિની અણસમજ બતાવે છે. જાતે મરીને વિજય પામવાનો માર્ગ આજે તારા મનમાં નહિ ઊતરે. ભારતવર્ષની હવામાં એ માર્ગને યોગ્ય એવું માનસ — એ માર્ગને ઝીલી શકે તેવું હૃદય તૈયાર નથી. અર્જુન! શત્રુનાં માથાં ઉડાવી દેવાં તે આજે પરાકર્મ ગણાય છે, પણ એક દિવસ તે જંગલીપણું ગણાશે, અને આખોયે માનવસમાજ બીજાને મારી નાખવાના વિચારને સમૂળો અસહ્ય માનશે. પણ આજે તો જ્યાં તમે બધા ક્ષત્રિયો તલવારો ખખડાવી રહ્યા છો, ત્યાં આ કલ્પના પણ ક્યાંથી આવે? અર્જુન! આખરે યુધિષ્ઠિર મહારાજ તારા અને ભીમસેનના મતને મળતા થશે એમાં મને શક નથી.'

અર્જુન બોલ્યો: 'તો તમે જાણો. મને તો લાગે છે કે મોટાભાઈ લડાઈ માટે રજા નહિ આપે, અને આખરે તેમના ઉપરવટ થઈને લડવું પડશે.'

'એવું નહિ બને.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'મને આજે તો યુદ્ધ વિના બીજો માર્ગ દેખાતો નથી. છતાંયે યુદ્ધ વિના શાંતિથી બધું પતી જાય અને આપણું કાર્ય થઈ જાય તો તમને શો વાંધો છે?'

'જરાય નહિ.' અર્જુન બોલ્યો.

'તો હું રસ્તે કામ લેવા માંગું છું.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'મારે મહારાજ દ્રુપદ સાથે તેમ જ ધૃષ્ટદ્યુમ્નની સાથે પણ વાત થઈ છે.'

'એ બધા તો લડાઈ માટે હણહણી જ રહ્યા છે, વાંધો જ એક યુધિષ્ઠિરનો છે!' અર્જુન બોલ્યો.

'યુધિષ્ઠિરનો વાંધો નહિ રહે. તમારે જે જોઈએ છે તે જ યુધિષ્ઠિરનેય જોઈએ છે. માત્ર તમે શસ્ત્રાસ્ત્રોનો ખડખડાટ કરો છો ત્યારે તેમના કોમળ હૃદયને ધ્રાસકો પડે છે. એ તો બે દિવસ રણશિંગાં સાંભળશે અને લોહીમાં આંગળાં રંગાશે એટલે હૈયું રીઢું થઈ જશે. જોજે તો ખરો! પછી તો તમે લડવામાં ઢીલા પડશો ત્યારે તમને પૂંછડાં પકડીને ઊભા કરશે, અને વિજય નહિ મેળવે ત્યાં સુધી જંપવા નહિ દે! જ્યાં સુધી તમને સૌને અને મહારાજ યુધિષ્ઠિરને પણ રાજ્ય મેળવવાની ઉગ્ર વાસના છે ત્યાં સુધી તમે નહિ લડો એવી તો મને શંકા જ નથી. હા, તમને જ જે દિવસે ચક્રવર્તીપદ પર વૈરાગ્ય આવે; જે દિવસે તમારા ખોળામાં આવી પડેલું રાજ્ય તમને ખારું લાગે, તે દિવસે મારે વિચાર કરવાનો રહેશે. પણ એ દિવસ ઊગશે તે પહેલાં તો કેટલીયે આસમાનીસુલતાની થઈ ગઈ હશે. માટે અર્જુન! યુધિષ્ઠિર વિષે તારે જરાયે ચિંતા ન કરવી.' એમ કહી શ્રીકૃષ્ણે અર્જુનના મનનું સમાધાન કર્યું અને સૂર્યાસ્તનો વખત થવા આવ્યો હતો એટલે બન્ને જણા મહેલ તરફ ફર્યા.

ગુરુજનોના આશીર્વાદ

પાંડવો અને કૌરવોની વચ્ચેના સમાધાનના સંદેશા તૂટી પડ્યા. દ્રુપદનો પુરોહિત નિષ્ફળ ગયો; સંજય નિષ્ફળ થયો, મહારાજ શ્રીકૃષ્ણ પણ નિષ્ફળ થયા અને શકુનિપુત્ર ઉલૂક તો સફળ થાય તેવો સંભવ જ ક્યાં હતો?

બન્ને પક્ષો યુદ્ધ માટે સજ્જ થઈને ઊભા. ભારતવર્ષના ઐતિહાસિક રણક્ષેત્ર પર દુર્યોધન અને યુધિષ્ઠિર સિંહાસનના ઉમેદવાર તરીકે ખડા થયા. અઢાર અક્ષૌહિણી સેના ભારતવર્ષનો મુગટ કોને માથે મૂકશે?

આવતી કાલે દુંદુભિનાદ થશે, આવતી કાલે શંખો ફૂંકાશે, આવતી કાલે કાળ જેવાં ધનુષ્યોમાંથી સનનન કરતાં બાણો છૂટશે. આવતી કાલે ગદાના પ્રહારો શરૂ થશે. આવતી કાલે આકાશમાં મૂળ છવાઈ જશે, આવતી કાલે લોહીની નદીઓ વહેવા લાગશે; આવતી કાલે કેટલીયે વીરાંગનાઓ વિધવા થશે, આવતી કાલે કેટલાંયે ક્ષત્રિય બાળકો નબાપાં થશે, ને આવતી કાલે કેટલાંયે ક્ષત્રિયવીરો સ્વર્ગ સંચરશે. આવતી કાલ કેવી ઊગશે?

આવતી કાલ ઊગે તે પહેલાં સાંજે યુધિષ્ઠિરે ભીષ્મને અને દ્રોણને છેલ્લી વાર મળી લેવાનો વિચાર કર્યો, એટલે રથમાં બેસી પોતે ભીષ્મના તંબૂમાં આવ્યા.

'કેમ યુધિષ્ઠિર! અત્યારે ક્યાંથી?' ભીષ્મે પૂછ્યું.

'પિતામહ! આવતી કાલે યુદ્ધ જાહેર થયું છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'હા.' ભીષ્મે કહ્યું. 'કાલથી હું તમારી સામે રહીને લડવાનો છું.'

' એ અમારાં સદ્ભાગ્ય!' યુધિષ્ઠિર બોલ્યા, 'આટઆટલાં વર્ષો સુધી અમે વનમાં રખડ્યા ને આટઆટલા સમાધાનના સંદેશા મોકલ્યા, તોપણ છેવટે તલવાર તો આવી જ! પિતામહ જેવા વૃદ્ધો બેઠા છતાં આ થાય છે એટલી જ મનને દિલગીરી!'

'બેટા યુધિષ્ઠિર! ખેદ ન કર.' ભીષ્મ બોલ્યા.

'પિતામહ! ખેદ કેમ ન થાય? આ યુદ્ધમાં આખા ભારતવર્ષના ક્ષત્રિયો એકઠા થયા છે તેમનો હું વિનાશ દેખું છું. યુદ્ધને અંતે આખા દેશમાં ક્ષત્રિયબચ્ચો શોધ્યો નહિ જડે. કૌરવોનું તો નિકંદન જ નીકળી જશે, અને અમારું પણ તેમ જ થશે. લાખો હાથીઓ, ઘોડાઓ, રથ વગેરેનો ભારે નાશ થશે; આખાયે દેશમાં ચોરલૂંટારાઓનો ત્રાસ ફાટી નીકળશે; પ્રજા આખી "ત્રાહિ ત્રાહી!" પોકારી ઊઠશે. આ બધું લડાઈનું પરિણામ. આ પરિણામ અટકાવવા માટે મેં મારાથી બનતું બધું કરી જોયું, પણ હું હતાશ થયો!' યુધિષ્ઠિર બોલ્યા.

'લડાઈનાં પરિણામો તો તું કહે તેવાં જ, અરે તેથીયે ખરાબ આવે એમાં શક નથી.' ભીષ્મ બોલ્યા, 'યુધિષ્ઠિર! મને આ બધા ક્ષત્રિયો મૃત્યુ પામે તેનીયે પરવા નથી; પરંતુ યુદ્ધ દરમિયાન આખા દેશમાં લડાઈનું એવું માનસ ઊભું થશે કે લડાઈ પૂરી થયા પછી અમુક વર્ષ સુધી એ માનસ ચાલુ રહેશે, અને એ માનસને લીધે શાંતિ ઊભી થતાં બહુ વાર લાગશે.'

'પિતામહ! એ તો છે જ.' યુધિષ્ઠિર બોલ્યા, 'આ બધાં પરિણામોનો વિચાર કરું છું ત્યારે મન પાછું હઠી જાય છે, અને લડાઈ શરૂ કરતાં પહેલાં જ હું મારી સાત અક્ષૌહિણી સેનાને ઉપાડીને ચાલતો થાઉં એવો વિચાર પણ કોઈ વાર આવી જાય છે.'

'યુધિષ્ઠિર!' ભીષ્મ બોલ્યા, 'તને એમ થાય એ હું સમજું છું; પણ હવે તો યુદ્ધ શરૂ કરવું જ. પૃથ્વી પર મોટા ઝંઝાવાતો થાય ત્યારે જેમ આપણને બહુ ગમતા નથી પણ ખરી રીતે એવા ઝંઝાવાતો પૃથ્વીના દેહને સાફ કરે છે, તેમ આવાં યુદ્ધો ગમે તેવું નુકસાન કરતાં હોય તોપણ સમાજના માનસને ઘણી ઘણી રીતે સાફ કરી નાખે છે, અને માનવહૃદયમાં શાંતિને બહાને બીક વગેરે કચરો ભરાઈ ગયો હોય તેને ધોઈ નાખે છે. ધર્મરાજ યુધિષ્ઠિર! મનુષ્યના અંતઃકરણમાં ધર્મસંકટ ઊભું જ ન થાય તો મનુષ્ય કોઈ દિવસ યુદ્ધે ચઢે ખરો? એવા મનુષ્યને પશુ જ ગણવો ઘટે. તેમ જ યુધિષ્ઠિર! આ આખા ભારતવર્ષનું ધર્મસંકટ છે. કુરુક્ષેત્ર જેવા ધર્મક્ષેત્રમાં આપણે આ યુદ્ધ લડી લેશું એટલે આખો દેશ ડહોળાશે, પણ એ ડહોળાણમાંથી પાછાં સ્વચ્છ પાણી નીકળશે એમાં શંકા નથી. માટે તું હૈયું કઠણ રાખીને લડાઈ શરૂ કર. તને આ અઢાર અક્ષૌહિણીની હિંસાનું પાપ નહિ લાગે, પરંતુ દેશના માનસને સ્વચ્છ કર્યાનું પુણ્ય મળશે. બેટા યુધિષ્ઠિર! સમગ્ર દેશના માનસમાં અધર્મને બદલે ધર્મની સ્થાપના થાય તો અઢાર અક્ષૌહિણી સેના જેવી મામૂલી ચીજ શી વિસાતમાં છે?'

'પિતામહ!' યુધિષ્ઠિર ઊઠીને ભીષ્મને પગે પડ્યા અને બોલ્યા, 'પિતામહ! આપને ચરણે આવ્યો છું; આપના આશીર્વાદનો ભૂખ્યો છું. તો આપનો હાથ મારા માથા પર મૂકી મને કૃતાર્થ કરો.'

'બેટા યુધિષ્ઠિર!' ભીષ્મે આશીર્વાદ આપતાં કહ્યું, 'જા; તને મારા આશીર્વાદ છે. તમારો પક્ષ ધર્મનો છે. હું દુર્યોધનની દુષ્ટતા જાણું છું અને જણાવું છું છતાં તેના પક્ષને છોડતો નથી એટલું મારા હૃદયનું લોહી ઠંડું સમજવું. યુધિષ્ઠિર! જા, તારો વિજય છે. અર્જુનને કહેજે કે હું વૃદ્ધ છું એમ માનીને મારા પર જરાયે દયા ન લાવે. વૃદ્ધો સેવાના

અધિકારી છે, પરંતુ સામા પક્ષે ખડા થાય ત્યારે દયાના અધિકારી નથી, પણ વધના અધિકારી છે. જા, કુંતીપુત્ર! જા. ઈશ્વર તમારું સૌનું કલ્યાણ કરો.!'

યુધિષ્ઠિરે ભીષ્મને ફરીથી એક વાર વંદન કર્યું ને ત્યાંથી ચાલતા થયા.

* * *

ભીષ્મના તંબૂમાંથી નીકળી યુધિષ્ઠિર દ્રોણાચાર્યના તંબૂમાં ગયા ને જઈને સીધા આચાર્યના પગમાં પડ્યા.

'યુધિષ્ઠિર, યુધિષ્ઠિર!' દ્રોણ બોલી ઊઠ્યા, 'આ શું કરે છે?'

'કાલે આપની સામે લડવાનો છું એટલે આજે આશીર્વાદ માગું છું.' યુધિષ્ઠિર બોલ્યા.

'તમારા પર તો આશીર્વાદ છે ઈશ્વરના.' દ્રોણે કહ્યું.

'આપ અમારા ગુરુ છો. આપે જ અમને યુદ્ધની તાલીમ આપી છે. આજ સુધી અમને આપની પ્રજાની માફક જાણતા આવ્યા છો—' યુધિષ્ઠિરે જણાવ્યું.

'યુધિષ્ઠિર! આ બધું પુરાણ જવા દે. એ બધું હું સાંભળું છું ત્યારે મારા મનમાં કેટલાયે ડંખો એકીસાથે સળગી ઊઠે છે.' દ્રોણે જણાવ્યું.

'આચાર્ય! અમે આપનાં બાળકો છીએ.' યુધિષ્ઠિર બોલ્યા.

'યુધિષ્ઠિર! એવી તમામ વાતો જવા દે. આવી બધી બાબતોને મહામહેનતે હૃદયના અમુક ભાગમાં પૂરી રાખી છે અને તેના પર મોટું લોખંડી તાળું માર્યું છે,તોપણ કોઈ કોઈ વાર એવી એકાદ વાત ડોકિયું કાઢી જાય છે ત્યારે દિવસોના દિવસો સુધી ઉજાગરા થાય છે.' દ્રોણ બોલ્યા.

'ગુરુદેવ! આશીર્વાદ આપો.' યુધિષ્ઠિરે કહ્યું.

'આજે આશીર્વાદ આપવાનો મારો અધિકાર જ નથી રહ્યો એમ લાગે છે.' આચાર્ય બોલ્યા, 'યુધિષ્ઠિર! તમારા જીવનમાં આટઆટલાં દુ:ખોમાં મેં કોઈ દિવસ તમારાં ઊનાં હૈયાં ઠાર્યાં નથી, તમારા જખમો રુઝાવ્યા નથી, તમારાં આંસુ લૂછ્યાં નથી, તમારી અંતરની ઝાળો બુઝાવી નથી. એ દ્રોણ આજે કયે મોઢે તમને આશીર્વાદ આપે? આજે તો યુધિષ્ઠિર મને આશીર્વાદ આપે તો હું કલ્યાણ પામું.'

'આચાર્ય! એ શું બોલો છો?' યુધિષ્ઠિર બોલ્યા.

'સાચું બોલું છું. તમને તો તમારી ધર્મબુદ્ધિના જ આશીર્વાદ છે. મારા જેવા આચાર્યો પોતાની વિદ્યાને વેચીને બેઠા હોય તેના આશીર્વાદમાં બળ પણ શું હોય? જા, મને શરમાવ નહિ.' દ્રોણે ભારપૂર્વક જણાવ્યું.

'આચાર્ય, ગુરુદેવ! મને નિરાશ ન કરો. આપની મોટાઈને આપ ન સ્વીકારો, પરંતુ મારે તો આપના આશીર્વાદ મેળવ્યા પછી જ જવું છે. એ ચોક્કસ છે,' યુધિષ્ઠિરે જણાવી દીધું.

'ઠીક ત્યારે, જા, યુધિષ્ઠિર! દ્રોણના આશીર્વાદમાં આજે હવે કાંઈ પણ કિંમત રહી હોય તો તને મારા આશીર્વાદ છે. સુખેથી યુદ્ધ શરૂ કર; ને મારા જેવા વૃદ્ધ ખોખાને ફગાવી દઈ આખાયે ભારતવર્ષમાં નવજુવાની ઉતાર. યુધિષ્ઠિર! જા, અર્જુનને મારા વણમાગ્યા આશીર્વાદ છે. એવા શિષ્યને હાથે પરાજય પામવાનું મારું સદ્ભાગ્ય ક્યાંથી હોય!' એટલું બોલી દ્રોણે યુધિષ્ઠિરને માથે હાથ મૂક્યો અને યુધિષ્ઠિર ફરીથી એક વાર તેમને નમન કરી પોતાના તંબુએ ગયા.

નરો વા કુંજરો વા

કુરુક્ષેત્રના મેદાન પર મહાભારત મંડાઈ રહ્યું છે. એક બાજુ સાત અક્ષૌહિણી સેના અને બીજી બાજુ અગિયાર અક્ષૌહિણી સેના; એક બાજુ પાંચ પાંડવો અને બીજી બાજુ સો કૌરવો; એક બાજુ હાથમાં શસ્ત્ર સરખું ન ઝાલવાની પ્રતિજ્ઞા કરીને આવેલા શ્રીકૃષ્ણ અને બીજી બાજુ તેમનું જ પોતાનું આખુંયે લશ્કર; એક બાજુ પુરુષની આકૃતિમાત્ર એવો શિખંડી અને બીજી બાજુ ધોળી દાઢીવાળા નૈષ્ઠિક બ્રહ્મચારી ભીષ્મ; એક બાજુ દ્રુપદનો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન તો બીજી બાજુએ દ્રુપદના મિત્ર અને ધનુર્વિદ્યાના આચાર્ય દ્રોણ.

યુદ્ધને દસમે દિવસે ભીષ્મ પડ્યા અને દ્રોણાચાર્યનો સેનાપતિ તરીકે અભિષેક થયો. દ્રોણ જાતે બ્રાહ્મણ; ધનુર્વિદ્યાના આવા સમર્થ આચાર્ય છતાં તેમના હાડમાં ખૂન નહિ. તેમાંયે અર્જુન પર તો તેમની અસાધારણ પ્રીતિ. અર્જુનથી કોઈ ચડે નહિ એટલા માટે તો ભીલકુમાર એકલવ્યનો અંગૂઠો ઉતારી લાવેલા! યુદ્ધ શરૂ થયું ત્યારે અર્જુને દ્રોણનાં ચરણમાં બે બાણ નાખ્યાં અને આચાર્યે બે બાણો અર્જુનના માથા પર નાખીને તેને આશીર્વાદ આપ્યા.

પણ એ દ્રોણ આજે ફરી ગયા. આજના દ્રોણ બ્રાહ્મણ ન રહ્યા. આજના દ્રોણ અર્જુનના ગુરુ ન રહ્યા. આજના દ્રોણ તો પાંડવસેનાના કાળ બન્યા હતા. એમનું બ્રહ્મતેજ, એમની ધોળી દાઢી, એમના કઠણ હાથ, એમની તીખી વિદ્યા; પાંચાલરાજ દ્રુપદ તરફ એમનું જગજૂનું વેર: આ બધાં સાથે મળીને આજે પૃથ્વી નિષ્પાંડવી કરવા નીકળી પડ્યાં. દ્રોણનો વહાલો અર્જુન તેમની સામે આવ્યો અને ગુરુએ જ આપેલા રહસ્યથી લડવા માંડ્યો. પણ રહસ્યના ખુદ દ્રષ્ટા પાસે રહસ્ય શી રીતે ટકે? અર્જુનને રથમાં મૂર્છા આવી અને શ્રીકૃષ્ણે રથને વાળી લીધો. ભીમ સામે આવ્યો. ભામ એટલે ગાંડું બળ! આચાર્યના રથને ઊંચકી ઊંચકીને એણે તો તોડવા માંડ્યો; પણ યુદ્ધકળામાં પ્રવીણ આચાર્યે તેને મહાત કર્યો અને નસાડી મૂક્યો. ધીર ગંભીર યુધિષ્ઠિર મહારાજ સામા થયા ન થયા ત્યાં તો પાછા હઠ્યા, અને બેબાકળા બની જઈને શ્રીકૃષ્ણને શોધવા લાગ્યા.

આ તરફ દ્રોણાચાર્ય કાળો કેર વર્તાવી રહ્યા છે. મધ્યાહ્ન થવા આવ્યો. યોદ્ધાઓ ટપોટપ પડ્યે જાય છે; હાથીઘોડાઓ જમીન પર સૂતા જાય છે; દ્રોણનાં બાણો શત્રુઓને વીંધ્યે જાય છે; ધૃષ્ટદ્યુમ્નની સેના ઝપાટાભેર ક્ષીણ થતી જાય છે; દુર્યોધનનો ઉત્સાહ કોઈ અજબ રંગ પકડે છે. શ્રીકૃષ્ણને વિચાર થઈ પડ્યો; અર્જુન ચિંતામાં પડ્યો; ભીમને તો કંઈ કંઈ કરી નખાવવાનું મન થયું; યુધિષ્ઠિરના મનમાં વિજય વિષે શંકા પડી ગઈ.

‘યુધિષ્ઠિર! મામલો ગંભીર બનતો જાય છે, હો!’ શ્રીકૃષ્ણે કહ્યું.

‘મહારાજ! શું કરશું?’

‘આજનો રંગ જુદો છે. આજે સવારથી દ્રોણ જે રીતે લડે છે તેવી રીતે સાંજ સુધી લડે તો આપણા આખા લશ્કરમાં એકે માણસ જીવતો રહે એવો સંભવ નથી.’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘દ્રોણનાં બાણોમાં એટલું ઝેર છે એ મને આજે જ ખબર પડી. આ વિદ્યા તો દ્રોણે મને પણ ન આપી.’ અર્જુને પૂર્તિ કરી.

‘એ તો બધું ઠીક; હવે આ ઘાટ કેમ બેસાડવો છે તેની વાત કરો ને! બાણનું ઝેર તો જાણ્યું.’ ભીમભાઈ બોલ્યા.

‘યુધિષ્ઠિર! આપ કેમ કશું બોલતા નથી?’ શ્રીકૃષ્ણ બોલ્યા.

‘મન તો દિશા સૂઝતી નથી. પિતામહ પડ્યા પછી તો મને એમ જ થઈ ગયું હતું કે હવે વિજય આપણો જ છે; લડાઈ ભલે ચાલવી હોય ત્યાં સુધી ચાલ્યા કરે. પણ આજે મને લાગે છે કે લડાઈ આજે જ સાંજે પૂરી થશે અને…’ યુધિષ્ઠિર આગળ બોલી ન શક્યા.

'મને પણ એમ જ લાગે છે.'

'આમાંથી ઊગરવાનો કોઈ રસ્તો છે?' ભીમે ચલાવ્યું.

'રસ્તો તો બધાનો હોય તેમ આનો પણ હોય.' શ્રીકૃષ્ણે કહ્યું.

'તો આપ જ રસ્તો બતાવો. આજ સુધી આપને રસ્તે અમે ચાલ્યા છીએ.' યુધિષ્ઠિર બોલ્યા.

'રસ્તો તો એ કે દ્રોણ પોતાની મેળે પોતાનાં શસ્ત્ર છોડે એવી કોઈક યુક્તિ કરવી. જ્યાં સુધી એ બ્રાહ્મણના હાથમાં શસ્ત્ર છે ત્યાં સુધી તમારે જીવવાની અને જીતવાની આશા ન રાખવી.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'પણ એ શસ્ત્ર છોડે શી રીતે?' ભીમે પૂછ્યું.

'પોતાનો પુત્ર અશ્વત્થામા મરાયો છે એટલું દ્રોણ સાંભળે તો તરત જ એ શસ્ત્રનો ત્યાગ કરશે. દ્રોણનું આખુંયે જીવતર અશ્વત્થામા પર અવલંબી રહ્યું છે. કોઈ પણ પ્રકારે અશ્વત્થામા મરાયો છે એટલા શબ્દો એમને કાને પડવા જોઈએ.' શ્રીકૃષ્ણે જણાવ્યું.

'પણ અશ્વત્થામા જીવતો હોય અને તે મરાયો છે એવા શબ્દો કાને પાડવા? એવો અધર્મ શી રીતે થાય?' યુધિષ્ઠિર થડક્યા.

'તમે કહો છો તે બરાબર છે.' શ્રીકૃષ્ણે જણાવ્યું, 'ધર્મ તો તમે કહો છો તે જ છે; પણ અહીં તો વિજયની વાત છે. ધર્મના કરતાં વિજય વહાલો હોય તો આ પ્રમાણે કરો; બીજો એકેય ઉપાય નથી.' શ્રીકૃષ્ણે કહ્યું.

'શ્રીકૃષ્ણ! તમે ગમે તેમ કહો, આ ઉપાય આપણી વીરતાને છાજતો નથી.' અર્જુને પીઠ ફેરવી.

'હવે તમે સૌ તમારે રસ્તે જાઓ અને લડાઈ કરો. હું જોઉં છું શું કરવું, ને શું ન કરવું તે.' ભીમસેને સૌને વળાવ્યા અને પોતે માલવોની ટુકડી તરફ વળ્યો.

માલવરાજને એક હાથી હતો, તેનું નામ હતું અશ્વત્થામા. માલવરાજ પાંડવોની સેના તરફથી લડતો હતો. ભીમે માલવરાજના અશ્વત્થામા નામના હાથીને મારી નાખ્યો અને બૂમ ઉડાડી: 'અશ્વત્થામા મરાયો, અશ્વત્થામા મરાયો!'

અને ભીમની એ બૂમ ઠેઠ દ્રોણાચાર્યના કાન સુધી પહોંચ્યા વિના કેમ રહે?

દ્રોણના કાને શબ્દો પડ્યા: 'અશ્વત્થામા મરાયો.'

'કોણ કહે છે?' દ્રોણે પ્રશ્ન કર્યો.

'આ ભીમસેન કહે છે ને! આપનો પુત્ર અશ્વત્થામા મરાયો.'

દ્રોણ બોલ્યા: 'ભીમ જૂઠો છે. હું દ્રોણ આજે એમ શસ્ત્ર છોડવાનો નથી. મારો અશ્વત્થામા એમ મરે એવો જ ક્યાં છે? બચ્ચા ભીમ! એમ મારાં શસ્ત્ર છોડાવીને બચી જવું છે, કેમ? અરે! આજ સાંજ સુધીમાં જોઈ લેજો ઝપાટા! મેં દુર્યોધનનું લૂણ ખાધું છે. બચ્ચા ધૃષ્ટદ્યુમ્ન! તારી બહેનને રાણી કરવા આવ્યો હો તો તૈયાર થજે. આજે મારો છેલ્લો દિવસ છે.'

ભીમની બૂમથી દ્રોણાચાર્ય ખૂબ ઉશ્કેરાઈ ગયા હતા એટલે બમણા જોરથી લડવા લાગ્યા. એ જ વખતે સામે જ દ્રુપદના વીશ હજાર પાંચાલોને જોઈને દ્રોણની આંખ ફાટી; તેમના હાથમાં ચળ આવી અને બ્રહ્માસ્ત્ર ફેંક્યું. દ્રોણનું એ બ્રહ્માસ્ત્ર! બિચારા પાંચાલોને એની ગમ પણ શી પડે? એ તો વીશે હજાર સ્વાહા!

પણ તરત જ અંતરિક્ષમાં ઋષિઓ ખડા થઈ ગયા: વશિષ્ઠ, વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ: બધા.

'દ્રોણ! તમારો વખત પૂરો થવા આવ્યો છે. તમે બ્રાહ્મણ છો; બ્રાહ્મણને આ યુદ્ધ જેવાં

ક્રૂર કર્મ ઘટે નહિ. આપણો જન્મ તો જગતમાં શાંતિ સ્થાપવા માટે છે એ કેમ ભૂલી જાઓ છો?'

દ્રોણે ઊંચે જોયું. પોતાના ખરડાયેલા હાથે બધાને નમન કર્યાં. પોતાની ઉગ્રતા પાછળ સંતાઈ રહેલી શાંતિનું ઘડીભર સ્મરણ કર્યું.

'દ્રોણ! તમે તો ધનુર્વિદ્યાના આચાર્ય. પાંડવો ને કૌરવો તો તમારા શિષ્યો. તમે ઊઠી આ બિચારા પાંચાલો પર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરો, એ શોભે? જેઓ બિચારા બ્રહ્માસ્ત્રનું નામ પણ જાણતા નથી, તેમના પર એ પ્રયોગ કરીને તમે અધર્મયુદ્ધ કર્યું છે, અને ધનુર્વિદ્યાના નિયમોનો ભંગ કર્યો છે. તે ખાતર તમારે પ્રાયશ્ચિત કરવું જોઈએ. હજી વિચાર કરો, તમારી જાતને ભૂલીને આમ યુદ્ધે ચડ્યા છો તે ઠીક નથી.'

ઋષિઓ અંતર્ધાન થયા પણ દ્રોણના દિલમાં ઘા લાગ્યો. તેમના હાથ ઢીલા થયા; તેમને કપાળે પરસેવો વળ્યો; તેમનાં શસ્ત્રોની ધાર બૂઠી જેવી થઈ પડી! વાઘ બકરાના ટોળામાં પડે તેમ ઘડી પહેલાં જે દ્રોણ પાંડવસેના પર તૂટી પડતા હતા તેમનામાં ગ્લાનિ છૂટી, એને પોતાથી જાણે મોટું અકર્મ થઈ ગયું હોય તેમ લાગી આવ્યું. 'વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા ઋષિઓ પણ કહે છે તો મારે આ કાર્યમાંથી ઉપરામ પામવો જોઈએ.' દ્રોણ વિચારે ચડ્યા, 'અને આ બધું શાને માટે? જે અશ્વત્થામાની ખાતર હું આખું જીવન જીવી રહ્યો છું તે અશ્વત્થામા મરાયો તો પછી મારે વાટ પણ શા માટે જોવી?' દ્રોણ આકુળવ્યાકુળ બની ગયા; તેમનાં ગાત્રો ઢીલાં થવા લાગ્યાં; તેમની આંખે આછાં અંધારાં આવ્યાં. 'પણ મારો અશ્વત્થામા એમ મરે જ નહિ; છતાં ભીમે ખોટું શા માટે કહ્યું હોય? લડાઈનો મામલો છે,કદાચ મારો વહાલો પુત્ર ખપી પણ ગયો હોય તો? તોયે ભીમનો વિશ્વાસ નહિ. પૂછવું તો યુધિષ્ઠિરને જ પૂછવું. જન્મીને એણે કદી અસત્ય ભાખ્યું નથી. આ તો હસ્તિનાપુરનું રાજ્ય છે, ત્રણ લોકના રાજ્યની ખાતર યુધિષ્ઠિર અસત્ય બોલે નહિ. લાવ, તેને જ પૂછું.'

દ્રોણ સેનાને મોખરે આવ્યા અને ત્રાડ મારી: 'હે પૃથાપુત્ર યુધિષ્ઠિર! આગળ આવ. મારે તને એક વાત પૂછવી છે.'

બન્ને લશ્કરો ઘડીભર થંભી ગયાં; હાથી, ઘોડા,રથ, વગેરે ઊભાં રહ્યાં; યોદ્ધાઓ કૌતુકથી જોઈ રહ્યા અને મહારાજ યુધિષ્ઠિરનો રથ પાંડવસેનાને મોખરે આવ્યો. તેમના રથને પડખે જ શ્રીકૃષ્ણે અર્જુનનો રથ મૂક્યો.

'ગુરુદેવ! શી આજ્ઞા છે?' યુધિષ્ઠિર બોલ્યા.

'ભીમસેન કહે છે કે અશ્વત્થામા મરાયો. એ વાત સાચી છે!'

યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ તરફ વળ્યા. લાંબી લાંબી ચર્ચાનો વખત ન હતો. શ્રીકૃષ્ણે કહ્યું: 'મહારાજ યુધિષ્ઠિર! આ દ્રોણાચાર્ય આજનો બાકી અડધો દિવસ જો લડશે તો તમારી આખી સેના હતી ન હતી જ સમજી લેવી. તમે તો અત્યારે ધર્મઅધર્મનું ત્રાજવું તોળવા બેઠા છો, પણ તમારી કુમકે આવેલા આ લાખો યોદ્ધાઓનાં જીવતરોનો પણ વિચાર કરજો. તેમનાં જીવતર પણ આજે તમારા ત્રાજવામાં તોળાયાં છે; માટે જરાય મૂંઝાયા વિના ગુરુને જવાબ આપો.'

ભીમનો તો કેવળ અસત્યને પણ ટેકો જ હતો, પણ યુધિષ્ઠિર મહારાજ મૂંઝાયા. 'જે સત્યને જિંદગીભર સેવ્યું તેને આજે આમ ધૂળ મેળવવું? માતા કુંતી આ જાણે તો મને શું કહે? પણ નહિ નહિ, મારે એક મારા પોતાના સત્ય ઉપર મુસ્તાક રહીને આખી સેનાનો નાશ કરાવવો એ પણ ધર્મ નથી. શ્રીકૃષ્ણ બરાબર જ કહે છે.' યુધિષ્ઠિર બોલવા તૈયાર થઈ ગયા.

વળી થયું: 'અને એટલું પણ છે. જે હેતુથી આ આખું યુદ્ધ માંડ્યું છે તે હેતુને જતો કરીએ, તો પછી જીવનમાં રહ્યું શું? વિજય તો મળવો જ જોઈએ, ત્યારે વિજયની ખાતર આટલું ન થાય?'

વળી વિચાર થયો: 'પણ આમ અસત્યથી ખરડાયેલો વિજય એ વિજય છે?'

'યુધિષ્ઠિર! જવાબ આપો, અશ્વત્થામા મરાયો છે? મરાયો હોય તો તેમ કહેવામાં જરાયે અચકાવાની જરૂર નથી. આજે આ માઠા સમાચાર સાંભળવા દ્રોણ તૈયાર છે.'

પણ યુધિષ્ઠિર જવાબ આપવા તૈયાર ન હતા!

યુધિષ્ઠિરનું હૃદય સત્ય અને વિજયની વચ્ચે ઝોલાં ખાવા લાગ્યું. તેમને શરીરે પરસેવો છૂટ્યો; પણ આખરે તે બોલ્યા: 'અશ્વત્થામા હત:'

ને બીજી જ ક્ષણે સવાલ થયો, 'પણ અશ્વત્થામા તો જીવે છે ને?' વળી મંથન ચાલ્યું: 'યુધિષ્ઠિર! આવું હડહડતું જૂઠું? તારું સત્યવાદીપણું ક્યાં ચાલ્યું ગયું? ભલા સાચું બોલ તો ખરો!' અને ધર્મરાજાને મનમાં થયું: 'લાવ, સાચું બોલવા દે.' અને બોલ્યા: 'નરો વા કુંજરો વા!'

'પણ જોજે હો જીભ! આ શબ્દો દ્રોણ ન સાંભળે.' પાંડવોના યુધિષ્ઠિરે વિચાર્યું, 'એ શબ્દો બોલવા ખરા પણ ધીમેથી બોલવા એટલે દ્રોણ ન સાંભળે, અને બીજી રીતે તો બોલ્યા ગણાઈએ.'

યુધિષ્ઠિર ગણગણ્યા: 'નરો વા કુંજરો વા; નરો વા કુંજરો વા; નરો વા કુંજરો વા.'

'આપણે તો સાચું હતું તે કહ્યું. પછી દ્રોણગુરુ ન સાંભળે અને શસ્ત્રોનો ત્યાગ કરે તેમાં આપણે શું કરીએ? યુધિષ્ઠિરે મન મનાવ્યું.

યુધિષ્ઠિરે સત્ય છોડ્યું; દ્રોણે શસ્ત્રો છોડ્યાં. યુધિષ્ઠિરના મુખે ક્રાંતિ છોડી; જગતે ઘડીભર પ્રકાશ છોડ્યો અને દિશાઓ કાળી થઈ ગઈ.

શલ્ય પાસે

'યુદ્ધના સોળમાં દિવસની મધ્યરાત્રિએ મહારાજ યુધિષ્ઠિર શલ્યના તંબૂમાં આવ્યા. શલ્ય મહારાજ તાજા જ દુર્યોધન પાસેથી ચાલ્યા આવતા હતા.

'કેમ યુધિષ્ઠિર?' શલ્યે તેમનો સત્કાર કરતાં કરતાં પૂછ્યું, 'આટલી મોડી રાતે ક્યાંથી?'

'મામા! તમે તો ગજબ કર્યો!' યુધિષ્ઠિર બોલ્યા.

'કેમ ભાઈ? એવું શા માટે બોલે છે?' શલ્યે પ્રશ્ન કર્યો.

'મદ્રરાજ શલ્ય!....' યુધિષ્ઠિરે શરૂ કર્યું.

'મામો મટીને મદ્રરાજ થઈ ગયો કે?' શલ્યે વચ્ચે જ પૂછ્યું.

'જરૂર. મામા રહેવું હોય તો તો શલ્ય દુર્યોધનની સાથે પડાવ ન નાખત, પણ નકુળ-સહદેવની સાથે નાખત.' યુધિષ્ઠિર બોલ્યા.

'એ તો થવાનું થઈ ગયું!' શલ્ય બોલ્યા.

'તો તો પછી આજે પણ થવાનું થઈ ગયું, એમ જ મારે સમજવું કે?' યુધિષ્ઠિર બોલ્યા.

'એક વાર વાત તો કર! છે શું? શલ્યે પૂછ્યું.

'તમે આવતી કાલે કર્ણના સારથિ થઈ તેનો રથ હાંકવાના છો, એ વાત સાચી?'

યુધિષ્ઠિરે પૂછ્યું.

'સાચી.' શલ્ય બોલ્યા.

'કર્ણ અર્જુનની સામે લડે છે એ તમને ખબર છે?' યુધિષ્ઠિરે બીજો પ્રશ્ન કર્યો.

'એટલા માટે તો કર્ણે મને માગ્યો. અર્જુનને શ્રીકૃષ્ણ છે તેવો તેને પણ સારથિ જોઈએ એવો તેનો આગ્રહ રતો.' શલ્યે જણાવ્યું.

'પણ તમે અર્જુનની સામા ઊભા રહેશો? તમે સારથિ થવાની ના પાડી હોત તો અમારા ઉપર ઉપકાર થાત.' યુધિષ્ઠિર બોલ્યા.

'યુધિષ્ઠિર! હું જાણું છું. તમારા ઉપર ઉપકાર કરવાની વાત તો બાજુએ રહી પણ મારા સ્વમાનની ખાતર પણ મારે એ સૂતપુત્રના સારથિ થવું ન હતું. પણ શું કરું? કુરુપતિ દુર્યોધન પોતે મારી દાઢીમાં હાથ નાખે ત્યારે ના પણ કઈ રીતે પડાય?' શલ્યે જણાવ્યું.

'ત્યારે મામા! તમે અમને તો પૂરેપૂરા ફળ્યા, કેમ?' યુધિષ્ઠિર બોલ્યા.

'સારથિ તો થઈ ચૂક્યો; હવે તેમાં ફેરફાર થઈ શકે તેમ નથી. એ સિવાય કંઈ હોય તો કહે.' શલ્યે કહ્યું.

'છે તો ઘણું ઘણું, તમારે કરવું હોય તો.' યુધિષ્ઠિરે કહ્યું.

'એ સિવાયનું તું કહે તે કરીશ.'

'તો સારથિ થયા છતાં તમે અર્જુનને મદદ કરી શકો છો.' યુધિષ્ઠિર બોલ્યા.

'શી રીતે?' શલ્યે પૂછ્યું.

'તમે રથ હાંકતાં હાંકતાં કર્ણને કડવાં વચનો કહીને તેના જુસ્સાને જો ઠંડો પાડી નાખો તો અવશ્ય કર્ણ અર્જુનને હાથે મરાશે.' યુધિષ્ઠિર બોલ્યા.

'એ તો અમસ્તોય હું કરવાનો જ. એ કાગડો રથમાં બેઠો બેઠો બડાઈઓ હાંકશે તે મારાથી સહન નહિ થાય, એટલે મારાથી એને બે વેણ કહેવાઈ જ જશે, અરે તે ઠરી પણ જશે. યુધિષ્ઠિર! એ હું જરૂર કરીશ. આ તો હવે મહાયુદ્ધ થઈ પડ્યું છે અને અમારા સૈનિકોની સંખ્યા એટલી ઓછી થઈ ગઈ છે કે એક સાધારણ યોદ્ધાના જીવનની પણ કિંમત આજે વધી પડી છે. નહિતર તો મને થાય છે કે એ સૂતપુત્રનો રથ હાંકીને એક ખાડામાં નાખી દઉં, એટલે એ પણ જાણે કે શલ્યને સારથિ બનાવ્યો હતો! પણ આજે તો મહારાજ દુર્યોધનનો જીવ મૂઠીમાં આવી ગયો છે, અને ગમે તે જોખમે પણ હું તેમને પડખે ઊભો રહેવા માંગું છું. યુધિષ્ઠિર! જા, અર્જુનની ચિંતા ન રાખ; એના રથ પર તો શ્રીકૃષ્ણ છે. કર્ણ જેવા બકવાદ કરે અને શલ્ય જેવા ઘોડાઓનાં દોરડાં ખેંચ્યા કરે તેથી કંઈ અર્જુન ને શ્રીકૃષ્ણની જોડી થાય છે? એ તો કર્ણ અમસ્તો જખ મારે છે!'

શલ્યને વંદન કરી યુધિષ્ઠિર પોતાના તંબૂમાં આવ્યા અને શલ્યને માટે નચિંત જેવા થઈ ગયા.

ભીષ્મની બાણશય્યા આગળ

'બેટા! – અરે બેટા નહિ, મહારાજ યુધિષ્ઠિર!' બાણશય્યા પર સૂતેલા પિતામહ બોલ્યા.

'પિતામહ! મહારાજ નહિ પણ કાયમ બેટો જ રહું એટલું માંગું છું.' યુધિષ્ઠિર બોલ્યા.

'બેટા યુધિષ્ઠિર! આજે હવે વનમાં જવાનો વિચાર કેવળ નિર્બળતા છે.' ભીષ્મે કહ્યું.

'પિતામહ! હસ્તિનાપુરનો મુગટ હજી એક જ માસથી ધારણ કર્યો છે ત્યાં તો હું

ધરાઈ ગયો છું!' યુધિષ્ઠિર બોલ્યા, 'એ મુગટમાં મેં કાંટા તો ધાર્યા હતા પણ લોઢાના અણીવાળા સોયા નહોતા ધાર્યા!'

'બાપુ યુધિષ્ઠિર!' ભીષ્મ જરા સ્વસ્થ થઈને બોલ્યા, 'મેં મુગટ તો ધારણ નથી કર્યો પરંતુ આ લોઢાની સુખશય્યામાં સૂતો છું તે તું જુએ છે. જે જે માણસ સમાજનો નેતા થઈને નીકળે તેણે એક દિવસ આવા શૂળા માટે તૈયાર રહેવું જ જોઈએ. તેમાં તું તો સમગ્ર ભારતનો સમ્રાટ થયો, એટલે આવા શૂળાઓથી ભડકે તે કેમ પાલવે?'

'પિતામહ! ભડકતો નથી. હસ્તિનાપુરનો મુગટ ધારણ કર્યો ત્યારે તરતમાં તો એ ખૂબ મીઠો લાગ્યો, ને ઘડીભર તો એમ પણ થયું કે હવે લાંબા કાળનો થાક ઉતારવાનો વખત આવ્યો.' યુધિષ્ઠિર બોલ્યા.

'થાક ઉતારવાનો?' ભીષ્મ હસ્યા, 'થાક તો નવો લાગશે! હા, યુદ્ધકાળના થાક કરતાં આ શાંતિના કાળનો થાક જુદા પ્રકારનો હોય છે, એટલે પ્રકારભેદે પહેલાંનો થાક ઊતરી જાય તો ના ન કહેવાય; પણ મારી ગણતરી પ્રમાણે તો થાક હવે લાગશે; યુદ્ધનો થાક પણ હવે લાગશે.'

'પિતામહ!' યુધિષ્ઠિર બોલ્યા, 'એમ જ બન્યું છે. પહેલાં તો યુદ્ધનો કેફ હતો એટલે શરીર અને મન બન્ને તંગ હતાં. આજે હવે કેફ ઊતરી ગયો છે એટલે તમામ ગાત્રો ઢીલાં થઈ ગયાં છે; અને દીર્ઘ કાળ સુધી કોઈ એક જંગલમાં કૌપીન પહેરીને લાંબો થઈને સૂઈ રહું એમ થઈ જાય છે.'

'બેટા યુધિષ્ઠિર! એ જ નિર્બળતા. એ નિર્બળતા જ ધર્મને નામે ઘણા લોકોને ઠગે છે અને સંસારમાં પછાડે છે. તું આ નિર્બળતાને ખંખેરી નાખ અને જે મક્કમતાથી આ યુદ્ધનું વહન કર્યું છે તેથી ઘણી વધારે મક્કમતાથી આ શૂળાવાળા મુગટને પણ ધારણ કર.'

'પિતામહ!' યુધિષ્ઠિરે નમ્રતાથી કહ્યું, 'હસ્તિનાપુરની અગાશીમાં ઊભો રહીને આખાયે ભારતવર્ષ પર નજર નાંખું છું ત્યારે જાણે એક મોટું વેરાન મારી આંખ આગળ ખડું થાય છે, ને આ વેરાનમાંથી હું શી રીતે નવું ભારત ઊભું કરી શકીશ એ વિચારે ધ્રૂજી ઊઠું છું. પિતામહ! કૌરવકુળના સ્તંભરૂપ તમે બાણશય્યામાં પડ્યા અને મારા જેવાને માથે આ મહાભારત કામ આવ્યું.'

'એ યોગ્ય જ થયું છે.' ભીષ્મે જવાબ વાળ્યો, 'બેટા! તેં અને તારા ભાઈઓએ દુર્યોધનને "અધર્મી" કહીને જગતભરમાં વગોવ્યો; એના અધર્મનો લાભ લઈને તમે દેશભરમાંથી મદદ મેળવી, એની દુષ્ટતાનો ઉપયોગ કરીને તમે તમારા નાના એવા અધર્મોને તેની છાયામાં સંતાડી દીધા, અને એ રીતે વિજય મેળવ્યો. કુંતીપુત્ર યુધિષ્ઠિર! આજે હવે તમારે જગત આખાને જવાબ દેવાને વારો આવ્યો છે. તમારા જવાબ પરથી તમારા વિજયનો આંક નીકળશે એ ચોક્કસ માનજો.'

'પિતામહ!' યુધિષ્ઠિર બોલ્યા, 'એ હું બરાબર સમજું છું; માટે જ ગાંજી જાઉં છું.'

'પણ એમ ગાંજી જવું કેમ પાલવે? યુદ્ધમાં જે ક્ષાત્રતેજ તમે સૌએ સદેખાડ્યું તેથી જરાયે ઓછા ક્ષાત્રતેજની આ પુનર્ઘટનામાં જરૂર છે એમ તને લાગે છે?' ભીષ્મે પૂછ્યું.

'એથી તો ઘણું વધારે જોઈએ.' યુધિષ્ઠિર બોલ્યા, 'પણ યુદ્ધમાં તો ખોટો ઊભરો હોય તોય ક્ષાત્રતેજ દેખાય, પણ આજે તો ખોટો ઊભરો લગીરે ન ચાલે.'

'ત્યારે એક વાત તો ચોક્કસ રાખ. હમણાં પંદરવીશ વર્ષો સુધી તારે વનબનની વાત જ ન કરવી. અરે એની નાડે પણ ન જવું. તારી ઈચ્છા હોય કે ન હોય, પણ આજે તો વિજય મેળવીને તમે જે ઘોડે ચડ્યા છો તે ઘોડા પરથી ઘેર જ ઊતરવું. કેમ, બરાબર છે?'

'આપ એ પ્રમાણે કહો તો બરાબર છે.' યુધિષ્ઠિરે જણાવ્યું.

'હું એમ જ કહું. યુધિષ્ઠિર! તારો અંતરાત્મા પણ એમ જ કહેશે. આ સ્મશાનવૈરાગ્ય બે દિવસ ટકવાનો છે એમ ખાતરી રાખજે. હવે તારે રાજ્યનો વિચાર કરવાનો રહે છે.' ભીષ્મ બોલ્યા.

'રાજ્યમાં આજે તો કેવળ મેદાન થઈ રહ્યું છે....!' યુધિષ્ઠિર બોલ્યા.

'એ તો દરેક યુદ્ધને અંતે એમ જ થાય. પણ નવી સૃષ્ટિનાં બીજો પણ એ મેદાનમાં જ પડ્યાં છે તે તું ભૂલી ન જા.' પિતામહ બોલ્યા.

'હા, હું આખાયે ભારતવર્ષની નવી રચનાનો વિચાર કરી જ રહ્યો છું અને અમે ભાઈઓએ મળીને તેનો કાચો આલેખ પણ કર્યો છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'એ બહુ સારું કર્યું. ભારતની પુનર્ઘટના તમને ફાવે તે રીતે તમે કરજો; પણ એ વિષે મારે થોડુંએક કહેવાનું છે તે કહી છૂટું.'

'પિતામહ! જરૂર કહો. આપ જગત આખાનાં શાસ્ત્રોને ઘોળીને પી ગયા છો એટલે આપની પાસેથી તો અમારે કેટલુંયે શીખવાનું રહે છે. પણ આજે તો આપ જે કહેવું હોય તે કહી દ્યો તો બહુ સારું થાય.' યુધિષ્ઠિર બોલ્યા, અને જરા વધારે પાસે આવ્યા.

'યુધિષ્ઠિર! સાંભળ.' ભીષ્મ બોલ્યા, 'આ મહાયુદ્ધને અંગે કેટલાંયે જુદી જુદી દિશાઓમાં વેરઝેર ઊભાં થયાં છે, અને એ વેરઝેરને પરિણામે દેશ આખો છિન્નભિન્ન થઈ ગયો છે. યુદ્ધમાં તો અનેક ક્ષત્રિયો ક્ષેત્ર પર લાંબા થઈને સૂતા અને ગયા; પણ એ અનેક ક્ષત્રિયોએ અને તમે સુધ્ધાં જે વેરઝેરનાં મોજાં ફેલાવ્યાં તે કાંઈ ચાલ્યાં ગયાં નથી. એ મોજાંઓ હજીયે હવામાં ઊછળે છે, અને જ્યાં જ્યાં એ મોજાંને ઝીલનારાં અંત:કરણો મળી આવે છે ત્યાં ત્યાં તે પ્રવેશ કરે છે. આખાયે દેશની હવામાંથી આ વેરઝેર નાબૂદ કરવાં એ તમારો પહેલો ધર્મ.'

'પિતામહ!' યુધિષ્ઠિર હાથ જોડીને બોલ્યા, 'બહુ મુદ્દાની વાત કરી.'

'તમારા આલેખમાં એ બંધબેસતી આવે તેટીલ રાખજો ને ન આવે તેટલીને ફેંકી દેજો.' ભીષ્મે કહ્યું.

'પિતામહ!' યુધિષ્ઠિરે જણાવ્યું, 'આવા વિચારો ઉપર જ આલેખ કરશું ત્યારે ટકશું, નહિતર રેતી પર ચણેલા ચણતરની માફક બધું તણાઈ જશે.'

'એક વાત થઈ. આ વેરઝેર નાબૂદ કરવાની તમને સાચી ધગશ છે એમ લોકોને જો લાગશે તો જ લોકોને વિશ્વાસ બેસશે. તમારા શત્રુઓને તમે મારી નાખ્યા છે; બધા કૌરવો રણશય્યા પર સૂતા છે; પણ એમની સ્ત્રીઓ અને બાળકો તમારાં દુશ્મન નથી. એ સ્ત્રીઓ અને બાળકોને માત્ર તમારા દિલાસાના શબ્દોથી નહિ પણ રીતસર આશરો આપીને તમારી પાંખમાં લ્યો. આખા દેશની પ્રજાને તમારાં કૃત્યોથી જણાવો કે તમારે મને હવે કોઈ શત્રુ છે નહિ, અને દુર્યોધનના અધર્મને સ્થાને તમે ધર્મ અને શાંતિની સ્થાપના કરવા માગો છો.' ભીષ્મે કહ્યું.

'પિતામહ! આગળ ચલાવો. હું સાંભળતાં ધરાતો જ નથી.' યુધિષ્ઠિર બોલ્યા.

'બીજી વાત. દુર્યોધન લાંબો કાળ અધર્મથી વર્તી શક્યો અને મારા જેવા તેનો અધર્મ જાણવા છતાં તેને રીતસર રોકી ન શક્યા, એ મને આજે પણ સાલે છે. યુધિષ્ઠિર! સત્તા એ વસ્તુ જ એવી છે કે કોઈ પણ એક માણસના હાથમાં લાંબો વખત ટકે તો માણસની આંખ ફાટે. શરૂઆતમાં માણસની યોગ્યતાને બળે સત્તા આવી પડે છે, અને પાછળથી સત્તાને બળે માણસ યોગ્યતા ગુમાવી બેસે છે. જગતભરના ઇતિહાસમાં આવું જ બન્યું છે. અને એટલા જ માટે જુદા જુદા દેશોમાં જુદા જુદા કાળે રાજાની આવી સત્તાઓ પર અંકુશ મૂકવા પડ્યા છે.' ભીષ્મ બોલ્યા.

‘જૂના કાળમાં પણ સત્તાનો દુરુપયોગ થયેલો ખરો?’ યુધિષ્ઠિરે પૂછ્યું.

‘અરે, કેટલીયે વાર! બ્રાહ્મણોના હાથમાં સત્તા આવી અને ટકી એટલે તેમણે પણ દુરુપયોગ કર્યો, તેમ ક્ષત્રિયોના હાથમાં આવી ત્યારે તેમણે પણ કર્યો. સત્તાનો એ સ્વભાવ જ છે. માટે તમે પણ તમારી આંખ ફાટે તે પહેલાં તમારી સત્તા ઉપર અંકુશ ગોઠવી દેજો; નહિતર તમે પણ દુર્યોધનથી વધારે અધર્મી થવાના, અને તમને ધકેલી પાડવા માટે ઈશ્વરને ઘેરથી કોઈ બીજા ભીમ-અર્જુનોને જન્મવું પડવાનું!’ ભીષ્મે સંભળાવ્યું.

‘પિતામહ! અમે શું કરીએ તો અમારી અથવા તો અમારી સંતતિની આંબ ન ફાટે?’ યુધિષ્ઠિરે પૂછ્યું.

‘એના થોડાએક મનુષ્યકૃત માર્ગો છે. જૂના વખતમાં તો દેશમાં આવા પ્રસંગોએ લોકસત્તાક રાજ્યો જ ઊભાં થતાં, ને રાજા પણ અમુક કાળ સુધી જ રાજા રહે એવી અનેક યોજનાઓ ઘડાતી.’ ભીષ્મ બોલ્યા.

‘તો આજે પણ એમ ન થઈ શકે?’

‘ના, આખુંયે ભારતવર્ષ હજી એ માટે પાકીને તૈયાર થયું નથી; પરંતુ દેશને એ માર્ગને માટે તમે તૈયાર કરી શકો.’ ભીષ્મ બોલ્યા.

‘તો પિતામહ! કૃપા કરીને અમને એ જણાવો; આ સામ્રાજ્યની સત્તા અમને બહેકાવી ન મૂકે એ તો ખાસ બતાવો.’ યુધિષ્ઠિર બોલ્યા.

‘એનો સૌથી મુખ્ય ઉપાય આખા ભારતવર્ષની પ્રજાની કેળવણી. જો, સાંભળ. દુર્યોધને અનેક અધર્મોનું આચરણ કર્યું ને અમે સૌએ અમારી સગી નજરે તે જોયું, તે છતાં અમે તેને કશું કહી ન શક્યા કારણ? કારણ એ અર્થમાં અમને કેળવણી મળી ન હતી. દુર્યોધન તમને વનવાસ આપે તો હસ્તિનાપુરની પ્રજા બિચારી રડતી રડતી તમારી પાછળ ખેંચાય; દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચાય ત્યારે રાજ્યના બધા દીન મુખે જોઈ રહે; તમે દ્વૈતવનમાં જાઓ ત્યારે બ્રાહ્મણો બિચારા અગ્નિહોત્રો લઈને સાથે આવે. પરંતુ પોતાના મનની માન્યતાઓ જાહેર કરવાનું બળ અમારા કોઈનામાં જ નહિ એટલે બધો અધર્મ ચાલ્યો. યુધિષ્ઠિર! દુર્યોધનને પોતાને પણ છેવટ સુધી ખબર ન પડી કે હૃદયથી આખી પ્રજા પાંડવોની સાથે છે! એ પણ ભુલવામાં જ હશે; નહિતર કોઈ પણ રાજાનો ભાર છે કે પ્રજાના જાહેર પોકારની અવગણના કરીને તખ્ત પર એક ઘડી પણ ટકી શકે? પ્રજાનો આવો જાહેર પોકાર, સત્તાનાં તમામ કામકાજ પર ગરુડની નજરથી જોવાની શક્તિ, અને સ્વતંત્ર વિચારને જાહેર કરવાની હિંમત; આ ત્રણ વસ્તુઓ આવે એટલે લગભગ તુમાખી રાજાઓ જખ મારે છે. તારા રાજ્યમાં બીજું જે થવાનું હોય તે થાય, પણ આખા દેશનાં બાળકોને તેમ જ યુવાનોને આની કેળવણી મળે એવી યોજના જરૂર કરજે. ઋષિમુનિઓના આશ્રમોમાં પણ આ નવું તત્ત્વ ઉમેરવાની ખાસ જરૂર છે. એ આશ્રમોમાં ગુરુસેવાના મુદ્દાના તત્ત્વની સાથે આ નીડરતાનું તત્ત્વ ઉમેરાશે તો આશ્રમોના જીવનમાં પણ નવું તેજ આવશે, ને ભારતની પ્રજા આ યુદ્ધને અંતે તવાઈને સુવર્ણ સરખી ક્રાંતિમાન બની બહાર આવશે.’

‘અવશ્ય મહારાજ! આપણી આખી પ્રજામાં આ તત્ત્વનો પ્રચાર કરવા હું મારાથી બનતું સઘળું કરી છૂટીશ.’ યુધિષ્ઠિર બોલ્યા.

‘હવે ત્રીજી વાત. આખાયે ભારતવર્ષમાં આજે અનેક જાતિઓ છે: નાગો, દાનવો, રાક્ષસો, ભૂતો, આર્યો, વાનરો, દેવો વગેર વગેરે. આ બધી જાતિઓ એકબીજાથી જીવનમાં અનેક રીતે ભિન્ન છે. આ લોકોની ભિન્નતા મને ગમે છે, કારણ કે એવી ભિન્નતામાં જ તેમનો પ્રાણ છે. પણ આ બધી જાતો પોતાનું જુદાપણું કદી જ ભૂલતી નથી, અને દેશ

આખાનો પ્રશ્ન આવે ત્યારે પણ એ જુદાપણાના ધોરણે જ વિચાર કરે છે, એ ઠીક નથી. આ યુદ્ધે આવી ઘણી જાતોને એકબીજાના સમાગમમાં આણી છે; એ લોકો એકબીજાને ઓળખતા થયા છે, અને જુદાઈની દીવાલો તેટલી પણ તૂટી હશે જ; પણ હજી વધારે તૂટવાની જરૂર છે. તક્ષક ભલે સર્પ જાતિના રહ્યાં; પણ એ ભારતવાસી પણ છે એ વિચાર એમના લોહીમાં પણ ઊતરી જવો જોઈએ. અલંબુષ રાક્ષસ હતો તોપણ એ ભારતવાસી હતો એમ તો આપણને લાગવું જ જોઈએ. ભારતમાતાની આવી જીવતીજાગતી ભાવના આખા દેશના એક છેડાથી બીજા છેડા સુધી પ્રસરી જવી જોઈએ, અને તારો ચક્રવર્તી રથ જ્યાં જ્યાં ફરે ત્યાં ત્યાં બેધે એ ભાવના ફેલાય એમ થવું જોઈએ.' ભીષ્મ બોલ્યા.

'પિતામહ! જરૂર તેમ કરીશ. આગળ ચલાવો.' યુધિષ્ઠિર બોલ્યા.

'આવી વોત ઘણી થઈ શકે; ને હું જીવતો પડ્યો છું ત્યાં સુધી આપણે કર્યા જ કરીશું. આજે તો આટલું બસ કરીએ.' ભીષ્મ બોલ્યા.

'પિતામહ! આપે આજે મારા ઉપર મોટો ઉપકાર કર્યો. આવા ઉપકારનો તો યુધિષ્ઠિર રોજ ભૂખ્યો જ છે એમ સમજશો.' યુધિષ્ઠિરે જણાવ્યું.

'યુધિષ્ઠિર! આજે હવે મને શ્વાસ ચડવા લાગ્યો છે. હવે વળી કોઈ બીજે વખતે. હજી તો દ્રવ્ય, વેપાર, ખેતી, બ્રાહ્મણો, રાજ્યતંત્ર, કરવેરા, એવી એવી ઘણી વાતો બાકી છે અને દેશના ગરીબ લોકોનો પ્રશ્ન તો મેં હજી ક્યાં છેડ્યો જ છે?' ભીષ્મ બોલ્યા.

'પિતામહ! ભલે. આજે બંધ કરો. હું આપને દુ:ખી કરવા માગતો નથી.' યુધિષ્ઠિર બોલ્યા ને ભીષ્મને પવન નાખવા લાગ્યા.

જીવનને છેલ્લે આરે

'મહારાજ!' અર્જુને જણાવ્યું, મારી શરમનો તો પાર જ ન રહ્યો.'

યુધિષ્ઠિર એક મોટા સિંહાસન ઉપર બેઠા હતા તે ત્યાંથી ઊતરીને અર્જુનની પાસેના એક કોચ પર બેઠા અને બોલ્યા: 'વહાલા ભાઈ! તું કહે છે તે ઝટ માની શકાય તેવું નથી.'

'મોટાભાઈ! માનો કે ન માનો.' અર્જુને કહ્યું, 'આનું આ મારું ગાંડીવ. આનાં આ મારા ભાથા, આના આ અર્જુનના બન્ને હાથ; આ જ ઘોડાનું ચામડું બાંધવાનો અંગૂઠો! એ બધાં ત્યાં નિષ્ફળ ગયાં ને હાથમાં લાકડીઓ ફેરવતા એ કાબાઓએ મને રીતસર લૂંટ્યો.'

'અર્જુન!' યુધિષ્ઠિર આશ્ચર્યભરી આંખોથી સામે જોતા બોલ્યા, 'અર્જુન! શ્રીકૃષ્ણ આપણને જે કહેતા હતા તે કાળ જ આ. આનું જ નામ કાળ. વહાલા ભાઈ! દુર્યોધનની સાથે લડતી વખતે આપણે દેશભરમાં જે યુદ્ધનું વાતાવરણ જમાવ્યું તેનાં મોજાં ઠેઠ દ્વારકા સુધી પહોંચ્યાં. ભગવાન વ્યાસે મને એક વાર કહેતા હતા કે જગતમાં વેરઝેરનાં મોજાં ગતિમાં મૂક્યાં પછી તેને રોકવાં બહુ આકરાં છે. આપણાં વેરઝેર કુરુક્ષેત્રમાં ઊગ્યાં અને ઠેઠ દ્વારકામાં પણ ઊગ્યાં!'

'મોટાભાઈ! તમે કહો છો તે બરાબર છે. હું દ્વારકા ગયો પણ ત્યાં તો બધું પડીને પાધર થયું છે. સુભદ્રાને પરણ્યો ત્યારે જે દ્વારકા હતી એ દ્વારકા જ નહિ! યાદવો બધા દારૂ પીને મુશળોથી લડ્યા અને આખા યાદવકુળનો નાશ થયો!'

'એ જ કાળ!' યુધિષ્ઠિર બોલ્યા. 'શ્રીકૃષ્ણ પણ એટલે જ પ્રભાસમાં પોઢ્યા અને દેહનો ત્યાગ કર્યો.'

'મોટાભાઈ! હું તો એમને ભૂલી શકતો જ નથી. દ્વારકા એમની સ્ત્રીઓને લેવા ગયો

ત્યાં મહેલ સ્મશાન જેવો લાગ્યો. રાત્રે સૂતો ત્યાં જાણે શ્રીકૃષ્ણ મારો રથ હાંકે છે, હું રથમાં પડ્યો છું અને રથનું પૈડું લઈને ભીષ્મ સામા દોડ્યા આવે છે! પણ જાગીને જોઉં છું ત્યાં તો રથ પણ નહિ અને શ્રીકૃષ્ણ પણ નહિ. મોટાભાઈ! શ્રીકૃષ્ણ વિના આ જીવતર જ લૂખું લાગે છે.' અર્જુન ગળગળો થઈ ગયો.

'અમને પણ જો એમ જ લાગે છે તો તને લાગે તેમાં નવાઈ જ શી?' યુધિષ્ઠિર બોલ્યા, 'તારો અને શ્રીકૃષ્ણનો તો એક જ જીવ; ખોળિયાં જુદાં એટલું જ.'

'મોટાભાઈ! એ એમની મોટાઈ. આજે શ્રીકૃષ્ણ નથી ત્યારે એ મોટાઈ સમજાય છે એટલાં મારાં દુર્ભાગ્ય છે.' અર્જુન બોલ્યા, 'મોટાભાઈ! શ્રીકૃષ્ણ મારા તમારા જેવા બે હાથ અને બે પગ લઈને આવ્યા એટલે આપણે એમને મનુષ્ય જ જાણ્યા, અને વ્યવહાર પણ એવો જ કર્યો. મોટાભાઈ! એમની પ્રભુતાની ઝાંખી તો ઘણી વાર કરી, પણ મૂઢ એવો હું તરત જ ભૂલી જાઉં અને શ્રીકૃષ્ણને સખા જ દેખું. માણસ ખરેખર પામર છે કે પ્રભુતા જોવા માટે ચાર હાથની જ અપેક્ષા રાખતો ફરે છે.'

'ભાઈ અર્જુન!' યુધિષ્ઠિર બોલ્યા, 'ઈશ્વરના સઘળા અવતારો પોતાના કાળમાં તો ભાગ્યે જ ઓળખાય છે, બાકી તો એમના નસીબે દુ:ખ અને નિંદા જ હોય છે. શ્રીકૃષ્ણને પણ કેટલા લોકો ધુતારા કહેતા? જરાસંધે અને શિશુપાળે કાંઈ બાકી રાખી હતી? અને દુર્યોધન? દુર્યોધને તો શ્રીકૃષ્ણને કેદ કરવાની પણ તૈયારી કરી હતી ના?'

'પણ ખુદ આપણે પણ તેમને બરાબર ઓળખી ન શક્યા એ નવાઈ છે!' અર્જુન બોલ્યો.

'અર્જુન!' યુધિષ્ઠિરે જણાવ્યું, 'ન માનતો કે કુરુક્ષેત્રનું યુદ્ધ આપણે જીત્યા છીએ. એ તો શ્રીકૃષ્ણના પ્રતાપ. નહિતર ભીષ્મ અને દ્રોણ જેવાઓ એક દિવસમાં આપણો સંહાર કરી નાખે!'

'એમ જ છે, મોટાભાઈ! જુઓ ને, આ જ મારું ગાંડીવ! આજે હાથમાં ખેતરના બરુની જેવું પડ્યું રહ્યું ના!' અર્જુન બોલ્યો.

'અર્જુન!' યુધિષ્ઠિરે કહ્યું, 'એવા શ્રીકૃષ્ણના કુળનેય કાળ ખાઈ ગયો; તે હવે આપણે ચેતવું ઘટે છે. ગાંડીવધારી અર્જુનનું ગાંડીવ હાથમાં રહી જાય ને કાબા શ્રીકૃષ્ણની સ્ત્રીઓને લઈને નાસી જાય, ત્યારે જાણવું કે આપણો વખત પણ ભરાઈ ચૂક્યો છે!'

'મને પણ એમ જ દેખાય છે.' અર્જુન બોલ્યો.

'આપણાં વાવેલાં વેરઝેર જગતમાં સળગી ઊઠ્યા છે.' યુધિષ્ઠિર બોલ્યા, 'કલિયુગનો પ્રભાવ ચારે બાજુ ફેલાતો જાય છે. આપણું અવતારકૃત્ય પુરું થયું હોય એમ આપણાં શસ્ત્રો આપણને છોડતાં જાય છે; છતાં આપણે ન ચેતીએ તો ક્યારે ચેતશું?'

અર્જુન વિચારમાં પડી ગયો, અને થોડી વાર પછી બોલયો: 'મહારાજ! તમે કહો છો તે મને પણ સાચું લાગે છે.'

'મને તો આજે સ્પષ્ટ દેખાય છે. હવે જગતમાં આપણું જીવતર નિરર્થક છે. પોતાનું જીવિત નિરર્થક જણાય છતાં જે લોકો દેહને વળગી પડ્યા રહે છે તે લોકોને, મહાસાગર જેમ ઓવાળના લાકડાને કિનારે કાઢી નાખે તેમ, નવી દુનિયા કિનારે કાઢી નાખે છે. અને ત્યાં પડ્યા પડ્યા તેઓ કોહી જાય છે.' યુધિષ્ઠિર બોલ્યા, 'અર્જુન! જીવતરના કિનારા પર આ પ્રમાણે પડ્યા પડ્યા સડી જવું તેના કરતાં બહેતર નથી કે સંસારને છોડીને નીકળી પડવું અને જીવનના ધ્યેયની શોધમાં ને શોધમાં દેહને પાડી નાખવો?'

'મહારાજ!' અર્જુન બોલ્યા, 'મને તો હવે આ જીવતર ગમતું જ નથી, હસ્તિનાપુર તો દીઠુંયે નથી ગમતું. મન તો કોઈ અગમ્ય પ્રદેશમાં જઈને કાંઈક ખોળવા માગતું હોય એમ

વલખાં માર્યા જ કરે છે.'

'તો અર્જુન! હવે પરીક્ષિત મોટો થયો છે. આ મુગટ તેના માથા પર મૂકીને હું ચાલી નીકળું.' યુધિષ્ઠિર બોલ્યા, 'ભીમસેનને વાત કરી લેવી પડશે ના?'

'અરે, ભીમસેન તો ક્યારનો જીવતરથી કંટાળ્યો છે. એ તો કહેતો હતો કે કશુંયે નહિ સૂઝે તો કોઈક દિવસ આપઘાત થઈ જશે.' અર્જુન બોલ્યો.

'તો દ્રૌપદી તો તૈયાર જ છે.' યુધિષ્ઠિર બોલ્યા.

'નકુળ-સહદેવનું પણ એમ જ છે.' અર્જુન કહ્યું, 'તમે બધી આજ્ઞા આપો એટલી વાર.'

* * *

પાંચ પાંડવો, છઠ્ઠી દ્રૌપદી અને સાતમો એક કૂતરો હસ્તિનાપુરમાંથી નીકળ્યાં અને ઉત્તરમાં હિમાલય તરફ ચાલ્યાં. રસ્તામાં દ્રૌપદી પડી, નકુળ પડ્યો, સહદેવ પડ્યો, અર્જુન પડ્યો અને ભીમસેન પણ પડ્યો. પડ્યાં તે દરેક જણના દેહ પર એક એક ઊનું આંસુ પાડતા ધર્મરાજ યુધિષ્ઠિર તો આગળ જ ચાલ્યા. હિમાલયનાં હિમાચ્છાદિત શિખરો તેમને બોલાવતાં હતાં. પેલો કૂતરો પણ તેમની પાછળ ચાલ્યો જતો હતો.

હિમાલયમાં ઘણે દૂર નીકળી ગયા ત્યાં એક રમણીય સ્થળ પાસે દેવરાજ ઈંદ્ર વિમાન લઈને તેમને તેડવા માટે આવ્યા હતા.

'મહારાજ યુધિષ્ઠિર! આ વિમાન તમારા માટે છે. સ્વર્ગમાં દેવો તમારી રાહ જુએ છે, માટે સત્વર આ વિમાનમાં બેસો.' એમ કહી દેવરાજે તેમને વિમાનમાં બેસવા નોતર્યા.

'દેવરાજ!' યુધિષ્ઠિર વંદન કરતાં બોલ્યા, 'વંદન કરું છું. આ કૂતરાને પેલો બેસારો એટલી વારમાં હું પણ બેસું છું.'

'યુધિષ્ઠિર!' ઇન્દ્રે તરત કહ્યું, 'કૂતરાઓને સ્વર્ગમાં આવવાનો અધિકાર નથી એટલે આને વિમાનમાં લઈ નહિ શકાય. આપ એકલા આવો.'

યુધિષ્ઠિરે તરત જ કડકાઈથી જવાબ વાળ્યો: 'તો દેવરાજ ઇંદ્ર! એ વિમાનને પાછું લઈ જાઓ. આ કૂતરાને છોડીને હું વિમાનમાં આવી શકતો નથી.'

'રાજન્! આ શું બોલો છો? દેવો બધા તમારાં દર્શનની રાહ જોઈ બેઠા છે. ભીમસેન અને અર્જુન જેવા ભાઈઓને તમે છોડ્યા. પાંચાલી જેવી પત્નીને છોડી, ને એક કૂતરાને નથી છોડી શકતા?' ઇંદ્રે કહ્યું.

'દેવેન્દ્ર! જો ભીમ-અર્જુન જેવા ભાઈઓને છોડી શકું અને પાંચાલી જેવી ધર્મપત્નીનેય છોડી શકું, તો આપના સ્વર્ગને કેમ છોડી ન શકું?' યુધિષ્ઠિર બોલ્યા. 'ભીમ, અર્જુન અને પાંચાલીને મેં છોડ્યાં નથી; તેઓને છૂટવું પડ્યું છે. આ કૂતરો ઠેઠ હસ્તિનાપુરથી અમારી સાથે છે એટલે હું એને છોડી શકતો નથી.'

'રાજન્!' ઇંદ્ર ફરીથી બોલ્યા, 'આવા નજીવા પ્રાણીને ખાતર તમે સ્વર્ગમાં આવવાની અમૂલ્ય તક ગુમાવો છો તેમાં કેટલું ડહાપણ છે તેનો વિચાર કરજો.'

'દેવરાજ!' યુધિષ્ઠિર બોલ્યા, 'આ કાંઈ નજીવા પ્રાણીનો સવાલ નથી પણ મારી ટેકનો સવાલ છે. બાકી સ્વર્ગમાં આવવાની અમૂલ્ય તક હું ગુમાવું છું એમ કહેવાનો કશોય અર્થ નથી. ઇંદ્રદેવ! આજથી વીશપચીશ વર્ષ ઉપર તમે મને આ પ્રમાણે કહ્યું હોત તો તો હજી વિચાર કરત. એ વખતે મારો ધર્મ મેં શાસ્ત્રોમાંથી અને સત્પુરુષો પાસેથી નક્કી કર્યો હતો. ત્યાર પછી તો હસ્તિનાપુરના સિંહાસન ઉપર મારા જીવનને મેં સરાણ પર ચડાવ લીધું, અને મારા ધર્મને અને જીવનને નવો ઓપ ચડાવ્યો. દેવરાજ! એક દિવસ એવો હતો કે

જ્યારે સ્વર્ગ મને આકર્ષી શકતું; અને સ્વર્ગ ન મળે તો હું દુ:ખી થાઉં એવી સ્થિતિ હતી. આજ હવે સ્વર્ગ તો મારા અંતરમાં બેઠું છે, તમારું સ્વર્ગ મને મળે ન મળે તેની પરવા મને નથી રહી. એક દિવસ એવો હતો કે જ્યારે સ્વર્ગની શોધ માટે હું ફાંફાં મારતો અને તમારા જેવા કેટલાયે દેવોને પૂજતો. દેવેન્દ્ર! આજે હવે યુધિષ્ઠિર બહાર ફાંફાં મારતો બંધ થયો છે અને સ્વર્ગને તેમ જ મોક્ષને અંદર શોધે છે. એટલે દેવરાજ! આપ સુખેથી પધારો. આ યુધિષ્ઠિર અને એનો કૂતરો પોતાનું ફોડી લેશે.'

'તો તમને લીધા વિના જ જાઉં?' ઇંદ્રે પૂછ્યું.

'એ તમારો સવાલ છે. હું કૂતરા વિના એકલો આવવાનો નથી એ ચોક્કસ છે.' યુધિષ્ઠિર બોલ્યા. 'દેવરાજ! મને માફ કરશો. તમે મને લીધા વિના જશો તોયે ફરીથી આવવું પડશે એમ હું માનું છું. તમે મને સ્વર્ગમાં લઈ જાઓ છો કારણ કે મારી આંતર તૈયારી એ લોકમાં આવવાની થઈ ગઈ છે. અને એમ જ છે, તો માફ કરજો, દેવરાજ! તમારી મગદૂર નથી કે મારા એ આંતર અધિકારને તમે છીનવી લઈ શકો. સ્વર્ગાદિ એ તમારી મહેરબાનીનું ફળ નથી પણ મારા અધિકારનું અને ઈશ્વરની કૃપાનું ફળ છે. એટલે એ મારી પાસેથી ઝૂંટવી લેવાની કોઈની તાકાત નથી. પરંતુ તેમ છતાંયે જો ઝૂંટવી શકતા હો તો મને કશું દુ:ખ નથી. આજે મારા આ સાથીની ખાતર સ્વર્ગ જતું કરવામાં જે આનંદ છે તે સ્વર્ગમાં પણ હોઈ ન શકે.' યુધિષ્ઠિરે પરખાવી દીધું અને કૂતરા સામે વળીને જુએ છે ત્યાં તો કૂતરાને બદલે સાક્ષાત્ ધર્મરાજ ખડા હતા!

યુધિષ્ઠિર હજુ બોલતા હતા ત્યાં તેમના પર આકાશમાંથી પુષ્ટવૃષ્ટિ થઈ, હજારો વિમાનો આકાશમાં ઊડવા લાગ્યાં અને ધીર ગંભીર અવાજે ધર્મરાજાએ શરૂ કર્યું: 'બેટા યુધિષ્ઠિર! હું ધર્મરાજા છું – હું તારો પિતા. તેં તારા જીવનમાં ધર્મને જીવી બતાવ્યો છે એટલે તારા પર પ્રસન્ન થયો છું. હું જાણું છું કે માણસ કોઈ સંપૂર્ણ નથી હોતો. હું જાણું કે તેં પણ તારા જીવનમાં ધર્માધર્મના નિર્ણયમાં કેટલીયે વાર ગોથાં ખાધાં છે. પણ વહાલા પુત્ર! હસ્તિનાપુરની ગાદી પરથી તને જે ધર્મદર્શન થયું તે પહેલાં કદી થયું ન હતું. એ પહેલાં તું ધર્મરાજ તો હતો જ, પણ ચક્રવર્તી થયા પછી તો તારો ધર્મ એ શાસ્ત્રોનો ધર્મ મટીને સ્વાનુભવનો થયો. હસ્તિનાપુરના રાજ્યે તારા જીવનનું કેન્દ્રસ્થાન બહાર દેખાતું હતું તે તને અંદર દેખાડ્યું. અને માનવ માત્રના હૃદયમાં રહેલા એક પરમ ધર્મને તું સાચોસાચ ઓળખતો થયો. બેટા! ચાલ, સ્વર્ગ એ તારા પર કોઈની કૃપા નથી પણ તારો હક્ક છે.'

'ધર્મરાજા! એનો તો સ્વર્ગ જતું કરવું છે!' ઇંદ્ર બોલ્યા.

'દેવરાજ! જેના ખિસ્સામાં સ્વર્ગ ક્યારનું પડી ચૂક્યું હોય તેને આપણે બિવડાવીને શી રીતે વશ કરવાના હતા? આપણે તો બીકણ લોકોના દેવો. આપણું બળ માનવીઓની બીક ઉપર છે; પણ જેણે ધર્મનું તળ તપાસી લીધું હોય તે આપણાથી કે સ્વયં ઈશ્વરથીયે શા માટે બીએ? એનો ધર્મ એ તો આત્માની એક જાતની ભૂખ; એ ભૂખની તૃપ્તિને અર્થે કહો કે પરમાત્માપ્રીત્યર્થે કહો; મનુષ્ય ધર્મનું સેવન કરે છે. આવા ધર્મપાલનમાં આત્મતૃપ્તિ સિવાય બીજો કશો સ્વાર્થ હોતો નથી. યુધિષ્ઠિર પણ આવા જ કારણથી તમારી ધમકીને વશ ન થાય એ સહજ છે.' ધર્મરાજાએ ખુલાસો કર્યો.

અને ત્રણે જણ વિમાનમાં બેસીને સ્વર્ગે સિધાવ્યા.

ભીમસેન

લાક્ષાગૃહ

‘ઊભો રહે દુષ્ટ! ઊભો રહે. હમણાં તારી વલે કરું છું!’ વારણાવતના રાજમહેલના પલંગ પર પડ્યો પડ્યો ભીમસેન લવતો હતો.

‘કેમ, બેટા ભીમ! શું છે?’ માતા કુંતીએ ઊઠીને તેના શરીર પર હાથ ફેરવ્યો.

કુંતીના હાથનો સ્પર્શ થતાં જ ભીમસેન ઝબકી ઊઠ્યો અને કુંતી સામે એકનજરે જોવા લાગ્યો.

‘બેટા! શું છે?’

‘માડી! કોણ, તું છે કે?’ કહેતો ભીમ કુંતીને ગળે બાઝી પડ્યો.

‘કેમ, શું હતું? તું ઝબકી કેમ ગયો?’

‘એ તો અમસ્તો; મને એક સ્વપ્નું આવ્યું. કોઈ એક રાક્ષસ તને અને મોટાભાઈને ઉઠાવી જતો હતો એટલે હું તેની પાછળ પડ્યો હતો.’

‘હું તો આ રહી, તારી પાસે!’

‘પણ મોટાભાઈ ક્યાં?’

‘જો ત્યાં, કાંઈ ઊંડા વિચારમાં પડ્યો હોય એમ બેઠો છે.’

‘પણ બા! સાચું કહી દઉં? આપણે હવે આ મહેલમાં નથી રહેવું. દસ દિવસ વારણાવત ગામમાં રહ્યાં ત્યારે દિવસો ક્યાં ગયા તેની ખબર નથી પડી. આ મહેલમાં આવ્યા ત્યારથી એક પણ રાત સ્વપ્ન વિનાની નથી ગઈ.’ ભીમે પલંગમાં બેઠો થયો.

‘સ્થાનફેર થાય ત્યારે ઘણી વાર આવું થાય છે.’ કુંતી બોલી.

‘સ્થાનફેર શું? આ મહેલમાં કંઈક એવી દુર્ગંધ આવે છે કે માથું સડી જાય! આમ ત્યારે મહેલ તદ્દન નવેનવો છે; સગવડની કશી ખામી નથી; પણ કોઈ એવી ચિત્રવિચિત્ર દુર્ગંધ આવે છે કે જીવને ચેન જ ન પડે. કોણ જાણે ક્યાંથી આવે છે!’ ભીમ મોં બગાડ્યું.

‘પુરોચન તો કહેતો હતો કે મહેલની ભીંતો હજી તાજી છે અને રંગરોગાન પણ સુકાયા નથી; એટલે દુર્ગંધ આવે છે. થોડા દિવસ પછી ગંધબંધ કશુંયે નહિ રહે.’ કુંતીએ ભીમના વાળ ઠીક કરતાં જણાવ્યું.

‘પણ માડી! વિચિત્ર વાત તો એ છે કે જ્યારે પુરોચન મારી પાસે આવે છે ત્યારે આ દુર્ગંધ વધારે આવે છે.’ ભીમ બોલ્યો.

‘બેટા! એવું તે શું બોલતો હોઈશ! એ બાપડો આપણી તહેનાતમાં ખડે પગે ઊભો રહે છે, તે નથી જોતો?’ કુંતીએ ભીમને કપાળે હાથ ફેરવતાં કહ્યું.

‘બા!’ યુધિષ્ઠિર વિચારમાંથી ઝબકીને જાગ્યા હોય તેમ બોલ્યા, ‘બા! ભીમસેન ઠીક કહે છે. શાસ્ત્રમાં લખ્યું છે કે જેમ પદાર્થોમાં ગંધ હોય છે, તેમ માનવીઓમાં પણ ગંધ હોય

છે.'

'બળ્યું તમારું શાસ્ત્ર! માણસ અમસ્તો અમસ્તો તે ગંધાતો હશે? ભીમ! તું ગાંડો જ રહ્યો. દુર્યોધને લાડુમાં ઝેર ભેળવ્યું તે વખતે એ ઝેરની ગંધ તને ન આવી, અને પુરોચન તને ગંધાય છે? તારા નાકમાં તો શુંયે ભર્યું છે!' કુંતીએ ભીમનાં નસકોરાં પંપાળતાં પંપાળતાં કહ્યું.

'માડી! તું માન કે ન માન, ઝેરના લાડુ જમવા બેઠો તે વખતે મારા જીવને અંદરથી જેવી સૂગ ચડતી હતી, તેવી જ અંદરની સૂગ આ મહેલમાં આપણે આવ્યા ત્યારથી મને ચડે છે.' ભીમ બોલ્યો.

'એ તો અમસ્તું. લે, આ સહદેવ આવ્યો. કેમ, કાંઈ સમાચાર?' કુંતીએ પૂછ્યું.

'હસ્તિનાપુરથી એક માણસ આવ્યો છે તે મોટાભાઈને મળવા માગે છે.' સહદેવ બોલ્યો.

'કોણે મોકલ્યો છે?' ભીમે પૂછ્યું.

'એ તો કહે છે કે મને મહાત્મા વિદુરે મોકલ્યો છે.' સહદેવે કહ્યું.

'વારુ, એને અહીં મોકલ. અર્જુન શું કરે છે?' યુધિષ્ઠિર બોલ્યા.

'શંકરના મેળામાં થોડુંએક જોવાનું બાકી રહી ગયું હતું તે જોવા માટે નકુળની સાથે ક્યારના ગયા છે.' સહદેવ જવાબ વાળી ચાલતો થયો.

સહદેવના ગયા પછી થોડી વારે વિદુરે મોકલેલ માણસ આવ્યો.

'કેમ ભાઈ! ક્યાંથી આવો છો?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'હસ્તિનાપુરથી મહારાજ!'

'તમને કાકા વિદુરે જ મોકલ્યા છે?'

'હા, મહારાજ!'

'તમને કાકા વિદુરે જ મોકલ્યા છે અને અમારા કોઈ દુશ્મને નથી મોકલ્યા તેની શી ખાતરી?' ભીમે આવેલા માણસની નજરે નજર મેળવતાં કહ્યું.

'ખાતરી છે. આપ સૌ હસ્તિનાપુરમાંથી ચાલ્યાં તે વખતે મહાત્મા વિદુરે યુધિષ્ઠિરને એક ગુપ્ત વાત કહી હતી તેની નિશાની મને વિદુરજીએ આપી છે.' માણસે બેધડક જવાબ વાળ્યો.

'મોટાભાઈ! કઈ ગુપ્ત વાત હતી?' ભીમે પૂછ્યું.

'એ વાતનો વખત થયો છે?' યુધિષ્ઠિરે ચિંતાતુર થઈને આવનારાને પ્રશ્ન કર્યો.

'હા, મહારાજ! એ આપત્તિનો વખત હવે ભરાઈ ગયો છે.' પેલા માણસે ગંભીર ચહેરે કહ્યું.

'વળી આપત્તિ?' કુંતી ગાભરી બની.

'મોટાભાઈ! કાકાએ શી વાત કરી છે? હું કાંઈ સમજી શકતો નથી.' ભીમ બોલ્યો.

'બા, ભીમસેન! લ્યો ત્યારે સાંભળો. આપણને જે આ મહેલમાં રાખ્યા છે તે મહેલની સાથે જ છયે જણાંને જીવતાં સળગાવી દેવાનો દુર્યોધનનો મનસૂબો છે.' યુધિષ્ઠિરે જણાવ્યું.

'બેટા યુધિષ્ઠિર! તું આ શું બોલે છે?' કુંતી બેબાકળી થઈ ગઈ.

'હું સાચું બોલું છું. આ મહેલની તમામ ભીંતો ઘી,તેલ, માંસ, રાળ, શણ, લાખ વગેરે સળગી ઊઠે એવા પદાર્થોથી ચણવામાં આવી છે.' યુધિષ્ઠિરે ચલાવ્યું.

'ત્યારે આ ભીંતો જ ગંધાય છે, એમ કહો ને!' ભીમ બોલ્યો.

'અને આપણને વિશ્વાસથી વશ કરીને જીવતાં સળગાવી દેવા માટે જ આ પુરોચનને

અહીં રાખ્યો છે.' યુધિષ્ઠિરે બાજી ઉઘાડી કરી.

'પીટ્યા પુરોચન! તારે તો દીકરીએય દીવો ન રહેજો!' કુંતીથી બોલી જવાયું.

'આ બધું આપણે હસ્તિનાપુરથી નીકળ્યાં ત્યારે વિદુરકાકાએ મને બીજા કોઈ ન સમજે તેવી ભાષામાં જણાવ્યું હતું.' યુધિષ્ઠિર વળી બોલ્યા.

'અને છતાંયે આપણે વારણાવતમાં આવ્યાં?' ભીમ ભભૂક્યા.

'ભાઈ ભીમસેન! બીજો માર્ગ જ ન હતો. હજી આપણને હસ્તિનાપુરમાં આવ્યાં કેટલાંક વર્ષો થયાં? રાજ્યનો ખજાનો આખો દુર્યોધનના હાથમાં; રાજ્યમાં આપણા પક્ષના માણસો બહુ જ થોડા; પિતામહ, દ્રોણ વગેરે આપણા પર ગમે તેવો પક્ષપાત રાખે છતાં જેનું અન્ન ખાય તેને જ આશીર્વાદ આપે. આવી સ્થિતિમાં વારણાવત ન આવ્યાં હોત તો ત્યાં હસ્તિનાપુરમાં જ દુર્યોધન છૂપી રીતે ઘાટ ઘડી નાખત!' યુધિષ્ઠિર દુ:ખી હૈયે બોલવા લાગ્યા.

ભીમસેનથી ન રહેવાયું: 'ત્યારે શું આપણે સદાય દુર્યોધનથી બીતા જ ફરવું? મોટાભાઈ! આ શું બોલો છો? મને જો આ વાતની પહેલેથી ખબર હોત તો હું અહીં આવત જ નહિ, પણ હસ્તિનાપુરમાં જ દુર્યોધન સાથે લડી લેત.'

'બેટા! જરા ધીરો થાજે. જે પાપીએ તને લાડુમાં ઝેર ખવરાવીને ગંગામાં ફેંકી દીધો, તે શું ન કરે? મેં તો તે દિવસે જ તારી આશા છોડી હતી.' કુંતી બોલી.

'પાંડુપુત્રો એમ સહેલાઈથી મરવા માટે જન્મ્યા છે?' ભીમ બોલ્યો.

'તમે જન્મ્યા છો તો મારી અનેક ઊછળતી આશાઓ પૂરવા માટે, બેટા! દુનિયામાં માતા છોકરાને નવ મહિના પેટમાં સંઘરે છે અને મોતનેય ભુલાવે તેવી પ્રસૂતિની પીડા વેઠે છે તે કેવી આશાથી વેઠતી હશે તેનું તમને પુરુષોને ભાન ન હોય! મને બરાબર યાદ છે, પુત્રનું મોઢું જોવા માટે મારા પિતા તલપાપડ થઈ રહ્યા હતા. હું તો તારી જનેતા. મારા આખાયે ખોળિયામાં એક જ થનગનાટ હતો અને તમે આવ્યા ત્યારે તમારા બાપને તો બત્રીશે કોઠે દીવા પ્રગટ્યા હતા!' કુંતી એ દિવસોને સંભારતી બોલવા લાગી.

'તો પછી, માડી! મને રજા આપ. હું આજે જ હસ્તિનાપુર જઈને દુર્યોધન સાથે લડી લઉં.'

'બેટા! એમ ઉતાવળો ન થા.' કુંતી બોલી.

'ભાઈ ભીમસેન! હમણાં કેટલોક વખત આપણે યુક્તિથી કામ લેવું પડશે.' યુધિષ્ઠિર ધીરેથી સમજાવવા લાગ્યા, 'થોડો સમય જશે અને આપણે બરાબર પગભર થઈશું.' પાંચદસ પ્રતાપી રાજાઓય આપણા પક્ષમાં આવશે. દ્રવ્યની પણ થોડીઘણી અનુકૂળતા થશે અને આપણે પોતાનો પ્રભાવ લોકોની અંદર જરા વધારે ઊંડો ઊતરશે, એટલે પછી આપણે જે કરવા ધારશું તે કરી શકશું. આ વિચારથી જ મેં તે દિવસે કાકા વિદુરનું કહેવું માન્ય રાખ્યું અને આપણે સૌ અહીં આવ્યાં.'

'તો તમે મોટા છો માટે વિચારીને યોગ્ય લાગે તેમ કરો.' ભીમે બંધ વાળ્યો.

ભીમને શાંત કરી યુધિષ્ઠિર પેલા આદમી તરફ વળ્યા. 'તો કહો, તમે અમને શી મદદ કરશો? વિદુરકાકાએ તમને શું કહ્યું છે?'

'મહાત્મા વિદુરનો મને હુકમ છે કે પુરોચન અંધારી ચૌદશની રાતે લાખના મહેલને સળગાવશે; માટે તે પહેલાં તું જઈને મહેલમાં એક મોટું ભોંયરું કરી રાખ. એ ભોંયરાનું એક મોઢું મહેલમાં રાખજે અને બીજું મોઢું ઠેઠ ગંગા નદીના કાંઠા પર આવે એમ કરજે.'

'બીજું મોઢું તો આવશે દુર્યોધનના મહેલની બરાબર વચ્ચે!' ભીમ બોલી ઊઠ્યા.

'ભીમસેન! શાંત થા. ભાઈ! તમે ભોંયરું તૈયાર કરવા માંડો. કેટલા દિવસ લાગશે?'

યુધિષ્ઠિરે પૂછ્યું.
'દસ દિવસ બસ છે.'
'આજથી જ કામ શરૂ કરો.'
'જેવી મહારાજની આજ્ઞા!' કહી માણસ ચાલતો થયો.
'બેટા યુધિષ્ઠિર! આ વાત સાંભળી છે ત્યારથી મારું હૈયું થરથરી રહ્યું છે. હજી તમારે નસીબે આવા કેટલા દિવસો લખ્યા હશે તેનો વિચાર કરું છું ત્યારે આંખે અંધારાં આવે છે. હું વસુદેવની બહેન ને પાંડુની રાણી. તમને લઈને અરણ્યમાંથી હસ્તિનાપુર આવવા નીકળી ત્યારે ઋષિમુનિએ તમને આશીર્વાદ આપ્યો કે આ પુત્રોના નસીબમાં ચક્રવર્તી રાજ્ય લખ્યું છે. આ ભીમ જ નાનો હતો ને એક વાર મારા ખોળામાંથી પડી ગયો ત્યારે નીચેની શિલાના ભુક્કા થઈ ગયા હતા! એ જ મારા બળવાન ભીમને આજે દુશ્મનથી બચવા માટે યુક્તિઓ શોધવી પડે એથી મારું હૈયું વીંધાય છે.' કુંતી ગળગળી બની ગઈ.
'અને આ નકુળ-સહદેવ!' કુંતીની આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. 'આના કરતાં તો હુંયે માદ્રીની માફક તારા બાપની પાછળ સિધાવી હોત તો કેવું સારું થાત! પણ મારા નસીબમાં જ આ બધું લખ્યું હશે.'
'મા, મા! આમ રડે છે શા માટે?' ભીમ દીન બની ગયો.
'રડું નહીં તો શું કરું? પોતાનાં બચ્ચાંઓને ફફડતાં દેખીને બિચારી મા રડે નહીં તો શું કરે?'
'મા! એમ છેક દીન ન થા. અમે તારી કૂખમાં આળોટ્યા છીએ, અમારી નસોમાં ક્ષત્રિયોનું લોહી વહે છે. આજની રાત આવતી કાલે સવાર થશે ને પૂર્વ દિશામાં નવપ્રભાતના રંગો ફૂટશે.' યુધિષ્ઠિર ઉત્સાહ લાવી બોલ્યા.
'માડી! રજા આપ તો આંબલીપીપળીની રમતમાં જેમ લીંબડા પરથી લીંબોડીઓ ખંખેરી નાખતો તેમ એ બધા ભાઈઓને ખંખેરી નાખું ને તારા ખોળામાં હસ્તિનાપુરનું રાજ્ય મૂકું.' ભીમથી ન રહેવાયુ.
'બેટા ભીમ! તને ખબર નથી તમે મારે પેટે અવતાર લીધો છે અને નાનપણથી જ અરણ્યોમાં ઋષિમુનિઓના સહવાસમાં ઊછર્યા છો, એટલે તમને કપટની ખબર નથી. હસ્તિનાપુરના એ ભવ્ય મહેલોની પાછળ રોજ કેટલાં કાળાંધોળાં રચાય છે તે જાણવું હોય તો જઈને પૂછ માતા ગંગાયમુનાને! એમનાં ઘેરાં નીર આ વાતના પુરાણા સાક્ષીઓ છે; માટે આજે તો જે રીતે બચાય તે રીતે બચવું એ જ માર્ગ છે.' કુંતી બોલી.
'તો પછી ભોંયરું તૈયાર થઈ જાય એટલે આપણે જ મહેલને ન સળગાવીએ?' યુધિષ્ઠિર બોલ્યા.
'સરસ, મોટાભાઈ! સરસ. હું આખા મહેલને આગ મૂકીશ અને પાપી પુરોચનને તો સૌ પહેલો સળગાવીશ!' ભીમ બોલ્યો.
'જરૂર. મહેલને સળગાવીને આપણે સૌ ભોંયરા વાટે નીકળી જઈશું. ત્યાં ગંગાના કાંઠા પર કાકા વિદુરે હોડી તૈયાર રાખી હશે તેમાં બેસીને આપણે ગંગાને સામે કાંઠે જઈશું.' યુધિષ્ઠિરે કહ્યું.
'હાશ! હવે જીવ કાંઈક હેઠો બેઠો.' કુંતી બોલી.
'તો ભીમ! હવે ભોંયરું બરાબર તૈયાર થાય તેનું ધ્યાન રાખજે ને ત્યાં સુધી આપણી વાતની કોઈને ખબર ન પડે એટલું ધ્યાન રાખજે.' યુધિષ્ઠિરે વાત પૂરી કરી.
ભીમસેન ભોંયરું પુરું થશે ત્યારે પોતે કેવી રીતે પુરોચનને સળગાવશે અને મહેલને આગ મૂકશે તેના મનસૂબા ઘડતો ઘડતો બગીચામાં ફરવા લાગ્યો, કુંતી રસોડામાં પોતાને

કામે લાગી અને યુધિષ્ઠિર મહારાજ નગરમાં અર્જુન તથા નકુળ ગયા હતા તેની પાછળ ગયા.

હિડિંબા રાક્ષસી

વારણાવતના લાખના મહેલને સળગાવીને પાંડવો તથા કુંતી ભોંયરા વાટે ગંગાના કાંઠે નીકળ્યાં અને ત્યાંથી હોડીમાં બેસીને સામે કિનારે પહોંચ્યાં. અહીંથી હવે તેમને જંગલોમાં પસાર થવાનું હતું.

એ જમાનામાં એ આખોય પ્રદેશ ગીચ ઝાડીથી ભરેલો હતો અને એ પ્રદેશ પર રાક્ષસોનું સામ્રાજ્ય હતું. રાક્ષસો આર્યોથી ભિન્ન જાતિના પણ મનુષ્યો જ હતા અને આપણા આર્યાવર્તના અનેક ભાગો પર તેઓ પથરાયેલા હતા.

પાંડવો આવા પ્રદેશથી તદ્દન અજાણ હતા; તેમને પોતાને ક્યાં જવું છે તેની સૂઝ ન હતી; ઘાટાં જંગલોના માર્ગોની તેમને જરાય માહિતી ન હતી. આવા ઘોર જંગલોમાં કોઈ જગાએ મોટા ખાડા તો કોઈ જગાએ મોટા ટેકરા; કોઈ જગાએ ઊજડ વેરાન તો કોઈ જગાએ સૂર્યનું કિરણ સરખું પ્રવેશ ન પામે એવી ગીચ ઝાડી; કોઈ જગાએ સુગંધી ફૂલો, તો કોઈ જગાએ મોટા મોટા કાંટા; કોઈ જગાએ મનોહર ઘાસ અને તેના પર ચરતાં હરણો, તો કોઈ જગાએ મોટાં મોટાં ઝાડોને ભરડો દઈ પડેલા લાંબા લાંબા અજગરો.

ચાલવામાં સૌથી આગળ ભીમસેન, તેની પાછળ યુધિષ્ઠિર અને કુંતી, તેમની પાછળ નકુળ-સહદેવની જોડી અને સૌથી પાછળ અર્જુન. રસ્તામાં ભૂલા પડે, ઝાંખરાંકાંટા આવે, મોટાં મોટાં ઝાડોની જામી ગયેલી દિવાલો આવે, પગે ઊઝરડા થાય, ઝાડોની દિવાલોને તોડતાં ભીમના સાથળ રાતચોળ થઈ જાય, થાક લાગે, કોઈ કોઈ વાર તરસથી ગળાં સુકાય, પરંતુ પાંડવો તો ભીમની પાછળ પાછળ ચાલ્યા જ જાય.

‘બેટા ભીમ! તું તો ચાલ્યો જ જાય છે,ચાલ્યો જ જાય છે. હવે તારા પગ દુ:ખવા આવ્યા હશે. જો, આ તારા સાથળ કેવા થઈ ગયા છે!’ કુંતી બોલી.

‘માડી! મારી ફિકર ન કર.’ તું ક્યારની ચાલે છે તો આવી જા મારા ખભા પર.’ ભીમ કુંતીને લેવા ઊભો રહ્યો.

‘મારે તો બેસવું નથી. ભોંયરામાંથી નીકળ્યા ત્યારે તારે ખભે બેઠી છું એ જીવન આખું નહીં ભૂલું. ખભા પર હું, કેડમાં બે તરફ બે ભાઈઓ અને બે ભાઈઓ બે હાથ અને તું વાયુવેગે દોડ્યો જાય: એ હું ભૂલી નથી ગઈ. એ તો હું તારી મા નહીં પણ તારી લેણદાર કે ખભા પરથી ઠેકીને નીચે ન ઊતરી!’ કુંતીની આંખ સહેજ ભીની થઈ.

‘માંડી! તારે દુ:ખી થવાનું કશું કારણ નથી. મને એમ થાક નથી લાગતો.’ ભીમે કહ્યું.

‘તને થાક શાનો લાગે! અમે બધાં માણસ, અમારે શરીર ને અમારે લોહીમાંસ, એટલે અમને થાક લાગે અને તું તો પથ્થરનો સરજાયેલો એટલે તને ન લાગે થાક, ન લાગે ભૂખ, ન લાગે તરસ, કશુંય તને ન લાગે!’ કુંતીએ જવાબ વાળ્યો.

‘બા! મારી વાત તો સાંભળ!’

‘લે સાંભળું છું, બોલ.’

‘થાક થાકમાં ફેર છે. જે વાત મનને જરાયે ગમતી ન હોય, છતાં કોઈક કારણને લીધે કરવી જ પડે તેનો થાક એક પ્રકારનો છે; બાક જે વાત મનને ગમતી હોય એટલું જ નહીં પણ જે વાત કરવાથી મનની અમુક જાતની ભૂખ તૃપ્ત થતી હોય તે કરવામાં થાક લાગતો

હોય તોપણ મન તેને થાક તરીકે સ્વીકારતું જ નથી. ઊલટું અવારનવાર એ જ વાત કરવા તરફ તે વળ્યા કરે છે.' ભીમસેન બોલ્યો.

'ભીમસેન! તું આવી ડાહી વાત કરતાં ક્યારે શીખ્યો? આ શાસ્ત્ર તને કોણે શીખવ્યું?' યુધિષ્ઠિર બોલ્યા.

'છેલ્લા પંદર દિવસથી પગ જંપ વાળીને બેઠા નથી એટલે શાસ્ત્ર તો એની મેળે ન ઊગે?' કુંતી બોલી.

'મોટાભાઈ! હું શાસ્ત્રબાસ્ત્રમાં કશું જ સમજું: પણ સાચું કહું છું; આ જંગલોમાં રખડવું, પાંચદસ માણસોને પીઠ પર ઊંચકી નાસવું, મોટાં મોટાં વૃક્ષોને જડમૂળથી ઉખેડવાં, ખાડાટેકરાઓ ઓળંગી જવા, જંગલમાં કાળી મેઘલી રાત સમસમતી હોય અને સિંહો ત્રાડ મારતા હોય ત્યારે નીડર થઈને ચાલ્યા જવું: આ બધામાં મને પોતાને ઓર આનંદ આવે છે અને એવા જ પ્રસંગોમાં મને જીવનભરનો સ્વાદ લાગે છે. માડી! સાચું માનીશ? આ દૂરના હિમાચ્છાદિત શિખરો તરફ નજર નાખું છું ત્યારે મને મનમાં તો કંઈ કંઈ થઈ જાય છે અને એ શિખરો કેમ જાણે મને બોલાવતાં ન હોય એમ હું તેમના તરફ ખેંચાઉં છું. તમે જ્યારે માનસરોવરની અને કુબેરના ગંધર્વોની વાતો કરો છો ત્યારે મારો જીવ તલપાપડ થઈ જાય છે અને હું ત્યાં ક્યારે જઈશ એવો જ વિચાર આવે છે. આ જંગલોમાં ક્યાંઈ મદોન્મત્ત હાથીઓ હોય તો મારું મન તેમની શોધમાં જ ફરે છે. રાત્રે તમે સૌ જ્યારે સૂઈ જાઓ છો ત્યારે હું ક્યારે જઈશ એવો જ વિચાર આવે છે. આ જંગલોમાં કયાંઈ મદોન્મત્ત હાથીઓ હોય તો મારું મન તેમની શોધમાં જ ફરે છે. રાત્રે તમે સૌ જ્યારે સૂઈ જાઓ છો ત્યારે હું જાગી જાઉં છું અને કોઈક ભયંકર રાક્ષસ આવી ચડે તો કેવું સારું એવા મનસૂબા કરું છું. તમને જેમાં દુ:ખ લાગે છે, તે જ મારા મનને આનંદના પ્રસંગો છે અને એવા પ્રસંગો વિનાનું સાદું સરળ સુખી જીવતર મને સાવ લૂખું જણાય છે. એટલે મા! મારા થાકનો વિચાર ન કરો.' ભીમે બન્નેને મહાત કર્યા હોય એમ હાસ્ય કર્યું.

'ભીમસેન! તારી વાત તો બરાબર છે, પણ બા હવે ખૂબ થાકી ગઈ છે અને નકુળ-સહદેવ પણ પાછળ પડી ગયા છે; માટે આપણે અહીં જ આરામ લઈએ.' યુધિષ્ઠિર બોલ્યા.

'બેટા! મને તરસ લાગી છે તો તું પાણી લઈ આવ.' કુંતી બોલી.

'મા! આ ઝાડ નીચે બેસો. અહીં સારસો બોલે છે એટલે કોઈ જળાશય નજીકમાં જ હોવું જોઈએ. હું પાણી લઈને હમણાં જ આવ્યો સમજો.'

ભીમ આટલું કહી પાણી લેવા ચાલ્યો અને ચાર ભાઈઓ તથા માતા કુંતી ઝાડ નીચે વિસામો લેવા બેઠાં.

* * *

જે વનમાં પાંડવો વિસામો ખાવા બેઠા હતા તે વન હિડિંબા નામની રાક્ષસીનું હતું. તે વનની પાસેનું બીજું જ વન તેના ભાઈ હિડિંબનું હતું. પાંડવો ઝાડ નીચે આરામ લેવા બેઠા ત્યારે હિડિંબ દૂરના એક ઝાડ પરથી તેમને જોતો હતો. પોતાના હાથવેંતમાં મનુષ્યો આવ્યાં એ વિચારથી તે તો રાજી રાજી થઈ ગયો અને હિડિંબાને કહેવા લાગ્યો: 'બહેન! તું જા, અને પેલા ઝાડ નીચે કોણ છે તેની તપાસ કરી આવ. મને ત્યાં માણસની ગંધ આવે છે અને મારા મોંમાંથી પાણી છૂટે છે. આજ કેટલાય દિવસોથી મને માણસનું લોહી તથા માંસ મળ્યાં નથી, એટલે આજે આપણે ધરાઈ ધરાઈને ખાઈશું. તું જા અને તપાસ કરી જલદી પાછી આવ.'

આ તરફ ભીમસેન સરોવર પાસે ગયો; ત્યાં જઈને પાણી પીધું, પાણીમાં પડ્યો, નાહ્યો, મહાલ્યો અને બીજાઓને માટે પાણી લઈને પાછો ફર્યો. આવીને જુએ છે તો મા તથા ચારેય ભાઈઓ ઘસઘસાટ ઊંઘે છે. ભીમે પાણી ઢાંકી રાખ્યું અને પાંચેયની ચોકી કરતો બેઠો.

એવામાં થોડે દૂર હિડિંબા દેખાઈ. હિડિંબાએ દૂરથી ભીમસેનને જોયો ત્યાં તે હલી ગઈ. ભીમસેનનું વજ્ર જેવું શરીર, હાથીની સૂંઢ જેવા તેના હાથ, તેની વિશાળ છાતી, મોટાં મોટાં વૃક્ષોને ઉથલાવી પાડે તેવા તેના સાથળો, તેની આંખોનું નૂર અને તેના આખાયે શરીરમાં ડોકિયાં કરતું નવયૌવન: આ બધાંએ હિડિંબા જેવી સ્ત્રીને મ્હાત કરી દીધી. હિડિંબાને શરીરે વસંત ઋતુ બેસી ગઈ હતી. તેના અવયવોમાં, તેની આંખમાં, તેના આખાયે મોં પર, તેની વાણીમાં, તેના હાવભાવમાં ફૂટતી જવાની દેખા દઈ રહી હતી. જવાનીને અનુરૂપ પહેરવેશ ધારણ કરી હિડિંબા આગળ આવીને બોલી: ‘અજાણ્યા માનવી! હું તમને ઓળખતી નથી, પરંતુ તમને જોઈને જ મારા આખાયે શરીરમાં કોઈ અજબ ફેરફાર મને લાગે છે. મારું આખુંયે શરીર તથા મન તમારા તરફ વેગથી ધસ્યાં આવે છે અને કોણ જાણે કેમ હું પરવશ બની ગઈ છું. તમે કૃપા કરી મને સ્વીકારો. હું આ વનની માલિક છું. તમને હું રાક્ષસોના ત્રાસથી બચાવીશ. મારી આ યાચના તમે જરૂર સ્વીકારો.’

આટલું બોલતાં બોલતાં હિડિંબાએ ભીમની સામે એક દૃષ્ટિ ફેંકી અને ભીમે પૂર્વે ન અનુભવેલો એવો કોઈ વિચિત્ર રોમાંચ અનુભવ્યો. બે ઘડી અસ્વસ્થતા અનુભવ્યા પછી ભીમે હિડિંબાની સામે મીટ મેળવી અને બોલવા જાય છે ત્યાં તો હિડિંબાની પાછળ હિડિંબ નજરે પડ્યો.

‘દુષ્ટ હિડિંબા! મેં તને આ લોકોની તપાસ કરવા મોકલી છે કે રૂપાળી થઈને આ જાડિયા સાથે વાતો કરવા? તેં આપણા રાક્ષસ કુળની લાજ લૂંટાવી છે. આપણે રાક્ષસો તો આવા આર્યોને કોળિયા કરી જઈએ. હવે તું હટી જા; હું આ લોકોને જોઈ લઉં છું. અલ્યા, એ જાડિયા! ચાલ, ચાલ, ઊભો થઈ જા. કાળે તને મારા માટે જ નિર્માણ કર્યો લાગે છે. આ ડોશીને જગાડીને તેની રજા લઈ લે. પછી તો એ લોકો પણ મારા પેટમાં પડવાનાં છે એમાં શક નથી.’ આમ બોલતાં બોલતાં હિડિંબે પોતાના માથાના રાતા વાળ ધુણાવ્યા અને પીળી આંખો ભીમની સામે ફાડી.

‘દુષ્ટ રાક્ષસ! તને તારો જીવ વહાલો હોય તો દૂર થા. તેં આજ સુધીમાં કેટલાયે આર્યોને પચાવી દીધા હશે તે જુદી વાત છે; પણ આ ભીમને પચાવવો મુશ્કેલ છે એમ સમજ. હિડિંબા! તારા બાપના વંશને સાચવવો હોય તો આ તારા આ ભાઈને સમજાવ, નહીંતર આજે એનો કાળ બોલે છે.’ ભીમ ત્રાડ મારી ઊભો થયો.

હિડિંબાએ ભાઈને ખભે હાથ મૂક્યો ને શરૂ કર્યું: ‘ભાઈ! તું ક્રોધ ન કર. તું મારી માનો જાયો ભાઈ છે. આ પુરુષ મારા અંતરનો સ્વામી થઈ ચૂક્યો છે. કુળપરંપરાગત લોહીના સંબંધોનાં બંધનો આવાં આંતરસંબંધો પાસે કેવાં તૂટી જાય છે તેની તને ખબર નથી. ભાઈ! હું તારે પગે પડીને માગું છું કે તું આ પુરુષને છેડ નહીં. ભલા સ્વામી! તમે મને પરવશ કરી મૂકી છે. મને કાંઈ કહેવાનો અધિકાર હોય તો એક જ છે કે આ મારા ભાઈને મારશો નહીં.’ હિડિંબા બોલી.

‘પણ આ તારો ભાઈ હાથે કરીને મોત માગી લે ત્યાં હું શું કરું? નહીંતર હું ક્યાં એને બોલાવવા ગયો હતો?’ ભીમે જવાબ વાળ્યો.

‘દુષ્ટા! તારી વાસના તને આટલી બધી બેવફા બનાવશે એવી મને ખબર હોત તો

પહેલાં તને મારીને જ હું અહીં આવત. હવે હટી જા. પહેલાં આ તારા અંતરના સ્વામીને રોળું, પછી તને જોઈ લઈશ.'

'ભાઈ, ભાઈ! નહીં જ માને? આ બહેનને એક આટલુંય નહીં આપે?' હિડિંબા કરગરવા લાગી.

'હટ્ હટ્ કાળુડી! હું તારો ભાઈ નથી. હિડિંબની બહેન આવી વેવલી ન હોય!' કહી હિડિંબે બહેનને એક હડસેલો માર્યો.

ભીમ અને હિડિંબનું યુદ્ધ ચાલ્યું.

યુદ્ધમાં કડાકા થતા હતા. વૃક્ષો એક પછી એક ભાંગતાં હતાં, મુક્કીના પ્રહારો એક પછી એક થયે જતા હતા; બૂમબરાડા ઉપરાઉપરી થતા હતા. બન્ને વીરો ઉપરનીચે ઉપરનીચે એમ પડતા-આખડતા, આળોટતા, ઊઠતા, દોડતા હતા. સાથળો સાથળો સાથે ઘસાતા હતા; છાતી છાતી સાથે કુટાતી હતી. એટલામાં અર્જુન જાગી ગયો અને જુએ છે તો થોડે દૂર ભીમ હિડિંબ સાથે યુદ્ધ કરે છે!

અર્જુને સૌને જગાડ્યાં અને બધાંને ચિંતા થવા લાગી. આ તરફ સાંજ પડવા આવી એટલે યુધિષ્ઠિરને થયું: સાંજ પહેલાં આ રાક્ષસ પડવો જોઈએ; નહીંતર સાંજે રાક્ષસોનું જોર વધે એટલે ભીમને આકરું પડે.

અર્જુન આગળ વધીને બોલ્યો: 'ભાઈ ભીમસેન! તું થાકી ગયો હોઈશ. લે, હું આવું.'

'અર્જુન! તારી કશી જરૂર નથી. હું એકલો જ બસ છું.'

એટલું બોલતાં જ ભીમે હિડિંબને પૃથ્વી ઉપર પટક્યો અને તેની કેડ પર પગ દબાવી શરીરને બેવડ વાળી ભાંગી નાખ્યું. હિડિંબ એક મોટી ચીસ પાડીને મરણ પામ્યો અને જંગલ આખું સૂમસામ થઈ રહ્યું.

હિડિંબને મારીને પાંડવો રસ્તે પડ્યા. હિડિંબા તેમની પાછળ પાછળ ચાલતી હતી. થોડુંક દૂર ગયા છતાં કોઈએ તેની સામે ન જોયું એટલે હિડિંબા જ બોલી: 'માજી! હું તમારી પાછળ પાછળ ચાલી આવું છું તે મને દેખો છો?'

'કોણ કહે છે ચાલી આવ! તું તારે તારા વનમાં રહે ને! મારા આ દીકરાને કેટલોય માર ખવરાવ્યો તે તો કહેતી નથી!' ધમકાવતી હોય એમ કુંતીએ કહ્યું.

'તમેય મને આ કહેશો? હું તમારા કહેવાથી આવતી નથી, પણ કોઈની ધક્કેલાયેલી આવું છું. મને તમારા આ પુત્રે જકડી લીધી છે. હું મનથી તેમને વરી ચૂકી છું.'

'ઓય મૂઈ! વરીયે ચૂકી? અલ્યા ભીમ! આ શું કહે છે?' કુંતી બોલી.

'તમે મારા જેવાં સ્ત્રી છો એટલે સમજી શકશો. જુવાનીમાં એ ધક્કો લાગે છે ત્યારે માણસ કેટલું રાંક અને નિર્લજ્જ બની જાય છે તેનો તમને કોઈક વાર તો અનુભવ થયો જ હશે. માટે માજી! મારી માગણી સ્વીકારો ને આ તમારા પુત્ર મને વરે એવું કાંઈ કરો. તમે કહેશો એટલી તમને મદદ કરીશ; રાક્ષસોથી તમને હું બચાવીશ. જ્યાં જવું હશે ત્યાં તમને સૌને હું લઈ જઈશ અને મારી આખી રિયાસત તમારે ચરણે મૂકીશ.' હિડિંબા બોલી.

'યુધિષ્ઠિર! કેમ કરશું?' કુંતીએ પૂછ્યું.

'મને દેખાય છે કે રાક્ષસી કામાર્ત છે. વળી આજે આપણે પક્ષ વિનાનાં છીએ, એટલે આવા રાક્ષસોની સાથે પણ સંબંધ બંધાયો હોય તો વખતે કામ લાગે.'

તરત જ કુંતી બોલી: 'પણ મારા ભીમ જેવો દીકરો આમ ને આમ રાક્ષસીને પરણાવી દઉં, એટલે હું તો પરવારી ચૂકી!'

હિડિંબા વચ્ચે જ બોલી ઊઠી, 'માજી! એમ ન માનો. અમે રાક્ષસ લોકો આર્ય

લોકોની માફક જીવનભરનાં લગ્નો જ કરીએ છીએ એમ નથી. અમારા શાસ્ત્રકારોએ કહ્યું છે કે સ્ત્રીને છોકરાંની વાસના હોવી સ્વાભાવિક છે, માટે એક છોકરું થાય ત્યાં સુધી લગ્નસંબંધ રાખીને પછી તે છૂટા થઈ શકે છે. હું પણ આવા જ લગ્નની ભૂખી છું. અમારું લગ્ન પુરું થયે તમારા પુત્રને તમારી પાસે હાજર કરીશ.'

'કેમ ભીમ! તારો શો વિચાર છે?' કુંતીએ પૂછ્યું.

'મને આવી ગાંડી ગાંડી લવારીમાં અને એના શાસ્ત્રમાં તો કશી સમજણ નથી પડતી; પણ તેની સાથે રહું તો જંગલમાં રખડાય, વિમાનોમાં ઉડાય. પર્વતોનાં શિખરો પર મહાલાય, સમુદ્રના તળિયા સુધી ડૂબકીઓ મરાય, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ સુધી પહોંચી જવાય, મોટા મોટા જ્વાળામુખીના મોઢામાં હાથ નાખી શકાય અને સામાન્ય મનુષ્યો વિચાર પણ ન કરી શકે તેવા પૃથ્વીના ગર્ભભાગોમાં પ્રવેશ થાય: આ બધા વિચારો આવે છે ત્યારે ઘડીભર થઈ જાય છે કે આ લહાવો પણ લઈ લઉં. પણ તમને આ ઘોર જંગલમાં એકલાં મૂકીને ભીમથી શી રીતે જવાય?' ભીમે જવાબ વાળ્યો.

'બા! ભીમને રજા આપો; એ ભલે હિડિંબાની સાથે લગ્ન કરે. જો, હિડિંબા! તારે દરરોજ આખો દિવસ ભીમ સાથે રહેવું અને સાંજ પહેલાં અમે જ્યાં હોઈએ ત્યાં એને પહોંચાડી જવો. રાક્ષસ પર વિશ્વાસ તો રાખી શકાય નહીં, છતાં તારા પર વિશ્વાસ મૂકીને આટલું કહું છું. જાઓ, તમારું કલ્યાણ થાઓ!' યુધિષ્ઠિરે આશીર્વાદ આપ્યા.

હિડિંબા કુંતીને અને યુધિષ્ઠિરને પગે પડી અને બોલી: 'પ્રભુ તમારું ભલું કરશે. માતાજી! તમને પ્રણામ કરું છું. તમે મારા પર વિશ્વાસ મૂકીને મારા પર ઉપકાર કર્યો છે; એનો બદલો વાળવાનું હું ચૂકીશ નહીં.'

'અખંડ સૌભાગ્ય! મારા ભીમ જેવા પુત્રની મા થજે. ભીમ! પરમેશ્વર તારું રક્ષણ કરો.' કુંતી ગળગળાં તઈ ગયાં.

'બા! ભીમભાઈ જશે?' નકુળ બોલ્યો.

'આજે જશે ને કાલે તો પાછો આવશે. તમે એને શિકારે ગયો જ સમજો ને!' કુંતીએ જવાબ દીધો.

કુંતી અને ચાર પુત્રો આગળ ચાલ્યાં. બધાં દેખાતાં બંધ થયાં ત્યાં સુધી ભીમ ત્યાં જ ઊભો અને પછી એ વનની રાણી સાથે તેના મહેલ તરફ વળ્યો.

બકાસુરનો વધ

'હાય રે બેટા! હું તમને સૌને કેમ છોડી શકીશ!'

કુંતી અને ભીમસેન એકચક્રા નગરીમાં એક બ્રાહ્મણને ઘેર ઓરડામાં બેઠાં હતાં ત્યાં તેમને કાને અવાજ આવ્યો.

'માતા! આ કોનો અવાજ આવતો હશે?' ભીમે પૂછ્યું.

'અવાજ તો બ્રાહ્મણના જેવો લાગે છે. જા જા; દોડ. જો તો ખરો; શું છે? હું આ આવી.' કુંતી બોલ્યાં.

ભીમ અને કુંતી ગયાં, ત્યાં તો બ્રાહ્મણ-બ્રાહ્મણી કપાળ પર હાથ દઈને રોતાં હતાં. તેમનો દીકરો બ્રાહ્મણીના ખોળામાં બેઠો બેઠો હોઠ ઢીલા કરતો હતો અને દીકરી દૂર એક ખૂણામાં ઊભી ઊભી આંસુ સારતી હતી.

બ્રાહ્મણ રડી ઊઠ્યો: 'હાય રે બેટા! હું તમને સૌને કેમ છોડી શકીશ?'

'ભાઈ, ભાઈ!' કુંતીએ બ્રાહ્મણના માથા ઉપર હાથ મૂક્યો, 'આમ શા માટે રડો છો? તમને શું થયું છે તે કહો તો ખરા?'

'અરે બાઈ! મારા અભાગિયાનાં નસીબ જ ફૂટી ગયાં!' બ્રાહ્મણે કપાળ કૂટતાં ચલાવ્યું, 'આને કહેતો હતો કે ચાલ આપણે એકચક્રા નગરી છોડીને કોઈ બીજા રાજ્યમાં રહેવા જઈએ, પણ એ એકની બે ન થઈ. “હું આ નગરીમાં જ જન્મી છું અને મોટી પણ અહીં જ થઈ છું અને મારાં સગાંવહાલાં પણ અહીં જ રહે છે, માટે મારે બીજે ગામ નથી આવવું.” આવું આવું કહીને ન નીકળી તે ન જ નીકળી! આજે હવે હાથનાં કર્યાં હૈયે વાગે છે. તારી માયે ગઈ, તારા બાપા પણ ગયા. તુંયે ઘરડી થઈ ને આજે કાળના મોંમાં કોળિયો થવાનો આપણો વારો આવ્યો!' બ્રાહ્મણની આંખમાંથી ચૌધાર આંસુ વહેતાં હતાં.

'પણ તમે જરા છાના રહીને તમારી વાત તો સમજાવો!' કુંતી બોલ્યાં.

'એ વાત સમજીને પણ શું? એ દુ:ખ ઓછું જ કોઈથી લેવાય તેમ છે?' બ્રાહ્મણે જવાબ વાળ્યો.

'પણ તમારી વાત તો કરો! બેટા દીકરી! આવ. ત્યાં ખૂણામાં તું શા માટે ઊભી છે?' કુંતીએ દીકરીને પાસે લીધી.

'બહેન! તમે નવાંસવાં છો, એટલે લ્યો તમને કહું. ભાઈ! તુંયે હેઠો બેસ. વાત એમ છે કે આ એકચક્રા નગરીની બહાર થોડે દૂર એક મોટું વન છે તેમાં બક નામનો એક રાક્ષસ રહે છે.' બ્રાહ્મણ બોલ્યો.

'શું નામ, બક!' ભીમે પૂછ્યું.

'હા, બક; લોકો એને બકાસુર કહે છે.' બ્રાહ્મણે જવાબ દીધો.

'એ બકનું શું છે?' કુંતીએ પૂછ્યું.

'એ બકાસુર આખી એકચક્રાનું રક્ષણ કરે છે.' બ્રાહ્મણે વાત આગળ ચલાવી. 'આ એકાચક્ર ઉપર કોઈ દુશ્મન ચડી ન આવે, તેમ જ કોઈ જંગલી વાઘ, સિંહ વગેરે પીડા ન કરે એ જોવાનું કામ બકાસુરને માથે છે.'

'બકાસુર જબરો લાગે છે!' ભીમ બોલ્યો.

'એકલો પણ જબરો તો છે જ. તેમાં વળી અહીં પોતે પોતાના રસાલા સાથે રહે છે એટલે એના જબરાપણાનું પૂછવું જ શું!' બ્રાહ્મણ બોલ્યો.

'આ બધો ભાર બકાસુરને માથે; ત્યારે તમારો રાજા એ જ છે એમ કહો ને!' કુંતી બોલ્યાં.

'ના ના; અમારો રાજા તો બીજો છે. અમારો રાજા તો અહીંથી થોડે દૂર વેત્રકીયગૃહ છે ત્યાં રહે છે. પણ રાજામાં દમ હોય તો કે! એ તો ગાદી પરનું એક પૂતળું છે.' બ્રાહ્મણે જણાવ્યું.

'માતા! રાજા તો થઈ પડ્યો હશે આ બકાસુર. ઓછો જ પરોપકાર ખાતર બધાનું રક્ષણ કરતો હશે?' ભીમ બોલ્યો.

'હં, ભાઈ! તમે સમજી ગયા. પરોપકારનું તો નામ, બાકી તો પેટ ઉપકાર.' સ્ત્રી બોલી.

'બકાસુર અમારું સૌનું રક્ષણ કરે છે ને તેના બદલામાં એકચક્રા નગરી દરરોજ બકાસુરને એક ગાડી અનાજ, બે પાડા અને એક માણસ - એટલો આહાર આપે છે.' બ્રાહ્મણ બોલ્યો.

'રોજ? હરહંમેશ?' ભીમે પૂછ્યું.

'રોજ, સૂર્ય ઊગ્યા વિના રહે તો એકચક્રા એનો આહાર આપ્યા વિના રહે.' બ્રાહ્મણે જવાબ વાળ્યો.

'એકચક્રામાં ઘર કેટલાં?' ભીમે પૂછ્યું.

'હશે સાત-આઠ હજાર. દરેક ઘરનો પંદરવીશ વર્ષે વારો આવે છે, જયારે આવે છે ત્યારે હાંજા ગગડી જાય છે!' બ્રાહ્મણ બોલ્યો.

'ત્યારે આજે તમારો વારો હશે?' કુંતીએ પૂછયું.

'હા, આવતી કાલે મારો વારો છે.' બ્રાહ્મણ બોલ્યો.

'પણ ધારો કે કોઈ પોતાનો વારો ન પાળે તો?' ભીમે સવાલ કર્યો.

'વારો ન પાળે તો બકાસુર અને તેના માણસો તેને ઘેર જઈને રંજાડ કરી મૂકે ને ફાવે, તેટલા માણસોને ઉપાડીને ખાઈ જાય!' બ્રાહ્મણે કહ્યું.

'કોઈ પોતાના વારામાં બીજાને ધકેલી દે તો?' ભીમે પૂછ્યું.

'ઘરમાંથી જ કોઈ એક જાય અથવા તો ગમે તે એકને મોકલે. કોઈ માણસ પોતાના વારામાં બીજા માણસનો વેચાતું લઈને પણ મોકલી શકે.' બ્રાહ્મણે જણાવ્યું.

'એમ?' ભીમે આશ્ચર્યથી પૂછ્યું. 'તમને એકચક્રાના બજારમાં મરવા માટે પણ માણસો વેચાતા મળી શકે ખરા?'

'જરૂર. મારી પાસે દ્રવ્ય નથી, નહીંતર તો હું પણ કોઈને ખરીદ કરીને મોકલું ને મારે કશી ઉપાધિ ન રહે!' બ્રાહ્મણે જણાવ્યું.

'ભાઈ! આ બકાસુર તમારું રક્ષણ કરે છે તેને બદલે તમે પોતે જ તમારું રક્ષણ કેમ નથી કરતા? ભીમે પૂછ્યું.

'અમારા રાજામાંયે પાણી નથી અને અમારામાંયે પાણી નથી. અમારા ગામ આખામાં કેટલો કુસંપ છે તે તમે થોડા દિવસ વધારે રહેશો ત્યારે તમને ખબર પડશે.' બ્રાહ્મણે કહ્યું.

'તો તમે બકાસુરને રોજ આટલું બધું ક્યાં સુધી આપી શકશો?'

'આજ ચાળીશ વર્ષોથી આપતા આવ્યા છીએ, એટલે હવે તો મનમાંથી બીજાઓને તેનો ત્રાસ ઘસાઈ ગયો છે.' બ્રાહ્મણ બોલ્યો.

'તમારી ત્રીશ-પાંત્રીસ હજારની વસતી અને તમે એક બકાસુરનો ત્રાસ દૂર કરી ન શકો? તમે ધારો તો તમારું રક્ષણ પોતે જ કરી લ્યો અને બકાસુરને જણાવો કે તારા રક્ષણની અમારે જરૂર નથી.' ભીમ બોલ્યો.

'અમારું રક્ષણ અમે પોતે શી રીતે કરી શકીએ? એ તો ગળે જ ન ઊતરે એવી વાત છે. બકાસુર ન હોય તો બીજા દુશ્મનો અમને મારી જ નાખે ને!' બ્રાહ્મણે ભય બતાવ્યો.

'ભલા ભાઈ! તમે તો ભારે બીકણ. જ્યાં બકાસુર નહીં હોય ત્યાંના લોકો શી રીતે જીવતાં હશે?' ભીમ બોલ્યો.

'ધારો કે અમે બકાસુરને જણાવી દઈએ કે હવે તારા રક્ષણની જરૂર નથી, તો શું બકાસુર એમ માની લેવાનો છે?' બ્રાહ્મણ બોલ્યો.

'ન કેમ માને? ન માને તો તમે અનાજ, પાડા અને માણસો મોકલવું બંધ કરો!' ભીમે કહ્યું.

'એવું બને તે ઘડીએ એકચક્રાનું આવી જ બન્યું સમજો!' બ્રાહ્મણ બોલ્યો.

'ભાઈ! કોઈ વાર આખા ગામે મળીને આવું કાંઈ કરી જોયું છે?' કુંતીએ પૂછ્યું.

'આખું ગામ એકઠું મળે, એ તો સ્વપ્નમાંય ન લાવો પણ મને યાદ આવે છે કે હું નાનો હતો ત્યારે એક જોગીએ ગામને કહેલું ખરું.' બ્રાહ્મણ યાદ કરતો કરતો બોલ્યો.

'શું કહેલું?'

'જોગીએ ગામ આખાને એકઠું કરીને કહેલું કે તમે તમારામાંથી એક બત્રીશલક્ષણાને શોધી બકાસુર પાસે મોકલો.' બ્રાહ્મણ બોલ્યો.

'હં, પછી?' ભીમે પૂછ્યું.

'પછી ગામના મહાજને એકઠા મળી નક્કી કર્યું કે, મહારાજ, અમારે તો તમે જ બત્રીશલક્ષણ! તમારાથી ચડિયાતો અમારે ગામને ગોંદરે કોઈ પાક્યો નથી.' બ્રાહ્મણે જણાવ્યું.

'પછી શું થયું?' કુંતીએ પૂછ્યું.

'પછી યોગી મહારાજ તો ગયા અને બકાસુરે તેમને ખાવાય માંડ્યા; પણ બકાસુરને ગળે ભરાઈ રહ્યા! ન અંદર જાય, ન બહાર નીકળે!' બ્રાહ્મણે કહ્યું.

'તો તો ભારે થઈ હશે!' ભીમ બોલ્યો.

'ઘડીભર તો સૌને એમ થઈ ગયું કે બકાસુર હમણાં ઊલટી કરીને મરી જશે.' બ્રાહ્મણે ચલાવ્યું, 'પણ એટલામાં તો બકાસુરના રાક્ષસોએ મહાજનને એકઠું કર્યું અને એવો તો ડારો દીધો કે બધા લોકોએ યોગી મહારાજને કાલાવાલા કરી બહાર ખેંચી કાઢ્યા ને પાછા બકાસુરના વારા હતા તેમ જ ચાલુ થઈ ગયા! આ વખતે હું તો નાનો, પણ મારી બા અને બાપા ઘણી વાર અમને આ વાત કહેતા.' બ્રાહ્મણે પૂરું કર્યું.

'હવે તો તમારે તમારો વારો વેઠ્યે જ છૂટકો, કેમ?' ભીમે પૂછ્યું.

'એમ જ. આજ સુધી અમારો વારો આવ્યો નહોતો એટલે કોનો વારો આવ્યો અને કઈ માએ પુત્ર ગુમાવ્યો એનો વિચાર જ અમે કરતાં નહીં. આજે અમારો વારો છે એટલે જે એક જણ જશે તેના વિષે રોઈ, ફફડીને અમે બેસી રહેશું અને વરસ-છ મહિને ભૂલી જઈશું. આખી એકચક્રાની આ મનોદશા!' બ્રાહ્મણ બોલ્યો.

'આજે તમારી એકચક્રામાં એક પણ એવો પુરુષ નથી કે જેને પોતાને બકાસુરનો ત્રાસ ન મટે ત્યાં સુધી સુખે ઊંઘ ન આવે? ભીમે પૂછ્યું.

'હું એવા કોઈને દેખતો નથી.'

'પાંત્રીશ હજારની વસતીમાં શું એક પણ આદમી એવો નથી કે જેના હૈયામાં આ બકાસુરની આગ નિરંતર સળગ્યા જ કરતી હોય અને એ ન ઓલવાય ત્યાં સુધી તેને જંપ ન વળે?' ભીમે પૂછ્યું.

'ના.'

'અરે ભાઈ! તમે આ શું બોલો છો? આ અસુરનો આટલો મોટો ત્રાસ છતાં કોઈ આદમીનું માથું ગરમ નથી થતું? કોઈ એકે આદમીની આંખ નથી ફાટતી? કોઈ એકે આદમીના હાથ નથી સળવળતા? કોઈ એકનું હૈયું નથી વલોવાતું?' ભીમનું લોહી ઊકળવા લાગ્યું.

'ભાઈ! તમે પૂછો છો એ બધું હું સમજ્યો. એકચક્રામાં તમે પૂછો તેવું કશું નથી. અમે બધાં માનવદેહધારી પૂતળાં બની ગયાં છીએ. કોઈ મહાપુરુષ જાગે ને અમારાં પ્રાણ ફૂંકે ત્યારે જે થાય તે ખરું. આજે તો જેમતેમ કરીને જીવી લેનારા પામર મનુષ્યો જ અમે થઈ ગયા છીએ!' બ્રાહ્મણે જણાવી દીધું.

'ત્યારે તમારે બકાસુરને મારવો જ નથી, એમ કહો ને!' કુંતી બોલ્યાં.

'મારવો છે, પણ માનવીથી એ કામ બને એમ અમને લાગતું નથી. ઈશ્વર કરે અને તેનું મોત થાય તો પ્રભુનો પાડ!' બ્રાહ્મણ બોલ્યો.

'તો ભાઈ! હવે રુઓ છો શા માટે? કાલે એકને જવું જ છે, તો જવું જ.' કુંતી બોલ્યાં.

'અમારામાંથી કોણ જાય એ જ પંચાત છે!' બ્રાહ્મણ બોલ્યો.

તરત જ બ્રાહ્મણી બોલી ઊઠી: 'હું તો કહું છું કે મને જવા દ્યો. બન્ને છોકરાંને તમે

સાચવજો.'

'તને મોકલીને પછી મારાથી જિવાય કેમ?' બ્રાહ્મણ બોલ્યો.

'બાપા!' કુંતી પાસે બેઠી હતી તે દીકરી બોલી, 'મને જ મોકલો. તમારે ઘેર હું તો પારકી થાપણ છું, એટલે મને વળાવવી તો પડશે જ. ત્યારે બે દિવસ વહેલી વળાવો કે બે દિવસ મોડી વળાવો!'

'મને બહુ જ મૂંઝવણ થાય છે. તમને ખોઈને હું પાછળ જીવવા માગતો નથી, તેમ હું પોતે જઈને તમને દુ:ખમાં નાખી જવાયે માગતો નથી.' બ્રાહ્મણ ગળગળો થઈને કહેવા લાગ્યો.

'તો બાપા!' માના ખોળામાંથી ઊભો થતો નાનો છોકરો બોલ્યો, 'મને જવા દ્યો, આ એક સળી ફેંકીશ એટલે બક મરી જશે.'

આ પ્રમાણે વાટાઘાટ ચાલતી હતી તેવામાં કુંતી તથા ભીમ ઘડીભર પોતાના ઓરડામાં જઈ આવ્યાં અને તરત જ પાછાં ફર્યાં, 'કેમ, છેવટ શું નક્કી કર્યું?' કુંતીએ બહાર આવીને પૂછ્યું.

'આ... એમનો જીવ ઠેકાણે નહીં. કહો, શી રીતે નક્કી થાય?' બ્રાહ્મણી બોલી.

'તો ભાઈ! મારી એક વાત સાંભળશો? કાલે વારામાં તમે કોઈ ન જાઓ. મારે પાંચ દીકરા છે એટલે તમારા વારામાં આ વખતે મારો એક દીકરો જશે.' કુંતીએ વાત મૂકી.

'અરરર! એ શું બોલ્યાં? કોઈના લાંબા હાથ તે શું વાડે નાખવાના હશે?' બ્રાહ્મણી બોલી ઊઠી.

'એમ નથી. અમને નિરાધારને તમે તમારા ઘરમાં આશરો આપ્યો છે; એ ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ? વળી મારા પુત્રે કેટલાયે રાક્ષસોને જોયા છે ને કંઈકને મારી નાખ્યા છે. એનું શરીર પણ મજબૂત છે. તમે જાણો છો કે રોજ ભિક્ષામાંથી અડધો ભાગ એનો અને બાકીના અડધામાં અમે પાંચ જણાં! માટે કાલે એ ભલે જાય. એ જરૂર બકાસુરને મારી નાખશે.' કુંતીએ આગ્રહથી જણાવ્યું.

'અમે બચીએ અને તમારા પુત્રને ભેટાડી દઈએ એ અમારા માટે કેવું કહેવાય?' બ્રાહ્મણ બોલ્યો.

'એ હું મારી મેળે માગી લઉં છું ને?' કુંતી બોલી, 'કેમ બેટા?'

'માડી! હું તો આ વાત સાંભળવા લાગ્યો છું ત્યારથી મારાં રૂંવાડાં ઊભાં થયાં છે. મારા હાથમાં ચળવળાટ થવા લાગ્યો છે, મારી આંખો બકાસુરને જોવા તલસી રહી છે. જે ગામમાં આપણે રહ્યાં ત્યાં બકાસુરનો જુલમ જારી રહે અને આપણે બેસી રહીએ એ આપણને શી રીતે શોભે? કાલ તો હું જ જવાનો છું.' ભીમે ઉત્તર આપ્યો.

'જો તમારો બેઉનો આવો જ આગ્રહ છે.' બ્રાહ્મણ આંખો લૂછતો લૂછતો બોલ્યો, 'તો હું નિરુપાય છું. ભલે, ભાઈ! કાલે તું જા. પણ જોજે હો, વખતસર નહીં પહોંચે તો બકાસુર સીધો અહીં આવીને અમને બધાંને મારી નાખશે. એનો ક્રોધ તેં હજી જોયો નથી. એ ડોળા ફાડે છે ત્યાં જેવાતેવા ફાટી જ પડે છે!' બ્રાહ્મણ બોલ્યો.

'બરાબર વખતસર જ જઈશ. તમારે હવે એની ચિંતા ન કરવી.' ભીમે કહ્યું.

અને મા-દીકરો પોતાના ઓરડામાં ગયાં.

* * *

સવાર પડવા આવી ત્યાં તો ભીમ બે પાડા જોડેલી ગાડીમાં અનાજ નાખીને વહેલો નગર બહાર નીકળ્યો ને બકાસુરના વન પાસે આવીને બરાડા પાડવા લાગ્યો. ભીમના મોટા

બરાડા સાંભળીને બક બહાર આવ્યો અને જુએ તો ભીમે ગાડામાંથી પાડાઓને છોડી મૂકેલા તે બકના બગીચામાં ચરે અને ભીમ મૂઠેમૂઠા ભરી અનાજ ફાકતો આમતેમ આંટા મારે!

'કોણ એ દુષ્ટ ત્યાં ફરે છે?'

ભીમ શા માટે સાંભળે?

'ઓ બદમાશ! જવાબ આપ. હમણાં તને પીસી નાખું છું.'

જાણે કાંઈ જ ન સાંભળતો હોય તેમ ભીમે ફરીથી ગાડામાંથી બે મૂઠા ભર્યા ને મોંમાં ઓરવા લાગ્યો.

'અરે કમબખ્ત માનવી! સાંભળતો નથી? તું આ બકાસુરને ઓળખે છે?' બકાસુરે મોટેથી બૂમ મારી.

ભીમે બન્ને મૂઠા અનાજ પૂરું કર્યું અને નિરાંતે પાણી પીધું.

એવામાં બકાસુરે પાછળથી આવીને ભીમના વાંસામાં બે ધુસ્તા ઠોક્યા. ભીમે બકાસુરની સામે જોયું અને બન્ને લડવા તૈયાર થયા. બકાસુરે ભીમના ઉપર એક પછી એક ઝાડ ફેંક્યે રાખ્યું અને ભીમે દરેક ઝાડને ઝીલી ઝીલીને તોડ્યે રાખ્યું. બહુ જ થોડા વખતમાં ભીમે બકને થકવીને ભોંય પર પછાડ્યો અને ગળું દબાવીને બેવડ વાળી મારી નાખ્યો. મરતી વખતે બકાસુરે એક મોટી ચીસ પાડી અને તે સાથે તેના મોંમાંથી લોહીની ત્રણચાર ઊલટી થઈ.

બકાસુરની ચીસ સાંભળીને તેના રસાલાના બધા રાક્ષસો એકદમ દોડી આવ્યા અને જુએ છે તો બકાસુર ધરણી પર ઢળેલો!

બકાસુરના રાક્ષસોને જોયા એટલે ભીમે તેમને સંભળાવી દીધું: 'જુઓ, તમારા ધણીના આ હાલ થયા છે. તમે પણ જો હવેથી આ નગરના એક પણ માણસને ખાશો તો આ બકના જેવા જ તમારા હાલ સમજજો! આ વનમાં તમારે રહેવું હોય તો સુખેથી રહો; પરંતુ આ પાડા અને ગાડી ભરીને અનાજ અને માણસ હવેથી તમને મળશે નહીં. એકચક્રાના લોકો જેમ પરસેવો ઉતારીને ખાય છે તેમ તમારે પણ પરસેવો ઉતારીને ખાવું. કાં તો એ કબૂલ કરો, નહીંતર તમારો સૌનો પણ આ ઘડીએ વિનાશ કરું છું.'

રાક્ષસો એકબીજાની સામે જોવા લાગ્યા, મરેલા બકની સામે જોવા લાગ્યા, બકના મારનાર સામે જોવા લાગ્યા અને છેવટે લાચારીથી બોલતા હોય એમ બોલ્યા: 'તમે કહો છો તે અમારે કબૂલ છે!'

'જોજો, જેવા આ એકચક્રાના લોકો તેવા જ તમે; તેનાથી જરાયે વધારે નહીં, જરાયે ઓછા નહીં.' ભીમે ચોખવટ કરી.

'કબૂલ!'

'ચોરીછૂપીથી પણ માણસ ખાવું નહીં.'

'કબૂલ!'

'જાઓ, તમારા વનમાં સુખેથી રહો. આ બકાસુરના શરીરને હું દરવાજા વચ્ચે મૂકવાનો છું, જેથી લોકો જુએ કે અસુરોનો ત્રાસ સાચે જ ગયો. તમારા લોકોના ત્રાસનો અંત લોકો નજરોનજર નહીં જુએ ત્યાં સુધી તેમને ખાતરી નહીં થાય. ત્યાર પછી તમારા ધણીનું શબ તમારે લઈ જવું હોય તો ભલે લઈ જજો.'

બકાસુરના મુખ્ય માણસે જવાબ આપ્યો: 'બકાસુર પોતે ગયા પછી તેમનું આ નિર્જીવ ખોખું અમારી પાસે હોય કે તમારી પાસે હોય તે અમારે મન સરખું છે. એ ખોળિયામાં નવો પ્રાણ આવી શકતો હોય તો અમે જરૂર એને સંઘરીએ, પણ એ તો બનવાનું નથી. તો પછી

અમે રાક્ષસો માત્ર મડદાને સંઘરવાનો મમત રાખતા નથી.'

રાક્ષસો બધા પોતાના વનમાં પાછા ગયા અને ભીમસેન એકચક્રાના દરવાજામાં બકાસુરના શબને મૂકીને ચૂપચાપ ઘેર પહોંચી ગયો ને સઘળી હકીકત પોતાની મા તથા ભાઈઓને કહી.

પાંડવો પોતે એકચક્રામાં છતા થઈ જાય અને પાપી દુર્યોધન તેમનો પીછો પકડે એ ભયથી તેઓ તાકીદે એકચક્રામાંથી નીકળી ગયા અને દ્રુપદ રાજાને ત્યાં તેની કુંવરીનો સ્વયંવર હતો ત્યાં જવા ઊપડ્યાં.

દ્યૂતસભામાં પ્રતિજ્ઞા

હસ્તિનાપુરના રાજમહેલમાં જુગારના દાવ ખેલાઈ રહ્યા છે. સફેદ દાઢીવાળા અને ભોંય પર જેમણે આંખોને જડી દીધી છે એવા ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વગેરે વૃદ્ધો એક તરફ; જુગારના વિજયથી ઉન્મત્ત થયેલા શકુનિ, દુર્યોધન અને કર્ણ એક તરફ; ધૂંધવાતા જ્વાળામુખીના જેવા પાંડવો એક તરફ; હાથીની સૂંઢ જેવા હાથથી વસ્ત્ર ખેંચતો દુ:શાસન અને કમળથી પણ કોમળ એવા હાથથી વસ્ત્રનું રક્ષણ કરતી સતી દ્રૌપદી એક તરફ અને આ સર્વની વચ્ચે પડેલા હાથીદાંતના પાસા અટ્ટહાસ્ય કરીને થાકી ગયા હોય તેમ કૌરવકુળનું ભાવિ આંકતા સૂતા હતા.

ભીમથી ન રહેવાયું: 'અર્જુન! યુધિષ્ઠિરે આપણા ધનભંડાર દાવમાં મૂક્યા, આપણાં દાસદાસીઓને દાવમાં મૂક્યાં, તને અને મને દાવમાં મૂક્યા, આ માદ્રી માતાના પુત્રોને દાવમાં મૂક્યા અને છેવટે પોતાની જાતને દાવમાં મૂકી. આ બધું અસહ્ય છે તોપણ ચલાવી લઈએ; પરંતુ એ યુધિષ્ઠિરે આપણી પાંચાલીને દાવમાં મૂકતાં લગીરે આંચકો ન ખાધો, એ મારાથી સહન નથી થતું. સહદેવ! અગ્નિ લાવ. જે હાથે યુધિષ્ઠિર જુગાર ખેલ્યા તે હાથને જ સળગાવી દઉં!' ભીમની આંખો લાલ ચોળ થઈ ગઈ અને સાદ લગભગ ફાટી ગયો.

'ભાઈ ભીમસેન! શાંત થા. શાંત થા, તું કોઈ દિવસ નથી બોલતો એવું આજ કેમ બોલે છે? યુધિષ્ઠિર આપણા મોટાભાઈ છે.' અર્જુન બોલ્યો.

'યુધિષ્ઠિર મોટાભાઈ! જુગટું રમતાં જેને શરમ ન આવે તે મોટાભાઈ? જુગારની સહેલમાં જે સર્વસ્વ ખોઈ બેસે તે મોટાભાઈ? દાવમાં જે પોતાના નાના ભાઈઓને ગુલામ બનાવી દે તે મોટાભાઈ? જે પોતાની ધર્મપત્નીને મામૂલી ચીજવસ્તુ ગણીને તેનેય હોડમાં મૂકતાં ન અચકાય તે મોટાભાઈ? આપણા મોટાભાઈ તો માતા કુંતીની કુખ દીપાવે તે! આપણા મોટાભાઈ તો આપણા સ્વમાનનું રક્ષણ કરે અને કરતાં શીખવે તે! આપણા મોટાભાઈ તો આપણા માથે છત્ર થઈને રહે તે! આપણા મોટાભાઈ તો આપણને અંધકારમાં દોરે તે! અર્જુન! યુધિષ્ઠિરે આજે મોટાભાઈ તરીકે દેવાળું કાઢ્યું છે અને જે હાથે યુધિષ્ઠિર જુગાર ખેલ્યા છે તે હાથને અગ્નિ પણ પવિત્ર કરી શકશે કે કેમ તે હું કહી શકતો નથી!' ભીમનો ક્રોધ વધતો જતો હતો.

'ભીમ, ભીમ! શાંત થા, ધીરો થા.'

'શાંત શી રીતે થાઉં? હું તો ઘણીયે મહેનત કરું છું પણ પાંચાલીનો પેલો ચોટલો મને ડંખ માર્યા કરે છે. અર્જુન! કોઈ પણ ક્ષત્રિય બચ્ચો પોતાની વહાલી પત્નીના ચોટલાને આ દશામાં દેખતા છતાં શાંત રહી શકે ખરો?' ભીમની આંખો ખૂબ રાતી થઈ ગઈ.

'ભીમસેન, ભીમસેન! જરા સબૂર. ઈશ્વર પાંચાલીની મદદમાં છે.' અર્જુન બોલ્યો.

'પાંચાલીની મદદમાં તો પાંચાલી પોતે છે, પણ આપણું શું?'

એમ બોલે છે ત્યાં તો દુ:શાસન વસ્ત્ર ખેંચતો થાકી ગયો એટલે બેસી ગયો અને દ્રૌપદી સભા સમક્ષ બોલી: 'આ સભામાં કુરુકુળના વૃદ્ધો બેઠા છે તેમને મેં જે પ્રશ્ન મૂક્યો છે તેનો જવાબ હજી મને મળ્યો નથી. કુરુવૃદ્ધો! મારા પ્રશ્નનો ઉત્તર આપો. તમે સૌ ધર્મપ્રવણ છો એટલે મને જવાબ આપો.,

દ્રૌપદીનાં વચન સાંભળીને ભીષ્મ પિતામહ જવાબ આપવા ઊઠતા હતા ત્યાં તો એકાએક ભીમસેન ઊઠ્યો ને ગર્જન કરી: 'કૌરવ-સભાના પૂતળાઓ! આ દ્રુપદ રાજાની પુત્રી જાણતી નથી કે તમે સૌ વૃદ્ધોય નથી તેમ આ સભાય નથી. તમે જો સાચે જ વૃદ્ધ હોત તો ક્યારનાયે સત્યને વળગી દ્યૂત બંધ કરાવ્યું હોત અથવા તો સભાને છોડીને ચાલતા થયા હોત. આ દ્રુપદ રાજાની પુત્રીને ખબર નથી કે તમારું ધર્મજ્ઞાન માત્ર પોથીમાં અને તમારી જીભમાં જ રહ્યું છે અને એવું ધર્મજ્ઞાન ક્ષત્રિયોને શા કામનું? તલવારની ધારે લોહીથી શાસ્ત્ર લખનારો ક્ષત્રિયવીર તમારામાં હું દેખતો નથી. મને તો એમ હતું કે દુ:શાસન પાંચાલીના એકાદ કેશને અડકશે તે ક્ષણે જ તમારી કેડ પર લટકતી અનેક સમશેરો એકીસાથે મ્યાન બહાર કૂદી પડશે. પણ આજે મને સમજાયું કે તમારી કેડ પર લટકતી તલવારો માત્ર કાટ ખાઈ ગયેલ કાતાં છે અને ભારતવર્ષમાંથી ક્ષત્રિયવટ પરવારી ગઈ છે! યાદ રાખજો, કૌરવસભાનાં પૂતળાંઓ! આજે દુ:શાસને માત્ર પાંચાલીનો જ ચોટલો ખેંચ્યો છે એમ ન સમજજો; દુ:શાસને આજે સમગ્ર ભારતમાતાનો ચોટલો ખેંચ્યો છે. જે ચોટલાને આર્ય સ્ત્રીઓ હરહંમેશ સ્નેહસિંચન કરીને સૌભાગ્યના પરમ ચિહ્ન તરીકે પૂજે છે, જે ચોટલામાં પુષ્પો ગૂંથીને આર્ય ગૃહસ્થ પોતાના ગૃહજીવનમાં રસિકતા પૂરે છે, જે ચોટલો છૂટો મૂકીને આર્ય માતા બાળકને ધવરાતી હોય છે ત્યારે બાળકનાં દર્શન કરવા દેવો પણ તલસે છે, તે ચોટલાનું અપમાન એટલે સમગ્ર ભારતની સ્ત્રીઓનું અપમાન છે - તમારી સર્વની માતાઓનું, પત્નીઓનું, બહેનોનું અને પુત્રીઓનું અપમાન છે! તમે સૌ આ અપમાન સાંખી લઈને શાંત બેઠા છો, તેથી જ હું કહું છું કે દુષ્ટની દુષ્ટતા જોઈને જ લોહી ઊકળી આવે અને આંખ રાતી થઈ જાય એ ક્ષત્રિયવટ આજે પરવારી ગઈ!

'પણ દુ:શાસન! યાદ રાખ, ભીમ તને ભૂલે તેમ નથી. આજે હું પરવશ છું; પણ એક દિવસ તારી છાતી ચીરીને તેમાંથી નીકળતું ઊનું ધખધખતું લોહી ભીમ પીશે ત્યારે જ તેને તૃપ્તિ થશે! પાંચાલીના કેશને જીવતરનાં મોંઘાં મૂલે જ અડી શકાય છે એ હું તને એક દિવસ અવશ્ય દેખાડી દઈશ!'

ભીમસેન બોલતો હતો તે દરમિયાન અર્જુન વારંવાર તેને બેસી જવાની સંજ્ઞા કરતો હતો. પણ ભીમ તો હૈયાની વરાળ કાઢી ત્યારે જ જંપ્યો. ભીમનાં વચનો ભીષ્મ-દ્રોણને સોંસરાં ઊતરી ગયાં. દુર્યોધન, શકુનિ અને કર્ણ તો ભીમ બોલતો હતો ત્યારે તેની મશ્કરી જ કરતા હતા. કર્ણ છેવટે બોલ્યો: 'એ જેટલું બોલે છે તેટલું સારું છે. બોલીને વરાળ કાઢશે તો પછી કશું કરી નહીં શકે. ભલે બોલે! મને ભીમનો ભય નથી; એ કરતાં તો કશું ન બોલનારો અર્જુન મને વધારે ભયંકર લાગે છે. આપણે ચેતવાનું છે તે તો અર્જુનથી.'

ત્યાર પછી ભીષ્મ પિતામહે દ્રૌપદીના પ્રશ્નનો યથાશક્તિ યથામતિ જવાબ વાળ્યો; પણ ભીષ્મનો જવાબ સ્પષ્ટ અને નીડર ન હતો.

દુર્યોધન તથા કર્ણે પોતાને ફાવે તેવાં અને દ્રૌપદીના ચિરાયેલા હૃદયમાં વધારે વેદના કરે તેવા જવાબો આપ્યા.

કર્ણ બોલ્યો: 'દ્રૌપદી! હવે પાંડવો તારા પતિ રહ્યા નથી, માટે બીજો પતિ પસંદ કરી લે.'

કર્ણનાં વચન સાંભળીને ભીમના કાન તો એકદમ સડસડી ઊઠ્યા. તેવામાં દ્રૌપદીની અશ્લીલ મશ્કરી કરતો હોય તેમ દુર્યોધને પોતાનો જમણો સાથળ ઉઘાડો કર્યો અને દ્રૌપદીને બતાવતો હોય એમ નિશાની કરી.

તરત જ ભીમસેન ઊછળ્યો: 'ઓ આંધળાના દીકરા દુર્યોધન! દ્રુપદની પુત્રી તો અત્યારે ઈશ્વરને ખોળે બેઠી છે. તારા સાથળ પર બેસવાને માટે તો મારી ગદા જન્મી છે. ઓ કૌરવસભાનાં પૂતળાંઓ! આ હું ભીમસેન પ્રતિજ્ઞા કરું છું કે એક દિવસ હું દુર્યોધનનો સાથળ તોડી નાખીશ અને જે દુર્યોધન આજે જુગારમાં જીત્યો છે એટલે માથું ઊંચું રાખ્યા કરે છે તેના માથા પર આ પગની લાત ઠોકીશ! સ્વર્ગના ઓ દેવતાઓ! જો હું આ પ્રતિજ્ઞા ન પાળું તો મને નરકમાં નાખજો.'

ભીમસેનના શબ્દો સાંભળીને સૌ વીંધાઈ ગયા. આખી સભામાં એ શબ્દો પડઘારૂપે જાણે બોલાઈ રહ્યા હોય એમ લાગ્યું. સભાની ભીંતોને ભેદીને ભીમના શબ્દો ઠેઠ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી સુધી પહોંચ્યા.

ભીમસેનનો ક્ષાત્રધર્મ

'અર્જુન! હું શું કરું? ઘણા ઘણા ઉપાયો કરું છું તોયે ભીમસેનને શાંતિ વળતી જ નથી. રોજ રાતના લાંબા વખત સુધી પથારીમાં તે જાગતા જ પડ્યા રહે છે અને કોઈ કોઈ વાર તો ઊંધા પડીને રડવા લાગે છે!' દ્રૌપદી બોલી.

'પણ ભીમને જો દરરોજ આવું થયા કરે તો તે બીમાર થઈ જાય.' અર્જુન ચિંતાતુર ચહેરે બોલ્યો.

'એ જ વાત છે. આપણા લાંબા વનવાસથી અને મહારાજના અવારનવારના ક્ષમાના ઉપદેશથી તેમને ભારે આઘાત લાગ્યો છે.' પાંચાલી બોલી.

'એ તો છે જ. કેસરી સિંહને પાંજરામાં પૂરી રાખે તો ઝૂરી ઝૂરીને મર્યે જ તેનો છૂટકો!' અર્જુન બોલ્યો.

'અર્જુન!' દ્રૌપદી બોલી, 'કાલ રાતના ભીમસેન ઊંઘમાંથી એકદમ ઝબકી ઊઠ્યા અને બોલ્યા: 'પાંચાલી! મારી ગદા લાવો, આ દુષ્ટનો સાથળ ભાંગી નાખું છું.' પછી તરત જ જાગ્યા ને મને દીઠી એટલે એકાએક રડી પડ્યા!'

'દેવી! જો એ કોઈથી શાંત થશે તો એક તમારાથી જ થશે.' અર્જુન બોલ્યો.

'જુઓને, પેલી દૂર શિલા પર બે ઢીંચણ વચ્ચે માથું નાખીને પડ્યા છે!' દ્રૌપદી બોલી.

'હવે તો વનવાસને પૂરો મહિનોય નથી રહ્યો, છતાં ભીમસેનને આવું કેમ થાય છે?' અર્જુન મૂંઝાવા લાગ્યો.

બન્ને આ પ્રમાણે વાતો કરે છે, એવામાં ભીમસેન ત્યાં આવ્યો. તેનું પહાડી શરીર સહેજ ખખળી ગયું હતું, તેની આંખોમાં ઉજાગરાની લૂખપ હતી, તેનાં નસકોરાંમાંથી ઊના શ્વાસો નીકળતા હતા; તેનાં પગલાં અનિયમિત પડતાં હતાં; તે પોતે કોઈ ઊંડા વિચારમાં પડી ગયો હોય એવો દેખાતો હતો.

'કેમ ભાઈ ભીમસેન! શરીરે તો ઠીક છે ને?' અર્જુને પૂછ્યું.

ભીમ કાંઈ પણ જવાબ આપ્યા વિના તેની સામે જ જોઈ રહ્યો.

'ભીમસેન! કેમ બોલતાં નથી? શરીરે તો ઠીક છે ને?' દ્રૌપદી બોલી.

'ભીમને ઠીક છે કે નહીં તેનો વિચાર જ ન કરો. ધર્મરાજાને શરીરે કેમ છે તે પૂછ્યું?'

ભીમ દ્રૌપદી સામે તાકીને બોલ્યો.

‘એમ અવળો જવાબ કેમ આપે છે, ભાઈ?’ અર્જુને કહ્યું.

‘અર્જુન! સગી માના જણ્યા અર્જુન! અવળો જવાબ ન આપું તો કેવો આપું? જેને જીવતરનો રસ બધો સુકાઈ ગયો છે, તે અવળો જવાબ ન આપે તો કેવો આપે?’ ભીમસેન દીન થઈને બોલ્યો.

‘ભીમસેન! વહાલા ભીમસેન! હું તમારી પાંચેની ધર્મપત્ની છું, છતાં મારા હૃદયમાં કોડ પૂરનારા તો તમે એક જ છો. ભરસભામાં મારી લાજ લૂંટાતી હતી ત્યારે મારી દાઝ તમે એકલાએ જાણી. આ વનવાસમાં જયદ્રથે મારા પર ભૂંડી નજર કરી ત્યારે આ અર્જુનની સાથે તમે જયદ્રથની પાછળ ધાયા. મેં નવોઢા સ્ત્રીની માફક સોનેરી કમળની ઇચ્છા કરી ત્યારે તમે જીવના જોખમે કુબેરના તળાવમાંથી એ લઈ આવ્યા ત્યારે જંપ્યા. આ વનમાં જ્યારે જ્યારે મારું અંતર વલોવાઈ જાય ત્યારે મારા અંતરને ટાઢક આપનાર એક તમે છો. ભીમસેન! છેલ્લા થોડાએક દિવસથી તમને ખૂબ અસ્વસ્થ દેખું છું ત્યારે હું ગાંજી જાઉં છું અને મારાં ગાત્રો ઢીલાં થઈ જાય છે. હવે વનવાસ પૂરો થવાના દિવસો નજીક આવ્યા છે ત્યારે મારા ભીમસેનને કાંઈ થાય તો પછી મને કેમ ધીરજ રહે?’ દ્રૌપદીએ ભીમસેનનો હાથ ઝાલીને તેને પોતાની પાસે બેસાડ્યો અને તેના આખાયે મોં પર હાથ ફેરવ્યો.

‘ભીમ! પાંચાલી ખરું કહે છે.’

‘દેવી તો ખરું જ કહે છે; પણ આપણા કુટુંબમાં તો સાચાખોટાનો કાંટો એ તો ધર્મરાજાના જ હાથમાં છે ના!’ ભીમ અકળાઈને બોલ્યો.

‘ભીમસેન! એવું બોલીને નાહક મોટાભઈને શા માટે દુભાવીએ? હવે તો બાર વર્ષ પૂરાં થવા આવ્યાં છે અને એક વર્ષ પછી તો આપણે પાછાં હસ્તિનાપુરમાં.’ અર્જુને કહ્યું.

‘અરે, એ પહેલાં તો બીજાં બાર વર્ષ વનમાં જવું પડશે! ધર્મરાજાને પૂછી આવ.’ ભીમસેન બોલ્યો.

‘ભીમસેન! તમારી ગણતરી બરાબર નથી. તેરમા વર્ષના અંતે જો કોઈ તમારી સાથે ન આવે, તો એકલી દ્રૌપદી તમારી સાથે છે એમ સમજજે.’ દ્રૌપદી બોલી.

‘પાંચાલી! હવેના જુગારમાં તો પહેલાં તમને દાવમાં મૂકશે કે શાસ્ત્રીઓને શાસ્ત્રાર્થ પણ કરવો ન પડે. તમે જઈને પહેલાં ધર્મરાજાને પૂછી આવો ને પછી બોલો.’ ભીમની આંખમાં ક્રોધની ઝાંખી થતી હતી.

‘એ તો પૂછ્યું! જુઓ, મહારાજ આ તરફ જ આવતા જણાય છે.’ પાંચાલી બોલી.

ભીમથી ન રહેવાયું: ‘વળી ત્યાં નિરાંતે હરણનાં બચ્ચાંઓને દૂર્વા ખવરાવતા હતા ત્યાંથી આ તરફ ક્યાં આવ્યા!’

‘આવો મોટાભાઈ!’ અર્જુને નમસ્કાર કર્યા.

દ્રૌપદીએ યુધિષ્ઠિરને માટે આસન પાથર્યું.

‘કેમ ભાઈ ભીમસેન! આજે તો ઠીક છે ને?’ યુધિષ્ઠિરે પૂછ્યું.

‘રોજ કરતાં ઠીક દેખાય છે.’ અર્જુન બોલ્યો.

‘મનને ખૂબ શાંત રાખવું. મનનું સમતોલપણું જરાયે ગુમાવવું નહીં. માનવજીવનમાં એ જ મોટો પુરુષાર્થ છે.’

‘એટલા જ માટે દુર્યોધને આપણને વનમાં મોકલી આપ્યા છે!’ ભીમે કરડાકીથી કહ્યું.

‘આ મોટું જંગલ, આ જંગલનાં મોટાં મોટાં વૃક્ષો, પેલો વાદળની સાથે વાતો કરતો ડુંગર, વિશ્વાસથી નીડર થઈને ચરતાં આ પશુઓ, વૃક્ષો પર કિલ્લોલ કરતાં આ પક્ષીઓ, આ અનંત આકાશ ને ડુંગરના ખોળાને વીંધીને નીકળતી આ સરિતા, સરિતાના તટ પર

કૂદતાં આ હરણાં, આ સૃષ્ટિની વચ્ચેનો વસવાટ — આવું તો કોઈ સમ્રાટના ભાગ્યમાંયે ન હોય!' યુધિષ્ઠિર બોલ્યા.

'એમ જ, મહારાજ!' ભીમસેન બોલ્યો અને બોલતાં બોલતાં ગોઠણભેર થઈ ગયો, 'મહારાજ યુધિષ્ઠિર! હસ્તિનાપુરમાં જઈને કોઈ કુશળ વૈદ પાસે તમારા મગજની પરીક્ષા કરાવો તો દુર્યોધનને તેમજ શકુનિને ખાતરી થાય કે આપણને વનમાં મોકલવામાં તેમનો જે ઉદ્દેશ હતો તે બરાબર સિદ્ધ થયો છે.'

'ભાઈ ભીમ! એમ કેમ?' અર્જુને પૂછ્યું.

'શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ! તમારી વાત બરાબર છે.' કાંઈક સંભારતો હોય તેમ ભીમ બોલ્યો; 'બીજા કળી પણ ન શકે એવું ઘણું તમે ભાવિના ગર્ભમાં ઊતરીને જોઈ શકો છો, માટે જ તમે ઈશ્વર છો.'

'ભીમસેન! તમારા બોલવાનો અર્થ મને સમજાતો નથી.' પાંચાલી બોલી.

'આપણને કૌરવોએ વનવાસ આપ્યો.' ભીમસેને ચલાવ્યું, 'ત્યાર પછી તરત જ શ્રીકૃષ્ણ આપણને મળવા માટે વનમાં આવ્યા હતા, તે યાદ છે?'

'હા આવ્યા હતા.' અર્જુને જવાબ વાળ્યો.

તે વખતે એક વખત જમીને પોતે પથારીમાં લોટતા હતા અને સાત્યકિ પાસે બેઠો હતો. સાત્યકિએ શ્રીકૃષ્ણને પૂછ્યું: 'મહારાજ! આ પાંડવોને વનવાસમાં મોકલીને કૌરવો શો લાભ મેળવવાની આશા રાખતા હશે? મને તો લાગે છે કે પાંડવો વનવાસમાંથી પાછા ફરશે ત્યારે કૌરવો તરફ વધારે દુશ્મનાવટ કેળવીને પાછા ફરશે. શકુનિ જેવા ગણતરીબાજે પણ પોતાની ગણતરીમાં થાપ ખાધી જણાય છે!'

'એવી વાત થઈ હતી?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'હા. હું તે વખતે નજીકનાં જ ઓરડામાં હતો.' ભીમ બોલ્યો.

'પછી શ્રીકૃષ્ણે શું કહ્યું?' અર્જુને પૂછ્યું.

પછી શ્રીકૃષ્ણ મૂછોમાં હસતા હસતા બોલ્યા: 'સાત્યકિ! તું રાજનીતિના દાવપેચમાં નિપુણ નથી. આ વનવાસની યુક્તિ જો સફળ થાય તો તો આબાદ છે! શકુનિની એવી ગણતરી હોવી જોઈએ કે પાંડવોને લાંબાં એવાં બાર વર્ષ સુધી વનવાસમાં ધકેલી તેમનું ક્ષાત્રતેજ સર્વ નાબૂદ કરી નાખવું. માણસનું ક્ષાત્રતેજ ગમેતેવું ઉગ્ર હોય તોપણ એ તેજને ટકી રહેવા તેમજ ખીલવવા માટે આસપાસ તેવી હવાની જરૂર છે. પાંડવો જો ઇંદ્રપ્રસ્થમાં કે હસ્તિનાપુરમાં રહેતા હોય તો તો તેમને રોજ એમ જ લાગ્યા કરે કે અમે પાંડુના પુત્રો છીએ અને આખા જગત ઉપર સ્વામી થવાને જન્મ્યા છીએ. રાજનગરમાં દરરોજ તેમના કાન પર બાપદાદાનાં પરાક્રમો આવી આવીને અથડાતાં હોય; દરરોજ દિવસના અમુક કલાકો તો રથ હાંકવામાં, ઘોડાઓ દોડાવવામાં, શસ્ત્રાસ્ત્રો ફેંકવામાં અને એવી જ યુદ્ધક્રિયાઓમાં પસાર થતા હોય; દરરોજ આજે કયા રાજામહારાજને જીતશું તેની જ યોજના વિચારાતી હોય, રોજ એક-બે ખંડિયા રાજાના મુગટો યુધિષ્ઠિરનાં ચરણમાં ઢળતા જ હોય; રોજ દેશ-પરદેશનાં રાજ્યોની ઊથલપાથલો ચાલ્યા જ કરતી હોય અને રોજ તિજોરીમાં ક્યાંથી ક્યાંથી કેટલાં નાણાં આવ્યાં તેનો મેળ થતો હોય. આમાં ક્ષત્રિયપુત્રનું શરીર અને મન સહેજે પોતાના ક્ષાત્રતેજનું સ્મરણ કરે ને તેને અનાયાસે પોષણ મળ્યે જ જાય. વનવાસ ક્ષત્રિયજીવનને માટે અનુકૂળ નથી; વનવાસની હવા બ્રાહ્મણજીવનની હવા છે. વનવાસમાં યુધિષ્ઠિરને બાદ કરીએ તો બીજા ચારે ભાઈઓ ચીમળાઈ જવાના અને તેમાંયે ભીમ ખાસ!' શ્રીકૃષ્ણે સાત્યકિને આ પ્રમાણે કહ્યું હતું એ મને સાચું પડતું લાગે છે. મહારાજ! શકુનિની ગણતરી સાચી પડી એટલે થયું. દેવી, અર્જુન! હવે બસ.' ભીમે

નિસાસો મૂક્યો.
'ભાઈ ભીમસેન! તું તો ભારે ઊતાવળો! મોટાભાઈ શું કહે છે તે પૂરું સમજ તો ખરો!' અર્જુને ચિડાઈને કહ્યું.
'મોટાભાઈ શું કહે છે?' ભીમે સહેજ રીસથી પૂછ્યું.
'હું તો એમ કહું છું કે મનને સમતોલ રાખો અને જે કાળે જે ધર્મ લાગે તે પ્રમાણે કરો.' યુધિષ્ઠિર બોલ્યા.
'ઠીક લ્યો, મનનું સમતોલપણું રાખ્યું! બોલો, હવે વનવાસને અંતે આપણો શો ધર્મ છે?, ભીમે પૂછ્યું.
'બોલો, મહારાજ! તમે બોલો.' અર્જુન બોલ્યો.
'વનવાસને અંતે ધર્મ તો લડવાનો. એમાં કોને પૂછવાનું બાકી રહે છે?' દ્રૌપદી બોલી.
'બોલો મહારાજ! તમે બોલો.' અર્જુન બોલ્યો.
'વનવાસને અંતે આપણે દુર્યોધનની પાસે આપણા રાજ્યની માગણી કરવી.' યુધિષ્ઠિર બોલ્યા.
'માગણી શાની?' પાંચાલી બોલી ઊઠી.
'આપણા હક્કની.' યુધિષ્ઠિર બોલ્યા.
'દુર્યોધન માગણી સ્વીકારશે? દુનિયામાં કોઈએ શત્રુની માગણી સ્વીકારી છે?' ભીમ બોલી ઊઠ્યો.
'શા માટે ન સ્વીકારે? આપણી માગણી યોગ્ય હોય, પ્રતિષ્ઠિત પુરુષો મારફત આપણે માગણી મોકલાવી હોય ને ભીષ્મ-દ્રોણ જેવા કુરુવૃદ્ધો દુર્યોધનની સભામાં હયાત હોય, ત્યાં માગણી ન સ્વીકારાય એ મારે ગળે નથી ઊતરતું.' યુધિષ્ઠિર બોલ્યા.
'મહારાજ! મને માફ કરશો. દુનિયામાં કોઈએ નિર્વીર્ય માગણીનો સ્વીકાર કર્યો સાંભળ્યો નથી. આપણી માગણીની પાછળ જો આપણી તલવારોનું બળ હશે તો ત્રૈલોક્યપતિને પણ એ સ્વીકાર્યે જ છૂટકો છે; નહીંતર તો એવી કેટલીય માગણીઓને દુનિયાના સમ્રાટો ઘોળીને પી ગયા છે એ તમે ક્યાં નથી જાણતા?' દ્રૌપદી પણ ટટ્ટાર થઈ ગઈ.
'મહારાજ યુધિષ્ઠિર! હવે જો માગણી કરવી હશે તો ભીમ અને અર્જુન પોતાની ગદા ને ગાંડીવથી કરશે.' ભીમ ઊકળી ઊઠ્યો.
'ભીમસેન! શાંતિથી બોલ.' અર્જુને કહ્યું.
'શાંતિથી શી રીતે બોલું? અંતર સળગી જતું હોય ત્યાં બહારની શાંતિ ક્યાંથી લાવું? તમને સૌને આ વનવાસે શાંતિ શીખવી હશે, પણ મેં તો વનવાસમાંય સર્પ-નોળિયાનાં યુદ્ધો જ જોયાં કર્યાં છે, એટલે હું શાંતિ શીખ્યો જ નથી.' ભીમ બોલ્યો.
'ભીમસેન બરાબર કહે છે'. પાંચાલી બોલી.
'દેવી પાંચાલી! ભીમ જે બોલે છે તેનું હાર્દ હું સમજું છું; પણ જે ધર્મબુદ્ધિથી આપણે આજ સુધી ચાલ્યાં છીએ તે જ પ્રમાણે ચાલશું તો અંતે આપણો વિજય છે.' યુધિષ્ઠિર બોલ્યા.
'મહારાજ! મને માફ કરશો. હવે મને આપની ધર્મબુદ્ધિમાં વિશ્વાસ નથી રહ્યો.' ભીમે કહ્યું.
'તો આપણે શ્રીકૃષ્ણની સલાહ લઈશું.' યુધિષ્ઠિર બોલ્યા.
'એ વાત ઠીક છે; પરંતુ હવે તો શ્રીકૃષ્ણ ના પાડે તોય હું તો યુદ્ધ જ પસંદ કરું.' પાંચાલી બોલી.

'મોટાભાઈ, ધર્મરાજ, યુધિષ્ઠિર!' ભીમથી ન રહેવાયું, 'તમે ધર્મબર્મની વાતો કરો છો, પણ આ પાંચાલીનો ચોટલો જોયો? એ ચોટલાની વાણી તમને સંભળાય છે? એ ચોટલો તો દુ:શાસન અને દુર્યોધનના લોહીનો તરસ્યો છે એ ખબર છે ને? આ અર્જુનનો અંગૂઠો જોયો? એ હાથ ગાંડીવનો ટંકાર કરવાને સરજાયો છે તે ખબર છે ને? આ નકુળ-સહદેવ પેલા વડલા પર બેઠા બેઠા વાંસનો પાવો બજાવે છે તે સાંભળો છો? બિચારા શું કરે? રણસંગ્રામમાં ભયંકર શંખો ફૂંકવાની તક આપણે છીનવી લીધી ત્યારે એ શું કરે? મહારાજ! હજીયે આંખ ઊઘડે છે?' ભીમે યુધિષ્ઠિરના હૈયામાં ઘા કર્યો.

'મહારાજ! ભીમસેન ઠીક કહે છે. વનવાસને અંતે તો કૌરવોની સાથે યુદ્ધ, યુદ્ધ ને યુદ્ધ જ!' દ્રૌપદી કૂદતી હોય તેમ બોલી.

'દેવી! યુદ્ધનાં પરિણામોની તમે ગણતરી કરી છે?' યુધિષ્ઠિર બોલ્યા.

'પરિણામોની ગણતરી તો પરિણામ આવશે ત્યારે; આજે તો એક જ ગણતરી: મારા પતિઓને વનવાસમાં હાંકી કાઢનાર અને ભરસભામાં મારી લાજ લૂંટનારને યુદ્ધ વિના બીજો જવાબ જ ન હોય! પરિણામોની ગણતરી કરવાનું વાણિયાઓને સોંપો અને આપણે આપણા ક્ષાત્રધર્મને સાચવો.' પાંચાલીએ કહ્યું.

'ક્ષાત્રધર્મમાં શું નાહક પાયમાલ થવું?' યુધિષ્ઠિર બોલ્યા.

'વાણિયાવેડાથી જીવતા રહેવું એ ક્ષત્રિયોને માટે મોત છે અને ક્ષાત્રધર્મ પાળતાં ફના થવું એમાં ક્ષત્રિયોનું જીવન છે!' પાંચાલી બોલી ઊઠી.

ચર્ચા ઠીક ઠીક ગરમ થઈ ગઈ એટલે વચ્ચે અર્જુન બોલ્યો: 'મોટાભાઈ! ભીમસેન અને દેવી પાંચાલી કહે છે તે પણ વિચારવા જેવું છે. તમે કહો છો તેમ ધર્મબુદ્ધિથી વિચાર કરીને આપણે ચાલવું છે; પણ જો એ ધર્મબુદ્ધિ આપણને નામર્દાઈને રસ્તે લઈ જશે તો આપણું મોત થશે. ભીમસેન, દેવી! આ પ્રશ્ન ખૂબ વિચારવા જેવા છે માટે આનો નિર્ણય આપણે અત્યારે કરી શકશું નહીં. ફરી કોઈ વાર વધારે સ્વસ્થ મનથી આપણે આ વિચાર કરશું. હજી તો ગુપ્તવાસનું આખું વર્ષ બાકી છે, એટલે કશી ઉતાવળ નથી.'

'ઉતાવળ છે તે એટલા માટે કે એક વાર છેવટનો માર્ગ નક્કી થઈ જાય, તો ગુપ્તવાસ દરમિયાન તેમજ ત્યાર પછી બીજો માર્ગ વિચારવાનો જ ન રહે અને આપણી તમામ ગતિને એ એક જ માર્ગે આપણે વાળી શકીએ.' દ્રૌપદીએ જણાવ્યું.

'એ પણ બરાબર. હવે થોડા રોજમાં શ્રીકૃષ્ણ આપણી પાસે આવે છે; મહારાજ દ્રુપદ અને ધૃષ્ટદ્યુમ્ન પણ આવે છે. બધાની સાથે વાટાઘાટ કરીને આપણે તેનો તોડ કાઢશું.' અર્જુને વાત સંકેલી.

'ભલે, તેમ કરીએ.' પાંચાલી બોલી. 'ભીમસેન! સાંજ પડવાને થોડી વાર છે એટલામાં આપણે ચાલો ડુંગર તરફ આંટો મારી આવીએ.'

પાંચાલી અને ભીમસેન નજીકના ડુંગર તરફ ચાલ્યાં; નકુળ-સહદેવ પાવો બજાવતા હતા તે તરફ યુધિષ્ઠિર મહારાજ ચાલ્યા અને અર્જુન ધનુષ્યબાણ લઈને પાસેના વનમાં ગયો.

સૈરન્ધ્રીનો ગંધર્વ

સુદેષ્ણા વિરાટ રાજાની રાણી. કીચક તેનો ભાઈ.

કીચકને વિરાટ રાજાએ લશ્કરનો સેનાપતિ બનાવ્યો હતો અને પોલીસખાતાનો ઉપરી

પણ કીચક જ હતો. કીચકના સો ભાઈઓ પણ વિરાટમાં જ હતા.

એક વાર સુદેષ્ણા અને કીચક મહેલમાં બેઠાં બેઠાં વાતો કરતાં હતાં.

'ભાઈ કિચક!' રાણી બોલી, 'એ રાંડ પાપણીને મેં કેટલીયે વાર કહ્યું છે પણ ગાંઠતી જ નથી. હું કહું કે, ''ભાઈને ત્યાં થાળ આપી આવ; ભાઈને માટે મેં અત્તરો લીધાં છે તે તેમને આપી આવ,'' પણ ખસે જ નહીં!'

'હશે; ફિકર નહીં.' કિચક બોલ્યો.

'તું એનાં લક્ષણ તો જો! એને તો પાપણીને રાજાના પલંગ પર બેસવું છે; પણ સુદેષ્ણાને ઓળખતી નથી. મેં તો એ આવી ત્યારે એનું રૂપ જોઈને જ કહ્યું હતું કે તું બહુ જ રૂપાળી છે તે મારે ત્યાં નહીં પોસાય; પણ તે દિવસે તો મને કહે કે મારો જરાયે ભય ન રાખો, પાંચ ગંધર્વો મારું રક્ષણ કરે છે. એટલે રાજા પણ મારી સામે નજર નાખી શકે નહીં, પણ હવે તો રાજા આવે કે ક્યાંથી દોડી આવે છે ને આખો દિવસ બૃહન્નલા સાથે ઝીણી ઝીણી વાતો કર્યા જ કરે છે.' રાણી બોલી.

'બહેન! ફિકર નહીં.' કીચક બોલ્યો.

'ક્યાં સુધી ફિકર નહીં? બીજી પદ્મિની જેવી સ્ત્રીઓ તારું નામ પડતાં વશ થઈ જાય અને આ રાંડ આટઆટલી મનાવ્યા છતાંય ન ગાંઠે? એને એના રૂપનો ઓરતો છે તે તોડવો જોઈએ!' રાણીએ દાંત પીસ્યા.

'એટલે જ કાલે એને ભરસભામાં મેં ચોટલો ઝાલીને પછાડી હતી.' કીચક બોલ્યો.

'હા, મને ખબર મળ્યા હતા. પછી એના ગંધર્વ પતિઓ આવ્યા કે નહીં?' રાણીએ પૂછ્યું.

'કોણ આવે, એના બાપ?' કીચક હસ્યો.

'ભાઈ! તેં એનો મદ ઉતાર્યો તે ઠીક કર્યું. ત્યાં રાજા બેઠા હતા કે?'

'તેમના દેખતાં જ પછાડી!' કીચકે જણાવ્યું.

'રાજા શું બોલ્યા?' રાણીએ પૂછ્યું.

'રાજા શું બોલે? રાજા હવે બોલે તેવું રહ્યું જ નથી. રાજા તો હવે ફક્ત ગાદી પર જ બેસે. રાજ્ય ચલાવવાનો બધો ભાર મારા માથે, એવી સ્થિતિ છે.' કીચકે છાતી કાઢતાં જણાવ્યું.

'ખમ્મા મારા વીરને! હવે આ રાંડને તું પૂરો પડે તો મને નિરાંત થાય.' રાણી બોલી.

'બહેન, એક વાત કહું! બહુ જ ખાનગી છે, ખૂબ ખાનગી. તારે કોઈને કહેવાની નહીં.' કીચક બોલ્યો.

'અરે ભાઈ! હું તે કોઈને કહું! મારોયે વિશ્વાસ નથી?' રાણી બોલી.

'વિશ્વાસ તો બધોય છે, પણ વાત એવી છે માટે જ વધારે જોરથી ખાનગી રાખવાનો આગ્રહ કરું છું.' કીચક બોલ્યો.

'કોઈને નહીં કહું, ભાઈ!' રાણી બોલી.

'જો, કાલે મેં સૈરન્ધ્રીને સભામાં પછાડી પછી આજે સવારે એ પોતે મારી પાસે આવી હતી.' કીચકે ધીમેથી કહ્યું.

'એમ? ત્યારે તો મારા કહ્યા વિના જ પોતાની મેળે આવી?' રાણી બોલી.

'હવે ન આવે?'

'કેમ આવી હતી?' રાણીએ પૂછ્યું.

'આવીને મને કહે કે, ''જુઓ, હું તમારી પાસે આવવા તૈયાર છું; પણ મારા ગંધર્વ પતિઓ જાણી ન જાય માટે આજે રાતના આપણે નવી સંગીતશાળામાં મળીએ. આ વાત

તમારે કોઈને કહેવી નહીં. નહીંતર જો મારા ગંધર્વો જાણી જશે તો પીડા થશે.''

'હં...! હવે રાંડ ઠેકાણે આવી. પહેલાં તો રોજ ''મારા ગંધર્વ પતિઓ, મારા ગંધર્વ પતિઓ!'' એમ કહી મને ડરાવે. ગંધર્વો શું હોય, રાખ! ગંધર્વ હોય તો આ દશા હોય!' રાણી હાથ લાંબા કરતી કરતી બોલી.

'બહેન! એ તો હું પહેલેથી જ જાણું છું. અમે લોકો તો સ્ત્રીઓને તેમના પગ પરથી જ પારખી લઈએ છીએ, પણ આ સૈરન્ધ્રી તું કહે છે તેવી નથી. એટલે જ જો તે માને તો હું તેને મારા અંત:પુરમાં રાખવાનો વિચાર કરું છું.' કીચકે જણાવ્યું.

'ભાઈ કીચક! કેટલાય કરીને આવી હશે ને કેટલાયે કરશે. આજે તારો સ્વાર્થ છે એટલે તું એને સારી દેખે છે એટલું જ. મારે તો તું લઈ જા તો બલા જાય. પછી મારે વિરાટ રાજાનો કશો ભય તો નહીં!' રાણીએ કહ્યું.

'તો આજે રાતે સંગીતશાળામાં એને મોકલજે. સાથે બીજું કોઈ ન હોય.' કીચક ઊઠતો ઊઠતો બોલ્યો.

'બરાબર શણગાર કરાવીને જ મોકલીશ.' રાણી બોલી.

'ના ના; એના રોજના વેશમાં જ. નહીંતર વળી કોઈને શંકા પડે.' કીચકે આગ્રહપૂર્વક જણાવ્યું.

'હા, એ પણ ખરું છે, ભાઈ! રાંડને બરાબર વશ કરજે. ભાઈ! ચાલ્યો? મારા વીરને ઘણી ખમ્મા!' રાણીએ ઊભા થઈને દુખણાં લીધાં.

કીચક પોતાના મહેલે ચાલતો થયો.

* * *

રાત અંધારી હતી. સંગીતશાળાના તેમ જ આસપાસની હદના દીવાઓ ઓલવી નાખ્યા હતા. શાળાની હદ બહાર રસ્તા પર ચોકી કરતા પોલીસો વખતોવખત ખોંખારા મારી પોતાની નોકરી બજાવતા હતા અને સંગીતશાળામાં પલંગ ઉપર લાંબો થઈને સૂતેલો ભીમસેન વિરાટના સાળાની રાહ જોતો હતો.

રાતના નવ-દસનો સુમાર થયો હશે એવે વખતે વિરાટનો સાળો, કીચક, સેનાનો સેનાપતિ કીચક, પોલીસનો ઉપરી કીચક, સંગીતશાળામાં દાખલ થયો. આજે તેના હરખનો પાર ન હતો. આજે તેની વાસના તૃપ્ત કરવાનો દિવસ આવ્યો હતો. સૈરન્ધ્રીને મળવા માટે આજે તેણે પોતાના સુશોભિત શરીરને ખૂબ શણગાર્યું હતું; તેના કપડાંમાંથી સુગંધની ભભક છૂટતી હતી; તેના મોંમાંથી સુવાસ મહેકતી હતી; તેની આંખમાં ઘેરું અંજન હતું; દારૂએ તેના આખા શરીરને જાણે કે નવચેતન આપ્યું હતું; તેની આંખમાં સૈરન્ધ્રી સિવાય બીજું કશું જ દેખાતું ન હતું.

કીચક સંગીતશાળામાં દાખલ થયો, કમાડ ઉઘાડ્યું ને બંધ કર્યું. દીવો હતો જ નહીં એટલે કામના પ્રકાશ વડે હાથથી ફંફોસતો ફંફોસતો તે પલંગ તરફ ગયો.

પલંગ પાસે આવીને તેણે ભીમના શરીર પર હાથ ફેરવતાં કહ્યું: 'વહાલી સૈરન્ધ્રી! આજે મારું જીવતર ધન્ય થયું! મારું ઘર, મારાં દાસદાસીઓ, મારું ધન એ સઘળું હું આજે તને અર્પણ કરું છું.'

પલંગમાં સૂતેલો ભીમસેન સ્ત્રીના જેવો અવાજ કાઢીને બોલ્યો: 'રાજકુમાર કીચક! પ્રભુનો પાડ માનો કે આજે આપણે મળ્યાં, તમારું રૂપ જોઈને કોણ મોહ ન પામે!'

'વહાલી સૈરન્ધ્રી! તું બેઠી થા. આ કીચક કામશાસ્ત્રમાં કેટલો નિપુણ છે તે તને આજે જણાશે.' એમ કહીને કીચક ભીમે ઓઢેલું કપડું દૂર કરે છે ત્યાં તો ભીમ છલંગ મારીને

પલંગ પરથી હેઠે કૂદી પડ્યો ને કીચકનું ગળું પકડ્યું. ‘દુષ્ટ કીચક! તું મને કામશાસ્ત્ર શીખવે તે પહેલાં તો તારે મોતશાસ્ત્ર શીખવું પડશે!’ ભીમ બોલ્યો.

‘સૈરન્ધ્રી, સૈરન્ધ્રી! તું કોણ છે?’ કીચક ગાભરો બની ગયો.

‘બીજો કોણ હોય! સૈરન્ધ્રી તો એ રહી સુદેષ્ણાના મહેલમાં!’ ભીમે કીચકને ભોંય પર પછાડ્યો.

કીચક પણ મજબૂત હતો. બન્ને વીરોનું ઓરડામાં યુદ્ધ જામ્યું અને કીચકે પણ ભીમને ઠીક ઠીક થકવ્યો. પણ ભીમ ક્યાં ને કીચક ક્યાં! અંતે ભીમે કીચકના શરીરને ઉપાડી ભોંય પર પટકી છાતી પર ઘૂંટણ દીધો અને તેનું ગળું પકડતાં કહ્યું: ‘પાપી કીચક! મને તેં ઓળખ્યો?’

કીચક માંડ બોલી શક્યો: ‘ના.’

‘હું સૈરન્ધ્રીનો ગંધર્વ છું, તારે ઈશ્વર જેવું કાંઈ હોય તો હવે સંભારી લે. હું હમણાં જ તને યમરાજ પાસે મોકલું છું.’ ભીમ બોલ્યો.

‘ગંધર્વરાજ! મને મારવો હોય તો જલદી મારી નાખો. મને બહુ દુ:ખ થાય છે.’ કીચકે કહ્યું.

‘તો લે, જરા આ ઢીંચણ હળવો કરું, તારે કાંઈ કહેવું હોય તો કહી લે.’ ભીમ બોલ્યો.

‘તમે ઢીંચણ હળવો કરો તેથી મારું દુ:ખ શમે તેમ નથી. આ મારી આંખ આગળ કેટલીયે સ્ત્રીઓ માથાના વાળ છૂટા મૂકીને અને મોટી મોટી આંખો ફાડીને મને બિવરાવે છે. ગંધર્વરાજ! વિરાટની આ સ્ત્રીઓ ઉપર અત્યાચારો કરતી વખતે મને ખબર નહીં કે અંતકાળે તેઓ મને આમ બિવરાવશે. ગંધર્વરાજ! મારી આંખો મીંચવા જાઉં છું તોય ઊઘડી જાય છે અને શરીરે પરસેવો થઈ આવે છે. વિરાટની ઓ મા-દીકરીઓ! તમે શાંત થાઓ. આ ગંધર્વે આજે તમારું વેર વાળ્યું છે.’ કીચક બેબાકળો થઈને બોલવા લાગ્યો.

‘કીચક! અહીં તો કોઈ નથી.’

‘છે, છે, છે! ત્યાં ઊભી, પેલી...! તને મેં અડધી રાતે બાળકને ધવરાવતી હતી ત્યાંથી ઉપાડી હતી તે જ કે? હા, એ જ. ભાઈ! તારી આંખો બંધ કર... ‘

‘કીચક! હવે જલદી કર. રાત ચાલી જાય છે.’ ભીમ બોલ્યો.

‘ગંધર્વરાજ! મને જલદી મારી નાખો એટલે છૂટું. હવે તો આ જોયું નથી જતું.’ કીચકે કરગરીને મોત માગ્યું.

‘પણ તારે કાંઈક કહેવું હતું ને!’ ભીમ બોલ્યો.

‘હા, કહેવાનું તો બીજું ઘણુંય છે. મારા જેવા રાજાઓના સાળાઓ કહેવા બેસે તો પુરાણો ભરાય. પણ તમે ક્યાં એ બધું સાંભળવાના છો!’ કીચક બોલ્યો.

‘તોયે બીજું બીજું કહે છે તે કરતાં જે કહેવું હોય તે કહી લે ને!’ ભીમે કહ્યું.

‘એ બીજું નથી બોલવું છતાંયે કોણ જાણે કેમ બોલાઈ જ જવાય છે. પેલી વિરાટની મા-દીકરીઓ ગઈ?’

‘અહીં કોઈ જ નથી.’

‘તો ગંધર્વરાજ! સાંભળો. તમે તમારા દેશમાંથી આ આર્યાવર્તના રાજાઓને કહેવરાવજો કે કોઈ રાજા પોતાના રાજ્યમાં પોતાના સાળાને ન રાખે. રાજ્યોની રાણીઓને કહેરાવજો કે જેને પોતાના ભાઈનું સારું ઈચ્છવું હોય તે ભાઈને પોતાના રાજ્યમાં ન રાખે. ગંધર્વરાજ! સાચું કહું? આજે મરું છું મારી બહેનના પાપમાં. સુદેષ્ણાએ મને ચડાવ્યો ન હોત તો હું નિરાંતે વિરાટમાં રોટલો ખાત અને ઘડપણમાં મરત. પણ મારી બહેને મને અવળે માર્ગે ચડાવ્યો ને હું ચડ્યો. ગંધર્વરાજ! વિરાટ રાજાને આ મારા છેલ્લા

પ્રણામ છે. એ બિચારીને અમે ભાઈબહેને બાયલો કરી નાખ્યો છે. પ્રભુ એનું રક્ષણ કરો. સુદેષ્ણા! પાપી બહેન! તને શું કહું? રાજમહેલમાંની ધોળી ભીંતો પાછળ કેટલાં કુકર્મો થાય છે તેની લોકોને ક્યાં ખબર છે? જેવી ઈશ્વરની મરજી! છેલ્લા પ્રણામ વિરાટના આખા નગરને; છેલ્લા પ્રણામ વિરાટની સેનાને; છેલ્લા પ્રણામ વિરાટની પોલીસોને; છેલ્લા પ્રણામ સૈરન્ધ્રી, તને. સૈરન્ધ્રી! તારી માફી માગું છું. આવતે ભવે તો હું ભૂંડનો અવતાર પામીશ એમ લાગે છે. છતાંય માણસ અવતરું એટલું પ્રભુ પાસે માગું છું.' કીચક બોલતો બંધ થયો.

'સૈરન્ધ્રીનાયે નસીબનો પાર નહીં કે તારા જેવા દીકરા પેટ પડે!' ભીમથી ન રહેવાયું.

કીચક બોલતો બંધ થવા લાગ્યો એટલે ભીમસેને તેના માથામાં મુઠ્ઠી મારીને તે ધડમાં પેસારી દીધું; એ જ પ્રમાણે તેના હાથો તથા પગોને પણ ધડમાં પેસારી એક દડો બનાવી ધડને ત્યાં લોહી ટપકતું મૂકી પોતે રસોડામાં ચાલતો થયો.

પાછળથી જ્યારે કીચકના મોતની ખબર પડી અને કીચકના ભાઈઓ સૈરન્ધ્રીનો જ બધો વાંક છે એમ કહી સૈરન્ધ્રીને કીચકની સાથે ચિતામાં બાળી દેવા તૈયાર થયા ત્યારે ભીમસેન ગંધર્વનો વિચિત્ર વેશ પહેરી સ્મશાનમાં આવ્યો અને સૈરન્ધ્રીને ત્યાંથી છોડાવી રાણીના મહેલમાં પહોંચતી કરી.

રુધિરપાન

પાંડવ-કૌરવોનું યુદ્ધ શરૂ થયે આજ સત્તર દિવસ થયા હતા. દુર્યોધનની સેનાના સ્તંભ સરખા ભીષ્મ પિતામહ અને દ્રોણાચાર્ય તો ક્યારનાયે પોઢી ગયા હતા. જયદ્રથ — સિંધુરાજ જયદ્રથ કૌરવોની એકની એક બહેન દુ:શલાને રડતી મૂકીને મૃત્યુને માર્ગે સિધાવ્યો હતો. પાંડવોએ પણ પોતાના પક્ષના કેટલાય મહારથીઓને સ્વર્ગને માર્ગે વળાવ્યા હતા. વીર અભિમન્યુ છ મહારથીઓની સામે ટક્કર લેતો લેતો વીરશય્યામાં સૂતો હતો. ભીમનો રાક્ષસપુત્ર ઘટોત્કચ પણ કૌરવસેનામાં હાહાકાર મચાવી છેવટે કર્ણને હાથે મૃત્યુ પામ્યો હતો. એ અઢાર અક્ષૌહિણી સેનાનો મોટો ભાગ તો કાળના જડબામાં ક્યારનોય પડી ચૂક્યો હતો.

'છતાં....

છતાંયે હજી આ કાળયુદ્ધનાં મુખ્ય મુખ્ય પાત્રો રણભૂમિ પર ઘૂમતાં હતાં. કુરુક્ષેત્રના મેદાન પર સત્તર સત્તર સૂર્યો ઊગ્યા અને સત્તર સત્તર રાત્રિઓ વહી ગઈ; સત્તર સત્તર દિવસો થયા ભીમ અને દુ:શાસન તેમ જ ભીમ અને દુર્યોધન એકબીજાને શોધતા હતા, એકબીજાની સાથે લડતા હતા, એકબીજાને પછાડતા હતા, એકબીજાને ઘાયલ કરતા હતા, એકબીજાના રથો તોડતા હતા. એકબીજાના સારથિઓને ઘાયલ કરતા હતા; અને છતાંયે હજી તેઓ જીવતા હતા.

કર્ણ કૌરવસેનાનો સેનાપતિ થયો. તેના રથની લગામ મદ્રદેશના રાજા શલ્યના હાથમાં હતી. પાંડુપુત્ર અર્જુનને મારી દુર્યોધનને વિજય અપાવવો એ કર્ણનો મનોરથ હતો.

પણ સત્તરમા દિવસની સવાર જુદા પ્રકારની ઊગી. યુદ્ધ શરૂ થયું એટલે કર્ણ અર્જુનને શોધતો એક બાજુ ગયો અને બીજી બાજુ ભીમસેન અને દુ:શાસન ભેટભેટા થઈ ગયા.

ભીમ અને દુ:શાસનનો યુદ્ધમાં આ કાંઈ પહેલો જ ભેટો ન હતો; આજ સત્તર દિવસમાં ઘણીયે વાર તેઓ એકબીજાની સામે ઝઝૂમ્યા હતા; ઘણીયે વાર તેઓ દાંત

કચકચાવીને એકબીજા સામે ઘૂરક્યા હતા; ઘણીયે વાર એકબીજાના પ્રાણ હમણાં જાણે લઈ લેશે એવું ભયંકર યુદ્ધ લડ્યા હતા.

પણ...પણ આજનો દિવસ તો આજનો દિવસ! બન્ને સેનાઓ લગભગ ક્ષીણ થઈ ગઈ હતી; બન્ને પક્ષના આંગળીને વેઢે ગણાય તેટલા ધુરંધરો જીવતા બાકી હતા. એવે વખતે ભીમ અને દુ:શાસન એકબીજાની સામે આવી ગયા અને વેરની છેવટની વસૂલાત કરી લેવી હોય તેમ સામસામે તાડૂક્યા.

‘દુષ્ટ દુ:શાસન! ઊભો રહે, ઊભો રહે. આજે હવે તું મારા સપાટામાંથી છટકી શકવાનો નથી.’ ભીમે ગર્જના કરી.

‘લે રાખ; રાખ, ખાઉધરા ભીમસેન! તારો બકવાદ તારી પાસે જ રાખ! જે લોકો સૂંડલો સૂંડલો અનાજ ખાય છે તેમનાથી મોટાં પરાક્રમો થયાં સાંભળ્યાં છે?’ દુ:શાસન હસતો હસતો બોલ્યો.

ઘાયલ થયેલો સિંહ છંછેડાય તેમ છંછેડાયેલો ભીમ બોલ્યો: ‘આંધળાના દીકરા દુ:શાસન! આજ સુધીમાં ભીમસેને કેટલાં પરાક્રમો કર્યાં તે તું ક્યાંથી દેખે! ગયા સોળ દિવસમાં આ ભીમના હાથથી કેટલાં હાથીનાં સૈન્યો નાશ પામ્યાં તેની ગણતરી કરી છે? આ ખાઉધરા ભીમસેને તારા પોતાના જ કેટલા ભાઈઓને મારી નાખ્યા છે તેની ખબર છે? આ બકવાદ કરનારા ભીમસેને તારા કેટલા રથોને તોડી નાખ્યા છે તેનો હિસાબ કરવા હમણાં જ તને દ્રોણાચાર્ય પાસે મોકલું છું. ચાલ, તૈયાર થા. ભીમનું પરાક્રમ હવે માત્ર તારે સાંભળવાનું નથી પણ જાતે જ અનુભવવાનું છે!’ ભીમે હાકલ મારી.

ભીમ અને દુ:શાસનનું યુદ્ધ શરૂ થયું. ગંગા નદીના કાંઠા પર કોઈ અરણ્યમાં સાઠ સાઠ વર્ષના બે મદોન્મત્ત હાથીઓ લડતા હોય તેમ તેઓ લડવા લાગ્યા. બન્ને વીર; બન્ને હજાર હાથીના બળવાળા; બન્ને યુદ્ધમાં પ્રવીણ, બન્ને ઊંડા વેરથી પ્રેરાયેલા.

દુ:શાસનની બન્ને બાજુએ કુરુયોદ્ધાઓ તેનું રક્ષણ કરવા ખડા થયા હતા; અશ્વત્થામા ત્યાં હતો; દુર્યોધન ત્યાં હાજર હતો; કૃપાચાર્ય પણ હાજર હતા; પાછળથી કર્ણ પણ આવી ચડ્યો હતો.

બન્ને એકબીજાને હંફાવતા હતા. એવામાં ભીમે પોતાની ગદા દુ:શાસન પર ફેંકી. એ ગદાના પ્રહારથી દુ:શાસનનો રથ તૂટી પડ્યો, તેનો ધ્વજ ભાંગી ગયો ને સારથિ મરણ પામ્યો. ગદાના પ્રહારથી દુ:શાસન પોતે બેભાન થઈને નીચે પડ્યો એટલે શિકાર પાસે સિંહ જેમ પહોંચી જાય તેમ ભીમ તરત જ તેની પાસે પહોંચ્યો અને તેની છાતી ઉપર પોતાનો પગ રોપીને ઊભો.

‘ઓ કુરુયોદ્ધાઓ! આ ભીમસેન તમારા દુ:શાસનને મારી નાખે છે, તો જેનામાં બળ હોય તે આવીને દુ:શાસનનું રક્ષણ કરો.’ ભીમે બૂમ પાડી, ‘સૂતપુત્ર કર્ણ! આ તારા દુર્યોધનના ભાઈને બચાવ. તું કૌરવોને વિજય અપાવવાની મોટી મોટી વાતો કરે છે તો આવ, આજે ભીમના સપાટામાંથી આ દુ:શાસનને છોડાવ. દુર્યોધન, દુર્યોધન! તું ક્યાં સંતાઈ બેઠો છે? દ્રૌપદીને તેડવા માટે તેં આ દુ:શાસનને મોકલ્યો હતો તો આજે તું અને શકુનિ તેને કેમ બચાવતા નથી? મામા શકુનિ! તારી ગણતરીઓ બધી ક્યાં ગઈ?’

ભીમસેન આ પ્રમાણે બરાડા પાડતો હતો તેટલામાં દુ:શાસનને ભાન આવ્યું અને તેણે ભીમના સામી નજર ઊંચી કરી. ભીમ તરત સળગી ઊઠ્યો: ‘પાપી દુ:શાસન! તેં જે હાથે સતી દ્રૌપદીનો ચોટલો ઝાલ્યો હતો અને જે હાથે તેનાં ચીર ખેંચ્યાં હતાં તે હાથ દેખાડ!’

ભીમના મોઢામાંથી આ શબ્દો પડ્યા કે તરત જ ભડવીરને છાજે તેવી હિંમતથી દુ:શાસને પોતાનો જમણો હાથ ઊંચો કર્યો અને બોલ્યો: ‘પાંચાલીના ચોટલાને ઝાલનાર,

તેનાં ચીરને ખેંચનાર, ધૃતરાષ્ટ્રની પુત્રવધૂનું પાણિગ્રહણ કરનાર અને હજારો સોનામહોરોનું દાન આપનાર આ રહ્યા તે હાથ!'

દુ:શાસનને પોતાનો જમણો હાથ ઊંચો કર્યો કે તરત જ ભીમસેને તેનું કાંડું ઝાલ્યું અને બોલ્યો: 'દુ:શાસન! તને હમણાં જ મારી નાખું છું. તારો અંતકાળ નજીકમાં છે. તારે છેવટનું કોઈને કાંઈ કહેવું હોય તો કહી લે.'

'ભીમસેન! તું મને ખુશીથી મારી નાખ. ભીમસેન! તને દુ:ખ દેવામાં મેં કમી નથી રાખી. છેક નાનપણથી તને જોઈને જ મારી આંખમાંથી ઝેર વરસતાં. એ વેરઝેર દ્રૌપદી આવ્યા પછી વધ્યાં. તે આજની ઘડી સુધી. આજે તારા હાથથી વીરમૃત્યુ પામતાં મને આનંદ થાય છે. પણ એક વાત મારા મનમાં તરે છે.' દુ:શાસન બોલ્યો.

'તો કહી દે!' ભીમે પડકાર્યો.

ભીમસેન! હું તો મૃત્યુને કાંઠે બેઠો છું એટલે દુન્યવી વેરઝેર મારા મનમાંથી ઓસરતાં જાય છે, અને કોઈ નવી જ સૃષ્ટિ મારી આંખ સામે ખડી થાય છે. પણ તું આપણી દુશ્મનાવટ ભૂલીને મારી વાત સાંભળીશ? ગમે તેવો પાપી માણસ પણ, અંતકાળે જ્યારે તેના જીવનનું સરવૈયું તેની આંખ પાસે બડું થાય છે ત્યારે અસત્ય નથી બોલી શકતો, એમ તને લાગે છે?' દુ:શાસન બોલ્યો.

'દુ:શાસન! જે કહેવું હોય તે ખુશીથી કહે.' ભીમ વાત સાંભળતો બોલ્યો, 'તું જે કહીશ તેના પર આજે મારો વિશ્વાસ છે.'

'ભીમસેન! મારો હાથ જરા છોડ તો! અરરર, કેવો એ દુર્ગંધ મારે છે! આ દુર્ગંધ હું આજ સુધી પારખી જ ન શક્યો. ભીમસેન! દ્રોપદીને કહેજે કે તારો ચોટલો ઝાલનાર અને તારાં ચીર ખેંચનાર હાથ આજે ખાલીખમ ચાલતો થયો છે. ભીમસેન! એક વધુ માગણી કરું?' દુ:શાસન બોલ્યો.

'બેલાશક કર!'

'તું આ મારો હાથ મારા ધડથી જુદો પાડી આ બન્ને સૈન્યોને દેખાડજે. એટલું દ્રૌપદીના અપમાનનું પ્રાયશ્ચિત.' દુ:શાસન ગળગળો થઈ ગયો.

'દુર્યોધનને કાંઈ કહેવું છે?'

'મોટાભાઈને શું કહું! કર્ણને પણ શું કહું! હું આજે જાઉં છું. એ લોકો પાછળ ચાલ્યા જ આવે છે. ભીમ! કોઈ રહેવાનું નથી, તમે માનો કે કૌરવો મૂઆ પછી પૃથ્વી તમને વરશે, તો તમારી ભૂલ છે. તમને પણ હું મારી પાછળ આવતા દેખું છું. ભીમસેન! હવે આંખે અંધારા આવે છે!' દુ:શાસન બોલતો બંધ થયો.

દુ:શાસન બોલતો બંધ થયો એટલે ભીમે તેનો જમણો હાથ ધડમાંથી ખેંચીને જુદો કર્યો અને તે જ હાથ ઊંચો કરી બન્ને સૈન્યોના એકઠા થયેલા યોદ્ધાઓને દેખાડ્યો.

ભીમસેને દુ:શાસનનો જમણો હાથ ઊંચો કર્યો ત્યારે આકાશમાંથી દિવ્ય વાણી થઈ:

'દુનિયાભરમાં સ્ત્રીઓના કેશપાશને ખેંચનારાઓ! દુ:શાસનનો આ સંદેશો સાંભળો. તમે જ્યારે જ્યારે દુનિયાની માતાઓને, પત્નીઓને તેમજ બહેનદીકરીઓને રંજાડો, તેમનાં અપમાન કરો, તેમના ચોટલાઓ ખેંચો, તેમનાં ચીર ઉતારો, ત્યારે યાદ રાખજો કે પૃથ્વીના કોઈ એકાદ પડમાં એકાદ ભીમસેન તમારા હાથને ખેંચી કાઢવા તૈયાર જ બેઠો છે. જ્યાં સુધી જગતમાં પાંચાલીઓ છે અને જ્યાં સુધી જગતમાં દુ:શાસનો પણ છે, ત્યાં સુધી જગતના કોઈ એકાદ ખૂણામાં પણ ભીમ જન્મવાનો જ છે અને પાંચાલીનું વેર લેવાનો જ છે. જગતનો કોઈ દુ:શાસન આ વાત ભૂલી ન જાય!'

દુ:શાસનનાં અંતકાળનાં વચનો સાંભળીને ભીમસેનનું હૈયું ક્ષણભર પીગળી ગયું અને

તેના હૈયામાંથી વેરનો ભાર હળવો થયો. પણ પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા અને કૌરવસૈન્યને ત્રાસ પમાડીને હતાશ કરવા તેણે દુ:શાસનના શબમાંથી ઊનું ઊનું લોહી પીવા માંડ્યું અને બોલ્યો: 'કુરુક્ષેત્રના મેદાન પર એકઠા થયેલા ક્ષત્રિયવીરો! આજે ભીમસેન દુ:શાસનનું લોહી પીઈને ભરસભામાં લીધેલી પોતાની પ્રતિજ્ઞા પૂરી કરે છે. જે મીઠાશ મધમાં છે, જે મીઠાશ સાકરમાં છે, જે મીઠાશ દ્રાક્ષમાં છે, જે મીઠાશ અમૃતમાં છે, જે મીઠાશ માતા કુંતીના ધાવણમાં હતી, તે મીઠાશ કરતાં પણ અધિક મીઠાશ આજે મને આ લોહીમાં લાગે છે! વહાલી પાંચાલી! આજે ભીમ કૃતાર્થ થયો!'

ભીમનું આ ભયંકર કૃત્ય સૈનિકો જોઈ ન શક્યા!

થોડા જ વખતમાં યુદ્ધ પાછું હતું તેમ જોશભેર ચાલવા લાગ્યું.

અભિમાન ગળે છે

મહાભારતનું યુદ્ધ પૂરું થયું અને વિજયને અંતે યુધિષ્ઠિર મહારાજનો હસ્તિનાપુરમાં અભિષેક થયો. લોહીથી ખરડાયેલો આ કાંટાનો રાજમુગટ યુધિષ્ઠિરે થોડાંએક વર્ષો પોતાના માથા પર રહ્યો, પણ પાછળથી તો એ મુગટના કાંટા પાંડવોનાં અંતરને એવી વેદના કરવા લાગ્યા કે યુધિષ્ઠિરે રાજમુગટ પોતાના માથા પરથી ઉતારી અભિમન્યુના પુત્ર પરીક્ષિતને માથે મૂક્યો અને પાંડવોએ તથા દ્રૌપદીએ હિમાલય તરફ જવાનો નિર્ણય કરી લીધો.

મહારાજ પરીક્ષિતને માથે છત્રચામર ધરાયાં અને રાજમુગટ તેના જુવાન માથા પર શોભવા લાગ્યો. અભિમન્યુનો પુત્ર ગાદીએ આવ્યો તેથી રાજમાતા ઉત્તરાના હર્ષનો પાર ન રહ્યો અને આખાયે હસ્તિનાપુરમાં આ મંગળ પ્રસંગે જયજયકાર વર્તી રહ્યો.

ભીમસેન આ મંગળ પ્રસંગે મહેલના એક ઓરડામાં ઊંડા વિચારમાં પડી ગયો હતો.

'તમે કેમ અહીં બેઠા છો, ભીમસેન! બધાં આજે આનંદ-ઉત્સવ કરે છે તે વખતે તમે અહીં કેમ ભરાઈ રહ્યા છો?' દ્રોપદીએ આવીને ભીમનો હાથ ખેંચ્યો.

ભીમે દ્રૌપદીની સામે જોયું. દેવી! તમારા હાથ પરથી તો આજે પટ્ટરાણીનો ભાર દૂર થયો એટલે હૈયું હળવું થયું હશે, કેમ?'

'ભીમસેન! એમ કેમ બોલો છો?' આપણો પરિવાર ગાદી ઉપર બેસે અને આપણે તેને મૂકીને ચાલતાં થઈએ; એથી રૂડું બીજું શું? કાલે સવારે તો આપણે નીકળવાનું એ તો તમે જાણો છો.' દ્રોપદી બોલી.

'દ્રૌપદી! તમે જાઓ, મને આજે ઠીક નથી એટલે ઘડીક અહીં બેઠો છું.' ભીમસેન બોલ્યો.

'શું થયું છે?' શા વિચારમાં ઊતરી ગયા છો?' દ્રૌપદીએ પૂછ્યું.

'દેવી! એક વાત પૂછું?' ભીમ બોલ્યો.

'મારા ભીમસેન! આજે તમે આમ કેમ બોલો છો?' દ્રોપદી નજીક આવીને બેઠી.

'આજે મને કંઈ ચેન પડતું નથી. આ હસ્તિનાપુરનું રાજ્ય, આ મહેલો, આ બગીચાઓ, આ વૈભવ બધું આજે કેમ જાણે મને ગમતું નથી અને ઘડીઘડીમાં મારો જીવ જાણે ઊંડાણમાં ઊતરી જતો હોય એમ લાગે છે. મારું આ શરીર મને પોતાને ભારરૂપ જણાય છે અને સર્પ જેમ કાંચળીને ફેંકી દઈ સ્વચ્છ થાય તેમ આ શરીરને ફેંકી દઉં, ફેંકી દઉં, એમ જ થયા કરે છે.' ભીમે ચલાવ્યું.

'એ તો અમસ્થા તમે ક્યારના અહીં બેઠા છો એટલે એવા વિચારે ચડી ગયા! ચાલો, સૌ તમારી વાટ જોતા હશે.' દ્રૌપદી બોલી.

'સૌ કોણ?'

'યુધિષ્ઠિર મહારાજ, અર્જુન, સહદેવ, બધા.'

'દેવી! એક વાત કહું? માનવામાં આવશે?' ભીમસેને કહ્યું.

'તમારું ન માનું તો કોનું માનું? બોલો, બોલો જોઈએ!' દ્રૌપદી બોલી.

'આજ સુધી હું એમ માનતો હતો કે હું ભીમસેન, બીક જેવી વસ્તુને ઓળખતો નથી.' ભીમે શરૂ કર્યું.

'જરૂર! મારા ભીમસેન પાસે બીક ટકે જ ક્યાંથી? એ તો સાવ સાચી વાત છે., દ્રૌપદી બોલી.

'પાંચાલી! આજે મારી આંખ ઊઘડે છે કે હું ભીમસેન જ જબરો બીકણ છું.' ભીમ ટટ્ટાર થઈ ગયો.

'તમે બીકણ! આટઆટલા રાક્ષસોને મારનાર, શત્રુઓનો સંહાર કરનાર, દુઃશાસનનું લોહી પીનાર અને દુર્યોધનનો નાશ કરનાર મારા ભીમસેન બીકણ? આ નવું તૂત તમે ક્યાંથી લાવ્યા? ગાંડા થઈ ગયા લાગો છો; ગાંડા!' દ્રૌપદીએ ટોળ કરતાં કહ્યું.

'દેવી! જરાયે ગાંડો નથી, હું પોતેય એમ જ માનતો હતો કે ભીમસેન બીકનોય બાપ છે. પણ દેવી! આજે મારી ભૂલ ભાંગી છે.' ભીમસેને જણાવ્યું.

'શી રીતે જાણ્યું?'

'આજ યુધિષ્ઠિર મહારાજે પોતાના માથા પરનો મુગટ પરીક્ષિત માટે જ્યારે ઉતાર્યો ત્યારે હું ત્યાં હાજર હતો. મહારાજ મુગટ ઉતારતા હતા તે જ વખતે મારી આંખ આગળ દુર્યોધન ખડો થયો. દુર્યોધન, દેવી! દુર્યોધન! તેનું માથું ઉઘાડું હતું, તેની જાંઘમાંથી લોહી વહ્યું જતું હતું, તેના માથામાં જમણી બાજુએ મેં મારેલી લાતનાં ચિહ્નો હતાં. દુર્યોધન આવીને તરત મને પોતાની જાંઘ બતાવવા લાગ્યો!' ભીમ બોલતો ગયો.

'હવે એવું એવું ટાયળું શું કરો છો! એ તો હું પોતે પટ્ટરાણી થઈ તે રાતે મને પણ સ્વપ્નમાં ભાનુમતી આવ્યાં હતાં! પણ મેં તમને કોઈને વાત જ નથી કરી.' દ્રૌપદી બોલી.

'દેવી! એમ નથી. દુર્યોધનને આ પ્રમાણે દીઠા પછી મારા અંતરમાં અનેક ઊથલપાથલો થઈ રહી છે. ઘડીકમાં દ્રોણને દેખું છું, ઘડીકમાં જરાસંઘ આવે છે, ઘડીકમાં કૌરવપુત્રો આવે છે. આ બધાયને જોઈને હું બીતો નથી; પણ આ બધાયને મેં માર્યા તેનો વિચાર કરતો કરતો જ્યારે હું ઊંડો ઊતરી જાઉં છું ત્યારે અંદરથી કોઈ મને કહે છે: ''ભીમ! ઊંડો ઊતર નહિ; એ ઊંડાણ બહુ ભયંકર છે!'' અંદરનો આ અવાજ આવે છે એટલે તરત જ પાછો હઠી જાઉં છું અને ફરી વાર અંદર નજર નાખતાં બીઉં છું. આ બીકનો માર્યો હું ભીમસેન આજે જીવનમાં કદી નહિ અનુભવેલો એવો કંપ અનુભવું છું. મને આંખે તમ્મર આવી જાય છે, શરીરે પરસેવો છૂટે છે, રોમાંચ ખડાં થયા છે, અને કોઈ મને મારી નાખે તો ઠીક એમ જ થયા કરે છે!' ભીમ બોલ્યો.

'તમે તો અજબ માણસ! આવી આવી તે શી લવરી કરતા હશો!' દ્રૌપદી બોલી.

'દેવી! તમને જીવતરમાં કોઈ વાર આવો મૂંઝારો થયો નથી?' ભીમે પૂછ્યું.

'થયો તો હોય પણ એવું થાય ત્યારે બે ઘડી રોઈ લઈએ એટલે હૈયું હળવું થાય! અને પછી તરત જ પાછા કામમાં પડીએ.' દ્રોપદી બોલી.

'દ્રોપદી! મારે તો જીવતરનો આ પહેલો અનુભવ છે. અંતરમાં ડૂબકી મારી નજર કરું છું ત્યારે જેનો મને ખ્યાલ નથી એવી એવી બૂરી ચીજો અંદરથી તરી આવે છે અને મને

ચકિત કરી દે છે. દ્રૌપદી! મને તો એ આખી નવી જ સૃષ્ટિ લાગી છે, અને તેની સન્મુખ હજાર હાથીના બળવાળો હું સાવ રાંક બની જાઉં છું!' ભીમ દીન થતો બોલ્યો.

'ઠીક, હવે ચાલો. વળી પાછા અહીં આવજો.' દ્રૌપદી બોલી.

'ના ના, પાંચાલી! બીતો બીતો પણ હજી હું અંદર દૃષ્ટિ નાખ્યા જ કરું એમ મને થાય છે. ત્યાં કેટલોય કચરો એકઠો થયો હશે તે ડખોળાઈને બહાર આવશે અને ભીમસેનને નવાં નવાં દર્શન કરાવશે.' ભીમ બોલ્યો.

'પણ એમ તો ગાંડા થઈ જશો!' દ્રૌપદી બોલી.

'હવે તો એમ નહિ કરવા દ્યો તો ગાંડા થવાશે!' ભીમ બોલ્યો.

'તોયે મહારાજ પાસે તો ચાલો!' દ્રૌપદીએ ભીમસેનનું કાંડું પકડ્યું.

'દેવી! લ્યો, અત્યારે તો આવ્યો; પણ મહારાજ યુધિષ્ઠિર પાસે આ મૂંઝવણ જાહેર કર્યા વિના જીવને ચેન નહિ પડે.' ભીમસેન બોલ્યો.

'કાલથી આપણે સૌ સાથે જ છીએ.' હિમાલય તરફ જતાં જતાં રસ્તામાં જ તમે મહારાજને આ વાત કરજો ને!' દ્રૌપદી બોલી.

'ઠીક ત્યારે. દેવી! ચાલો આપણે જઈએ.'

ભીમસેન ઊભો થયો અને મંડપમાં જ્યાં બધા ભાઈઓ તેની રાહ જોઈને બેઠા હતા ત્યાં જઈને બેઠો.

* * *

બીજે દિવસે તો પાંચ પાંડવો અને દ્રોપદી હિમાલય તરફ ચાલ્યાં. રસ્તામાં સહદેવ પડ્યો, નકુળ પડ્યો, દેવી પાંચાલી પડી અને અર્જુન સુધ્ધાંયે પડ્યો.

આગળ યુધિષ્ઠિર, પાછળ ભીમસેન અને સૌની પાછળ એક કૂતરો, એમ ત્રણ જણ ચાલ્યા જતા હતા. એવામાં ભીમસેનને ચકરી આવી અને તે બેસી ગયો.

'મહારાજ મહારાજ! તમારો ભીમસેન અહીં જ અટકે છે.' ભીમે બૂમ પાડી.

યુધિષ્ઠિરે પાછું વાળીને જોયું. 'ભાઈ ભીમસેન! તુંય પડ્યો?'

'મોટાભાઈ! મોટાભાઈ! મારા મનનો મૂંઝારો મેં તમને જણાવ્યો છે. આજે એ મૂંઝારાને વશ થઈને હું પડું છું. જે સાન મને પરીક્ષિતના અભિષેકને દિવસે આવી તે થોડી વહેલી આવી હોત તો, મહારાજ! તમારા શબ્દોને હું વધારે સમજી શકત. પણ યુધિષ્ઠિર! મને ક્ષમા આપો. માણસને અંતર જેવી કોઈ વસ્તુ છે, તે જ ભીમસેન ક્યાં જાણતો હતો! એ ખબર હોત તો દ્રોણને મારવા માટે જૂઠું ન બોલત; એ ખબર હોત તો દુર્યોધનને સાથળમાં ઘા ન કરત; એ ખબર હોત તો તમારાં ક્ષમાનાં વચનોનો ઉપહાસ ન કરત; એ ખબર હોત તો શત્રુઓની હત્યા કરીને સુખ મેળવવાની ઈચ્છા ન રાખત; પણ મહારાજ! મારા બળના અભિમાનમાં મેં બીજા કશાનો વિચાર ન કર્યો અને શરીરબળને જ પરમ વસ્તુ માની. આજે ભીમસેનનું એ જ શરીર હવે એના કામનું રહ્યું નથી.' ભીમ દીન થઈને બોલતો હતો.

'ભીમસેન, ભીમસેન! વૃથા શોક ન કર. તને જે સૂઝ્યું તે તેં કર્યું. આજે આટલું મોડું પણ તને ભાન થયું એ જ સદ્‌ભાગ્ય માન ભાઈ! તારું કલ્યાણ થાઓ. તમે સૌ અને પાંચાલી લાંબા થઈને સૂતાં અને યુધિષ્ઠિર એકલો ચાલ્યો જાય છે. મારા ભાગ્યમાં આગળ શું લખ્યું છે તે તો પ્રભુ જાણે. વીરા! પરમાત્મા તને શાંતિ આપો!'

યુધિષ્ઠિર આગળ ચાલ્યા અને ભીમસેનનું શરીર ત્યાં પડ્યું રહ્યું.

કુંતીનો પુત્ર, દુર્યોધન અને કૌરવોનો કટ્ટો શત્રુ, પાંડવોને અનેક આફતોમાંથી ઉગારનાર,

દ્રૌપદીનો રસિક પતિ, રાક્ષસોનો સંહાર કરનાર, શરીરબળની સાક્ષાત્ મૂર્તિ ભીમસેન, હજાર હાથીના બળવાળો ભીમસેન, દેવોના દરબારમાં હાજર થયો!

સૂતપુત્ર કર્ણ

રાધેય

અધિરથ ધૃતરાષ્ટ્રનો રથ હાંકનારો. તેની સ્ત્રીનું નામ રાધા.

એ જમાનામાં રથ હાંકવાનો ધંધો કરનારાઓ સૂત જાતિના લોકો હતા પણ રણસંગ્રામ પર યોદ્ધાનો રથ હાંકવો એ એટલું મોટું જવાબદારીનું કામ ગણાતું કે કોઈ કોઈ વાર તો મોટા સમર્થ પુરુષો પણ આ કામને ગૌરવભર્યું ગણીને સ્વીકારતા. શ્રીકૃષ્ણ પોતે અર્જુનના સારથિ થયા અને મદ્ર દેશના રાજા શલ્યે સૂતપુત્ર કર્ણનો રથ હાંક્યો એ એના પ્રસિદ્ધ દાખલાઓ છે.

રાધાને પેટે કશું સંતાન નહિ. આખી જિંદગી કેટલાંયે વ્રતો કર્યાં, કેટલાંયે તીર્થો કર્યાં. કેટલીયે બાધાઆખડીઓ કરી, કેટલાય ઉપચારો કર્યા, પણ પ્રભુએ રાધાને સારો દિવસ ન દેખાડ્યો. સંતાન વિના રાધાનું જીવન લૂખું બની ગયું. કોઈનું બાળક દત્તક લઈનેય રાધા મન વાળે, પણ કઈ જનેતાને બાળક એવું વધારે હોય તે આપે?

એક વાર સાંજે અધિરથ બહારથી ઘેર આવ્યો. રાધા અંદર રસોડામાં રાંધતી હતી.

'રાધા, રાધા! તારે માટે એક રમકડું લાવ્યો છું.' અધિરથ બોલ્યો.

'રમકડાંનો રમનાર નથી ત્યાં રમકડાને મારે શું કરવાં છે?' જવાબ આપતાં રાધાએ ભૂલભૂલમાં આંગળી પર ચપ્પુ ચલાવ્યું.

'પણ તું જો તો ખરી! રમકડું બહુ સુંદર છે.'

'એથીયે સુંદર રમકડાં તમે ઘણાંયે લાવ્યા છો; પણ એ રમકડાં તો ઊલટાં મન બાળે છે. તમને પુરુષોને એ ખબર ન પડે. અંતરનાં ધાવણ ધવરાવવાનું એક પણ બાળક ન હોય તો સ્ત્રીઓનાં હૈયાં કેવાં સુકાઈ જાય છે તે અનુભવ લેવો હોય તો આવતે જન્મે સ્ત્રીનો અવતાર લેજો.'

'પણ બહેન!' રાધાની બહેન બોલી. 'આ તો સાચે જ તને ગમે તેવું રમકડું છે.'

'એવાં જીવ વિનાનાં માટીનાં પૂતળાંને જીવતાં માની કામ ચલાવે એવું બાળક — હૃદય મારામાં નથી. અધિરથ! મારી મશ્કરી ન કરો. હું સાચું કહું છું કે એવા જીવ વિનાનાં પૂતળાં મારે માટે ન લાવો.'

'પણ બહેન! આ પૂતળાને તો જીવ છે.'

'હેં, એને જીવ છે? તમે સાચું બોલો છો?' રાધા રસોડામાંથી દોડીને અધિરથના પાસે આવી અને અધિરથના હાથમાં બાળક જોઈને આભી બની ગઈ. 'અધિરથ, અધિરથ! હું આ શું દેખું છું?'

'તું જે દેખે છે તે તું જ કહે.'

'તમે આ કોને તેડ્યું છે?'

'તું જ કહે.'

'તમારા હાથમાં બાળક છે? પ્રભુએ મારે માટે આ રમકડું મોકલ્યું છે? અધિરથ! આ સ્વપ્નું તો નથી ના? મને મારી આંખો ઠગતી તો નથી ના? જોજો હો, મને છેતરતા નહિ.'

'ના ના; મારા હાથમાં આ બાળક છે તે હું તારા માટે લાવ્યો છું.'

રાધા ગાંડી થઈ ગઈ. તેણે ઉતાવળે ઉતાવળે બાળકને પોતાના હાથમાં લીધો, છાતી સરસો ચાંપ્યો, તેનું માથું સૂંઘ્યું, તેની આંખ પર નાનીશી ચૂમી લીધી, તેના આખા શરીર પર પોતાનો કોમળ હાથ ફેરવ્યો અને પછી પોતાના ખોળામાં સુવાડ્યો.

'બેટા! તેં મારા ઘર ઉજાળ્યાં; મારા અંધારા ઓરડામાં દીવા કર્યા. બહેન! શેરીમાં બધે સાકર વહેંચ.'

'પણ અધિરથ! આ બાળક કેવી રીતે સાંપડ્યો એ તો કહો!' રાધાની બહેન બોલી.

'હા, હા, બેટા! તું ક્યાંથી આવ્યો?' રાધા બોલી.

અધિરથે જણાવ્યું: 'હું સાંજના નદીને કાંઠે ફરતો હતો ત્યાં પ્રવાહ પર મેં કંઈક તરતું જોયું.'

'હેં! શું કહ્યું?' આને કોઈએ તરતો મૂકેલો?'

'ના, ના, પહેલાં તો મને થયું કે કોઈ મડદું તરતું હશે કે કાંઈ લાકડું બાકડું તણાતું આવતું હશે; પણ વધારે પાસે ગયો ત્યાં એક પેટી દીઠી.'

'હં; પછી?'

'નદીના પ્રવાહ સાથે પેટી તો ધીમેધીમે સરતી હતી. મને થયું કે ચાલ પેલી પેટી લઉં; એમાં કાંઈક હશે. પણ પેટી દૂર હતી અને પાણી ઘણું ઊંડું હતું.'

'પછી તમે અંદર કૂદી પડ્યા?'

'ના, ના; હું તો દોરી કે લાંબો વાંસ શોધવા લાગ્યો, પણ કશુંય ન મળે.'

'ત્યારે એટલામાં પેટી તો ક્યાંઈ નીકળી ગઈ હશે.'

'હું તો નિરાશ થઈને સૂર્ય ભગવાન સામું જોવા લાગ્યો, એટલામાં પેટી તણાઈને કાંઠે આવી અને મારા પગ સાથે અથડાઈ!'

'હાશ! સૂર્ય ભગવાને એને મારા માટે જ મોકલ્યો એમ કહો; નહિ તો તમે તો કાંઈ લાવી શકત નહિ.'

'પેટીમાં તો પાણી ભરાયું હશે?' રાધાની બહેન બોલી.

'ના રે ના; પેટીની ફાટોમાં તો મીણ ભર્યું હતું એટલે પાણી મુદ્દલ અંદર જઈ શક્યું નહિ.'

'એ મૂકનારી જનેતાને પણ હૈયું તો હશે ના?'

'પેટીની ઉપર કંકુના થાપા દીધેલા હતા; અને ચારે બાજુ મજબૂત બાંધી હતી.'

'એમ? ત્યારે તો બરાબર કાળજી રાખીને કામ કર્યું જણાય છે.'

'એમ જ. પેટીને ખોલીને જોઉં તો અંદર એક બાળક અંગૂઠો ચૂસતું પડેલું!'

'આ મારો વીરો જ કે?'

'હા; એ જ.'

'બેટા! તારા આ સોનેરી વાળ ઉપર તો હું વારી જાઉં છું.'

'રાધા! વધારે આશ્ચર્યકારક તો એ છે કે આ એના શરીર ઉપર જે કવચ છે તે જન્મથી જ તેની ચામડી સાથે જડાયેલું છે.'

'અરે, હા. હું તો એના મોઢા સિવાય બીજું કશું જોતી જ નથી.' બાળકના શરીર ઉપર હાથ ફેરવતી રાધા બોલી. 'અને એના કાન પણ કેવા રૂપાળા છે! કાનમાં આ કુંડળ

કોણે પહેરાવ્યાં હશે?'

'એ કુંડળ પણ જન્મ સાથે જ આવ્યાં જણાય છે. જો, કાનથી જુદાં નથી પડતાં.'

'અધિરથ! જન્મથી જ કવચ અને કુંડળ સાથે લઈને અવતરે એવું માનવીમાં તમે જોયું છે?'

'માનવસૃષ્ટિમાં તો એવું બને જ નહિ. એટલા માટે જ મને કોઈ દેવપુત્ર લાગે છે. આપણા સદ્ભાગ્ય કે એ આપણને સાંપડ્યો.'

'બેટા! દેવોનાં ભવન છોડીને તું મારે માટે અહીં આવ્યો? દેવો! તમારા આ બાળકનું રક્ષણ કરજો.'

'બહેન! ચાલ ત્યારે આપણે આનું નામ પાડીએ.'

'લે, તું જ એની ફઈ; પાડ નામ.'

'બોલો, અધિરથ! શું નામ પાડું?'

'તમને ગમે તે.'

'મને તો એનાં આ સુવર્ણનાં કુંડળ ખૂબ ગમે છે; 'માટે એનું નામ વસુષેણ પાડું?'

'ભલે એ વસુષેણ કહેવાય.'

'આવ, મારા વસુષેણ! મને બધા આજ લગી એકલી રાધા કહેતા તે હવે વસુષેણની મા તો કહેશે! બેટા! તેં મને મા બનાવી.' બોલતાં બોલતાં રાધાની આંખમાંથી નાનું શું આંસુ ટપક્યું.

આ રાધેય એ જ આપણી કથાનો કર્ણ. મોટી ઉંમરે રાધેયે ઈન્દ્રને પોતાનાં કવચકુંડળ ઊતરડી આપ્યાં; એટલા માટે એ કર્ણ કહેવાયો. ઈતિહાસ એને કર્ણના નામથી જ વધારે ઓળખે છે.

અંગરાજ

'વિદુર!' પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'જી મહારાજ!' વિદુરે જવાબ આપ્યો.

'હવે તમે તાકીદ કરો. મારા પુત્રો અને પાંડવો અભ્યાસ પૂરો કરી રહ્યા છે એટલે તેમની પરીક્ષા થતી જોવાનું મને બહુ મન છે.'

'આપ અમસ્તા ક્યાં પોતે જોવાના છો?'

'એ તો ખરું; પણ તમે જોશો, આપણા પિતામહ જોશે, કૃપાચાર્ય જોશે, આપણી પ્રજા આખી જોશે, એ બધું મેં જોયા બરાબર જ છે. તમે ભીષ્મ પિતામહને સાથે રાખીને આ પરીક્ષા માટે ભૂમિ તૈયાર કરો. જોજો હો, જમીન સાવ સપાટ, ઝાડઝાંખરાં વિનાની અને જોનારને મનોહર લાગે તેવી જોઈએ.' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'એ જમીનનું ખાતમુહૂર્ત કોણ કરવાનું છે?'

'આપણા પિતામહ ભીષ્મ પોતે જ હળ વડે એ જમીનની મર્યાદા નક્કી કરશે અને એ મર્યાદામાં તમારે રંગભૂમિ ઊભી કરવાની.'

'ઠીક; સમજ્યો.'

'જોજો, કુમારોને શસ્ત્રાસ્ત્રવિદ્યા દેખાડવા માટે પુષ્કળ જમીન સાવ છૂટી ખાલી રાખજો. અને બાકીના થોડા ભાગમાં પ્રેક્ષકો માટે વ્યવસ્થા કરજો.'

'હા, એ મારા ખ્યાલમાં છે'

'ના એમ નહિ. પ્રેક્ષકોમાં હું, તમે, ભીષ્મ પિતામહ, કૃપાચાર્ય વગેરે બધો પુરુષવર્ગ. સ્ત્રીવર્ગ માટે તમારે અલાયદો માંચડો જ ઊભો કરવો; કુંતી, ગાંધારી વગેરે તમામ સ્ત્રીઓ આવશે. આ ઉપરાંત, નગરના ચાતુર્વર્ણ્ય માટે સારી એવી ગોઠવણ રાખજો. જે પ્રજા ઉપર આવતી કાલે મારા પુત્રોને રાજ્ય કરવું છે તે પ્રજા પણ એ બાળકોની કેળવણી આજે જોઈ લે.'

'ભલે, આ બધી ગોઠવણ કરી લઈશ.'

'એ ઉપરાંત ગામના શ્રીમંત લોકો પોતે પોતાના તંબૂઓ ઊભા કરવાની માગણી કરશે, એટલે તેમને માટે અલાયદી જગા પહેલેથી જ મનમાં રાખશો તો પાછળથી મૂંઝાવું નહિ પડે.'

'ભલે.'

'મને સૂઝ્યું તેટલું મેં કહ્યું. બાકીનું તમારી બુદ્ધિથી વિચારી લેજો અને કુરુકુળના પુત્રોની પરીક્ષાના આ પ્રસંગને શોભે એવો આખો મેળાવડો ગોઠવજો.'

* * *

પરીક્ષાનો દિવસ આવ્યો. હસ્તિનાપુરના પાડોશમાં પરીક્ષા માટેની રંગભૂમિ ઊભી થઈ ગઈ ધજાઓ અને તોરણો હવામાં ઊડી રહ્યાં; અંદરના તેમ જ બહારના તમામ રસ્તાઓ પર પાણીનો છંટકાવ થઈ રહ્યો. પ્રેક્ષકોની રંગભૂમિ, શ્રીમંતોના તંબૂઓ, શિષ્ટજનોનાં આસનો, સ્ત્રીઓના માંચડા, બધાં ધીમે ધીમે ચિકાર થવા લાગ્યાં, અને સૌ કુમારોની રાહ જોવા લાગ્યાં. ભીષ્મ આવી ગયા, કુંતી અને ગાંધારી બીજી સ્ત્રીઓને લઈને હાજર થઈ ગયાં. નગરના તમામ વર્ણો રંગબેરંગી પોશાક ધારણ કરી યથાસ્થાને ગોઠવાઈ ગયા.

એવામાં દરવાજે દ્રોણાચાર્યનો પ્રવેશ થયો. હવામાં ફગફગતી ધોળી સફેદ એમની દાઢી, એટલી જ ધોળી એમની મૂછો અને મસ્તક, ઠેઠ જાનુ સુધી પહોંચતા એમના હાથ ધીરવીર એમની ચાલ, કસાયેલા એમના સ્નાયુઓ, સાથે અશ્વત્થામા અને પાછળ ઊછળતા લોહીવાળા કુમારો: આ બધાને આવતા જોઈ આખો મંડપ તાળીના ગડગડાટથી ગાજી ઊઠ્યો. દ્રોણે આવી આખી મંડળીને વંદન કર્યું અને બોલ્યા: 'પિતામહ, મહારાજ ધૃતરાષ્ટ્ર અને પ્રેક્ષકો! આ રાજકુમારોને મેં આટલા દિવસમાં જે તાલીમ આપી છે તે આજે બધા આપની સમક્ષ બતાવશે. આ કુમારોના ક્ષાત્રતેજને વધારે ચળકાટ આપવાનો મેં પ્રયત્ન કર્યો છે. આપ સૌ આજે મારા પ્રયત્નની પરીક્ષા કરો, એવી મેં માગણી કરી છે. મારી ખાતરી છે કે મારા આ શિષ્યો મને યશ અપાવશે.'

ત્યાર પછી કુમારો પોતપોતાની વિદ્યા રંગભૂમિ ઉપર દેખાડવા લાગ્યા. બધાએ તલવાર અને ભાલાના ખેલોથી માંડીને મોટાં મોટાં અસ્ત્રોને સાધવાના ખેલો સુધીની પોતાની વિદ્યા રજૂ કરી દીધી. યુધિષ્ઠિર, દુર્યોધન, ભીમ, દુ:શાસન, વિકર્ણ, સહદેવ સૌએ વારાફરતી અસ્ત્રાસ્ત્રના પ્રયોગો કર્યા અને પ્રેક્ષકોનાં મનને હરી લીધાં. આટલી સામાન્ય પરીક્ષા થયા પછી ભઈમ અને દુર્યોધન આગળ આવ્યા. બન્ને જુવાન હતા; બન્ને શરીરે મજબૂત હતા; બન્નેએ કચ્છ લગાવ્યા હતા; બન્નેના હાથ પર ચામડાના પટ્ટા બાંધ્યા હતા; બન્નેના હાથમાં એક એક ગદા ફરતી હતી; ધીરજ તેમજ ચતુરાઈથી બન્ને પેંતરા લેતા હતા; વાઘની દૃષ્ટિથી બન્ને એકબીજા પર લાગ સાધતા હતા અને પર્વત જેવી ઢાલ પર એકબીજાના ઘા ઝીલતા હતા. પ્રેક્ષકો પણ ઘડીભર સ્થિર થઈ ગયા; બન્નેનાં વખાણ કરવા લાગ્યા, ને માંહોમાંહે પક્ષાપક્ષી બાંધવામાં પડી ગયા. ત્યાં તો દ્રોણાચાર્યે નિશાની કરી એટલે ગદાયુદ્ધ પૂરું થયું.

દુર્યોધન અને ભીમ ખસી ગયા અને તે સ્થળે અર્જુન આવ્યો. અર્જુન દ્રોણાચાર્યનો સૌથી વહાલો શિષ્ય. અર્જુનની મેધા, તેની તીવ્ર બુદ્ધિ, તેની ચાલાકી, તેનો ઉદ્યોગ, તેની નિષ્ઠા: એ બધાંએ દ્રોણાચાર્યને માત કર્યા હતા. ગુરુ દ્રોણાચાર્યે પોતાની વિદ્યાનું સર્વસ્વ અર્જુનમાં રેડવાનો પ્રયત્ન કર્યો હતો.

કુંતીનો દીકરો અર્જુન આગળ આવ્યો ત્યારે તો લોકોની તાળીઓનો સુમાર ન રહ્યો. ગાંધારી કુંતીને પૂછવા લાગ્યાં; ધૃતરાષ્ટ્ર વિદુરને પૂછવા લાગ્યા; પ્રેક્ષકો બધા ઘડીભર તો ઊભા થઇ થઈને અર્જુનને જોવા લાગ્યા.

એવામાં દ્રોણની આજ્ઞા મળી અને અર્જુને ચલાવ્યું. શી એની વિદ્યા! શી એની ચાલાકી! ઘડીકમાં અગ્ન્યાસ્ત્ર મૂકી આગ ઊભી કરે તો બીજી જ ઘડીએ વરુણાસ્ત્ર તેને ઓલવી નાખે; ઘડીમાં પોતે સાવ નાનો થઈ જાય અને ઘડીમાં વિરાટ સ્વરૂપ ધારણ કરે; ઘડીમાં પર્વતભેદી બાણો છોડે તો ઘડીમાં ઈંડા અને ચણોઠી જેવા નાના પદાર્થોને આબાદ વીંધે. ઘડીમાં બળદના શિંગડાને નાનોશો વીંધ પાડી તેમાંથી બાણો કાઢે, ઘડીમાં વીજળીના કડાકા કરે તેવાં મેઘાસ્ત્ર મૂકે.

પ્રેક્ષકવર્ગ તો આખોયે ચિત્રમાં ચીતર્યો હોય એવો ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. કુંતીના હૃદયમાં ઉત્સાહ માતો ન હતો. ભીષ્મ, કૃપાચાર્ય વગેરે અર્જુનની અને દ્રોણની તારીફ કરવા લાગ્યા. દ્રોણાચાર્યને પોતાનેય એક સાચા શિક્ષાગુરુ તરીકે આજે અંતરમાં ટાઢક વળી અને પોતાનું આચાર્યપણું સાર્થક થયું લાગ્યું.

અર્જુને પૂરું કર્યું. ચારે ભાઈઓ અર્જુનની આસપાસ ફરી વળ્યા. અર્જુન સીધો દ્રોણાચાર્યને પગે પડ્યો અને તેમના આશીર્વાદ લીધા. દુર્યોધન અને તેના ભાઈઓ એક ખૂણે ઊભા ઊભા આ બધું જોતા હતા.

એવામાં દરવાજા પાસે એક મોટો ધડાકો થયો.

‘આ શું! આ ધડાકો શાનો!’

બધી આંખો ઘડીભર દરવાજા તરફ વળી ત્યાં તો એક જુવાન હાથમાં શસ્ત્રાસ્ત્ર લઈને અંદર દાખલ થયો, અને રંગભૂમિ પર ત્રાડ મારીને બોલ્યો: ‘હે અર્જુન! તેં જે જે પરાક્રમો અહીં કરી બતાવ્યાં છે તેટલાં બધાં ને તેથીયે વધારે પરાક્રમો હું કરી બતાવું છું તે તું જો.’

આમ કહેતો એ જુવાન પોતાની વિદ્યા દેખાડવા લાગ્યો. સભાને એણે હેરત પમાડી દીધી! દ્રોણાચાર્ય જોઈ રહ્યા; અર્જુન અને પાંડવો એને જોઈ રહ્યા; દુર્યોધન જોઈ રહ્યો; ભીષ્મ પિતામહ અને કૃપાચાર્ય પણ જોઈ રહ્યા.

હજી પ્રેક્ષકો પોતાના આશ્ચર્યથી મુક્ત નથી થયા ત્યાં તો એ જુવાને ફરી ગર્જના કરી: ‘હે અર્જુન! તું આ બધા કુમારોમાં શ્રેષ્ઠ ગણાય છે. ગુરુ દ્રોણાચાર્યે તને પોતાનો પટ્ટશિષ્ય ગણ્યો છે; તો હું તને દ્વંદ્વયુદ્ધમાં ઊતરવાનું આમંત્રણ આપું છું તે સ્વીકાર.’

જુવાનનો આ પડકાર થતાં જ દુર્યોધનના મનમાં ભારે આનંદ થયો. ‘હાશ, હવે એનું પાણી ઊતરશે! ભઈમ અને સહદેવ જુવાન તરફ કરડી નજરે જોવા લાગ્યા; દ્રોણાચાર્યને આજના રંગમાં ભંગ જેવું લાગવા માંડ્યું; પ્રેક્ષકો બધા ઊંચાનીચા થવા લાગ્યા, અને આનું હવે શું પરિણામ આવે છે તે જોવા માટે આતુર થયા.

એવામાં કૃપાચાર્ય ઊભા થયા અને બોલ્યા: ‘હે જુવાન! આ અર્જુન પાંડુનો અને કુંતીનો પુત્ર છે; તે જાતે ક્ષત્રિય છે અને ગુરુ દ્રોણાચાર્યનો શિષ્ય છે. તારી સાથે દ્વંદ્વયુદ્ધમાં ઊતરવા તૈયાર છે. માટે તું પોતે પણ તારું કુળ અને જાતિ જણાવ.’

કૃપાચાર્યનાં આ વચનો સાંભળીને જુવાન ઘડીભર તો ભોંઠો પડી ગયો. તેણે મધ્યાહ્નના આકાશ તરફ એક નજર નાખી પછી તરત જ ટટ્ટાર થયો હોય તેમ બોલ્યો:

'આ રંગભૂમિ કાંઈ એકલા ક્ષત્રિયો માટે જ નથી. અહીં તો જે પરાક્રમ કરી બતાવે તે ક્ષત્રિય. અર્જુન જો સાચો ક્ષત્રિય બચ્ચો હોય તો આવે મારી સામે. એનામાં ક્ષત્રિયનું લોહી છે એમ કહેવાથી શું વળે! લોહીનાં આવાં અભિમાન તો જંગલી પશુઓને જ શોભે. મને ખાતરી છે કે અર્જુન આવા બીકણ પુરુષોના વિચારોથી નહિ દોરવાય. હું માનું છું કે અર્જુન ખરો મરદ છે!

જુવાનના આ શબ્દો દુર્યોધનના કાનમાં અમૃત જેવા પડ્યા. એ પોતાના તમામ ભાઈઓને લઈને જુવાનને વીંટળાઈ વળ્યો. એવામાં ભીમ તાડૂક્યો: 'ઓ મરદની પૂંછડી! તારી નાતજાત તો જણાવ! અર્જુન રાજપુત્ર છે. રાજપુત્રો ગમે તેવા ભિખારીઓ સાથે યુદ્ધમાં ઊતરતા નથી. હવે જોયું તારું પરાક્રમ!'

ભીમનાં વચનો સાંભળતાં જ દુર્યોધન છાતી કાઢીને આગળ આવ્યો: 'આ જુવાન રાજા નથી એટલા જ કારણે જો અર્જુન તેની સાથે દ્વંદ્વયુદ્ધમાં ન ઊતરતો હોય તો હું તેને અંગદેશનો રાજા બનાવું છું.'

આટલું કહેતાંની સાથે જ દુર્યોધને તેને ત્યાં ને ત્યાં કુંકુમનો ચાંદલો કર્યો અને અંગરાજના નામથી તેને બોલાવ્યો.

સભામાં હાહાકાર થઈ ગયો! કોઈ અર્જુનનાં તો કોઈ પેલા નવા આવેલ જુવાનનાં, કોઈ ભીમનાં તો કોઈ દુર્યોધનનાં વખાણ કરવા લાગ્યા. સ્ત્રીઓના માંચડા પર કુંતી બેઠાં હતાં. તેમણે આ દેખાવ જોયો કે તરત જ તેમની આંખે અંધારા આવવા લાગ્યાં અને તે પડી ગયાં.

દરમિયાન હાથમાં ચાબુક લેતો અધિરથ સભામાં આવ્યો અને પોતાનો પુત્ર વસુષેણ અંગદેશનો રાજા થયો તેથી રાજી થતો તેની પાસે પહોંચ્યો. આ જુવાન બીજો કોઈ નહિ પણ રાધાનો પુત્ર છે એમ સૌએ જાણ્યું ત્યારે તો એમના આશ્ચર્યનો પાર જ ન રહ્યો.

ભીમે આ સર્વે જોયું એટલે વળી બોલ્યો: 'હે સૂતપુત્ર! તારા બાપના હાથમાંથી ચાબુક લઈને રથ હાંક, રથ. તારા હાથમાં આ અસ્ત્રો નથી શોભતાં! સાચા ક્ષત્રિયો તારા જેવા શૂદ્રો સાથે યુદ્ધમાં ઊતરવામાં નાનમ માને છે.'

'ભીમસેન! હવે બસ કર. મહાપુરુષો અને નદીઓનાં મૂળ શોધવાં કઠણ છે. નહિતર તો તમે પાંડવો જ કેવી રીતે ઉત્પન્ન થયા છો એ કોણ નથી જાણતું! એ વાત આખી ન કરવી જ સારી!' દુર્યોધને જવાબ વાળ્યો.

દરમિયાન ભીષ્મ, કૃપાચાર્ય, ધૃતરાષ્ટ્ર વગેરે ઊભા થયા અને સભા વિખેરાવા લાગી. ગાંધારીને લઈ કુંતી ઘેર ગયા; પાંડવોને લઈને દ્રોણ ઘેર ગયા. પ્રેક્ષકવર્ગ ધીમે ધીમે ઓસરવા લાગ્યો. માત્ર કર્ણ અને કૌરવભાઈઓ જ ત્યાં પાછળ રહ્યા.

'કુમાર દુર્યોધન! હું તમારો અત્યંત આભારી છું. હું સૂતપુત્ર છું એનો વિચાર ન કરતાં તમે મને અંગદેશનો રાજા બનાવ્યો અને મારી પ્રતિષ્ઠા સાચવી લીધી તે ખાતર જીવનભર હું તમારો ઋણી થયો છું.'

કર્ણને આલિંગન દેતો દુર્યોધન બોલ્યો: 'એમાં મેં કશું જ કર્યું નથી. ક્ષત્રિયાણીના પેટમાં આળોટવાનું મળ્યું એટલે મોટો અને બીજી માતાના પેટમાં આળોટવાનું મળ્યું એટલે નાનો, એ વાત જ હું સ્વીકારતો નથી. ઉચ્ચ કામ કરે તે ઊંચો ને નીચ કામ કરે તે નીચો.'

'તોપણ તમે મારો પક્ષ લઈને ઊભા રહ્યા તે ખાતર હું તમારો આભારી છું, તમે કહો તે કરવા તૈયાર છું.'

'હું કશાનો ભૂખ્યો નથી; માત્ર તમારી મૈત્રીનો જ ભૂખ્યો છું.'

'એવું શું બોલો છો! મૈત્રી તો છે જ છે. ક્યાં રાધાનો દીકરો હું, ક્યાં ધૃતરાષ્ટ્રના કુંવર

તમે, ક્યાં આ રંગમંડપ, ક્યાં આ પરીક્ષાનો વખત અને ક્યાં મારું અહીં આવવું! વળી ક્યાં હું અને ક્યાં અંગનું રાજ્ય! છતાં આ બધાં એકઠાં થયાં એની પાછળ જ કોઈ ઈશ્વરી સંકેત નહિ હોય? મને તમારી મૈત્રીનો સ્વાદ મળે એ માટે જ પ્રભુએ મને અહીં મોકલ્યો હશે તો! હું તમને વચન આપું છું કે આ કર્ણ આજથી દુર્યોધનનો મિત્ર છે. સૂર્ય ભગવાનની સાક્ષીએ કરેલી આ મૈત્રી અખંડ રહે.'

આટલું બોલી કર્ણે પોતાનો હાથ દુર્યોધનના હાથમાં મૂક્યો. કૌરવો બધા પોતાના આ નવા ભાઈને હર્ષથી વધાવવા લાગ્યા, અને હર્ષમાં ને હર્ષમાં અનેક મનસૂબા ઘડતા રંગમંડપમાંથી ઘેર ગયા.

'હું સૂતપુત્રને વરવાની નથી'

દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદીનો સ્વયંવર હતો. દ્રૌપદી દ્રુપદ રાજાના યજ્ઞની વેદીમાંથી ઉત્પન્ન થઈ હતી. તેનો ભાઈ એ જ અગ્નિમાંથી જન્મ્યો ત્યારે ખડ્ગ, કવચ, ધનુષ્ય અને બાણ લઈને જન્મ્યો હતો.

સ્વયંવરમાં દેશપરદેશના રાજાઓ આવ્યા હતા, દેશપરદેશના નટવૈતાલિકો આવ્યા હતા, દેશપરદેશના પૌરાણિકો આવ્યા હતા, દેશપરદેશના મલ્લો આવ્યા હતા, દેશપરદેશના બ્રાહ્મણો આવ્યા હતા.

નગરની બહાર વિશાળ છૂટી જગામાં સ્વયંવરનો મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. મંડપના દરવાજાઓ ધજા અને તોરણોથી શોભી રહ્યા હતા; ધૂપ અને અગરુની સુગંધ ચારે કોર ફેલાઈ રહી હતી. રાજામહારાજાઓ માટે સિંહાસનો ગોઠવાઈ ગયાં હતાં. પુરવાસીઓ માટે અલાયદા માંચડાની સગવડ કરી હતી. દૂર એક ખૂણામાં દક્ષિણાની લાલસાથી આવેલા બ્રાહ્મણો પોતાની દૂબળી કાયાને જેમ તેમ ગોઠવી રહ્યા હતા.

સ્વયંવરનો વખત થયો એટલે મેઘના જેવી ગંભીર વાણીથી ધૃષ્ટદ્યુમ્ન બોલ્યો: 'હે સ્વયંવરમાં આવેલા રાજાઓ! સાંભળો. અહીં જે આ ધનુષ્ય મૂકેલું છે તે, તથા જે બાણો મૂકેલાં છે, તે લઈને આ યંત્રના છિદ્રમાં સર્જેલાં પાંચ બાણો મારીને તેના ઉપરનું નિશાન જે રાજા તોડશે તેને મારી બહેન પરણશે.'

રાજાઓ બધા દ્રોપદીનો હાથ મેળવવા માટે આકુળવ્યાકુળ થઈ રહ્યા હતા; દુર્યોધન અને તેના ભાઈઓ કર્ણની સાથે ત્યાં હાજર હતા; શકુનિ ગંધારથી આવ્યો હતો; અશ્વત્થામા અને વિરાટ પણ હાજર હતા; ચેકિતાન, ભગદત્ત વગેરેને પણ આશા ઓછી ન હતી; કંક અને શંકુ પણ આવ્યા હતા; શિશુપાળ અને જરાસંધનો ગર્વ પણ તેમને ત્યાં ખેંચી લાવ્યો હતો.

ધૃષ્ટદ્યુમ્નનાં વચન સાંભળ્યા પછી રાજાઓ એક પછી એક પોતાનું પરાક્રમ દેખાડવા લાગ્યા પણ કોના ભાર છે કે ધનુષ્ય ચઢે! ધનુષને નમાવી તેના પર દોરી ચઢાવવા જાય કે ધનુષની અણી એવી તો જોરથી લાગે કે રાજા બેભાન થઈ જમીન પર પડે. તેનો મુગટ ક્યાંનો ક્યાં જાય, ઘરેણાંનું ઠેકાણું ન રહે અને થોડી વારે રાજા જાગે ત્યારે વીલે મોંએ પોતાને સ્થાને જાય. શિશુપાળ જેવો રાજા ધનુષ ચડાવવા લાગ્યો ત્યાં ગોઠણભર પડ્યો એટલે નાસી ગયો; મહારાજ શલ્ય આવ્યા, તેમની પણ એ જ દશા થઈ; મહાવીર જરાસંધ પડ્યો ત્યારે તેના પગ છોલાઈ ગયા.

આવી પરિસ્થિતિમાં રાધાનો પુત્ર કર્ણ ઊભો થયો અને ધનુષની પાસે ગયો. તેની ક્રાંતિ

મનોહર હતી; તેની ચાલમાં ગૌરવ હતું; તેના મુખ પર સંપૂર્ણ આત્મવિશ્વાસ હતો. કર્ણે ધનુષને હાથ અડાડ્યા ત્યાં જ સૌને થયું કે નિશાન પડ્યું.

પણ કર્ણના નસીબમાં દ્રોપદી ન હતી!

દ્રૌપદી તો દ્રુપદ રાજાની પુત્રી. દ્રોપદી મહાસમર્થ ધૃષ્ટદ્યુમ્નની બહેન; દ્રૌપદી તો અગ્નિમાંથી જન્મેલી; દ્રોપદી તો વીર ક્ષત્રિયાણી.

કર્ણને ધનુષ ચઢાવતો જોયો કે તરત જ તે બોલી ઊઠી: હું સૂતપુત્રને વરવાની નથી.

આ શબ્દ કાને પડ્યા કે કર્ણ આખો સડસડી ઊઠ્યો. તેજસ્વી કર્ણ, અંગદેશનો રાજા કર્ણ, શસ્ત્રાસ્ત્રમાં શ્રેષ્ઠ કર્ણ કવચકુંડળનો ધારણ કરનાર કર્ણ ઝંખવાણો પડી ગયો! તેની ઇંદ્રિયો ઘડીભર બહેર મારી ગઈ અને ‘સૂતપુત્ર’, ‘સૂતપુત્ર’ એ શબ્દો ફરીફરી તેના કાને અથડાવા લાગ્યા. બ્રાહ્મણ અને ક્ષત્રિયકુળના આ લોહીના કિલ્લાઓ તોડી પાડવાનો વિચાર એક ક્ષણ તેના મનમાંથી પસાર થયો.

પણ એટલામાં તો કર્ણનું શરીર તેના સ્થાન ઉપર આવીને બેસી ગયું.

પરશુરામનો શાપ

‘બેટા! તું શું કરે છે?’ આજે કેમ મારી પાસે બેસતો જ નથી?’ આશ્રમના ઓટા પરથી ગુરુએ પૂછ્યું.

‘મહારાજ! આ થોડાએક અંગારા હજી સળગતા રહી ગયા છે તે ઠારી નાખું છું. લ્યો, આ આવ્યો.’ કહી કર્ણ પરશુરામની પાસે આવીને બેઠો.

‘બેટા! મારી સામે તો જો! કાલે સવારમાં જ તું જવાનો છે તેથી મારા મનમાં શું થઈ જતું હશે તેનો વિચાર તને આવે છે?’

‘કેમ ન આવે! આપે મારા પર જે અસાધારણ કૃપા કરી મને વિદ્યા શીખવી છે, તેનો બદલો હું ક્યારે વાળી શકીશ?’

‘એવું એવું આજે ન બોલ. હું જાતનો બ્રાહ્મણ છું. વિદ્યાના બદલાનો વિચાર સરખો મારા લોહીમાં નથી. તું બ્રાહ્મણપુત્ર મારી પાસે રહી આટલું શીખ્યો એ જ મારો બદલો. પણ ના ના...’

કર્ણ પરશુરામ સામે જોઈ બોલ્યો: ‘બાપુ! કહો ને, કેમ અટકી ગયા?’

‘ના, ના....’

‘કહો, જે કહેવું હોય તે.’

‘એક જ કહેવું છે. સાંભળીશ? થરથરે છે શા માટે? તારી આંખમાં આ વિહ્‌વળતા શા માટે? તારા મોં પરથી લોહી શા માટે ઊડી જાય છે?’

‘એ તો આપને અમસ્તું એમ લાગે છે. મને કશું નથી. આપ સુખેથી કહો.’

‘એક જ કહેવું છે. જો મારો સાચો શિષ્ય હો તો ક્ષત્રિયોનું બીજ પૃથ્વીમાંથી કાઢી નાખજે.’

‘બાપુ!’

‘બાપુ નહિ, પણ ક્ષત્રિયોનો કાળ. જો આ મારી પરશુ. આ પરશુથી મેં એકવીસ વાર પૃથ્વી નક્ષત્રી કરી હતી. મારું નામ સાંભળે ત્યાં ક્ષત્રિયાણીઓના ગર્ભપાત થાય એવો મારો ત્રાસ!

‘છતાં બાપુ! ક્ષત્રિયો રહ્યા તો ખરા.’

'એ જ મને સાલે છે. એકવીશ એકવીશ વખત ક્ષત્રિયોનાં કુળોનો ઉચ્છેદ કરી નાખ્યો, અને જેમ દાવાનળ આખા જંગલોનાં જંગલો ભસ્મ કરી નાખે તેમ તેમનો સંહાર કર્યો, છતાં તેમનું બીજ તો રહ્યું તે રહ્યું જ!'

'બાપુ!'

'સાંભળ. એકવીશ એકવીશ વાર મેં ધાવણાં ક્ષત્રિય બાળકોનાં માથાં ઉડાવી દીધાં; એકવીશ એકવીશ વાર મેં જુવાન ક્ષત્રિયાણીઓને રંડાપો આપ્યો; એકવીશ એકવીશ વાર મેં લોહીના કુંડો ભર્યા; તેમ છતાંયે ક્ષત્રિયબીજ નાબૂદ ન જ થયું, ત્યારે હું હાર્યો! મને થઈ ગયું કે ક્ષત્રિયપણું નાબૂદ કરવામાં હું જગતના ઈશ્વરી સંકેતની વિરુદ્ધ ચાલું છું; એટલે મારી પરશુ લાવીને આ પર્ણકુટીમાં ટાંગી દીધી અને મન તપશ્ચર્યામાં લગાડ્યું.'

'બાપુ! તો પછી ક્ષત્રિયોનું બીજ કાઢી નાખવાની આજ્ઞા મને શા માટે?'

'બેટા! તું માનવી હૃદયને ઓળખતો નથી એટલે જ આવું પૂછે છે. આ પરશુ ટાંગી દીધી એટલે મારો દાહ શમી ગયો એમ તું સમજે છે? ના, ના! એમ હોય તો તો તને આ રહસ્યવિદ્યા હું આપત જ નહિ; તો તો એ વિદ્યા કોઈને હાથ ન લાગે એટલી ઊંડી મેં ક્યારનીયે દાટી દીધી હોત!'

'હું ક્ષત્રિય હોત તો આપ આ વિદ્યા મને આપત ખરા કે?'

'એ તો તું જ કહે ને! શુદ્ધ બ્રાહ્મણપુત્ર સિવાય બીજા કોઈને નહિ. બીજો આવે તો બાળીને ભસ્મ કરી નાખું. પણ તું તો બ્રાહ્મણ. નીચું શા માટે જુએ છે? બ્રાહ્મણજન્મ એ તો જગતમાં સર્વશ્રેષ્ઠ છે. તને જોઉં છું ત્યારે મને થાય છે કે તું મારાં અધૂરાં વેર પૂરાં કરશે.'

'બાપુ! આપ ખૂબ તપી ઊઠ્યા છો તે જરા શાંત થાઓ, પછી આપ જે કહેશો તે કરવા હું તૈયાર છું.'

'તું આવ્યો ન હતો ત્યારે તો હું શાંત જ હતો ના! એક મંગળ દિવસે તું આવી ચડ્યો. તે દિવસે તેં કહ્યું હોત કે ''હું ક્ષત્રિય છું,'' તો હું શાંત જ રહેત; તે દિવસે તેં જણાવ્યું હોત કે ''હું વૈશ્યપુત્ર છું,'' તો હું શાંત જ રહેત. તે દિવસે તેં કહ્યું હોત કે ''હું શૂદ્રપુત્ર છું,'' તોય હું શાત જ રહેત; પણ તેં કહ્યું કે ''હું બ્રાહ્મણપુત્ર છું'' એટલે મારા હૃદયના અંગારા પર રાખ વળી હતી તે આપોઆપ ઊડી ગઈ, અને હું ભભૂક્યો. એ ભભકના માર્યા મેં તને વિદ્યા શીખવી. તું મારા જેવો કટ્ટો બ્રાહ્મણ થઈશ એ આશાએ મેં મારું હૃદય નિચોવીને તને આપી દીધું. અને તું મારી વિદ્યાનો બરાબર ઉપયોગ કરીશ એ શ્રદ્ધાથી તો તને વળાવીને હું નિરાંતે ઊંઘીશ.'

'બાપુ! આપ અસ્વસ્થ છો તો જરા આરામ લ્યો. પછી મને કહેવું ઘટે તે કહેજો.'

'આરામ તો કાલે લેવો જ છે ના! નહિતર તો જેના હાથ લોહીથી ખરડાયેલા છે તેવા મને આ જન્મે આરામ કેવો! આરામ છે મારા હાથને, આરામ છે મારા પગને, આરામ છે મારા પરશુને, નથી આરામ એક મારા આત્માને! આત્માને આરામ તો તું આપીશ તો મળશે.'

'બાપુ! આપ ઘડીભર તો સૂઈ જ જાઓ, નહિતર હું આ ચાલ્યો. આપ આટલા બધા અસ્વસ્થ થાઓ છો તે મારાથી જોવાતું નથી.'

'ઠીક, લે ત્યારે.'

'અહીં આપ મારા ખોળામાં જ સૂઈ જાઓ.'

* * *

'બેટા, બેટા! મને ફોસલાવ નહિ; તું બ્રાહ્મણ જ છે. તારા દેહ ઉપર ગાયત્રીનું તેજ છે. મને એક વાર ફરીથી કહે કે ''હું બ્રાહ્મણ છું'' એટલે બસ; મારે બીજું કશું નથી જોઈતું... તું જરાયે કંજૂસ નથી એ તો મને ગમતું જ નથી. તારી ઉદારતા જોઈને મને પણ આશ્ચર્ય જ થાય છે! પણ વળી થાય છે કે બ્રાહ્મણોએ આખી પૃથ્વી ક્ષત્રિયોને અર્પણ કરી દીધી તે ઉદારતા ક્યાં ઓછી હતી! તારું મોઢું બ્રાહ્મણ જેવું છે. તારી કાન્તિ કેટલી બધી મોહક છે! તારા કવચકુંડળ તો કોઈ બ્રાહ્મણની ઉપાસનાનું ફળ છે. તું બ્રાહ્મણ જ છે. પરશુરામની વિદ્યા બ્રાહ્મણ સિવાય બીજો પચાવી ન શકે...'

પરશુરામ અરધા ઊંઘમાં, અરધા જાગૃતિમાં પોતાના અંતરને વ્યક્ત કરી રહ્યા હતા; કર્ણના ખોળામાં તેમનું માથું હતું, અને કર્ણ ફિક્કે હાથે તેમના શરીરને ધીરે ધીરે પંપાળતો હતો.

એવામાં પરશુરામ એકાએક ઊઠ્યા, અને પોતાની પીઠ નીચે જોયું તો લોહીની સેર ચાલે! 'બેટા! આ શું? આ લોહી ક્યાંથી? આ તારા પગમાં શું છે?'

કર્ણ ઊભો થયો. તેના શરીરમાં કંપ હતો; તેની આંખો વિહ્વળ હતી; તેની વાણી ભયભીત હતી:

'બાપુ....'

'આ લોહી ક્યાંથી?'

'બાપુ! આપ સૂઈ ગયા પછી અહીં એક ભમરો ફરતો ફરતો આવ્યો.'

'પછી?'

'પછી તે ભમરો મને સાથળમાં કરડ્યો.'

'તેં એને ઉડાડી કાં ન નાખ્યો?'

'મેં તેને ઉડાડવાની ઘણી મહેનત કરી જોઈ પણ તે તો મારા સાથળને કોતરીને ઊંડો ઊતરવા લાગ્યો. ને જુઓ, આ સાથળને સોંસરવું વીંધ પાડી દીધું.'

'સોંસરવું વીંધ, અને છતાં તું ન બોલ્યો, ન ચાલ્યો?'

'આપના આરામમાં ભંગ પડે તેથી હું એમ ને એમ બેસી રહ્યો.'

પરશુરામ સાંભળી રહ્યા. તેમનું મન ઊંડું ઊતરી ગયું, ક્ષણભર તેમની આંખો પર પોપચાં પડી ગયાં. ઘડી પછી તેમની આંખો ઊઘડી — એ આંખમાંથી અંગાર વરસું વરસું થઈ રહ્યા હતા. 'સાચું બોલ, તું કોણ છે?'

'મહારાજ! આમ કેમ પૂછો છો? હું આપનો શિષ્ય...'

'પણ તારી જાત શી?'

'બ્રા...હ્મ...ણ.'

'સાચું બોલ! તું બ્રાહ્મણ નથી; જલદી કહી દે, નહિતર હમણાં બાળીને ભસ્મ કરી દઈશ!'

કર્ણ હબકી ગયો. તેના આખાય શરીરે પરસેવો વળવા માંડ્યો. તેની આંખે અંધારાં આવવા લાગ્યાં, તેની જીભ ભાષાને જ જાણે ભૂલી ગઈ.

'જલદી જવાબ આપ; નહિતર...'

'મહારાજ! હું સારથિપુત્ર કર્ણ છું.'

'હેં, હેં! સારથિપુત્ર? ધિક્કાર છે તને. તેં મારી બ્રહ્મવિદ્યાને અભડાવી. તેં મને ભારે છેતર્યો. હું બ્રાહ્મણપુત્ર છું એમ કહેતાં તારી જીભ તૂટી કેમ ન પડી?'

'મહારાજ! મારો એ અપરાધ ક્ષમા કરો. અર્જુન તરફની વેરબુદ્ધિથી પ્રેરાઈને હું આપની પાસે આવ્યો છું; આપની કૃપાને હું કદી નહિ વીસરું.'

'અને હું પણ મોટો મૂરખ કે તું બ્રાહ્મણપુત્ર છે એમ મેં માન્યા જ કર્યું! આજે મને સ્પષ્ટ દેખાય છે કે તું બ્રાહ્મણપુત્ર હો જ નહિ.'

'મહારાજ! મને માફ કરો; મારી ભૂલ માટે મને ક્ષમા કરો.'

'કર્ણ! તું ઠીક કહે છે. ક્ષમા આપવી એ મારો બ્રાહ્મણનો ધર્મ છે એ પણ હું સમજું છું. માણસ વેરબુદ્ધિથી પ્રેરાય ત્યારે એ વેરને તૃપ્ત કરવા માટે શું શું કરે તે પણ મને સમજાય છે. પણ આટલાં વર્ષો પછી મને એક અધિકારી બ્રાહ્મણ શિષ્ય મળ્યો અને એ ઉપર મેં જે આશાના મહેલો બાંધ્યા હતા તે બધા આજે તૂટી પડે છે, તેનો મને આઘાત થાય છે. એકવીશ વાર પૃથ્વીને ઉજ્જડ કરીને હું અહીં આવ્યો ત્યારે જીવન આખું વેરાન જણાતું હતું, તે તું આવ્યો ત્યારે ઘડીભર લીલું થયું. પણ નહિ, જગતના ઈશ્વરી સંકેતની વિરુદ્ધ આશા રાખનાર લોકોની આશાઓ આ પ્રમાણે જ તૂટવી જોઈએ એમ મને સમજાય છે.'

'મહારાજ! મને માફ કરો. કાલને બદલે આજે જ વિદાય લઉં છું.'

'કર્ણ, કર્ણ! માફ કરવાનું મન તો ઘણુંય થાય છે, પણ કરી શકતો નથી. મેં તને વહાલા દીકરા જેમ રાખ્યો છે; રાતના તું ઊંઘમાં હો ત્યારે તારા કાનમાં મારાં રહસ્યો રેડ્યાં છે. આ બધું મારું વેર તૃપ્ત કરવા માટે! તું ન આવ્યો હોત તો આજ સુધીમાં તો હું તપશ્ચર્યામાં કેટલોય આગળ વધ્યો હોત.'

'પ્રભો! મને કોઈ રીતે માફ કરો!

'માફ તો છે જ, તને દીકરો ગણ્યો ત્યારથી.'

'પ્રભો! આશીર્વાદ આપો એટલે હું ચાલતો થાઉં.'

'શાપ માન કે આશીર્વાદ માન; મારા દિલમાંથી એક જ વાત બહાર આવે છે. મારી આપેલી વિદ્યાને તું અંત સમયે ભૂલી જઈશ!'

'પ્રભો! ક્ષમા, ક્ષમા! આપને આ ન ઘટે.'

'કર્ણ! સાંભળ. તારો કાળ આવશે ત્યારે રણભૂમિ પર તારા રથનું પૈડું પૃથ્વી ગળવા લાગશે અને તારી વિદ્યા સરી પડશે.'

'પ્રભો! બસ કરો! હવે હદ થઈ.'

'જા, સુખેથી તારે ઘેર જા. મારું દિલ પણ આજે હળવું થાય છે. જે વેરને મેં આજ સુધી વહાલા દીકરાની જેમ સેવ્યું છે તે વેર મારા આખાયે જીવતરને ખારું કરી નાખ્યું છે. મને આશા હતી કે એ વેરનો વારસો તને સોંપીને હું જંપીશ. પણ એવો જંપ પ્રભુ કોને આપે છે! આજે જેમ તને વળાવું છું તેમ આ વેરને પણ વળાવું છું. કર્ણ! મારામારીથી અને કાપાકાપાથી હૃદયની અને વિશ્વની શાંતિ શોધનારા તમામ લોકોને જણાવજે કે પરશુરામે એવી શાંતિના બાચકા ભરી જોયા છે, અને પરિણામે અશાંતિ જ મળી છે. તારે પણ અર્જુનને મારવો છે એટલે ત્યાં સુધી આ વાત નહિ સમજાય; પણ એટલું યાદ રાખજે કે તારા દુર્યોધનને, તારા દુ:શાસનને, અર્જુનને, ભીમને અને યુધિષ્ઠિરને પણ આ વાત સમજ્યે જ છૂટકો છે. પછી તે આજે સમજાય કે મારી માફક લોહીમાં હાથ ખરડ્યા પછી સમજાય.'

'બાપુ! રજા લઉં છું. મારા પર અમીદૃષ્ટિ રાખશો.'

'અમીદૃષ્ટિ તારા પર અને મારા પર પ્રભુની. તને અહીં લાવીને મારા હૃદયનું અંધારું દૂર કરવાનો પ્રભુનો આશય હશે. જા, રાધા તારી વાટ જોતી હશે.'

જનેતા પાસે

મહેલ પાસેના લતામંડપમાં કર્ણ ઊભો ઊભો ઇષ્ટમંત્રનો જપ કરતો હતો. દરરોજ મધ્યાહ્ન સુધી આ પ્રમાણે લાંબો જપ કરવાનો તેનો રિવાજ. કર્ણ આંખો મીંચીને માળા ફેરવતો હતો તે દરમિયાન એક સ્ત્રી તેની પાછળ લપાઈને ઊભી રહી. સ્ત્રી ઉંમરે વૃદ્ધ હતી; તેના માથાના વાળ ધોળા હતા; તેને શરીરે કરચલી પડી હતી; છતાંયે તેની આંખનું તેજ તો કોઈ વીરાંગનાને પણ શરમાવે તેવું હતું.

મધ્યાહ્ન ઊતર્યા. કર્ણનો જપયજ્ઞ પૂરો થયો અને પાછું વાળીને જુએ તો એક સ્ત્રી ઊભેલી.

'તમે કોણ છો?' જરા નિહાળીને કર્ણ બોલ્યો, 'ઓહો! તમે ક્યાંથી? કેમ આવ્યાં છો?'

'બેટા! એક વસ્તુ માગવા માટે આવી છું.'

'શ્રીકૃષ્ણની ફોઈ અને વીર અર્જુનની માતા મારા જેવા સૂતપુત્રની પાસેથી શાની અપેક્ષા રાખે છે?'

'બેટા! હું અર્જુનની મા છું તેવી સૂતપુત્ર કહેવાતા કર્ણની પણ મા છું. તું રાધાનો પુત્ર નથી પણ મારો પુત્ર છે.' કુંતી બોલ્યાં.

'નહીં, નહીં. મારાં મળમૂત્ર ઊસડનાર અને મારા એકના પર જીવનાર રાધા મારી મા નહીં, એમ બોલું તે દિવસે તો આકાશ તૂટી પડે!' કર્ણ બોલ્યો.

'બેટા! સાંભળવું છે તારે? હું કુંતીભોજ રાજાની પુત્રી. કુંતીભોજને ત્યાં કેટલાયે મહાપુરુષો અતિથિ તરીકે આવે. તેમની સેવા કરવાનું સદ્ભાગ્ય મને મળ્યું.'

'કુંતી! આ તમામ હકીકત મને મળી ચૂકી છે. હજી ગઈ કાલે જ શ્રીકૃષ્ણ મને રથમાં બેસારીને લઈ ગયા હતા ત્યારે આ તમામ હકીકત તેમણે વિસ્તારથી કહી છે. તમારે બીજી કાંઈ વાત કરવાની હોય તો કરો. એ વાત હું સાંભળું છું ત્યારે તો મારાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે!' કર્ણના અવાજમાં ફેર પડવા લાગ્યો.

'કર્ણ! જરા ધીરો થા. તને ક્રોધ આવે તો મને જે કરવું હોય તે કરજે, હું મૂંગે મોંએ સહી લઈશ; પણ મારું કહેવું તો સાંભળ!' મેં એકેય દીકરી જણી નથી; નહીંતર તો આજ સુધીમાં મારા હૃદયને ખાલી કર્યું હોત. આજે આટલાં વર્ષે તને મળું છું ત્યારે મારા અંતરમાં કાંઈ કાંઈ થાય છે. મને વાત કરી લેવા દે, એટલે હૈયાનો ભાર ઓછો થાય.'

'ઠીક, કહો.'

'કુંતીભોજને ત્યાં એક વાર દુર્વાસા ઋષિ પધાર્યા. મારી સેવાચાકરીથી પ્રસન્ન થઈ તેમણે મને પાંચ મંત્રો આપ્યા અને કહ્યું: ''આ મંત્રથી તું જે દેવનું આહ્વાન કરીશ તે દેવ હાજર થશે. જગતમાં સ્ત્રીમાત્રનું હૃદય જે એક વસ્તુને માટે નિરંતર તલસી રહ્યું હોય છે તે વસ્તુ તને આ મંત્ર દ્વારા પ્રાપ્ત થશે.'' '

'પછી?'

'હું તો હતી કુંવારી. સ્ત્રીઓનું હૃદય કઈ એક વસ્તુને ઝંખે છે તે તો જાણું પણ નહીં, એટલે મારું કુતૂહલ ખૂબ વધી પડ્યું. એક મંત્રનો પ્રયોગ કરી મેં ભગવાન સૂર્યનારાયણનું આહ્વાન કર્યું.'

'પછી?'

'તેજસ્વી સૂર્યનારાયણ હાજર થયા. હું તો કશું સમજું નહીં, પણ મારા હૃદયમાં ભારે મોટું તોફાન ચાલી રહ્યું હતું. સૂર્યે પૂછ્યું: ''મને શા માટે બોલાવ્યો છે?'' મેં તો કહ્યું: ''આપ પાછા જાઓ.'' હું કન્યા હતી, મારા શરીરમાં લોહી ઊછળતું હતું અને મારાં અંગો ફાટું ફાટું થતાં હતાં.'

‘પછી?’

‘પછી..., પછી કાંઈ નહીં.’ કુંતી પગ વડે જમીન ખોતરવા લાગી.

‘પછી?’

‘પછી તું આવ્યો.’

‘પછી?’

‘પછી... પછી તને છોડ્યો. રેશમી રૂમાલમાં વીંટી તને પેટીમાં મૂક્યો ત્યારે મેં આંખ આડા હાથ દઈ દીધા અને દાસીએ પાટા બાંધી લીધાં.’

‘પછી?’

‘પછી? પછી મારો અધિકાર ઊઠ્યો અને તારી રાધાનો અધિકાર બેઠો.’

‘પછી?’

‘બેટા! હજીયે ‘‘પછી, પછી’’ કહીને શા માટે મને હસે છે?’

‘તો હવે તમે આજે શું માગવા આવ્યા છો?’

‘એક વસ્તુ માગવા આવી છું. તું આ મારી છાતીમાં પાછો આવ અને મને મા કહીને બોલાવ!’

‘કુંતી, કુંતી! આવું માગતાં શરમ નથી આવતી? જે સ્ત્રી પેટના દીકરાને નદીમાં તરતો મૂકતાં આંચકો ન ખાય તે હવે આજે મા થવા આવે છે, તે શું યોગ્ય છે?’

‘બેટા કર્ણ! આમ ન બોલ. તને સ્ત્રીના જીવનની ખબર નથી.’

‘તમને કોણે કહ્યું હતું કે આ માર્ગે ચાલો?’

‘તેં કુંવારી અવસ્થા ભોગવી નથી; એ અવસ્થાના થનગનાટો તેં અનુભવ્યા નથી. એ અવસ્થા જ માણસને કેટલું વિહ્‌વળ કરી નાખે તેનો તને ખ્યાલ નથી.’

‘એ તો ભલે ને ગમે તેમ થયું; પણ પછી મારો ત્યાગ કરવાનો તમને શો અધિકાર હતો? જે માતાઓ પોતાનાં બાળકોનો સર્વાંગસુંદર વિકાસ ન કરે તેમને માતા થવાનો જ શો અધિકાર છે?’ કર્ણ ગરમ થયો.

‘બેટા! તારી વાત તો સાવ સાચી છે, પણ સ્ત્રી માતા થાય છે તે કાંઈ પોતાની બુદ્ધિથી અંકગણિતની ગણતરી કરીને થાય છે? એમાં તો પ્રાણીમાત્ર અંદરના કોઈ ધક્કાને વશ થઈને વર્તે છે અને માબાપોનો ધર્મ, અધિકાર, વિકાસ એ બધી વસ્તુઓ તો પાછળથી નિપજાવવી પડે છે.’

‘પણ તમે મારો ત્યાગ કર્યો એ વસ્તુ તો હું ભૂલી શકતો જ નથી.’

‘બાપુ! એ ભુલાય તેવી નથી. એનો દોષ તારે સમાજને દેવો જોઈએ. આપણો સમાજ આવી ભૂલોને ડામ દેવા તૈયાર થાય છે એટલે તો મારા જેવી માતાઓને આવા માર્ગો લેવા પડે છે. સમાજ ભૂલો થાય પછી ઉદાર દૃષ્ટિથી તેનો ઉકેલ લાવે તો સમાજનાં કેટલાંયે ખાનગી પાપો એની મેળે નિવૃત્ત થાય.’

‘પણ કુંતી! તમે મારું તો ભૂંડું જ કર્યું છે. જન્મથી ક્ષત્રિયપુત્ર હોવા છતાં હું સૂતપુત્ર કહેવાયો તે તમારા પાપે!’

‘જરૂર, એ વાત તો હજીયે મને બાળે છે. પાંડવ-કૌરવની પરીક્ષા વખતે તું અર્જુનની સામે દ્વંદ્વયુદ્ધમાં ઊતર્યો અને કૃપાચાર્યે તેમ જ ભીમે ‘‘તારું કુળ તથા ગોત્ર જણાવ’’ એમ કહી તને હલકો પાડ્યો ત્યારે મને મૂર્છા આવી હતી એ તને ક્યાંથી ખબર હોય! દ્રૌપદીના સ્વયંવરમાં ધનુષ ચડાવવા તું ઊભો થયો ત્યારે દ્રૌપદીએ ‘‘હું સૂતપુત્રને વરવાની નથી.’’ એમ કહ્યું એ સમાચાર સહદેવે મને આપ્યા ત્યારે મારું હૈયું કેવું વલોવાયું હશે તેનો તને શો ખ્યાલ હોય! બેટા! તારે સૂતપુત્ર થવું પડ્યું તે મારા કર્મને ભોગે તેમાં શંકા નથી, પણ આજે

હવે એ બધું ભૂલી જા અને આ ખોળામાં પાછો આવ.'

'કુંતી! તમારી વાત હું સમજું છું. આજે કોણ જાણે કેમ પણ જીવનભરનો રોષ ઊતરી જાય છે, પણ હું ફરીથી તમારો થાઉં એ બને તેવું નથી. રાધાએ મને સગી માતાના વહાલથી ઉછેર્યો છે. આ સૂતજાતિમાં હું પરણ્યો છું અને મારે છોકરાં થયાં છે. એ તમામ સ્નેહસંબંધોનો ત્યાગ કરી કુંતીપુત્ર થવું મારા માટે અશક્ય છે.'

'બેટા! એમ ન બોલ. તારી રાધાને હું પગે પડું. જેવી મારી દ્રૌપદી એવી જ મારે તારી સ્ત્રીઓ. તું યુધિષ્ઠિરનો મોટો ભાઈ. પાંચે પાંડવો તારી સેવા કરે અને યુદ્ધને અંતે તું ભારતવર્ષનો રાજા થા, ત્યારે કુંતીને તૃપ્તિ થાય. તું રાજા થવાને જ જન્મ્યો છે.'

'કુંતી, કુંતી! તમે કહો છો તે ગમે તેવું સારું દેખાતું હોય તોપણ મારે માટે આજે તે અશક્ય છે. ભારતવર્ષનો રાજા તો કાં યુધિષ્ઠિર અને કાં દુર્યોધન.'

'ના ના, કર્ણ! યુધિષ્ઠિર તો તારે પડખે ઊભો રહીને ચમર ઢોળે એ જોવા હું ઇચ્છું અને તારા જેવા અને અર્જુન જેવા વીર મારા દીકરાઓ હોય ત્યાં દુર્યોધનને માટે તો રાજ્યની આશા જ ક્યાં છે?'

'કુંતી! માફ કરો. તમે તમારા સ્વાર્થનાં માર્યાં મને અધર્મ તરફ લઈ જવા માગો છો. જે વખતે આખા હસ્તિનાપુરમાં બધા મને ''સૂતપુત્ર, સૂતપુત્ર!'' કહીને હડધૂત કરતા હતા એ દિવસે દુર્યોધને મને અંગ દેશનો રાજા બનાવ્યો; જ્યારે ભીષ્મ, દ્રોણ અને વિદુર સરખા મહાત્માઓ પણ મને કાગડો કહીને મારો તેજોવધ કરતા હતા ત્યારે દુર્યોધને મને પોતાની પાંખમાં રાખી મૈત્રી દીપાવી; જ્યારે યુદ્ધ ન કરવું એ બાબતની વાટાઘાટ ચાલતી હતી ત્યારે મારી મૈત્રીના બળે દુર્યોધને શ્રીકૃષ્ણને પાછા વાળ્યા અને યુદ્ધનો સ્વીકાર કર્યો. આજે એ દુર્યોધનની મૈત્રીના પાશને તોડીને હું ફરીથી તમારો થાઉં એમાં તમારી શી શોભા છે? તમે તો પાંડવોના સ્વાર્થથી આંધળાં થયાં છો એટલે આવી માગણી કરો છો, પણ તમને ખબર નથી કે હજીયે અર્જુન શ્રીકૃષ્ણની મૈત્રી છોડી શકે, પણ કર્ણ દુર્યોધનની મૈત્રી છોડી શકે એમ નથી.'

'બસ, મને આમ છેક જ નિરાશ કરીશ?'

'કુંતી! બીજો રસ્તો નથી.'

'રસ્તા તો કાઢવા હોય તો ઘણા છે, પણ તારે તે કાઢવા નથી. રણક્ષેત્રમાં તું જ તારા હાથે તારા માના જણ્યા ભાઈઓનો વધ કરીશ તે વખતે તારું અંતર ચિરાઈ નહીં જાય? તારો હાથ યુધિષ્ઠિરને મારતા ઊપડશે? કર્ણ! જરા વિચાર કર. તું તો આ બધું કરીશ, પણ તમને બધાને એક જ પેટમાં સંઘરનારી આ કુંતીનું તે દિવસે શું થશે, તેનો વિચાર કર્યો છે?'

'કુંતી! એ તો રણસંગ્રામનો મામલો છે. ક્ષત્રિયો આવી બાબતથી ડરતા નથી.'

કુંતી બે ડગલાં આગળ આવી ઘૂંટણિયે પડી; તેનો હાથ કર્ણના ગોઠણ પર મુકાયો.

'બેટા કર્ણ! મારી સામે જો, તારી પાસે કોણ આવ્યું છે તે ખ્યાલમાં છે?'

'હા; તમે કુંતી.'

'હવે એવું તટસ્થ નામ ન વાપર. હું કુંતી માતા — મા છું! તારે રણસંગ્રામમાં ઘૂમી તારા જ ભાઈઓનો વધ કરવો હોય તો પહેલાં મને મારીને જ અહીંથી જા, એટલે એ જોવાનો મારો વારો ન આવે. તારો ધર્મ-અધર્મ, તારી મૈત્રી, તારું ક્ષત્રિયપણું, બધાં આ તારી માની સામે ટકી રહ્યાં છે એ જ મને તો આશ્ચર્ય થાય છે. નહીંતર તો માતાની આંખનું એક આંસુ આ તમામને ભૂંસી નાખવા સમર્થ છે. કર્ણ! મારી સામે જો. ઉપર તારા પિતા બેઠા છે. એ પિતાની સાક્ષીએ તારી પાસે માગું છું: ''કર્ણ! પાંડવોને સંગ્રામમાં ન મારવાનું મને તું વચન આપ.'' '

કર્ણ મૂંગો રહ્યો.

'કર્ણ! બોલ, મને જવાબ આપ.'

'કુંતી! મને જવા દ્યો.'

'એમ જવાય નહીં. તારી માતાને આટલી શી ભિક્ષા આપ્યા વિના જવાય નહીં.'

'કુંતી! જાઓ, નકુળ-સહદેવને હું નહીં મારું.'

'એ તો છે જ. નકુળ-સહદેવ પર તારા જેવા ધનુર્ધારી હાથ અજમાવે એ તો હલકું ગણાય. એ કાંઈ તારા સમોવડિયા છે? એમાં તેં મને આપ્યું શું?'

'કુંતી! નકુળ-સહદેવને તો હું નહીં મારું, પરંતુ ભીમને પણ હું છોડીશ.'

'ભીમને? ક્યાં તું અને ક્યાં ભીમ? ભીમનું શરીર મોટું એટલે તે મોટો થઈ ગયો? ભીમનું તો ગાંડું કામ. તારી વિદ્યા ભીમ પાસે નથી, એટલે એને મારવામાં તને રસ જ ન પડે. હું તો કહું છું કે મારી માગણીનો વિચાર કરીને બોલ.'

'કુંતી, કુંતી! હવે બસ કરો; મારા દિલમાં કાંઈ કાંઈ થાય છે. આ છેલ્લું કહી દઉં છું: યુધિષ્ઠિરને યુદ્ધમાં નહીં મારું. જાઓ, હવે માગો તો તમને તમારા કર્ણના સોગન છે.'

'બેટા! છેવટ મારો થયો! પણ મારી માગણી તો અધૂરી જ છે. હું તો માગું છું કે તારે અર્જુનને ન મારવો.'

'કુંતી! એ માગણી લેવી હોય તો તમારે પોતાને હાથે મને ઠાર કરો એટલે બસ! અર્જુનને ન મારવાનું વચન આપવું એ મારું વિનાશસ્ત્રે મોત છે એમ નક્કી સમજો. બે દિવસ પછી જે યુદ્ધ થવાનું છે તે પાંડવો અને કૌરવો વચ્ચે નથી; પણ મારી અને અર્જુનની વચ્ચે છે. મારા ઉપર તો દુર્યોધને આખા યુદ્ધનું મંડાણ કર્યું છે અને હું તમને વચન આપું તે કરતાં પ્રાણત્યાગ થાય એ જ વધારે બહેતર છે. કુંતી! જાઓ.'

'બેટા! આ ચાલી. હું આવી હતી તો તને લઈને પાંચ પાંડવોના છ પાંડવો કરવાની આશાથી, પણ જાઉં છું પાંચ પાંડવોના ચાર પાંડવો થશે એવા સમાચાર લઈને. બેટા કર્ણ! દીકરાઓ માતાઓને આવી જ રીતે જગતમાં સંતોષ આપશે કે! કેમ બોલતો નથી?'

'કુંતી! ઊભાં રહો. એક વાત કહું છું. રણમાં જો અર્જુન મરશે તો આ કર્ણ પાંડવોની સાથે મરશે, પણ... પણ એ વિચાર જ નકામો છે. આજે ઘડીભર કાળના પડને વીંધીને નજર નાખું છું, ત્યારે મને દેખાય છે કે શ્રીકૃષ્ણ જેવા જેના સારથિ છે એવા અર્જુનનો જ વિજય છે અને એને હાથે જ મારું મોત છે. અસ્તુ! જે થવાનું હશે તે થશે. અર્જુન પડશે તો, કુંતી! હું તમારો થઈશ; હું પડીશ તો કાંઈ કહેતો નથી. પાંડવો પાંચના છ નહીં થાય તેમ ચાર પણ નહીં થાય, એટલું ચોક્કસ! બસ, હવે તમે જાઓ.'

'કર્ણ! એક વાત પૂછવાનું મન થઈ આવે છે, તો પૂછી લઉં?'

'ખુશીથી પૂછો.'

'શ્રીકૃષ્ણને કાલે તેં કયું વચન આપ્યું?'

'શ્રીકૃષ્ણને? કશુંયે નહીં. કુંતી! શ્રીકૃષ્ણ મારી પાસે રાજદ્વારી પુરુષ તરીકે આવ્યા હતા; તેમની વાતોમાં મારી મહત્ત્વાકાંક્ષાને પોષણ મળે તેવું હતું. શ્રીકૃષ્ણે મારી સન્મુખ રાજપાટ ધર્યું, મુગટો ધર્યા, પ્રતિષ્ઠાને ધરી, ઐશ્વર્ય ધર્યું, સ્વર્ગ ધર્યું. એમને ખબર નહીં કે મારે મન દુર્યોધનની મૈત્રી પાસે આ બધાનો કશો હિસાબ નથી! કુંતી! એક વાત કહી લઉં? તમે આજે વચન લઈને જાઓ છો તેનું કારણ સમજ્યાં?'

'શું? કહે જોઈએ!'

'તમે મા તરીકે જીતી ગયાં. તમને દીઠાં ત્યારે તો હું ક્રોધથી ધ્રૂજતો હતો, પણ તમારી પાસે મારો ક્રોધ ટકી ન શક્યો. કુંતી! જણનારી માના અંતરમાં કેટલું જોસ છે તેની મને

આજે જ ખબર પડી. મને આજે થાય છે કે પાંડવો અને કૌરવો વચ્ચે વિષ્ટિ કરવા શ્રીકૃષ્ણ આવ્યા તેને બદલે એ વિષ્ટિ તમે અને ગાંધારી લાવ્યાં હોત તો આ યુદ્ધ અટકત. રાજદ્વારી પુરુષો ગમે તેવી વિષ્ટિઓ ચલાવે તોપણ તેમના હૈયામાં યુદ્ધ રમતું હોય છે; એટલે તેમને હાથે જગતને શાંતિ મળવાની જ નથી. તેમના હોઠ ઉપર ગમે તેવા મીઠા શબ્દો હોય તોયે એ શબ્દોના ગર્ભમાં જ ઝેર હોય છે. કુંતી, કુંતી! જગતનાં તોફાનો કોઈ પણ દિવસ શમવાનાં હશે તો તે અમારા જેવા યોદ્ધાઓથી નહીં શમે કે શ્રીકૃષ્ણ જેવા રાજદ્વારી પુરુષોથી પણ નહીં શમે. એ તોફાન, એ રંજાડ, એ અરાજકતા, એ વેરઝેર શમશે જગતની માતાઓથી! મને આજ એની ખાતરી થઈ ગઈ છે. જગતને આવાં મહાભારતોમાંથી ઉગારી લેવા માટે નથી વીરોની જરૂર, નથી ચાલાક રાજદ્વારીઓની જરૂર; નથી સાહસિક વેપારીઓની જરૂર, નથી મોટા હુન્નરીઓની જરૂર; જરૂર છે માત્ર એક માતાની! પણ આજે હવે એ બધું વ્યર્થ છે. યુદ્ધનો ઘંટ તો વાગી ચૂક્યો છે અને કાળ સૌને બોલાવે છે. કુંતી! તમે જાઓ; બહુ મોડું થશે.'

કુંતી ઘૂંટણિયે પડી હતી તે ઊભી થઈ. તેણે કર્ણનું માથું સૂંઘ્યું. કર્ણે ધીમેથી કુંતીના પગનો સ્પર્શ કર્યો અને મા-દીકરો એકબીજાંને જોતાં છૂટાં પડ્યાં.

દાનેશ્વરી

કર્ણ પોતાના લતામંડપમાં ઊભો ઊભો જપ કરતો હતો. માથે સૂર્યનારાયણ તપતા હતા. માણસે આવીને કહ્યું: 'મહારાજ! દરવાજે કોઈ બ્રાહ્મણ આવીને ઊભો છે, તે અંદર આવવાની રજા માગે છે.'

કર્ણના મોં પર આનંદ ઝળક્યો; તેના શરીરમાં નવું જોર આવ્યું. 'જાઓ, એ મહાત્માને લઈ આવો.'

અને થોડી જ વારમાં કર્ણના આસનની પડખે એક બ્રાહ્મણ ખડો થયો. તેનું શરીર નાનું હતું. તેની આંખોમાં ચપળતા હતી, તેના ઉઘાડા ખભા પર જનોઈ હતી. ડોકમાં રુદ્રાક્ષની માળા હતી, હાથમાં નાનું એવું કમંડળ હતું.

'પધારો, પધારો; મહારાજ!'

'કર્ણ!'

'શી આજ્ઞા છે, મહારાજ! આપ મારી સન્મુખ પધારો એટલે આપનાં દર્શન તો પામું!'

'રાજન્! સન્મુખ તો પછી આવું; હું માગું તે આપવાનું તું મને વચન આપ પછી.' બ્રાહ્મણ બોલ્યો.

'મહારાજ! આપ જાણતા નથી કે મધ્યાહ્ન સુધી જપ કરું તે દરમિયાન કોઈ પણ બ્રાહ્મણ આવીને હરકોઈ માગણી કરે તે અવશ્ય સ્વીકારું છું!'

'મેં તારા માટે આવું આવું ઘણુંયે સાંભળ્યું છે એટલે તો આટલે દૂરથી આવ્યો છું.'

'બોલો મહારાજ! શી ઇચ્છા છે?'

'ઇચ્છા? આમ ગણો તો જરાયે મોટી નથી, છતાં મને ભય રહે છે કે મારી ઇચ્છા તૃપ્ત નહીં થાય.'

'એમ? આપને એવો ભય છે કે કર્ણ પ્રતિજ્ઞાનો ભંગ કરશે?'

'મને ભય લાગે છે.'

'તો આપ કર્ણને ઓળખતા નથી. કર્ણનું વચન મિથ્યા જશે તે દિવસે સૂર્ય પશ્ચિમમાં

ઊગશે. આપ જે જોઈએ તે માગો.'

'માગું? મને થાય છે કે હજી પાછો જ જાઉં; તું સુખી રહે.'

'ના ના, માગો; જરાયે અચકાશો નહીં.'

'કર્ણ! માગું? આ તારાં કવચ અને કુંડળ મને ઉતારી આપ.' બોલતાં બ્રાહ્મણનું મોં કાળું પડી ગયું અને શરીરે પરસેવો છૂટ્યો.

કર્ણના મોં પર હાસ્ય છવાઈ રહ્યું, તેનાં રોમાંચ ખડાં થયાં અને કવચકુંડળને ઊતરડવા લાગ્યો. સર્પને કાંચળી ઉતારતાં કેટલી વાર! શરીર આખે ઉઝરડા થયા; શરીર આખે લોહીની ધારો ચાલી. આકાશમાં સૂર્યનારાયણે એક નાનુંશું વાદળું ઓઢી લીધું; મંડપનાં પક્ષીઓ કલમધુર ગાવા લાગ્યાં; લતાઓએ પુષ્પો વેર્યાં અને જોતજોતામાં કવચકુંડળ બ્રાહ્મણના હાથમાં આવ્યાં.

'લ્યો મહારાજ! આ કવચકુંડળ. હવે તો પડખેથી સામા આવો!'

'મને શરીરે ઠીક નથી એટલે આ કવચકુંડળ લઈને જવા દે; મારે સન્મુખ નથી આવવું.'

બ્રાહ્મણે વિદાય લીધી. કર્ણ તેની પાછળ પાછળ જોતો બેઠો. પેલો બ્રાહ્મણ થોડે દૂર ગયો ને અટક્યો. તે નીચી આંખે છાનોમાનો કર્ણની સામે જોતો હતો.

'મહારાજ! કેમ ઊભા રહ્યા? કાંઈ હજી ઇચ્છા છે?' કર્ણે પ્રશ્ન કર્યો.

'આ દરવાજો બંધ છે.'

'હું અહીંથી દરવાજો દેખું છું કે તે ઉઘાડો છે; આપ ખુશીથી પધારો. કોઈ રોકનાર નથી.'

બ્રાહ્મણ તો વળી બે ડગલાં ચાલીને ઊભો.

'કેમ મહારાજ! આપ સુખેથી જાઓ.'

'રાજન્! મારા પગમાં ચાલવાનું જોર નથી રહ્યું.'

'મહારાજ! આપને જ્યાં જવું હશે ત્યાં મારો રથ મૂકવા આવશે.' કહી કર્ણે રથનો હુકમ કર્યો એટલે તરત જ રથ હાજર થયો. પણ બ્રાહ્મણ તો ઊભો જ રહ્યો.

'મહારાજ! હવે પધારો, રથ તૈયાર છે.'

'બ્રાહ્મણના પગ રથ પર ચડવાને બદલે કર્ણ તરફ વળવા લાગ્યા. ફરી વાર તે કર્ણની પાસે આવીને નીચે મોંએ ઊભો રહ્યો.

'કેમ મહારાજ! હજી કાંઈ આજ્ઞા છે?'

'હા, એક આજ્ઞા છે. તું મારી પાસેથી કાંઈ માગ.'

'મારા માટે આપનો આશીર્વાદ બસ છે. આપ મારી સન્મુખ પણ ઊભા રહેતા નથી એટલાં હું મારાં કમભાગ્ય સમજું છું.'

'કમભાગ્ય તો મારાં છે, બાપુ! તેં મને હજુ ઓળખ્યો નથી.'

'મેં આપને બરાબર ઓળખ્યા છે. આપ અર્જુનના પિતા ઇન્દ્ર છો.'

'કર્ણ, કર્ણ! તેં તો હદ કરી! ઇન્દ્ર છું એ તને કેમ ખબર પડી?'

'આપ જેમ અર્જુનના પિતા છો, તેમ સૂર્ય ભગવાન મારા પિતા છે તે આપ જાણો છો. આપ જેમ અર્જુનના કલ્યાણની ચિંતા રાતદિવસ કરો છો તેમ જ તે મારી ચિંતા કરે છે. આપ બ્રાહ્મણવેશે મારી પાસે કવચકુંડળ માગવા આવવાના છો એમ સૂર્યભગવાને હજી તો કાલે જ મને સ્વપ્નમાં જણાવ્યું હતું.'

'બેટા કર્ણ! તું આ શું બોલે છે?'

'દેવરાજ! હું સાચું બોલું છું. બે દિવસ પછી જે મોટો રણયજ્ઞ થવાનો છે તેમાં અર્જુનનો વિજય જ થાય એ માટે આપ આ કવચકુંડળ માગો છો.'

'કર્ણ! તું આ શું બોલે છે? હું ઇન્દ્ર છું એ પણ તું જાણતો હતો? અને હું આ અર્જુનને માટે લઈ જાઉં છું એ પણ તું જાણતો હતો?'

'એ તમામ મને સૂર્યભગવાને જણાવ્યું હતું.'

'અને છતાંયે તેં શા માટે આપ્યાં?' યુદ્ધમાં તને પણ વિજયની આશા તો હશે જ.'

'હશે નહીં, છે જ! એ વિચારે તો મારે આપને ના જ પાડવી પડે. મારા પિતા સૂર્યભગવાનની પણ મને એવી જ સલાહ હતી, પણ હું તો કર્ણ! એક વાર મેં પ્રતિજ્ઞા કરી કે જપકાળે આવેલ બ્રાહ્મણ ખાલી હાથે પાછો ન જાય, તે ન જ જાય!'

'સૂર્યનારાયણે તો તને ના જ પાડી હશે?'

'એ તો પાડે જ. આપ અર્જુનને માટે આટલી જહેમત ઉઠાવી રહ્યા છો, ખોટો વેશ લીધો છે ને ખોટું બોલો છો; એટલે પિતાના હૃદયને મારા કરતાં તો આપ વધારે ઓળખો.'

'કર્ણ! દેવરાજ પગે પડતાં બોલ્યા, 'કર્ણ! તું નમસ્કારને યોગ્ય છે. સાચું કહું? પહેલવહેલો તારી પાસે આવ્યો ત્યારે હું તારે પડખે ઊભો હતો. તારી સન્મુખ આવી તારું તેજ ઝીલવાને મારામાં તાકાત ન હતી.'

'હવે આપ સુખેથી પધારો; રથ તૈયાર છે.'

'કર્ણ! તું શું એમ માને છે કે મારા પગ દુખતા હતા એટલે હું જતો ન હતો અથવા તો દરવાજો બંધ હતો? દરવાજો તો આજે અંદરનો પણ ઊઘડી ગયો છે.'

'ત્યારે આપ કેમ જતા ન હતા?'

'જવાય શી રીતે? આ તારાં કવચકુંડળ ઉતાર્યા ત્યારથી મારા હૃદય પર કેટલો મોટો અસહ્ય બોજો થઈ પડ્યો છે તેની તને શી ખબર પડે! પારકાનું આખું જીવતર માગીને ચાલી નીકળવું કેવું ભારે છે એનો અનુભવ લેવો હોય તો મારી પાસે આવ ને જો. દૈત્યને હણનારો ઇન્દ્ર આજે એક ડગલું પણ આગળ મૂકી શકતો નથી.'

'દેવરાજ! મને શરમાવો નહીં.'

'કર્ણ! એક વાત પૂછું?'

'જરૂર પૂછો.'

'કવચકુંડળ ઊતરડતી વખતે મનમાં જરાયે સંકોચ થયો હતો કે નહીં?'

'સંકોચ શાનો! સંકોચ થવો હોય તો આપને થાય; મને શા માટે થાય? મેં તો સૂર્યનારાયણને પણ જણાવી દીધું હતું કે ઇન્દ્ર જેવા મારા આંગણે બ્રાહ્મણ થઈને માગવા આવે તેવું મારું અહોભાગ્ય ક્યાંથી!'

'કર્ણ! તારાં વચન સાંભળું છું તેમ તેમ મારા દેહમાં દાહ થાય છે. તને એમ ન થયું કે આ કવચકુંડળ જશે તો હું અર્જુન સામે ટકી નહીં શકું? એ વિચારથી પણ તેં ના ન પાડી?'

'અર્જુનની સાથે તો આજે જ મેં લડી લીધું એમ સમજો. અર્જુન હાર્યો છે. જ્યાં દેવોના રાજાને પોતાને અર્જુનને વિજય અપાવવા માટે મારાં જેવાનાં કવચકુંડળ ભીખવાં પડે, ત્યાં જ અર્જુનનો પરાજય છે! ભલે પછી સંગ્રામમાં તેનો દેહ મારા કરતાં વધારે ટકે. આપ સુખેથી પધારો. અર્જુનને કહેજો કે લે, આ હું તારા માટે વિજય લઈ આવ્યો છું. હવે કર્ણનો દેહ અભેદ્ય નથી રહ્યો એટલે તારાં બાણો કામ કરશે.'

'કર્ણ! મારી એક વિનંતી સાંભળીશ?'

'આજ્ઞા કરો.'

'આજ્ઞા તો આજ્ઞા. તું મારી પાસેથી કાંઈ માગ.'

'માગું એક આપના આશીર્વાદ.'

'એ ઉપરાંત કાંઈ માગ.'

'આપની પાસેથી બીજું કશું માગવાનું મન નથી.'

'પણ તું ન માગ ત્યાં સુધી મારાથી જવાશે નહીં. કોણ જાણે શું છે કે કોઈ મને અહીં રોકી રાખે છે; મારાથી ડગલું દેવાતું નથી. મારા દિલમાં કોણ જાણે શું શું થઈ રહ્યું છે. તું કાંઈક માગ.'

'એમ હોય તો આપ જે આપવું ઘટે તે આપો.'

'ના, ના, એમ નહીં. તું જ માગ તો મારા જીવને શાંતિ વળે.'

'તો ત્યારે સૂર્યનારાયણે સૂચવ્યું છે તે માગું? આપની પાસે અમોઘ શક્તિ છે તે આપ મને આપો.'

'કર્ણ! ઠીક સંભાર્યું. લે આ મારી અમોઘ શક્તિ. હાશ, એ ઠીક માગ્યું! આ અમોઘ શક્તિનો એવો નિયમ છે કે તું જેના પર તેનો પ્રયોગ કરે તે એક માણસ તો મરે જ મરે; પછી તે ગમે તે હોય. ફક્ત તારાથી એક જ વાર એનો પ્રયોગ થઈ શકશે.' એમ કહી ઇન્દ્રે કર્ણને અમોઘશક્તિ આપી.

'બેટા! હવે આ કવચકુંડળનો ભાર હલકો થયો. હવે હું જઈ શકીશ. મેં તારાં કવચકુંડળ ઊતરડાવ્યાં એ વિચાર તો હજીયે મને સાલે છે, પણ તને આટલુંયે હું આપી શક્યો તેથી મને નિરાંત વળે છે. આ અમોઘ શક્તિનો ઉપયોગ તો તું અર્જુનની સામે પણ કરી શકે છે. ગમે તે એક જણની સામે અને એક વાર. લે, હવે હું જાઉં છું; પરમાત્મા તારું કલ્યાણ કરો!

ઇન્દ્ર કર્ણનાં કવચકુંડળ લઈ રસ્તે પડ્યા અને કર્ણ અમોઘ-શક્તિ લઈ મહેલમાં ગયો.

કર્ણ સેનાપતિ

દુર્યોધનના તંબૂમાં એક કોચ પર મદ્રરાજ શલ્ય બેઠા હતા, સામે દુર્યોધન બેઠો હતો.

'મહારાજ દુર્યોધન! મને કેમ બોલાવ્યો છે? કાંઈ આજ્ઞા છે?'

'મહારાજ શલ્ય! આપ જાણો છો કે આપણું બળ હવે ધીમે ધીમે ઓછું થતું જાય છે. પિતામહ તો પડ્યા, પણ ગઈ કાલે દ્રોણાચાર્ય પણ પડ્યા. એ બે હતા ત્યાં સુધી તો મારે બહુ જોવાપણું ન હતું. આ તો હવે સેનાપતિ કોને કરવો એ જ મોટો પ્રશ્ન છે.'

'મહારાજ દુર્યોધન! આપના લશ્કરમાં વીર યોદ્ધાઓનો ક્યાં તોટો છે?'

'હું આપને ટૂંકમાં વાત કહી દઈશ. રાતના બે વાગ્યા છે અને પાંચ વાગે તો યુદ્ધ શરૂ કરવું છે. કર્ણને સેનાપતિ બનાવવાનો મેં નિશ્ચય કર્યો છે.'

'એ સૂતપુત્રને? આપને બીજો કોઈ ક્ષત્રિયપુત્ર ન મળ્યો?'

'મારે સૂતપુત્ર કે ક્ષત્રિયપુત્રનો સવાલ નથી. મારે પાંડવોને હરાવવા છે, એટલે પાંડવોની સામે જે ટકી શકે તે મારો સેનાપતિ. એ નિર્ણય તો થઈ ચૂક્યો છે.'

'નિર્ણય થઈ ચૂક્યો હોય તો પછી મને પૂછવાનું શું રહે છે?'

'તમને પૂછવાનું બીજું છે.'

'શું?'

'કર્ણ અર્જુનનો પ્રતિપક્ષી છે. કર્ણનો વિચાર છે કે આવતી કાલે અર્જુનને જ મારવો. પાંડવોનો આધાર બધો અર્જુન પર છે.'

'કર્ણ તો કાગડો જ છે. એને તો ''કાઁ કાઁ'' કરતાં જ આવડે છે.'

'જરા સાંભળો. અમસ્તા તો કર્ણ અને અર્જુન એકબીજાના બરોબરિયા જેવા ગણાય.'

'તો પછી કાલે જ અર્જુનને મારીને કર્ણ આપનો અભિષેક કરાવે એટલે થયું. ભીષ્મને બદલે પહેલા દિવસથી જ કર્ણને સેનાપતિ કાં ન કર્યો?'

'શલ્ય! એમ ઉતાવળા ન થાઓ. આપણા બન્નેનો વખત જાય છે.'

'તો મને જે કહેવાનું હોય તે જલદી કહો.'

'કર્ણ અને અર્જુન બરોબરિયા તો ખરા, પણ અર્જુનને તો પાછા શ્રીકૃષ્ણ રહ્યા.'

'તો કર્ણનેય શ્રીકૃષ્ણ આપો. કર્ણની જાતમાં બધા કૃષ્ણો જ ભર્યા છે!'

'શલ્ય! એમ ન બોલો. કર્ણનું એવું કહેવું છે કે જેમ શ્રીકૃષ્ણ અર્જુનનો રથ હાંકે છે, તેમ મદ્રરાજ શલ્ય મારો રથ હાંકે તો કાલે કુંતીનો દીકરો જીવતો ન હોય.'

'મહારાજ દુર્યોધન! આપના સિવાય કોઈ બીજાએ આ શબ્દો ઉચ્ચાર્યા હોત તો તેનું માથું ધડથી જુદું પડ્યું હોત! હું મદ્ર દેશનો રાજા છું, મારે લડવું તો હતું મારા ભાણેજ નકુળ અને સહદેવના સાથમાં; પણ આપની સાથેના સંબંધને લઈને અહીં રોકાયો છું. કર્ણ જેવા સૂતપુત્રનો રથ મદ્રરાજ શલ્ય હાંકે એમ બોલતાં આપને શરમ નથી થતી?'

'મહારાજ! ઉતાવળા ન થાઓ. અત્યારે વધારે વખત નથી. કર્ણને સેનાપતિ નહીં બનાવીએ તો આપણે કાલે જ હારવાના છીએ. તમે સારથિ ન થાઓ તો કર્ણ સેનાપતિ ન થાય. માટે તમે આ વાત સ્વીકારો.'

'દુર્યોધન! એ મિથ્યાભિમાની બીકણ દાસીપુત્રના સારથિ થવું મને મૃત્યુ સમાન લાગે છે.'

'પણ શલ્ય! આ કૌરવરાજ દુર્યોધન તમને પગે પડીને માગી લે છે કે તમે આટલું સ્વીકારો.'

'દુર્યોધન, દુર્યોધન! જેને બદલે સેનાપતિ થવાને હું લાયક છું તેવા મને આજે કર્ણના સારથિ થવાનું કહેવામાં આપ કેવળ અધર્મ કરો છો.'

'એ અધર્મ મારે કરવો છે. આ દુર્યોધન તમારે પગે પડે છે. બોલો, સ્વીકારો છો?'

'એ કાગડાને મારી સાથે નહીં બને.'

'એ હું જોઈ લઈશ. તમે હા પાડો પછી બધું થઈ રહેશે.'

'દુર્યોધન! એક શરત છે. હું સારથિ તો થાઉં; પણ હું જે કાંઈ કહું તેનો જવાબ મને કર્ણ ન આપે.'

'શરત કબૂલ. હું કર્ણને કહી દઈશ. બોલો, હવે સારથિ થવું કબૂલ છે?'

'કબૂલ.'

'મદ્રરાજ! તમે મને ભારે આભારી કર્યો. હવે કાલે કુંતીનો દીકરો પૃથ્વી પર સૂશે એમાં મને શંકા નથી. હું કર્ણને હમણાં જ ખબર આપું છું; તમે પણ સજ્જ થઈને આવો.'

દુર્યોધન અને શલ્ય જુદા પડ્યા.

* * *

મહારભારતના યુદ્ધનો સોળમો દિવસ હતો. એક સુંદર રથમાં બેસીને કર્ણ પાંડવોનો સંહાર કરતો હતો. કૃપાચાર્ય, અશ્વત્થામા વગેરે સહુ કર્ણનાં પડખાં બરાબર સાચવતા હતા.

'શલ્ય! રથને બરાબર અર્જુનની સામે લ્યો. આજે સાંજ સુધીમાં અર્જુન હતો ન હતો થઈ જશે.'

'દાસીના બેટા! આવા બકવાદ શા માટે કરે છે! કાગડાથી હંસ મર્યો જાણ્યો છે? ક્યાં સૂતપુત્ર એવો તું અને ક્યાં પૃથાનો દીકરો અર્જુન! આજ સુધી તેં ઘણી બડાઈઓ હાંકી; આજે હવે બડાઈથી ચાલે તેમ નથી.' શલ્યે રથ હાંકતા હાંકતા આદર્યું.

કર્ણ ઢીલો પડ્યો.

* * *

'શલ્ય! રથને આ બાજુ જરા તારવો તો!'

'ત્યાં આગળ તો ભીમ ઊભો છે.'

'કોણ, ભીમ છે? લાવ એને ઝપાટામાં લઉં.'

'રાધાના પુત્ર! હજી ગઈ કાલે જ એકલા ઘટોત્કચે આખા કૌરવસૈન્યને હચમચાવી મૂક્યું હતું તે શું ભૂલી ગયો? તને પોતાને પણ તે વખતે તો ભોં ભારે થઈ પડી એટલે છેવટે અમોઘ શક્તિનો પ્રયોગ કરી તેના પ્રાણ લેવા પડ્યા, તે ભૂલી ગયો? એ જ ઘટોત્કચનો બાપ આ ભીમ. ભીમની સાથે લડવાનો તને આટલો બધો રસ છે તો દુ:શાસનની છાતીમાંથી ભીમ લોહી પીતો હતો ત્યારે આવવું હતું ના!'

વળી કર્ણ ઢીલો પડ્યો.

* * *

'અર્જુન ક્યાં છે? અર્જુન, અર્જુન!' મહારાજ યુધિષ્ઠિર હાંફળા—ફાંફળા આવી પહોંચ્યા.

'અર્જુન! મહારાજ યુધિષ્ઠિર આ બાજુ આવે છે.' શ્રીકૃષ્ણે કહ્યું.

'કેમ મહારાજ! મને શા માટે બોલાવો છો?'

'મારે આ યુદ્ધ નથી કરવું; આજે જ લડાઈ બંધ કર. હું તો પહેલેથી જ કહેતો હતો કે યુદ્ધ ન કરો; પણ તું અને ભીમ માન્યા નહીં.'

'પણ મહારાજ! થયું છે શું તે તો કહો! જરા શ્વાસ તો હેઠો મૂકો! છે શું?'

'આ હું મરતો મરતો બચ્યો છું. કર્ણના ઝપાટામાંથી બચવું કેટલું મુશ્કેલ છે એની તો મને ખબર છે! તું તો શ્રીકૃષ્ણ રથ હાંકે ને બેઠો બેઠો લડ્યા કર, ભીમ ફાવે ત્યાં રખડ્યા કરે અને મારે બધું સોસવું. મારે આવું યુદ્ધ નથી કરવું. આવું રાજપાટ પણ મારે હરામ!'

ધીર ગંભીર સ્વરે શ્રીકૃષ્ણ બોલ્યા: 'મહારાજ યુધિષ્ઠિર! તમે જરા શાંત થાઓ. તમે વધારે બોલશો તો અર્જુનનું ઝનૂન જાગશે અને નાહકનો અંદરોઅંદર ક્લેશ થશે. તમે તમારે તંબૂમાં પધારો. પછી કર્ણ શું કરે છે તે અર્જુન જોઈ લેશે.'

'શ્રીકૃષ્ણ! આટલું પણ તમે બોલો છો, અર્જુન તો બોલતો નથી! મેં ના પાડી હતી કે યુદ્ધ નથી આદરવું પણ બેમાંથી કોઈએ માન્યું નહીં અને તેમાં પછી દ્રૌપદી કૂદે!'

'મહારાજ! શાંત થાઓ અને તંબૂમાં જાઓ.' શ્રીકૃષ્ણે સારથિને રથ તંબૂમાં લઈ જવાની સૂચના કરી.

અગ્રસેન નામનો એક સર્પ. વર્ષો પહેલાં અર્જુને આખુંયે ખાંડવવન સળગાવી મૂક્યું ત્યારે વખાનો માર્યો અગ્રસેન પોતાનાં સ્ત્રી-છોકરાંને લઈને ત્યાંથી નાઠો અને પાતાળમાં જઈને રહ્યો. અગ્રસેનને મહાભારત મંડાયાના ખબર પડ્યા એટલે તેનું વેર જાગ્રત થયું અને એ વેરની તૃપ્તિ માટે તે કુરુક્ષેત્રમાં ભટકવા લાગ્યો.

કર્ણ અને અર્જુન સામસામા લડતા હતા. બન્ને કુશળ લડવૈયા અને બન્નેના કુશળ સારથિઓ. સારથિના કામમાં તો શલ્ય શ્રીકૃષ્ણને ટપ્પે મારે તેવા. રથના ઘોડા ફેરવતા અને

શસ્ત્રાસ્ત્રોને અજમાવતા કુંતીના બન્ને દીકરાઓ એકબીજાના વધની આશા રાખતા રણસંગ્રામમાં શોભી રહ્યા હતા.

કર્ણે ધનુષ પર સર્પાકારનું એક બાણ લીધું. અગ્રસેન કર્ણના રથ પાસે ધૂંધવાતો ધૂંધવાતો રખડતો હતો. સર્પાકાર બાણ જોઈને તરત જ અગ્રસેન ઉલ્લાસમાં આવી ગયો અને કર્ણની નજર ન હતી તેવે વખતે પોતાના શરીરને તેણે બાણ સાથે બરાબર ગોઠવી દીધું. માત્ર શલ્ય આ જાણતા હતા.

કર્ણ બરાબર ટટ્ટાર થયો. બાણ ધનુષ પર ચડ્યું હતું, પણછ ખેંચે એટલી જ વાર હતી. કર્ણના મનમાં હતું કે જો બરાબર અર્જુનના કપાળમાં બાણ વાગશે તો આ એક બાણ જ અર્જુનનો અંત આણશે.

‘શલ્ય! સાવધાન હો; આ બાણ અર્જુનના પ્રાણ લેશે; જોજો.’

‘કૂતરાઓ જ આવી વાણી બોલી શકે છે. પણ કર્ણ! જો તારે અર્જુનના પ્રાણ જ લેવા હોય તો નિશાન કપાળમાં તાકવાને બદલે અર્જુનના કંઠ પર તાક.’

‘મહારાજ! કર્ણે એક વાર નિશાન લીધું તે લીધું. પછી તો ધ્રુવ ફરે તો કર્ણનું નિશાન ફરે!’

બરાબર ટટ્ટાર થઈને કર્ણે બાણ છોડ્યું. સામે અર્જુનનો રથ. અગ્રસેન તો આખાયે જીવનનું ઝેર દાઢમાં એકઠું કરીને બાણ સાથે જડાયો હતો. ક્યારે અર્જુનના કપાળમાં ડસું એ જ એની વાસના!

પણ અર્જુનના સારથિ શ્રીકૃષ્ણે આ સર્પને જોયો. તેના ખાંડવવનના વેરને પારખી લીધું અને એક ક્ષણમાં રથના ઘોડાઓને ગોઠણભર એવા પાડી નાખ્યા કે રથ આખો બેસી ગયો અને કર્ણનું બાણ અને તે બાણમાં ભરાયેલો અગ્રસેન અર્જુનના કપાળને બદલે તેનો મુગટ ઉપાડી દૂર જઈ પડ્યા.

* * *

‘કર્ણ, કર્ણ!’

કર્ણે રથમાંથી પાછળ જોયું. ‘કોણ છે એ?’

‘એ તો હું અગ્રસેન સર્પ છું.’

‘કેમ, મારું શું કામ છે?’

‘તમે અર્જુનને મારવા ઇચ્છો છો?’

‘એ તો સૌ કોઈ જાણે છે, તેનું તમારે શું?’

‘હું પણ અર્જુનનો કટ્ટો વેરી છું એટલે જ આવ્યો છું. મને તમારા બાણ પર ફરીથી એક વાર ચડવા દ્યો તો એ બાણે અર્જુન મર્યો સમજો. પહેલી વાર તમારી ભૂલ થઈ છે માટે બીજી વાર ચડવા આવ્યો છું.’

‘પહેલી વાર તમે હતા? તમે શી રીતે બાણમાં ભરાઈ ગયા? મને તો ખબર જ નથી. શલ્ય! તમને ખબર હતી?’

‘મને ખબર હતી એટલે તો મેં કહ્યું કે કપાળનું નિશાન લેવાને બદલે કંઠનું નિશાન લે, પણ કર્ણનું અભિમાન કાંઈ ઓછું છે!’

‘શલ્ય! મને એનો જરાયે અફસોસ નથી. ભાઈ અગ્રસેન! તને બાણ પર બાંધીને હું અર્જુનને જીતવા માગતો નથી. એવા અધર્મથી વિજય મેળવવાની કર્ણને જરાય ઈચ્છા નથી.’

‘કર્ણ! વિચારી જુઓ. મારા જેવો સર્પ આવી વિનંતી કરવા આવે છે. તેનો તમે

અનાદર કરો છો, પણ પાછળથી પસ્તાવું પડશે.'

'તેની તમારે ફિકર નહીં. એ બધું હું જોઈ લઈશ.'

કર્ણનો રથ આગળ ચાલી નીકળ્યો અને અગ્રસેન પોતાનાં વેરઝેર લઈને પાછો પાતાળમાં પેઠો.

કર્ણ પડ્યો

'શલ્ય! આ રથનું પૈડું પૃથ્વી ગળે છે; જરા બહાર કાઢો તો!'

'એ કામ મારું નથી.'

'ભલે! પૃથ્વી પોતે જ પૈડું ગળવા લાગે ત્યારે મારા વિના કોણ કાઢે!' કહી કર્ણ રથમાંથી હેઠો ઊતર્યો અને પૈડું બરાબર ઠીક કરી પાછો બેઠો. એટલામાં પૈડું ફરી ખાંગું થયું.

'શલ્ય! હું નીચે ઊતરું છું.'

કર્ણ ફરીથી ઊતર્યો ને પૈડાને હાથમાં લીધું. સામેથી અર્જુનનાં બાણો તો વરસ્યા જ કરતાં હતાં.

'અર્જુન!' શ્રીકૃષ્ણે કહ્યું, 'તારો મારો ચલાવ્યે રાખ. એક ક્ષણ પણ હવે ગુમાવતો નહીં.'

પૈડાને હાથ દેતાં દેતાં કર્ણ બોલ્યો: 'પૃથાના પુત્ર અર્જુન! પૃથ્વી મારું પૈડું ગળે છે તેને હું કાઢું ત્યાં સુધી જરા સબૂર કર. હું રથની નીચે ઊભો ઊભો પૈડાને બહાર કાઢું અને તું રથમાં બેઠો બેઠો બાણનો વરસાદ વરસાવે, એ યુદ્ધ ધર્મયુદ્ધ નથી.'

તરત શ્રીકૃષ્ણ ગાજી ઊઠ્યા: 'કર્ણ! ધર્મયુદ્ધની તારી હિમાયત સાંભળીને હસવું આવે છે! તારા પોતાના જીવનમાં તેં ક્યાંયે ધર્મ પાળ્યો સાંભરે છે? પાંડવોને લાક્ષાગૃહમાં સળગાવી દેવાની સલાહ આપી તે દિવસે આ ધર્મનો વિચાર ક્યાં ગયો હતો? કૌરવોની સભામાં દ્રૌપદીને ખેંચી આણી ત્યારે ''તું હવે પાંડવોનો ત્યાગ કરી બીજા ધણી શોધી લે,'' એવું કહેનાર કર્ણનો ધર્મ ક્યાં ગયો હતો? પાંડવો વનવાસમાં હતા તે વખતે તેમને હેરાન કરવાની યુક્તિઓ શોધનાર કર્ણનો ધર્મ ક્યાં ગયો હતો? હજી કાલ સવારે જ ખીલતા ફૂલ જેવા અભિમન્યુને એકલો જોઈને છ છ મોટા મહારથીઓ તેના પર તૂટી પડ્યા તે વખતે કર્ણનો ધર્મ ક્યાં ગયો હતો? અર્જુન! ખોટો ધર્મભીરુ ન થા અને કર્ણનો વધ કર.'

કર્ણ તો પૈડું સમું કરીને રથમાં બેસે ત્યાં પૈડું પાછું એનું એ. તેના પર અર્જુનનાં બાણો તો આવ્યે જ જતાં હતાં. તે ઘડીક રથમાં બેઠો; ચંદન અને ધૂપાદિથી રોજ જેની પૂજા કરતો એવું પરશુરામનું બ્રહ્માસ્ત્ર તેણે કાઢ્યું પણ તેને મૂકવાની વિદ્યા તેને હૈયેથી સરી પડી! હાથમાં શસ્ત્ર લઈને વળી તે નીચે ઊતર્યો અને વળી પૈડું હાથે ધર્યું.

'અર્જુન! સબૂર. જરા તો ક્ષત્રિયધર્મનો વિચાર કર!'

કર્ણ પૈડા પાસે જડાઈ ગયો: એક હાથમાં પૈડું અને એક હાથમાં ખાલી અસ્ત્ર! શરીર આખું વીંધાઈ ગયું. કર્ણની આંખે અંધારાં આવવા લાગ્યાં; તેની સન્મુખ પરશુરામ અને તેનો આશ્રમ ખડા થયા; મૃત્યુ સમીપ આવતું જણાયું; મેદાન શૂન્ય જેવું લાગ્યું.

'શલ્ય, શલ્ય!'

'કેમ કર્ણ!

'મહારાજ દુર્યોધન ક્યાંય દેખાય છે?'

'જણાતાં નથી. કેમ, શું કામ છે?'

'જેના પર વિશ્વાસ રાખીને તેમણે આ મહાયુદ્ધ શરૂ કર્યું તે હું તો ચાલ્યો. મહારાજને મારા અંતિમ નમન કહેજો. દુર્યોધનની મૈત્રીનો હું કશો બદલો વાળી નથી શક્યો એ માટે એ મને માફ કરે.'

'બીજું કાંઈ કહેવું છે?' શલ્યે પૂછ્યું.

'હા, એક વાત કહેવી છે. અત્યારે મારી સન્મુખ મૃત્યુ આવીને ઊભું છે ત્યારે હવે મને દેખાય છે કે આ યુદ્ધનાં ફાંફાં નકામાં છે. આ મારી સન્મુખ યોગેશ્વર શ્રીકૃષ્ણને દેખું છું. તેની જ આ બધી બાજી છે, એ વાત મને આજે સમજાય છે. પૂર્વે ભીષ્મ એવું કહેતા હતા ત્યારે હું તેમની મશ્કરી કરતો હતો. દુર્યોધનને કહેજો કે આ પૃથ્વી કોઈની નથી; નથી તમારી કે નથી યુધિષ્ઠિરની. હું આજે મરું છું, દુર્યોધન કાલે મરશે, યુધિષ્ઠિરનો પરમ દિવસે વારો, આ અઢાર અક્ષૌહિણી સેના રમતનાં પૂતળાંની માફક પૃથ્વી પર સૂવાની. કાળને જ આ ગમે છે. કોઈ આને અટકાવી શક્યું નથી અને અટકાવી શકત પણ નહીં. શ્રીકૃષ્ણ! તમને સાષ્ટાંગ નમન કરું છું. અર્જુન! બાણો છોડ, તારા હાથનું મોત તો વીરને જ મળે.'

એક હાથમાં રથનું પૈડું અને એક હાથમાં પરશુરામની વિદ્યાનું ખોખું! સૂર્યનો પુત્ર, રાધાનો પુત્ર, દુર્યોધનનો પરમ મિત્ર કર્ણ પૃથ્વી પર પોઢ્યો ને તરત જ સૂર્યનારાયણે પૃથ્વી પર અંધકાર ફેલાવી દીધો.

નિવાપાંજલિ

મહાભારત યુદ્ધ પૂરું થયું. અઢાર અક્ષૌહિણીનો કચ્ચરઘાણ નીકળી ગયો. સ્ત્રીઓને વૈધવ્ય આવ્યું. લાખો બાળકો નબાપાં થઈ રહ્યાં, લોહીની નદીઓનો તો પાર જ ન રહ્યો. કૌરવો તમામ પૃથ્વી પર સૂતા. પાછળ રહ્યા પાંચ પાંડવો, શ્રીકૃષ્ણ, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી-કુંતી.

યુદ્ધને અંતે મૃત્યુ પામેલા તમામ બંધુઓને અર્ઘ્યપ્રદાન કરવા માટે યુધિષ્ઠિર જમનાને કાંઠે ગયા. કુંતીમાતા સાથે હતાં. યુધિષ્ઠિર પોતાના આખાયે કુળના વીરોનાં નામ સંભારી સંભારીને જળનો અર્ઘ્ય આપતા હતા.

'યુધિષ્ઠિર! બધાને અર્ઘ્ય આપી દીધા?'

'હા, માતા! તમામને.'

'તોયે એક અર્ઘ્ય રહી ગયો.'

'નામ સાંભરે તો સંભારો.'

'કર્ણને.'

'કર્ણને? કર્ણ તો સૂતપુત્ર! એ તો રાધાનો દીકરો.'

'ના, ભાઈ ના! કર્ણ તો કુંતીનો દીકરો.'

'માતા! તમે આ શું બોલો છો?'

'હું ઠીક બોલું છું. અર્જુન જેવો મારો, એવો જ કર્ણ પણ મારો.'

'કુંતી, કુંતી! તમે સત્યાનાશ વાળ્યું. કર્ણ મારો મોટો ભાઈ છે એમ પહેલેથી જણાવ્યું હોત તો આ દિવસ ન આવત. એને મારો મોટો ભાઈ ગણત ને અમે બધા એની આજ્ઞામાં રહેત. કુંતી! તમે ભૂંડું કર્યું!

'યુધિષ્ઠિર! શોક ન કર. જે થવાનું હતું તે થયું, કાળને એમ જ ગમતું હશે.' કર્ણને

અર્ઘ્ય પ્રદાન કરી લે. ચાલ, ચાલ. જો બેલી બધી કૌરવસ્ત્રીઓ કકળાટ કરતી ચાલી આવે છે.

યુધિષ્ઠિરે કર્ણને અર્ઘ્ય આપ્યો.

કુંતી

માદ્રીનું સહગમન

પાંડુ અને ધૃતરાષ્ટ્ર બન્ને રાજા વિચિત્રવીર્યના પુત્રો. ધૃતરાષ્ટ્ર જન્મથી મોટા હતા પણ આંધળા અવતર્યા હતા એટલે ગાદી પાંડુને મળી હતી. પાંડુ છેક નાનપણથી જ રંગે ફિક્કા હતા અને વખત જતાં તેમને ક્ષયરોગ લાગુ પડ્યો હતો એટલે તે મોટે ભાગે હિમાલયનાં અરણ્યોની ખુલ્લી હવામાં જ રહેતા. પાછળથી તો હસ્તિનાપુરનો તેમણે કાયમને માટે ત્યાગ કર્યો અને અરણ્યમાં રહેવું સ્વીકાર્યું. કુંતી અને માદ્રી એ બન્ને રાણીઓ પણ પાંડુ મહારાજની સાથે જંગલમાં જ રહેતી.

એક વાર કુંતી અરણ્યની પર્ણકુટીમાં બેઠાં હતાં ત્યાં અવાજ આવ્યો: ‘‘કુંતી! દોડો, દોડો! મહારાજને કંઈક થઈ ગયું!’’ અને એ અવાજની પાછળ તરત જ કોઈનું ઉચ્ચ સ્વરે રુદન આવ્યું.

કુંતી સફાળાં ઊભાં થયાં અને દૂર આમ્રકુંજમાં જઈને જુએ છે તો મહારાજ પાંડુ ચત્તા પડેલા અને માદ્રી પાસે બેઠી બેઠી ધ્રુસકે ધ્રુસકે રુએ.

‘માદ્રી! શું છે?’ કુંતીએ મોટેથી પૂછ્યું, ‘મહારાજ કેમ આમ પડ્યા છે?’ બોલતાં બોલતાં તો કુંતી નજીક આવી ગયાં.

‘મહારાજને કંઈક થઈ ગયું છે; બોલતાયે નથી, ચાલતાયે નથી.’ માદ્રીએ જરા છેટા ખસી જણાવ્યું.

કુંતી વિહ્‌વળ બની ગયાં; પાંડુના પગે તથા હાથે હાથ ફેરવ્યો, નાકની દાંડી દબાવી જોઈ અને છેવટે બોલ્યાં: ‘માદ્રી! મારાં અને તમારાં નસીબ ફૂટી ગયાં! મહારાજ દેવ થયા છે! અને એ બોલતાંની સાથે જ તેના હોઠ ઢીલાપોચા થવા લાગ્યા, ને આંખોમાંથી શ્રાવણભાદરવો વરસવા માંડ્યા. પાંડુ મહારાજ મૃત્યુ પામ્યા છે એ જ્ઞાન જ માદ્રીને મૂઢ બનાવવા માટે બસ હતું. તેના મોં પરથી લોહી ઊતરી ગયું અને પૃથ્વી માર્ગ આપે તો અંદર સમાઈ જાઉં એવી તેની મનોવૃત્તિ થઈ ગઈ.’

‘માદ્રી! મહારાજ સ્વર્ગે સિધાવ્યા અને આપણને રઝળતાં મૂકતા ગયા!’ કુંતી કલ્પાંત કરવા લાગ્યાં. બન્નેએ રોકકળથી આખીયે આમ્રકુંજને ભરી દીધી. કુંતી-માદ્રીના કલ્પાંતથી નજીકના આશ્રમમાંથી એક તાપસી દોડી આવી, અને પાંડુ મહારાજના મૃત્યુના સમાચાર જાણતાં પોતે કુંતી-માદ્રીને ધીરજ આપવા માટે ત્યાં જ રોકાઈ.

‘માદ્રી!’ કુંતી ક્રોધમિશ્રિત શોકથી બોલ્યાં, ‘મહારાજને શું થયું એ તો કહો! હું તમને રોજ કહેતી હતી કે હમણાં મહારાજ પાસે એકાંતમાં જવા જેવું નથી. તેમાંયે આજે તો વળી તને શણગારાઈને આવ્યાં અને ફળ તો આ કાઢ્યું ના?’

‘કુંતી!’ માદ્રી ધ્રૂજતે સ્વરે બોલ્યાં, ‘તમે મારાં મોટાં બહેન છો. હું તમારાથી બીઉં છું.

આજે કાંઈ ખાસ શણગારાઈને નથી આવી. આવી ખબર હોત તો સૌભાગ્યનાં ચિહ્નો પણ ઉતારી નાખત.'

'સૌભાગ્યને વખતે સૌભાગ્ય શોભે; આજે તો આ સૌભાગ્ય મળ્યું!' કુંતીએ હાથ પછાડ્યા.

'બહેન! કકળાટ ન કરો. જે થવાનું હતું તે થયું. ઈશ્વરની એવી મરજી હશે.' તાપસી બોલી.

'ના બહેન! તમે સાચું કહો. બીમાર માણસ પાસે જવું હોય ત્યારે એટલું ન સાચવીએ? એવું પણ શીખવવું પડે?' કુંતી બોલ્યાં.

'મહારાણી! તમે જાણતાં હશો કે અમારા ગુરુ કામશાસ્ત્રના આચાર્ય છે. તે પોતે નૈષ્ઠિક બ્રહ્મચારી છે. એ કહે છે કે જગતમાં સ્ત્રીઓ સૌભાગ્યનાં ચિહ્નો ધારણ કરે છે તેની પાછળ મૂળમાં તો પુરુષોનું આકર્ષણ કરવાની વૃત્તિ છે. પુરુષ પોતાની પાછળ ફર્યા કરે અને કોઈ પણ રીતે લલચાય, એવી સ્ત્રી સહજ મનોવૃત્તિ આ બધાંય સૌભાગ્યચિહ્નના મૂળમાં જ છે. હા, પાછળથી કેટલીય સાધ્વી સ્ત્રીઓએ આ પશુ જેવા વિચારમાં ઉચ્ચતા દાખલ કરી હશે, અને શિષ્ટતા, સ્વચ્છતા, કલા વગેરેનાં તત્ત્વોને તેમાં ગૂંથી દીધાં હશે. છતાં પણ માણસ કાંઈ હજી પશુ મટ્યો છે!' તાપસીએ શાસ્ત્રાર્થ કાઢી બન્નેના મનને બીજી દિશામાં દોર્યાં.

'પણ બહેન! મને આવી શી ખબર પડે!' માદ્રી બોલ્યાં.

'બે છોકરાની મા થયાં હોઈએ અને ખબર ન હોય તો પછી ક્યારે પડવાની?' માદ્રી તરફ કડક નજરથી જોતાં કુંતી બોલ્યાં, 'હમણાં વસંત ઋતુ ચાલે છે તેનીયે તમને ખબર નહિ હોય; હમણાં દરરોજ આ આમ્રકુંજમાં કોયલ મીઠા મનોહર ટહુકા કરે છે તેનીયે તમને ખબર નહિ હોય; હમણાં આ દક્ષિણ દિશાની ઠંડી પવનની લહેરો આવે છે તેનીયે તમને ખબર નહિ હોય; હમણાં પાસેના સરોવરમાં સુગંધી કમળો ખીલ્યાં છે તેનીયે તમને ખબર નહિ હોય; હમણાં આ કુંજના બધા આંબાઓને મોર બેઠા છે તેનીયે તમને ખબર નહિ હોય; અરે, હમણાં આખી સૃષ્ટિ તમારા જેવું જ રંગબેરંગી ઓઢણું ઓઢીને યૌવનના ઉલ્લાસમાં ખીલી રહી છે તેનીયે તમને ખબર નહિ હોય!'

'બહેન!' તાપસી બોલી, 'કાળ ભલભલા માણસને પણ ભુલાવે છે; માદ્રીને પણ એ કાળે ભુલાવ્યાં એમ જ માનો. નહિતર, મહારાજ પાંડુ શા માટે ભાન ભૂલે?'

'બહેન!' કુંતી શાંત થઈને બોલ્યાં, 'હું માદ્રીનો દોષ નથી કાઢતી. દોષ તો અમારા નસીબનો. પણ બીમાર પુરુષ પાસે જતાંયે વિચાર તો રાખવો જોઈએ!'

'અલબત્ત, ગુરુજી તો કહે છે કે બીમાર માણસોનાં મન પણ બીમાર જ હોય છે; તેમાંયે ખાસ કરીને ક્ષયરોગ અને દમ જેવા રોગમાં બીમાર આદમી ઊલટો વધારે ઉત્તેજિત થાય છે. એની ઉત્તેજિત સ્થિતિને શાંત પાડી દેવી એ જ સારવારનું રહસ્ય છે.' તાપસી બોલી.

'બહેન! હવે થવાનું હતું તે થઈ ચૂક્યું. ગમે તેટલા હાથ ઘસો તોયે મહારાજને પાછા દેખવાનાં નથી. તો માદ્રી! તૈયાર થાઓ. મહારાજને અગ્નિદાહ દેવા માટે સામગ્રી એકઠી કરીએ. બહેન! તમે નજીકના આશ્રમોમાંથી બે-ચાર તાપસોને બોલાવી લાવો એટલી વારમાં અમે બીજી તૈયારી કરી રાખીએ છીએ.' કુંતી બોલ્યાં અને તાપસીને વિદાય કરી.

તાપસીના ગયા પછી કુંતી માદ્રીને કહેવા લાગ્યાં: 'માદ્રી! હું મહારાજની સાથે અગ્નિશય્યા કરવા ઈચ્છું છું, તમે આ પાંચે ભાઈઓને સાચવજો અને હસ્તિનાપુરમાં પિતામહની પાસે લઈ જજો.'

માદ્રી રડતાં રડતાં બોલ્યાં: ‘કુંતી! અગ્નિશય્યાનું સદ્‌ભાગ્ય તો હું જ તમારી પાસે યાચી લઉં છું. મહારાજ મારી વાસનામાં જ વિદાય થયા છે અને મને પણ તેમની વાસના છે, એટલે હું જ એમની પાછળ જાઉં. નકુળ-સહદેવની મને ચિંતા નથી. આ પણ એમને ક્યાં ખબર છે કે કુંતી તેમની જનેતા નથી? તમે પીઢ છો એટલે પાંચે બાળકોનું જતન કરી શકશો. મોટી બહેન! કૃપા કરીને મને આ લાભ લેવા દો. જન્મજન્માંતરમાં હું તમારો ઉપકાર નહિ ભૂલું.’

‘તમે નાનાં છો.’ કુંતી બોલ્યાં.

‘એટલા જ માટે મહારાજને પડખે હું ચિતા પર ચડું તો મારા હૈયાને શાંતિ વળશે.’ માદ્રી બોલ્યાં, ‘માટે તમે મને રજા આપો.’

‘ઠીક, માદ્રી!’ કુંતી બોલ્યાં, ‘મહારાજની સાથે તમે સિધાવો. મારા અભાગણીના નસીબમાં શું લખ્યું હશે તે તો પ્રભુ જાણે. બહેન! નકુળ-સહદેવની જરાયે ચિંતા ન કરશો. મારે પહેલા એ બે, અને પછી આ મારા ત્રણ એમ સમજજો. બહેન! તમને મારા છેવટના નમસ્કાર છે. આજ સુધીમાં તમને કાંઈ પણ કહ્યું કારવ્યું હોય તે બધું ભૂલી જજો અને મને માફ કરજો.’

‘તમે શું કહ્યું કારવ્યું હોય!’ માદ્રી બોલ્યાં.

‘ના, આપણે ગમે તેવી તોયે શોક્યો; એકબીજીનું સુખ જોઈને આપણને આંખમાં ઝેર આવે. એકબીજીની સાથે પતિ વાત કરે એ પણ ખમી ન શકીએ, તો છોકરાઓને તો જોઈ જ શી રીતે શકાય? મેં તમારા યૌવન પર અને સૌંદર્ય પર કેટલાયે ન છાજતા પ્રહારો કર્યા હશે, અને તમે મારી કઠોરતાને કેટલીયે વાર વગોવી હશે. માદ્રી! આજે તમે સ્વર્ગને માર્ગે સિધાવો છો એટલે આ બધા માટે તમારી ક્ષમા માગું છું.’ કુંતી બોલ્યાં.

‘કુંતી, વસુદેવનાં બહેન! તમે ક્ષમા શા માટે માગો છો? આપણા બન્નેના સૌભાગ્યને વેડફી નાખનારી તો હું છું, એટલે ક્ષમા તો મારે માગવી રહી. તમે તો મને પાંખમાં રાખીને ઉઘાડી પડવા નથી દીધી, અને આ નકુળ-સહદેવ પણ મારે તો તમારા પ્રતાપે જ થયા છે. હું ક્યાં અશ્વિનીકુમારોને જાણતી હતી, અને મને એ મંત્રો ક્યાં આવડતા હતા? કુંતી! આશીર્વાદ આપો. ભવોભવ હું પાંડુરાજાને જ પામું એમ માગું છું.’

કુંતી-માદ્રી આ પ્રમાણે પરસ્પર છેવટની વિદાય લેતાં હતાં તે દરમિયાન તાપસોએ ચિતા ખડકી, પાંડુનું શબ ચિતા પર મૂક્યું અને વેદમંત્રોથી અગ્નિ પ્રગટાવ્યો. માદ્રી ચિતા પર ચડી અને પતિનું માથું ખોળામાં લીધું. એટલે તાપસોએ પ્રગટેલો અગ્નિ ચિતા પર મૂક્યો, ચિતા સળગી: ભડભડ, ભડભડ!

માદ્રીએ અને કુંતીએ પરસ્પર ફરી એક વાર નમસ્કાર કર્યા. માદ્રી-પાંડુનાં શરીરોને ભસ્મ કરીને અગ્નિ શાંત થયો. કુંતી પાંચ નબાપા બાળકોને લઈને ઢીલે પગલે અને વીલે મોઢે પર્ણકુટીમાં પાછાં આવ્યાં.

ક્ષત્રિયાણીના આશીર્વાદ

પાંડવોને વનવાસ મળ્યાના સમાચાર વીજળીને વેગે આખા હસ્તિનાપુરમાં ફરી વળ્યા. જાણે આખા નગરને વીજળીનો સખત આઘાત લાગ્યો હોય તેમ ઘડીભર તો લોકો બધા મૂઢ બની ગયા, તેમની આંખો ફાટી ગઈ, તેમના હોઠ પરથી લોહી ઊડી ગયાં. તેમની જીભ અવાચક થઈ ગઈ અને હાથપગ હલવુંચલવું વીસરી ગયા. એ રાતે તો હસ્તિનાપુરમાં એક

આંખ પણ ભાગ્યે જ મિચાઈ હશે. ઘેરઘેર, શેરીએશેરીએ, મંદિરેમંદિરે, બજારેબજારે, ખુદ દુર્યોધનના મહેલમાં પણ તે રાતે તો એક જ વાત અને એક જ ચીત. કેમ જાણે હસ્તિનાપુરમાં ગજબ થઈ ગયો!

બીજા દિવસની સવાર પડી. હસ્તિનાપુરના દરવાજાની બહાર લોકોનું કીડિયારું ઊભરાયું હતું. જે જે રસ્તે થઈને પાંડવો પસાર થવાના હતા તે રસ્તાની બન્ને બાજુએ લોકોને ઠાંસી ઠાંસીને ગોઠવવા પડ્યા હતા — એકાદ હાથ કે પગ હલાવવાની પણ જગા રહી ન હતી. ઉપરાંત ઝાડો પણ ચિકાર ભરાઈ ગયાં હતાં. ઠેઠ મધરાતથી આવીને લોકો જગાઓ રોકવા લાગ્યા હતા. રાયરંક, બાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ, શત્રુમિત્ર, ઊંચનીચ, શેઠનોકર — હસ્તિનાપુરે પોતાનો સમગ્ર પ્રાણ તે દિવસે બહાર કાઢી નાખ્યો હતો.

રાજમહેલનાં ચોઘડિયાં વાગ્યાં અને નીકળવાનો વખત થયો એટલે કોઈ અદૃષ્ટ દેવે લગામ ખેંચી હોય તેમ તમામ આંખો હસ્તિનાપુરના દરવાજા તરફ ખેંચાઈ અને દરવાજા બહાર નીકળતા પાંડવો પર પડી — પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી.

છયે જણાંએ પોતાના રાજવી પોશાકોને તજી વલ્કલ ધારણ કર્યાં હતા. આગળ પાંચ પાંડવો અને પાછળ દ્રૌપદી. પાંડવોનાં માથાં ટટ્ટાર હતાં; તેમની આંખોમાં ખૂન હતું; તેમની ચાલમાં સિંહતાં વીર્ય અને શોભા હતાં. તેમની પાછળ જોગમાયા જેવી દ્રૌપદી ચોટલો છૂટો મૂકીને રુઆબથી ચાલતી હતી. પાંડવો દરવાજા બહાર નીકળ્યા એટલે તો કેટલાયે લોકો તેમના દર્શનથી પવિત્ર થયા હોય તેમ વંદન કરવા લાગ્યા અને ઊંડા અંતરના આશીર્વાદ આપવા લાગ્યા. કેટલીયે માતાઓ પોતાનાં બાળકોને દ્રૌપદીની પાસે ધરી તેનો આશીર્વાદ માગતી હતી; કેટલીયે વૃદ્ધ સ્ત્રીઓ દ્રૌપદીનાં પગલાં પડ્યાં હોય તેની ધૂળ લઈને આંખે તથા માથા પર અડાડતી હતી; એક સ્ત્રીએ તો પોતાનું શિયળનું રક્ષણ કરવાની ઈચ્છાથી દ્રૌપદીના ચોટલાનો વાળ માગ્યો અને તેને રૂપાની ડબ્બીમાં મૂકી ડબ્બી કેડમાં ખોસી.

પાંડવોની પાછળ ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, અશ્વત્થામા, દુર્યોધન, કર્ણ, શકુનિ, દુ:શાસન વગેરે આખું શિષ્ટમંડળ ચાલ્યું આવતું હતું. સૌની પાછળ માતા કુંતી ચાલ્યાં આવતું હતું. સૌની પાછળ માતા કુંતી ચાલ્યાં આવતાં હતાં, કુંતીને પડખે વિદુરજી હતા.

દરવાજા બહાર થોડેક ગયા પછી પાંડવો ઊભા રહ્યા. યુધિષ્ઠિરે જરા આગળ આવીને ભીષ્મને નમસ્કાર કર્યા. ભીષ્મે પોતાનો વૃદ્ધ હાથ યુધિષ્ઠિરના માથા પર મૂકી ધ્રૂજતે સ્વરે કહ્યું: ‘બેટા યુધિષ્ઠિર! તારું કલ્યાણ થાઓ. તારી બુદ્ધિ સર્વદા ધર્મમાં સ્થિર રહો.’

તરત જ પાસે ઊભેલા દ્રોણાચાર્યને યુધિષ્ઠિરે વંદન કર્યું એટલે આચાર્ય બોલ્યા: ‘યુધિષ્ઠિર! તમારો વનવાસ સુખરૂપ થાઓ. અર્જુન!—’

તરત જ અર્જુને પાસે આવીને ગુરુને વંદન કર્યું.

‘અર્જુન!’ દ્રોણ બોલ્યા, ‘તારું કલ્યાણ થાઓ. તારી વિદ્યાનો પરિપાક થાઓ.’

પાંડવોએ વારાફરતી બધાયે કુરુવૃદ્ધોને નમસ્કાર કરી લીધા પછી છેવટે તેઓ માતા કુંતી પાસે આવ્યા. યુધિષ્ઠિરે માતાનાં ચરણમાં મસ્તક મૂક્યું અને બોલ્યા: ‘માતા કુંતી! જાઉં છું. આશીર્વાદ આપો.’

યુધિષ્ઠિરના માથા પર કુંતીએ હાથ મૂક્યો પણ તરત કાંઈ બોલી ન શક્યાં; માત્ર તેમની આંખમાંથી આંસુની ધારા ચાલી. એટલે અર્જુન બોલ્યો: ‘માડી! અમે દાસ થયા તેનુંય મને એટલું દુ:ખ નથી. આજે અમે વનમાં જઈએ છીએ તેનુંયે મને એટલું દુ:ખ નથી. પણ માડી! તારી આંખમાંથી આ એક ઊનું આંસુ પડે છે ત્યારે તો મારું હૃદય ચિરાઈ જાય છે. માડી! અમે તો વનમાં જ મોટા થયા છીએ એટલે વન તો અમારો મહેલ છે. તું રો નહિ.’

કુંતી પોતાની આંખો લોહતાં લોહતાં બોલ્યાં: 'દીકરા! હૈયાને ઘણુંયે કઠણ કરું છું પણ આંસુ ખાળ્યાં અટકતાં નથી. બેટા! મહારાજ પાંડુએ જીવતર આખું વનમાં ગાળ્યું તોયે તપ પૂરાં ન થયાં તે તમે પૂરાં કરો. દેવ જેવા દીકરાને જણીને આમ વનમાં વિદાય કરવાના હોય તે કરતાં તો વાંઝિયાં રહેવું વધારે સારું! બોલતાં બોલતાં વળી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.

ભીમસેન બોલ્યો: 'માડી! તેં જ મને તો શીખવ્યું છે કે ક્ષત્રિય બચ્ચો રણશય્યામાં સૂએ ત્યારે વીરમાતા લોહીને ચાંદલે વધામણાં લે. આ એવી રણશય્યા નથી, માત્ર વનવાસ છે; તો શોક ન કર, અમને આશીર્વાદ આપ.'

કુંતી જરા કઠણ થઈને બોલ્યાં: 'બેટા! તમે પાંચ જણ કૌરવોની સાથે યુદ્ધમાં ખપી જાઓ ત્યારે કુંતીની આંખે આંસુય ન પડે. પણ આ તો વનવાસ! પરંતુ મારી જ ભૂલ થાય છે. આ વનવાસમાં પ્રભુનો કોઈ સંકેત હશે. વનકેસરી શિકાર પર તરાપ મારે છે તે પહેલાં બે ડગલાં પાછો હઠે છે, અને પાછો હઠીને પોતાની સમગ્ર શક્તિને એકત્ર કરે છે. તમારો વનવાસ તમારા ક્ષાત્રતેજમાં વૃદ્ધિ કરો એ મારા આશીર્વાદ છે.'

'કુંતી મા!' સહદેવ બોલ્યો, 'તમે તો અહીં રહેશો ના?'

'કુંતી અહીં મારે ઘેર રહેશે.' વિદુર બોલ્યા, 'તમે કુંતીની ચિંતા ન કરશો.'

'બેટા સહદેવ!' કુંતી તેના મુખ પર હાથ ફેરવતાં બોલ્યાં, 'હું તમારી સાથે આવું તો તો ધૃતરાષ્ટ્ર કાકાનું નાક પૂરેપૂરું કપાઈ જાય. એટલે જ કાલે રાતે પણ મને ના પડાવતા હતા, અને આજે અત્યારમાં પણ ના પડાવી છે. બેટા! હું અહીં હસ્તિનાપુરમાં જ રહેવાની છું. તમે વનવાસમાં જ્યાં હો ત્યાં તમારી માતાને અહીં કેદમાં પુરાયેલી સમજજો. અર્જુન, ભીમસેન! ફરી પાછા આ દરવાજામાં પગ મૂકો ત્યારે તમારી માતાને સ્વતંત્ર કરીને પછી પગ મૂકજો, નહિતર રણમેદાનમાં વીરશય્યા કરી વિદાય થજો. તમે વનમાં હો ત્યાં સુધી તમારું જ રટણ કરતી કુંતીને અહીં મૂકી ગયા છો એ વાત કદી ભૂલશો નહિ. અર્જુન! હું ચકલી નથી કે મારા માળામાંથી બચ્ચાંને કોઈ ઉઠાવી જાય ત્યારે પાંખો ફફડાવીને મરી રહું. હું તો કુંતીભોજની દીકરી; હું સિંહણ! મારી સોડમાંથી મારાં બચ્ચાંને લેનાર જીવનનો જુગાર ખેલે છે એમ સમજજો. જાઓ, મારા વહાલા પુત્રો! જાઓ. પરમાત્મા તમારા ક્ષાત્રતેજ ને વધારેને વધારે પ્રખર બનાવો.'

'દ્રૌપદી! દ્રૌપદીને બાથમાં લઈને કુંતી બોલ્યાં, 'તું દ્રુપદની પુત્રી; તું ધૃષ્ટદ્યુમ્નની બહેન. તું મારા ઘરમાં આવી ત્યારે ઘરનાં અંધારાં અજવાળ્યાં. બેટા! આજે તને એકલીને હું વનમાં મોકલું છું તેથી ઓછું ન આણતી. તું ઘરમાં આવી ન હતી ત્યાં સુધી આ પાંચે જણને મેં છાયામાં રાખ્યા હતા. આજે હવે એ પાંચે મોટા થયા છે એટલે તારી સાથે સ્વતંત્ર જીવન ગાળે એ ખાતર હું સાથે નથી આવતી. મારે મારા પુત્રોને માવડિયા કરવા હોત તો તારી પહેલાં તૈયાર થઈ હોત, અને વનવાસમાં નવા ઘરવાસનો કજિયો દાખલ કરત. બેટા! આજે હવે એમને માતાની છાયાની જરૂર નથી પણ સહધર્મચારિણીની જરૂર છે. તમે છયે જણાં તમારા સહધર્મને બરાબર પાળી માણસાઈને પામો, અને એ જોઈને હું મરું એટલું જ માગું છું.' એટલું બોલી કુંતીએ પગે લાગતી દ્રૌપદીનું માથું સૂંઘ્યું.

'માતાજી! તમે આશીર્વાદ આપો એટલે અમે બધાં વનમાંથી સુખે તમારી પાસે આવીએ.' દ્રૌપદી બોલી.

'બેટા!' કુંતી બોલ્યાં, 'એવા આશીર્વાદનાં ઝરણાં તો માના હૈયામાંથી નિરંતર વહ્યાં જ કરે છે, તે તારાથી ક્યાં અજાણ્યું છે? દ્રૌપદી! મારા પાંચે વીરોની વચ્ચે તારી ધીરજની પૂરી પરીક્ષા થશે. પણ મને તારી કુશળતામાં વિશ્વાસ છે. જોજે, દ્રૌપદી! માદ્રીના આ પુત્રોને

બરાબર જાળવજે; મારા ભીમસેનને ખોરાકમાં સંભાળજે; યુધિષ્ઠિરને કોઈ કડવાં વેણો સંભળાવી દૂભવશો નહિ.'

'માતાજી! હવે વિદાય આપો. વખત વહ્યો જાય છે.' અર્જુન બોલ્યો.

'હું જાણું છું, બેટા! દ્રૌપદી! જા. મનમાં તો થાય છે કે તમને બધાંને ધરાઈ ધરાઈને જોયા જ કરું. પણ એ તો માના હૃદયનાં વલખાં. અર્જુન! દ્રૌપદી હજી બાળક છે; રાજકુંવરી મટી રાણી થઈ નથી ત્યાં તો રાણી મટીને ભિખારણને વેશે તમારી પાછળ ચાલી નીકળે છે. તમારા જીવનથી એનો આત્મા હિજરાઈ જાય નહિ એટલું તમારે ખાસ સંભાળવાનું.' કુંતીએ કહ્યું.

'માડી!' નકુળ બોલ્યો, 'હવે મોટાભાઈ ઉતાવળ કરે છે.'

'આ ઉતાવળ પણ એણે જ કરી છે ના! જાઓ, વીરા! જાઓ. દેવો તમારું રક્ષણ કરો! લોકપાલો તમારું રક્ષણ કરો! ધર્મ તમારું રક્ષણ કરો! વાયુ તમારું રક્ષણ કરો! ઇંદ્ર તમારું રક્ષણ કરો! અશ્વિનીકુમારો તમારું રક્ષણ કરો! અગ્નિ અને વરુણ તમારું રક્ષણ કરો! વનદેવતાઓ તમારું રક્ષણ કરો!'

બોલતાં બોલતાં આંસુધારાઓની પાછળથી કુંતી છયે જણાંને જોઈ રહ્યાં, અને પાંડવો તથા દ્રૌપદી વાયુના વેગથી સડસડાટ ચાલ્યાં. ચાલ્યાં તે ચાલ્યાં જ; કોઈએ પાછું વળીને જોયું નહિ.

ભીષ્મ જોઈ રહ્યા, દ્રોણાચાર્ય જોઈ રહ્યા, દુર્યોધન અને શકુનિ જોઈ રહ્યા, દુ:શાસન અને કર્ણ જોઈ રહ્યા, હસ્તિનાપુરનાં લોકો બધાં જોઈ રહ્યાં, હસ્તિનાપુરનાં વૃક્ષો જોઈ રહ્યાં, હસ્તિનાપુરનાં ગઢની દીવાલો જોઈ રહી — ન જોયું એક મહારાજ ધૃતરાષ્ટ્રે.

વિષ્ટિ, પોલી કે નક્કર ?

શ્રીકૃષ્ણ પાંડવો-કૌરવોની વિષ્ટિ કરવા હસ્તિનાપુરમાં આવ્યા ત્યારે સભામાં જવા અગાઉ કુંતીને મળવા ગયા. ગાંધારીના મહેલના એક ઓરડામાં કુંતી બેઠાં હતાં.

'ફોઈ! પગે લાગું છું.' એમ બોલતાં શ્રીકૃષ્ણ દાખલ થયા.

'આવો મારા શ્રીકૃષ્ણ!' કુંતી બોલ્યાં. 'ભલે આવ્યા.' કુંતીએ શ્રીકૃષ્ણને આસન આપ્યું.

'ફોઈ! છો તો સુખી કે?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'આથી વધારે સુખ કેવુંક હોય! સૂતરનો તાંતણો હોય તો તોડીયે નાખું.' કુંતી બોલ્યાં.

'તમારા પુત્રો બધા કુશળ છે, અને સૌએ તમને પ્રણામ કહાવ્યા છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'નકુળ-સહદેવ સુખી છે? મારી વહુને જોઈ હતી? ભીમ કેવોક થઈ ગયો છે!' કુંતી બોલ્યાં.

'બધાં મજામાં છે. તમને ખૂબ ખૂબ સંભારે છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'મને સંભારે છે? સંભારતા હોય તો તમને અહીં મોકલવાને બદલે પોતે જ અહીં ચડી આવત.' કુંતી બોલ્યાં.

'ફોઈ! હું પોતે જ વિષ્ટિ કરવા આવ્યો છું.' શ્રીકૃષ્ણે કહ્યું.

'વિષ્ટિ? શાની વિષ્ટિ? કોની સાથે કરવાની?' કુંતી બોલી ઊઠ્યાં.

'ફોઈ! આકળાં ન થાઓ.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! આજ તેર તેર વર્ષથી હૈયામાં જે સંઘરી રાખ્યું છે તે હવે તો પાતાળ ફોડીને

બહાર આવશે. વિષ્ટિ શાની? અને વિષ્ટિ કરવી હોય તો મારા શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં આવે કે ભીષ્મ અને દ્રોણ પાંડવો પાસે જંગલમાં જાય? કુંતીથી ન રહેવાયું.

'ફોઈ! કુંતીને ટાઢાં પાડતાં શ્રીકૃષ્ણ બોલ્યા, 'વિષ્ટિ લઈને હું આવું એમાં આપણી જ શોભા છે. પાંડવો એટલો વિનય વાપરે તેથી તેમનું બળ વધે છે.'

'શ્રીકૃષ્ણ!' કુંતી વળી જરા શાંત થઈને બોલવા લાગ્યાં, 'હું રાજકારણમાં તમારા જેટલું સમજતી નથી; પણ પિયરમાં તેમ જ સસરાને ઘેર રાજકારણની હવામાં જ મોટી થઈ છું એટલે થોડું ઘણું સૂઝી આવે ખરું. વારુ શ્રીકૃષ્ણ! તમે પોલી વિષ્ટિ લઈને આવ્યા છો તેથી મારા પુત્રોનું શું વળવાનું છે? દુનિયામાં તો એવી પોલી વિષ્ટિઓને છોકરાં ઠેબે ચડાવે છે, ને ઠોબરા જેવી બનાવીને ખાડામાં ફેંકી દે છે!'

'પણ ફોઈ! આ વિષ્ટિ પોલી નથી.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'પોલી ન હોય તોપણ તે પોલી જ લાગવાની.' કુંતી બોલ્યાં.

'મારી વિષ્ટિની પાછળ તો અર્જુનના ગાંડીવનું બળ છે, ભીમની ગદાનું બળ છે, દ્રૌપદીના પુણ્યપ્રકોપનું બળ છે અને ખુદ આ કૃષ્ણના સારથિપણાનું બળ ઊભું છે!' શ્રીકૃષ્ણ બોલ્યા.

'એ બળ તો છે, પણ દુર્યોધનને એ બળનું ભાન ન થાય ત્યાં સુધી એને મન તો વિષ્ટિ પોલી જ લાગે.' કુંતી બોલ્યાં.

'તો એ વિષ્ટિ પોલી કે વજ્ર જેવી નક્કર છે તેની આખરે ખબર પડશે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'એટલે જ હું કહેતી હતી કે આ કૌરવોને એક વાર થોડોએક પણ ચમત્કાર દેખાડ્યા વિના સમાધાન થવાનું નથી. છતાં ભલે, તમે આવ્યા છો એટલે પ્રયત્ન કરી જુઓ.' કુંતી બોલ્યાં.

'એ તો મને પણ લાગે છે કે કશું વળવાનું નથી. છતાંયે શાંતિ માટેનો છેલ્લો પાસો નાખી લેવો અને યુદ્ધ અટકે તો અટકાવવું એ જ મારો વિચાર છે; અને તેથી જ સમાધાનની જરાયે આશા નથી છતાં આશા ધારણ કરીને આવ્યો છું.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ! દુનિયામાં યુદ્ધ અટકે અને તમે સમાધાનીથી આવી મોટી રાજકારણની તકરારોનો નિવેડો લાવી શકો એ મને તો નવાઈની વાતો જ લાગે છે. મારો યુધિષ્ઠિર પણ આવી ગાંડી વાતો કર્યા કરે છે.' કુંતી બોલ્યાં.

'ફોઈ! દુનિયામાં આજે ગાંડું ગણાય તે કાલે ડાહ્યું દેખાય છે, અને આજના હવામહેલો આવતી કાલની વસ્તુસ્થિતિ બની જાય છે. જગતમાંથી યુદ્ધ નાબૂદ કરવું એ વિચાર આજે ભલે કોઈ રડ્યાખડ્યા હૃદયમાં જ સિંચાયો હોય, પણ એવા હૃદયમાં એ પોષાશે ને જન્મીને બહાર પડશે ત્યારે દુનિયા આખીને ફરી વળશે એ તમે જોશો. એવા વિચારોનો પરિપાક થતાં પણ પાંચાસાત હજાર વર્ષો જોઈએ.' શ્રીકૃષ્ણે કહ્યું.

'એવી એવી ખોટી વાતો તમે અને યુધિષ્ઠિર મળો ત્યારે કરજો.' કુંતીએ કહ્યું.

'ફોઈ! હું વિષ્ટિ માટે જાઉં તે પહેલાં તમારા વિચારો જાણી લેવા આવ્યો છું.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'મારો યુધિષ્ઠિર શું કહે છે? દ્રૌપદી કાંઈ બોલી છે?' કુંતીએ પૂછ્યું.

'યુધિષ્ઠિરે તો પોતાના અર્ધ ભાગની ચોખ્ખી માગણી કરી છે; અને...' શ્રીકૃષ્ણ બોલ્યા.

'અને શું?' કુંતી વચ્ચે જ બોલ્યાં.

'અને તેટલું આપવાની દુર્યોધન ના પાડે તો પછી તે રાજી થઈ જેટલું આપે તેટલું લેવું,

પણ બનતાં સુધી યુદ્ધ ન કરવું એવો મત આપ્યો છે.' શ્રીકૃષ્ણે કહ્યું.

'એવો મત શા માટે ન આપે? એના મત પ્રમાણે હવે ઘણાં વર્ષ ચાલ્યાં.' કુંતી ગુસ્સાથી બોલ્યાં.

'પણ દ્રૌપદી તો પોતાનો ચોટલો જ આગળ ધરે છે અને કહે છે કે કૌરવોનું નિકંદન કાઢો.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ! મેં તેર વર્ષ અહીં કેવી રીતે કાઢ્યાં હશે તેનો ખ્યાલ આવે છે?' કુંતી બોલ્યાં.

'ખ્યાલ તો આવે જ ના?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'ના, તમને પુરુષોને ખ્યાલ ન આવે. એ ખ્યાલ તો ઈશ્વરે જનેતાને જ આપ્યો છે. રોજ મોડી રાત સુધી આ બધા મહેલોમાં કૌરવ-સ્ત્રીઓ હિંડોળાખાટે હીંચકે તે હું સાંભળું એટલે મારી ઊંઘ ઊડી જાય, ને મારી વહુ જંગલમાં ફર્યા કરતી હશે તેના વિચારે ચડી જાઉં તે ઠેઠ સવારોસવાર! કોઈ વાર ગાંધારી મારાં ડૂસકાં સાંભળી જાય એટલે ઊઠે. મારી પાસે આવે, વાતો કરે; પણ હૈયાનો અગ્નિ એમ ઓછો જ ઓલવાય છે! તેર વર્ષને અંતે હજી આજે પણ મારા પુત્રોને દુર્યોધન પાસે ભીખ માગવાનું રહ્યું હોય તો એ મારા કોઠાનો જ વાંક નહિતર શ્રીકૃષ્ણ! આજે તો તમારે બે વસ્તુઓને જ લઈ જવાય — યુદ્ધ અથવા અર્ધોઅર્ધ ભાગ. હાથ ખંખેરીને આ બે વસ્તુઓ તમે કૌરવો પાસે ધરો; તેમને મરજી પડે તે તેઓ પસંદ કરે!' કુંતી બોલ્યાં.

'ફોઈ! જો યુદ્ધ કોઈ રીતે અટકે તો કૌરવો છેવટે પાંચ ગામ આપે તોપણ યુધિષ્ઠિર તે સ્વીકારવા તૈયાર છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'હવે યુધિષ્ઠિરને પાંચે ભાઈઓ તરફથી બોલવાનો અધિકાર નથી રહ્યો. તેણે એ અધિકારનો બહુ દુરુપયોગ કર્યો. શું અર્જુન પણ પાંચ ગામો લેવા તૈયાર છે?' કુંતીએ પૂછ્યું.

'અર્જુન?' શ્રીકૃષ્ણ બોલ્યા, 'અર્જુન તો કહે કે હું તો મારું ગાંડીવ અને ભીમની ગદા એ બન્નેની ભારોભાર મુલક લેવાનો છું. એટલે એ રીતે તો હસ્તિનાપુરનું આખું રાજ્ય પણ ઓછું પડે!' શ્રીકૃષ્ણ બોલ્યા.

'પણ શ્રીકૃષ્ણ! તમને કેમ લાગે છે? હું પોતે તો અર્ધા ભાગમાંથી એક તસુ પણ ઓછું લેવાના મતની નથી. છતાં શ્રીકૃષ્ણ! તમે જે કરવા ધાર્યું હશે તે કરવાના છો. તમે શું ધાર્યું છે?' કુંતી બોલ્યાં.

'ધાર્યું છે તે થવાનું નથી. સમાધાનની આશાએ આવ્યો છું, પણ મન ના પાડ્યા કરે છે. આખી દુનિયાનું અંતર કોઈ મોટા યુદ્ધને માટે પોકાર કરી રહ્યું હોય એમ મને લાગ્યા જ કરે છે. ફોઈ! દુર્યોધન પાસે ગમે તેટલી મામૂલી માગણી મૂકીશ તોપણ તે માનવાનો જ નથી.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'આવી મામૂલી માગણીઓનો અનાદર એ એક રીતે એમના પોતાના પગમાં પ્રહાર છે. ફોઈ! કુદરતે શું ધાર્યું છે તે કહી શકાતું નથી, પણ એક વાત ચોખ્ખી દેખાય છે; દુર્યોધન પાંડવોને હેરાન કરવાના જેટલા પ્રયાસો કરે છે તે બધા તેના પોતાના રાજ્યનાં મૂળિયાંને જ કાપે છે. એ રીતે વિચાર કરું છું ત્યારે મને દેખાય છે કે દુર્યોધન આ મામૂલી માગણીનો પણ સ્વીકાર નહિ કરે, અને છેવટે યુદ્ધ થશો જ થશે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'એવી બધી આંટીઘૂંટીનો વિચાર તમે કરી શકો; મારે તો એક જ વાત કહેવાની. વીર ક્ષત્રિયાણી જે આશાથી ગર્ભ ધારણ કરે છે, તે આશાને સિદ્ધ કરવાનો મારા પુત્રોને વખત આવ્યો છે. મારા પુત્રો આ વખતને વધાવવામાં પાછળ ન પડે એટલું જ મારે તો કહેવાનું. મારી દ્રૌપદીનો ચોટલો રગદોળાયો છે તે વાત હું મરતાં સુધી ભૂલવાની નથી.' કુંતી બોલ્યાં.

'તો ફોઈ! રજા લઉં છું.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'હા, ભલે જાઓ; પણ મારી વાત ધ્યાનમાં રાખજો. પાંડુના દીકરા ભીખારી નથી પરંતુ રાજ્યના ધણી છે, તે ન ભૂલતા. યુધિષ્ઠિરને રાજ્ય ન જોઈતું હોય તોપણ મારા ભીમ-અર્જુનને જોઈએ છે, મારા નકુળ-સહદેવને જોઈએ છે, મારી દ્રૌપદીને રાજ્ય જોઈએ છે; અને એ કોઈને ન જોઈતું હોય તો પણ વસુદેવની બહેન આ કુંતીને તે જોઈએ છે. શ્રીકૃષ્ણ! માગણી કેવી રીતે મૂકવી, કયે વખતે મૂકવી, શું બોલીને સાધવું, એ બધું તમે જાણો. મારે તો પરિણામે મારા દીકરાઓના હાથમાં અર્ધ રાજ્ય મળવું જ જોઈએ.' કુંતી બોલ્યાં.

'અને અર્ધ રાજ્ય ન આપે તો?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'તો યુદ્ધ!' કુંતી તરત બોલ્યાં.

'ફોઈ! યુદ્ધનાં પરિણામોનો વિચાર કર્યો છે? કેટકેટલા જીવો ખોવા પડશે તેનો જરા વિચાર કરજો!' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! હું વસુદેવની બહેન છું. ક્ષત્રિયાણી દીકરાને જણે છે તે દિવસથી જ તેને પોતાની દીક્ષા આપે છે એ તમે જાણો છો. મારા પુત્રો પોતાના ભાગ માટે ભીખ માગતા ફરે તેના કરતાં તો એ ભાગ મેળવતાં રણમાં ખપી જાય, અને તેમનાં શબ ખોળામાં લઈ હું ચિતા પર ચડું, એ મને વધારે ગમે.' કુંતી બોલ્યાં.

'ફોઈ! શાંત થાઓ, શાંત થાઓ. પ્રભુ બધું ઠીક જ કશે. પણ એક વાત રહી જાય છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શી?' કુંતી બોલ્યાં.

'હું સભામાં વિષ્ટિની વાત મૂકું અને દુર્યોધન ન સ્વીકારે તો તમારે એક કામ કરવાનું રહેશે.'

'બોલો, કયું કામ? કુંતી અધીરા થયાં.

'કર્ણને સમજાવવો પડશે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

કુંતીના મોં પર શેરડા પડ્યા.

'ફોઈ! એમાં શરમાવાનું કારણ નથી. પાંડવોને દુર્યોધનના પક્ષમાંથી કોઈનો ભય રાખવા જેવું હોય તો તે કર્ણનો. કર્ણ અર્જુનનો પ્રતિપક્ષી છે; એ હશે ત્યાં સુધી અર્જુનને ભારે પડશે. તમે કર્ણને ખાનગીમાં મળો, તેને જન્મની બધી વાત સમજાવો અને કોઈ પણ ઉપાયે તેને પાંડવોના પક્ષમાં ખેંચી લ્યો.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! તમે આજે મારા હૃદયના અતિશય કોમળ તારને હલાવી નાખ્યો!' કુંતી બોલ્યાં.

'ફોઈ! આજે એ બધી કોમળતા પર આંસુ પાડવાનો વખત નથી. આજે તો યુદ્ધનાં નગારાં વાગી રહ્યાં છે તો બનતી તાકીદે કર્ણને મળજો, ને તેની પાસેથી તમારા પુત્રો માટે બને તેટલું વધારે લઈ લેજો. શું કરવું, કેમ કરવું, એ તો હું કહું તેના કરતાં માનું હૈયું જ તમને સુઝાડી દેશે. લ્યો, હવે હું જાઉં છું.' શ્રીકૃષ્ણ બોલ્યા અને ઊભા થયા.

'શ્રીકૃષ્ણ! સભામાં ગયા પછી જે પરિણામ આવે તે મને જણાવજો.' કુંતી બોલ્યાં.

'મેં કુંડળી મૂકી જ રાખી છે; પરિણામ યુદ્ધ જ સમજવું. ન કરે નારાયણ અને દુર્યોધન સમજશે તો જરૂર તમને જણાવીશ.' શ્રીકૃષ્ણ બોલ્યા અને કુંતીને પગે લાગીને ચાલતા થયા.

છેવટની શિખામણ

મહારાજ યુધિષ્ઠિર ગાદીપતિ થયા પછી પંદર વર્ષ સુધી મહારાજ ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરમાં જ રહ્યા. આ પંદર વર્ષ દરમિયાન યુધિષ્ઠિરે તેમની અત્યંત આદરથી સેવા કરી અને દુર્યોધન વગેરેનું મૃત્યુ તેમને ઓછામાં ઓછું સાલે એવી કાળજી રાખી.

છતાંયે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને જીવતર ખારું ઝેર થઈ ગયું હતું. છેવટના ભાગમાં તો ધૃતરાષ્ટ્રે આહારને પણ છોડવા માંડ્યો અને શરીરને ખૂબ કૃશ કરી નાખ્યું. પશ્ચાત્તાપનો કીડો તેમના અંતરને કોતરી રહ્યો હતો. પાંડવો તેમની ગમે તેટલી સેવા કરે તોપણ પોતાના પુત્રોનો વિયોગ તેમને સાલ્યા જ કરતો. યુધિષ્ઠિર અત્યંત સૌમ્યતાથી તેમની સાથે વર્તતા હતા તોપણ ભીમસેનનાં બાણો કોઈ કોઈ વાર તેમના હૈયાનાં સાતેય પડોને વીંધીને બહાર નીકળતાં. આવી સ્થિતિમાં ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ વનમાં જવાનો નિશ્ચય કર્યો અને મહા મહેનતે યુધિષ્ઠિરની સંમતિ મેળવી.

માતા કુંતી પણ ગાંધારીની સાથે જ વનમાં જવા તૈયાર થયાં, અને એક સવારે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની સાથે ચાલી નીકળ્યાં.

'પણ માડી!' સહદેવ બોલ્યો, 'આજે મોટાભાઈ ચક્રવર્તી થયાને હજી પૂરાં પંદર વર્ષ નથી થયાં ત્યાં તમે ચાલ્યાં?'

'બા! તારા વિના આ બધા વૈભવો લૂખા લાગશે.' ભીમસેન બોલ્યો.

'બા! તમને આજે જ પગ વાળીને બેસવાનો વખત આવ્યો છે ત્યાં તમે જ પગ ઉપાડ્યો!' દ્રૌપદી બોલી.

'બેટા દ્રૌપદી! ભાઈ સહદેવ! સહદેવનાં આંસુ લૂછતાં કુંતી બોલ્યાં, 'તમે જરાયે દિલગીર ન થાઓ, આજ સુધી મારું જીવતર ટકી રહ્યું હતું માત્ર એક જ આશાએ. મહારાજ પાંડુએ તમ પાંચે જણાને મને સોંપ્યા. પાંડુના પુત્રોને ગાદી પર બેઠેલા જોયા વિના હું શી રીતે રહી શકું? એ એક જ મનોરથને લીધે તમને આજ લગી વળગી રહી હતી. આજે હવે તમે સ્થિર થયા છો એટલે મારું સ્થાન વનમાં જ હોય.'

'પણ બા! અમારા દુ:ખને વખતે તું ખૂબ દુ:ખી થઈ; આજે સુખને વખતે જ તું ચાલી જા, એ કેમ ગમે?' અર્જુન બોલ્યો.

'અર્જુન! તને ખબર નથી. સુખ ભોગવવાના દિવસો હતા ત્યારે તો મહારાજ પાંડુની સાથે બધુંય ભોગવી લીધું છે. હવે સુખની લાલસા નથી રહી.' કુંતી બોલ્યાં.

'જો તારે ચાલ્યા જ જવું હતું તો પછી અમને યુદ્ધ કરવા માટે અને ગાદી મેળવવા માટે આટઆટલાં વચનબાણો શા માટે માર્યાં?'

'ભીમસેન! તું ઠીક લાગે છે! હું ગમે તેવી તોયે ક્ષત્રિયાણી. તમને વેણો મારતી તે પણ વીરોની માતા તરીકે, અને આજે વનમાં જાઉં છું તે પણ વીરોની માતા તરીકે. જેમ પેટમાં તૃપ્તિ થાય અને બાળક માતાના સ્તન પરથી છૂટો પડે, જેમ પરિપાક થાય અને ફળ ઝાડ પરથી તૂટી પડે, તેમ મારું હૃદય ધરાઈ ગયું છે એટલે હવે આ ભોગોથી તે છૂટું પડે છે.' કુંતી બોલ્યાં: 'હું કોઈ પણ જાતની અતૃપ્તિથી નાસી જતી નથી.'

'માતાજી! તમારા પુત્રોની ખાતર નહિ તો છેવટ અમે તમારી પુત્રવધૂઓ છીએ તેમની ખાતર રોકાઓ.' સુભદ્રા બોલી.

'બેટા સુભદ્રા! હું હવે ખર્યું પાન છું. લાલસા કરીને રહું તોયે બેચાર વર્ષ માંડ રહું.' કુંતી બોલ્યાં, 'પણ તું જાણે છે કે એ લાલસા મને આજે ન શોભે. ધૃતરાષ્ટ્ર જાય, ગાંધારી જાય અને કુંતી પોતાના પુત્રોની રાજમાતા થવા માટે પાછળ રહે એ કુંતીને છાજે?'

'ધૃતરાષ્ટ્ર તો જાય એમના પુત્રો મરી ગયા છે માટે.' ભીમસેન બોલ્યો.

'બેટા! એમ ન વિચારીએ. પુત્રો તો એક દિવસ સૌના મરવાના છે. તમેય મારે વનમાં

ગયા ન હતા? પણ એ તેર વર્ષ ગાંધારીએ જે કર્યું છે તે સંભારું છું, ત્યારે આજે પણ હૈયામાં ટાઢક વળે છે. એ ગાંધારીને આજે વનમાં એકલા વિદાય કરીને હું અહીં રહું તેની ના નહિ, પણ મારું હૈયું એ સાંખી શક્યું નથી. દુનિયામાં લાગણી જેવી કોઈ ચીજ હોય તો તો મને થાય છે કે મારાથી પાછળ ન જ રહેવાય. યુધિષ્ઠિર! તું કેમ બોલતો નથી? ગાંધારીની સાથે જઈને તેની સેવા કરવી એ મારો ધર્મ ખરો કે નહિ?'

યુધિષ્ઠિરે આંખો લૂછીને જવાબ વાળ્યો: 'માતા! ધર્મ તો તમારે વનમાં જવું એ જ. અમે સૌ બોલીએ છીએ એ તો અમારી મમતાને લીધે બોલીએ છીએ.'

'તો બેટા! મને ન રોકો. મને રાજી થઈને રજા આપો.' કુંતી બોલ્યાં, 'યુધિષ્ઠિર! તું સૌને કહે, મને રજા આપે.'

યુધિષ્ઠિર મહારાજ શાંત થઈને બોલ્યાં: 'માતા કુંતી! સિધાવો. તમામ પુત્રોને આજ્ઞા અને આશીર્વાદ આપો એટલાથી અમે કૃતાર્થ થઈશું.'

'બેટા! આશીર્વાદ તો છે જ. હું તો પ્રભુ પાસે એક જ વસ્તુ માગું છું: તારી બુદ્ધિ હંમેશા ધર્મમાં જ રહો.' કુંતી બોલ્યાં.

'તોપણ માતા! કંઈ છેવટની આજ્ઞા જણાવો.' યુધિષ્ઠિરે આગ્રહ કર્યો.

'આજ્ઞા તો બીજી શી હોય!' કુંતી બોલ્યાં, 'વિજય મેળવતી વખતે લોકોને તમે જેટલી જેટલી આશાઓ આપી છે તે બધી આશાઓને પૂરી ન કરો ત્યાં સુધી જંપશો નહિ. પ્રજાને આપેલી ખોટી આશાઓ કાળે કરીને વિકાર પામે છે, અને પ્રજાના મનમાં કડવાશ ઊભી કરે છે તે તમે જાણો છો. યુધિષ્ઠિર! એક વાત ખાસ તને કહેવાની. આ બધી જે કૌરવસ્ત્રીઓ છે તેમનું પાલનપોષણ કરવામાં જરાયે પ્રમાદ ન કરીશ. આ પુત્રવધુઓને પણ કહું છું કે તમે તેમને કોઈને કદી પણ દૂભવશો નહિ. વિધવાઓના અંતરની ઝાળ ફાટી તો તમને સૌને આખાં ને આખાં સળગાવી દેશે.'

'માજી! બીજું કાંઈ કહેવાનું નથી?' યુધિષ્ઠિરે નમ્રતાથી પૂછ્યું.

'આ ગાદી પર મેં ચાર પલટાને જોયા. દૂર કાળ તરફ નજર કરું છું ત્યારે દેખાય છે કે પૃથ્વીનાં સિંહાસનો માત્ર ડગી રહ્યાં છે. જે કાળને વશ થઈને કૌરવો રણમાં સૂતા, જે કાળને વશ થઈને ભીષ્મ અને દ્રોણ જેવા વડીલો પડ્યા, તે જ કાળ તમને પણ છોડે એમ હું શી રીતે માનું? એ કાળનાં પગલાં બહુ જ ધીમાં હોય છે, પણ મને એ પગલાં આજે દૂરથી સંભળાય છે. એ કાળ આવે ત્યારે તમે બહાદુરીથી તેને વધાવી લેજો એ મારી છેલ્લી આજ્ઞા. કાળને વશ તો સૌને થવું જ પડે છે; કોઈ સામે પગલે વશ થાય ત્યારે કોઈ વીલે મુખે વશ થાય, એટલું જ! પાંડુના પુત્રોનાં મોઢાં આ સામ્રાજ્ય છોડીને ચાલી જવું પડે ત્યારે પણ કરમાય નહિ એથી વધારે તમારી માતાની શી આજ્ઞા હોય?'

કુંતીએ પૂરું કર્યું અને પછી તરત જ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી જતાં હતાં તેમની સાથે ચાલી નીકળ્યાં.

પાંડવો અને પાંડવસ્ત્રીઓ દુ:ખી થઈને હસ્તિનાપુર તરફ પાછાં વળ્યાં.

ગાંધારી

લગ્ન માત્ર કજોડાં !

ભીષ્મ પિતામહે ધૃતરાષ્ટ્રના લગ્ન ગાંધારી સાથે કર્યાં હતા. ગાંધારી ગાંધાર દેશના રાજા સુબલની પુત્રી અને શકુનિની બહેન. સુબલ રાજાએ ભીષ્મની માગણીથી ગાંધારીને ધૃતરાષ્ટ્રને આપવાને કબૂલ કર્યું અને બહેનને તેડીને શકુનિ હસ્તિનાપુર આવ્યો. ત્યાં બન્નેનાં લગ્ન કર્યાં. લગ્ન થયાં તે દિવસથી જ 'મારા પતિ ધૃતરાષ્ટ્ર આંધળા છે તેથી મારે પણ આંખના ભોગ ન જોઈએ,' એ ભાવનાથી ગાંધારીએ પોતાની આંખે પાટા બાંધ્યા.

* * *

'વિદુરભાઈ!' ગાંધારી હસીને બોલ્યાં, 'આજે મોડા મોડા તમે દિયર થવા આવ્યા ખરા!

'દેવી!' વિદુરે જણાવ્યું, 'આપણા રાજવી જીવનમાં જેટલી કૃત્રિમતા છે તેટલી બીજે ક્યાંઇ મેં નથી જોઈ. આપણે તો કેમ જાણે માણસ જ ન હોઈએ તેમ અમુક રીતે જ બોલાય, અમુક રીતે જ ચલાય, અમુક રીતે જ હસાય, અમુક રીતે જ રમાય, અમુક રીતે જ ખવાય, અમુક રીતે જ સુવાય. જીવનની બધી ક્રિયાઓનાં ચોકઠાં તૈયાર. દેવી! તમને કેમ લાગે છે?'

'બીજું શું લાગે!' ગાંધારી બોલ્યાં, 'મેં તો મારા બાપને કહ્યું હતું કે સામાન્ય સ્ત્રીઓના નસીબમાં જીવનના જે લહાવા હોય છે તે રાજકુંવરીને તો કદીયે મળતા નથી. અને છતાં, વિદુર! રાજકુંવરીઓ રાજામહારાજાઓને જ પરણવાનો મોહ રાખે છે.'

'હા.' વિદુરે જણાવ્યું, 'હું જાણું છું. રાજમહેલની હવા જ એવી થઈ જાય છે કે રાજામહારાજાને ન પરણે તો જીવન હારી ગયા જેવું લાગે. અને જીવનમાં એક વાર કૃત્રિમતા બેઠી પછી તો એ કૃત્રિમતા જ મીઠી લાગે છે, અને જીવનના સ્વાભાવિક આનંદો માણવાની શક્તિ પણ માણસ ગુમાવી બેસે છે.'

'એમ જ છે, ભાઈ! એમ જ છે; તમે એ સાચું કહો છો.' ગાંધારી બોલ્યાં, 'એ રીતે તમે બહુ સુખી. મહારાજાના નાના ભાઈ છતાં તમે ખોટી પ્રતિષ્ઠામાં ન અવતર્યા એટલે ધાર્યું જીવન ગાળી શકો છો. તમારાં માતા શૂદ્ર એટલે તમે શૂદ્ર ગણાયા.'

'અને તમારાં સાસુ ક્ષત્રિય એટલે તમે રાજવી થયાં.' વિદુર બોલ્યા.

'અને રાજવી થયાં તેનું જ તો આ દુ:ખ છે ને!' ગાંધારીએ ઉમેર્યું.

'ભાભી!' વિદુરે ચલાવ્યું, 'તમારે તો બેવડું દુ:ખ!'

'બેવડું શાનું!' ગાંધારીએ પૂછ્યું.

'માઠું ન લગાડો તો કહું.' વિદુર બોલ્યા.

'તમે કહો તેનું મને માઠું લાગે? તમારો તો મશ્કરી કરવા જેટલો હક્ક તમે સાબિત કર્યો

છે.’ ગાંધારી બોલ્યાં.

‘દેવી! એક દુ:ખ તો આ તમે કહો છો તે, અને બીજું દુ:ખ આ તમારા પાટા.’ વિદુર બોલ્યા.

‘વિદુર! આ પાટા દુ:ખ નથી. જો એ દુ:ખ હોત તો હું બાંધત શા માટે?’ ગાંધારી બોલ્યાં.

‘દેવી! વિદુરે પૂછ્યું, ‘મોટાભાઈ સાથે લગ્ન નક્કી થયાં ત્યારે તમને પૂછેલું ખરું?’

‘મારાં માતાપિતાએ લગ્ન નક્કી કર્યા પછી મને જણાવ્યું હતું.’ ગાંધારી બોલ્યાં.

‘મોટાભાઈ આંખે દેખતા નથી એ તમને ખબર ખરી?’ વિદુર બોલ્યા.

‘એ વાતની તો હસ્તિનાપુરમાં આવીને તેમનો હાથ પકડ્યો પછી ખબર પડી.’ ગાંધારીએ કહ્યું.

‘તો તે વખતે તમને દુ:ખ થયું હશે કે નહિ?’ વિદુર બોલ્યા.

‘મનનો ધર્મ એટલે દુ:ખ તો થાય જ. આ અંધાપાની વાત મારી માએ પણ મને કહી નહોતી, એટલે તેના પર પણ ક્રોધ થયો.’ ગાંધારી બોલ્યાં.

‘તો પછી આ પાટા એ દુ:ખ નથી એટલું તમે અસત્ય નથી કહેતાં?’ વિદુર બોલી ઊઠ્યા.

‘જરૂર નહિ, ભાઈ! મહારાજનો અંધાપો જાણ્યો ત્યારે મનને આઘાત થયો. પણ પછી તો એ આઘાતને મેં તરત જ વાળી લીધો.’ ગાંધારી બોલ્યાં.

‘બીજો રસ્તો પણ શો?’ વિદુરે કહ્યું.

‘ના ભાઈ! તમે એમ ન બોલશો. અમે ગાંધારની કન્યાઓ આવી બાબતમાં બહુ સ્વતંત્ર મત ધરાવીએ છીએ. મારે બદલે જો બીજી કોઈ કન્યા હોત તો તે લગ્નમંડપમાંથી ઊઠીને ચાલી જાત.’ ગાંધારી બોલ્યાં.

‘ત્યારે તમે એમ કેમ ન કર્યું? એમ કર્યું હોત તો મોટાભાઈને મોટો પાઠ મળત.’ વિદુર બોલ્યા.

‘મારી મનોવૃત્તિ જુદા પ્રકારની છે.’

‘ત્યારે તમને કજોડાંની સૂગ નથી, એમ? દેવી! માફ કરજો, પરંતુ મહારાજ વિષે આપણે આવી આવી વાતો કરીએ છીએ તેથી મહારાજ ચિડાશે તો નહિ ના?’ વિદુર બોલ્યા.

‘એમાં ચિડાય શા સારુ? હું તેમને કહું તો કે? તમે તમારે મારા ઉપર નિર્ભર રહો ને!’ ગાંધારી બોલ્યાં.

‘ત્યારે તમને આ કજોડાની સૂગ નથી, એમ?’ વિદુરે ફરીથી પૂછ્યું.

‘ભાઈ વિદુર! સાચી વાત કહું? મને તમે જૂના વિચારની કહેવી હોય તો ખુશીથી તેમ કહેજો, પરંતુ આ દુનિયામાં લગ્ન માત્ર કજોડાં જ છે, અને એ કજોડાં જ રહેવાનાં છે.’ ગાંધારી બોલ્યાં.

‘દેવી! તમે તો પરમેશ્વરની સૃષ્ટિ ઉપર સનાતન હડતાળ ઠોકી!’ વિદુર બોલ્યા.

‘વિદુર! સાચું કહું છું. કજોડાં ત્રણ જાતનાં થાય: શારીરિક કજોડાં, માનસિક કજોડાં અને આધ્યાત્મિક કજોડાં. ગાંધારમાં ઘેરઘેર કજોડાં ભર્યાં છે. હસ્તિનાપુરમાંયે ઘેરઘેર ભર્યાં હશે’ ગાંધારી બોલ્યાં.

‘આવાં કજોડાં સમાજમાંથી દૂર ન કરી શકાય?’ વિદુર બોલ્યા.

કજોડાં દૂર કરવાના અનેક પ્રયાસો ગાંધારમાં થાય છે અને થયા છે; પણ એ પ્રયાસો અંધારા કૂવામાં ડૂબકી મારવા જેવા મને તો લાગ્યા છે.’ ગાંધારી બોલ્યાં. ‘કજોડાનું દુ:ખ

દૂર કરવા માટે કેટલાક દેશોમાં છૂટાછેડા થાય છે; પણ એકાદ સ્થાનેથી છૂટેલો છેડો બીજે બંધાય ત્યાં કજોડું નહિ થાય તેની કશી ખાતરી નથી. કેટલાક દેશોમાં કજોડાનું દુ:ખ જીવનભર ન ટકે તેટલા માટે લગ્ન જ ત્રણ વર્ષનાં કરવામાં આવે છે, અને ત્રણ વર્ષને અંતે પતિ-પત્ની છૂટાં થાય છે. કેટલીક જગાએ તો કજોડાંના ભયથી લોકો પરણવાનું જ માંડી વાળે છે, અને જીવન એમ ને એમ છૂટમાં જ ગાળે છે. કજોડાંમાંથી છૂટવાનાં આ બધાં આપણા આવેલાં છે; પરંતુ એમાંનો એકેય શુદ્ધ સાચો માર્ગ નથી.' ગાંધારી બોલ્યાં.

'દેવી! દુનિયામાં એક પણ એવી વસ્તુ છે ખરી કે જેનો ઉપાય જ ન હોય?' વિદુર બોલ્યા.

'આનો પણ ઉપાય છે.' ગાંધારી બોલ્યાં, 'કજોડાં અનિવાર્ય છે એમ હું કહું છું, છતાં તેના ઉપાયો ન લેવા એમ મારા કહેવાનો અર્થ નથી. તેમાંયે શારીરિક કજોડાં તો ન જ થાય એ માણસ કરી શકે તેમ છે. લગ્ન એ આધ્યાત્મિક સંબંધ છે, છતાં એ સંબંધમાં આપણાં જેવાં સામાન્ય મનુષ્યોને માટે શરીરનો પણ સંબંધ રહે છે; એટલે પતિપત્નીનાં શરીરો પૂરતી બધી કાળજી માબાપોએ લેવી જ જોઈએ. અને માબાપો ગાફેલ રહે તો પુત્ર-પુત્રીને તેમનો વિરોધ કરવાનો અધિકાર પણ છે. માસિક અને આધ્યાત્મિક કજોડાં ન થાય તે માટે માબાપો તેમજ સ્ત્રીપુરુષ પોતે બનતી કાળજી લે અને પૂરતી તપાસ કર્યા પછી જ લગ્નસંબંધથી જોડાય એમ આપણે ઈચ્છીએ ખરાં; પણ આવી બાબતોમાં એકબીજાના મનનો તેમ જ આત્માનો મેળ છે કે નહિ એ સૂઝવું જ બહુ આકરું છે. માબાપો લગ્નનિર્ણય કરે છે ત્યાં સુધી જ આવાં કજોડાં થશે, એમ પણ મને નથી લાગતું. સ્ત્રીઓ પોતે મોટી ઉંમરે પોતાના પતિઓને પસંદ કરી લે છે ત્યાં પણ આ ભય તો છે જ. માત્ર એટલું જ કે પોતાને પસંદગીમાં સ્વતંત્રતા રહી હોય એટલે એ સ્વતંત્રતાના વેગમાં દુ:ખ જણાય આછું. બાકી તો મનનું અને આત્માનું માપ કાઢવાનું યંત્ર કોઈ શોધી કાઢે ત્યારે દુનિયા આ દુ:ખમાંથી છૂટે!'

'ત્યારે દેવી! તમે શો ઉપાય બતાવતાં હતાં? વિદુરે પૂછ્યું.

'કાળજી રાખ્યા છતાં શારીરિક કજોડાંના જીવનમાં સપડાઈ જઈએ — અને લગ્ન પછી પણ આવું બનવાનો સંભવ છે — ત્યાં એક જ રાજમાર્ગ કે સ્ત્રી-પુરુષ બન્ને સરખી રીતે જે ભોગો ભોગવી શકે તે જ ભોગવે અને બાકીના ત્યજે. હું તમારા મોટાભાઈની સહ ધર્મચારિણી થવાની પ્રતિજ્ઞા કરીને આવી એટલે મને થયું કે જે ભોગો એમની આંખોને ન હોય તે મારે પણ ન ખપે. એટલા માટે મેં આ પાટા બાંધ્યા છે.' ગાંધારી બોલ્યાં.

'દેવી! આ કાંઈ મોટી વાત નથી. પતિ આંધળો હોય કે કદરૂપો હોય કે લૂલોલંગડો હોય એ કાંઈ મોટું કજોડું નથી થઈ જતું; આપણે તો નાની એવી વાતને મોટું સ્વરૂપ આપ્યું. પરંતુ જેમ મહારાજને ખાતર તમે આંખે પાટા બાંધ્યા, તેમ જ તમારા અને તેમના જીવનમાં તમને માનસિક અને આધ્યાત્મિક કજોડાની બીક લાગે, તો તમે શું કરો?' વિદુરે સવાલ કર્યો.

'લાગે શું, લાગી જ છે!' ગાંધારી બોલ્યાં; 'તાજાં પરણ્યાં હોઈએ છીએ ત્યારે શરીરધર્મ વધારે આગળ પડતો હોય છે એટલે મનનો અને આત્માનો મેળ છે કે કેમ તે પારખી શકાતું જ નથી. પણ ધીમે ધીમે એ અંતર વધારે સૂઝવા લાગે છે. મારું પણ એમ જ બન્યું છે.' ગાંધારી બોલ્યાં.

'એવે વખતે તમે શું કરો?'

'એવે વખતે મને તમારા આર્યોની વિચારસરણી યોગ્ય લાગે છે. મનનો એક આત્માનો મેળ ન મળ્યો એટલે તડાક દઈને નાસી જવું એ તો મને મૂર્ખાઈ જ લાગે છે. સ્ત્રી-પુરુષ

બેમાંથી જેનું મન તેમ જ આત્મા વધારે ઉચ્ચ ભૂમિકા ઉપર હોય તેણે બીજાને પોતાની સાથે ઉચ્ચ ભૂમિકા પર લેવા માટે દરેક પ્રયત્ન કરવો, અને એવા પ્રયત્નમાં પોતાને જેટલું સહન કરવું પડે તેટલું સહન કરવા તૈયાર રહેવું. જુઓ ને, ક્યાં ખાનગી છે! આ તમારા મોટાભાઈને રાજ્ય પોતાના વંશમાં જ રહે એવો લોભ; એટલે જ મેં દુર્યોધનને ત્યાગ કરવાનું કહ્યું ત્યારે કેવા કંપી ઊઠ્યા? આ અમારું કજોડું કહેવાય કે નહિ? પણ હું આ સહન કરી રહી છું, અને મહારાજા પોતાના રાજલોભથી કેવી રીતે ઊગરીને ઊંચે ચડે તેના જ વિચારો કરું છું. આનું જ નામ સહધર્મચાર. આ સહધર્મચારનો વિચાર કરું છું ત્યારે જ મને સમજાય છે કે દુનિયામાં ગમે તેટલી શાળાઓ કાઢો ને શિક્ષણ આપો, પણ આ લગ્ન એ દુનિયાની એક ઊંચામાં ઊંચી શાળા છે, સ્ત્રી-પુરુષ બન્ને પરસ્પરનાં સર્વોત્તમ ગુરુ છે.' ગાંધારી બોલ્યાં, 'આજે મેં મહારાજને મારા ગુરુ કર્યા છે, અને એમને મારા જેવા વિચાર કરતા કરું ત્યારે જ હું જંપવાની છું.'

'દેવી! ગુરુ તો સાચાં તમેય થયાં.' વિદુર બોલ્યા.

'ના, હમણાં તો એ ગુરુ.' ગાંધારીએ કહ્યું, 'એમને કઈ રીતે ઊંચે લઈ શકાય, એ મારે તેમની પાસેથી શીખવું રહ્યું. એમને હું મારા વિચાર ઉપર ન લાવી શકું તો મારે વધારે તપશ્ચર્યા કરવાની રહી છે, એટલે સાચા તો આજે એ ગુરુ છે!'

'છતાં ધારો કે મહારાજ ધૃતરાષ્ટ્ર એવા ને એવા જ રહ્યા તો?' વિદુર બોલ્યા.

'તો વળી પેલે ભવ વાત! હું તો ભવોભવ તેમને જ માગવાની.' ગાંધારી બોલ્યાં, 'વિદુર! માણસના હૃદયમાં પરિવર્તન કરવા માટે એક જન્મ એ શું બહુ લાંબો કાળ છે? આ જન્મે નહિ તો આવતે જન્મે, ને આવતે જન્મે નહિ તો ત્રીજે જન્મે!'

'ગાંધારી! તમને મારા હજારો નમસ્કાર છે.' વિદુરે મસ્તક નમાવ્યું, 'તમારા પોતામાં આટલો બધો આત્મવિશ્વાસ અને આટલી ઉગ્ર તમારી તપશ્ચર્યા! મહારાજ સમજે તો તો તેમના જેવા કોઈ ભાગ્યશાળી નથી. દેવી! એક વાત લઈને જાઉં છું. દુનિયામાં જોડાં-કજોડાંઓનો શંભુમેળો એકઠો કરવામાં પણ ઈશ્વરનો કંઈક સંકેત હોય એમ થઈ જાય છે. એ સંકેતની ગૂંચ જે ધીરજથી ને કુશળતાથી ઉકેલે છે તે જીવનના ધ્યેયને વહેલો પહોંચે છે; અને જે આકળો થઈને ગૂંચ ઉકેલવાને બદલે એને કાપી નાખે છે તેને એ જ ગૂંચ ફરીફરીને પાછી આડી આવે છે; ને કોકડું આખું કાપીને ફેંકી દેવું પડે છે. દેવી! હવે હું રજા લઈશ. ગાંધારીની ગમ્મત કરતાં આટલું બધું શીખી જઈશ એવો મને સ્વપ્નેય ખ્યાલ ન હતો. દેવી! તમારી ધર્મબુદ્ધિથી હું છક થઈ ગયો છું. હવે તો હું તેમને વારંવાર આવીને પજવવાનો.'

'વિદુરભાઈ! સુખેથી જાઓ. આ આંધળાની અવારનવાર ખબર કાઢવા આવશો તો હું ભાગ્યશાળી થઈશ.' ગાંધારીએ કહ્યું; ને વિદુરને આશીર્વાદ આપી વિદાય કર્યા.

દુર્યોધનનો ત્યાગ કરો

પાંડવોને વનવાસની વિદાય આપીને કુંતી મહેલમાં ગયાં અને ગાંધારી સીધાં મહારાજ ધૃતરાષ્ટ્રની પાસે ગયાં. ધૃતરાષ્ટ્ર પોતાના મહેલમાં એક મોટા સિંહાસન ઉપર બેઠા હતા.

'કોણ એ!' મહારાજે પગરવ સાંભળીને પૂછ્યું.

'એ તો હું, ગાંધારી.' ગાંધારીએ જવાબ દીધો, અને દાસીને બહાર બેસવાનો હુકમ આપ્યો.

'દેવી! પાંડવો ગયા કે? તમે તેમને વળાવવા ગયાં હતાં? બિચારા ગયા તે ગયા જ!' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'હા.' ગાંધારી બોલ્યાં, 'એ ગયા તેથી તમારું દિલ બહુ દુભાતું લાગે છે!'

'ન કેમ દુભાય? એ તો મારા પાંડુના દીકરા. પણ દ્યૂતમાં હાર્યા એટલે શરત પ્રમાણે જાય, ત્યાં હું શું કરી શકું?' મહારાજ બોલ્યા.

'મહારાજ, મહારાજ!' ગાંધારી બોલ્યાં, 'મને તમારી આ વસ્તુ જરાયે ગમતી નથી. તમે પોતે જાણીબૂજીને તેમને ફરી રમવા બોલાવ્યા; તમે પોતે તમારો દુર્યોધન જીતે અને રાજ્ય મેળવે એમ ઈચ્છ્યું; તમે પોતે પાંડવો વનમાં જાય એવી ગોઠવણ કરી. અને છતાં આજે જ્યારે તેઓ ગયા ત્યારે આમ દિલગીર થાઓ છો? અને તે પણ બીજા કોઈની પાસે નહિ પણ આ તમારી છાયા તરીકે ફરનારી ખુદ ગાંધારી પાસે? મહારાજ! આ ઢોંગ નહિ તો બીજું શું કહેવાય?'

'દેવી!' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'આવી નાની નાની બાબતમાં હમણાં હમણાં આપણે બહુ ચર્ચા અને મતભેદ થાય, થે સારું નથી.'

'મહારાજ! આ બાબત નાની છે જ નહિ.' ગાંધારી બોલ્યાં, 'આકાશમાં કેટલીક વાર એકાદ વાદળું દેખાય ત્યારે તે બહુ નાનું હોય છે, પણ જોતજોતામાં એ વાદળું આખા આકાશને ઘેરી લે છે અને દિવસના સ્વરૂપને છેક પલટાવી નાખે છે.'

'મેં તો નથી દીઠું તમારું વાદળું કે નથી દીઠું દિવસનું સ્વરૂપ.' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'હું તો એક દાખલો આપું છું. તમને આજે જે બાબત નાની લાગે છે એ કાયમ નાની નહિ રહે.' ગાંધારી બોલ્યાં, 'તમારે પાંડવોને રાજ્યનો ભાગ ન જ આપવો હોય અને આખું હસ્તિનાપુરનું રાજ્ય દુર્યોધન માટે રાખવું હોય તો એમ ચોખ્ખેચોખ્ખું જણાવી દો. પાંડવોને જુગાર રમવા બોલાવવા અને વનમાં કાઢવા અને પછી બીજી યુક્તિ શોધવી, આ બધું શા માટે? જે કરવું હોય તે ખુલ્લેખુલ્લું કરી નાખો. રમત અંધારામાં શા માટે રમવી? છડેચોક રમો કે પાંડવો પણ જાણે.'

'દેવી!' ધૃતરાષ્ટ્ર ખોંખારો મારતા બોલ્યા, 'તમે મારો હાથ ઝાલ્યો એટલે રાણી થયાં, પણ તેથી આ રાજનીતિના ખેલોનીય તમને ખબર પડે એ કેમ મનાય?'

'મહારાજ, મહારાજ!' ગાંધારી જરા ગુસ્સે થઈને બોલ્યાં, 'રાણી તો તમને પરણ્યા પછી થઈ, પણ રાજકુંવરી તો પહેલેથી જ છું. ગાંધારનું રાજ્ય હસ્તિનાપુરથી જરાયે નાનું નથી. તમે કહો છો તેવી રાજનીતિમાં મારો ભાઈ શકુનિ તો આચાર્ય બને તેવો છે, એટલે રાજનીતિ એ મારા માટે અજાણી વસ્તુ ન માનતા. વળી જેને તમે રાજનીતિ કહો છો તે ઢોંગ અને ધુતારાવેડા સિવાય બીજું શું છે?'

'દેવી!' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'ધૃતરાષ્ટ્ર કે ગાંધારીના એકના ખાનગી જીવનનો આ પ્રશ્ન નથી; આ તો સમગ્ર પ્રજાનો જાહેર પ્રશ્ન છે. અને એવા પ્રશ્નોનો ઉકેલ લાવવો હોય ત્યારે ખાનગી જીવનમાં જે ધર્મોધર્મો ગણાતા હોય તેને કોરે મૂકીને રાજાએ ચાલવું જોઈએ.'

'એમ?' ગાંધારી બોલ્યાં, 'ખાનગી જીવનના ધર્માધર્મ અહીં લાગુ ન જ પડે, એમ? એક ચોર બીજાનું ધન લઈ જાય તે ચોરી, અને એક રાજા બીજાનું રાજ્ય લઈ લે તે ચોરી નહિ, એમ? એક વ્યક્તિ અસત્ય બોલે તે પાપ, અને આખીયે પ્રજાનો પ્રતિનિધિ અસત્ય બોલે તે પાપ નહિ એમ? એક માણસ બીજાનું ડોકું ઉડાવી દે તે ખૂન, અને એક લશ્કરી બીજા આખા લશ્કરને ઉડાવી દે તે ખૂન નહિ, એમ? એક માણસ બીજા માણસના હાથમાંથી રોટલા લઈ લે તે નિર્દયતા, અને એક પ્રજા બીજી પ્રજાના હાથમાંથી રોટલો ઝૂંટવી લે તે નિર્દયતા નહિ, એમ? મહારાજ! તમે કહો છો તે મારે ગળે જરાયે ઊતરે તેવું

નથી!'

'ગળે ઊતરે કે ન ઊતરે,' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'રાજનીતિ તો એ છે. અને રાજ્ય કરવું હોય તેને એ રાજનીતિનો અમલ કરવો જ પડે છે.'

'મહારાજ ધૃતરાષ્ટ્ર!' ગાંધારી બોલી ઊઠ્યાં, 'તમે બોલો છો તેના અક્ષરે અક્ષરે હું બળું છું! તમે કહો છો તેવી રાજનીતિ હોશિયારી લેખાતી હશે; પરંતુ એવી રાજનીતિથી કોઈ રાજ્યના પાયા મજબૂત થયાં સાંભળ્યા છે?'

'સાંભળવું છે શું?' ધૃતરાષ્ટ્ર હસીને બોલ્યા, 'આ તાજો જ દાખલો. પાંડવોને અષ્ટંપષ્ટં કરી રમાડ્યા, અને છેવટે જુગાર રમાડ્યા તો વનમાં ગયો, અને મારો દુર્યોધન હવે નિરાંતે રાજ્ય કરશે. તમે કહો છો તેમ જો વર્ત્યા હોત તો કોણ જાણે શું થાત! આ પ્રત્યક્ષ ઉદાહરણ બોલો દેવી!

'મહારાજ! તમે થાપ ખાઓ છો.' ગાંધારી બોલ્યાં, 'આવી લુચ્ચાઈ કરીને પાંડવોને તમે વનમાં મોકલ્યાં એટલે નિરાંત થઈ માનતા હો તો તમારો જીવ જખ મારે છે. મહારાજ! આજ સુધીમાં પાંડવોને કનડવાના, દુ:ખી કરવાના અને રાજ્યની બહાર રાખવાના તમે સૌએ જે જે સીધા કે આડકતરા ઉપાયો કર્યા છે તે બધા ઉપાયો ખરી રીતે તમારા પોતાના પગ ઉપર જ કુહાડા માર્યા બરાબર છે. મહારાજ! હું આંધળી આંધળી પણ જોઈ રહી છું કે તમારા એ બધા ઉપાયો અધર્મના ઉપાયો છે, અને તેથી કુરુરાજ્યના જમીનમાં દાટેલા પાયા ખવાવા લાગ્યા છે. મહારાજ! શું તમે એમ માનો છો કે તમારી પ્રજા તમારાં કપટોને ઓળખતી નથી? તમને એમ લાગે છે કે પાંડવો તમારી લુચ્ચાઈને જાણતા નથી? મહારાજ! તમારા દુર્યોધનના આવા બધા ધંધાઓથી તો તમે તમારા પોતાના પગ પર કુહાડા ઠોકી રહ્યા છે. આજે તમે સૌ આવેશમાં છો, કેફમાં છો, એટલે તમને ઘા જણાતા નથી; પણ કેફ ઊતરી જશે ત્યારે પછાડનું સાચું ભાન થશે.'

'ગાંધારી, ગાંધારી!' ધૃતરાષ્ટ્ર કહેવા લાગ્યા, 'તમને ખબર નથી. પ્રજા તો દુર્યોધનના પક્ષમાં છે.'

'મહારાજ!' ગાંધારી દિલગીર થતાં બોલ્યાં, 'આવી લુચ્ચાઈઓમાં અને અધર્મમાં માનનારા લોકો આવી બાબતમાં સાવ આંધળા હોય છે. તમને પ્રજા દુર્યોધનના પક્ષમાં લાગે છે, પણ આ મૂંગી પ્રજાનું અંતર તમે ખોલી જોયું છે? મૂંગી પ્રજાનું અંતર સાચે જ શું માગે છે તે જાણવાનો સાચો અધિકાર તો થોડોઘણો પણ પાંડવોનો છે; એ જાણવાનો સાચો અધિકાર લોકોના શુદ્ધ સેવકોનો છે. તમે કે પાંડવોએ લોકોની એવી કઈ સેવા કરી છે કે લોકોના હૃદયમાં તમને પ્રવેશ મળે?'

'દેવી!' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'તમને ખબર નથી. લોકો તો દુર્યોધનના પગ ધોઈને પીએ છે.'

'થોડાએક ખુશામતિયા હશે.' ગાંધારી બોલ્યાં, 'પાંડવોએ દુ:ખો વેઠ્યાં છે એટલે પ્રજાનો તેમના તરફ પક્ષપાત છે. તમે જે જે પગલું ભરો છો તે દરેક પગલું પાંડવોને લોકહૃદયમાં જગા કરી આપે છે તે તમને સમજાતું નથી. પાંડવોએ પોતે લોકોની સેવા ભલે ન કરી હોય: પણ આજે તો એ લોકો પ્રજાના વીરો જેવા થતા જાય છે.'

'તમારે આ સંબંધમાં વધારે તપાસ કરવી.' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'દેવી! તમારો અભિપ્રાય ભૂલભરેલો છે.'

'નથી, મહારાજ! ભૂલભરેલો નથી.' ગાંધારી બોલ્યાં, 'વિદુરના જેવા શુદ્ધ પ્રજાસેવકો મને કહે તે ખોટું હોય જ નહિ. મહારાજ! રાજ્યના પાયા હંમેશા પ્રજાના હૃદયમાં સ્થિર હોય છે. એ સ્થિરતા ટકે ત્યાં સુધી ઉપરથી ગમે તેવાં વાવાઝોડાં આવે અને રાજ્ય ડોલતું દેખાય તોપણ રાજ્ય ટકે છે, અને વાવાઝોડાં સાથે કુસ્તી કરીને વધારે મજબૂત બને છે.

પણ મહારાજ! પ્રજાના હૃદયમાંથી પાયા ખસ્યા કે રાજ્યનો વિસ્તાર ગમે તેટલો મોટો હોય તોપણ તેને જમીન પર પટકાતાં વાર નથી લાગતી.'

'દેવી! દેવી!' ધૃતરાષ્ટ્ર આગળ થઈને બોલ્યા, 'હવે તમે બંધ કરો. હું મારા દીકરા દુર્યોધન ઉપર સ્નેહ રાખું છું એ જ તમને નથી ગમતું એટલે હમેશાં આવો ને આવો વિરોધ કર્યા કરો છો.'

'મહારાજ!' ગાંધારી બોલ્યાં, 'ભલે મારા પર ચિડાઓ, પણ હું કહેવાનું છે તે કહેવાની જ છું. તમારા દીકરા પર તમે સ્નેહ રાખો છો અને હું પણ રાખું છું, એમ ખચીત માનજો. જેને મેં નવ માસ પેટમાં સંઘર્યો તેના પર મારો સ્નેહ કેવો હશે તે તો કોઈ માતા જ જાણે. મહારાજ! મારા જેવી કેટલીયે ગાંધારીઓ હશે અને આપણા દીકરા જેવા કેટલાયે દુર્યોધનો જગતમાં હશે; પણ મારો ને તમારો દીકરો એટલે કુરુરાજ્યનો બિનજવાબદાર ધણી! દુર્યોધન એ આપણો પુત્ર, પણ કુરુરાજ્ય પૂરતી તો આખી પ્રજા આપણા દીકરા. મને તો પાંડવોનો પણ મોટો દોષ જણાય છે. કુરુરાજ્ય શું મહારાજ પાંડુની કે તમારી કોઈની ખાનગી મિલકત છે તે દુર્યોધન અને યુધિષ્ઠિર પોતાના હક્ક માટે નીકળી પડ્યા છે? પણ મહારાજ! આજે રાજ્ય રાજાની મિલકત છે કે પ્રજાની એ પ્રશ્ન હું છેડતી જ નથી. આજે પ્રશ્ન હજી આખા આર્યવર્તમાં ચોંકાવે તેવો લાગે એટલે નથી મૂકતી, પણ મહારાજ! જરૂર માનજો. પ્રજાના હૈયામાંથી દુર્યોધને રાજ્યના પાયા હલાવી નાખ્યા છે.'

'દેવી!' વળી ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'દુર્યોધનને પાંડવો વિરુદ્ધ મદદ કરવા માટે કેટકેટલા રાજાઓ તૈયાર છે તેની તમને ખબર નથી.'

'મહારાજ!' ગાંધારી બોલ્યાં, 'મને ખબર છે. પણ સાથે મને એ પણ ખબર છે કે આખી દુનિયાના રાજામહારાજાઓ મદદ કરવા તૈયાર હોય તોપણ કોઈ રાજા પ્રજાના હૈયામાં સ્થાન મેળવ્યા વિના રાજ્ય ચલાવી શકતો નથી. રાજામહારાજાઓના બળથી દુર્યોધન હસ્તિનાપુરનું રાજ્ય ટકાવી રાખવા ઈચ્છતો હશે તો તે પણ જખ મારે છે. મહારાજ! મને તો દીવા જેવું ચોખ્ખું દેખાય છે કે દુર્યોધનના સ્નેહને વશ થઈને તમે સાચી વાતને જોઈ શકતા નથી. અને તેથી જ મારો આગ્રહ છે કે તમે આ દીકરાનો ત્યાગ કરો.'

'દેવી, દેવી!' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'તમને કેટલીયે વાર કહ્યું છે કે એ મારાથી બનવાનું નથી. પુત્રસ્નેહનો મારો તાંતણો હું શી રીતે તોડું?'

'મહારાજ!' ગાંધારી બોલ્યાં, 'જરા બળ કરો તો આ ઘડીએ તૂટી શકે. મેં તો દુર્યોધન જન્મ્યો ત્યારે જ તમને કહ્યું હતું; વળી આ વખતે દ્યૂતસભામાં પણ તમને કહ્યું અને હજીયે કહું છું. આ બધી ઉપાધિનો અંત આણવો હોય તો સર્વોત્તમ માર્ગ એક જ છે કે દુર્યોધનનો ત્યાગ કરો.'

'દેવી!' મહારાજ બોલ્યા, 'બીજી ગમે તે વાત કરો; બીજું જે માગવું હોય તે માગો. મારું જીવતર માગો તો પણ હું તૈયાર છું. પણ મારા વહાલા દુર્યોધનનો ત્યાગ કરવાની વાત ન કરો! એ એક બાબતમાં ધૃતરાષ્ટ્રને તમારે નિર્બળ ગણવો હોય તો ગણજો.'

'તો જેવું આપણું સૌનું પ્રારબ્ધ!' ગાંધારી બોલ્યાં, 'મહારાજ! આજે નહિ માનો તો કાલે માનવુ પડશે, કાલે નહિ તો પરમદિવસે. દુર્યોધનને ગુમાવ્યા વિના આ વાતનો અંત આવવાનો નથી. આજે રાજીખુશીથી ત્યાગ કરશો તો ત્યાગનું ફળ પણ મળશે; પાછળથી પરાણે ત્યાગ કરવો પડશે ત્યારે હું ને તમે બન્ને હાથ ઘસીને બેસી રહેશું.

'દેવી!' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'દૈવે જે ધાર્યું હશે તે થશે. દૈવની આગળ કોઈ ડાહ્યું નથી, તો પછી માણસ તે શી વિસાતમાં છે? માણસ તો ઈશ્વરે એક પૂતળું બનાવ્યું છે. કોણ જાણે કોણ એને નચાવે છે! હું પોતે જ જુઓ ને, તમારી સાથે વાત કરું છું પછી એકલો બેટો

હોઉં અને વિચાર કરું ત્યારે તમારી વાત સાચી પણ લાગે; પણ વળી પાછો દુર્યોધન કે શકુનિ આવીને કંઈ કહે ત્યારે તમારી વાત આખી ભૂલી જાઉં અને દુર્યોધન કહે તેમ જ કરું. આ દૈવ નહિ તો બીજું શું?'

'મહારાજ!' ગાંધારી બોલ્યાં, 'એ દેવ નહિ પણ આપની નિર્બળતા. આપણે નિર્બળતાને સંઘરવી હોય અને નિર્બળતાની ઓથે ઓથે ટકી રહેવું હોય તો નિર્બળતાને દૈવનું નામ આપવું, અને સુખેથી રહેવું. બાકી તો આ નરી નિર્બળતા!'

'તો ભલે નિર્બળતા રહી!' ધૃતરાષ્ટ્ર બોલ્યા. 'જીવનમાં કેટલીએક નિર્બળતાઓની પણ કિંમત છે.'

'મહારાજ!' ગાંધારી બોલ્યા, 'એક વાત ફરીથી યાદ આપું. આ એવી કિંમતી નિર્બળતા નથી. કોઈ ખૂની પોતાના દીકરાનું માથું કાપવા આવતો હોય ત્યારે મા ખૂનીને આડે રસ્તે ચડાવી દે અને થોડુંક અસત્ય જ બોલે તે આવી નિર્બળતા. મોટા લશ્કરનો સેનાપતિ લાખો યોદ્ધાઓનો કચ્ચરઘાણ વળતો જોઈને દયાર્દ્ર બની જાય અને હૃદયના તંગ પેચને ઘડીભર ઢીલો કરી દે તે આવી નિર્બળતા, તમારી આ નિર્બળતાનું પિયર તો લોભમાં છે. તમારે તો તમારા દીકરાને રાજ્ય આખું અપાવવું છે, પણ ભીષ્મ બેઠા છે એટલે છડેચોક કહી શકાતું નથી માટે આવાં આડાંઅવળાં ફાંફાં મારો છો. જો નિર્બળતા સાચે જ લાગતી હોય તો તો ખંખેરી નાખો ને અત્યારે જ! પણ તમને એ નિર્બળતા લાગતી જ નથી. માત્ર વિવેક ખાતર એ શબ્દ વાપરો છો, કે હું લવરી કરતી બંધ થાઉં.'

'ભલે, ત્યારે એમ.' ધૃતરાષ્ટ્ર છાતી કાઢીને બોલ્યા, 'મારે આજે એમ જ કરવું છે અને કરું છું. તમારી વાત મને જરાયે ગળે ઊતરતી નથી, તેમ તે ઊતરવાની પણ નથી.'

'ભલે મહારાજ!' ગાંધારી બોલ્યાં, 'હવે તો હું આપને ખૂબ અકારી થતી જાઉં છું, કાં? પણ હું તો શકુનિની બહેન. લીધી વાત છોડું નહિ. આજે ગળે ન ઊતરે તો કાલે ઉતારીશ.'

'કોઈ દિવસ ઊતરવાની નથી.' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'મહારાજ! હું બોલું છું ત્યારે કાન દઈને સાંભળો છો; વચ્ચેવચ્ચે ખૂબ વિરોધ કરો છો અને વાત પરથી ઊતરીને ખુદ મારા પર તપી જાઓ છો; અને પાછળથી કોઈ વાર મારાં વચનો પર વિચાર પણ કરો છો. આ સર્વ પરથી મને શ્રદ્ધા આવે છે કે એક દિવસ — કોઈ પણ એક દિવસ મારી વાત તમારે ગળે ઊતરવાની છે! તે એક દિવસ આપણા જીવતરનો કેટલામો દિવસ હશે તે ઈશ્વર જાણે. મહારાજ! આજે હવે રજા લઉં છું.'

'દેવી! જશો જ! આજે ઠીક ચર્ચા થઈ.' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'મહારાજ! મારાથી કંઈ અવિનય થયો હોય તો માફ કરજો.' ગાંધારી બોલ્યાં.

'ના, ના.' ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'એમાં અવિનય શાનો? સાચું લાગે તે તમે મને ન કહો તો બીજું કોણ કહે? એ તો મને કોઈ વાર લાગી જાય એટલે તપી જાઉં છું. પણ તમારે માઠું ન લગાડવું.'

'હું તો એવાં માઠાંને ઘોળીને પી જતાં શીખી ગઈ છું.' ગાંધારી બોલ્યાં. અને ધૃતરાષ્ટ્રની રજા લઈને દાસી સાથે પોતાને મહેલે ગયાં.

સાચી માતા

પાંડવ-કૌરવોની છેલ્લી વિષ્ટિઓ તૂટી પડી અને યુદ્ધનો શંખનાદ થયો. પાંડવોએ

કુરુક્ષેત્રના મેદાનમાં હિરણ્વતીને કાંઠે પડાવ નાખ્યો; બીજી બાજુ દુર્યોધનની સેના પણ જમા થવા લાગી. ધરણીને ધ્રુજાવતી અઢાર અક્ષૌહિણી સેના શસ્ત્રોને ખખડાવતી યુદ્ધના દિવસની રાહ જોતી હતી. સમગ્ર ભારતવર્ષના રાજામહારાજાઓ શસ્ત્રાસ્ત્રો સજી પોતપોતાનાં સૈન્યોને લઈ ભારતવર્ષના આ સદાય કુંવારા મેદાન પર હાજર થઈ રહ્યા હતા. કોઈ રાજાને નગરની કન્યાઓએ જયઘોષથી વિદાય આપી હતી તો કોઈને રાજમાતાએ મસ્તક સૂંઘીને આશીર્વાદ આપ્યા હતા; કોઈ મહારાજાની કેડે રાણીએ શમશેર બાંધી હતી તો કોઈ પુરસ્ત્રીઓનાં વધામણાં લઈને નીકળ્યા હતા; કોઈને કુળદેવીએ વરદાન આપ્યું હતું તો કોઈને રાજકુંવરીએ મંગળ શુકન કરાવ્યા હતા. હસ્તિનાપુરનો ક્ષત્રિયસમાજ તો લગભગ ખાલી જ થઈ ગયો હતો. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, કૃતવર્મા વગેરે તમામ કુરુક્ષેત્રમાં પહોંચી ગયા હતા. સૌથી આખરે દુર્યોધન — હસ્તિનાપુરની ગાદીનો સુવાંગ ધણી થવા મથતો કૌરવરાજ દુર્યોધન નીકળ્યો.

હસ્તિનાપુરમાંથી રવાના થવાને દિવસે સવારમાં દુર્યોધન માતા ગાંધારીને મહેલે ગયો.

‘માતા ગાંધારી!’ દુર્યોધન ગાંધારીને પગે પડીને બોલ્યો, ‘આ તમારો બાળક દુર્યોધન તમને પગે લાગે છે. માતા! આશીર્વાદ આપો એટલે પાંડવોને જીતીને સત્વર પાછો આવું.’

‘કોણ, દુર્યોધન?’ ગાંધારી બોલ્યાં, ‘આશીર્વાદ તો પરમાત્માના છે જ આખા જગતને. આશીર્વાદ આપનારી હું કોણ?’

‘માતા!’ દુર્યોધને કહ્યું, ‘તમે મારી માતા; તમે મને જીવતર આપ્યું. આજે એ જીવતરને ધન્ય કરવા હું નીકળું છું તે વખતે તમારા જ આશીર્વાદ હોય.’

‘દુર્યોધન! તું ભૂલે છે.’ ગાંધારી બોલ્યાં, ‘આજે તો તને મહારાજ ધૃતરાષ્ટ્રના આશીર્વાદ હોય.’

‘માતા!’ દુર્યોધને કહ્યું, ‘એમણે તો આશીર્વાદ આપ્યા જ છે; પણ માતા ગાંધારીના આશીર્વાદમાં જે બળ છે, જે શક્તિ છે, તે બળ અને શક્તિનો હું ભૂખ્યો છું માટે તમારા આશીર્વાદ માગું છું.’

‘દુર્યોધન બેટા!’ ગાંધારી બોલ્યાં, ‘મારામાં બળ હોત તો તો હું તને રોકી શકત. હું તો હજીયે તને કહું કે આ યુદ્ધ માંડી વાળ અને પાંડવોની સાથે સમાધાન કર.’

‘માતા!’ દુર્યોધન બોલ્યો, ‘હવે તો બધી તૈયારી થઈ ચૂકી છે, અને કાલે યુદ્ધનો હુકમ આપું એટલી જ વાર છે. છેલ્લી ઘડીએ યુદ્ધ બંધ કરું તો આખા લશ્કર પર ખોટી છાપ પડે.’

‘બેટા! આ તું શું બોલે છે!’ ગાંધારી બોલ્યાં, ‘છેલ્લી ઘડીએ તો શું, પણ છેલ્લી ક્ષણે પણ યુદ્ધ બંધ થાય. છેલ્લી ક્ષણે માણસને યુદ્ધમાં અધર્મ લાગે તો તે બંધ ન કરી શકે?

‘એમાં મારી પ્રતિષ્ઠાને જફા પહોંચે.’ દુર્યોધને જણાવ્યું.

‘દીકરા!’ ગાંધારી હસ્યાં, ‘સાચું લાગે તે જ ક્ષણથી તે પ્રમાણે ચાલતાં માણસની પ્રતિષ્ઠા જતી હોય તો ભલે જાય. એવી ખોટી પ્રતિષ્ઠાના ભૂતને વળગીને લાખોનો સંહાર કરવામાં તને લાભ દેખાય છે?’

‘પણ એ બધા રાજામહારાજાઓ મારે માટે શું ધારે?’ દુર્યોધન બોલ્યો.

‘શું ધારે?’ ગાંધારીએ કહ્યું, ‘રાજામહારાજાઓ પોતાની અક્કલનું લિલામ કરીને ન આવ્યા હોય તો શાંતિથી વિચાર કરે, તારી પાસેથી સમજવાનો પ્રયત્ન કરે અને પ્રતિષ્ઠાની દરકાર કર્યા વિના સત્ય લાગ્યું તે જ ક્ષણે તેનો અમલ કરવાની તેં હિંમત બતાવી તે માટે તને ધન્યવાદ આપે.’

‘માતા ગાંધારી!’ દુર્યોધન જરા ટટ્ટાર થઈને બોલ્યો, ‘એ વાત તો હવે જવા જ દ્યો.

યુદ્ધના ક્રમમાં ફેરફાર થવો અશક્ય છે.'

'ભાઈ! તને જે સૂઝ્યું તે સાચું.' ગાંધારી ખિન્ન થતાં બોલ્યાં.

'માટે, માતા ગાંધારી! મને આશીર્વાદ આપીને વિદાય કરો.' દુર્યોધને કહ્યું.

'દુર્યોધન! યુદ્ધનો નિર્ણય જો ફરવો અશક્ય છે, તો ગાંધારીનો નિશ્ચય ફરવો પણ એટલો જ અશક્ય છે. ગાંધારી તને આશીર્વાદ શી રીતે આપી શકે?'

'હું તમારો પુત્ર છું એ રીતે.' દુર્યોધને કહ્યું.

'તું મારો પુત્ર સાચો. ગાંધારી બોલ્યાં, 'એટલે જ હું તને કડવી લાગે છતાં સાચી વાત કહું છું. તારા હિતની વાત હું તને ન કહું તો હું મા ખોટી.'

'માતા!' દુર્યોધન નરમ થતો બોલ્યો, 'માતા! બીજું તો કાંઈ નહિ, પણ આ બધા માણસો જાણશે કે માતા ગાંધારી પણ આ યુદ્ધને પ્રસંગે મને આશીર્વાદ નથી આપતાં. એટલે તેમની સૌની પણ આ યુદ્ધમાં શ્રદ્ધા ઓછી થશે, અને પરિણામે હું હારીશ. કાંઈ નહિ તો તમારા પુત્રના હિતનો તો વિચાર કરો!'

'બેટા દુર્યોધન!' ગાંધારીને જોર આવ્યું, 'હું જે કહું તેમાં તારા હિતનો જ વિચાર છે એમ સમજ. તને જે જે વસ્તુઓમાં તારું હિત દેખાય છે તેમાં તારું સાચું હિત જ નથી. લડાઈ ન થાય એમાં તારું પોતાનું, આખા સમાજનું અને માનવજાતનું હિત મને દેખાય છે. માટે જ તને કહું છું કે લડાઈ બંધ કર અને સમાધાન કરી લે.'

'માતા!' દુર્યોધન દુ:ખી થતો થતો આવેશમાં બોલવા લાગ્યો, 'લડાઈથી બધાંનું અહિત થતું હોત તો તો લોકો લડત જ નહિ, અને આ અઢાર અક્ષૌહિણી સેના સજ્જ થઈને આવી છે તે પણ ન આવત.'

'એ સેના તો તમારાં નગારાંથી એકઠી થઈ છે.' ગાંધારી હસતાં હસતાં બોલ્યાં, 'તમે બધા — તું અને પાંડવો બધા આ બાબતમાં એકસરખા "ક્ષત્રિયનો ધર્મ, ક્ષત્રિયનો ધર્મ!'' ''ધર્મયુદ્ધ, ધર્મયુદ્ધ!'' એવા પોકારો કરો એટલે ક્ષત્રિયોનું લોહી ઊનું થાય. પણ તમારો પોકાર જાતે જ સાચો છે કે ખોટો છે તે કોણ વિચારે છે? સમગ્ર વાતાવરણમાં આવાં નગારાં ટિપાય ત્યારે સામાન્ય રીતે માણસ પોતાની વિચારશક્તિ ગુમાવી બેસે છે, ને વાતાવરણની અસ્થિરતાથી પોતે જ અસ્થિર બની જાય છે. દુર્યોધન! એમ ન માનતો કે તમે મેદાન પર શૂરવીરોને જ એકઠા કર્યા છે. એ તો કોઈ દિવ્ય પુરુષ તમારી છાવણીમાં આવીને સૌના હૈયાની નાડ હાથમાં લે ત્યારે ખબર પડે કે કેટલા સાચે જ શૂરા છે અને કેટલા તમારાં ઢોલનગારાંથી શૂરાઓના વાઘા સજી બેઠા છે.'

'પરંતુ માતા ગાંધારી!' દુર્યોધને આગ્રહ કરવો શરૂ કર્યો. 'મારા કરતાં પાંડવો તમને વધારે વહાલા લાગે છે?'

'બેટા દુર્યોધન!' ગાંધારી બોલ્યાં, 'હું તને લડાઈ માટે આશીર્વાદ નથી આપતી તે તું ઓછો વહાલો છે માટે, એમ નથી. મને તો દીવા જેવું ચોખ્ખું દેખાય છે કે લડાઈમાં કોઈનું શ્રેય નથી; નથી તારું કે નથી પાંડવોનું. દુર્યોધન! જેમાં સમગ્ર માનવજાતિનું હિત ન હોય તેમાં મારા દુર્યોધનનું હિત હોઈ શકે એમ જો મારે ગળે ઊતરે, તો તને આ ઘડીએ આશીર્વાદ આપી દઉં.'

'તો ત્યારે ગાંધારીના શરીરમાં એક માતાનું હૃદય જ નથી!' દુર્યોધન કંટાળીને બોલ્યો.

'બેટા, બેટા!' ગાંધારી બોલ્યાં, 'ઉતાવળો ન થા. આ ગાંધારીના હૈયામાં માતાનું હૈયું છે એ જ તને આશીર્વાદ આપતાં મને રોકે છે. મારું અંતર મને કહે છે કે ''ગાંધારી! તારા એક દુર્યોધન જેવા અઢાર અક્ષૌહિણી દુર્યોધનો કુરુક્ષેત્રના મેદાન પર ખડા છે. તને તારો દુર્યોધન જેટલો વહાલો છે તેટલા જ એ બધા પોતાની ગાંધારીઓને વહાલા છે; તારા દુર્યોધનને

જીવનના જેટલા કોડ છે તેટલા જ, બલ્કે તેથીયે વધારે તેમના હૈયામાં ભર્યાં છે. માટે આશીર્વાદ આપ તો સૌને આપજે અને નહીં તો એકેને ન આપતી. '' બેટા! તને એકલાને આશીર્વાદ આપવો હોય તો મારે મારા હૈયામાં જે કાંઈ માતાનાં તત્ત્વો ભર્યાં છે તે બધાંને ચૂંટી કાઢવા જોઈએ, અને રાક્ષસી બની રહેવું જોઈએ!'

'માતા ગાંધારી! હવે હું હાર્યો.' દુર્યોધન નિરાશ થતો બોલ્યો, ''મારા માટે પણ તમારું હૃદય નથી પીગળતું એ જ મને દુ:ખ થાય છે. તમારો દુર્યોધન તમારા આશીર્વાદ વિનાનો જશે એ તમને સારું લાગશે?'

'દુર્યોધન!' ગાંધારી બોલ્યાં, 'મને સારું લગાડવાનો વિચાર તો તેં જ ભૂંસી નાખ્યો છે. આજ સુધીમાં મને સારી લાગી એવી કઈ વાત તેં સ્વીકારી છે? તું લડાઈ કરે છે એ જ મને ક્યાં સારું લાગે છે? છતાં તું અને મહારાજ ઊપડ્યા છો એટલે હું મૂંગે મોઢે સહન કરી રહી છું. તું જઈશ અને જીતીને આવીશ તોયે ક્યાં સારું લાગવાનું છે? આટલા બધા કાચા કુંવારા જુવાનોનો ભોગ આપીને દુર્યોધન માથે મુગટ મેળવે એ મુગટની શી કિંમત છે? તું હારીશ અને પાંડવો જીતશે તો તો સારું લાગવાનો પ્રશ્ન જ ક્યાં છે? મારે તો જે થાય તે સહન કરવાનું જ છે. અને કરી લઈશ. કાળનું વહન એ એવું છે તેમાં કોઈ શું કરે?'

'વારુ, માતા!' દુર્યોધન ઊભો થયો ને બોલ્યો, 'રજા લઉં છું. તમારા ચરણમાં મારા પ્રણામ સ્વીકારશો.'

'બેટા! સિધાવ.' ગાંધારી હાથ લાંબો કરતાં બોલ્યાં. 'સિધાવ. લડાઈમાં જેના પક્ષમાં ધર્મ હશે તે પક્ષનો જય થશે. બેટા! ફરીથી કહું છું, યુદ્ધની છેલ્લી ઘડીએ પણ તને સદ્બુદ્ધિ ઊગે અને યુદ્ધ બંધ કરવું યોગ્ય લાગે તો આખા જગતની ખોટી શરમ છોડીને યુદ્ધમાંથી વિરામ લેજે, અને પૃથ્વી આખીમાં માથું મૂકવા જેવું સ્થાન શોધ્યુંયે ન મળે તોપણ આ ગાંધારીનો ખોળો તારા માટે ખાલી જ છે એમ સમજજે. જા; દુર્યોધન! કાળની ગતિને રોકવા કોઈ સમર્થ નથી.'

'માતા ગાંધારી!' વળી દુર્યોધન બોલ્યો, 'મેં મામાને ખાતરી આપી હતી કે ગાંધારીના આશીર્વાદ હું લઈને જ આવીશ; પણ હું હાર્યો. આખરે મામા કહેતા હતા તે જ સાચું પડ્યું.'

'મામો તો મારો માડીજાયો ભાઈ!' ગાંધારી બોલ્યાં, 'એ મને બરાબર ઓળખે છે અને હું એને બરાબર ઓળખું છું. એટલે તો કુરુક્ષેત્રમાં ગયો ત્યારે મને જ મોં દેખાડવા પણ એ આવ્યો નથી. આ બધાં એ મામાનાં જ કામા છે. તમને સૌને એણે ભાંગ પાઈ છે અને તમે ગાંડાતૂર બન્યા છો.'

'યુદ્ધમાં તો પિતામહ પણ ગયા છે.' દુર્યોધન રહી ન શક્યો, 'તો એ પણ ગાંડા, કેમ?'

'પિતામહને કાંઈ કહેવાનો મારો અધિકાર ન ગણાય.' ગાંધારી શાંતિથી બોલ્યાં, 'છતાંયે પિતામહ આ લડાઈની વિરુદ્ધ જે કાંઈ બોલે છે તે સાચે જ એમના ઊંડા અંતરથી બોલતા હોય તો તેમણે તારી સાથે ન આવવું જોઈએ. પણ દુર્યોધન! કઈ વાત માણસ માત્ર પોતાના અભિપ્રાય તરીકે બોલે છે અને કઈ વાત તેનું ઊંડું અંતર વીંધીને બહાર આવે છે, તે કોણ નક્કી કરી શકે? એટલે જ ધર્મની ગતિ અતિ સૂક્ષ્મ છે.'

'વારુ, માતા!' દુર્યોધન મજાક કરતો બોલ્યો, 'ગાંધારી! મને માફ કરજો. ધર્મની બાબતમાં તો હું તમારા કરતાં ભીષ્મને વધારે પ્રમાણ માનું.'

'એમાં તું શું કહે છે?' ગાંધારી બોલ્યાં, 'જીવનના દરેક પ્રસંગે પોતાનો શો ધર્મ છે તે માણસ પોતે જ નક્કી કરી શકે, અને કરવો જોઈએ. આવી બાબતમાં જે પોતાના અંતરના નાદને સાંભળીને જે ધર્મ લાગે તેને સજ્જડ વળગી રહે છે તે જ ઊંચે ચડે છે. માણસ

માણસનું માથું કાપે તે હરકોઈ કાળે અને હરોકઈ કારણસર મને નર્યો અધર્મ લાગે છે. એટલે જગતના રત્ન જેવા તને, દીકરા! આજે આશીર્વાદથી નવરાવી શકથી નથી. નહિતર દુર્યોધન! માતાના આશીર્વાદ તે માગવા પડતા હશે? એ હૈયામાંથી તો ગર્ભ રહ્યો હોય ત્યારથી આશીર્વાદના ઝરણાં ફૂટ્યાં જ કરે છે. પણ બેટા! મારા હૈયામાં રહેલા કોઈ દેવ તને આશીર્વાદ આપતી મને રોકે છે. મને મારી ભૂલ સમજાશે તે દિવસે પૃથ્વીના બીજા પડ પર યુદ્ધ માટે ગયો હોઈશ ત્યાં પણ તારી પાછળ આવીશ અને આશીર્વાદ આપીશ.' ગાંધારી આંખમાં આંસુ સાથે બોલ્યાં, 'બેટા! ઈશ્વર ન કરે અને તું યુદ્ધમાં ખપી ગયો હોઈશ તો તારા માથાને ખોળામાં લઈને બળીશ અને એ રીતે પણ તને આશીર્વાદ આપવા તારી પાછળ આવીશ. પણ આજે તો ગાંધારીની જીભ વ્યભિચારી નથી થઈ શકતી. તું સુખેથી જા. પ્રભુ તને સદ્બુદ્ધિ આપો અને તારું કલ્યાણ કરો; એ જ તારી સાચી માતાનો આશીર્વાદ હોઈ શકે.' ગાંધારી બોલ્યાં.

અને દુર્યોધન ગાંધારીના ચરણમાં માથું મૂકતો, તેના ચહેરા સામું જોતો, તેના છેલ્લા શબ્દોને હૈયામાં સંઘરતો, ગાંધારીના ઓરડાની પવિત્રતાથી કંઈક પવિત્ર થતો, ધીમે પગલે, આંસુભરી આંખે ચાલ્યો — ઓરડાની બહાર ગયો અને જેમ તેમ કરીને રથમાં બેઠો. માતાના આશીર્વાદવિહોણા કૌરવરાજને લઈને રથ કુરુક્ષેત્ર તરફ ચાલ્યો. દુર્યોધન ગયો એટલે દેવી ગાંધારીએ એક લાંબો નિસાસો મૂક્યો: કાળ જ બળવાન છે.!'

શ્રીકૃષ્ણને શાપ

મહારાજ દુર્યોધન પડ્યાના સમાચાર વીજળીવેગે હસ્તિનાપુર પહોંચી ગયા. છેલ્લા અઢાર દિવસથી નગરમાં ઘેરઘેર કાળો કકળાટ તો ચાલુ જ હતો. કોઈ ઘેર પાંચ મોઢાંની ચણ લાવનાર રણમાં સૂતો તો કોઈ ઘેર અઢાર વર્ષની યુવતીને હાથે અણછોડ્યું મીંઢળ જ રહી ગયું; કોઈ માતાએ પોતાના એકના એક પુત્રને સ્વર્ગે વળાવ્યો તો કોઈ બહેને માડીજાયા ભાઈને ગુમાવ્યો; કોઈ ઘેર દિવસોના દિવસ સુધી રોકકળ ચાલી તો કોઈ ઘર પંખી વિનાના માળા જેવાં સૂનાં થઈ ગયાં. આખાય હસ્તિનાપુરની આંખો રડીરડીને સૂજી ગઈ હતી.

પણ દુર્યોધન પડ્યાના સમાચારે તો કાળો કેર કર્યો! દુર્યોધન પડ્યો એટલી હકીકતથી જ મહારાજ ધૃતરાષ્ટ્ર શૂન્ય જેવા થઈ ગયા. તેમના હૃદયને એવો તો સખત આઘાત લાગ્યો કે તે સ્તબ્ધ બેસી જ રહ્યા: ન કશું બોલ્યા, ન ચાલ્યા, ન રડ્યા — કેમ જાણે કોઈ પથ્થરની મૂર્તિને યંત્રની આંખો બેસાડી હોય તેમ બધું ટગરટગર જોયા કરે! માતા ગાંધારીને આ સમાચારથી ભારે શોક થયો એટલે ઘડીભર તો તેં હલી ગયાં. પણ પાછળથી પાછાં પોતાના બળથી જ સ્વસ્થ થયાં; પરંતુ તેમના હૃદયનો ક્ષોભ તો ઘણા વખત સુધી ચાલુ જ હતો.

દુર્યોધનના મહેલમાં રડારોળ થઈ રહી. દુર્યોધનની સ્ત્રીઓ પોકે પોકે રડવા લાગી, માથાં કૂટવા લાગી, વાળ ખેંચવા લાગી; દાસદાસીઓ ફાટતે મોઢે રુદન કરવા લાગ્યાં. અને સ્વામીના ગુણગાન કરતાં કરતાં પાંડવોને ભાંડવા લાગ્યાં મહેલના જુદા જુદા ઓરડાઓ, ઓરડાઓમાં જમાવેલી ભોગવૈભવની સામગ્રી, હિંડોળાખાટો, પલંગો, ફુવારાઓ, ભાતભાતનાં તેલો, અત્તરો, બાગબગીચાઓ, વાહનો, મોર, પોપટ — જે બધાં એક દિવસ સૌ આંખોને આનંદ આપતાં હતાં તે આજે અકારાં થઈ પડ્યાં. કેમ જાણે આખો મહેલ

અને મહેલના પથ્થરે પથ્થર રડતા હોય! હસ્તિનાપુરની આખી હવામાં શોક અને રોકકળ સિવાય બીજા કશાને સ્થાન ન રહ્યું.

ગાંધારી જરા સ્વસ્થ થયાં પછી મહારાજ ધૃતરાષ્ટ્ર પાસે આવ્યાં અને ‘મહારાજ! એટલું બોલતાં જ રડી પડ્યાં. ધૃતરાષ્ટ્રે કશો જવાબ ન વાળ્યો.

‘મહારાજ!’ ગાંધારી ફરી બોલ્યાં, ‘મને સમાચાર મળ્યા છે કે તમે મૂઢ બની ગયા છે. મૂઢ ન બનો; હૈયું મોકળું મૂકીને રુઓ. તમે પોતે જ દુર્યોધનને વળાવ્યો છે એ ભૂલી ન જાઓ.’ બોલતાં બોલતાં ગાંધારીએ ઠૂઠવો મૂક્યો અને ધૃતરાષ્ટ્ર પણ રડી પડ્યા; અને રડ્યા એટલે તો હૈયાફાટ! ધૃતરાષ્ટ્ર રડ્યા તેથી સૌ કોઈને પેટમાં જીવ આવ્યો.

ઘણી વાર સુધી રડી લીધા પછી મહારાજ બોલ્યા: ‘દેવી! શાંત થાઓ.’

‘હું તો શાંત જ છું.’ ગાંધારી બોલ્યાં.

‘આજે મારે દુર્યોધનની ખાંધ પર ચડીને જવાનો વખત છે. મારે બદલે એ ચાલતો થયો એટલે એ બાપ અને હું એનો દીકરો!’ ધૃતરાષ્ટ્ર બોલ્યા.

‘મહારાજ! શાંતિ રાખો.’ ગાંધારી બોલ્યાં.

‘દેવી! શાંતિ જ છે.’ ધૃતરાષ્ટ્રે કહ્યું, ‘સો દીકરાઓને વળાવીને પણ શાંતિ નહિ રાખું તો પછી ક્યારે રાખીશ? ગાંધારી! મેં તમારું કહેવું ન માન્યું. કાળને હું જોઈ ન શક્યો.’

‘મહારાજ!’ ગાંધારીએ ચલાવ્યું, ‘કાળને કોઈક જ જોઈ શકે છે.’ દુર્યોધન પોતે પણ જોઈ ન શક્યો તો! કોઈ જોઈ ન શકે એટલે જ તે કાળ. મહારાજ! કાળ આવે છે ત્યારે માનવીઓના મગજનો બંધાર જ એવો થાય છે કે સાધારણ અક્કલને સૂઝે એવું પણ તે વખતે ગળે ન ઊતરે.’

‘દેવી!’ ધૃતરાષ્ટ્ર દીનતાથી બોલ્યા, ‘તમારા દુર્યોધનને મેં ગુમાવ્યો.’

‘મહારાજ!’ ગાંધારી રડતાં રડતાં પણ જરા ક્રોધથી બોલ્યાં, ‘સાચી વાત તો એ જ છે; દુર્યોધન અને આખા કૌરવકુળના સાચા દુશ્મન તો તમે જ છો! તમે છેક નાનપણથી એને ખોટે રસ્તે જવા દીધો તેનું જ આ પરિણામ છે. આજે હવે આપણે બન્નેએ હાથ ઘસીને બેસી રહેવાનું.’

‘બેટા દુર્યોધન!’ ધૃતરાષ્ટ્ર બોલ્યા, ‘તું તો જીવી ગયો પણ તારા બાપને મારતો ગયો. મને જો આટલી ખબર હોત તો હું આ યુદ્ધ જ શા માટે થવા દેત? દેવી, દેવી! મારા દુર્યોધનને હવે હું ક્યાં દેખીશ!’ એમ કહેતા મહારાજ આસન પર ઢળી પડ્યા.

દરમિયાન વિદુરજી આવ્યા અને મહારાજને આશ્વાસન આપતાં આપતાં કહેવા લાગ્યા: ‘દેવી! કુરુક્ષેત્રમાંથી શ્રીકૃષ્ણ પધાર્યા છે અને આપની પાસે આવવા માગે છે.’

‘કોણ, શ્રીકૃષ્ણ?’ ગાંધારી જરા જોરમાં આવી ગયાં, ‘એમને જલદી બોલાવો. એમની પાસેથી બધા તાજા સમાચાર મળશે.’

વિદુર શ્રીકૃષ્ણને લઈને હાજર થયા એટલે ગાંધારી બોલી ઊઠ્યાં: ‘શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ! દુર્યોધન ગયો એવા સમાચાર અમને મળ્યા છે. પણ કદાચ ને એ સમાચાર ખોટા હોય. દુર્યોધન સાચે જ ગયો?’

‘દેવી!’ શ્રીકૃષ્ણ શાંત સ્વરે બોલ્યા, ‘દુર્યોધન મહારાજ દેવ થયા અને વીરગતિને પામ્યા. એમના જેવું મૃત્યુ તો કેવળ ભાગ્યશાળીને જ હોય.’

‘મારા લાડકવાયા પુત્ર!’ ધૃતરાષ્ટ્ર નિસાસો મૂકી બોલ્યા, ‘બેટા! મને મૂકીને ચાલ્યો ગયો!’

‘બેટા! તારી છેલ્લી માગણી મેં પૂરી ન કરી એ વસવસો મને કાયમનો રહી જશે.’ એમ બોલતાં ગાંધારી પણ રડી પડ્યાં.

'મહારાજ ધૃતરાષ્ટ્ર! દેવી ગાંધારી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'કાળને ગમ્યું તે આખરે થયું. તમે કાળના બળને જાણો છો માટે શાંતિ રાખો.'

'પણ શ્રીકૃષ્ણ! મારો દુર્યોધન કેવી રીતે હણાયો?' ગાંધારીએ પૂછ્યું.

'સરોવરના કાંઠા પર ભીમ અને દુર્યોધનનું ગદાયુદ્ધ થયું તેમાં ભીમે દુર્યોધનને ગદા મારી એટલે દુર્યોધન મહારાજ પડ્યા.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'પણ—' ગાંધારી બોલી ઊઠ્યાં, 'ભીમસેને મારા દુર્યોધનને સાથળમાં ગદા મારી તે વાત સાચી?'

'હા, એ હકીકત સાચી છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ! સાચું બોલજો. સાથળમાં ગદા મારવી એ ગદાયુદ્ધના નિયમ પ્રમાણે ધર્મ ગણાય કે અધર્મ?' ગાંધારી બોલ્યા.

'ભીમસેને એ ઠીક તો નથી જ કર્યું.' શ્રીકૃષ્ણ શાંતિથી અને ચતુરાઈથી બોલવા લાગ્યા, 'પણ દેવી! ભીમસેનની દુર્યોધનને મારવાની પ્રતિજ્ઞા હતી એ તમે ક્યાં નથી જાણતાં?'

'પ્રતિજ્ઞા ગમે તેવી હોય,' ગાંધારી બોલ્યાં, 'પણ આવું અધર્મયુદ્ધ તમે હતા છતાં કેમ ચાલવા દીધું?'

'દેવી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'હુંયે હતો અને બળરામ પણ હતા. બળરામને પણ પહેલાં તો એમ જ લાગ્યું; પણ પછી મેં જ્યારે એમની સાથે વાત કરી ત્યારે તે શાંત પડ્યા. દેવી! તમે શાંત થાઓ. આજે તમારું ચિત્ત શોકમાં છે તેવે વખતે આપણે આ ચર્ચા ન કરીએ.'

'ભલે, શ્રીકૃષ્ણ!' ગાંધારી બોલ્યાં, 'મને તો આમાં ચોખ્ખો અધર્મ દેખાય છે. મૂળ તો આ યુદ્ધ જ મોટો અધર્મ છે ત્યાં બીજું શું કહેવું? આવી જાતનાં યુદ્ધો, મારામારી ને કાપાકાપી એટલે અધર્મના મંદિર પર સોનાનો કળશ!'

'દેવી! મહારાજ ધૃતરાષ્ટ્ર!' શ્રીકૃષ્ણે વાત બદલાવતાં જણાવ્યું, 'પાંડવોએ આપના બન્નેનાં ચરણમાં પ્રણામ જણાવવા મને મોકલ્યો છે.'

'હવે રાજગાદી ખાલી છે. તખ્ત પર બેસવા ક્યારે આવે છે?' ધૃતરાષ્ટ્રે પૂછ્યું.

'મહારાજ!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'હજી તો કુરુક્ષેત્રની ધરતી પોકારે છે, અને આંસુઓનો ઓટ દેખાતો નથી, ત્યાં ગાદીની વાત શી કરો છો? રાજ્યનો તખતો પોતાના ધણીઓને એની મેળે શોધી લેશે. પાંડવો તો આપનાં ચરણમાં પડવા આવવાના હતા, પણ તેમના દિલમાં સંકોચ થયો એટલે અટકી પડ્યા.'

'એમાં સંકોચ શા માટે થાય?' ગાંધારી બોલ્યાં, 'સંકોચ તો યુદ્ધની અંદર ન કરવા યોગ્ય કાર્યો કર્યા હોય ત્યારે થાય. ધર્મયુદ્ધ કરનારા પાંડવોને સંકોચ કરવાની શી જરૂર?'

'શરમ તો આવે. ' શ્રીકૃષ્ણ બોલ્યા, 'ગમે તેમ તોયે તમારા લાડીલા પુત્રોને રણમાં સુવારી દીધા પછી તમારે ચરણે આવવું તેથી માણસને ભોંઠપ આવે.'

'વારુ, શ્રીકૃષ્ણ!' ગાંધારી બોલ્યાં, 'થવાનું હતું તે થઈ ચૂક્યું; પણ મારા મનમાં એક વાસના સ્ફુરે છે.'

'શી?' શ્રીકૃષ્ણે પૂછ્યું.

'મેં મારા પુત્રોને જણીને તેમનું મોં પણ નથી જોયું અને તેમને સ્વર્ગમાં મોકલી દીધા છે. મારો દુર્યોધન તો યુદ્ધમાં જતી વખતે એક આશીર્વાદ માટે ઇંદ્રના રાજ્ય સારુ ન કરગરે તેટલું કરગર્યો, પણ હું ગાંધારી એકની બે ન થઈ! આજે થાય છે કે એ બધાનાં મોં જોઈને હું તૃપ્ત થાઉં.'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'દેવી! જેવી તમારી ઈચ્છા. નહિતર તમારી ઈચ્છા હોય તો સવિસ્તર

વર્ણન તમને અહીં કરી દઉં, અને વ્યાસે તમને જે દિવ્યદૃષ્ટિ આપી છે તેનો ઉપયોગ કરો તો આખું કુરુક્ષેત્ર તમારી સન્મુખ ખડું થઈ જશે.'

'એ બધુંય સાચું.' ગાંધારી માથું ધુણાવતાં બોલ્યાં, 'એ બધું સવિસ્તર વર્ણન તો સંજય પાસેથી મેં ક્યારનું સાંભળ્યું છે; વ્યાસે આપેલી દૃષ્ટિથી હું આખું કુરુક્ષેત્ર અહીં બેઠી બેઠી જોઈ શકું એયે સાચું; પણ આજે તો મારી આ ચામડાની આંખોથી હું મારા દીકરાઓને જોઉં એવો મનોરથ મને થઈ આવ્યો છે. મહારાજ ધૃતરાષ્ટ્ર! મારા પુત્રોના દર્શનની ખાતર મને આ પાટા છોડવાની રજા આપશો? મારી આંખો એ બધાને ધરાઈ ધરાઈને જોઈ લે. શ્રીકૃષ્ણ! તમે અર્જુનનો રથ હાંક્યો તો આજે મને આંધળીને દોરીને બધું બતાવો.'

'જેવી દેવીની ઈચ્છા.'

* * *

'દેવી ગાંધારી!' શ્રીકૃષ્ણ ગાંધારીને રણક્ષેત્રમાં બતાવતા બતાવતા બોલ્યા, 'આ સિંધુરાજ જયદ્રથ.'

'જયદ્રથ? મારી દુ:શલાનો જયદ્રથ?' ગાંધારી બોલ્યાં, 'બેટા જયદ્રથ! દુ:શલા મારો એકસો ને એકમો દીકરો છે. જયદ્રથ! અમારાં પાપ ઠેઠ તમારા સુધી પણ પહોંચ્યાં. બેટા! તમે બધા પતિવ્રતા સ્ત્રીઓના પેટમાં નવ નવ માસ આળોટો છો અને પતિવ્રતા સ્ત્રીઓના પતિ બનો છે. છતાં પતિવ્રતા સ્ત્રીનું બળ કેટલું જબરું છે તેની તમને ખબર જ નથી પડતી? શું અસ્ત્રવિદ્યામાં જ કંઈ એવું છે કે માણસને શસ્ત્રાસ્ત્રબળમાં શ્રદ્ધા આવતી જાય તેમ તેમ જગતનાં બીજાં સૂક્ષ્મ બળોને પારખવાની શક્તિ પણ તે ગુમાવી દે? જયદ્રથ! જંગલમાં દ્રૌપદી તરફ કુદૃષ્ટિ ન કરી હોત તો કદાચ આ દિવસ ન આવત. જયદ્રથ; જયદ્રથ! તને શંકરના વરદાનનો કેફ રહ્યો. તને ખબર ન પડી કે શંકરના જેવા કેટલાયે દેહો ભારતની પતિવ્રતાઓ પાસે આવે ત્યારે બાળક થઈને ઘરમાં પારણામાં પોઢી જાય છે, અને તેમની પાસેથી તપશ્ચર્યાની દીક્ષા લે છે. બેટા! તું રખડ્યો અને મારી દીકરીનેય રખડાવી! પ્રભુ તારા આત્માને શાંતિ આપો. શ્રીકૃષ્ણ! આગળ ચાલીએ.'

'દેવી! આ દ્રોણાચાર્ય પડ્યા છે. આ પાસે તેમનું માથું પડ્યું છે. દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને એ માથું ઉતારી લીધું હતું.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'હું જાણું છું.' ગાંધારી બોલ્યાં, 'ગુરુદેવ! ગાંધારીના નમસ્કાર સ્વીકારજો. શ્રીકૃષ્ણ! દ્રોણાચાર્ય જાતના બ્રાહ્મણ. લગ્નજીવન પછી બ્રાહ્મણજીવનના કેટલાયે મનસૂબા કર્યા પણ તેમનું પ્રારબ્ધ તેમને ઘસડી લાવ્યું હસ્તિનાપુરમાં, અને આજે અમારા સંગથી તે પોતે પણ પોઢ્યા. શી કાળની ગતિ! આચાર્ય! તમે મારા દીકરાઓની ભૂલ જોઈ શક્યા. તેને કહી પણ શક્યા. પરંતુ તમારા કહેવા પાછળ બળ ન હતું એટલે તમે સૂતા અને તે પણ સૂતો. આચાર્ય! તમે તો ભાગ્યશાળી થઈ ગયા. અશ્વત્થામા મરાયો એવા ખોટા સમાચાર કાને પડતાં જ તમે પરવારી બેઠા ત્યારે હું તો સો સો પુત્રોને ગુમાવી બેઠી, છતાં હજીયે જીવું છું! આચાર્યદેવ! જગતમાં તમારી વિદ્યા જે કાંઈ કરી શકે તે આજે આ મેદાન પર નજરે જોઈ રહી છું. હવે પછી કોઈ જન્મે રાજમહેલમાં અવતાર લઉં અને રાજકુંવરો માટે આચાર્ય રાખવાનો પ્રસંગ આવે ત્યારે આ વિદ્યા કોઈ જ ન શીખે એવો વિચાર આજે તો કરું છું. ખુદ મનુષ્યત્વને ન છાજે એવી આ વિદ્યાને તમે સાથે લઈને સૂતા! પણ હું ભૂલું છું. તમે તો ગયા, પરંતુ તમારો પેલો અશ્વત્થામા માથાનો મણિ ગુમાવીને પણ ચિરંજીવ થઈને ફરે છે. બ્રાહ્મણ મટીને રાક્ષસ તો થયો, પણ તમારી વિદ્યાને ઠેઠ ઉત્તરાના ગર્ભ સુધી

પહોંચાડી! માણસ પશુ રહેશે ત્યાં સુધી તમારી આ વિદ્યા ચિરંજીવ રહેવાની એમાં શંકા નથી.'

'દેવી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'શોક ન કરો. બધા મૃતદેહોને શાંતિ આપો. આ બાજુએ કુમાર અભિમન્યુ સૂતો છે.'

'બેટા અભિમન્યુ!' ગાંધારી હેતાળ અવાજે બોલ્યાં, 'લાવ તને નિરાંતે જોઉં. તારા હાથેથી તો હજી મીંઢળ જ ક્યાં છૂટ્યું છે? ઉત્તરાએ તો તને માંડવામાંથી જ વળાવ્યો. બેટા! આ જ દ્રોણે તને અધર્મથી માર્યો કે? તને જોઈને મારો લક્ષ્મણ યાદ આવે છે.'

'દેવી ગાંધારી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'આ પાસે જ લક્ષ્મણ સૂતો છે.'

'બેટા લક્ષ્મણ!' ગાંધારી લક્ષ્મણ તરફ ફરીને બોલ્યાં, 'કૌરવવંશની આશાને ધૂળમાં મેળવીને તું અહીં સૂઈ ગયો? બેટા! તારી નાનકડી માતાનીયે દાઝ તેં ન જાણી? પણ શ્રીકૃષ્ણ! અમે ક્ષત્રિયાણીઓ તો પુત્રોને ગળથૂથીમાં જ મોત પાઈએ છીએ.'

'છે જ.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'ગાંધારી! આ તમારો વહાલો દુ:શાસન.'

'એનો એક હાથ ભીમે ઉખેડી નાખ્યો છે કે?' ગાંધારીએ પૂછ્યું.

'હા. જુઓ, શરીરની પાસે જ તે છૂટો પડ્યો છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'વીરા દુ:શાસન!' પુત્રનું મોં જોવા ગાંધારી હેઠાં બેઠાં અને બોલવા લાગ્યાં, 'બેટા! તેં સ્ત્રીજાતને ન ઓળખી તે ન જ ઓળખી! ભારતવર્ષની આર્ય સ્ત્રીઓ જગદંબાઓ છે ને તેમનો દુષ્ટ બુદ્ધિથી સ્પર્શ કરનાર મોતની દાઢમાં હાથ નાખે છે, તે તને ન સૂઝ્યું? બેટા! મારી પુત્રવધૂનો ચોટલો તેં વીંખાવ્યો! પણ તારો શો વાંક! તમે તો ભાઈ નચાવે તેમ નાચતા હતા.'

'દેવી! આ તમારો ભાઈ શકુનિ.' શ્રીકૃષ્ણે કહ્યું.

'શકુનિ!' ગાંધારી બોલી ઊઠ્યાં, 'માડીજાયા શકુનિ! તેં ગાંધારના નામને ભારતના ઈતિહાસમાં અમર કર્યું. ગાંધારના રાજકુમારો રાજકાર્યમાં કેવા દાવ સાધી શકે છે તે તેં બતાવી દીધું. વીરા! દ્યૂતસભામાં તારા પાસા સવળા પડ્યા પણ આ છેવટની રમતમાં બધાય ઊંધા પડ્યા! ઈશ્વરનો ન્યાય જ એવો છે. દુષ્ટતાના પાસા શરૂઆતમાં સવળા પડતા દેખાય છે એટલે દુષ્ટતા ઘડીભર જોરમાં આવે છે, અને એ જોરમાં ને જોરમાં ખૂબ બહેકે છે એટલે પર્વત પરથી ઠેઠ નીચેની ખીણમાં પટકાઈને મરી રહે છે. તારા ભાણેજોને તેં ખૂબ રમતો રમાડી, પણ તારી એકેય રમત ખરે વખતે કામ ન આવી ભાઈ! તારી બધી મનની મનમાં રહી ગઈ. હવે આવતે ભવ અવતાર લે ત્યાં બુદ્ધિનો સારો ઉપયોગ કરજે. પ્રભુ તારા આત્માને શાંતિ આપો!'

'દેવી ગાંધારી! અહીં મહારાજ દુર્યોધન પડ્યા છે.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'મારો દુર્યોધન? શું આપણે સરોવરના કાંઠા પર આવી પહોંચ્યાં?' ગાંધારી બોલી ઊઠ્યાં, 'આંસુઓ! ઘડીભર રોકાઈ જાઓ; મારા દુર્યોધનને ધારી ધારીને નીરખવા દ્યો. બેટા દુર્યોધન! મેં તને આશીર્વાદ ન આપ્યો તેથી આજે બોલતો નથી? બેટા! તું કાલું કાલું બોલતાં શીખ્યો ત્યારે મહારાજ કેટલા ગાંડા થઈ જતા! આજે તે તારી પાછળ શૂન્ય થઈ ગયા છે! તારી ખાતર નહિ તો મહારાજની ખાતર તો બોલ! મહારાજે તો તારો પડ્યો બોલ ઝીલ્યો છે. શ્રીકૃષ્ણ! દુર્યોધનના માથા ઉપર આ શું થયું છે? અરે હા, હું ભૂલી જાઉં છું; માથા પર ભીમસેને તને પગથી લાત મારી હતી તે આ છે. જે માથા પર હસ્તિનાપુરનો મુગટ ચડતો તે માથા પર ભીમસેનની લાત પડે! આ બધો કાળનો મહિમા. શ્રીકૃષ્ણ! આ સાથળમાં જ ભીમે ગદા મારી હતી કે?'

'હા, દેવી!' શ્રીકૃષ્ણ બોલ્યા.

'દુર્યોધન'! ગાંધારી બોલ્યાં, 'પરસ્ત્રીને સાથળ ઉઘાડો કરી દેખાડનારા પુરુષોની શી દશા થાય છે તે તને મારા ભાઈએ ક્યાંથી શીખવ્યું હોય! તને તો તે દિવસે આ સાથળ વજ્ર જેવો લાગ્યો હશે. પણ બેટા! દ્રૌપદી જેવી સ્ત્રીની એક નજર ભલભલાં વજ્રને ઓગાળી નાખવા સમર્થ છે તે તો તને મોડું મોડું અંતકાળે સમજાયું હશે. શ્રીકૃષ્ણ! ભીમનો ઘા તો ભારે જબરો.'

'દેવી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'ભીમ પોતે જ જબરો એટલે તેનો ઘા પણ જબરો જ હોય ના!'

'પણ ગદાયુદ્ધના શાસ્ત્રમાં તો આવો ઘા અધર્મ ગણાય; ખરું કે?'

'હા; બળરામ એમ કહેતા હતા.' શ્રીકૃષ્ણે કહ્યું.

'બળરામ કહેતા હતા પણ તમને પોતાને શું લાગ્યું હતું?' ગાંધારીએ પૂછ્યું.

'મને પણ અધર્મ તો અધર્મ જ લાગે.' શ્રીકૃષ્ણે જવાબ વાળ્યો.

'તો જે અધર્મના તમે સાક્ષી હતા તેને ટાળવા માટે તમે શું કર્યું?' ગાંધારીએ પ્રશ્ન કર્યો.

'ઘા થઈ ગયો અને સાથળ ભાંગ્યો; પછી બીજું શું થાય?' શ્રીકૃષ્ણ બોલ્યા.

'પછી પણ જે કરવું હોય તે થઈ શકે.' ગાંધારી શ્રીકૃષ્ણના સામું ક્રોધથી જોતાં બોલવા લાગ્યાં, 'ભીમસેનનો દંડ થાય, ભીમસેનને ઠપકો અપાય; કાંઈ નહિ તો છેવટે ભીમસેનનું કાર્ય અધર્મનું છે એટલા પૂરતો વિરોધ બતાવવા માટે પણ બળરામ જેમ ચાલ્યા ગયા તેમ ચાલ્યા જવાય. તમે આમાંનું કશુંયે કર્યું હતું?'

'ના, દેવી!';

'શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ!' ગાંધારીની આંખોમાં ઝનૂન આવવા માંડ્યું અને તે વધતા જતા ક્રોધથી બોલવા લાગ્યાં, 'છાતીનું ધાવણ ધવરાવીને ઉછેરેલા દુર્યોધનને આશીર્વાદનો એક હરફ કાઢ્યા વિના મેં રણમાં વિદાય કર્યો — સત્ય અને ધર્મ ખાતર; જે યુદ્ધમાં હું મારા સગા દીકરાનો અધર્મ માનું તેમાં મારા આશીર્વાદ એટલે અધર્મને સહકાર. મેં હૈયાને વજ્રનું કરીને દુર્યોધનને તરછોડ્યો. શ્રીકૃષ્ણ! યુદ્ધમાં અર્જુનના સારથિ બન્યા અને શસ્ત્ર ન લીધું, છતાં ભીમસેનના કાર્યને ઉત્તેજન આપ્યું ને બળરામને શાંત પાડ્યા, એ તમને યોગ્ય લાગે છે? શ્રીકૃષ્ણ! માફ કરજો; આ આખાયે રણમેદાન પર જે અઢાર અક્ષૌહિણી સેના સૂતી છે તે શબોને જાણે વાચા ફૂટતી હોય તેમ બધાં મને કહે છે કે ''અમને આ સ્થિતિએ મૂકનાર શ્રીકૃષ્ણ જ છે.'' શ્રીકૃષ્ણ! મેં યુદ્ધની હકીકત સાંભળી છે ને આજે આ બધું નજરે જોઉં છું ત્યારે મારી ખાતરી થાય છે કે આ બધા કારસ્તાનના કરનારા તમે જ છો. શ્રીકૃષ્ણ! મને કહેવા દ્યો, તમે સત્ય અને ધર્મને નામે મનેય આજ લગી છેતરી છે. તમે પોતે જ આ યુદ્ધમાં કેટલીયે વાર અધર્મને ઉત્તેજન આપ્યું છે. ભીષ્મને માર્યા ત્યાં શિખંડીને વચ્ચે રાખ્યો એ શું ધર્મ હતો? દ્રોણને મારવા માટે યુધિષ્ઠિર જેવો સત્યવાદી અસત્ય બોલે એ શું યોગ્ય હતું? કર્ણને માર્યો ત્યારે બિચારાને પૃથ્વીમાંથી પૈડું કાઢવાનીયે તક ન આપી તે શું ધર્મ હતો? મારા જયદ્રથને માર્યો ત્યારે ખોટો ખોટો સૂર્યાસ્ત જાહેર કર્યો એ શું ધર્મ હતો? મારા દુર્યોધનને મારવામાં સાથળ ઉપર ઘા કર્યો એ શું બરાબર હતું? શ્રીકૃષ્ણ! તમે એમ ન સમજો કે આ બધું હું નથી જાણતી. હું એ બધું જાણું છું, અને એ બધાને એકી સાથે ગોઠવીને આજે વિચારું છું ત્યારે મને ખાતરી થાય છે કે તમે પણ ધર્મના મોટા ધુતારા છો. શ્રીકૃષ્ણ! પાંડવોનો અને મારા દીકરાઓનો પાટો ચડવા ન દીધો એ પણ તમે જ!'

'દેવી ગાંધારી!' શ્રીકૃષ્ણ બોલ્યા, 'આ તમારા પુત્રોને મરાવી નખાવનાર જ હું, એમ કહો ને!'

'હા, એમ જ!' ગાંધારી બોલ્યાં, 'શ્રીકૃષ્ણ! મને અને મહારાજને પુત્રો વિનાનાં કરી

નાખીને તમે સુખેથી રહી નહિ શકો. તમને જોઈને અત્યારે ને અત્યારે તમને શાપ આપવાનું મને મન થઈ જાય છે.'

'દેવી! ગાંધારીના શાપનો કોઈ સાચો અધિકારી હોય તો હું પોતે જ છું એમાં શક નથી.' શ્રીકૃષ્ણ હસતા હસતા બોલ્યા.

'શ્રીકૃષ્ણ!' ગાંધારી કોપી ઊઠ્યાં, 'મારા વંશનો નાશ થાય. તેમ જ તમારા યાદવવંશનો નાશ થશે અને તમે પોતે ભૂંડે હાલે મૃત્યુ પામશો. મારા પુત્રોની સ્ત્રીઓના જે હાલ થયા છે તેથીયે બૂરા હાલ તમારી સ્ત્રીઓના થાઓ.' એટલું બોલીને ગાંધારી અટકી ગયાં. તેમનું શરીર ધ્રૂજતું હતું; તેમની આંખોમાં ઝનૂન હતું.

'તથાસ્તુ!' શ્રીકૃષ્ણ હસતા હસતા બોલ્યા, 'દેવી ગાંધારી જેવી સતીનો શાપ તો કોઈ ભાગ્યશાળીના નસીબમાં જ હોય. દેવી! માતાના ધાવણ કરતાંયે મીઠો તમારો આશીર્વાદ હું માથે ચડાવું છું. દેવી! શાંત થાઓ અને જગતની શાંતિનું રક્ષણ કરો.'

ગાંધારીનું શરીર ધ્રૂજતું હતું તે એકાએક સ્થિર થઈ ગયું; તેમની આંખો ખીલા જેવી પૃથ્વી પર ચોંટી રહી, અને જડ બની ગયાં હોય તેમ તે બોલ્યાં: 'શ્રીકૃષ્ણ! મેં શું કહ્યું?'

'દેવી! કાંઈ નહિ.'

'મેં તમને શાપ આપી દીધો?' ગાંધારી દીન અવાજે બોલ્યાં.

'જે ભાવિ અવશ્ય બનવાનું જ છે તે તમે મને જણાવ્યું. એમાં તમારે શોક કરવાનું કશું કારણ નથી.' શ્રીકૃષ્ણ બોલ્યા.

'શ્રીકૃષ્ણ!' ગાંધારીનો કેફ ચડીને પાછો ઊતરી ગયો એટલે બોલ્યાં, 'મને ક્ષમા આપો. મહારાજ શ્રીકૃષ્ણ! આજ લગી મેં મારી સમજ પ્રમાણે ધર્મ અને સત્યનું પાલન કરવાનો પ્રયત્ન કર્યો છે. એ પ્રયત્નમાં નથી ગણી જાતને, નથી ગણ્યા મહારાજ ધૃતરાષ્ટ્રને, નથી ગણ્યા સગા દીકરાઓને. શ્રીકૃષ્ણ! આ ધર્મ અને સત્યની ખાતર તો મેં દુર્યોધનને આશીર્વાદ પણ ન આપ્યો. પણ આજે મારા એ વહાલા દીકરાનું શબ જોયું ત્યારે હું હબકી ગઈ! મારા અંતરના ઊંડાણમાં માતા તરીકેનો જે રાગ ભરાઈ રહ્યો હતો તે એકાએક ઊછળી આવ્યો, અને એ રાગને વશ થઈને મેં તમને શાપ આપી દીધો. શ્રીકૃષ્ણ! જે ગાંધારી આશીર્વાદ પર રહી તે શાપથીય પર ન રહે? પણ મારા અંતરના સ્નેહપ્રવાહે ઘડીભર સત્ય અને ધર્મના બંધને હલાવી નાખ્યા. શ્રીકૃષ્ણ! શાપ આપનારી હું કોણ! જગતની નિયામક સત્તા માણસોના કર્મોના સરવાળા — બાદબાકી કર્યે જ જાય છે; તેમાં નથી અવકાશ આશીર્વાદ કે નથી શાપને. શ્રીકૃષ્ણ! મને માફ કરો. જુઓ ને એક જ શાપ આપીને હું જાણે કેટલાંય વર્ષોની તાકાત ગુમાવી બેઠી હોઉં એમ ઢીલી થઈ ગઈ છું.'

'દેવી! શોક ન કરો.' શ્રીકૃષ્ણ બોલ્યા, 'તમને બધું માફ જ છે. સો સો દીકરાઓને વીરશય્યા પર સુવાડનારી માતા આટલુંયે બોલે તો પછી એ માતા જ શાની?'

'શ્રીકૃષ્ણ!' ગાંધારી બોલ્યા, 'આ બધું અઢાર અક્ષૌહિણીનું પાધર પડ્યું છે એમાં હું શું બોલું? મારા પુત્રોમાં તો સ્વાર્થ હતો એટલે સૂતા; પણ આ દેશદેશાવરથી આવીને સૂતા તેમનો શો સ્વાર્થ હતો? તેમની માતાઓ તો ત્યાં જ રોઈ રહી હશે. બિચારા કોઈના લાડકવાયા!'

'દેવી!' શ્રીકૃષ્ણે કહ્યું, 'આમાં કોઈનું ડહાપણ કામ આવતું નથી. ઈશ્વરના જગતમાં આવાં મોટાં વાવાઝોડાં ઊભાં થાય છે ત્યારે સૌને આશ્ચર્ય અને ખેદ થાય છે પણ એની પાછળ કયાં કયાં બળો કામ કરી રહ્યાં હોય છે તેની માણસને શી ખબર પડે? એક વાત તો ચોક્કસ છે કે આવા ઝંઝાવાતો ફાવે તેટલું નુકશાન કરતા હશે, પણ એક વાર તો પૃથ્વીને સાફસાફ કરી નાખે છે.'

'શ્રીકૃષ્ણ!' ગાંધારીએ જણાવ્યું, 'મારી અક્કલ તો આ બધું જોઈને કામ કરતી નથી. હું બધું જોઈ રહી; હવે હું પાછી મારે હસ્તિનાપુર જઈશ. મનમાં વાસના હતી તે બધાને જોઈ લીધા. હું મારા મનનાં વલખાંને પણ ઓળખું છું. પણ શું કરું? લાચાર છું! પ્રભુ મને આવાં આવાં વલખાંમાંથી ઉગારી લે એ જ માગું છું. આ અઢાર અક્ષૌહિણીની દોરીઓ ખેંચી લીધી તોયે મારી દોરી હજી કેમ ખેંચાતી નહિ હોય?'

'દેવી! પધારો. હું તમને મૂકવા આવું છું.' શ્રીકૃષ્ણ ગાંધારીને દોરીને ઠેઠ સુધી મૂકી આવ્યા.

કુંતી-ગાંધારી

મહારાજ યુધિષ્ઠિર હસ્તિનાપુરની ગાદીએ બેઠા પછી ધૃતરાષ્ટ્રને તો સંસાર આખો ખારો થઈ ગયો હતો. હસ્તિનાપુરમાં તો મહારાજનું જેટલું માન પહેલાં હતું તેથીયે વધારે માન યુધિષ્ઠિરે ઊભું કરવાનો પ્રયત્ન કર્યો હતો. ધૃતરાષ્ટ્રને તેમ જ ગાંધારીને પોતાના પુત્રોનું મરણ સાંભરે પણ નહિ એવી રીતે યુધિષ્ઠિરે તેમની સેવા કરવા માંડી, અને પાંડવો તેમ જ પાંડવસ્ત્રીઓ કેમ જાણે ધૃતરાષ્ટ્ર જ મહારાજા હોય ને પોતે તેના સેવકો હોય; એમ નિરભિમાનપણે વર્તવા લાગ્યાં.

છતાં ધૃતરાષ્ટ્ર એ તો ધૃતરાષ્ટ્ર! યુધિષ્ઠિર ને દુર્યોધનનો ભેદ એ શી રીતે ભૂલે? એના સ્મરણપટ ઉપર તો જીવનભરનાં અનેક કાર્યો ખડાં થવા લાગ્યાં અને યુધિષ્ઠિરની સેવા લેતાં લેતાં તેને ચીમટીઓ ભરવા લાગ્યાં. એટલે છેવટે અંતરની આ મહાવ્યથામાંથી છૂટવા ખાતર તેમણે વનવાસની દીક્ષા લીધી, અને ગાંધારીની સાથે શતયૂપના આશ્રમમાં જઈને વાસ કર્યો. કુંતી પણ વનવાસમાં તેમની સાથે જ હતા.

* * *

'કુંતી!' આશ્રમના એક ખંડમાં પથારી ઉપર પડ્યાં પડ્યાં ગાંધારી બોલ્યાં, 'આજે કેમ ક્યારનાં પાસાં ઘસો છો?'

'તમેય જાગો છો?' કુંતીએ સામે પ્રશ્ન કર્યો, 'મને તો આજે ઊંઘ જ નથી આવતી.'

'આજની જ શા માટે વાત કરો છો? હમણાં હમણાં તો રોજ હું જાગી જાઉં છું, ત્યારે તમે પથારીમાં બેઠાં જ હો છો.' ગાંધારી બોલ્યાં.

'હા, હમણાં હમણાં મારી ઊંઘ સાવ ઊડી ગઈ છે, તમને ભલી ઊંઘ આવે છે!' કુંતી બોલ્યાં.

'મને તો આવે છે.' ગાંધારીએ કહ્યું, 'હું પણ પાછળ કોઈને મૂકતી આવી હોત તો મનેય કદાચ ઊંઘ ન આવત. કુંતી! તમે તો અમસ્તાં અહીં આવ્યાં.'

'ગાંધારી! મને શા માટે બાળો છો?' કુંતી વ્યથા પામતાં બોલ્યાં, 'તમારા પુત્રો રણમાં સૂતા એથી શું મને સારું લાગ્યું હશે?'

'બહેન કુંતી! એમ ઉતાવળાં ન થાઓ.' ગાંધારી શાંતિથી બોલ્યાં, 'હું ઠીક કહું છું. તમે જીવનભર તમારા પુત્રો માટે દુ:ખી થયાં અને આજે જ્યારે તેમના સુખનો દિવસ આવ્યો ત્યારે વનમાં આવ્યાં, એટલે તમને સહેજે એ બધું સાંભરે. હું તો બધાંય જણ્યાંને રણ-ક્ષેત્રમાં સુવારી કોરી કઠોર આ મહારાજને લઈને ચાલી નીકળી. પણ હવે આવ્યાં છો એટલે હસ્તિનાપુરને ભૂલી જાઓ અને મનને ખૂબ ટાઢક આપો.'

'બહેન ગાંધારી!' કુંતી બોલ્યાં, 'એમ જ કરવા મથું છું, પણ નથી થતું. મન ઘડીએ ઘડીએ વેગ કરે છે અને 'મારા યુધિષ્ઠિરનું રાજ્ય કેવુંક ચાલતું હશે?' 'પરીક્ષિત કેવડોક થયો હશે?' 'દ્રૌપદીને અને સુભદ્રાને બનતું હશે કે કેમ?' એવા એવા વિચારો મારા મનને ડહોળી નાખે છે. બહેન ગાંધારી! તમને હદ છે કે આખું લશ્કર ભરાય એટલા પુત્ર-પૌત્રોને વળાવીને ચાલી નીકળ્યાં છો છતાં ચિત્ત સરોવર જેવું શાંત રાખી શકો છો. બહેન ગાંધારી! મને તમારી દેરાણી ગણવી હોય તો દેરાણી ગણો, સેવિકા ગણવી હોય તો સેવિકા ગણો, અને શિષ્યા ગણવી હોય તો શિષ્યા ગણો; પણ તમારા ચિત્તની શાંતિ મને મળે એવો ઉપાય બતાવો!'

'કુંતી! તમને મેં હંમેશા બહેન જ ગણ્યાં છે. ગાંધારી ધીર ગંભીર સ્વરે બોલ્યાં, 'બહેન! આજ સુધી યુધિષ્ઠિર વગેરેને સલાહ આપવામાં તમે તમારા મનને જે વેગ આપ્યો છે તે વેગ મનમાંથી નીકળ્યે જ છૂટકો છે.'

'બહેન ગાંધારી!' કુંતી ગળગળાં થઈને બોલ્યાં, 'એ વેગની તો શી વાત કરું? મેં સાંભળ્યું છે કે દુર્યોધન તમારો આશીર્વાદ ભીખવા આવ્યો તોપણ તમે એને આશીર્વાદ નહોતો આપ્યો! અરે, મેં તો મારા પુત્રો યુદ્ધની મંત્રણામાં ઢીલા ન પડે તે માટે શ્રીકૃષ્ણનેય પાનો ચડાવ્યો, દ્રૌપદીને સંદેશો કહાવ્યો, અને મારા પુત્રોનો જ વિજય થાય એટલા ખાતર દુર્યોધનના ખાસ મિત્ર કર્ણને ફોડવાનો પ્રયત્ન કર્યો!'

'ત્યારે આ બધું તમને અત્યારે તો નડતું હશે?' ગાંધારી બોલ્યાં.

'નડતું હશે શું, મને કોરીને ખાઈ જાય છે!' કુંતી વળી બોલ્યાં, 'હૃદયના ઠેઠ ઊંડાણમાં તો મને હવે એમ જ થયા કરે છે કે જેમ તમારા પુત્રો પૃથ્વીને ભોગવ્યા વિના જ ચાલતા થયા તેમ મારા પુત્રો પણ બે દિવસ પછી ચાલતા થશે. પણ એ બે દિવસની ચાંદરાત માટે મેં કેટલીય માતાઓનાં આંસુ સૂકવી નાખ્યાં હશે એ વિચાર કરું છું ત્યારે ધ્રુજી જાઉં છું. ગાંધારી! હૈયાનો તાપ એટલો બધો અકળાવી નાખે છે કે જઈને પેલો દૂર દાવાનળ સળગે છે તેમાં પડું.'

'બહેન! એમ ન અકળાઓ.' ગાંધારી બોલ્યાં, 'જેવી તમારી દશા છે તેવી જ મહારાજની છે. તેમને પણ આવા જ વિચારો રાતદિવસ આવ્યા કરે છે. અને આવા વિચારો જ્યારે ઊંડા અંતર પાસે ઉઘરાણી કરે છે ત્યારે તેમની ઉઘરાણી કેવી આકરી હોય છે તે તો અનુભવી જ જાણે. મને જીવનમાં એક પ્રસંગ યાદ છે તે તમને માઠું ન લાગે તો કહું.'

'કહો ને ગાંધારી!' કુંતી બોલ્યાં, 'તમે તો પેટ અવતાર લઈને એવાં છો, ત્યાં તમારું માઠું કેમ લાગે?'

'મારે ગર્ભ રહ્યા પછી બે વર્ષ સુધી કાંઈ આવ્યું નહિ અને તમારે યુધિષ્ઠિર આવ્યો ત્યારે તમારી ઈર્ષ્યાએ મેં પેટ કૂટ્યું હતું. એ પેટ કૂટ્યાનું પરિણામ આ દુર્યોધન, અને ત્યાર પછીનો બધો તેનો ઈતિહાસ. મેં પેટ કૂટ્યું તે દિવસ હું તો ભૂલી શકતી જ ન હતી. આખરે જ્યારે દુર્યોધન પડ્યો અને તેનું જોઈને મારાથી શ્રીકૃષ્ણને શાપ આપી જવાયો, ત્યાર પછી એ પેટ કૂટવાની વાત મને ડંખતી સમૂળગી બંધ થઈ ગઈ છે.' ગાંધારી બોલ્યાં.

'તમે તો એક વાર પેટ કૂટ્યું.' કુંતી બોલ્યાં, 'પણ મારા જેવી સ્ત્રીઓ તો ડગલે ને પગલે બીજાની ઈર્ષ્યા કરે તેની શી દશા થાય? ગાંધારી! હૈયાની આ હોળી શમશે એવી આશાથી અને દુનિયામાં મારું સારું કહેવાશે એવા લોભથી હું તમારી સાથે નીકળી. પણ બળ્યું હૈયું તો સાથે ને સાથે જ આવે છે.'

'બહેન કુંતી!' ગાંધારી બોલ્યાં, 'હૈયાની હોળી એમ શાંત થતી હોત તો તો દુનિયા

આખી વનમાં હવાફેર કરવા આવત. અને પછી સંસારમાં જઈને માંદગી ભોગવી લેત. તમે અને મહારાજ ધૃતરાષ્ટ્ર બન્નેએ હાથે કરીને હૈયાની હોળી વહોરી લીધી છે, એટલે એને શાંત કરવાનો એક જ ઉપાય છે.'

'શો?' કુંતી અધીરાં થઈને બોલ્યાં.

'આજે એ હૈયામાંથી જેટલી જેટલી ઝાળો નીકળે તેને ખૂબ શાંતિથી સહન કરો. એ ઝાળથી દાહ થાય તે તો પ્રાયશ્ચિત્ત છે એટલે તેથી મૂંઝાઓ નહિ. એ ઝાળો અંતરના તમામ મેલને બાળી નાખે તેટલા માટે અંતરનો તમામ મેલ — તમામ કચરો ખૂણેખાંચરેથી શોધીને તેમાં નાખો. આમ કરવાથી ઝાળ વધતી જણાશે પણ તેથી મૂંઝાઓ નહિ. આ પ્રમાણે તમામ મેલને બાળ્યા પછી એ ઝાળ એની મેળે ઓલવાઈ જશે. બહેન કુંતી! તમે શ્રીકૃષ્ણનાં ફોઈ થયાં અને તેનું સગપણ માણ્યું; પણ તેની પાસેથી લેવા જેવી વિદ્યા તો આ હતી. હૈયાની હોળીને શાંત કરવા માટે અને તેના દાહને બળતો શમાવવા માટે પ્રભુની દયા એક જ સાચું અમૃત છે. માટે તમે મૂંઝાયા વિના પ્રયત્ન કરો અને પ્રભુની દયા માગો.' ગાંધારી બોલ્યાં.

'મહેનત તો કરું છું, અને હવે વધારે કરીશ. પણ પ્રભુની દયા મળશે?' કુંતી બોલ્યાં, 'જીવનભર પ્રભુને એક ખૂણામાં બેસાડીને વ્યવહાર કર્યો તે આજે પ્રભુની દયા મળશે?'

'કુંતી! પ્રભુ આપણા જેવો પામર નથી.' ગાંધારી બોલ્યાં, 'એની દયાનો વરસાદ તો સદાય વરસ્યા જ કરે છે; માત્ર માણસ અંત:કરણ ઊંધું નાખીને ફરે છે એટલે એ દયાનું એક પણ ટીપું ઝીલી શકતો નથી. 'પ્રભુની દયા મળશે?' એમ ન પૂછો; 'એ દયા હું ઝીલી શકીશ?' એમ પૂછો. કુંતી! તમારી ઈચ્છા સાચી હશે તો પ્રભુ પોતે આવીને તમને કહેશે કે 'કુંતી! ઊઠ. મારી દયા તું કેમ ઝીલતી નથી? તમારી દાનત સાફ જોઈએ.'

'ગાંધારી, ગાંધારી! તમને હજારો પ્રણામ છે કુંતીના. મને તમારી આવી ખબર હોત તો વનવાસમાં તેર વર્ષ હું હસ્તિનાપુરમાં રહી ત્યારે કેટલુંયે શીખી લેત.' કુંતી બોલ્યાં.

'એમ ન શિખાય.' ગાંધારી બોલ્યાં, 'એમાંયે કાળને પાકવાની જરૂર પડે છે. તે દિવસે તો યુધિષ્ઠિર વનમાંથી આવીને ક્યારે હસ્તિનાપુરનો દરવાજો સર કરે એ તમારા મનમાં ઘોળાતું હશે. આજે જ્યારે તમે એ બધું જોઈ લીધું અને લાખો ક્ષત્રિયોના લોહીથી ખરડાયેલો મુગટ યુધિષ્ઠિરને માથે ચડ્યો ત્યારે તમને અંતર ડંખે છે. આજે આવે છે તે આજના વિચારો છે; તે દિવસે આ વિચારો આવી શકે જ નહિ.'

'ગાંધારી!' કુંતી બોલ્યાં, 'તમે સાચું કહો છો. મારા પર બહુ મોટો ઉપકાર કર્યો.'

'કુંતી!' ગાંધારી બોલ્યાં, 'ઉપકાર તો તમે કર્યો એમ કહું તો ચાલે. તમે મનથી મારાં દુશ્મન છતાં આજે જીવનની મારી વાત આટલી મોડી મોડી પણ તમને ગળે ઊતરી એથી વધારે મોટો ઉપકાર મારા પર શો હોઈ શકે? આજે તમને ગળે ઊતરી છે એટલે કાલે મહારાજને ગળે ઊતરશે. અને મારો વિચાર તમારે કે મહારાજને ગળે ઊતર્યો એટલે મારા પુત્રને માથે ચૌદ બ્રહ્માંડના સામ્રાજ્યનો મુગટ આવ્યો એમ હું સમજું છું. કુંતી! મારા પુત્રને આવો મુગટ મળે તેથી સંતોષ પામનારી હું, દુર્યોધનને માથે રાતાલીલા પથ્થરોનો જડેલો મુગટ આવે એવો આશીર્વાદ કઈ જીભે આપી શકું?'

'ગાંધારી! હવેં બંધ કરો.' કુંતી બોલ્યાં, 'હવે તો તમારી વાત વધારે ઊંડી જતી જાય છે એટલે હું પકડી પણ નથી શકતી. મહારાજને જાગવાનો પણ વખત થયો છે.'

'ઠીક, ચાલો જઈએ. કોઈ બીજે વખતે વાત.' ગાંધારી બોલ્યાં. અને બન્ને મહારાજ ધૃતરાષ્ટ્રના ખંડ તરફ ચાલ્યાં.

દુર્યોધન

ધૃતરાષ્ટ્રનો પુત્ર

‘ભાઈ વિદુર! દેવી ગાંધારીને હવે કેમ છે?’ આંધળા ધૃતરાષ્ટ્રે પૂછ્યું.

‘હવે તો ઠીક થતું આવે છે.’

‘એમ એકાએક પેટમાં કેમ દુખવા આવ્યું?’

‘એ તો ગાંધારીએ પોતાનું પેટ કૂટ્યું એટલે એકાએક પીડા થઈ આવી. સગર્ભા સ્ત્રીઓ પેટ કૂટે ત્યારે બીજું શું થાય?’ વિદુર બોલ્યા.

‘બિચારી ગાંધારી! પેટ ન કૂટે તો શું કરે? ‘વિદુર! તું મારો ભાઈ છે એટલે હૈયાછૂટી વાત કરું છું. બે દિવસ પહેલાં જ્યારે કુંતીને સૂર્ય જેવો તેજસ્વી પુત્ર અવતર્યાનાં સમાચાર આવ્યા ત્યારથી જ ગાંધારીની ઊંઘ તો ઊડી ગઈ હતી.’ ધૃતરાષ્ટ્ર ઊંચા થયા ને બોલ્યા.

‘એ તો આનંદના સમાચાર હતા!’ વિદુરે પોતાનો અભિપ્રાય જણાવ્યો.

‘વિદુર! તારે મન આનંદના સમાચાર. પાંડુને ઘેર પહેલું પારણું બંધાયું એટલે મનેયે એ આનંદના સમાચાર. પણ ગાંધારીને? ગર્ભ રહ્યાં આજે બે વર્ષ થવા આવ્યાં. નવદસ મહિને જ જો પ્રસવ થયો હોત તો કૌરવ રાજ્યનો પાટવી કુમાર ગાંધારીએ જ જણ્યો હોત. પણ કુંતીને પહેલો પુત્ર અવતર્યો એટલે બિચારી હતાશ ન થાય! ધૃતરાષ્ટ્રે પ્રશ્ન કર્યો.

‘એ કોઈના હાથની વાત નથી. પેટ કૂટવાનું કારણ ગમે તે હોય, પણ કૂટ્યું ને શૂળ ઊભું થયું એટલું તો હું જાણું છું.’ વિદુર બોલ્યા.

‘પણ હવે તો શમી ગયું છે ના?’

‘ક્યારનું શમી ગયું છે. પેટ કૂટ્યું ત્યારે પહેલાં તો ભારે પીડા ઉપડી; પણ પાછળથી પેટમાંથી એક કઠણ લોઢા જેવી માંસની પેશી નીકળી!’ વિદુર બોલ્યા.

‘હેં, હેં! કઠણ લોઢું?’

‘કઠણ લોઢા જેવી માંસની પેશી.’

‘માંસની પેશી? ગાંધારી! તને તો સો પુત્ર થવાનું શંકરનું વરદાન હતું ને!’ ધૃતરાષ્ટ્રે સંભાર્યું, ‘પણ આ તો મારા પ્રારબ્ધ તને નડ્યાં હશે.’

‘એ માંસની પેશીને દેવી ગાંધારી તો ફેંકી દેતાં હતાં ત્યાં તેમને દૈવી સલાહ મળી કે...’

‘દૈવી સલાહ?’ ધૃતરાષ્ટ્ર ઉતાવળા થઈ ગયા, ‘કોની, શંકરની કે બ્રહ્માની? શી સલાહ મળી?’

‘સલાહ તો એવી મળી કે એ પેશીના ઉપર ઠંડું પાણી સીંચ્યા કરશો તો તે એક પેશીના સો કટકા થશે.’

‘એમ! પછી?’

‘પછી એ સો કટકાને ઘીનાં કૂંડામાં બરાબર મૂકી રાખશો તો દરેકમાંથી એક એક પુત્ર

જન્મશે.'

'આ તો ભારે કહેવાય! મહાપુરુષો કઈ રીતે વરદાન આપે છે અને કઈ રીતે ફળે છે તે સમજાતું નથી. પછી તમે એ પ્રમાણે કર્યું?' ધૃતરાષ્ટ્રે પૂછ્યું.

'હા, તરત જ. એમ કરવાથી એ પેશીના સો ભાગ થયા છે. એ બધાને ઘીનાં કૂંડામાં રખાવીને હું આવ્યો છું.' વિદુરે ખુલાસો કર્યો.

'બરાબર સો ભાગ થયા?'

'હા, બરાબર સો. પછી તો રાણીને એક દીકરીનું મન થયું એટલે સો ભાગોની જે નાની નાની કરચો હતી તેનો પણ એક ભાગ કર્યો, ને તેમાંથી એક દીકરી જન્મશે એમ લાગે છે.' વિદુર બોલ્યા.

'આ બધાં ક્યારે જન્મશે?'

'પૂરાં બે વર્ષ થશે ત્યારે.'

'હજી બીજાં બે વર્ષ? ત્યાં સુધીમાં તો પાંડુને ઘેર બીજો કુમાર પણ અવતર્યો હશે. પણ વિદુર! તને એક વાત પૂછું?' ધૃતરાષ્ટ્રે કહ્યું.

'મહારાજ! ખુશીથી પૂછો.'

'પણ તારે તે વાત પેટમાં જ રાખવી. આપણા કુળમાં જે કુમારનો ગર્ભ પહેલો રહે તે રાજ્યનો વારસ ગણાય, કે જેનો જન્મ પહેલો થયો હોય તે? જો કે મારે મન તો પાંડુનો પુત્ર જ કૌરવનો પાટવી છે એમાં શક નથી; પણ ગર્ભાધાનના કાળને ગણતરીમાં લઈએ તો લઈ શકાય કે નહિ?' ધૃતરાષ્ટ્રે શંકા મૂકી.

'મહારાજ! આજે તો આ પ્રશ્ન જ ક્યાં છે! હજી કૂંડાંમાં મૂકેલી પેશીઓ પાકવા તો દ્યો!' વિદુરે કહ્યું.

'હું તો અમસ્તો પૂછું છું. મારે તો આંખો જ નથી એટલે કાંઈ જોવું છે? વળી ભીષ્મ પિતામહ બેઠા છે ત્યાં સુધી મારે ને તારે ફિકર જ નથી. આ તો મારા મનમાં એક તુક્કો આવ્યો એટલે મેં તને તે કહી નાખ્યો. એ તુક્કામાં જરાયે અર્થ નથી, હો!' ધૃતરાષ્ટ્રે ખુલાસો કરવા માંડ્યો.

'અર્થ વિનાનું તો માણસ કદાપિ બોલતો જ નથી. આપણને જે અર્થ વિનાનું લાગે છે તેમાં પણ અર્થ તો હોય જ છે, અને ઘણી વાર ભારે ગંભીર અર્થ હોય છે. માત્ર સાંભળનારાઓમાં એ અર્થ ઉકેલવાની શક્તિ જોઈએ.' વિદુર બોલ્યાં.

'વિદુર! તું જરા જઈને ફરીથી દેવીની ખબર કાઢી આવ તો! તને આવ્યા ઘણી વાર થઈ.' ધૃતરાષ્ટ્રે વાત ફેરવી.

'મહારાજ! આ ચાલ્યો.'

* * *

'વિદુર! આ અવાજ શાનો આવે છે?'

'આપણા પહેલા કૂંડામાં પુત્ર ઉત્પન્ન થયો તેની ખુશાલીનો.'

'હેં હેં! ભાઈ! ફરીથી એક વાર એ શબ્દો બોલ એટલે હું ધરાઈ ધરાઈને સાંભળું.' ધૃતરાષ્ટ્રે કાન માંડ્યા.

'દેવી ગાંધારી આજે પુત્રવતી થયાં.'

'દેવી, દેવી! આજે મને કૃતાર્થ કર્યો. વિદુર! તમે જઈને આ સમાચાર પિતામહને આપો, અને બ્રાહ્મણને બોલાવીને કુમારના જોશ જોવડાવો.' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'પિતામહને સમાચાર મોકલાઈ ગયા છે અને જોશીઓને તો ક્યારના દેવીએ બોલાવ્યા

છે.' વિદુરે જણાવ્યું.

'તો તો ઠીક. જોશીને કહો કે મારા એ પુત્રની કુંડળી બરાબર મૂકે.' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'કુંડળી તો મૂકે જ છે. આ દેવી પોતે જ આવ્યાં.'

'ક્યાં છે? દેવી ગાંધારી! તમે મને ભાગ્યશાળી કર્યો!' ધૃતરાષ્ટ્ર ગળગળા થઈ ગયા.

'ભાગ્યશાળી કે દુર્ભાગી?'

'દેવી! એમ ન બોલો. ગાંધારની પુત્રીએ તો માત્ર ઘરને આજે શણગાર્યું.'

'કહો કે સળગાવ્યું.'

'દેવી! એમ ન બોલો.'

'મહારાજ! હું ઠીક જ કહું છું. આ જોશીઓ તો કહે છે કે આ પુત્ર તો આખા કૌરવકુળનો નાશ કરશે.' ગાંધારી બોલી.

'તમે આ શું કહો છો! હજી તો કૂંડામાંથી બહાર આવે છે ત્યાં એ આખા કુળનો નાશ કરશે એમ જોશીઓ જોઈ ગયા?' ધૃતરાષ્ટ્રથી ન રહેવાયું.

'એ લોકો તો જોશમાં જેવું આવે એવું કહે.' ગાંધારી બોલી.

'એવા કયા અમંગળ મુહૂર્તમાં તે આવ્યો છે?' ધૃતરાષ્ટ્રે પૂછ્યું.

'મહારાજ! આ પુત્ર અવતર્યો ત્યારે તેના રડવાનો અવાજ ગધેડાના જેવો હતો.' વિદુરે કહ્યું.

'એ તો બધાંય છોકરાં અવતરે ત્યારે રુવે.'

'વળી જોશીઓ કહેતા હતા કે તે વખતે શહેરની અંદર પણ ગધેડાંઓ એકીસાથે ભૂંકવા લાગ્યાં હતાં.' ગાંધારી બોલી.

'એ તો કોઈએ બધાંને એકસાથે માર્યાં હશે.' ધૃતરાષ્ટ્રે ખુલાસો શોધ્યો.

'તમે તમારે ફાવે તેમ કહો; મને તો આ તમારા જોશીઓ કહે છે કે આ પુત્ર કૌરવકુળનો નાશ કરશે, માટે તેનો ત્યાગ કરો.'

'દેવી, દેવી! તમારા જોશીઓ બધા વાંઝિયા લાગે છે. ગામમાં તમને બીજા કોઈ સારા જોશી ન મળ્યા? ત્યાગ કરો, ત્યાગ કરો, એટલે શું? બોલો તમે જ ત્યાગ કરવા તૈયાર છો?' ધૃતરાષ્ટ્રે પૂછ્યું.

'હા, હું તૈયાર છું. તમારા આખા કુળની ખાતર મારા એક પુત્રનો ત્યાગ કરવા હું તૈયાર છું.' ગાંધારી બોલી.

'એ બધું નકામું છે. દૈવને કુળનો નાશ જ કરવો હશે તો તમે એને જંગલમાં મૂકશો ત્યાં પણ મોટો થઈને એ આપણો નાશ કરશે.' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'જંગલમાં બે દિવસનું છોકરું તો જીવતું જ શાનું રહેશે? ત્યાં તો વાઘવરુ એનો કોળિયો કરી નહિ જાય?' વિદુર બોલ્યા.

'દૈવની ઈચ્છા હોય તો વાઘ એને મારી નાખવાને બદલે પોતે જ ધવરાવીને મોટો કરે. અને છતાં જો દૈવને જ આપણો વિનાશ કરવો હશે તો શું આ પુત્રના ત્યાગથી તે અટકશે? પિતામહ અને વિદુર જેવા પુરુષો જે કુળના સંરક્ષકો છે તે કુળનો નાશ કરવાની કોઈની તાકાત નથી. મારે તો એનો ત્યાગ કરવો નથી. વિદુર! તને કેમ લાગે છે?' ધૃતરાષ્ટ્ર બોલ્યા.

'મને તો દેવી કહે તે યોગ્ય લાગે છે. આ એક જશે તો પાછળ હજી બીજા નવ્વાણું પુત્રો છે.' વિદુર બોલ્યા.

'વિદુર! બીજા નવ્વાણું પુત્રો હોય માટે શું આ એક પુત્ર અમને વધારાનો છે? જગતની માતાઓને જઈને પૂછી આવ એટલે તને ખબર પડે. ગાંધારી ત્યાગની હા કેમ પાડે છે તે જ મને તો સમજાતું નથી. હું તો કહું છું કે એને જાળવો ને મોટો કરો. એ મોટો થશે ત્યારે

એને અંકુશમાં રાખવો એ મારું કામ.’ ધૃતરાષ્ટ્ર બોલ્યા.

‘તમે અંકુશમાં રાખી રહ્યા. તમે કોઈને અંકુશમાં રાખ્યા છે! જે પોતાની જાતને અંકુશમાં ન રાખી શકે તે બીજાને શું રાખી શકવાના હતા! ભલે, તમારી ઈચ્છામાં આવે તેમ કરો. મનેય કાંઈ દીકરા જેવો દીકરો તજી દેતાં મન થતું હશે! પણ આ આખા કુળનો પ્રશ્ન હોય તો હું ઘડીભર હૈયાને કઠણ કરીને ત્યાગ કરવાની હા પાડું છું.’ ગાંધારી બોલી.

‘તો દેવી! ત્યાગ કરવાની કશી જરૂર નથી. એ તો બ્રાહ્મણો પોતાનું મહાત્મય વધારવા એવીયે વાતો કરે. તેથી આપણે શા માટે ગભરાવું! બ્રાહ્મણોને કહો કો કૌરવકુળ ઉપર કાંઈ આફત જેવું જણાતું હોય તો નિવારણને માટે મંત્રો કરો, યાગો કરો, દક્ષિણા આપો, અને જોઈએ તેટલાં દેવપૂજન કરો. કુરુકુળ પર સંકટ હોય તો તેની નિવૃત્તિ માટે જેટલું કરવું હોય તેટલું સુખેથી કરો.’ ધૃતરાષ્ટ્ર બોલ્યા.

‘ભલે, એમ કરું છું.’

‘અને હવે ત્યાગ કરવાનું નામ જ ન લેશો. મારા એ પુત્રને પછી મારી પાસે લાવો. મારે આંખો તો નથી પણ તેના કોમળ શરીર પર હાથ ફેરવીનેયે હું સુખી થઈશ.’ ધૃતરાષ્ટ્રે પૂરું કર્યું.

ચંડાળચોકડી

હસ્તિનાપુરના રાજમહેલની એક અગાશીમાં દુર્યોધન આંટા મારતો હતો. દૂર દૂર યમુનાનાં પાણી સપાટાબંધ વહ્યાં જતાં હતાં. થોડી વારે શકુનિ, દુ:શાસન અને કર્ણ દાખલ થયા.

‘કેમ દુર્યોધન! શા વિચારમાં પડ્યો છે?’ પેસતાં પેસતાં શકુનિએ પૂછ્યું.

શકુનિના શબ્દો દુર્યોધનના કાન સાથે અથડાઈને પાછા ફર્યા.

‘કોઈ ભારે ચિંતામાં લાગે છે.’ શકુનિ ગણગણ્યો.

‘મોટાભાઈ, મોટાભાઈ!’ દુ:શાસને દુર્યોધનના ખભા પર હાથ દઈને કહ્યું, ‘મામા અને કર્ણ આવ્યા છે.’

‘પધારો મામા!’

‘બહુ ઊંડા વિચારમાં ઊતરી ગયો છે! સામે શું જુએ છે?’

‘મારા જીવનની કથા.’

‘એટલે શું એ પાણી ઉપર તારા જીવનની કથા લખી છે?’

‘હા, એ પાણી પર લખી છે; સામેનાં ઝાડો પર પણ લખી છે; આ સામે આકાશમાંયે લખી છે; ને સૌથી વધારે ચોખ્ખી તો લખી છે મારા અંતરમાં.’ દુર્યોધન ધીરે ધીરે બોલ્યો.

‘મહારાજ નિરાશ થઈ ગયા છે એટલે આવું તેવું બોલે છે!’ કર્ણ બોલ્યો.

‘હા, નિરાશ તો એવો થયો છું કે હવે એ નિરાશામાંથી આશાનો અંકુર સરખો ફૂટવાનો નથી.’ દુર્યોધને ભાર દઈને કહ્યું.

‘ભાણેજ! તોં તો સમસ્ત માનવજીવન પર હડતાલ દીધી. નિરાશામાંથી આશા આવવાની જ છે. માણસ જ્યારે પૂરેપૂરો નિરાશ થાય છે ત્યારે તો જીવ એ દેહને છોડીને ચાલતો થાય છે!’ શકુનિ બોલ્યો.

‘તો મારુંયે તેમ થશે. હવે જીવનનું કશુંયે પ્રયોજન રહ્યું નથી.’ દુર્યોધન હતાશ થતો બોલ્યો.

'મહારાજ! એવું શું બોલો છો! કાલે સવારે આપ ચક્રવર્તી બનશો ને બધી લીલા લહેર થશે.' કર્ણ બોલ્યો.

'કર્ણ! માઠું ન લગાડતો. ઘોડાનો ચાબુક ઝાલવામાંથી જે અંગદેશના સિંહાસન પર ચડી જાય તેને મારા દુ:ખનું તો ભાન પણ થાય!' દુર્યોધને ક્રોધી આંખે કહ્યું.

'પણ દુર્યોધન! હજુ આપણે પ્રયત્ન ક્યાં સાવ છોડી દીધો છે!' શકુનિ બોલ્યો.

'મને એ જ સાલે છે. આપણે કેટકેટલા પ્રયત્નો કર્યા પણ એકેયમાં ફાવ્યા નહિ. આ નદીનાં નીર મને હસે છે, તે તમે જુઓ છો? ભીમને ઝેર ખવરાવીને આપણે તેને નદીમાં ડુબાડ્યો, પણ એ તો પાતાળમાંથી ઊલટો વધારે મજબૂત થઈને બહાર આવ્યો. આવા આપણા પ્રયત્નો!' દુર્યોધન બોલ્યો.

'એ તો કોઈ વાર પાસા અવળા પણ પડે.'

'કોઈ વાર નહિ; મારે તો બધા પ્રયત્નોમાં અવળા જ પડ્યા છે. મામા! તમારા કહેવાથી મેં લાખનો મહેલ તૈયાર કરાવ્યો અને પાંડવોને બાળી દેવા માટે પુરોચનને મોકલ્યો. છતાં પાંડવો બળ્યાં તો નહિ જ; ઊલટા દ્રૌપદીને લઈને બહાર પડ્યા!' દુર્યોધન બોલ્યો.

'ગઈગુજરીને સંભાળવી જ શા માટે?'

'મામા! તમારે મન એ ગઈગુજરી છે; મારે મન તો આ બધા બનાવો આજે મારી સન્મુખ બનતા હોય એટલા તાજા છે, અને મારું અંતર કોતરી ખાય છે. પેલું સામે નદી પર કાળું વાદળું મને કહે છે; દુર્યોધન! તું તારે ફાવે તેટલો પુરુષાર્થ કરી લે. અંતે તારો પરાજય છે!'

'પુરુષાર્થ નકામો છે, એમ? પુરુષાર્થ નકામો હોત તો પાંડવો અત્યારે આ મહેલમાં હીંડોળાખાટે હીંચતા હોત ને દુર્યોધન તથા ભાનુમતી વલ્કલ પહેરી દ્વૈતવનમાં રઝળતાં હોત. જેઓ દૈવની વાત કર્યા કરે છે એ લોકોનાં મન બીમાર થઈ ગયાં હોય છે એમ તું ખાતરીથી સમજજે.' શકુનિએ ભાર દઈને કહ્યું.

'એ ગમે તેમ હોય; મને તો મારા જીવતરમાં જણાયું છે કે આપણે પાંડવોને જેમ જેમ કચરવાનો પુરુષાર્થ કર્યો છે તેમ તેમ દૈવે તેમને સહાય આપી છે. રાજસૂય યજ્ઞમાં, મામા! તમે ન હતા. ત્યાં જ્યારે શિશુપાળે કૃષ્ણના પૂજન સામે વાંધો ઉઠાવ્યો ત્યારે ઘડીભર તો મને થયું કે ''હાશ! આ ઘડીએ યજ્ઞ વીંખાશે!'' પણ એટલામાં તો શિશુપાળનું માથું ધડ પરથી હેઠું ઊતર્યું ને યજ્ઞ આખો સાંગોપાંગ પૂરો થયો.' દુર્યોધન બોલ્યો.

'વળી પાછી ગઈગુજરી! અને છતાં આજે તો એ બધાં જંગલમાં રખડે છે ના! હવે તારે શી ચિંતા છે?' શકુનિએ કહ્યું.

'ચિંતા તો એ જીવતા હશે ત્યાં સુધી રહેવાની છે, મામા! સંભારો. જંગલમાં પાંડવોને શાપ આપવા માટે આપણે દુર્વાસા ને હજાર શિષ્યોને મોકલ્યા; પણ કોણ જાણે કેમ દુર્વાસા અને તેમના શિષ્યો નદીમાંથી જ પરબાર્યા ચાલતા થયા!' દુર્યોધન બોલ્યો.

'ગણતરી તો એવી હતી કે દુર્વાસા કવખતે પાંડવોની ઝૂંપડીએ પહોંચે ને ખાવાનું ન મળે તો શાપ આપી તેમને બાળી દે.' દુ:શાસન બોલ્યો.

'વાત એ જ છે. આપણે બધીયે ગણતરીઓ કરી હોય છે ત્યારે તો આબાદ લાગે છે, પણ કોણ જાણે ક્યાંથી એ ગણતરીમાંથી પણ પાંડવોને માર્ગ મળી જાય છે, અને આપણી સઘળી મહેનત નકામી નીવડે છે!' દુર્યોધન બોલ્યો.

'એમ જ છે. જુઓ ને, આપણે જયદ્રથને દ્રૌપદીનું હરણ કરવા મોકલ્યા હતા...' દુ:શાસને બોલવા માંડ્યું.

'ત્યાં તો તે પોતે જ પકડાયા!' કર્ણે પૂરું કર્યું.

'અને મામા! અમે બધા ગંધર્વોની સાથે લડ્યા ત્યારે મોટાભાઈને પાંડવોએ છોડાવ્યા.' દુ:શાસને કહ્યું.

'મામા! આ બધું જ્યારે એક પછી એક મારા સ્મરણપટ પર ખડું થાય છે ત્યારે મારા રૂંવાડાં ઊભાં થઈ જાય છે, શરીરે પ્રસ્વેદ આવે છે અને લોહીનું પાણી થઈ જાય છે!'

'એમ થાય એ સહજ છે, પણ હિંમત હારવાની નથી.' શકુનિ બોલ્યો.

'મામા! તમે પહેલાં ઘડીભર કુરુરાજ ધૃતરાષ્ટ્રના પુત્ર થઈ જાઓ, ને પછી સલાહ આપો તો ઠીક!' દુર્યોધન ચિડાયો.

'થઈ ગયું તેનો શોક કરીને જ વાત પર ચોંટી રહેવું એ નબળા મનની નિશાની છે. થયું તે થયું; હવે આવતી કાલે શું કરવું છે તેનો વિચાર જ ડાહ્યા પુરુષો કરે છે.'

'આવતી કાલ તો ગઈ કાલ અને આજનું બચ્ચું છે. ગઈ કાલને ભૂલીને આવતી કાલનો વિચાર કરનાર મૂર્ખ છે મામા! તમને ગમે તેમ દેખાય, મને તો દીવા જેવું ચોખ્ખું દેખાય છે કે આપણી બધી યુક્તિપ્રયુક્તિઓએ દેવાળું કાઢ્યું.' દુર્યોધને ચોખવટ કરી.

'તો હવે હાથપગ જોડીને આ અગાશીમાં બેઠા બેઠા નદીનાં નીર જોયા કરો અને ગઈ કાલનું સ્મરણ કર્યા કરો. એટલે સામ્રાજ્ય આકાશમાંથી ઊતરીને દુર્યોધનના ખોળામાં પડશે!' શકુનિએ માથું ખજવાળતાં કહ્યું.

'એમ તે કોઈ સામ્રાજ્ય મળ્યા છે!' દુ:શાસનથી ન રહેવાયું.

'સામ્રાજ્ય તો મળશે તલવારની ધાર પર!' કર્ણ બોલ્યો.

'તમે બધા જૂઠા છો. કર્ણ!' માઠું ન લગાડજે. વિરાટના રણમેદાન પર જ્યારે એકલો અર્જુન ગાયોના ટોળામાં વાઘની જેમ પડ્યો ત્યારે તારી તલવારની ધાર ક્યાં ગઈ હતી? તમે બધા લોકો ''હા જી હા' કરનારા છો ને ભલું મનવ્યા કરો છો.'' દુર્યોધને ક્રોધથી કહ્યું.

'મહારાજ! ભલું મનવવાનો પ્રશ્ન નથી.'

'ત્યારે કયો પ્રશ્ન છે? પાંડવોને વનમાં મોકલ્યા તે દિવસે ધારતા હતા કે તેર વર્ષમાં તો આપણે બરાબર જામી જઈશું. એ તેર વર્ષ પૂરાં થયાં ને આવતી કાલે પાંચ પાંડવોને અને દ્રૌપદીને હું હસ્તિનાપુરના દરવાજામાં પેસતાં દેખું છું.' દુર્યોધન બોલ્યો.

'હસ્તિનાપુરનાં દરવાજા ખાલી લાકડાના જ નથી બનાવ્યા.' કર્ણ બોલ્યો.

'ખાલી લાકડાના તો શું, પણ ઘાસના બનાવ્યા છે! વિરાટના રણમેદાન પર એક છ વર્ષના છોકરાએ આપણાં વસ્ત્રો ઉતાર્યા તે દિવસે આપણી કેડે તલવારો હતી ને ખડની પૂળીઓ હતી?' દુર્યોધન બોલી ઊઠ્યો.

'હવે કરવું છે શું? તારી ઈચ્છા હોય તો અમે સૌ અમારે ઠેકાણે જઈએ, અને તને ઠીક લાગે તેમ તું કર. દુ:શાસન! ચાલો ઊઠો.' શકુનિએ કહ્યું.

'ઊઠે ક્યાં?'

'કેમ? હવે અમારું કામ નથી એટલે અમે જઈએ.'

'હવે તો આપણે ચાર જણા એક સાથે જ જશું. આજ સુધી તમારી સલાહ પ્રમાણે ચાલ્યો છું; અને હવે આજ માર્ગ દેખાતો નથી તે વખતે તમને જવા કેમ દઉં?' હવે તો હુંયે પડું અને તમનેય પાડું.' દુર્યોધન બોલ્યો.

'તો તો મજા આવે. તું નાહિંમત થાય છે ત્યારે મને ગમતું નથી. સામ્રાજ્ય મેળવવામાં કદાચ મરવું પડે તોયે શું થઈ ગયું? સામ્રાજ્ય મેળવવાના પ્રયત્નમાં જ મજા છે.' શકુનિ બોલ્યો.

'મામા! સાચું કહું છું. પાંડવોને જેર કરવાના મારા તમામ પ્રયત્નો આજ સુધી નિષ્ફળ

થયા છે. એ બધા પર આજ નજર નાખું છું ત્યારે એમ થઈ જાય છે, પુરુષાર્થીને પણ જગતમાં સફળ થવા માટે કોઈ બીજા તત્ત્વની જરૂર છે. એકલો પુરુષાર્થ જ બસ હોત તો તો પાંડવો ક્યારના હતા ન હતા થઈ ગયા હોત. પણ મામા! તમારા ગણિતમાં એકાદ આંકડો ક્યાંક ખૂટે છે, ને આખા ગણિતને ખોટું પાડે છે!' દુર્યોધન બોલ્યો.

'હવે શું કરવું છે તેનો જ વિચાર કરો ને!' કર્ણ બોલ્યો.

'વિચાર શો કરવો છે? મામાને વિચારે વિચાર!' દુ:શાસને કહ્યું.

'મામા! તમે બધી વાત જાણો છો. પાંડવો વિરાટમાં છતા તો થયા છે; વિરાટની સભામાં તેમણે દ્રુપદ વગેરેને એકઠા પણ કર્યા છે. હવે તેઓ પોતાના રાજ્યને માટે માગણી કરશે એમાં મને શંકા નથી.' દુર્યોધને જણાવ્યું.

'એમ જ.'

'તો પછી આપણે શું કરવું છે?'

'દુર્યોધન કહે તેમ પાંડવોને તેમનું રાજ્ય સોંપી દ્યો; અને તમે સૌ તમારી રાણીઓને લઈને દ્વૈતવનમાં ચાલો. હું તમારી સાથે આવીશ, અને તમને ત્યાં મૂકીને સીધો ગાંધારમાં જઈશ.' શકુનિએ ચલાવ્યું.

'પાંડવોને રાજ્ય સોંપી દઉં?' દુર્યોધન ગાજ્યો.

'એમ તો હું આ મામાનો ભાણેજ છું, હો!'

'મારો ભાણેજ હોય એ તો જીવે ત્યાં સુધી પ્રયત્ન ન છોડે; અને યુક્તિપ્રયુક્તિ એવી લડાવે કે ખુદ ઈશ્વરને પણ હાથ જીભ કાઢવી પડે! તેમ છતાં ન ફાવે તો હસતે ચહેરે નિષ્ફળ થાય અને વળી ધૂળ ખંખેરીને ઊભો થાય. મારો ભાણેજ તો આવો હોય!' શકુનિએ જણાવી દીધું.

'તો મામા! પાંડવોનું કાસળ નીકળે તેવો માર્ગ હજીયે શોધો ને! તમારો ભાણેજ તૈયાર છે.'

'તો જો; પાંડવો પોતાનું રાજ્ય માગશે.'

'હું નહિ આપું.'

'એ લોકો તારા બાપને પગે પડશે.'

'હું આપવા નહીં દઉં.'

'પેલા ભીષ્મદ્રોણ શાંતિ ને ન્યાયની તને સલાહ આપશે.'

'ભીષ્મદ્રોણને તો મેં ક્યારના વેચાતા લઈ લીધા. એમને સાચું બોલ્યાનો સંતોષ મળે એટલા માટે હું તેમને મરજી પ્રમાણે બોલવા દઉં છું; બાકી છેવટ તેઓ છે મારા પક્ષમાં એ ચોક્કસ સમજજો.' દુર્યોધને કહ્યું.

'પાંડવો રાજ્ય માગશે, તારા બાપને સમજાવશે, ધર્મની વાતો કહેશે અને છેવટે શ્રીકૃષ્ણની મારફત પણ કહેવડાવ્યા વિના નહિ રહે.'

'ભલે ને શ્રીકૃષ્ણ આવે! શ્રીકૃષ્ણને ઘોળીને કેમ પી જવા તે તમે મને શીખવો ને!' દુર્યોધન બોલ્યો.

'એમાં શીખવવાનું કશું નથી. તારે તો એક જ વાત લઈને બેસવું. પાંડવોને એક તસુ જેટલી જમીન પણ આપવાની ના પાડવી. ધૃતરાષ્ટ્ર આપવાનું કહે તો તારે કહેવું કે ''હું મરીશ.'' તું છેવટનું જણાવી દઈશ એટલે તારો બાપ રાંક છે!' શકુનિએ યુક્તિ બતાવી.

'એ હું જરૂર કહીશ.'

'તો બેડો પાર!'

'પછી લડાઈબડાઈની ખોટી વાતો છે. પાંડવોને લડવું હોત તો ક્યારના લડી ચૂક્યા

હોત. તેમને લડવું નથી પણ લડાઈને નામે તમને બિવરાવવા છે.' શકુનિ બોલ્યો.

'ના, ના, હવે એ લોકો લડ્યા વિના ન રહે.'

'તને ખબર નથી. આ તારા ભીષ્મદ્રોણ એક દિવસમાં આખી પૃથ્વી ભસ્મ કરી દે તેવા છે, એ વાત શું પાંડવો નથી જાણતા? જાણે છે માટે તો તે લડાઈ નથી કરતા. તું તારે એ બે જણને તારા પક્ષમાં રાખજે એટલે પત્યું.' શકુનિએ કહ્યું.

'એ તો મારા ખીસામાં જ છે.'

'તું તારે મક્કમ રહે; તારા બાપને પણ મક્કમ રાખ. હવે થોડા દિવસમાં પાંડવો શું કરે છે તે જોયા પછી આપણે આગળનો કાર્યક્રમ નક્કી કરશું.'

'ભલે મામા! તમે વિચાર તો કરી રાખજો. હવે આપણે લાંબો વખત રાહ જોઈ નહિ શકીએ.'

'રાહ જોવાની જ નથી; તેમ ઉતાવળા પણ થવાનું નથી. હમણાં તો એ લોકો શું કરે છે તે જોયા કરીએ.' શકુનિ બોલ્યો.

વાતોમાં ને વાતોમાં રાત ઘણી આગળ વધી હતી. આસપાસના મેદાનમાં પક્ષીઓ શાંત હતાં. ઘુવડો પક્ષીઓનો સંહાર કરીને એ શાંતિમાં ક્યાંઈક ભંગાણ પાડતાં હતા.

હસ્તિનાપુરની ચંડાળચોકડીએ શૂન્ય આકાશ સામું જોતીજોતી છૂટી પડી.

યુદ્ધની તૈયારી

'દુ:શાસન! મામાને કેમ વાર લાગી?' દુર્યોધન બોલ્યો.

'મને તો કહે, કર્ણને લઈને હમણાં જ આવું છું. જુઓ, આ ચાલ્યા આવે.' દુ:શાસને જવાબ આપ્યો.

'મહારાજ દુર્યોધનનો વિજય થાઓ!' ઓરડામાં પેસતાં જ શકુનિ બોલ્યો.

'મહારાજ દુર્યોધનનો વિજય થાઓ!' કર્ણ પેસતાં પેસતાં સાથે ઉમેર્યું.

'કેમ મામા! આ વળી નવી નવી મશ્કરી શોધી કાઢી?' દુર્યોધને પૂછ્યું.

'એ મશ્કરી નથી પણ સંપૂર્ણ સત્ય છે.' કર્ણ ગંભીરતાથી બોલ્યો.

'દુર્યોધન! હવે એ વાત જવા દે. તું શું કરી આવ્યો એ તો કહે!' શકુનિએ પૂછ્યું.

'આ બાબતમાં તો મોટાભાઈનો ખરેખર વિજય જ છે, મામા!' દુ:શાસન ફુલાયો.

'શું થયું?' કર્ણે પૂછ્યું.

'એ તો મોટાભાઈના મોંએથી સાંભળશો ત્યારે ખરી મજા આવશે.'

'બોલો મોટાભાઈ! તમે જ કહો.' શકુનિએ કહ્યું.

'મામા! હું દ્વારકા પહોંચ્યો તે જ વખતે ભીમસેનનો ભાઈ અર્જુન પણ ત્યાં આવ્યો.' દુર્યોધન બોલ્યો.

'મોટા અપશુકન.' શકુનિ ગણગણ્યો.

'મામા! ભૂલો છો. પહેલાં તો મને પણ એમ લાગ્યું હતું ખરું, પણ છેવટે તો એ અપશુકનના શુકન થઈ ગયા.' દુર્યોધન બોલ્યો.

'એમ? એક વાર બધું કહે તો ખરો!' શકુનિ બોલ્યો.

'અર્જુન પણ દ્વારકામાં પહોંચ્યો તો ખરો! પણ હું તો તેની સામુંયે જોયા વિના પરબાર્યો શ્રીકૃષ્ણના મહેલમાં જ પહોંચ્યો.' દુર્યોધને કહ્યું.

'પછી?'

'શ્રીકૃષ્ણ સૂતા હતા એટલે હું તો એમના ઓશીકાના ભાગ તરફ એક મોટું સુંદર આસન પડ્યું હતું તેના પર જઈને જામ્યો.' દુર્યોધન ખીલ્યો.

'પછી?'

'પછી થોડી વાર થઈ ત્યાં અર્જુન પણ આવ્યો.' દુર્યોધને ચલાવ્યું.

'મોટાભાઈ પહેલાં પહોંચી ગયા એ જ ઠીક થઈ ગયું.'દુ:શાસન બોલ્યો.

'પછી અર્જુન ક્યાં બેઠો?' કર્ણે પૂછ્યું.

'બેસે ક્યાં! શ્રીકૃષ્ણના માથા તરફ તો હું બેઠો જ હતો એટલે અર્જુન શ્રીકૃષ્ણના પગ હતા તે તરફ ઊભો રહ્યો.' દુર્યોધન બોલ્યો.

'તું શ્રીકૃષ્ણના માથા પાસે બેઠો અને શ્રીકૃષ્ણના પગ પાસે અર્જુન ઊભો રહ્યો; ત્યારે તો તને શુકન સારા થયા કહેવાય! વારુ, પછી?' શકુનિ બોલ્યો.

'પછી ઘડી વારે શ્રીકૃષ્ણ જાગીને બેઠા થયા.'

'એટલે...'

'એટલે અર્જુને તેને નમસ્કાર કર્યા.'

''અને તમે મોટાભાઈ?'

'એણે અર્જુનને જ પહેલો જોયો. અર્જુન સાથે સહજ વાત કરી ત્યાં સુધી તો હું બેઠો છું કે નહિ તેની શ્રીકૃષ્ણને ખબર જ ન હતી.'

'એમ?'

'પછી વાંસો ફેરવ્યો ત્યાં મને દીઠો એટલે શ્રીકૃષ્ણ પોતે પલંગ ઉપરથી હેઠા ઊતરીને મને ભેટ્યા અને મને પલંગ પર બેસાર્યો.' દુર્યોધન બોલ્યો.

'અને અર્જુનને?'

'અર્જુન તો હેઠે જ ઊભો હતો.'

'હવે મુદ્દાની વાત પર આવો ને!' શકુનિ સહેજ ઉતાવળો થયો. 'શ્રીકૃષ્ણે આપણને કેટલી મદદ કરી?'

'મામા! એ બધું કહું છું. હું કહું છું કે તે બધી વાતો પણ મુદ્દાની છે. પછી શ્રીકૃષ્ણે મને આવવાનું કારણ પૂછ્યું અને અર્જુનનેય પૂછ્યું.'

'અર્જુને શું કહ્યું?'

'બન્નેનાં કારણો તો ઉઘાડાં જ હતાં. અમે બન્ને જણા શ્રીકૃષ્ણની મદદ લેવા ગયા હતા.' દુર્યોધન બોલ્યો. 'ત્યારે તો શ્રીકૃષ્ણ વિચારમાં પડી ગયા હશે.' કર્ણ બોલ્યો.

'પડે જ. મેં તો જણાવ્યું કે તમે અમારા સારા સગા છો ને મહારાજ ધૃતરાષ્ટ્રના મિત્ર છો. માટે તમારે અમને મદદ કરવી જોઈએ.' દુર્યોધન બોલ્યો.

'બરાબર, અર્જુન કાંઈ બોલ્યો?' શકુનિએ પૂછ્યું.

'અર્જુને તો એક જ વાક્ય કહ્યું: હું આપની સહાય યાચું છું.'

'તેર વર્ષ સુધી વનમાં રખડીને પાંડવો બિચારા ભિખારી જેવા બની ગયા લાગે છે! હં, પછી?' કર્ણ બોલ્યો.

'પછી શ્રીકૃષ્ણ ઘડીક વિચાર કરીને બોલ્યા: મારે તમને બન્નેને સહાય કરવી છે એ ચોક્કસ છે. મેં એવો નિશ્ચય કર્યો છે કે મારે આ તમારા યુદ્ધમાં શસ્ત્ર ન લેવું. એક જણની તરફ શસ્ત્રાસ્ત્ર વિનાનો એકલો હું રહીશ, ને બીજા પક્ષમાં શસ્ત્રાસ્ત્રમાં પ્રવીણ મારી અક્ષૌહિણી યાદવ સેના રહેશે. આ બેમાંથી તમને ફાવે તે પસંદ કરો. અર્જુન પહેલી પસંદગી કરે.'

'પહેલી પસંદગી અર્જુન શા માટે કરે?' શકુનિની આંખ ફાટી.

‘પહેલાં તો મોટાભાઈ પહોંચ્યા હતા!’ દુ:શાસનથી ન રહેવાયું.

‘એ તકરાર તો મેં ત્યાં જ ઉઠાવી, પણ શ્રીકૃષ્ણ કહે: મેં અર્જુનને પહેલો જોયો છે. અને વળી તમારા બેમાં અર્જુન નાનો છે. એટલે પહેલી માગ હું અર્જુનને આપું છું.

‘હું કહેતો હતો તે આ અપશુકન.’ શકુનિ બોલી ઊઠ્યા.

‘પણ મામા! પૂરું સાંભળો તો ખરા!’ દુર્યોધન બોલ્યો.

‘લ્યો, આ સાંભળું. બોલો.’ શકુનિને વાતમાંથી રસ ઊડી જતો લાગ્યો.

‘પછી અર્જુને શું માગ્યું તે સાંભળવા જેવું છે.’ દુ:શાસને કહ્યું.

‘અર્જુને શસ્ત્રાસ્ત્ર વિનાના એકલા શ્રીકૃષ્ણને જ માગ્યા!’ દુર્યોધન બોલ્યો.

‘એકલા શ્રીકૃષ્ણને?’ શકુનિને નવાઈ લાગી.

‘હા, એકલા શ્રીકૃષ્ણને. એ ચોખવટ થઈ ગઈ છે. આ લડાઈમાં શ્રીકૃષ્ણ પોતે લડે જ નહિ એટલું જ નહિ, પણ શસ્ત્રને હાથમાં પણ ન ઝાલે.’ દુર્યોધન બોલ્યો.

‘અને તેં શું માગ્યું?’

‘પછી મારે તો માગાવનું રહ્યું જ નહિ. મારે ભાગે તો આખી યાદવસેના આવી.’ દુર્યોધન આનંદમાં આવીને બોલ્યો.

‘અર્જુનને પહેલાં માગવાનું મળ્યું તોયે એકલા શ્રીકૃષ્ણને માગ્યા? વળી લડાઈમાં શસ્ત્ર ન ઝાલે, અને છતાં અર્જુને તેમને માગ્યા અને લડાઈમાં ઝૂઝે એવી સેના તને આપી દીધી?’ શકુનિનું સમાધાન ન થવાથી એણે પ્રશ્નપરંપરા ઉઠાવી.

‘મામા! એમાં વિચાર શા કરો છો?’ દુર્યોધન બોલ્યો.

એ બધી હકીકતની મનમાં ધડ વળતી નથી. અર્જુન વનવાસથી શું એવો મૂઢ બની ગયો છે કે એક નાનું છોકરું સમજે એવી વાત પણ એ ન સમજે, અને તને આખી સેના આપી દે?’ શકુનિ બોલ્યો.

‘મામા! આ વખતે તો અર્જુન ભીંત ભૂલ્યો છે એમ જરૂર માનજો. મને તો લાગે છે કે આ લડાઈમાં પાંડવો જરૂર હારવાના છે.’ દુર્યોધનની વાણીમાં ભારે નિશ્ચય દેખાયો.

‘શકુનિમામા કહે છે તેમ મને પણ આ સમજાતું તો નથી; પણ શ્રીકૃષ્ણને કદાચ પોતાનો રથ હાંકવા માટે અર્જુને લીધા હોય.’ કર્ણે ઉકેલ કાઢવા માંડ્યો.

‘ધારો કે પોતાના રથ માટે લીધા. પણ જે કામ એક મામૂલી માણસ કરી શે તેને માટે આખી યાદવસેનાને જતી કરવી એ જ બુદ્ધિનું દેવાળું નથી? હું તો એમ જ કહ્યું કે પાંડવોએ આજે બુદ્ધિનું દેવાળું કાઢ્યું છે અને એ જ આપણા માટે સારા શુકન છે.’ દુર્યોધન બોલ્યો.

‘શુકન તો જેવા હોય તેવા ખરા; પણ આ આખી વાત બરાબર મારી સમજણાં ઊતરતી નથી. ઠીક; હવે આપણે તૈયારી કરો.’ શકુનિ બોલ્યો.

‘પાંડવો ઉપપ્લવ્ય પાસે પડ્યા છે. તેમની પાસે સાત અક્ષૌણિહી સૈન્ય એકઠું થયું છે, ને આપણી પાસે અગિયાર અક્ષૌહિણી છે. એટલે હું તો પાંડવોને હાર માં જ દેખું છું.’ દુર્યોધન બોલ્યો.

‘તો હવે વાર શી છે?’

‘વાર એક જ. સવારે સમાચાર આવ્યા છે કે શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં આવે છે.’ દુર્યોધને કહ્યું.

‘એમ? બિચારા અર્જુને સલાહ કરી આપવા માટે શ્રીકૃષ્ણને પસંદ કર્યા હશે.’ કર્ણ બોલ્યો.

‘શ્રીકૃષ્ણ અહીં આવે છે?’ શકુનિએ પૂછ્યું.

'મામા! એમાં વળી ગભરાઓ છો શા માટે?' દુર્યોધનને શકુનિની શંકા અસ્થાને લાગવાથી તે બોલ્યો.

'કારણ નથી છતાં ગભરાઉં છું, કોણ જાણે શાથી પણ મને બીક લાગે છે કે શ્રીકૃષ્ણ દુર્યોધનને છેતરશે.'

'મામા! મને? આશાયે ન રાખો.'

'તને છેતરશે, તારા બાપને સમજાવશે, ડરાવશે, ભીષ્મદ્રોણને ઊંધાચત્તાં સમજાવશે અને બધાને એકઠા કરીને તને શરમાવશે.' શકુનિ બોલ્યો.

'મામા! જરાયે ચિંતા ન કરો. બાપાને છેતરાવું હોય તો ખુશીથી છેતરાય; ભીષ્મદ્રોણને ન લડવું હોય તો ખુશીથી ન લડે; જેને જવું હોય તે જાય. હું એકલો લડીશ; મારો કર્ણ લડશે. હવે કોઈના ભાર નથી કે મને યુદ્ધના રણમેદાનમાંથી પાછો ફેરવી શકે.' દુર્યોધન બોલ્યો.

'એ તું ગમે તેમ કહે; મને ભય છે તે હું કહું છું. એ કાળિયો આવતો હશે તે કાંઈ નાહક નહિ આવતો હોય. એના ખીસામાં કેટલીયે વાતો ભરી હશે.' શકુનિ બોલ્યો.

'મામા! તમે અમસ્તા આવા વિચારો કર્યા કરો છો. હવે શ્રીકૃષ્ણની કે તમારી કોઈની યુક્તિપ્રયુક્તિનો વખત નથી. હવે તો સીધો યુદ્ધનો પ્રસંગ છે. ને એમાં શ્રીકૃષ્ણનું પણ ચાલવાનું નથી.' દુર્યોધન બોલ્યો.

'તું ચેતીને ચાલજે. એ શ્રીકૃષ્ણની જાળમાં ફસાયો તો મરી ગયો જાણજે! શકુનિ બોલ્યો.

'મોટા ભાઈ! મને તો એક સીધો હિસાબ સૂઝે છે. એ કાળિયો જે જે કહે તે બધાની તમારે ના જ પાડ્યા કરવી એટલે પત્યું.' દુ:શાસન બોલ્યો.

'પોતે એકલો પાંડવોની સાથે રહે છે ને તને આખી સેના આપી દે છે. તેમાંયે મને તો દગો લાગે છે. ખુદ લડાઈ વખતે એ યાદવસેના પાંડવો તરફ ચાલી નહિ જાય? શકુનિ બોલ્યો.

'મામા! એટલું બધું કોઈ ન કરે ને શું શ્રીકૃષ્ણ કરશે?' દુર્યોધને પૂછ્યું.

'મને એનો તો જરાય ભરોસો નથી. પાંડવો ગમે તેવા નીચ છે પણ આવું ન કરે એ હું માનું. કૃષ્ણને માટે તો કશું જ ન માનું.' શકુનિ બોલ્યો.

'મામા! એવું ન હોય. હવે હું જાઉં. કાલે શ્રીકૃષ્ણ આવે છે તે પહેલાં મારે બાપા વગેરેને મળવું છે તે મળી લઉં.' દુર્યોધન બોલ્યો.

'ભલે. કાલની સભામાં આપણે આવાવના નથી. મારું ત્યાં કામ જ નથી.' શકુનિ બોલ્યો.

'પણ મામા! તમારી સલાહ તો ભાઈને જોશે ને!'

'સલાહ તો એક જ છે: કોઈ રીતે પાંડવોની સાથે સંધિ ન કરવી. સંધિ કરવાની હા પાડી કે જરાયે ઈચ્છા દેખાડી તો મરી ગયા સમજજો. લડાઈ વિના બીજી વાત ન કરતા. તમારે સૌને જો જીવતા રહેવું હોય તો આ લડાઈમાં પાંડવોને મારી નાખો અને સુખેથી રાજ્ય ભોગવો. પાંડવોને મારવાના બધા દાવ મેં નાખી જોયા છે, અને આ હવે છેલ્લો દાવ છે.' શકુનિ બોલ્યો.

'એમ તો મહારાજ મક્કમ છે. ચાલો, આપણે રજા લઈએ.' કર્ણ બોલ્યો અને ચંડાળચોકડી વિખેરાઈ.

વિષ્ટિ વેળા

'દુર્યોધન! હું સાચું કહું છું. તું આટલો મક્કમ રહીશ એ તો મેં ધાર્યું ન હતું.' શકુનિ બોલ્યો.

'મામા! શી વાત કરું! હું તો આજ સુધી એમ ધારતો હતો કે હોશિયારી તો મામાની જ. પણ મામા! શ્રીકૃષ્ણની હોશિયારી તો તમારાથીયે ચડી જાય. એની બોલચાલ, હાવભાવ, બધું ભલભલાને ભૂલમાં નાંખી દે.' દુર્યોધન બોલ્યો.

'પણ મોટાભાઈ! તમે પહેલેથી તો વાત કરો!

'હા, હવે અથથી ઇતિ સુધી બધું વિગતથી અમને જણાવો.' કર્ણ બોલ્યો.

'શ્રીકૃષ્ણ પાંડવોની વિષ્ટિ લઈને આવ્યા હતા. એનો દેખાવ જ એવો દમામવાળો હતો કે કાચોપોચો તો માર્યો જ જાય. ઊંચા કાનવાળા ચાર મોટા ઘોડા, મેઘના જેવો ગંભીર નાદર કરતો રથ, ચાલાક એવો સારથિ અને અંદર પોતે. ગળામાં મનોહર માળા, વિશાળ એની આંખો, ભવ્ય કપાળ. એના રથની આસપાસ કેટલાય લોકો એની વાણી સાંભળવા તલપાપડ થતા ચાલ્યા આવે. એનો ભારે ભપકો જોઈને જ પિતામહ અને દ્રોણ તો એના પગમાં પડ્યા.' દુર્યોધન બોલ્યો.

'ભીષ્મ ને દ્રોણ તો પડે. પણ તું અને કર્ણ પણ પડો.' શકુનિએ કહ્યું.

'હા; મને તો શ્રીકૃષ્ણને જોઈને ઘડીભર થયું હતું કે આ યુદ્ધમાં આપણો વિનાશ છે.' કર્ણ બોલ્યો.

'તું તો કૃષ્ણને લેવા સામો ગયો ન હતો કે?'

'ના રે ના; ઊલટા શ્રીકૃષ્ણ જ મને મળવા મારે મહેલે આવ્યા હતા!' દુર્યોધન બોલ્યો.

'તને એણે શું કહ્યું?'

'મને કહેનારાઓ તો એણે કેટલાયને ઊભા કરી દીધા. મને તો ભીષ્મે કહ્યું, દ્રોણે કહ્યું, કૃપાચાર્યે કહ્યું, વિદુરે કહ્યું, બાપાએ પોતે કહ્યું. મારા માતાએ કહ્યું અને છેવટે શ્રીકૃષ્ણે પોતે કહ્યું. દુર્યોધન બોલ્યો.

'આટલાં બધાંની સામે તું ટક્કર લઈ શક્યો એ જ મારે મન તો હર્ષની વાત છે.' શકુનિ બોલ્યો.

'મામા! જેમ જેમ વિચાર કરતો જાઉં છું તેમ તેમ મને આપણો વિચાર સાચો લાગે છે. પાંડવો આપણને બિવરાવીને પોતાનો અર્ધો ભાગ મળી જાય તો લેવા માગે છે. બાકી તો તેમને યુદ્ધ કરવું પાલવે તેમ નથી.' દુર્યોધન બોલ્યો.

'હું તો કહું છું જ. આવા દૂતો મોકલવા અને પંચાતો કરાવવી એ શું લડવાનાં લક્ષણ કહેવાય!' શકુનિ બોલ્યો.

'અરધું રાજ્ય આપો, પા રાજ્ય આપો, પચાસ ગામ આપો, પચીસ ગામ આપો, દસ ગામ આપો, પાંચ ગામ આપો, એક ગામ આપો; આવી આવી વાતો કરે છે! અને છતાંયે ભીષ્મ અને દ્રોણ મને કહ્યા જ કરે કે દુર્યોધન! તું નહિ સમજે તો સૌનો કાળ આવ્યો છે.' દુર્યોધન બોલ્યો.

'એ લોકો ઘરડા થયા છે એટલે મોત દેખે છે, અને પોતાનું મોત બીજાને ઓઢાડીને જીવવાની આશાને વળગી રહે છે. કાળ તો ખરો એમનો આવ્યો છે!' શકુનિ બોલ્યો.

'પછી તમે શો જવાબ આપ્યો? દુ:શાસને હકીકત જાણવાની આતુરતાથી પૂછ્યું.'

'મેં તો પહેલાં શ્રીકૃષ્ણને ઊધડા લીધા કે તમે વિદુરને ત્યાં જમ્યા અને મારે ત્યાં કેમ ન જમ્યા? તમે તટસ્થ છો છતાં પક્ષપાત કેમ કર્યો?' દુર્યોધન બોલ્યો.

'કૃષ્ણ તારે ત્યાં ન જમ્યા તેથી તને ભારે ઓછું આવ્યું હશે, કેમ?' શકુનિએ મજાક કરી.

'એવું તેવું તો કશુંયે નહિ. પણ તેની સાથે ટપાટપી કરવાનું એક એ બહાનું મળ્યું.' દુર્યોધન બોલ્યો.

'પણ મુદ્દાની વાત?'

'શ્રીકૃષ્ણે મને ઘણો સમજાવ્યો, ધમકાવ્યો, ભીમ-અર્જુનને મારી સામે ધર્યા, દ્રૌપદીને મારી સામે ધરી, ધર્મ-અધર્મની પુષ્કળ વાતો કરી, મારી થોડીએક સ્તુતિ પણ કરી, સંપનું ફળ કહી સંભળાવ્યું, અને પાંડવો તરફથી છેવટે પાંચ ગામની માગણી કરી.' દુર્યોધન બોલ્યો.

'તેં શો જવાબ વાળ્યો!'

'મેં તો સંભળાવી દીધું કે સોયની અણી ઊભી રહે તેટલી જમીન પણ હું પાંડવોને આપાવનો નથી.' દુર્યોધન બોલ્યો.

'બહુ ચોખ્ખો જવાબ!' કર્ણ બોલ્યો.

'સીધો ને સટ! હવે તો જે લેવું હોય તે કુરુક્ષેત્રના મેદાનમાં લ્યો; કાં તો દુર્યોધન પૃથ્વીનો સમ્રાટ અને કાં તો યુધિષ્ઠિર. કાં તો ભાનુમતી પૃથ્વીની પટરાણી અને કાં તો દ્રુપદની પુત્રી. આ બેની વચ્ચે કોઈ મધ્ય માર્ગ નથી જ!' દુર્યોધન બોલ્યો.

'પછી કૃષ્ણે શું કહ્યું?' શકુનિએ પૂછ્યું.

'શું કહે! શ્રીકૃષ્ણના હા જી હા ભણવાવાળા ત્યાં ઘણા! તેમણે તો મહારાજને એમ પણ કહ્યું કે દુર્યોધનને બાંધીને પાંડવોને સોંપી દ્યો એટલે કુરુકુળનો નાશ થતો એટકે. ગાંધારી માતાને પણ એમ સૂઝ્યું હતું!' દુર્યોધન બોલ્યો.

'પછી તને બાંધ્યો?'

'દુર્યોધનને બાંધવો સહેલો નથી. દુર્યોધનની પાછળ તો આજે અગિયાર અક્ષૌહિણીનું બળ છે. એ દિવસો વહી ગયા!' દુર્યોધન બોલ્યો.

'મોટાભાઈ તો સભામાંથી ગુસ્સે થઈને ચાલ્યા ગયા હતા!' દુ:શાસને જણાવ્યું.

'ચાલ્યો ન જાઉં? એવું અપમાન ક્યાં સુધી સહન થાય? મેં તો આપણી મસલત પ્રમાણે શ્રીકૃષ્ણને પોતાને જ કેદ કરી લીધા હોત!' દુર્યોધન બોલ્યો.

'હા હા એનું શું થયું? તેં કૃષ્ણને કેમ કેદ ન કર્યા?'

'મોટાભાઈને દયા આવી ગઈ!'

'તૈયારી તો બધી એને પકડવાની રાખી હતી; પણ એ કાળિયાને ખબર પડી ગઈ એટલે...'

'ખબર પડી ગઈ તોયે શું?' દુ:શાસન બોલ્યો.

'પછી તો એણે જાદુ કરવા માંડ્યું. એણે બધાની આંખમાં ભૂરકી નાખી એટલે ત્યાં મોટું રાક્ષસી શરીર સૌને દેખાવા લાગ્યું. તેનું મોં આકાશમાં પહોંચી ગયું ને પેટ પાસે તો કેટલાયે લોકો સમાઈ જતા લાગ્યા. સભામાં જે ઋષિમુનિઓ આવ્યા હતા તે બધા આ જોઈને બીઈ ગયા ને સ્તુતિ કરવા મંડી પડ્યા!' દુર્યોધન બોલ્યો.

'તું બીઈ ગયો હતો?'

'ના રે ના, મને તો એવું કશું દેખાતું ન હતું. મને તો મારા જેવા બે હાથ ને બે પગવાળા જ શ્રીકૃષ્ણ દેખાયા. પણ આ એનાં ભગતડાંઓ લઈ ચાલ્યાં; એમાં ભીષ્મ દ્રોણ તો પહેલા જ હોય! બાપા બિચારા કશું દેખે નહિ એટલે એમને તો વિદુરકાકા જે કહે તે સાચું!' દુર્યોધન બોલ્યો.

'ત્યારે તો કૃષ્ણે ભારે કરી!'

'અરે ભારે તે કેવી! વિષ્ટિની વાત કોરે રહી અને સભા તો શ્રીકૃષ્ણનું મંદિર થઈ પડી!

પણ હું એવો પક્કો કે એકનો બે ન થયો.' દુર્યોધન બોલ્યો.

'હવે તું મારો ભાણેજ ખરો!' શકુનિએ દુર્યોધનની પીઠ થાબડી. 'હવે યુદ્ધ થશે એ ચોક્કસ. દુર્યોધન! આજ સુધી તું પારકાની બુદ્ધિએ ચાલતો તે આજે તારી પોતાની બુદ્ધિએ ચાલતો થયો, એ જ તારા ઉત્કર્ષનું ચિહ્ન છે.'

'તો મામા! હવે તૈયાર થાઓ. કર્ણ! તૈયારી કરો.'

'મને આપ તૈયાર જ સમજો.'

'શ્રીકૃષ્ણ તો વળી કર્ણને ફોસલાવવા લઈ ગયા હતા, મામા!'

'કર્ણ ફોસલાય તેમ નથી. એ બેવડો પક્કો છે. મામા! સભામાં મેં જાહેર કર્યું છે કે ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, અગિયાર અક્ષૌહિણી સેના, જેને જેને ખસી જવું હોય તે ખુશીથી ખસી જાઓ. હું મામા શકુનિ, કર્ણ અને દુ;શાસન આ ચાર જણા યુદ્ધ કરશું; અને જીતશું તો રાજ્ય ભોગવશું, નહિતર ક્ષત્રિયોને શોભે તેમ સ્વર્ગે જશું.' દુર્યોધન બોલ્યો.

'તે જાહેર કર્યું તે બરાબર છે. કેમ કર્ણ?'

'કર્ણ આપને આધીન છે. મેં આપને જણાવ્યું છે કે આપણા સૌના હિતને માટે ભીષ્મ જ્યાં સુધી સેનાને મોખરે લડશે ત્યાં સુધી હું પાછળ રહીશ; અને પછીથી તો હું છું જ. મહારાજ! આ કર્ણે પોતાની આખી જાત આપને વેચી છે એમ જ સમજજો.' કર્ણે જણાવી દીધું.

'દુર્યોધન! કર્ણ કહે છે તે બરાબર છે. તું જઈને ભીષ્મને જણાવી દે કે સેનાપતિ તો ભીષ્મ જ થશે. અને ભીષ્મ પણ હા પાડશે જ. આપણે ભીષ્મનું કામ છે. એ બૂઢિયો આપણને ખૂબ કામ લાગશે. એ છે એઠલે પાંડવોના ભાર નથી કે આપણને કાંઈ કરી શકે. પણ તારે ભીષ્મને સાચવવા.' શકુનિ બોલ્યો.

'એ માટાભાઈને બહુ આવડે છે. ભાઈને જે રિસાતાં આવડે છે તેથી તો હું ચકિત થઈ જાઉં છું! જુઓ ને, સભામાંથીયે રિસાઈને ચાલ્યા ગયા ત્યારે સૌના જીવ પેટમાં આવી ગયા, અને બધા ઊલટા સામા બોલાવવા ગયા. બીજા તો સામાનાં વખાણ કરીને તેમને વશ રાખે; પણ ભાઈ ભીષ્મ જેવા સાથે પણ રિસાઈને તેમને કડવાં વેણ કહીને વશ રાખે છે. એટલે એમાં ભાઈને કહેવા જેવું નથી.' દુ:શાસન બોલ્યો.

'તો તુંયે એ વિદ્યા ભાઈ પાસેથી થોડી શીખી લે.'

'એ એનું ગજું નહિ!' દુર્યોધન બોલ્યો.

'તો હવે આપણે છૂટા પાડીએ.'

'ભલે, કાલે સવારે આપણે રણમેદાન પર જવાનું'

'પણ સેનાપતિ તો ભીષ્મ જ, હોં!'

'હા હા; ભીષ્મ જ. કર્ણ બે દિવસ મોડો એટલું જ ના?'

'હા, એટલું જ.'

ચંડાળચોકડી છૂટી પાડી.

સેનાપતિ પિતામહ પાસે

મહાભારતનું યુદ્ધ મંડાયાં. આજે પૂરા આઠ દિવસ થયા છે. એક બાજુથી ભીષ્મ અને બીજી બાજુથી ધૃષ્ટદ્યુમ્ન સામસામી સેનાઓનો સંહાર કરી રહ્યા છે. તેમાંયે આજે તો ભીમ અને અર્જુને કૌરવસેનાનો દાટ વાળ્યો. જુવાન અર્જુન પ્રલયકાળના અગ્નિની પેઠે ચારે

કોર ઘૂમતો હતો અને ઘરડા ભીષ્મને તેમના ઘડપણનું ભાન કરાવતો હતો. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય વગેરેએ ઘણી મહેનત કરી છતાંયે આજે તો કૌરવસેનામાં ભંગાણ પડ્યું ને નાસભાગ કરતા કુરુસૈન્ય પર સૂર્યનો અસ્ત થયો.

મહારાજ દુર્યોધન આજે ખૂબ અસ્વસ્થ હતા. યુદ્ધ આટલું લંબાશે એવી તેની ગણતરી ન હતી. રાતના તંબૂમાં જઈને તે પલંગ પર પડ્યો પણ તેને ઊંઘ ન આવી. મોડી રાતે ઊઠ્યો ને સીધો ભીષ્મના તંબૂમાં ગયો.

‘દુર્યોધન! આટલી મોડી રાતે કેમ?’ ભીષ્મે પૂછ્યું.

‘પિતામહ! ન આવું તો ક્યાં જાઉં? શું કરું?’ દુર્યોધન કહ્યું.

‘આવવાનું કાંઈ ખાસ કારણ છે?’

‘પિતામહ, પિતામહ!’ દુર્યોધન આગળ આવીને ભીષ્મને ચરણે બેઠો.

‘રાજન્, રાજન્!’ ભીષ્મે દુર્યોધનના માથા પર હાથ મૂક્યો.

‘ભીષ્મ પિતામહ! હું આપનો “બેટા દુર્યોધન” મટીને આજે “રાજન્” થયો? હવે તો હદ થાય છે!’ દુર્યોધન બોલ્યો.

‘પણ ભાઈ! તું શા માટે આવ્યો છે તે તો કહે!’ ભીષ્મે પૂછ્યું.

‘તમારાથી ક્યાં અજાણ્યું છે, પિતામહ! મને જો પહેલેથી જ આવી ખબર હોત તો હું યુદ્ધ માંડત જ નહિ અને પાંડવોને હસ્તિનાપુરનું રાજ્ય સોંપી દઈને વનમાં ચાલ્યો જાત.’ દુર્યોધન બોલ્યો.

‘પણ તું વાત તો કર!’

‘વાત શી કરવી છે? પિતામહ! સાચેસાચું કહી દઉં? જો જો, માઠું ન લગાડતા. તમે પાંડવોની સાથે મન મૂકીને લડતા નથી.’ દુર્યોધને દિલ ખોલ્યું.

‘દુર્યોધન! હું આ સાચું સાંભળું છું?’

‘જે સાંભળો છો તે સાચું સાંભળો છો. તમને પાંડવો તરફ પક્ષપાત છે તેથી તો તમે તેમને મારતા નથી!’ દુર્યોધન બોલ્યો.

‘હું પાડવોને મારતો નથી? પાંડવોને મારવા ત્રિલોકમાં કોઈ સમર્થ છે? અર્જુનના રથ પર કોણ બેઠું છે તેનો તને ખ્યાલ છે?’ ભીષ્મે દુર્યોધનને સમજાવવા માંડ્યું.

‘મને એનો બરાબર ખ્યાલ છે. એ શ્રીકૃષ્ણે તો લડાઈમાં શસ્ત્ર ન ઝાલવાની પ્રતિજ્ઞા મારી સમક્ષ લીધી હતી. તેની પ્રતિજ્ઞા તમે તોડાવી એ હું નથી જાણતો?’ દુર્યોધન બોલ્યો.

‘બેટા દુર્યોધન! તું ભૂલ કરે છે.’

‘ભૂલ તો યુદ્ધ માંડ્યું અને મારું જીવન તમારા હાથમાં મૂક્યું ત્યારથી જ થઈ ગણાય.’ દુર્યોધન પૈસા ફેંકવા માંડ્યા. ‘પાંડવો તરફના પક્ષપાતને લીધે તમે યુદ્ધમાં આપણા યોદ્ધાઓને નિરાંતે મરવા દેશો એવું મેં માન્ય ન હતું.’

‘પાંડવોના પક્ષપાતને લીધે હું આ કરું એમ તને લાગે છે?’ ભીષ્મે કહ્યું.

‘પહેલાં ન લાગતું; મારા મિત્રો મને એ જ કહેતા ત્યારે હું તેમનું કહ્યું ન માનતો; પણ આજે તો મેં નજરોનજર જોયું છે એટલે હવે માન્યા વિના છૂટકો નથી.’ દુર્યોધન બોલ્યો.

‘દુર્યોધન, દુર્યોધન! તારાં વેણ મારા હૃદયને વીંધે છે. ભીષ્મ અકળાઈને બોલ્યા.

‘એ માટે હું ખરેખર દિલગીર છું. પણ જે ખરી હકીકત છે તે હું તો મૂકું છું.’ દુર્યોધન બોલ્યો.

‘તારી હકીકત જૂઠી પડે તો?’ ભીષ્મે કહ્યું.

‘જૂઠી પડે એમ હું માની શકતો નથી. છતાં હવે પછી જૂઠી પડે તો તો મારા જેટલો હર્ષ કોઈને નહિ થાય.’ દુર્યોધન બોલ્યો.

‘જૂઠી છે જ, અને વધારે જૂઠી પડશે.’

‘છે તો સાચી જ, જે દિવસે એ જૂઠી પડશે તે દિવસે જૂઠી પડી માનીશ.’

‘પાંડવો તરફના તારા પક્ષપાતને લઈને હું બરાબર લડતો નથી એ આક્ષેપ સાચો છે?’ ભીષ્મ ક્રોધે ભરાયા.

‘સાચો, સાચો ને સાચો જ છે! ભીષ્મે ધાર્યું હોત તો લડાઈ પહેલે જ દિવસે પૂરી થઈ હોત. અને આજે તો મને સમ્રાટ થયા સાત દિવસે વહી ગયા હોત. પણ મારા લોકો જ મારા નહિ ત્યાં શું થાય!’ દુર્યોધન બોલ્યો.

‘દુર્યોધન! તું મને ભારે અન્યાય કરે છે!’ ભીષ્મની આંતરવેદના ભારે હતી.

‘પિતામહ! અન્યાય તો તમને થાય છે કે મને? યુદ્ધમાં હારશું તોપણ તમે કાંઈ પિતામહ મટવાના નથી. આજે દુર્યોધનના પિતામહ છો. કાલે ભીમના પિતામહ થવાના એટલું જ; પણ મારે તો આ જિંદગીનું સાટું છે.’ દુર્યોધન બોલ્યો.

‘દુર્યોધન! એમ ન બોલ. ભીષ્મને પણ આ યુદ્ધ તો જિંદગીનું સાટું છે.’ ભીષ્મ ઊકળી ઊઠ્યા.

‘જિંદગીનું સાટું હોત તો રંગ જુદો હોત.’

‘જુદો રંગ?’

‘હા જુદો રંગ. જિંદગીનું સાટું હોત તો તો આ પાંડવો ક્યારના ધૂળ ચાટતા હોત. તમે એક જ દિવસ મારો કર્યો ત્યાં શ્રીકૃષ્ણ સુધ્ધાંત કેવા હાથ જીભ કાઢી ગયા? પણ તમારે પાંડવોને વિજય અપાવવો છે તે અપાવો.’ દુર્યોધન બોલ્યો.

‘દુર્યોધન! તારી આંખે એવાં ચશ્માં છે કે હું તારા માટે ગમે તેટલું કરું તોપણ તને ઓછું જ લાગ્યા કરે છે.’ ભીષ્મને નિર્વેદ ઊપજતો લાગ્યો.

‘લાગે જ. ઓછું નહિ લાગે જ્યારે અર્જુન રણમેદાનમાં તમારે હાથે પડશે અને પાંડવો બધા નિરાશ થઈને પાછા ફરશે.’ દુર્યોધન બોલ્યો.

‘દુર્યોધન! તારી બુદ્ધિ ફરી ગઈ છે, અર્જુનને હરાવો ખુદ ઇંદ્રનેય ભારે પડે તેવું છે તે તું જાણતો નથી. એનો રથ શ્રીકૃષ્ણ હાંકે છે ત્યાં સુધી ત્રિલોકમાંયે તેનો વાંકો વાળ કરનાર કોઈ નથી.’ ભીષ્મ બોલ્યા.

‘એ બધું તમે ખોટું જ કહો છો. હા, અર્જુને યુદ્ધના આરંભમાં જ તમને અને દ્રોણને પગમાં બાણો નાખીને પ્રણામ કર્યા એટલે તમે એને આશીર્વાદ આપ્યા હોય, ને ન મારો એ હું સમજું છું.’ દુર્યોધન બોલ્યો.

‘ક્ષત્રિયને એવા આશીર્વાદ હોય?’

‘તો તમે પ્રપંચ મૂકી દો અને પાંડવોને હણો.’

‘દુર્યોધન! તારા આ શબ્દોની પાછળ કોઈ બીજું બોલે છે. કાં તો તારા સલાહકારે તને ભરમાવ્યો છે, અથવા તો કાળ તારી પાસે આ બોલાવે છે.’ ભીષ્મે કહ્યું.

‘જે બોલે છે તે તો ખુદ દુર્યોધન જ બોલે છે. બીજાની સલાહ હું સ્વીકારું છું તે પણ મને ગમતી હોય છે, માટે જ સ્વીકારું છું; એટલે હું જે કંઈ બોલું કે કરું તેનું જોખમ તો મારું પોતાનું જ છે. મારું કહેવું ખોટું પડશે ત્યારે તે પણ હું કબૂલ કરીશ.’

‘દુર્યોધન! તારાં વેણાએ મને ખૂબ વીંધી નાખ્યો છે. જુવાનીમાં આવાં કેટલાયે વેણ મેં સાંખ્યાં છે અને મને જે યોગ્ય લાગ્યું તે કર્યું છે. પણ આજે હવે આવાં વેણ સહન કરવાની શક્તિ ઓછી થઈ ગઈ છે એટલે મને ખૂબ લાગી આવે છે; મને એમ થઈ જાય છે કે દુર્યોધનનો અણવિશ્વાસ કેમ ટાળું!’ ભીષ્મ બોલ્યા.

‘એક જ ઉપાય. પાંડવસેનાને ભીષ્મ રણમાં રોળે એટલે તરત જ અવિશ્વાસ દૂર થાય,

તમારા હાથમાં જ એ વાત છે.' દુર્યોધન બોલ્યો.

'તો જા ત્યારે, આવતી કાલે પાંડવસેનાનો હું કચ્ચરઘાણ કાઢી નાખીશ.' ભીષ્મે પ્રતિજ્ઞા કરી.

'પિતામહ! જે નથી બનવાનું તેની પ્રતિજ્ઞા શા માટે કરો છો?'

'નથી બનવાનું? કાલે તો એ બનશે જ; અવશ્ય.'

'અત્યારે બોલો છો પણ કાલે સવારે જ્યાં અર્જુન-યુધિષ્ઠિરને સંગ્રામમાં દેખશો, ત્યાં સ્નેહ અને દયા આવશે એટલે હાથ ઢીલો થવા માંડશે.' દુર્યોધને કહ્યું.

'દુર્યોધન! તને હું કહું છું એટલે કાલે હાથ ઢીલો નહિ થાય. મને આજે કંઈ સૂઝતું નથી. કદાચ મારું જ મૃત્યુ નજીક આવ્યું હોય; પણ કાલે તો તારો અવિશ્વાસ ઊડી જાય એવું કરીશ.'

'પિતામહ! જોજો, હો!'

'જોયું જોવાનું હતું તે. આવતી કાલનો ભીષ્મ બીજા પ્રકારનો હશે.' ભીષ્મ બોલ્યા.

'તો કાલે રાતે દુર્યોધનેય બીજા પ્રકારના વચનો બોલતો હશે. પિતામહ! રજા લઉં છું.'

'જા, સુખેથી જા. તારી આ તીક્ષ્ણ વાણીથી હું આજે ઘાટલ થયો છું. કાલે તો મેં કહ્યું તે પ્રમાણે હું પાંડવોને તોબા પોકરાવવાનો જ. પણ દુર્યોધન! આજે તારાં વચનો સાંભળીને મારાં ગાત્રો ઢીલા થયાં છે અને મારો યુદ્ધનો રસ સુકાઈ ગયો છે.' ભીષ્મે કહ્યું.

'પિતામહ! યુદ્ધનો રસ તો મારો પહેલાં સુકાય ને પછી તમારો સુકાય. આપ તો કુરુરાજ્યને વર્યા છો. તેના પર મારા જેવા કેટલાયે જાય અને કેટલાય આવે; પણ આપથી ઓછું જ ખસાય તેમ છે?'

'આજ સુધી એમ હતું; પણ હવે એમ નથી. મને મારો અંતકાળ નજીક દેખાય છે. તારાં આ વચનોએ મને વીંધી નાખ્યો છે, અને હું હવે આ વેશમાં શા માટે પડ્યો રહ્યો છું તે જ મને તો સમજાતું નથી.'

'પિતામહ! આપ તો આ કુરુવંશની સંસ્કૃતિના મોટા રક્ષક છો. આપને લીધે તો કુરુવંશ ટકી રહ્યો છે.'

'હું પણ એમ જ માનતો. એટલે તો તારા જેવડા નાના નાના છોકરાઓ મોટા થયા તોપણ હું ખસી ન ગયો. પણ આજે હવે એ મોહ ઓસરતો હોય એમ મને અંતરમાં લાગે છે. હું આ અઢારે અક્ષૌહિણી સેનાનો નાશ જોઈ રહ્યો છું.' ભીષ્મ બોલ્યા.

'આપ કાલે બરાબર યુદ્ધ જમાવો તો હું પરમ દિવસે આપણો વિજય દેખું છું.'

'કાલે તો હું જરૂર શત્રુઓનો દાટ વાળીશ. મેં વચન આપ્યું એટલે મિથ્યા નહિ કરું. પણ કાલ પછી પરમ દિવસે ઊગે છે; એ પરમ દિવસ કેવો આથમશે તે તું જાણે છે? દુર્યોધન? તેં ભૂંડું કર્યું!' ભીષ્મ બોલ્યા.

'પિતામહ! પરમ દિવસની વાત પરમ દિવસે. કાલનું પાકું રાખો ને!' દુર્યોધને શઠતા આદરી.

'દુષ્ટ! તને હજીયે એમ લાગે છે કે હું કાલે ફરી જઈશ? પાપી દુર્યોધન, સ્વાર્થી દુર્યોધન! જા. હું તારા પક્ષમાં રહ્યો એ જ મારી ભૂલ છે. એથી જ આજે હું આ બધું સાંભળું છું. જા, હું તારી સાથે વધારે વાત નથી કરવાનો. કાલે ભીષ્મનું પરાક્રમ જોઈ લેજે. અને પરમ દિવસે... શું બોલું! જીભ પર શબ્દ ચડતો જ નથી.' ભીષ્મના હોઠ ક્રોધથી ધ્રૂજતા હતા.

પણ દુર્યોધન તો તે પહેલાં ઊપડી ગયો હતો.

ગદાયુદ્ધ

'આ જ એ તળાવ કે!' યુધિષ્ઠિર બોલ્યા.

'હા, આ જ. આને જ લોકો દ્વૈપાયનહ્રદ કહે છે.' સહદેવ બોલ્યો.

'એ લોકોને શી રીતે ખબર પડી કે દુર્યોધન અહીં આવી અંદર સંતાયો છે?' યુધિષ્ઠિર બોલ્યા.

'એ પારધી લોકો કહેતા હતા કે અમે તળાવને કાંઠે પોસ ધોતા હતા ત્યાં કાંઠે ઊભા ઊભા ત્રણ પુરૂષો પાણીમાં કોઈની સાથે વાતો કરતા હતા, તે પરથી અમને જણાયું કે દુર્યોધન તળાવમાં ભરાયો છે.' ભીમે કહ્યું.

'એ બરાબર છે. કાંઠે ઊભેલા ત્રણ જણામાંથી એક તો અશ્વત્થામા હોવો જોઈએ.' અર્જુને કહ્યું.

'એક અશ્વત્થામા બીજા કૃપાચાર્ય અને ત્રીજા કૃતવર્મા, એ ત્રણ જણા હજી જીવે છે, અને ચોથો દુર્યોધન.' યુધિષ્ઠિર બોલ્યા.

'તો ચાલો આપણે દુર્યોધનને બહાર કાઢીએ.' ભીમ બોલ્યો.

'દુર્યોધન, પાપી દુર્યોધન! તળાવમાં ભરાઈને શું બેઠો છે?' યુધિષ્ઠિરે હાકલ મારી, 'આવડી મોટી સેનાનો સંહાર કરાવીને હવે આ ખાબોચિયામાં ભરાઈ રહેવું તને શોભતું નથી. આવ, બહાર આવ, કૌરવનાથ! બહાર આવ. અમને હરાવીને પૃથ્વીનું રાજ્ય કર. કુરુવંશમાં કોઈ આમ ભરાઈને બેઠો સાંભળ્યો નથી.'

'યુધિષ્ઠિર!' પાણીની અંદરથી ધીર ગંભીર સ્વર આવ્યો, 'યુધિષ્ઠિર! તારી સહજ ધીરજ આજે શા માટે ગુમાવે છે? દરેક માણસને એક દિવસ ભસવાનો વારો આવે છે. એક દિવસ હું ભસી શકતો હતો તેમ આજે તારો ભસવાનો દિવસ છે. તો તું ફાવે તેટલું ભસી લે.'

'એ આંધળાના છોકરા! ભસે છે તો તું કે યુધિષ્ઠિર!' ભીમે ત્રાડ મારી. 'બકવાદ છોડીને લડાઈમાં આવી જા ને!'

'ભીમસેન! હું રાજપુત્ર જંગલનાં જનાવરો સાથે વાત કરતાં અચકાઉં છું.' દુર્યોધને મહેણું માર્યું.

'જંગલી જનાવર તો આંધળો કરવરાજ. ખરા બાપનો બેટો હો તો બહાર આવી જા ને!' ભીમે કહ્યું.

'દુર્યોધન! ભીમ બરાબર કહે છે. આ યુદ્ધ આખું ઊભું કરનાર તું છે. કર્ણ, શકુનિ કે દુ:શાસન, એ બધાય પૃથ્વી પર લેટી ગયા છે તો હવે તારાથી સંતાઈ રહેવાય નહિ. તું બહાર આવ, અને રણમેદાનમાં અમને હરાવીને આખી પૃથ્વી સુખેથી ભોગવ.' યુધિષ્ઠિરે જવાબ દીધો.

'યુધિષ્ઠિર, યુધિષ્ઠિર! પાંડવોમાં તું ધર્મી છે એમ હું માનું છું.'

'આજ યુધિષ્ઠિર ધર્મી થઈ ગયા, કેમ? જુગાર રમતી વખતે યુધિષ્ઠિર ધરમી ન હતા?' ભીમ બોલ્યો.

'તું એને બોલવા તો દે!' યુધિષ્ઠિરે ભીમસેનને અટકાવ્યો, 'દુર્યોધન! બોલ, હું સાંભળું છું'

'યુધિષ્ઠિર! હું અત્યંત થાકી ગયો છું. હતાશ છું. રથઘોડા વિનાનો છું; શસ્ત્રાસ્વરહિત છું; કવચબખ્તર કશુંય નથી. એવો હું તમારી સાથે શી રીતે લડુ? માટે અહીં ભરાયો છું, અને મારો લાગ શોધું છું.' દુર્યોધન બોલ્યો.

'દુર્યોધન! તારી વાત યથાર્થ છે; પણ તું બહાર આવ. અમે તને રથ આપશું. કવચબખ્તર આપસું, તને શસ્ત્રાસ્ત્ર પણ આપસું. અને પછી તારી સામે યુદ્ધ કરશું. અમે પણ બધા યુદ્ધશાસ્ત્રના નિયમોથી પરિચિત છીએ. તને અધર્મથી અમે મારવાના નથી.' યુધિષ્ઠિર બોલ્યા.

'તો તો હું આ બહાર નીકળ્યો.' એમ કહેતો દુર્યોધન - પહાડ સરખો દુર્યોધન પાણની બહાર આવ્યો, અને હાથમાં ગદા લઈને જમીન પર ઊભો.

'લે આ કવચબખ્તર.' યુધિષ્ઠિર બોલ્યા, અને તેને કવચ-બખત્ર આપ્યાં.

'યુધિષ્ઠિર! તમે લોકો ઘણા છો જ્યારે હું એકલો છું. મારા સાથીઓ બધા મરણ પામ્યા છે. તમારી સૌની સાથે એકલો હું શી રીતે લડું?' દુર્યોધન બોલ્યો.

'દુર્યોધન! તારી વાત ઠીક છે. જો તું રણમેદાનમાં ઊતરતો હો તો અમે પાંચ પાંડવોમાંથી બધા એક એક તારી સાથે લડશું અને અમારા એકનો પણ પરાજય એ સૌનો પરાજય ગણાશે.' યુધિષ્ઠિર બોલ્યા.

'એ જ સાચું ધર્મયુદ્ધ ગણાય! મને એ કબૂલ છે.' દુર્યોધન બોલ્યો.

'તને શા માટે કબૂલ ન હોય!' શ્રીકૃષ્ણથી ન રહેવાયું. ' તે આવાં જ ધર્મયુદ્ધો કર્યા છે એટલે આ શા માટે કબૂલ ન હોય! એકલા અભિમન્યુને છ મહારથીઓએ એકઠા મળીને માર્યો તે દિવસે આ ધર્મયુદ્ધ ક્યાં ગયું હતું? યુધિષ્ઠિર તો ભોળા એટલે તને બધી હા પાડે છે, પણ એનું જોખમ કાંઈ એમને જોવું છે?'

'મારે મન તો યુધિષ્ઠિર એ પાંડવોના અગ્રણી. હું તમારી સાથે ગદાયુદ્ધ માગું છું. માટે તમારામાંથી જે મારી સાથે ગદાયુદ્ધ કરવા ઈચ્છતા હો તે આવો.' દુર્યોધન બોલ્યો.

'બીજો કોણ તારી સાથે ગદાયુદ્ધ કરે?' ભીમ આગળ આવ્યો. 'આપણે બન્ને જન્મના મિત્રો; આપણે રોજ એકબીજાને સંભારીએ પછી જ ઊંઘ આવે. એમાં વળી દ્રૌપદીએ આપણી મૈત્રીમાં વધારો કર્યો એટલે તો પૂછવું જ શું! એક જ બળરામના આપણે બન્ને શિષ્યો, દુર્યોધન! આવ, તારી સાથે આ ગદાયુદ્ધ હું સ્વીકારું છું!' ભીમે હાક મારી.

* * *

ભીમ-દુર્યોધનનું ગદાયુદ્ધ ચાલ્યું. ભીમસેનનું બળ અને દુર્યોધનની ચપળતા; કોઈ કોઈથી જાય તેવા નહિ. અને છતાંયે દુર્યોધન ચડે. પાંડવો બધા આ ગદાયુદ્ધના પ્રેક્ષકો હતા. ગુરુ બળરામ પણ નસીબયોગે આવી ચડ્યા એટલે તે પણ પોતાના શિષ્યોનું આ ગદાયુદ્ધ જોવા રોકાયા. ઘડીમાં ભીમ પડે ને ઘડીમાં દુર્યોધન પડે. કોઈ એકબીજાથી ગાંજ્યા જાય તેમ ન હતું, એટલે શ્રીકૃષ્ણ મૂંઝાયા.

'અર્જુન!' અર્જુને એક ખૂણે લઈ જઈને શ્રીકૃષ્ણે કહ્યું, 'આ યુદ્ધમાં ભીમ દુર્યોધનને જીતે એ અશક્ય જેવું છે. કોઈ પણ એકનો પરાજય એ સર્વનો પરાજય છે એમ કહીને યુધિષ્ઠિરે ભારે ભૂલ કરી છે!'

'હા, એ તો હું પણ સમજું છું. જેઓને, દુર્યોધન ભીમના ઘાને છટકાવી જાય છે અને લાગમાં જ આવતો નથી.' અર્જુન બોલ્યો.

'અર્જુન! મને એક વાત સૂઝે છે.'

'શી?'

'ભીમ દુર્યોધનને જો સાથળમાં ગદાનો ઘા કરે તો દુર્યોધન પડે.'

'એ ભીમ જાણે છે.'

'જાણે છે પણ ભૂલી ગયો લાગે છે.'

'તો તને યાદ આપું? પણ એ અધર્મયુદ્ધ નહિ થાય?' અર્જુને શંકા કાઢી.

'એ કેવું યુદ્ધ ગણાશે તે પાછળથી જોયું જશે. એક વાર દુર્યોધનને પડવા તો દે અર્જુન! તું સાથળ ઠોક એટલે ભીમને યાદ આવે.'

અર્જુને જમણા સાથળ પર હાથનો ફટકો લગાવ્યો કે તુરત જ ભીમ ચેતી ગયો, અને એવા જોશથી ગદા દુર્યોધનના સાથળમાં મારી કે દુર્યોધન એક ક્ષણમાં ધરતી પર ઢળી પડ્યો. દુર્યોધનના પગ જ ભાંગી ગયા.

આ બાજુ પાંડવો હર્ષમાં આવી ગયા અને મોટો હર્ષનાદ કરી મૂક્યો.

પણ બળરામથી આ સહન ન થયું. 'અલ્યા કૃષ્ણ! આ ભીમે દુર્યોધનને સાથળમાં ગદા મારી એ અધર્મ કર્યો છે. હું ગદાયુદ્ધનો આચાર્ય. મારા દેખતાં આવો અધર્મ થાય એ મારાથી શી રીતે જવાય?' એટલું કહેતાં જ બળરામે પોતાનું હળ ભીમને મારવા માટે ઉપાડ્યું.

પણ શ્રીકૃષ્ણ તરત જ વચ્ચે આવ્યા. 'મોટાભાઈ! ભીમે અધર્મ કર્યો એમાં શંકા નથી. પણ દુર્યોધનના અધર્મની સીમા ન હતી. વળી ભીમે દુર્યોધનનો સાથળ ભાંગવાની પ્રતિજ્ઞા કરી હતી તે તરફ પણ આપે ધ્યાન આપવું જોઈએ. ભીમનો અધર્મ તો છે જ. પરંતુ તે ક્ષંતવ્ય છે. વળી પાંડવો તો આપણા સગા છે.'

શ્રીકૃષ્ણનું કહેવું બળરામને રુચ્યું નહિ એટલે પોતે રીસમાં ને રીસમાં ત્યાંથી ચાલતા થયા.

પાંડવો પણ દુર્યોધનને તળાવના કાંઠા પર તરફડિયાં મારતો મૂકીને રવાના થયા.

બિચારો કૌરવરાજ કાગડા તથા શિયાળને હાંકતો. ત્યાં છેલ્લા શ્વાસો લેતો પડ્યો હતો. એટલામાં દૂરદૂર અશ્વત્થામાંના રથનો અવાજ આવ્યો.

જીવનની છેલ્લી ઘડી

'કોણ એ, અશ્વત્થામા?'

'જી, મહારાજ!'

'તું આવ્યો? કાંઈ થયું?'

'કંઈ શા માટે, બધું થયું; અને બધા કરતાંયે કંઈક વધારે થયું.' અશ્વત્થામા સંતોષથી બોલ્યો.

'પાંચાળોને માર્યા?'

'તમામ પાંચાળોને. ધૃષ્ટદ્યુમ્નને તો પલંગમાં જ ઠાર કર્યો; પાંચાળોને વીણી વીણીને માર્યા, ને સાથે...'

'સાથે શું?'

'સાથે સાથે પાંચાલીના પાંચે પુત્રોને પણ વધેર્યાં!' અશ્વત્થામાએ પુરું કર્યું.

'અરર, ગુરુપુત્ર! તેં બહુ ભૂંડું કર્યું!' દુર્યોધને મોં મરડ્યું.

'મારે તો દ્રુપદનું નામ પૃથ્વીમાંથી નાબૂદ કરવું હતું.' અશ્વત્થામા બોલ્યો.

'એ બિચારાઓએ આપણું શું બગાડ્યું હતું?'

'જેટલું અભિમન્યુ અને ઘટોત્કચે બગાડ્યું હતું તેથી જરાયે ઓછું નહિ.' અશ્વત્થામા બોલ્યો.

'એ જીવતા રહ્યા હોત તો કોઈ દિવસ અમને પિંડ તો આપત!' દુર્યોધન લાચારીથી

બોલ્યો.

'તમને પિંડ આપત એ તો ખરું. પણ દ્રુપદને પણ આપત ના!' અશ્વત્થામા ચિડાયો.

'જે થયું તે ભલે થયું! આજે સૌ મૃત્યુને માર્ગે ચાલી નીકળ્યા છે, ત્યાં કોણ પાછળ રહેશે તે કહી શકાતું નથી.' દુર્યોધન બોલ્યો, 'અશ્વત્થામા! મારી પીડા વધતી જાય છે હવે હું ચાલ્યો સમજો. સવાર પડવા આવી છે. પાંડવોને આ ખબર પડશે એટલે તમારો કેડો લીધા વિના તે નહિ રહે.'

'મહારાજ! મારી ચિંતા ન કરો. આપનો અંતકાળ સુખરૂપ થાય એ જ મારી ઈચ્છા છે.'

'મારું અવસાન? આજ સુધીમાં કેટલાંયે અવસાનો ભોગવી લીધાં છે. એ બધાં અવસાનોનો સરવાળો આજ આ છેલ્લું અવસાન. અશ્વત્થામા! પાંચાળો મર્યા એટલે હૃદયની આગ કંઈક શાંત થાય છે. હવે મને તું જરા બેઠો કર તો આ કુરુક્ષેત્રમાં અઢાર અક્ષૌહિણીની જે પથારી મેં પાથરી છે તેના પર એક છેલ્લી નજર નાખી લઉં' દુર્યોધન બોલ્યો.

'મહારાજ! આ કુરુક્ષેત્ર નથી, પણ આ તો સમંતપંચક છે. કહો તો આપને ઉપાડીને કુરુક્ષેત્રમાં લઈ જાઉં.' અશ્વત્થામાએ કહ્યું.'

'એટલો વખત હવે દુર્યોધનને ખાતે જમા હોય એમ લાગતું નથી; કર્ણ અને શકુનિ મને બોલાવે છે.' દુર્યોધને ઊંચું જોયું.

'મહારાજ! મને બીજું કાંઈ કહેવું છે?'

'કહેવાનું તો ઘણુંયે છે. અશ્વત્થામા! કોઈને કહી શકું તો આ હૈયાનો ભાર હળવો થાય ખરો; પણ કહેવાતું નથી.'

'જેટલું કહેવાય તેટલું કહો, મહારાજ!'

'અશ્વત્થામા! હૈયાના હોઠ બંધ થતા જાય છે. શી રીતે કહું? ગુરુપુત્ર! આ શિયાળ મારો હાથ ચાટે છે તેને જરા દૂર હાંક જોઈએ.' દુર્યોધને કહ્યું.

'લ્યો મહારાજ!'

'અશ્વત્થામા! એ શિયાળ જ તને કહેશે, આજે કુરુરાજનો હાથ ચાટવાની હિંમત એને ક્યાંથી આવી! આ મારો હાથ — આ હાથે ભીમને લાડું ખવરાવ્યા હતા; આ હાથે ભાનુમતીનું પાણિગ્રહણ કર્યું હતું. આ હાથે ભરસભામાં સાથળ ઠોકી દ્રૌપદીને બોલાવી હતી; આ હાથે ગાંધારીનો ચરણસ્પર્શ કર્યો હતો; ભાનુમતીની આખરી વિદાય લેતી વખતે આ હાથે તેની આંખનું આંસુ લૂછયું હતું; આજે એ જ હાથ શિયાળ માટે છે! એટલો મારી જીવનકથાનો સાર. અરે, એ જ મનુષ્યમાત્રની જીવનકથાનો સાર!'

'આપ અત્યારે ખેદ ન કરો. મનને પ્રસન્ન રાખો.' અશ્વત્થામા શાંતિ આપવા લાગ્યો.

'અશ્વત્થામા! ખેદ નથી કરતો...'

'માતા ગાંધારીને કાંઈ કહેવું છે?'

'ગાંધારીને? હા.'

'શું કહેવું છે?'

'ગાંધારીને કહેજે જે ભીમે મને સાથળમાં ગદા મારી છે.'

'એ તો એ જાણે જ.'

'જાણે ભલે ને! પણ મારા તરફથી જાણશે?'

'આપના છેવટના પ્રણામ કહું?'

'ગાંધારીને નહિ; છેલ્લા પ્રણામ તો ધૃતરાષ્ટ્રને આ સમાચારથી એમનું હૈયું ચિરાઈ

જશે. પરંતુ આવા હૈયાં ચિરાયા વિના માણસને માટે માર્ગ જ ક્યાં છે?' દુર્યોધન બોલ્યો.

'મહારાજને આપના છેલ્લા પ્રણામ કહીશ, અને આપની અંતિમ કથા પણ કહીશ.'

'એ કથા ન કહેતો. કદાચ બધી કથા કહે, તોપણ મને ભીમે અધર્મથી માર્યો છે એમ તો ન કહેતો. કદાચ એ પણ કહી જવાય, તોયે હું પડ્યા પછી ભીમે મારા માથા પર પગ ઠોક્યો એ તો કહીશ જ નહિ. તને મારા સોગંદ છે.'

'શા માટે ન કહું? સાચી વાત કેમ ન કહું?'

'તું ધૃતરાષ્ટ્રને કહીશ એટલે માતા ગાંધારી પણ જાણશે જ.'

'ભલે ને જાણે!'

'અને ગાંધારી જાણે એટલે શું, એ ખબર છે? ગાંધારીએ તો સગા દીકરા દુર્યોધનનો પણ ધર્મબુદ્ધિથી ત્યાગ જ ઈચ્છ્યો છે. એ ગાંધારીને કાને વાત આવે કે ભીમે મને મારવામાં અધર્મ કર્યો છે તો તો તેમને શાપ જ દે.' દુર્યોધન બોલ્યો.

'ભલે ને દે! ગાંધારીના શાપથી ભલે એ બન્ને મરતા!'

'ભીમને તેમ જ શ્રીકૃષ્ણને એવું સહેલું મોત આવે એમ હું ઈચ્છતો નથી. અશ્વત્થામા! ફરી એક વાત હૈયે ચડે છે એટલે કહી દઉં. આ પાંડવોએ ધર્મની દાંડી પીટીને આખા જગતને છેતર્યું છે અને મને ભારે અધર્મી તરીકે વગોવ્યો છે.' દુર્યોધન બોલ્યો.

'હા, ગુરુ પણ એમ જ કહેતા; ભીષ્મ પણ એમ જ કહેતા; વિદુર તો બીજી વાત જ ન કરે.'

'આ પાંડવોના ધર્મનું પોકળ આજે મને વધારે સ્પષ્ટ દેખાય છે.'

'આજ સુધી દેખાયું ન હતું?'

'મૂળથી જ દેખાતું; પરંતુ અંતરમાં સમજાયેલી વાત હું શબ્દમાં ઉતારી શકતો નહિ. હું તો અધર્મથી જ ચાલતો એમાં મને કદી શંકા નહોતી; અને મેં કોઈ દિવસ ધર્મી હોવાનો દાવોય નથી કર્યો.'

'આપ અધર્મી?' અશ્વત્થામા બોલ્યો.

'અશ્વત્થામા! આજે વિવેકનો વખત નથી. આજ તો હૈયાને ઠાલવવાનો વખત છે. હું પોતે જ કહું છું કે હું અધર્મી હતો. શ્રીકૃષ્ણને બોલાવ તો તેની પાસે પણ હું કબૂલ કરું. ધર્મ-અધર્મને હું બુદ્ધિથી પારખી શકતો નથી એમ ન માનતો. ધર્મ-અધર્મનો વિવેક હું બરાબર આંકી શકું છું; પણ આચરણનો પ્રસંગ આવે છે ત્યાં કોણ જાણે કેમ હું અધર્મથી ચાલતો ને હજી પણ ચાલું.' દુર્યોધન બોલ્યો.

'હવે આપને શ્વાસ ચડે છે.'

'જીવનની આ છેલ્લી વાત છે એટલે કહી લેવા દે. હું તો અધર્મથી જ જીવ્યો છું. ભીમને ઝેર ખવરાવ્યું ત્યાં અધર્મ; પાંડવોને લાખના ઘરમાં બાળ્યા ત્યાં અધર્મ; જુગારમાં જીત્યા ત્યાંય અધર્મ; જંગલમાં તેમને હેરાન હેરાન કર્યા ત્યાં પણ અધર્મ, અને ઠેઠ તેં આ પાંચાળોને ઠાર કર્યા ત્યાં સુધીયે અધર્મ! પાંડવોને હંફાવવામાં મેં ધર્મનો વિચાર જ ન કર્યો.'

'મહારાજ! ધીમેથી બોલો. આપને શ્વાસ ચડે છે.'

'પણ અશ્વત્થામા! પાંડવો તો ધર્મ, ધર્મને ધર્મની જ વાતો કરે! યુધિષ્ઠિર તો કહે ધર્મની મૂર્તિ. ભીમ તો કહે યુધિષ્ઠિરની આજ્ઞા પ્રમાણે જ ચાલે. શ્રીકૃષ્ણ તો વળી ધર્મનું ઉત્પત્તિસ્થાન ગણાય! આ બધાય ધર્મની પૂંછડીઓ યુદ્ધમાં કેવો ધર્મ સાચવી શક્યા તો તું જાણે છે. ભીષ્મને શિખંડી પાસે મરાવ્યા તે ધર્મ? દ્રોણગુરુએ પૂછ્યું ત્યારે ધર્મમૂર્તિ યુધિષ્ઠિર પોતે જ જૂઠું બોલ્યા એ ધર્મ? શું જયદ્રથ માર્યો તે ધર્મ? મારા વહાલા કર્ણના રથનું પૈડું પૃથ્વી ગળતી હતી તે વખતે તેના પર ઘા કર્યો, તે ધર્મ? મને ભીમે સાથળમાં ગદા

મારી તે ધર્મ ...?' દુર્યોધનને વધારે શ્વાસ ચડ્યો.

'હવે આપ બોલવું બંધ કરો. ધર્મ-અધર્મ જે હોય તે ભલે હોય!'

'ના, મને હવે અટકાવ નહિ. જીવનમાં મારો તે અધર્મ હતો જ, ને છડેચોક હતો. પણ આ પાંડવોનો ધર્મનો ઢોંગ જ હતો એમ આજે મને પૂરેપૂરું સમજાય છે.' દુર્યોધન બોલ્યો.

'અને પેલા શ્રીકૃષ્ણનો?'

'શ્રીકૃષ્ણને હું બજી બરાબર ઓળખી શક્યો નથી. કાં તો એ ધર્મનો મોટો ધુતારો છે. અને કાં તો ધર્મ અને અધર્મ બન્નેથી પર એવો યોગીશ્વર છે. પણ પાંડવો તો ધર્મના ધુતારા છે તે તું ખુદ પાંડવોની જ સભામાં જાહેર કરજે.'

'મહારાજ! આપ જરા સ્વસ્થ થાઓ.'

'હું સ્વસ્થ છું. બીજાઓને જરાય છેતર્યા વિના જેવો હતો તેવો દેખાવાનો જીવનભર મેં પ્રયત્ન કર્યો છે એ જ મને શાંતિ છે. પાંડવોએ ધર્મનો ઢોંગ કરીને લોકોમાં પ્રતિષ્ઠા મેળવી, ને આજે કૌરવોનું સામ્રાજ્ય પણ મેળવશે. પણ ગુરુપુત્ર! મનુષ્યમાત્રના હૃદયમાં પરમેશ્વરે ધર્માધર્મ માપવાનું જે અજબ યંત્ર ગોઠવ્યું છે, તે યંત્રની નોંધ કદી ખોટી આવતી નથી. જગતભરમાં ઈશ્વર જેવી કોઈ વસ્તુ હશે તે યાદ રાખજે અશ્વત્થામા! કે હું તો આજે ક્ષત્રિયની પથારી પર સૂઈને સ્વર્ગમાં જાઉં છું. પણ આ સનાતન બ્રહ્મચારિણી પૃથ્વીના પતિ પાંડવો પણ મારી જ દશા પામશે.' દુર્યોધને ઉદ્‌ગાર કાઢ્યા.

'મહારાજ! હવે તો હદ થાય છે.'

'તમે સૌ કહો છો કે અઢાર અક્ષૌહિણી સેના પૃથ્વી પર સૂતી તે મારે લીધે છે. તમારી સૌની એ ભૂલ છે; એ તો બધાં લોકમાનસનાં વલખાં છે. કૌરવકુળ તો વિનાશ માટે પાકીને તૈયાર જ હતું; મેં આવીને તેનો સ્પર્શ કર્યો એટલે તરત જ એ હેઠળ પડ્યું. આ ક્ષત્રિયો બધા પણ મૃત્યુના જડબામાં જ હતા; મેં તેમને અનુકૂળ ભૂમિ તૈયાર કરી દીધી એટલું જ!' દુર્યોધન બોલ્યો.

'મહારાજ! હવે વધારે બોલશો તો હું ચાલ્યો જઈશ.'

'લે, હવે નહિ બોલું. મારા - પાંડવોનાં જીવનનો આ મારો નિચોડ તું શ્રીકૃષ્ણ પાસે ધરજે. એ મારા જીવનની છેલ્લી ઇચ્છા છે!' દુર્યોધન જરા શાંત થયો.

'શ્રીકૃષ્ણને નિરાંતે મળીશ તો તો જરૂર કહીશ. બીજું કાંઈ?'

'એવું તો બીજું ઘણુંયે હોય, હૈયાનાં તાળાં કાંઈ એમ આપણે ધારીએ ત્યારે ઓછાં ઊઘડે છે?' દુર્યોધન બોલ્યો.

'આપનું માથું નીચું છે તે જરા ઊંચું કરું?'

'હવે ઊંચુ નીચું બધું સરખું જ છે!'

'મહારાજ!'

'મહારાજ!' અશ્વત્થામાએ ફરી કહ્યું.

દુર્યોધને આંખ ઊંચી કરી.

'મહારાજ!'

દૂર્યોધને આંખ મીંચી દીધી!

ધૃતરાષ્ટ્રનો પુત્ર, કૌરવકુળનો શિરતાજ, પાંડવોનો કટ્ટો દુશ્મન, અગિયાર અક્ષૌહિણીનો ધણી, બળરામનો પટ્ટ શિષ્ય, દેવી ભાનુમતીના હૈયાનો હાર, ધર્મ-અધર્મનાં ત્રાજવાં પરમેશ્વરે જગતના કયા ખૂણામાં ગોઠવ્યાં છે તેની શોધ કરવા ઈશ્વરના ધામમાં પહોંચ્યો, અને ત્યાં પાંડવોની રાહ જોતો બેઠો.

અશ્વત્થામાએ દુર્યોધનના શબ પર શોકનાં બેચાર ખારાં આંસુ સાર્યા ન સાર્યા ત્યાં તો

રથનો અવાજ તેને કાને આવ્યો, એટલે શબને એમ ને એમ છોડીને તે ત્યાંથી જીવ લઈને નાઠો.

મહાભારત કથા

ભૂમિકા

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्।
देवीं सरस्वतीं चैव ततो जयमुदीरयेत्॥
શ્રી નારાયણને, નરોત્તમ એવા નર ભગવાનને તથા દેવી
સરસ્વતીને નમસ્કાર કરીને પછી જય નામના ગ્રંથનો ઉચ્ચાર કરવો.

*

એક વખતે નૈમિષારણ્યમાં કુલપતિ શૌનકનો બાર વર્ષનો યજ્ઞ ચાલતો હતો. આ યજ્ઞમાં અનેક તપસ્વી ઋષિમુનિઓ એકઠા થયા હતા. એક વાર શૌનકના આ યજ્ઞમાં લોમહર્ષના પુત્ર ઉગ્રશ્રવા આવી ચડ્યા. ઉગ્રશ્રવા જન્મથી સૂત જાતિના હતા અને પુરાણોની કથાઓ વગેરેમાં ખૂબ કુશળ હતા, એટલે લોકો તેને સૂતપુરાણી કહેતા. સૂતપુરાણીને આવતા જોઈને ઋષિમુનિઓ બધા આસન પરથી ઊભા થયા અને તેમનો સત્કાર કર્યો. સૂતપુરાણીએ વિવેકપૂર્વક આ સત્કાર સ્વીકાર્યો એટલે સૌ પોતપોતાને સ્થાને બેઠા. એવામાં એક ઋષિએ પ્રશ્ન કર્યો: ‘હે સૂતપુત્ર ઉગ્રશ્રવા! તમે આજે ક્યાંથી આવો છો? તમે આજ સુધી ક્યાં હતા?’

સૂતપુરાણી બોલ્યા: ‘મહાશયો! હું પરીક્ષિત રાજાના સર્પયજ્ઞમાં ગયો હતો અને ત્યાંથી જુદા જુદા તીર્થોમાં ફરતો ફરતો સમંતપંચકમાં થઈને અહીં તમારા સૌનાં દર્શને આવ્યો છું.’

એક મુનિએ તરત જ પૂછ્યું: ‘પાંડવકૌરવનું યુદ્ધ થયું હતું એ સમંતપંચક? એને સમંતપંચક કેમ કહે છે?’

સૂતપુરાણીએ કહ્યું: ‘હા, એ જ. ત્યાં અઢાર અક્ષૌહિણી સેના એકઠી થઈ અને તેનો અંત આવ્યો, તેમ જ ત્યાં પાંચ મોટા તળાવો છે, એટલે તેનું નામ સમંતપંચક પડ્યું છે.’

બીજા એક મુનિએ પૂછ્યું: ‘તમે જનમેજય રાજાની સભામાં ગયા હતા ત્યાં યજ્ઞકર્મોની વચ્ચેના વખતમાં સહુ શું કરતા હતા? કોઈ કથાવાર્તાઓ ચાલતી ખરી?’

સૂતપુરાણી બોલ્યા: ‘હા, હા, ત્યાં તો મહારાજ જનમેજયની ઇચ્છાથી વ્યાસ ભગવાને રચેલી ભારતની કથાઓ વૈશંપાયન કહી સંભળાવતા હતા. એ બધી કથા સાંભળ્યા પછી જ હું ત્યાંથી નીકળ્યો હતો.’

તરત જ પેલા ઋષિએ કહ્યું: ‘તો તમે પોતે વ્યાસ ભગવાને રચેલી આ ભરતકથા અમને કહેવાની કૃપા કરો. અમે આ ભારત વિષે ઘણાને મોંએથી ઊડતી હકીકતો સાંભળી છે. તમે વ્યાસ ભગવાનના શિષ્ય વૈશંપાયનને શ્રીમુખે જ એ કથા સાંભળી આવ્યા છો, માટે અમને એ કથા વિસ્તારથી કહી સંભળાવો. આવાં આવાં ઇતિહાસ-પુરાણો

જનસમાજને કહી સંભળાવવાં એ તો તમારો ધંધો છે અને એ ધંધામાં તમે કુશળ છો. માટે અમને આ કથા કહો. અમને તો વ્યાસ ભગવાને આ ઇતિહાસ ક્યારે રચ્યો અને ક્યારે ભણાવ્યો તેની જ ખબર નથી.'

સૂતપુરાણીએ જણાવ્યું: 'ભલે. તમારી સૌની ઇચ્છા છે તો હું તમને એ વિશે બધું જ કહીશ. સત્યવતીના પુત્ર વેદવ્યાસે તપ અને બ્રહ્મચર્યના પ્રભાવથી આ ઇતિહાસ રચ્યો છે. આ આખ્યાન પૂરું કર્યા પછી તેમને વિચાર થયો કે, 'આ આખ્યાન હું શિષ્યોને કેવી રીતે ભણાવીશ?' વ્યાસ ભગવાન આ વિચારમાં ને વિચારમાં બેઠા હતા એટલામાં બ્રહ્મા તેમની પાસે આવ્યા. વ્યાસે બ્રહ્માને જણાવ્યું: 'હે ભગવાન્! મેં એક કાવ્ય રચ્યું છે, પણ આ કાવ્યનો લખનાર કોઈ મને મળતો નથી. આપને કોઈ સ્મરણ આવે છે?'

'બ્રહ્માએ થોડી વાર વિચારીને કહ્યું: "હે સત્યવતીના પુત્ર! જન્મથી જ તમારી વાણી સત્યરૂપ છે. હે મુનિ! તમારા આ કાવ્યને લખવા માટે તમે ગણેશનું સ્મરણ કરો."

'બ્રહ્મા ગયા ત્યાર પછી વ્યાસે ગણેશનું સ્મરણ કર્યું અને ગણેશ આવી પહોંચ્યા. વ્યાસે ગણેશનું રીતસર પૂજન કર્યું અને કહ્યું: 'હે ગણપતિ! મેં એક કાવ્ય રચ્યું છે. તેનો લખનાર મને કોઈ જડતો નથી. તમે આ કાવ્યના લેખક થશો?'

'ગણપતિએ જવાબ વાળ્યો: "હું તમે લખાવો તેમ લખું તો ખરો, પણ મને સાધારણ લહિયો ન સમજતા. કેટલાંક જોડકણાં કરનારા કવિઓ કાવ્યો રચે છે ત્યારે કેટલીયે નકામી ચાપચીપ કરે છે; એક લીટી લખે ત્યાં થાકી ગયા હોય એવા ચાળા કરે છે; એક લીટી લખીને કેટલીયે વાર છેકા કર્યા કરે છે; એક લીટી લખીને દસ દિવસ સૂઈ જાય છે અને આવું કેટલુંય કરે છે. આવા લોકોને લખવાનું તો હોતું જ નથી પણ ગલિયાંતલિયાં કરીને લખવું પડે છે. આવા કવિઓના લેખક થવું એમાં હું હીણપત સમજું છું. મારે તો જેનો પ્રવાહ અટકે નહીં એવા પ્રતિભાશાળી કવિના લેખક થવું છે. તમારો ગ્રંથ લખતાં મારી કલમ અટકે નહીં એવી રીતે લખાવવા તમે તૈયાર હો તો તમારો લેખક થાઉં."

'ગણેશની આ વાત સાંભળીને વ્યાસ રાજી થયા ને બોલ્યા: "તમારી વાત બરાબર છે. તમે આવા ઉત્તમ લેખક છો તેનો લાભ હું પણ શા માટે ન લઉં? ઉત્તમ લેખક એ કે જે સમજ્યા વિના એક આંકડો ન પાડે. એ કાંઈ લહિયો નથી કે અક્ષરો જ લખ્યે જાય. તમારે હું જે બોલું તેનો અર્થ સમજીને જ બધું લખવું; સમજ્યા વિના એક અક્ષર પણ પાડવો નહીં."

'ગણેશ બોલ્યા: "કબૂલ."

'બનતું એવું કે વચ્ચે વચ્ચે વ્યાસ ભગવાન એવા અઘરા શ્લોકો ગોઠવી દે કે ગણેશને વિચાર કરવો જ પડે અને આ દરમિયાન વ્યાસ આગળના બીજા ઘણા શ્લોકો વિચારી લે.

'આ પ્રમાણે લખાયેલો ગ્રંથ વ્યાસ ભગવાને પોતાના શિષ્ય વૈશંપાયનને ભણાવ્યો અને પછી પોતે જનમેજય રાજાના યજ્ઞમાં ગયા. ત્યાં વૈશંપાયનને આજ્ઞા કરી કે, 'તમે આ લોકોને ભારતકથા સંભળાવો.' અને વ્યાસ ભગવાનની આજ્ઞા થતાં યજ્ઞકર્મોની વચ્ચે વચ્ચે જ્યારે વખત ખાલી રહેતો ત્યારે ધર્માત્મા વૈશંપાયન મુનિ આ ભારત સંભળાવતા તે હું પણ તમને સંભળાવું છું. વ્યાસ ભગવાને તો જય નામનો ઇતિહાસ રચ્યો; આ ઇતિહાસમાં ભારત રાજાના આખાય કુળની કથા આવે છે એટલે લોકોમાં એ ભારત કહેવાયું. એક તરફ ચારે વેદો અને એક તરફ ભારત, એ બેની તુલના કરીએ તો ભારત વધી જાય, એટલે હવે લોકો એને મહાભારત કહી શકે છે. મૂળ ભારતકથાનાં સો પર્વો છે. સો પર્વોની આ કથા અઢાર અક્ષૌહિણી સેનાની કથા છે; સો પર્વોની આ કથા અઢાર દિવસના યુદ્ધની કથા છે. સો પર્વોની આ કથાને હું અઢાર પર્વમાં ગોઠવીને તમને સૌને સંભળાવીશ.'

આ પ્રમાણે કહીને સૂતપુરાણીએ મહાભારતની કથા શરૂ કરી. સૂતપુરાણી કહેવા લાગ્યા:—

આદિપર્વ

૧

પૂર્વે હસ્તિનાપુરમાં શાંતનુ નામે રાજા રાજ કરતા હતા. શાંતનુ ગંગાદેવીને પરણ્યા.

ગંગા-શાંતનુનાં લગ્ન થયાં ત્યારે એવી ચોક્કસ સમજણ થઈ હતી કે શાંતનુએ ગંગાદેવી જે કાંઈ કરે તેની આડે આવવું નહીં, તેમ જ એ વિષે કશી પૂછપરછ પણ કરવી નહીં. આ સમજણનો ભંગ થાય તે દિવસે ગંગાદેવી શાંતનુને છોડીને ચાલ્યાં જાય.

લગ્નના ફળરૂપે ગંગાદેવીને એક પુત્ર અવતર્યો. પુત્રને એક રેશમી રૂમાલમાં વીંટી ગંગા નદીકાંઠે ગયાં અને ત્યાં તેને જલસમાધિ કરાવી. શાંતનુને આ ખબર પડી ત્યારે તેમને દુ:ખ થયું, પણ તેમણે દેવીને એક અક્ષર સરખો કહ્યો નહીં. ત્યાર પછી તો ગંગાને બીજો પુત્ર, ત્રીજો પુત્ર, એમ સાત પુત્રો થયા ને એ સાતેય ઉપર નદીનાં પાણી ફરી વળ્યાં. હસ્તિનાપુરના ધણીએ આ બધું મૂંગેમોઢે સહન કરી લીધું.

ગંગાને આઠમો પુત્ર અવતર્યો. સાત સાત પુત્રોને દેવીએ જળમાં પધરાવ્યા તેથી શાંતનુની ધીરજની હદ આવી રહી હતી. આઠમા પુત્રને પણ ગંગા તો રૂમાલમાં વીંટી જલસમાધિ માટે લઈ ચાલ્યાં અને જળમાં મૂકવા જાય છે ત્યાં પાછળથી અવાજ આવ્યો: ‘સબૂર!’

દેવીએ પાછું વાળીને જોયું ત્યાં તો શાંતનુ મહારાજને ઊભેલા દીઠા! ગંગાએ પીઠ ફેરવી, પોતાનો કછોટો છોડી નાખ્યો. પુત્રને લઈ પ્રવાહની બહાર આવ્યાં અને મહારાજ તરફ હાથ લંબાવતાં બોલ્યાં: ‘મહારાજ! આ આપનો પુત્ર. આના પર હવે આપનો અધિકાર છે. આપણો લગ્નસંબંધ આજથી પૂરો થાય છે.’

ગંગાના શબ્દોએ શાંતનુના હૃદયને વીંધી નાખ્યું. પોતાનું મૂંગું મોઢું આજે છેવટે ઊઘડી પડ્યું તેનો એમને પસ્તાવો થવા લાગ્યો. દેવીને વીનવતાં વીનવતાં શાંતનુ બોલ્યા: ‘દેવી! એક ભૂલ પણ માફ ન થાય?’

પણ ગંગા એકનાં બે ન થયાં. પર્વતરાજની પુત્રીની મક્કમતાથી તે બોલ્યાં: ‘આપણો સંકેત પવિત્ર છે; એને આપણે ન તોડીએ. આપણા સંકેતની પાછળ ઈશ્વરી ઇચ્છા છુપાયેલી છે. આપની ઇચ્છા હશે તો આને ઉછેરીને હું મોટો કરીશ. મારા હૈયામાં યુગયુગાંતરની સંસ્કૃતિઓ વહે છે; આ પુત્ર માના હૈયાનાં ધાવણ ધાવીને મોટો થશે.’

આટલું બોલી ગંગાદેવી પુત્રને લઈને અદૃશ્ય થયાં. મહારાજ શાંતનુ એકાદ સ્વપ્નમાંથી માણસ જાગી જઈને અને સ્વપ્નને સંભારતો રહે તેમ મૂઢની માફક જોઈ રહ્યા અને દીનપગલે હસ્તિનાપુર તરફ વળ્યા.

આ પુત્રનું નામ દેવવ્રત.

૨

દેવવ્રત વિદ્યાભ્યાસ કરીને હસ્તિનાપુર આવ્યો અને મહારાજને પડખે રહી રાજકાજનો અભ્યાસ કરવા લાગ્યો.

મહારાજ શાંતનુ એક વાર ફરતા ફરતા નદીકાંઠે જઈ ચડ્યા, ત્યાં તેમણે એક મચ્છીમારની કન્યાને દીઠી. કન્યા હતી તો મચ્છીમારની દીકરી, પણ રૂપમાં અપ્સરાને પણ લજવે તેવી હતી. આજે તે ભરયૌવનમાં હતી; હાથમાં હલેસું લઈને સાગરને ખોળે હીંચતી હોય ત્યારે કોઈ જલદેવી વિહાર કરવા નીકળી હોય તેમ તે શોભતી હતી. તેના દેહમાંથી નીકળતી મીઠી ગંધ આખાય કાંઠા પર પ્રસરી રહેતી હતી.

ગંગાદેવીના ગયા પછી શાંતનુનું હૃદયતખ્ત ખાલી હતું ત્યાં આ કન્યા આવી બેઠી. મહારાજ શાંતનું ત્યાંથી હસ્તિનાપુર પાછા ગયા; રાજમહેલમાં દાખલ થયા; મહેલના છત્રપલંગ પર પડ્યા પડ્યા આળોટવા લાગ્યા; પણ આ મચ્છીમારની કન્યાને હૈયામાંથી ભૂંસી ન શક્યા. એ કન્યાના વિચારથી એ પાગલ બની ગયા. વિચારા શાંતનું!

મહારાજ શાંતનુએ એ કન્યાના બાપ પાસે માગું મોકલ્યું પણ એ મચ્છીમાર બડો પક્કો હતો. માછલું જાળમાં આવે પછી તેનું શું કરવું તે તેને આવડી ગયું હતું. કન્યાનું માંગુ કરવા આવનાર માણસને મચ્છીમારે સંભળાવ્યું: 'હું એવો ઘેલો નથી કે મહારાજને એમ ને એમ દીકરી આપું. રાજાઓ તો ભમરાઓની માફક આજે એક ફૂલ પર બેસે ને કાલે બીજે બેસે. એમનો શો ભરોસો? વળી મહારાજને તો એક કુંવર પણ છે; એટલે મારી દીકરી પેટ ભરીને દુઃખી થાય. મહારાજને કહેજો કે મારા ભાણેજને ગાદી મળે એવું તમે વચન આપતા હો તો જ મારી દીકરીની આશા રાખજો.'

મચ્છીમારનો આ જવાબ મહારાજના કાને પડ્યો એટલે મહારાજ વિહ્વળ બની ગયા. તેમના દિલમાં જુદા જુદા અનેક વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું. કન્યાનું અનુપમ લાવણ્ય, પોતાનો પ્રેમ, હસ્તિનાપુરની ગાદી, ગંગાપુત્ર દેવવ્રત, હસ્તિનાપુરની પ્રજાનો લોકમત મચ્છીમારની હઠ અને જડતા બધાં એક પછી એક મહારાજ શાંતનુ પાસે ખડાં થયાં અને બહુ જ મક્કમતાથી પોતાનો દાવો રજૂ કરવા લાગ્યાં. કોઈ ભલો ન્યાયાધીશ જુદા જુદા અક્કલબાજ વકીલોની રજૂઆતથી ગભરાઈ જાય અને ચોક્કસ નિર્ણય પર આવવાને બદલે મૂંઝાઈને મુકદ્દમો જ પડતો મૂકે તેવી મહારાજ શાંતનુની દશા થઈ. મહારાજ ન તો એ કન્યાને ભૂલી શકે, ન તો ગંગાપુત્રનો હક્ક દૂર કરી કન્યાના બાપને વચન આપી શકે. આ સ્થિતિમાં મહારાજ દિવસે દિવસે ગળવા લાગ્યા, તેમની આંખો ઊંડી જવા લાગી, તેમનો દેહ ફિક્કો પડવા લાગ્યો; તેમનું મન ભ્રમિત જેવું થઈ ગયું.

મહારાજની આ દશા જોઈને દેવવ્રતને ચિંતા પેઠી. મહારાજની આ દશાનું કારણ શોધતાં શોધતાં આખરે તેમને સાચી હકીકત હાથ લાગી. દેવવ્રત તો ગંગાનો પુત્ર. કોઈ પણ નવી પરિસ્થિતિ ઊભી થાય કે તરત જ તેનો નિર્ણય કરી લેવો એવી તાલીમ કુમારને મળી હતી. મહારજને મચ્છીમારની કન્યા મળવામાં પોતે જ આડખીલ છે એમ તરત જ તેમને સમજાઈ ગયું અને એ સમજણની સાથે જ આ પ્રસંગે પોતાનો ધર્મ શો છે તેનો પણ તેમણે નિર્ધાર કરી લીધો. કુમાર જાતે નદીકાંઠે ગયા, મચ્છીમારને મળ્યા, તેની પાસેથી કન્યાની ઘણી હકીકત જાણી લીધી અને છેવટે પોતાના પિતાના તરફથી કન્યાનું માંગું કર્યું.

કુમારની માગણીનો જવાબ વાળતાં મચ્છીમાર બોલ્યો: 'કુમાર! તમે મારા વિચારો

જાણો છો. હું એક જ શરતે મહારજને કન્યા આપી શકું.'

'એ શરત હું જાણું છું'. દેવવ્રત બોલ્યો.

'એ શરતથી આપને ચોખ્ખું નુકસાન છે.'

'મારે બદલે તારો ભાણેજ ગાદીનો વારસ થાય એ જ શરત છે ને?' દેવવ્રતે પૂછ્યું.

'હા, એ જ.'

'તો મારે ગાદી પરથી મારો હક્ક ઉઠાવી લેવો એમ જ ના?' દેવવ્રતે ખુલાસો માગ્યો.

'એ હું નથી કહેતો.' મચ્છીમાર બોલ્યો, 'તમે એ ગાદી સુખેથી ભોગવો. અમ રાંક લોકોને ગાદી ન હોય.'

'તું નથી કહેતો પણ હું કહું છું.' કુમાર બોલ્યા, 'ભાઈ! તારી પુત્રીને મેળવવા માટે આજે મહારાજ પીડાઈ રહ્યા છે. પિતાને આ પીડામાંથી મુક્ત કરવા એ મને મારો ધર્મ લાગે છે, એટલે તો અહીં આવ્યો છું. ભાઈ! આ પતિતપાવન ગંગામૈયાને કાંઠે ઊભો રહીને હું પ્રતિજ્ઞા કરું છું કે આજથી દેવવ્રત હસ્તિનાપુરની ગાદીનો વારસ નથી પણ તારો ભાણેજ ગાદીનો વારસ થશે. બસ! હવે તું તારી કન્યા મહારાજને આપ એટલે એમને શાંતિ થાય.'

પરંતુ મચ્છીમાર હસતો હસતો બોલ્યો: 'કુમાર! આટલું જ બસ નથી.'

દેવવ્રતે આશ્ચર્યથી પૂછ્યું: 'આટલું બસ નથી?'

'ના.' મચ્છીમારે કહ્યું, 'આપની આ પ્રતિજ્ઞા તો બરાબર છે; પણ આપની પાછળથી આપના પુત્રો ગાદી માટે લડાઈ ન કરે એની શી ખાતરી?'

મચ્છીમારના શબ્દો કુમારને વધારે ઊંડા પાણીમાં ઘસડી ગયા. એક ક્ષણમાં દેવવ્રતની પાસે જીવન આખાના પ્રશ્નો ખડા થયા અને દેવવ્રતે પણ એટલી જ ઝડપથી તેમનો તાગ લઈ લીધો. કુમારે સ્વસ્થ થઈને જણાવ્યું: 'મચ્છીમાર! હરકત નથી. હું દેવવ્રત વધુ પ્રતિજ્ઞા કરું છું કે હું પ્રજા ઉત્પન્ન જ કરીશ નહીં અને એટલા માટે લગ્નજીવનમાં પણ કદી પડીશ નહીં. હવે બસ છે?'

કન્યાનો બાપ તો કુમારના આ શબ્દો સાંભળીને સ્તબ્ધ થઈ ગયો! કન્યા પણ આ પ્રતિજ્ઞા સાંભળીને હેરત પામી ગઈ. દૂર દૂરથી કેમ જાણે અવાજ આવ્યો: 'આ તો ભીષ્મ!'

તે દિવસથી કુમાર દેવવ્રતનું નામ ભીષ્મ પાડ્યું.

3

ભીષ્મ પોતાની નવી માતાને લઈને ઘેર આવ્યા. મચ્છીમારને ઘેર એમનું નામ મત્સ્યગંધા હતું તે બદલીને સત્યવતી રાખવામાં આવ્યું.

સત્યવત્તીને બે પુત્રો થયા: ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. ચિત્રાંગદ ગંધર્વોની સાથે લડતાં મૃત્યુ પામ્યો એટલે વિચિત્રવીર્ય ગાદીએ આવ્યો. કુમાર ભરજુવાન થયો એટલે ભીષ્મ તેને પરણાવવાનો વિચાર કરવા લાગ્યા. આ વખતે જ કાશીરાજની ત્રણ પુત્રીઓનો સ્વયંવર કરવાની વાતો ચાલતી હતી. ભીષ્મ પોતે સ્વયંવરમાં ગયા. સ્વયંવરમાં ભંગાણ પાડી ત્રણે કન્યાઓનું હરણ કરી લાવ્યા. આ ત્રણ કન્યાઓમાંની મોટી અંબાએ ભીષ્મને જણાવ્યું:

'ભીષ્મ! મને મારા પિતા ધર્મથી શાલ્વ રાજાને આપી ચૂક્યા છે. મારું મન પણ એને જ વર્યું છે માટે મને મુક્ત કરો.' અંબાની આ વાત સાંભળીને ભીષ્મે અંબાને છૂટી કરી અને અંબિકા તથા અંબાલિકાનાં પોતાના ભાઈ વિચિત્રવીર્યની સાથે લગ્ન કર્યાં. અંબા હસ્તિનાપુરથી શાલ્વ પાસે ગઈ પણ શાલ્વે તેને સંઘરી નહીં. તેણે કહ્યું: 'તું ભીષ્મને ત્યાં જઈ આવી છે એટલે મારે અગ્રાહ્ય છે.'

શાલ્વે આ પ્રમાણે તરછોડેલી અંબા ફરીથી ભીષ્મ પાસે આવી પણ ભીષ્મેય તેને સ્વીકારવાની ના કહી, તેથી તે પરશુરામના આશ્રમમાં ગઈ. અંબાની હકીકત સાંભળી પરશુરામને દયા આવી અને એક શિષ્ય સાથે તેમણે ભીષ્મને સંદેશો કહાવ્યો: 'ભીષ્મ! તારા ગુરુ તરીકે હું આજ્ઞા કરું છું કે તું અંબાને તારા ભાઈ સાથે પરણાવ.'

પણ ભીષ્મ અડગ રહ્યા. પરશુરામની આજ્ઞા અયોગ્ય લાગી એટલે તેમણે તે ન માની, આથી પરશુરામને ક્રોધ ચડ્યો અને તે ભીષ્મની સાથે લડવા આવ્યા. ભીષ્મ-પરશુરામના આ યુદ્ધમાં ભીષ્મ જ છેવટે વિજય પામ્યા અને પરશુરામ અંબાને લઈને તપોવનમાં ચાલ્યા ગયા.

લગ્ન પછી થોડે વખતે વિચિત્રવીર્ય મૃત્યુ પામ્યો. વિચિત્રવીર્યને સંતાન ન હતું એટલે માતા સત્યવતીને ભારે મૂંઝવણ આવી પડી. મહારાજ શાંતનુનો વંશ કોઈ પણ રીતે ચાલુ રહે એ જ એમની ઝંખના હતી. ભીષ્મ પોતે અંબિકા તથા અંબાલિકા સાથે નિયોગ કરીને પુત્રો ઉત્પન્ન કરે એવી તેમની માગણી ભીષ્મ શી રીતે સ્વીકારી શકે? ભીષ્મને તેમની પ્રતિજ્ઞામાંથી જરા જેટલા પણ ખસેડવા એ આકાશપાતાળ એક કરવા જેવું હતું. સત્યવતીએ ભીષ્મને ઘણું ઘણું સમજાવ્યા પણ ભીષ્મ તો ભીષ્મ! છેવટે માતા સત્યવતીએ ભીષ્મને સમજાવ્યું: 'ભીષ્મ! મેં તમને મારા ગણ્યા છે. મહારાજ શાંતનું સ્વર્ગે સિધાવ્યા ત્યારે અમને સૌને તમને સોંપતા ગયા છે. તમારા પર મારો સંપૂર્ણ વિશ્વાસ છે એટલે આ કહું છું કે હું નાની હતી અને ગંગામૈયા પર હોડી હંકારતી હતી ત્યારે એક વાર પરાશર મુનિ મારી હોડીમાં બેઠા હતા. પરાશર મને જોઈને મોહિત થયા અને તેમનાથી મારો એક પુત્ર થયો. તમે નામથી તેને ઓળખો છો. આ પુત્ર તે વેદવ્યાસ.'

'અહોભાગ્ય તમારાં.' ભીષ્મથી બોલી જવાયું.

'આ પુત્ર,' સત્યવતીએ ચલાવ્યું, 'મને છોડીને ગયો ત્યારે કહેતો ગયો છે કે, "માતાજી! મારી જરૂર પડતાં સ્મરણ કરશો તો હું સેવામાં હાજર થઈશ." તમે કહો તો આ વ્યાસને બોલાવીને બન્ને વહુઓ પુત્રવતી થાય એમ કરું. આપણે તો આ કુલધર્મ છે ને મહારાજનો વેલો ચાલુ રહે એટલી જ મારી ઈચ્છા છે.'

ભીષ્મે સત્યવતીના આ વિચારને અનુમતિ આપી એટલે સત્યવતીએ વ્યાસનું સ્મરણ કરી તેમને બોલાવ્યા. વ્યાસમુનિથી અંબિકાને ધૃતરાષ્ટ્ર, અંબાલિકાને પાંડુ અને ત્રીજી એક દાસીને વિદુર એમ ત્રણ પુત્રો થયા.

૪

ધૃતરાષ્ટ્ર સૌથી મોટા હતા પરંતુ તે જન્મથી જ આંધળા હતા એટલે ગાદી પાંડુને મળી. પાંડુ જન્મથી જ ફિક્કા હતા ને મોટે ભાગે હિમાલયમાં જંગલોની ખુલ્લી હવામાં રહેતા

હતા.

ધૃતરાષ્ટ્રનાં લગ્ન ગાંધાર દેશના રાજા સુબલની પુત્રી સાથે થયાં. પોતાના પતિ આંખે દેખતા નથી એમ ગાંધારીએ જાણ્યું ત્યારથી તેણે પોતાની આંખે પણ પાટા બાંધ્યા અને આંખનું સુખ તજ્યું.

પાંડુને બે સ્ત્રીઓ હતી: વાસુદેવની બહેન કુંતી અને મદ્રદેશના રાજા શલ્યની બહેન માદ્રી. કુંતી અને માદ્રી પાંડુ રાજાની સાથે હિમાલયનાં જંગલોમાં જ રહેતી.

પાંડુને પ્રજા ન હતી, એટલે પાંડુની રજાથી કુંતીએ ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા: ધર્મરાજાથી યુધિષ્ઠિર, વાયુથી ભીમસેન અને ઇંદ્રથી અર્જુન. માદ્રીએ પણ એ જ રીતે અશ્વિનીકુમારોથી નકુળ-સહદેવને ઉત્પન્ન કર્યા. ગાંધારીને વ્યાસ ભગવાનના આશીર્વાદથી સો પુત્રો અને એક પુત્રી થયાં. કહે છે કે ધૃતરાષ્ટ્રનો મોટો પુત્ર દુર્યોધન અવતર્યો ત્યારે ચારે દિશાએ ગધેડાં ભૂંકવા લાગ્યા, આકાશમાંથી સળગતા અંગાર વરસવા લાગ્યા, ઘુવડો બોલવા લાગ્યાં ને ભયંકર અવાજો થવા લાગ્યા. હસ્તિનાપુરના જોશીઓએ તો ભવિષ્ય ભાખ્યું કે આ દુર્યોધન આખા કૌરવકુળનો નાશ કરશે; ગાંધારી, વિદુર વગેરે આત્મજનોએ દુર્યોધનનો ત્યાગ કરી કુળને બચાવવાની ઘણી હિમાયત કરી, પરંતુ ધૃતરાષ્ટ્ર તેમ કરી શક્યા નહીં.

પાંડુ પોતાની બન્ને સ્ત્રીઓ ને પુત્રો સાથે વનમાં રહેતા હતા ત્યાં એક વાર માદ્રીને જોઈ તેમના ચિત્તમાં ક્ષોભ થયો ને એ ક્ષોભને પરિણામે એ મૃત્યુ પામ્યા. મહારાજ પાંડુના આ અકસ્માત-મૃત્યુથી તપોવનમાં હાહાકાર થઈ રહ્યો; પાંડુની બન્ને રાણીઓ હૈયાફાટ કલ્પાંત કરવા લાગી; પાંડુના પુત્રો રડવા લાગ્યા, ઋષિમુનિઓએ આવીને શાંત કર્યા; કુંતી-માદ્રીને ધીરજ આપી અને પાંડુના અગ્નિસંસ્કારની તૈયારી કરી. માદ્રીએ પોતાના નકુળ-સહદેવ કુંતીને સોંપ્યા, કુંતીને એક અંતિમ પ્રણામ કર્યા અને મહારજને ખોળામાં લઈ ચિતા પર ચડી.

આશ્રમના ઋષિમુનિઓએ કુંતીને તથા પાંડવોને આશ્વાસન આપ્યું ને તેમને સર્વેને સાથે લઈ હસ્તિનાપુર જવા નીકળ્યા. હસ્તિનાપુરમાં આવીને આ ઋષિમુનિઓએ પાંડુપુત્રોને ભીષ્મના ખોળામાં મૂક્યા અને બોલ્યા: ‘આ પાંડુના પુત્રો છે. પાંડુ મહારાજ દૈવયોગે મૃત્યુ પામ્યા છે; આ એમના પુત્રો છે.’ એટલું કહી તપસ્વીઓ ચાલ્યા ગયા. હસ્તિનાપુરની સમગ્ર પ્રજામાંથી કોઈ કોઈએ ઉચ્ચાર કર્યો: ‘આ પાંડુના પુત્રો ન હોય.’ પરંતુ ભીષ્મે અને મોટા ભાગની પ્રજાએ ‘આ પાંડુના જ પુત્રો છે.’ એમ કહીને તેમને સ્વીકાર્યા અને હસ્તિનાપુરના રાજમહેલમાં તેમને સ્થાન આપ્યું.

ત્યાર પછી ભીષ્મે, ધૃતરાષ્ટ્રે અને આખાય રાજકુટુંબે પાંડુની ઉત્તરક્રિયા કરી. ધૃતરાષ્ટ્રે ઘણા લાંબા વખત સુધી પોતાના ભાઈના મૃત્યુનો શોક પાળ્યો.

૫

ભીષ્મની છાયામાં પાંચ પાંડવો અને સો કૌરવો દિવસે દિવસે મોટા થવા લાગ્યા. આ પાંડવ-કૌરવો એક જ વંશના હતા. નિરંતર સાથે રહેતા, ખાતાપીતા અને હરતાફરતા છતાંયે તેમની અંદર કુસંપ જાગ્યો. કૌરવો પાંડવો સાથે અમુક જ રીતે વર્તતા અને અંદરથી

તેમનો દ્વેષ કરતા; તેમાંય ખાસ કરીને ભીમસેન અને દુર્યોધન એ બેને તો જન્મજન્માંતરનાં વેર જાણે અધૂરાં રહ્યાં હોય એમ જ જણાતું હતું. જ્યારે જ્યારે આ બધા ભાઈઓ નદીકાંઠે રમવા જતા ત્યારે ભીમસેન કૌરવોને શારીરિક ત્રાસ આપવામાં એક જાતનો આનંદ લેતો અને તેમ કરીને દુર્બળ કૌરવોના મનમાં ઈર્ષ્યા ઊભી કરતો. કૌરવોમાં સૌથી મોટો દુર્યોધન; બધા કૌરવ ભાઈઓનાં માનાપમાન એ દુર્યોધનનાં માનાપમાન. પાંડવો નાનીમોટી ઘણી બાબતોમાં પોતાથી ચડિયાતા છે એ જોઈને જ દુર્યોધનની આંખમાં ઝેર આવ્યું. એક વાર બધા રાજકુમારો નદીકાંઠે રમવા ગયા. રમતને અંતે સૌને લાડુ ખાવાની ગોઠવણ હતી. દુર્યોધને થોડાઘણા લાડુઓમાં ખાસ કરીને ઝેર ભેળવ્યું અને પછી ભીમસેનને ખૂબ આગ્રહ કરી કરીને એ લાડુઓ જ ખવરાવ્યા. લાડુ ખાઈને ભીમસેન સૂતો ત્યાં તેને ઝેર ચડ્યું.

ચાર પાંડવોને આ કશી ખબર રહી નહીં. બધા જ્યારે ઘેર ગયા ત્યારે કુંતીએ તપાસ કરી: ‘ભાઈ અર્જુન! મારો ભીમ ક્યાં છે?’ પછી તો કુંતી, યુધિષ્ઠિર વગેરે ચારે તરફ તપાસ કરવા લાગ્યાં. એટલામાં ભીમસેન હાથ લાગ્યો. ભીમસેન નદીમાં પડ્યો ત્યાં નાગલોકોએ તેનું ઝેર ઉતારી લીધું હતું એટલે તે ઘેર આવ્યો અને પોતાને ઝેર દીધાની બધી હકીકત માતા તથા ભાઈઓને કહી સંભળાવી.

આ બનાવ પછી પાંડવ-કૌરવોનું વેર વધારે ઉઘાડું થયું અને બન્ને પક્ષો વધારે જાગ્રત થયા.

૬

હવે પાંડવ-કૌરવો મોટા થતા ગયા એટલે તેમની કેળવણીનો પ્રશ્ન ભીષ્મ પિતામહને મૂંઝવવા લાગ્યો. પહેલાં તો ભીષ્મે કૃપને કુમારોના આચાર્ય સ્થાપ્યા ને કૃપાચાર્યે તેમને અનેક પ્રકારની વિદ્યા શીખવવા માંડી. એટલામાં દ્રોણ હસ્તિનાપુર આવ્યા.

દ્રોણ ભારદ્વાજ મુનિના પુત્ર ને અગ્નિવેશ મુનિના શિષ્ય. અગ્નિવેશના આશ્રમમાં દ્રોણ વિદ્યાભ્યાસ કરતા હતા ત્યારે પૃષત્ રાજાનો પુત્ર દ્રુપદ પણ ત્યાં જ કુલવાસી હતો. દ્રોણ અને દ્રુપદ બન્ને ગાઢ મિત્રો હતા. ગુરુકુલવાસ દરમિયાન બન્ને મિત્રોએ ભાવિનાં અનેક સ્વપ્નો સેવ્યાં હતાં. આગળ જતાં દ્રુપદ પાંચાળની ગાદી પર આવ્યો અને દ્રોણ ગરીબ બ્રાહ્મણ રહ્યા.

દ્રોણ શરદ્વાન મુનિની પુત્રી કૃપીને પરણ્યા. આ કૃપી તે કૃપાચાર્યની બહેન. કૃપીથી દ્રોણને અશ્વત્થામા નામનો એક પુત્ર થયો. દ્રોણ એટલા બધા ગરીબ હતા કે ઘરમાં અશ્વત્થામા માટે દૂધના પણ સાંસા હતા. આવી ગરીબાઈથી કૃપી ઘણી વાર ઊકળી ઊઠતી અને દ્રોણને મેણાં પણ મારતી. એક વાર અશ્વત્થામા દૂધને માટે રિસાયો એટલે દ્રોણે નિશ્ચય કર્યો: ‘લાવ ને મારા મિત્ર દ્રુપદને મળીને એક ગાય માગી લાવું, એટલે બધી પંચાત ટળી જાય!’

દ્રોણ દ્રુપદના નગરમાં ગયા અને રાજમહેલને દરવાજે જઈ દ્રુપદને પોતાના આવ્યાના સમાચાર મોકલ્યા, પણ મહારાજ દ્રુપદ આજે હવે અગ્નિવેશના આશ્રમના દ્રુપદ રહ્યા ન હતા. દ્રુપદે મૈત્રીનો દાવો કરતા દ્રોણને ચોખ્ખું સંભળાવી દીધું: ‘રાજાઓની ગરીબ

બ્રાહ્મણો સાથે મૈત્રી સંભવે નહીં.' દ્રુપદનાં આવાં અભિમાનવાળાં વાક્યો સાંભળીને દ્રોણનાં રૂંવાડાં ઊભાં થયાં. તેમના મનમાં ઝનૂન આવ્યું, પણ છતાં શાંતિથી બોલ્યા: 'દ્રુપદ! પૃષત્ રાજાના પુત્ર દ્રુપદ! આપણે અગ્નિવેશ મુનિના આશ્રમમાં અંતેવાસી હતા એ દિવસો યાદ આવે છે? નદીને કાંઠે બેઠા બેઠા આપણે કેટલીય રાતો વિતાવી હતી, એ યાદ આવે છે?'

પણ દ્રુપદ મક્કમ હતો. તેણે તો દ્રોણને મિત્ર તરીકે સ્વીકારવાની હરિગજ ના પાડી. એટલે દ્રોણ ક્રોધાયમાન થઈ ત્યાંથી ચાલી નીકળ્યા અને 'ગરીબાઈને ફગાવીને એક વાર તો દ્રુપદને ઠેકાણે લાવું તો હું દ્રોણ ખરો?' એવો નિર્ધાર કરીને હસ્તિનાપુર તરફ વળ્યા.

હસ્તિનાપુરના દરવાજામાં પગ મૂકે છે ત્યાં પાંડવ-કૌરવોને એક કૂવા પાસે ઊભેલા તેમણે જોયા. કુમારોનો દડો કૂવામાં પડી ગયો હતો અને નીકળતો ન હતો એટલે સૌ કાંઠે ઊભા ઊભા વિચાર કરતા હતા. એટલામાં દ્રોણ ત્યાં આવી પહોંચ્યા. કુમારોને અંદર અંદર વાત કરતા સાંભળીને દ્રોણ બોલ્યા: 'કુમારો! બહાર ઊભાં ઊભાં કૂવામાંથી દડો ખેંચી લેવાની વિદ્યા તમને નથી આવડતી? જુઓ, તમે ઊભા રહો; હમણાં જ હું તમારા એ દડાને બહાર લાવું છું!' કુમારોને આ પ્રમાણે કહીને દ્રોણે પોતાની અસ્ત્રવિદ્યાથી દડાને કૂવામાંથી બહાર કાઢી આપ્યો. દ્રોણની અસ્ત્રવિદ્યાનો આ પ્રભાવ જોઈને કુમારો ચકિત થઈ ગયા; તેઓ દ્રોણને રાજમહેલમાં લઈ ગયાં. ત્યાં જઈને ભીષ્મ પિતામહને તેમણે બધી હકીકત કહી સંભળાવી અને ભીષ્મે દ્રોણને કુમારોના આચાર્ય તરીકે સ્થાપ્યા. ત્યારથી ગરીબ દ્રોણ હસ્તિનાપુરના રાજકુમારોના આચાર્ય બન્યા.

૭

ભીષ્મે દ્રોણાચાર્યને રહેવા માટે એક સ્વચ્છ લીંપ્યું-ગૂંપ્યું મકાન આપ્યું અને કુમારોની શાળા માટે તમામ યોગ્ય વ્યવસ્થા કરી આપી. દ્રોણાચાર્યની પાસે આ કૌરવ-કુમારો ઉપરાંત બીજા રાજકુમારો પણ આવ્યા, તેમ જ સારથિ અધિરથનો પુત્ર કર્ણ પણ તેમની પાસે વિદ્યાભ્યાસ માટે આવવા લાગ્યો.

આ બધાય કુમારોમાં અર્જુનનો વિદ્યા માટેનો શોખ અજબ હતો. તે પોતે ગુરુની સેવામાં ઉત્સાહથી ભાગ લેતો અને એકનિષ્ઠાથી વિદ્યાને ગ્રહણ કરતો. ગુરુ દ્રોણે બધા કુમારોને પાણી લાવવા માટે સાંકડા મોઢાવાળાં કમંડલુઓ આપ્યાં હતાં, પણ પોતાના પુત્ર અશ્વત્થામાને પહોળા મોઢાવાળો ઘડો આપ્યો હતો. આથી કરીને બીજા કુમારો કરતાં અશ્વત્થામા જળાશયમાંથી પાણી ભરીને વહેલો આવતો અને દ્રોણ એટલા વખતમાં તેને થોડીક ગુપ્ત વિદ્યા આપી દેતા. અર્જુનને આ વાતની ખબર પડી એટલે આ ગુપ્ત વિદ્યા મેળવવાના હેતુથી તે પણ અશ્વત્થામાની સાથે સાથે જ પહોંચી જતો અને દ્રોણ પાસેથી ગુપ્ત વિદ્યા પણ મેળવતો.

એક વાર અર્જુન રાતે વાળુ કરતો હતો ત્યાં દીવો ઓલવાઈ ગયો છતાંય તેણે જમવાનું ચાલુ રાખ્યું. અંધારામાં પણ હાથ તો રોજના અભ્સાસને લઈને મોં તરફ જ વળે છે એ વિચારથી અર્જુનને આવા અભ્યાસનું મહત્ત્વ સમજાયું અને દરરોજ રાતે અંધારામાં પણ બાણ મારવાની ટેવ પાડવા લાગ્યો. વિદ્યા મેળવવાના અર્જુનના આવા ઉત્સાહથી

દ્રોણની તેના પર અત્યંત પ્રીતિ થઈ. દ્રોણ તો અર્જુનને ઘણી વાર કહેતા: ‘મારો કોઈ શિષ્ય તારાથી ચડિયાતો બાણવાળી થશે નહીં.’

એક વાર દ્રોણની આજ્ઞાથી કુમારો મૃગયા કરવા નીકળ્યા. કુમારો એક મોટા જંગલમાં પહોંચ્યા, ત્યાં તેમણે એક કૂતરાને જોયો. કૂતરો ભસ્યા કરતો હતો એટલે દૂરથી એક ભીલકુમારે અતિ કુશળતાથી તેના મોંમા બાણો મારીને તેનું મોં ભરી દીધું. કુમારો આ જોઈને ચકિત થઇ ગયા અને મનમાં શરમાયા પણ ખરા. તપાસ કરતાં કુમારોને ખબર પડી કે આ ભીલકુમાર તો એકલવ્ય પોતે જ છે, જેને કુમારોની સાથે અસ્ત્રવિદ્યા શીખવવાની દ્રોણે પહેલાં ના પાડી હતી. એકલવ્ય દ્રોણનું માટીનું પૂતળું કરીને તેની સમક્ષ ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતો ને દ્રોણની પાસેથી મળી શકત તે કરતાં ઘણી વધારે કુશળતા પોતાની ભક્તિથી મેળવી લેતો હતો. એકલવ્યની કુશળતાથી અર્જુનને ઈર્ષ્યા થઈ. તેણે હસ્તિનાપુર જઈ આચાર્યને એકલવ્યની વાત કરી ને કહ્યું: ‘આપે તો મને કહ્યું છે કે મારો કોઈ શિષ્ય અસ્ત્રવિદ્યામાં તારાથી ચડિયાતો નહીં થાય; પણ આ એકલવ્ય જ મારાથી ચડિયાતો લાગે છે!’

દ્રોણ ચિંતામાં પડ્યા અને રથમાં બેસીને જંગલ તરફ ગયા. એકલવ્ય પોતાની નિત્યની ભક્તિથી દ્રોણની મૂર્તિ સન્મુખ પોતાની વિદ્યાને પામી રહ્યો હતો. દ્રોણ આવ્યાની ખબર પડી એટલે એકલવ્ય તેમની પાસે દોડી આવ્યો, તેમનાં ચરણમાં મસ્તક નમાવ્યું અને બોલ્યો: ‘ગુરુદેવ! શી આજ્ઞા છે?’

દ્રોણ બોલ્યા: ‘બેટા એકલવ્ય! હું તારી પાસેથી ગુરુદક્ષિણા લેવા માટે આવ્યો છું.’

એકલવ્યના હરખનો પાર ન રહ્યો. ગુરુદેવ પોતે આટલે દૂર ગુરુદક્ષિણા લેવા માટે આવે તે મહદ્‌ભાગ્યની વાત! એકલવ્યે કહ્યું: ‘પ્રભો! ગુરુદક્ષિણા સ્વીકારી મને કૃતાર્થ કરવા માટે મારે આપને શોધવા પડે તેને બદલે આપ પોતે પધાર્યા એ મારાં અહોભાગ્ય! બોલો, ગુરુદક્ષિણામાં શું આપું?’

દ્રોણાચાર્યે જણાવ્યું: ‘તારો જમણા હાથનો અંગૂઠો.’

આ શબ્દો દ્રોણના મોંમાથી બહાર પડ્યા ન પડ્યાં ત્યાં તો અંગૂઠો જુદો પડ્યો ને દ્રોણ અંગૂઠો લઈને ચાલતા થયા. પરંતુ તે દિવસથી એકલવ્યના ધનુષ્યનો ટંકાર મોળો પડ્યો.

૮

દ્રોણાચાર્યે એક વાર કુમારોની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેમણે રૂનું એક ભાસપક્ષી બનાવ્યું; રાતા હીરાની તેની બે આંખો બનાવી. આ પક્ષીને એક ઝાડ પર ગોઠવ્યું. કુમારોને દ્રોણાચાર્યે જણાવ્યું કે તમારે આ ભાસપક્ષીને વીંધવાનું છે.

ત્યાર પછી યુધિષ્ઠિરને આગળ લાવીને દ્રોણે પૂછ્યું: ‘તમે પેલા ભાસપક્ષીને જુઓ છો? તમે મને જુઓ છો? તમે આ મંડળને જુઓ છો? સામેના આકાશને તમે જુઓ છો?’

દ્રોણાચાર્યના આ પ્રશ્નના ઉત્તરમાં યુધિષ્ઠિરે કહ્યું: ‘હા; હું એ ઝાડને, તમને, બધા ભાઈઓને તથા ભાસપક્ષીને જોઉં છું.’

યુધિષ્ઠિરના આ ઉત્તરથી દ્રોણ નિરાશ થયા અને બોલ્યા: ‘બેસી જાઓ.’

પછી તેમણે બીજા કુમારોને એક પછી એક બે પ્રશ્નો પૂછ્યા અને કોઈના તરફથી

તેમના મનનું સમાધાન થયું નહીં. છેવટે તેમણે અર્જુનને આગળ આણીને કહ્યું: ‘બેટા અર્જુન! મને તારી શક્તિમાં શ્રદ્ધા છે. તું મને દેખે છે? તું મંડળને દેખે છે? તું સામેનું આકાશ દેખે છે? તું ભાસપક્ષીને દેખે છે?’

અર્જુને કહ્યું: ‘હું તમને કોઈને દેખતો નથી; માત્ર ભાસપક્ષીને દેખું છું.’

પછી દ્રોણ સહેજ વધારે બોલવા જતા હતા ત્યાં તો અર્જુન બોલ્યો: ‘હવે તો આખા પક્ષીનેય દેખતો નથી; માત્ર તેની બે લાલ આંખને જ દેખું છું.’

‘એ આંખોને જ વીંધ.’ ને અર્જુનનું બાણ છૂટ્યું.

અર્જુનની આવી એકનિષ્ઠાથી દ્રોણ બહુ પ્રસન્ન થયા.

૯

કુમારો તમામ વિદ્યા શીખી રહેવા આવ્યા, એટલે ભીષ્મની સલાહથી દ્રોણાચાર્યે તેમની એક જાહેર પરીક્ષા ગોઠવી. શહેરની બહાર વિશાળ ભૂમિમાં એક આલિશાન રંગમંડપ ઊભો કરવામાં આવ્યો અને ત્યાં જ રાજપુરુષો, સ્ત્રીઓ, નગરલોકો વગેરેને માટે સગવડ કરવામાં આવી. નક્કી કરેલ દિવસે ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, કૃપાચાર્ય વગેરે રંગમંડપમાં આવ્યા; ગાંધારી, કુંતી વગેરે સ્ત્રીઓ પણ હાજર હતી. નગરલોકની તો ઠઠ જામી હતી. બધાંયે કુમારોની વિદ્યાનું પ્રદર્શન જોવા ઉત્સુક થયાં હતા. એટલામાં દ્રોણાચાર્ય કુમારો સાથે આવ્યા. દ્રોણને આવતા જોઈને પ્રેક્ષકોએ તેમને તાળીઓના ગડગડાટથી આવકાર આપ્યો.

પછી કુમારોએ એક પછી એક પોતાના પ્રયોગો શરૂ કર્યા. પ્રયોગોમાં ભીમસેન અને દુર્યોધન કચ્છ પહેરીને ગદાયુદ્ધમાં ઊતર્યા ત્યારે પ્રેક્ષકોનું ખૂબ જ ધ્યાન ખેંચાયું. બન્ને કુમારો હાથમાં ગદાઓ લઈને રંગભૂમિ પર ઘૂમવા લાગ્યા ત્યારે પ્રેક્ષકોના બે પક્ષો પડી ગયા. કોઈ ભીમસેનનો ઘા પડે ત્યારે ‘સાબાશ, સાબાશ!’ એમ કહેતા હતા ત્યારે કોઈ દુર્યોધન ચાલાકી બતાવે ત્યારે ‘સાબાશ, સાબાશ!’ એમ કહેતા. એક વખતે તો પ્રેક્ષકોના ધન્યવાદથી આખો મંડપ એવો ખળભળી ઊઠ્યો કે દ્રોણે ભીમ-દુર્યોધનનો પ્રયોગ બંધ કરાવ્યો.

આખરે દ્રોણનો વહાલો શિષ્ય અર્જુન રંગભૂમિ પર આવ્યો. દ્રોણની આંખો અર્જુનને દેખીને હરખાતી હતી. અર્જુને રંગભૂમિ પર આવીને દ્રોણને પ્રણામ કર્યા, ત્યાર બાદ ભીષ્મ અને ધૃતરાષ્ટ્રને વંદન કરી પ્રયોગો કર્યા. અર્જુનના જુદા જુદા પ્રયોગોથી આખી સભા ચકિત થઈ ગઈ. સ્ત્રી વર્ગમાં કુંતીની છાતીએ પાનો આવ્યો.

પણ અર્જુનના આ પ્રયોગથી કૌરવોનાં મન બળવા લાગ્યાં. બધા એક ખૂણામાં બેઠા બેઠા અર્જુનની અદેખાઈ કરવા લાગ્યા. એટલામાં કર્ણ રંગભૂમિ પર પહોંચ્યો અને બોલ્યો: ‘અર્જુન!’ તેં જે જે પ્રયોગો કરીને આ સભાને મુગ્ધ કરી છે તે બધા જ પ્રયોગો હું કરી બતાવું. તારી તાકાત હોય તો મારી સાથે દ્વંદ્વયુદ્ધમાં ઊતર.’

કર્ણનાં આ વાક્યો સાંભળીને દુર્યોધન વગેરે બહુ રાજી થયા અને કર્ણને ધન્યવાદ આપવા લાગ્યા, પણ કૃપાચાર્ય આગળ આવીને બોલ્યા: ‘આ અર્જુન પૃથાનો પુત્ર છે. હે કુમાર! તું તારું કુલગોત્ર વગેરે જાહેર કર એટલે આ અર્જુન તારી સાથે યુદ્ધ કરે.’

કૃપાચાર્યના શબ્દો સાંભળીને કર્ણ ઝાંખો પડી ગયો. અધિરથ આગળ આવી કર્ણને

રંગભૂમિમાંથી પાછો લઈ જવા લાગ્યો; પણ એટલામાં તો દુર્યોધને મોટા અવાજે કહ્યું: 'ઋષિઓની અને મહાપુરુષોની ઉત્પત્તિ જાણીને કશો લાભ નથી. એ રીતે તો પાંડવો કેવી રીતે ઉત્પન્ન થયા એ ક્યાં આપણે નથી જાણતા? વીરોની વીરતા તેમના જન્મમાં નથી પણ તેમના ક્ષાત્રતેજમાં છે.' પછી તેણે કર્ણને કહ્યું: 'સાબાશ કર્ણ! તું જરાય ગભરાઈશ નહીં. મારી બધી સંપત્તિ તારા માટે જ છે એમ સમજજે.'

કર્ણ-અર્જુનની આ ચર્ચાથી સભામાં ખળભળાટ થઈ ગયો અને કુંતીને મૂર્છા આવી ગઈ. જરા શાંત થયા પછી ભીમસેન આગળ આવીને બોલ્યો: 'કર્ણ! તું તો અધિરથનો દીકરો છે એટલે તારા હાથમાં આ ધનુષ્ય શોભતું નથી. તું તારે ચાબુક લે એટલે બસ! આ રાજપુત્ર અર્જુન તારા જેવા સૂતપુત્ર સાથે લડી શકતો નથી.'

ભીમસેનનાં આવાં ગર્વના વચનો સાંભળી દુર્યોધનનું લોહી ઊકળી ઊઠ્યું. તે બોલ્યો: 'જો અર્જુન રાજકુમાર સાથે જ યુદ્ધમાં ઊતરી શકે છે તો હું અત્યારે જ કર્ણને અંગદેશનો રાજા બનાવું છું.' એમ કહીને ત્યાં ને ત્યાં જ દુર્યોધને કર્ણના કપાળમાં તિલક કર્યું.

દરમિયાન આ ખળભળાટથી ગભરાઈને દ્રોણાચાર્યે પ્રયોગો બંધ કર્યા અને સભા વિખેરાવા લાગી. કર્ણે દુર્યોધનનો આભાર માન્યો અને દુર્યોધનના ઉપકારના બદલામાં પોતાની નિત્યની મૈત્રી તેને આપી. આજ સુધી પોતાના પક્ષમાં અર્જુન જેવો કોઈ ધનુર્ધારી ન હતો તે આજે મળ્યો એ વિચારથી કૌરવો ખૂબ જ રાજી થતા રાજમહેલમાં પાછા ગયા.

૧૦

હવે દ્રોણને ગુરુદક્ષિણા આપવાનો વખત થયો. કુમારો દ્રોણાચાર્યની પાસે આવીને ગુરુદક્ષિણા માગવા માટે કહેવા લાગ્યા ત્યારે દ્રોણ બોલ્યા: 'તમે દ્રુપદ રાજાને બાંધીને મારે સ્વાધીન કરો એ મારી ગુરુદક્ષિણા છે.'

દ્રોણ અને અશ્વત્થામા રાજકુમારોની સાથે દ્રુપદના નગર તરફ ઊપડ્યા. નગરની પાસે પહોંચતાં પાંડવો પહેલાં જરા દૂર રહ્યા અને કૌરવોએ દ્રુપદના સૈન્ય પર હલ્લો કર્યો પણ ફાવ્યા નહીં. થોડી વાર પછી અર્જુને દ્રુપદ રાજાને યુદ્ધમાં ઉતાર્યો અને આખરે માત કર્યો. અર્જુન દ્રુપદના રથ પર ચડી ગયો, તેને પકડી લીધો ને બાંધીને દ્રોણની પાસે હાજર કર્યો.

પોતે દ્રુપદના દરબારમાંથી અપમાન પામીને નીકળ્યા હતા તે પ્રસંગને યાદ આપીને દ્રોણાચાર્યે દ્રુપદને ઘણાં મેણાં માર્યાં અને પછી તેને છોડી મૂક્યો. દ્રોણાચાર્યે દ્રુપદને દક્ષિણ પાંચાલ દેશ પાછો સોંપ્યો અને પોતે ઉત્તર પાંચાલના ધણી બન્યા. ત્યાર પછી રાજકુમારોને લઈને દ્રોણ હસ્તિનાપુર પાછા આવ્યા.

દ્રુપદને હરાવીને શરણે લાવવામાં અર્જુનનું પરાક્રમ જોઈને કૌરવો ઝંખવાણા પડી ગયા ને પાંડવોનું તેજ સહન ન થવાથી મનમાં બળવા લાગ્યા. તેમને લાગ્યું, હવે પાંડવોને કોઈ રીતે છેવટનો નિકાલ લાવવો જોઈએ.

૧૧

અર્જુને દ્રુપદને હરાવીને દ્રોણના ચરણમાં મૂક્યો એ સમાચાર ધૃતરાષ્ટ્રને મળ્યા ત્યારે તેમના મનમાં ચિંતા પેઠી; દરમિયાન દુર્યોધને પણ તેમના કાનમાં ઝેર રેડ્યું. પાંડવોનાં પરાક્રમથી લોકો મુગ્ધ બન્યા હતા અને તેમની તો એવી માગણી હતી કે હવે યુધિષ્ઠિરને રીતસર યુવરાજ સ્થાપવા. હસ્તિનાપુરનો લોકમત પાંડવોની તરફ ઢળી ન જાય તે પહેલાં જ તેમનો ઘાટ ઘડવો એવી દુર્યોધનની યોજના હતી. આ યોજનામાં તેને શકુનિ મામાની બુદ્ધિની મદદ હતી. આવી કપટયોજનામાં દુર્યોધન, દુ:શાસન, કર્ણ અને શકુનિ એ ચારની ચંડાળચોકડી એકઠી મળી વિચાર કરતી અને જરૂર પડ્યે ધૃતરાષ્ટ્રને હાથો બનાવીને કામ લેતી. દુર્યોધનની સલાહથી ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને વારણાવત જવાની અને ત્યાં થોડો વખત રહેવાની સલાહ આપી. એટલે પાંચ પાંડવો તથા છઠ્ઠાં કુંતી વારણાવત જવા નીકળ્યાં.

વારણાવતમાં દુર્યોધને પુરોચનની મદદથી લાખનો એક મહેલ બંધાવ્યો હતો. એ મહેલની ભીંતોમાં લાખ, રાળ, શણ, કોલસા, ડામર વગેરે સળગી ઊઠે તેવા પદાર્થો ભર્યા હતા અને ટાપટીપ તો માત્ર ઉપર ઉપરની જ હતી. યોજના એવી હતી કે પાંડવો આ મહેલમાં થોડા દિવસ રહે અને તેમના મનમાંથી વહેમ માત્ર દૂર થાય કે તરત જ પુરોચન મહેલને આગ મૂકે જેથી પાંડવો તથા માતા કુંતી સળગી જાય અને દુર્યોધનનો રસ્તો કાયમને માટે ખુલ્લો થઈ જાય. પરંતુ, વિદુરને કૌરવોની આ બદદાનતની ગંધ આવી ગઈ હતી એટલે વારણાવતમાં રવાના થતી વખતે તેણે અગાઉથી જ યુધિષ્ઠિરને સહેજ ચેતવ્યા હતા.

પાંડવો વારણાવતમાં પહોંચ્યા ને થોડા દિવસ રહ્યા તે દરમિયાન તેમણે મહેલમાં એક સુરંગ ખોદાવી લીધી જેથી આફત વખતે બહાર જવામાં અડચણ ન આવે. એક રાત્રે બરાબર લાગ જોઈને ભીમસેને પોતે જ પુરોચન સૂતો હતો ત્યાં આગળથી જ મહેલને આગ મૂકી ને પાંચે પાંડવો તથા કુંતી ભોંયરામાં થઈને નાસી છૂટ્યાં. ભીમસેને આ આપત્કાળમાં માતાને પોતાને ખભે બેસાડ્યાં; નકુળ તથા સહદેવને કેડે લીધા અને યુધિષ્ઠિર તથા અર્જુનને બે હાથ પર લીધા.

ભીમસેન સુરંગમાં થઈને ગંગાને કાંઠે આવ્યો. ત્યાં વિદુરના સંકેત મુજબ એક માણસ નાવ લઈને ઊભો હતો. તરત નાવમાં બેસીને આ બધાં ગંગાપાર ઊતર્યાં. પાંડવો અને કુંતી બળી ગયાના સમાચાર હસ્તિનાપુર પહોંચ્યા એટલે ધૃતરાષ્ટ્ર તથા કૌરવો તો પોકે પોકે રડવા લાગ્યા; માત્ર એક વિદુર ઓછું રડતા હતા.

૧૨

ગંગાનદી ઊતરીને પાંડવો મોટા વનમાં પેઠા. ભીમસેન ભાઈઓ તથા માતાને લઈને ઝડપથી ચાલતો હતો. પાંડવો થાક તરસથી પીડાતા હતા. આવે વખતે તરસ્યાં થયેલાં કુંતીએ કહ્યું: 'પાંચ પાંડવોની માતા હું આજે તરસથી પીડાઉં છું.' કુંતીનાં આવાં વચનો સાંભળીને ભીમસેનનું મન પીગળ્યું. અને ભીમસેન બધાને લઈને એક મોટાં વડની છાયા તળે ચાલ્યો. ભીમે કહ્યું: 'તમે બધાં અહીં વિશ્રાંતિ લ્યો; હું પાણીની શોધ કરું છું. આ તરફ સારસો કલ્લોલ કરે છે એટલે નજીકમાં કોઈ જળાશય હોવું જોઈએ.'

એમ કહીને ભીમસેન પાણીની શોધમાં ગયો અને થોડી વારે પાણી લઈને પાછો ફર્યો

ત્યાં તો બધાંને સૂઈ ગયેલાં જોયાં.

પાંડવો જ્યારે ઝાડ નીચે સૂતા હતા એ વખતે દૂર હિડિંબ નામનો રાક્ષસ એક મોટા ઝાડ પર ચડીને તેમને જોતો હતો. પાંડવોને જોઈ તેણે પોતાની બહેન હિડિંબાને કહ્યું: ‘બહેન! ઘણે લાંબે વખતે મનુષ્યોનો આહાર મળે છે તેથી મારા જીભમાં પાણી છૂટે છે. આ બધાંને મારીને તું મારી પાસે લઈ આવ. બધાં આપણી જ હદમાં સૂતેલાં છે.’

ભાઈનાં આવાં વચન સાંભળીને રાક્ષસી હિડિંબા ઝાડ પાસે ગઈ અને જતાંવેંત જ ભીમસેનને જોઈને તેના પર મોહી પડી અને તેને કહેવા લાગી: ‘હે મહાબાહો! તમે કોણ છો? ક્યાંથી આવ્યાં છો? હું તમારા પર મોહિત થઈ છું. તમારા વિના બીજા પતિને હું ઈચ્છતી નથી, માટે મને પ્રીતિદાન આપો.’

હિડિંબા આ પ્રમાણે રોકાઈ તેથી હિડિંબ ઉતાવળો ઉતાવળો ત્યાં આવ્યો અને હિડિંબાની મનોદશા પારખી જઈને બોલ્યો: ‘હિડિંબા! તને ધિક્કાર છે! જેના ઉપર તું મોહી પડી છે તેને આજે જ હું મારી નાખું છું.’

એમ કહી દાંત કચકચાવતો હિડિંબ ભીમસેન સામે દોડ્યો અને બન્નેનું યુદ્ધ શરૂ થયું.

એવામાં પાંડવો તથા કુંતી જાગી ઊઠ્યાં ને હિડિંબા પાસેથી વાત જાણીને ભીમને મદદ કરવા તૈયાર થયાં. પણ ભીમસેનને આવા રાક્ષસને ચોળી નાખવામાં બીજાની મદદની જરૂર ન હતી, એટલે એણે એકલાએ હિડિંબને પૃથ્વી પર રોળ્યો ને તેની છાતીમાં ગોઠણ ભરાવી તેને ભાંગી નાંખ્યો. હિડિંબને મારીને પાંડવો એ વનમાંથી આગળ ચાલ્યા એટલે પેલી ડિહિંબા પણ તેમની સાથે જ ચાલવા લાગી. હિડિંબાએ યુધિષ્ઠિરને તેમજ કુંતીને ઘણી ઘણી આજીજી કરી એટલે છેવટે તેમણે ભીમસેનને તેની સાથે લગ્ન કરવાની ને થોડો વખત સાથે રહેવાની પરવાનગી આપી. પછી ભીમસેન થોડો વખત હિડિંબ સાથે રહ્યો. હિડિંબાને ભીમસેનથી એક ઘટોત્કચ નામનો પુત્ર થયો, એટલે હિડિંબાએ ભીમસેનને જવાની રજા આપી અને પાંડવો આગળ ચાલ્યા.

૧૩

ચાલતાં ચાલતાં તેઓ એકચક્રા નગરીમાં ગયાં. એકચક્રામાં પાંડવોએ એક બ્રાહ્મણને ત્યાં પોતાનો વાસ રાખ્યો. એકચક્રામાં પાંડવો રોજ ભિક્ષા માગીને ખાતા; ભિક્ષાનો અર્ધ ભાગ એકલો ભીમસેન ખાતો અને બાકીના અર્ધામાં સૌ ખાતાં.

એક વાર આ બ્રાહ્મણના ઘરમાં કુંતીએ રોક્કળ સાંભળી એટલે તેઓ તરત જ ત્યાં દોડી ગયાં અને બોલ્યાં; ‘ભાઈ! તમે બધાં શા માટે રડો છો? તમારા દુ:ખનું કારણ મને જણાવો. અમે તમારું દુ:ખ મટાડી શકીએ તેવું હશે તો જરૂર મટાડશું.’

કુંતીનાં આવા વચનો સાંભળીને બ્રાહ્મણ બોલ્યો: ‘આ નગરની નજીકમાં બક નામનો રાક્ષસ રહે છે. એ જ આ નગરનો સાચો ધણી છે. તે અમારા નગરનું રક્ષણ કરે છે ને એ રક્ષણના બદલામાં તેને દરરોજ ૩૨૦ મણ ચોખા, બે પાડા અને એક પુરુષ એટલું અમારે ખાવાનું આપવું પડે છે. આ પ્રમાણે રોજ અમારે એક પુરુષને આપવાનો. દરેકનો વારો તો ઘણે વર્ષે આવે છે, છતાં એ વારો બહુ આકરો પડે છે. અમારો ખરો રાજા અહીંથી થોડે દૂર રહે છે, પણ નગરનું રક્ષણ કરવા કે રાક્ષસને મારવા તે સમર્થ નથી. આજે અમારો

વારો આવ્યો છે એટલે મને માર્ગ સૂઝતો નથી. મારી પાસે એટલું ધન પણ નથી કે હું બીજા કોઈ પુરુષને વેચાતો લઈને મોકલી શકું.'

બ્રાહ્મણનાં આવાં દીનવચનો સાંભળીને કુંતી બોલ્યાં: 'ભાઈ! તમારે આવી રીતે આવી પડેલા દુ:ખથી ખેદ કરવાની જરૂર નથી. તમારે એક જ પુત્ર ને એક જ પુત્રી છે, તેથી તમે કોઈ રાક્ષસ પાસે જાઓ તે મને યોગ્ય લાગતું નથી. મારે પાંચ પુત્રો છે. તેમાંથી એક પુત્ર રાક્ષસને માટે બલિદાન લઈને જશે. ભાઈ! તમારે કશો સંકોચ ન રાખવો. મારો પુત્ર એ રાક્ષસને પહોંચે તેવો છે. એણે આજ સુધીમાં ઘણા રાક્ષસોને માર્યા છે, પણ તમારે આ વાત કોઈની પાસે ભૂલેચૂકે પણ કરવી નહીં.'

કુંતીનાં આવાં વચનો સાંભળીને બ્રાહ્મણ બહુ પ્રસન્ન થયો અને કુંતીએ ભીમસેનને તૈયાર કર્યો.

ભીમસેન રાક્ષસ માટેનું ખાવાનું લઈને વનમાં ગયો અને તે જ અન્ન ખાતો ખાતો રાક્ષસને સાદ કરવા લાગ્યો.

ભીમસેનનાં વચનથી ક્રોધાયમાન થઈને બક એકદમ ધસી આવ્યો ને ડોળા કાઢીને બોલવા લાગ્યો: 'અરે યમલોકના પ્રવાસી!' ભીમસેન તો બકની સામે જોઈને માત્ર હસ્યો અને પછી આડું જોઈને પાછો ખાવા લાગ્યો. આથી બકાસુર એક ઝાડ લઈને તેને મારવા દોડ્યો અને બન્નેનું યુદ્ધ શરૂ થયું. બન્નેએ એકબીજાને પ્રહાર કર્યા ને છેવટે ભીમસેને પીઠ પર ઢીંચણ દઈને બેવડ વાળી તેને મારી નાખ્યો. બકાસુરના મોંમાંથી લોહીનો ધોધ ચાલ્યો. બકાસુર મૃત્યુ પામ્યો એટલે તેનાં સગાંસંબંધીઓ બધાં ક્રોધથી દોડી આવ્યાં અને ભીમસેનને જોઈને મૂઢ બની ગયાં. ભીમસેને તેમને જણાવ્યું: 'આજ પછી કોઈ વખતે તમારે મનુષ્યોને મારવા નહીં. જો મારશો તો બકની પેઠે તમારોય વધ થશે.'

રાક્ષસોએ ભીમસેનનો ઠરાવ કબૂલ રાખ્યો.

ભીમસેન ત્યાંથી રવાના થઈને ઘેર આવ્યો અને પોતાની તમામ હકીકત યુધિષ્ઠિરને જણાવી. ત્યાર પછી પાંડવો અને માતા કુંતી એકચક્રા નગરી છોડીને પાંચાલ દેશ તરફ જવા નીકળ્યા.

૧૪

એકચક્રા નગરીમાંથી પાંડવો નીકળ્યા ત્યારે તેમને ખબર મળ્યા કે પાંચાલ દેશના પાટનગરમાં દ્રુપદ રાજાની પુત્રીનો સ્વયંવર થાય છે. બધા ભાઈઓને આ સ્વયંવર જોવાની ઇચ્છા થઈ તેથી તેઓ કાંપિલ્ય જવા નીકળ્યા.

દ્રુપદ રાજાને દ્રોણાચાર્યની આજ્ઞાથી પાંડવોએ હરાવ્યો અને આચાર્યને ચરણે મૂક્યો ત્યાર પછી દ્રુપદ ધૂંધવાઈ રહ્યો હતો ને દ્રોણાચાર્ય પરનું વેર કેવી રીતે લેવું તે વિચારી રહ્યો હતો. આ વિચારમાં ને વિચારમાં તો દ્રુપદે ઉપયાજ અને યાજ નામના બે મુનિઓની ભારે સેવા કરી. ઉપયાજ આ સેવના બદલામાં પ્રસન્ન થયા ત્યારે દ્રુપદે જણાવ્યું: 'મહારાજ! દ્રોણનું માથું ઉતારે એવો એક પુત્ર મને થાય એવો યજ્ઞ કરાવો.' ઉપયાજ પોતે સાત્વિક વૃત્તિના મુનિ હતા તેથી આવું વેરને પોષણ આપનારું વરદાન તે આપી ન શક્યા; પણ તેમના ભાઈ યાજે તો પુષ્કળ દક્ષિણાને લોભે આવો યજ્ઞ કરવાની હા પાડી અને યજ્ઞ

કરાવ્યો પણ ખરો. યજ્ઞની પૂર્ણાહુતિ વખતે મહારાજ દ્રુપદ ને તેની રાણી યજ્ઞકુંડ પાસે ઊભાં હતાં ત્યાં જ યજ્ઞના અગ્નિમાંથી એક પુત્ર ને એક પુત્રી બહાર આવ્યાં. યાજ મુનિ બોલ્યા: 'દ્રુપદ! લે આ દ્રોણનું માથું ઉતારનાર ધૃષ્ટદ્યુમ્ન. આ દીકરી પણ તેના આ કાર્યમાં જ મદદ કરવાની છે.' દ્રપદે અને રાણીએ બન્ને ભાઈબહેનને હેતથી વધાવ્યાં.

આ દીકરી રંગે શ્યામ હતી એટલે તેને કૃષ્ણા કહે છે. આ કૃષ્ણા એ જ દ્રૌપદી.

દ્રૌપદી ઉંમરલાયક થઈ એટલે દ્રુપદે એનો સ્વયંવર રચ્યો. પહેલાં તો દ્રૌપદી અર્જુનને પરણાવવી એવી દ્રુપદની ઈચ્છા હતી, પણ પાંડવો વારણાવતમાં બળી મૂઆ છે એવા સમાચાર મળ્યા પછી તેણે સ્વયંવરનો વિચાર કર્યો.

દ્રુપદે સ્વયંવરમાં દેશ દેશના રાજાઓને તેડાવ્યા હતા. દ્રૌપદીના સ્વયંવરમાં દુર્યોધન આવ્યો, કર્ણ આવ્યો, શિશુપાળ આવ્યો, જરાસંધ આવ્યો અને બીજા પણ કેટલાય રાજાઓ આવ્યા. દ્રૌપદી જેવી યજ્ઞકન્યાને પરણવાની કોને લાલસા ન થાય?

સ્વયંવર માટે દ્રુપદે ભારે તૈયારીઓ કરી. રાજાઓ માટે તંબૂઓ તાણ્યા, નગરમાં ઘેર ઘેર તોરણો બંધાવ્યાં, રસ્તાઓ પાણી છંટાવીને સુંદર બનાવ્યા અને સ્વયંવર માટે એક ખાસ મંડપ ઊભો કર્યો.

સ્વયંવરનો ઠાઠમાઠ જોવા માટે દેશપરદેશના લોકોનાં ટોળાં કાંપિલ્યમાં આવતાં હતાં, તેમની સાથે પાંડવો અને કુંતી પણ સામેલ થયાં. તેમણે બ્રાહ્મણનો વેશ ધારણ કર્યો અને નગરમાં આવીને એક કુંભારની કોઢમાં ઉતારો કર્યો.

સ્વયંવરને દિવસે પાંડવો મંડપમાં ગયા અને બીજા બ્રાહ્મણો બેઠા હતા ત્યાં જઈ પોતે પણ બેઠા. એ આલેશાન મંડપમાં રાજાઓ બધા જુદાં જુદાં સિંહાસનો પર ગોઠવાઈ ગયા હતા અને દ્રૌપદી ક્યારે આવે તેની રાહ જોતા હતા. એવામાં ધૃષ્ટદ્યુમ્ન પોતાની બહેનને લઈને હાજર થયો ને આખી સભા સાંભળે તેવા અવાજથી બોલ્યો, 'રાજન્યો! આ ધનુષ્ય, આ નિશાન ને આ બાણો. આ યંત્રના છિદ્રમાંથી એકીવખતે પાંચ બાણો મૂકીને જે પુરુષ નિશાન વીંધશે તે મારી બહેન કૃષ્ણાને પરણશે.'

ધૃષ્ટદ્યુમ્નનાં આવાં વચન સાંભળીને રાજાઓ એક પછી એક ધનુષ્યને ચડાવવા માટે પ્રયત્ન કરવા ઊભા થતા, પણ ધનુષ્યને ચડાવવા જેટલું પણ કોઈનામાં બળ જ ન હતું એટલે ઢીલે મોઢે પાછા આવીને બેસી જતા.

રાજાઓની દીન દશા જોઈને કર્ણ ઊભો થયો; તરત જ ધનુષ્યને હાથ ધર્યું અને પ્રત્યંચા ચડાવીને બાણનું સંધાન કર્યું. તે વખતે સૌ કોઈને એમ જ લાગ્યું કે હમણાં કર્ણ નિશાન પાડશે. પણ ત્યાં તો દ્રૌપદી બોલી ઊઠી: 'હું સૂતપુત્રને વરવાની નથી.'

આ સાંભળીને કર્ણે સજ્જ કરેલું ધનુષ્ય નીચે મૂક્યું અને લજવાઈને બેસી ગયો. પછી ચેદીના રાજા શિશુપાળ, બળવાન જરાસંધ, શલ્ય વગેરે ઘણાઓએ પ્રયત્ન કર્યો પણ ધનુષ્યને ચડાવતા જ ગોઠણભર પડ્યા એટલે ચુપચાપ બેસી ગયા.

અને સ્વયંવરની સભા આખી ખળભળી ઊઠી. 'આ દ્રૌપદી હવે કોને પરણશે?' એવો વિચાર સૌ કોઈને મૂંઝવી રહ્યો. દ્રુપદને ધૃષ્ટદ્યુમ્ન પણ વિચારમાં પડી ગયા. એવામાં બ્રાહ્મણોના ટોળાની વચ્ચેથી કુંતીપુત્ર અર્જુન ઊભો થયો. સભામાં બેઠેલા શ્રીકૃષ્ણે અર્જુનને અને પાંડવોને ક્યારના ઓળખી લીધા હતા. અર્જુન ઊભો થયો એટલે બ્રાહ્મણો ખળભળી ઊઠ્યા; પણ અર્જુન તો ધીરે પગલે ધનુષ્યની પાસે જઈને ઊભો, ધનુષ્ય ફરતી પ્રદક્ષિણા કરી ને આંખના એક પલકારામાં જ ધનુષ્ય સજ્જ કર્યું, પાંચ બાણો ચડાવ્યાં અને નિશાનને વીંધ્યું.

અર્જુને નિશાન વીંધ્યું કે તરત આખી સભામાં ભારે ઘોંઘાટ થઈ રહ્યો, બ્રાહ્મણો બધા

આનંદમાં આવી જઈને અર્જુન ફરતા ફરી વળ્યા; નિશાન વીંધાયું એટલે દ્રુપદના માણસો વાજિંત્રો વગાડવા લાગ્યા અને રાજાઓ બધા અર્જુન અને દ્રુપદ પર ક્રોધ કરીને જે-તે બોલવા લાગ્યા. દ્રૌપદી પોતે અર્જુને નિશાન વીંધ્યું કે તરત જ અર્જુનની પાસે ગઈ અને પુષ્પની માળા તેના ગળામાં આરોપી તેની પાછળ પાછળ રંગમંડપમાંથી બહાર નીકળી.

રાજાઓ તો ધૂંવાંપૂંવા થઈ ઊઠ્યા! દ્રુપદ શું સમજે છે! દ્રુપદે આપણને આમંત્રણ આપીને આપણું ચોખ્ખું અપમાન કર્યું છે! શું દ્રુપદને આટલા બધા રાજાઓમાંથી કોઈ એક રાજા પોતાની કન્યાને માટે યોગ્ય ન લાગ્યો કે એક ભામટાને કન્યા આપી? આ કન્યા જો કોઈ રાજાને વરવા ન ઈચ્છતી હોય તો આપણે એને અગ્નિમાં નાખી દઈને પછી આપણા રાજ્યમાં ચાલ્યા જઈએ!

આ પ્રમાણે બોલતા રાજાઓ હથિયારો ઉગામીને દ્રુપદની સામે દોડ્યા; તેમને દ્રુપદની સામે આવતા જોઈને અર્જુને અને ભીમસેને સૌને સામે પગલે વધાવ્યા. યુધિષ્ઠિર તો નકુળ-સહદેવને લઈને ક્યારના પોતાને ઉતારે પહોંચી ગયા હતા. ભીમસેને નજીકમાંથી એક મોટું ઝાડ ઉખેડ્યું અને એ ઝાડને લઈને તે રાજાઓની સામે ઊભો રહ્યો; અર્જુન તો સ્વયંવરનું ધનુષ્ય લઈને તૈયાર જ હતો! ધિંગાણું શરૂ થયું. કર્ણ અર્જુનની સામે થયો પણ પાછો હઠ્યો; ભીમસેને શલ્યને ભોંય પર પછાડ્યો. અર્જુન તથા ભીમનાં આવાં પરાક્રમો જોઈને રાજાઓને શંકા પડી કે રખે ને આ બ્રાહ્મણો ન હોય! દરમિયાન શ્રીકૃષ્ણે બધા રાજાઓને સમજાવીને શાંત પાડ્યા, પોતપોતાને ઉતારે રવાના કર્યા. અર્જુન તથા ભીમસેન કુંભારની કોઢમાં ગયા.

૧૫

દ્રૌપદીને લઈને અર્જુન કુંભારની કોઢમાં આવ્યા એટલે બધા ભાઈઓ તથા માતા કુંતી વિચાર કરવા બેઠાં. દ્રૌપદી એકલા અર્જુનને પરણે કે પાંચ ભાઈઓને પરણે એ મોટો સવાલ હતો અને યુધિષ્ઠિર એનો જે નિર્ણય આપે તે સૌને માન્ય હતો. યુધિષ્ઠિરે પોતાના કુળધર્મનો વિચાર કર્યો, પાંચે ભાઈઓનાં મન દ્રૌપદીને જોઈને કેવાં ખેંચાઈ રહ્યાં છે તે સૌની આંખમાંથી જોઈ લીધું, ભાઈઓમાં પરસ્પર ભેદ ન પડે એ ઇષ્ટ માન્યું અને ધર્મનિર્ણય જાહેર કર્યો: ‘દ્રૌપદી આપણા પાંચે ભાઈઓની ભાર્યા થશે.’

યુધિષ્ઠિરનો આ નિર્ણય દ્રૌપદી માટે તો આકરો હતો જ; પરંતુ દ્રુપદ, તેની રાણી અને ધૃષ્ટદ્યુમ્ન એ બધાને માટે પણ તે આકરો હતો, પણ જ્યારે દ્રુપદે જાણ્યું કે ધનુષ્યને ચડાવી દ્રૌપદીને મેળવનાર કોઈ જેવોતેવો બ્રાહ્મણ નથી પણ અર્જુન પોતે જ છે અને દ્રૌપદી જેમને પરણે છે તે પાંચ પાંડવો છે, ત્યારે તેમનું સમાધાન થયું અને યુધિષ્ઠિરનો ધર્મનિર્ણય તેમણે પણ કબૂલ રાખ્યો ને દ્રૌપદીનાં પાંચે પાંડવો સાથે લગ્ન કર્યાં. વાસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ આ પ્રસંગે પોતાની ફોઈને આવીને પગે લાગ્યા ને રાજપાટ વિનાના પોતાના ભાણેજોનું મોસાળું કર્યું. લગ્નને અંતે દ્રૌપદી કુંતીને ચરણે પડી ત્યારે કુંતીએ આશીર્વચન ઉચ્ચાર્યા: ‘હે દ્રૌપદી! જેમ ઈંદ્રાણી ઈંદ્રની સાથે, રોહિણી ચંદ્રની સાથે, દમયંતી નળની સાથે, અરુંધતી વસિષ્ઠની સાથે અને લક્ષ્મી નારાયણની સાથે પ્રીતિથી રહે છે, તેમ તું પણ તારા પતિઓની સાથે પ્રીતિથી રહેજે. તું વીર પુત્રોની માતા થજે અને મારા પુત્રોની સાથે ધર્મવત્સલા એવી

તું રાજ્યાભિષેકને પ્રાપ્ત થજે.'

૧૬

દ્રૌપદીને સ્વયંવરમાં મેળવનાર બ્રાહ્મણ અર્જુન છે અને પાંડવો જ દ્રૌપદીને પરણ્યા છે એ સમાચારથી કૌરવોના મનમાં ધ્રાસ્કો પડ્યો. સ્વયંવરમાં આવેલા કૌરવો હસ્તિનાપુર પાછા આવ્યા ત્યારે વિદુરને પણ આ વાતની ખબર પડી. અંધ ધૃતરાષ્ટ્ર તો હજી એમ જ સમજતા હતા કે દ્રૌપદી દુર્યોધનને વરી છે એટલે એ તો બકવા લાગ્યા: 'દ્રૌપદીને અલંકારો આપો અને તેને મારી પાસે લાવો.' પરંતુ વિદુરે ધૃતરાષ્ટ્રને જણાવ્યું: 'દ્રૌપદીને તો પાંડવો પરણ્યા છે અને દ્રુપદ રાજાએ તેમનો સારો સત્કાર કર્યો છે.'

આ સાંભળી ધૃતરાષ્ટ્ર મનમાં તો બળીને ખાખ થઈ ગયા છતાં વિદુરને કહેવા લાગ્યા: 'જેવા મારા પુત્રો છે, તેવા જ અથવા તેથીયે અધિક મારે મન પાંડુના પુત્રો છે.'

વિદુરના ગયા પછી દુર્યોધનની ચંડાળચોકડી ધૃતરાષ્ટ્ર પાસે આવી અને કહેવા લાગી: 'હે તાત! તમે પાંડવોના સંબંધમાં જાણ્યું હશે. પાંડવોના બળનો આપણે કોઈ પણ રીતે નાશ કરવો જ જોઈએ. આ નાશ કેવી રીતે કરવો તે આપણે વિચારવાનું રહે છે. કાં તો આપણે કુંતીના પુત્રોમાં અને માદ્રીના પુત્રોમાં ભેદ પડાવીએ; કાં તો દ્રુપદ રાજાને પુષ્કળ દ્રવ્ય આપી આફણે લોભમાં નાખીએ; કાં તો હસ્તિનાપુરમાં રહેવામાં સાર નથી એવું પાંડવોના મનમાં ઠસાવીએ; કાં તો ઘણા પતિઓવાળી દ્રૌપદી કંટાળી જઈને તેમનો ત્યાગ કરે એવું કરીએ; કાં તો દ્રૌપદીને પાંડવો તરફ વિષમભાવ છે એવું કાંઈ ચલાવીએ; કાં તો છેવટે ભીમસેનને મરાવી નાખીએ. આ અથવા તો આવા કોઈ પણ ઉપાયથી આપણે પાંડવોનો નાશ કરવો જ જોઈએ. આજે ખરો સમય છે; આ સમય ગયો તો ફરીથી હાથ આવશે નહીં.'

આ વિચારમાં કર્ણે જણાવ્યું: 'દુર્યોધન! આ બધા ઉપાયો બરાબર નથી. જ્યાં સુધી પાંડવોની પાસે પૂરાં સાધનો નથી ત્યાં સુધીમાં તેના પર ચડાઈ કરો. ક્ષત્રિયો પોતાના પરાક્રમથી જ શત્રુઓનો પરાભવ કરે છે; આપણે પણ એમ જ કરીએ એમાં શોભા છે.'

પણ ભીષ્મે તથા દ્રોણે આ વિચારને સંમતિ ન આપતાં જણાવ્યું: 'ધૃતરાષ્ટ્ર! ખરો માર્ગ તો પાંડવોને તેમનો અર્ધ ભાગ આપીને આપણા મિત્રો બનાવવાનો છે. તારા પુત્રોને પાંડવો તરફ જે દુર્બુદ્ધિ છે તેનું ફળ કદી સારું આવવાનું નથી.'

વિદુરે પણ આવો જ મત આપ્યો, તેથી આખરે ધૃતરાષ્ટ્રે પાંડવોને હસ્તિનાપુર લઈ આવવા માટે વિદુરને કાંપિલ્ય મોકલ્યા. વિદુરે પાંડવોને હસ્તિનાપુર પાછા આવવાનું આમંત્રણ આપ્યું ને દ્રુપદ તથા શ્રીકૃષ્ણની સંમતિથી પાંડવો તથા કુંતી હસ્તિનાપુરમાં પાછાં આવ્યાં.

૧૭

હસ્તિનાપુરમાં થોડો વખત રહ્યા પછી સહુ પાંડવો એક વાર કાકા ધૃતરાષ્ટ્રને મળવા ગયા ત્યારે ધૃતરાષ્ટ્રે જણાવ્યું: 'યુધિષ્ઠિર! તમારે ને મારા પુત્રોને અણબનાવ ન થાય એટલા માટે તમે ખાંડવપ્રસ્થમાં જઈને રહો. ત્યાં અર્જુન તમારું રક્ષણ કરશે. તમારા ભાગનું અર્ધું રાજ્ય તમે ખુશીથી ભોગવો.'

પાંડવોએ બધી પરિસ્થિતિનો વિચાર કરીને ધૃતરાષ્ટ્રના વચનને માન આપ્યું ને સૌ ખાંડવપ્રસ્થ ગયા. ખાંડવપ્રસ્થનો પ્રદેશ ઘોર જંગલ જેવો હતો; તેનો અમુક ભાગને સાફ કરી તેમણે ત્યાં ઇંદ્રપ્રસ્થ નામનું સુંદર નગર વસાવ્યું અને સૌ ત્યાં રહેવા લાગ્યાં.

ઇંદ્રપ્રસ્થના વસવાટ દરમિયાન એક વાર અર્જુને પોતાને માથે બાર વર્ષનો વનવાસ વહોરી લીધો અને બાર વર્ષ દરમિયાન અર્જુન ભારતવર્ષના જુદા જુદા પ્રદેશોમાં રખડ્યો. આ વખતે જ અર્જુન નાગકન્યા ઉલૂપીને પરણ્યો; આ દરમિયાન તેણે ચિત્રાંગદા સાથે લગ્ન કર્યાં અને આ જ વખતે તેણે દ્વારકા જઈને સુભદ્રાનું હરણ કર્યું. અર્જુને સુભદ્રાનું હરણ કર્યું તેથી તો શ્રીકૃષ્ણના મોટા ભાઈ બળરામ ને યાદવો બધા બહુ જ ગુસ્સે થઈ ગયા હતા, પણ આખરે શ્રીકૃષ્ણે તેમને ટાઢા પાડ્યા અને અર્જુનનાં સુભદ્રા સાથે લગ્ન કર્યાં. સુભદ્રાને લઈને અર્જુન ઇંદ્રપ્રસ્થ આવ્યો ને સુભદ્રા ગોવાળણનો વેશ પહેરી દ્રૌપદીને પગે પડવા આવી ત્યારે દ્રૌપદી બોલી: 'અર્જુન! ભારાનો એક બંધ મજબૂત હોય તોપણ તેના પર બીજો બંધ બાંધવાથી પહેલો શિથિલ થાય છે.' સુભદ્રા દ્રૌપદીને પ્રણામ કરતી બોલી: 'હું તમારી દાસી છું.' ત્યારે દ્રૌપદીએ આશીર્વાદ આપ્યો: 'તારો પતિ નિ:સપન્ન થાઓ.'

વખત જતાં સુભદ્રાને અભિમન્યુ નામનો પુત્ર થયો અને દ્રૌપદીને પાંડવોથી પાંચ પુત્ર થયા.

પછી થોડા વખતે અર્જુને તથા શ્રીકૃષ્ણે ખાંડવપ્રસ્થના ઘોર વનને બાળી નાખવાનું મહાકાર્ય હાથમાં લીધું. અગ્નિએ વરુણ પાસેથી ગાંડીવ ધનુષ્ય, બે અક્ષય ભાથા તથા રથ એ વસ્તુઓ લઈને અર્જુનને આપી અને શ્રીકૃષ્ણને ચક્ર આપ્યું. આ યુદ્ધસામગ્રી લઈને અર્જુન તથા શ્રીકૃષ્ણ વનનો નાશ કરવા ઊપડ્યા અને આખાય વનને આગ મૂકી. દેવરાજ ઈન્દ્રે અર્જુન તથા શ્રીકૃષ્ણના આ પ્રયાસમાં વિઘ્ન નાખવા પ્રયત્ન કર્યો પણ તે પ્રયત્ન સફળ થયો નહીં અને જંગલ તો આખું ને આખું બળીને ખાખ થયું.

આ વનમાં મય નામનો એક દાનવ રહેતો હતો. સ્થાપત્ય વગેરેના કામમાં મય ઘણો હોશિયાર હતો. તે અર્જુનને શરણે આવ્યો અને બચવા માટે પ્રાર્થના કરવા લાગ્યો એટલે શ્રીકૃષ્ણે અને અર્જુને તેને બચાવી લીધો. પંદર દિવસ સુધી કૃષ્ણે અને અર્જુને ખાંડવવનને બાળ્યું અને આર્યોને વસવાયોગ્ય બનાવ્યું.

સભાપર્વ

૧

મયદાનવને અર્જુને રક્ષણ આપ્યું તેથી આભાર માનતો તે કહેવા લાગ્યો: 'અર્જુન! તમે મને બચાવ્યો છે તો હું તમારું શું કાર્ય કરું? હું પ્રેમથી તમારું કંઈ કાર્ય કરી આપવાની ઈચ્છા રાખું છું. હું દાનવોનો વિશ્વકર્મા છું અને શિલ્પકામમાં કુશળ છું.'

આ પ્રમાણે મયે કહ્યું એટલે શ્રીકૃષ્ણે જરા વિચાર કરીને જણાવ્યું: 'જો, તારે અમારું પ્રિય કરવાની ઈચ્છા જ હોય તો ધર્મરાજાને માટે તારી ઈચ્છામાં આવે એવી એક સભા બનાવી આપ. મનુષ્યલોકમાં એવી બીજી સભા ન હોય એવી અસાધારણ સભા તું ધર્મરાજને માટે બનાવ.'

શ્રીકૃષ્ણની આજ્ઞાને માથે ચડાવીને મયે વિમાનના જેવી સુંદર સભાનિર્માણ કરવાનો નિશ્ચય કર્યો. શ્રીકૃષ્ણે તથા અર્જુને મયની ધર્મરાજાની સાથે મુલાકાત કરાવી અને મયે પવિત્ર દિવસે ચારે બાજુથી દશ દશ હજાર હાથ ભૂમિની માપણી કરી.

ત્યાર પછી શ્રીકૃષ્ણ પાંડવોની રજા લઈને દ્વારકા ગયા અને મય સભાનિર્માણમાં પડ્યો. મય દાનવ મૈનાક પર્વત ઉપર બિંદુ સરોવર છે ત્યાં ગયો. ત્યાંથી ભીમને માટે તેણે એક ગદા તથા દેવદત્ત શંખ લીધાં; વૃષપર્વા રાજાની સભા બનાવવા માટે જે રંગો એકઠા કર્યા હતા તે સાથે લીધા. અને બધા રંગોથી સુશોભિત એવી સભા ઊભી કરી. આ સભા બનાવતાં મય દાનવને ચૌદેક માસ લાગ્યા. મહારાજ યુધિષ્ઠિરની આ સભા ઇંદ્રની સભાથી, કુબેરની સભાથી, વરુણની સભાથી તેમ જ બ્રહ્માની સભાથી પણ ચડિયાતી હતી.

૨

યુધિષ્ઠિરની આ નવી સભામાં એક વાર નારદમુનિ ચડી આવ્યા અને યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની સલાહ આપી ગયા. યુધિષ્ઠિરે આવી અગત્યની વાતમાં શ્રીકૃષ્ણની સંમતિ વિના આગળ વધવું નહિ એવો નિર્ણય કર્યો હતો, એટલે તેમણે શ્રીકૃષ્ણને દ્વારકાથી બોલાવ્યા અને તેમની પાસે રાજસૂયની વાત મૂકી. શ્રીકૃષ્ણ ઘડીભર તો વિચારમાં પડ્યા અને પછી બોલ્યા: 'જ્યાં સુધી જરાસંધ જીવે છે ત્યાં સુધી તમારો રાજસૂય યજ્ઞ પાર ઊતરે એમ મને લાગતું નથી, માટે પહેલાં તો જરાસંધને મારવો જોઈએ. તેણે આજે ૮૪ રાજાઓને તો કેદ કર્યા છે, અને બીજા ૧૬ વધારે કેદ કરે એટલે તે એક પુરુષમેધ યજ્ઞ કરવા માગે છે. યુધિષ્ઠિરને જો ધર્મરાજ્ય સ્થાપવું હોય તો આવા જુલમીઓનો તો ઉચ્છેદ જ કરવો જોઈએ.'

શ્રીકૃષ્ણનાં વચન સાંભળીને અર્જુન તથા ભીમસેન જરાસંધ ઉપર ચડાઈ કરવા તૈયાર થયા. શ્રીકૃષ્ણ પણ તેમની સાથે ગયા. આ ત્રણે જણ કુરુ દેશથી નીકળી, અનેક નદીઓને ઓળંગતા મગધ તરફ ચાલ્યા. એ ત્રણેય વીરોએ દર્ભ અને વલ્કલ ધારણ કર્યાં હતાં.

શ્રીકૃષ્ણ, અર્જુન તથા ભીમકેન જરાસંધના ગિરિવ્રજ પાસે પહોંચ્યા એટલે દરવાજેથી અંદર ન જતાં તેઓ કિલ્લા પાસેના એક બુરજ પાસે ગયા. આ બુરજ ઉપર ત્રણ મોટાં નગારાં રાખ્યાં હતાં તેને તોડીને તેઓ બુરજ પાસેના મિનારા પાસે પહોંચ્યા; ત્યાં જઈ એ મિનારાને બાહુના પ્રહારથી તોડી પાડ્યો તથા એ માર્ગ તેમણે નગરમાં પ્રવેશ કર્યો.

પછી ત્રણે વીરો બજારની શોભા જોવા ચાલ્યા: રસ્તે માળીઓ પાસેથી પુષ્પની માળાઓ લઈને તેમણે ધારણ કરી. પછી વિવિધરંગી વસ્ત્રો તથા કુંડળો ધારણ કરીને તેઓ રાજમહેલ તરફ ગયા. ત્યાં રાજમહેલના ત્રણ દરવાજાઓને ઓળંગી તેઓ ખુદ રાજા પાસે પહોંચ્યા. જરાસંધે ઊભા થઈને તેમનો સત્કાર કર્યો અને કહ્યું: 'પધારો.' પછી

શ્રીકૃષ્ણે જરાસંધને કહ્યું: 'આ બન્ને જણાને વ્રત છે એટલે મધરાત પહેલાં તમારી સાથે તેઓ બોલશે નહીં.'

મધરાતે જરાસંધ પાછો તેમની પાસે આવ્યો અને બોલ્યો: 'સ્નાતક બ્રાહ્મણો પુષ્પમાળા અને અંગરાગને ધારણ કરતા નથી. સિવાય તમારા હાથ ઉપર પ્રત્યંચાની નિશાનીઓ છે. તો તમે સાચોસાચ કોણ છો તે જણાવો. વળી તમે સીધે રસ્તે નહિ આવતાં મિનારો તોડીને આડે રસ્તે આવ્યા છો. હું તમારી પૂજા કરવા આવ્યો છું, છતાં તમે તે કેમ સ્વીકારતા નથી?'

જરાસંધનાં આવાં વાક્યો સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા: 'ક્ષત્રિયોનું બળ તેમના બાહુમાં હોય છે. ધીર પુરુષો શત્રુના ઘરમાં આડે રસ્તે પ્રવેશ કરે છે. કોઈ સજ્જન શત્રુની પૂજા ગ્રહણ કરતા નથી.'

શ્રીકૃષ્ણનાં આવાં ગર્ભિત વચન સાંભળીને જરાસંધ બોલ્યો: 'તમે મારી સાથે વેર બાંધ્યું તેનું મને સ્મરણ નથી; મેં તમારું કાંઈ ભૂંડું કર્યું હોય એમ પણ મને સાંભરતું નથી. છતાં તમે મને શત્રુ કેમ કહો છો?'

શ્રીકૃષ્ણે જણાવ્યું: 'આ લોકમાં રહેનાર ક્ષત્રિયોને તેં કેદ કર્યા છે એ જ તારો મોટો અપરાધ છે. તું તો રાજાઓનું રુદ્રને બલિદાન આપવા ધારે છે. અમે સમર્થ છીએ છતાં થતો અધર્મ ન અટકાવીએ તો અમે પાપી થઈએ. અમે દલિતનું રક્ષણ કરનારા છીએ, માટે તને મારવા આવ્યા છીએ. અમે બ્રાહ્મણો નથી. હું શૂરસેનાના વંશનો કૃષ્ણ છું અને આ બન્ને ભીમ-અર્જુન છે. તને હું યુદ્ધનું આહ્‌વાન કરું છું. એટલે કાં તો તું યુદ્ધ કર અને કાં તો બધા રાજાઓને છોડી દે.'

શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને જરાસંધ બોલ્યો: 'પરાક્રમથી શત્રુઓને વશ કરવા એ જ ચક્રવર્તીનો ધર્મ છે. હું એક પણ રાજાને છોડવાનો નથી. હું એકની સાથે, બેની સાથે કે ત્રણેની સાથે યુદ્ધ કરવા તૈયાર છું.'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'હે રાજન્! અમારામાંથી કોની એકની સાથે યુદ્ધ કરવા તમે રાજી છો?'

મગધરાજ જરાસંધે ભીમની સાથે યુદ્ધ કરવાની ઈચ્છા જણાવી એટલે ભીમ તૈયાર થયો. પછી જરાસંધ અને ભીમસેનનું દ્વંદ્વયુદ્ધ શરૂ થયું. વિશાળ છાતીવાળા, મોટી ભુજાવાળા ને લોખંડી પંજાવાળા બન્ને વીરોનું તેર દિવસ સુધી આહાર ને વિશ્રાંતિ વિનાનું અહોનિશ યુદ્ધ ચાલ્યું; અને આખરે જરાસંધ થાક્યો એટલે ભીમે તેને ઉછાળીને ભમાવ્યો અને જમીન પર પછાડી કેડ પર ઘૂંટણ મૂકીને વચમાંથી ભાંગી નાંખ્યો. પછી ભીમે તેના શરીરના બે ચીરા કરી નાખ્યા. જરાસંધની મૃત્યુ વખતની ચીસથી મગધ સ્ત્રીઓના ગર્ભો ગળી ગયા.

આ પ્રમાણે જરાસંધને મારીને આ ત્રણેય વીરો ત્યાંથી બંદીખાને આવ્યા ને રાજાઓને કેદમાંથી છોડ્યા. પછી આ ત્રણેય ભાઈઓ રથમાં બેસીને ગિરિવ્રજમાંથી બહાર આવ્યા; જરાસંધના પુત્ર સહદેવનો ગાદી પર અભિષેક કરી શ્રીકૃષ્ણે તેને અભય આપ્યું, અને પછી ઇંદ્રપ્રસ્થ તરફ ચાલી નીકળ્યા.

3

આ પ્રમાણે રાજસૂય યજ્ઞમાં જે મોટું વિઘ્ન હતું તે દૂર થયું એટલે પાંડવો દિગ્વિજય કરવા નીકળી પડ્યા. અને દિગ્વિજયને અંતે યુધિષ્ઠિરે રાજસૂયની દીક્ષા લીધી. આ યજ્ઞમાં દ્વૈપાયન વ્યાસ પોતે બ્રહ્મા થયા હતા. ભીષ્મ અને દ્રોણ, સુબલ ને શકુનિ, શલ્ય અને બાલ્હીક, અશ્વત્થામા અને કૃપાચાર્ય, બળરામ અને અનિરુદ્ધ દ્રુપદ અને જયદ્રથ — આ ઉપરાંત બીજા કેટલાક રાજાઓ રાજસૂય યજ્ઞમાં આવ્યા હતા.

યુધિષ્ઠિરે આ સઘળા લોકોની યોગ્યતા પ્રમાણે જુદા જુદા અધિકારો પર નિમણૂક કરી. ભક્ષ્યભોજ્યના અધિકાર પર દુ:શાસન, બ્રાહ્મણોના સ્વાગત પર અશ્વત્થામા, ધર્મવેતા, વિદુરજી ખર્ચ ખાતા પર અને દુર્યોધન તમામ ભેટો લેવા પર હતો. શ્રીકૃષ્ણ પોતાની ઈચ્છાથી બ્રાહ્મણોના પગ ધોવાના કામ પર રહ્યા હતા.

ત્યાર પછી સોમયાગને દિવસે ભીષ્મે યુધિષ્ઠિરને કહ્યું: ‘આ રાજાઓની યથાયોગ્ય પૂજા કરો. રાજાઓમાં જે શ્રેષ્ઠ હોય તેને પ્રથમ અર્ઘ્ય આપો.’

યુધિષ્ઠિરે પૂછ્યું: ‘આપ કોને પ્રથમ અર્ઘ્ય આપવા યોગ્ય ગણો છો? ’

ભીષ્મે જવાબ આપ્યો: ‘આ બધાઓમાં શ્રીકૃષ્ણ જ શ્રેષ્ઠ છે એટલે પ્રથમ અર્ઘ્ય તેમને આપો.’ ભીષ્મે આ પ્રમાણે કહ્યું એટલે તરત પ્રતાપી સહદેવે શ્રીકૃષ્ણને પ્રથમ અર્ઘ્ય આપ્યો અને શ્રીકૃષ્ણે એ રીતસર સ્વીકાર્યો.

પણ ચેદિરાજ શિશુપાળ આ સહન કરી શક્યો નહિ અને યુધિષ્ઠિરને તેમ જ શ્રીકૃષ્ણને ઠપકો આપતો બોલ્યો: ‘આ સભામાં કૃષ્ણથી ચડિયાતા અનેક રાજાઓ બેઠા છે. છતાં તમે કૃષ્ણને અર્ઘ્ય આપીને સૌનું અપમાન કર્યું છે. કૃષ્ણ નથી રાજા, નથી આચાર્ય, નથી ઋષિ, નથી શાસ્ત્રકુશળ. કૃષ્ણ! કુંતીપુત્રોએ બીઈને તારી પૂજા કરી હોય તોપણ તું તેને પાત્ર નથી છતાં તેં તે ગ્રહણ શા માટે કરી? નપુંસકને પરણાવવો એ જેમ નપુંસકનું અપમાન છે. તેમ યોગ્યતારહિત છતાં તારી પૂજા કરી એ તારું અપમાન છે. મેં આ મંડળને જોઈ લીધું.’

આમ કહીને શિશુપાળ ઊઠ્યો અને સભામાંથી ચાલી નીકળ્યો. તેને જતો જોઈને યુધિષ્ઠિર ગભરાયા અને તેને શાંત કરવા લાગ્યા. પણ ભીષ્મે કહ્યું: ‘એને સમજાવવાની કાંઈ જરૂર નથી. આ શિશુપાળ તો મૂઢ છે એટલે એ શ્રીકૃષ્ણને ઓળખતો નથી. છતાં જો શિશુપાળ આ પૂજાને યોગ્ય ન ગણતો હોય તો એને ફાવે તે કરી લે.’

એ પછી તરત જ સહદેવ બોલ્યો: ‘કેશીને હણનારા શ્રીકૃષ્ણની અમે પૂજા કરી છે. આ પૂજાને જે સહન ન કરી શકતો હોય તેના માથા ઉપર હું પગ મૂકું છું.’

પણ શિશુપાળ તો લાલચોળ આંખ કરીને રાજાઓને કહેવા લાગ્યો: ‘હું તમારો સેનાપતિ થાઉં. ચાલો આપણે બધા સજ્જ થઈને આ યાદવો તેમ જ પાંડવોની સામે યુદ્ધ કરીએ.’

રાજાઓના આ મહાસાગરને ખળભળેલો જોઈને યુધિષ્ઠિરે ભીષ્મને પૂછ્યું: ‘પિતામહ! અત્યારે જ કરવા જેવું હોય તે મને કહો.’ એટલે ભીષ્મે તેને કહ્યું: ‘પાંડુપુત્ર! ભય ન પામ. સિંહ સૂતો હોય ત્યાં સુધી જ બધા કૂતરાઓ ભસી શકે છે. આ શિશુપાળની બુદ્ધિ નાશ પામી છે. આ બોલે છે તે શિશુપાળ નથી બોલતો પણ તેનો કાળ બોલે છે એમ સમજ.’

શિશુપાળથી આ સહન ન થયું એટલે એ વળી બોલ્યો: ‘ઓ ભીષ્મ! આ પ્રમાણે બોલતાં તારી જીભના કટકા કેમ નથી થઈ જતા! આ કૃષ્ણ જેવા ગોવાળિયાની સ્તુતિ કરતાં તને શરમ નથી આવતી? તું આજે ભાટના જેવાં વચનો બોલે છે. રાજાઓ! આપણે એકઠા મળીને આ દુષ્ટ ભીષ્મને બાળી મૂકીએ.’

આ પ્રમાણે વાગ્યુદ્ધ ચાલતું હતું ત્યાં એ યુદ્ધને શાંત કરતા હોય તેમ શ્રીકૃષ્ણ બોલ્યા: 'આ શિશુપાળ મારો સગો છે છતાં દુશ્મન છે. એના બધા ધંધા હું જાણું છું અને તમે પણ જાણો છો. આજ સુધી મેં તેના અપરાધોને ક્ષમા આપી છે. આજ તમારા સૌને દેખતાં હું તેનો નાશ કરું છું.' એટલું શ્રીકૃષ્ણ બોલ્યા ત્યાં, તો સુદર્શન ચક્ર શિશુપાળને ગળે ફરી વળ્યું ને ધડ પરથી માથું નીચે ઊતર્યું. પછી પાંડવોએ શિશુપાળનો રીતસર અગ્નિસંસ્કાર કર્યો, ને તેના પુત્રનો એ જ ગાદી પર અભિષેક કર્યો.

રાજસૂયની સમાપ્તિ થઈ એટલે રાજામહારાજાઓ સૌ પોતપોતાને ઠેકાણે ગયા અને ભીષ્મ, ધૃતરાષ્ટ્ર વગેરે હસ્તિનાપુર ગયા. સૌને વળાવીને શ્રીકૃષ્ણ પણ દ્વારકા જવા નીકળ્યા. શ્રીકૃષ્ણને રજા આપતાં આપતાં યુધિષ્ઠિર ગળગળા થઈ ગયા: 'ગોવિંદ! તમારી કૃપાથી હું મહાન યજ્ઞ કરી શક્યો છું.'

શ્રીકૃષ્ણે દૂર સુધી વળાવવા આવેલા યુધિષ્ઠિરને પાછા વાળતાં કહ્યું: 'સાવધાન રહીને નિરંતર પ્રજાનું પાલન કરજો.' અને પછી પોતાનો રથ દ્વારકા તરફ હંકાવ્યો તથા યુધિષ્ઠિર મહેલ તરફ ગયા.

સભામાં તો માત્ર બે જ રહ્યા: દુર્યોધન અને શકુનિ.

૪

પછી દુર્યોધને ફરીને આખી સભાને ધારીધારીને જોઈ, અને જેમ જેમ જોતો ગયો તેમ તેમ તેની ઈર્ષ્યા વધતી ગઈ. પાંડવોની લક્ષ્મી જોઈને તેની ઝેરી આંખમાં વધારે ઝેર આવ્યું. અને એ ઝેરનો માર્યો દુર્યોધન શકુનિને કહેવા લાગ્યો: 'ઓ મામા! હવે મારે તે મર્યે જ છૂટકો છે! આ બધું મારાથી જોયું જતું નથી, તેમ જ આ લોકોનો પરાભવ કરવાની મારામાં શક્તિ નથી.'

શકુનિએ તેને ધીરો પાડતાં જણાવ્યું: 'દુર્યોધન! તારે યુધિષ્ઠિરની અદેખાઈ કરવાની જરૂર નથી. અર્જુન, ભીમસેન વગેરેને યુદ્ધમાં જીતી શકાય તેવો કીમિયો મારી પાસે નથી, પણ યુધિષ્ઠિરને વશ કરવાનો કીમિયો મારી પાસે છે. એને જુગાર બહુ ગમે છે. ને જુગારના કપટમાં હું એક્કો છું. માટે કોઈ ઉપાયે યુધિષ્ઠિર જુગાર રમવા ઊતરે તો આપણું કામ થઈ જાય'.

આ વાત દુર્યોધનને પસંદ પડી એટલે શકુનિએ એ જ વાત ધૃતરાષ્ટ્ર પાસે ઉચ્ચારી. વિદુરની સલાહથી ધૃતરાષ્ટ્રે પહેલાં તો આ જુગારને સંમતિ ન આપી, પણ પછી જ્યારે દુર્યોધન કમોત કરવા જેવું બોલવા લાગ્યો ત્યારે તેમણે વિદુરને જ યુધિષ્ઠિર વગેરેને તેડી લાવવા મોકલ્યા.

ધૃતરાષ્ટ્રની આજ્ઞાને માથે ચડાવી વિદુર ઇન્દ્રપ્રસ્થ ગયા અને યુધિષ્ઠિરને કહ્યું: 'યુધિષ્ઠિર! તમારા કાકા અને હસ્તિનાપુરના મહારાજા ધૃતરાષ્ટ્રે તેમને કહાવ્યું છે કે તમારા ભાઈઓની આ સભા તમારા જેવી જ છે. માટે તમે સહુ અહીં આવો અને તમારા ભાઈઓ સાથે દ્યૂત રમો તથા આનંદ કરો.'

જુગારનું આ આમંત્રણ યુધિષ્ઠિર પાછું વાળી ન શક્યા અને બધાં હસ્તિનાપુર આવવા નીકળ્યાં.

પાંડવો, કુંતી, દ્રૌપદી વગેરે સૌ હસ્તિનાપુર આવ્યાં. કૌરવોએ તેમનો ઘણા ઠાઠમાઠથી સત્કાર કર્યો. પછી પાંડવો કૌરવસભામાં આવ્યા. કૌરવસભામાં ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, દુર્યોધન, કર્ણ વગેરે અગાઉથી હાજર જ હતા. સભાની વચ્ચોવચ પાસા નાખવા માટે એક વસ્ત્ર પાથર્યું હતું, ને શકુનિ ત્યાં પાસા ખખડાવતો બેઠો હતો. મહારાજ યુધિષ્ઠિરના મનમાં ભારે ખેંચતાણ ચાલી: 'જુગાર રમવું કે ન રમવું? તેમણે જુગારમાં ન ઊતરવા માટે ઘણી મહેનત કરી પણ છેવટે રહી ન શક્યા અને પાસા હાથમાં લીધા. દુર્યોધન તરફથી રમનાર તરીકે શકુનિ બેઠો હતો.

પછી તો જુગાર ચગ્યો એટલે યુધિષ્ઠિરે દાવમાં પોતાનો મહા મૂલ્યવાળો મણિ મૂક્યો. પાસાના રહસ્યને જાણનાર શકુનિએ બાજી પર પાસા નાખ્યા અને બોલ્યો: 'હું જીત્યો છું' ત્યાર પછી કુંતીપુત્ર યુધિષ્ઠિર અખૂટ ધનભંડાર, સંહાદન નામનો પોતાનો રાજરથ, એક લાખ દાસીઓ, એક લાખ દાસો, એક હજાર હાથીઓ, એક હજાર રથો, પોતાના ગાંધર્વ ઘોડાઓ, સાઠ હજાર પોતાના પસંદ કરેલા યોદ્ધાઓ અને સોનાથી ભરેલા ચારસો ચરુઓ: આ બધાંને મહારાજ યુધિષ્ઠિર એક પછી એક દાવમાં મૂકતા ગયા, કપટી શકુનિ એક પછી એક દાવ જીતતો ગયો અને 'હું જીત્યો છું; હું જીત્યો છું' એમ કહી રમતો જ ગયો.

જુગારને આ પ્રમાણે વેગથી ચાલતો જોઈ વિદુરથી રહેવાયું નહિ એટલે તે બોલ્યા: 'મહારાજ ધૃતરાષ્ટ્ર! તમને આ જુગાર ગમે તેવો જણાતો હોય પણ મને તો આમાં આપણો ચોખ્ખો વિનાશ દેખાય છે. તમારો દુર્યોધન જુગારની જીતથી મદમત્ત થયો છે એટલે તેને પોતાના વિનાશની ખબર પડતી નથી. તમે તેનો ત્યાગ કરો અને પાંડવોને તમારી પાસે રાખો તો જ કુરુકુળને માટે આશા છે.' વિદુરનાં આવાં વચનો સાંભળીને દુર્યોધન અંદરથી ખૂબ ચિડાયો અને વિદુરને જ ભાંડવા લાગ્યો. વિદુર બોલ્યા: 'દુર્યોધન! તને પ્રિય લાગે એવાં વચનો કહેવાવાળા તો લાખો માણસો પડ્યા છે, પણ કડવાં વેણો કહેનારો મારા વિના કોઈ નહિ મળે. રાજાઓને કડવાં વચન કહેનાર જ તેમના સાચા મિત્રો છે એટલું યાદ રાખજે.'

જુગાર તો ચાલુ જ હતો. વળી યુધિષ્ઠિરે પોતાનું અઢળક ધન, પશુઓ, રાજભૂષણો વગેરેને દાવમાં મૂક્યાં અને બધાંને હારી ગયા. યુધિષ્ઠિર જેમ જેમ જુગાર રમતા ગયા અને જેમ જેમ હારતા ગયા; તેમ તેમ તેમને જુગારનો કેફ ચડતો ગયો, અને આખરે પોતે દાવમાં શું મૂકે છે તેનું પણ તેમને ભાન ન રહ્યું! યુધિષ્ઠિર બોલ્યા: 'આ શ્યામ, યુવાન' સિંહના જેવા ખભાવાળો નકુલ મારું ધન છે; તેને હું દાવમાં મૂકું છું.'

તરત જ શકુનિ બોલ્યો: 'નકુળ તો અમારે તાબે થઈ ગયો. હવે શું મૂકો છો?'

પછી તો યુધિષ્ઠિરે સહદેવને, અર્જુનને અને ભીમસેનને દાવમાં મૂક્યા અને એ ત્રણે જણા પણ જિતાઈ ચૂક્યા. હવે દાવમાં શું મૂકવું? યુધિષ્ઠિર પોતાની જાત સિવાય બધુંય હારી ગયા હતા, એટલે છેવટે તેમણે પોતાની જાતને ઝુકાવી. અને તેને એક ક્ષણમાં ગુમાવી. યુધિષ્ઠિર ખાલીખમ થઈ ગયા; પોતાનું કહી શકે એવું તમામ ગુમાવી બેઠા.

ત્યાં તો શકુનિ બોલ્યો: 'હજી તમારે દાવમાં મૂકવા જેવી તમારી કૃષ્ણા છે. તેને દાવમાં મૂકીને તમે ફરી તમારો વિજય કરો.'

યુધિષ્ઠિરે કહ્યું: 'જે ઊંચી નથી તેમ નીચી નથી, જે સૂકલી નથી તેમ અતિ રાતા રંગની પણ નથી, તેવી શ્યામ વાંકડિયા કેશવાળી દ્રૌપદીને દાવમાં મૂકીને હું ખેદપૂર્વક તારી સાથે રમું છું.' યુધિષ્ઠિરનાં આ વચનો સાંભળ્યાં કે સભાજનો ધિક્કાર ધિક્કાર કરવા લાગ્યા. સભા ખળભળી ઊઠી, ને ભીષ્મ-દ્રોણ આદિના શરીરમાં પરસેવો આવી ગયો. વિદુર બે

હાથમાં માથું મૂકી બેસી રહ્યા, ત્યારે ધૃતરાષ્ટ્ર મનમાં રાજી રાજી થવા લાગ્યા. શકુનિએ તો પાસા પાડીને જણાવ્યું: 'યુધિષ્ઠિર! દ્રૌપદીને પણ અમે જીત્યા છીએ!'

યુધિષ્ઠિર જુગાર રમી રહ્યા, અને પોતાનું સર્વસ્વ નિચોવાઈ ગયું હોય એમ ઢીલા પડીને બેસી ગયા. એટલામાં દુર્યોધન બોલ્યો: 'વિદુર! આવો અને દ્રૌપદીને તેડી લાવો. દ્રૌપદી અમારા ઘરમાં ઝાડુ કાઢો અને એ આપણી દાસીઓ સાથે નિવાસ કરો.'

દુર્યોધનના આ શબ્દો સાંભળી વિદુર ઊકળી ઊઠ્યા અને બોલ્યા: 'ઓ મૂર્ખ! તું શું બકે છે તેનું તને ભાન નથી.' તરત જ દુર્યોધને પ્રતિકામી નામના સારથિને ઉદ્દેશીને કહ્યું: 'પ્રતિકામી! આ વિદુર પાંડવોથી બીએ છે માટે તું જા અને દ્રૌપદીને લઈ આવ.'

પ્રતિકામી દ્રૌપદી પાસે ગયો, તમામ હકીકત તેને જણાવી અને બોલ્યો: 'હે યાજ્ઞસેનિ! તમને દુર્યોધને જીત્યાં માટે ધૃતરાષ્ટ્રને ઘેર કામ કરવા ચાલો.'

દ્રૌપદી બોલ્યાં: 'પ્રતિકામી! તું જા અને જુગારી યુધિષ્ઠિરને પૂછ કે તમે પ્રથમ પોતાના શરીરને હાર્યા છો કે દ્રૌપદીને હાર્યા છો?

પ્રતિકામીએ સભામાં જઈને યુધિષ્ઠિરને દ્રૌપદીનું વચન જાહેર કર્યું એટલે યુધિષ્ઠિર તો કશું બોલ્યા નહિ, પણ દુર્યોધન બોલ્યો: 'હે સૂત! પાંચાલી પોતે અહીં આવીને જ એ પ્રશ્ન પૂછી લે.' એટલે પ્રતિકામી પાછો દ્રૌપદી પાસે ગયો અને જણાવ્યું: 'હે રાજપુત્રી! તમને સઘળા સભાસદો ત્યાં જ બોલાવે છે.' પણ દ્રૌપદીએ વળી તેને પાછો વાળ્યો એટલે યુધિષ્ઠિરે દ્રૌપદીને કહાવ્યું: 'હે પાંચાલી! તું રજસ્વલા છે માટે કેડ પર ગાંઠ વાળીને પહેરેલા વસ્ત્રની સાથે તું સભામાં આવીને ઊભી રહે.'

પણ દ્રુપદપુત્રીના કોપના ભયથી પ્રતિકામી ત્યાં જતાં અચકાયો અને બેબાકળો ઊભો થઈ રહ્યો. એટલે દુર્યોધને કહ્યું: 'દુ:શાસન! આ મૂર્ખ પ્રતિકામી ભીમસેનથી ડરે છે માટે તું જ દ્રૌપદીને અહીં લાવ.!

દુર્યોધનની આજ્ઞા થતાંવેંત દુ:શાસન સભામાંથી લાલ આંખો કરીને ઊભો થયો અને પાંડવોના મહેલમાં જઈને કહેવા લાગ્યો: 'હે પાંચાલી! તું મારી સાથે આવ; અમે તને જીતી લીધી છે. હે કૃષ્ણા! તું શરમાયા વિના દુર્યોધનને જો. તું કુરુઓની સેવા કર. અમે તને ધર્મથી મેળવી છે; માટે તું માન મૂકીને સભામાં આવ.'

દુ:શાસનનાં આવાં વચનો સાંભળતાં જ દ્રૌપદી ઊઠી અને ધૃતરાષ્ટ્રની સ્ત્રીઓ જ્યાં હતી ત્યાં દોડી ગઈ. દુ:શાસન પણ ગર્જના કરતો તેની પાછળ દોડ્યો અને તેના લાંબા કાળા નાગ જેવા કેશ પકડ્યા ને તેને જોરથી ખેંચી. આમ દ્રૌપદીને ઘસડતો ઘસડતો તે સભામાં લાવ્યો.

ઘસડાતી દ્રૌપદી બોલવા લાગી: 'હે દુ:શાસન! હું રજસ્વલા છું; મેં એક જ વસ્ત્ર પહેર્યું છે; તેથી તારે મને સભામાં લઈ જવી ન જોઈએ.'

પણ દુ:શાસન એને શા માટે ગાંઠે? એ તો મદોન્મત્ત થઈને બોલ્યો: 'તું રજસ્વલા હોય, તે એક વસ્ત્ર પહેર્યું હોય કે કાંઈ પણ ન પહેર્યું હોય, તેથી શું થઈ ગયું? તું અમારી દાસી બની છે, અને દાસીને માટે તો ફાવે તેવું વસ્ત્ર હોઈ શકે છે.'

આમ કહીને દુ:શાસને વળી દ્રૌપદીને ફરીથી એક વાર હચમચાવી. દ્રૌપદીના કેશ વીખરાઈ ગયા તેના વસ્ત્રનો ઉપલો છેડો સરી પડ્યો. એટલે તે બોલી: 'હે દુ:શાસન! તું મને નવસ્ત્રી ન કર. રાજપુત્રો પાંડવો તારો અધર્મ સહન કરશે નહિ. મહારાજ યુધિષ્ઠિર નિત્ય ધર્મમાં રહેલા છે. તું આ વૃદ્ધોની દેખતાં મને રજસ્વાલાને ખેંચે છે અને કોઈ તને વારતું નથી એટલે મને લાગે છે કે ભરતવંશીઓનો ધર્મ લોપ પામ્યો છે! તારા આવા ઉગ્ર અધર્મને પણ કોઈ ધ્યાનમાં લેતું નથી એટલે મને લાગે છે કે કુરુઓ હવે ધર્મને પરવારી બેઠા!'

દ્રૌપદીને આવી દશામાં જોઈને પાંડવો અતિશય દુ:ખી થયા, પણ દુ:શાસન ખડખડાટ હસતો હસતો તેને 'દાસી-દાસી!' એમ જ કહેવા લાગ્યો. કર્ણે દુ:શાસનનાં વખાણ કર્યા અને શકુનિએ પણ તેને અભિનંદન આપ્યા, પણ સભામાં બેઠેલા બીજા સભાસદોને બહુ દુ:ખ થયું. એવામાં ભીષ્મ બોલ્યા: 'હે દ્રૌપદી! હું તારા પ્રશ્નનું યથાર્થ વિવેચન કરી શકતો નથી. યુધિષ્ઠિર કોઈ પણ દિવસ ધર્મનો ત્યાગ કરે એવા નથી. એક રીતે જોતાં તું અજિત છે પણ તારા પ્રશ્નો ઉત્તર હું આપી શકતો નથી, કારણ કે ધર્મની ગતિ અતિ સૂક્ષ્મ છે.'

દ્રૌપદી જરા સ્વસ્થ થતી બોલી: 'મહારાજ યુધિષ્ઠિરે પોતાને હારી ગયા પછી મને શા માટે દાવમાં મૂકી? આ સભામાં વહુઓના પ્રભુ એવા કૌરવો બેઠા છે તે બધા મારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર આપે.'

દ્રૌપદીની આવી દીન દશા જોઈને ભીમસેનને અત્યંત ક્રોધ થયો, અને યુધિષ્ઠિરને દ્રૌપદીની આવી સ્થિતિ કરવા માટે કડવાં વેણ સંભળાવતો સંભળાવતો યુધિષ્ઠિરે જે હાથે પાસા નાખ્યા હતા તે હાથને સુધ્ધાં બાળી નાખવા તૈયાર થયો, પણ અર્જુને તેને વાર્યો ને શાંત પાડ્યો.

એવામાં દુર્યોધનનો નાનો ભાઈ વિકર્ણ સભામાં ઊભો થયો અને બોલ્યો: 'હે રાજાઓ! દ્રૌપદીના પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપો. ભીષ્મ અને દ્રોણ બન્ને વૃદ્ધો હોવા છતાં આનો જવાબ આપતા નથી તે યોગ્ય નથી. મારા માનવા પ્રમાણે દ્રૌપદીને કૌરવોએ જીતી નથી.'

વિકર્ણનાં વચનો સાંભળીને કેટલાએક તેનાં વખાણ કરવા લાગ્યા અને સભામાં મોટો કોલાહલ થઈ રહ્યો. પણ એટલામાં કર્ણ ગાજી ઊઠ્યો: 'હે વિકર્ણ! આ સભાની વચ્ચે બાળક હોવા છતાં વૃદ્ધ જેવું બોલે છે. તું ધર્મને યથાર્થ જાણતો નથી તેથી જ દ્રૌપદીને ન જિતાયેલી માને છે. વળી આ દ્રૌપદીને આ સભામાં એક વસ્ત્રથી આણી છે તેમાં તારે ચિંતા કરવાની નથી. દ્રૌપદીને પાંચ પતિઓ છે એટલે એ તો વારાંગના ગણાય; અને વારાંગના માટે એક વસ્ત્ર હોય કે તે વિવસ્ત્રી હોય તેનો વિચાર કરવાની જરૂર નથી. દુ:શાસન! આ વિકર્ણ તો મૂર્ખ છે. હવે તું પાંડવોનાં અને આ દ્રૌપદીનાં વસ્ત્રો ઉતારી લે.'

આ સાંભળીને પાંડવોએ પોતાનાં ઉત્તરીય વસ્ત્રો ઉતારી સભામાં ફેંક્યાં અને દુ:શાસન દ્રૌપદીના વસ્ત્રને પકડીને ખેંચવા માંડ્યો. હજાર હાથીના બળવાળો દુ:શાસન દ્રૌપદીના વસ્ત્રને ખેંચવા લાગ્યો અને સતી દ્રૌપદીએ પોતાના સતત બળથી વસ્ત્રની ગાંઠને પકડી રાખી. દુ:શાસને ઘણી મહેનત કરી પણ છેવટે થાકીને બેસી ગયો. એટલામાં ભીમસેનની આંખ ફાટી. તે બોલ્યો: 'હે રાજાઓ! આ પાપી દુ:શાસનની છાતીને બળાત્કારથી ચીરી હું તેનું લોહી ન પીઉં તો મને મારા પૂર્વજોની ગતિ ન મળો.'

રોમાંચો ઊભાં કરી નાખે એવી ભીમની આ પ્રતિજ્ઞા સાંભળીને વિદુર બોલ્યા: 'હે સભાસદો! આજે આ સભામાં ધર્મ પીડાય છે તેનો ખ્યાલ કરો. તમે સૌ આ સતીના પ્રશ્નનો યથાર્થ ઉત્તર આપો.'

એટલામાં કર્ણ બોલ્યો: 'દુ:શાસન! આ દ્રૌપદીને આપણે ઘેર લઈ જા.'

ફરી દુ:શાસન દ્રૌપદીને ખેંચવા લાગ્યો એટલે તે બોલી: 'આ દુ:શાસને મને ખેંચી ખેંચીને વિહ્વળ કરી મૂકી છે. મને ઘરમાં પૂર્વે વાયુ અને સૂર્ય પણ જોઈ શક્યા નથી તે આજે તમારી વચ્ચે એકવસ્ત્રે ઊભી છું. હું ભીષ્મની અને કુરુઓની પુત્રવધૂ છું. હું પાંડવોની પત્ની, ધૃષ્ટદ્યુમ્નની બહેન ને શ્રીકૃષ્ણની સખી છું. છતાં આ દુ:શાસન મને પીડા કરે છે ને તમે સૌ જોઈ રહો છો તેથી મને લાગે છે કે કાળ ફરી ગયો છે, ને કુરુઓનો વિનાશ નજીકમાં છે. તમે મારા પ્રશ્નનો ઉત્તર આપો.'

'સતી દ્રૌપદી!' ભીષ્મ બોલ્યા, 'તને જવાબ આપવો બહુ કઠણ છે. તું જિતાઈ છે કે નહિ તે કહેવાને તો એક યુધિષ્ઠિર જ યોગ્ય છે; કેમકે સૂક્ષ્મ ધર્મ જાણનાર એ જ છે.'

એટલે તો દુર્યોધન પણ બોલ્યો: 'બરાબર છે. યુધિષ્ઠિર પોતે જે નિર્ણય આપે તે મને કબૂલ છે. યુધિષ્ઠિર! આ તમારા ચારે ભાઈઓ અને દ્રૌપદી તમારા નિર્ણયની રાહ જુએ છે માટે તમે ન્યાય આપો.' આ પ્રમાણે કહેતાં કહેતાં તેણે પોતાના જમણા પગની જાંઘ ઉઘાડી કરીને દ્રૌપદીને દેખાડી એટલે લાલચોળ આંખો કરતો ભીમ બોલ્યો: 'દુર્યોધન! તારી આ જાંઘને ગદાથી ભાંગી ન નાખું તો હું ભીમ નહિ.'

દરમિયાન રાજાઓ બધા મૂઢની માફક એકબીજાની સામે જોવા લાગ્યા, અને આખી સભામાં ઉકળાટ થઈ રહ્યો. સૌને એમ જ લાગ્યું કે હમણાં જ સતીના શાપથી શું નું શું થઈ જશે. ધૃતરાષ્ટ્રને આ વાતની ખબર પડી એટલે આવીને તે કહેવા લાગ્યા: 'હે દુર્યોધન! તારું મોત આવ્યું છે.' પછી ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને કહ્યું: 'બેટા! તારી ઇચ્છામાં આવે તે વર તું માગી લે. તું મારી પુત્રવધૂઓમાં શ્રેષ્ઠ છે.'

ધૃતરાષ્ટ્રનાં આ વચન સાંભળી દ્રૌપદી બોલી: 'જો તમે મને વર આપતા હો તો મારા યુધિષ્ઠિરને દાસપણામાંથી મુક્ત કરો. ભીમ, અર્જુન, અને નકુળ અને સહદેવને પણ મુક્ત કરો. એથી વધારે હું કશુંય માગતી નથી.'

ધૃતરાષ્ટ્રે કહ્યું: 'તથાસ્તુ!'

ત્યાર પછી છૂટા થયેલા પાંચે પાંડવો કાકા ધૃતરાષ્ટ્ર પાસે હાથ જોડીને ઊભા રહ્યા એટલે ધૃતરાષ્ટ્રે કહ્યું:

'તમારું કલ્યાણ થાઓ. તમે ખુશીથી ઈંદ્રપ્રસ્થ જાઓ અને પ્રજાનું પાલન કરો. દુર્યોધનની કઠોરતા તમે મનમાં લાવશો નહિ.'

પછી યુધિષ્ઠિર પોતાના ભાઈઓને તથા દ્રૌપદીને લઈને ઈંદ્રપ્રસ્થ તરફ ચાલ્યા.

પાંડવો આ પ્રમાણે પોતાના હાથમાંથી છટકી ગયા એ ચંડાળચોકડીને જરાય ગમ્યું નહિ. એ ચારેય જણા ફરીથી ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને યુધિષ્ઠિરને ફરીથી જુગાર રમવા બોલાવવાની ગોઠવણ કરી. દુર્યોધનની માગણીને ધૃતરાષ્ટ્રે ફરી પાછી સ્વીકારી અને પાંડવોને અધવચથી જ જુગાર રમવા માટે પાછા બોલાવ્યા. મહારાજ યુધિષ્ઠિર ફરીથી જુગારના આમંત્રણને નકારી ન શક્યા એટલે પાછા આવ્યા, અને જુગારમાં ફરી હાર્યા! આ વખતના દાવમાં ધન વગેરે કશું મૂકવામાં આવ્યું ન હતું. પણ એવી શરત હતી કે જે પક્ષ હારે તે બાર વર્ષ વનમાં નિવાસ કરે અને તેરમું વર્ષ અજ્ઞાતવાસ કરે. અજ્ઞાતવાસમાં એ પકડાઈ જાય તો બીજાં બાર વર્ષ વનવાસમાં રહે.

આ શરત પ્રમાણે પાંડવો અને દ્રૌપદીએ વનવાસ સ્વીકાર્યો અને વૃદ્ધોની રજા લઈને તેઓ વનવાસમાં ચાલી નીકળ્યાં.

પુત્રો ને પુત્રવધૂને વનવાસમાં વિદાય કરતાં કુંતી રડી પડ્યાં અને દુ:ખિત હૃદયે પાછાં ફર્યાં. પાંડવો વનમાં રહ્યા ત્યાં સુધી કુંતીમાતા હસ્તિનાપુરમાં જ રહ્યાં.

વનપર્વ

૧

પાંડવો વનવાસમાં જવા નીકળ્યા ત્યારે હસ્તિનાપુરના લોકો પણ તેમની પાછળ ચાલ્યા. પાછળ જઈને તેઓ યુધિષ્ઠિરને કહેવા લાગ્યા: ‘કૌરવોએ તમને અધર્મથી જીત્યા છે ત્યારથી અમે ઉદ્વેગ પામ્યા છીએ. તમે જ્યાં જશો ત્યાં તમારી પાછળ અમે આવશું. દુષ્ટ રાજાના દેશમાં અમે રહેવા માગતા જ નથી.’

નગરવાસીઓનાં આવાં વચનો સાંભળીને યુધિષ્ઠિરે જણાવ્યું: ‘તમે લોકો અમારા પર વિશ્વાસ રાખીને આ બોલો છો તે અમારાં સદ્‌ભાગ્ય છે. તમે ઘણે દૂર સુધી આવ્યો છો. હવે અહીંથી પાછા વળો. મેં વિશ્વાસથી તમને પિતામહ, વિદુરજી વગેરે સગાઓને સોંપ્યા છે; તેમના તરફ સ્નેહબુદ્ધિ રાખજો.’

આ પ્રમાણે કહીને મહારાજ યુધિષ્ઠિરે આ લોકોને તેમની ઇચ્છા વિરુદ્ધ પાછા વાળ્યા અને ગંગા નદીને કાંઠે પ્રમાણ વડ આગળ પહેલી રાત પસાર કરી. આ વખતે કેટલાય અગ્નિહોત્રી બ્રાહ્મણો પાંડવો ઉપરના પોતાના સ્નેહથી ત્યાં આવી પહોંચ્યા, અને આખી રાત વનવાસની જ તત્ત્વચર્ચામાં ગાળી.

બીજે દિવસે સવારે પાંડવો આગળ જવા તૈયાર થયા એટલે આ બ્રાહ્મણો તેમની પાસે આવીને ઊભા અને કહેવા લાગ્યા: ‘અમે તમારી સાથે જ આવવાના છીએ, તમારે અમારો ત્યાગ કરવો ન ઘટે. અમારા આહારની ચિંતા પણ તમારે ન કરવી; એ ગોઠવણ તો અમે પોતે જ કરીશું. અમે તમારી સાથે રહીને આનંદ કરીશું.’ આ પ્રમાણે બ્રાહ્મણોનાં આગ્રહપૂર્વકનાં વચનો સાંભળીને રાજા યુધિષ્ઠિરે ધૌમ્યની સલાહ લીધી અને પછી તેમને પોતાની સાથે આવવાની રજા આપી.

૨

પાંડવો ગયા પછી એક વાર મહારાજ ધૃતરાષ્ટ્રને મનમાં ઉકળાટ થવા લાગ્યો એટલે તેમણે વિદુરજીને બોલાવ્યા ને કહ્યું: ‘હે વિદુર! તારી બુદ્ધિ શુદ્ધ છે. તને મારા પુત્રો તરફ તેમ જ પાંડવો તરફ સમભાવ છે; માટે પૂછું છું. નગરના લોકો હવે દુર્યોધન તરફ પ્રીતિથી જોતા થાય તેવું કરવાની ખાસ જરૂર છે. મારા પુત્રો શું કરે તો પાંડવો તેમને જડમૂળમાંથી ઉખેડી ન શકે તે કહે.’

ધૃતરાષ્ટ્રે આ પ્રમાણે પૂછ્યું એટલે વિદુરે જવાબ વાળ્યો: ‘મહારાજ! તમારા પુત્રોએ પાંડવોને કપટથી જીત્યા છે.હજુ તમે પાંડવોને આ સઘળું પાછું આપી દો તો તમારા પુત્રો નાશમાંથી બચી જશે. જો એમ તમે નહિ કરો તો ભીમ અને અર્જુન તમારા આખા વંશને ઉખેડી નાખવાના છે એ યાદ રાખજો. મેં તો દુર્યોધન જન્મ્યો તે દિવસે પણ તમને કહ્યું હતું કે એનો ત્યાગ કરો. દુર્યોધન રાજી થઈને આ પ્રમાણે કરે તો ઠીક છે; નહિતર બધાના હિતની ખાતર તેને કેદ કરો અને અજાતશત્રુ યુધિષ્ઠિર જ પૃથ્વીનું શાસન કરે એવી ગોઠવણ કરો. મહારાજ! આમ કરવાથી જ તમે કૃતાર્થ થશો.’

વિદુરનાં આ વચનો સાંભળીને ધૃતરાષ્ટ્રનું દિલ ઊકળી આવ્યું અને તે બોલ્યા: ‘વિદુર! દુર્યોધનને બંધનમાં નાખવો અને યુધિષ્ઠિરને રાજ્ય આપવું, આ પ્રકારનું તું બોલે છે તેથી આજે મને ચોક્કસ લાગે છે કે તું પાંડવોનો જ પક્ષપાતી છે અને મારા પુત્રોનો હિતેચ્છુ નથી. વિદુર! હું એમ માનતો હતો કે તને પાંડવો અને મારા પુત્રો સમાન છે; પણ મારી જ

ભૂલ છે. આજે મને સમજાય છે કે તું પણ કપટભરેલું બોલે છે. માટે તારી ઇચ્છામાં આવે તો તું અહીંથી ચાલ્યો જા.' એમ બોલી ધૃતરાષ્ટ્ર એકાએક ઓરડાની અંદર ચાલ્યા ગયા અને વિદુર હસ્તિનાપુર છોડીને પાંડવો પાસે ગયા.

પાંડવો બ્રાહ્મણોની સાથે ગંગા નદીથી આગળ ચાલી સરસ્વતીના તીર પર કામ્યક વનમાં ગયા, અને ત્યાં નિવાસ કર્યો. વિદુર પાંડવોને શોધતા શોધતા કામ્યક વનમાં આવી પહોંચ્યા એટલે પાંડવોએ તેમનો સત્કાર કર્યો અને વિદુરે પણ પોતાનું આવવાનું કારણ સવિસ્તર કહી સંભળાવ્યું.

પરંતુ વિદુરને ન કહેવા યોગ્ય વચનો કહ્યા પછી ધૃતરાષ્ટ્ર સંતાપ કરવા લાગ્યા. એક દિવસ તેમણે સંજયને કહ્યું: 'હે સંજય! વિદુર મારો હિતેચ્છુ છે. તેનું સ્મરણ થતાં આજે મારું હૃદય જાણે ફાટી જતું હોય તેમ લાગે છે. માટે તું મારા ધર્મવત્તા વિદુરને ઝટ અહીં તેડી લાવ.'

ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી સંજય કામ્યક વનમાં આવી પહોંચ્યો. પાંડવોએ સંજયનો યોગ્ય સત્કાર કર્યો એટલે સંજયે વિદુરજીને કહ્યું: 'વિદુરજી! મહારાજ ધૃતરાષ્ટ્ર તમારું સ્મરણ કરે છે. તમે ઝટ જઈને તેમને મળો અને જિવાડો. પાંડવોની રજા લઈને તમારે ત્યાં જવું યોગ્ય છે.'

સંજયનાં વચનો સાંભળીને વિદુર પાંડવોની રજા લઈને હસ્તિનાપુર પાછા આવ્યા ને ધૃતરાષ્ટ્રને મળ્યા. વિદુરને આવેલા જાણી ધૃતરાષ્ટ્ર કહેવા લાગ્યા: 'નિષ્પાપ વિદુર! તું પાછો આવ્યો એ મારું સદ્‌ભાગ્ય છે! તારા જવાને લીધે મને રાતદિવસ ઊંઘ આવતી ન હતી. મેં તને જે કહ્યું હતું તેને માટે તું મને ક્ષમા કર.'

મહારાજનાં આવાં વચન સાંભળીને વિદુલ બોલ્યા: 'મેં તો ક્ષમા કરેલી જ છે. તમે મારા વડીલ છો. ખરી રીતે તો પાંડુના પુત્રો મને જેટલા વહાલા છે તેટલા જ વહાલા તમારા પુત્રો છે; પણ પાંડવો હમણાં દીન થઈ ગયા છે એટલે તેમના તરફ મારું મન ખેંચાય એ બહુ સ્વાભાવિક છે.'

આ પ્રમાણે વિદુરે અને ધૃતરાષ્ટ્રે એકબીજાનાં મનનું સમાધાન કર્યું અને પહેલાં રહેતા હતા તેમ જ તેઓ રહેવા લાગ્યા. પણ વિદુર હસ્તિનાપુરમાં પાછા આવ્યા એ દુર્યોધનને જરાય ન ગમ્યું. દુર્યોધનને તો બીક લાગી કે જેમ વિદુર વનમાંથી પાછા આવ્યા છે તેમ જો પાંડવો પણ પાછા આવશે તો માર્યા જઈશું. એ તો પાંડવો ફરીથી કોઈ દિવસ હસ્તિનાપુરમાં પગ ન મૂકી શકે એવી જ મુરાદ રાખતો હતો, અને એ મુરાદને બર લાવવા માટે પાંડવોને વનમાં કેમ હણી શકાય તેના જ વિચારો કર્યા કરતો હતો.

3

દરમિયાન પાંડવો કામ્યક વનમાં આગળ ચાલ્યા. ત્યાં રસ્તામાં કિર્મીર નામનો રાક્ષસ તેમનો માર્ગ રૂંધીને ઊભો હતો. કિર્મીરને દૂરથી ઊભેલો જોઈને દ્રૌપદી ત્રાસ પામી ગઈ, ને પોતાનાં નેત્રો મીંચી ગઈ; અને જો પાંડવોએ તેને ઝાલી લીધી ન હોત તો તે મૂર્છાને લીધે નીચે પડી જાત.

કિર્મીરને રસ્તા વચ્ચે ઊભેલો જોઈ યુધિષ્ઠિરે તેને પૂછ્યું: 'તું કોણ છે? કોનો પુત્ર છે?'

તરત કિર્મીરે જવાબ વાળ્યો: 'હું બકનો ભાઈ છું અને મારું નામ કિર્મીર છે. આ વનમાં નચિંત થઈને હું રહું છું અને મનુષ્યો આવે તેમને મારી નાખી તેમનો આહાર કરું છું. તમને બધાંને મારીને તમારો પણ આહાર કરીશ.'

કિર્મીરનાં આવાં વચન સાંભળીને યુધિષ્ઠિર બોલ્યા: 'હું કોણ છું તેની ખબર નહિ હોય. મારું નામ યુધિષ્ઠિર. મારા ભાઈઓ ભીમ, અર્જુન, વગેરેને લઈને હું અહીં તારા વનમાં રહેવા આવ્યો છું.'

આ સાંભળીને કિર્મીર રાજી થતો બોલ્યો: 'બહુ સારું થયું. બહુ સારું થયું! મારા ભાઈ બકને મારનાર આ ભીમડાને હું ઘણા વખતથી શોધું છું — પણ એ જડતો ન હતો. આ ભીમડે વનમાં રહેતા મારા મિત્ર હિડિંબને પણ મારી નાંખ્યો હતો, અને હિડિંબાનું હરણ કર્યું હતું. આજે રાક્ષસકુળના કંટકરૂપ આ ભીમનો હું નાશ કરીશ.'

કિર્મીર આ પ્રમાણે બોલ બોલે છે ત્યાં તો ભીમ અને અર્જુન તૈયાર થઈ ગયા; અને ભીમે તો કિર્મીર પર વૃક્ષનો ઘા પણ કર્યો, એટલે ભીમ-કિર્મીરનું તુમુલ યુદ્ધ શરૂ થયું. ચોમાસામાં લીલું ઘાસ ચરીને માતેલા બે આખલાઓ એકબીજા સાથે માથાં ભટકાવી લડે તેમ આ બન્ને લડવા લાગ્યા. પણ છેવટે કિર્મીર થાક્યો એટલે ભીમે તેને ચક્કર ફેરવીને પછાડ્યો, તેની કેડ પર ઢીંચણ મૂકી તેનું ગળું દબાવ્યું એટલે તેનાં અંગો શિથિલ થઈ ગયાં, ને ડોળા ફાટી ગયા. આમ વનને રાક્ષસના ત્રાસથી મુક્ત કરીને પાંડવોએ દ્રૌપદી સાથે ત્યાં વાસ કર્યો.

પાંડવોના વનવાસના સમાચાર સાંભળીને શ્રીકૃષ્ણ, ધૃષ્ટદ્યુમ્ન, ધૃષ્ટકેતુ વગેરે તેમને મળવા માટે વનમાં આવ્યા. આવા આત્મજનો પાસે હૈયાનો ખાળેલો વેગ છૂટી પડે છે તેથી દ્રૌપદી બોલ્યાં: 'હે કેશવ! હું પાંડવોની ભાર્યા, હું ધૃષ્ટદ્યુમ્નની બહેન, હું શ્રીકૃષ્ણની સખી, મને કોઈથી સભામાં કેમ ઘસડી શકાય? હું રજસ્વલા હતી; રુધિરથી ખરડાયેલી હતી. મારા અંગ પર માત્ર એક જ વસ્ત્ર હતું. દુ:ખને લીધે હું ધ્રૂજતી હતી. છતાં મને સભામાં ઘસડી આણી! હું તો ભીષ્મની કુલવધૂ ને દ્રુપદરાજની પુત્રી. તમે સૌ જીવતા હો, મારો વીરો જીવતો હોય ને મારા પતિઓ જીવતા હોય, છતાં મારી આ દશા થાય તો તમને સૌને ધિક્કાર છે! દુર્યોધને આ પાંડવોને અને કુંતી માતાને દુ:ખ દેવામાં બાકી રાખી નથી.'

આમ બોલતી દ્રૌપદી રડવા લાગી એટલે શ્રીકૃષ્ણ બોલ્યા: 'પાંચાલી! આજે જેમ તું રુદન કરે છે તેમ જ એ દુષ્ટોની સ્ત્રીઓ એક દિવસ રુદન કરશે. હું તને સત્ય પ્રતિજ્ઞાથી કહું છું કે તું રાજાઓની રાણી થઈશ.'

ધૃષ્ટદ્યુમ્ને પણ શ્રીકૃષ્ણનાં વચનોને અનુમોદન આપ્યું એટલે દ્રૌપદી શાંત થઈ. ત્યાર પછી શ્રીકૃષ્ણ દ્વારકા ગયા અને બીજા આપ્તજનો પોતપોતાને દેશ ગયા.

પછી પાંડવો તે વનમાં રહેવા ગયા. તે દરમિયાન વખતો-વખત માર્કંડેય, બકદાલભ્ય વગેરે ઋષિમુનિઓ તેમને ત્યાં આવીને અનેક જાતની કથાઓ કહેતા, અને વનવાસમાં પણ પાંડવોનું મન આનંદમાં રહે એવી ગોઠવણ કરતા. વળી નવરાશને વખતે પાંડવો ને દ્રૌપદી અંદરોઅંદર પણ જુગારની, વનવાસની, કૌરવોના છળની, પાંડવોની નીતિની, યુધિષ્ઠિરની ક્ષમાની અને ભીમ તથા દ્રૌપદીના ઉગ્ર ઉપાયોની ચર્ચાઓ કરતા. આવી ચર્ચાઓમાં મુખ્યત્વે ભીમ અને દ્રૌપદી પરાક્રમથી કૌરવોનું નિકંદન કરવાની સલાહ આપતાં ત્યારે યુધિષ્ઠિર મહારાજ ક્ષમા અને ધર્મને વળગી રહેવાથી જ પરિણામે વિજય છે એમ આગ્રહથી કહેતા.

ઉપરાંત ઋષિમુનિઓની સલાહથી પાંડવોએ એમ નક્કી કર્યું કે અર્જુને વનવાસનો સમય વ્યર્થ ન ગુમાવતાં ઉત્તર તરફ રહેતા મહાન આચાર્યો પાસે જઈ તેમની શ્રેષ્ઠ વિદ્યા

પણ મેળવી લેવી.

આથી જ્યારે પાંડવો ફરીથી દ્વૈતવનમાંથી કામ્યક વનમાં આવ્યા ત્યારે યુધિષ્ઠિર અર્જુનને કહેવા લાગ્યા: 'હે અર્જુન! તું ઉત્તર દિશામાં જા, અને ત્યાં ઇન્દ્ર પાસેથી, પશુપતિ પાસેથી, લોકપાલો પાસેથી, વગેરે આ લોકોના અનેક આચાર્યો પાસેથી ઉત્તમ અસ્ત્રવિદ્યા મેળવી લે.'

૪

પછી યુધિષ્ઠિર તથા ભીમને પ્રણામ કરીને તથા દ્રૌપદીની શુભેચ્છાઓ લઈને અર્જુન ઉત્તર તરફ જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં અર્જુન ભયંકર કાંટાવાળા વનમાં આવી પહોંચ્યો. આ વન હિમાલયના શિખર પર આવેલું હતું. આ સ્થાને અર્જુને ઉગ્ર તપશ્ચર્યા આદરી.

આ સ્થાને એક વાર પશુપતિ શંકર ભીલનો વંશ લઈને આવી ચડ્યા. અર્જુનની નજીક એક મોટો વરાહ ચરતો હતો અને તેને મારવાની ચેષ્ટા કરતો હતો. વરાહને મારવા માટે અર્જુને ગાંડીવ ઉપાડ્યું ત્યાં શંકરે કહ્યું: 'આ વરાહને મારવાનો મેં નિશ્ચય કર્યો છે માટે તું એને મારીશ નહિ.' પણ અર્જુને ભીલને ન ગણકારતાં વરાહ પર પ્રહાર કર્યો અને વરાહ મરી ગયો. શંકરનાં બાણો પણ એ જ વખતે વરાહાના દેહ પર પડ્યાં એટલે અર્જુને શંકરને પૂછ્યું: 'તું કોણ છે? આ ઘોર વનમાં તને ભય લાગતો નથી? મારા શિકારને તેં કેમ વીંધ્યો? તેં આજે કર્યું છે તે મૃગયાનો ધર્મ નથી.'

અર્જુનનાં આવાં વચન સાંભળીને ભીલના વેશમાં શંકર બોલ્યા: 'હે વીર! તારે મારા માટે ધાસ્તી રાખવી નહિ; અમે તો જંગલના જ પશુઓ કહેવાઈએ. પણ તું તો સુકુમાર છે, છતાં તું શા માટે વનમાં આવ્યો છે?'

અર્જુને જવાબ વાળ્યો: 'હું ગાંડીવધારી છું. આ વરાહને મેં મારાં બાણોથી માર્યો છે.'

તરત જ ભીલ બોલી ઊઠ્યો: 'મારાં જ બાણોથી એ વરાહ પડ્યો છે. તું મિથ્યા અહંકારી છે. હું તારા પર પણ વજ્ર જેવાં બાણો છોડું છું.

ભીલના આવાં વચનથી અર્જુનને ક્રોધ ચડ્યો અને તે બાણો સાંધવા લાગ્યો. અર્જુને તો ભીલના શરીર પર બાણોની વૃષ્ટિ કરવા માડી, પણ ભીલે તે બધાં હસતે મુખે ઝીલ્યાં. અર્જુનને એથી આશ્ચર્ય થયું, છતાંયે અર્જુને બાણો છોડ્યે રાખ્યાં. આખરે તેનાં બધાં બાણો ખૂટી પડ્યા એટલે તે ધનુષ્યની અણીથી લડવા લાગ્યો. પણ શંકરે તેનું ધનુષ્ય જ ખૂંચવી લીધું. અર્જુને તલવાર લઈને ભીલના માથા પર ઘા કર્યો પણ ત્યાં એ તલવારના જ બે કટકા થઈ ગયા! પછી તો ભીલે અર્જુનને મુઠીઓ મારીને દબાવી પૃથ્વી પર પાડી નાખ્યો. છેવટે અર્જુનના આ પરાક્રમથી પ્રસન્ન થઈને ભીલે તેને કહ્યું: 'હે અર્જુન! હું પોતે જ પશુપતિ છું. તારી પરીક્ષા કરવા માટે જ હું આવ્યો છું. તારા શૌર્યથી હું પ્રસન્ન થયો છું, ને તને અમોઘ એવું મારું આ પાશુપતાસ્ત્ર આપું છું. આ અસ્ત્રને તારે સામાન્ય મનુષ્યો પર મૂકવું નહિં.' પશુપતિએ અર્જુનને તેનું ગાંડીવ પાછું આપ્યું. તે પોતાને સ્થાને જતા રહ્યા.

ત્યાર પછી તો વરુણદેવ, અગ્નિ, કુબેર, યમરાજા વગેરે લોકપાલો પણ અર્જુનને મળ્યા અને પોતપોતાનાં દિવ્ય અસ્ત્રો આપીને ચાલતા થયા; પણ ઇન્દ્રે તો અર્જુનને પોતાના

લોકમાં આવવાનું આમંત્રણ આપ્યું. અને ‘હું તને મારાં અસ્ત્રો ત્યાં આપીશ’ એમ જણાવ્યું.

ઇંદ્રે મોકલેલા રથમાં બેસીને અર્જુન ઇંદ્રલોકમાં પહોંચ્યો. અહીં ઇંદ્રે અર્જુનને પોતાની સભા દેખાડી તેમ જ ચિત્રસેન સાથે મૈત્રી પણ કરાવી. ચિત્રસેન પાસેથી અર્જુન, નૃત્ય, વાદન વગેરે વિદ્યાઓ પણ શીખ્યો.

ઇંદ્રલોકમાં એક વખત અર્જુનના આવાસમાં ઉર્વશી નામની અપ્સરા આવી ચડી. ઉર્વશીએ અર્જુનને જણાવ્યું: ‘હે અર્જુન! તમે આ લોકમાં આવ્યા ત્યારે તમારા માનમાં મોટો ઉત્સવ થયો હતો અને તેમાં અમે બધી અપ્સરાઓ ત્યાં નૃત્ય કરતી હતી; તે વખતે, બધી અપ્સરાઓ ત્યાં નૃત્ય કરતી હતી છતાં તમારી આંખ એક મારા તરફ જ મંડાઈ હતી, તેથી ઇંદ્રે મને કહેવરાવ્યું છે કે ‘‘હે ઉર્વશી! તું અર્જુનનો સમાગમ કર.’’ ઇન્દ્રની અને ચિત્રસેનની આજ્ઞાથી હું તમારી પાસે આવી છું.’

ઉર્વશીનાં આવાં વચનો સાંભળીને અર્જુન લજવાઈ ગયો અને બોલ્યો: ‘તું તો મારી માતા સમાન છે. જેવી મારી માતા કુંતી તેવી તું. મારા સંબંધમાં ઊલટો વિચાર કરવો તને યોગ્ય નથી. તું જા; હું તારા ચરણમાં માથું મૂકીને તને નમન કરું છું. તારે તો પુત્રની માફક મારું રક્ષણ કરવું જોઈએ.’ અર્જુનના આવાં વચનો સાંભળીને ઉર્વશીને ક્રોધ ચડ્યો અને ક્રોધમાં ને ક્રોધમાં ન કહેવાનાં વચનો કહી તે ચાલી ગઈ. ઉર્વશીએ અર્જુનના સવિસ્તર સમાચાર ઇંદ્રને આપ્યા, ત્યારે ઇન્દ્ર ખૂબ જ પ્રસન્ન થયા અને અર્જુનને કહ્યું: ‘અર્જુન! આજે કુંતીની કૂખ તેં ઉજાળી. ધૈર્ય વડે તેં ઋષિઓને પણ જીત્યા છે. ઉર્વશીએ તને જે કડવાં વેણ કહ્યાં છે તે તને શણગારરૂપ છે.’ ઇંદ્રના આ અભિનંદનથી અર્જુનને પણ સંતોષ થયો.

આ પ્રમાણે અર્જુન ઇંદ્રલોકમાં પાંચ વર્ષ રહ્યો.

૫

અર્જુનને ઉત્તર તરફ વળાવ્યા પછી પાંડવોને વનવાસ વધારે અકારો થઈ પડ્યો. અર્જુન વિના તેમનું મન હંમેશા ઉદ્વેગમાં રહ્યા કરતું. એક વખત યુધિષ્ઠિર મહારાજ અને દ્રૌપદી શોકમાં બેઠાં હતાં ત્યાં બૃહદશ્વ મુનિ આવી ચડ્યા અને આખાય આર્યાવર્તમાં પ્રસિદ્ધ એવી નળદમયંતીની કથા અને તેમનાં દુ:ખો વગેરેનું વર્ણ કહી સંભળાવ્યું; આથી તેમને થોડીક શાંતિ થઈ પણ તેમનું મન અહીંથી ઊઠી ગયું હતું એટલે તેઓએ તીર્થયાત્રાએ જવાનો વિચાર કર્યો; અને લોમશ ઋષિની સાથે યાત્રાએ ઊપડ્યાં.

આ યાત્રા દરમિયાન પાંડવો ભારતવર્ષનાં નાનાં મોટાં અનેક તીર્થોમાં ફર્યા, અને તે તીર્થોને અંતે નાનીમોટી અનેક કથાઓ તેમના જાણવામાં આવી; એથી તેમના મનનું ભારે સમાધાન થયું. આ યાત્રા દરમિયાન લોમશ ઋષિએ તેમને અગસ્ત્યનું આખ્યાન સંભળાવ્યું; દધીચિ ઋષિના દેહત્યાગની વાત કરી, કાલેય દૈત્યોનાં કાળાં કર્મો વર્ણવ્યાં. વિંધ્યાચલ પર્વતની અને સમુદ્રની વાત કરી, સગરના પુત્રોની અને ગંગાતરણની આખી કથા કહી સંભળાવી રામચંદ્રજીનો આખો ઇતિહાસ કહ્યો, પરશુરામનાં ઉગ્ર કર્મો વિસ્તારથી વર્ણવ્યાં, ચ્યવન અને સુકન્યાનું ચરિત વર્ણવ્યું તથા માંધાતા, ઉશીનર રાજા, અષ્ટાવક્ર,

વગેરેનાં ચરિતો પણ સંભળાવ્યાં અને આખીયે તીર્થયાત્રાને આવાં આવાં અનેક આખ્યાનો તથા ઉપાખ્યાનોથી મનોહર બનાવી. યાત્રાને અંતે પાંડવો ગંધમાદન પર્વત પર રહેવા ગયા અને અર્જુનના આવવાની રાહ જોવા લાગ્યા.

અહીં અર્જુન ઇંદ્રલોકમાંથી પાછો આવ્યો અને પોતાના ભાઈઓને મળ્યો. અર્જુનને પાછો આવેલો જોઈને પાંડવોના અને દ્રૌપદીના હર્ષનો પાર ન રહ્યો. અર્જુને પોતાના ભાઈઓને તથા દ્રૌપદીને શંકરની અને ઇંદ્રની તેમ જ ઉર્વશીની બધી વાત કહી.

ત્યાર પછી પાંડવો ગંધમાદન પર્વત પરથી ઊતરીને પાછા દ્વૈતવનમાં આવ્યા. રસ્તામાં એક વાર ભીમસેન વનમાં રખડતો રખડતો એક મોટા અજગરના મોઢામાં જઈ પડ્યો, અને તેના મોઢામાંથી છૂટવાનો ઘણો પ્રયત્ન કર્યો છતાં છૂટી શક્યો નહિ એટલે ભીમે કહ્યું: ‘હે અજગર! તું કોણ છે? તું મને શું કરવા ધારે છે? દશ હજાર હાથીના બળવાળો હું આજે તારે વશ થયો છું.’

અજગરે જવાબ આપ્યો: ‘હે ભીમ! મને તું સાધારણ સર્પ ન સમજતો. હું પૂર્વનો નહુષ રાજા છું અને અગસ્ત્યના શાપથી આ દશાને પામ્યો છું.’

આમ ભીમ અને અજગર વાતો કરે છે એટલામાં તો યુધિષ્ઠિર ત્યાં આવી ચડ્યા અને અજગરને કહેવા લાગ્યા: ‘હે ભાઈ! તું અમારા ભાઈને છોડી દે. જોઈએ તો અમે તને બીજો આહાર લાવી દઈએ.’

અજગર બોલ્યો: ‘ભાઈ! મારે ઘેર ત્રણ લોકનું ઐશ્વર્ય હતું તેના મદથી હું છકી ગયો. એક વાર બ્રાહ્મણો મારી પાલખી ઉપાડવા લાગ્યા. મેં બ્રાહ્મણોનું બહુ અપમાન કર્યું તેથી મારી આ દશા થઈ છે. હું જે પ્રશ્નો પૂછું તેના ઉત્તરો જો તું આપ તો હું તારા ભાઈને છોડીશ.’

ત્યાર પછી અજગરે યુધિષ્ઠિરને બ્રાહ્મણત્વના, વેદના, જાતિના અને વર્ણના એમ ઘણા પ્રશ્નો પૂછ્યા. તે સર્વના યુધિષ્ઠિરે સંતોષકારક જવાબ આપ્યા એટલે અજગર ખુશ થઈ ગયો અને ભીમસેનને છોડી મૂક્યો.

ત્યાર પછી પાંડવો વસતા હતા ત્યાં વળી એક વાર માર્કંડેય ઋષિ ફરી આવી ચડ્યા ને વામદેવની, શિબિની, વૃષદર્ભની, ધર્મવ્યાધની, કાર્તિકેયની, સાવિત્રીની ને એવી એવી ઘણીય પુરાણોની કથા યુધિષ્ઠિરને કહી સંભળાવી, એટલે તેમના મન પરનો ભાર થોડો ઓછો થયો.

૬

આ પ્રમાણે વનમાં વસતા પાંડવોને લગભગ અગિયાર વર્ષો વીતી ગયાં. પાંડવોને વનમાં પણ મજા છે, તેમની પાસે અનેક બ્રાહ્મણો અને ઋષિમુનિઓ આવે જાય છે. તેમને કશી તકલીફ પડતી નથી એટલું જ નહિ પણ ઊલટાં તેમને નવાં નવાં અસ્ત્રો પણ મળતાં જાય છે. વગેરે સમાચાર સાંભળી દુર્યોધન ચિંતામાં પડ્યો; અને પાંડવોને વનમાં પણ વધારે દુ:ખી કરવા વિચારવા લાગ્યો.

શકુનિની ચંડાળચોકડીએ ધૃતરાષ્ટ્ર મહારાજાને આડુંઅવળું સમજાવીને કૌરવો બધા વનમાં વિહાર કરવા માટે જાય એવી મંજૂરી મેળવી લીધી; ને દુર્યોધન પણ ત્યાં જશે તો

ધર્માત્મા પાંડવો તેને કશું કરશે નહિ એવી તેમને ધીરજ આપી. દુર્યોધનનો વિચાર તો વનમાં જઈને પાંડવોને દીન દશામાં જોઈ પોતાની આંખને ઠારવાનો હતો. આ પ્રદેશ એટલો બધો રળિયામણો હતો કે દુર્યોધનને દ્વૈતવનના સરોવર પર ક્રીડા કરવાનો વિચાર થઈ આવ્યો એટલે તે બધી સ્ત્રીઓ સાથે ત્યાં પહોંચ્યો, પણ રસ્તામાં જ ગંધર્વોએ તેને રોક્યો. આથી દુર્યોધને ચિડાઈને ગંધર્વોને હાંકી કાઢવાની આજ્ઞા કરી. ગંધર્વો આથી ઊલટા વધારે ગુસ્સે થયા અને જોતજોતામાં કર્ણ, શકુનિ અને દુ:શાસન સાથે યુદ્ધમાં ઊતરી પડ્યા. ગંધર્વોએ કર્ણના રથના તલ તલ જેવડા કટકા કરી નાખ્યા, કર્ણને નસાડ્યો અને દુર્યોધનને જીવતો પકડી લીધો; ઉપરાંત દુ:શાસન અને રાણીઓને કેદ કરી. દુર્યોધનનું લશ્કર તો ક્યારનું નાસવા લાગી ગયું હતું. સૈનિકો નાસતા નાસતા યુધિષ્ઠિરના આશ્રમ પાસે પહોંચ્યા અને ત્યાં જઈને કહ્યું: 'હે ધર્મરાજા! આ ગંધર્વો દુર્યોધન રાજાને હરીને લઈ જાય છે. આપ તેમને બચાવો.'

દુર્યોધનના સૈનિકોનાં આવાં વચનો સાંભળી ભીમસેન બોલ્યો: 'ઓહો! જે કામ અમારે કરવાનું છે તે કામ આજે ગંધર્વો કરે છે તે બહુ સારી વાત છે!'

પણ ભીમસેનને યુધિષ્ઠિરે વાર્યો અને કહ્યું: 'આવાં કઠોર વચનનો આ સમય નથી. ભીમસેન! સગાઓમાં ફાટફૂટ થાય તોપણ કુલધર્મ નાશ પામવો ન જોઈએ. ગંધર્વોએ કૌરવસ્ત્રીઓને પકડીને ખરું જોતાં આપણું જ અપમાન કર્યું છે, માટે તમે ઊઠો અને એ સર્વને છોડાવો.'

ધર્મરાજાની આજ્ઞા થતાં ભીમ અને અર્જુન ઊપડ્યા અને ગંધર્વોનો પરાજય કર્યો. ગંધર્વરાજ ચિત્રસેને કહ્યું: 'મહાબાહુ અર્જુન! આ કૌરવો તો તમારો ઉપહાસ કરવા અહીં આવ્યા હતા તેથી જ આ દુરાત્માઓને મેં બાંધ્યા છે.' પણ અર્જુને કહ્યું: 'મિત્ર ચિત્રસેન! મહારાજ યુધિષ્ઠિરની આજ્ઞા છે માટે તેમને છોડી મૂક.'

ચિત્રસેન ગંધર્વ દુર્યોધન જેવા પાપીને છોડવા બહુ રાજી ન હતો એટલે બધા યુધિષ્ઠિર પાસે ગયા અને યુધિષ્ઠિરની આજ્ઞાથી સર્વને છૂટા કર્યા. પછી યુધિષ્ઠિરને પ્રણામ કરી દુર્યોધન તત્કાલ રવાના થઈ ગયો, અને હસ્તિનાપુર આવી બધો વૃત્તાંત કર્ણ વગેરેને સંભળાવ્યો. દુર્યોધનના મનમાં તો એમ જ થઈ ગયું કે હવે મારે જીવવાનું કશુંય પ્રયોજન જ નથી. પણ દુ:શાસન, કર્ણ, શકુનિ વગેરેએ તેને સમજાવ્યો અને પાંડવોને દુ:ખી કરવાના બીજા નવા માર્ગો દેખાડી તેને ઉત્સાહમાં આણ્યો.

૭

એક વાર દુર્યોધને દુર્વાસા નામના એક મહા ક્રોધી મુનિને યુધિષ્ઠિરના મહારાજના મહેમાન થવા વિનતિ કરી; અને દુર્વાસાએ દુર્યોધનની આ વિનતિ સ્વીકારી પણ ખરી. દુર્વાસાનો ક્રોધ જગવિખ્યાત હતો, પોતાનું ધાર્યું જરાક ન થાય તો ગમે તેને ભસ્મ કરી નાખતાં દુર્વાસાને વાર ન લાગતી. દુર્યોધને ધારેલું કે દુર્વાસા કવખતે પાંડવોના મહેમાન થશે, અને તેમને જમાડવાનું સાધન પાંડવો પાસે હશે નહિ તેથી તરત જ તે પાંડવોને શાપ આપશે.

દુર્વાસા તો દ્વૈત વનમાં પાંડવોના આશ્રમમાં ગયા અને સ્નાન પશ્ચાત અમે ભોજન

કરીશું કહીને ઊભા રહ્યા. દ્રૌપદીએ તરત જ તેમનો સત્કાર કર્યો અને મૃદુતાથી કહ્યું: 'મહારાજ! પધારો.' પછી ભોજન પહેલાં સ્નાન કરવા દુર્વાસા નદીએ ગયા, પણ દ્રૌપદી તો ભોજનની ચિંતામાં પડ્યાં ને આફતમાંથી બચવા માટે પ્રભુસ્મરણ કરવા લાગ્યાં. એવું બન્યું કે દુર્વાસા નદીએથી પરબાર્યા જ ઊપડી ગયા ને પાંડવો દુર્વાસાના શાપમાંથી ઊગરી ગયા.



એક વાર રાજા જયદ્રથ કામ્યક વનમાં થઈ પસાર થતો હતો. જયદ્રથ દુર્યોધનની બહેન દુ:શલાનો પતિ અને સિંધુ દેશનો રાજા. એ બીજું લગ્ન કરવા માટે શાલ્વ દેશ તરફ જતો હતો. રસ્તામાં કામ્યક વનમાં આશ્રમના દરવાજામાં ઊભેલી દ્રૌપદીને તેણે જોઈને તેનું મન વિહ્વળ થયું. તરત જ તેણે પોતાની સેનાને ઊભી રાખી અને કોટિકાસ્ય નામના પોતાના મિત્ર રાજાને તપાસ કરવા મોકલ્યો. પાંડવો બધા આ વખતે મૃગયા કરવા બહાર ગયા હતા તેથી આશ્રમમાં દ્રૌપદી અને તેની દાસી પાત્રેચિકા બે જ હતાં. કોટિકાસ્યે આશ્રમમાં આવીને દ્રૌપદીને પૂછ્યું: 'તમે કોણ છો? નિર્જન વનમાં કેમ આવ્યાં છો? આ પેલા સોનાના રથમાં બેઠો છે તે સિંધુનો રાજા જયદ્રથ છે. તેની પાછળ છ હજાર હાથીઓ, ઘોડાઓ તથા પાલખીઓ ચાલે છે.'

કોટિકાસ્યનાં વચન સાંભળીને દ્રૌપદી બોલી: 'હું દ્રુપદરાજાની પુત્રી કૃષ્ણા છું અને પાંડવોની પત્ની છું. મારા પતિઓ મૃગયા કરવા ગયા છે. તેમને પાછા આવવાનો વખત પણ થઈ ગયો છે. તમે વાહનો છોડી અહીં ઊતરો અને અમારી મહેમાનગીરી સ્વીકારો પછી જ જજો. ધર્મપુત્ર યુધિષ્ઠિર તમને જોઈને બહુ રાજી થશે.'

કોટિકાસ્યે જઈને જયદ્રથને બધી હકીકત સંભળાવી ત્યારે તેના મનમાં વધારે વાસના જાગી, એટલે લશ્કરને એક તરફ રાખી તે પોતે જ આશ્રમમાં આવ્યો. જયદ્રથ આવ્યો એટલે દ્રૌપદીએ તેની પાસે સત્કાર અર્થે જળ ધર્યું અને નાસ્તા માટે વિવેક કર્યો. પણ જયદ્રથને આ બધું નકામું હતું. તેનું મન કામવાસનાથી ઘેરાઈ ગયું હતું એટલે એ તો બોલવા લાગ્યો: 'હે દ્રૌપદી! હવે તું આવ અને મારા રથમાં બેસ. હવે પાંડવોને વળગી રહેવામાં માલ નથી. પાંડવો કાયમને માટે રાજ્યભ્રષ્ટ થયા છે એમ સમજી લે; હવે તેમને છોડીને તું મારી સ્ત્રી થા.'

જયદ્રથનાં આવાં આવાં હૃદયને કંપાવી નાખે તેવાં વચનો સાંભળીને દ્રૌપદીને મનમાં તો ચાટી ગઈ, પરંતુ પાંડવો આવે ત્યાં સુધી કોઈ રીતે વખત કાઢી નાખવો એમ વિચારીને તેણે જયદ્રથની સાથે મોટી મોટી વાતો શરૂ કરી; તેને ડરાવ્યો, શરમાવ્યો, ભમાવ્યો, પણ જયદ્રથ તો તેને પકડવાની જ તૈયારી કરવા લાગ્યો.

દ્રૌપદી બોલી ઊઠી: 'મને અડકશો ના.' ને તરત તેણે ધૌમ્યને સાદ કર્યો. પણ ત્યાં તો જયદ્રથે તેના ઓઢણાનો પાલવ પકડ્યો અને તેને ખેંચીને પોતાના રથમાં બેસાડી દીધી. ધૌમ્યે જયદ્રથને ઘણું ઘણું કહ્યું, પણ જયદ્રથે તો દ્રૌપદીને ઘસડીને રથમાં બેસાડી દીધી એટલે ધૌમ્ય કકળતા કકળતા રથની પાછળ ચાલ્યા.

આ બાજુ આશ્રમમાં પાત્રેચિકા હૈયાફાટ રડવા લાગી. એટલામાં પાંડવો મૃગયા કરીને

પાછા આવ્યા, અને રડવાનું કારણ પૂછતાં પાત્રેચિકાએ બધી હકીકત જણાવી એટલે પાંડવો એકદમ જયદ્રથની પાછળ દોડ્યા. અને જયદ્રથને હાક મારવા લાગ્યા.

પોતાની પાછળ પાંડવો આવે છે એ સાંભળીને જ જયદ્રથના તો હાંજા ગગડી ગયા. પાંડવોએ તો દૂરથી જ સૈન્યનો કચ્ચરઘાણ વાળવા માંડ્યો; અને તેમાંય ભીમ અને અર્જુન તો સૂકા ઘાસમાં જેમ અગ્નિ પડે તેમ તૂટી પડ્યા. લશ્કરને આ પ્રમાણે નાશ પામતું જોઈને જયદ્રથ ભયભીત થયો અને દ્રૌપદીને ધીરેથી પોતાના રથમાંથી ધૌમ્ય પાસે ઉતારી મૂકી, રથ છાનોમાનો સૈન્યની બહાર હાંકી ગયો. ભીમસેન તો જયદ્રથને જ શોધતો હતો; જ્યાં તેને ખબર પડી કે એ દુષ્ટ તો નાસી ગયો છે એટલે ભીમ અને અર્જુન લશ્કરને પડતું મૂકીને તેની પાછળ દોડ્યા. પણ ધર્માત્મા યુધિષ્ઠિરે ભીમસેનને કહ્યું: ‘ભીમ! જયદ્રથ ગમે તેવો તોપણ બહેન દુ:શલાનો પતિ છે, ને સતી ગાંધારીનો જમાઈ છે. એનો વધ કરીશ નહિ.’

યુધિષ્ઠિરનાં ક્ષમાનાં વચનો સાંભળીને દ્રૌપદીને ક્રોધ ચડ્યો અને તે બોલી: ‘આવા પાપીનો તો વધ જ કરવો ઘટે.’

આ પ્રમાણે જુદા જુદા વિચારોને સાંભળતા ભીમ અને અર્જુન જયદ્રથની પાછળ ગયા અને યુધિષ્ઠિર દ્રોપદીને અને ધૌમ્યને લઈને આશ્રમમાં ગયા.

ભીમ અને અર્જુન જયદ્રથના ઘોડાઓને મારી નાખ્યા, એટલે તે પગપાળો થઈને નાઠો. પણ ભીમે તેને પકડ્યો, અને તેના માથા પર પ્રહાર કરવા લાગ્યો. આ વખતે અર્જુને ભીમને કહ્યું: ‘ભીમ! ધર્મરાજાએ આપણને કહ્યું છે તે યાદ છે?’ પણ ભીમે અર્જુનને ન ગણકારતાં જયદ્રથના માથા પર પાંચ પટ્ટા પાડ્યા ને જયદ્રથને કહ્યું, ‘તું જીવવાને લાયક નથી જ. છતાં હે મૂઢ! જીવવાની ઇચ્છા હોય તો ‘‘હું તમારો દાસ છું’’ એમ ભરસભામાં કહેવું પડશે. તારા માટે જીવવાનો એ એક જ ઉપાય છે.’

એમ કહી ભીમસેન જયદ્રથને બાંધી રથમાં ઘાલી આશ્રમમાં લાવ્યો. જયદ્રથને આ દશામાં જોઈને દયાળુ યુધિષ્ઠિર બોલ્યા: ‘ભીમસેન! એને છોડી મૂકો.’

એટલે ભીમે કહ્યું: ‘આ દુષ્ટ પાંડવોનો દાસ થયો છે એમ તમે દ્રૌપદીને જણાવો.’

પણ યુધિષ્ઠિર દુ:ખી થઈને બોલ્યા: ‘અરે ભાઈ! આને છોડ તો ખરો! ’ સાથે દ્રૌપદી પણ બોલી: ‘આ રાજાનો દાસ છે, અને તમે તેના માથા પર પાંચ પટ્ટા પાડ્યા છે, તો હવે એને છોડી મૂકો.’

આ સાંભળીને ભીમે તેને છૂટો કર્યો એટલે તે યુધિષ્ઠિરની પાસે જઈને બેઠો. પછી યુધિષ્ઠિરે એને કહ્યું: ‘જા, ફરીથી આવું કામ કરીશ નહિ. તારી બુદ્ધિ ધર્મમાં વૃદ્ધિ પામો. તું સુખેથી જ્યાં જવું હોય ત્યાં જા.’

આ પ્રમાણે યુધિષ્ઠિરે કહ્યું એટલે જયદ્રથ ત્યાંથી બહાર નીકળ્યો અને પોતાના બાકી રહેલા સૈન્યને લઈને પોતાને માર્ગે ગયો. એમ કહેવાય છે કે આ પરાભવ પછી જયદ્રથે શંકર પાસેથી પાંડવોનો પણ પરાજય કરી શકે એવાં અસ્ત્રો તપ કરીને મેળવ્યાં.

આ પ્રમાણે પાંડવોના વનવાસનાં બાર વર્ષો પૂરાં થવા આવ્યાં, એટલે તેરમા વર્ષના ગુપ્તવાસનો તેઓ વિચાર કરવા લાગ્યા.

વિરાટપર્વ

૧

ત્યાર પછી પાંચ પાંડવો અને દ્રૌપદી અજ્ઞાતવાસનો વિચાર કરવા બેઠાં અને ઘણા વિચારને અંતે મત્સ્ય દેશના રાજા વિરાટના નગરમાં વસવું એમ તેમણે નિર્ણય કર્યો. પાંડવો અને દ્રૌપદી વિરાટના નગરમાં પહોંચ્યાં ત્યારે પહેલાં નગરની બહાર સ્મશાનની પાસે એક ખીજડાનું ઝાડ હતું તેના પર પોતાનાં બધાં શસ્ત્રાસ્ત્રોને ટાંગ્યાં અને કોઈ તેને અડે નહિ એટલા માટે તેની પાસે એક મુડદાને પણ ટાંગ્યું.

પછી પાંડવો વિરાટના નગરમાં દાખલ થયા. સૌથી પહેલા યુધિષ્ઠિર મહારાજ બ્રાહ્મણના વેશે વિરાટની સભામાં દાખલ થયા. આવા અજાણ્યા પરંતુ તેજસ્વી પુરુષને આવતા જોઈને વિરાટે તેમનો સત્કાર કર્યો અને તેમના નામઠામ પૂછ્યાં. યુધિષ્ઠિરે કહ્યું: 'હું દ્વિજ છું. મારું સર્વસ્વ નાશ પામ્યું છે એટલે હું આજિવિકા માટે તમારી પાસે આવ્યો છું. મારું નામ કંક છે. હું તમારી પાસે રહીશ ને તમારી આજ્ઞા પ્રમાણે વર્તીશ.'

વિરાટરાજાએ કહ્યું: 'ભલે.'

ત્યાર પછી ભીમસેન સભામાં દાખલ થયો. તેણે હાથમાં કડછી, તાવેથો ને છરો રાખ્યાં હતાં. ભીમ આવીને રાજાને કહેવા લાગ્યો: 'હું બલ્લવ નામનો રસોયો છું. શાક, ભાત, ભજિયાં વગેરે ઉત્તમ વાનીઓ હું કરી જાણું છું. મને આપ રસોડા પર રાખી શકો છો. પૂર્વે મારા હાથના પદાર્થો યુધિષ્ઠિર મહારાજે સ્વાદથી ખાધા છે.'

ભીમનાં આવાં વચન સાંભળીને વિરાટે બલ્લવને રસોડાનો ઉપરી નીમ્યો. ત્યાર બાદ દ્રૌપદી રાણી સુદેષ્ણા પાસે અંત:પુરમાં પહોંચી અને બોલી: 'હું સૈરંધ્રી છું અને આજીવિકા માટે અહીં આવી છું. જે મને દાસી તરીકે રાખે તેનું કામ કરવા હું રાજી છું.'

પણ દ્રૌપદીને નખથી શિખા સુધી નિહાળીને રાણી બોલી: 'તું ભલે દાસી થવા માટે આવી હોય પણ તારું રૂપ તો એવું છે કે બીજા હજારોને દાસી તરીકે રાખે. જો ને, આ બગીચાના ઝાડો પણ જાણે તને નમતાં હોય એમ લાગે છે. તને મારી પાસે રાખવા હું ખુશી છું; પણ મને ભય છે કે રાજા વિરાટ તને જોયા પછી મારો ત્યાગ કરશે. તને રાખવાથી મારો જ વિનાશ થાય એ બીકથી હું તને રાખી શકતી નથી.'

સુદેષ્ણાનાં આવાં વચન સાંભળીને દ્રૌપદી વળી બોલી: 'હે રાણી! પાંચ જુવાન ગંધર્વો મારા ધણી છે તેથી કોઈ મને શિયળથી ડગાવી શકે તેમ નથી. મારા પતિઓ ગુપ્ત રહીને નિરંતર મારું રક્ષણ કરે છે.' દ્રૌપદીએ આ પ્રમાણે કહ્યું એટલે વિરાટની રાણીએ સૈરંધ્રીને પોતાની દાસી તરીકે રાખી.

ત્યાર પછી સહદેવ અને નકુળ ગાયોના અને ઘોડાઓના પરીક્ષકો તરીકે રાજા પાસે ખડા થયા અને રાજાએ તેમને ગોશાળા તથા અશ્વશાળા પર ઉપરી તરીકે નીમ્યા. પછી અર્જુન સ્ત્રીના વેશે દાખલ થયો. તેના હાથમાં શંખનાં બલોયાં તથા સોનાનાં કડાં હતાં. તેણે આવીને વિરાટરાજાને કહ્યું: 'હું ગાઈ શકું છું, નાચી શકું છું અને વાજાંઓ વગાડી શકું છું. મને રાજકુમારી પાસે રાખો તો હું તેને શીખવીશ. મારું નામ બૃહન્નલા છે.' અર્જુનનું આવું કહેવું સાંભળીને વિરાટે અર્જુનને પણ પોતાની પુત્રીને નૃત્યકળા વગેરે શીખવવા રાખ્યો.

આ રીતે પાંડવો અને દ્રૌપદી વિરાટ રાજાના નગરમાં રહ્યાં, અને કોઈ જાણે નહિ એમ વર્તવા લાગ્યાં.

એક વાર મત્સ્ય દેશમાં બ્રાહ્મોત્સવ નિમિત્તે દેશદેશાવરથી મલ્લો એકઠા થયા, તેમાં જીમૂત નામનો એક મલ્લ પણ આવ્યો હતો. જીમૂત એટલો બધો જબરો હતો કે કોઈ મલ્લ તેની સાથે કુસ્તીમાં જીત્યો નહિ, ત્યારે વિરાટે બલ્લવને તેની સાથે કુસ્તી કરવાની આજ્ઞા કરી. જીમૂત અને ભીમનું આ મલ્લયુદ્ધ ભારે પ્રચંડ હતું: કોઈ મદોન્મત્ત હાથીનું કેસરી સિંહ સાથે યુદ્ધ થાય તેવું. આ યુદ્ધમાં ભીમે જીમૂતને ભમાવીને મારી નાખ્યો. જોકે છતા થઈ જવાની બીકથી ભીમ અને અર્જુન પોતાના બળને બહુ સંતાડી રાખતા હતા.

એ જ પ્રમાણે સુદેષ્ણાનો ભાઈ કીચક દ્રૌપદીને બહુ ત્રાસ આપ્યા કરતો હતો અને કામાંધ બનીને લાજ લેવાનો પ્રયત્ન કરતો હતો; તેને પણ એક વાર ભીમે મારી નાખ્યો, અને તેના ભાઈઓની પણ વલે કરી. કીચકના મૃત્યુથી લોકોમાં ધાક પેસી ગઈ અને રાજા પણ થથરી ગયો. સૈરંધ્રીને રાખવાથી જ આ બધું શૂળ ઊભું થયું છે એમ માની તેને રજા આપવાની તૈયારી કરવા લાગ્યો. પણ સૈરંધ્રીએ જણાવ્યું: 'હવે માત્ર તેર દિવસ મને રહેવા દ્યો. પછી મારા ગંધર્વ પતિઓ મને લઈ જશે અને તમને સુખ આપશે.'

પાંડવો જ્યારે વિરાટનગરમાં આ પ્રમાણે દિવસો વ્યતીત કરતા હતા ત્યારે હસ્તિનાપુરમાં કૌરવો તેમને શોધી કાઢવાના મોટા પ્રયાસો કરતા હતા. દુર્યોધને પાંડવો ક્યાં છે તેની તપાસ કરવા માટે ચારે દિશામાં કુશળ માણસોને મોકલી દીધા હતા. આ માણસો મુનિઓના આશ્રમોમાં, રાજનગરોમાં; તીર્થોમાં, ખીણોમાં, પર્વતો પર, ગુફાઓમાં, જંગલમાં, રણોમાં વગેરે અનેક નાનાંમોટાં સ્થાનોમાં તપાસ કરી અને નિષ્ફળ થઈને પાછા આવ્યા. આથી કૌરવો એકઠા મળીને પાંડવોને શી રીતે શોધી કાઢવા તેનો ફરીથી વિચાર કરવા લાગ્યા.

એવામાં દૂતોની એક મંડળીએ આવીને સમાચાર આપ્યા: 'પાંડવોનો પત્તો મેળવવા અમે ઘણાં ફાંફા માર્યાં પણ પત્તો લાગ્યો જ નથી. અમે પાંડવોનાં પગલાં શોધતા શોધતા ફર્યા છીએ, અમે રથના ચીલાઓની પણ તપાસ કરી છે, અને અમને જણાયું છે કે પાંડવો સર્વથા નાશ પામ્યા છે. માત્ર અમારે કાને એક વાત આવી છે તે અમે જાહેર કરીએ છીએ. વિરાટરાજાના નગરમાં જીમૂત નામનો મલ્લ જે કોઈથી મરે તેવો ન હતો તે માર્યો ગયો છે, તેમ જ વિરાટના સાળા કીચકને કોઈ ગાંધર્વોએ રાતોરાત મારી નાખ્યો છે. આ બે હકીકતો અમારી પાસે આવી છે તેથી આપને જે યોગ્ય લાગે તે વિચાર કરો.'

આ સમાચાર ઉપરથી કૌરવોને લાગ્યું કે કદાચ પાંડવો મત્સ્ય દેશમાં હોય. જો પાંડવો તેરમું વર્ષ પૂરું થયા પહેલાં છતા થઈ જાય તો તેમને બીજાં બાર વર્ષ વનમાં મોકલી શકાય એવા વિચારથી દુર્યોધન વગેરેએ નક્કી કર્યું કે 'આપણે એકીસાથે બે દિશાએથી વિરાટ ઉપર હલ્લો કરવો. જો પાંડવો ત્યાં હશે તો જણાયા વિના નહિ રહે; અને જો નહિ હોય તો તે અવશ્ય મરી ગયા હોવા જોઈએ.' આ વિચારથી દુર્યોધને પોતાના મિત્ર ત્રિગર્તરાજને દક્ષિણ દિશાએથી વિરાટ પર હલ્લો કરવાનું જણાવ્યું અને પોતે ઉત્તર તરફથી હલ્લો કરવા તૈયાર થયો. ત્રિગર્તરાજ સુશર્માએ પોતાના સૈન્યને લઈને હલ્લો કર્યો અને યુદ્ધમાં વિરાટરાજાને કેદ કર્યો. પાંડવો આ સહન કરી શક્યા નહિ એટલે યુધિષ્ઠિરે ભીમને કહ્યું: 'ભીમસેન! તારા સાહસને કાબૂમાં રાખ. બીજાઓ તને ઓળખી કાઢે નહિ એવી રીતે આપણે રાજાને છોડાવવો જોઈએ. આપણે જીવતા હોઈએ અને આપણો ધણી પકડાય એ કેમ બને?' આ સાંભળતાં જ ભીમસેન સુશર્માની પાછળ દોડ્યો અને તેની ગળચી પકડી તેને યુધિષ્ઠિર પાસે લાવ્યો એટલે યુધિષ્ઠિરે તેને ક્ષમા આપી અને વિરાટરાજા આ પ્રમાણે મુક્ત થયા.

ત્રિગર્તરાજનું આ યુદ્ધ હજુ પૂરું થયું નથી અને પાંડવો સહિત વિરાટરાજા હજી ત્યાં

જ પડાવ નાખીને પડ્યા છે ત્યાં પાછળથી કૌરવોએ ઉત્તર તરફથી હલ્લો કર્યો.

વિરાટનો કુંવર ઉત્તર પોતાના મહેલમાં રમતો હતો ત્યાં નગરના ગોવાળો ધા નાખતા પહોંચ્યા: 'મહારાજ! બચાવો, બચાવો! અમારી ગાયોને દુશ્મનો હાંકી જાય છે.'

આ પ્રમાણે ગોવાળોની ચીસ સાંભળીને કુમાર ઉત્તર બડાઈ મારવા લાગ્યો: 'મારી પાસે કોઈ સારથિ હોય તો હું આ ઘડીએ યુદ્ધ કરવા તૈયાર છું. પિતાજી ભલે ને ત્રિગર્તરાજની સાથે યુદ્ધ કરવા ગયા હોય! મારે સૈન્યની કશી દરકાર નથી; એક સારો સારથિ મળી જાય તો હું એકલો જ બધા કૌરવોને પૂરો પડીશ. આજે કૌરવોને એવી ખબર પાડી દઈશ કે જાણે આ અર્જુન જ લડી રહ્યો છે.'

ઉત્તરનાં આવાં વચન સાંભળીને અર્જુનના હાથમાં ચળ આવવા લાગી, દરમિયાન દ્રૌપદીએ ઉત્તરને કહ્યું: 'આ બૃહન્નલાએ અર્જુનનો રથ હાંક્યો છે માટે તેને સારથિ બનાવો. તમારી નાની બહેન ઉત્તરા કહેશે તો એ બૃહન્નલા તમારો રથ હાંકવાની ના નહિ કહે.' પછી તો ઉત્તરે પોતાની બહેનને આ વાત કરી અને ઉત્તરાએ બૃહન્નલાને સારથિ થવા માટે આગ્રહ કર્યો. અર્જુનને તો આ જોઈતું જ હતું એટલે સુદેષ્ણાના આગ્રહથી તેણે સારથિપણું સ્વીકાર્યું. ઉત્તર અને બૃહન્નલા જવા સજ્જ થયાં અને રથ પણ તૈયાર થયો. બૃહન્નલાએ રથની લગામ હાથમાં લીધી એટલે ઉત્તરે માતાને પ્રણામ કરીને તેના આશીર્વાદ લઈ રથમાં પ્રવેશ કર્યો. સુદેષ્ણા રથ ચાલવાની તૈયારી થઈ ત્યારે આંખમાં આંસુ લાવી બૃહન્નલાને કહેવા લાગી: 'બૃહન્નલા! તેં અર્જુનનો રથ હાંક્યો છે એ વિશ્વાસથી હું કુમારને તારી સાથે મોકલું છું.' ત્યાર પછી રથ ચાલ્યો ત્યારે ઉત્તરા બોલી: 'બૃહન્નલા! ભીષ્મ-દ્રોણ વગેરેને જીતીને તું આવે ત્યારે મારી ઢીંગલીઓ માટે કપડાં લેતી આવજે.'

ત્યાર પછી તો બૃહન્નલાએ રથને મારી મૂક્યો અને દૂર મોટા મહાસાગરના જેવા વિશાળ કૌરવ સૈન્યને તેમણે જોયું. આવા વિશાળ સૈન્યને જોઈ ઉત્તર આભો જ બની ગયો અને કહેવા લાગ્યો: 'હે બૃહન્નલા! મારે કૌરવોની સાથે લડવું નથી. મારાં રૂંવાડાં આ સૈન્યને દેખીને ઊભાં થાય છે. આ યોદ્ધાઓની સામે દેવો પણ ટક્કર લઈ શકે એમ નથી તો પછી મારું શું ગજું! મારું મન ગભરાય છે; ને મને મૂર્છા આવે છે. અરર! મારી પાસે મુદ્દલ સૈન્ય નથી; હું બાળક છું. આ લોકોની સામે હું શી રીતે લડી શકીશ? બૃહન્નલા! તું પાછી ફર.'

ઉત્તમકુમારનાં આવાં દીન વચનો સાંભળીને બૃહન્નલા બોલી: 'હજી શત્રુઓએ કશું કર્યું નથી ત્યાં તમે તો દીન બની જાઓ છો. તમે પોતે જ મને કહ્યું હતું કે મને શત્રુની પાસે લઈ જા; તમે ત્યાં સ્ત્રીઓની સભામાં બડાઈ મારતા હતા, ને આજે લડ્યા વિના પાછા જશો તો સૌ તમને હસશે. મારાથી તમને હવે પાછા લઈ જવાય નહિ.'

પણ ઉત્તરથી ન રહેવાયું. તે બોલવા લાગ્યો: 'ભલે કૌરવો મત્સ્યદેશનું તમામ ધન હરી જાય; ભલે સ્ત્રીઓ ને પુરુષો મારી મશ્કરી કરે; મારી ગાયો ભલે જતી રહે, મારે સંગ્રામનું કામ નથી.'

આ પ્રમાણે કહીને ઉત્તર તો ધનુષ્યબાણનો ત્યાગ કરીને રથમાંથી કૂદી પડ્યો અને વિરાટનગર તરફ દોડવા લાગ્યો. ઉત્તરને નાસતો જોઈને અર્જુન પણ રથમાંથી કૂદ્યો અને કુમારની પાછળ દોડ્યો. લાંબો ચોટલો અને લાલ વસ્ત્રોવાળો અર્જુન દોડવા લાગ્યો તે વખતે કૌરવ પક્ષના યોદ્ધાઓ વિચારમાં પડ્યા, અને આ અર્જુન તો ન હોય એવા સંશયમાં પડ્યા. અર્જુને દોડીને સો પગલે ઉત્તરને પકડી પાડ્યો અને દીન થઈને વિલાપ કરતા ઉત્તરને કહેવા લાગ્યો: 'તું જરાય ગભરા નહિ. તારે શત્રુઓની સાથે લડવું ન હોય તો હું લડીશ. આવ; તું મારો રથ હાંક. તું શા માટે ગભરાય છે? કૌરવોની સાથે યુદ્ધ હું કરીશ, અને તારું

રક્ષણ પણ કરીશ.'

આ પ્રમાણે કહીને અર્જુને ઉત્તરને પાછો રથમાં બેસાડ્યો ને રથને ખીજડા તરફ હાંક્યો. ખીજડા પાસે રથને ઊભો રાખી અર્જુન બોલ્યો: 'હે ઉત્તર! આ તારાં ધનુષ્યો મારા બળને સહન કરી શકશે નહિ. આ ઝાડ ઉપર પાંડવોનાં ધનુષ્યો મૂક્યાં છે તેમને તું હેઠે ઉતાર; ડર નહિ. ત્યાં શબ બાંધ્યું છે તે તો બીજાને બિવરાવવા માટે છે.' અર્જુનના વચનો સાંભળીને ઉત્તરે ખીજડા પર ચડીને અસ્ત્રોનું પોટકું ઉતાર્યું, ત્યાં તો આંખને આંજી નાખે તેવાં તેજસ્વી ધનુષ્યો નીકળી પડ્યાં. તુરત જ ઉત્તરે પૂછ્યું: 'બૃહન્નલા! આ અર્જુનનાં ધનુષ્યો છે, તો પછી પાંડવો ક્યાં છે? દ્રોપદી ક્યાં છે?'

અર્જુને ઉત્તરને જણાવ્યું: 'હું પોતે જ અર્જુન છું, કંક યુધિષ્ઠિર છે, બલ્લવ રસોયો તે ભીમ છે, અશ્વરક્ષક નકુલ છે, ગોરક્ષક સહદેવ છે અને સૈરંધ્રી દ્રૌપદી છે.'

અર્જુનનાં આવાં વચનો સાંભળીને ઉત્તરના હૈયામાં ધીરજ આવી અને તે ખોંખારો કરતો બોલ્યો: 'વીર! હવે હું રથને ક્યાં લઈ જાઉં તે મને તમે કહો.'

અર્જુને ઉત્તરને કહ્યું: 'કુમાર! હું કૌરવોની સામે યુદ્ધ કરીશ ને તમારી ગાયોને સપાટાબંધ જીતી આપીશ. તમે હવે નિર્ભય છો.'

ત્યાર પછી અર્જુને ગાંડીવની પણછ ચડાવીને ટંકાર કર્યો એટલે કૌરવોના હૃદયમાં વજ્રપાત જેવું થયું.

પછી કુંતીપુત્ર અર્જુને જોરથી શંખને ફૂંક્યો એટલે ઉત્તર પણ ભયભીત થઈને ત્યાં જ પડ્યો ને તેના ઘોડાઓ પણ ગોઠણભેર થઈ ગયા. અર્જુને ઉત્તરને આશ્વાસન આપી રથની બેસણી પર બરાબર બેસાર્યો અને 'બીશ નહિ,' એમ કહીને ફરીથી પોતાનો શંખ ફૂંક્યો. એથી પર્વતો, ગુફાઓ, દિશાઓ અને સીમાઓ જાણે કે ફૂટી જતી હોય એવા અવાજો થવા લાગ્યા. આ બધો ગગડાટ સાંભળીને કૌરવસેનામાંથી દ્રોણ બોલ્યા: 'આ રથનો ગગડાટ થાય છે. આકાશમાં મેઘ ચડી આવે છે ને પૃથ્વી કંપે છે, તેથી સમજાય છે કે સામે આવનારો અર્જુન સિવાય બીજો કોઈ નથી. આપણાં શસ્ત્રો બધાં નિસ્તેજ થઈ ગયાં છે, ઘોડાઓ ઉદાસ બની ગયા છે, પશુઓ ભયંકર શબ્દો કરે છે, શિયાળો રડે છે, બધાં ચિહ્નો ભયસૂચક છે. માટે હવે ગાયોને રવાના કરી વ્યૂહરચના ગોઠવીએ.'

દ્રોણનાં આવાં વચનો સાંભળીને દુર્યોધન બોલ્યો: 'પાંડવોએ બાર વર્ષ વનમાં રહેવું અને એક વર્ષ અજ્ઞાતવાસમાં રહેવું એવો અમારો ઠરાવ હતો. છતાં આજે અર્જુન અમારી સામે આવ્યો છે તો તેણે ફરી બાર વર્ષ વનમાં જવું પડશે. આપણે તો વિરાટરાજાની સામે યુદ્ધ કરવાના નિશ્ચયથી આવ્યા છીએ માટે યુદ્ધ વિના બીજી ગતિ નથી. આપણી ગાયો ઇન્દ્ર કે યમરાજા પોતે લઈ જાય તોપણ તેમનો પરાજય કર્યા વિના આપણામાંથી કોણ હસ્તિનાપુર પાછો જાય એવો છે?'

તુરત જ કર્ણ બોલ્યો: 'દ્રોણાચાર્ય પાંડવોનું હિત ઈચ્છે છે તેથી જ આપણને બિવડાવ્યા કરે છે. તેની અર્જુન પર વધારે પ્રીતિ છે. મને આ ભીષ્માદિક બધા ભયભીત જણાય છે; આજે તો હું રથમાંથી અર્જુનને પાડીને દુર્યોધનના હૃદયનો કાંટો દૂર કરીશ. આજે અર્જુનના ઘોડાઓ મરી જશે, ને તેનો રથ ભાંગી જશે તે તમે સૌ જોશો. તમારી ઈચ્છા હોય તો તમે બધા ગાયોને લઈ જાઓ અથવા તો રથમાં બેઠા બેઠા મારું યુદ્ધ જુઓ.'

કર્ણનાં આવાં બડાઈનાં વચનો સાંભળી કૃપાચાર્ય બોલ્યા: 'કર્ણ! આપણે અર્જુન સાથે યુદ્ધ કરવા સમર્થ નથી એ સાચું છે; તું એકલો સાહસ ન કર. આપણે છએ જણા મળીને તેની સામે યુદ્ધ કરશું તો જ ટકી શકશું, માટે આપણા સૈન્યને વ્યૂહમાં ગોઠવો અને પછી

લડો.’

દરમિયાન અશ્વત્થામા ઊછળ્યો: ‘અલ્યા કર્ણ! તું નકામી બડાઈઓ શાની મારે છે? તેં ક્યા યુદ્ધમાં પાંડવોનો પરાજય કર્યો છે? તેં ક્યા યુદ્ધમાં દ્રૌપદીનો વિજય કર્યો છે? આ શકુનિ મામો હવે તો યુદ્ધ કરવા આગળ આવે. અર્જુનના ગાંડીવમાંથી જુગારના પાસા નથી નીકળવાના; તેમાંથી જીવલેણ બાણો છૂટશે. તું આ શકુનિ મામાને સાથે રાખીને લડજે, અમારે યુદ્ધ કરવું નથી.’

દ્રોણ, કૃપાચાર્ય ને અશ્વત્થામાનાં આવાં ઉગ્ર વચનો સાંભળીને ભીષ્મ બોલ્યા: ‘દુર્યોધન, હું તને કહું તે સાંભળ. આપણી આગળ અત્યારે મોટું કાર્ય આવીને ઊભું છે. અર્જુન ચડી આવ્યો છે તેવે વખતે આપણે પરસ્પરમાં વિરોધ કરવો એ યોગ્ય નથી. માટે, દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય! જે થયું હોય તે માટે તમારે ક્ષમા આપવી જોઈએ. હમણાં આચાર્યપુત્રે પણ ક્ષમા રાખવી કારણ કે પરસ્પરમાં ફાટફૂટ એ વિનાશનું મુખ્ય કારણ છે.’

ભીષ્મનાં આવાં વચનો સાંભળીને દુર્યોધને દ્રોણની ક્ષમા માગી ને દ્રોણે પ્રસન્ન થઈને યુદ્ધ માટેની યોજના કરવા માંડી.

આખરે ભીષ્મ બોલ્યા: ‘વનવાસનાં તેર વર્ષ પૂરાં થયાં પહેલાં અર્જુન છતો થાય એવો નથી. મને લાગે છે કે આજે તો તેર વર્ષ ઉપરાંત પાંચ મહિના અને બાર દિવસ વધારે થાય છે. અર્જુન આ નિશ્ચય કરીને જ લડવા આવ્યો હોય એમાં શક નથી. જુઓ, અર્જુન તો આવી પહોંચ્યો. દુર્યોધન! મારી બુદ્ધિમાં એમ પહોંચે છે કે તું હમણાં જ હસ્તિનાપુર ચાલ્યો જા. સેનાનો ચોથો ભાગ તારી સાથે લેતો જા; બીજો ચોથો ભાગ ગાયોને લઈને નગર તરફ જાય; બાકીના અર્ધસૈન્ય સાથે હું, દ્રોણ, કર્ણ, અશ્વત્થામા તથા કૃપાચાર્ય અર્જુનની સાથે લડી લેશું.’

ભીષ્મની આ વાત સૌને પસંદ પડી એટલે દુર્યોધન અને ગાયોને વિદાય કરીને ભીષ્મે લશ્કરનો વ્યૂહ ગોઠવ્યો. દ્રોણ સેનાની વચ્ચે રહ્યા. અશ્વત્થામા અને કૃપાચાર્ય બન્ને બાજુએ રહ્યા, કર્ણ મોખરે અને ભીષ્મ પોતે પાછળ ઊભા રહ્યા. એટલામાં અર્જુન આવી પહોંચ્યો એટલે દ્રોણાચાર્ય બોલ્યા: ‘આ અર્જુન આવ્યો. જુઓ આ બન્ને બાણો એકીસાથે મારા પગમાં પડ્યાં; અર્જુન વનવાસથી આવીને મને પ્રણામ કરે છે. જુઓ, આ બીજાં બે બાણો મારા કાનનો સ્પર્શ કરીને ચાલ્યાં ગયાં; અર્જુન મારી પાસે યુદ્ધની આજ્ઞા માગે છે.’

દ્રોણ આ પ્રમાણે બોલતા હતા ત્યાં અર્જુને ઉત્તરને કહ્યું: ‘કુમાર! પેલો કુરુકુળનો અંગાર ક્યાં છે તે મને જોવા દો. આ બધાને પડતા મૂકીને તેના પર જ હલ્લો કરું કે બધું ઠીક થઈ જાય. અહીં દુર્યોધન મારી નજરે પડતો નથી; તે જીવ બચાવવા માટે નાસી જતો હશે. ઉત્તરકુમાર! રથને જ્યાં દુર્યોધન હોય ત્યાં જ લઈ જાઓ.’

અર્જુન તો તરત જ દુર્યોધનની પાસે જઈ પહોંચ્યો. એટલે ગાયો હંભા હંભા કરતી નગર તરફ દોડી ગઈ. આ બાજુ રાજા દુર્યોધનને બચાવવાના હેતુથી કુરુયોદ્ધાઓ અર્જુન પર તૂટી પડ્યા એટલે અર્જુને કર્ણની સામે મારો કર્યો. કર્ણ-અર્જુનનું આ યુદ્ધ ઘણો વખત ચાલ્યું અને બન્નેએ એકબીજાને ઠીકઠીક વીંધ્યા. પરંતુ આખરે અર્જુનનાં બાણોનો પ્રહાર સહન ન થવાથી કર્ણ રણને મોખરેથી પલાયન થઈ ગયો!

ત્યાર પછી અર્જુને સપાટો ચલાવ્યો, અને ખેતરમાં ખેડૂત ધાન્યનાં કણસલાંઓની કાપણી કરે તેમ શત્રુઓનાં માથાંની કાપણી કરવા લાગ્યો. હવે અર્જુને પોતાનો રથ કૃપાચાર્ય તરફ વાળ્યો. કૃપાચાર્યે અર્જુનને વીંધી નાખ્યો પરંતુ અર્જુને તેમના રથનો ધ્વજ, ધનુષ્ય, વગેરે કાપી નાખ્યાં અને રથને ભાંગી નાખ્યો; એટલે આચાર્ય ગદા લઈને નીચે કૂદી પડ્યા. અર્જુને આચાર્યની ગદાને નકામી કરી દીધી અને કૃપાચાર્યને રૂંધી દીધા. એટલે

તેમના યોદ્ધાઓ તેમને ઉપાડીને અર્જુનથી ઘણે દૂર ઊપડી ગયા.

પછી અર્જુન દ્રોણ તરફ વળ્યો. દ્રોણ અને અર્જુન સામસામા ભેટ્યા ત્યારે ભારતોની સેના કંપવા લાગી. દ્રોણ-અર્જુનના યુદ્ધમાં કોણ કોનાથી ચડિયાતો તે નક્કી કરવું મુશ્કેલ હતું. પણ અર્જુનને દ્રોણ પહોંચી ન શક્યા. એટલામાં તો અશ્વત્થામા આવી પહોંચ્યો અને અર્જુનને ભેટ્યો. આ દ્વંદ્વયુદ્ધમાંથી અર્જુન વળી કર્ણની સામે ધસ્યો અને કર્ણને રણભૂમિમાંથી નસાડી મૂક્યો. અર્જુને આ પ્રમાણે આખી સેનામાં કાળો કેર વર્તાવ્યો એટલે ભીષ્મથી ન રહેવાયું. ભીષ્મ પોતે અર્જુનની સામે આવ્યા અને ભીષણ યુદ્ધ કરવા લાગ્યા. પણ આખરે અર્જુને તેમને બેભાન કર્યા એટલે તેમનો સારથિ તેમને ત્યાંથી દૂર લઈ ગયો.

પછી અર્જુને દુર્યોધનને હાકલ મારી યુદ્ધનું આવાહન કર્યું એટલે દુર્યોધને મોઢું ફેરવીને તેની સાથે લડવા માંડ્યું. અર્જુને બધા કુરુવીરો પર સંમોહન નામનું અસ્ત્ર મૂક્યું એટલે બધા મોહિત થઈને પડ્યાં; પછી અર્જુન ઉત્તરને કહેવા લાગ્યો: 'કૌરવો બેભાન થઈ ગયા છે એટલામાં તું જા અને દ્રોણ તથા કૃપાચાર્યનાં ધોળાં વસ્ત્રો, કર્ણનું પીળું વસ્ત્ર અને અશ્વત્થામા તથા દુર્યોધનના નીલ વસ્ત્રો લઈ આવ. ભીષ્મને ભાન છે માટે તેમનું વસ્ત્ર લેતો નહિ.'

આ પ્રમાણે અર્જુને કહ્યું એટલે ઉત્તરે તે પ્રમાણે પોતાની બહેનની ઢીંગલીઓ માટે વસ્ત્રો લીધાં. દરમિયાન અર્જુન આખા કૌરવસમૂહને નિહાળતો હોય તેમ અડગ ઊભો રહ્યો. થોડી વારે જ્યારે દુર્યોધનને ભાન આવ્યું ત્યારે એ બોલવા લાગ્યો: 'તમે અર્જુનને કેમ છોડ્યો? તમે એની ખબર લ્યો.' આ સાંભળી ભીષ્મ ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા: 'દુર્યોધન! તું મૂર્છા ખાઈને પડ્યો હતો ત્યારે તારી બુદ્ધિ ને પરાક્રમ ક્યાં ગયાં હતાં? હવે તું હસ્તિનાપુર તરફ ચાલ અને ગાયો ભલે પાછી જાય.'

ભીષ્મનાં આવાં વચન સાંભળી દુર્યોધન પોતાના સૈન્યને લઈને પાછો ફર્યો એટલે અર્જુને ઉત્તરને કહ્યું: 'હવે ઘોડાઓને પાછા વાળ.'

ઉત્તર અને અર્જુન રથમાં બેસી વિરાટ તરફ પાછા આવતા હતા ત્યારે અર્જુને ઉત્તરને કહ્યું: 'તમારા પિતાની પાસે પાંડવો રહે છે તે તમારા જાણવામાં આવ્યું છે, પરંતુ નગરમાં પ્રવેશ કરીને તમારે પાંડવોની પ્રશંસા કરવી નહિ. તમારે તો કહેવું કે મેં જ કૌરવોનો પરાજય કર્યો છે.'

પછી અર્જુને બધાં અસ્ત્રોને પાછાં ખીજડા પર ટાંગી દીધાં, માથાની વેણી ગૂંથી લીધી અને બૃહન્નલા રૂપે ઘોડાની લગામ હાથમાં લઈ નગરમાં પેઠો.

આ બાજુથી વિરાટ રાજા ત્રિગર્તોને હરાવીને નગરમાં આવ્યો, ત્યાં કૌરવોના પરાજયના સમાચાર સાંભળી તેને આનંદ થયો; તેણે ઉત્તરાના સામૈયાની તજવીજ કરી, ને વાજતેગાજતે તેને ગામમાં લાવ્યા. વિરાટરાજે પોતાના પુત્રને ધન્યવાદ આપ્યો ત્યારે ઉત્તર બોલ્યો: 'પિતાજી! મેં ગાયોને જીતી નથી પણ એક દેવપુત્રે જીતી છે. એ દેવપુત્ર અંતર્ધાન થઈ ગયો છે; પણ હું માનું છું કે તે કાલે અથવા પરમ દિવસે પ્રગટ થશે.'

પછી ત્રીજે દિવસે પાંડવોએ રીતસર અજ્ઞાતવાસવ્રત પૂરું કર્યું અને સુશોભિત થઈને રાજાની સભામાં રાજાઓ માટેનાં આસનો પર બેઠા. એટલામાં રાજા સભામાં આવ્યા અને યુધિષ્ઠિરને રાજાસન પર બેઠેલા જોઈ ક્રોધથી કહેવા લાગ્યા: 'હે કંક! તને મેં સભાનો સભાસદ નીમ્યો એમાં તું રાજાઓના આસન પર કાં ચડી બેઠો?'

વિરાટનાં આવાં વચનો સાંભળીને અર્જુન આગળ આવ્યો અને બોલ્યો: 'રાજન્! આ પુરુષ તો ઈન્દ્રના અર્ધઆસન પર બેસવા યોગ્ય છે. આ પાંડુપુત્ર યુધિષ્ઠિર છે.'

વિરાટરાજા આશ્ચર્ય પામ્યા અને પૂછવા લાગ્યા: 'જો આ યુધિષ્ઠિર છે તો પછી

અર્જુન ક્યાં છે? ભીમસેન ક્યાં છે? નકુળ-સહદેવ ક્યાં છે? દ્રૌપદી ક્યાં છે?'

અર્જુન બોલ્યો: 'આ તમારો બલ્લવ તો ભીમસેન છે; અશ્વપરીક્ષક તે નકુલ છે ને ગાપરીક્ષક તે સહદેવ છે; આ સૈરંધ્રી તે દ્રૌપદી છે ને હું અર્જુન છું.'

પછી વિરાટ રાજાએ પોતાનાં અહોભાગ્ય માનીને પાંડવોની અને દ્રૌપદીની પૂજા કરી, તેમની ક્ષમા માગી અને અંતમાં બોલ્યો: 'અર્જુન! તમે મારી પુત્રી ઉત્તરાનું પાણિગ્રહણ કરો. તમે જ એને માટે યોગ્ય છો.'

વિરાટની આ વિનતિ સાંભળીને અર્જુને કહ્યું: 'હું તમારી ઉત્તરાને મારી ભાર્યા તરીકે સ્વીકારું નહિ, કારણ કે મેં તેને મારી પુત્રી ગણીને વિદ્યા ભણાવી છે. પણ હું તમારી પુત્રીને મારી પુત્રવધૂ તરીકે સ્વીકારવા તૈયાર છું. ઉત્તરા અભિમન્યુની અર્ધાંગના થશે.'

વિરાટરાજાને આ સંબંધ અતિશય આદરયુક્ત લાગ્યો, અને તરત જ તેણે વિવાહની તૈયારીઓ પણ આદરી. બન્ને પક્ષના અનેક મિત્રો અને સગાંઓ આ પ્રસંગે ત્યાં એકઠાં થયાં અને આ સર્વ બાંધવોની હાજરીમાં ઉત્તરા અને અભિમન્યુનાં લગ્ન પૂર્ણ ધામધૂમથી ઊજવાયાં.'

વનવાસને અંતે લગ્ન એ પાંડવોના વિજયની નિશાની જેવું જણાતું હતું.

ઉદ્યોગપર્વ

૧

ઉત્તરા અને અભિમન્યુનાં લગ્ન પૂરાં થયાં તેને બીજે દિવસે સવારે પાંડવો, યાદવો, વગેરે વિરાટરાજાની સભામાં ગયા. આ સભામાં વિરાટ અને દ્રુપદ હાજર હતા; વસુદેવ, બળરામ અને શ્રીકૃષ્ણ હાજર હતા; પાંચે પાંડવો હાજર હતા; તેમ જ સાત્યકિ, પ્રદ્યુમ્ન, સાંબ, અભિમન્યુ વગેરે પણ હાજર હતા. સભામાં આવેલા આ રાજાઓ પરસ્પર અનેક જાતની વાતચીત કરવા લાગ્યા. પછી થોડી વારે સૌ સાંભળે તેવી રીતે શ્રીકૃષ્ણ બોલ્યા: 'જુગારમાં શકુનિએ કપટ કરીને આ યુધિષ્ઠિરને જીત્યા અને તેમનું રાજ્ય લઈને તેમને વનમાં મોકલ્યા, તે આપણે સૌ જાણીએ છીએ. પાંડવોએ ધર્મથી પોતાની પ્રતિજ્ઞા પાળીને વનવાસમાં અનેક કષ્ટો વેઠ્યાં છે તે પણ આપણે જાણીએ છીએ. હવે પાંડવો પોતાનું રાજ્ય પાછું મેળવવાની ઈચ્છા રાખે છે. પાંડવો નાનપણથી જ અન્યાય સહન કરતા આવ્યા છે તે તરફ દૃષ્ટિ રાખીને, તેમ જ કૌરવ-પાંડવો એકબીજાના સંબંધીઓ છે તે તરફ દૃષ્ટિ રાખીને શું કરવું તેનો આપણે નિર્ણય કરવાનો રહે છે. હવે ધૃતરાષ્ટ્રના પુત્રોએ પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે પાંડવોને તેમનું અર્ધું રાજ્ય સોંપવું જોઈએ; એમ ન થાય તો પાંડવો તેમનો નાશ કરશે. હજી દુર્યોધન શું કરવા માગે છે તે આપણે જાણ્યું નથી. માટે કોઈ પવિત્ર, કુલીન, પ્રમાદરહિત ને સમર્થ એવા એક પુરુષને દૂત તરીકે આપણે કૌરવો પાસે મોકલીએ.'

શ્રીકૃષ્ણનાં આવાં વચનોને અભિનંદન આપતાં બળરામ બોલ્યા: 'સાચું છે. પણે એક દૂતને તો કૌરવો પાસે મોકલવો. આ દૂત દુર્યોધન વગેરે ઉશ્કેરાય એવું કાંઈ ન બોલે, એમ તેને ભાર દઈને શીખવવું. આ દૂતે દુર્યોધન કે શકુનિ વગેરેનો કશો અપરાધ નથી એમ ત્યાં જાહેર કરવું. આવા સામોપચારથી જ દુર્યોધનને વાળી શકાશે.'

બળરામ આ પ્રમાણે કહેતા હતા એટલામાં તો સાત્યકિ ઊછળ્યો: ‘શકુનિએ યુધિષ્ઠિરને કપટથી જીત્યા છતાં તેનો અપરાધ નથી એમ કોણ બોલી શકશે? પાંડવો પોતાના બાપદાદાની ગાદી મેળવવા માગે એમાં દુર્યોધનને વાળવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે? દુર્યોધન કાં તો સૌનું માનીને વળે, અને ન વળે તો ભાંગી જાય, એ દુર્યોધનને વિચારવાનું રહે છે. હવે તો કાં યુધિષ્ઠિરને રાજ્ય મળે કાં કૌરવો પૃથ્વી પર શયન કરે; ત્રીજો માર્ગ નથી.’

સાત્યકિનાં આ આવેશવાળાં વચનો સાંભળીને દ્રુપદ બોલ્યો: ‘હે સાત્યકિ! દુર્યોધન મીઠાશથી રાજ્ય આપે એમ નથી. ધૃતરાષ્ટ્ર મહારાજ પ્રીતથી તેને જ અનુસરશે; ભીષ્મ-દ્રોણ ઓશિયાળા છે એટલે તેને અનુસરશે; અને કર્ણ-શકુનિ કાળના પ્રેર્યા અનુસરશે. પાપી લોકોની સાથે કોમળતાથી વર્તવું એને લોકો મૂર્ખાઈ અને નિર્બળતા સમજે છે. માટે આપણે મિત્રો પાસે દૂતો મોકલી સૈન્યોની મદદ માગીએ. રાજાઓને દૂતો મોકલીને આપણે તેમની સહાય લઈએ. દરમિયાન મારા પુરોહિતને સંદેશો આપીને ધૃતરાષ્ટ્રની પાસે મોકલીએ.’

દ્રુપદનાં આ વચનો શ્રીકૃષ્ણને બહુ ગમ્યાં એટલે તે બોલ્યા: ‘બરાબર છે. અમે યાદવો તો બન્ને પક્ષ સાથે સરખો સંબંધ ધરાવીએ છીએ. વળી અમે તો વિવાહ માટે આવ્યા છીએ અને વિવાહ પૂરો થયો છે એટલે ઘરે જઈશું. મહારાજ દ્રુપદ! તમે અમારામાં મુરબ્બી છો. ધૃતરાષ્ટ્રના માન્ય છો અને કૃપાચાર્ય તથા દ્રોણાચાર્યના મિત્ર છો, એટલે દૂતને સંદેસો લઈને મોકલો. દરમિયાન બીજા રાજાઓને બોલાવ્યા પછી અમને બોલાવજો.’

૨

ત્યાર પછી શ્રીકૃષ્ણ પોતાના યાદવો સહિત દ્વારકા ગયા અને પાંડવો તથા વિરાટરાજાના આમંત્રણથી રાજાઓ વિરાટમાં એકઠા થવા લાગ્યા. યાદવો બધા બન્ને પક્ષના સરખા સગા હતા એટલે દુર્યોધન તેમની સહાય માટે દોડ્યો. પાંડવોએ પણ અર્જુનને શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો. દુર્યોધન અર્જુન કરતાં સહેજ વહેલો આવ્યો એટલે શ્રીકૃષ્ણના ખાટલાને ઓશીકે બેઠો અને અર્જુન પાંગત તરફ બેઠો. શ્રીકૃષ્ણ જાગ્યા ત્યારે તેમણે પહેલો અર્જુનને અને પછી દુર્યોધનને એમ બન્નેને જોયા. બન્નેએ પોતપોતાના તરફથી મદદની માંગણી કરી ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા: ‘તમે બન્ને અમારા સંબંધીઓ છો. મારી પાસે મારી નારાયણી સેના છે તે એક તરફ રહેશે, અને બીજી તરફ શસ્ત્ર વિનાનો અને યુદ્ધમાં ન ઊતરનારો હું રહીશ. અર્જુન! જો કે તું પાછળથી આવ્યો છે છતાં નાનો છે માટે પહેલી પસંદગી તને આપું છું. તું બેમાંથી ગમે તે પસંદગી કર.’

અર્જુને તરત જ પોતાના તરફશી શસ્ત્ર વિનાના ને યુદ્ધમાં ન ઊતરનારા શ્રીકૃષ્ણને પસંદ કર્યા એટલે દુર્યોધન પણ પોતાને આખી નારાયણી સેના મળી એથી બહુ ખુશી થયો. ત્યાર પછી દુર્યોધન બળરામની પાસે ગયો, પણ બળરામે તેને સંભળાવી દીધું: ‘મારે અર્જુનને પણ સહાય કરવી નહિ અને તને પણ સહાય કરવી નહિ એવો મેં નિશ્ચય કર્યો છે.’ ત્યાર પછી દુર્યોધન કૃતવર્માને મળ્યો ને તેની એક અક્ષૌહિણી સેનાને લઈને હસ્તિનાપુર આવ્યો. એ જ પ્રમાણે નકુલ-સહદેવના મામા શલ્યને પણ દુર્યોધને પોતાના પક્ષમાં લીધો.

બીજી તરફ સાત્યકિ, ધૃતકેષ્ટુ અને જયત્સેન વગેરે રાજાઓ પાંડવો તરફ આવ્યા. આ રીતે પાંડવોની સાત અક્ષૌહિણી સેના એકઠી થઈ, ત્યારે દુર્યોધને ભગદત્ત, ભૂરિશ્રવા, શલ્ય, કૃતવર્મા, જયદ્રથ વગેરેનું અગિયાર અક્ષૌહિણી સૈન્ય એકઠું કર્યું.

3

દરમિયાન દ્રુપદનો પુરોહિત હસ્તિનાપુર પહોંચ્યો; ત્યાં ધૃતરાષ્ટ્રે, ભીષ્મે અને દ્રોણે તેનો સત્કાર કર્યો. હસ્તિનાપુરની સભામાં ઊભો થઈને પુરોહિત બોલ્યો: 'તમે જે વસ્તુ જાણો છો તે કહેવા માટે હું આવ્યો છું. પાંડવો વનવાસનાં કષ્ટો સહન કરીને આવ્યા છે તે પોતાના બાપદાદાની ગાદીનો અરધો ભાગ માગે છે. પાંડવો કપટ કરવા માગતા નથી. દુર્યોધન યુદ્ધની વાત કરતો હોય તો તમારે તેને મન પર ન લેવી. તમે ધર્મને તથા તમારા ઠરાવને ધ્યાનમાં રાખીને પાંડવોને તેમનો અરધો ભાગ આપો.'

પુરોહિતનાં આવાં વચનો સાંભળીને ભીષ્મે તેને અભિનંદન આપ્યાં. પણ કર્ણ ભીષ્મનાં વચનને તોડી પાડી બોલવા લાગ્યો: 'જો પાંડવો પોતાની પ્રતિજ્ઞા પાળવા માગતા હોય તો તેમણે બાર વર્ષ ફરી વનમાં જવું જોઈએ. છતાં જો યુદ્ધ કરીને રાજ્ય મેળવવાની આશા રાખતા હોય તો કૌરવોના ઝપાટામાં આવી જાય, એટલે યાદ કરશે.'

કર્ણના આવાં ઉદ્ધત વચનો સાંભળી ભીષ્મ બોલ્યા: 'હે કર્ણ! બકવાદ શા માટે કરે છે? હજી તો કાલ સવારે તું વિરાટના પાદરમાં જ નાસી ગયો હતો તે સાંભરે છે? આ બ્રાહ્મણ કહે છે તે જ સાચો ઉપાય છે.'

આ વાતચીત સાંભળ્યા પછી આખરે ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'હે પુરોહિત! તમે આજે પાછા જાઓ. આ સંબંધમાં હું વિચાર કરીને સંજયને પાંડવોની પાસે મોકલીશ.'

આ પ્રમાણે કહીને ધૃતરાષ્ટ્રે પુરોહિતને વળાવ્યો અને સંજયને પોતાની પાસે બેસાડીને તેને કહ્યું: 'હે સંજય! તું સત્વર દ્રુપદ રાજાની છાવણીમાં જા. યુધિષ્ઠિર કોપી ઊઠ્યો છે એમ જાણીને હું બહુ કંપું છું. તું એ સૌને કુશળ પૂછજે અને તેમના કોપમાં વધારો ન થાય એવું તું રાજાઓની વચ્ચે બોલજે.'

ધૃતરાષ્ટ્રનાં આવાં વચનો સાંભળીને સંજય ઉપપ્લવ્ય નગરમાં ગયો અને ત્યાં યુધિષ્ઠિરને પ્રણામ કરીને બોલ્યો: 'હે રાજન્! તમને વનવાસમાંથી કુશળ જોઈને મારી આંખો ઠરે છે. મહારાજ ધૃતરાષ્ટ્રે તમારું સૌનું કુશળ પૂછ્યું છે. હે યુધિષ્ઠિર! કૌરવોએ પહેલાં તમારો દ્રોહ કર્યો હતો છતાં તમે તેમના પર અપકાર કર્યો નથી. હે અજાતશત્રુ! તમે જ વિવેક વડે દુર્યોધનની સાથે સમાધાન કરો એટલે બધા સુખી થાય. ધૃતરાષ્ટ્રે તમને આ કહેવા માટે જ મને અહીં મોકલ્યો છે.'

સંજયે આ પ્રમાણે કહ્યું એટલે યુધિષ્ઠિર બોલ્યા: 'ગાવલ્ગણ સૂતના પુત્ર સંજય! અમારા સર્વને માટે ધૃતરાષ્ટ્રે જે સંદેશો કહ્યો હોય તે તું સંભળાવ.'

યુધિષ્ઠિરના આ પ્રશ્નના ઉત્તરમાં સંજય બોલ્યો: 'તમે સર્વ ધર્મથી સંપન્ન છો; તમારી સાધુતા જ એવી છે કે તમારા હાથે અયોગ્ય કર્મ થાય નહિ. પણ તમે જ્ઞાતિવધ કરીને રાજ્ય મેળવો તો તમારો વિજય મરણ સમાન થઈ પડે. જેમ પાંડવોને જીતવા એ સહેલું નથી તેમ જ દ્રોણ, ભીષ્મ વગેરેને જીતવા એ કામ પણ સહેલું નથી. તથાપિ હું શ્રીકૃષ્ણને

તેમ જ દ્રુપદને બે હાથ જોડીને શરણે જાઉં છું અને પૂછું છું કે કૌરવોનું ને પાંડવોનું કલ્યાણ કેવી રીતે થાય? હું જે કાંઈ બોલ્યો છું તે તમારા સંધિકાર્યની સિદ્ધિ માટે જ બોલ્યો છું. આ જ ધૃતરાષ્ટ્રનો મત છે.'

સંજયનાં આવાં વચનો સાંભળીને યુધિષ્ઠિર બોલ્યા: 'હે સંજય! તું યુદ્ધથી ભય શા માટે પામે છે? હું દ્યૂત રમતો હતો તે વખતે વિદૂરે ઘણું ઘણું કહ્યું પણ આ દુષ્ટોએ સાંભળ્યું જ નહિ. ત્યારથી જ મને તો લાગ્યું હતું કે હવે કૌરવોના ક્ષયનો કાળ આવ્યો છે. તારા દુર્યોધનના સલાહકારો તો જો! કર્ણ બડાઈખોર, દુર્યોધન માત્ર ઈર્ષ્યાળુ અને શકુનિ તો લુચ્ચાનો સરદાર! તું કહે છે તો હું શાંતિ રાખીશ; પણ ઇંદ્રપ્રસ્થનું મારું રાજ્ય મને પાછું મળે તો જ, અને ત્યારે જ.'

યુધિષ્ઠિરનો આવો નિશ્ચય સાંભળીને સંજય બોલ્યો: 'તમે યુદ્ધ કરીને શું કરશો? તમારે ક્ષમા રાખવી એ જ શ્રેષ્ઠ છે. તમે રાજ્ય મેળવવા જશો ત્યાં ભીષ્મ માર્યા જશે, દ્રોણ માર્યા જશે; કૃપ, શલ્ય, વિકર્ણ વગેરે સર્વનો નાશ થશે; માટે તમે આ કામ તેમને સોંપી દો.'

સંજયનાં આવાં આવાં અર્ધસત્યથી ભરેલાં વાક્યો સાંભળીને યુધિષ્ઠિરને ઉદ્વેગ થયો અને બોલ્યા: 'તું કહે છે તે સત્ય છે.'

એટલામાં તો શ્રીકૃષ્ણ ઊભા થયા ને કહેવા લાગ્યા: 'હે સંજય! હું પાંડવોના કલ્યાણની આશા રાખું છું. તેટલી જ કૌરવોના કલ્યાણની પણ રાખું છું. ધૃતરાષ્ટ્ર આજે હરી લીધેલું રાજ્ય પચાવી જવા માગે છે, પણ પાંડવોનો ભાગ ધૃતરાષ્ટ્ર પાસે તો થાપણ છે. હે સંજય! દુ:શાસને દ્રૌપદીનાં ચીર ખેંચ્યા તે સભામાં તને ધર્મ-અધર્મનું ભાન ન રહ્યું અને આજે જ યુધિષ્ઠિરને ધર્મનો સંદેશ આપતાં તને શરમ નથી આપતી? પાંડવો તો સેવા કરવા પણ તૈયાર છે અને યુદ્ધ કરવા પણ તૈયાર છે. ધૃતરાષ્ટ્રને જે કરવું હોય તે ભલે કરે સંજય! પાંડવો યોદ્ધાઓ છે, સમર્થ છે અને સલાહશાંતિને માટે પણ તૈયાર છે. એટલે તું કૌરવોને યથાર્થ હકીકત કહેજે.'

શ્રીકૃષ્ણે પૂરું કર્યું એટલે યુધિષ્ઠિર વળી બોલ્યા: 'હે સંજય! તું જા. મહા બળવાન ધૃતરાષ્ટ્રનાં ચરણનો સ્પર્શ કરીને કહેજે: 'આખું જગત એક જ જણને મળ્યું હોય તોપણ કોઈને સંતોષ થતો નથી. માટે તાત! આપણે એકઠા મળીને જીવતા રહીએ એ જ યોગ્ય છે.' સભામાં બેઠેલા દુર્યોધનને કહેજે: ''રાજન્! અમને અમારો ભાગ આપ. પારકા દ્રવ્ય પર નજર ન રાખ. આ પ્રમાણે કરીશ તો આપણી વચ્ચે પ્રીતિ રહેશે. અમે શાંતિની ઈચ્છાવાળા છીએ. તું અમને રાજ્યનો એક પણ ભાગ આપ એટલે અમે શાંત રહેશું. અવિસ્થલ, વૃકસ્થલ, માકંદી, વારણાવત ને પાંચમું કોઈ પણ એક ગામ: અમને આટલાં પાંચ ગામો જ આપ તોયે ચાલશે.'' સંજય! હું પોતે શાંતિને માટે તૈયાર છું, અને યુદ્ધને માટે પણ તૈયાર છું.'

ત્યાર પછી યુધિષ્ઠિરની રજા લઈને સંજય હસ્તિનાપુર આવ્યો અને ધૃતરાષ્ટ્રને મળ્યો. સંજયે ધૃતરાષ્ટ્રને ઉપપ્લવ્યના પાંડવોના સમાચાર આપી જણાવ્યું: 'મહારાજ! તમે પાંડવોને અર્ધ રાજ્ય આપી દો એવી મારી સલાહ છે. મારી આ સલાહને માન્ય નહિ કરો તો અગ્નિ જેમ સૂકા ઘાસને બાળી નાખે તેમ અર્જુન કૌરવોને બાળી નાંખશે. હે રાજન્! તમે વિદુર જેવાને દૂર કર્યા છે અને કર્ણ જેવાને પાસે રાખ્યા છે. મહારાજ! હું થાકી ગયો છું એટલે જો તમે આજ્ઞા કરો તો ઘરે જઈને આરામ લઉં, અને કાલે સવારે બધા કૌરવોને એકઠા કરીને યુધિષ્ઠિરનો સંદેશો કહી સંભળાવું.'

૪

આ પ્રમાણે કહીને' સંજય ઘેર ગયો. બીજે દિવસે સવાર થતાં કુરુઓ બધા સંજયની વાત સાંભળવાની ઈચ્છાથી રાજસભઆમાં આવ્યા. પાંડવોએ શો જવાબ આપ્યો છે તે સાંભળવાની ઈચ્છાથી ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિદુર, વગેરે બધા ત્યાં એકઠા થયા હતા. તે વખતે દુ:શાસન, શકુનિ, કર્ણ, ઉલૂક, વગેરેને લઈને દુર્યોધન પણ સભામાં દાખલ થયો. ત્યાર પછી સિંધુદેશના ઘોડાઓવાળા રથમાં બેસીને સંજય સભામાં આવી પહોંચ્યો, અને તમામ રાજાઓને પ્રણામ કરીને કહેવા લાગ્યો: 'હું પાંડવોની પાસે જઈ આવ્યો છું. પાંડવોએ વૃદ્ધોને પ્રણામ કહાવ્યા છે, મિત્રોને મિત્રની પેઠે કહ્યું છે અને યુવાનોનું સન્માન કરીને કહ્યું છે. પાંડવોની અંદર અર્જુને મને જણાવ્યું છે કે: હે સંજય!' કર્ણના સાંભળતાં અને રાજાઓના સાંભળતાં દુર્યોધનને મારાં વચનો સંભળાવજે. કહેજે કે જો તું યુધિષ્ઠિરને રાજ્ય આપીશ નહિ તો તારે અમારી સાથે યુદ્ધ કરવું પડશે. આજે જો તું અમારું વચન નહિ માને તો આખરે તારે પસ્તાવું પડશે. હે કૌરવો! તમે યુદ્ધ કરશો તો નાશ પામશો. યુદ્ધ થયું તો તમારામાંથી એક પણ ભાઈ જીવતો રહેવાનો નથી. માટે દુર્યોધન! યુધિષ્ઠિરને અર્ધ રાજ્ય આપી દે અને આખા કુળનો વિનાશ અટકાવ.'

કૌરવસભામાં એકઠા થયેલા રાજાઓએ અર્જુનનો આવો સંદેશ સાંભળ્યો એટલે ભીષ્મ બોલી ઊઠ્યા: 'બેટા દુર્યોધન! તું સમજ. તું મારું કહેવું નહિ સાંભળે તો તારો વિનાશ જ આવ્યો સમજ. તું આજે બુદ્ધિને ગુમાવી બેઠો છે એટલે તને આ હલકટ કર્ણ, પાપી શકુનિ અને ક્ષુદ્ર દુ:શાસન જે કહે એટલું જ ખરું લાગે છે.'

ભીષ્મનાં આવાં વચન કર્ણ સાંખી ન શક્યો એટલે તરત જ બોલ્યો: 'મારામાં એવું શું છે કે તમે નિરંતર મારી નિંદા કરો છો? હું રણભૂમિ ઉપર ઉભેલા સર્વ પાંડવોનો નાશ કરીશ.'

એટલે વળી ભીષ્મ ચિડાઈને બોલ્યા: 'ધૃતરાષ્ટ્ર! આ કર્ણ રોજ બક્યા કરે છે કે ''હું પાંડવોને મારીશ, હું પાંડવોને મારીશ!'' પણ એના કામા તો તપાસો! વિરાટમાં આ કર્ણ ક્યાં ખોવાઈ ગયો હતો? ગંધર્વોએ દુર્યોધનને પકડ્યો ત્યારે કર્ણ ક્યાં જતો રહ્યો હતો?

ત્યાર પછી સંજયે પાંડવોને સહાય કરનારા રાજાઓનાં વર્ણનો કર્યાં; ધૃતરાષ્ટ્રે ભીમસેન તથા અર્જુનનાં આજ સુધીનાં પરાક્રમોનું અવલોકન કરીને છેવટે જણાવ્યું: 'હે દુર્યોધન! આવા પાંડવો સાથે યુદ્ધ ન કરવું એ જ સારું છે એમ હું માનું છું. આ મારો સર્વોત્તમ વિચાર છે; માટે જો તારે યુદ્ધ ન કરવું હોય તો અમે શાંતિને માટે યત્ન કરીએ.'

ધૃતરાષ્ટ્રનાં આવાં વચનો સાંભળીને દુર્યોધન ખળભળી ઊઠ્યો અને બોલ્યો: 'પિતા! તમારે ડરવું નહિ અને અમારો શોક કરવો નહીં. અમે યુદ્ધમાં શત્રુઓને જીતવા સમર્થ છીએ. મહારાજ! આપને ખબર નથી, પાંડવો વનવાસમાં નીકળ્યા ત્યારે જે જે રાજાઓ તેમને મળવા ગયા હતા તેમણે ઠરાવ કર્યો હતો કે કૌરવો પાસેથી રાજ્ય પરાણે પાછું લેવું. આ વાત મેં ભીષ્મ અને દ્રોણ પાસે કરી ત્યારે તેમણે મને અભયવચન જેવું કહેલું કે મને યાદ છે. વળી આ કર્ણ પણ ભીષ્મ કે દ્રોણથી ઊતરે એવો નથી. મહારાજ ધૃતરાષ્ટ્ર! મને મારો વિજય હાથમાં જ દેખાય છે, છતાં તમે પાંડવોથી કેમ ડરો છો તે હું સમજી શકતો નથી. આપણી અગિયાર અક્ષૌહિણી સેના પણ તેમની સાત અક્ષૌહિણી સેના શી વિસાતમાં છે?'

છતાં ધૃતરાષ્ટ્રનું મન તો માન્યું જ નહિ અને તે વિલાપ કરતા હોય એમ કહેવા લાગ્યા: ‘હે દુર્યોધન! તું યુદ્ધ કરવાનું માંડી વાળ. અરધી પૃથ્વી તારા માટે પૂરતી છે, માટે તું યુધિષ્ઠિરને તેનો અરધો ભાગ આપી દે. તું બોલે છે તે પોતાની ઈચ્છાથી બોલતો નથી પણ કર્ણ, દુ:શાસન ને શકુનિની ઈચ્છાથી બોલે છે.’

પિતાનાં આ વચનો સાંભળીને દુર્યોધન તરત જ બોલી ઊઠ્યો: ‘મહારાજ ધૃતરાષ્ટ્ર! કાં તો હું પાંડવોને મારીને આખી પૃથ્વી પર રાજ્ય કરીશ, અથવા તો પાંડવો મને મારીને પૃથ્વી ભોગવશે. મેં હવે તો જીવિત, રાજ્ય, ધન અને સર્વનો ત્યાગ કર્યો છે. મહારાજ! એક સોયની ઝીણી અણીથી વીંધાય એટલી ભૂમિ પણ હું પાંડવોને આપવાનો નથી.’

દરમિયાન આ ચર્ચામાં કર્ણ વચ્ચે કૂદી પડ્યો અને બોલ્યો: ‘મહારાજ! અર્જુનને જીતવા માટે હું સમર્થ છું. અર્જુનને મારવાનો ભાર હું મારે માથે લઉં છું.’

કર્ણનાં આવાં વચનો સાંભળીને ભીષ્મ બોલ્યા: ‘ઓ કાગડા! તું શી ખોટી બડાઈ મારે છે? અર્જુનને કોનું પીઠબળ છે તેની ખબર છે? શ્રીકૃષ્ણ કોણ છે તે પિછાન્યા વિના જ શો બકબાદ કરે છે?’

કર્ણથી આ ન સહેવાયું. તેને રોમરોમ દાઝ ચડી ગઈ અને તે બોલ્યો: ‘હું શ્રીકૃષ્ણને ઓળખું છું. પણ ભીષ્મ! સાંભળો. આજથી હું મારાં શસ્ત્રોનો ત્યાગ કરું છું. ભીષ્મ યુદ્ધથી કેવળ વિરામ પામશે ત્યારે જ હું આ યુદ્ધમાં ઊતરીશ! એમ કહી કર્ણ સભામાંથી ચાલતો થયો એટલે ભીષ્મે હાસ્ય કર્યું. ત્યાર પછી વિદુરે દુર્યોધનને યુદ્ધ ન કરતાં સમાધાન કરવા સમજાવવા માંડ્યો; ધૃતરાષ્ટ્રે પણ ફરીથી સમજાવ્યો; વ્યાસ અને માતા ગાંધારીએ પણ એમ જ કહ્યું. છતાં દુર્યોધન પોતાના વિચારથી એક તસુ જેટલું પણ ચસ્યો નહિ.’

૫

આ તરફ સંજય ઉપપ્લવમાંથી પાછો ગયો એટલે પાંડવો અને શ્રીકૃષ્ણ પાછા એકઠા મળ્યા અને પરસ્પર વાતચીત કરવા લાગ્યા. યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણને કહ્યું: ‘હે શ્રીકૃષ્ણ! આ અપમાનમાંથી અમને તારે એવા તમારા વિના બીજા કોઈને હું જોતો નથી. સંજયના કહેવા પરથી આપ જોઈ શક્યા હશો કે ધૃતરાષ્ટ્ર અર્ધ ભાગ આપ્યા વિના જ શાંતિને ખોળે છે. મેં ધૃતરાષ્ટ્રની પાસે છેવટે પાંચ ગામોની માગણી કરી છે, છતાં દુષ્ટ દુર્યોધન પોતાને જ રાજ્યનો ધણી માનીને આટલાં ગામો પણ આપવા કબૂલ થતો નથી. અમે કૌરવોનો વધ કરીએ એ મારું મન સ્વીકારતું નથી. યુદ્ધ જાતે પાપરૂપ છે એમાં શક નથી. માટે હે શ્રીકૃષ્ણ! અમારે શું કરવું તે આપ જ અમને બતાવો.’

યુધિષ્ઠિરનાં આવાં વચનો સાંભળીને શ્રીકૃષ્ણ બોલ્યા: ‘તમારા બન્નેના કલ્યાણને માટે હું કૌરવો પાસે જઈશ. તમને નુકશઆન પહોંચાડ્યા વિના જો હું ત્યાં સલાહ કરાવી શકું તો મને મોટું પુણ્ય મળે, અને તમને સૌને મૃત્યુના પાશમાંથી હું મુક્ત કરાવી શકું.’

મહારાજ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જાય એવી સંમતિ આપી એટલે શ્રીકૃષ્ણ સૌ સાંભળે તેમ મોટેથી બોલ્યા: ‘હે રાજા! દુર્યોધનની દુષ્ટતા જગજાહેર છે. હું હસ્તિનાપુરમાં બધાની પાસે દુર્યોધનની દુષ્ટતાને ઉઘાડી પાડીશ. હું ચારે વર્ણના આબાલવૃદ્ધોને એકઠા કરીને દુર્યોધનની નિંદા કરીશ. તમે તો સલાહની માગણી કરો છો એટલે તમારો કોઈ દોષ

કાઢશે નહિ. દરમિયાન મને કૌરવોની યુદ્ધ માટેની તૈયારી જોવાના પણ લાગ મળી જશે. હું પોતે સલાહની આશા રાખતો નથી; નિમિત્તો બધાં મને વિપરીત દેખાય છે. તમે તો યુદ્ધ થવાનું જ છે એમ સમજી સજ્જ થાઓ. દુર્યોધન જીવતો રહીને તમારું રાજ્ય તમે પાછું આપે એવી આશા હું રાખી શકતો નથી.'

શ્રીકૃષ્ણનાં આવાં વાક્યો સાંભળ્યા એટલે ભીમ બોલ્યો: 'શ્રીકૃષ્ણ! અમારામાં જે રીતે શાંતિ થાય તે રીતે તમે કરજો. તમારે દુર્યોધનને ઉગ્ર વચનો કહેવા નહિં. ભીમના મોઢામાંથી સંધિની આવી વાત નીકળી તે જોઈને શ્રીકૃષ્ણને આનંદ થયો. પરંતુ દ્રૌપદી, નકુળ, સહદેવ અને સાત્યકિ સમાધાનની વાતો સાંભળી ન શક્યા, અને 'યુદ્ધ, યુદ્ધ, યુદ્ધ!' એમ જ પોકારવા લાગ્યાં. શ્રીકૃષ્ણે સૌનું સમાધાન કર્યું ને પછી રથમાં બેસી હસ્તિનાપુર જવા નીકળ્યા.

૬

આ બાજુ શ્રીકૃષ્ણ હસ્તિનાપુર આવે છે એવા સમાચાર મળતાં ધૃતરાષ્ટ્રે તેમના સત્કાર માટે મોટી તૈયારી કરી અને રસ્તામાં વૃકસ્થળ જેવા ગામમાં તેમને આરામ લેવા માટે ઉતારાઓ ગોઠવ્યા, અને ત્યાં ખાનપાન તથા અનેક પદાર્થોથી આતિથ્ય કરવાનો મનોરથ કર્યો.

આ તરફ હસ્તિનાપુરમાં શ્રીકૃષ્ણના આવવાના સમાચારથી જ ધૃતરાષ્ટ્ર વગેરે ખળભળી ઊઠ્યા અને શ્રીકૃષ્ણને કઈ ભેટ આપવી વગેરે વિચારવા લાગ્યા. એટલામાં વિદુરે ધૃતરાષ્ટ્રને જણાવ્યું: 'શ્રીકૃષ્ણનો તમારે સાચો જ સત્કાર કરવો હોય તો આ ભેટો વગેરે નકામું છે. તમે આજે શ્રીકૃષ્ણની સલાહ સ્વીકારીને જ તેનો સત્કાર કરી શકો છો.'

પણ દુર્યોધન આ સાંભળી ન શક્યો એટલે તરત જ બોલ્યો: 'પિતામહ! હું જીવું છું ત્યાં સુધી પાંડવોને કશું મળે તેમ નથી. હું પોતે જ શ્રીકૃષ્ણને કેદ કરવા માગું છું. શ્રીકૃષ્ણ કેદમાં પડે એટલે પૃથ્વી મારે તાબે થઈ જશે.' દુર્યોધનનાં આવાં વચનો સાંભળીને ભીષ્મ, દ્રોણ વગેરે ખિન્ન થયા ને વિચારણામાં જ છૂટા પડ્યા.

બીજી બાજુ રાત વૃકસ્થળમાં ગાળીને સવાર પડતાં શ્રીકૃષ્ણ હસ્તિનાપુર આવ્યા, સીધા ધૃતરાષ્ટ્રના મહેલમાં પહોંચ્યા અને ત્યાં સૌને મળીને વિદુરને ઘેર ઉતારો કર્યો. તે જ દિવસે પાછલે પહોરે શ્રીકૃષ્ણ પોતાની ફોઈ કુંતીને મળવા ગયા. કુંતીએ તો આજે કેટલેય વખતે શ્રીકૃષ્ણને જોયા એટલે તેર તેર વર્ષની વરાળ એકઠી થઈ ગઈ હતી તે કાઢવા માંડી. બન્ને આંખમાંથી આંસુઓ સારતાં કુંતી બોલ્યાં: 'શ્રીકૃષ્ણ! મારા પુત્રો કુશળ છે? મારી દ્રૌપદી કુશળ છે? મને તેઓ સંભારે છે? હું કેવી સ્થિતિમાં પડી છું તેનું તેમને ભાન છે? મારા ભીમ અને અર્જુન જીવતાં છતાં મારી આ દશા છે તેથી મને બહુ લાગી આવે છે. શ્રીકૃષ્ણ! આથી વધારે બીજું શું દુ:ખ હોય? છતે દીકરે મારી આ સ્થિતિ છે! શું તમે સમાધાન માટે આવ્યા છો? મારા પુત્રોને ક્ષત્રિય મટાડીને શું બ્રાહ્મણ કરવા આવ્યા છો? ક્ષત્રિયાણી પુત્રોને શા માટે અવતાર આપે છે એ ભૂલી ન જતા. શ્રીકૃષ્ણ! તમને આથી વધારે હું કહી નથી શકતી.'

એટલું બોલતાં તો કુંતી રડી પડ્યાં. શ્રીકૃષ્ણે કુંતીને આશ્વાસન આપ્યું અને પછી

સભામાં જવા નીકળ્યા. દુર્યોધન તેમના સત્કારને માટે સામો ગયો; અને જળ, મધુપર્ક વગેરે આપ્યા પછી તેમને ભોજન માટે આમંત્રણ કર્યું. આ આમંત્રણને નકારતાં શ્રીકૃષ્ણ બોલ્યા: 'દૂતો જે કાર્ય માટે આવ્યા હોય તે કાર્ય સિદ્ધ થયા પછી જ ભોજન સ્વીકારી શકે છે.'

શ્રીકૃષ્ણના આ જવાબથી દુર્યોધનને માઠું લાગ્યું હોય તેમ તે બોલ્યો: 'અમારી સાથે આ પ્રમાણે વર્તવું તમારા માટે યોગ્ય નથી. તમે દૂતકાર્યમાં સફળ થાઓ કે નિષ્ફળ, અમે તો સંબંધને લીધે તમારો સત્કાર કરીએ છીએ. પ્રીતિથી તમારો સત્કાર કરવા છતાં તમે અનાદર કરો છો તેનું શું કારણ છે તે અમે જાણતા નથી.'

દુર્યોધનનાં આવાં વાક્યોનો માત્ર હાસ્યથી જ જવાબ આપતા શ્રીકૃષ્ણ ત્યાંથી નીકળી ભક્ત વિદુરને ત્યાં ગયા અને તેને ત્યાં ભોજન લીધું.

૭

બીજે દિવસે સવારે દુર્યોધન અને શકુનિ વિદુરને ત્યાં આવ્યા અને કહ્યું: 'સભામાં ધૃતરાષ્ટ્ર વગેરે આવ્યા છે અને આપની રાહ જુએ છે.' પછી શ્રીકૃષ્ણ પોતાના ઘૂઘરીઓવાળા રથમાં બેસીને સભામાં આવ્યા. માર્ગમાં અનેક સ્ત્રીપુરુષો શ્રીકૃષ્ણનાં દર્શન કરવાને ટોળે વળીને ઊભાં હતાં અને તેમને પ્રભુનો અવતાર માની દર્શનમાત્રથી કૃતાર્થ થતાં હતાં. શ્રીકૃષ્ણ આવ્યા એટલે ધૃતરાષ્ટ્ર, ભીષ્મે અને દ્રોણે ઊભા થઈને તેમનો સત્કાર કર્યો, અને તેમને એક રત્નજડિત આસન પર બેસાડ્યા. પછી મેઘની ગર્જના જેવી વાણીથી શ્રીકૃષ્ણ બોલ્યા: 'હે રાજન્! વીર પુરુષોનો નાશ થયા વિના પાંડવકૌરવોની વચ્ચે સલાહ થાય એવી માગણી કરવા હું આવ્યો છું. મારે તમારા હિતને માટે આ વિના બીજું કાંઈ કહેવાનું નથી. તમે કુરુકુળના વડીલ છો. તમે જ જો આ વખતે જાગ્રત નહિ રહો તો કુરુકુળ આખું જોખમમાં છે એમ મને લાગે છે. તમે અમારા પુત્રોને મર્યાદામાં રાખશો તો હું પાંડવોને મર્યાદામાં રાખીશ. રાજન્! પાંડવોએ તમારી કૃપા યાચીને આ જ કહાવ્યું છે. પાંડવો તમારી સેવા કરવા પણ તૈયાર છે અને યુદ્ધ કરવા પણ તૈયાર છે.'

શ્રીકૃષ્ણનાં આવાં વાક્યો સાંભળી ધૃતરાષ્ટ્ર બોલ્યા: 'હે જનાર્દન! તમે આ ભાન વિનાના મારા દુર્યોધનને ઉપદેશ આપો.'

આથી દુર્યોધન તરફ મુખ ફેરવીને શ્રીકૃષ્ણ બોલ્યા: 'દુર્યોધન! તું પાંડવોની સાથે સલાહ કર અને કૌરવકુળનું રક્ષણ કર. સલાહ કરવામાં આખા જગતનું કલ્યાણ છે. તું કુળવાન છે, લજ્જાશીલ છે, શાસ્ત્રસંપન્ન છે, દયાળુ છે. તો આટલું તું સ્વીકાર.'

ભીષ્મ અને દ્રોણે પણ દુર્યોધનને સલાહ કરવાનો જ ઉપદેશ આવ્યો. આટલા બધા ઉપદેશો સાંભળીને અકળાઈ રહેલો દુર્યોધન શ્રીકૃષ્ણ તરફ છંછેડાઈને બોલ્યો: 'કેશવ! તમારે વિચાર કરીને બોલવું જોઈએ. તમે માત્ર મારી નિંદા જ કરો છો. મને મારો કશો દોષ જણાતો નથી. અમે પાંડવોનું કશું બગાડ્યું નથી. પાંડવોને રાજ્યભાગ મળે તેમ નથી. હું જીવતો છું ત્યાં સુધી તો તીક્ષ્ણ સોયની અણીથી વીંધાય તેટલી પૃથ્વી પણ પાંડવોને આપવી નથી એ મારો કૃતનિશ્ચય છે! અમે રણમાં વીરશય્યા કરશું પણ પાંડવોને કશું આપશું નહિ.'

દુર્યોધનનો આવો જવાબ સાંભળીને શ્રીકૃષ્ણનાં નેત્રો લાલચોળ થઈ ગયાં, પણ તે ગમ ખાઈ ગયા અને બોલ્યા: 'તું વીરશય્યાની ઈચ્છા કરે છે એ તારો મનોરથ સિદ્ધ થશે. થોડા જ સમયમાં મહાન સંગ્રામ શરૂ થશે. હમણાં પાંડવો શાંતિથી જે માગે છે તે નહિ આપે તો તેમના હાથે નાશ પામીને તારે આપવું પડશે.'

શ્રીકૃષ્ણ આ પ્રમાણે બોલે છે ત્યાં દુ:શાસન ઝળકી ઊઠ્યો: 'મોટાભાઈ! તમે પાંડવોની સાથે સલાહ નહિ કરો તો પિતા મને, તમને અને કર્ણને બાંધીને આ શ્રીકૃષ્ણને સોંપશે.' દુ:શાસને આવું કહ્યું એટલે તો ફૂંફાડા મારતો દુર્યોધન ઊઠ્યો અને ચાલતો થયો.

શ્રીકૃષ્ણે તો ધૃતરાષ્ટ્રને ચોખ્ખેચોખ્ખું જણાવી દીધું: 'તમે આ અભિમાની દુર્યોધનને બાંધીને પાંડવોને સોંપી દ્યો.'

આ બધા તોફાનમાં ધૃતરાષ્ટ્ર તો ગભરાઈ જ ગયા. તેમણે ગાંધારીને બોલાવીને દુર્યોધનને પાછો બોલાવ્યો અને ફરીફરીને દુર્યોધનને સમજાવવા લાગ્યા. પણ દુર્યોધન એમ સમજે અગર ગાંધારીને પણ ગાંઠે ખરો? એણે તો શ્રીકૃષ્ણને જ કેદ કરવાની બાજી રચી. પણ સાત્યકિ આ બાજીને કળી ગયો અને શ્રીકૃષ્ણને ઈશારો કરી દીધો એટલે શ્રીકૃષ્ણે બાજીને ઊંધી વાળતાં જણાવ્યું: 'હે રાજા! તમારા પુત્રો મને કેદ કરવા ઈચ્છતા હોય તો ભલે મને કેદ કરે.' શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને ધૃતરાષ્ટ્ર વગેરે બધા શરમાઈ ગયા અને દુર્યોધનને ઠપકો આપવા લાગ્યા. ધૃતરાષ્ટ્ર ફરી ફરીને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા: 'શ્રીકૃષ્ણ! મારા પુત્રો પર મારું કેટલું ચાલે છે તે તમે જાણો છો. હું સંપ થાય એમ ઈચ્છું છું. સંપને માટે યત્ન કરું છું; છતાં મારી સત્તા ચાલતી નથી.'

શ્રીકૃષ્ણે રથમાં બેસતાં ભીષ્મ વગેરેને જણાવ્યું: 'આજે સભામાં જે થયું તે બધું તમે જોયું છે. રાજા ધૃતરાષ્ટ્ર પૃથ્વીપતિ હોવા છતાં 'મારી સત્તા ચાલતી નથી' એવું બોલે છે તે તમે સાંભળ્યું છે. હવે તમારી સર્વની રજા લઈ હું યુધિષ્ઠિર પાસે જાઉં છું.' એ પ્રમાણે કહી શ્રીકૃષ્ણ રથમાં બેસી ઉપપ્લવ્ય જવા નીકળ્યા.

૮

રસ્તામાં શ્રીકૃષ્ણ પોતાની ફોઈ કુંતીને મળવા ફરી રોકાયા અને સભાની તમામ હકીકત તેમને કહી સંભળાવી. શ્રીકૃષ્ણે કહેલી હકીકત સાંભળતાં જ કુંતીના રૂંવાડા ઊભાં થયાં અને તે બોલી: 'હે કેશવ! મારા યુધિષ્ઠિરને કહેજો કે તને જન્મ આપનારી કુંતી આજે કોળિયો અન્ન માટે બીજા સામું જુએ છે. તમે મારા પુત્રને કહેજો કે ક્ષત્રિયાણી જેને માટે પુત્રને જન્મ આપે છે તે હેતુ સાર્થક કરવાનો વખત આવી લાગ્યો છે. મારી પુત્રવધૂ દ્રૌપદીને દુ:શાસને જે વચનો સંભળાવ્યાં હતાં તે ફરીથી ભીમ અને અર્જુનને કહી સંભળાવજો. હવે તમે જાઓ. મારા પુત્રોનું પાલન કરજો.' આ પ્રમાણે કુંતીને મળી શ્રીકૃષ્ણ બહાર નીકળ્યા ને કર્ણને પોતાની સાથે રથમાં લઈ હસ્તિનાપુરની બહાર આવ્યા.

રસ્તામાં શ્રીકૃષ્ણે કર્ણની સાથે થોડીએક મસલત કરી. શ્રીકૃષ્ણે કર્ણને તેના જન્મ વગેરેની સાચી હકીકત જણાવતાં કહ્યું: 'તું પાંડવોનો મોટોભાઈ છે; પાંચે પાંડવો તને જ રાજા બનાવશે અને તારી આજ્ઞામાં રહેશે. તું આજે આ દુષ્ટ કૌરવોને છોડી દે, અને પછી જો.'

પણ કર્ણે શ્રીકૃષ્ણની આ સલાહ સ્વીકારી નહિ. તેણે જણાવ્યું: 'હે શ્રીકૃષ્ણ! તમે કહો છો તે બધું હું જાણું છું. મેં દુર્યોધનના આશ્રયથી જ નિષ્કંટક રાજ્ય મેળવ્યું છે, અને દુર્યોધને મારી મૈત્રી પર તો આ સંગ્રામ આદર્યો છે. રણમાં અર્જુનની સામે મારે ઊતરવું એવી દુર્યોધનની ગણતરી છે. માટે મધુસૂદન! તમારી વાતને સ્વીકારી શકતો નથી. જેની મૈત્રી આજ સુધી રાખી તેને આજે ત્યજતાં હું શરમાઉં છું. હું તો હવે દુર્યોધનને પડખે જ રહેવાનો અને ત્યાં જ મરવાનો.'

આ પ્રમાણે કહીને રથમાંથી નીચે ઊતર્યો અને શ્રીકૃષ્ણે પોતાનો રથ વિરાટનગર તરફ હંકારી મૂક્યો.

ત્યાર પછી તો એક વાર કુંતી પણ ગંગાને પેલે પાર કર્ણનો મહેલ હતો ત્યાં ગયાં ને તેની પાછળ ઊભાં રહ્યાં. કર્ણે તેમને વંદન કરતાં કહ્યું: 'અધિરથનો પુત્ર તમને પ્રણામ કરે છે. તમે અહીં શા માટે આવ્યાં છો?'

કર્ણનાં આવાં વચનો સાંભળીને કુંતી બોલ્યાં: 'હે કર્ણ! તું તો કુંતીનો પુત્ર છે, ને સૂતકુળમાં જન્મ્યો નથી. તું તો મારાથી ઉત્પન્ન થયો છે. માટે પાંડવોનો વડીલ ભાઈ થઈને તું પાંડવોની સેવાનો અનુભવ કર.'

કુંતીનાં આવાં વચન સાંભળીને કર્ણને પહેલાં તો ઠીકઠીક રીસ ચડી; પછી બોલ્યો: 'હે ક્ષત્રિયાણી! તમે મારો ત્યાગ કરીને મને નાહક દુ:ખમાં નાખ્યો છે. આજે તમારા સ્વાર્થને લીધે તમે મને પોતાનો કરવા નીકળ્યાં છો! કૌરવોએ આજ સુધી મારું સન્માન કર્યું છે; તેમને આજે હું કેવી રીતે તરછોડું? હું તો દુર્યોધનનો દેવાદાર છું. છતાં કુંતી! તમે મારાં માતા છો, એટલે તમારું આગમન કેવળ મિથ્યા નહિ થાય. હું અર્જુન વિના તમારા બીજા કોઈ પુત્રને મારીશ નહિ. પાંડવોની પાંચની સંખ્યા કાયમ રહેશે. અર્જુન મરશે તો હું પાંડવોની સાથે છું; નહિંતર હું મરીશ એટલે પાંડવો તો પાંચ રહેશે જ.'

કર્ણનાં આવાં વચન સાંભળીને કુંતીએ તેને આશીર્વાદ આપ્યો અને પોતાને મહેલે પાછાં આવ્યાં.

૯

આ બાજુ શ્રીકૃષ્ણ ઉપપ્લવ્યમાં આવ્યા અને કૌરવસભામાં બનેલી તમામ હકીકત પાંડવોને કહી સંભળાવી; અંતે ઉપસંહારમાં જણાવ્યું: 'કૌરવો યુદ્ધ કર્યા વિના તમને રાજ્ય આપવાના નથી એ ચોક્કસ સમજજો.'

ત્યાર પછી પાંડવોએ યુદ્ધની તૈયારીઓ વધારે જોસભેર કરવા માંડી. સાત્યકિએ કુરુક્ષેત્રમાં હિરણ્વતી નદીના કિનારા પર છાવણી માટેની જમીનની માપણી કરાવી; શ્રીકૃષ્ણે ત્યાં એક મોટી ખાઈ ખોદાવી અને રખેવાળીની યોજના કરી, તથા થાણાંઓ બેસાડ્યાં.

બીજી બાજુ કૌરવોએ પણ ભીષ્મને મુખ્ય સેનાપતિ નીમીને કુરુક્ષેત્રમાં પડાવ નાખ્યો. પાંડવોએ તો ધૃષ્ટદ્યુમ્નને મુખ્ય સેનાપતિ નીમ્યો હતો.

ત્યાર પછી દુર્યોધને શકુનિના પુત્ર ઉલૂકને પાંડવો પાસે મોકલ્યો અને ઉલૂક દ્વારા બધાય પાંડવોને મહેણાં સંભળાવ્યાં; એટલે પાંડવોએ પણ એ ઉલૂક સાથે જ સામાં

એટલાં જ મહેણાં મોકલ્યાં. ઉલૂક પાંડવોની છાવણીમાંથી પાછો ફર્યો એટલે તરત જ બીજે દિવસે બન્ને સૈન્યો યુદ્ધ માટે તૈયાર થઈ ગયા.

ભીષ્મપર્વ

૧

પાંડવો તથા કૌરવોની વચ્ચે યુદ્ધનાં મંડાણ થઈ ચૂક્યાં અને લડાઈનાં શંખો પણ ફૂંકાઈ ચૂક્યા. પાંડવોની સાત અક્ષૌહિણીની સેના સામે કૌરવોએ પોતાની અગિયાર અક્ષૌહિણી સેનાને મૂકી દીધી; પૃથ્વી પર સૂર્યનારાયણનો ઉદય થયો અને હાથીઓ, ઘોડાઓ, રથો, પાલખી ખળભળ્યાં તથા પોતપોતાને સ્થાને ગોઠવાવા લાગ્યાં. એક મોટા રથમાં બેઠેલા ભીષ્મ પિતામહ કૌરવસેનાને મોખરે આવીને ઊભા રહ્યા, ને આખાય સૈન્યને પી જતા હોય તેમ લાંબી નજરે પાંડવોના લશ્કરને જોવા લાગ્યા. તેમના ધોળા વાળ અને દાઢી કઠણમાં કઠણ હૈયાને પણ મૃદુ બનાવે તેવાં હતા. તેમને જ પડખે કૃપાચાર્ય, દ્રોણ, અશ્વત્થામા, દુર્યોધન વગેરે ગોઠવાયા હતા.

પરંતુ આ બધો વખત એક હૈયામાં ભારે મન્થન ચાલી રહ્યું હતું. અર્જુન આમ પાંડવપક્ષનો હતો છતાં બન્ને પક્ષોની નજર તેના તરફ હતી. અર્જુનનું ગાંડીવ આ મહાયુદ્ધમાં આખરી નિર્ણય લાવવાનું છે એમ સૌ કોઈના મનમાં વસી ગયું હતું. એથીયે વધારે ઊંડા ઊતરીને વિચાર કરનાર લોકો તો સમજતા હતા કે આ યુદ્ધનો જયપરાજય અર્જુનના હાથમાં હતો, ને તેથીયે વધારે અર્જુનના સારથિ શ્રીકૃષ્ણના હાથમાં હતો. આ પ્રમાણે અર્જુનનો રથ જ જ્યારે તમામ યોદ્ધાઓનું ધ્યાન ખેંચી રહ્યો હતો ત્યારે, એ જ ક્ષણે, અર્જુનના હૈયામાં ભારે મન્થન ચાલી રહ્યું હતું. પોતાની સન્મુખ ભીષ્મ જેવા પૂજ્યોને, દ્રોણગુરુ જેવા ગુરુઓને ઊભેલા જોઈને તે ખળભળી ગયો; તેને શરીરે પરસેવો છૂટ્યો, તેની આંખે અંધારા આવ્યાં ને હાથમાંથી ગાંડીવ સરવા લાગ્યું. આવી દીન દશામાં તેણે શ્રીકૃષ્ણને કહ્યું: ‘હે શ્રીકૃષ્ણ! આ દ્રોણ વગેરેને રાજ્યને માટે મારે મારી નાખવા એ મારો ધર્મ કે આ પૂજ્યોને બચાવીને ભિક્ષાથી દેહનિર્વાહ કરવો એ મારો ધર્મ, તે હું નક્કી કરી શકતો નથી. મારું કલ્યાણ શામાં છે તે મને સૂઝતું નથી. હું આપને શરણે છું. મારું કલ્યાણ શામાં છે તે નક્કી કરીને આપ મને જણાવો.’ એમ કહીને અર્જુને ગાંડીવને રથમાં હેઠું મૂક્યું અને મૂઢ બનીને તે બેસી ગયો.

પછી ઊંડાણમાંથી જેનો આત્મા ખળભળી ઊઠ્યો છે એવા અર્જુનનો શ્રીકૃષ્ણે વાંસો થાબડ્યો, તેને ધર્મ-અધર્મના સૂક્ષ્મ ભેદો સમજાવ્યા, મોઢેથી શાસ્ત્રના શબ્દો બોલનારને શાસ્ત્રનું જીવંત રહસ્ય સ્પષ્ટતાથી સમજાવ્યું, અને જે મહા કર્તવ્ય તેની સામે ખડું થયું હતું તેનું જરાય અભિમાન વિના પાલન કરવામાં જ કલ્યાણ છે, એટલું તેના મન પર ઠસાવ્યું. આથી અર્જુન પાછો ટટ્ટાર થયો અને દીનતાને ખંખેરીને ગાંડીવનો ટંકાર કરવા લાગ્યો.

યુદ્ધનાં બાણો છૂટ્યાં તે પહેલાં મહારાજ યુધિષ્ઠિર પોતાના રથમાંથી હેઠા ઊતરીને પગે ચાલતા ભીષ્મ પાસે ગયા, ત્યાં જઈને તેમને પ્રણામ કર્યા અને યુદ્ધની આજ્ઞા અને આશીર્વાદ માગ્યા. યુધિષ્ઠિરની આ ભાવનાથી ભીષ્મ તેમના પર બહુ પ્રસન્ન થયા, અને

તેમને વિજયના આશીર્વાદ આપ્યા. ત્યાર પછી યુધિષ્ઠિર આ પ્રમાણે જ દ્રોણાચાર્ય તથા કૃપાચાર્ય પાસે પણ ગયા અને તેમના પણ આશીર્વાદ મેળવ્યા.

પછી ખરેખરનું યુદ્ધ શરૂ થયું.

૨

એક બાજુ ભીષ્મ પિતામહ જેવી જગત આખાને બાળી દેવાની શક્તિ; બીજી બાજુ જુવાન અર્જુન અને તેમના કુશળ સારથિ શ્રીકૃષ્ણ. ભીષ્મ પિતામહ એકદમ અર્જુનની સામે ધસ્યા પણ તેને હઠાવી શક્યા નહિ. એક તરફ સાત્યકિ કૃતવર્માની સામે ધસ્યો; અભિમન્યુ અયોધ્યાના બહદ્બલની સાથે યુદ્ધમાં જોડાયો; ભીમસેને દુર્યોધનને પકડ્યો; દુ:શાસન અને નકુળ ભેટ્યા; સહદેવે દુર્મુખને ઝપાટામાં લીધો; શલ્ય અને યુધિષ્ઠિર લડવા લાગ્યા, શંખ અને ભૂરિશ્રવા, ઘટોત્કચ અને અલંબુષ, વિરાટ અને ભગદત્ત, ગૌતમ કૃપાચાર્ય અને કૈકય, દ્રુપદ અને જયદ્રથ: આ બધાય દ્વંદ્વયુદ્ધમાં ઊતરી પડ્યા અને એકબીજાને વીંધવા લાગ્યા.

પણ દરમિયાન ભીષ્મ અને શ્વેતકુમારનું દારુણ યુદ્ધ શરૂ થઈ ચૂક્યું. શલ્યે વિરાટના કુમાર ઉત્તરને મારી નાખ્યો ત્યારે વિરાટનો મોટો ભાઈ શ્વેતકુમાર શલ્યને મારવા દોડ્યો અને શ્વેતકુમાર પર કૌરવપક્ષના સર્વ રાજાઓ એક સામટા તૂટી પડ્યા. આ તરફ અભિમન્યુ, ભીમસેન, સાત્યકિ, વિરાટ, દ્રુપદ વગેરે શ્વેતકુમારને પડખે આવી ચડ્યા અને યુદ્ધનો રંગ જામ્યો. ઘડીભર તો શ્વેતકુમારે ભીષ્મને હઠાવ્યા અને બાણોથી ઘાયલ પણ કર્યા; પણ તરત જ ભીષ્મે તેનું ધનુષ્ય કાપી નાખ્યું, તેના ઘોડાઓને મારી નાખ્યા, તેના સારથિનું માથું ઉડાવી દીધું અને એક બાણથી શ્વેતકુમારના કવચને તથા હૃદયને તોડી નાખ્યા. શ્વેતકુમારના આવા મૃત્યુથી કૌરવો બધા હર્ષથી ગાજી ઊઠ્યા અને પાંડવો બધા કંપી ઊઠ્યા. શ્વેતકુમારના મૃત્યુથી ક્રોધ પામેલો શંખ કૌરવો સામે ધસ્યો પણ તેનીય એ જ દશા થઈ, એટલે પાંડવોએ પોતાની સેનાને છાવણી તરફ પાછી વાળી અને પહેલો દિવસ પૂરો થયો.

ભીષ્મે પહેલે દિવસે જે કચ્ચરઘાણ વાળ્યો તે જોઈને યુધિષ્ઠિર ગભરાયા અને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા: શ્રીકૃષ્ણ! ભીષ્મનો માર ખાઈને મારું લશ્કર નાસાનાસ કરી મૂકે છે. હવે ભીષ્મની સામે લડવા કરતાં હું વનમાં જઈશ. આજે હું અપંગ જેવો થઈ ગયો છું. આ તમારો અર્જુન કેમ જાણે મધ્યસ્થ લડે છે. બિચારો એકલો ભીમસેન ક્યાં ક્યાં પહોંચશે?' આ પ્રમાણે બોલતા યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણે શાંત પાડ્યા અને કહ્યું: 'તમે શોચ ન કરો. તમારો અર્જુન ધારે તે કરવા સમર્થ છે. હું ને સાત્યકિ તમારા પક્ષમાં છીએ. આ દ્રુપદ, વિરાટ, વગેરે મહા બળવાન રાજાઓ પણ તમારા ભક્તો છે.' શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને યુધિષ્ઠિર શાંત થયા અને વળી ઉત્સાહથી યુદ્ધ શરૂ કર્યું.

૩

બીજે દિવસે ભીષ્મે પાંડવસૈન્યનો કચ્ચરઘાણ વાળવો શરૂ કર્યો એટલે અર્જુને પોતાનો રથ તે તરફ હંકાવ્યો. અને ભીષ્મની સામે ભારે ટક્કર લીધી. ભીષ્મ-અર્જુનનું આ દારુણ યુદ્ધ જોઈને સૌ કોઈ વિસ્મય પામ્યા હતા. આ વખતે જ બીજી તરફ દ્રોણ અને ધૃષ્ટદ્યુમ્નનું દ્વંદ્વયુદ્ધ ચાલ્યું અને તેની પાછળ તરત જ ભીમસેન અને કલિંગરાજ એકબીજાને ભેટી પડ્યા. વળી અભિમન્યુ અને દુર્યોધનના પુત્ર લક્ષ્મણ વચ્ચે પણ ભારે ઝપાઝપી થઈ.

ત્રીજે દિવસે ભીમસેને તથા ઘટોત્કચે કૌરવસેનામાં હાહાકાર બોલાવ્યો એટલે દુર્યોધન બિચારો ભીષ્મની પાસે દોડ્યો અને કડવાં વેણ કહી તેમને વીંધવા લાગ્યો. પણ ભીષ્મે જ્યારે તેને પોતાનું જોસ બતાવ્યું ત્યારે પાછો રાજી થઈને યુદ્ધમાં ઘસ્યો.

ત્યાર પછી ભીષ્મ વધારે ઉગ્ર થયા. દુર્યોધનના કટાક્ષોથી તે ઉશ્કેરાઈ ગયા હતા. એ જોસમાં ને જોસમાં તેમણે અર્જુનને ગભરાવી નાખ્યો અને પાંડવસૈન્યને વીંધી નાખ્યું. ભીષ્મને અર્જુન પર બાણો વર્ષાવતા જોઈને શ્રીકૃષ્ણે મનમાં વિચાર કર્યો: ‘આજે હવે આ પાંડવોનું સૈન્ય રહે તેવું લાગતું નથી; હું પોતે જ આ ભીષ્મને મારીને પાંડવોને નચિંત કરી નાખું. અર્જુન ભીષ્મ તરફના માનને લીધે પોતાનું કર્તવ્ય સમજતો નથી. આ પ્રમાણે શ્રીકૃષ્ણ વિચાર કરે છે ત્યાં તો પાંડવોના નાસી જતા યોદ્ધાઓને સાત્યકિ હાકલ કરવા લાગ્યો, પણ તેઓ તો નાઠા તે નાઠા જ! એટલે શ્રીકૃષ્ણને ધીરજ ન રહી. તે બોલી ઊઠ્યા: ‘હે સાત્યકિ! હું પોતે જ આજે સુદર્શન ચક્રથી આ ભીષ્મના પ્રાણ લઉં તે તું જો. આ શત્રુઓને મારીને હું પોતે રાજા યુધિષ્ઠિરને રાજ્ય આપીશ.’ એમ કહીને શ્રીકૃષ્ણે અર્જુનના રથના ઘોડાની લગામ છોડી દીધી, સુદર્શન ચક્ર હાથમાં લીધું અને કોઈ મદોન્મત્ત હાથીને મારવા સિંહ નીકળે તેમ ભીષ્મને મારવા દોડ્યા.

હાથમાં ચક્ર લઈને આવતા શ્રીકૃષ્ણને જોઈને ભીષ્મ ગભરાયા વિના બોલ્યા: ‘હે શ્રીકૃષ્ણ! આજે તમે મને મારવા આવ્યા તેથી ત્રણ લોકમાં હું અહોભાગી થયો છું.’

આ બાજુ શ્રીકૃષ્ણને ચક્ર લઈને દોડતા જોયા એટલે અર્જુન રથમાંથી કૂદ્યો અને તેમને પકડી લીધા; પણ શ્રીકૃષ્ણ તો અર્જુનને પણ ઘસડતા ભીષ્મ તરફ વધ્યા. એટલે અર્જુન બોલ્યો: ‘શ્રીકૃષ્ણ! આપ પાછા ફરો; હું ભીષ્મને મારવા જરૂર મથીશ.’ અર્જુને આ પ્રમાણે કહ્યું એટલે શ્રીકૃષ્ણે ચક્રનો ત્યાગ કર્યો અને પાછા રથ પર ચડીને ઘોડાઓની લગામ હાથમાં લીધી. ત્યાર પછી તો અર્જુને ભારે પરાક્રમ કરી બતાવ્યું અને સાંજ પડી એટલે યુદ્ધ બંધ થયું ત્યારે સૌ પોતપોતાની છાવણી તરફ ગયા.

૪

ચોથે દિવસે ભીષ્મ અને અર્જુનનું દ્વંદ્વયુદ્ધ થયું, અને ભીમસેને તો હદ કરી દીધી! ભીમસેનની ગદાથી ઘવાયેલા હાથીઓ સૈન્યમાં આમતેમ દોડતા હતા અને મહારથીઓના રથો ભાંગીને ચૂરેચૂરા કરી નાખતા હતા. ભીમના પુત્ર ઘટોત્કચે ભગદત્તને મૂંઝવી માર્યો અને રૂંવાડા ઊભાં કરે એવું ઉગ્ર યુદ્ધ શરૂ કર્યું. આખરે કૌરવોએ થાકીને સેનાને પાછી વાળી અને પાંડવો હર્ષનાદ કરતા છાવણી તરફ વળ્યા.

પાંચમો દિવસ તેમ જ છઠ્ઠો દિવસ સંકુલ યુદ્ધમાં જ પસાર થયા. ભીમસેન, ધૃષ્ટદ્યુમ્ન,

દ્રુપદરાજા વગેરેએ તેમજ દુર્યોધનના ભાઈઓએ આ દિવસોમાં પોતપોતાનું બળ અજમાવ્યું અને શત્રુને પીડા કરવામાં બાકી ન રાખી. તેમાંય ભીમસેને તો ગજબ કર્યો. ભીમસેનનું પરાક્રમ જોઈને ધર્મરાજા પોતે પણ બહુ રાજી થઈ ગયા.

પણ દુર્યોધનને એ રાતે ઊંઘ ન આવી. એ તો ભીમને જ યાદ કરતો અને તેના પરાક્રમને પ્રત્યક્ષ જોતો ભીષ્મ પાસે ગયો ને બોલ્યો: 'પિતામહ ભીષ્મ! હું આજે ભયભીત થઈ ગયો છું. તમારી આશાથી મેં આ યુદ્ધ માંડ્યું છે. મને પહેલેથી આ ખબર હોત તો હું આ યુદ્ધનું મંડાણ કર્યા પહેલા વિચાર કરત.' આ પ્રમાણે બોલતાં દુર્યોધનનું ભીષ્મે સાંત્વન કર્યું અને કહ્યું: 'હું તને વિજય અપાવવાની ઘણીયે મહેનત કરું છું પણ પાંડવો સહેજે જિતાય તેવા નથી. છતાં જા, રણસંગ્રામમાં તારા માટે હું મારા જીવિતનું પણ રક્ષણ નહિ કરું એ ભૂલતો નહિ.'

આ પ્રમાણે કહીને ભીષ્મ બીજે દિવસે વળી યુદ્ધમાં ઊતર્યા અને કેટલાય ધુરંધર શત્રુઓને યુદ્ધમાં રગદોળ્યા. છતાં આ સાતમા દિવસને અંતે પણ પાંડવોએ કૌરવોનો ઘાણ વાળ્યો અને દિવસને અંતે પોતાની છાવણી તરફ પાછા ફર્યા.

આઠમે દિવસે પણ ભીમસેન, નકુળ અને સહદેવે પરાક્રમોથી સર્વને આંજી નાખ્યા; તેમાંય ઘટોત્કચે તો હદ કરી. ઘટોત્કચે દુર્યોધનની પીઠ પકડી અને પોતાની રાક્ષસી માયાથી તેને ગભરાવી દીધો. ભીમસેન અને ભગદત્ત બન્નેએ એકબીજા સાથે પ્રચંડ યુદ્ધ ખેલ્યું; અને આખી યુદ્ધભૂમિ એવી પ્રચંડ બની ગઈ કે દુર્યોધને તો મનમાં વિજયની બધી આશા છોડી દીધી. તે પોતે ભીષ્મની પાસે ગયો અને કહેવા લાગ્યો: 'આ યુદ્ધમાં અમે તમારો આશ્રય કર્યો છે. તમે વીર પાંડવોનો નાશ કરવા સમર્થ છો, પણ પાંડવો પર દયાથી કે મારા પર દ્વેષથી કે મારા કમનસીબે તમે તેમ કરતા નથી. તો પછી કર્ણને યુદ્ધ કરવાની રજા આપો, એટલે એ પાંડવોને હરાવશે. તમારાથી એ નહિ બને.'

દુર્યોધનના આવાં વચન સાંભળીને ભીષ્મને ખૂબ લાગી આવ્યું. છતાં તેમણે તેને એક પણ અપ્રિય વચન કહ્યું નહિ; ઊલટા તેને પ્રસન્ન કરતા હોય તેમ બોલ્યા: 'દુર્યોધન! તું સુખેથી સૂઈ જા. આવતી કાલે હું એવું મહાન યુદ્ધ કરીશ કે પૃથ્વી રહેશે ત્યાં સુધી લોકો તેને યાદ કરશે.'

૫

યુદ્ધનો નવમો દિવસ શરૂ થયો અને ફરી વાર અભિમન્યુને અલંબુષની સાથે ઝપાઝપી શરૂ થઈ. ભીમસેને કાળભૈરવનું સ્વરૂપ ધારણ કરીને પોતાની લોહીતરસી ગદાને ફેરવવા માંડી; ભીષ્મ અને સાત્યકિ એક તરફ પ્રચંડ યુદ્ધ લડી રહ્યા અને ભીષ્મે તો સૂકા ઘાસના વનમાં અગ્નિ પડે તેમ પાંડવસૈન્યનો વિનાશ કર્યે રાખ્યો.

ભીષ્મના આ કૃષ્યથી શ્રીકૃષ્ણે ફરીથી અર્જુનને ચેતવ્યો અને બોલ્યા: 'અર્જુન! તારે તારી પ્રતિજ્ઞાઓ સિદ્ધ કરવાનો વખત આવી લાગ્યો છે. તું મોહને છોડીને આ ભીષ્મ પર પ્રહાર કર.' એમ કહીને શ્રીકૃષ્ણે અર્જુનના રથને ભીષ્મ તરફ હાંક્યો અને અર્જુને ગાંડીવ પરથી બાણો છોડવા માંડ્યા. પણ ત્યાં તો ભીષ્મે અર્જુન પર એવો મારો ચલાવ્યો કે અર્જુન ઢીલો થઈ ગયો અને શ્રીકૃષ્ણને લાગ્યું કે હમણાં ભીષ્મ પાંડવોનો નાશ કરશે એટલે

ફરીથી શ્રીકૃષ્ણ રથ પરથી નીચે ઊતર્યા અને ચક્ર લઈને ભીષ્મ તરફ દોડ્યા. શ્રીકૃષ્ણને આવતા જોઈને ભીષ્મ તો ગાજી ઊઠ્યા: ‘આવો આવો, યુગપુરુષ! આવો.’ પણ ત્યાં તો પાછળથી અર્જુને દોડતા આવીને શ્રીકૃષ્ણને પકડી લીધા અને કહ્યું: ‘હું લડીશ નહિ એમ કહ્યા છતાં તમે શા માટે શસ્ત્ર હાથમાં લ્યો છો? કેશવ! હું અવશ્ય પિતામહનો વધ કરીશ.’ અર્જુનનાં આ વચન સાંભળીને શ્રીકૃષ્ણ પાછા ફર્યા અને ફરીથી રથ પર ચડ્યા. સાંજ પડવા આવી એટલે બન્ને સૈન્યો પોતપોતાની છાવણી તરફ પાછાં વળ્યાં.

યુદ્ધનો દસમો દિવસ ઊગ્યો અને ભીષ્મે પાંડવો પર તીક્ષ્ણ બાણો છોડવા માંડ્યા. પાંડવો બધા એકઠા થઈને ભીષ્મની સામે ટક્કર લેવા મથતા હતા ત્યારે ભીષ્મ બોલ્યા: આજે કાં તો તમે નથી, ને કાં તો હું નથી.’

અર્જુને શિખંડીને આગળ કરીને ભીષ્મની સામે મૂક્યો અને તેનું રક્ષણ કરતો તે પોતે ઊભો રહ્યો. છતાં ભીષ્મ તો દ્રુપદ જેવા પાંડવોનો સંહાર કર્યે જતા હતા અને અર્જુન કૌરવોની સેનાને કાપી નાખતો હતો. આજે દુર્યોધન કૌરવસેનાને ઉત્સાહ આપતો હતો. આ તરફ ભીમસેન પણ પોતાની ગદા વડે અનેક વીરોનું મર્દન કરતો હતો; પણ આ બધામાં ભીષ્મ અને અર્જુનનું યુદ્ધ સૌનું ધ્યાન ખેંચી રહ્યું હતું.

એવામાં ભીષ્મ મહારાજ યુધિષ્ઠિરને કહેવા લાગ્યા: ‘હે યુધિષ્ઠિર! હું હવે મારા શરીરથી કંટાળી ગયો છું. રણમાં અનેક મનુષ્યોનો સંહાર કરતાં કરતાં મારો ઘણો કાળ વીતી ગયો છે. માટે તું અર્જુનને આગળ કરી મારો વધ કરવાનો પ્રયત્ન કર.’

ભીષ્મની આવી વાણી સાંભળીને યુધિષ્ઠિર પોતાના સૈનિકોને ઉત્સાહ આપતા બોલ્યા: ‘હે સૈનિકો! ધસો, આગળ ધસો, આજના યુદ્ધમાં ભીષ્મથી ડરશો નહિ.’

ત્યાર પછી અર્જુને શિખંડીને આગળ ધરીને યુદ્ધ કરવા માંડ્યું, ભીષ્મે અને અર્જુને પરસ્પરની સેનાનો ઘોર વધ કરવો શરૂ કર્યો, આખરે અર્જુનનાં બાણોથી છિન્નભિન્ન થયેલા ભીષ્મ સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો ત્યારે પૂર્વ તરફ મસ્તક રાખીને રથ પરથી નીચે પડ્યા. ભીષ્મ પડ્યા તેની સાથે જ કૌરવોનાં મન પણ નીચે પડી ગયાં.

ભીષ્મને પડેલા જોઈને પાંડવસેના હર્ષમાં આવી ગઈ. ભીષ્મ પડ્યા એ સમાચાર સાંભળીને દ્રોણને મૂર્છા આવી ગઈ, બન્ને સૈન્યોએ યુદ્ધ બંધ કર્યું ને અનેક રાજામહારાજાઓ બાણશૈય્યા પર સૂતેલા ભીષ્મની આસપાસ વીંટાઈ વળ્યા. ત્યાર પછી ભીષ્મની આજ્ઞાથી અર્જુને તેમના લટકતા માથાને બાણોનું ઓશીકું આપ્યું. પછી ભીષ્મે દુર્યોધનને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: ‘બેટા! હજી પણ સમજ. આ અર્જુનને યુદ્ધમાં કોઈ રીતે જીતી શકાય તેમ નથી. પાંડવોને તેમનું અર્ધ રાજ્ય આપી દે. મારાં વચનોને તું નહિ માને તો તારે અંતે પસ્તાવું પડશે.’ પરંતુ ભીષ્મનાં આ વચનો દુર્યોધનને રુચ્યાં નહિં.

૬

ત્યાર પછી સૌ પોતપોતાને ઠેકાણે ગયા એટલે કર્ણ ભીષ્મ પાસે આવ્યો અને ગદ્‌ગદિત કંઠે બોલ્યો: ‘હે પિતામહ! હું આપનાં દર્શનાર્થે આવ્યો છું.’

કર્ણનાં આવાં વચન સાંભળીને ભીષ્મ બોલ્યા: ‘આવ પ્રતિસ્પર્ધી કર્ણ! આવ. તું

કુંતીપુત્ર છો એ હું જાણું છું. તને આજ સુધી મેં કઠોર વચનો કહ્યાં છે કારણ કે તારી બુદ્ધિ અધર્મથી બગડી છે. હવે તું પાંડવોની સાથે સલાહ કરી લે.'

ભીષ્મનાં આવાં વચનો સાંભળીને કર્ણ બોલ્યો: 'પિતામહ! મને અધિરથે ઉછેરીને મોટો કર્યો છે, અને મેં દુર્યોધનનું નિમક ખાધું છે, એટલે આજે હું દુર્યોધનને છેહ આપી શકતો નથી. મારે આપની આજ્ઞા લીધા પછી જ યુદ્ધ કરવું એવો મારો વિચાર છે. માટે આપ મને આજ્ઞા આપો. મારાથી આજ સુધીમાં ન કહેવાનું આપને કહેવાયું હોય તે સર્વની આપ ક્ષમા આપો.'

કર્ણનાં આવાં વચનો સાંભળીને ભીષ્મ બોલ્યા: 'હે કર્ણ! હું જાણું છું કે આજે હવે વેર છોડ્યું છોડાય તેમ નથી, માટે હું તને યુદ્ધ કરવાની આજ્ઞા આપું છું. હવે તું તારા રાજા માટે યુદ્ધ કરી જન્મ સફળ કર.'

આ પ્રમાણે ભીષ્મની આજ્ઞા લઈને રાધાપુત્ર કર્ણ રથમાં બેસીને દુર્યોધન પાસે પહોંચ્યો.

દ્રોણપર્વ

૧

ભીષ્મ પિતામહ પડ્યા એટલે બધા કૌરવોનું મન કર્ણ તરફ ગયું. એટલામાં તો ભીષ્મના આશીર્વાદ લઈને કર્ણ દુર્યોધન પાસે આવી પહોંચ્યો. અણીને વખતે કર્ણને આવેલો જોઈને દુર્યોધન ખૂબ હર્ષ પામ્યો અને બોલ્યો: 'હે કર્ણ! તું આવ્યો એટલે હું મારા અનાથ સૈન્યને સનાથ સમજું છું. આ જ દસ દિવસ સુધી ભીષ્મે સેનાપતિપદે રહીને આપણું યુદ્ધ ચલાવ્યું. હવે તેમના પછી આપણે કોને સેનાપતિ નીમશું? નાયક વિનાની સેના નાશ પામે છે; માટે એ પદને માટે આપણામાં કોણ યોગ્ય છે તે તું વિચાર કાઢ.'

દુર્યોધનનું કહેવું સાંભળીને કર્ણે જવાબ વાળ્યો: 'મહારાજ! આપણા પક્ષનો કોઈ પણ યોદ્ધો એ પદને લાયક તો છે જ; પણ આપણા તમામના ગુરુ, વૃદ્ધ અને શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ એવા દ્રોણાચાર્ય હોય ત્યાં સુધી કોઈને સેનાપતિ કરી શકાય નહિ.'

કર્ણનો અભિપ્રાય દુર્યોધનને રુચ્યો એટલે તેણે દ્રોણની પાસે જઈને જણાવ્યું: 'હે ગુરુ! ભીષ્મ પડ્યા એટલે હવે આપ અમારું રક્ષણ કરો. આપ અમારા સેનાપતિ બનો ને પાંડવોની સામે અમને વિજય અપાવો.'

દુર્યોધનની આ વાણી સાંભળીને બીજા કૌરવોએ જયનાદ કરી મૂક્યો. દ્રોણાચાર્ય પોતે દુર્યોધનને કહેવા લાગ્યા: 'દુર્યોધન! હું વેદોને, વેદોનાં છ અંગોને, મનુએ કહેલી અર્થવિદ્યાને, શિવે આપેલાં અસ્ત્રને અને તે ઉપરાંત અનેક જાતનાં અસ્ત્રોને જાણું છું. હું પાંડવો સાથે જરૂર યુદ્ધ કરીશ. પણ ધૃષ્ટદ્યુમ્નની સામે યુદ્ધ કરવું મને જરા ભારે પડે છે, છતાં ફિકર નહિ.'

પછી દુર્યોધને દ્રોણાચાર્યનો રીતસર સેનાપતિપદે અભિષેક કર્યો.

૨

દ્રોણાચાર્ય સેનાપતિ થયા પછી તરત જ તેમણે દુર્યોધનને કહ્યું: 'મહારાજ! તમે મને આજે સેનાપતિ નીમીને ભારે માન આપ્યું છે. આ માનનો બદલો હું શી રીતે વાળું?'

દ્રોણનાં આવાં વાક્યો સાંભળીને દુર્યોધન તરત જ બોલ્યો: 'જો તમે મને જ પૂછતા હો તો હું તો એક જ વસ્તુ માગું છું. તમે યુધિષ્ઠિર રાજાને જીવતો પકડીને મારી પાસે લાવો. મારે તેનો વધ નથી જોઈતો. યુધિષ્ઠિરનો વધ થાય તો પાંડવો એક પણ કૌરવ યોદ્ધાને જીવતો ન રાખે એ હું બરાબર સમજું છું. મારે તો યુધિષ્ઠિરને પકડી ફરી વાર તેને જુગાર રમાડવો છે, અને ફરીથી જંગલમાં મોકલવો છે. એની પાછળ પાંડવો પણ જંગલમાં જશે, અને હું લાંબા વખત સુધી નિરાંતે રાજ્ય કરીશ.'

દુર્યોધનની આવી દુષ્ટતા જોઈને દ્રોણાચાર્યે સહેજ કપટવાળો જવાબ વાળ્યો: 'મહારાજ! અર્જુન ઊભો હોય ત્યાંથી યુધિષ્ઠિરને જીવતા પકડી લેવા એ તો કોઈથી થઈ શકે તેવું નથી. માટે તમે અર્જુનને યુદ્ધમાંથી દૂર રાખી શકો તો યુધિષ્ઠિરને પકડીને હું તમારે સ્વાધીન કરું.'

દ્રોણાચાર્યને તેમની પ્રતિજ્ઞામાં બાંધી લેવા ખાતર દુર્યોધને 'આચાર્યે યુધિષ્ઠિરને જીવતા પકડવાની પ્રતિજ્ઞા કરી છે' એવું જાહેર કરી દીધું; અને એ વાત વાયુવેગે પાંડવોની સેનામાં પણ પહોંચી ગઈ.

દ્રોણની આવી પ્રતિજ્ઞાથી યુધિષ્ઠિર ગભરાયા, પણ અર્જુને યુધિષ્ઠિરને જણાવ્યું: 'મોટાભાઈ! તમારે ગભરાવાનું કશું કારણ નથી. પૃથ્વીના ટુકડેટુકડા થઈ જાય તોપણ જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તમને કોઈ પકડી શકનાર નથી એ ચોક્કસ માનજો.'

ત્યાર પછી બન્ને સૈન્યો એકબીજાની સામે ધસ્યાં અને દ્રોણાચાર્ય પાંડવસેનામાં પેસીને ચારે તરફ ઘૂમવા લાગ્યા, તથા પાંડવસૈન્યનો સંહાર કરવા લાગ્યા. કૌરવરાજા રથમાં બેસીને અભિમન્યુ સામે ધસ્યો એટલે અભિમન્યુ તેના પર કીદી પડ્યો, અને તેના કેશ પકડી તેને પૃથ્વી પર પટક્યો. એટલે જયદ્રથથી ન રહેવાયું. જયદ્રથ અને અભિમન્યુ માતેલા સાંઢની માફક એકબીજા સાથે લડવા લાગ્યા અને પરસ્પરને ઠીકઠીક થકવી છૂટા પડ્યા. ત્યાર પછી શલ્ય અને અભિમન્યુ સામસામા આવી ગયા, અને થોડી વારમાં જ અભિમન્યુને ખસેડીને ભીમસેન શલ્યની સામે આવી ચડ્યો. શલ્ય અને ભીમનું ગદાયુદ્ધ જોવા જેવું હતું. છેવટે ભીમની ગદાના પ્રહારથી શલ્યને મૂર્છા આવી એટલે તેને ખસેડી તેની જગ્યાએ કૃતવર્મા આવ્યો અને ભીમના ઘા ઝીલવા લાગ્યો.

બીજી બાજુ કર્ણનો પુત્ર વૃષસેન એકલો જ નાસભાગ કરતી કૌરવસેનાને રોકી રહ્યો, અને પાંડવો પર સખત બાણો છોડવા લાગ્યો. પણ ત્યાં તો દ્રૌપદીના પુત્રો દોડી આવ્યા અને કૌરવસૈન્યમાં ભંગાણ પાડવા લાગ્યા. આચાર્ય 'હે શૂરા યોદ્ધાઓ! તમે નાસભાગ ન કરો.' એવી બૂમ પાડી ને સીધા તેઓ યુધિષ્ઠિર સામે ધસ્યા. વિરાટ, દ્રુપદ, સાત્યકિ, કૈકયકુમારો, બધા યુધિષ્ઠિરની આસપાસ આવી પહોંચ્યા; પણ દ્રોણાચાર્યે બધાને હંફાવી પોતાનો રથ યુધિષ્ઠિરની બાજુમાં લાવી દીધો, એટલે સૌ કોઈને એમ થયું કે હમણાં દ્રોણાચાર્ય યુધિષ્ઠિરને પકડી લેશે.

પણ એટલામાં તો રથના ગડગડાટથી પૃથ્વીને ગજાવતો અર્જુન ત્યાં આવી પહોંચ્યો અને દ્રોણાચાર્ય સહિત બધા કૌરવોને તેણે હાંકી કાઢ્યા. દરમિયાન સૂર્યાસ્ત થવા આવ્યો

એટલે બન્ને સૈન્યો યુદ્ધમાંથી પાછાં વળ્યાં.

૩

બીજે દિવસે અર્જુનને યુદ્ધમાંથી દૂર રાખવાની દુર્યોધને યોજના કરી. ત્રિગર્તોના રાજા સુધન્વાએ પોતાના મોટા લશ્કરને જુદું પાડીને અર્જુનને દક્ષિણ દિશા તરફ યુદ્ધની હાકલ મારી એટલે અર્જુન તેમના તરફ ગયો. અર્જુને જતી વખતે યુધિષ્ઠિરને જણાવ્યું: 'મારી ગેરહાજરીમાં આ સાત્યકિ તમારું રક્ષણ કરશે. કદાચ એ માર્યો જાય તો તમે યુદ્ધમાં ઊભા રહેશો નહિ.' આમ કહી અર્જુન ત્રિગર્તોની સામે ગયો અને સુધન્વાને મારીને મંગલાચરણ કર્યું.

આ તરફ અર્જુનની ગેરહાજરીમાં દ્રોણાચાર્યે પાંડવસેનાનો સંહાર માંડ્યો એટલે સૌ કોઈને મનમાં એમ જ થયું કે આ તો દ્રોણ કે આ તે કાળ! દ્રોણે સત્યજિતને યુદ્ધમાં મારી નાખ્યો અને તેની પાછળ દ્રઢસેન, ક્ષત્રદેવ, પાંચાલ્ય વગેરે અનેકના પ્રાણ લીધા; એટલે આખું પાંડવસૈન્ય હચમચી ગયું. પણ આખરે નાસવા તૈયાર થયેલા પાંડવ યોદ્ધાઓને ઘટોત્કચે ખાળી રાખ્યા ને યુદ્ધ ચાલ્યું.

બીજી તરફ ત્રિગર્તોનો પરાજય કરીને અર્જુન આવ્યો અને ભગદત્તની સાથે યુદ્ધમાં ઊતર્યો. ભગદત્તને મારવો અર્જુનને માટે આકરું હતું, છતાં અર્જુને તેને પાડ્યો. પછી તો અર્જુન ચારે તરફ ઘૂમવા લાગ્યો. અર્જુનનાં બાણોનો મારા જોઈને શકુનિ યુદ્ધમાંથી નાસી ગયો, જ્યારે બીજી બાજુ ભીમસેનને કૌરવોએ બહુ જ ગભરાવ્યો અને નીલરાજાને તો મારી જ નાખ્યો.

૪

આમ દ્રોણાચાર્યના સેનાપતિપદનો બીજો દિવસ પૂરો થયો છતાં યુધિષ્ઠિર મહારાજ પકડાયા નહિ એટલે દુર્યોધનને ચિંતા પેઠી. દુર્યોધન ચિંતામાં ને ચિંતામાં દ્રોણ પાસે પહોંચ્યો, ને તેમને કહેવા લાગ્યો: 'ગુરુ! આજે યુધિષ્ઠિર તમારી પાસે જ આવી પહોંચ્યો હતો છતાં તમે તેને પકડ્યો નહિ. મને લાગે છે કે અમે જ આપના શત્રુઓ છીએ અને પાંડવો જ આપના મિત્રો છે. આપે મને વચન આપ્યું છે તેના પર પણ પાણી ફરી વળ્યું કે?'

દુર્યોધનનાં આવાં વચનો સાંભળીને દ્રોણને દુ:ખ થયું. તેમણે કહ્યું: 'દુર્યોધન! હું તારું ભલું કરવામાં જ મચ્યો રહું છું, છતાં તને ઊંધું જ વસે છે! જો, આજે હું શત્રુસૈન્યના એક મહારથીને અવશ્ય પાડીશ. તું કોઈ પણ ઉપાયે અર્જુનને યુદ્ધમાંથી દૂર રાખજે.'

એક બાજુ ત્રિગર્તોએ અર્જુનને ફરીથી બીજી તરફ યુદ્ધ માટે આહ્વાન કર્યું ત્યારે બીજી બાજુથી દ્રોણાચાર્યે ચક્રવ્યૂહ ગોઠવીને પાંડવોને મૂંઝવણમાં નાખ્યા. દ્રોણાચાર્યનો ધસારો

એવો વેગવાન હતો કે યુધિષ્ઠિર તેનો ભાર સહન કરી શક્યા નહિ એટલે અભિમન્યુને કહેવા લાગ્યા: 'બેટા! તારો બાપ સંશપ્તકોની સામે ગયો છે. હું અથવા બીજું કોઈ ચક્રવ્યૂહનો ભેદ જાણતા નથી, માટે તું આ વ્યૂહને ભેદીને અમારી ઇચ્છાને પૂરી કર.' યુધિષ્ઠિરનાં આવાં વચનો સાંભળીને અભિમન્યુ બોલ્યો: 'મને મારા મામાએ ચક્રવ્યૂહ તોડવાનો ઉપાય શીખવ્યો છે પણ તેમાંથી પાછા આવવાનો ઉપાય શીખવ્યો નથી. પણ હું હમણાં જ દ્રોણના સૈન્યમાં પ્રવેશ કરું છું.'

અભિમન્યુ આ પ્રમાણે બોલ્યો એટલે યુધિષ્ઠિરે કહ્યું: 'એક વાર તું અમને વ્યૂહને તોડીને છિદ્ર કરી આપ એટલે અમે સૌ તારી પાછળ દાખલ થશું અને તારું રક્ષણ કરીશું. તું વ્યૂહને તોડીશ એટલે પછી આ ભીમસેન વગેરે મળી બધાને મારી પાડશે.'

પછી યુધિષ્ઠિરના આશીર્વાદ લઈને અભિમન્યુએ પોતાનો રથ દ્રોણના સૈન્ય તરફ હંકાર્યો. અભિમન્યુના સારથિએ તેને ઘણો વાર્યો પણ અભિમન્યુએ તેનું કહેવું ન માનતાં તે આગળ ધસ્યો. અભિમન્યુએ ચક્રવ્યૂહને તોડીને અંદર પ્રવેશ કર્યો એટલે કૌરવો 'ઊભો રહે, ઊભો રહે!' એવી બૂમો પાડી અભિમન્યુની સામે ધસ્યા, પણ અભિમન્યુએ તો પૃથ્વીને મડદાઓથી ભરી દીધી. ત્યાં તો દુર્યોધન અભિમન્યુની ઝપટમાં આવી ચડ્યો, એટલે તો વાત જ શી પૂછવી? પણ મોઢામાંથી જેમ કોઈ કોળિયો ઝૂંટવી લે તેમ દ્રોણ વગેરેએ દુર્યોધનને અભિમન્યુથી બચાવી લીધો; ને બધા યોદ્ધાઓએ એકઠા મળીને વીર અભિમન્યુ ઉપર મારો ચલાવ્યો; પણ અભિમન્યુ તેમના કોઈથી ગાંજ્યો જાય તેવો ન હતો. અભિમન્યુએ શલ્યને વીંધ્યો, શલ્યના નાના ભાઈને નસાડ્યો, પોતાનો વધ કરવાની ડંફાશ મારનાર દુ:શાસનને મૂર્છિત કર્યો, કર્ણના નાના ભાઈનું માથું ઉડાવી દીધું ને મહારથી કર્ણને પણ પલાયન થઈ જવું પડે એવી ગભરામણ કરી દીધી.

અભિમન્યુ આ પ્રમાણે કચ્ચરઘાણ વાળી રહ્યો હતો તે વખતે તેના કાકાઓ તથા મામાઓ તેની પાછળ પાછળ શત્રુઓનો સંહાર કરતા ધસ્યે આવતા હતા. સિંધુરાજ જયદ્રથે તેમને રોકી રાખ્યા અને અભિમન્યુને પાંડવસૈન્યથી વિખૂટો પાડી દીધો. ભીમસેન વગેરેએ જયદ્રથને વટાવી અભિમન્યુ પાસે પહોંચવાની ઘણીયે મહેનત કરી પણ તેમને ફાવ્યું નહિ. આ બાજુ અભિમન્યુ તો આગળ વધ્યે જતો હતો. અભિમન્યુએ વસાતીય રાજાને પાડ્યો, સેંકડો રાજપુત્રોને રણમાં રોળ્યા, દુર્યોધનને નસાડી મૂક્યો, રાજકુમાર લક્ષ્મણ તથા ક્રાથરાજપુત્રને મારી નાખ્યા, બૃહદ્‌બલનો નાશ કર્યો, કર્ણના કાન કાપી નાખ્યા, અને અશ્વકેતુને મારીને ધરણી પર ઢાળ્યો.

અભિમન્યુનું આવું પરાક્રમ જોઈને દુર્યોધને અને શકુનિએ વિચાર કર્યો: 'આ તો આપણામાંથી એકેએકને વીણી વીણીને મારે છે; માટે આપણે બધા સાથે મળીને તેને મારી નાખીએ.

આ તરફ દ્રોણાચાર્ય તથા કર્ણ પણ અભિમન્યુનો જ વિચાર કરતા હતા. કર્ણે તો ચોખ્ખું જણાવી દીધું: 'મારે તો રણમાં ઊભા રહેવું જોઈએ એટલે હું ઊભો છું; બીજો તો ક્યારનોય નાસી ગયો હોય.'

દ્રોણે બહુ વિચાર કરીને જણાવ્યું: 'કર્ણ! આ અભિમન્યુનું કવચ તોડ્યું તૂટે એમ નથી. તારી ઇચ્છા હોય તો એને ધનુષ્ય વિનાનો કરી નાખ. એના હાથમાં ધનુષ્ય છે ત્યાં સુધી આપણે એને કશું કરી શકીશું નહિ.'

દ્રોણનો આ વિચાર સાંભળીને કર્ણે અભિમન્યુના ધનુષ્યને કાપી નાખ્યું, ભોજે તેના ઘોડાને મારી નાખ્યા, કૃપાચાર્યે પૃષ્ઠરક્ષકોને તથા સારથિને માર્યા અને નિર્દય હૃદયવાળા છ મહારથીઓ તેના પર એકીસાથે તૂટી પડ્યા.

છતાં અભિમન્યુ વીરધર્મને ચૂક્યો નહિ. તે તલવાર લઈને ઘૂમવા લાગ્યો, પણ દ્રોણાચાર્યે તેની તલવાર કાપી નાખી અને કર્ણે તેની ઢાલને તોડી પાડી. એટલે અભિમન્યુએ ચક્ર લીધું; અને ચક્ર પણ ન રહ્યું એટલે ગદા લઈને સૌની સામે ધસ્યો. અભિમન્યુ પર ચારે તરફથી બાણોનો વરસાદ વરસ્યે જતો હતો, અને છતાં તે ગદાથી યુદ્ધ ચલાવતો હતો. પણ એકલો અભિમન્યુ આટલા બધા સામે ક્યાં સુધી ટકે? અત્યંત થાકી ગયેલા વીર અભિમન્યુને છ મહારથીઓએ એકઠા થઈને મારી નાખ્યો. દુ:શાસનના પુત્રે તેના માથા પર ગદાનો છેલ્લો પ્રહાર કર્યો તેથી તે પડ્યો તે પડ્યો જ. રણનાં દેવદેવીઓએ અભિમન્યુના આ મૃત્યુને અધર્મ મૃત્યુ તરીકે પોકાર્યું.

૫

અભિમન્યુ પડ્યો એ સમાચાર સૈન્યમાં ફેલાયા ત્યારે પાંડવસેના નાસવા લાગી, અને આખી રણભૂમિ ભયભીત બની ગઈ. અભિમન્યુના મૃત્યુના સમાચારથી યુધિષ્ઠિર આભા બની ગયા ને કરુણ વિલાપ કરવા લાગ્યા. એટલામાં સંધ્યા કાળે અર્જુન ને શ્રીકૃષ્ણ સંશપ્તકોનો સંહાર કરીને આવી પહોંચ્યા. અર્જુન પાંડવોની છાવણી નજીક આવ્યો ત્યારે આસપાસ સૌના મોં પર શોક અને ગ્લાનિ જોઈને તેના મનમાં પણ ભારે શંકા ઊભી થઈ. છાવણીમાં આવીને નીચું મુખ રાખીને બેઠેલા પોતાના ભાઈઓને અર્જુન પૂછવા લાગ્યો: ‘આજે તમારાં મોઢાં નિસ્તેજ દેખાય છે; હું ચારેકોર નજર નાખું છું છતાં ક્યાંય અભિમન્યુને દેખતો નથી. આજે દ્રોણાચાર્યે ચક્રાવો રચ્યો હતો તેની મને ખબર છે. ચક્રાવાને ભેદી શકે એવો તમારામાં કોઈ નથી. મહારાજ! બોલો, તમે મારા પુત્રને ચક્રાવો ભેદવા માટે તો નથી મોકલ્યો કે? મારો અભિમન્યુ ચક્રાવો ભેદવામાં ખપી તો નથી ગયો કે? હવે હું મારી સુભદ્રાને, મારી દ્રૌપદીને, મારી ઉત્તરાને શું મોં દેખાડીશ?’ એમ કહી અર્જુને કલ્પાંત કર્યું. યુધિષ્ઠિર મહારાજાએ અર્જુનને અભિમન્યુ કેવી રીતે ચક્રવ્યૂહમાં દાખલ થયો, ભીમ વગેરેને કૌરવપક્ષે કેવી રીતે અટકાવ્યા, અભિમન્યુએ સૌને કેવા કેવા હંફાવ્યા, અને આખરે છ મહારથીઓએ મળી તેનો નાશ કેમ કર્યો તથા દુર્યોધનનો ભાઈ યુયુત્સુ પોતાના પક્ષનો આવો અધર્મ જોઈને શસ્ત્રત્યાગ કરી કેમ ચાલ્યો ગયો, એ બધું કહી સંભળાવ્યું.

દરમિયાન શ્રીકૃષ્ણ પોતાની બહેન સુભદ્રા પાસે ગયા અને પુત્રના શોકથી વિહ્વલ થયેલી બહેનને ધીરજ આપી; એ જ પ્રમાણે દ્રૌપદી તથા ઉત્તરાને પણ ધીરજ આપીને શ્રીકૃષ્ણ પાછા અર્જુન પાસે આવ્યા.

પોતાના પ્રિય પુત્રના મરણથી વિહ્વલ થયેલો અર્જુન પ્રતિજ્ઞા કરતો બોલ્યો: ‘હું તમારા બધાની પાસે પ્રતિજ્ઞા કરું છું કે આવતી કાલે હું જયદ્રથનો વધ કરીશ. આવતી કાલના યુદ્ધમાં જો હું જયદ્રથનો વધ ન કરું — જો આવતી કાલ સૂર્યાસ્ત સુધીમાં હું જયદ્રથને ન મારી શકું તો હું અગ્નિમાં પ્રવેશ કરીશ.’

શ્રીકૃષ્ણ પણ અર્જુનની આવી ગંભીર અને ભવ્ય પ્રતિજ્ઞા સાંભળીને વિમાસણમાં પડી ગયા, અને આવા સાહસિક પગલા માટે અર્જુનને તેમણે ઠપકો આપ્યો. અર્જુનની આવી ઉગ્ર પ્રતિજ્ઞાથી યુધિષ્ઠિર મહારાજ પણ ગભરાઈ ગયા અને અર્જુનની પ્રતિજ્ઞાના પરિણામ ઉપર અનેક તર્કવિતર્ક અને કુશંકા કરવા લાગ્યા.

બીજી બાજુ અર્જુનની પ્રતિજ્ઞાના સમાચારે કૌરવસેનામાં મોટો ખળભળાટ મચાવી મૂક્યો. અર્જુને પોતાના વધની પ્રતિજ્ઞા કરી છે એ સાંભળીને જયદ્રથ તો પોતાની સેના સાથે સિંધદેશ ચાલ્યો જવા તૈયાર થયો, પણ દુર્યોધને તથા દ્રોણાચાર્યે તેને રોકી રાખ્યો. દ્રોણે જયદ્રથને બચાવી લેવાનું માથે લીધું એટલે બીતો બીતો પણ જયદ્રથ ત્યાં રોકાયો.

૬

બીજો દિવસ ઊગ્યો; ને અર્જુન — પ્રલયકાળના અગ્નિ જેવો અર્જુન રણભૂમિ પર હાજર થયો. દ્રોણાચાર્યે જયદ્રથનું બરાબર રક્ષણ થાય અને આખી કૌરવસેનાનો સંહાર થયા પહેલાં અર્જુન જયદ્રથ પાસે પહોંચી ન શકે એવી વ્યૂહરચના ગોઠવી હતી. અર્જુન તો શરૂઆતથી જ કૌરવસેનાનો સંહાર કરતો આગળ ચાલ્યો ને શ્રુતાયુધ, સુદક્ષિણ વગેરે નામાંકિત યોદ્ધાઓને મારતો આગળ વધ્યો. પોતાના શૂરવીર યોદ્ધાઓને એક પછી એક પડતા જોઈ દુર્યોધન ગભરાયો ને આચાર્ય પાસે જઈને બોલ્યો: ‘આચાર્ય! મેં તમારા શબ્દ પર વિશ્વાસ રાખી જયદ્રથને ઘેર જતો અટકાવ્યો છે. અને આજે તમારા દેખતાં આ અર્જુન તો સપાટો ચલાવી રહ્યો છે! તમે કોઈ રીતે આ જયદ્રથને અર્જુનનાં સપાટામાંથી ઉગારો.’ દુર્યોધનના આ વચનો સાંભળીને આચાર્ય દુ:ખી થયા અને તરત જ અર્જુન સામે યુદ્ધ કરવા ચાલ્યા ગયા. આજે તો અર્જુનને બચાવવાની ઇચ્છાથી સાત્યકિએ ભારે ઝપાટો ચલાવ્યો અને અર્જુને વિંદ અને અનુવિંદને પાડ્યા. દરમિયાન અર્જુન સામે દુર્યોધન આવી ચડ્યો. દુર્યોધનને દ્રોણાચાર્યે અભેદ્ય કવચ પહેરાવ્યું હતું અને અશ્વત્થામા તેની મદદમાં હતો, છતાં અર્જુને એવો સખત મારો ચલાવ્યો કે દુર્યોધન ત્યાંથી પલાયન થઈ ગયો, ને અર્જુને તેમ જ શ્રીકૃષ્ણે ધનુષ્ય તથા શંખના મોટા ગગનભેદી અવાજો કર્યા.

દરમિયાન અર્જુનને સિંધુરાજ જયદ્રથ તરફ વેગથી ધસી આવતો જોઈ દ્રોણે યુધિષ્ઠિરની સામે ધસારો કર્યો અને એવો સપાટો ચલાવ્યો કે ઘડીભર તો સૌને એમ જ થયું કે દ્રોણે મહારાજને મારી નાખ્યા.

બીજી તરફ રાક્ષસ અલંબુષ ભીમસેનની સામે ચડી આવ્યો અને પોતાના ભાઈ બકાસુરને માર્યાનું વેર વાળતો હોય એમ લડવા લાગ્યો. પણ આખરે ભીમના પુત્ર ઘટોત્કચે અલંબુષના શરીરના ભુક્કેભુક્કા કરી નાખ્યા.

પેલી તરફ દ્રોણનો મારો તો ચાલુ જ હતો. દ્રોણાચાર્યે સાત્યકિને સપાટામાં લઈને મૂર્છિત કર્યો એટલે તો યુધિષ્ઠિર સુધ્ધાં ઘડીભર ચિંતામાં પડી ગયા. પણ સાત્યકિ તો તરત જ ઊભો થયો અને લડવા લાગ્યો. આ વખતે જ અર્જુન અને શ્રીકૃષ્ણના મોટા નાદો સાંભળીને યુધિષ્ઠિરને લાગ્યું કે જરૂર અર્જુન કોઈ મહા આફતમાં આવ્યો હશે. નહિતર આવો નાદ કરે નહિ; એટલે તેમણે સાત્યકિને અર્જુનની તપાસ કરવા મોકલ્યો. સાત્યકિ કૌરવસેનાને વીંધીને આગળ જતો હતો ત્યાં રસ્તામાં તેણે કૃતવર્માને સપાટામાં લીધો, જરાસંધને માર્યો, દુર્યોધનને હંફાવ્યો, મલેચ્છોને નસાડ્યા અને આખી કૌરવસેનામાં નાસભાગ કરાવી મૂકી. સાત્યકિના પરાક્રમ પાસે તો દુ:શાસન પણ ટકી ન શક્યો, એટલે માર્ગ દઈને ખસી ગયો.

સાત્યકિ આ પ્રમાણે વેગથી અર્જુનની પાસે ધસ્યો જતો હતો ત્યારે દ્રોણાચાર્ય આ

બાજુ જે પરાક્રમ કરતા હતા તેથી યુધિષ્ઠિર વધારે ગભરાયા, અને ખુદ સાત્યકિની જ ચિંતા કરવા લાગ્યા. તેમણે ભીમને સાત્યકિની પાછળ જવાની આજ્ઞા કરી. કોઈ ઘાટા કેળના વનમાં મદોન્મત્ત હાથી પ્રવેશ કરે અને આખા કેળના વનને ખેદાનમેદાન કરી નાખે તેમ ભીમસેન કૌરવસેનાને ખેદાનમેદાન કરવા લાગ્યો. સૂર્યપુત્ર કર્ણ ભીમની સામે થયો પણ તે હાર ખાઈને નાઠો.

દરમિયાન સાત્યકિ અર્જુનની સમીપ આવી લાગ્યો. સાત્યકિને વેગથી આવતો જોઈને ભૂરિશ્રવા બોલ્યો: ‘હે સાત્યકિ! તું આજે મારી નજરે ચડ્યો તે ઠીક થયું. મને ઘણા વખતથી તારા સમાગમની ઇચ્છા હતી તે આજે પૂર્ણ થઈ.’ ભૂરિશ્રવાનાં આ વચનોને હસી કાઢતાં સાત્યકિએ તેની સાથે યુદ્ધ આદર્યું, અને ભૂરિશ્રવાએ સાત્યકિ જેવા વીર યોદ્ધાને પણ ત્રાહિતોબા પોકરાવી દીધી. સાત્યકિની આ દશા જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું: ‘અર્જુન! તું આ સાત્યકિને તો જો! આખી કૌરવસેનાને વીંધીને એ તારી પાછળ આવ્યો છે. સાત્યકિ લગભગ થાકી ગયો છે એટલે આ ભૂરિશ્રવા તેને છોડે તેમ નથી.’ આ પ્રમાણે શ્રીકૃષ્ણ બોલતા હતા એટલામાં તો ભૂરિશ્રવાએ સાત્યકિને જમીન પર પટક્યો, અને મ્યાનમાંથી તલવાર ખેંચી. અર્જુનની બધી નજર આ વખતે જયદ્રથ તરફ હતી એટલે સાત્યકિને બચાવવામાં વખત ગુમાવવો તેને પાલવે તેમ ન હતું. છતાં અર્જુને ભૂરિશ્રવાનો તલવારવાળો હાથ એકદમ કાપી નાખ્યો એટલે ભૂરિશ્રવા પૃથ્વી પર પડ્યો. આ પ્રમાણે ભૂરિશ્રવાએ રણભૂમિ પર જ અનશનવ્રત લીધું અને સાત્યકિએ ઊભા થઈને હાથમાં તલવાર લઈને તેનું માથું ઉતારી લીધું. સાત્યકિના આ કામની કૌરવોએ નિંદા કરી; પણ સાત્યકિ એવી નિંદાને ગાંઠે તેવો ન હતો. એણે તો કૌરવોને જવાબ વાળ્યો: ‘જે સમયે શસ્ત્રહીન થયેલા સુભદ્રાના અભિમન્યુને તમે બધાએ એકઠા મળીને મારી નાખ્યો તે સમયે તમારો ધર્મ ક્યાં ગયો હતો?’ ભૂરિશ્રવાને આ પ્રમાણે પૃથ્વી પરથી વિદાય આપી અર્જુન જયદ્રથની સામે ધસ્યો. જયદ્રથના રક્ષણ માટે આજે તેને છ મહારથીઓની વચ્ચે ગોઠવવામાં આવ્યો હતો, અને આ બધા મહારથીઓને પાડીને જયદ્રથને મારવો એ કામ અતિ દુષ્કર હતું.

એવામાં શ્રીકૃષ્ણે રણભૂમિ પર અંધકાર ફેલાવ્યો એટલે સૌને થયું કે સંધ્યાકાળ થવા આવ્યો. જયદ્રથ પણ હવે તો અર્જુન અગ્નિપ્રવેશ કરી બળી મરશે એવી આશાએ સૂર્ય તરફ જોવા લાગ્યો. એવામાં અર્જુને ધનુષ્ય પર એક બાણને સાંધ્યું. તે બાણથી જયદ્રથનું મસ્તક એકદમ કપાઈ ગયું, અને તરત જ શ્રીકૃષ્ણ તથા અર્જુને પોતપોતાના વિજયશંખો વગાડ્યા.

સિંધુરાજ જયદ્રથ પડ્યાના સમાચાર શ્રીકૃષ્ણે પોતે જ યુધિષ્ઠિરને આપ્યા ત્યારે મહારાજના આનંદનો પાર ન રહ્યો. તેમણે અર્જુનને આલિંગન કર્યું, શ્રીકૃષ્ણનો આભાર માન્યો ને પછી ભીમ તથા સાત્યકિને પણ ભેટ્યા.

પણ જયદ્રથના વધના સમાચાર સાંભળીને દુર્યોધનના શોકનો પાર ન રહ્યો. પોતાના યોદ્ધાઓ એક પછી એક મરણ પામતા જાય છે, અને તેમાંય જયદ્રથ જેવા મહારથીઓ, એ વિચારથી જ તે ધ્રૂજી ગયો અને દ્રોણનો દોષ કાઢવા લાગ્યો. એટલે દુર્યોધનનાં વચનોથી વીંધાયેલ દ્રોણ બોલ્યા: ‘આ રીતનાં વાગ્બાણોથી તું મને શા માટે વીંધે છે? તમે સૌ જયદ્રથને ઘેરીને ઊભા હતા છતાં અર્જુને સિંધુરાજને માર્યો તે તમે ન જોયું? અર્જુનની સામે ટકવાની કોઈની તાકાત નથી. જો, આ બધા પાંચાલો મારી સામે ધસી આવે છે તેમને ભેટવા હું ઊપડું છું. તેમનો નાશ કર્યા વિના હું મારું કવચ ઉતારવાનો નથી જ.’

૭

આ પ્રમાણે નિશ્ચય કરી દ્રોણાચાર્યે યુદ્ધનો ચૌદમો દિવસ શરૂ કર્યો. ભૂરિશ્રવાનો પિતા સોમદત્ત પુત્રમૃત્યુના વેરથી સાત્યકિની સામે ધસ્યો અને દ્રોણાચાર્યે અનેક પાંડવપક્ષી રાજાઓને વીંધીને યુધિષ્ઠિર સામે ધસારો કર્યો. આ જોઈને અર્જુને પોતાનો રથ દ્રોણ તરફ હંકાર્યો અને ગુરુશિષ્યનું દારુણ યુદ્ધ શરૂ થયું. બીજી તરફ ભીમનો પુત્ર અશ્વત્થામાની સામે યુદ્ધમાં ઊતર્યો અને મદોન્મત્ત હાથીઓ જેવા એ બન્ને યોદ્ધાઓ એકબીજાને મૂંઝવવા લાગ્યા. ઘટોત્કચના રાક્ષસ સૈન્યે અશ્વત્થામા ઉપર ખૂબ પ્રહાર કર્યા ત્યારે અશ્વત્થામાએ પોતાના બાણોથી રાક્ષસોનો સંહાર કરીને હિડિંબાપુત્રને ખૂબ ગભરાવ્યો.

દરમિયાન વળી દુર્યોધન ગભરાયો અને કર્ણ પાસે આવીને કકળાટ કરવા લાગ્યો એટલે કર્ણે તેને ધીરજ આપતાં કહ્યું, 'કુરુરાજ! જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તમારે જરા પણ ખેદ કરવો નહિ. બધા દુશ્મનોને મારીને હું આ પૃથ્વી તમને સોંપીશ.' કર્ણના આવાં વચન સાંભળીને પાસે ઊભેલા કૃપાચાર્યથી ન રહેવાયું એટલે તે બોલ્યા: 'કર્ણ! આ બિચારો કુરુરાજ તારા થકી જ ધણિયાતો છે. તને અર્જુનનાં બાણોનો ભેટો થતો નથી ત્યાં સુધી તું આ પ્રમાણે ગાજ્યા કર!'

કર્ણ-કૃપાચાર્યનું વાગ્યુદ્ધ આ પ્રમાણે ચાલ્યું તે અશ્વત્થામા જીરવી ન શક્યો એટલે માસાનો પક્ષ લઈને તે ઊછળ્યો: 'ઓ દુષ્ટ કર્ણ! આજે જ આ અર્જુને જયદ્રથને મારી નાખ્યો ત્યારે તારું પરાક્રમ ક્યાં ગયું હતું? તું કેવળ બકવાદ કરી જાણે છે.' એમ બોલતો અશ્વત્થામા હાથમાં તલવાર લઈ કર્ણની સામે ધસ્યો પણ રાજા દુર્યોધને તેને અટકાવ્યો.

કર્ણ ને અશ્વત્થામાની આ ટપાટપી વધારે લાંબી ચાલત; પણ દુર્યોધને વચમાં પડી તેમનું સમાધાન કર્યું એટલે બધાય અર્જુનની સામે ધસી ગયા. આ વખતે દુર્યોધન ખૂબ ઉગ્રતાથી અર્જુન સામે ગયો અને અશ્વત્થામા, કૃપાચાર્ય તેમ જ દ્રોણાચાર્યને પાંડવો તરફના પક્ષપાતનો દોષ આપતો આપતો તેમને કપરાં વચનો કહેવા લાગ્યો. એટલે અશ્વત્થામા બોલ્યો: 'કુરુરાજ! તમે સત્ય કહો છો. અમને પાંડવો તરફ પક્ષપાત તો છે જ; પણ તમે બહુ શંકાશીલ છો તેથી જ અમે મન મૂકીને તમારા પર વિશ્વાસ રાખતા નથી. છતાં હું આ ચાલ્યો. આજે જ આ પાંચાલોને નસાડી મૂકું છું.'

એમ કહેતો અશ્વત્થામા ઊપડ્યો ને ધૃષ્ટદ્યુમ્નની સામે યુદ્ધમાં ઊતર્યો, તથા પ્રલયકાળના મેઘની જેમ સંહાર કરવા લાગ્યો. આજના ખાસ રાત્રિયુદ્ધમાં યુધિષ્ઠિર રાજા કૃતવર્માની સામે પડ્યા, અને તેમનાથી પરાભવ પામીને રણમાંથી પલાયન કરી ગયા. એ જ પ્રમાણે ભીમ-દુર્યોધન પણ લડાઈમાં ઊતર્યા, અને ભીમે દુર્યોધનને નસાડ્યો. દરમિયાન આચાર્ય અને કર્ણ એકસામટો પાંડવસેના પર હલ્લો કર્યો અને ઘડીમાં તો આખી પાંડવસેનાને ગભરાવી મૂકી. આજના કર્ણના પરાક્રમથી યુધિષ્ઠિર ડરી ગયા અને શું થશે તેની ચિંતામાં પડ્યા. ભીમસેનનો પુત્ર ઘટોત્કચ કર્ણની સામે થયો, ત્યાં અલંબુષ રાક્ષસ કર્ણને બચાવવા ખાતર ઘટોત્કચની સામે થયો. દુર્યોધનના પક્ષનો રાક્ષસ અલાયુધ પણ આગળ આવ્યો પણ ભીમે તેને મારી નાખ્યો એટલે કર્ણ આગળ આવ્યો અને પોતાની સમગ્રશક્તિનો ઉપયોગ કરીને તેણે ઘટોત્કચને મારી નાખ્યો.

ઘટોત્કચના મૃત્યુથી પાંડવો વળી પાછા શોકમાં પડ્યા, પણ શ્રીકૃષ્ણે તેમને સાંત્વન આપ્યું; અને રાત ઘણી વધી ગઈ હતી એટલે બન્ને સૈન્યો રણમાં જ નિદ્રાધીન થયાં.

૮

આ પ્રમાણે ઘટોત્કચનું મૃત્યુ થયું અને પાંડવો દુ:ખમાં આવી પડ્યા તેનો લાગ જોઈને દુર્યોધન દ્રોણાચાર્ય પાસે ગયો અને બોલ્યો: ‘આચાર્ય! પાંડવો હવે થાક્યા છે; તેમના મન હવે પડી ભાંગ્યા છે, તથા ખાસ કરીને આ સમયે તેઓ લાગમાં આવ્યા છે. તમે તેમનું વારંવાર રક્ષણ કરો છો તેથી તેઓ આગળ વધ્યે જાય છે. હવે તમે તમારો પ્રતાપ દેખાડો એટલે પાંડવો હતા ન હતા થઈ જાય.’

દુર્યોધનનાં આવાં વાક્ય સાંભળી દ્રોણ બોલ્યા: ‘દુર્યોધન! હવે હું વૃદ્ધ થયો છું; છતાં મારી શક્તિ પ્રમાણે રણમાં લડ્યે જાઉં છું. આજે તારી પાસે આ મારા ધનુષ્યને હાથમાં લઈને હું સત્ય કહું છું કે યુદ્ધમાં સર્વ પાંડવોનો સંહાર કર્યા પછી જ હું મારું કવચ ઉતરાવીશ.’

એમ કહી દ્રોણે સેનાના વિભાગ કર્યા અને પોતે મોખરે નીકળી પડ્યા. દુર્યોધન, કર્ણ અને શકુનિ અર્જુનના પર બાણો વરસાવવા લાગ્યા. દ્રોણાચાર્યને જોઈને આજે પાંડવસેનાને ધ્રુજારી છૂટી ગઈ. આજે દ્રુપદ રાજા અને વિરાટ રાજા દ્રોણની સામે યુદ્ધમાં ઊતર્યા પણ વિરાટ તથા દ્રુપદ બન્નેને દ્રોણાચાર્યે મારી નાખ્યા. દ્રોણાચાર્યના આ પરાક્રમને જોઈ ધૃષ્ટદ્યુમ્નને બહુ દુ:ખ થયું, એટલે સૈન્યના મધ્યમાં તેણે સોગંદપૂર્વક કહ્યું: ‘આજના યુદ્ધમાં જો દ્રોણાચાર્ય મારા હાથમાંથી જીવતા જાય તો મારી અસદ્‌ગતિ થજો. ’આ પ્રમાણે કહીને ધૃષ્ટદ્યુમ્ન દ્રોણાચાર્યની સામે આવી પહોંચ્યો. દુર્યોધન, કર્ણ, શકુનિ વગેરે દ્રોણનું રક્ષણ કરતા હતા તેથી પાંચાલવીર પૂરેપૂરો ફાવ્યો નહિ.

દરમિયાન નકુળ અને દુર્યોધન તથા સહદેવ અને દુ:શાસન ભેટ્યા અને ધરાઈધરાઈને લડ્યા. અર્જુન પણ દ્રોણની સામે આવીને જોસભેર યુદ્ધ કરી રહ્યો હતો; દ્રોણાચાર્યના મારને પાંડવસેના ઝીલી ન શકી એટલે ઘડીભર થંભી ગઈ. પણ વળી પાછી દ્રોણ સામે ધસી. એવામાં ભીમે બૂમ પાડી: ‘અર્જુન! તું આ તરફ ધસારો કર અને કૌરવોને હાંકી કાઢ, તો આ પાંચાલો આચાર્યને મારી નાખે. ભીમનાં આ વચન સાંભળીને અર્જુન તે તરફ ધસ્યો પણ દ્રોણ તો પાંચાલોનો નાશ કરી રહ્યા હતા. એટલે પાંડવોમાં ભય પેસી ગયો. તેમના યોદ્ધાઓ ટપોટપ પડવા લાગ્યા અને વિજયની આશા ઘડીભરમાં નિરાશા બની ગઈ. ઉનાળાનો પ્રચંડ અગ્નિ ઘાસની ગંજીમાં પડે અને ગંજી બાળી મૂકે, તેમ દ્રોણ પાંડવસેનાને બાળતા હતા. એટલે શ્રીકૃષ્ણ પોતે જ વિચારમાં પડી ગયા અને અર્જુનને કહેવા લાગ્યા: ‘અર્જુન! જ્યાં સુધી આ દ્રોણના હાથમાં ધનુષ્ય છે ત્યાં સુધી ઇંદ્ર પણ તેમને જીતી શકે તેમ નથી. માટે દ્રોણ હાથમાંથી શસ્ત્ર પડતું મૂકે એવો કોઈ ઉપાય શોધી કાઢવો જોઈએ. હું ધારું છું કે અશ્વત્થામાનું મરણ થતાં આ દ્રોણાચાર્ય કદી યુદ્ધ નહિ કરે. માટે આપણામાંનો કોઈ ‘અશ્વત્થામા રણમાં મરી ગયો’ એમ દ્રોણાચાર્યને કહે તો બને તેવું છે.’

શ્રીકૃષ્ણની આ યુક્તિને અર્જુને પસંદ ન કરી, પણ બીજા બધાને તે ગમી. રાજા યુધિષ્ઠિરે પણ માંડમાંડ એ સ્વીકારી.

ત્યાર પછી ભીમસેને પોતાના સૈન્યના અશ્વત્થામા નામના એક હાથીને મારી નાખ્યો અને દ્રોણ પાસે આવીને શરમાતો શરમાતો બોલ્યો: ‘અશ્વત્થામા હણાયો, અશ્વત્થામા હણાયો!’

ભીમસેનનાં આ વચન સાંભળીને દ્રોણના મનમાં બહુ ખેદ થયો, ને તેમનાં ગાત્રો ઢીલાં

પડી ગયાં; પણ ભીમના વચન પર તેમને શ્રદ્ધા ન આવી એટલે તરત જ પાછા ટટ્ટાર થયા અને વેગથી લડવા લાગ્યા, તથા અનેક યોદ્ધાઓને ભોંય પર ધૂળ ચાટતા કરવા માંડ્યા. આ વખતે વિશ્વામિત્ર વગેરે મહર્ષિઓ દ્રોણની સન્મુખ આવીને જાણે કે બોલવા લાગ્યા: ‘દ્રોણ! તેં અધર્મથી યુદ્ધ કર્યું છે. તારા મરણનો કાળ નજીક છે. માટે તું આ યુદ્ધનો ત્યાગ કરીને અમારી સામે જો. તેં બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને તે અસ્ત્રને નહિ જાણનારા અનેક વીરોને બાળી નાખ્યા છે, તેં અધર્મ કર્યો છે, માટે હવે આયુધોને ફેંકી દે.’

મહર્ષિઓનાં આવાં વચનો સાંભળીને, ભીમસેનનાં ‘અશ્વત્થામા હણાયો!’ એ વચનનો વિચાર કરીને અને ધૃષ્ટદ્યુમ્ન સામે ઊભેલો જોઈને દ્રોણાચાર્યનું મન યુદ્ધ માટે ખિન્ન થઈ ગયું; અને પુત્ર અશ્વત્થામા મરણ પામ્યો હશે કે કેમ તેની મનમાં શંકા થઈ. દ્રોણે મનમાં વિચાર કર્યો: ‘યુધિષ્ઠિર ત્રણેય લોકના ઐશ્વર્ય માટે પણ કદી અસત્ય બોલશે નહિ, માટે લાવ તેને જ અશ્વત્થામા વિષે પૂછું.’ એમ વિચારી દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને પૂછ્યું.

આ વખતે શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું: ‘દ્રોણ આજે અર્ધો દિવસ જ જો યુદ્ધ કરશે તો તમારી આખી સેના વિનાશ પામશે; માટે તમારે તમારી રક્ષા કરવી હોય તો આ સમયે થોડું અસત્ય ભાષણ કરવું. કોઈ કોઈ પ્રસંગે જીવનમાં સત્ય કરતાં અસત્ય વધારે ઉત્તમ મનાય છે.’ ભીમસેન આ વખતે પાસે ઊભો હતો તે તરત જ બોલ્યો: ‘મહારાજ! મારા વાક્યને દ્રોણે જરાયે માન્યું નથી. તો તમે દ્રોણને કહો કે અશ્વત્થામા હણાયો છે. તમે સત્યવાદી તરીકે પ્રસિદ્ધ છો, એટલે એ તમારા વાક્યને માનશે.’

ભીમસેનનાં આવાં વચનોથી પ્રેરાઈને પોતાના વિજય તરફ આસક્ત થયેલા રાજા યુધિષ્ઠિર ‘અશ્વત્થામા હણાયો છે.’ એવું દ્રોણ સાંભળે એવી રીતે બોલ્યા અને પાછળથી ‘અશ્વત્થામા નામે હાથી હણાયો છે’ એવું દ્રોણ ન સાંભળે એમ ધીમેથી બોલ્યા. યુધિષ્ઠિરના મોંમાંથી આ શબ્દો પડ્યા કે તરત જ તેમનો રથ પૃથ્વીની ચાર આંગળ ઊંચો રહેતો હતો તે પૃથ્વીના તળને અડ્યો.

યુધિષ્ઠિરનાં આ વચનો સાંભળીને દ્રોણનું ચિત્ત ઉદાસ થઈ ગયું. દ્રોણને ઉદ્વિગ્ન દશામાં જોઈને ધૃષ્ટદ્યુમ્ન તેમની સામે ધસ્યો. દ્રોણને યુદ્ધ ઉપર વિરાગ આવી ગયો હતો છતાં તેમણે ધૃષ્ટદ્યુમ્નનાં ધનુષ્ય, ધજા વગેરેને કાપી નાખ્યાં અને ખુદ પાંચાલકુમારને પણ વીંધ્યો. આ વખતે ધૃષ્ટદ્યુમ્ન હાથમાં તલવાર લઈ દ્રોણના રથની ધૂંસરી પર ચડી ગયો, પણ દ્રોણે તેને હઠાવ્યો અને સાત્યકિએ ધૃષ્ટદ્યુમ્નને દ્રોણના પંજામાથી છોડાવ્યો. આ જોઈને યુધિષ્ઠિરે પડકાર કર્યો: ‘હે મહારથી ક્ષત્રિયો! તમે સૌ આચાર્ય સામે જ ધસારો કરો. આજે ધૃષ્ટદ્યુમ્ન આચાર્યને મારવાનો પ્રયત્ન કરશે.’ આ આજ્ઞા થતાં બધા જ દ્રોણ સામે ધસ્યા. આજે દ્રોણના ઘોડાઓ અશ્રુપાત કરવા લાગ્યા, દ્રોણ નિસ્તેજ જણાવા લાગ્યા, તેમની ડાબી આંખ અને ખભો ફરકવા લાગ્યાં અને સામે ધૃષ્ટદ્યુમ્નને જોઈને તેમનું મન ખિન્ન થયું. ઋષિમુનિઓનાં વચનો તેમને ફરીથી યાદ આવ્યાં.

એવામાં ધૃષ્ટદ્યુમ્ન તેમની સામે દોડ્યો. દ્રોણ તો પોતાના અસ્ત્રોનો ત્યાગ કરી જ્ઞાનનિષ્ઠામાં સ્થિર થયા હતા ત્યાં દ્રોણના શરીરને ધૃષ્ટદ્યુમ્નને પકડ્યું ને તેમની ચોટલી પકડીને માથાને ધડ પરથી ઉતારી લીધું. દ્રોણની ઉંમર આ વખતે પંચાશી વર્ષની હતી. ધૃષ્ટદ્યુમ્ને આચાર્યની ચોટલી પકડી ત્યારે દૂરથી અર્જુન બોલ્યો: ‘આચાર્યને તું મારીશ નહીં, પણ તેમને જીવતા જ અહીં લાવ.’ પણ ધૃષ્ટદ્યુમ્ને તેમને તો રથશય્યા પર જ ઠાર કર્યા અને દ્રોણ રથ પરથી નીચે પૃથ્વી પર પડ્યા. દ્રોણના વધના સમાચાર સાંભળીને કૌરવો બધા નાસી ગયા અને પાંડવો આનંદમાં આવી ગયા. ભીમસેન તો ધૃષ્ટદ્યુમ્નને ભેટી પડી બોલવા લાગ્યો: ‘હે પાંચાલકુમાર! આ સમયે જેવા આનંદથી હું તમને ભેટું છું તેવા જ

આનંદથી ફરી પણ દુર્યોધન અને કર્ણ રણમાં હણાશે તે સમયે હું તમને ભેટીશ.'



દ્રોણ પડ્યા તે સમાચાર સૈન્યમાં ફેલાતાં બધા કૌરવ યોદ્ધાઓ ભયભીત થઈ નાસવા લાગ્યા. અશ્વત્થામા આ ભાગતા સૈનિકોને જોઈ દુર્યોધનને કહેવા લાગ્યો: 'રાજન્! આ સેના આમ કેમ નાસભાગ કરે છે?' આ વખતે કૃપાચાર્યે અશ્વત્થામાને દ્રોણાચાર્યના મૃત્યુના સમાચાર આપ્યા. પોતાના પિતાના મૃત્યુના સમાચાર સાંભળીને અશ્વત્થામાની આંખો લાલચોળ થઈ અને તે બોલ્યો: 'હે દુર્યોધન! સર્વ પાંચાલોનો સંહાર કર્યા વિના હું જીવી શકીશ નહિ. આજે તો મહાન નારાયણાસ્ત્રનો પ્રયોગ કરીશ. હું પાંડવોનો સંહાર કરું તો જ આચાર્યનો સાચો પુત્ર!'

એમ બોલી અશ્વત્થામાએ નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો એટલે દિશાઓમાં અંધકાર છવાઈ ગયો. આ અસ્ત્રનો પ્રભાવ જોઈને રાજાઓ બધા ગભરાટમાં પડ્યા અને અશ્વત્થામાએ પડકાર કરી નાસી જતાં કૌરવોને નાસતા અટકાવ્યા, એટલે પાંડવો વધારે ગભરાયા. પાંડવોની અંદર દ્રોણના વધ સંબંધે ભારે મોટી ચર્ચા થઈ, કારણ કે અર્જુને દ્રોણાચાર્યના વધને ખૂબ જ વખોડી નાખ્યો હતો. જ્યારે ભીમ અને ધૃષ્ટદ્યુમ્ન આવા વધના પક્ષમાં હતા. આ પ્રસંગ પર તો ધૃષ્ટદ્યુમ્ન અને સાત્યકિ પણ બાખડી પડ્યા. દરમિયાન નારાયાણાસ્ત્ર તો કામ કર્યે જતું હતું. શ્રીકૃષ્ણે સર્વને જાહેર કર્યું કે 'હે યોદ્ધાઓ! તમે સૌ જલદી શસ્ત્રને છોડી દો, અને સૌ પોતપોતાના વાહન પરથી નીચે ઊતરી જાઓ. જેમ જેમ આપણા યોદ્ધાઓ આ અસ્ત્રની સામે થશે તેમ તેમ તે વધારે બળવાન થતું જશે.'

શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને યોદ્ધાઓ અસ્ત્રને શાંત કરવા તૈયાર થયા એટલે ભીમ બોલ્યો: 'તમારે કોઈએ અસ્ત્રનો ત્યાગ કરવો નહિ, હું જ અશ્વત્થામાના અસ્ત્રને પહોંચી વળું છું.' એમ બોલી અર્જુને વાર્યા છતાં ભીમ નારાયણાસ્ત્રની સામે ચાલ્યો અને એક ઘડીકમાં તો બાણોથી ઢંકાઈ ગયો. ભીમને આ પ્રમાણે આફતમાં જોઈને સર્વ યોદ્ધાઓએ પોતાનાં શસ્ત્રોનો ત્યાગ કર્યો, સૌ રથ પરથી હેઠા ઊતરી પડ્યા અને એકલો ભીમસેન શસ્ત્રના ઝપાટામાં આવી ગયો, એટલે પાંડવસૈન્યમાં હાહાકાર થઈ રહ્યો. પણ આખરે વાસુદેવે ભીમસેનને વારી લીધો, તેને રથ પરથી ઉતારી લીધો અને નારાયણાસ્ત્ર કોઈનો સામો જવાબ ન મળવાથી સ્વત: શાંત પડી ગયું.

પિતાના મૃત્યુના રોષમાં ને રોષમાં અશ્વત્થામાએ સંગ્રામમાં ઉગ્ર પરાક્રમ કરી દેખાડ્યું અને દિવસને અંતે બન્ને સૌન્યો પોતપોતાની છાવણી તરફ પાછાં ફર્યાં.

કર્ણપર્વ

૧

દ્રોણાચાર્ય પડ્યા તે દિવસે રાતના દુ:શાસન, કર્ણ, શકુનિ, અશ્વત્થામા, કૃપાચાર્ય વગેરે દુર્યોધનના તંબૂમાં એકઠા થયા. મહારાજ દુર્યોધન બોલ્યા: 'હવે આપણે શાં પગલાં લેવાં તે વિષયમાં તમે તમારો મત આપો. વખત બગાડો નહિ.'

રાજાનાં આવાં વચનો સાંભળી બુદ્ધિમાન અશ્વત્થામા બોલ્યો: 'આપણે આ કર્ણનો જ સેનાપતિપદે અભિષેક કરીએ; એ જ આપણામાં શ્રેષ્ઠ છે, બળવાન છે, શૂરવીર છે અને શત્રુઓનો પરાજય કરવા માટે સમર્થ છે.'

અશ્વત્થામાં આવાં પ્રિય વચનો સાંભળીને દુર્યોધન કર્ણને કહેવા લાગ્યો: 'હે કર્ણ! તારા વીર્યને તેમ જ તારી મૈત્રીને હું બરાબર ઓળખું છું. ભીષ્મ ને દ્રોણ રણમાં માર્યા ગયા છે એટલે હવે તું સેનાપતિ થા. એ બન્ને મોટા ધનુર્ધારી હતા પણ પાંડવો તરફ પક્ષપાતવાળા હતા. હવે તું સેનાપતિ થઈ આપણી સેનાનું રક્ષણ કર અને પાંડવો તથા પાંચાલોને રણમાંથી હાંકી કાઢ. અર્જુન તારી સામે ઊભો રહીને યુદ્ધ કરવાની ઇચ્છા પણ નહિ કરે.'

તરત દુર્યોધનને જવાબ આપતાં કર્ણે કહ્યું: 'મહારાજ! મેં તો તમને પહેલેથી જ કહ્યું છે કે પાંડવોનો, તેમના પુત્રોનો અને શ્રીકૃષ્ણનો હું પરાજય કરીશ. હું તમારો સેનાપતિ થઈશ માટે તમે સ્થિર થાઓ, અને પાંડવોને આપણે જીત્યા જ છે એમ સમજો.'

કર્ણનાં આવાં વચન સાંભળી દુર્યોધન ખૂબ પ્રસન્ન થયો અને કર્ણનો તેણે ઠાઠમાઠથી અભિષેક કર્યો. પછી કર્ણે સવાર થતાં સેનાને યુદ્ધ માટે આજ્ઞા આપી અને કૌરવયોદ્ધાઓથી વીંટળાયેલો કર્ણ સેનાને મોખરે શોભવા લાગ્યો. આજે યુદ્ધનો સોળમો દિવસ હતો. કર્ણે કૌરવસેનાને વ્યવસ્થિત ગોઠવી દીધી અને યુદ્ધ શરૂ થયું. આજે કુલૂતરાજ ક્ષેમધૂર્તિ પડ્યો, કૈકયના વિંદ અનુવિંધ પડ્યા, ચિત્રસેન અને ચિત્ર પડ્યા, અશ્વત્થામા અને અર્જુન એકબીજા સાથે અથડાયા ને આખરે અશ્વત્થામા પરાજાય પામીને નાઠો. દરમિયાન કર્ણનો સપાટો તો ચાલુ જ હતો. કર્ણે પાંડવયોદ્ધાઓને હંફાવી માર્યા, અને તેમના ઘોડા, રથ તથા હાથીઓનો કચ્ચરઘાણ વાળ્યો એટલે અર્જુન પણ ગભરાયો અને કર્ણ તરફ દોડ્યો.

બીજી તરફ સહદેવ અને દુ:શાસન યુદ્ધમાં ઊતર્યા અને સહદેવે કૌરવસેનાનો સંહાર આદર્યો. કર્ણ પાંડવસેના પર હલ્લો કર્યો અને નકુલને ઝપાટામાં લીધો; કૃપાચાર્યે ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડીને સજ્જડ હાર ખવરાવી અને દુર્યોધન યુધિષ્ઠિરની સામે ઊતરી પડ્યો. આખરે ધર્મરાજાએ રથમાં બેઠેલા દુર્યોધન પર એવા જોરથી ગદા મારી કે તે રથમાં જ બેભાન થઈને પડ્યો. ચારે તરફ ભારે રમખાણ મચી રહ્યું અને સૂર્યાસ્ત થતાં બન્ને સૈન્યો પાછાં ફર્યાં. આ દિવસે સરવાળે કૌરવોએ જ માર ખાધો અને પાંડવો આનંદ કરતા પોતાની છાવણી તરફ વળ્યા.

૨

રાતના દુર્યોધનના તંબૂમાં સૌ એકઠા થયા ત્યારે કર્ણ સર્પની જેમ ફૂંફાડા મારતો બોલ્યો: 'અર્જુન ખૂબ સાવધાન, દૃઢ, ચતુર અને ધૈર્યવાન છે અને શ્રીકૃષ્ણ પણ તેને સમયોચિત સલાહ આપે છે. તોપણ રાજન્! આવતી કાલના યુદ્ધમાં તો હું અર્જુનના સર્વ

સંકલ્પોનો નાશ કરીશ.' એમ કહી કર્ણ છૂટો પડ્યો.

બીજા દિવસના પ્રભાતમાં કર્ણ ફરીથી દુર્યોધન પાસે આવ્યો અને બોલ્યો: 'મહારાજ દુર્યોધન! આજે મારો ને અર્જુનનો ભેટો થશે; કાં તો તે મને મારશે અને કાં તો હું તેને મારીશ. હું અર્જુનથી કોઈ રીતે ઊતરું એમ નથી; ઊલટો કેટલીક બાબતમાં તેનાથી ચડિયાતો છું. પણ મને એક ઊણપ બહુ ખટકે છે. અર્જુનના ધનુષ્યની દોરી દિવ્ય છે. તેના બે ભાથાઓ પણ દિવ્ય છે, અને તેના સારથિ શ્રીકૃષ્ણ છે. આમાંનું કશું મારી પાસે નથી એટલે શ્રીકૃષ્ણની બરાબરી કરનારો શલ્યરાજા જો મારો સારથિ થાય તો અવશ્ય હું અર્જુનને મારીશ.'

કર્ણે આ પ્રમાણે કહ્યું એટલે 'ભલે તેમ થાઓ' એટલું બોલી દુર્યોધન શલ્યરાજાના તંબૂ તરફ ચાલ્યો, અને ત્યાં જઈને શલ્યને કહેવા લાગ્યો, 'હે મહારથી શલ્ય રાજા! આજે હું પોતે તમારી પાસે એક વસ્તુ માગવા આવ્યો છું. મારું મસ્તક નમાવીને વિનયપૂર્વક હું તમારી પાસે યાચના કરું છું કે તમે ક્રણનું સારથિપણું સ્વીકારવા કૃપા કરો. તમે વાસુદેવની સમાન છો; માટે તમે કર્ણના સારથિ થઈને કર્ણનું રક્ષણ કરો.'

દુર્યોધનનાં આવાં વચનો સાંભળીને શલ્યરાજ તો ધૂંવાંપૂંવાં થઈ ગયો અને બોલ્યો, 'દુર્યોધન! તું આ રીતે મારું અપમાન કરે છે. હું ક્ષુદ્ર જાતિના કર્ણનો સારથિ બનું? આવું મારું અપમાન સહી લેવા હું જરાય તૈયાર નથી. હું આજે જ તારી રજા લઉં છું અને મારા રાજ તરફ પાછો જવા ધારું છું.'

એમ કહીને શલ્યરાજ ચાલવા માંડ્યો એટલે દુર્યોધને તેના માનથી અને પ્રેમથી પકડી રાખ્યો અને કહ્યું, 'મદ્રરાજ! તમે કહો તે બરાબર છે. કર્ણ તમારાથી અધિક નથી, પણ તમને હું કૃષ્ણથી અધિક માનું છું. એટલે તમે જો કર્ણના ઘોડાઓની લગામ પકડો તો અર્જુનને હું મૂએલો જ દેખું છું.'

આખરે શલ્યે દુર્યોધનની સલાહ મુજબ સારથિ થવાનું સ્વીકાર્યું અને કહ્યું: 'મારી એક શરત છે. હું કર્ણને જે કાંઈ વચનો કહું તે તેણે સાંભળવાં અને માન્ય રાખવાં.'

દુર્યોધન રાજાએ મદ્રરાજની આ વાત સ્વીકારી અને ત્યાંથી વિદાય લીધી.

પછી તો સવારમાં જ મદ્રરાજ રથને તૈયાર કરીને કર્ણની પાસે ગયા; કર્ણ રથ પર બેઠો અને શલ્યે ઘોડાઓની લગામ ઝાલીને રથને ગતિ આપી. કર્ણને આ પ્રમાણે યુદ્ધમાં જતો જોઈને દુર્યોધન બોલ્યો: 'હે અધિરથના પુત્ર! જા, તું યુદ્ધ માટે પ્રયાણ કર. તું યુધિષ્ઠિરને કેદ પકડજે અથવા તો અર્જુન અને ભીમને મારી નાખજે. તારો વિજય થાઓ.'

કર્ણે કહ્યું: 'શલ્યરાજ!' આપણા ઘોડાઓને હંકારો જેથી હું અર્જુન, ભીમ, નકુળ, સહદેવ અને યુધિષ્ઠિરનો નાશ કરું. આજે અર્જુન મારા પરાક્રમને જુએ.'

કર્ણનાં આવાં વચનો શલ્ય સહન કરી ન શક્યો એટલે તરત જ બોલ્યો: 'તું જ્યારે ગાંડીવનો ટંકાર સાંભળીશ ત્યારે આવું કદી નહિ બોલે.'

પછી કર્ણ તો આગળ ચાલ્યો અને કાપાકાપી શરૂ થઈ. જતાં જતાં કર્ણ પોતાનાં પરાક્રમના ભારે બણગાં ફૂંકવા લાગ્યો ત્યારે શલ્યે કહ્યું: 'કર્ણ! હવે બહુ થયું. હવે બોલતો બંધ થા.' છતાં કર્ણ તો બકવાદ કરતો આગળ વધ્યે જ જતો હતો, અને શલ્ય તેના બકવાદને માટે તેનો તિરસ્કાર કર્યે જતો હતો. છેવટે તો કર્ણને શલ્યે એટલાં બધાં મહેણાં માર્યાં કે તેને તેનું પૂર્વજીવન તાજું થઈ ગયું અને ગુરુ પરશુરામનો શાપ યાદ આવ્યો એટલે એ થંભી ગયો! કર્ણને લાગ્યું કે જે શલ્યને પોતે સલાહ અને પ્રેરણા માટે માગી લીધો છે તે શલ્ય જ અપમાન કરીને ઉત્સાહનો ભંગ કરે છે! પણ હવે તેનો કશો ઉપાય ન હતો, એટલે કર્ણએ મન વાળ્યું અને શલ્યના હાથમાં જ લગામ રહેવા લઈ પોતે લડવા નીકળી પડ્યો.

૩

બન્ને સૈન્યો સામસામાં અફળાયાં અને કર્ણ તો યુદ્ધ કરતો કરતો છેક યુધિષ્ઠિર રાજાની પાસે જઈ પહોંચ્યો. કર્ણને આગળ ધસતો જોઈને પાંડવો, શિખંડી, સાત્યકિ વગેરે તેની આસપાસ વીંટાઈ વળ્યા અને ગર્જના કરવા લાગ્યા. પણ કર્ણ આ બધાયને હઠાવીને સીધો યુધિષ્ઠિર સન્મુખ આવ્યો એટલે યુધિષ્ઠિર લાલ નેત્રો કરી બોલ્યા: 'હે કર્ણ! મારું વચન સાંભળી લે. આજે હું તારી યુદ્ધશ્રદ્ધાનો નાશ કરવાનો છું.' એમ બોલી યુધિષ્ઠિરે કર્ણને વીંધ્યો; કર્ણે યુધિષ્ઠિરને સામા વીંધ્યા અને બન્ને બાજુ મોટી કિકિયારીઓ થઈ રહી. એટલામાં કર્ણએ યુધિષ્ઠિરને બાણો મારીને ગર્જના કરી. પછી કર્ણે યુધિષ્ઠિરનું કવચ તોડ્યું અને તેમના શરીરમાંથી લોહી વહેવા લાગ્યું; તેમના રથના તલ જેવડા ટુકડા કરી નાખ્યા, અને તેમને યુદ્ધ માટે અસમર્થ કરી મૂક્યા. આ દશામાં યુધિષ્ઠિર યુદ્ધમાંથી નાસી જવા લાગ્યા. કર્ણે તેમને જીવતા પકડવાની ઇચ્છા કરી પણ કુંતીને આપેલું વચન યાદ આવતાં તેમને જતા કર્યા. અને યુધિષ્ઠિર એકદમ ચાલ્યા ગયા. આથી આખું પાંડવસૈન્ય પણ જાણે પાછું હઠવા લાગ્યું.

ત્યાર પછી તો યુદ્ધ ખૂબ જ ઘોર બન્યું અને મહારાજ યુધિષ્ઠિરને કર્ણે બીજી વાર ઝપાટામાં લીધા. આ વખતે પણ કર્ણ તેમને પકડવાની તૈયારીમાં જ હતો, પણ યુધિષ્ઠિર નાઠા એટલે બચી ગયા.

દરમિયાન અર્જુન તથા અશ્વત્થામાનું યુદ્ધ ઊપડ્યું. અર્જુને અશ્વત્થામાને સારી રીતે પ્રહાર કરીને નસાડ્યો; આથી કૌરવસેનામાં ભંગાણ પડ્યું અને સૈનિકો તો બધા નાસવા લાગ્યા. એટલામાં કર્ણે ભાર્ગવાસ્ત્રનો પ્રયોગ કર્યો અને પાંડવોને મૂંઝવ્યા. ત્યાં તો કોઈએ આવીને અર્જુનને સમાચાર આપ્યા: 'મહારાજ યુધિષ્ઠિરને કર્ણે ઘાયલ કર્યા છે માટે સત્વર ત્યાં ચાલો.'

અર્જુને યુધિષ્ઠિર મહારાજને યુદ્ધમાં ક્યાંયે દીઠા નહિ એટલે તે પાછો છાવણી તરફ ચાલ્યો. શ્રીકૃષ્ણ અને અર્જુનને જોઇને યુધિષ્ઠિરને એમ થયું કે એ બન્ને કર્ણને મારીને આવ્યા છે; પણ પાછળથી તેમનો ભ્રમ ભાંગ્યો એટલે તે બહુ ગુસ્સે થયા ને બોલ્યા: 'અર્જુન! કુંતીની કૂખમાં તેં જન્મ ન લીધો હોત તો જ ઠીક થાત. કર્ણનો વધ કરવાને તું અશક્ત બન્યો છે. પૂર્વે દ્વૈતવનમાં તેં કર્ણને મારવાની પ્રતિજ્ઞા કરી હતી તેનું શું થયું? અર્જુન! આજે ભીમસેન ન હોત તો હું તો ગયો જ હતો. તારા પર અમે મોટી મોટી આશાઓ બાંધી હતી; પણ આજે એ બધી આશાઓ તૂટી પડી છે. તારું ગાંડીવ તું અન્ય કોઈને આપી દે. અરે ગર્ભના પાંચમા મહિનામાં જ તું ગળી પડ્યો હોત અથવા કુંતીના ગર્ભમાં જન્મ્યો જ ન હોત તો ઘણું સારું! ધિક્કાર છે તારા ગાંડીવને, ધિક્કાર છે તારા બાહુબળને, ધિક્કાર છે તારાં અસંખ્ય બાણોને, ધિક્કાર છે તારા ધ્વજને અને ધિક્કાર છે તારા દિવ્ય રથને!'

યુધિષ્ઠિરનાં આવાં વચનો સાંભળીને અર્જુનને ક્રોધ ચડ્યો એટલે તેણે મ્યાનમાંથી તલવાર કાઢી યુધિષ્ઠિરને મારી નાખવાનો વિચાર કર્યો; એટલામાં શ્રીકૃષ્ણ બોલી ઊઠ્યા: 'અર્જુન! આ શું? તેં તલવાર કેમ ઉઠાવી? તું કોને મારવા તલવાર ઉગામે છે? તેં શું કરવા ધાર્યું છે?'

શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળીને ક્રોધથી ફૂંફાડા મારતો અર્જુન બોલ્યો: 'જે કોઈ

મને કહે કે ''તું તારું ગાંડીવ ધનુષ્ય બીજાને આપી દે. '' તેના મસ્તકને કાપી નાખવું એવું મારું ગુપ્ત વ્રત છે. આ રાજાએ તમારી સમક્ષ મને એ પ્રમાણે કહ્યું છે તે હું સહીશ નહિ, પણ એને મારી નાખીશ.'

તુરત શ્રીકૃષ્ણ બોલ્યા: 'અર્જુન! તેં આજે કવખતે ક્રોધ કર્યો છે. તું ખરેખર ધર્મભીરુ છે તેમ મૂર્ખ પણ છે. તું મોટો માણસ છે છતાં પ્રાકૃત માણસની જેમ રાજા યુધિષ્ઠિરને મારવા કેમ તૈયાર થયો છે? તારે ધર્મની જ વાત કરવી હોય તો હું તને ધર્મનું રહસ્ય કહું તે સાંભળ. સત્યનું યથાર્થ સ્વરૂપ જાણવું મહા કઠિન છે. અર્જુન! કર્ણ સાથે યુદ્ધ કરતાં રાજા ઘણા થાકી ગયા છે, તે ઘાયલ પણ થયા છે ને બાણોથી વીંધાઈ ગયા છે, એટલે ક્રોધના આવેશમાં આવી તેમણે તને સખત વચનો કહ્યાં છે માટે તારે ક્રોધ કરવો વાજબી નથી. તારી પ્રતિજ્ઞા પણ સચવાય એવો ધર્મમાર્ગ નથી એમ તું ન માન. તું કોઈ પણ રીતે મહારાજ યુધિષ્ઠિરનું અપમાન કર, એટલે જીવતા છતાં તેમનું મૃત્યુ જ થયું મનાય. આજે તું તેમને તુંકારાથી બોલાવ એટલે તેમનો વધ જ થયો ગણાશે.' શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને અર્જુન ઠંડો પડ્યો. તેણે યુધિષ્ઠિરને તુંકારથી અનેક વચનો સંભળાવ્યાં અને તેમનું અપમાન કર્યું. પણ આવા અપમાનથી યુધિષ્ઠિરને દુ:ખ થયું તેથી વધારે દુ:ખ તો અર્જુનને થયું, ને તે પોતે જ મરવા તૈયાર થયો. એટલે વળી શ્રીકૃષ્ણ બોલ્યા: 'અર્જુન! ધર્મનું સ્વરૂપ સૂક્ષ્મ છે. તું આજે આત્મહત્યા કરવા તૈયાર થયો છે, પણ માણસ પોતાની સ્તુતિ કરે એ આત્મહત્યા જ છે. માટે આત્મહત્યાને બદલે તું તારી પોતાની સ્તુતિ કર જેથી તારી પ્રતિજ્ઞાનું પાલન થાય, ને તું આ કૌરવોનો વિનાશ પણ કરી શકે.'

શ્રીકૃષ્ણના આવાં સમાધાનથી અર્જુને પોતાની મોટાઈનાં બણગાં ફૂંકવા માંડ્યાં અને એ રીતે ખૂબ જ અભિમાનમાં આવી ગયો. પરિણામે એના પોતાના મનમાં જ સખત આઘાત થયો એટલે તે યુધિષ્ઠિરને પગે પડ્યો અને બોલ્યો: 'મોટાભાઈ! મારાં કડવાં વચનો માટે મને ક્ષમા આપો. હું આજે કર્ણની સામે જ જાઉં છું. હું કર્ણનો વધ કરીને પાછો આવીશ એમ ચોક્કસ માનજો. હું તમને સત્ય કહું છું.'

૪

ત્યાર પછી યુધિષ્ઠિરને પ્રણામ કરીને અર્જુન પાછો છાવણીની બહાર આવ્યો અને રણભૂમિ તરફ ઊપડ્યો. આજે તેના હાથમાં ઓર જોસ હતું; આજે તેની આંખમાં ઓર ઉત્સાહ હતો; આજે તેની વાણીમાં ઓર પ્રસન્નતા હતી; આજે તેને શ્રીકૃષ્ણનું ઓર પીઠબળ હતું. અર્જુન રણ પર આવ્યો એટલે યુદ્ધ વધારે જોસભેર ઊપડ્યું. ભીમસેને પોતાની સામા આવેલા શકુનિને નસાડ્યો ત્યારે કર્ણએ તો પાંડવસેનામાં કાળો કેર જ વર્તાવવા માંડ્યો. આજે મદ્રરાજ શલ્ય કર્ણને ઠીક ઠીક ઉત્સાહ આપતા હતા. બીજી તરફ અર્જુનને હાથે દુ:શાસનના દસ નાના ભાઈઓ રણમાં પડ્યા ને ભીમસેન ગદા લઈને ચારેકોર ઘૂમવા લાગ્યો. દરમિયાન તેને દુ:શાસન ભેટ્યો ને યુદ્ધ જામ્યું.

ભીમસેને બે બાણો વડે દુ:શાસનનાં ધનુષ્યને અને ધ્વજને કાપી નાખ્યાં, એક બાણથી તેનું લલાટ ચીરી નાખ્યું અને બીજા એક બાણથી તેના સારથિનું માથું ઉડાવી દીધું. દુ:શાસને પોતે જ પોતાના ઘોડાઓને પકડી રાખ્યા અને બાર બાણ મૂકીને ભીમસેનને

વીંધ્યો; એટલે ભીમસેન મુડદાની પેઠે હાથ પહોળા કરીને રથમાં ઢળી પડ્યો. થોડી વારમાં જ ભીમસેનને પાછું ભાન આવ્યું એટલે તે દુ:શાસનની સામે ધસ્યો અને બોલ્યો: 'દુષ્ટ દુ:શાસન! આજે તેં મને અત્યંત વીંધી નાખ્યો છે; પણ યાદ રાખ, આજે રણમાં મધ્યમાં હું તારું લોહી પીશ.' એ પ્રમાણે બોલીને ભીમસેને દુ:શાસન પર પોતાની ગદા ફેંકી. ભીમની ગદા પડી એટલે દુ:શાસનના રથના ચૂરેચુરા થઈ ગયા. ભીમસેનની આંખમાં આજે ખૂન ભરાયું હતું એટલે સામે ઊભેલા કર્ણ, દુર્યોધન, કૃપાચાર્ય વગેરેના દેખતાં જ ભીમ બોલ્યો: 'ઓ કુરુપક્ષના યોદ્ધાઓ! આ પાપી દુ:શાસનને આજે હું મારી નાખું છું, માટે તમારા કોઈનામાં શક્તિ હોય તો તેનું રક્ષણ કરો!' એમ કહીને ભીમસેન દુ:શાસનની સામે દોડ્યો અને કેસરી સિંહ જેમ મોટા હાથીને પકડે તેમ તેણે દુ:શાસનને પકડ્યો અને તેના કંઠ પર પગ મૂકી, તલવારને ઉગામી કહેવા લાગ્યો: 'દુરાત્મા! બોલ, રાજસૂય યજ્ઞમાં અવભૃથસ્નાનથી પવિત્ર થયેલા દ્રૌપદીના કેશોને તેં કયા હાથે ખેંચ્યા હતા?'

અને ચારે તરફ નેત્રોને ફેરવી રહેલા દુ:શાસનને સૌના સાંભળતાં જ ગર્વથી પોતાનો જમણો હાથ ઊંચો કરી જવાબ આપ્યો: 'ઓ ભીમસેન! જો, હાથીની સૂંઢ સમા ગોળ આકારવાળા, સ્ત્રીઓના પુષ્ટ સ્તનોનું મર્દન કરનારા, હજારો ગાયોનું દાન કરનારા તેમ જ અનેક ક્ષત્રિયોનો સંહાર કરનારા મારા આ હાથે દ્રૌપદીના કેશ ખેંચ્યા છે.'

દુ:શાસનનાં આવાં વચનો સાંભળીને ભીમસેન એકદમ તેની છાતી પર ચડી બેઠો અને બન્ને હાથને પકડીને હાક મારતો બોલ્યો: 'ઓ યોદ્ધાઓ! હું આજે સર્વનાં દેખતાં દુ:શાસનના આ દુષ્ટ બાહુને ઉખેડી નાખું છું. તમારા બાહુમાં બળ હોય તો દુ:શાસનની રક્ષા કરો.' એમ કહી ભીમસેને દુ:શાસનની જમણી ભુજાને મૂળમાંથી ઉખેડી નાખી અને તે વડે દુ:શાસનને મારવા લાગ્યો. ત્યાર પછી ભીમસેન દુ:શાસનની છાતીમાંથી નીકળતા સહેજ ઊના લોહીનું પાન કરવા લાગ્યો, અને તરત જ તલવારનો ઝાટકો મારી તેણે દુ:શાસનના માથાને પણ ઉતારી લીધું. દુ:શાસનનું લોહી પીતાં ભીમ ગર્જી ઊઠ્યો: 'માતાનાં ધાવણમાં, મધમાં, ઘીમાં, દ્રાક્ષાવસમાં, અમૃતમાં, દૂધમાં, વલોવેલા દહીંમાં ને જગતના અમૃતતુલ્ય સ્વાદિષ્ટ પીણાઓમાં જે રસ રહેલો છે તે બધાના કરતાં ઘણો જ અધિક રસ આ શત્રુના લોહીમાં આજે મને લાગે છે! ' આમ બોલી લોહી પીતો ભીમસેન ત્યાં ઘૂમવા લાગ્યો અને અર્જુન પાસે જઈને બોલ્યો: 'વીરા અર્જુન! દુ:શાસન માટે મેં જે પ્રતિજ્ઞા કરી હતી તે આજે મેં સિદ્ધ કરી છે!'

૫

ભીમસેનાના આ ભયંકર કર્મથી કૌરવસેનામાં ભારે ત્રાસ પેસી ગયો અને કર્ણ પણ ગભરાઇ ગયો. દુર્યોધન તો મૂર્છામાં જ પડ્યો. તુરત કર્ણનો પુત્ર વૃષસેન આગળ આવ્યો અને યુદ્ધમાં નકુળને હરાવીને ગર્જના કરવા લાગ્યો. પણ ત્યાં તો અર્જુને પોતાનો રથ તે તરફ હાંક્યો અને વૃષસેનને જ મારી નાખ્યો. પોતાના પુત્રને અર્જુને મારી નાખ્યો એ જાણી કર્ણને ખૂબ ક્રોધ ચડ્યો. તેણે અર્જુનની સામે જ પોતાનો રથ દોડાવ્યો. કર્ણને જોસથી આવતો જોઈ શ્રીકૃષ્ણ બોલ્યા: 'અર્જુન! આ ધોળા રંગના ઘોડાવાળો કર્ણ આપણા પર ચડી આવે છે. તું હવે તૈયાર થઈ જા. તારા વિના બીજો કોઈ કર્ણનાં બાણોને સહન કરી

શકે તેમ નથી. હવે તું આ કર્ણને મારી નાખ. હું આ સમયે તને આશીર્વાદ આપું છું કે તારું સદા કલ્યાણ થાઓ, અને યુદ્ધમાં તારો વિજય થાઓ.'

શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળીને અર્જુન બોલ્યો: 'શ્રીકૃષ્ણ! આપણા ઘોડાઓને હવે જલદી હંકારો, કેમકે વખત વીતી જાય છે.'

અંતે અર્જુન અને કર્ણ સામસામા આવ્યા. બન્ને દેવપુત્રો હતાં; બન્ને પાસે ઉત્તમ શસ્ત્રાસ્ત્રો હતા; બન્ને આકાશને ગજવી રહ્યા હતા; બન્નેનાં પરાક્રમો જગપ્રસિદ્ધ હતાં; બન્ને વીર્યવાન હતા ને બન્નેને શ્રેષ્ઠ સારથિઓ હતા. બન્નેનું એ તુમુલ યુદ્ધ જોઈને જ સેનાઓ તો વિસ્મયમાં પડી અને કોનો વિજય થશે એ વિચારે આખા જગતને મૂંઝવી દીધું. બંને વીરોનું દારુણ યુદ્ધ જોઈને અશ્વત્થામા દુર્યોધનની પાસે પહોંચી કહેવા લાગ્યો: 'મહારાજ! તમે હવે પ્રસન્ન થાઓ અને પાંડવોની સાથે સંધિ કરી લ્યો. વિરોધ કરવાનું હવે પડતું મૂકો. તમે પાંડવો સાથે સંધિ કરશો તો તમે જગતનું મહાન હિત કર્યું કહેવાશે.'

અશ્વત્થામાનાં આવાં વચનો સાંભળીને દુર્યોધન નિઃશ્વાસ નાખતાં બોલ્યો: 'હે અશ્વત્થામા! કર્ણની સામે યુદ્ધમાં અર્જુન ટક્કર ઝીલી શકે તેમ નથી, તો પછી સંધિ શા માટે કરવી? આજે અર્જુન ઘણો થાકી ગયો છે એટલે કર્ણ તેનો આજે જ વધ કરશે.'

અશ્વત્થામા અને દુર્યોધન આ પ્રમાણે વાતચીત કરી રહ્યા હતા તે દરમિયાન કર્ણ-અર્જુન યુદ્ધ તો ચાલુ જ હતું. બન્ને પક્ષના યોદ્ધાઓ એકબીજાને ચાનક ચડાવવા બૂમો પાડતા હતા. કર્ણ બાણો મારીને અર્જુનને વીંધવા માંડ્યો એમ અર્જુન બાણો મારી કર્ણને વીંધવા માંડ્યો.

એવામાં ભીમસેન ગાજી ઊઠ્યો: 'ઓ અર્જુન! આપણને આપેલાં બધાં દુઃખો સંભારીને તું કર્ણને મારી નાખ. તેણે દ્રૌપદીને દુઃખ દીધું છે, આપણને નપુંસક કહ્યા છે, માટે એનો વધ કરી નાખ. અથવા મને કહે તો હું ગદાના પ્રહારથી તેને છૂંદી નાખું.'

ભીમનાં આવાં વચનો સાંભળીને અર્જુન બોલ્યો: 'હે શ્રીકૃષ્ણ! જગતનું કલ્યાણ કરવા માટે તથા કર્ણનો વધ કરવા માટે હું બ્રહ્માસ્ત્રને પ્રગટ કરું છું. હે દેવો! મને અનુજ્ઞા આપો.' એમ બોલી અર્જુને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો પણ કર્ણે તરત જ એ અસ્ત્રનો નાશ કરી નાખ્યો તથા ભીમ, અર્જુન ને શ્રીકૃષ્ણને ત્રણ બાણ વડે પ્રહાર કર્યો એટલે અર્જુનને ક્રોધ ચડ્યો ને તેણે કર્ણને પાડી નાખ્યો.

આ યુદ્ધમાં કોઈ વાર અર્જુન કર્ણથી ચડી જતો હતો તો કોઇ વાર કર્ણ અર્જુનથી ચડી જતો હતો. કર્ણ-અર્જુનના આ યુદ્ધની અશ્વસેન નામના નાગને ખબર પડી એટલે તે કર્ણ પાસે આવ્યો, અને અર્જુન સાથેનું જૂનું વેર યાદ કરીને કર્ણની મદદે ચડ્યો. આ વખતે કર્ણે ખાસ અર્જુનને મારવા માટે જ સંઘરી રાખેલું પોતાનું સર્પમુખ બાણ સાંધ્યું અને અર્જુનની સામે છોડ્યું. પણ આ બાણનું શ્રીકૃષ્ણે નિશાન ચુકાવ્યું એટલે તે બાણ અર્જુનની ડોક પર લાગવાને બદલે માત્ર તેનો મુગટ લઇને ચાલ્યું ગયું. અશ્વસેન નાગ ફરીથી કર્ણ પાસે આવ્યો અને બોલ્યો: 'હું તક્ષકનો પુત્ર અશ્વસેન છું. ખાંડવદહનમાં મારી માતાને અર્જુને બાળી દીધી છે માટે મારે તેની સાથે વેર છે. હું તમને આ યુદ્ધમાં સહાય કરવા આવ્યો છું.'

કર્ણે અશ્વસેનને જવાબ વાળ્યો: 'અશ્વસેન! હું તારો ઉપકાર માનું છું; પણ બીજાના બળથી હું વિજય મેળવવા માગતો નથી. આ એક તો શું પણ અનેક અર્જુનોને હું મારી શકું તોપણ હું કપટયુદ્ધ નહિ કરું.'

કર્ણે આ પ્રમાણે કહ્યું એટલે અશ્વસેન પોતે પોતાની મેળે અર્જુન તરફ ધસ્યો. પણ અર્જુને તેને કાપી નાખ્યો.

હવે અર્જુને કર્ણ પર એક પછી એક એમ પ્રહારો કર્યે જ રાખ્યા એટલે કર્ણ અત્યંત

ઘવાઈ ગયો. તેનો ભાથો એક તરફ ઊડી પડ્યો, તેની મૂઠીઓ ઢીલી થઇ ગઇ અને તે પોતે મૂર્છાવશ થઈ રથમાં ને રથમાં ઢળી પડ્યો.

અર્જુને ધાર્યું હોત તો આ દશામાં કર્ણને તે મારી નાખી શકત, પણ તેને એ ઠીક ન લાગ્યું; એટલે શ્રીકૃષ્ણ બોલ્યા: ‘હે પાંડુપુત્ર! તું પ્રમાદ કેમ કરે છે? આ કર્ણ ટટ્ટાર થયો કે તરત જ તારી સામે ધસી આવશે, માટે તું એને જલદી મારી નાખ.’

શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળીને અર્જુને કર્ણ પર ફરીથી મારો ચલાવ્યો અને તેને રથ સહિત ઢાંકી દીધો. કર્ણ પણ અર્જુનથી એમ ગાંજ્યો જાય તેવો ન હતો. તેણે પણ અર્જુન તથા શ્રીકૃષ્ણ બન્નેને વીંધ્યા. પણ એટલામાં તો સહસા કોઈએ કહ્યું: ‘હે કર્ણ! પૃથ્વી તારા રથનાં પૈડાં ગળી જાય છે,’ કર્ણને પોતાનો કાળ નજીક આવ્યો હોય એમ લાગ્યું. તેને પરશુરામનો શાપ યાદ આવ્યો, અને અસ્ત્રવિદ્યા તેના મનમાંથી ગળી જતી હોય એમ તેને જણાયું. આ બધું જોઈને કર્ણ ખિન્ન થઈ ગયો. તેના ઘોડા લથડિયાં ખાવા લાગ્યા અને કર્ણ પોતે જાણે કે શિથિલ થઈ ગયો! આ તરફ કર્ણના રથનું પૈડું પૃથ્વીમાં ગળતું હતું એટલે કર્ણ રથ પરથી નીચે ઊતર્યો અને પૈડાને બહાર કાઢવા લાગ્યો. રથનું પૈડું કાઢતાં કર્ણ અર્જુનને ઉદ્દેશીને બોલ્યો: ‘ઓ અર્જુન! એક મુહૂર્ત તું યુદ્ધ કરતો થંભી જા; પૃથ્વીમાં ખૂંચી ગયેલા આ પૈડાને હું બહાર કાઢું ત્યાં સુધી તું થોભી જા; તારે મને આવી રીતે મારવો એ ધર્મ નથી.’

કર્ણનાં આવાં વચનો સાંભળીને શ્રીકૃષ્ણ બોલ્યા: ‘હે કર્ણ! તું આ સમયે હવે ધર્મને સંભારે છે તે સદ્ભાગ્યની વાત છે. આજ સુધી તમે સૌએ અનેક ન કરવાના ધંધા કર્યા ત્યારે ધર્મ ક્યાં સંતાઈ ગયો હતો?’

શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને કર્ણને લજ્જા આવી અને તેણે કશો જવાબ આપ્યો નહિ. એટલામાં અર્જુને અગ્ન્યાસ્ત્ર છોડ્યું પણ કર્ણે તેને શાંત પાડી દીધું. ત્યાર પછી ખૂબ ક્રોધે ભારઈને અર્જુને એક ઘોર બાણ છોડ્યું અને એ બાણે કર્ણનું માથું કાપી નાખ્યું. આ વખતે દિવસનો પાછલો ભાગ શરૂ થઈ ગયો હતો. કર્ણનું શરીર એકદમ પૃથ્વી પર ગબડી પડ્યું એટલે અર્જુન તથા શ્રીકૃષ્ણે પોતાના શંખો ફૂંક્યા અને શલ્ય કર્ણના રથને તથા ઘોડાઓને લઈને છાવણી તરફ પલાયન થઈ ગયો.

કર્ણના મૃત્યુથી કૌરવસેનામાં એવી ધાક પેસી ગઈ કે અર્જુન કે ભીમ જાણે પોતાના પર જ ધસી આવે છે એમ સૌ માનવા લાગ્યા, અને આખી કૌરવસેના નાસભાગ કરવા લાગી. દુર્યોધને નાસતા સૈન્યને રોકવા ઘણી મહેનત કરી પણ સૈનિકો રોકાયા વિના નાસી જ ગયા.

આ તરફ કર્ણ પડ્યાના સમાચારથી પાંડવોની છાવણીમાં મોટો હર્ષનાદ થઈ રહ્યો, અને મહારાજ યુધિષ્ઠિર તો હર્ષથી ગાંડા બની ગયા.

શલ્યપર્વ

૧

કર્ણ પડ્યો એટલે દુર્યોધનના પગ ભાંગી ગયા; એની આંખે અંધારાં આવવા લાગ્યાં

અને જીવન આખું હારી બેઠો હોય એમ ઘડીભર નિરાશ થઇ ગયો. દરમિયાન પાંડવો વધારે જોસમાં આવી ગયા અને કૌરવસૈન્ય પર ઊતરી પડ્યા. ભીમસેન ગદાને હાથમાં લઈને ઘૂમવા મંડ્યો; સાત્યકિએ શકુનિ ઉપર ધસારો કર્યો, અને શિખંડી તથા દ્રૌપદીના પુત્રોને શકુનિની પાછળ પડીને શંખનાદ કર્યા. આથી કૌરવસેના વધારે હતાશ બની અને ચારે તરફ નાસભાગ કરવા લાગી. આથી દુર્યોધન તેને હાકલ મારતો બોલ્યો: 'અરે ઓ વીરો! આખી પૃથ્વી ઉપર એવો એક પ્રદેશ મને દેખાતો નથી કે જ્યાં તમે નાસી જાઓ અને પાંડવો તમને મારી નાખી ન શકે. જુઓ, પાંડવોનું સૈન્ય હવે તદ્દન ઓછું જ રહ્યું છે અને કૃષ્ણ તથા અર્જુન તદ્દન ઘાયલ થયા છે. જો ક્ષણભર ટકી રહીશું તો આપણો વિજય જ છે.' રાજા દુર્યોધનનાં આવાં વચનો સાંભળીને કૌરવયોદ્ધાઓ પાછા સતેજ થયા અને દુર્યોધન યુધિષ્ઠિર વગેરે સામે દોડી ગયો.

દરમિયાન કૌરવસેનાનો એ હૃદયદ્રાવક દેખાવ જોઈને કૃપાચાર્ય દુર્યોધનને કહેવા લાગ્યા: 'મહારાજ દુર્યોધન! યુદ્ધ શરૂ થયે આજે સત્તર દિવસ થયા. દરમિયાન જેમના પર આપણે આ યુદ્ધનો ભાર મૂક્યો હતો તેવા ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરેએ શરીરનો ત્યાગ કર્યો છે અને ભીમ તથા અર્જુન આપણા સૈન્યને ડહોળી રહ્યા છે. માટે મહારાજ! આ સમયે યુધિષ્ઠિરને નમી પડી જો આપણે રાજ્ય મેળવીએ તો તેમાં આપણું જ શ્રેય રહેલું છે; માટે પાંડવો સાથે એકદમ સંધિ કરો અને બાકી રહેલા આ યોદ્ધાઓના પ્રાણ બચાવો.'

કૃપાચાર્યનાં આવાં વચનો સાંભળીને દુર્યોધન બોલ્યો: 'આચાર્ય! આપ જે કહો છો તે યથાર્થ છે, પણ મને તે રુચતું નથી. પાંડવો મારા તરફના વેરથી એવા ઉગ્ર બન્યા છે કે હવે તેઓ આ ક્ષણે સંધિ કરે તેમ મને જણાતું નથી. ઉપરાંત હું પણ મહારાજ છું: સમુદ્ર પર્યંતની પૃથ્વીને મેં ભોગવી છે. એનો એ જ હું પાંડવોની કૃપા મેળવી રાજ્ય કેવી રીતે કરી શકું? પાંડવોની સાથે આ વખતે સંધિ કરવી એ મને સમયોચિત જણાતું નથી. મારા માટે આ ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરે પ્રાણ પાથરીને રણમાં સૂતા. આજે હું ધ્યેયને પામ્યા વિના સંધિનો વિચાર કરું એ મને કેમ શોભે?'

દુર્યોધનનાં આવાં વચનો સાંભળીને યોદ્ધાઓને તેને શાબાશી આપી; પછી સૌ થાકી ગયા હતા એટલે થોડી વાર આરામ લીધો. હવે કૌરવસેના માટે નવો સેનાપતિ નીમવાની જરૂર હતી. કૌરવયોદ્ધાઓએ સમર્થ નેતાની માગણી કરી એટલે દુર્યોધન અશ્વત્થામા પાસે ગયો ને તેની સલાહ માગી. ત્યારે અશ્વત્થામા બોલ્યો: 'આ શલ્યરાજા કુળ, રૂપ, તેજ, યશ અને લક્ષ્મી આદિ ગુણોથી સર્વોત્કૃષ્ટ છે માટે તેને જ આપણા સેનાપતિ બનાવો. પાંડવો પોતાના ભાણેજો થાય છે છતાં તેમનો ત્યાગ કરીને આપણને સહાય કરવા તેઓ આવ્યા છે તે તમો જાણો છો.'

અશ્વત્થામાનો આ વિચાર જાણીને બોલ્યો: 'મહારાજ! તમે મારી સેનાના અધિપતિ થાઓ.'

દુર્યોધનનાં આવાં વિવેકયુક્ત વચનો સાંભળીને શલ્ય બોલ્યા: 'કુરુરાજ! તમે જે ભાર મારા માથા પર મૂકવા માગો છો તેનો હું સ્વીકાર કરું છું. મારા પ્રાણ, રાજ્ય અને ધન એ સર્વે તમારા માટે જ છે એમ સમજજો. હું ખુશીથી તમારી સેનાનો અધિપતિ થઈશ.'

શલ્યે આ પ્રમાણે કહ્યું એટલે દુર્યોધને ભરસભામાં તેનો અભિષેક કર્યો અને કૌરવો પાછા આનંદમાં આવી ગયા. દરમિયાન શલ્ય સેનાપતિ થયાના સમાચાર જાણી યુધિષ્ઠિરના મનમાં થોડીએક ચિંતા થઈ, પણ શ્રીકૃષ્ણે તેમને શાંત કર્યા અને મોડી રાતે સૌ આરામ લેવા માટે નિદ્રાધીન થયા.

રાત પૂરી થઈ એટલે શલ્યે સેનાની ગોઠવણીના હુકમો છોડ્યા. શલ્યે આજે સર્વતોભદ્ર

નામનો વ્યૂહ રચ્યો અને પોતે વ્યૂહના મુખમાં જ કવચ પહેરીને ઊભો રહ્યો. દુર્યોધન વ્યૂહના મધ્યમાં હતો; શકુનિ અને કૈતવ્ય દુર્યોધનની પાછળ હતા. બીજી બાજુ પાંડવોએ પોતાની સેનાના ત્રણ ભાગ કરી નાખ્યા અને ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા સાત્યકિ એક એક ભાગ લઇને કૌરવો સામે ઊપડી ગયા. અઢારમા દિવસનો આ સંહાર જોયો જાય તેવો ન હતો. પાંડવોએ આજે કાળો કેર વરતાવ્યો, એટલે થોડી વાર ટકી રહેલી કૌરવસેના વળી પાછી માર ખાતી પાછળ હઠવા લાગી ને લશ્કરમાં ભંગાણ પડ્યું. શલ્યરાજાએ પોતાનો રથ યુધિષ્ઠિરના રથ તરફ હંકાવ્યો અને બન્ને વીરોથી યુદ્ધભૂમિ શોભી ઊઠી. એટલામાં નકુળે કર્ણના પુત્ર ચિત્રસેનની સાથે યુદ્ધ આદર્યું અને તેનું મસ્તક ધડ પરથી ઉતારી લીધું. પોતાના ભાઈને મરેલો જાણીને મહારથી સત્યસેન તથા સુષેણ નકુળની સામે દોડી ગયા અને નકુળને બાણો મારીને વીંધવા લાગ્યા. તેમણે નકુળને રથ વિનાનો કરી મૂક્યો, પણ નકુળ તો દ્રૌપદીપુત્ર સુતસોમના રથ પર ચડી બેઠો અને બન્ને ભાઈઓનાં માથાં ધડથી જુદાં કર્યાં.

આ પ્રમાણે બન્ને સૈન્યો લડી રહ્યાં હતાં એવે વખતે શલ્યરાજા યુધિષ્ઠિર તથા ભીમ ઉપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યો પણ યુધિષ્ઠિર અને ભીમે શલ્ય ઉપર એવો મારો ચલાવ્યો કે ઉલૂક, શકુનિ, અશ્વત્થામા, કૃતવર્મા વગેરે સૌ ત્યાં એકઠા થઈ ગયા અને શલ્યનું રક્ષણ કરવા લાગ્યા. શલ્યે ભીમના સારથિને મારી નાખ્યો એટલે ભીમ હાથમાં ગદા લઈને નીચે ઊતરી પડ્યો, અને એ ગદાથી કૃતવર્માના રથના ભૂકા કર્યા તથા શલ્યના સારથિને મારીને નીચે પટક્યો. ત્યાર બાદ શલ્ય અને ભીમનું ગદાયુદ્ધ શરૂ થયું. દુર્યોધને ચેકિતાનને મારી નાખ્યો અને કૃપાચાર્ય તથા કૃતવર્મા યુધિષ્ઠિર સામે યુદ્ધમાં ઊતર્યા.

આજે શલ્યનું પરાક્રમ અદ્‌ભુત હતું. મદ્રરાજની ભયાનક ઘૂમાઘૂમથી પાંડવો માત્ર ગભરાઈ ગયા. શલ્યે સાત્યકિના ઘોડાઓને મારી નાખી તેને રથહીન કર્યો. નકુળ-સહદેવ તથા યુધિષ્ઠિરને બાણોથી વીંધ્યા અને સાત્યકિને પણ યુદ્ધમાં મૂંઝવ્યો. શલ્યનો આવો સપાટો જોઈને પાંડવો નાસભાગ કરવા લાગ્યા, પણ અર્જુને તેમને ખાળી રાખ્યા. શલ્ય પોતાના લશ્કરને આ પ્રમાણે મારી નાખે છે એ જોઈને યુધિષ્ઠિરને ક્રોધ ચડ્યો ને તેમણે પ્રતિજ્ઞા કરી: 'આજે મારા ભાગમાં બાકી રહેલા શલ્યને હું મારીશ.' દરમિયાન ભીમ દુર્યોધન સાથે ઝપાઝપીમાં ઊતર્યો અને દુર્યોધનને છાતીમાં પ્રહાર કરી તેને મૂર્છામાં નાખ્યો, તેમ જ તેના સારથિનું માથું પણ કાપી લીધું. આથી ઘોડાઓ પોતાની મેળે રથને તથા દુર્યોધનને લઈને નાઠા અને કૌરવસેના ભયભીત બની ગઈ.

આ બાજુ યુધિષ્ઠિર મહારાજ શલ્ય પર પોતાનો મારો ચલાવી રહ્યા હતા અને મદ્રરાજ પણ તેનો યોગ્ય જવાબ આપતા હતા. આખરે યુધિષ્ઠિરે શલ્યના ધનુષ્યને કાપી નાખ્યું, તેના ઘોડા તથા સારથિને ગબડાવી પાડ્યા અને તેના ધ્વજને કાપી નાખ્યો. પણ એટલામાં અશ્વત્થામાં ત્યાં આવી પહોંચ્યો ને શલ્યને પોતાના રથમાં બેસાડી દૂર લઈ ગયો. ઘડી પછી શલ્યરાજા પાછો યુધિષ્ઠિર સન્મુખ આવ્યો અને યુધિષ્ઠિરનાં ધનુષ્ય, ધ્વજ, ઘોડા, સારથિ વગેરેનો નાશ કરી સિંહનાદ કરવા લાગ્યો; પણ શલ્યને પાંડવો પાડશે જ એવો જે યુધિષ્ઠિરનો નિશ્ચય હતો તેને તેમણે વધારે મજબૂત કર્યો અને પોતાની પાસે એક રથશક્તિ હતી તેને શલ્યની સામે ફેંકી એટલે શલ્ય રથ પરથી ધરણી પર ઢળી પડ્યો અને દીર્ઘ કાળની નિદ્રાને આધીન થયો. શલ્ય પડ્યો, એ જાણીને તેનો ભાઈ યુધિષ્ઠિરની સામે ધસ્યો, પણ યુધિષ્ઠિરે તેનું પણ માથું ઉતારી લીધું.

૨

શલ્ય અને વિચિત્રકવચ બન્ને પડ્યા એટલે કૌરવોમાં ભંગાણ પડી ગયું; અને કુરુસૈન્યે અવળું મોઢું કરી રણમાંથી નાસવા માંડ્યું તથા પાંડવો વિજયનાદ કરવા લાગ્યા. હવે પાંડવો નાસભાગ કરતા મદ્ર યોદ્ધાઓ પર તૂટી પડ્યા અને દુર્યોધન, શકુનિ વગેરે તેમનો બચાવ કરવા આમતેમ ઘૂમવા લાગ્યા. દુર્યોધને પોતાના રથને સૈન્યના મોખરામાં ઊભો ન રાખતાં પાછળ રાખ્યો. ભીમસેન અને ધૃષ્ટદ્યુમ્ન આ યોદ્ધાઓની પાછળ પડ્યા એટલે તેઓ પણ સામા થયા અને ભીમના રથને ઘેરી લીધો; પણ ભીમસેને તેમનો સૌનો સંહાર કરી નાખ્યો. બીજી તરફ યુધિષ્ઠિરે પણ સપાટો ચલાવ્યો એટલે દુર્યોધન તેમની સામે ધસ્યો. એ વખતે મ્લેચ્છ રાજા શાલ્વ હાથી પર બેસીને પાંડવો સામે ધસ્યો અને ધૃષ્ટદ્યુમ્નના રથ, ઘોડા તથા સારથિના ભૂકા કરી નાખ્યા; એટલામાં ભીમ શિખંડી તથા સાત્યકિ તેની મદદે આવ્યા. આ સૌની મદદથી ધૃષ્ટદ્યુમ્ને શાલ્વના હાથીનું ગંડસ્થળ તોડી પાડ્યું અને હાથી પર બેઠેલા શાલ્વને સાત્યકિએ એક બાણ મારી તેનું મસ્તક કાપી લીધું.

ત્યાર પછી તો યુદ્ધ વધારે ભયંકર થયું અને ચારે તરફ રમખાણ ચાલી રહ્યું. યુદ્ધની ઝપાઝપીમાં કૌરવો નાશ પામી ગયા એટલે યુદ્ધ શાંત જેવું થવા લાગ્યું. એટલામાં શકુનિને હાકલ કરી. ‘મહા બળવાન રાજા દુર્યોધન ક્યાં છે?’ શકુનિએ સૈન્યમાંથી જ જવાબ માળ્યો: ‘રણના મધ્ય ભાગમાં આ રહ્યા પેલા મહા બળવાન એવા દુર્યોધન મહારાજ.’ તરત જ શકુનિ દુર્યોધનની પાસે પહોંચ્યો અને બોલ્યો: ‘હવે તમે પાંડવોના રથ-સૈન્યનો નાશ કરી નાખો.’ શકુનિનાં આવાં વચનો સાંભળીને કૌરવો પાછા જોસમાં આવ્યા અને પાંડવો સામા ધસ્યા. આ તરફ હવે અર્જુન એકલો જ કૌરવસેનાનો કચ્ચરઘાણ કાઢવા લાગ્યો. બીજી તરફ ધૃષ્ટદ્યુમ્ન દુર્યોધનની સામે થયો અને તેને રથ વિનાનો કરી મૂક્યો એટલે તે એક ઘોડા પર બેસી રણમાંથી થોડે દૂર ચાલ્યો ગયો. દરમિયાન કૌરવયોદ્ધાઓ ટપોટપ પડ્યે જ જતા હતા, અને દુર્યોધનની તપાસ કરવા છતાં તેનો પત્તો ન લાગવાથી નિસ્તેજ બની મૃત્યુવશ થતા હતા. આ વખતે જ ભીમસેને ધૃતરાષ્ટ્રના અગિયાર પુત્રોને મારી નાખ્યા. અર્જુને સુશર્માને મારી નાખ્યો અને ભીમસેને સુદર્શનને યમ પાસે મોકલ્યો. કૌરવસૈન્યમાં ધીમે ધીમે ભંગાણ ખૂબ જ વધી પડ્યું એટલે દુર્યોધન આગળ આવ્યો અને બોલ્યો: ‘હે યોદ્ધાઓ! પાછા ફરો.’ શકુનિએ તથા તેના પૂત્ર ઉલૂકે ભીમસેનની સામે ટક્કર લીધી પણ આખરે તો સહદેવે તે બન્નેને મારી નાખ્યા. શકુનિ પડ્યો ત્યારે પાંડવોએ મોટો જયનાદ કર્યો ને સહદેવને ધન્યવાદ આપ્યા.

૩

શકુનિ પડ્યો એટલે તો કૌરવસૈન્ય સાવ ભાંગી ગયું, ને આખી રણભૂમિ પર ઉજ્જડ વેરાન જેવું દેખાવા લાગ્યું. આખરે દુર્યોધન બિચારો સૈન્ય અને વાહન વિનાનો એકલો શું કરે! તેણે રણમાંથી નાસી જવાનો વિચાર કર્યો. આખી રણભૂમિ પર તેણે એક લાંબી દૃષ્ટિ

ફેંકી પણ પોતાને મદદ કરે એવો કોઈ પુરુષ જોયો નહિ, એટલે અગિયાર અક્ષૌહિણી સેનાનો ધણી હાથમાં ગદા લઈ એકલો પગપાળો પૂર્વમાં આવેલા એક ધરા તરફ ચાલી નીકળ્યો. ત્યાં જઈને ધરામાં સંતાઈ ગયો. આ જ વખતે જેમનાં વાહનો થાકી ગયાં હતાં અને જેમનાં શરીરો ઘાયલ થયાં હતાં એવા કૃપાચાર્ય, અશ્વત્થામા અને કૃતવર્મા દુર્યોધનને શોધતા શોધતા એ ધરા પાસે જ આવી પહોંચ્યા. પણ પાંડવોના અવાજો આવતા હોવાથી તેઓ ધરા પાસે ન રોકાતાં ત્યાંથી સીધા છાવણી તરફ ચાલી નીકળ્યા.

કૌરવોની છાવણીમાં તો રોકકળ શરૂ થઈ ચૂકી હતી. સ્ત્રીઓએ રુદનથી પૃથ્વીને ગજાવી મૂકી હતી. તેઓ બધી વૃદ્ધ પુરુષો સાથે હસ્તિનાપુર જવા નીકળી અને યુયુત્સુ એ બધાંને લઈને યુધિષ્ઠિર તેમ જ શ્રીકૃષ્ણની પરવાનગીથી હસ્તિનાપુર જવા ઊપડ્યો.

આ તરફ પાંડવોએ દુર્યોધનની ઘણી તપાસ આદરી પણ ભાળ ન લાગી એટલે તેઓ પણ પોતાની છાવણી તરફ પાછા વળ્યા. પાંડવો રણભૂમિને છોડી ગયા પછી અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા પાછા ધરા પાસે આવ્યા અને દુર્યોધન રાજાને કહેવા લાગ્યા: ‘રાજન્! ઊઠો, પાણીમાંથી બહાર નીકળો, ને અમારી સાથે રહી યુધિષ્ઠિર સામે યુદ્ધ કરો. ઊઠો બહાર આવો.’

પોતાના પક્ષના ત્રણ મહારથીઓનાં આવાં વચનો સાંભળીને ધરાની અંદરથી દુર્યોધન બોલ્યો: ‘હે વીર પુરુષો! આવા ભયંકર સંહારમાંથી તમને ત્રણને બચેલા જોઉં છું તે મારું અહોભાગ્ય છે. આપણે સૌ થાકેલા છીએ માટે મને યુદ્ધ કરવું રુચતું નથી. આજની રાત વિસામો લઈ આવતી કાલે રણમાં હું તમારી સાથે યુદ્ધ કરવા ઊભો રહીશ એ શંકા વિનાની વાત છે.’

દુર્યોધનનાં આવાં વચનો સાંભળીને અશ્વત્થામાથી ન રહેવાયું એટલે તે બોલ્યો: ‘રાજન્! ઊઠો. આપણે અવશ્ય શત્રુઓને જીતશું. હું તમને સહાય કરવા તત્પર છું. યુદ્ધમાં પાંચાલોનો સંહાર કર્યા વિના હું મારું કવચ ઉતારવાનો નથી.’

આ પ્રમાણે તેઓ ચારે વાત કરતા હતા એવામાં કેટલાક પારધીઓ ત્યાં પાણી પીવા માટે આવ્યા અને તેમણે ચારે જણાની આ વાત સાંભળીને પાંડવોને કહી. પાંડવો તો દુર્યોધનને શોધતા જ હતા, અને તેની તપાસ માટે તેમણે તો ચારે તરફ માણસો પણ મોકલી દીધા હતા. એવામાં આ સમાચાર મળ્યા એટલે તેમણે પોતાના રથ જોડ્યા અને દ્વૈપાયન નામના તે ધરા પાસે આવી પહોંચ્યા. જોતજોતામાં પાંડવો રથના ગડગડાટ સહ આવી લાગ્યા એટલે આ ત્રણ મહારથીઓ બોલ્યા: ‘પાંડવો આ તરફ આવતા લાગે છે. તમારો તેમને પત્તો લાગી જાય એવા ભયથી અમે અહીંથી દૂર ચાલ્યા જઈશું. તમે અમને આજ્ઞા આપો.’ આ પ્રમાણે ત્રણ મહારથીઓને દુર્યોધને રજા આપી અને પોતે જળને થંભાવી દઈને ધરામાં સૂઈ રહ્યો.

૪

આ બાજુ પાંડવો ધરા પાસે પહોંચ્યા ત્યારે યુધિષ્ઠિર બોલ્યા: ‘કેશવ! જુઓ, આ દુર્યોધન માયાથી અંદર પેસી રહ્યો છે. પરંતુ આવું કપટ કરીને આજે તે મારી પાસેથી છૂટશે નહિ.’ પછી મહારાજ યુધિષ્ઠિર દુર્યોધનને સંબોધીને કહેવા લાગ્યા: ‘દુર્યોધન! તારા કુળને

મારી નખાવી તું જળાશયમાં કેમ પેસી ગયો છે? રાજન્! ઊભો થા, ઊભો થા; મારી સાથે યુદ્ધ કરવા આવ.'

ધર્મરાજ યુધિષ્ઠિરે આ પ્રમાણે કહ્યું એટલે પાણીમાં રહ્યો રહ્યો દુર્યોધન બોલ્યો: 'હું પ્રાણના ભયથી અહીં આવ્યો નથી. હું એકલો પડી ગયો હતો તેથી શાંતિ લેવા માટે મેં આ સ્થાનને પસંદ કર્યું છે. જરા વિશ્રાંતિ લીધા પછી અહીંથી ઊઠીને હું તમારા બધા સાથે યુદ્ધ કરીશ.'

તરત જ યુધિષ્ઠિર બોલ્યા: 'અમે બધા તને ઘણા સમયથી શોધી રહ્યા છીએ. યુદ્ધમાં પાંડવોનો નાશ કરીને સમૃદ્ધિવાન રાજ્યને તું પામ અથવા તો અમારે હાથે મરણ પામીને વીરલોકને મેળવ.'

યુધિષ્ઠિરનાં આવાં વચનો સાંભળીને દુર્યોધન બોલ્યો: 'હે યુધિષ્ઠિર! મારા સર્વ ભાઈઓ તો યુદ્ધમાં મરણ પામ્યા છે. આજે વિધવા બની ગયેલી આ પૃથ્વી પર રાજ્ય કરવાનો મને ઉત્સાહ નથી રહ્યો. યુધિષ્ઠિર! હજીયે પાંચાલોને અને પાંડવોને ભાંગી નાંખવાની આશા મને નથી એમ ન સમજ; પણ હવે મારે યુદ્ધ કરીને શું કરવું છે! ભીષ્મ વગેરે સૌ મરી પરવાર્યા છે એટલે શૂન્ય એવી આ પૃથ્વી હવે ભલે તારી જ થાય! હવે હું મૃગચર્મ ધારણ કરીને વનમાં જ ચાલ્યો જઈશ. હવે મને રાજ્ય પર પ્રીતિ રહી નથી. આજે હું મનુષ્યો વિનાનો થઈ ગયો છું એટલે ખુદ જીવતર પર મને વૈરાગ આવ્યો છે. તું હવે જા; તારી આજીવિકા પહેલેથી જ ક્ષીણ થઈ ગયેલી છે એટલે ક્ષીણ થઈ ગયેલી પૃથ્વીને તું સુખેથી ભોગવ.'

ધરામાં રહેલા દુર્યોધનનાં આવાં મર્મવચનો સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું: 'બાપ દુર્યોધન! પાણીમાં રહ્યો રહ્યો હવે આવું ન બોલ. હું તારી આપેલી પૃથ્વીનું દાન લેવાનો નથી, પણ યુદ્ધમાં તને જીતીને પૃથ્વીનો ઉપભોગ કરવાનો છું. પણ હું તને એટલું સંભળાવી દઉં છું કે ગમે તેટલું કરીશ તોપણ હવે તું જીવતો છૂટવાનો નથી. તેં અમને દુ:ખ દેવામાં બાકી રાખી નથી; હવે ઊઠ અને બહાર આવીને યુદ્ધ કર.'

સ્વભાવથી જ ક્રોધી દુર્યોધન યુધિષ્ઠિરનાં આવાં વચનો સાંભળી શક્યો નહિ એટલે ધરામાં રહ્યો રહ્યો નિ:શ્વાસ નાખવા લાગ્યો અને મનમાં નિશ્ચિય કરતો બોલ્યો: 'તમે સૌ રથો અને વાહનો પર બેસીને અહીં આવ્યા છો ત્યારે હું એકલો છું, થાકી ગયેલો છું, રથ વિનાનો છું અને મારા ઘોડાઓ પણ માર્યા ગયા છે. તમે બધા સશસ્ત્ર છો ત્યારે મારી પાસે એક પણ શસ્ત્ર નથી. માટે હે યુધિષ્ઠિર! મારી સાથે ધર્મયુદ્ધ કરવું હોય તો તમે બધા એક એક થઈને મારી સામે યુદ્ધ કરવા આવો. મને તમારામાંથી કોઇનો ભય નથી. કોપાયમાન થઈને યુદ્ધમાં ઊભો રહીશ ત્યારે હું એકલો જ તમને સૌને પૂરો પડીશ એમાં મને શંકા નથી. યુધિષ્ઠિર! તમે સૌ સ્થિર થઈને ઊભા રહો એટલે તમને મારીને હું ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરેના ઋણમાંથી મુક્ત થાઉં.'

દુર્યોધન આટલું બોલીને અટક્યો એટલે યુધિષ્ઠિર બોલ્યા: 'વાહ, વાહ! આજે તું ધર્મયુદ્ધને બરાબબર સમજે છે એ સારી વાત છે. આજે હું તને કહું છું, તને જે પ્રિય હોય તે આયુધ લઈ તું એકલો અમારામાંના કોઈ પણ એકની સાથે જ યુદ્ધ કર; અમે બધા પ્રેક્ષકો તરીકે જ એક બાજુ ઊભા રહેશું. હે વીરા! તને બીજું પણ કહું છું. અમારામાંથી કોઈ એકનો પણ જો તું વધ કરીશ તો તને હસ્તિનાપુરનું રાજ્ય મળશે.'

આ સાંભળીને પ્રસન્ન થયેલો દુર્યોધન બોલી ઊઠ્યો: 'તમે મને કોઈ એક જ શૂરવીરને યુદ્ધ માટે આપો. આયુધોમાં તો હું ગદાને જ સ્વીકારું છું. તમારામાંથી કોઈ એક મારી પાસે પગપાળો ગદાયુદ્ધ કરે.'

દુર્યોધને આ પ્રમાણે કહ્યું એટલે યુધિષ્ઠિર બોલ્યા: 'હે દુર્યોધન! તું એક વાર પાણીમાંથી બહાર નીકળ અને પુરુષ થઈ જા! હું જ તારી સાથે ગદાયુદ્ધ કરું.'

દુર્યોધન યુધિષ્ઠિરના આવાં વચનો સાંભળીને ફૂંફાડા મારવા લાગ્યો. તેણે પાણીને એકદમ ખળભળાવી મૂક્યું અને પોતે બહાર આવ્યો; તથા ડોળા ફાડીને પાંડવોને અને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો: 'પાંડવો! યાદ રાખજો, હમણાં જ તમે અને સર્વ પાંચાલો મારે હાથે મરણ પામી યમલોકમાં જવાના છો.'

આમ કહેતો દુર્યોધન હાથમાં ગદા લઈને પૃથ્વી પર ઊભો રહ્યો. પાંડવોએ સોનાથી મઢેલું કવચ અને સોનાથી મઢેલો ટોપ દુર્યોધનને પહેરવા માટે આપ્યાં, તે તેણે પહેર્યા અને બોલ્યો: 'તમારા બધા ભાઈઓમાંથી ગમે તે એક મારી સાથે યુદ્ધમાં ઊતરો. જેની ઇચ્છા હોય તે ગદા લઈ લ્યો.'

આ પ્રમાણે વાતચીત ચાલતી હતી તે દરમિયાન શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને ઠપકો આપતા હોય તેમ કહેવા લાગ્યા: 'હે રાજા! આ દુર્યોધન ગદાયુદ્ધમાં તમને, અર્જુનને, નકુળને કે સહદેવને પસંદ કરશે તો સૌની શી દશા થશે તે તમને ખબર છે? વળી 'અમારામાંથી કોઈ એકનો તું નાશ કરીશ તો તને હસ્તિનાપુરની ગાદી મળશે' એવું બોલીને તમે કેવું મોટું સાહસ કરી બેઠા છો?' ગદાયુદ્ધમાં તમે કોઈ દુર્યોધનની સામે ટક્કર ઝીલી શકો તેમ નથી. આ યુદ્ધમાં દુર્યોધન સામે ટક્કર લઈ શકે તેવો એક ભીમસેન છે; પણ ભીમસેન દુર્યોધન જેટલો કુશળ નથી.'

આ પ્રમાણે શ્રીકૃષ્ણ ખેદ કરવા લાગ્યા એટલે ભીમસેન બોલી ઊઠ્યો: 'શ્રીકૃષ્ણ! તમારે ખેદ કરવાની જરૂર નથી. હું આજે દુર્યોધનને મારીને કૃતાર્થ થઈશ; તમે ચિંતા ન કરો.'

આમ કહી ભીમસેન ગદા ઊંચી કરીને ઊભો થયો અને તેણે દુર્યોધનને હાકલ કરી. ઘડીભર તો ભીમસેન અને દુર્યોધન એકબીજાનાં પૂર્વનાં સ્મરણો યાદ કરીને ક્રોધવચનો કહેવા લાગ્યા, પણ પછી તરત યુદ્ધમાં ભેટ્યા. પાંડવો એક બાજુ પ્રેક્ષકો તરીકે જ ઊભા હતા. બરાબર આ જ વખતે બળરામ પોતાના વહાલા શિષ્યોનું ગદાયુદ્ધ જોવાને માટે યાત્રા કરતા કરતા ત્યાં આવી ચડ્યા એટલે શ્રીકૃષ્ણે તેમનો સત્કાર કર્યો. પછી રૂંવાડાં ખડાં કરી નાખે એવું યુદ્ધ શરૂ થયું.

જંગલમાં બે મદોન્મત્ત હાથીઓ એકબીજાની સાથે લડે, અથવા ચોમાસાનું લીલું ઘાસ ચરીને ફાટી ગયેલા બે આખલાઓ એકબીજાની સાથે લડે, તેમ ભીમસેન ને દુર્યોધન એકબીજાની સાથે લડવા લાગ્યા. કોઈ કોઈથી ગાંજ્યો જાય તેમ ન હતો; બન્ને એકબીજાને મારતા, નીચે પાડતા, મૂર્છિત કરતા, ખેંચતાણ કરતા, બેભાન બનાવતા લડ્યા જ કરતા હતા; એમાં કોણ જીતશે અને કોણ હારશે તે કહેવું ભારે મુશ્કેલ હતું. ભીમ-દુર્યોધનનું આવું અનિશ્ચિત યુદ્ધ જોઈને અર્જુન ગભરાયો અને જલદી પરિણામ આવે એમ ઇચ્છવા લાગ્યો. ઘડીભર તો એને એમ પણ લાગ્યું કે કદાચ દુર્યોધન ભીમસેનને પટકી નાખશે. એટલામાં અર્જુને ભીમસેનને સંજ્ઞા કરવા માટે પોતાની ડાબી સાથળ ઠોકી એટલે ભીમે તરત જ દુર્યોધનની ડાબી સાથળ પર ઘા કર્યો. આ ઘાથી દુર્યોધન ભાંગી ગયો અને ધરણી પર ઢળ્યો.

૫

દુર્યોધન પડ્યો એટલે પાંડવો ખૂબ આનંદમાં આવી ગયા; અને ભીમ તો છેક તેની પાસે જઈને તેને અનેક મહેણાં મારવા લાગ્યો, તેના મસ્તકને ડાબા પગની એક લાત મારી, તેમ જ મસ્તક પર પોતાનો પગ મૂક્યો.

ભીમસેનના આ કૃત્યને જોઇને યુધિષ્ઠિર બોલ્યા: 'ભીમસેન! તું એના મસ્તકને લાત ન માર. દુર્યોધન ગમે તેમ એક રાજા છે, ને આપણો સંબંધી છે.'

આ પ્રમાણે યુધિષ્ઠિર ભીમસેનને ઠપકો આપતા હતા ત્યાં બીજી બાજુ પ્રેક્ષકવર્ગમાંથી બળદેવ ખળભળી ઊઠ્યા અને બોલ્યા: 'ઓ ભીમ! તને ધિક્કાર છે, ધિક્કાર છે! તેં દુર્યોધનને નાભિની નીચેના ભાગમાં પ્રહાર કર્યો છે, તે ગદાયુદ્ધના નિયમોની વિરુદ્ધ છે. ભીમસેનનું આ કાર્ય ખરી રીતે ગદાના યુદ્ધશાસ્ત્રનું અપમાન છે. ને મારાથી તે સહન થઈ ન શકે.' એમ બોલતા બળરામ પોતાનું હળ ઉગામી ભીમસેનની સામા દોડ્યા. શ્રીકૃષ્ણે તેમને અટકાવ્યા અને સમજાવીને શાંત પાડ્યા, પણ તેથી બળરામના મનનું સમાધાન તો ન જ થયું; તે પોતે તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા અને દ્વારકા તરફ રવાના થયા.

આ તરફ પાંડવોએ હર્ષમાં આવી જઈને શંખનાદો કર્યા અને દુર્યોધનને તેનાં આજ સુધીનાં કૃત્યોનું સ્મરણ આપતાં વાક્યો બોલવા લાગ્યા. પણ શ્રીકૃષ્ણે તેમને ઠંડા પાડતાં જણાવ્યું: 'આ દુર્યોધન હવે મૂએલા જેવો જ છે; માટે ઉગ્ર વાણીઓ સંભળાવીને તેને વિશેષ મારવો એ આપણને છાજતું નથી. આજે તે ભાંગી પડેલા લાકડા જેવો જ થઇ ગયો છે. આપણે સૌ હવે રથમાં બેસી જઇએ ને સત્વર આપણી છાવણી તરફ જઇએ.'

૬

ત્યાર પછી પાંડવો કુરુસૈન્યની છાવણી તરફ ગયા અને ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી, દ્રૌપદીના પુત્રો વગેરે પોતપોતાની છાવણી તરફ ચાલ્યા. પાંડવો દુર્યોધનની છાવણી તરફ પહોંચ્યા અને રથમાંથી ઊતરતા હતા એટલામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું: 'અર્જુન! તું તારા ગાંડીવને અને અક્ષય ભાથાઓને ઉતારી નાખ, અને તું પ્રથમ રથ પરથી ઊતરી જા. તું ઊતરે પછી હું રથ પરથી ઊતરીશ.'

શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું એટલે અર્જુન રથ પરથી પહેલો ઊતર્યો, ને પછી શ્રીકૃષ્ણ ઊતર્યા. તરત જ અર્જુનનો મહારથ ભડભડાટ બળવા લાગ્યો, એટલે શ્રીકૃષ્ણ બોલ્યા: 'અર્જુન! આજે તારું જીવન કાર્ય પૂરું થયું તેથી તારો આ દિવ્ય રથ ભસ્મ થઈ ગયો છે. મહારાજ યુધિષ્ઠિર! તમારો વિજય થયો તે બહુ સારું થયું. હે યુધિષ્ઠિર! હવે તમારે જે કાર્યો કરવાનાં બાકી હોય તે કરી નાંખો.'

શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળીને યુધિષ્ઠિર ગદ્ગદિત થઈ ગયા અને બોલ્યા: 'મહારાજ શ્રીકૃષ્ણ! તમારી કૃપાથી જ અમે આ સંકટો પાર ઊતર્યા છીએ એમાં શક નથી.' આમ બોલતા યુધિષ્ઠિર શ્રીકૃષ્ણને નમી પડ્યા ને પછી સૌ કૌરવછાવણીમાં દાખલ થયા.

૭

આ તરફ દુર્યોધનને ભીમસેને અધર્મથી મારી નાખ્યો છે એવા ઊડતા સમાચાર સાંભળી અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા દુર્યોધન પડ્યો હતો ત્યાં આવી પહોંચ્યા. દુર્યોધન લોહીલોહાણ થઈને પૃથ્વી પર તરફડિયાં મારતો હતો; તેની આસપાસ માંસ ખાનારાં પક્ષીઓ ટોળે મળ્યાં હતાં; તેનાં નેત્રો ફાટલાં જેવાં થઈ ગયાં હતાં. દુર્યોધનની આવી દશા જોઈ ત્રણેય મહારથીઓ લગભગ બેભાન થઈ ગયા અને રથ પરથી હેઠા ઊતરીને તેની સામે જોતા પૃથ્વી પર બેઠા. એવામાં આંસુથી ભરાઈ જતાં નેત્રોવાળો અશ્વત્થામા બોલ્યો: 'મહારાજ દુર્યોધન! પૂર્વે તમે સર્વના રાજા હતા ને આખી પૃથ્વીને આજ્ઞા આપી રહ્યા હતા; તે જ તમે આ નિર્જન વનમાં આજે એકલા પડ્યા છો! આ બધું શું થયું? જુઓ તો ખરા; કાળનો કેટલો બધો ફેરફાર!

આ પ્રમાણે બોલતા અશ્વત્થામાને જોઈ દુર્યોધને પોતાનાં બન્ને નેત્રોને હાથ વતી લૂછ્યાં અને બોલ્યો: 'વિધાતાએ લોકોને માટે આવો જ ક્રમ નિર્માણ કર્યો છે. પણ આનંદની વાત એ છે કે આપત્તિ પ્રસંગે પણ હું યુદ્ધમાંથી પાછો હઠ્યો નથી. તમે મારા મરણનો શોક ન કરો; ઊલટું તમારે તો આ વખતે આનંદિત થવું ઘટે છે કે હું ક્ષત્રિયોના ઉત્તમ મરણને પામ્યો છું.' આટલું કહી દુર્યોધન બોલતો બંધ થયો. તેની આંખો આંસુથી ભરાઈ ગઈ ને કંઠ રૂંધાઈ ગયો. દુર્યોધનનાં આવાં વચનો સાંભળીને પ્રાત:કાલના અગ્નિ જેવો અશ્વત્થામા ખળભળી ઊઠ્યો અને બોલ્યો, 'રાજન્! પાંડવોએ અધર્મ કરીને મારા પિતાને મારી નાખ્યા તે વખતે પણ મને આટલો સંતાપ થયો ન હતો. રાજન્! હું સોગનપૂર્વક કહું છું કે આજે વાસુદેવના દેખતાં હું બધા પાંચાલોને યમરાજને ઘેર મોકલીશ; મને આ કામ માટે તમે રજા આપો.'

મનને આનંદ આપે એવાં અશ્વત્થામાનાં આ વચનો સાંભળી દુર્યોધન બોલ્યો: 'હે કૃપાચાર્ય! જળથી ભરેલો એક કળશ મારી પાસે સત્વર લાવો.'

રાજાની આજ્ઞા થતાવેંત કૃપાચાર્ય એક કળશમાં જળ ભરીને લાવ્યા એટલે દુર્યોધને કહ્યું: 'હે શ્રેષ્ઠ બ્રાહ્મણ! હું તમને આજ્ઞા આપું છું કે તમે અશ્વત્થામાનો સેનાપતિપદે અભિષેક કરો.' રાજાનું આ વચન સાંભળીને કૃપાચાર્યે અશ્વત્થામાનો સેનાપતિપદે અભિષેક કર્યો એટલે અશ્વત્થામા દુર્યોધનને ભેટીને ત્યાંથી નીકળી પડ્યો.

સૌપ્તિકપર્વ

૧

આ રીતે મહારાજ પાસેથી નીકળ્યા પછી અશ્વત્થામા, કૃપાચાર્ય તેમ જ કૃતવર્મા દક્ષિણ દિશા તરફ ચાલ્યા અને સૂર્યાસ્ત વખતે છાવણી સમીપ આવી પહોંચ્યા. ત્યાર પછી આ લોકોએ પાંડવોની સેનાએ જ્યાં પડાવ નાખ્યો હતો તેની સમીપના પ્રદેશમાં જ મુકામ કર્યો અને પાંડવોના સંબંધમાં જ વિચાર ચલાવવા લાગ્યા. એવામાં પાંડવોની ગર્જનાઓ સાંભળીને તેઓ પૂર્વ તરફ નાઠા. ત્યાં તેમણે એક ઘોર વન જોયું. સૂર્યાસ્તનો સમય થઈ ગયો હતો તેથી ઘડીભર ત્યાં વિશ્રાંતિ લઈ ઘોડાઓને પાણી પાવા તેમણે તે ઘોર વનમાં પ્રવેશ કર્યો. આ વનમાં ચાલતાં ચાલતાં તેમણે એક વડનું ઝાડ જોયું, એટલે તેઓ બધા

ઝાડ પાસે જઈને રથ પરથી ઊતરી પડ્યા અને ઘોડાઓને છૂટા મૂકી દઈ પાસેના જળાશયમાં સ્નાન કરી આવ્યા.

રાત શરૂ થઈ ચૂકી હતી એટલે આ ત્રણે જણા વડના થડ પાસે બેસીને મહાયુદ્ધની વાતો કરતા કરતા નિદ્રાવશ થવા લાગ્યા. કૃપાચાર્ય ને કૃતવર્માને શોક અને શ્રમનો વધારે થાક લાગ્યો હતો એટલે તેઓ તો તરત જ નિદ્રાવશ થઈ ગયા, પણ અશ્વત્થામાને કેમે ઊંઘ આવી નહિ. એ તો ક્રોધ અને વેરના ફૂંફાડા મારતો એ ઘોર જંગલને જોવા લાગ્યો. એવામાં એક વડલા પર એકઠા થઈને રહેતા કાગડાઓને ઘુવડ ઊંઘમાં મારી નાખતું હતું તેના પર તેની નજર ગઈ. ઘુવડને આ પ્રમાણે રાતે સૂતેલા કાગડાઓ પર વેર વાળતું જોઈને અશ્વત્થામાએ વિચાર કરી લીધો: 'આ ઘુવડે મને ઠીક ઉપદેશ આપ્યો. ચાલ, હું પણ આ જ રીતે સૂતેલા પાંચાલોનો વધ કરી મારી પ્રતિજ્ઞા સિદ્ધ કરું. પાંડવોનો નાશ કરવાનો બીજો કોઈ ઉપાય છે જ નહિ.'

આ પ્રમાણેનો નિશ્ચય કરી લઈને અશ્વત્થામાએ કૃપાચાર્ય તથા કૃતવર્માને જગાડ્યા. આ બન્ને ભાઈઓ અશ્વત્થામાનો વિચાર જાણીને શરમાઈ ગયા, અને તેને કશોય ઉત્તર આપી શક્યા નહિ. એટલે અશ્વત્થામા આંસુ પાડતો બોલ્યો: 'રાજા દુર્યોધનને શત્રુઓએ કપટથી માર્યો છે. વળી ભીમસેને મૂર્ધાભિષિક્ત રાજાના માથાને પગથી કચર્યું છે. પાંડવોએ આપણા કૌરવોનો મહાસંહાર કરી નાખ્યો છે; માત્ર આપણે ત્રણ જણા એ ઘોર સંહારમાંથી બચ્યા છીએ. આપણે હવે એકાદ મહાકાર્ય કરવું જોઈએ.'

અશ્વત્થામાનાં આવાં વચનો સાંભળીને કૃપાચાર્ય બોલ્યા: હે અશ્વત્થામા! તારું કહેવું મેં સાંભળ્યું છે. હવે તું મારું કહેવું થોડુંએક સાંભળ. આપણો રાજા દુર્યોધન અર્થલુબ્ધ હતો, અદીર્ઘદર્શી હતો, મૂઢ હતો અને અસમર્થ હતો, છતાં વિચાર કર્યા વિના તેણે આવા મહાયુદ્ધનો આરંભ કર્યો. આજે આપણા પર આવી પડેલા સંકટથી મારી બુદ્ધિ એટલી બધી બહેર મારી ગઈ છે કે હું મારા પોતાના કલ્યાણના સંબંધમાં લેશ માત્ર પણ વિચાર કરી શકતો નથી. માટે આપણે ત્રણે જણા ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને વિદુરની સલાહ લઈને તે પ્રમાણે કાર્ય કરીએ, એવો મારો ચોક્કસ અભિપ્રાય છે.'

કૃપાચાર્યનાં આવાં વચનો સાંભળીને અશ્વત્થામા વધારે દુભાયો ને બોલ્યો: 'આજે મેં તો મારો પોતાનો નિશ્ચય કરી લીધો છે. અઢાર દિવસના યુદ્ધને અંતે આજે પાંચાલો રાત્રિએ સ્વસ્થ થઈને સૂશે ત્યારે હું તેમની છાવણી પર હુમલો કરી તેમને મારી નાખીશ, એટલે હું કૃતકૃત્ય થઈશ.'

અશ્વત્થામાનાં આવાં વચનો સાંભળીને કૃપાચાર્ય બોલ્યા: 'હે અશ્વત્થામા! શત્રુઓનું વેર લેવાની તને બુદ્ધિ સૂઝી છે તે સારી છે; પણ અત્યારે રાત્રિનો સમય હોવાથી તું આરામ લે; તારાં ધનુષ્ય અને કવચને અત્યારે ઉતારી નાખ. આવતી કાલે સવારમા અમે બન્ને જણા તારી પાછળ યુદ્ધ કરવા આવશું. તારો થાક જરા ઊતરશે અને તને નિદ્રા મળશે એટલે સ્વસ્થ થઈને તું શત્રુઓનો અવશ્ય વધ કરી શકીશ. અશ્વત્થામા! આજની રાત તો જરૂર તારે આરામ લેવો જોઈએ.'

પોતાના મામાનાં આવાં વચનો સાંભળીને લાલચોળ આંખોવાળો અશ્વત્થામા બોલ્યો: 'મામા! આજે નિદ્રા આવે ક્યાંથી? મારો રોમરોમ વ્યાપી રહેલો ક્રોધ મારી નિદ્રાનો સત્વર નાશ કરી નાખે છે. મારું મન આજે વ્યગ્ર થયું છે. પાંચાલો યુદ્ધ વખતે તો શ્રીકૃષ્ણ અને અર્જુનના રક્ષણ તળે હોય છે, એટલે ઇંદ્ર પણ તેમને મારી શકે તેમ નથી. મહારાજની કથનીએ મારા હૃદયને બાળીને ખાક કરી નાખ્યું છે. એટલે હવે તો હું પાંચાલોનો સંહાર કરીશ ત્યારે જ મને જંપ વળશે.'

આ પ્રમાણે કહીને પ્રતાપી અશ્વત્થામાએ તરત જ ઘોડાઓને રથમાં જોડી દીધા, એટલે વળી પાછા કૃપાચાર્ય બોલ્યા: ‘અશ્વત્થામા! તેં રથ શા માટે જોડ્યા? તેં આ વખતે શું કરવા ધાર્યું છે?’

મામાનાં આવાં વચનો સાંભળીને ક્રોધાયમાન થયેલો અશ્વત્થામા બોલ્યો: ‘મામા! પાપી ધૃષ્ટદ્યુમ્નને હું આજે પશુની માફક છૂંદી નાખીશ. મામા, કૃતવર્મા! તમે બન્ને જણા કવચ પહેરી લ્યો, તલવાર-ધનુષ હાથમાં લઈ લ્યો અને છાવણીના દરવાજામાં ઊભા રહી મારી વાટ જુઓ.’

આ પ્રમાણે કહીને અશ્વત્થામા રથમાં બેસીને ઊપડ્યો અને કૃપાચાર્ય તથા કૃતવર્મા તેની પાછળ ગયા.

૨

અશ્વત્થામા રથમાં બેસીને પાંડવોની છાવણીના દરવાજે પહોંચ્યો અને ત્યાં જઈને મહા મહેનતે અંદર પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાં કરતાં તેણે કૃપાચાર્યને અને કૃતવર્માને કહ્યું: ‘હવે હું આ છાવણીમાં કાળની પેઠે ઘૂમવાનો છું. તમે બન્ને જણા અહીં દરવાજે ઊભા રહો અને કોઈ પણ મનુષ્ય જીવતો બહાર છટકી ન જાય તેની બરાબર કાળજી રાખો.’

કૃપાચાર્યે અશ્વત્થામાને હજી પણ સમજાવ્યો અને આવું ઘોર કર્મ કરવાની ઘણી ના પાડી; પણ તે એકનો બે ન થયો.

અશ્વત્થામા છાવણીને દરવાજે આવી અંદર પેસવા લાગ્યો, પણ આજે છાવણી પર સખ્ત ચોકીપહેરો હતો એટલે અંદર પ્રવેશ કરતાં અશ્વત્થામાને ભારે મુશ્કેલી પડી. પણ આખરે તે અંદર પેઠો ને સીધો ધૃષ્ટદ્યુમ્ન સૂતો હતો ત્યાં પહોંચ્યો. અઢાર દિવસના યુદ્ધને અંતે આજે નિરાંતે સૂતેલા ધૃષ્ટદ્યુમ્નને અશ્વત્થામાએ પગની લાત મારીને જગાડ્યો, ને જેવો ધૃષ્ટદ્યુમ્ન પથારીમાંથી ઊભો થવા જાય છે કે તેના વાળ પકડીને તેને પૃથ્વી પર પટક્યો. ત્યાર પછી તરત જ અશ્વત્થામા તેની છાતી પર ચડી બેઠો અને તેનો કંઠ દબાવવા લાગ્યો. આ વખતે ધૃષ્ટદ્યુમ્ન ગૂંગળાઈ જવાથી મોટી બૂમ પાડવા લાગ્યો. પોતાના નખો વડે અશ્વત્થામાને પ્રહાર કરવા લાગ્યો અને સાવ સપડાઈ ગયો ત્યારે બોલ્યો: ‘આચાર્યપુત્ર! મન જલદીથી મારી નાખો; વિલંબ ન કરો. તમારા શસ્ત્રથી મૃત્યુ પામીને હું પવિત્રલોકમાં જઈશ.’

પણ અશ્વત્થામાએ ‘તને શસ્ત્રથી મારવો યોગ્ય જ નથી’ એમ કહ્યું, અને પોતાના પગની પાનીઓથી જ તેનાં મર્મસ્થાનોમાં પ્રહાર કરવા લાગ્યો.

ધૃષ્ટદ્યુમ્નની મરણની ચીસો સાંભળી આસપાસ સૌ જાગી ઊઠ્યા એટલે અશ્વત્થામા તંબૂની બહાર આવ્યો. હવે અશ્વત્થામા રથમાં બેસીને ચારે તરફ ઘૂમવા લાગ્યો, મોટા મોટા યોદ્ધાઓને પટકવા લાગ્યો, ઉત્તમૌજા, યુધામન્યુ વગેરેને યમપુરમાં મોકલ્યા અને નાનામોટા અનેક સૈનિકોને મૃત્યુ સમીપ પહોંચાડી દીધા.

મામા ધૃષ્ટદ્યુમ્નને મરેલો સાંભળીને દ્રૌપદીના પાંચે પુત્રો અશ્વત્થામાની સામે ધસ્યા પણ અશ્વત્થામાએ તે પાંચેને પીંખી નાખ્યા. દ્રૌપદીના પુત્રોને આ પ્રમાણે મારી નાખ્યા પછી અશ્વત્થામા શિખંડી સામે ધસ્યો અને તલવારના એક જ ઘાથી તેનું માથું ઉડાવી દીધું;

તેમજ દ્રુપદ રાજાના પુત્રો, પૌત્રો, સુહૃદો વગેરે જે કોઈ જીવતા રહી ગયા હતા તે સર્વને મારી નાખ્યા.

આ પ્રમાણે તે ઘોર રાત્રિમાં પાંચાલો તથા શિખંડીનો સંહાર કરીને અશ્વત્થામા ચૂપચાપ છાવણી બહાર આવ્યો અને કૃપાચાર્ય તથા કૃતવર્માને મળીને તેમને ભેટ્યો. ભેટતાં ભેટતાં અશ્વત્થામા બોલ્યો: 'મેં આજે સર્વ પાંચાલોનો, દ્રૌપદીના પુત્રોનો, શિખંડીનો તથા મરતાં બચેલા મત્સ્યયોદ્ધાનો સંહાર કરી નાખ્યો છે, માટે આપણે આ શુભ સમાચાર આપણા રાજા જીવતા હોય તો તેમને જણાવીએ...

કૃતવર્મા અને કૃપાચાર્યે પણ દરવાજા પાસે ઊભા રહીને છાવણીમાંથી બહાર નાસતા હજારો યોદ્ધાઓને કાપી નાખ્યા હતા, એટલે એ રીતે તેઓ પણ પોતાને કૃતાર્થ માનતા અશ્વત્થામાની સાથે દુર્યોધન જ્યાં પડ્યો હતો ત્યાં જવા નીકળ્યા.

૩

રાજા દુર્યોધનના દેહમાં જરા જરા પ્રાણ ટકી રહ્યા હતા. તે બેભાન સ્થિતિમાં હતો અને લોહી ઓકતો હતો; તેની આસપાસ હિંસક પશુઓ ફરતાં હતાં. હસ્તિનાપુરના ધણીને આવી દીન દશામાં પડેલો જોઈને આ ત્રણેય મહારથીઓ કલ્પાંત કરવા લાગ્યા અને કરુણ વચનોથી રુદન કરવા લાગ્યા.

બેભાન જેવી દશામાં પડેલા દુર્યોધનને છેવટે અસ્થમાએ કહ્યું: 'મહારાજ દુર્યોધન! તમે હજી જીવતા છો તો તમારા કાનને સુખ આપે એવું થોડું એક સાંભળો. પાંચ પાંડવો, શ્રીકૃષ્ણ અને સાત્યકિ આ સાત જ જણા પાંડવ પક્ષમાં બચવા પામ્યા છે. આપણાપક્ષમાં કૃપાચાર્ય, કૃતવર્મા ને હું એમ ત્રણ જણા જીવતા રહ્યા છીએ. આજે દ્રૌપદીપુત્રોને, દ્રુપદના પુત્રોને, સર્વ પાંચાલોને અને સર્વ મત્સ્યોને મેં અંધારી રાતમાં કતલ કર્યા છે. ધૃષ્ટદ્યુમ્નને મારીને મેં આજે મારું પિતાઋણ અદા કર્યું છે.'

મનને પ્રસન્ન કરનારાં અશ્વત્થામાનાં આવાં વચનો સાંભળીને દુર્યોધન પાછો સહેજ ભાનમાં આવ્યો અને થોડાંએક આખરી વચનો બોલ્યો: 'આજે તમે કૃપાચાર્ય ને કૃતવર્માએ મારું જે કાર્ય કર્યું છે તે ભીષ્મે, કર્ણે કે તમારા પિતાએ કર્યું ન હતું, ક્ષુદ્ર ધૃષ્ટદ્યુમ્નને તેમ જ શિખંડીને આજે તમે માર્યા એથી મારી જાતને હું ઇંદ્ર સમાન માનું છું. ગુરુપુત્ર! તમારું કલ્યાણ થાઓ. હવે આપણે સ્વર્ગમાં પાછા મળશું.'

બોલતાં બોલતાં તો દુર્યોધનના પ્રાણ ચાલ્યા ગયા, અને આ ત્રણેય મહારથીઓ દુર્યોધનને છેવટનું આલિંગન આપીને પોતાના રથમાં બેસી ત્યાંથી વિદાય થયા.

૪

આ તરફ રાત પૂરી થઈ એટલે ધૃષ્ટદ્યુમ્નનો સારથિ ધર્મરાજા જ્યાં સૂતા હતા ત્યાં ગયો

અને તેમને બધી હકીકત નિવેદન કરી. આ મહાસંહારની હકીકત સાંભળી યુધિષ્ઠિર પૃથ્વી ઉપર પડી ગયા અને કરુણ વિલાપ કરવા લાગ્યા. તેમનું મન વિહ્વળ થઈ ગયું, આંખોમાં આંસુ ઊભરાયાં અને શરીર ધ્રૂજવા લાગ્યું. આ સ્થિતિમાં સહેજ શાંત થઈને તે બોલ્યા: 'નકુળ! હું અહીંથી જા અને બિચારી દ્રૌપદીને અહીં તેડી લાવ.'

દ્રૌપદીને આ સમાચાર મળતાં જ તે કાવરીબાવરી બની ગઈ અને નકુળના રથમાં બેસીને ત્યાં આવી. દ્રૌપદી તો ક્રોધ ને શોકથી ધ્રૂજતી હતી. તે રડતી રડતી બોલી: 'મહારાજ! તમારા પુત્રોને યમને સોંપીને તમે સમગ્ર પૃથ્વી સંપાદન કરી તે બહુ ઠીક કર્યું! હવે તમે પૃથ્વીનું રાજ્ય ભોગવજો. તમે આ યુદ્ધમાં કુશળ રહ્યા તે ઠીક થયું, કેમ? પૃથાના પુત્ર! શું બોલી નાખું એમ થઈ જાય છે. આજે શોક મને બાળી રહ્યો છે. પાપી અશ્વત્થામાને તમે મારી નહિ નાખો તો હુ આ યુદ્ધક્ષેત્રમાં જ અનશનવ્રત લઈને બેસીશ અને અહીં જ મરીશ.'

આ પ્રમાણે બોલીને દ્રૌપદી ત્યાં જ બેસી ગઈ એટલે યુધિષ્ઠિર કહેવા લાગ્યા: 'દ્રૌપદી! આપણા પુત્રો તો ક્ષત્રિયોનું મૃત્યુ પામ્યા છે. અશ્વત્થામા તો અહીંથી ઘણે જ દૂર મહા ઘોર વનમાં ચાલ્યો ગયો.'

યુધિષ્ઠિરે આ પ્રમાણે કહ્યું એટલે દ્રૌપદી બોલી: 'મારા સાંભળવામાં આવ્યું છે કે અશ્વત્થામાના માથા પર તેના જન્મથી જ એક દિવ્ય મણિ રહે છે. તમે યુદ્ધમાં એ પાપીને મારીને તેનો મણિ અહીં મારી પાસે લાવો. ભીમસેન! આજ સુધીમાં તમે જ મારું રક્ષણ કર્યું છે, તો આ વખતે પણ તમે જ અશ્વત્થામાને મારી નાખો.' દ્રૌપદી આ પ્રમાણે બોલી એટલે બળવાન ભીમસેન અશ્વત્થામાનો રથ કરવા માટે રથમાં બેઠો અને ઘોડાઓને એકદમ દોડાવી મૂક્યા. દરમિયાન શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને જણાવ્યું: 'ભીમસેન અશ્વત્થામાને મારવા માટે એકલો દોડ્યો જાય છે તે ઠીક નથી. દ્રોણાચાર્યે અશ્વત્થામાને બ્રહ્માસ્ત્રનો ઉપદેશ કર્યો છે ને મનુષ્ય પર તેનો ઉપયોગ ન કરવો એવી સખ્ત ભલામણ કરી છે; છતાં અશ્વત્થામા દુષ્ટ અને ચપળ મનોવૃત્તિવાળો છે એટલે આપણે ભીમસેનનું રક્ષણ કરવાની જરૂર છે.' આ પ્રમાણે બોલીને શ્રીકૃષ્ણ રથ પર ચડ્યા એટલે તેમની સાથે જ યુધિષ્ઠિર ને અર્જુન પણ ચડ્યા. ભીમસેન ક્રોધનો માર્યો એકલો રથને દોડાવ્યે જતો હતો, તેને આ લોકો પહોંચી ગયા.

એટલામાં આ લોકોએ ગંગાના તીર પર બેઠેલા વેદવ્યાસને જોયા અને તેમની પાસે જ શરીરે ધૂળથી ખરડાયેલા પાપી અશ્વત્થામાને જોયો. અશ્વત્થામાએ શરીરે ઘી ચોપડ્યું હતું ને દર્ભનાં વસ્ત્રો પહેરી લીધાં હતાં.

અશ્વત્થામાને દૂરથી જોઈને ભીમસેને ત્રાડ મારી: 'ઊભો રહે, પાપી! ઊભો રહે.' પાંડવોને આ પ્રમાણે આવતા જોઈને અશ્વત્થામા ગભરાટમાં પડ્યો અને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરવાનું ધાર્યું. તેણે દર્ભની એક સળી લઈને બ્રહ્માસ્ત્રનું ચિંતન કર્યું ને 'આ અસ્ત્ર પાંડવોનું વિનાશ કરનારું થાઓ,' એવો સંકલ્પ કરીને છોડ્યું.

બ્રહ્માસ્ત્ર છૂટ્યું એટલે તેમાંથી ચારેતરફ અગ્નિ પ્રગટ થવા લાગ્યો અને પૃથ્વી, પર્વતો, વનો વગેરેને કંપાવવા લાગ્યો. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રની સામે અર્જુને પણ 'આ અસ્ત્રનો હું પ્રયોગ કરું છું; તે વડે પ્રથમ આચાર્યપુત્રનું, પછી મારું પોતાનું, અને પછી મારા સર્વ ભાઈઓનું કલ્યાણ થાઓ.' એવો મંગળ સંકલ્પ કરીને બ્રહ્માસ્ત્રને છોડ્યું. આ બન્ને બ્રહ્માસ્ત્રો સામસામા જગતને કંપાવવા લાગ્યાં. એટલામાં જગતના કલ્યાણ અર્થે ભગવાન નારદ અને વ્યાસ આગળ આવ્યા અને બોલ્યા: 'આજ સુધીમાં પૃથ્વી પર ઘણા મહારથીઓ થઈ ગયા છે પણ મનુષ્ય પર કોઈએ આ અસ્ત્રનો પ્રયોગ કર્યો નથી. હે વીરો!

તમે બહુ સાહસ કર્યું!'

મુનિઓને જોઈને અર્જુને પોતાનું અસ્ત્ર તરત જ પાછું ખેંચી લેવાનો વિચાર કર્યો; ને તેમને નમસ્કાર કરતો અર્જુન બોલ્યો: 'મેં મારું અસ્ત્ર લોકકલ્યાણનો સંકલ્પ કરીને છોડ્યું છે. હું તો મારા અસ્ત્રને પાછું ખેંચી લઉં છું, પણ આ પાપી અશ્વત્થામા અમને બાળી નાખશે.' એમ કહીને અર્જુને પોતાના બ્રહ્માસ્ત્રને તરત જ પાછું ખેંચી લીધું. અશ્વત્થામાએ પણ આ બે મુનિઓને જોઈને પોતાનું અસ્ત્ર પાછું ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો, પણ તેનો પ્રયત્ન ફોગટ થયો એટલે દીન થઈને તે બોલ્યો: 'હે મુનિ! પાંડવોના ભયથી જ મેં આ અસ્ત્રનો પ્રયોગ કર્યો છે; હવે હું એને પાછું ખેંચી લેવા શક્તિમાન નથી. 'આ અસ્ત્ર પાંડવોનો વિનાશ કરે;' એવો સંકલ્પ કરીને જ મેં આ પ્રયોગ કર્યો છે, એટલે આ અસ્ત્ર આજે પાંડવોનો વિનાશ જ કરશે. મેં ક્રોધમાં આ પાપકર્મ કર્યું છે પણ હવે એનો ઉપાય રહ્યો નથી.'

આ પ્રમાણે કહી અશ્વત્થામા શાંત થયો એટલે વ્યાસમુનિ બોલ્યા: 'અર્જુને કલ્યાણસંકલ્પથી અસ્ત્રનો પ્રયોગ કર્યો છે ને હવે તો તેને પાછું પણ ખેંચી લીધું છે; માટે તું પણ તારું અસ્ત્ર પાછું ખેંચી લે. તારો ક્રોધ શાંત થાઓ અને પાંડવોનું કલ્યાણ થાઓ. તારા માથામાં જે આ મણિ છે તે તું પાંડવોને આપી દે એટલે તારું વગરમોતે મોત જ થયું માનીને પાંડવો તને જીવતો જવા દેશે.'

વ્યાસમુનિનાં આવાં વચનો સાંભળીને અશ્વત્થામા બોલ્યો: 'આપ જે આજ્ઞા કરો તે મારે પાળવી જોઈએ. આ રહ્યો મણિ અને આ રહ્યો હું પોતે. માત્ર મેં છોડેલી દર્ભની સળી પાંડવોની સ્ત્રીના ગર્ભ પર પડશે. પ્રયોગ કરતાં અસ્ત્રનો ઉપસંહાર કરવા હું અસમર્થ છું, તેથી જ મારે આ કરવું પડે છે.'

આ પ્રમાણે કહીને અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો અભિમન્યુની સગર્ભા સ્ત્રી ઉત્તરા પર પ્રયોગ કર્યો એટલે ક્રોધાયમાન થઈને શ્રીકૃષ્ણ બોલ્યા: 'દુષ્ટ અશ્વત્થામા! આવી બાળહત્યા કરતાં તને શરમ ન આવી? રે દુષ્ટ! જા, તું એકલો જ નિર્જન પ્રદેશમાં ભટક્યા કરજે. જા, દુષ્ટ! જા.'

૫

આ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ પાંડવોની સાથે મણિ લઈને દ્રૌપદી પાસે આવ્યા અને ભીમસેન દ્રૌપદીને મણિ આપતો બોલ્યો: 'અશ્વત્થામા બ્રાહ્મણ હોવાથી અને ગુરુપુત્ર હોવાથી અમે તેને જીવતો છોડ્યો છે. દેવી! તેનાં હથિયારો છૂટી ગયાં છે. તેના યશનો તો નાશ જ થઈ ચૂક્યો છે; માત્ર તેનું શરીર જ નિર્માલ્ય જેવું બાકી રહ્યું છે.'

ભીમનાં આવાં વચનો સાંભળી દ્રૌપદીએ મણિ હાથમાં લીધો અને યુધિષ્ઠિરને ધારણ કરવા માટે તે આપ્યો. પછી દ્રોપદીએ પોતે લીધેલા અનશનવ્રતનો ત્યાગ કર્યો ને પાંડવો તથા શ્રીકૃષ્ણ આ આખાય પ્રકરણનો આવો અંત આવ્યો તેથી રાજી થયા.

સ્ત્રીપર્વ

૧

પોતાના સો પુત્ર મરી ગયા એ સમાચારથી મહારાજ ધૃતરાષ્ટ્ર દીન થઈ ગયા, તથા એ વિચારમાં ને વિચારમાં કેવળ મૂઢ બની ગયા, ને ઘડીભર તો બેભાન જેવા થઈ ગયા. પાછળથી જ્યારે ભાનમાં આવ્યા ત્યારે તે મોટેથી રડવા લાગ્યા અને આજ સુધી પોતે તથા દુર્યોધને જે પાપો કરેલાં તે સંભારીને પશ્ચાત્તાપ કરવા લાગ્યા: 'અરેરે! સભાની વચ્ચે આવીને શ્રીકૃષ્ણે મને ઘણું કહ્યું હતું કે તમે વેર ન કરો અને તમારા પુત્રને વશ રાખો, પણ મેં દુર્મતિએ શ્રીકૃષ્ણનો અનાદર કર્યો તેનું જ ફળ હું આજે ભોગવું છું.'

આ પ્રમાણે પોતાના તેમ જ દુર્યોધનના જીવનના અનેક પ્રસંગો સંભારીને ધૃતરાષ્ટ્ર શોક કરવા લાગ્યા ત્યારે સંજયે તેમને ધીરજ આપી; પણ ધૃતરાષ્ટ્રનો શોક તો સાગર ખળભળે તેવો! ધૃતરાષ્ટ્રને શોકમાં ડૂબેલા જોઈને વિદુર આગળ આવ્યા અને બોલ્યા: 'હે રાજા! ઊઠો, ઊભા થાઓ. આમ પૃથ્વી પર શું પડ્યા છો? ધીરજ લાવીને મનને સ્થિર કરો. આ સૃષ્ટિમાં પદાર્થો માત્ર નાશવંત છે એ તમે ક્યાં નથી જાણતા? જનમ્યું તે જવાનું જ છે એ નક્કી છે, તો પછી શોક શા માટે કરો છો? તમારા પુત્રો તો વીરગતિને પામ્યા છે, તેથી તેમનો શોક કરવો યોગ્ય નથી. માટે તમે મનને સ્થિર કરો, શાંત કરો અને શોક ન કરો.'

વિદુરનાં આવાં વચનો સાંભળીને ધૃતરાષ્ટ્રને કંઈક ધીરજ આવી, પણ વળી પાછા તુરત જ પુત્રો સાંભરવાથી તે ધરણી પર ઢળી પડ્યા અને વિલાપ કરવા લાગ્યા: 'અરેરે! ધિક્કાર છે આ મનુષ્યજન્મને! મારા પર આજે મોટું દુ:ખ આવી પડ્યું છે. હવે મારા પ્રાણનો ત્યાગ કર્યા વિના હું આ દુ:ખમાંથી નીકળી શકીશ નહિ.'

આ પ્રમાણે બોલતાં બોલતાં ધૃતરાષ્ટ્ર મૂઢ થઈ ગયા એટલે વ્યાસે તેમને કહ્યું: 'બેટા ધૃતરાષ્ટ્ર! સાંભળ. મનુષ્ય માત્ર નાશવંત છે તે તું જાણે છે કૌરવોનો સંહાર થવાનો જ હતો, માટે તારે શોક ન કરવો જોઈએ. ધૃતરાષ્ટ્ર! આ બાબતમાં તો દૈવ જ બળવાન નીવડ્યું છે. તું પાંડવો પર કૃપા કરી આજે તારા પ્રાણ ધારણ કરી રાખ, શોકાગ્નિને શાંત રાખ અને પાંડવોને અપયશ ન આપ.'

આ પ્રમાણે કહી વ્યાસ ત્યાંથી વિદાય થયા એટલે સંજયે ધૃતરાષ્ટ્રને કહ્યું: 'મહારાજ! હવે શોકનો ત્યાગ કરી તમારા પુત્રો, પૌત્રો તથા વડીલોનાં પ્રેતકાર્ય કરાવો. આમ પડ્યા રહેવાથી શો લાભ છે? ઊઠો, ઊભા થાઓ. શોકમાં પડ્યા રહીને આ સહુની મરણોત્તર ક્રિયાઓનો લોપ કરવો ઉચિત નથી.'

ત્યાર પછી વિદુર પોતે ગાંધારી, કુંતી અને બીજી સ્ત્રીઓને તેડવા ગયા, અને બધી સ્ત્રીઓ રડતી રડતી ત્યાં આવી પહોંચી. વિદુર પોતે પણ વિહ્વળ બની ગયા પણ મનને વશ રાખી સ્ત્રીઓને શાંત પાડવા લાગ્યા તથા સૌને લઈને નગર બહાર નીકળ્યા. સ્ત્રીઓએ પોતાના સુંદર કેશોને વીંખી નાખ્યા હતા; પોતાના અલંકારોને ઉતારી નાખ્યા હતા. ફક્ત અકેક વસ્ત્ર ધારણ કર્યું હતું અને રણક્ષેત્ર તરફ બેબાકળી દોડી જતી હતી. આ બધી સ્ત્રીઓની રોકકળ એટલી બધી ભયાનક થઈ પડી કે જાણે પ્રલયકાળ આવી લાગ્યો હોય એવો ભાસ થવા માંડ્યો.

૨

દરમિયાન ધૃતરાષ્ટ્ર વગેરે હસ્તિનાપુરથી એક કોસ જેટલે આવ્યા ત્યાં કૃતવર્મા, કૃપાચાર્ય અને અશ્વત્થામા તેમને આવી મળ્યા. પ્રજ્ઞાચક્ષુ મહારાજને જોઈને એ ત્રણે જણા ગળગળા થઈ ગયા અને કહેવા લાગ્યા: 'હે મહારાજ! તમારો દુર્યોધન યુદ્ધમાં વીરગતિને પામ્યો છે. અમારા ત્રણ સિવાય તમારું બધું સૈન્ય ખપી ગયું છે. દેવી ગાંધારી! તમારા કોઈ પુત્રે પડતાં પીઠ દેખાડી નથી, કોઈએ મરતાં સુધી શત્રુને બે હાથ જોડીને નમન કર્યું નથી. અમે ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીના પુત્રો વગેરેનો નાશ કરી નાખ્યો છે અને હવે અમે નાસી જઈએ છીએ. મહારાજ! અમને આજ્ઞા આપો. તમે શોક ન કરતા.' આ પ્રમાણે કહીને આ ત્રણેય જણાએ ધૃતરાષ્ટ્રની પ્રદક્ષિણા કરી અને ઘોડાઓને વેગથી મારી મૂક્યા. કૃપાચાર્ય હસ્તિનાપુરને માર્ગે ગયા, કૃતવર્મા દ્વારકા તરફ ગયો અને અશ્વત્થામા વ્યાસના આશ્રમ તરફ રવાના થયો.

૩

આ તરફ યુધિષ્ઠિરને સમાચાર મળ્યા કે કાકા ધૃતરાષ્ટ્ર પુત્રોના પ્રેતકાર્ય કરવા માટે હસ્તિનાપુરની બહાર નીકળ્યા છે એટલે તે પોતે કાકાને મળવા માટે ભાઈઓની સાથે સામા ગયા. શ્રીકૃષ્ણ, સાત્યકિ અને યુયુત્સુ તેમની પાછળ હતા; દ્રૌપદી પણ પાંચાલ રાજાની સ્ત્રીઓને સાથે લઈને યુધિષ્ઠિર સાથે જ ચાલી. યુધિષ્ઠિર ગંગાને કાંઠે આવ્યા ત્યાં તો વિહ્વળ થયેલી ટિટોડીઓની પેઠે આક્રંદ કરતી સ્ત્રીઓનો અવાજ ગગનને ભેદી નાખવા લાગ્યો. ધર્મરાજા યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્ર પાસે પહોંચી જઈને તેમનાં ચરણમાં નમી પડ્યા, ત્યારે બીજા પાંડવો પણ કાકાને ધર્મપૂર્વક પ્રણામ કરવા લાગ્યા અને ધૃતરાષ્ટ્રે પણ મનમાં પ્રીતિ ન હતી છતાં શિષ્ટાચારને અનુસરીને યુધિષ્ઠિરને આલિંગન આપ્યું. આ વખતે ધૃતરાષ્ટ્રના મનમાં તો એમ જ હતું કે ભીમસેનને કચરી નાખું તો ઠીક, પણ ભીમસેન એમ સપાટામાં શી રીતે આવે?

શ્રીકૃષ્ણ ધૃતરાષ્ટ્રને ધીરજ આપતા બોલ્યા: 'તમે શોક કે કોપ ન કરો. પાંડવો બિચારા અપરાધી નથી. એમણે તો લડાઈ ન થવા માટે ઘણું કર્યું પરંતુ દુર્યોધનને જ ઊંધી મતિ સૂઝી ત્યાં શું કરવું? આમાં કાળની જ બલિહારી છે.'

શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળીને ધૃતરાષ્ટ્રના મનનું સમાધાન થયું. ત્યાર પછી પાંડવો શ્રીકૃષ્ણની સાથે ગાંધારી પાસે ગયા. પુત્રોના નાશથી ગાંધારી વિહ્વળ થઈ ગયાં હતાં તેથી પાંડવો નજીક આવ્યા ત્યારે બોલ્યાં: 'હું પાંડવોની ઈર્ષ્યા કરતી નથી પણ પુત્રશોકથી મારું મન વિહ્વળ બની ગયું છે. દુર્યોધન યુદ્ધમાં જતી વખતે આશીર્વાદ લેવા આવ્યો ત્યારે મેં પોતે કહ્યું હતું કે, "या धर्मस्ततो जय :"- જ્યાં ધર્મ છે ત્યાં જય છે.' છતાં આજે પુત્રોના જવાથી મને અશાંતિ થઈ છે. 'શ્રીકૃષ્ણ! તમો પણ તમારા દેખતાં ભીમસેને દુર્યોધનને નાભિની નીચેના ભાગમાં પ્રહાર કર્યો એમ સાંભળ્યુ છે ત્યારથી મારું મન વશ રહેતું જ

નથી.'

ગાંધારીના વાક્યો સાંભળીને ભીમસેન બહુ ઢીલો થઈ ગયો અને નમ્રતાથી બોલ્યો: 'પૂજ્ય માતાજી! દુર્યોધનના સંબંધમાં મેં જે કાંઈ અધર્મ કે ધર્મ કર્યો હોય તેની તમારે ક્ષમા આપવી જોઈએ. મેં દુ:શાસન ઉપર વેર લીધું, તેમાં પણ દ્રૌપદીની તેણે ભરસભામાં લાજ લીધી એ જ વાત મને ખટકતી હતી. માટે માતા! તમારે મારા પર કોપ ન કરવો જોઈએ.'

ગાંધારી બોલ્યાં: 'ઓ ભીમસેન! તેં અમારા સોએ પુત્રોને મારીને વિજય મેળવ્યો; પણ તેમાંનો એક, જેણે અલ્પ અપરાધ કર્યો હોય તેને જીવતો કેમ ન રહેવા દીધો? ઓ તાત! મારા પુત્રોના કાળરૂપ એવા તેં મારા માત્ર એક જ પુત્રને જીવતો રાખી ક્ષાત્રધર્મનું પાલન કર્યું હોત તો મને આવું દુ:ખ થાત નહીં.'

ભીમસેનને આ પ્રમાણે કહી ગાંધારીએ તરત જ પૂછ્યું: 'રાજા યુધિષ્ઠિર ક્યાં છે?' એટલે તરત યુધિષ્ઠિર ધ્રૂજતા ધ્રૂજતા તેમની પાસે આવ્યા અને બે હાથ જોડી મીઠાં વચનો બોલવા લાગ્યા: 'તમારા પુત્રોનો નાશ કરનાર ઘાતકી યુધિષ્ઠિર આ રહ્યો. ખરી રીતે હું જ શાપને યોગ્ય છું માટે મને શાપ આપો.'

આ પ્રમાણે બોલીને યુધિષ્ઠિર ગાંધારીનાં ચરણમાં પડ્યા, ત્યારે ગાંધારીએ આંખ પર બાંધેલા પાટાના અંતરમાંથી રાજાની આંગળીઓનાં ટેરવાં પર નજર નાખી કે તે જ ક્ષણે યુધિષ્ઠિરના સુંદર નખો એકદમ નિસ્તેજ થઈ ગયા! યુધિષ્ઠિરના નખોને કાળા થઈ ગયેલા જોઈ અર્જુન ભયનો માર્યો શ્રીકૃષ્ણની પાછ છુપાઈ ગયો અને બીજા પાંડવો આમતેમ નાસી ગયા.

થોડી વારે ગાંધારીનો કોપ શાંત થયો એટલે પાંડવો ત્યાંથી કુંતી પાસે ગયા. પોતાના પુત્રોને ઘણે લાંબે કાળે જોઈને તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. એટલામાં તો પુત્રોના વિનાશથી દુ:ખી થયેલી દ્રૌપદી રડવા લાગી એટલે કુંતીએ તેને શાંત પાડી અને બધાં ગાંધારી પાસે ગયાં. ગાંધારીએ પણ દ્રૌપદીને પોતાનો દાખલો આપીને રોતી બંધ કરી.

૪

ત્યાર બાદ પાંડવો અને ગાંધારી અદિ કુરુસ્ત્રીઓ ધૃતરાષ્ટ્રને તેમ જ શ્રીકૃષ્ણને આગળ કરીને કુરુક્ષેત્રમાં જઈ પહોંચ્યાં. ત્યાં જઈને આ સ્ત્રીઓએ પોતાના માર્યા ગયેલા પુત્રો, ભાઈઓ, પિતાઓ તેમ જ પતિઓને જોયા એટલે તેમનાં શરીરો બેભાન થઈ ગયાં અને કેટલીએક તો ત્યાં પૃથ્વી પર જ પછડાઈ પડી! આ વખતે ગાંધારીએ શ્રીકૃષ્ણને કહ્યું: 'વાસુદેવ! જુઓ જુઓ; આ અનેક વીરમાતાઓ અને વીરપત્નીઓ રડારોળ કરી રહી છે તે તરફ નજર કરો. હું પોતે તો આ રણક્ષેત્રને જોઈને બળી જાઉં છું, મારી નજરે આ મારી પુત્રવધૂઓ ઊંચે સાદે કકળી રહી છે; આના કરતાં વધારે મને બીજું કર્યું દુ:ખ હોઈ શકે? માધવ! મેં પૂર્વજન્મમાં મહા ઘોર પાપ કર્યું હશે એટલે જ આજે આ જોવું પડે છે.'

આ પ્રમાણે બોલતાં ગાંધારી ચાલ્યાં જતાં હતાં એવામાં તેમણે મરણ પામેલા દુર્યોધનને જોયો એટલે પૃથ્વી પર પછડાઈ પડ્યાં. થોડી વારે જ્યારે તેમને ભાન આવ્યું ત્યારે તે ધ્રુસકે ધ્રુસકે રડીને વિલાપ કરવા લાગ્યાં: 'હા બેટા દુર્યોધન!' પછી થોડી વારે શોકાવેગને જરા અટકાવી શ્રીકૃષ્ણને કહ્યું: 'વાસુદેવ! દુર્યોધનનો શોક નથી થતો એટલો

મહારાજ ધૃતરાષ્ટ્રનો શોક થાય છે. મહારાજ આજે દયાજનક સ્થિતિમાં આવી પડ્યા છે. મારી આ પુત્રવધૂ આજે દુર્યોધનનું અને લક્ષ્મણનું માથું ખોળામાં લઈ આક્રંદ કરે છે તે મારાથી જોયું જતું નથી. વાસુદેવ! જુઓ પેલો મારો દુ:શાસન સૂતો. ભીમે તેને યુદ્ધમાં મારી નાખ્યો છે એટલું નહીં પણ તેનું લોહી પણ પીધું છે. શ્રીકૃષ્ણ! આ રહ્યો મારો વિકર્ણ ને આ રહ્યો સિંહ સરખો અભિમન્યુ; આ પડ્યો મહારથી કર્ણ, આ વૃષસેનની માતા બિચારી રડી રડીને પણ હવે તો થાકી ગઈ છે. આ રહ્યો મારો જયદ્રથ! બેટા જયદ્રથ! તું મારી દુ:શલાને અનાથ મૂકી ચાલતો થયો બેટા! તને આ વખતે પાંડવોએ ન છોડ્યો. શ્રીકૃષ્ણ! જુઓ આ નકુળનો મામો શલ્ય, આ ભગદત્ત, આ ભીષ્મ પિતામહ અને આ દ્રોણાચાર્ય અને આ રહ્યો આ મહાસંહારનું મૂળ મારો ભાઈ શકુનિ. આ શકુનિએ જ મારા પુત્રોને ભમાવીને આ દશા કરી છે!'

આ પ્રમાણે એક પછી એક યોદ્ધાઓને જોતાં અને કરુણ વિલાપ કરતાં ગાંધારી મૂર્છા ખાઈને પૃથ્વી પર પડ્યાં અને બેભાન થઈ ગયાં. ફરીથી જ્યારે તેમને ભાન આવ્યું ત્યારે તેમના અંગોમાં કોપ વ્યાપી ગયો અને આ મહાસંહારનો બધો દોષ શ્રીકૃષ્ણનો જ છે એમ જણાવવાથી તે બોલ્યા: 'ઓ જનાર્દન! પાંડવો ને કૌરવો પરસ્પર લડી મૂઆ પણ તમે તેમના નાશની શા માટે ઉપેક્ષા કરી? તમે તેમને રોકવાને સમર્થ હતા છતાં તમે ઉપેક્ષા કરીને તેમને લડવા દીધા છે. માટે હું તમને શાપ આપું છું કે તમે તમારા બંધુઓનો સંહાર કરનારા થઈ પડશો. જેમ આજે ભરતકુળની સ્ત્રીઓ રોકકળ કરે છે તેમજ તમારી યાદવ સ્ત્રીઓ એક દિવસ રોકકળ કરશે!'

ગાંધારીનાં આવાં વચનો સાંભળીને શ્રીકૃષ્ણ જરાય રીસ ન કરતાં ઊલટા હસતે ચહેરે બોલ્યા: 'દેવી ગાંધારી! જે થવાનું જ છે તેને તમે શાપ દ્વારા જાહેર કર્યું છે. યાદવો પણ નાશ પામવાના જ છે, એ હું જોઈ રહ્યો છું. દેવી! ઊઠો, ઊઠો; હવે શોકને દૂર કરો.'

૫

ત્યાર પછી મહારાજ ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી ત્યાં મરણ પામેલા પુરુષોનાં શબોને અગ્નિસંસ્કાર કર્યા અને એક પછી એક પુરુષને સંભારીને પાણીનો અર્ઘ્ય આપ્યું. આ વખતે એક તરફ વીર માતા કુંતી પોતાના પુત્રોને કહેવા લાગ્યાં: 'પાંડવો! આ સૂતપુત્ર કર્ણને પણ તમે અંજલિ આપો. એ કર્ણ તમારો જ્યેષ્ઠ ભાઈ હતો, એ પણ મારી કૂખે જ સૂર્યના સંબંધથી અવતર્યો હતો.'

માતાનાં આવાં વચનો સાંભળીને યુધિષ્ઠિર છક્ક થઈ ગયા અને બોલ્યા: 'માતા! કર્ણની આખી વાત ગુપ્ત રાખીને તમે અમારો નાશ કર્યો છે! કર્ણ અમારો જ ભાઈ છે એમ અમને આજે ખબર પડે છે, તેવી ખબર જો પહેલેથી જ હોત તો અમે તેને અનુસરીને જ ચાલત અને આ મહા ઘોર વિનાશ કદાચ અટકી પણ જાત.'

આ પ્રમાણે બોલીને પાંડવોએ કર્ણને પણ જલપ્રદાન કર્યું અને પછી સૌ ગંગાકાંઠે સ્નાન માટે ગયાં.

શાંતિપર્વ

૧

કર્ણ પોતાનો જ ભાઈ હતો અને તેનોય પોતે વધ કર્યો, એ ખબર પડતાં તો યુધિષ્ઠિર મહારાજને અતિશય ક્ષોભ થયો અને આજે હવે યુદ્ધનો ઉલ્લાસ ઠંડો પડ્યો ત્યારે તો લોહીથી ખરડાયેલ હસ્તિનાપુરનો મુગટ માથે પહેરતાં યુધિષ્ઠિરને ગ્લાનિ ઊપજી અને મનમાં થઈ આવ્યું કે આવા રાજ્યના કરતાં વનવાસ જ શ્રેષ્ઠ છે, પણ આખરે ભીમ તથા અર્જુન વગેરેના આગ્રહથી અને વ્યાસ તેમજ શ્રીકૃષ્ણના સમજાવ્યાથી યુધિષ્ઠિર શાંત થયા, શોકનો ત્યાગ કર્યો અને પોતાના ભાઈઓની સાથે તેમણે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં આવ્યા ત્યારે સમસ્ત પ્રજાએ તેમને હર્ષથી વધાવ્યા અને આખા નગરે આ પ્રસંગના માનમાં ભારે મોટી ધામધૂમ કરી મૂકી, પણ આ વખતે જ સંન્યાસીના વેશે આવેલા દુર્યોધનના મિત્ર ચાર્વાક રાક્ષસે જાહેરસભામાં જ યુધિષ્ઠિરની નિંદા કરી, તથા સગાઓને માર્યા ખાતર તેમને અનેક કડવાં વચનો સંભળાવ્યા, પણ સભામાં બેઠેલા બ્રાહ્મણોએ ચાર્વાકને ઓળખી કાઢ્યો અને તિરસ્કાર કરી તેનો નાશ કર્યો.

ત્યાર પછી યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો. યુધિષ્ઠિરને બે પડખે મણિમય આસનો પર ભીમ અને અર્જુન બેઠા; એક તરફ સોનાથી મઢેલાં સિંહાસનો પર નકુળ અને સહદેવને લઈને કુંતી બેઠાં; થોડે દૂર વિદુર ને ધૃતરાષ્ટ્ર બેઠા; તેમને જ પડખે યુયુત્સુ, સંજય ને ગાંધારી બેઠાં. ધૌમ્યે યુધિષ્ઠિરને અને દ્રૌપદીને સર્વતોભદ્ર આસન પર બેસાડ્યાં અને આહુતિઓ આપવા માંડી. હવન પૂરો થતાં જ શ્રીકૃષ્ણ શંખને લઈ ઊભા થયા અને તેના જળથી યુધિષ્ઠિરનો પૃથ્વીના પતિ તરીકે અભિષેક કર્યો. આ જ વખતે ઢોલ, નગારાં, શરણાઈ વગેરેનો ગડગડાટ થઈ રહ્યો અને ધર્મરાજાએ પોતે શ્રીકૃષ્ણ આદિ સર્વની યથાવિધિ પૂજા કરી.

આ પ્રમાણે રાજ્યાભિષેક થઈ રહ્યા પછી બ્રાહ્મણોના આશીર્વાદના જવાબમાં યુધિષ્ઠિર બોલ્યા: 'હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! તમે બધા અનુગ્રહ કરી રહ્યા છો એ હું અનુભવું છું. મેં મારા સગાઓનો મહા ઘોર સંહાર કર્યો છે. તમારે મારા પર જો અનુગ્રહ કરવો હોય તો મારે એક જ વાત કહેવાની છે: તમારે સૌએ મહારાજ ધૃતરાષ્ટ્ર તરફ દુર્યોધનના વખતના જેવું જ વર્તન રાખવું.'

ત્યાર પછી યુધિષ્ઠિરે ભીમસેનની યુવરાજપદે સ્થાપના કરી, રાજ્યવ્યવસ્થાનો નિશ્ચય કરવાના કામે વિદુરને સ્થાપ્યા, આવક જાવકના હિસાબ પર સંજયને સ્થાપ્યો, સૈન્ય પર નકુળને મૂક્યો, શત્રુઓને સંભાળવા અર્જુનને રાખ્યો, ધર્મકાર્યની દેખરેખ રાખવા માટે ધૌમ્યને નીમ્યા અને સહદેવને પોતાનો અંગમંત્રી બનાવ્યો. આ પ્રમાણે રાજ્યવ્યવસ્થાની ગોઠવણ કર્યા પછી યુધિષ્ઠિરે સૌને યોગ્ય વિદાય આપી અને એ સર્વના ગયા પછી શ્રીકૃષ્ણને કહ્યું: 'જનાર્દન! તમારી કૃપાથી, નીતિથી, બળથી, બુદ્ધિથી અને પરાક્રમથી આજે મેં મારા પૂર્વજોના રાજ્યને મેળવ્યું છે. હે શ્રીકૃષ્ણ! હું તમને પુન:પ્રણામ કરું છું.'

ત્યાર પછી રાજા યુધિષ્ઠિરે ભાઈઓ તથા શ્રીકૃષ્ણ સાથે તે દિવસ આનંદ અને આરામમાં ગાળ્યો.

૩

બીજે દિવસે જ્યારે યુધિષ્ઠિર અને શ્રીકૃષ્ણ એકઠા થયા ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા: 'હે યુધિષ્ઠિર! આજે ગંગાપુત્ર ભીષ્મ બાણશય્યા પર પડ્યા છે. એ મહાત્મા જ્યારે પરલોકમાં જશે ત્યારે આ પૃથ્વી પર બધે અંધકાર થઈ જવાનો. એમનો દેહ પડે તે પહેલાં તમે તેમની પાસે જાઓ અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધી તેમની પાસેથી જે જે જાણવાનું છે તે જાણી લ્યો. ભીષ્મના અસ્તની સાથે જ સર્વ પ્રકારના જ્ઞાનનો પણ અસ્ત થશે.'

શ્રીકૃષ્ણનાં આવાં વચન સાંભળીને યુધિષ્ઠિર તરત જ તૈયાર થયા અને પોતે, શ્રીકૃષ્ણ, કૃપાચાર્ય, ચાર પાંડવો વગેરે ભીષ્મની બાણશય્યા પાસે પહોંચ્યા.

પવિત્ર ઓઘવતી નદીને કાંઠે ભીષ્મ તો પડ્યા હતા એને તેમની આસપાસ મુનિઓ વીંટળાઈ વળ્યા હતા. શ્રીકૃષ્ણ વગેરે ત્યાં પહોંચ્યા એટલે ભીષ્મે સૂતાં સૂતાં તેમનો સત્કાર કર્યો અને થોડીએક પરચૂરણ વાતો કરીને પાંડવો વિદાય થયા.

બીજે દિવસે વળી આ સૌ ભીષ્મના દર્શનાર્થે આવ્યા અને શ્રીકૃષ્ણના આગ્રહથી ભીષ્મે બાણશય્યા પર પડ્યાં પડ્યાં યુધિષ્ઠિરને પ્રવચનો કરવાનું માથે લીધું.

પછી તો ભીષ્મે આર્યસંસ્કૃતિના જ્ઞાનનો ભંડાર આખો ખુલ્લો કર્યો અને યુધિષ્ઠિરને ઉપદેશથી નવરાવી દીધા. ભીષ્મે યુધિષ્ઠિર પાસે રાજધર્મની વાત કરી; રાજા અને રાજ્યબંધારણના કામનો વિચાર મૂક્યો; વર્ણાશ્રમધર્મનો સ્ફોટ કર્યો, આશ્રમધર્મ, રાજધર્મ સાથે સંબંધ દેખાડ્યો; ક્ષત્રિયધર્મનું સ્વરૂપ સમજાવ્યું; રાજપુરોહિત, રાજા અને રાજાનો અમાત્ય વગેરે કેવા હોવા જોઈએ તે વિસ્તારથી કહ્યું; રાજધાનીના શહેરની પોતાની કલ્પના ખડી કરી; કોશની મહત્તા કહી સંભળાવી, યુદ્ધના જુદા જુદા પ્રકારો તથા તેનાં પરિણામો આલેખ્યાં; રાજસેવકોની પરીક્ષા કરવા ઉપર ભાર મૂક્યો; શીલની મહત્તા જણાવી અને વધારામાં આ બધાંય નાનાંમોટાં તત્ત્વોને પુરાણોનાં અનેક ઉદાહરણોથી વધારે સ્પષ્ટ કરી દેખાડ્યાં.

ત્યાર બાદ ભીષ્મે યુધિષ્ઠિરની પાસે આપદ્‌ધર્મને મહા વિચાર મૂક્યો, તેમજ એ વિચારને પણ અનેક આખ્યાનોથી સમૃદ્ધ કર્યો.

અને છેવટે મોક્ષધર્મને વિસ્તારથી કહી સંભળાવ્યો. આ પ્રસંગે ચાર વર્ણો, ચાર આશ્રમો, વર્ણધર્મ, આશ્રમધર્મ, સદાચાર, બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, અધ્યાત્મશાસ્ત્ર, જીવ ને ઈશ્વરનું સ્વરૂપ, જપયજ્ઞ, ભક્તિ, નૈષ્કર્મ્ય, યુગધર્મ, તપ, અહિંસા, સત્ય, યજ્ઞ, શ્રદ્ધા અને ઉંછવૃત્તિ આદિ અનેક નાનામોટા વિષયોને છણી છણીને શ્રોતાઓની પાસે ભીષ્મે રજૂ કર્યા અને એ રીતે આખી આર્યસંસ્કૃતિના યથાર્થ સ્વરૂપને ખડું કરી દીધું.

અનુશાસનપર્વ

૧

આ પ્રમાણે ભીષ્મે વિસ્તારથી યુધિષ્ઠિરને ઉપદેશ આપ્યો છતાં પણ યુધિષ્ઠિરની કેટલી એક શંકાઓનું સમાધાન ન થયું એટલે તેમણે ફરીથી પ્રશ્નો પૂછવા માંડ્યા અને ભીષ્મે મૃત્યુ, બ્રાહ્મણત્વ, ભક્તિ, દેવ અને પુરુષાર્થ, સ્વર્ગ, નરક, બ્રહ્મહત્યા, તીર્થસ્નાન, સ્ત્રીઓ, વિવાહધર્મ, મિલકત, બગીચાઓ, તળાવો, દાન, સુપાત્ર-કુપાત્રનો ભેદ, ગોદાન, શ્રાદ્ધ, અનશનવ્રત, નાના ભાઈ અને મોટા ભાઈનું પરસ્પરનું વર્તન, ઉપદેશ, દયાધર્મ, માંસભક્ષણ, ભક્ષ્યાભક્ષ્ય વગેરે જીવનના અનેક પ્રશ્નો ઉપર પ્રવચનો કર્યાં.

આ રીતે યુધિષ્ઠિરને તેમજ એકત્ર થયેલા શિષ્ટ સમાજને આર્યસંસ્કૃતિના જ્ઞાનનો વારસો આપીને ભીષ્મે પોતાનો દેહ છોડ્યો.

અશ્વમેધિકપર્વ

૧

ભીષ્મનો દેહ પડ્યો એટલે ફરીથી રાજા યુધિષ્ઠિર ક્ષોભ પામ્યા અને પોતાનાં પાપનો પશ્ચાત્તાપ કરવામાં પડી ગયા. ભગવાન વ્યાસે અને શ્રીકૃષ્ણે તેમને ફરી ફરીને આશ્વાસન આપ્યું અને વ્યાસે તેમને અશ્વમેધ યજ્ઞ કરવાની આજ્ઞા પણ કરી. આખરે મહામહેનતે યુધિષ્ઠિરે શોકનો ત્યાગ કર્યો અને શ્રીકૃષ્ણ દ્વારકા ગયા.

શ્રીકૃષ્ણે દ્વારકામાં જઈને પોતાના પિતા વસુદેવને વૃદ્ધની હકીકતો સંભળાવી અને અભિમન્યુના વધથી દુ:ખી થયેલા વસુદેવને ધીરજ આપી શાંત કર્યા.

ત્યાર પછી પાંડવોએ અશ્વમેધની તૈયારી કરવા માંડી. અશ્વમેધના યજ્ઞમાં જે મોટા દ્રવ્યની જરૂર પડે તે દ્રવ્ય હસ્તિનાપુરમાં તો હતું જ નહીં; એટલે પાંડવો હિમાલય તરફ ઊપડ્યા અને ત્યાંથી અઢળક દ્રવ્ય લઈને પાછા હસ્તિનાપુર આવ્યા.

૨

દરમિયાન હસ્તિનાપુરમાં અભિમન્યુની સ્ત્રી ઉત્તરાએ મરી ગયેલ બાળકને જન્મ આપ્યો. અશ્વત્થામાએ પોતે એવો સંકલ્પ કર્યો હતો, તે પ્રમાણે આ પુત્ર ગર્ભમાં જ મરી ગયો હતો. બાળકને મરેલો અવતરેલો જોઈ દ્રૌપદી, સુભદ્રા વગેરે કકળાટ કરી ઊઠ્યાં અને પાંડવોની પાછળ વંશ ચાલુ રહેવાની જે એક આશા હતી તે પણ નાબૂદ થઈ એટલે તેમના શોકનો પાર ન રહ્યો.

આ વખતે બધી સ્ત્રીઓ શ્રીકૃષ્ણ હતા ત્યાં પહોંચી અને તેમને આ પુત્રને જીવતો કરવાની વિનંતી કરી એટલે શ્રીકૃષ્ણ ઊઠ્યા, પાણીનું આચમન લીધું અને મરેલ બાળકને ખોળામાં સુવાડીને બોલ્યા: 'મેં પૂર્વે હાસ્ય વગેરે સ્વેચ્છાવર્તનમાં પણ કદી જો અસત્ય ભાષણ ન કર્યું હોય અને યુદ્ધમાંથી કદી હું પાછો હઠ્યો ન હોઉં તો પુત્ર જીવતો થાઓ.

જો મને ધર્મ અને બ્રાહ્મણો અત્યંત પ્રિય હોય તો મરણદશામાં જન્મેલો અભિમન્યુનો આ પુત્ર જીવતો થાઓ. જો અર્જુન પ્રત્યેના વિરોધને હું કદી ન જાણતો હોઉં તો તે સત્યના પ્રભાવથી આ મરણ પામેલો બાળક જીવતો થાઓ. જો મેં કંસ તથા કેશીને ધર્મથી માર્યા હોય તો તે સત્યના પ્રભાવથી આ બાળક જીવતો થાઓ.' *

શ્રીકૃષ્ણ આટલું બોલ્યા ત્યાં તો બાળક આળસ મરડીને રડવા લાગ્યો એટલે દ્રૌપદી વગેરેના હર્ષનો પાર ન રહ્યો અને સૌએ શ્રીકૃષ્ણની પ્રશંસા કરીને તેમને વંદન કર્યું.

દરમિયાન અશ્વમેધના ઘોડાને છૂટો મૂક્યો અને ઘોડાના રક્ષણ માટે અર્જુનની યોજના કરવામાં આવી.

અશ્વમેધનો ઘોડો ભારતવર્ષના જુદા જુદા પ્રદેશોમાંથી પસાર થયો ત્યારે અર્જુનને તે સર્વ દેશોના અધિપતિઓ સાથે યુદ્ધો થયાં. અર્જુને ત્રિગર્તોનો પરાજય કર્યો; ભગદત્તના પુત્ર વજ્રદત્તને માર્યો, સૈંધવોને યુદ્ધમાં જીત્યા અને મણિપુરની સીમમાં પોતાના પુત્ર બભ્રુવાહન સાથે યુદ્ધ કર્યું. અહીં મણિપુરમાં અર્જુન પોતાની સ્ત્રી ઉલૂપીને મળ્યો, પુત્ર બભ્રુવાહન સાથે મેળાપ કર્યો અને પછી દિલગીર થતો થતો ત્યાંથી નીકળ્યો.

આગળ ચાલતાં અર્જુને મગધરાજને હરાવ્યો ને શકુનિના પુત્રનો પરાજય કર્યો. આ પ્રમાણે અનેક રાજાઓને હરાવીને અર્જુન આખરે હસ્તિનાપુરમાં આવી પહોંચ્યો અને અશ્વમેધ શરૂ થયો. આ યજ્ઞમાં અર્જુનની સ્ત્રીઓ ચિત્રાંગદા તથા ઉલૂપી પણ હાજર હતી અને આખાય કૌરવકુળના આદિપુરુષ વ્યાસ પણ હાજર હતા.

પછી અશ્વમેધના વિધિ પ્રમાણે બ્રાહ્મણોએ ઘોડાનો વધ કર્યો અને તેનાં બધાંય અંગોને વિધિપૂર્વક અગ્નિમાં હોમ્યાં. આ વખતે મહારાજ યુધિષ્ઠિરે વ્યાસ ભગવાનને દક્ષિણામાં આખી પૃથ્વી અર્પણ કરી, પણ વ્યાસે એ જ પૃથ્વી યુધિષ્ઠિરને પાછી આપી.

આ પ્રમાણે અશ્વમેધ યજ્ઞ પૂરો થયા પછી શ્રીકૃષ્ણ દ્વારકા પાછા ગયા ને પાંડવો પણ પ્રજાપાલનના કામમાં ગૂંથાયા.

આશ્રમવાસિકપર્વ

૧

પાંડવો રાજ્ય પ્રાપ્ત કર્યા પછી ધૃતરાષ્ટ્રને આગળ કરીને જ પૃથ્વીનું પાલન કરતા હતા. મહારાજ યુધિષ્ઠિર રોજ ધૃતરાષ્ટ્રના ચરણ પાસે બેસીને જ કાર્યનો આરંભ કરતા, તથા કુંતી પણ ગાંધારીને અનુસરીને જ રહેતાં હતાં. રાજસેવકો પૂર્વની પેઠે જ ધૃતરાષ્ટ્રની સેવામાં હાજર રહે એવી સખ્તાઈ યુધિષ્ઠિરે રાખી હતી અને ધૃતરાષ્ટ્ર પોતે પુત્રોને સંભારીને જરાય ઓછું ન આણે તેની યુધિષ્ઠિર ખાસ કાળજી રાખતા. તેમના આ વર્તનથી ધૃતરાષ્ટ્ર, ગાંધારી ને વિદુર બહુ જ પ્રસન્ન રહેતાં; જો કે ભીમસેન યુધિષ્ઠિરને આ રીતે અનુસરવા છતાં કોઈ વાર બહુ ચિડાઈ જતો અને આડુંઅવળું કરી બેસતો.

એક વાર ભીમસેને આવેશમાં ધૃતરાષ્ટ્રના પુત્રો વિષે ન કહેવા યોગ્ય વચનો બોલી નાખ્યાં, તેથી ધૃતરાષ્ટ્રને વૈરાગ્ય ઉત્પન્ન થયો. આમ પાંચ વર્ષ વીતી ગયાં. એક વાર ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને કહ્યું: 'કુંતીપુત્ર! તારું કલ્યાણ થાઓ. તારી પાસે આમ તો હું સર્વ રીતે સુખી

છું, પણ હવે હું વનમાં જવા માગું છું.'

ધૃતરાષ્ટ્રનો આવો વિચાર જાણીને યુધિષ્ઠિર બહુ દુ:ખી થયા અને તેમનો વિચાર છોડાવવાને ઘણી મહેનત કરી, પણ ધૃતરાષ્ટ્ર એકના બે ન થયા. એટલામાં વ્યાસ ત્યાં આવી ચડ્યા. તેમણે યુધિષ્ઠિરને કહ્યું: 'બેટા, ધૃતરાષ્ટ્ર કહે છે તે જ બરાબર છે, તું તેમને અનુજ્ઞા આપ. રાજર્ષિનું મૃત્યુ તો યુદ્ધમાં કે તપોવનમાં જ હોય.'

ભગવાન વ્યાસનાં આવાં વચનો સાંભળીને યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રના વનવાસના વિચારને કબૂલ રાખ્યો.

૨

પછી ધૃતરાષ્ટ્રે હસ્તિનાપુરની પ્રજાને જણાવ્યું: 'હે પૌરજનો! મેં જે કાંઈ સારી કે નરસી તમારી સેવા કરી હોય તેને માટે તમારે મને ક્ષમા આપવી. આજે હવે હું વૃદ્ધ થયો છું માટે તમે મને વનમાં જવાની રજા આપો. રાજા યુધિષ્ઠિરની તમારે સંભાળ રાખવી. આ યુધિષ્ઠિરને એક થાપણ તરીકે હું તમને સોંપું છું.'

આ પ્રમાણે બોલતા અને ગદ્‌ગદ થઈ જતા. ધૃતરાષ્ટ્રને પ્રજાએ દુ:ખી મનથી વનવાસની રજા આપી એટલે કાર્તિક માસની પૂનમના રોજ ધૃતરાષ્ટ્ર ગાંધારીની સાથે વનમાં જવા નીકળ્યા. વિદુર અને સંજય પણ મહારાજની સાથે જ વનમાં જવા તૈયાર થયા; એટલું જ નહીં પણ પાંડવોની માતા કુંતી પણ સાથે જ તૈયાર થયાં.

કુંતીને આ પ્રમાણે તૈયાર થયેલાં જોઈ યુધિષ્ઠિર ખિન્ન થઈ ગયા અને બોલ્યા: 'માતા! તેં આ શો વિચાર કર્યો છે? હું તને વનમાં જવાની સંમતિ આપી શકતો નથી. તારા માટે તો અમે આ રાજ્ય પ્રાપ્ત કર્યું છે.'

પાછળ ઊભેલો ભીમસેન કુંતીને કહેવા લાગ્યો: 'હે માતા! જો તારે આમ જ કરવું હતું તો અમે બાળક હતા ત્યારે અમને વનમાંથી હસ્તિનાપુરમાં શા માટે લાવી? તારે આમ વનમાં જવું હતું તો અમને પ્રેરણા આપી આપીને તેં અમારી પાસે પૃથ્વી શા માટે જિતાવી?'

પોતાના પુત્રોનાં આવાં વચન સાંભળ્યા પછી પણ પોતાના નિશ્ચયમાંથી જરા પણ ન ખસતી કુંતી બોલી: 'પુત્રો! તમે કહો છો તે બરાબર છે. પાંડુની સંતતિ નાશ કેમ ન પામે એ જ મારા જીવનનો ઉદ્દેશ રહ્યો છે, પણ આજે હવે તમે ઠામ બેઠા છો, વળી પૂર્વે મારા સ્વામી સાથે મેં આ રાજ્ય ભોગવ્યું જ છે એટલે મને હવે વાસના નથી રહી. હવે તો વનમાં રહીને આ બે વડીલોની સેવા કરીશ તેથી મારું જીવતર સાર્થક થશે.'

એમ કહી કુંતીએ આગળ ચાલવા માંડ્યું. ધૃતરાષ્ટ્રે તેમને પાછાં વાળવાનો પ્રયત્ન કર્યો પણ કુંતીનો તો સંકલ્પ જ હતો એટલે તે પાછાં ન વળ્યાં. જતાં જતાં વારંવાર નમન કરતા યુધિષ્ઠિરને છેવટે કહેતાં ગયાં: 'બેટા! તારી બુદ્ધિ ધર્મમાં રહો ને તારું મન મોટું થાઓ.'

આ પ્રમાણે પાંડવોની અને સમગ્ર પ્રજાની રજા લઈ ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા કુંતી વનમાં આવ્યાં ને હિમાલયની તળેટીમાં શતયૂપ મુનિના આશ્રમમાં નિવાસ કર્યો.

ધૃતરાષ્ટ્રના ગયા પછી થોડે વખતે પાંડવો તેમની સૌની સંભાળ કાઢવા માટે એક વાર શતયૂપના આશ્રમમાં ગયા અને ત્રણેય વડીલોની થોડી સેવા કરી હસ્તિનાપુર પાછા

આવ્યા. ધૃતરાષ્ટ્રે તો પોતાની ઈચ્છાથી બહુ જ આકરો વનવાસ સેવવા માંડ્યો હતો અને ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી. એક વાર વનમાં દાવાનળ લાગ્યો એટલે સંજયને ચિંતા થવા લાગી, પણ ધૃતરાષ્ટ્રે કહ્યું: 'સંજય! તને ભય લાગતો હોય તો તું નીકળી જા. અમે તો મૃત્યુ માટે જ વનમાં આવ્યાં છીએ. તું જા, વિલંબ ન કર.'

આમ કહી ગાંધારી તથા કુંતી સાથે ધૃતરાષ્ટ્ર પૂર્વાભિમુખ બેઠા અને દાવાનળથી ઘેરાઈને મૃત્યુ પામ્યા.

પોતાના વડીલોના મૃત્યુના આવા સમાચાર જ્યારે પાંડવોને મળ્યા ત્યારે તેમને બહુ શોક થયો.

મૌસલપર્વ

૧

એક વાર સારણ વગેરે યાદવકુમારો દ્વારકામાં આવેલા ત્રણ ઋષિઓને મળવા ગયા અને સ્ત્રીના વેશમાં સાંબને આગળ કરી બોલ્યા: 'આ બભ્રુની સ્ત્રી છે. હે ઋષિઓ! તમે વિચાર કરીને કહો, આ સ્ત્રી કોને જન્મ આપશે!'

યાદવોનાં આવાં મશ્કરીનાં વચનો સાંભળીને આ ઋષિઓ ક્રોધથી બોલ્યાં: 'શ્રીકૃષ્ણનો આ પુત્ર સાંબ યાદવોનો વિનાશ કરનારા મુશળને જન્મ આપશે!'

આ શાપથી ભયભીત થયેલા તે યાદવો ત્યાંથી ચાલ્યા ગયા અને બીજે જ દિવસે સાંબે મુશળને જન્મ આપ્યો. યાદવોએ આ મુશળને ઉગ્રસેન રાજા પાસે રજૂ કર્યું એટલે ઉગ્રસેને તેને સમુદ્રમાં ફેંકાવી દીધું અને હુકમ કર્યો: 'આજથી કોઈએ મદિરાપાન કરવું નહીં. કોઈ પુરુષ અમને જાહેર કરશે કે અમુક માણસે મદિરાપાન કર્યું છે તો તેને તેના બાંધવોની સાથે જીવતો શૂળી પર ચડાવી દેવામાં આવશે.' આ પ્રમાણે રાજાજ્ઞા થતાં સર્વ લોકોએ રાજાના ભયથી નિયમ લીધો કે આપણે કોઈએ મદિરાપાન કરવું નહીં.

૨

આ અરસામાં જ આખી દ્વારકામાં કેમ જાણે કાળ ઘૂમતો હોય એવા ઉત્પાદો થઈ રહ્યા હતા. શેરીઓમાં ઉંદરો વધી પડ્યા અને રાતના યાદવોના કેશ કાપી નાખવા લાગ્યા; હંસો ઘુવડના શબ્દનું અનુકરણ કરવા લાગ્યા. યાદવો પાપકર્મ કરતાં લજવાતા ન હતા; તેઓ પિતૃઓનો, બ્રાહ્મણોનો અને દેવોનો પણ દ્વેષ કરતા હતા અને ગુરુઓનું અપમાન કરતા હતા; પતિપત્ની પરસ્પરને ઠગવા માંડ્યા હતાં. આ અરસામાં તેરશને દિવસે અમાવસ્યા થતી જોઈને શ્રીકૃષ્ણે યાદવોને કહ્યું: 'ભારતના યુદ્ધ સમયે ચૌદમી તિથિ પંદરમી થઈ હતી; તેવી જ આ તિથિ આવી પહોંચી છે. એ કાળને છત્રીશમું વર્ષ થયું છે.

માટે હે યાદવો! આપણે સૌ ચાલો, પ્રભાસની યાત્રા કરવા નીકળી પડીએ.'

શ્રીકૃષ્ણની સલાહ પ્રમાણે યાદવો અને અંધકો બધા યાત્રા માટે તૈયાર થયા. તેમણે ખાણાંપીણાં સાથે લઈને પ્રભાસમાં તંબૂઓ નાખ્યા. પ્રભાસમાં નિવાસ કર્યા પછી યાદવોએ મદિરાપાન ફરીથી ચાલુ કર્યું. બળરામે, કૃતવર્માએ, સાત્યકિએ, ગદે તથા બભ્રુએ તો શ્રીકૃષ્ણની સમીપમાં જ મદિરાપાન કરવા માંડ્યુ ને દારૂના કેફમાં ને કેફમાં સાત્યકિ બોલ્યો: 'અલ્યા કૃતવર્મા! તેં નિદ્રાવશ થયેલા સૈનિકોનો કુરુક્ષેત્રમાં વધ કર્યો તે તારું અતિ નિંદ્ય કામ યાદવો સહન કરી શકે તેમ નથી.' એટલે કૃતવર્મા બોલી ઊઠ્યો: 'અલ્યા સાત્યકિ! તેં પણ અનશનવ્રત લઈને બેઠેલા ભૂરિશ્રવાને મારવાનું ઘાતકી કામ કર્યું છે, તે શું ભૂલી ગયો?'

સાત્યકિ અને કૃતવર્માને આ પ્રમાણે બકતા જોઈને શ્રીકૃષ્ણે તેમના તરફ એક વક્ર દૃષ્ટિ કરી, ત્યાં તો સાત્યકિએ શ્રીકૃષ્ણના પર પણ આક્ષેપ કર્યો ને તરત જ તે કૃતવર્મા તરફ દોડ્યો તથા તેનું માથું કાપી લીધું. શ્રીકૃષ્ણે સાત્યકિને અટકાવવાની ઘણી મહેનત કરી પણ ફોગટ! યાદવો સાત્યકિને મારવા લાગ્યા; રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન પણ કોપી ઊઠ્યો, પણ યાદવોએ એ બન્નેને મારી નાખ્યા. પછી તો આ લોકો શ્રીકૃષ્ણની સામે ધસ્યા અને પરસ્પર તુમુલ યુદ્ધ જામ્યું. યાદવો, અંધકો તથા ભોજકો બધા એવા લડ્યા કે તે પ્રદેશનું ઘાસ પણ મુશળરૂપ બની ગયું અને શ્રીકૃષ્ણ પોતે પણ હાથમાં મુશળ લઈને યુદ્ધને જોતા ઊભા અને આખરમાં ક્રોધ ચડ્યો ત્યારે પોતે સંહાર કરવા મંડી પડ્યા.

3

ત્યાર બાદ શ્રીકૃષ્ણ બળરામની તપાસ કરવા નીકળ્યા ત્યારે તેમને એક ઝાડ નીચે બેઠેલા જોયા. પછી શ્રીકૃષ્ણે પોતાના સારથિ દારુકને કહ્યું: 'તું જલદી હસ્તિનાપુર જા અને આ યાદવોના સંહારની પાંડવોને વાત કર, જેથી અર્જુન સત્વર અહીં આવે.'

દારુકને આ પ્રમાણે વિદાય કરીને શ્રીકૃષ્ણે બભ્રુને કહ્યું: 'સ્ત્રીઓનું રક્ષણ કરવા માટે સત્વર જા.' બભ્રુ જવાની તૈયારી કરતો હતો ત્યાં કોઈએ મુશળથી બભ્રુને જ મારી નાખ્યો એટલે શ્રીકૃષ્ણે બળરામને જણાવ્યું: 'તમે અહીં જ મારી વાટ જોજો, એટલામાં હું સર્વ સ્ત્રીઓને આપણા સંબંધીઓને સોંપી આવું.'

આ પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ દ્વારકા પહોંચ્યા અને પિતા વસુદેવને યાદવોના પરસ્પરના સંહારની વાત કરીને બોલ્યા: 'અર્જુન અહીં આવી પહોંચે ત્યાં સુધી તમે આપણી સમગ્ર સ્ત્રીઓનું રક્ષણ કરજો. બળરામ વનમાં મારી વાટ જોઈ રહ્યા છે. મેં પૂર્વે કુરુઓનો અને આજે યાદવોનો આ વિનાશ જોયો છે એટલે હવે હું પણ બળરામની સાથે વનમાં જઈને તપશ્ચર્યા કરીશ.' આ પ્રમાણે' કહી શ્રીકૃષ્ણ બળરામ જ્યાં બેઠા હતા ત્યાં ચાલ્યા ગયા.

આ તરફ બળરામે યોગક્રિયાનો આશ્રય લઈને દેહનો ત્યાગ કર્યો એટલે શ્રીકૃષ્ણ પણ મૃત્યુની રાહ જોતા એક ઝાડ નીચે બેઠા. એવામાં જંગલમાંના કોઈ પારધીએ તેમને બાણ માર્યું એટલે તે મૃત્યુ પામ્યા.

૪

બીજી તરફ દારુકે હસ્તિનાપુર જઈને અર્જુનને યાદવોના સંહારની વાત કરી એટલે તેને ઘણો શોક થયો અને તે તરત જ દ્વારકા આવવા નીકળ્યો. શ્રીકૃષ્ણ તથા યાદવો વિનાની દ્વારકા આજે અર્જુનને રંડાયલી લાગી. દ્વારકા આવીને તે મામા વસુદેવ પાસે ગયો, તેમના ચરણમાં નમ્યો અને પછી બન્નેએ યાદવોના મહાસંહારનો પુષ્કળ શોક કર્યો. ત્યાર પછી જરા શાંત થઈને વસુદેવ બોલ્યા: ‘અર્જુન! મારો કૃષ્ણ ક્યાંઈક ચાલ્યો ગયો છે. અર્જુન! તું ભલે આવ્યો. કૃષ્ણે તને કહ્યું હોય તે પ્રમાણે તું કર. હું તો હવે જીવવા માગતો જ નથી, એટલે ભોજન કરીશ નહીં.’

મામા વસુદેવના આવા શબ્દો સાંભળીને અર્જુન બોલ્યો: ‘મામા! શ્રીકૃષ્ણ તથા યાદવોથી રહિત આ પૃથ્વીને હવે હું જોઈ શકતો નથી. મને લાગે છે કે આપણે પૃથ્વીનો પરિત્યાગ કરવાનો વખત આવ્યો લાગે છે. મામા! હું આ સર્વ સ્ત્રીઓ, બાળકો તથા વૃદ્ધોને ઇંદ્રપ્રસ્થમાં લઈ જઈશ.’

વસુદેવને આ પ્રમાણે જણાવી અર્જુન યાદવોની સુષર્મા નામની સભામાં ગયો અને ત્યાં અમાત્યો વગેરેનો પોતાનો વિચાર જણાવી તેમને સૌને તૈયાર થવાની સૂચના આપી દીધી.

બીજે દિવસે વસુદેવ પોતે મૃત્યુ પામ્યા અને તેમની પાછળ તેમની ચાર સ્ત્રીઓ સતી થઈ. અર્જુને વસુદેવ વગેરેની દહનક્રિયા પતાવીને સાતમે દિવસે દ્વારકામાંથી હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું.

આ બધા લોકો દ્વારકાની બહાર નીકળ્યા એટલે સમુદ્ર દ્વારકા પર ફરી વળ્યો.

૫

આ તરફ અર્જુન યાદવસ્ત્રીઓને લઈને જતો હતો ત્યાં માર્ગમાં તે પ્રદેશના લૂંટારાઓએ તેમને જોયાં એટલે તેમના મનમાં લોભ થયો. આ લૂંટારાઓ હાથમાં લાકડીઓ લઈને યાદવોનાં કુટુંબો પર તૂટી પડ્યા ને અર્જુનનો પણ વધ કરવા દોડ્યા. એટલામાં અર્જુન તેમના તરફ ફરીને બોલ્યો: ‘ઓ લૂંટારાઓ! તમને જીવતર વહાલું હોય તો દૂર ખસો.’ છતાં આ મૂઢ લૂંટારાઓ સામા ધસી આવ્યા એટલે અર્જુને ગાંડીવને ચડાવવાનો પ્રયત્ન કર્યો પણ આજે તે અસ્ત્ર તેના હાથમાંથી સરી પડવા લાગ્યું. પોતાની વિદ્યામાં આવો મહાન ફેરફાર જોઈને અર્જુનને શરમ થઈ આવી. અર્જુને યાદવસ્ત્રીઓનું રક્ષણ કરવા માટે ખૂબ મહેનત કરી પણ લૂંટારાઓ ઘણી સ્ત્રીઓને હરી ગયા અને કેટલીએક તો પોતાની મેળે પણ ચાલી ગઈ.

પોતાના ગાંડીવને આ પ્રમાણે નિષ્ફળ થતું જોયું એટલે અર્જુન ઘા ખાઈ ગયો ને બચી તેટલી સ્ત્રીઓને તથા કૃતવર્માના પુત્રને લઈ જેમતેમ ઇંદ્રપ્રસ્થ પહોંચ્યો.

૬

ઇંદ્રપ્રસ્થમાં આવીને અર્જુને શ્રીકૃષ્ણના પૌત્ર વજ્રને ઇંદ્રપ્રસ્થનું રાજ્ય સોંપ્યું અને ત્યાંથી પરબારો વ્યાસના આશ્રમમાં ગયો.

વ્યાસે અર્જુનને આવકાર આપ્યો અને પૂછ્યું: 'અર્જુન! તારું મુખ આજે ઉદાસીન કેમ દેખાય છે? શું તું કોઈ સામે પરાજય પામ્યો છે?'

વ્યાસ ભગવાનનાં આવાં વાક્યો સાંભળીને અર્જુન બોલ્યો: 'યાદવો અને અંધકો અંદરોઅંદર લડી મૂઆ છે ને શ્રીકૃષ્ણ પોતે પણ સ્વધામ પધાર્યા છે. આ મહાવિનાશનો જ્યારે વિચાર કરું છું ત્યારે હું બેબાકળો થઈ જાઉં છું. આપને શી વાત કહું? હું પોતે યાદવસ્ત્રીઓને લઈને આવતો હતો ત્યાં રસ્તામાં આભીર લોકોએ હજારો સ્ત્રીઓને મારી પાસેથી હરી લીધી છે અને હું મારા ગાંડીવથી પણ એ લોકોને પહોંચી વળી શક્યો નથી. મારું બધું બળ કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું છે! હું પોતે શૂન્ય જેવો ફરું છું; મારા જીવને ચેન પડતું નથી; માટે હું આપનાં ચરણમાં આવ્યો છું.'

આ પ્રમાણે બોલતા અર્જુનને શાંતિ આપતા વ્યાસ બોલ્યા: 'બેટા! યાદવો અને અંધકો મુનિઓના શાપથી નાશ પામ્યા છે; તેનો શોક તું ન કર. એમનું ભાવિ એવું જ નિર્માણ થયું હતું. શ્રીકૃષ્ણ પૃથ્વીનો ભાર ઉતારીને પોતાના ઉત્તમ સ્થાનમાં પધાર્યા છે. તેં પોતે પણ તારા ભાઈઓની સાથે અવતારકૃત્ય પૂરું કર્યું છે. તમારે હવે આ પૃથ્વી પરથી ગમન કરવું એ જ યોગ્ય છે. તારાં અસ્ત્રો પોતાનું કાર્ય કરીને જ્યાંથી આવ્યાં હતાં ત્યાં પાછાં ચાલ્યાં ગયાં છે. વળી જ્યારે સમય આવશે ત્યારે એ જ અસ્ત્રો તારા હાથમાં આવશે. હવે તમારે જવાનો સમય આવી પહોંચ્યો છે.

વ્યાસનાં આવાં વચનોથી શાંતિ મેળવીને અર્જુન હસ્તિનાપુર પાછો આવ્યો અને યાદવસ્ત્રીઓ તેમજ વ્યાસ ભગવાનની બધી હકીકત યુધિષ્ઠિર આદિ ભાઈઓને જણાવી.

મહાપ્રસ્થાનિકપર્વ

૧

યાદવોના સંહારની વાત સાંભળ્યા પછી યુધિષ્ઠિર એક નિશ્ચય પર આવી ગયા. તેમણે અર્જુનને કહ્યું: 'હે અર્જુન! કાળ સર્વ પ્રાણીઓને રાંધી ખાય છે માટે આપણે પણ કાળ તરફ દૃષ્ટિ કરવી જોઈએ.'

અર્જુને મોટાભાઈના આ વિચારો સ્વીકારી લીધા એટલે ભીમ, નકુળ અને સહદેવે પણ તેને અનુમોદન આપ્યું. પછી જવા માટે તૈયાર થયેલા યુધિષ્ઠિરે યુયુત્સુને બોલાવી સર્વ રાજ્ય સ્વાધીન કર્યું અને પોતાના રાજ્ય પર પરીક્ષિતનો અભિષેક કરીને સુભદ્રાને કહ્યું: 'સુભદ્રા! તારો પુત્ર હસ્તિનાપુરનો રાજા થશે અને વજ્રને ઇંદ્રપ્રસ્થનો રાજા કર્યો છે. તારે વજ્રનું રક્ષણ કરવું અને અધર્મમાં કદી મન ન કરવું.'

પછી યુધિષ્ઠિરે પ્રજાવર્ગને બોલાવીને પોતાનો સંકલ્પ જણાવ્યો અને તેમની ના છતાં તે છોડ્યો નહીં. પછી મહારાજ યુધિષ્ઠિરે પોતાના અંગ પરથી વસ્ત્રાલંકારો ઉતારી નાખ્યાં ને વલ્કલ ધારણ કર્યાં; એ જ પ્રમાણે ભીમસેને, અર્જુને, નકુળે, સહદેવે, અને દ્રૌપદીએ પણ વલ્કલો ધારણ કર્યાં અને સૌ ત્યાંથી ચાલી નીકળ્યાં.

પાંચ ભાઈઓ, છઠ્ઠી દ્રૌપદી અને એક કૂતરો: આ સાત જણાં હસ્તિનાપુરમાંથી બહાર નીકળ્યાં તે વખતે તેમને રોકવાની કોઈની હિંમત ન હતી. યુધિષ્ઠિર સૌથી આગળ ચાલતા હતા; પછી ભીમસેન, પછી અર્જુન, પછી નકુળ, પછી સહદેવ અને સૌની પાછળ દ્રૌપદી. એ છયે જણાંની પાછળ એક કૂતરો ચાલ્યો જતો હતો.

૨

આ લોકો ચાલતાં ચાલતાં જ્યારે એક સરોવર પાસે પહોંચ્યાં ત્યારે રસ્તામાં તેમણે અગ્નિને રાહ જોઈ ઊભેલો દીઠો. અગ્નિ બોલ્યો: 'વીર પાંડવો! હું અગ્નિ છું. તમે મને ઓળખો છો. મેં આ અર્જુનના અને શ્રીકૃષ્ણના પ્રતાપથી ખાંડવવન બાળ્યું હતું. આ ગાંડીવ ધનુષ્ય અર્જુનનું શ્રેષ્ઠ આયુધ છે, પણ હવે આ ધનુષ્યનો અહીં જ ત્યાગ કરો. હવે એનું કશું પ્રયોજન નથી. શ્રીકૃષ્ણે પોતાનું ચક્ર ત્યજી દીધું છે. પુન: વખત આવશે ત્યારે પાછું આ ગાંડીવ અર્જુનના હાથમાં આવશે. મેં ગાંડીવ અર્જુનને માટે જ વરુણ પાસેથી આણ્યું હતું.'

અગ્નિના આ શબ્દો સાંભળીને અર્જુને રત્નના લોભથી ગાંડીવ અને બે ભાથાઓ સંઘરી રાખ્યા હતા તેનો એ સરોવરના જળમાં ત્યાગ કર્યો, અને ઉત્તર દિશા તરફ આગળ ચાલ્યો. તેઓ હિમાલયને ઓળંગીને વાલુકાર્ણવ નામના રેતીના રણમાં પહોંચ્યા. એટલામાં દ્રૌપદી પૃથ્વી પર પડી. દ્રૌપદીને પડેલી જોઈ ભીમે ધર્મરાજને પૂછ્યું: 'મહારાજ! આ દ્રૌપદીએ અધર્માચરણ કર્યું નથી છતાં તે કેમ પૃથ્વી પર પડી?' યુધિષ્ઠિરે જવાબ વાળ્યો: 'આ દ્રોપદીને ખાસ કરી અર્જુન તરફ વિશે પક્ષપાત હતો, તેનું ફળ તે ભોગવે છે.'

પછી તેઓ દ્રૌપદીને છોડીને આગળ ચાલ્યા ત્યાં સહદેવ પૃથ્વી પર પડ્યો એટલે યુધિષ્ઠિર બોલ્યા: 'આ સહદેવ બીજા કોઈને પોતાના જેવો બુદ્ધિમાન માનતો ન હતો તેથી તે પડ્યો છે.'

આગળ ચાલતાં નકુળ પડ્યો એટલે વળી યુધિષ્ઠિરે જણાવ્યું: 'હું એક જ સર્વના કરતાં વધારે રૂપાળો છું એવું નકુળને અભિમાન હતું.'

એમ જણાવીને તે આગળ ચાલ્યા એટલે અર્જુન પડ્યો. અર્જુનને પડેલો જોઈને ભીમે પૂછ્યું: 'મહારાજ! આ અર્જુન પડ્યો તેનું શું કારણ હશે?'

યુધિષ્ઠિરે કહ્યું: 'અર્જુને પહેલાં પ્રતિજ્ઞા કરી હતી કે હું એક જ દિવસમાં શત્રુઓને બાળી નાખીશ, છતાં તેણે તેમ કર્યું નથી. વળી તે હંમેશાં બીજા ધનુર્ધારીઓનું અપમાન કર્યા કરતો એ તેનો મોટો દોષ હતો.'

ત્યાંથી આગળ ચાલતાં ભીમસેન પોતે જ પડ્યો એટલે એકલા યુધિષ્ઠિર એ બધાંને છોડી આગળ ચાલ્યા. પેલો કૂતરો તો તેમની પાછળ પાછળ જ જતો હતો.

૩

એવામાં ખુદ ઇંદ્રરાજા એક રથને લઈને યુધિષ્ઠિરની સામે આવ્યા અને બોલ્યા: ‘મહારાજ! આ રથમાં બેસો. તમારા ભાઈઓ તથા દ્રૌપદી મનુષ્યશરીરને ત્યાગ કરીને સ્વર્ગમાં પહોંચી ગયાં છે; તમે તો તમારા આ દેહથી જ સ્વર્ગમાં આવી શકો છો.’

ઇંદ્રને આ પ્રમાણે બોલતા સાંભળીને યુધિષ્ઠિરે તેને જણાવ્યું: ‘આ કૂતરો મારો નિત્યનો ભક્ત છે, માટે તે પણ મારી સાથે ભલે આવે.’

યુધિષ્ઠિરનો જવાબ સાંભળીને ઇંદ્ર બોલ્યા: ‘તમે હવે દેવ થયા છો, તો આ કૂતરાને છોડી દ્યો અને સ્વર્ગમાં લક્ષ્મી ભોગવો. કૂતરાને સ્વર્ગમાં સ્થાન નથી.’

યુધિષ્ઠિરે ઇંદ્રના આ વચનોને માન ન આપતાં જણાવ્યું: ‘દેવરાજ! હું એવો નિર્દય થઈ નહિ શકું. હું આર્ય છું; હું ભક્તનો ત્યાગ કરી નહિ શકું. સ્વર્ગની લક્ષ્મીનો ત્યાગ કરવો પડે તો તે કરવા પણ હું તૈયાર છું. આ મારું નિત્યવ્રત છે એમ સમજો.’

વળી ઇંદ્ર બોલ્યા: ‘યુધિષ્ઠિર! તમે આનો ત્યાગ કરશો તો દેવલોકને પામશો. તમે તમારા ભાઈઓનો અને દ્રૌપદીનો સુધ્ધાંત ત્યાગ કર્યો તો આ કૂતરો શું તેમનાથી વધારે છે? આજે તમને આવો મોહ કેમ ઊપજ્યો છે?’

યુધિષ્ઠિરે તરત જ શાંતિથી જવાબ વાળ્યો: ‘મારા ભાઈ-ઓનો મેં જીવતાં ત્યાગ કર્યો નથી. કૂતરાને હું છોડીશ નહિ. આવા ભક્તના ત્યાગને હું મહા પાપ માનું છું.’

યુધિષ્ઠિર આ પ્રમાણે બોલે છે ત્યાં કૂતરો અદૃશ્ય થઈ ગયો અને ધર્મ પોતે હાજર થઈને બોલ્યા: ‘પુત્ર! અગાઉ દ્વૈતવનમાં તારા ભાઈઓ પાણી લેવા જતાં મૃત્યુ પામ્યા તે વખતે મેં તારી પરીક્ષા કરી હતી, અને આજે પણ મેં પરીક્ષા કરી છે. આ કૂતરાની ખાતર સ્વર્ગનો પણ ત્યાગ કરવા તું તૈયાર છે તેથી તને ધન્ય છે! સ્વર્ગમાં તારા સમાન કોઈ નથી.’

પછી ઇંદ્ર, ધર્મ વગેરે દેવો યુધિષ્ઠિરને રથમાં બેસાડી સ્વર્ગમાં લઈ ગયા. ત્યાં જઈને તરત જ યુધિષ્ઠિર બોલ્યા: ‘મારા ભાઈઓને જે શુભ કે અશુભ સ્થાન મળ્યું હોય તે જ સ્થાન હું મારા માટે ઈચ્છું છું; મને બીજા ઊંચા લોકની ઇચ્છા નથી. હે ઇંદ્ર! મારા ભાઈઓ અને દ્રૌપદી જ્યાં હોય ત્યાં જ જવાની મારી ઈચ્છા છે.’

સ્વર્ગારોહણપર્વ

૧

યુધિષ્ઠિર સ્વર્ગમાં ગયા. ત્યાં તેમણે વીરલક્ષ્મીથી વીંટાયેલા દુર્યોધનને તેજસ્વી દેવોની મધ્યમાં જોયો એટલે તેમને ક્રોધ ચડી આવ્યો અને બોલ્યા: ‘લોભી અને ટૂંકી દૃષ્ટિવાળા દુર્યોધનની સાથે હું આ લોકને ઈચ્છતો નથી. હું તો ત્યાં જ જવા ઈચ્છું છું કે જ્યાં મારા ભાઈઓ છે.’

યુધિષ્ઠિરને જાણે નમ્ર ઠપકો આપતા હોય તેમ નારદ બોલ્યા: ‘હે યુધિષ્ઠિર! આ તો

સ્વર્ગલોક છે; અહીં વેર ન હોઈ શકે તું દુર્યોધનની સાથે અહીં સુખેથી રહે.'

પણ યુધિષ્ઠિરના મોઢામાં એક જ વાત હતી: 'પાપી દુર્યોધનને જો આ લોક મળ્યો છે તો પછી સત્ય પ્રતિજ્ઞાવાળા મારા ભાઈઓને કયા લોક મળ્યા છે? કર્ણ અને ધૃષ્ટદ્યુમ્ન વગેરેને કયા લોક મળ્યા છે? હું અહીં ભીમ, અર્જુન વગેરેને જોતો નથી એટલે હું અહીં રહેવા ઈચ્છતો નથી. એ બધા જ્યાં હોય તે જ મારે મન સ્વર્ગ છે. હું આ સ્વર્ગ માનતો નથી.'

દેવોએ જણાવ્યું: 'યુધિષ્ઠિર! ત્યાં જવાની જ જો તમારી ઈચ્છા હોય તો ભલે જાઓ; વિલંબ ન કરો.'

૨

પછી એક દેવદૂત યુધિષ્ઠિરને નરકમાં લઈ ગયો. આ સ્થાનમાં કેવળ દુર્ગંધ જ ભરી હતી. એ સ્થાનમાં ઘણે દૂર સુધી ગયા પછી યુધિષ્ઠિરે પૂછ્યું: 'દેવદૂત! આ પ્રદેશમાં આપણે કેટલેક સુધી જવું છે?'

દેવદૂત બોલ્યો: 'આપણી હદ આવી ગઈ, હવે આપણને પાછા ફરવાનો હુકમ છે.'

પણ યુધિષ્ઠિર પાછા ફરે છે ત્યાં તો દૂર દૂરથી અવાજો આવ્યા: 'હે યુધિષ્ઠિર! તમે ચાલ્યા ન જાઓ. તમે આવ્યા છો એટલે અહીં પવિત્ર વાયુ વાય છે. આજે લાંબે કાળે તમને જોઈને અમને આનંદ થાય છે. યુધિષ્ઠિર! તમે ઊભા છો એટલે આ સ્થાનની પીડા ઓછી લાગે છે.'

દૂરથી આવતી આવી દીન વાણી સાંભળીને યુધિષ્ઠિર ત્યાં ઊભા રહ્યા અને બોલ્યા: 'તમે કોણ છો? અને અહીં શા માટે રહ્યા છો?' તરત જ અવાજો આવ્યા: 'હું કર્ણ છું.' 'હું ભીમ છું.' 'હું અર્જુન છું.' 'હું દ્રૌપદી છું.' 'અમે દ્રૌપદીના પુત્રો છીએ....'

યુધિષ્ઠિર તરત જ વિચારમાં પડી ગયા: 'આ મહાત્માઓએ આવાં શાં મલિન કર્મો કર્યાં છે! દુર્યોધન સ્વર્ગમાં છે અને આ લોકો નરકમાં કેમ છે? મને ભ્રાંતિ તો નથી થતી?' આ પ્રમાણે વિચાર કરતા તેઓ ઘડીભર મૂઢ જેવા બની ગયા ને પછી દેવદૂતને કહેવા લાગ્યા: 'તું જેમનો દૂત હો તેમની પાસે પાછો જા; હું ત્યાં આવનાર નથી પણ અહીં જ રહીશ. તું જઈને દેવોને કહેજે કે મારા દુ:ખી ભાઈઓને છોડીને હું આવી શકતો નથી.'

આમ કહી યુધિષ્ઠિર ત્યાં જ ઊભા રહ્યા એટલે ઇંદ્ર વગેરે દેવો તરત જ ત્યાં હાજર થયા, અને તે પ્રદેશનાં દુર્ગંધ વગેરે આપોઆપ અદૃશ્ય થઈ ગયાં, પછી ઇંદ્રે યુધિષ્ઠિરને કહ્યું: 'તાત! જરાય ક્રોધ કરવો નહિ, પાપપુણ્યના બે ભિન્ન ભિન્ન માર્ગો છે. જે મોટે ભાગે પાપી હોય છે તેને પહેલું સ્વર્ગ મળે છે. તેં દ્રોણને છેતર્યા હતા માટે આ નરકદર્શન તારા માટે આવશ્યક હતું. તારા ભાઈઓ તથા દ્રૌપદી પણ એટલા જ માટે નરક અનુભવી ગયાં. બાકી તો યુધિષ્ઠિર! સર્વ રાજાઓએ એક વાર તો નરકનાં દર્શન અવશ્ય કરવાં જ જોઈએ. તેં પણ તેથી જ એક મુહૂર્ત આ નરકનો અનુભવ કરી લીધો છે. હવે તમે બધાં સ્વર્ગના અધિકારી છો, એટલે સહુ સ્વર્ગનાં સુખોને ભોગવો.'

ત્યાર પછી બધા પાંડવો, કર્ણ, દ્રૌપદી વગેરે સ્વર્ગમાં એકઠાં થયાં અને શકુનિ, ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર વગેરે સહુ મનુષ્યલોકનાં વેરઝેરને વિસારીને ઉત્તમ લોકોને પામ્યા.

ઉપસંહાર

અને અંતે સૂતપુરાણી બોલ્યા: ‘શૌનક! આ પ્રમાણે વ્યાસની આજ્ઞાથી વૈશંપાયને વર્ણવેલો આ પવિત્ર ઇતિહાસ તમને મેં કહી સંભળાવ્યો. આ ઇતિહાસ મહાન અને રહસ્યવાળો છે એટલે મહાભારત કહેવાય છે. જય નામના આ મહાભારતમાં ઇતિહાસનું શ્રવણ પુણ્યદાયી છે. હે શૌનક! આ મહાભારતમાં જે કહેવામાં આવ્યું છે તે જ બીજે છે. અને આમાં જે નથી તે બીજે ક્યાંઈ નથી. ભગવાન વ્યાસે કેવળ ધર્મની ઇચ્છાથી જ આ ગ્રંથની રચના કરી છે. આ રહ્યું તેમનું પોતાનું મહાવાક્ય:—

उर्ध्वं बाहुर्विरौम्येष: नात्र कश्चच्छ्रुणोति मे।
धर्मादर्थश्च कामश्च स किमर्थ न सेव्यते।।

---

* नांक्तपूर्व मया मिथ्या स्वैरर्प्वापि कदाचन।
न च युद्धं परावृत्त स्तथा संजीवतामयम् ।।
यथा में दयितो धमं ब्राह्मणाश्च विशेषत:।
अभिमन्यो: सुतो जातो मृतां जीवत्वयं तथा।।
यथाहं नाभिजानामि विजयेन कदाचन।
विरोधं तेन सत्येन मृतो जीवत्वयं शिशु:।।
यथा कंसश्च केशी च धर्मेण निहतौ मया।
तेन सत्येन वालोड्यं पुनरुज्जीवर्तामह।।
મહાભારત, આશ્વમેધિકપર્વ, અધ્યાય ૬૮, શ્લોક ૧૮-૨૨

શરશય્યા પરથી

ભૂમિકા

કુરુક્ષેત્રનું યુદ્ધ પૂરું થયા પછી મહારાજ યુધિષ્ઠિર અને ભાઈઓ કૌરવોના શોકને નિમિત્તે સત્તર દિવસ સુધી હસ્તિનાપુરની બહાર રહ્યા, અને તેમની ઉત્તરક્રિયા કર્યા પછી છેક અઢારમે દિવસે તેમણે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

બીજે જ દિવસે યુધિષ્ઠિરનો હસ્તિનાપુરની ગાદી પર રાજ્યાભિષેક થયો; અને જે મહાવસ્તુની ખાતર પાંડવોએ અને આખાય ક્ષત્રિય સમાજે વર્ષો સુધી જહેમત ઉઠાવી હતી તે વસ્તુ હવે મહારાજ યુધિષ્ઠિરના ખોળામાં આવી પડી.

પણ મહારાજ યુધિષ્ઠિરે તો આ રાજ્યપ્રાપ્તિને એક પળમાં જ પારખી લીધી, અને તેમના ઉદ્વેગનો પાર ન રહ્યો! અઢાર અક્ષૌહિણી સેનાના જીવતરને ભોગે ખરીદેલું હસ્તિનાપુરનું રાજ્ય તેમને ગંધાવા લાગ્યું; યુદ્ધને પરિણામે થયેલ અનેક વિધવાઓ અને અનાથ બાળકો તેમની સન્મુખ ખડાં થયાં; ભીષ્મ અને દ્રોણ સરખા વડીલોને મારીને મેળવેલું રાજ્ય તેમને ક્ષુદ્ર જણાવા લાગ્યું; અને આર્યસંસ્કૃતિના સ્તંભ જેવા અનેક મહાપુરુષોનો નાશ થતાં આખોય સમાજ છિન્નભિન્ન થઈ જવાનો મહાભય તેમના મનમાં ઊભો થયો.

મહારાજ યુધિષ્ઠિરની આવી મનોદશા જોઈને શ્રીકૃષ્ણે કહ્યું: ‘મહારાજ! તમારા સમગ્ર કુળના પિતામહ ભીષ્મ શરશય્યા પર સૂતા છે તે તમે જાણો છો. તેમના જીવતરના પૂરા ત્રીશ દિવસો જ હવે બાકી રહ્યા છે. આ પૃથ્વી પરથી ભીષ્મ જશે, ત્યારે જગતની તમામ સંસ્કૃતિ ને જ્ઞાન તેમની સાથે જશે. માટે ધર્મરાજ! ચાલો આપણે તેમની પાસે જઈએ અને તમારા શોકનું પણ નિરાકરણ કરીએ. આજે ભીષ્મ જ એક એવો પુરુષ છે જે શાસ્ત્રદ્રષ્ટાઓએ કહેલા બધાય ધર્મોને યથાર્થ જાણે છે. ભીષ્મની પાસે જે કાંઈ જ્ઞાનભંડાર છે તેને લોકકલ્યાણને અર્થે સંગ્રહી લેવો એ હસ્તિનાપુરના મહારાજનો આજે પરમ ધર્મ છે. મહારાજ! તમારા મનનું સમાધાન પણ ભીષ્મ જ કરી શકે એમ છે. માટે ચાલો, આપણે તેમની પાસે જઈએ.’

આટલું કહીને શ્રીકૃષ્ણ ભીષ્મની પાસે જવા તૈયાર થયા. મહારાજ યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ, સહદેવ અને સાત્યકિ તેમની સાથે હતા.

પિતામહ તો બાણશય્યા પર પડ્યા હતા. તેમના મુખ પર પીડાનાં ચિહ્નો નહિ જેવા જણાતાં હતાં; છતાંય એ પીડાની પાછળ કોઈ નવા અવતારનું તેજ પણ ઝળકી રહ્યું હતું. શ્રીકૃષ્ણ વગેરે આવ્યા એટલે ભીષ્મે તેમના તરફ દૃષ્ટિ કરીને તેમને આવકાર આપ્યો, ને બેસવાની નિશાની કરી. યુધિષ્ઠિરે શય્યાની નજીક જઈને તેમને પ્રણામ કર્યા, તેમના કુશળ સમાચાર પૂછ્યા અને પછી ત્યાં જ બેઠા.

શ્રીકૃષ્ણે ચલાવ્યું: 'ભીષ્મ! તમારા જીવતરના હવે માત્ર ત્રીસ દિવસો જ બાકી રહ્યા છે. તમે જશો ત્યારે પાછળથી આર્યાવર્તનાં સંસ્કૃતિ અને જ્ઞાનનો લોપ થશે. આ યુધિષ્ઠિરને હસ્તિનાપુરની ગાદી મળવા છતાં તેમના મનનો પરિતાપ ઓછો થવાને બદલે ઊલટો વધ્યો છે. પિતામહ! તમે યુધિષ્ઠિરના મનનું સમાધાન કરો. આજે તમે બાણશય્યા પર સૂતા છો ત્યાંથી આર્યાવર્તની સંસ્કૃતિનાં સનાતન બીજો યુધિષ્ઠિરને આપતા જાઓ, જેથી જગતનું કલ્યાણ થાય. તમારી પાસે જ્ઞાનનો જે ભંડાર છે તે કોઈથી એક દિવસમાં પામી શકાય તેમ નથી; પણ મહારાજ યુધિષ્ઠિર હમણાં રોજ તમારી પાસે આવે અને જ્ઞાન પામે. હસ્તિનાપુરની સ્થૂળ ગાદી તો તેમને મળી છે, પણ આપણી સંસ્કૃતિનો મહામોંઘો વારસો તમારી પાસે છે એ પણ તેમને ન મળે, તો એ ગાદી ગમે તેટલી મોટી હોય છતાં નકામી છે. માટે ભીષ્મ! મારી આ માગણી સ્વીકારો, અને મૂએલા જગતને જીવતું કરવાનું જે અમૃત તમારી પાસે છે, તે આ તમારા યુધિષ્ઠિરને આપતા જાઓ.'

શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળીને ભીષ્મ બોલ્યા: 'મહારાજ શ્રીકૃષ્ણ! આપે મારી પાસે માગણી કરવાની ન હોય; આપની તો આજ્ઞા જ હોય! આ બાણશય્યા મને પીડા કરે છે એટલે મારી પ્રતિભા કામ નથી કરતી; છતાં આપના જેવા યુગપુરુષની ઇચ્છામાત્ર મારે મન શિરોવંદ્ય આજ્ઞા છે. ખરી રીતે તો આપ પોતે સર્વ શાસ્ત્રોના શાસ્ત્ર છો; શાસ્ત્રમાત્રનો ઊગમ આપના જેવા યુગપુરુષથી જ થાય છે. એટલે આપના સાન્નિધ્યમાં કોઈ પણ ધર્મની લવરી કરવી એ મને શોભે નહિ. છતાં આપની આજ્ઞાને હું માથે ચડાવું છું. મારી પાસે જે કાંઈ જ્ઞાન છે તે આજે અંત વખતે પણ આપનાં ચરણમાં મૂકવાનો મને અવસર મળે છે એ જ મારું અહોભાગ્ય છે. બેટા યુધિષ્ઠિર! તારે મને જે પૂછવું હોય તે પૂછ. આજ સુધી જે જ્ઞાન વાંઝિયાની માફક મેં સંઘરી રાખ્યું છે; તે તારા જેવા અધિકારી રાજાને હાથે પ્રચાર પામશે એથી મને હર્ષ થાય છે. બેટા! મને પૂછતાં તારે જરાય સંકોચ રાખવો નહિ, તેમ મારી દયા પણ ખાવી નહિ. તેં તો આ ધર્મયુદ્ધ લડીને મારા જેવાને પણ ધર્માધર્મની નવી દૃષ્ટિ આપી છે. તારે જે પૂછવું હોય તે સુખેથી પૂછ.'

રાજધર્મ

મહારાજ યુધિષ્ઠિર પ્રશ્ન પૂછે છે:—

[૧] રાજા એટલે શું ?

'પિતામહ! આ જગતમાં રાજા એવો શબ્દ જ પ્રથમ શી રીતે પ્રચલિત થયો? એ શબ્દનું મૂળ અને તેની યથાર્થતા મને વિસ્તારથી સમજાવો.'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! પૂર્વે સત્યુગમાં રાજ્ય પણ ન હતું અને રાજા પણ ન હતો; દંડ પણ ન હતો અને દંડ કરવા લાયક કોઈ માણસ પણ ન હતો. કેવળ ધર્મને અનુસરીને લોકો

આપસ આપસમાં રક્ષણ કરી લેતા. એ જમાનાના માણસોએ ધર્મને નજર સામે રાખીને આ પ્રમાણે ઘણા લાંબા વખત સુધી એકબીજાનું રક્ષણ કર્યું. પરંતુ આખરે આ પ્રમાણે રક્ષણ કરવામાં તેમને ઘણો પરિશ્રમ પડવા લાગ્યો. અને પછી આગળ જતાં તેઓમાં મોહ દાખલ થયો. જ્યારે તેઓ મોહને વશ થયા ત્યારે તેમના સારાસાર જ્ઞાનનો લોપ થયો, અને સારાસાર જ્ઞાનનો લોપ થવાથી તેમની ધર્મબુદ્ધિ પણ નાશ પામી... પછી તો આ માણસોના મનમાં આસુરી વૃત્તિઓ જાગી એટલે તેઓ લોભમાં સપડાયા, અને કામવાસનાએ પણ તેમનાં હૃદયોમાં પ્રવેશ કર્યો. કામને આધીન થયેલા આ લોકો કાર્યાકાર્યના વિવેકથી ભ્રષ્ટ થયા; કોણ ગમન કરવા યોગ્ય છે અને શું બોલવા જેવું નથી, શું ખાવા જેવું છે અને શું ખાવા જેવું નથી, શું કરવાથી આપણે દૂષિત થઈએ અને શું કરવાથી આપણે દૂષિત ન થઈએ, આ અને આવી જીવનની નાનીમોટી બાબતોમાં તેઓ ભાન ગુમાવી બેઠા. આથી કરીને પરિણામે આ લોકોના દિલમાં શાસ્ત્રો અને સત્પુરુષોના અનુભવ જેવી વસ્તુ જ રહી નહિ; એટલે કાળે કરીને યજ્ઞયાગાદિનો પણ લોપ થયો.

મનુષ્યલોકની આવી સ્થિતિ જોઈને જગતના કલ્યાણનો નિરંતર વિચાર કરનાર દેવો ભયભીત બન્યા અને બ્રહ્મદેવને શરણે ગયા. બ્રહ્મદેવે તેમને જણાવ્યું: ‘દેવો! તમે આ પ્રમાણે ભયભીત ન બનો. હું પણ જગતના જ કલ્યાણનો વિચાર કરું છું.’

દેવોને આ પ્રમાણે શાંત કર્યા પછી બ્રહ્મદેવે પોતાના બુદ્ધિપ્રભાવથી એક લાખ અધ્યાયવાળું નીતિશાસ્ત્ર રચ્યું. આ શાસ્ત્રનું નામ તેમણે ‘દંડનીતિ’ રાખ્યું. સૌથી પહેલાં ભગવાન શંકરે આ નીતિશાસ્ત્રને ગ્રહણ કર્યું. આશરે એક લાખ અધ્યાયોને ટૂંકાવીને તેના દસ હજાર અધ્યાયો કર્યા અને તેને ‘વૈશાલાક્ષ’ એવું નામ આપ્યું. ત્યાર પછી ઇંદ્રે આ દસ હજાર અધ્યાયોનો સંક્ષેપ કરી પાંચ હજાર અધ્યાયોવાળું ‘બાહુદેવક’ રચ્યું. પછી બૃહસ્પતિએ આ ‘બાહુદેવક’ને ટૂંકાવી ત્રણ હજાર અધ્યાયોવાળું ‘બાર્હસ્પત્ય’ બનાવ્યું અને છેવટે શુક્રાચાર્યે તો તેના એક હજાર અધ્યાયો કરી અતિશય ટૂંકુ કરી નાખ્યું.

બ્રહ્મદેવના નીતિશાસ્ત્રની આ પ્રમાણે વ્યવસ્થા થયા પછી દેવો ભગવાન વિષ્ણુની પાસે ગયા અને બોલ્યા: ’ભગવન્! મનુષ્યોમાં જે એક મનુષ્ય બીજા કરતાં ચડિયાતો હોય તે અમને બતાવો.’ ભગવાન વિષ્ણુએ ‘વિરજા’ નામના એક તેજસ્વી મનુષ્યને ઉત્પન્ન કર્યો, પણ વિરજાને તો મૂળથી જ સંન્યાસ લેવાની વૃત્તિ હતી. વિરજાના પુત્ર કીર્તિમાનને અને કીર્તિમાનના પુત્ર કર્દમને પણ તપમાં જ રસ હતો, રાજ્ય કરવામાં રસ ન હતો; એટલે તેઓએ રાજા થવાનું સ્વીકાર્યું નહિ. પરંતુ કર્દમનો પુત્ર અનંગ દંડનીતિમાં ભારે કુશળ નીવડ્યો, અને તેણે પ્રજાનું સારી રીતે રક્ષણ કર્યું. આ અનંગને અતિબળ નામનો પુત્ર થયો. તેણે મહારાજ્યનો સ્વીકાર કર્યો, પણ આખરે તો તે ઇંદ્રિયોને વશ થઈ પડ્યો. અતિબળને વેન નામનો પુત્ર થયો. પ્રજા પર આ વેન રાજા જુલમ ગુજારવા લાગ્યો, એટલે પ્રજાના સેવકો ઋષિઓએ તેને મારી નાખ્યો. ત્યાર બાદ આ બ્રહ્મવાદી ઋષિઓએ વેનના જમણા હાથને ચીરીને તેમાંથી એક પુરુષને કાઢ્યો. આ પુરુષે ઋષિઓને કહ્યું: ‘હે મુનિઓ! મારામાં જન્મની સાથે જ અતિ સૂક્ષ્મ બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. એ બુદ્ધિ ધર્મના અને અર્થના તાત્ત્વિક સ્વરૂપને જોઈ શકે તેવી છે. માટે મને કહો, મારે એ બુદ્ધિનો કેવો ઉપયોગ કરવો? તમારી સૌની સલાહ હું યાચું છું.’

આ સાંભળીને ઋષિઓ બોલ્યા: ‘તું તારા મન, વચન અને કર્મથી અમારી પાસે પ્રતિજ્ઞા કર કે પૃથ્વી પર બ્રહ્મરૂપ વેદનું હું પાલન કરીશ, દંડનીતિશાસ્ત્રમાં રાજાનો જે ધર્મ દર્શાવ્યો છે તેનું હું યથાર્થ આચરણ કરીશ, અને હું મારી ઇંદ્રિયોને વશ થયા વિના લોકકલ્યાણમાં જ રાતદિવસ જાગતો રહીશ.’

વેનના પુત્ર પૃથુએ ઋષિઓની પાસે આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી, ત્યાર પછી ઋષિઓએ તેને રાજા બનાવ્યો. પૃથુના નામ પરથી આ ભૂ 'પૃથ્વી' કહેવાય છે. પૃથુ રાજાના વખતમાં પૃથ્વી ઘણી જગ્યાએ ઊંચીનીચી હતી, તે તેણે સીધી બનાવી. પૃથુનો રાજ્યાભિષેક થયો ત્યારે પૃથ્વીદેવી હાથમાં રત્નો લઈને સેવા માટે હાજર થયાં, ને નદીઓના પતિ સમુદ્રે તેમ જ પર્વતરાજ હિમાલયે પૃથુને અખૂટ દ્રવ્ય આપ્યું. પૃથુ રાજાએ પૃથ્વી પાસેથી લોકોને સર્વ પ્રકારનાં ધાન્ય અપાવ્યાં. પૃથુએ પોતાની પ્રજાને આ પ્રમાણે સમૃદ્ધિ અપાવી રાજી કરી માટે તે રાજા કહેવાયો. રાજા પ્રજાના મનનું રંજન કરવા માટે છે અને તેથી જ તે રાજા કહેવાય છે. યુધિષ્ઠિર મહારાજ! પ્રજાના શરીરને, તેમનાં માનસને અને તેમના આત્માને પ્રસન્ન રાખે એ રાજાનો રાજધર્મ. આ ઉપરથી તું એટલું તો સમજ્યો જ હોઈશ કે માત્ર પ્રજા પોતાની મૂર્ખાઈથી કલ્યાણના ભોગે રાજી રહે એવું કરવું એ રાજાનો ધર્મ નથી. રાજા માત્ર પ્રજાનાં શરીરોનું જ રક્ષણ કરવા માટે નથી પણ પ્રજાના માનસનું અને આત્માનું પણ રક્ષણ કરવા માટે છે; અને પ્રજાનું આવી જાતનું રક્ષણ એ જ પ્રજાનું ખરું રંજન છે. પ્રજાનું આવું રંજન કરે તે રાજા.

[૨] પ્રજાનું મુખ્ય કર્તવ્ય કયું ?

'પિતામહ! આપે મને રાજા શબ્દની ઉત્પત્તિ અને એ શબ્દમાં તરી આવતો તેનો ધર્મ જણાવ્યો. હવે સમગ્ર પ્રજાનું જે એક મુખ્ય કર્તવ્ય હોય તે મને જણાવો.'

: ઉત્તર :

સમગ્ર પ્રજાનું એ જ મુખ્ય કર્તવ્ય છે કે તેણે કોઈ એક લાયક માણસનો રાજા તરીકે અભિષેક કરવો. રાજા વિનાના રાષ્ટ્રમાં ચોર લોકો લૂંટફાટ ચલાવી મૂકે છે, ધર્મની કોઈ જાતની વ્યવસ્થા રહેતી નથી, લોકો માંહોમાંહે લડીલડીને નાશ પામે છે. આવી અરાજકતા સારી નથી. હું પોતે તો આવા ધણી વિનાના રાજ્યમાં નિવાસ જ ન કરું. આવી અરાજકતા જેવું બીજું એકેય રાષ્ટ્રીય પાપ નથી.

પૂર્વે અરાજક પ્રજાઓનો વિનાશ થઈ ગયો, અને બળવાન પ્રજાઓ દુર્બળ પ્રજાઓનું ભક્ષણ કરવા લાગી. ત્યાર પછી પ્રજાએ મળીને અંદર અંદર કાયદાઓ ઘડ્યા પરંતુ કોઈએ એ કાયદાઓને માન્ય રાખ્યા નહિ. એટલે દુ:ખથી વિહ્‌વળ બનેલી પ્રજા બ્રહ્મદેવ પાસે ગઈ અને કહેવા લાગી: 'પ્રભો! રાજા વિના અમારો વિનાશ થતો જાય છે, માટે અમને કોઈ એક રાજા આપો.' પ્રજાની આવી પ્રાર્થના સાંભળીને બ્રહ્માએ મનુને રાજા થવાની આજ્ઞા કરી. પણ મનુએ જણાવ્યું: 'રાજા થવામાં મને પાપકર્મનો ડર લાગે છે. રાજ્ય ચલાવવું, અને તેમાંયે નિરંતર આડે માર્ગે ચડી જવાની મનોવૃત્તિવાળા મનુષ્ય પર રાજ્ય ચલાવવું, એ બહુ કઠણ કામ છે.' મનુનાં આવાં વચનો સાંભળીને પ્રજાએ જણાવ્યું: 'તમે ડર ન રાખો. અમારામાંથી જે કોઈ આડે માર્ગે જશે અને આપનો હુકમ નહિ માને, તે તેનું ફળ અવશ્ય ભોગવશે; આપ તેનું ફળ આપવા મુખત્યાર છો. તમારા પોતાના ઉપયોગ માટે તેમ જ સામાન્ય કલ્યાણનાં કાર્યો માટે તમારા ખજાનામાં અમે દરેક પચાસ પશુઓએ એક પશુ આપશું, અમારી મૂડીમાંથી પચાસમો ભાગ અમે તમારા માટે કાઢશું, અમે જે ધાન્યો ઉગાડશું તેમાંથી દસમો ભાગ અમે તમને ભરશું, અને અમારામાં જે શસ્ત્રકુશળ લોકો છે તે

બધા યુદ્ધમાં તમારી પાછળ આવશે. તમે અમારું કલ્યાણ કરશો એટલે અમારા ધર્માચરણનો ચોથો ભાગ તો અનાયાસે તમારો જ છે, એમાં શક નથી.'

પ્રજાના આ શબ્દો સાંભળ્યા પછી મનુએ રાજા થવાનું સ્વીકાર્યું. રાજાનું રાજાપણું બરાબર જમાવવું હોય તો પ્રજાએ જ રાજાને ઘણું માન આપવું જોઈએ. પ્રજા પોતાના રાજાને માન આપે છે તે એક રીતે તો પોતાને માન આપે છે, કારણકે રાજા એ પ્રજાનો જ પ્રતિનિધિ છે; અને આવો પ્રતિનિધિ હોય ત્યાં સુધી જ એ રાજા છે. પોતે પ્રજાના આવા માનને લાયક બનવાનો હરેક પ્રયત્ન કરવો જોઈએ, અંદરની સાચી લાયકાત વિના માત્ર નિયમોને વળગીને આપેલું માન એ માન નથી પણ અપમાન જ છે, અને એવું માન પ્રજા આપે તોપણ તે લાંબો કાળ ટકી શકતું નથી, એટલા માટે જેને પોતાને મુખી માન્યો તેને પ્રજા માન આપે તો મુખીનું મુખીપણું સાર્થક રહેવાનું છે; અને મુખી આવા માનની યોગ્યતા મેળવે તો જ એ મુખીને સ્થાને શોભવાનો છે.

[૩] રાજ્ય કરવું કે ધર્મ સંપાદન કરવો ?

'પિતામહ! હું રાજ્યસુખની શોધ કરનારો નથી. મને તો એક ક્ષણ પણ રાજા થવાની ઇચ્છા નથી. હું તો કેવળ ધર્મને માટે જ રાજ્ય કરવાની ઇચ્છા રાખું છું. પણ આ રાજ્ય કરવાથી મને જરાય ધર્મપ્રાપ્તિ થવાની નથી. હું તો ધર્મ સંપાદન કરવાની ઇચ્છાથી વનમાં ચાલ્યો જઈશ અને ત્યાં પવિત્ર તપોવનોમાં કોઈ પણ પ્રાણીની હિંસા કર્યા વિના માત્ર ફૂળફળાદિનું ભક્ષણ કરીશ. મુનિવ્રત ધારણ કરીશ અને ઇંદ્રિયોને કાબૂમાં રાખીને ધર્મનું અધ્યયન કરીશ.'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! હું જાણું છું કે તારી બુદ્ધિ ક્રૂરતારહિત છે. પણ એક પ્રકારની અત્યંત કોમળ બુદ્ધિ રાજધર્મનું આચરણ કરવામાં છેક જ નિષ્ફળ નીવડે છે. જે રાજા હદ ઉપરાંત કોમળ અને દયાળુ હોય છે, તેનાથી રાજ્યપાલન થઈ શકતું નથી. તું અતિશય સૌમ્ય વૃત્તિવાળો છે, તું અતિશય આર્ય છે, તું અતિશય ધાર્મિક છે, તેથી લોકો તને બહુમાન આપશે નહિ. તું તારા પિતામહ-પ્રપિતામહનાં જીવન તરફ દૃષ્ટિ કર. તું જે પ્રમાણે વર્તવાની ઇચ્છા રાખે છે તે પ્રમાણે પૂર્વના રાજાઓ વર્ત્યા ન હતા. તું માત્ર વ્યાકુળતાનો અને દયાનો આશ્રય કરીશ તો પ્રજાપાલન રૂપી ધર્મને તું મેળવી શકીશ નહિ. દાન, સ્વાધ્યાય, યજ્ઞ અને પ્રજાપાલન એ ચારેય કરવા માટે તું જન્મથી બંધાયો છે. હરકોઈ ગૃહસ્થાશ્રમી અગર રાજા આ ચારમાંથી કોઈ એકનો જ આશ્રય કરીને જીવન ચલાવે તો તે ધર્મનું આચરણ કરી શકતો નથી. કારણકે પ્રત્યેક ધર્મચારણમાં રહેતો સૂક્ષ્મ અધર્મ તો કોઈથી પણ ત્યજાયો ત્યજાય તેમ નથી. માટે ધર્માચરણની સાથે સૂક્ષ્મ અધર્મ પણ ભળી જાય છે એવી બીકથી ધર્મનો ત્યાગ કરનાર માણસ રાજા થઈ ન શકે.

[૪] રાજા દેવસ્વરૂપ શા માટે ?

'પિતામહ! આપે મને રાજાના જીવનના સૂક્ષ્મ ધર્માધર્મની વાત કહી તે હું સમજ્યો છું. રાજધર્મ બહુ આકરો છે તેનું મને વધારે વધારે ભાન થતું જાય છે. રાજા થવું એ તો તલવારની ધાર પર ચાલવા જેવું છે, એ પણ મને આજે વધારે સમજાય છે. છતાં બ્રાહ્મણો મનુષ્યોના અધિપતિ રાજાને દેવસ્વરૂપ શા માટે કહેતા હશે? રાજા તો દેવસ્વરૂપ છે.' એવાં એવાં શાસ્ત્રવાક્યો જ્યારે કાન પર પડે છે ત્યારે તો ઘડીભર હરકોઈને રાજા થવાનું મન થઈ જાય એવું છે. છતાં પિતામહ! રાજાને જે બાણશય્યા પર સૂવું પડે છે તે શય્યા બહુ વસમી છે, માટે પિતામહ! હું પૂછું છું કે આ બ્રાહ્મણો રાજાને દેવસ્વરૂપ શા માટે કહે છે? '

: ઉત્તર :

યુધિષ્ઠિર! આ પ્રશ્ન વસુમના નામના રાજાએ એક વાર મહર્ષિ બૃહસ્પતિને પૂછ્યો હતો. પ્રજાઓના ધર્મનું મૂળ રાજા જ છે એવું મારું પણ માનવું છે. આ જગતમાં જો રાજા જેવી વ્યક્તિ ન હોય તો સર્વ પ્રજાઓ માંહોમાંહે લડીને નાશ પામે; જગતમાં રક્ષણ કરનાર રાજા ન હોય તો ધનવાનોને નિરંતર દુ:ખ ભોગવવાં પડે; કોઈ પણ માણસ આ ચીજ મારી માલેકીની છે એમ કહી ન શકે; અકાળ મૃત્યુઓનો તો પાર જ ન રહે; સર્વ લોક લૂંટારાઓના હાથમાં સપડાય; વ્યાભિચારનું તો પ્રમાણ જ ન રહે; ખેતીના અને વેપારનો વિનાશ થઈ જાય; વેદનો લોપ થાય; સમાજનું બંધારણ છિન્નભિન્ન થઈ જાય; વિવાહને તો સમાજમાં સ્થાન જ ન રહે; દહીંનાં વલોણાં વલોવાતાં બંધ થાય; નેસડાંઓનો નાશ થાય; પ્રજાનાં હૃદયો ત્રાસને લીધે ઉદ્વેગમાં રહે; કોઈને કાંઈ સૂઝ ન પડે; બધે હાહાકાર થઈ જાય; અને જગતમાં માનવજીવનના ટેકારૂપ જ્ઞાન, સંસ્કૃતિ, વગેરે જે કાંઈ છે તેનો એક ક્ષણમાં વિનાશ થઈ જાય! સમાજમાં રાજા જેવી વ્યક્તિ નિયમન કરનારી છે. તેથી જ સ્ત્રીઓ અલંકારોથી ભૂષિત થઈને પુરુષોને સાથે રાખ્યા વિના પણ નિર્ભય થઈને ફરી શકે છે.'

જેના અભાવે સર્વનો અભાવ થઈ જાય, અને જેની હયાતીથી સર્વની હયાતી ટકી શકે, તે રાજા દેવ સ્વરૂપ નહિ તો બીજું શું? 'આ પણ એક સામાન્ય મનુષ્ય જ છે,' એમ તુચ્છકારથી કદી રાજાનું અપમાન કરવું નહિ. રાજા પ્રજાના મનુષ્યો જેવો એક મનુષ્ય છે, છતાં પણ પ્રજાએ તેની આસપાસ માનપ્રતિષ્ઠાનું વાતાવરણ જમાવવું જોઈએ. આવા વાતાવરણ વિના સાધારણ બુદ્ધિના લોકો તેને પોતાના જેવો બે હાથ અને બે પગવાળો સામાન્ય મનુષ્ય સમજે, અને તેના શબ્દમાં જે ભાર રહેવો જોઈએ તે રાખે નહિ. માટે જ આવી બાબતોમાં સામાન્ય લોકસમૂહને દોરનાર બ્રાહ્મણો રાજાને દેવસ્વરૂપ કહે છે. બ્રાહ્મણોના કહેવાનો ભાવ તો એવો છે કે રાજા એ પ્રજાઓનું ગૌરવયુક્ત હૃદય છે, રાજા પ્રજાઓનું ઉત્તમ સુખ છે. રાજાએ પણ આવા સન્માનને લાયક થવા માટે ઇંદ્રિયદમન, સત્યનિષ્ઠા અને આખી પ્રજા પર સુહૃદ્ભાવ ધારણ કરીને પ્રજાનું પાલન કરવાનું છે. અને એમ કરે ત્યારે જ રાજા દેવસ્વરૂપ છે.

[પ] રાજા થવાનો અધિકાર કોનો ?

'પિતામહ! જ્યારે ચોરોનું બળ વધી પડ્યું હોય અને પ્રજાનું રક્ષણ કરનાર કોઈ ન

હોય, તેવે વખતે જે કોઈ પુરુષ પ્રજાનું રક્ષણ કરે અને ચોરોનો નાશ કરે તે પુરુષ રાજા થઈ શકે કે કેમ?'

: ઉત્તર :

યુધિષ્ઠિર! પ્રજાએ આવા પુરુષને પોતાના સ્વામી તરીકે અર્થાત્ રાજા તરીકે વધાવી જ લેવો જોઈએ. ભાર નહિ ઉપાડનાર બળદ નકામો છે. દૂધ નહિ આપનાર ગાય નકામી છે, તેમ જ પ્રજાનું રક્ષણ નહિ કરનાર રાજા નકામો છે. લાકડાનો હાથી દેખાવે હાથી છતાં હાથી નથી; ચામડાનો મૃગ રૂપે હોવા છતાં સાચો મૃગ નથી; ખારવાળું ખેતર વાસ્તવિક ખેતર નથી; અભણ બ્રાહ્મણ માત્ર નામધારી બ્રાહ્મણ છે; નહિ વરસતું વાદળ દેખાવ પૂરતું જ વાદળું છે; તેમ જ રક્ષણ નહિ કરનારો રાજા એ દેખાવે પૂરતો જ રાજા હોવાથી પ્રજાને માટે તદ્દન નકામો છે. માટે જે પુરુષ પ્રજાના સત્પુરુષોનું અને સંપત્તિનું રક્ષણ કરે તેમ જ દુષ્ટોને શિક્ષા કરે, તેને જ દેશનો રાજા કરવો જોઈએ કારણ કે આવા પુરુષોના આધારે જ જગત આજ સુધી સ્વસ્થ રહી શક્યું છે, આજે પણ સ્વસ્થ રહે છે અને હવે પછી પણ સ્વસ્થ રહેશે. બેટા! સાચું કહું તો જે પુરુષને લઈને જગતનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે એટલું જ નહિ પણ નિરંતર વૃદ્ધિ પામે છે તે પુરુષને માથે મુગટ હો યા ન હો પણ તે જ જગતનો અને પ્રજાનો સાચો રાજા છે. તું હસ્તિનાપુરની પ્રજાનો આવો રાજા થા એવા મારા આશીર્વાદ છે. યુધિષ્ઠિર! તું તપોવનમાં જઈને શાંતિથી બેસવાની અને ધર્માચરણ કરવાની વાતો કરે છે માટે તને કહું છું કે જીવનના તમામ ધર્મો કરતાં આ રાજધર્મ એ જ ચડિયાતો છે. તું આ ધર્મને મૂકીને બીજા ધર્મને શોધવાનો વિચાર કરે છે, એ જ તારો મોટો ભ્રમ છે, સમજ્યો? હવે આગળ પૂછ.

[૬] રાજધર્મનો મર્મ શો ?

'પિતામહ! પ્રશ્નો પૂછવા બેસું તો તો પાર આવે એમ નથી. તેમાંય ગાદી પર બેઠા પછી તો કેમ જાણે જીવનના બધાય પ્રશ્નોનું કીડિયારું ઊભરાયું ન હોય એમ લાગે છે. છતાંય આજે તો રાજધર્મના મહાપ્રશ્ન આગળ બીજા બધાય પ્રશ્નો મારે મન ગૌણ થઈ ગયા છે. જ્યારથી આ મુગટ માથા પર ચડ્યો છે ત્યારથી એ એક જ મહાપ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. આપના જેવા ધર્મવેત્તાઓ કહે છે કે પ્રજાનું રક્ષણ કરવું એ રાજાનો પરમ ધર્મ છે. પણ હું તો આ રાજધર્મને એક મોટો ભાઈ સમજું છું. આપે મને આ રાજધર્મ વિષે ઘણું ઘણું કહ્યું, છતાં એનો મર્મ મને પૂરો સમજાયો નથી.'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! રાજ્ય એ બહુ મોટું તંત્ર છે. કોઈ પણ તંત્રને ચલાવવા માટે તંત્રવાહકની જરૂર છે જ પછી આ તંત્રવાહકને રાજા કહો, મુખી કહો, ધણી કહો કે ગમે તે નામથી બોલાવો. સમાજનાં નાનાં નાનાં તંત્રો વધારે સાદાં હોય છે જ્યારે રાજતંત્ર વધારે મોટું, વધારે ગૂંચવણવાળું અને તેથી વધારે વિકટ છે. કોઈ પણ તંત્રને ચલાવવામાં ઉગ્રતા અને કોમળતા એ બન્નેની સાથે જરૂર પડે છે. ઉગ્રતા ન હોય તો તંત્રના જુદા જુદા અવયવોને એક જ ધ્યેયની સાથે બાંધી શકાતા નથી, એટલે એ અવયવો મનુષ્યસ્વભાવના

ભેદને લઈને ફાવે તે દિશામાં આડા ઊતરી જાય છે અને તંત્રની એકતાને ચૂંથી નાખે છે. એ જ પ્રમાણે કોમળતા ન હોય તો અવયવો આ તંત્રમાં એવા કચડાઈ જાય છે કે તંત્ર નિરંતર કાચે તાંતણે જીવતું હોય એવી જ સ્થિતિમાં ટકે છે; અને મમતા વિનાનું આવું તંત્ર કોઈ પણ ક્ષણે ભાંગીને ભુક્કો થાય છે. આટલા માટે જ માનવસમાજના કોઈ નાના જેવા તંત્રમાં પણ તંત્રનો મુખી હોય તેમાં આવી કડકાઈ અને કોમળતા બન્નેની મિશ્રિત વૃત્તિ જોઈએ. રાજ્યનું તંત્ર તો બહુ મોટું છે; એ તંત્રના અવયવો એકબીજા સાથે અનેક ઝીણા તાંતણાથી જોડાતા હોય છે. એટલે આવા જટિલ અને વિશાળ તંત્રને ચલાવનારા રાજામાં તો કડકાઈ અને કોમળતા બન્ને જોઈએ તેમાં શી નવાઈ?

બેટા યુધિષ્ઠિર! તારે રાજધર્મનો મર્મ સાંભળવો હોય તો તને હું ટૂંકમાં જ જણાવી દઉં.

રાજાના વિધિનિષેધો ગર્ભિણી સ્ત્રીના વિધિનિષેધો જેવા સમજજે. જેમ ગર્ભિણી સ્ત્રી પોતાને મનગમતી વસ્તુઓનો ઉપભોગ કરતી નથી પણ કેવળ ગર્ભનું હિત થાય એવી વસ્તુઓનો જ ઉપભોગ કરે છે, તેમ જ રાજાઓ પોતાના ભોગવિલાસોનો ત્યાગ કરીને પ્રજાનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓ જ કરવી ઘટે છે. પ્રજા રાજાને દેવસ્વરૂપ માને, પ્રજા રાજાને વિષ્ણુનો અવતાર માને, પ્રજા રાજાને સર્વ પ્રકારે માનપ્રતિષ્ઠા આપે એ તો રાજાનાં ભયસ્થાનો છે; અને જે રાજા કેવળ આ વસ્તુઓ પર જ નજર રાખે છે તે રાજા વિનામોતે મરેલો છે. પ્રજા રાજાને વધારે માન આપે છે તેથી જ રાજાએ પોતાના આકરા ધર્મને સમજવાની જરૂર છે, કારણકે રાજા પ્રજા માટે છે, પ્રજા રાજા માટે નથી; પ્રજા રાજાને જન્માવી શકે છે, રાજા પ્રજાને જન્માવી શકતો નથી; આ રાજધર્મનું રહસ્ય. પુત્રો જેમ પિતાના ઘરમાં નિર્ભય થઈને ફરે છે તેમ જ પ્રજાનાં સ્ત્રીપુરુષો જે રાજાના રાજ્યમાં નિર્ભય થઈને ફરી શકે છે, તે જ ઉત્તર રાજા છે.

યુધિષ્ઠિર! જગતના બ્રાહ્મણો તો ગાઈ ગયા છે કે સમુદ્રમાં ભાંગી ગયેલી હોડીનો જેમ ત્યાગ કરવો એ જ માર્ગ છે, તેમ પ્રેરણા ન આપનારા આચાર્યનો, કડવી જીભવાળી ભાર્યાનો, નગરમાં વસવા ઇચ્છતા ગોવાળનો, વનમાં વસવા ઇચ્છતા હજામનો અને રક્ષણ નહિ આપનાર રાજાનો ત્યાગ કરવો એ જ એક માર્ગ છે.

બેટા! યુધિષ્ઠિર! આ એક જ વાત જો તું બરાબર વિચારી લઈશ તો રાજધર્મની બીજી નાનીમોટી વિગતો તને આપોઆપ સૂઝશે, અને આખું રાજધર્મશાસ્ત્ર તારી આંખ આગળ ખડું થશે.

[૭] દંડ અને તેનું સ્વરૂપ શું ?

'પિતામહ! આપે મને રાજધર્મનો મર્મ સમજાવ્યો અને દંડને આધારે જ આ જગત ટકી રહ્યું છે, એમ પણ શરૂઆતમાં જણાવ્યું. તો આ દંડ એટલે શું? એ દંડનું સ્વરૂપ કેવું છે? વગેરે આપ મને વિસ્તારથી સમજાવો.'

: ઉત્તર :

બેટા! દંડ એટલે નિયમન. દંડ એ તો એક જાતનો વ્યવહાર છે. એ વ્યવહારનો અર્થ જ એ છે કે નીચ માર્ગે દ્રવ્યાદિનું હરણ થતું અટકે. દંડ એ જ કોઈ પણ તંત્રના સંચાલકોનું

પરમ દૈવત છે. યુધિષ્ઠિર! આ જગતમાં કોઈ પણ પ્રકારનું નિયમન ન હોય તો મનુષ્યો એકબીજાનો સંહાર કરી નાખે. દંડના ભયથી જ આજે લોકો એમ કરતા નથી. આ સમગ્ર લોકનું રક્ષણ કરી શકાય એ કારણથી પરમેશ્વરે સર્વત્ર સમાન રીતે વર્તનારો દંડ રાજાને અર્પણ કર્યો છે.

મહારાજ યુધિષ્ઠિર! એક વાર આ નિયમનરૂપી દંડ જગતમાંથી અદૃશ્ય થઈ ગયો તેથી પ્રજાઓમાં સંકરતા દાખલ થઈ, લોકો અંદર અંદર લડવા લાગ્યા, દ્રવ્યની કોઈ પણ પ્રકારની વ્યવસ્થા રહી નહિ અને પ્રજા દુ:ખથી ત્રાહિ ત્રાહિ પોકારી ઊઠી. ત્યાર પછી ભગવાન વિષ્ણુએ ફરીથી પોતાના એક અંશરૂપ દંડને ઉત્પન્ન કર્યો એટલે વળી પાછી તરત જ જગતમાં વ્યવસ્થા થઈ ગઈ. ત્યાર પછી ભગવાન વિષ્ણુએ તમામ લોકસમુદાયોમાં એક એક રાજા ગોઠવી દીધો અને કાળને આ રાજાઓનો પણ રાજા બનાવ્યો.

યુધિષ્ઠિર! રાજાએ આ દંડનો ધર્મબુદ્ધિથી જ ઉપયોગ કરવો ઘટે છે. સૂર્યના પુત્ર મનુએ જ્યારથી પ્રજાઓનું રક્ષણ કરવા માટે આ દંડ પોતાના પુત્રને આપ્યો છે ત્યારથી એ દંડ નિરંતર જાગ્રત રહે છે. જે રાજા આ દંડનો ઉપયોગ લોકનિયમન માટે ન કરતાં એ દંડ પોતાના ક્ષુદ્ર સ્વાર્થ માટે વાપરે છે, તે રાજા પોતે જ આ દંડનો ભોગ થઈ પડે છે એમ ઇતિહાસવેત્તાઓ જણાવે છે. માટે હે યુધિષ્ઠિર! તારે નિરંતર જાગ્રત રહીને વર્ણાશ્રમધર્મના પાલન માટે આ દંડનો યથાર્થ ઉપયોગ કરવો. આ દંડ એટલે માર મારવો અથવા તો બીક દેખાડવી એટલું જ માત્ર ન સમજતો. આખા લોકસમુદાયને પોતપોતાનાં કર્તવ્યમાં સ્થિર રાખવા માટે જે જે ઉપાયો રાજાને લેવા પડે એ સર્વ ઉપાયોનો સમાવેશ આ દંડમાં થાય છે; અને તેથી જ આ આખાય શાસ્ત્રને દંડનીતિ એવું નામ આપવામાં આવે છે.

[૮] દંડનીતિથી રાજાને કયા લાભો થાય ?

'પિતામહ! આપે દંડ અને તેના સ્વરૂપ વિષે તો મને કહ્યું તે યથાર્થ છે; પણ આ દંડનીતિથી તો લોકો રાજાથી બીવાના છે, અને બીકથી રાજ્ય કરનારો રાજા પ્રજાને કયો લાભ કરશે તે હું સમજી શકતો નથી. તો પિતામહ! આવી દંડનીતિથી રાજાને શો લાભ થાય તે મને જણાવો.'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! લોકો જ્યારે પોતપોતાની સમજણથી જ ધર્મને અનુસરીને ચાલે ત્યારે તો નથી રાજ્યની જરૂર કે નથી રાજાની જરૂર. પણ આ જુદી જુદી મનોવૃત્તિવાળા માણસોના સમુદાયોમાં એમ બનવું કેવળ અશક્ય છે, અને તેથી જ રાજ્યતંત્ર અને રાજા એ બન્ને અનિવાર્ય છે. હવે જો રાજ્ય ને રાજા અનિવાર્ય છે, તો આ દંડનીતિ પણ અનિવાર્ય છે એમ ચોક્કસ સમજ. નિયમનની સત્તાને લીધે જ રાજા ચારેય વર્ણોને પોતપોતાના સ્થાનમાં રાખી શકે છે.

હે યુધિષ્ઠિર! રાજાની ઉત્પત્તિનું કારણ કાળ હશે કે રાજા કાળની ઉત્પત્તિનું કારણ હશે એવો સંશય તારે કરવો નહિ. રાજા જ કાળની ઉત્પત્તિનું કારણ છે. રાજા પોતે જ પોતાના વ્યક્તિત્વથી કાળને ઊભો કરે છે, અને આખાય જમાના ઉપર એ વ્યક્તિત્વની છાપ લગાવે છે. જે સમયે રાજા દંડનીતિને સંપૂર્ણ રીતે અનુસરે છે તે સમયે જગતમાં

સત્યયુગ પ્રવર્તતો હોય છે. આ સત્યયુગમાં સર્વ વર્ણોનું મન ધર્મમાં જ ચોટેલુ રહે છે. પ્રજાનું યોગક્ષેમ બરાબર ચાલુ રહે છે. ઋતુઓ સુખકારી અને રોગરહિત હોય છે, મનુષ્યોનાં મન પ્રસન્ન રહે છે, રોગો ઓછા થાય છે, ભાગ્યે જ કોઈ અલ્પાયુષી હોય છે, સ્ત્રીઓ ભાગ્યે જ વિધવા થાય છે, પૃથ્વીમાં વગરખેડે ધાન્ય પાકે છે, અને જ્યાં નજર કરો ત્યાં લોકો ધર્મને લક્ષમાં રાખીને જીવન વ્યતીત કરતા હોય છે. આ બધાં સત્યયુગનાં ચિહ્નો છે.

રાજા જ્યારે પોણા ભાગની દંડનીતિને અનુસરે છે ત્યારે જગતમાં ત્રેતાયુગ શરૂ થાય છે. આ યુગમાં અધર્મનો એક ભાગ લોકમાનસમાં પ્રવેશ કરી ચૂકે છે એટલે પૃથ્વી પર ખેડ થાય તો જ પાક મળે છે અને ઔષધિઓ વાવેતર કર્યા વિના નીપજતી નથી.

રાજા પોતે જ્યારે દંડનીતિના અર્ધ ભાગનું જ અનુસરણ કરે છે ત્યારે લોકો ધર્મના અર્ધ ભાગને જ જીવનમાં ઉતારે છે. આ જમાનામાં ખેતરમાં ખેડ કરવાથી ધાન્ય નીપજે છે ખરું, પણ તે સંપૂર્ણ નીપજતું નથી.

પરંતુ રાજ્યતંત્રનો મુખી રાજા જ્યારે દંડનીતિનો સંપૂર્ણ ત્યાગ કરે છે ત્યારે તો જગતમાં કળિયુગનો રીતસર આરંભ થાય છે. આ યુગમાં અધર્મ ઘણો વધી પડે છે, શૂદ્રો મહેનતથી આજીવિકા ચલાવવાને બદલે ભીખ માગીને આજીવિકા ચલાવે છે, બ્રાહ્મણો નોકરી કરીને આજીવિકા ચલાવે છે, લોકોના યોગક્ષેમનો વિનાશ થાય છે, પ્રજા વર્ણસંકર બની જાય છે, ઋતુઓ પોતપોતાના ધર્મનો ત્યાગ કરે છે, લોકો મોટે ભાગે રોગી થાય છે, અકાળ મૃત્યુઓ પુષ્કળ થાય છે, વરસાદ બહુ જ સાધારણ વરસે છે, અને પૃથ્વીના તમામ રસો નાશ પામે છે. માટે યુધિષ્ઠિર! તારે તો આ દંડનીતિનો આશ્રય કરીને જ પ્રજાનું રક્ષણ કરવું, જેથી લોકોમાં અધર્મનો સંચાર ઓછો થાય. ખરી વાત તો એ છે કે રાજા પોતે જ ધર્મ પ્રત્યેના પોતાના આગ્રહથી પ્રજામાં ધર્મનો આગ્રહ જગાડી શકે છે. અને રાજાએ પોતાનો રાજધર્મ છોડ્યો એટલે તો પછી કશુંય રહેતું જ નથી.

[૯] દેશરક્ષણ કેવી રીતે કરવું ?

'પિતામહ! પ્રજાનું સર્વ પ્રકારનું રક્ષણ કરવું એ રાજાનો પરમ ધર્મ છે એમ તો આપે મને જણાવ્યું, પ્રજાના માનસિક રક્ષણનો તેમ જ આધ્યાત્મિક રક્ષણનો પ્રશ્ન એટલો બધો ગહન છે કે કદાચ મારી બુદ્ધિ પણ તેમાં ન ચાલે. પણ રાજ્યના પ્રદેશનું રક્ષણ કેમ કરવું એ તો દરેક સમજી શકે એવો પ્રશ્ન છે, માટે હે પિતામહ! દેશરક્ષણ કેવી રીતે કરવું અને શત્રુઓને કેવી રીતે જીતવા એ મને વિગતવાર સમજાવવા કૃપા કરો.'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! લોકસમૂહના આધ્યાત્મિક રક્ષણનો પ્રશ્ન ભલે તું હમણાં મને ન પૂછે; પરંતુ કોઈ પણ તંત્રના મુખીને માટે — અને તેમાંય રાજતંત્રના મુખી એવા રાજાને માટે તો ખાસ — મારે તને એક વાત સ્પષ્ટ કરી દેવી જોઈએ. રાજાએ પ્રથમ તો પોતાના ચિત્તનો જય કરવો અને પછી પોતાના શત્રુઓનો જય કરવા નીકળવું. જે પુરુષે પોતાની અંદર રહેલા શત્રુઓ પર વિજય મેળવ્યો નથી તે આ બહારના શત્રુઓ પર વિજય મેળવે જ શી રીતે? અને છતાં ધારો કે વિજય મેળવ્યો તો એવા માત્ર બાહ્ય વિજયની કિંમત પણ શી

છે? માટે હરેક રાજાએ પોતાના અંતઃકરણમાં રહેતા કામ, ક્રોધ આદિ છ શત્રુઓ પર પહેલો વિજય મેળવવો. હૃદયનો દેશ સુરક્ષિત થયો એટલે પોણા ભાગનું દેશરક્ષણ થઈ ચૂક્યું સમજવું. કારણકે એવો સંયમી રાજા પોતાની પ્રજાના દિલમાં વિશ્વાસ મેળવી લે છે, અને રાજા તથા પ્રજા બન્ને એક થઈને બહારના દુશ્મનને હાંકી કાઢવા વધારે લાયક બને છે.

યુધિષ્ઠિર! બુદ્ધિમાન રાજાએ મહા ઉત્સાહી, ગુણવાન અને સજ્જન હોય એવા દુશ્મનોની સાથે સંધિથી જ કામ લેવું. તેમાંય રાજા જો પોતે જ પોતાની નિર્બળતા જાણતો હોય તો તેણે બળવાન શત્રુ સાથે જરૂર સંધિ કરવી. બૃહસ્પતિ તો કહે છે કે રાજ્યનું કુશળ ઇચ્છનારા રાજાએ યુદ્ધનો તો ત્યાગ જ કરવો અને સામ, દામ તથા ભેદથી પોતાના કાર્યને સાધી લેવા ચૂકવું નહિ.

છતાં પણ જ્યારે કોઈ બળવાન શત્રુ-રાજા ચડી આવે ત્યારે બુદ્ધિમાન છતાં નિર્બળ રાજાએ કિલ્લાનો આશ્રય લેવો; પોતાના મિત્ર રાજાઓની સાથે મળીને યોગ્ય ઉપાયો યોજવા; અને સામ, દામ તથા ભેદને બરાબર અજમાવી જોવા. છતાં સિદ્ધિ ન મળે તો યુદ્ધ માટે તૈયારી રાખવી.

આવે પ્રસંગે પ્રથમ તો વગડામાં રહેનારી પ્રજાને પ્રસિદ્ધ રાજમાર્ગો પરના ભાગોમાં વસાવી દેવી કે જેથી દુશ્મનો તેને કનડી શકે નહિ, અને પ્રજા નિરંતર રાજાની નજર સમીપ જ રહ્યા કરે. આવે પ્રસંગે પોતાના રાજનગરની આસપાસનાં ગામડાંઓને ઉજ્જડ કરી મૂકવાં કે જેથી શત્રુ પોતે એ ગામડાંઓનો લાભ પોતાના સૈન્યને આપી ન શકે. આવે પ્રસંગે ધનવાનોને તેમ જ અગ્રેસર સૈનિકોને ગુપ્ત ભાગોમાં રાખવા કે જેથી શત્રુ રાજા તેમને લૂંટી ન શકે અથવા તો તેમને ફોડી ન શકે. આવે પ્રસંગે બહાર ખેતરોમાં જે ધાન્ય તૈયાર થયું હોય તેને સત્વર નગરમાં લઈ લેવું, અને તેમ જો ન બને તો તેને સળગાવી દેવું કે જેથી શત્રુ તેનો ઉપયોગ કરી ન શકે. આવે પ્રસંગે બહારનાં જળાશયોનું પાણી ફેલાવી દેવું અથવા તો વાવ-કૂવાઓમાં ઝેર નાખવું કે જેથી શત્રુ એના પાણીનો પોતે ઉપયોગ કરી ન શકે. મતલબ કે આપણી તમામ સાધનસામગ્રી કેવળ આપણા ઉપયોગમાં આવે એવી રીતે તેમને સંઘરી લેવાં, અને સાથે જ તેમાંથી એક પણ ચીજ શત્રુના ઉપયોગમાં ન આવે એટલી કાળજી રાખવી. શત્રુ આપણાં સાધનોનો ઉપયોગ કરીને આપણી સામે યુદ્ધ કરે તેનાથી વધારે મોટી મૂર્ખાઈ આપણી કઈ હોઈ શકે? માટે આપણાં સાધનોનો આખરે નાશ કરવો પડે તો કરવો; પણ તે શત્રુના હાથમાં જવા ન દેવાં. એ વાત ભૂલવી નહિ.

બેટા યુધિષ્ઠિર! આવે વખતે રાજાએ પોતાના નજીકના કોઈ રાજાની મૈત્રી સાધી દુશ્મનોને જીતી શકાતા હોય તો તેમ કરવા ચૂકવું નહિ. રાજધાનીની આસપાસના નાના કિલ્લાઓને જડમૂળથી તોડી પાડવા; ઝાડીઓને કપાવી નાખવી, કિલ્લાઓની આસપાસ ખાઈઓ ખોદાવી તેમાં પાણી ભરાવી રાખવું; દરવાજાઓ પર યંત્રો ગોઠવી દેવાં; કિલ્લાઓ પર તોપો ગોઠવવી; શહેરમાં લાકડાંઓનો મોટો સંગ્રહ કરાવવો; શહેરની અંદરના કૂવાઓને તાજા ગળાવી લેવા; દિવસે અગ્નિ સળગાવવાની સખત બંધી કરવી; અને શહેરમાંથી ભિક્ષુકોને, ગાડી હાંકનારાઓને, હીજડાઓને, ગાંડાઓને તેમ જ કંજૂસ લોકોને શહેરની બહાર કાઢી મૂકવા.

આવા રાજાએ સર્વ પ્રકારનાં આયુધોનો સંગ્રહ તો રાખવો જ; પણ તે ઉપરાંત વિષવૈદ્ય, શસ્ત્રવૈદ્ય, રોગવૈદ્ય અને કૃત્યાવૈદ્ય એ ચારે પ્રકારના વૈદ્યોને પણ પોતા પાસે તૈયાર રાખવા. આ પ્રમાણે બધી ગોઠવણ કરીને પછી દુશ્મનની સાથે યુદ્ધમાં ઊતરનારા રાજા નબળો હોય તોપણ ઘણી વાર વિજય મેળવી જાય છે કારણ કે બળવાન શત્રુ ઘણી વાર

પોતાના બળના અભિમાનમાં ને અભિમાનમાં નાની નાની બાબતોમાં ઉપેક્ષા કરે છે, અને આવી ઉપેક્ષા જ આવા બળવાન રાજાને ઘણી વાર ભમાવીને આખરે પરાજય થાય એવી સ્થિતિમાં મૂકી દે છે.

[૧૦] ગુપ્તચરો વિષે કેવી યોજના કરવી ?

'પિતામહ! શત્રુનો પરાજય કરવા માટે રાજાએ શા શા ઉપાયો લેવા તે આપે મને જણાવ્યું. આપ જાણો છો કે રાજ્યનું રક્ષણ કરવામાં ગુપ્ત દૂતો ઘણી વાર બહુ ઉપયોગી નીવડે છે. તો આવા ગુપ્ત દૂતોની કેમ વ્યવસ્થા રાખવી એ વિષે મને વધારે નહિ તો ઇશારો માત્ર આપ કરો એમ ઇચ્છું છું.'

: ઉત્તર :

કુરુરાજ યુધિષ્ઠિર! રાજાએ શહેરોના કિલ્લાઓમાં, રાજ્યની સરહદ પર, રાજધાનીના શહેરમાં, ઉપવનોમાં, નગરના બાગ-બગીચાઓમાં, સંસ્થાઓમાં, પુરોમાં, નગરોમાં, અંત:પુરમાં અને રાજ-મહેલમાં પણ ગુપ્ત દૂતોને રાખવા. આવા ગુપ્ત દૂતો રાખવાથી ખુદ આપણા પોતાના રાજ્યમાં આપણી રાજનીતિ વિષે લોકમત કેવો છે તે જાણવાની રાજાને તક મળે છે. સિવાય આપણા દુશ્મનો આપણી હદ બહાર તેમ જ આપણી હદમાં આપણી પોતાની વિરુદ્ધ કેવું કામ કરી રહ્યા છે તે જાણવાનીય ઉત્તમ તક મળે છે. આપણા મંડળમાં તેમ જ પારકા મંડળમાં આપણા માટે શું શું ચાલી રહ્યું છે તે જાણવા માટે આવા ગુપ્ત દૂતો અત્યંત જરૂરી છે.

આ બધા દૂતો જડ, આંધળા તેમ જ બહેરા માણસોના જેવા દેખાવવાળા જો હોય તો વધારે સારું. આ દૂતોને બહારનાં ચિહ્નો પરથી માણસોની પરીક્ષા કરતાં આવડવી જોઈએ. જેને ભૂખ, તરસ ને થાક વેઠવાની તાકાત હોય એ જ સાચો ગુપ્ત દૂત થઈ શકે છે. નગરમાં તેમ જ નગરની બહાર મોટા ભાગના લોકો એકઠા થતા હોય તેવા અખાડા, બગીચાઓ કે ભિક્ષુકોની મંડળીઓમાં, રાજપુરુષોના ઘરમાં તેમ જ જંગી સભાઓમાં આવા દૂતોને ગોઠવી દેવા જોઈએ, આપણી હદમાં કોણ આપણો દુશ્મન છે તે પારખવા માટે આવા ગુપ્ત દૂતો ઉત્તમ સાધન છે.

યુધિષ્ઠિર! આવા ગુપ્ત દૂતો પ્રામાણિક માણસો ન હોય, અને રાજા પોતાની ઊણપોને જાણીને તેમને દૂર કરવા તૈયાર ન હોય, તો આવા ગુપ્ત દૂતો પ્રજાની સાચી ખોટી વાતો રાજાના કાન પર નાખીને રાજાને ભમાવે છે, અને પ્રજાને રાજાની દુશ્મન બનાવે છે.

માટે પોતાની પ્રજાની અંદર આવા દૂતોનો ઉપયોગ કરવો હોય તો રાજાએ હમેશાં ચેતીને ચાલવું

[૧૧] રાજાએ કેવા મિત્રો કરવા ?

'પિતામહ! જગતમાં કોઈ પણ તંત્ર ચલાવવું હોય તો માણસ એકલો ભાગ્યે જ ચલાવી શકે છે. તેમાં પણ રાજ્ય જેવા મોટા તંત્રને ચલાવવા માટે તો રાજાને ઘણા

સહાયકોની જરૂર રહે છે. આવા રાજાના મિત્રો કેવા સ્વભાવના તથા કેવા આચરણવાળા હોવા જોઈએ તે આપ મને જણાવો.'

: ઉત્તર :

બેટા! રાજાઓના ચાર પ્રકારના મિત્રો હોય છે: સહાર્થ મિત્ર, ભજમાન મિત્ર, સહજ મિત્ર અને કૃત્રિમ મિત્ર. 'આપણે બન્ને મળીને આપણા બન્નેના અમુક શત્રુ રાજાનો નાશ કરવો અને તેનું રાજ્ય વહેંચી લેવું' એવી શરત અથવા તો સમજણથી થયેલો મિત્ર સહાર્થ મિત્ર કહેવાય છે. પોતાના બાબદાદાના વખતથી જે સેવા કરતો આવતો હોય તે ભજમાન મિત્ર કહેવાય છે. માશીનો દીકરો, ફોઈનો દીકરો વગેરે સહજ મિત્ર કહેવાય છે; અને જેને ધનાદિથી વશ કર્યો હોય તે કૃત્રિમ મિત્ર કહેવાય છે. આ ઉપરાંત એક પાંચમો મિત્ર પણ હોય છે, જે ધર્માત્મા હોય છે. આ ધર્માત્મા મિત્રને કોઈનો એકનો પક્ષ નથી હોતો, પણ જે તરફ ધર્મ હોય તે તરફ એ પોતે મિત્ર તરીકે રહે છે. રાજાઓને જ્યારે વિજય મેળવવાની પ્રબળ ઈચ્છા થાય છે ત્યારે ધર્મ તેમ જ અધર્મ બન્નેનું આચરણ કરવું પડે છે. અને આવો ધર્માત્મા મિત્ર અધર્માચરણમાં પોતાની અનુમતી આપતો નથી; માટે આવે વખતે તેની સલાહ માગવી જ નહિ એ ડહાપણભર્યું છે.

ઉપરના ચાર પ્રકારના મિત્રોમાં ભજમાન અને સહજ એ ઉત્તમ મિત્રો ગણાય છે; બીજા બે પ્રકારના મિત્રો નિરંતર શંકા કરવા લાયક હોય છે.

રાજાએ કોઈના પર સંપૂર્ણ વિશ્વાસથી કે સંપૂર્ણ અવિશ્વાસથી ચાલવું નહિ; કોઈનો કેવળ વિશ્વાસ ન કરવો તેમ કોઈનો કેવળ અવિશ્વાસ ન કરવો. રાજાની આ સનાતન નીતિ છે.

બેટા યુધિષ્ઠિર! મેં સહજ મિત્રો ઉત્તમ તો કહ્યા, પણ એ વિષે બીજી પણ થોડી વાતો વિચારવાની રહે છે. મહારાજ! માણસને જેવો મૃત્યુનો ભય હોય છે, તેવો સગાંસંબંધીઓનો પણ ભય હોય છે. સામાન્ય રીતે આપણો જ્ઞાતિભાઈ આપણી ઉન્નતિ સહન કરી શકતો નથી. સરલ, દયાળુ, ઉદાર, લજ્જાવાન અને સત્યવાદી એવા પોતાના ભાઈને પણ આ જ્ઞાતિભાઈ સાંખી શકતો નથી. છતાં પણ જેને બીજાઓ ધિક્કારે છે તેને જ્ઞાતિભાઈ આશ્રય આપે છે એ વાત સાચી છે. જ્ઞાતિના કોઈ એક ભાઈનું બીજાઓ અપમાન કરે છે તો આખી જ્ઞાતિ એ ભાઈના અપમાનને પોતાનું અપમાન ગણે છે, અને તેને પડખે ઊભી રહે છે. આ રીતે જ્ઞાતિવર્ગમાં તેમ જ સહજ મિત્રમાં ગુણ તથા અવગુણ બન્ને છે. માટે આ આખા વર્ગ તરફ વિશ્વાસ હોય કે ન હોય, તોપણ વર્તન તો વિશ્વાસ રાખ્યા જેવું જ રાખવું જોઈએ.

[૧૨] રાજાએ સંબંધીમંડળને કેમ વશ કરવું ?

'પિતામહ! આપના કહેવાથી તો એમ સમજાય છે કે જ્ઞાતિમંડળને કે સંબંધીમંડળને વશ કરવું તે અશક્ય છે. તો પછી એ મંડળમાં રાજાના મિત્ર કે શત્રુ હોય તેને કેવી રીતે વશ કરવા?'

: ઉત્તર :

યુધિષ્ઠિર! આ વિષય પર એક વાર શ્રીકૃષ્ણ અને નારદને પણ વાતચીત થઈ હતી તે હું જાણું છું. પૂછી જો આ શ્રીકૃષ્ણને. બાહુક અને અક્રૂર વચ્ચે સમભાવ રાખતા છતાં એ બન્નેના પક્ષભાવને લઈને શ્રીકૃષ્ણને ઘણું કષ્ટ વેઠવું પડ્યું હતું. આવા પ્રસંગોમાં લોખંડથી નહિ બનેલું, કોમળ અને છતાં હૃદયને ચીરી નાખે તેવું એક શસ્ત્ર છે, તેનો ઉપયોગ કરવાથી કલહનું બીજ સદંતર નાશ પામે છે. આ શસ્ત્ર કયું તે તું સમજ્યો? શક્તિ પ્રમાણે દાન કરવું, નિરંતર ક્ષમા રાખવી, સરળતા અને મૃદુતા રાખવી, અને સૌનો યથાયોગ્ય સત્કાર કરવો, એ લોખંડનું નહિ બનેલું એવું એક શસ્ત્ર છે. રાજ્યની ધોંસરીને વહન કરવી એ કોઈ સાધારણ માણસનું કામ નથી. જે રાજા મોટા દિલવાળો છે અને મનને વાળનારો છે, તેણે તો આવા આવા પ્રસંગોમાં પણ રાજ્યના સમગ્ર ભારને પોતાની છાતી પર રાખીને ચાલવું જોઈએ; સરળ, સીધો અને સપાટ રસ્તો હોય તેના પર તો બધા બળદો ભાર વહી જાય છે; પરંતુ ખાડાટેકરાવાળા વિષમ રસ્તા પર ભાર ખેંચે તે બળદ ઉત્તમ છે. મનુષ્યના કોઈ પણ નાના મોટા સંઘને વશ રાખવો હોય તો વશ રાખનાર પુરુષમાં ચાર ગુણોની ખાસ અપેક્ષા રહે છે: બુદ્ધિ, ક્ષમા, ઇંદ્રિયનિગ્રહ અને ધનદાન. બેટા! બુદ્ધિશાળી રાજા ધારે તો પોતાના શત્રુ જેવા સંબંધીઓને પાયમાલ કરી શકે છે, પણ એ પ્રકારનું વર્તન આવા રાજાઓને શોભતું નથી; એમાં પરિણામે તેને પોતાને પણ નુકસાન થાય છે. માટે ઉપર જણાવ્યા ચાર ગુણો વડે રાજાએ પોતાના સંબંધીઓનું હિત કરવાની જ બુદ્ધિ રાખવી પણ તેમનો વિનાશ ઇચ્છવો નહિ.

કુરુરાજ! આ તો રાજાના વર્તનનો એક પ્રકાર તને જણાવ્યો. વળી જે પુરુષ રાજાના ભંડારની વૃદ્ધિ કરતો હોય તેનું રાજાએ અવશ્ય રક્ષણ કરવું જોઈએ. કારણ કે રાજાના આખા તંત્રનો આધાર આ ભંડાર પર છે. કોઈ મંત્રી અપ્રમાણિક થઈને રાજાના ભંડારમાંથી ધન ચોરી જતો હોય, અને એકાદ નોકર રાજા પાસે તેની વાત કરવા આવે તો રાજાએ એકાંતમાં તેની વાત સાંભળવી, અને પેલો મંત્રી આ નોકરને પાયમાલ ન કરી શકે એવી રીતે એ નોકરનું રક્ષણ કરવું. આવા નોકરને રાજા પોતે રક્ષણ ન આપે તો રાજાના મંત્રીઓ તેને જરૂર હેરાન કરે છે, અને તેનો જીવ લેતાં પણ અચકાતા નથી, કારણ કે આવા મંત્રીઓને પોતાના ક્ષુદ્ર સ્વાર્થ આડે ખુદ મનુષ્યના જીવનની પણ કશી કિંમત હોતી નથી. રાજાના અમાત્યો મૂળ તો રાજાના આશ્રયથી જ વૃદ્ધિ પામ્યા હોય છે; પણ પોતાના સ્વભાવની દુષ્ટતાને લીધે પાછળથી એની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. અને છેવટે રાજાનો સુધ્ધાંત નાશ કરવા તૈયાર થાય છે. આવા મંત્રીઓ માત્ર ધનના લોભથી જ આવું કરે છે એમ નથી; તેમના આવા વર્તનની પાછળ ધનલોભ, સત્તાલોભ, પ્રતિષ્ઠાલોભ, કે એવો કોઈ પણ એક પ્રકારનો લોભ રહેલો હોય છે. આ દુષ્ટોને સજ્જનતા-દુર્જનતાનો કશો ભેદ જ હોતો નથી. જે રાજાના રાજ્યમાં મુખ્ય મંત્રીઓ આવા હોય તે રાજાના રાજ્યમાં સારા લોકો વસવાની ઇચ્છા કરતા નથી, કારણ કે રાજા ગમે તેવો સારો હોય, તોપણ આવા મંત્રીઓ રાજ્યના આખા વાતાવરણને ઝેરી બનાવી દે છે, અને કોઈ પણ સારી વસ્તુને ઊગવા દેતા નથી.

જે રાજાના રાજ્યમાં આવા દુષ્ટ મંત્રીઓ એકઠા થઈ ગયા હોય તે રાજાએ તેમને એક પછી એક એમ દૂર કરવા જોઈએ; અથવા તો છેવટે મારી નાખવા જોઈએ. આવા દુષ્ટોને એકીસાથે દૂર કરવાથી વાતાવરણ તદ્દન શુદ્ધ થાય એવું હોય છે, પણ એમ કરવામાં ડહાપણ નથી. એક જ જાતનો અપરાધ કરવાવાળા આવા દુષ્ટો પરસ્પરના શત્રુ હોવા છતાં રાજાની સામે એક થઈ જાય છે, અને આવી એકતાને બળે કદાચ રાજાને પણ મસળી નાખી શકે છે! માટે ચકોર રાજાએ આવા દુષ્ટોને પોતાનું ઐક્ય સાધવાની તક

આપવી એમાં ડહાપણ નથી.

[૧૩] રાજાએ કેવા અધિકારીઓ યોજવા ?

'પિતામહ! આપે તો ભારે કરી! કોઈ પણ તંત્રના મુખીને પોતાના છેક નજીકના આદમીથી પણ કેટલા સાવધાન રહેવાની જરૂર છે તે આપની પાસેથી મને સ્પષ્ટ સમજાયું. હું સમજું છું કે રાજ્ય જેવું મોટું તંત્ર ચલાવવું હોય ત્યારે અનેક પ્રકારના નાના મોટા અમાત્યો રાખવા પડે, અને એ બધા એક જ જાતની વૃત્તિવાળા ન હોય. છતાં પણ જો આવા લોકોનો રાજાને પાછળથી વિચાર કરવો પડે અને તેમનાથી કેમ બચવું એ તપાસવું પડે, તેના કરતાં તેમની પસંદગી કરતી વખતે જ રાજા સાવધાન રહે, તે વધુ સારું નહિ? માટે હે પિતામહ! રાજાએ પોતાનાં જુદાં જુદાં ખાતાંઓના અધિકારીઓને-મંત્રીઓને કેવી રીતે પસંદ કરવા એ જ આપ મને વિસ્તારથી સમજાવો.'

: ઉત્તર :

જેઓ કુળવાન હોય, જેઓ દેશમાં જ જન્મેલા હોય, જેઓ બુદ્ધિશાળી હોય, જેઓ શસ્ત્રને જાણતા હોય, જેઓ તેજસ્વી હોય અને જેઓ રાજાની સાથે કોઈ પણ પ્રકારના સદ્‌ભાવથી જોડાયા હોય, તેમને જ સેનાપતિ વગેરેના અધિકારો રાજાએ આપવા. હલકા કુળના પુરુષો અધિકાર પર આવ્યા પછી પણ પોતાના ઉછેરની હલકાઈને ભાગ્યે જ દૂર કરી શકે છે; અને નાનપણમાં પડેલા આવા હલકા સંસ્કારો એ પુરુષને તેના અધિકારના પદ ઉપર બેઠા છતાં એ પદને શોભે એવા વિશાળ વિચારો કરવા દેતા નથી. જે પુરુષો લોભી હોય છે તેમને તેમનો લોભ જ કંગાલ બનાવી મૂકે છે; અને ઘણાં નાનાં માણસોની ઉપર અધિકાર ચલાવનારો આદમી ઘણી વાર પોતાના આવા લોભી સ્વભાવથી માણસોમાં ભાવ ઉત્પન્ન કરી શકતો નથી. આવો લોભી અધિકારી પોતાના પેટાના વિચારમાંથી પરવારતો નથી, એટલે પોતાના હાથ નીચે બીજા માણસો હોય તેમના પેટનો વિચાર એ ભાગ્યે જ કરે છે.

દયા વિનાના પુરુષો અધિકાર પર આવે છે ત્યારે તેમની કડકાઈથી અધિકારનું તેજ વધે છે. અને કામની ગતિમાં પણ વેગ આવે છે; પરંતુ આવા અધિકારમા જે માનવતાનું કોમળ તત્ત્વ અધિકારને સુંવાળો રાખ્યા કરે છે તે ન હોવાથી, માણસો આવા અધિકારથી કંટાળી જાય છે. માટે મહારાજ! રાજાએ નીચ કુળના, લોભી તેમ જ નિર્દય એવા પુરુષોને અધિકાર પર યોજવા નહિ.

પણ આ બધાય કરતાં વધારે નુકસાન કરનારો તો લાજ વિનાનો અધિકારી છે. ઉપર જણાવ્યા તેવા લોકો હલકા હોય, લોભી હોય કે નિર્દય હોય, તોપણ તેમને જ્યારે સાચી વાત કહેવામાં આવે ત્યારે વિચાર કરે છે; અને બીજા કશાયની ખાતર નહિ તો છેવટ લોકલાજથી પણ સારું વર્તન રાખે છે. પણ લાજ વિનાનો બાંડિયો મંત્રી તો રાજ્યને ઊંધું જ મારે છે. આવા નિર્લજ્જ માણસને કોઈની શરમ નથી પડતી એટલે તેની દુષ્ટતાને એક પ્રકારનો વરવાનો મળે છે; અને તેથી જ આવા નિર્લજ્જ પુરુષોને તો તમારે કોઈ દિવસ મંત્રી ન બનાવવા. આવા પુરુષોને તમે અધિકાર સોંપશો તો જ્યાં સુધી તેઓના હાથ ભીના રહેશે ત્યાં સુધી તેઓ તમારું કામ કરશે; પણ ખરે વખતે તમારો અને રાજ્યનો

બંનેનો ફંગોળિયો કરી ચાલતા થશે.

રાજાએ પોતાના અધિકારીઓને ધન, માન, સત્કાર અને નાના મોટા ભોગોથી પ્રસન્ન રાખવા. આમ કરવાથી અધિકારીઓ રાજા તરફ ખેંચાતા રહે છે; અને રાજ્ય તરફની તેમની નિષ્ઠા આવાં નાનાં નાનાં પગલાંથી વધીને મજબૂત થાય છે.

પણ યુધિષ્ઠિર! એક વાત મારે તને ખાસ કહેવાની છે. અને તે એ કે તું મંદબુદ્ધિના અધિકારીઓથી સદા દૂર જ રહેજે; એવા પુરુષોને અધિકાર પર યોજીશ જ નહિ. જે પુરુષને રાજમંત્રને યથાર્થ સમજીને એ મંત્રને બીજા માણસો મારફત ક્રિયામાં મૂકવો છે, તે પુરુષ ઓછી અક્કલવાળો હોય તો કેમ ચાલે? આવા ઓછી અક્કલવાળા છતાં અધિકારી થયા માટે જ અક્કલનો ફાંકો રાખનારા અધિકારીઓ હાથ નીચેના માણસોની અક્કલથી જ ચાલે છે, અને રાજ્યને મોટા ખાડામાં ઉતારી દે છે. ભલે મોટો અધિકારી મોટો પંડિત ન હોય, ભલે તારો અધિકારી બહુ શ્રીમંત ન હોય, ભલે તારો અધિકારી સભાને ગજવે તેવો ન હોય, પરંતુ કાર્યાકાર્યમાં વિવેકને જાણવા જેવી સાદી સમજ તો તેનામાં અવશ્ય હોવી જોઈએ. કાર્યાકાર્યની આવી સાદી સમજથી ચાલનારા અધિકારીઓ જ રાજ્યને છેવેટે યશ અપાવે છે.

મહારાજ યુધિષ્ઠિર! કોઈ વખતે કારભારમાં તમારે એક જ ગુણવાન પુરુષ અને બીજી તરફ ઘણા પણ ગુણહીન પુરુષોનો સમુદાય, એમ બેમાંથી કોઈ એક પક્ષને પસંદ કરવાનો પ્રસંગ આવે, ત્યારે ગુણહીન સમુદાય ગમે તેટલો મોટો હોય તોપણ તેને પડતો મૂકીને તમારે એકલા ગુણવાન પુરુષને પસંદ કરવો. તમારે ચોક્કસ માનવું કે પેલો ગુણહીન સમુદાય ગમે તેવડો મોટો હોવા છતાં વસ્તુત: પોકળ જ છે, કારણ કે તેનામાં કશુંય વીર્ય નથી. એક ગુણવાન આદમી આજે ભલે એકલો દેખાતો હોય, પણ આવતી કાલે તેના ગુણો બીજા અનેકને તેની પાસે પોતાની સુગંધથી ખેંચી લાવવાના છે; અને તેથી જ એકલો છતાં તે મોટા સમુદાય જેવો છે.

મહારાજ! જેનામાં તેજ જોવામાં આવતું હોય અને જે ધર્માધર્મની મર્યાદાને બરોબર ઓળખતો હોય તે સત્પુરુષ છે એમ તમારે સમજવું. અને આવા સત્પુરુષોથી જ તમારે રાજતંત્ર ચલાવવું. જે અધિકારી તેજહીન હોય અને જે શત્રુઓ સાથે સંબંધ રાખતો હોય, તે ખરે પ્રસંગે સ્વતંત્ર નિર્ણય કરી શકતો નથી અને રાજાને આફતમાં મૂકે છે; જે મંત્રી કુળવાન હોય અને ભાવનાવાળો હોય પણ શાસ્ત્રજ્ઞાન વગરનો હોય તે રાજકીય મંત્રોની યથાર્થ વિચારણા કરી શકતો નથી; જે મંત્રી ઘણો જ બુદ્ધિશાળી હોય પણ તેજસ્વી ન હોય તે સામાન્ય કાર્યો કરવામાં હિંમત દેખાડી શકતો નથી; જે મંત્રી બુદ્ધિશાળી હોય, વિદ્વાન હોય પણ સ્થિર સંકલ્પવાળો ન હોય તે કોઈ પણ કામને આટોપી શકતો નથી; જે મંત્રી મૂર્ખ હોય તે કામને હાથમાં લે તોયે પૂરું કરી શકતો નથી. માટે આ બધી જાતના વિચારોની બરાબર તુલાના કરીને રાજાએ મંત્રીઓને પસંદ કરવા. બધા મંત્રીઓ સો ટકા સારા મળવા મુશ્કેલ છે; અને રાજ્ય એ કાંઈ એવું તંત્ર નથી કે જેટલું ચલાવવું હશે તેટલું ચલાવાય અને બાકીનું પડતું મુકાય. માટે ઉપર જણાવ્યા તેવા ગુણ-અવગુણોની તુલના કરીને રાજાએ પોતાના મંત્રીઓને નીમવા. મંત્રીઓના આવા ગુણદોષો એકબીજામાં સમાઈ જાય અને આખા તંત્રનો સૂર મધુર બની જાય એમાં જ રાજાની ખૂબી છે.

યુધિષ્ઠિર! આમ મંત્રીઓને પસંદ કરવા એ જેમ અગત્યનું છે તેમ જ પસંદ કરેલા આ સાથીઓની સાથે કેવી રીતે કામ લેવું એ પણ તેટલું જ જરૂરનું છે. જે મંત્રી શઠ હોય, તેને રાજાએ પોતાના ગુપ્ત વિચારો જણાવવા નહિ; જે મંત્રી પ્રજાને બહુમાન આપતો ન હોય, જે મંત્રી મૂર્ખ હોય, જે મંત્રી આત્મશ્લાઘી હોય, જે મંત્રી નવો આવેલો હોય અને જે મંત્રી

એક વાર પદભ્રષ્ટ થાય પછી પાછો એ જ પદ પર આવ્યો હોય, તેને રાજાએ પોતાના ગુપ્ત વિચારો જણાવવા નહિ. દૂધ જેવી રીતે સર્પના મોઢામાં ઝેર બને છે, તેમ રાજાનો સારામાં સારો મંત્ર પણ આવા મંત્રીના મનમાં વિકૃત રૂપ પકડે છે, અને આખરે તે મંત્ર રાજાને તેમ જ રાજ્યને નુકસાનકર્તા થઈ પડે છે.

પરંતુ જે મંત્રી પવિત્ર હૃદયવાળો હોય, જે શીલસંપન્ન હોય, જે પ્રજામાં પ્રિય થયો હોય, જે થોડું બોલવાવાળો હોય, જે પોતાનાં શાંત વચનોથી આખા જગતને વશ કરવા સમર્થ હોય અને જે કાળના બળને બરાબર પારખી શકતો હોય તેવા મંત્રીને જ રાજાએ પોતાના ગુપ્ત વિચારો જણાવવા.

રાજાના મંત્રીઓએ પોતાનાં તેમ જ પારકાં છિદ્રો ધ્યાનપૂર્વક તપાસી લેવાં. જે મંત્રીઓ પોતાના કારભારનાં છિદ્રો જોતા નથી તેઓ રાજ્યના ખરા દુશ્મનો છે; માટે પોતાના છિદ્રો તો પહેલાં જોવાં અને તેનો ઉપાય યોજવો. જો છિદ્રો એમ ને એમ રહેવા દઈએ તો એ છિદ્રો વાટે મંત્રીમાં ફાટફૂટ અવશ્ય થવાની છે; અને મંત્રીની ફાટફૂટ થઈ એટલે કોઈ પણ તંત્ર ખલાસ થયું સમજવું. રાજ્યની કોઈ પણ ખાનગી વાત તેનો વખત આવ્યા પહેલાં બહાર પડી જાય તો જાણવું કે રાજ્યની કોઈક કચેરી કાણી છે; અને આવી કાણી કચેરીને માટે તો કચેરીના અધિકારીએ તરત જ પગલાં લેવાં ઘટે છે. રાજા યુધિષ્ઠિર! સાધારણ લોકો ખાનગી મંત્રણાનો મર્મ સમજતા નથી, એટલે જ મંત્રણાને નામે સાચાખોટા ગપગોળા ચલાવે છે. રાજા અને તેના મંત્રીઓની મંત્રણા એ જ તો રાજ્યનું મૂળ છે. જેમ પક્ષી ઈંડાનું યથાર્થ સેવન કરે ત્યાર પછી જ જે બચ્ચું બહાર આવે તે સર્વાંગસંપૂર્ણ હોય છે, તેમ આવી મંત્રણાનું પૂરેપૂરું સેવન થયા પછી જ તે બહાર આવે તો એ મંત્રમાં તેજ હોય છે. આવી ગુપ્ત મંત્રણા એ રાજાનું મોટું કવચ છે. રાજાએ પોતાના તમામ મંત્રીઓના વિચારોને જાણીને પોતાના મનમાં સ્થિર કરવા, પછી એ વિચારોની સાથે પોતાના વિચારને જોડવો અને એ બધાનો ઊહાપોહ કરીને છેવટનો નિર્ણય કરવો; અને એવા નિર્ણયમાં પોતાના મંત્રીઓને સહમત કરવા. આવો રાજમંત્રણાનો માર્ગ છે. આવી રીતે પક્વ થયેલો વિચાર જ્યારે અમલમાં મુકાય છે ત્યારે એ વિચારમાં જે એવું અલૌકિક બળ પેદા થાય છે કે પ્રજા એ વિચારને આનંદપૂર્વક સ્વીકારી લે છે, અને તરત પચાવી શકે છે.

આવી મંત્રણા થતી હોય તે સ્થળની આસપાસ ઠીંગણા, કૂબડા, દુર્બળ, લૂલા, લંગડા, આંધળા, મૂર્ખ અને નપુંસક માણસોની આવજા થવા ન દેવી. કારણ કે આવા લોકો સ્વભાવથી જ ગપગોળા ચલાવનારા હોય છે અને વિચાર પરિપક્વ થઈને અમલમાં આવે તે પહેલાં જ વાતાવરણને એવું ડહોળી નાખે છે કે એ વાતાવરણમાં કોઈ પણ સારી વાત ટકી શકે નહિ.

રાજ્યની આવી મંત્રણા ચાલતી હોય તેવે વખતે રાજા કે મંત્રી કોઈએ ઉતાવળે સ્વરે ભાષણ ન કરવું; તેમ જ નેત્ર વગેરેના ચાળા પણ ન કરવા. પોતાનાં બાહ્ય ચિહ્નો પરથી લોકો કશુંય કળી ન શકે એટલી ગંભીરતા તો રાજા અને મંત્રીઓએ કેળવી લેવી ઘટે છે.

[૧૪] રાજ્યના નોકરો કેવા હોવા જોઈએ ?

'પિતામહ! રાજાએ પોતાના મંત્રીઓને કેવી રીતે પસંદ કરવા અને તેમની સાથે કેવો વર્તાવ રાખવો એ તો આપે જણાવ્યું; પણ રાજાને કંઈ એકલા મંત્રીઓથી ઓછું જ રાજ્ય કરવું છે? તેને તો અનેક નોકરો પણ રાખવા પડે છે. એટલે આ તમામ નોકરો કેવા રાખવા

જેથી આખી પ્રજાનું કલ્યાણ થાય, તે પણ ને સમજાવો.’

: ઉત્તર :

યુધિષ્ઠિર! આવા સેવકો વિનાનો કોઈ પણ પુરુષ તંત્ર ચલાવી શકતો નથી, તો રાજા તો શી રીતે ચલાવી શકે? જે રાજાની પાસે પ્રજાનું હિત ઈચ્છનારા, કુળવાન અને કુશળ સેવકો હોય છે તે રાજા ભાગ્યશાળી છે. જે રાજાના સેવકો લાંચ ન ખાનારા, રાજાને સારી સલાહ આપનારા, રાજ્યના સંબંધોને જાણવામાં કુશળ તથા કામને ઓળખનારા હોય છે, તે રાજા ભાગ્યશાળી છે. જે રાજાની તિજોરીના નોકરો તેજસ્વી, સંતોષી અને તિજોરીમાં વૃદ્ધિ કરવાની શુભ બુદ્ધિવાળા હોય તે રાજાને ભાગ્યશાળી સમજવો. જે રાજાના રાજ્યમાં કામ પ્રમાણે ન્યાય તોળવામાં આવે છે તે રાજા ભાગ્યશાળી છે. જે રાજા પોતાના રાજ્યને માટે ઉત્તમ સેવકો મેળવી શકે છે તે રાજા ભાગ્યશાળી છે.

યુધિષ્ઠિર! રાજાએ સેવકોને તેમના લાયક સ્થાન પર ગોઠવી જાણવા જોઈએ. એક જ વસ્તુ સ્થાન પર ગોઠવવામાં આવી હોય તો શોભી ઊઠે છે, અને એની એ જ વસ્તુ અસ્થાને ગોઠવવામાં આવી હોય તો શોભતી નથી. એવું જ માણસોનું છે. દરેક માણસને તેનું પોતાનું એક સ્થાન તો હોય જ છે કે જ્યાં એ દીપી નીકળે, પણ માણસને તેવું સ્થાન શોધીને ગોઠવનારાઓ ભાગ્યે જ મળી આવે છે. માટે રાજાએ દરેક સેવકને તેનું સ્થાન શોધીને ગોઠવવામાં કાળજી રાખવી. ઉત્તમ સ્થાન પર ઉત્તમની જ ગોઠવણ કરવી. મધ્યમ સ્થાન પર મધ્યમની ગોઠવણ કરવી, ને હલકા સ્થાન પર હલકાની ગોઠવણ કરવી. કોઈ પણ રાજાએ ઉત્તમ સ્થાન ઉપર હલકા સેવકની ગોઠવણ કરવાની ભૂલ તો કરવી જ નહિ. આ સંબંધમાં એક કૂતરાની વાર્તા છે. એક વખત એક મુનિએ સ્નેહને વશ થઈને એક કૂતરાને સિંહ બનાવ્યો હતો. પણ એ જ કૂતરો જ્યારે મુનિનો જ શિકાર કરવા તૈયાર થયો ત્યારે મુનિએ પાછો તેને કૂતરો બનાવી મૂક્યો. જે નીચ છે તેને ઉચ્ચ સ્થાને મૂકવાથી તેની નીચતા ઊલટી વધારે ભયંકર બને છે, માટે નીચને કોઈ દિવસ ઉચ્ચ સ્થાને ગોઠવી ન દેવો એ ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે.

યુધિષ્ઠિર! રાજાએ સેવકોના ગુણોની પરીક્ષા કર્યા પછી જ તેમને સ્થાન પર ગોઠવવા. રાજાએ કુળવાન, જ્ઞાન-વિજ્ઞાનના પારને જાણનાર, સંયમી, દેશકાળને ઓળખનાર, રાજા-પ્રજાના હિતમાં તત્પર, અહંકાર વિનાના, શુદ્ધ મિત્રોથી વીંટળાયેલ અને નિરંતર ઉદ્યોગી એવા સેવકને પોતાનો પ્રધાન બનાવવો.

પણ બેટા! સેવકનું એક સાર્વમાન્ય અને સાધારણ લોકો પણ સમજી શકે એવું લક્ષણ તને કહું છું. સેવક હુકમ મળતાની સાથે જ ધનુષ્યમાંથી છૂટેલ બાણની માફક કામ કરવા નીકળી પડે છે. તેમ જ રાષ્ટ્રનું હિત નિરંતર જેની આંખ આગળ ખડું છે, તેને સાચો સેવક માનજે.

[૧૫] રાજકારભાર કેમ ગોઠવવો ?

‘પિતામહ! રાજાએ કારભાર ચલાવવા માટે કેવી યોજના કરવી અને લોકોને કેવી રીતે સંતોષ આપવો એ આપ મને જણાવો.’

: ઉત્તર :

યુધિષ્ઠિર! રાજાએ એક એક ગામ ઉપર એક એક સામાન્ય અધિકારી નીમવો; આવાં દસ દસ ગામો ઉપર એક એક ઉપરી અધિકારી નીમવો; આવા બે ઉપરી અધિકારીઓ પર એક મોટો અધિકારી નીમવો. આવા સો ગામના અધિકારીઓ પર એથીયે મોટો અમલદાર નીમવો, અને હજાર ગામોની તપાસ રાખનારા આવા દસ અધિકારીઓ પર તેથીયે મોટો અમલદાર નીમવો; એક ગામના મુખીએ દસ ગામના ઉપરીને પોતાના ગામના ઉત્પન્નમાંથી પોષણ માટે ધાન્ય આપવું. અને તે જ રીતે વીશ ગામના ઉપરી માટે, સો ગામના ઉપરી માટે, ને હજાર ગામના ઉપરી માટે પણ તારે સમજવું. સો ગામની દેખરેખ રાખનાર અમલદારને ગુજરાન માટે એક ગામ આપવું; પણ આવો અમલદાર ગામનો કેવો ઉપયોગ કરે છે તેની કડક દેખરેખ રાખવી. નહિતર આવો અમલદાર ધનના લોભથી આખાય ગામને બહુ જ ત્રાસ આપે.

ઘણે ભાગે પ્રજાના રક્ષણ માટે નિમાયેલા આવા અધિકારીઓ પ્રજાને ચૂસી લેવાની ઈચ્છાવાળા, પાપી કામો કરનારા, પારકા દ્રવ્યને છીનવી લેનારા અને શઠ હોય છે. માટે રાજાએ આવા અધિકારીઓથી પ્રજાનું સારી રીતે રક્ષણ કરવું.

વળી મહારાજ યુધિષ્ઠિર! રાજાએ વેપારી લોકોને વારંવાર ધીરજ આપ્યા કરવી. તેમનું અને તેમના વેપારનું રક્ષણ કરવું, તેમને રાજ્યમાં સુખે રહેવાની તમામ સગવડ કરી આપવી અને રાજ્યની સંપત્તિના તેઓ પણ ભાગીદાર છે એવી સમજણ ઊભી કરવી. વેપારી લોકો ખેતીવાડી, ધંધોરોજગાર અને વ્યવહારની વૃદ્ધિ કરીને દેશને આબાદ કરે છે, માટે બુદ્ધિશાળી રાજાએ વેપારી લોકોની ખાસ પ્રીતિ મેળવવી, તેમના તરફ ખાસ સદ્ભાવ કેળવવો અને તેમનાથી આપી શકાય તેવા કોમળ કર તેમની પાસેથી વસૂલ કરવા.

[૧૬] રાજાએ દ્રવ્ય કેવી રીતે મેળવવું ?

'પિતામહ! સમર્થ રાજાને પણ રાજ્ય ચલાવવા દ્રવ્યની તો જરૂર પડે જ છે. તો રાજાએ રાજ્યના ઉપયોગ માટે દ્રવ્ય કેવી રીતે મેળવવું તે મને સમજાવો. રાજા જો પ્રજા માટે જ જીવે છે, તો પ્રજાના લોકોએ તેને પ્રસન્ન થઈને દ્રવ્ય પૂરું પાડવું જોઈએ. પરંતુ લોકોનો મોટો ભાગ દ્રવ્ય આપવામાં હંમેશાં આનાકાની જ કરે છે, અને પોતાથી બને તેટલું ઓછું આપવા પ્રયત્ન કરે છે. તો રાજાએ કેવી રીતે દ્રવ્ય મેળવવું?'

: ઉત્તર :

બેટા! ભમરાઓ વૃક્ષમાંથી મધ ચૂસી લે છે પણ તેથી વૃક્ષને કશી હાનિ કે દુ:ખ થતું નથી. તેમ રાજાએ પ્રજાને દુ:ખ દીધા વિના તેની પાસેથી કર લેવા. માણસ ગાયનું દૂધ દોહી લે છે ખરો; પણ તેના આંચળોને કચરીને નિચોવી લેતો નથી. રાજાએ પ્રજાને દોહીને કર લેવા પણ પ્રજાને નિચોવી નાખવી નહિ. પ્રજાને જ્યારે કરના ભારથી કચડી નાખવામાં આવે છે, ત્યારે પ્રજા નિર્માલ્ય થઈ જાય છે અને પરિણામે રાજ્યની તિજોરી જ ખાલી રહે છે.

વેપારી લોકો માથે કર નાખતાં પહેલાં તેઓનો વેપાર કેવી રીતે ચાલે છે. તેઓને શી આવક છે, તેઓ કયે માર્ગે વેપાર કરે છે, વેપારમાં તેમનું અને પરિવારનું પોષણ થાય છે કે નહિ, તેમનો નિર્વાહ બરાબર થાય છે કે કેમ, તે વિષેની રાજાએ બરાબર તપાસ રાખવી.

રાજાએ કર નાખતી વખતે પોતાની લોભવૃત્તિને આધીન થયા વિના કરની યોજના ઘડવી. રાજા જ્યારે રાજ્યની તમામ ઊપજ પ્રજાના હિત માટે જ વાપરે છે પણ પોતાના ભોગવિલાસ પાછળ વેડફી નાખતો નથી, ત્યારે પ્રજા તેને રાજી થઈને કરો આપે છે. રાજ્યની ઊપજ એ રાજાની પોતાની ખાનગી મિલકત નથી પણ આખી પ્રજાની મિલકત છે, અને રાજા તો એ આખી મિલકતનો માત્ર જવાબદાર વહીવટકર્તા છે, એવી બુદ્ધિથી રાજા ભંડારને વધારશે ત્યારે પ્રજા ઉત્સાહપૂર્વક રાજાને દ્રવ્ય આપશે એની તારે ખાતરી રાખવી.

કર લેવા લેવામાં પણ ફેર છે. કેટલીએક કર લેવાની રીતો જ એવી છે કે કર થોડો આવે અને પ્રજામાં હાહાકાર વધારે થાય. કેટલીએક રીતો એવી છે કે કર ઘણો વધારો આવે અને છતાં આપણે કર આપીએ છીએ એમ પ્રજાને લાગે નહિ. વળી કર લેવાનો પણ વખત હોય છે. જે રાજા વખત જોયા વિના કર લેવાનો આગ્રહ રાખે છે તે પ્રજાને ઊલટી વધારે ઉશ્કેરે છે.

કર લેવાની રીત; વખત, વગેરે વિશે હું જે કહું છું તે કાંઈ કપટ નથી; આ તો બધી કળા છે. અને જે રાજા આવી બાબતોમાં કુનેહથી કામ લેતો નથી, તે રાજાને ઘણી વાર પસ્તાવું પડે છે.

મહારાજા યુધિષ્ઠિર! તમે તમારી પ્રજા પાસેથી કર લ્યો ત્યારે તમારી જાતને નિરંતર નીચેના પ્રશ્નો પૂછતા રહેશો: 'મારા રાજ્યમાં કરના ત્રાસને લીધે વેપારીઓ દુ:ખી તો નથી થતા કે? તેઓને ઘણું આપીને બહુ જ થોડું તો લેવું નથી પડતું કે? તેઓને વગડામાં જ વિસામો લેવો નથી પડતો કે? મારા રાજ્યના ખેડૂતો અત્યંત દુ:ખી થઈને રાજ્યને છોડીને તો જતા નથી કે?'

બેટા! કર કેમ લેવો, કેટલો લેવો, ક્યારે લેવો, કોની પાસેથી લેવો, એ બધું તો એક શાસ્ત્ર છે; પણ તને એનો મર્મ એક જ વાતથી મારે કહેવો છે. ભગવાન સૂર્યનારાયણ દરરોજ પૃથ્વી પરથી રસને ચૂસે છે અને એ જ રસને વરસાદ રૂપે પાછો પૃથ્વી પર ઢોળે છે. જે રાજા ભગવાન સૂર્યનારાયણ પાસેથી કર લેવાની આ વિદ્યા શીખી લેશે તે રાજાના ભંડાર નિરંતર ભર્યા રહેવાના છે એમાં શક નથી.

[૧૭] ધર્મદૃષ્ટિથી કેવી રીતે યુદ્ધ કરવું ?

'પિતામહ! દરેક રાજાએ યુદ્ધ કર્યા વિના જ વિજય મેળવવા એમ તો આપે ઘણી વાર મને કહ્યું છે; પણ જે રાજા કેવળ યુદ્ધ કરવાની ઈચ્છાથી જ બીજા રાજા ઉપર ચડાઈ કરે, તેણે ધર્મદૃષ્ટિથી કેવી રીતે યુદ્ધ કરવું તે આપ મને જણાવો.'

: ઉત્તર :

યુધિષ્ઠિર! રણમાં જે ક્ષત્રિયે કવચ પહેર્યું ન હોય તેની સામે કવચ પહેરીને યુદ્ધ ન કરવું; જે ધર્મથી યુદ્ધ કરે તેની સામે ધર્મથી યુદ્ધ કરવું, રથમાં બેઠેલા સામે રથમાં બેસીને યુદ્ધ કરવું; શત્રુ જ્યારે સંકટમાં આવી પડ્યો હોય, ભયમાં હોય કે જિતાયો હોય ત્યારે તેના પર આક્રમણ ન કરવું. યુદ્ધમાં ઝેર પાયેલાં બાણોનો ઉપયોગ ન કરવો; જેનું શસ્ત્ર ભાંગી ગયું હોય, જેના ધનુષ્યની દોરી તૂટી ગઈ હોય ને જેના વાહનનો નાશ થયો હોય,

તેવા શત્રુ પર પ્રહાર કરવો એ ધર્મદૃષ્ટિથી યોગ્ય નથી.

વળી જો શત્રુ ઘાયલ થઈને પડ્યો હોય તો તેને એના દેશમાં પહોંચતો કરવો, અથવા તો પોતાને ત્યાં રાખી વૈદો મારફત તેને સાજો કરવો અને સાજો કર્યા પછી તેને છોડી મૂકવો. આ ક્ષત્રિયનો સનાતન ધર્મ છે.

બેટા! ધર્મશાસ્ત્રની એવી આજ્ઞા છે કે બન્ને સૈન્યો યુદ્ધ કરતાં હોય, અને તે વેળા જગતની શાંતિનો ઉપાસક એવો કોઈ બ્રાહ્મણ યુદ્ધ અટકાવવા માટે વચ્ચે આવીને ઊભો રહે તો બન્ને સૈન્યોએ શસ્ત્રને મ્યાન કરવાં.

રાજ્યોની આવી નીતિ હોય છે કે તેઓએ બીજાં રાજ્યોની પ્રજાને જીત્યા પછી તરત જ તેને દાન, ભોગ, ધીરજ, વગેરેથી પ્રસન્ન કરી દેવી. જો તેના પર બીજી રીતે સત્તા ચલાવવામાં આવે તો પ્રજા નવા રાજથી તરત કંટાળી જાય છે, અને પહેલો રાજા નવા રાજાને હરાવીને ક્યારે ગાદી પર આવે તેની પેરવી કરે છે.

[૧૮] રાજ્યમાં યોદ્ધાઓ કેવા પસંદ કરવા ?

'પિતામહ! યુદ્ધની વાત આવી એટલે થોડુંક પૂછી લેવાનું મન થાય છે. કેવા સ્વભાવના, કેવા આચારવાળા, કેવા દેખાવના, કેવાં કવચ પહેરનારા અને કેવાં શસ્ત્રો ધારણ કરનારા યોદ્ધાઓ વિજય મેળવવા સમર્થ થાય છે, તે મને વિસ્તારથી સમજાવવા કૃપા કરો.'

: ઉત્તર :

બેટા! જેમના સ્વર અને ગતિ સિંહ અથવા વાઘ જેવાં હોય છે, અને જેમનાં નેત્રો પારેવાનાં જેવાં હોય છે, તેઓ શૂરવીરો હોય છે. મૃગ જેવા સ્વરવાળા; વાઘ જેવી આંખોવાળા અને બળદ જેવી દૃષ્ટિવાળા પુરુષો ઘણા જ બળવાન હોય છે. જેઓનો અવાજ મેઘ જેવો ગંભીર હોય છે, જેમનાં મુખ ક્રોધથી ભરેલાં હોય છે; ઊંચાઈમાં જેઓ ઊંટ જેવા હોય છે, અને જેમનાં નાક તથા જીભ આગળના ભાગમાં સહજ વાંકાં હોય છે, તેઓ શત્રુઓ પર અત્યંત તૂટી પડે છે. જેમની આંખો ચંદન-ઘોની પેઠે સહજ મીંચાયેલી હોય છે, જેઓ કોમળ સ્વભાવના હોય છે અને જેઓ ઘોડાના જેવી ગતિવાળા હોય છે, તેઓ ગમે તેવા શત્રુને પહોંચી વળે છે. જેમના અવયવો ઘણા જ મજબૂત હોય છે, તેમનું શરીર અત્યંત સુંદર હોય છે, જેમની છાતી વિશાળ હોય છે. અને જેમની આકૃતિ રમણીય હોય છે, તેઓ રણવાજિંત્રનો અવાજ સાંભળતાં જ કોપી ઊઠે છે. જેઓની નજર સહેજ વાંકી હોય છે, લલાટ વિશાળ હોય છે, હડપચી માંસ વિનાની શુષ્ક હોય છે, બાહુ વજ્રના જેવા મજબૂત હોય છે, આંગળીમાં ચક્રાકાર હોય છે. શરીર કૃશ હોય છે અને બધી નાડીઓ સ્પષ્ટ દેખાય છે, તેઓ મદોન્મત્ત હાથીઓની પેઠે કોઈથી જિતાતા નથી. જેમના કેશના છેડા ચળકતા હોય છે, જેઓનાં પડખાં, હડપચી અને મુખ માંસથી ભરેલાં હોય છે, જેમના ખભા ઊંચા હોય છે, જેઓની ડોક વિશાળ હોય છે, જેઓનો દેખાવ મહાવિકરાળ હોય છે, જેઓના પગની પિંડીઓ ઘણી જાડી હોય છે, તેઓ ઉદ્ધત હોય છે, ગરુડની માફક ઊંચે ઊછળી શકે છે, જેઓનાં માથાં ગોળમટોળ હોય છે, જેઓનાં મોઢાં પહોળાં અને બિલાડાનાં જેવાં હોય છે, જેઓનો સ્વર અતિ ઉગ્ર હોય છે અને જેવો ક્રોધી

સ્વભાવના હોય છે, તેઓ યુદ્ધની હાકલ સાંભળતાં જ ત્યાં ધસી જાય છે. વળી ક્રૂર લોકો જીવને જોખમે લડે છે અને કદી પણ પાછી પાની કરતા નથી; આવા જંગલી યોદ્ધાઓને હમેશાં સૈન્યને મોખરે રાખવા જેથી તેઓ શત્રુઓને મારે અને પોતે પણ મરે, તથા અંતે વિજય અપાવે.

[૧૯] શત્રુને સજા કરીને વશ કરવો કે ક્ષમા આપીને ?

'પિતામહ! આપના કહેવામાં આવો ધ્વનિ આવી ગયો છે કે શત્રુને વશ કરવા માટે તેને ભય વગેરે બતાવવાં, અને જરૂર પડે તો કપટનો પણ આશ્રય લેવા ચૂકવું નહીં. મને પોતાને એમ લાગે છે કે શત્રુ સાથે કપટ ન કરતાં તેને ક્ષમા જ આપવી. આ બાબતમાં આપનો આખરી નિર્ણય જાણવાની મને ઉત્કંઠા છે.'

: ઉત્તર :

બેટા! સજ્જનની સાથે ક્ષમાનો ઉપયોગ કરવો એ તો યોગ્ય છે, પણ દુર્જનને ક્ષમા આપવી એ યોગ્ય નથી. ક્ષમા તથા અક્ષમાનું શું પ્રયોજન છે, અને તેનો ઉપયોગ ક્યાં ક્યાં થઈ શકે એ બાબતમાં વિવેકની જરૂર છે. શત્રુને હરાવ્યા પછી તેના પર ક્ષમા રાખે તે રાજાની કીર્તિમાં વધારો થાય છે. સંબરાસુર પણ માને છે કે શત્રુને પ્રથમ સારી રીતે સજા કરવી અને પછી તેના પર ક્ષમા કરવી એ વધારે સારું છે. વાંકા લાકડાને અગ્નિમાં તપાવ્યા વિના સીધું કરવામાં આવે તો ફરીથી તે વાંકું થઈ જાય છે.

પરંતુ ઘણા નીતિકુશળ આચાર્યો સંબરાસુરના આ મતને મળતા આવતા નથી. તેઓનો તો એવો જ મત છે કે પિતા જેમ પોતાના પુત્રને શાંતિથી અને મારા માર્યા વિના વશ કરે છે, તેમ જ શત્રુને પણ શાંતિપૂર્વક અને સજા કર્યા વિના જ વશ કરવો જોઈએ. શત્રુને આ પ્રમાણે વશ કરવાનો માર્ગ ઘણો લાંબો છે, અને જલદી પરિણામ આપતો નથી. તેમ બધા રાજાઓ એ માર્ગ લેવાના અધિકારી પણ હોતા નથી, બાકી માર્ગ તો એ જ ઉત્તમ છે તેની કોણ ના કહી શકે?

[૨૦] રાજાનો વીરસમુદાય કેવી રીતે ઊભો કરવો ?

'પિતામહ! રાજધર્મને અંગે મારા મનમાં જે જે પૂછવા જેવું હતું તેમાંથી ઘણુંખરું તો મેં આપને પૂછી લીધું છે. પિતામહ! હજી એક પ્રશ્ન રહી જાય છે. વીર પુરુષોના સમુદાયે કેવી રીતે વર્તવું તે મેં આપની પાસેથી સાંભળ્યું નથી. શું કરવાથી વીર પુરુષોના સમુદાયની વૃદ્ધિ થાય? કયા ઉપાયો લેવાથી તેમની અંદરઅંદર ફાટફૂટ ન થાય? શું કરવાથી તેઓ મિત્રોને મેળવી શકે?'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! રાજ્યમાં વીર પુરુષોમાં લોભ અને ક્રોધ એ બન્ને વેર સળગાવે છે. રાજા જ્યારે લોભી બને છે ત્યારે તેના વીર પુરુષો કોપી ઊઠે છે; પછી લોભ અને ક્રોધની અથડામણને લઈને બન્ને પક્ષો નબળા પડે છે, દ્રવ્યની વધારે ખુવારી થાય છે અને બન્ને એકબીજાનો વિનાશ કરવા ચડી જાય છે. રાજા અને તેના વીર પુરુષોના પડેલા આ બે પક્ષો ગુપ્ત દૂતોની યોજના કરીને માંહોમાંહે મસલત ચલાવીને, સામાનો ઉપયોગ કરીને, બીજાને લાંચ આપીને, ભેદ પડાવીને, પૈસા વેરીને તેમ જ ભય દેખાડીને એકબીજાને પોતાના પક્ષમાં ખેંચવાના પ્રયત્ન કરે છે. રાજા જ્યારે લોભને આધીન થઈને આ વીરોને કશુંય આપતો નથી ત્યારે એ લોકોમાં અંદર અંદર ફાટફૂટ થાય છે, રાજા પરથી તેમનાં મન ઊતરી જાય છે અને ભયના માર્યા તેઓ બધા શત્રુપક્ષમાં ભળી જાય છે.

આવી વીરસમુદાયમાં જ્યારે અંદરઅંદર ફાટફૂટ પડે છે ત્યારે જ તેઓનો નાશ થાય છે. માટે તેમણે સદાય એકમત રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. આવો એકમત કરવા માટે એકસંપની ખાસ જરૂર છે. એકસંપ એ કંઈ એમ ને એમ ઊભો થતો નથી. એકસંપ ઊભો કરવો હોય તો તેની પાછળ આખા સમુદાયે પરસ્પરની સ્વાર્થ વિનાની સેવા કરવી પડે છે. આથી કરીને જે સમુદાય અન્યોન્યની સેવાને અગ્ર સ્થાન આપે છે, અને આવી પરસ્પરની સેવા પર એકતા સાધે છે, તે વીરસમુદાય નાશ પામતો નથી. પરસ્પરની સેવાથી જ આવો સમુદાયો ટકે છે. સેવાના પાયા વિના ઊભા કરેલા આવા સમુદાયો ગમે તેવા મોટા અને ભગવાન દેખાતા હોય તોપણ તેમને તૂટતાં વાર લાગતી નથી.

પણ બેટા! આવા સમુદાયના નાયકો બહુ ન્યાયી હોવા જોઈએ. આવા નાયકો પોતાના નિકટના સગાને પણ અપરાધ બદલ શિક્ષા કરતાં અચકાતા નથી; કેળવાયેલા લોકોનો સત્કાર કરે છે; શત્રુ તેમ જ મિત્રની પારખ કરવામાં, આખા સમુદાયની મંત્રણામાં તેમ જ દ્રવ્યનો સંગ્રહ કરવામાં સાવધાન રહે છે; અને તેથી જ તેમને અંદરઅંદર ફાટફૂટનો ભાગ્યે જ પ્રસંગ આવે છે.

મહારાજ યુધિષ્ઠિર! ક્રોધ, અંદરઅંદર ચડસાચડસી, ભય, દંડ, ખેંચતાણ અને મારામારી: આ સઘળાં વીર સમુદાયને તોડી નાખે છે. યુધિષ્ઠિર! આવા સમુદાયના મુખ્ય પુરુષોને તમારે તમારી સમીપમાં રાખવા. સમુદાયના બધા જ માણસો ગુપ્ત વિચારોને સાંભળવાના અધિકારી હોતા નથી. આવા સમુદાયના પુરુષોને જો તમે એકસાથે રાખી ન શકો, અને જો તેઓ એકબીજાથી જુદા પડીને પોતાની શક્તિનો ઉપયોગ કરવા લાગી જાય, તો તેમાંથી ઘણા અનર્થો ઊભા થાય છે.

હરકોઈ કુળમાં જ્યારે કલહનાં બીજો ઉત્પન્ન થાય છે અને કુળના વૃદ્ધો તેની ઉપેક્ષા કરે છે, ત્યારે તે કુળનો નાશ થાય છે. કોઈ પણ સમુદાયમાં આવું અંદરઅંદરનું નાનું એવું કલહબીજ પણ આખાય સમુદાયને છિન્નભિન્ન કરી નાખે છે, માટે સમુદાયના નાયકોએ બહારના કલહથી તો ચેતવું જ, પણ અંદરના કલહથી પણ વધારે ચેતવું. બહારના ભયની પાછળ તો ઘણી વાર કશો દમ હોતો નથી; પણ અંદરનો ભય સમુદાયના ઊંડા મૂળને પણ કાપી નાખે છે. એવા વીરસમુદાયના લોકો મોહને વશ થઈને એકબીજા સાથે બોલવું પણ બંધ કરે ત્યારે સમજવું કે હવે સમુદાયનું આવી બન્યું. દુશ્મનો પણ આવા વીરસમુદાયનો એક જ રીતે નાશ કરાવી શકે છે, અને તે અંદરઅંદર આવો વિરોધ ઊભો કરાવીને. માટે આવા વીરસમુદાયે જો જીવન ટકાવવું હોય તો અંદરઅંદરની એકસંપી કોઈ દિવસ તૂટવા દેવી નહિ. આવા એકસંપી એ જ આવા સમુદાયોનું જીવનસર્વસ્વ છે.

મોક્ષધર્મ

મહારાજ યુધિષ્ઠિર પ્રશ્નો પૂછવા લાગ્યા:—

[૧]
મોક્ષધર્મ

'પિતામહ! આપે મને રાજધર્મની ઘણી અગત્યની વાતો સમજાવીને મારી આંખોને વધારે ઉઘાડી છે. આપના ઉપદેશથી વધારે સમૃદ્ધ થઈને હું હસ્તિનાપુરની ગાદી માટે યોગ્યતા મેળવું એ જ મારો મનોરથ છે.

'પણ પિતામહ! યુધિષ્ઠિર એ એકલો રાજા જ નથી. યુધિષ્ઠિર ક્ષત્રિય તો છે, પાંડુનો પુત્ર છે, પાંચ ભાઈઓનો ભાઈ છે, પણ એથીયે વધારે તે માણસ છે. પિતામહ! માનવીના આખા જીવનમાં રાજ્ય એ ગમે તેટલું મોટું છતાં એક અંગ છે. આપે મને રાજધર્મ સમજાવ્યો, પણ હું માનવધર્મને ન સમજું ત્યાં સુધી આ રાજધર્મ મને શા ઉપયોગનો છે? માટે પિતામહ! હવે હું આપને માનવધર્મ વિષે કેટલુંક પૂછવા માગું છું.

'પિતામહ! હું યુધિષ્ઠિર ક્ષત્રિયસમાજનો એક ભાગ છું. ક્ષત્રિયસમાજ એ આપણી ચતુર્વર્ણ્ય વ્યવસ્થાનું એક અંગ છે. તો આ ચાર વર્ણોને ચાર આશ્રમોના ભિન્ન ધર્મો કયા છે તે આપ મને સમજાવો; એટલે સમાજના એક અંગ તરીકે મને મારા ધર્મનું યથાર્થ ભાન થાય.'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! તારો આ પ્રશ્ન સાંભળીને મને આ બાણશય્યામાં પણ આનંદ થાય છે. આર્યોએ રાજધર્મને માનવધર્મથી છૂટો કદી ગણ્યો જ નથી, અને એ રીતે વિચાર્યો પણ નથી. વ્યવહારની અનુકૂળતા ખાતર આપણે રાજધર્મ, સેવકધર્મ, પિતા-પુત્રધર્મ: એમ ધર્મના વિભાગો કલ્પીએ છીએ; પણ એ બધાય વિભાગોનો સમાવેશ વિશાળ માનવધર્મમાં છે જ. માનવ માત્ર એક વ્યક્તિ છે અને સાથે સાથે સમાજનું એક અંગ છે. તેથી માનવધર્મનો વિચાર કરવો હોય ત્યારે આપણે સમાજ તેમ જ વ્યક્તિ બન્નેનો વિચાર કરવો જોઈએ.

આપણા આર્ય ઋષિમુનિઓએ સમાજના ચાર ભાગ કલ્પ્યા છે, અને આ ચાર ભાગોને વર્ણ કહેવામાં આવે છે. રાજધર્મમાં આપણે જોયું કે કોઈ પણ સમુદાયને ટકવું હોય તો સમુદાયે અંદરઅંદરનું ઐક્ય સાધવું જોઈએ; અને આપણે એ પણ જોયું કે આવું ઐક્ય સાધવા માટેનું સૌથી શ્રેષ્ઠ સાધન પરસ્પરની સેવા છે. વીરસમુદાય માટે કહેલી આ વાત સમગ્ર માનવસમુદાયને પણ સરખી લાગુ પડે છે.

અને તેથી જ મુનિઓએ આ સેવાના ધોરણ પર આપણા સમાજના ચાર વર્ણો કલ્પ્યા છે. જે વર્ણ મુખ્યત્વે પોતાનાં બુદ્ધિ ને જ્ઞાનથી સમાજની સેવા કરે તે બ્રાહ્મણવર્ણ; જે પોતાના બળ અને તેજથી સમાજની સેવા કરે તે ક્ષત્રિયવર્ણ; જે પોતાની વ્યાપારી બુદ્ધિથી

પ્રજાની સેવા કરે તે વૈશ્યવર્ણ; અને જે પોતાના શરીરની શક્તિથી સમાજની સેવા કરે તે શૂદ્રવર્ણ.

આ ચારેય વર્ણો સમગ્ર માનવસમુદાયમાં જોવામાં આવે છે. આપણા ઋષિમુનિઓએ તો તેમની વ્યવસ્થિત વિચારણા કરી છે, અને આવી વિચારણા પર સુસંબદ્ધ સમાજની રચના ઊભી કરી છે.

બેટા! ક્રોધ ન કરવો, સત્ય બોલવું, આવેલ અતિથિને માન આપવું. ક્ષમા રાખવી, પોતાની જ ધર્મપત્ની પર સ્નેહ રાખવો, દ્રોહ ન કરવો, બાહરની તેમ જ અંતરની પવિત્રતા જાળવી રાખવી, સરલતા રાખવી અને આશ્રિતોનું પોષણ કરવું; આ નવ ધર્મો તમામ વર્ણના લોકોએ પાળવા જેવા છે એટલે આપણે એમને સામાન્ય માનવધર્મો કહી શકીએ. આ સનાતન માનવધર્મ છે.

હવે ઉપર જણાવ્યા સનાતન માનવધર્મ ઉપરાંત જુદા જુદા વર્ણોના જે ખાસ ધર્મો છે તે હું વિસ્તારથી કહું છું તે સાંભળ. આ જુદા જુદા વર્ણના લોકો પોતે સમાજની જે સેવા કરવા માટે નિયુક્ત થયા છે તે સેવા યથાર્થ કરી શકે, અને એવી સેવાથી વ્યક્તિ તરીકે કે પોતે આત્મકલ્યાણમાં આગળ વધી શકે એ દૃષ્ટિથી આ વર્ણધર્મો નક્કી થયા છે.

ઇંદ્રિયોનું દમન કરવું તેમ જ નિરંતર પોતાનો સ્વાધ્યાય કરવો એ બ્રાહ્મણનો સનાતન ધર્મ છે. આવા સ્વાધ્યાયમાં જ બ્રાહ્મણનાં બધાં કર્મોનો સમાવેશ થાય છે. સ્વાધ્યાયની પાછળ લાગી ગયેલો બ્રાહ્મણ પોતાનાં બીજાં ગૌણ કર્મો કરે તોપણ ભલે, ન કરે તોપણ ભલે.

નિત્ય દાન કરવું, યજ્ઞો કરવા, અધ્યયન કરવું, પ્રજાનું પાલન કરવું; ચોરનો નાશ કરવો અને રણમાં ઘૂમવું: આ ક્ષત્રિયોનો ધર્મ છે. જે ક્ષત્રિય શરીરે ઘાયલ થયા વિના જ રણમાંથી નાસી જાય છે તે ક્ષત્રિય નથી. રણમાં પરાક્રમ કરવું ને લૂંટફાટ કરનારાઓનો નાશ કરવો એ બે ક્ષત્રિયોના મૂળ ધર્મો છે.

રાજાએ તમામ વર્ણોને પોતપોતાના ધર્મમાં સ્થાપન કરવા જોઈએ. પ્રજાનું સર્વ પ્રકારે પરિપાલન એ રાજાનો મુખ્ય ધર્મ છે. આ ધર્મનું પાલન કરનાર રાજા કર્મો કરે તોય ભલે; ન કરે તોય ભલે.

હવે હું તને વૈશ્યના ધર્મો કહી સંભળાવું. દાન આપવું, અધ્યયન કરવું,યજ્ઞો કરવા અને નીતિથી ધન એકઠું કરવું એ વૈશ્યોનો ધર્મ છે. પ્રત્યેક વૈશ્યે પશુઓનું પિતાની માફક પાલન કરવું જોઈએ. વૈશ્યોએ પોતાના ધંધામાંથી કેટલો નફો લેવો ધર્મ્ય છે તે હું તને સંભળાવું. કોઈ વૈશ્ય જ્યારે છ ગાયોનું રક્ષણ કરે ત્યારે તેણે એક ગાયનું દૂધ પગાર પેટે લેવું; સો ગાયોનું રક્ષણ કરે તો વર્ષે એક ગાય અને એક બળદ પોતાના પગાર પેટે લેવાં. વૈશ્યે વેપાર કર્યો હોય તો મળેલા નફામાંથી સાતમો ભાગ પોતાના નિર્વાહ માટે તેણે લેવો. પરંતુ કોઈ પણ વૈશ્યે 'હું પશુપાલન કરીશ નહિ,' એ જાતની દુષ્ટ મનોવૃત્તિને કેળવવી નહિ.

આ ત્રણેય વર્ણોની સેવા કરવી એ શૂદ્રતાનો ધર્મ છે. અને ત્રણ વર્ણમાંના કોઈ પણ પુરુષની પાસે સેવા કરવાની ઇચ્છાથી કોઈ શૂદ્ર આવે તો તેણે તેની આજીવિકાનો બંદોબસ્ત કરી દેવો ઘટે છે.

શૂદ્રોને યજ્ઞ કરવાનો અધિકાર છે કે કેમ તે વિષે ઘણો મતભેદ જોવામાં આવે છે. કેટલાક આચાર્યો કહે છે કે ત્રણેય વર્ણના લોકોએ કરેલા યજ્ઞનો ભાગ શૂદ્રને મળે છે એટલે તેને યજ્ઞ કરવાનો અધિકાર નથી; જ્યારે બીજા કેટલાએક આચાર્યો કહે છે કે યજ્ઞ કરવામાં શ્રદ્ધા એ જ પ્રધાન વસ્તુ છે, એટલે જેના જેના દિલમાં શ્રદ્ધા છે તે સર્વ કોઈને યજ્ઞ કરવાનો હક્ક છે; પછી તે બ્રાહ્મણ હોય કે શૂદ્ર હોય.

યુધિષ્ઠિર! ખરી રીતે તો જુદા જુદા ચાર વર્ણો હતા જ નહિ. કેમકે બ્રહ્માએ પ્રથમ બ્રાહ્મણોને જ ઉત્પન્ન કર્યા એટલે પૃથ્વી પર એક જ વર્ણ હતો. પરંતુ બ્રાહ્મણોએ પોતાનાં માનસિક વલણોને વશ થઈને જીવનમાં જુદાં જુદાં કર્મો સ્વીકાર્યાં ત્યારે તે તે કર્મને અનુલક્ષીને વર્ણ વિભાગ બંધાયો. જે બ્રાહ્મણોએ કામભોગ પર પ્રીતિ કરી, તથા તીક્ષ્ણતા અને ક્રોધનો આશ્રય લઈ સાહસને પસંદ કર્યું તેઓ રજોગુણી ક્ષત્રિયો ગણાયા; જે બ્રાહ્મણોએ પશુપાલનની વૃત્તિનો આશ્રય કરીને ખેતીવાડીથી આજીવિકા ચલાવવા માંડી તેઓ વૈશ્ય ગણાયા; અને જે બ્રાહ્મણોએ શૌચાચારનો ત્યાગ કરી દરેક પ્રકારનાં મહેનત મજૂરીનાં કર્મો કરી આજીવિકા ચલાવવા માંડી તેઓ શૂદ્રો ગણાયા.

આ રીતે ભિન્નભિન્ન કર્મો કરનારા બ્રાહ્મણો જ જુદા જુદા વર્ણોમાં વહેંચાઈ ગયા છે. બ્રહ્માએ પહેલાં તો આ તમામ લોકોને વેદના અધિકારી ગણ્યા હતા, પણ પાછળથી અજ્ઞાન ભાવને પામેલા શૂદ્રોએ પોતે પોતાની મેળે વેદ ભણવાનો અને યજ્ઞ કરવાનો અધિકાર ગુમાવ્યો.

[૨]
શું કરવાથી બ્રાહ્મણ થવાય ?

'પિતામહ! વસ્તુત: તો માનવ માત્રનો એક જ વર્ણ છે અને એકસરખો અધિકાર છે, પણ કર્મભેદને લઈને પાછળથી આ વર્ણભેદની વ્યવસ્થા થઈ છે. તો શું કરવાથી પુરુષ બ્રાહ્મણ રહી શકે છે, અને શું કરવાથી પુરુષ ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર થઈ શકે છે, તે આપ મને વિસ્તારથી સમજાવો.'

: ઉત્તર :

જે પુરુષ સંધ્યા, સ્નાન, જપ, હોમ, દેવપૂજા ને અતિથિસત્કાર: આ છ કર્મો કરીને પ્રસન્ન રહેતો હોય, જે શૌચાચારમાં તત્પર રહેતો હોય, જે સત્યનિષ્ઠ હોય અને વ્રતોનું પાલન કરતો હોય, તે બ્રાહ્મણ છે. જેનામાં સત્ય, દાન, અહિંસા, અક્રૂરતા, લજ્જા, દયા અને તપ: આ ગુણો સહજ જોવામાં આવતા હોય તે બ્રાહ્મણ છે. બ્રાહ્મણ મનોવૃત્તિ અને એ મનોવૃત્તિને અનુસરતાં કર્મો, આ બે વસ્તુઓ પુરુષને બ્રાહ્મણ બનાવે છે. બ્રાહ્મણદેહ આ બે વસ્તુઓમાં સહજ અનુકૂળ છે; એટલે અંશે જન્મ પણ, પુરુષને બ્રાહ્મણ ગણાવવામાં મદદરૂપ તો છે જ.

આ જ રીતે જે પુરુષ યુદ્ધ વગેરે કાર્યોમાં સહજ પ્રીતિવાળો છે અને બ્રાહ્મણોને દાન આપે છે તે ક્ષત્રિય છે. જે પુરુષ વેપાર, પશુપાલન, ખેતી વગેરેનો શોખ ધરાવે છે અને નીતિમાન રહે છે તે વૈશ્ય છે. જે પુરુષ ગમે તે પદાર્થનું ભક્ષણ કરતાં અચકાતો નથી, જેને શૌચાશૌચનો કે આચાર-અનાચરનો કશો પ્રશ્ન નથી, અને જેણે વેદનો તેમ જ યજ્ઞનો ત્યાગ કર્યો તે શૂદ્ર જ છે.

બેટા! સત્ય, દાન, અહિંસા, અક્રૂરતા, લજ્જા, દયા અને ભય: આ સાત ગુણો શૂદ્રમાં આવે તો તે શૂદ્ર નથી. અને જો બ્રાહ્મણમાં તે જોવામાં ન આવે તો તે બ્રાહ્મણ નથી. મારો

કહેવાનો ભાવ એ છે કે માણસની મનોવૃત્તિ અને કર્મ એ જ આ વર્ણ વિભાગમાં કારણભૂત છે; જન્મ એ તો ગૌણ વસ્તુ છે.

બાકી તો બ્રાહ્મણ હો, ક્ષત્રિય હો કે વૈશ્ય હો, આ ત્રણેય આર્ય સંસ્કારના અધિકારી છે એટલે તેમનું સામાન્ય લક્ષણ એ છે કે તેઓ શૌચાચાર પાળે; સદાચારી રહે અને સર્વ પ્રાણીઓ પર દયા રાખે. શૂદ્રો આ બધી વસ્તુઓથી જાતે જ ભ્રષ્ટ થયા છે એટલે તેઓ દ્વિજ ગણાતા નથી અને આર્યસંસ્કારરહિત રહ્યા છે.

[3]
આશ્રમધર્મ

'પિતામહ! આપે ચા ચાર વર્ણોની ઉત્પત્તિ અને તેમના ધર્મો મને કહી સંભળાવ્યા; એ જ પ્રમાણે ચાર આશ્રમો અને તેમના ધર્મો મને વિસ્તારથી સમજાવો.'

: ઉત્તર :

બેટા! માનવસમાજને સુરક્ષિત તથા વ્યવસ્થિત રાખવા માટે ઋષિમુનિઓએ જેમ વર્ણવ્યવસ્થા વિચારી છે, તેમ જ માનવજીવન પોતાના મોક્ષના ધ્યેય તરફ વધારે વેગથી જાય એટલા માટે ચાર આશ્રમોની વ્યવસ્થા વિચારી છે. જેમ વર્ણવ્યવસ્થા એક યા બીજા રૂપે આખી પૃથ્વી પર ચાલી રહી છે પણ આપણે આર્યોએ જ તેને આવું વ્યવસ્થિત રૂપ આપ્યું છે, તેમ જ આશ્રમ-કલ્પના પણ આખા માનવસમુદાયમાં એક યા બીજા રૂપે જોવામાં આવે મળે છે. પણ તેનો સળંગસૂત્ર અને વ્યવસ્થિત વિચાર આપણે આર્યોએ જ વધારે કર્યો છે.

ગુરુકુળમાં રહીને અધ્યયન કરવું તેને પહેલો અથવા બ્રહ્મચર્યાશ્રમ કહે છે. બ્રહ્મચારીએ શરીર તેમ જ મનની પવિત્રતા રાખવી, ગુરુની આજ્ઞાને માથે ચડાવવી, વ્રતાદિ કરતાં, ઇંદ્રિયોને તથા મનને વશ રાખવું અને સ્વાધ્યાયમાં કોઈ દિવસ પ્રમાદ ન કરવો. બ્રહ્મચારી અવસ્થાનો પૂરેપૂરો લાભ ઉઠાવવાનો હોય અને ત્યાર પછીના જીવનમાં વધારે વેગથી આગળ જવું હોય તો આ ધર્મોનું બ્રહ્મચારીએ યથાર્થ પાલન કરવું. આવો બ્રહ્મચારી સવારસાંજ સૂર્યની પૂજા કરે છે, ત્રણ વખત સ્નાનાદિ કરે છે, બ્રહ્મચર્યનું આગ્રહથી પાલન કરે છે, ભિક્ષા માગી લાવીને ગુરુને ચરણે ધરે છે, અને આ બધાયને પરિણામે સારી વિદ્યા મેળવવા ભાગ્યશાળી થાય છે. ચાર આશ્રમોમાં પહેલો આ બ્રહ્મચર્યાશ્રમ.

બીજો આશ્રમ તે ગૃહસ્થાશ્રમ. ગુરુ પાસેથી વિદ્યા મેળવી તેટલું માત્ર બસ નથી. ગુરુ પાસે ભણ્યા પછી માણસને સંસારમાંથીયે ઘણું ભણવું પડે છે, અને આ ભણાવનાર આચાર્ય તે તેની સ્ત્રી છે. એવા તો કોઈક જ વિરલા હોય છે કે જેમને વ્યવહારના આ આચાર્યને ચરણે બેસીને ભણવાની જરૂર ન હોય! પુરુષોના મોટા ભાગને તો દુનિયાની આ શાળામાં આવ્યે જ છૂટકો છે.

આ ગૃહસ્થાશ્રમ બીજા સર્વ આશ્રમોનો આધાર છે. બ્રહ્મચારીઓ, વાનપ્રસ્થો અને

સંન્યાસીઓ આવા ગૃહસ્થોની ભિક્ષા પર જ નભે છે, માટે ગૃહસ્થનો પહેલો ધર્મ તો એ છે કે તેણે બીજા આશ્રમોને મદદ કરી શકાય તેટલા માટે પણ નીતિથી દ્રવ્ય કમાવું, અને એ દ્રવ્યથી બીજા આશ્રમવાળાઓનો સત્કાર કરવો.

આવો ગૃહસ્થ પોતાની ધર્મપત્નીમાં જ પોતાની વાસનાને મર્યાદિત કરે, અને ગૃહસ્થાશ્રમની વાસનાને ભોગવતાં ભોગવતાં તૃપ્ત થઈને તેમાંથી છૂટી જાય. એ એનો ખાસ ધર્મ છે. કોઈ ગૃહસ્થે એમ ન જ માની બેસવું કે આ ગૃહસ્થાશ્રમ એ અમર્યાદિત ભોગવિલાસ માટેનો આશ્રમ છે. ગૃહસ્થ ભોગ ભોગવે છે તે તેમાંથી આખરે છૂટવા માટે; નહિ કે તેની અંદર વધારે ઊંડા ઊતરવા માટે. બાકી તો બ્રહ્મચર્યાવસ્થામાં ગુરુ પાસેથી મેળવેલી વિદ્યા સંસારવ્યવહારમાં બરાબર ઊતરે, અને ગુરુ પાસેથી મોઢે કરેલાં જીવનનાં સૂત્રો વ્યવહારના પ્રસંગોમાં ભુલાઈ ન જાય એની ખરી કસોટી આ ગૃહસ્થાશ્રમમાં છે. એટલા માટે જ ઋષિમુનિઓ આ આશ્રમને સૌથી મહત્ત્વનો આશ્રમ માને છે.

ગૃહસ્થાશ્રમ પછી ત્રીજો આશ્રમ તે વાનપ્રસ્થાશ્રમ. જીવનમાં જેમ વેગની જરૂર છે તેમ આરામની પણ જરૂર છે. ગતિ અને આરામ એ બન્નેનો મીઠો સમન્વય એ જ જીવનની ચાવી છે. ગૃહસ્થાશ્રમના વેગ પછી જીવનમાં વાનપ્રસ્થની શાંતિની યોજના કરી છે — જોકે વાનપ્રસ્થની શાંતિ સંપૂર્ણ શાંતિ નથી. આવો વાનપ્રસ્થ નદી જેવાં પવિત્ર તીર્થોમાં વાસ કરે અને ત્યાં તપશ્ચર્યા આદરે; ભોગવિલાસનો ત્યાગ કરે, પૃથ્વી પર શયન કરે, દર્ભ કે મૃગચર્મ પહેરે, ટાઢતડકો વગેરે સહન કરે અને તપશ્ચર્યાપરાયણ થઈને સત્ત્વગુણથી જ શરીરને ધારણ કરે. જે લોકો ગૃહસ્થજીવનના વેગને આ પ્રમાણે વાળીને લોકકલ્યાણમાં મનને પરોવતા નથી, તેઓ આખું જીવતર સંસારમાં ડહોળાય છે અને પશુજીવનથી જરાયે ઊંચા આવતા નથી.

ચોથો આશ્રમ તે સંન્યાસાશ્રમ. સંન્યાસ એટલે સર્વ પ્રકારના ધનનો ત્યાગ, સર્વ પ્રકારના સ્નેહનો ત્યાગ. તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો આવો સંન્યાસ એ ખરેખર આર્ય જીવનની યોગ્ય પૂર્ણાહુતિ છે. આવો સંન્યાસી માટીના ઢેફા પર અને સોનાના કટકા પર સમાન દૃષ્ટિ રાખે. શત્રુ અને મિત્ર સમાન ગણે, મન વચન ને કર્મથી કોઈનો દ્રોહ ન કરે, કોઈ સ્થાને મકાન ન બાંધે, અને આ રીતે આત્માને બંધન કરનાર સંકલ્પમાત્રનો ત્યાગ કરીને રાગ તથા દ્વેષથી તદ્દન છૂટો થાય. આ દશા એ જ જીવનની સમતોલ દશા છે; અને જેને આપણા શાસ્ત્રો મોક્ષ કહે છે તે પણ આવી સમતોલ સ્થિતિ છે. બેટા યુધિષ્ઠિર! આ છેલ્લો આશ્રમ તે સંન્યાસાશ્રમ.

[૪]
આચારધર્મ

‘પિતામહ! આપે મને વર્ણધર્મ વિષે તેમ જ આશ્રમધર્મ વિષે કહ્યું તેથી મને ઘણું જાણવાનું મળ્યું છે. હવે તો તમામ વર્ણો માટે જરૂરનો એવો જે આચારધર્મ છે તે મને કહો, તો એ વિષયના મારા પ્રશ્નો પૂરા થાય. પિતામહ! હજી તો આથીય ઘણ વધારે અગત્યના અને મારા જેવાને પત્તોય ન લાગે તેવા પ્રશ્નો મારા મનમાં પડ્યાં છે; પણ પહેલાં આ આચારધર્મ વિષે મને કહો.’

: ઉત્તર :

યુધિષ્ઠિર! આ આચારધર્મ તો સામાન્ય બુદ્ધિથી સમજાય તેવો છે. માનવસમાજના કલ્યાણ માટે અને સમાજની શિષ્ટતા જળવાઈ રહે એટલા માટે આ આચારધર્મની યોજના છે. વળી આ આચારધર્મ દેશ અને કાળ પરત્વે બદલાયા કરે છે, એ ભૂલવા જેવું નથી. જે લોકો દેશ અને કાળનો વિચાર કર્યા વિના એક જ પ્રકારના આચારધર્મને વળગી રહે છે તેઓ જડ છે. અને તેમનો આચાર તે અનાચર બને છે.

સજ્જન પુરુષે રાજમાર્ગમાં, પશુઓના ટોળાની વચ્ચે, તેમ જ ધાન્યના ઢગલાઓની વચ્ચે મળમૂત્રનો ત્યાગ કરવો નહિ; કોઈએ સૂર્યોદય થયા પછી સૂઈ ન રહેવું; જમતાં જમતાં ચાવતી વખતે બોલવું નહિ તેમ જ ભોજનની નિંદા કરવી નહિ.

ગૃહસ્થે તમામ અતિથિઓને, નોકર-ચાકરોને તેમ જ બાળક તથા વૃદ્ધોને જમાડ્યા પછી જ પોતે જમવું. ભોજનમાં પંક્તિભેદ કદી ન કરવો; દિવસમાં ફક્ત બે વખત જ જમવું. બે વખત જ ભોજન કરે તેને ઉપવાસ કર્યાનું ફળ મળે છે.

સજ્જન પુરુષ પોતાના પરિચયવાળા પુરુષને જુએ ત્યારે વંદન કરે છે, પોતાથી મોટી ઉંમરના પુરુષને તુંકારાથી બોલાવતો નથી, ધર્માચરણમાં બીજાની રાહ જોતો નથી.

આ અને આવી આવી નાનીમોટી વાતો આચારધર્મ છે. કોઈ પણ સંસ્કારી માણસ પાસેથી શિષ્ય સમાજ જે સામાન્ય વર્તનની આશા રાખે તે સમાજનો આચારધર્મ છે. આવા આચારધર્મને નક્કી કરવામાં સાદી સામાન્ય સમજની જ જરૂર છે એમ હું માનું છું. શાસ્ત્રો તો આવી બાબતમાં માત્ર અંગુલિનિર્દેશ કરે છે, અને બાકીનું બધું માણસની અક્કલ પર છોડી દે છે.

[૫]
માનવજીવનનું ધ્યેય

‘પિતામહ! હવે મારી સાચી મૂંઝવણ આપને જણાવ્યા વિના રહી શકું તેમ નથી. આપે મને વર્ણશ્રમના ધર્મો સમજાવ્યા તેમ જ રાજધર્મો સમજાવ્યા; પણ તેથી તો મારી મૂંઝવણ ઊલટી વધી છે. એ બધું જાણતો ન હતો ત્યાં સુધી તો સાદી સીધી રીતે જીવન ચલવે જતો હતો, પણ હવે તો જીવતરમાં વધારે અંધકાર દેખાય છે. રાજા શા માટે રાજા છે? બ્રાહ્મણ શા માટે બ્રાહ્મણ છે? આખોય માનવ સમાજ કયા મધ્યબિન્દુ તરફ ગતિ કરી રહ્યો છે? માનવજીવનનું ધ્યેય શું? આ બધા પ્રશ્ન એકીસાથે ઊભા થવા લાગ્યા છે, ને ઉકેલો માગી રહ્યા છે. આપ હવે આ બધાયનો ઉકેલ આણશો.’

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! ગભરા નહિ. એ પ્રશ્નો ઊભા થવા જ જોઈતા હતા. એવા પ્રશ્નો જન્મે ત્યારે થતી આંતરપીડા વિના જીવન બેસ્વાદ રહી જાય.

યુધિષ્ઠિર! જગત આખાનાં ધર્મશાસ્ત્રોને હું ઢૂંઢી વળ્યો છું. અને તે બધાં એક જ વાત પોકારી પોકારીને કહે છે તે એ કે પરમાત્માને પામવા એ જીવમાત્રનો ઉદ્દેશ છે. કેટલાંએક

શાસ્ત્રો આને મોક્ષ કહે છે, કેટલાંએક રાગદ્વેષથી રહિત દશા કહે છે, કેટલાંએક સ્થિતપ્રજ્ઞની દશા કહે છે, કેટલાંએક જ્ઞાનપ્રાપ્તિ કહે છે, પણ આ બધાં શાસ્ત્રોનો સાર એક જ છે, એમાં શક નથી. જગતનો વ્યવહાર માત્ર કોઈ પણ રીતે પરમાત્માને પામવાનો પ્રયત્ન છે; પછી માણસ તે જાણતો હોય કે ન પણ જાણતો હોય. જગતના તમામ ધર્મોનું પણ આ જ લક્ષબિંદુ છે.

યુધિષ્ઠિર! આ સંબંધમાં ભગવાન વ્યાસે પોતાના પુત્ર શુકદેવને જે કહ્યું હતું તે જ હું તને કહી સંભળાવું. એક વાર શુકદેવે પોતાના પિતા વ્યાસને પૂછ્યું:—

‘આ સર્વ ભૂતસમુદાયનો સ્રષ્ટા કોણ? જેને આપણે “જીવ જીવ” એમ કહીએ છીએ તે જીવ કોણ છે?’

વ્યાસે કહ્યું: ‘પૂર્વે જગતની ઉત્પત્તિ પહેલાં, અનાદિ અને અનંત એવું એક જ તત્ત્વ હતું. આ તત્ત્વ માત્ર સત્તારૂપે વિદ્યમાન હતું. આનું નામ બ્રહ્મ. આ બ્રહ્મ પોતાની રાત પૂરી થાય ને જાગે છે ત્યારે સૃષ્ટિની રચના કરે છે. આ રચના વખતે પહેલું જે ઉત્પન્ન થાય છે તેને મહત્-તત્ત્વ કહે છે, આ મહત્-તત્ત્વમાંથી આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એ મહાભૂતો થાય છે. કેટલાક મીમાંસ્કો એમ માને છે કે માત્ર કર્મથી જ આ જગત ઉત્પન્ન થાય છે. કેટલાક જ્યોતિષશાસ્ત્રીઓ એમ કહે છે કે સૂર્ય વગેરે ગ્રહનક્ષત્રો જ શુભઅશુભ ફળ ન આપનારા છે. કેટલાક સ્વભાવ યા કુદરતવાદીઓ એમ જ માને છે કે કુદરત જ આ બધું કરે છે. પણ શુકદેવ, ખરી વાતો તો એ છે કે પરબ્રહ્મ જ આ સર્વ ચરાચર જગતનું મૂળ કારણ છે.

‘બ્રહ્મદેવનો દિવસ જ્યારે પૂરો થાય છે ત્યારે ઈશ્વર આ આખાય જગતને સૂક્ષ્મ સ્વરૂપે પોતાની અંદર સમાવી દે છે. આને પ્રલયકાળ અથવા તો પ્રલય કહેવામાં આવે છે.’

બેટા યુધિષ્ઠિર! એક વાત તો તું સમજે એવી સ્પષ્ટ છે. બધા વિષયો એવા છે કે એને વાણીમાં ઉતારવા જ મુશ્કેલ છે. વાણી તો આપણે મનુષ્યોએ વાપરવું શરૂ કરેલું સાધન છે. આપણા મનુષ્ય તરીકેના વિચારોનું જ એ વહન કરી શકે છે. એટલા માટે આવા ગહન વિષયને ચર્ચવામાં વાણી ઘણી વાર પાછી હઠે છે અને બહુ બહુ તો આપણા જાણીતા વ્યવહારમાંથી વિચારોને લઈને એ ગહન વિચાર તરફ ફક્ત આંગળી ચીંધે છે. ભગવાન વ્યાસ જ્યારે ‘બ્રહ્માની રાત્રિ’ અથવા ‘બ્રહ્માનો દિવસ’ એમ કહે છે, ત્યારે તે આવો પ્રયોગ કરે છે એમ તારે સમજવું. એ વિચારને દર્શાવવાને માટે આપણી પાસે આપણી માનુષી ભાષા અને માનુષી જીવનના જ ખ્યાલો છે. આપણે મનુષ્યો આપણી મર્યાદાને ઓળંગીને કઈ ભાષામાં આ બોલી શકીએ? મૂળ તો ભાષા એ જ પરમાત્મામાંથી ઉત્પન્ન થઈ છે, એટલે તે કઈ રીતે એનો તોલ કરી શકે? એટલા જ માટે શાસ્ત્રો કહે છે કે આવા તત્ત્વવિચારોમાં ભાષા એક ઘણું જ અપૂર્ણ સાધન છે. છતાં જ્ઞાનીઓની પાસે એ એક જ સાધન છે.

ત્યાર બાદ શુકદેવે બીજો પ્રશ્ન પૂછ્યો:—

‘હે પિતા! આપે જણાવેલ બ્રહ્માને પામવા માટે પુરુષે પોતાના આશ્રમધર્મનું કેવી રીતે પાલન કરવું તે મને વિસ્તારથી કહો.’

વ્યાસજી બોલ્યા: ‘બેટા શુક! ચાર આશ્રમો તો પરમાત્માને પહોંચવાની નિસરણી છે. જે મનુષ્ય એનાં પગથિયાં પર પોતાના પગ બરાબર ટેકાવે છે તે નિસરણીની ટોચે પહોંચીને સુખી થાય છે.

‘શુકદેવ! હવે હું આ આશ્રમોના ધર્મો વિગતવાર કહું છું.

‘બ્રહ્મચારીએ ગુરુની પાસે વસવું, ગુરુના સૂતા પછી સૂવું, ગુરુના ઊઠ્યા પહેલાં ઊઠવું

અને આવા શિષ્યને શોભે એવાં તમામ સેવાનાં કાર્યો કરવા. શિષ્યે ગુરુની પાસે રહી ધ્યાનપૂર્વક અધ્યયન કરવું, તેમની આજ્ઞા માથે ચડાવવી, ગુરુ ઊભા હોય ત્યાં સુધી ઊભા રહેવું.

'બેટા! બ્રહ્મચારીઓ માટે ધર્મો નક્કી થયા છે. એનો અર્થ એવો નથી કે બ્રહ્મચારી એક યંત્રની જ માફક આ પ્રમાણે વર્ત્યો જાય. આ નિયમો તો બ્રહ્મચારીના મનના વલણને દેખાડે છે; શાસ્ત્રકારોની અપેક્ષા તો એવી છે કે બ્રહ્મચારી હરકોઈ ઉપાયે ગુરુને પ્રસન્ન કરીને તેમની અનન્યભાવે સેવા કરે. અને આ બાહ્ય ચિહ્નો તો અંદરના અનન્ય ભાવનાં સૂચક માત્ર છે. જે બ્રહ્મચારી આવી અનન્ય ભાવની ઉપાસના કરતો નથી તે ગુરુની સાચી વિદ્યા પામી શકતો નથી; આવી અનન્ય સેવા બ્રહ્મચારીના દેહનું અભિમાન તોડે છે અને વિદ્યાને અંદરથી ઊગવા ન દેનારા જે જે પ્રતિબંધો છે તે બધા આપોઆપ દૂર થાય છે.

'ગૃહસ્થે નીચેની ચાર પ્રકારના આજીવિકાઓમાંથી કોઈ પણ એક જાતની આજીવિકાનો આશ્રય લેવો; કુચૂલધાન્ય, કુંભધાન્ય, અશ્વસ્તન અને કાપોલી. કુચૂલધાન્ય એટલે એક કોઠી ભરાય તેટલું ધાન્ય એકઠું કરી તે વડે કુટુંબનો નિર્વાહ કરવો; કુંભધાન્ય એટલે એક ઘડો ભરાય એટલું ધાન્ય એકઠું કરીને તે વડે કુટુંબનો નિર્વાહ કરવો; અશ્વસ્તન એટલે માત્ર એક દિવસ ચાલે તેટલા ધાન્યનો સંગ્રહ કરીને આવતી કાલનો વિચાર ન કરવો; અને કાપોલી એટલે ખળામાંથી ખેડૂત ધાન્ય ઉપાડી જાય ત્યાર પછી ત્યાં પડી રહેલા દાણા વીણી લાવી તેમાંથી નિર્વાહ ચલાવવો. ગૃહસ્થે અતિથિનો યોગ્ય સત્કાર કરવો. પોતાના પર આધાર રાખનાર લોકોનું બરાબર પોષણ કરવું, પોતાની જ સ્ત્રી પર આસકિત રાખવી અને ઈંદ્રિયોને કાબૂમાં રાખી વ્યવહારમાં રહ્યા છતાં તેમાં લેપાવું નહિ.

'ગૃહસ્થાશ્રમનાં સુખોની અંદર પણ મનને દુ:ખ જ દેખાયા કરે છે, એવા વાનપ્રસ્થો અરણ્યોના શાંત પ્રદેશમાં વાસ કરે છે. કેટલાક વરસાદમાં પણ ખુલ્લા પ્રદેશમાં પડ્યા રહે છે; શિયાળામાં જળમાં બેસી રહે છે, ઉનાળામાં પંચાગ્નિ તપે છે; કેટલાક માત્ર પૃથ્વી પર જ સૂઈ રહે છે. કેટલાક પગના ફણા પર ઊભા રહે છે. કેટલાક કાચું અનાજ ખાય છે, કેટલાક એક જ વખત માત્ર રાબડી પીએ છે અને કેટલાક આકાશવૃત્તિ રાખીને જે મળી આવે તેથી નિર્વાહ ચલાવે છે. મતલબ કે, આ વાનપ્રસ્થો દેહનું દમન કરીને તપશ્ચર્યામાં જ વખત ગાળે છે, અને એ રીતે જીવન સાર્થક કરવા મહેનત કરે છે.

'વાનપ્રસ્થ મુનિએ આ આશ્રમનાં કર્મોથી પવિત્ર થઈને નખ, કેસ, રૂંવાડાં વગેરેનું વપન કરાવવું અને સંન્યાસ ગ્રહણ કરવો. સંન્યાસ ગ્રહણ કરનારા પુરુષે યમનિયમોનું પાલન કરવામાં કદી પ્રમાદ ન કરવો, સર્વ વસ્તુનો પરિત્યાગ કરવામાં લેશ પણ ગાફેલ ન થવું અને બધી ઈંદ્રિયોનો જય કરવો.

'જે પુરુષે બ્રહ્મચર્યા, ગાર્હસ્થ્ય અને વાનપ્રસ્થાશ્રમનું યથાયોગ્ય સેવન કરીને પોતાના અંતરના મેલોને ધોયા છે, તેમણે સંન્યાસ આશ્રમમાં પગ મૂકવો. સંન્યાસીએ એકલા રહીને યોગધર્મનું આચરણ કરવું, અને એ રીતે સર્વાત્મભાવ સાધવો.

'સંન્યાસીએ અગ્નિ રાખવો નહિ, ઘર બાંધીને રહેવું નહિ, એક જ દિવસ ચાલે તેટલી ભિક્ષા લેવી, મુનિવ્રત ધારણ કરવું, કાચલીનું પાત્ર માત્ર રાખવું, વૃક્ષોના મૂળ પાસે શયન કરવું, ભગવાં પહેરવાં, એકલા વિહાર કરવો અને કોઈ પણ પ્રાણી ઉપર રાગદ્વેષ ન રાખવો. સંન્યાસીનો આ સઘળો બાહ્યાચાર તેના અંતરની દશાનો સૂચક હોવો જોઈએ. સંન્યાસીએ પરિગ્રહમાત્રનો ત્યાગ કર્યો હોય છે, કારણ કે આવો પરિગ્રહ જ આત્માને મોક્ષમાં અંતરાયરૂપ છે; અને આવી પરિગ્રહની ત્યાગબુદ્ધિ એ જ સંન્યાસની મોટી ચાવી છે. બેટા શુક, એટલું તો ચોક્કસ જ છે કે આશ્રમનાં બાહ્ય ચિહ્નો માણસને યથાર્થ

આશ્રમી કરી શકતાં નથી. માટે દરેક પુરુષે તે તે આશ્રમની ભાવના અને બુદ્ધિ પોતાનામાં જાગ્રત કરવાની જરૂર છે. અને પછી આવી આશ્રમબુદ્ધિને આ બાહ્ય આચરણો મદદ કરે એ સહજ છે. બાકી તો જે પુરુષ કોઈ પણ આશ્રમનાં બાહ્ય ચિહ્નો ધારણ કરે છે પણ એ આશ્રમની બુદ્ધિ જેનામાં નથી તેને મોટો ઢોંગી ધુતારો જાણવો.

'આવો સંન્યાસી મરણને અભિનંદન આપતો નથી તેમ જીવતરને પણ અભિનંદન આપતો નથી. પરંતુ કોઈ એક સાચો સેવક જેમ સ્વામીની આજ્ઞાની રાહ જોતો બેસે છે, તેમ આવો સંન્યાસી પરમાત્માના સાદની રાહ જોતો બેસે છે.

'અહિંસા એ સંન્યાસીનો પરમ ધર્મ છે. જેમ હાથીના પગલામાં બીજાં સર્વ પ્રાણીઓનાં પગલાં સમાઈ જાય છે. તેમ જ આ અહિંસામાં બીજા સર્વ ધર્મો સમાઈ જાય છે, વાસ્તવિક રીતે તો અહિંસા એ જ સંન્યાસીનો પરમ ધર્મ છે.'

આ પ્રમાણે વ્યાસ ભગવાને શુકદેવને કહ્યું એટલે શુકદેવ પ્રસન્ન થયા, અને પાછા પોતાની તપશ્ચર્યામાં લાગી ગયા.

બેટા યુધિષ્ઠિર! ભગવાન વ્યાસનું જે મંતવ્ય છે તે જ મારું પણ મંતવ્ય છે.

[૬]
ચારપુરુષાર્થ

'પિતામહ! આપણા આર્યધર્મની ચાર વર્ણ, ચાર આશ્રમ અને ચાર પુરુષાર્થ એ ત્રણે મહા કલ્પનાઓ છે; ચાર વર્ણ તથા ચાર આશ્રમોનુ તત્ત્વ તો આપે મને સમજાવ્યું, હવે આપે મને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ વિષે સમજાવવાનું રહે છે. વાસ્તવિક રીતે તો ધર્મ, અર્થ અને કામ એ ત્રણેયમાં લોભવૃત્તિ રહી શકે છે, તો પછી એ ત્રણમાં ઉત્તમ કોણ? એ ત્રણમાંથી કોના વિષે મનમાં વધારે આગ્રહ રાખવો? મોક્ષનો આ ત્રણની સાથે કેવો સંબંધ છે?'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! ધર્મથી જ ઋષિઓ જગતને તરી ગયા છે. ધર્મને આધારે જ લોક ટકી રહ્યા છે. ધર્મમાં જ અર્થનો સમાવેશ થાય છે. માટે ધર્મમાં જ મનને સ્થિર કરવું પણ અર્થ વિના ધર્મ કામ સિદ્ધ થતા નથી એ દેખીતું જ છે. જેઓએ જટા-મૃગચર્મ ધારણ કર્યાં છે, જેઓએ આખે શરીરે કાદવ ચોપડ્યો છે, જેઓએ મસ્તક મૂંડાવ્યાં છે, ભગવાં પહેર્યાં છે ને દાઢી વધારી છે. આ બધાય લોકો એક યા બીજી રીતે અર્થની જ ઈચ્છા રાખવાવાળા છે એમ તારે સમજવું. આસ્તિક-નાસ્તિક, સંયમી-અસંયમી તમામ લોકો અર્થને જ મહત્ત્વ આપે છે એ દેખીતું છે.

પરંતુ વધારે ઊંડો ઊતરીને તપાસ કરીશ તો જણાશે કે આખા જગતની પ્રવૃત્તિમાત્રના મૂળમાં કામ છે. સૃષ્ટિના આરંભમાં જ 'હું એક જ છું ને બહુ થાઉં, અને પ્રજા રૂપે બનું' એ સંકલ્પ જ કામનો સંકલ્પ છે. ઋષિઓ કંદમૂળનો આહાર કરી સંયમમાં જીવન વ્યતીત કરે છે તેનો અર્થ પણ એ જ છે કે તેમના મનમાં અમુક ચોક્કસ વાસના યા કામ છે.

પ્રાણીમાત્ર કામને આધીન થઈને જ કર્મ. કરે છે. કામવાસનાથી મુક્ત હોય એવું કોઈ પ્રાણી જગતમાં દેખાતું જ નથી. કામ એ ધર્મ અને અર્થના સારભૂત છે, એટલે જ એ બન્ને કામને આધીન બની જાય છે.

મોક્ષ એ તો આ ત્રણેય પુરુષાર્થના સુંદર ફળસ્વરૂપ છે. ધર્મ, અર્થ અને કામનો મનોહર સમન્વય જે સાધી શકે છે તે મોક્ષને માર્ગે છે એમ સમજવું. જેના કામ અને અર્થ ધર્મના રંગથી રંગાય છે તેને મોક્ષમાર્ગ ઘણો સરળ થઈ પડે છે.

ખરી રીતે તો જે ધર્મ, અર્થ અને કામનું સમાન રીતે સેવન કરે છે તે ઉત્તમ છે; આ ત્રણમાંથી કોઈ પણ બેનું જ જે સેવન કરી શકે તે મધ્યમ છે; ને ત્રણમાંથી કોઈ પણ એકનું જ સેવન કરે છે તે કનિષ્ઠ છે. જે માણસ આ ત્રણમાંથી એકને યા બેને વિસારી મૂકે છે તે જીવનના યોગને જાણતો ન હોવાથી ઊલટો વધારે દુ:ખી થાય છે. પરંતુ જે ત્રણેયને ઉચ્ચ આદર્શથી રંગી નાખે છે તે સંસારમાં રહ્યો છતાં ત્યાગી છે. બેટા! તારે ધર્મ, અર્થ અને કામના સ્થૂળ સ્વરૂપને ન વળગતાં આ ત્રણેયના મર્મને પારખી લેવો, અને ત્યાર પછી એ ત્રણેયનો સુંદર સમન્વય સાધી મોક્ષના માર્ગ પર ચડી જવું.

[૭]
ધર્મના પાયા: સત્ય

'પિતામહ! મેં આપની પાસેથી ચાર પુરુષાર્થનું સ્વરૂપ તો જાણ્યું; આ પુરુષાર્થમાં ધર્મ એ શ્રેષ્ઠ પુરુષાર્થ છે, એમ પણ હું સમજ્યો. પણ ધર્મના પાયા રૂપે જે કેટલીક વસ્તુઓ છે તે મારે આપને પૂછવી જોઈએ. શાસ્ત્ર જ્યારે જ્યારે ધર્મની વાતો કહે છે, ત્યારે ત્યારે સત્યનાં ભારે વખાણ કરે છે — કેમ જાણે એ જ પરમ ધર્મ હોય! અમે સંસારી લોકો સત્યની બહુ બહુ વાતો કરીએ છીએ, પણ સત્યનું સ્વરૂપ તો આપ સમજવો તો જ મારાથી સમજાય.'

: ઉત્તર :

સત્યના અનન્ય ઉપાસક યુધિષ્ઠિર! સત્ય તો તું મને સમજાવ ત્યારે હું સમજું,' એમ નહિ? મારી પાસેથી તારે સત્ય સમજવાનું ન હોય. તેં તો તારા જીવનમાં સત્ય વણી લીધું છે; અને સત્યનો એક વખતનો ભંગ પણ કેવો ભયંકર છે તે તારાથી ક્યાં અજાણ્યું છે? બેટા! જગતના સાધારણ લોકો તો એટલા બધા અસત્યથી ભરેલા છે કે તેઓ સત્યનું નામ લેવાના પણ અધિકારી નથી.

યુધિષ્ઠિર! સત્યના નાશથી ચારેય વર્ણોમાં સંકરતા ફેલાઈ જાય; માટે કોઈ પણ જાતની સેળભેળ વિનાના શુદ્ધ સત્યની સર્વ વર્ણોમાં આવશ્યકતા છે. સત્યને જ આધારે સત્પુરુષો ટકી રહે છે, ને સત્યને આધારે જ જગત ટકી રહ્યું છે.

આ લોકમાં સત્ય તેર જુદાં જુદાં સ્વરૂપો લે છે; એટલે કે આ તેર ગુણો એક યા બીજા પ્રકારે સત્યનાં જ રૂપો છે: સત્ય, સમદૃષ્ટિ, ઈર્ષ્યાનો અભાવ, ક્ષમા, લજ્જા, સહનશીલતા, અસૂયા, ત્યાગ, આર્યત્વ, ધૃતિ, દયા અને અહિંસા. સત્ય હોય તો જ એ

બધાંયનો સંભવ છે, એટલે સત્યમાં જ એમનો સમાવેશ કર્યો છે. સત્યનો અભાવ હોય તો આ બધાંય અદૃશ્ય થાય છે એ પણ ચોક્કસ છે. આપણા વેદો તો પોકારી પોકારીને કહે છે કે સત્યના જેવો એકેય ઉત્તમ ધર્મ નથી. સત્ય એ જ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ છે. જે માણસ સત્યનો યથાર્થ આશ્રય લે છે, તેને ધર્મ સંબંધી તમામ નિર્ણયો આપોઆપ જ સૂઝી આવે છે; એટલું જ નહિ પણ એ સત્ય જ તેના આખાય જીવનમાર્ગ પર અલોકિક પ્રકાશ નાખ્યા કરે છે. આ અનુભવની વાત છે એટલે શબ્દોથી હું ગમે તેટલું કહું તોપણ એની સાચી સમજણ તો સત્યના આચરનારને જ આવે છે. બેટા! આ બધી વાતો તારાથી ક્યાં અજાણી છે?

[૮]
ધર્મના પાયા: શીલ

'પિતામહ! સત્ય વિષે આપે કહ્યું તે તદ્દન સાચું છે. આ દુનિયા જ સત્યને આધારે ટકી રહે છે એમ કહેવું જરાય ખોટું નથી. પણ આ પૃથ્વી પર ધર્મના કરતાંય શીલ વધારે મહત્ત્વનું છે એમ કેટલાક મુનિઓ કહે છે. તો પિતામહ! એ શીલમાં એટલું બધું શું સામર્થ્ય છે? પિતામહ! આપ મને આ શીલ વિષે વધારે વિસ્તારથી જણાવો.'

: ઉત્તર :

બેટા! શીલ વિષે કેટલાક આચાર્યો જે કહે છે તે સાચું છે, પણ ખરું જોતાં સત્ય, ધર્મ, શીલ વગેરે શબ્દો ઘણી વાર એક જ વસ્તુના દ્યોતક હોય છે, અને આપણે લોકો શબ્દફેરથી ઘણી વાર કેવળ ભરમાઈએ છીએ. જીવનને અમુક દૃષ્ટિથી જોઈએ છીએ ત્યારે ધર્મને મહત્ત્વ આપવાનું મન થાય છે, વળી બીજી દૃષ્ટિથી જોઈએ ત્યારે સત્ય જ શ્રેષ્ઠ છે એમ કહેવાનું મન થાય છે. જ્યારે નવી કોઈ પરિસ્થિતિમાં બોલવું હોય તો શીલ એ જ શ્રેષ્ઠ છે એમ કહીએ છીએ. વસ્તુત: આ બધાં કથનો એકબીજાનાં વિરોધી નથી પણ પૂરક છે.

બેટા! આ સંબંધમાં એક ઈતિહાસ છે તે હું તને કહી સંભળાવું છું. પૂર્વે જ્યારે દૈત્યરાજ પ્રહ્લાદે ઈંદ્રનું રાજ્ય લઈ લીધું ત્યારે ઈંદ્ર બૃહસ્પતિની પાસે ગયો; બૃહસ્પતિનો મોકલ્યો શુક્રાચાર્ય પાસે ગયો અને શુક્રાચાર્યનો મોકલ્યો ગુપ્ત વેશે પ્રહ્લાદ પાસે ગયો અને બોલ્યો: 'હે પ્રહ્લાદ! હું તમારી પાસેથી કલ્યાણ મેળવવાની આશાએ આવ્યો છું; માટે તમે મને એવો ઉપદેશ આપો.' પ્રહલાદે ઈંદ્રને કહ્યું: 'આ ત્રણેય લોકોનું રાજ્ય કરવાનો ભાર મારે માથે છે તેથી તમને રીતસર ઉપદેશ આપવાનો મને વખત નથી. જરૂર હોય તો તમે મારી સાથે રહો, અને રાજ્યનો કારભાર કરતાં વચ્ચે મને કોઈ વાર એકાદ ક્ષણની ફુરસદ મળી જાય ત્યારે પૂછવું ઘટે તે પૂછી લેજો.'

ત્યાર પછી ઈંદ્રે પ્રહ્લાદની સાથે રહી તેમની સેવા કરવા માંડી અને તેમની વૃત્તિને અનુકૂળ રહી વર્તવા માંડ્યું. એક વાર સમય જોઈ ઈંદ્રે પ્રહ્લાદને પૂછ્યું: 'મહારાજ પ્રહ્લાદ! તમે આ ત્રણેય લોકોનું રાજ્ય કેવી રીતે મેળવ્યું?'

દૈત્યરાજ પ્રહ્લાદે જવાબ વાળ્યો: 'હે બ્રાહ્મણ! હું રાજા છું એમ માનીને હું કોઈ દિવસ અભિમાન કરતો નથી. રાજ્યમાં લોકકલ્યાણમાં રચ્યાપચ્યા રહેતા બ્રાહ્મણોની નિંદા કરતો નથી. ક્રોધને જીતું છું અને ઈંદ્રિયોને વશ રાખું છું. બસ, આટલું જ કલ્યાણનું સાધન છે.'

ત્યાર પછી કેટલેક સમયે પ્રહ્લાદે ઈન્દ્રની ગુરુસેવાથી પ્રસન્ન થઈને કહ્યું, 'હે બ્રાહ્મણ! હું તમારી ભક્તિથી બહુ પ્રસન્ન થયો છું. માટે તમે વરદાન માગો.'

પ્રહ્લાદના આવા આગ્રહને વશ થઈને ઈંદ્રે કહ્યું: 'જો આપ ખરેખર મારા પર પ્રસન્ન થયા હો તો મને આપનું શીલ પ્રાપ્ત થાઓ એવું વરદાન માગું છું.'

પ્રહ્લાદે જણાવ્યું: 'તથાસ્તુ! એમ થાઓ.'

ત્યાર પછી થોડી વારે પ્રહ્લાદના શરીરમાંથી છાયા સ્વરૂપ અને તેજસ્વી એવું શીલ બહાર આવ્યું. પ્રહ્લાદે પૂછ્યું: 'તું કોણ છે?'

શીલે જણાવ્યું: 'દૈત્યરાજ પ્રહ્લાદ! હું શીલ છું. તમે મને દાનમાં આપી દીધું છે એટલે હવે હું જાઉં છું.' એમ કહીને શીલ અદૃશ્ય થયું.

શીલના ગયા પછી થોડી વારે પ્રહ્લાદના શરીરમાંથી એવો જ એક તેજસ્વી પુરુષ બહાર આવ્યો અને બોલ્યો: 'મહારાજ! હું ધર્મ છું. હું પણ એ બ્રાહ્મણ પાસે જ જાઉં છું. જ્યાં શીલનો વાસ હોય છે ત્યાં જ મારો વાસ હોય છે.' એમ કહી ધર્મ પણ ચાલતો થયો.

વળી થોડી વારે બીજો એક તેજસ્વી પુરુષ એના શરીરમાંથી બંહાર આવ્યો અને બોલ્યો: 'હે દૈત્યરાજ! હું સત્ય છું. જ્યાં ધર્મ છે ત્યાં જ મારો વાસ હોય છે, માટે હું પણ એની પાછળ જાઉં છું.'

ત્યાર પછી વળી એક તેજસ્વી આકૃતિ તેના શરીરમાંથી બહાર આવી અને બોલી: 'મહારાજ! હું વ્રત છું. જ્યાં શીલ હોય છે ત્યાં જ વ્રત હોય છે માટે હું સત્યની પાછળ જાઉં છું.' આ પ્રમાણે કહી વ્રત સત્યની પાછળ ચાલ્યું.

વળી થોડી વારે ગર્જના કરતી એક તેજસ્વી આકૃતિ બહાર આવી અને બોલી: 'હું બળ છું. જ્યાં વ્રત હોય ત્યાં જ બળ હોય છે, માટે હું વ્રતની પાછળ જાઉં છું.'

આ ઉપરથી શીલનો પ્રભાવ કેવો છે તે બરાબર જાણી શકાશે.

બેટા યુધિષ્ઠિર! આ શીલ એટલે શું તે તને સમજાયું? એ તો બહુ ટૂંકી વાત છે. મન, વચન ને કર્મથી કોઈનો દ્રોહ ન કરવો, સર્વના પર દયા રાખવી અને પાત્ર હોય તેને દાન આપવું. આનું નામ શીલ. આ શીલ સમજવામાં જેટલું સહેલું લાગે છે તેથી ઘણું વધારે આચારમાં કઠણ છે, એમ જાણજે.

[૯]
ધર્મના પાયા: દમ

"પિતામહ! આ જગતમાં અનેક જાતના ધર્મો ને ધર્મશાસ્ત્રો જોવામાં આવે છે. કોઈ શાસ્ત્રો એક સદ્‌ગુણ પર ભાર મૂકે છે, તો કોઈ શાસ્ત્ર બીજા સદ્‌ગુણ પર ભાર મૂકે છે. પિતામહ! આ ધર્મોમાં દમનું ક્યાં સ્થાન છે તે જાણવાની મને ઈચ્છા થઈ છે, તો કૃપા કરી આપ મને તે સમજાવો.'

: ઉત્તર :

સર્વ ધર્મનો આધાર દમ પર રહેલો છે. દમ એટલે ઈન્દ્રિયનિગ્રહ. એક વાર મનુષ્ય નક્કી કરે કે ઈન્દ્રિયો પર અંકુશ રાખવાની કશી જરૂર નથી, એટલે જગતમાં ધર્મ જેવી વસ્તુ ન રહે અને ધર્મની સાથે સંબંધ રાખતા ઘણા વ્યવહારો બદલાઈ જાય. એટલે જ હું કહું છું કે ધર્મનો આધાર દમ પર રહેલો છે. આવા ઈન્દ્રિયનિગ્રહથી તેજમાં વૃદ્ધિ થાય છે. જે પુરુષ ધર્મને જીવનમાં ઊતારે છે તેને બહારનો ભય રહેતો નથી.

પણ બેટા! દમમાં અથવા તો આ ઈન્દ્રિયનિગ્રહમાં એક જ દોષ રહેલો છે અને તે એ કે દમગુણને ધારણ કરનારા ક્ષમાવાન પુરુષને લોકો નબળો માને છે. દમમાં એ એક જ દોષ છે, પરંતુ બીજી રીતે એ મોટો ગુણ છે, કેમ કે આવી ક્ષમા એ જીવનની મહામૂલી ચીજ છે. આવો દમવાળો પુરુષ જ્યાં નિવાસ કરે છે ત્યાં જ તેનો આશ્રમ છે અને તે જ તેનું અરણ્ય છે. આવા પુરુષને વનમાં જઈને વાનપ્રસ્થ થવાની લેશ પણ જરૂર નથી.

[૧૦]
ધર્મના પાયા: જપ

"પિતામહ! આપે મને ધર્મનાં અંતરંગોની પણ વિસ્તારથી સમજણ આપી; પણ ધર્મનાં બહિરંગોની પણ જરૂરત તો છે જ. આ બધાં બહિરંગોમાં જપ એ મને મુખ્ય લાગે છે. તો આપ જપ વિષે મને કહેશો તો મોટો ઉપકાર થશે. આજે લાખો માણસો આ અને આવાં બહિરંગોનું સેવન જીવનભર કર્યા કરે છે, છતાં તેમને ધર્મનું તેજ પ્રાપ્ત થતું નથી એમ હું જોઉં છું. પિતામહ! છતાંયે જપ જેવું બહિરંગ માણસને ઘણો ટેકો આપે છે એવો ઘણાને અનુભવ છે, આપ આ સંબંધમાં શું વિચારો છો તે મને જણાવવા તસ્દી લ્યો.'

: ઉત્તર :

બેટા! જપ એ ગમે તેવું ઉપયોગી છતાં મોક્ષપ્રાપ્તિનું બાહ્ય સાધન છે એ તો તું જ કહે છે. જે લોકો આવા બાહ્ય સાધનને તેની ઉપયોગિતાના કરતાં વધારે પડતું મહત્ત્વ આપે છે તેઓ જ તે દિવસે ધર્મના માર્ગથી ભ્રષ્ટ થાય છે.

બેશક, ઉચ્ચ જીવનના માર્ગમાં આવું બાહ્ય સાધન મનને સ્થિર કરવા માટે ઘણું ઉપયોગી છે. જપને વધારે વિશાળ દૃષ્ટિથી વિચારીએ તો સત્ય, અગ્નિની સેવા, આહાર વગેરેની પવિત્રતા, ધ્યાન, તપ, ક્ષમા, મિતભાષણ અને શાંતિ: આ બધાં એક જાતના જપયજ્ઞ જ છે અને એ રીતે જપ જીવનમાં બહુ જ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

જપ કરનારો પુરુષ શ્રદ્ધા રાખ્યા વિના જપ કરે છે તેનો જપ વૃથા થાય છે. અંત:કરણની પ્રસન્નતા એ કોઈ પણ ધાર્મિક ક્રિયાનું આવશ્યક પરિણામ છે. જપ કરનાર જપ કરીને જો પ્રસન્ન થતો નથી પરંતુ વેઠની માફક બાહ્ય ક્રિયાની જેમ તે કર્યે જાય છે, તો એ જપ જપ નથી પણ એક જાતની કસરત બને છે.

વળી જે પુરુષ ઈશ્વરની કૃપા સિવાય બીજો કોઈ ઉદ્દેશ ધ્યાનમાં રાખીને જપ કરે છે, તેને જપ આધ્યાત્મિક લાભ કરતો નથી અને ઐહિક લાભ માટે તો જપ કરવા કરતાં

બીજા દુન્યવી ઈલાજો કરવા એ જ વધારે સારું છે.
જપના આ ગુણદોષ.

[૧૧]
ષડ્‌રિપુઓ

'પિતામહ! આપે માનવજીવનના ધ્યેયને પહોંચવામાં ઉપયોગી એવાં ધર્મ, સત્ય, શીલ વગેરેનું મને યથાર્થ જ્ઞાન આપ્યું, પણ ધ્યેયને પહોંચવા જતાં માર્ગમાં વિઘ્ન કરનારા જે જે અંતરાયો છે તેનો ખ્યાલ મને હજી આપ્યો નથી. બેશક; આપે મને સત્ય વગેરેની જે વાત જણાવી તેની સાથે તેની વિરોધી વસ્તુઓનો ખ્યાલ તો આવી જ ગયો છે છતાં આવા બધા અંતરાયોમાં સૌથી વધારે અંતરાયરૂપ જે હોય તે મને કહો, એટલે તે ઉપરથી બીજા અંતરાયોનો ખ્યાલ સહેજે આવી જશે.'

: ઉત્તર :

બેટા! એકલો લોભ જ મોટા ભૂંડની માફક સર્વનો ગ્રાસ કરનારો છે. લોભમાંથી જ પાપની, અધર્મની અને મોટાં દુ:ખોની ઉત્પત્તિ થાય છે. લોભ જ કપટમાત્રનું મૂળ છે; લોભથી જ ક્રોધ ઊપજે છે; લોભમાંથી કામ પ્રવર્તે છે.

જગતમાં સત્‌શાસ્ત્રનો અભ્યાસ કરીને વિદ્વાન થયા હોય તેવા લોકો જ્યારે લોભમાં પડે છે ત્યારે બુદ્ધિહીન બની જાય છે અને આખરે સન્માર્ગેથી ખસી પડે છે. લોભાધીન થયેલા દુષ્ટોએ ચલાવેલા અનેક અધર્મ પંથો ધર્મપંથો જેવા થઈ પડે છે, એ તો આપણા રોજના અનુભવની વાત છે.

આવો લોભ દ્રવ્યનો પણ હોય, નીતિનો પણ હોય, પદવીનો પણ હોય, સંતાનનો પણ હોય. આ બધાય લોભો માણસનો વિનાશ કરે છે, એવો મહાપુરુષોનો અનુભવ છે.

કામ, ક્રોધ, મોહ, મત્સર વગેરે બધા આ લોભના જ ભાઈઓ છે; આ સર્વમાંથી એક હોય ત્યાં બીજાઓ એક યા બીજી રીતે પેસી જાય છે અને માણસને પાયમાલ કરે છે. માટે જ આપણાં શાસ્ત્રોમાં તેમને 'ષડ્‌રિપુ' — છ શત્રુઓ કહ્યા છે અને એ શત્રુઓથી આપણે ચેતીને ચાલવું એમ સૂચવ્યું છે.

[૧૨]
ધર્મનું રહસ્ય

'પિતામહ! આપને હું ઘણી તસ્દી આપી રહ્યો છું. ધર્મ સંબંધે આપે મારા મનની મૂંઝવણ ટાળી દીધી છે. પણ પિતામહ! ધર્મનું સ્વરૂપ શું અને તેની ઉત્પત્તિ ક્યાંથી એ તો

આપે મને સંભળાવવાનું હજી બાકી છે. જુદા જુદા આચાર્યો ધર્મનાં જુદાં જુદાં લક્ષણો કહે છે અને વિસ્તારથી તે પર પ્રવચનો આપે છે, પણ મારા જેવા સાધારણ મનુષ્યને ધર્મનું સ્વરૂપ સહેલાઈથી સમજવું છે; તો મને સમજાવવા કૃપા કરો.'

: ઉત્તર :

બેટા! હું તને પંડિતાઈમાં નહી લઈ જાઉં. આજે પંડિતાઈ કરવાનો વખત પણ નથી. હું તો ધર્મની એક જ સાદી કસોટી તારી પાસે રજૂ કરવાનો છું. તારે આ કસોટીથી દુનિયામાંના પુરુષને માપી લેવા અને તેમના ધર્માધર્મનો નિર્ણય કરવો હોય તો કરવો.

યુધિષ્ઠિર! આચરણ એ જ ધર્મનો મુખ્ય આધાર છે. બીજાઓએ કરેલા જે આચરણને હું અપ્રિય માનું, તે આચરણ મારે પોતાએ તો બીજાઓની સાથે કદી ન જ કરવું, એવું ધર્મનું સામાન્ય લક્ષણ મને સૂઝે છે. જે પુરુષ પોતે જીવવા માગે છે તે બીજાને જીવવા ન દે એ કેમ બને?

આ બહુ જ સાદો વિચાર ધર્મની ખરી કસોટી છે.

[૧૩]
ધર્માધર્મનો વિવેક

'પિતામહ! આપની વાત તો કેવળ સાદી છતાં અત્યંત સાચી છે. પરંતુ જે લોકો કહેવાતા મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા મેળવે છે, તે લોકોને ઘણી વાર આ મહાપુરુષોની બાબતમાં આપ કહો છો તેવું એકધારું જીવન જ્યારે નથી દેખાતું ત્યારે શંકા થાય છે. દાખલા તરીકે વિશ્વામિત્ર ઋષિએ પણ આપત્કાળમાં ચાંડાળ પાસેથી કૂતરાની જાંઘ પડાવીને ખાધી હતી. જો મોટા પુરુષો પણ આવાં હલકાં કૃત્યો કરે તો ચોર લોકમાં અને મહાપુરુષોમાં ભેદ શો? આપ આ બાબતમાં મારા સંશયને દૂર કરો એમ હું ઈચ્છું છું.'

: ઉત્તર :

બેટા! મેં તને ધર્મનો જે ઉપદેશ આપ્યો તે માત્ર શાસ્ત્રોનું શ્રવણ કરીને નથી આપ્યો; એ ઉપદેશ તો વિદ્વાનોના બુદ્ધિતત્ત્વમાંથી નીતર્યો છે. કોઈ પણ માણસે જ્ઞાન તો જ્યાં મળે ત્યાંથી સંપાદન કરી લેવું જોઈએ. માત્ર એક ઈન્દ્રિયના જ્ઞાનથી કે કોઈ પણ એક જ પ્રકારના જ્ઞાનથી વ્યવહાર ચાલી શકતો નથી.

હે યુધિષ્ઠિર! ધર્મ અને આચારનો આખરી નિર્ણય કરનાર તો બુદ્ધિ જ છે, માટે હરકોઈ માણસે પોતાની બુદ્ધિનો આશ્રય કરીને જ ધર્મને શોધવો જોઈએ. જે પુરુષની બુદ્ધિને અધ્યયનકાળમાં જ વિશાળ જ્ઞાનનું શિક્ષણ મળ્યું નથી તે પુરુષ સદાય દુર્બળ રહે છે.

યુધિષ્ઠિર! એક જ કર્મ કોઈ સમયે ધર્મ રૂપ બને છે અને કોઈ સમયે અધર્મ રૂપ પણ બને છે. આ બન્ને પ્રકારના સમયોને નહીં સમજનાર વખત આવ્યે સંશયમાં આવી પડે છે. કેવળ પુસ્તકના જ્ઞાન ઉપર જ આજીવિકા ચલાવનાર લોકો ધર્મના વાસ્તવિક શત્રુઓ હોય

છે. આવા લોકો તો 'અમે સર્વ વિદ્યાના ફળનું દોહન કરી લીધું છે.' એમ જ માને છે; પણ ખરી રીતે આ લોકો જ્ઞાનનો વેપાર કરનાર હોવાથી બ્રાહ્મણો નથી પણ રાક્ષસો છે.

વિશ્વામિત્રે તે સમયના સંજોગોને ધ્યાનમાં રાખીને જે કાર્ય કર્યું તે ધર્મ હતો એમાં શંકા નથી. એમની બુદ્ધિ ચોરની બુદ્ધિ જેવી ન હતી; માત્ર તેમનો એ આપદ્‌ધર્મ હતો. આ પ્રમાણે ઘણી વાર બહારથી એક જ જાતનાં દેખાતાં બે કાર્યોમાંથી એક ધર્મ હોય છે જ્યારે બીજું અધર્મ હોય છે.

બેટા! તું દંભનો આશ્રય કરીને જો ધર્મપાલન કરીશ તો સત્પુરુષોએ સેવેલા ધર્મને ગુમાવી બેસીશ. મારો પોતાનો તો ચોક્કસ અભિપ્રાય છે કે કેવળ વાદવિવાદ કરવાથી અથવા કેવળ તર્કવિતર્ક કરવાથી ધર્મનો નિર્ણય થઈ શકતો નથી. માણસે શુદ્ધબુદ્ધિ વાપરીને સત્પુરુષોએ સ્વીકારેલા ધર્મોનો નિર્ણય કરવો એ યોગ્ય માર્ગ છે.

[૧૪]
ગૃહસ્થાશ્રમ વિરુદ્ધ સંન્યાસ

'પિતામહ! આપે મને વર્ણાશ્રમધર્મનો આટલો બધો મર્મ સમજાવ્યો છતાં મારા મનમાં તો એમ જ વસે છે કે માણસે મોક્ષદશાને પામવું હોય તો ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને સંન્યાસને ગ્રહણ કરવો જોઈએ. આપના કહેવાનો અર્થ તો હું એવો સમજ્યો છું કે મોક્ષને કોઈ અમુક વર્ણ કે આશ્રમ સાથે સીધો સંબંધ છે જ નહીં. તો પિતામહ! ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યા વિના મોક્ષને પામ્યો હોય એવો કોઈ પુરુષ આપે જાણ્યો છે?'

: ઉત્તર :

યુધિષ્ઠિર! પૂર્વે ધર્મધ્વજ નામે પ્રસિદ્ધ થયેલો જનકરાજા આવી જ યથાર્થ દૃષ્ટિને પામ્યો હતો.

એક વખત સુલભા નામની એક સંન્યાસિનીને આ રાજા સાથે ભારે મોટો સંવાદ થયો હતો.

રાજા જનકે સુલભાને કહ્યું:-—

'હે સુલભા! પરાશર ગોત્રમાં જન્મેલા ભિક્ષુ પંચશિખનો હું શિષ્ય છું. ભિક્ષુ પંચશિખે મને રાજ્યનો ત્યાગ કરાવ્યા વિના જ મોક્ષધર્મની દીક્ષા આપી છે. એ ભિક્ષુ પંચશિખની પ્રસાદીથી હું સુખદુ:ખાદિથી મુક્ત બની શક્યો છું અને સંગનો ત્યાગ કરીને જ આ વ્યવહારમાં વિચરું છું. સુલભા! જેમ શેકી નાખેલાં બીજો વાવીએ તોપણ ઊગી શકતાં નથી. તેમ જ મારી બુદ્ધિને ભગવાન પંચશિખે પોતાના ઉપદેશના પ્રભાવથી વાસનાબીજરહીત કરી છે, એટલે એ વાસના તરફ વળતી જ નથી.

'સુલભા! મોક્ષમાર્ગમાં અનેક મતમતાંતરો છે. ભિક્ષુ પંચશિખે તો મને કેવળ આસક્તિરહીત બનવાની દીક્ષા આપી છે. મૂળ તો આ રાજ્ય ને રાજ્યના કરતાંયે એની પાછળ રહેલી પરિગ્રહબુદ્ધિ એ જ બંધનકર્તા વસ્તુ છે. આવો પરિગ્રહ અલ્પ હોય કે મહાન હોય એ મુદ્દાની વાત નથી; પરંતુ એ ગમે તેવો હોય તોપણ તેમાં આસક્તિ ન હોવી

જોઈએ એ જ મુદ્દાની વાત છે. સંન્યાસીને પરિગ્રહમાં માત્ર લંગોટી જ હોય; જ્યારે કોઈ ચક્રવર્તીને પરિગ્રહમાં મોટું રાજ્ય હોય; પણ તેથી મહત્ત્વની દૃષ્ટિએ મોટો ફેર પડતો નથી.

'સુલભા! મોક્ષ એટલે સમ્યગ્દર્શન. ભગવાં વસ્ત્રો, મસ્તકમુંડન અને કમંડલ એ જો સમ્યગ્દર્શનમાં અંતરાયરૂપ નથી થતાં તો પછી રાજનાં છત્રચામર અને બાગબગીચા મોક્ષમાં અંતરાયરૂપ છે એમ માનવાનું શું કારણ છે?

'મારા ગુરુના ઉપદેશ પ્રમાણે તો હરકોઈ પ્રાણી હરકોઈ આશ્રમમાં રહીને સમ્યગ્દર્શનથી જ મોક્ષ મેળવી શકે છે. સુલભા! હું પોતે આ બધાં બંધનકારક ઉપકરણોની વચ્ચે વસું છું છતાં બંધનથી મુક્ત રહી શક્યો છું. હું પોતે રાગદ્વેષરહીત છું કે કેમ તે નક્કી કરવા તું આવી છે એમ હું સમજું છું.'

જનકનાં આવાં વચનો સાંભળીને સુલભા બોલી: 'મહારાજ જનક! જે પુરુષને શત્રુઓ છે તેમજ મિત્રો છે, જેને સંધિ કરવી છે અને વિગ્રહો પણ કરવા છે, તેનામાં મહાપુરુષોનાં લક્ષણો હોઈ શકે? તું યોગથી રહીત છે છતાંય મોક્ષનું અભિમાન છે એ તારા અમાત્યોએ અટકાવવું જોઈએ.

'જનક! રાજા એ તો સર્વથી વધારે પરાધીન પ્રાણી છે. મિથિલાના રાજા જનક, મોક્ષધર્મનું શ્રવણ કર્યા છતાં આ છત્રચામરને તેમ જ તારી સ્ત્રી વગેરેને તું વળગી રહ્યો છું એ જ બતાવે છે કે તને સાચું જ્ઞાન સ્ફુર્યું નથી.'

સુલભાનાં આવાં વાક્યો સાંભળીને જનકે મૌન ધારણ કર્યું, કારણ કે જનકના અને સુલભાના દૃષ્ટિબિંદુમાં જ મોટો તફાવત હતો. પરંતુ હે યુધિષ્ઠિર! જનકનો મત જ સાચો મત છે અને એ જ આપણો આર્યમત છે.

[૧૫]
કર્મનું બળ

'પિતામહ! શાસ્ત્ર અને સત્પુરુષો જે મોક્ષની વાત કરે છે તે મોક્ષ તો કર્મનાં બંધનથી છૂટવાનો માર્ગ છે, પણ કેટલાક લોકો તો એમ જ કહે છે કે કર્મ જેવી વસ્તુ છે જ નહીં અને આ જગતમાં આપણે ખાધું-પીધું તે આપણા બાપનું! કર્મ, પુનર્જન્મ, મોક્ષ વગેરે તો બ્રાહ્મણોએ પોતાના ધતિંગો ચલાવવા માટે ચાલુ કરેલી જાળની વાતો છે.'

'પિતામહ! હું આપને પૂછું છું: માણસ પોતે કરેલાં કર્મોનાં ફળથી કોઈ દિવસ છૂટી શકે ખરો?'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! કર્મ અને પુનર્જન્મ એ ધતિંગો નથી પણ સત્ય હકીકતો છે. હું તને દેખું છું એ સત્ય છે ને તું મને દેખે છે એ જો સત્ય છે; તો કર્મ અને પુનર્જન્મ સત્ય છે. માણસ તો શું પણ વિશ્વની અંદરનું કોઈ પણ પ્રાણી આ કર્મના સનાતન નિયમમાંથી છૂટી શકે તેમ નથી. માણસ કર્મના નિયમોનો સ્વીકાર કરે કે ન કરે એની કર્મને ચિંતા નથી. કર્મ તો પોતાના કરનારને ગમે ત્યાંથી શોધી લે છે. માણસ ગમે તેટલા વેગથી દોડીને પસાર થાય

તોપણ તેણે કરેલું કર્મ તેની પાછળ પહોંચી જાય છે. જેમ વૃક્ષોનાં પુષ્પો અને ફળો પોતાનો સમય આવતાં બહાર નીકળી આવે છે તેમ જ જન્મજન્માંતરનાં કર્મો પણ પોતાનો સમય પાકે છે ત્યારે મનુષ્ય પાસે હાજર થાય છે. કોઈ વાછરડો હજારો ગાયોની વચ્ચેથી જેમ પોતાની માતાને અવશ્ય શોધી કાઢે છે, તેમજ પૂર્વજન્મનું કર્મ પણ પોતાના કર્તાને વિશ્વમાં ગમે ત્યાંથી શોધી કાઢે છે.

[૧૬]
માનવીનું કર્તવ્ય: આત્મશોધન

'પિતામહ! શાસ્ત્રનો પાર નથી; વર્ણના તેમજ આશ્રમના ધર્મો ગણ્યા ગણાવાય તેટલા નથી; મનુષ્યનું આયુષ્ય ટૂંકું છે અને તેમાંયે તેનો મોટો ભાગ બાલ્યકાળ, રાત્રિઓ વગેરે ખાઈ જાય છે. આમ મનુષ્યનું આયુષ્ય તો એકદમ ક્ષીણ થતું જાય છે. એવે વખતે ધીર પુરુષે શું કરવું?'

: ઉત્તર :

બેટા! પૂર્વે વેદાધ્યયન કરવામાં આસક્ત રહેનાર એક પિતાને તેના પુત્રે આવો જ પ્રશ્ન કર્યો હતો. પિતાએ બિચારાએ તો દુનિયાના સાધારણ ધર્મી માણસની માફક ચાર આશ્રમોની ધર્મચર્ચા શાસ્ત્રીય રીતે વર્ણવવા માંડી પણ તેનાથી સંતુષ્ટ ન થતાં અકળાઈને પુત્ર બોલ્યો:—

'આ સર્વ લોક મૃત્યુના પ્રહારથી ખોખરો થઈ ગયો છે અને રાત્રિદિવસ તો ઝડપથી વહ્યાં જાય છે. છતાં તમે હજી મંદ ગતિથી મને આવાં આવાં ટાયલાં શા માટે સંભળાવ્યે રાખો છો? મનુષ્યનું આયુષ્ય અતિ અલ્પ છે, મૃત્યુ કોઈની રાહ જોતું ઊભું રહેતું નથી; તો પછી જે કાંઈ શ્રેય કરી લેવાનું હોય તેમાં કાળની વાટ જ શા માટે જોવી? આપણે આપણાં કર્મો પૂરાં કર્યાં છે કે અધૂરાં રાખ્યાં છે તે જોવા મૃત્યુ ઊભું રહેવાનું નથી. આપણા દેહની પાછળ મૃત્યુ, જરા અને વ્યાધિ લાગેલાં છે; માટે માણસે યોગધર્મ વડે મૃત્યુ પર જય મેળવવો.

'મોક્ષ અને મૃત્યુ બન્ને આપણા દેહને વિષે જ રહેલાં છે. જો દેહ અને દેહના સંબંધી પ્રાણીપદાર્થો પર આસક્તિ રાખીએ તો મૃત્યુ આવ્યા બરાબર છે અને જો યોગધર્મનો આશ્રય લઈને આવી આસક્તિ તોડી નાખીએ તો મોક્ષ મળ્યા બરાબર છે. દેહમાત્રને માટે મૃત્યુ તો ઊભું જ છે; આપણો દેહ હયાત હોય ત્યાં સુધી ખૂબ ઉગ્રતાથી આપણે હૃદયરૂપી ગુફામાં રહેતા આત્માની શોધ કરી લેવી જોઈએ.'

[૧૭]
જગતની ઉત્પત્તિ

'પિતામહ! આ સર્વ સ્થાવર જંગમ જગત શામાંથી ઉત્પન્ન થયું? પ્રલય વખતે કોની અંદર તેનો લય થાય છે? સમુદ્ર, આકાશ અને પર્વતો સહિત આ જગતને કોણે બનાવ્યું? આ બધાં પ્રાણીઓ ક્યાંથી ઉત્પન્ન થયાં? પવિત્રતા-અપવિત્રતા ક્યાંથી આવ્યાં? ધર્મ-અધર્મનો વિધિ કેવી રીતે બંધાયો? આ સર્વ આપ મને વિસ્તારથી સમજાવો.'

: ઉત્તર :

યુધિષ્ઠિર! પૂર્વે ભારદ્વાજે ભૃગુ ઋષિને આ પ્રશ્નો પૂછયા હતા અને ભૃગુઋષિએ તેમના યથાર્થ ઉત્તરો આપ્યા હતા.

જેનું શબ્દોથી નિરૂપણ કરવું પણ અશક્ય છે એવા અજ્ઞાતથી પ્રથમ મનની ઉત્પત્તિ થઈ; એનું નામ માનસદેવ. એનું બીજું નામ અવ્યક્ત પણ છે. આ અવ્યક્તથી જ સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થયાં છે અને તેમાં જ સર્વ લય પામે છે. આ અવ્યક્તે મહત્‌તત્વને ઉત્પન્ન કર્યું ને મહત્‌તત્ત્વે અહંકાર ઉત્પન્ન કર્યો. અહંકારથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ ને જળથી પૃથ્વી એમ સૌ અનુક્રમે ઉત્પન્ન થયાં.

પણ આ માનસદેવે વિરાટને ઉત્પન્ન કર્યો. આકાશ વગેરે પંચમહાભૂતો આ વિરાટનું સ્વરૂપ છે. આ પર્વતો છે તે વિરાટનાં હાડકાં છે; પૃથ્વી તેમના મેદ ને માંસરૂપ છે; સમુદ્રો તેમનું લોહી છે, આકાશ તેમનું પેટ છે; પવન તેમનો નિ:શ્વાસ છે; નદીઓ તેમની નાડીઓ છે; ચંદ્ર અને સૂર્ય તેમનાં નેત્રો છે; પૃથ્વી તેમના બે પગ છે અને દિશાઓ તેમની ભુજાઓ છે. આ વિરાટ પુરુષને શાસ્ત્રમાં ભગવાન વિષ્ણુના નામથી પણ વ્યવહારે છે.

[૧૮]
જગતમાં સર્વ સ્થળે ચેતન છે

'પિતામહ! આપ કહો છો કે સ્થાવર જંગમ સર્વ શરીરો પંચમહાભૂતોથી ઉત્પન્ન થયાં છે; પરંતુ સ્થાવરોના શરીરોમાં પંચમહાભૂતો જોવામાં આવતાં નથી. વૃક્ષોનાં શરીરોમાં ગરમી હોતી નથી; ચેષ્ટા હોતી નથી. વળી વૃક્ષોને ઇન્દ્રિયો પણ નથી, કારણ કે તેઓ ઓળખી શકતાં નથી, જોઈ શકતાં નથી, ગંધ અને રસનો અનુભવ લઈ શકતાં નથી તેમજ સ્પર્શને પણ જાણી શકતાં નથી.'

: ઉત્તર :

વૃક્ષોને જીવ છે એ ચોક્કસ છે. એ જીવને લઈને જ વૃક્ષો જન્મે છે ને મરે છે; એને લીધે જ વૃક્ષો જોઈ શકે છે, પકડી શકે છે, સૂંઘી શકે છે અને જીવતાં પ્રાણીની તમામ ક્રિયાઓ કરી શકે છે. કેટલાક વૃક્ષોની સ્પર્શેન્દ્રિય તો બહુ જ તેજ હોય છે એવો આપણો ઘણાનો અનુભવ છે. ખરી રીતે તે સર્વ પ્રાણીઓમાં પંચમહાભૂતો રહેલાં છે પણ જુદા જુદા પ્રકારે રહેલાં છે; તેથી જ શરીરો હાલીચાલી શકે છે.

[૧૯]
જીવનું સ્વરૂપ

'પિતામહ! જો પંચમહાભૂતોથી જ બધું ઉત્પન્ન થતું હોય તો પછી શાસ્ત્રો આ જીવને શા માટે વચ્ચે લાવે છે? ચાર્વાકો તો કહે છે કે જીવ જેવી કોઈ વસ્તુ છે જ નહીં, તેમજ વળી પંચમહાભૂતનો નાશ થાય ત્યારે જીવનોય નાશ થાય એ વધારે ઠીક લાગે છે.'

: ઉત્તર :

'યુધિષ્ઠિર! જીવનનો તો ત્રણેય કાળમાં નાશ થતો જ નથી. મરણ સમયે જીવન બીજું શરીર ધારણ કરે છે એટલે તેનું ચાલુ શરીર નાશ પામે છે. જીવ શરીરનો આશ્રય કરે છે તે સાચું; પણ શરીરનો નાશ થતાં તેનો નાશ જ થવો જોઈએ એવું નથી. જીવ વ્યાપક અને અતિ સૂક્ષ્મ હોવાથી શરીરનો નાશ થાય છે ત્યારે જોવામાં આવતો નથી. સૌ કોઈને એમ લાગે છે કે બહુ બહુ તો મન એ જ મહત્ત્વની વસ્તુ છે; સુખ, દુ:ખ, હર્ષ, શોક, ઇચ્છા, દ્વેષ વગેરે મનમાં થાય છે; પરંતુ આ જીવ જેવી વસ્તુ તો મુદ્દલ હોઈ જ ન શકે. પણ બેટા! જીવ તો આ મનનો પણ દ્રષ્ટા છે. જીવ જેવા ચેતનની સત્તાથી જ મન પણ પોતાનું મન તરીકેનું કામ કરી શકે છે; મન વગેરે તો આ ચેતન જીવનાં સાધનો માત્ર છે.'

'જે માણસ આ ચિત્તની વૃત્તિને અંતર્મુખ કરીને તેમજ શુભાશુભ કર્મોમાંથી સર્વ આસક્તિને દૂર કરીને આત્મામાં નિષ્ઠા કેળવે છે તેને ધન્ય છે.'

[૨૦]
જ્ઞાનમાર્ગ: કર્મમાર્ગ

'પિતામહ! જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ એ બન્ને મોક્ષના એક જ ધ્યેયને સિદ્ધ કરે છે; તો એ બેમાંથી કયા માગને વધારે પસંદ કરવો?'

: ઉત્તર :

બેટા યુધિષ્ઠિર! કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ બન્ને યોગમાર્ગ છે. બન્ને મહાન છે, બન્નેને આચરતાં ઠીક ઠીક શ્રમ કરવો પડે તેવા છે, બન્ને મોટું ફળ આપનારાં છે, બન્નેનું સાધુપુરુષોએ આચરણ કર્યું છે અને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે બન્ને સરખા જ લાયક છે.

મને પોતાને તો એમ લાગે છે કે જુદા જુદા માણસો પ્રકૃતિ અનુસાર જુદા જુદા માર્ગો પસંદ કરે એ તદ્દન સ્વાભાવિક છે, પણ તેથી જ્ઞાનમાર્ગ કે કર્મમાર્ગ એકબીજા કરતાં ચડિયાતો છે એમ કહેવાની જરૂર નથી. સાધારણ રીતે મનુષ્યો એમ માનવાને લલચાઈ જાય છે કે કર્મમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ વધારે સારો છે. કારણ કે જ્ઞાનમાર્ગનાં બહારનાં ચિહ્નો કર્મમાર્ગનાં બહારનાં ચિહ્નો કરતાં વધારે આકર્ષક છે. કેટલાક આચાર્યો એવો મત

પણ ધરાવે છે કે કર્મોનો ત્યાગ કરીને જ માણસ મોક્ષ પામી શકે છે.

મારો પોતાનો મત તો, ભલે પછી પ્રકૃતિભેદને લીધે હો, કર્મમાર્ગ તરફ જ વધારે ઢળે છે. આપણા જેવા લોકોને માટે કેમ જાણે એ માર્ગ જ વધારે અનુકૂળ પડે છે, એમ પણ મારું માનવું છે. પરમાત્માએ જગતના સર્વ પદાર્થોને યજ્ઞ નિમિત્તે જ ઉત્પન્ન કર્યા છે. જે પુરુષ કર્મના ફળની લેશ પણ સ્પૃહા રાખ્યા વિના ‘કર્મ કરવું એ મારો ધર્મ છે’ એમ સમજી વ્યવહારમાં વહ્યો જાય છે, તે પુરુષ મોક્ષને માર્ગે જ છે. આ દુનિયામાં કર્મો કરવાં એ ચિત્તને શુદ્ધ કરવા માટે પણ જરૂરી છે, એમ હું પોતે માનું છું. જ્ઞાનનો માર્ગ લેવો હોય કે કર્મનો લેવો હોય; પણ ચિત્ત શુદ્ધ થયા વિના કોઈ માનવીને મોક્ષનો પત્તો લાગવાનો નથી. એટલે, જ્ઞાનીને પણ કર્મો કરવાની જરૂર તો લાંબા કાળ સુધી રહે છે.

જે લોકોની આવી ચિત્તશુદ્ધિ પ્રાપ્ત થઈ છે તેઓનું સામાન્ય લક્ષણ એ છે કે આવા લોકો ધનનો સંગ્રહ કરવાની ઇચ્છા રાખતા નથી, લોભથી રહીત હોય છે અને રાગ તથા દ્વેષથી પર હોય છે, જે લોકો જીવનમાં તમામ કાર્યો ઈશ્વરાર્પણબુદ્ધિથી જ કરે છે. એટલે કાર્યો કરે છે પણ તેમાં જરાય રંગાતા નથી, એવા લોકોનાં તમામ કાર્યો નિષ્કામ કર્મો છે. આવો નિષ્કામ કર્મયોગ સિદ્ધ થાય એ મોક્ષ નહીં તો બીજું શું?’

[૨૧]
સર્વ શાસ્ત્રોનો સાર: ધર્મબુદ્ધિ એ જ સર્વથી શ્રેષ્ઠ વસ્તુ છે

‘પિતામહ! આપે આર્યજીવનની તમામ નાનીમોટી બાબતો મારી પાસે એવી સ્પષ્ટતાથી રજૂ કરી છે કે હું કેટલોક વખત સુધી એ બાબતો પર વિચાર કરીશ ત્યારે જ એ બધીનો મર્મ મને પૂરો હાથ લાગશે. આપ આવા પ્રખર રાજદ્વારી પુરુષ અને આવા પ્રખર સેનાપતિ હોવાની સાથે જ આવા જીવનનાં પ્રશ્નોના પણ પ્રખર અભ્યાસી તથા અનુભવી છો એ તો મને આજે જ પૂરું સમજાયું. આપનો વધ કરનારા અમે આર્યસંસ્કૃતિના સ્તંભનો નાશ કરનારા પાપીઓ છીએ એમ આજે મને ચોક્કસ લાગે છે.

છતાં, હે પિતામહ! આ બધાય જ્ઞાનના અને પાંડિત્યના સારરૂપ શું છે તે આપ મને જણાવો. આપ જાણો છો કે જ્ઞાનનો અને પંડિતાઈનો વિચાર કરવાનો વખત ભાગ્યે જ મળે છે. માનવજીવન એટલું વ્યવસાયી થઈ ગયું છે કે આવી લાંબી પંચાતમાં પડવા જાય ત્યાં તો માણસને સાથરે સૂવાનો વખત આવે અને મુખ્ય કામ તો રહી જાય. માટે આ તમામ જીવનતત્ત્વશાસ્ત્રનો સાર આપ મને જણાવો કે જે સારથી સામાન્ય આદમી બીજી પંચાતમાં પડ્યા વિના સીધા માર્ગ પર ચડી જાય.’

: ઉત્તર :

બેટા! આ સંબંધમાં કુંડધાર મેઘની કથા છે તે હું તને સંભળાવું.

કોઈ એક બ્રાહ્મણ ધન મેળવવાની ઈચ્છાથી અરણ્યમાં જઈને તપ કરવા લાગ્યો. અરણ્યમાં તેને કુંડધાર મેઘનાં દર્શન થયાં અને મેઘની તેના પર કૃપા થઈ, તે પછી કુંડધાર

મેઘે સ્વર્ગમાં જઈને દેવોની પાસે માગણી કરી; 'હે દેવો! તમે મારા પર પ્રસન્ન છો એટલે મારે તમારી પાસે એક વસ્તુ માગવી છે - નહીં કે મારા પોતાના માટે, પણ મારા આ બ્રાહ્મણ ભક્ત માટે.' મણિભદ્રદેવે કહ્યું: 'કુંડધાર! તું કહે છે કે બ્રાહ્મણને ધન જોઈએ છીએ એ હું જાણું છું, એને જેટલું ધન જોઈએ તેટલું હું આપવા તૈયાર છું.'

મણિભદ્રનાં આ વાક્યો સાંભળીને કુંડધાર બોલ્યો: 'હે મણિભદ્ર! તમે મારા એ ભક્તને રત્નોની ભરેલી આખી પૃથ્વીનું દાન કરવા ધારો તો કરી શકો છો, પણ મારે મન એ બહુ નથી. માણસનું જીવતર ચંચળ છે, આજે છે ને કાલે નથી. હું તો એમ જ ઇચ્છું કે મારા ભક્તની બુદ્ધિ નિરંતર ધર્મમાં રહે ને ધર્મને જ જીવનમાં એ સર્વોત્તમ ધન માને, મણિભદ્ર! આપ પ્રસન્ન થાઓ તો જગતનું એકચક્ર સામ્રાજ્ય તેમજ આવા સામ્રાજ્યના તમામ વૈભવો આપ એને આપી શકો છો; પણ એ બધાયનો સરવાળો આખરે શૂન્ય છે તે આપ ક્યાં નથી જાણતા? એ બ્રાહ્મણ ઘેરથી નીકળ્યો ત્યારે ભલે ધનની તૃષ્ણાથી નીકળ્યો હોય, પણ આજ આપ જ્યારે એનું દારિદ્ર ફિટાવવા નીકળ્યા છો ત્યારે એના અંતરનું દારિદ્ર ફીટે એવું કરો. એના અંદરનું દારિદ્ર ફીટશે તો બહારનું દારિદ્ર બિચારું ક્યાં સુધી ટકી શકવાનું છે?'

કુંડધારનાં આ વચન સાંભળીને મણિભદ્ર બોલ્યો: 'તથાસ્તુ!'

બેટા! દુનિયાની પંડિતાઈ, જ્ઞાન, સમજણ, સંસ્કૃતિ સર્વનો આ સાર છે. ધર્મબુદ્ધિ એ જ સૌથી મોટી વસ્તુ છે અને આવી ધર્મબુદ્ધિ કેળવવી એ જ જીવનનું પરમ સાર્થક્ય છે. દુનિયાનાં તમામ શાસ્ત્રોનો સાર આ છે.

ઉપસંહાર

આ પ્રમાણે કૌરવોમાં ધુરંધર એવા ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને ઉપદેશ આપી રહ્યા હતા એવામાં વ્યાસે તેમને કહ્યુ: 'મહારાજ! યુધિષ્ઠિર અને તેના ભાઈઓ આપનો ઉપદેશ સાંભળીને આજે કૃતાર્થ થયા છે. હવે તેમને ઘેર જવાની રજા આપો.'

વ્યાસનું આ વાક્ય સાંભળીને ભીષ્મે યુધિષ્ઠિરની સામે જોયું અને બોલ્યા: 'રાજન્! હવે તું હસ્તિનાપુરમાં પાછો જા. તારા બધા માનસિક સંતાપ દૂર થાઓ. તું શ્રદ્ધાથી ક્ષત્રિયધર્મનું પાલન કરજે, પ્રજાને ને પ્રધાનમંડળને રાજી રાખજે અને તારા મિત્રોનો સત્કાર કરીને તેમને તું જીતી લેજે. આજે તારી પાછળ ઉત્તરાયણના સૂર્યને હું ઊગતો જોઉં છું. બેટા! તારા બાપદાદાએ ક્ષત્રિયધર્મને ઊજળો કર્યો છે તે લક્ષમાં રાખજે ને મારા જેવાને છેલ્લે છેલ્લે પણ જીવ્યું સાર્થક લાગે એ રીતે રાજ્યકારભાર ચલાવજે. પરમાત્મા તારા આ કાર્યમાં તને સહાય થાઓ.'

ત્યાર પછી તો સૂર્ય ઉત્તરાયણના થયા એટલે ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી, યુધિષ્ઠિર તેના ભાઈઓ, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ વગેરે સૌ ભીષ્મની બાણશય્યા પાસે એકઠાં થઈ ગયાં.

પછી ધૃતરાષ્ટ્ર તરફ ફરીને ભીષ્મ બોલ્યા: 'હે રાજન્! તેં સર્વ ધર્મોને જાણ્યા છે. માટે તારે શોક કરવો નહીં. જેમ થવાનું હતું તેમ થઈ ગયું છે. આ પાંડવો જેમ પાંડુના પુત્ર છે તેમ તારા પણ પુત્રો છે, માટે તું ધર્મબુદ્ધિને સ્થિર રાખીને એમનું રક્ષણ કરજે. આ ધર્મરાજાનું ચિત્ત ખરેખર પવિત્ર છે. તારા પુત્રો દુરાત્મા હતા, ક્રોધી તથા લોભપરાયણ

હતા, ઈર્ષ્યાળુ હતા અને દુરાચારી હતા; માટે તારે હવે તેમને ભૂલી જવા.'

ત્યાર બાદ શ્રીકૃષ્ણ તરફ જોઈ ભીષ્મે કહ્યું: 'ભગવન્! આપને નમસ્કાર કરું છું. આપ આજના યુગપુરુષ છો. દુર્યોધન આપને ઓળખી ન શક્યો તે ન જ શક્યો! આપ આ પાંડવોના છત્ર છો અને રહેશો. હવે હું મારા આ શરીરનો ત્યાગ કરું છું માટે મને અનુજ્ઞા આપો.!'

શ્રીકૃષ્ણ બોલ્યા: 'ભીષ્મ! હું તમને અનુજ્ઞા આપું છું. પ્રબુ એક નમ્ર સેવકની પેઠે તમને વશ છે એ કોણ નથી જાણતું? તમારો અવધિ આવી રહ્યો છે; ઉત્તરાયણ સૂર્ય થયા છે, આપ સિધાવો.'

શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું એટલે ભીષ્મે આસપાસ એકઠા થયેલા તમામ લોકોને નમસ્કાર કરતાં કરતાં જણાવ્યું: 'હવે હું પ્રાણનો ત્યાગ કરું છું. તમારે સૌએ સત્યને જ વળગી રહેવું, કેમ કે મનુષ્યજીવનમાં સત્ય એ જ બળ છે. હે રાજાઓ! તમે સદા દયાળુ રહેજો, મન તેમ જ ઇન્દ્રિયોને વશ રાખજો, દેશના કલ્યાણદ્રષ્ટા બ્રાહ્મણોને ભક્તિથી પોષજો અને યુધિષ્ઠિર! તું તારા રાજ્યમાં લોકકલ્યાણપરાયણ બ્રાહ્મણોનું નિરંતર રક્ષણ કરજે.'

આટલું બોલી શાંતનુના પુત્ર ભીષ્મે યોગનો આશ્રય લઈને પોતાના પ્રાણનો ત્યાગ કર્યો.